Regd No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૯ : અંક ૧૭

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જાન્યુઆરી, ૧, ૧૯૬૮, સોમવાર
પરદેશ માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ પ્રકીર્ણ નોંધ ☆

મુંબઇ આવી રહેલા આચાર્ય તુલસીને હાર્દિક આવકાર

તેરાપંથી સંપ્રદાયના પ્રમુખ આચાર્ય તુલસી, આ અંક પ્રગટ થાય છે તે અરસામાં, મુંબઈમાં પ્રવેશી ચૂકયા હશે. તેમને આપણ સર્વના હાર્દિક આવકાર હો! દશ વર્ષ પહેલાં તેમણે મુંબઈમાં ચાતુર્માસ કરેલું. તે દિવસોમાં તેમની સાથે પ્રથમ પરિચય થયેલો. ત્યાર બાદ વચ્ચેના દશ વર્ષના ગાળામાં તેમને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વિશેષ મળવાનો કોઈ યોગ ઉભો થયો નહોતો. આમ છતાં પણ 'જૈન ભારતી' દ્વારા તેમના વિચારો અને પ્રવૃત્તિઓથી હું ઠીક ઠીક વાકેફગાર રહેતો હતો. ગયા નવેમ્બર માસના પ્રારંભમાં અમદાવાદ જવાનું થયેલું. ત્યારે તેમને બે વાર પ્રત્યક્ષ મળવાનું અને તેમની સાથે ત્રણેક કલાક વાર્તાલાપ કરવાનું બનેલું. આ મેળાપની મારા ચિત્ત ઉપર બહુ સારી છાપ પડી છે અને તેમના વિષે હું એક પ્રકારનું આકર્ષણ અનુભવતો થયો છું. તેઓ તેરાપંથી સમાજના પ્રમુખ ધર્મગુરુ છે અને તેમના નિયંત્રણ નીચે તેરાપંથી સાધુ-સાધ્વીઓનું અપૂર્વ સંગઠન છે. આ સાધુ-સાધ્વીઓમાં કેટલાક સારા વિદ્વાન અભ્યાસી છે અને લેખન તેમ જ વાચનમાં કેટલાક સારી કુશળતા ધરાવે છે. આચાર્ય તુલસી સામયિક વિચાર પ્રવાહોથી સુપરિચિત છે અને દેશના અનેક આગેવાન મનીષીઓના સારા સમાગમમાં છે. થોડાં વર્ષોથી સંચાલિત થયેલ અણુવ્રત આન્દોલન નૈતિક પુનરુત્થાનની દિશાએ તેમનું એક મહત્ત્વનું સંપ્રદાન છે. તેમની રીતભાતમાં એવી સહૃદયતા, સરળતા અને સૌજન્ય છે કે તેમની સાથે વિચાર – વિનિમય સહજ શકય બને છે. જમાનાની શું માંગ છે તેનો તેઓ પૂરો ખ્યાલ ધરાવે છે અને તેથી આજના પ્રશ્નો ઉપર તેમની સાથે થતી ચર્ચા વાર્તા ઉભયને ઉપકારક બને છે. એક સંપ્રદાયના આચાર્ય તરીકે તેમને અનેક મર્યાદાઓ સ્વીકારીને વિચારવું પડે છે. આ વિષે તેઓ પૂરા સભાન છે અને આ મર્યાદાઓ વીંધીને કેમ આગળ વધવું અને અને પોતાના સમાજને આગળ કેમ લઈ જવો એ તેમના ચિન્તન અને ચિન્તાનો વિષય હોય એમ તેમની સાથેની વાતચીત ઉપરથી લાગે છે. જૈન સમાજમાં એકતા સ્થપાવાની આજે ખૂબ જ જરૂર છે. આચાર્ય તુલસી આ એકતાના આતુર ઉપાસક છે. તેમનો મુંબઈનો નિવાસ આ એકતા તરફ નવું પ્રસ્થાન નિર્માણ કરવામાં પરિણમે એમ આપણે પ્રાર્થીએ અને તે દિશાએ આપણે બને તેટલો તેમને સાથ અને સહકાર આપીએ!

અહિંસાધર્મી સામે રોજબરોજનો કોયડો

સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી શરૂ કરવામાં આવેલ સાપ્તાહિક પત્ર 'સુધા' ના તંત્રી તરફથી નીચે મુજબનો એક સવાલ થોડા દિવસ પહેલાં મળેલો:

"ઘરકામ કરતાં કીડી મંકોડા, નાનાં જીવડાં, વાંદા વગેરે મારવાનો પ્રસંગ આવે છે ત્યારે મને મુંઝવણ થાય છે–મારે શું કરવું? એક બાજુથી અહિંસાના સંસ્કાર, બીજી બાજુથી ઘર ચોખ્ખું ને સુઘડ રાખવાની ગૃહિણીની ફરજ, એ બે વચ્ચે હું ઝોલાં ખાઉં છું. જીવડાં થાય જ નહીં તે સૌથી ઉત્તમ, પણ થઈ ગયા પછી શું કરવું?"

તે પ્રશ્નનો મેં જે જવાબ મોકલેલો તે નીચે મુજબ હતો;

"આ પ્રશ્ન અહિંસાને પરમ ધર્મ તરીકે સ્વીકારનાર અને તેને પોતાના જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરનાર ગૃહિણીનો છે એમ હું સમજું છું. આવો આદર્શ ધરાવનાર બહેને પોતાના ઘરને કીડી, મકોડાં, નાનાં જીવડાં, વાંદા વગેરેથી બચીને પોતાનું ઘર કેમ ચોખ્ખું અને સુઘડ રાખવું એ તેની મૂંઝવણ છે. આના જવાબમાં જણાવવાનું કે જેની સામે અહિંસાનો આદર્શ છે અને જેના ઉપર અહિંસાનો સંસ્કાર છે તેને આવો પ્રશ્ન ઊભો થાય અને મૂંઝવે એ સ્વાભાવિક છે. અહિંસા એ માનવીનો પરમ આદર્શ છે. એમ છતાં પણ કાંઈ ને કાંઈ હિંસા કર્યા સિવાય જીવન શકયજ નથી. આ એક નરી વાસ્તવિકતા છે.આ પરસ્પરવિરોધી એવી સ્થિતિનું એક જ રીતે સમાધાન થઈ શકે કે બને તેટલી ઓછી હિંસા પર માનવીએ પોતાનું આચરણ આધારિત કરવું જોઈએ. આ હિંસા બે પ્રકારની સંભવે. એક અનિવાર્ય, બીજી દુર્નિવાર્ય. અન્ન, જળ તથા હવા વિના માનવીજીવન અશકય જ છે. તેને લગતી જરૂરિયાત પૂરી પાડવા માટે અમુક હિંસા અનિવાર્ય છે. તેથી કોઈ બચી શકતું જ નથી. બીજી દુનિવાર્ય હિંસા એટલે સુખસગવડપૂર્વક જીવનના નિર્માણ માટે આવશ્યક બનતી ઉપરના પ્રશ્નમાં સૂચવી છે એવી હિંસા. અમુક જીવજંતુઓ આપણને ઉપાધિરૂપ છે એટલા માટે પણ એક પણ જીવને જાણીબૂઝીને કેમ મરાય? – આમ બોલે છે આપણામાં રહેલો અહિંસાનો સંસ્કાર. પણ આ સિવાય સુઘડ અને સ્વચ્છ ગૃહજીવન શકય જ નથી – આમ બોલે છે આપણામાં રહેલો સુઘડતા અને સ્વચ્છતાનો ખ્યાલ. સાધારણ ગૃહસ્થ કે ગૃહિણી માટે આવી હિંસાથી બચવું મુશ્કેલ છે–અશકય જ છે એમ પણ કહી શકાય. આવી રીતે હિંસા તરફ ઢળનાર વ્યકિત આટલું ધ્યાન રાખે તે જરૂરી છે:

(૧) જરૂરથી વધારે જીવહિંસા ન કરવી.

(૨) જીવોત્પત્તિ થતી અટકે એવાં દ્રવ્યોનો ચાલુ ઉપયોગ કરતાં રહેવું, કે જેથી આવી હિંસા કરવાની આપત્તિ વારંવાર ઊભી થવા ન પામે.

(૩) દરેક જીવને જીવવાનો હક્ક છે એમ છતાં પણ આ જે હિંસા કરવામાં આવે છે તે તેના સુખસગવડ અને સ્વચ્છતા તથા સુઘડતાના ખ્યાલથી પ્રેરાઈને જ કરવામાં આવે છે એવી સ્પષ્ટ સભાનતાપૂર્વક, અનિવાર્ય તેમ જ દુનિવાર્ય બનતી હિંસા અંગે હિંસા કરનાર વ્યકિત ખિન્નતા ચિંતવે – અંતઃસ્તાપ અનુભવે."

ખ્રિસ્તી સાધ્વીઓ અંગે વિશેષ સ્પષ્ટતા

પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં ખ્રિસ્તી સાધ્વીઓના સંબંધમાં જણાવવામાં આવ્યું છે કે "આ સાધ્વીઓને ઉપદેશ આપવાનો કે ધર્મક્રિયાઓ ચલાવવાનો અધિકાર નથી." આ વિધાનની સ્પષ્ટતા કરતાં ફાધર વાલેસ તા. ૧૯-૧૨-૬૭ ના પત્રમાં જણાવે છે કે "ઉપદેશ ન આપવાની વાત તે કેવળ સત્તાવાર રીતે ચર્ચના મકાનની અંદર અપાતા ઉપદેશ વિશે છે. બાકી તો તેઓ સભાઓ સંબોધી શકે છે, જાહેરમાં પ્રવચન કરી શકે છે. અને કરે છે પણ ખરાં."

પરમાનંદ

પંડિત સુખલાલજી તથા કાકાસાહેબ કાલેલકર

સરદાર પટેલ યુનિવર્સિટી તરફથી તા. ૧૫ મી ડિસેમ્બરના રોજ પંડિત સુખલાલજીને તથા કાકાસાહેબ કાલેલકરને ડી. લિટ. (ડૉકટર ઑફ લેટર્સ) ની પદવીનું પ્રપદાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગના પ્રારંભમાં યુનિવર્સિટીના ઉપ-કુલપતિ શ્રી ઈશ્વરભાઈ પટેલ તરફથી આ બન્ને વ્યકિતવિશેષને યુનિવર્સિટીના કુલપતિ સમક્ષ પ્રસ્તુત કરતાં પ્રત્યેક અંગે જે પરિચયાત્મક નિવેદન– citation– કરવામાં આવેલ તે નીચે મુજબ હતું :

પંડિત સુખલાલજી

માનનીય શ્રી કુલપતિ મહોદય !

આ યુનિવર્સિટીની સિન્ડીકેટ તેમ જ સેનેટે જેઓને ડૉકટર ઑફ લેટર્સની પદવી અર્પણ કરવાનો સર્વાનુમતે ઠરાવ કર્યો છે, તે પંડિત સુખલાલજીને આપની સમક્ષ ઉપસ્થિત કરતાં હું હાર્દિક ગૌરવ અને હર્ષ અનુભવું છું. સ્વતંત્રતાની પહેલાં અને પછીની તેઓની દેશસેવાઓ અનોખી છે. દર્શન, ધર્મ, સાહિત્ય અને સંશોધનના ક્ષેત્રમાં તેઓની ખ્યાતિ વ્યાપક છે; અને જીવનના મૂળમાં રહેલી માનવતાની દૃષ્ટિને સ્વસ્થ, નિર્મળ અને સુવ્યવસ્થિત બનાવવાના ઋષિ-સુલભ મહાન કાર્યમાં તેઓનો ફાળો બહુમૂલ્ય છે.

ધર્મ અને દર્શનના માધ્યમદ્વારા માનવજીવનનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવાની તેઓએ અખંડ સાધના કરી છે. ઉત્કટ જિજ્ઞાસા અને સત્યશોધક વૃત્તિથી તેઓએ જૈન દર્શનનું કેવળ પારદર્શી અને પારગામી અધ્યયન જ નથી કર્યું, પરંતુ એના હાર્દને સમજવા માટે વૈદિક, બૌદ્ધ, જરથોસ્તી, ખ્રિસ્તી તથા ઈસ્લામ ધર્મનું પણ પૂરી સહાનુભૂતિ અને આદરભરેલી દૃષ્ટિથી પરિશીલન કર્યું છે. ઐતિહાસિક અને તુલનાત્મક પદ્ધતિ અપનાવવાથી, તેઓની ચિંતન-પ્રણાલી, પ્રમાણભૂત થવાની સાથે, શુદ્ધ સત્યની નિર્ભેળ દૃષ્ટિને કારણે, તત્ત્વચિંતકોને માટે વિશેષ રૂપે આવકારપાત્ર અને મૂલ્યવાન બની ગઈ છે.

મુનિઓ, વિદ્વાનો અને અધ્યાપકોના ય અધ્યાપક એવા પંડિત સુખલાલજીએ પોતાનું સમસ્ત જીવન અધ્યયન – અધ્યાપન તથા ચિંતન – મનનને જ સમર્પિત કર્યું છે. એમની વિદ્વત્તા અને પ્રતિભાનું દેશમાં દૂર દૂર સુધી અનેક રૂપે બહુમાન કરવામાં આવ્યું છે. તેઓ સંસ્કૃત, પાલિ, પ્રાકૃત તથા અપભ્રંશ ભાષાઓના પ્રકાંડ પંડિત છે. તેઓએ ઉપરની અનેક ભાષાઓના ગ્રંથોનું સંપાદન, વિવેચન અને ભાષાંતર કર્યું છે, અને એને લગતી અભ્યાસપૂર્ણ પ્રસ્તાવનાઓ લખી છે. તેઓએ સંપાદિત કરેલ 'સન્મતિ તર્ક' ગ્રંથની નામના દેશ-વિદેશમાં થયેલી છે અને 'દર્શન અને ચિંતન' નામે ગ્રંથને લીધે તેઓ ભારત સરકારની 'સાહિત્ય અકાદમી' દ્વારા, રાષ્ટ્રીય પુરસ્કારથી સમ્માનિત થઈ ચૂકયા છે. તેઓના અનેક પ્રૌઢ તથા મનનીય ગ્રંથ તેમ જ લેખ એમની વિમલ પ્રજ્ઞાના દ્યોતક છે.

શ્રમ, સાદાઈ અને સંયમના પ્રેમી પંડિત સુખલાલજી ભારતીય જીવન તથા ચિંતનની શ્રેષ્ઠતમ પરંપરાના પ્રતીક છે, તેઓએ ધાર્મિક સંકુચિતતાનો, જીવન અને ચિંતનની કૃત્રિમતાનો તથા એકાંગી વિચારપ્રણાલીઓનો ત્યાગ કરીને ધર્મને લોકોપયોગી બનાવવામાં ક્રાંતિ કરી છે. રાષ્ટ્રીય આંદોલનમાં યથાસમય સક્રિય ભાગ લઈને તેઓ લોકજીવન સાથે પણ સંકળાયેલા રહ્યા છે.

આપણા આવા એક વયોવૃદ્ધ તથા મહાન દાર્શનિક, જીવનતત્ત્વના મર્મને જાણનારા મનીષી અને જન-કલ્યાણને માટે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દેનારા જ્ઞાનતીર્થને ડી. લિટ્. ની માનદ્ પદવીથી સમ્માનિત કરવાનો અને એમને સમ્માનિત કરીને ખરી રીતે પોતાની જાતને ગૌરવાન્વિત કરવાનો આ યુનિવર્સિટીનો આ નિર્ણય સર્વથા યોગ્ય જ છે.

[મૂળ હિંદી ઉપરથી] ઉપકુલપતિ

કાકાસાહેબ કાલેલકર

માનનીય શ્રી કુલપતિ મહોદય !

આ યુનિવર્સિટીની સિન્ડીકેટ તેમ જ સેનેટે જેઓને ડૉકટર ઑફ લેટર્સની પદવી અર્પણ કરવાનો સર્વાનુમતે ઠરાવ કર્યો છે, તે શ્રી દત્તાત્રય બાલકૃષ્ણ કાલેલકરને આપની સમક્ષ ઉપસ્થિત કરતાં હું હાર્દિક ગૌરવ અને હર્ષ અનુભવું છું. સ્વતંત્રતાની પહેલાં અને પછીની તેઓની દેશસેવાઓ અનોખી છે. સંસ્કૃત, સાહિત્ય અને સમાજ – રચનાનાં ક્ષેત્રોમાં એમની ખ્યાતિ વ્યાપક છે, અને શિક્ષણની ઉન્નતિ માટેનો એમનો ફાળો બહુમૂલ્ય છે.

કાકાસાહેબ કાલેલકર જીવનના ચિંતક અને ઉપાસક, પ્રકૃતિના પ્રેમી અને પરિવ્રાજક, લોકસેવક, ભારતીય સંસ્કૃતિ અને સાહિત્યના અખંડ અભ્યાસી તથા એક સમર્થ સાહિત્યકાર તરીકે સુવિખ્યાત છે.

તેઓ સમગ્ર તથા સાર્વભૌમ જીવનના દૃષ્ટા, ચિંતક તથા શિલ્પી છે.. "જીવન" એ એમના ચિંતન, મનન તથા આચાર – વ્યવહારના કેન્દ્રમાં છે. "જીવનનો આનંદ," "જીવનવિકાસ", "જીવનભારતી", "જીવનલીલા", "જીવનપ્રદીપ", "જીવનચિન્તા", "સાહિત્યમાં સાર્વભૌમ જીવન", "જીવનવ્યવસ્થા" વગેરે તેઓના ગ્રંથોનાં નામો ઉપરથી જ જીવન પ્રત્યેની તેઓની ઊંડી નિષ્ઠાનો પરિચય મળે છે. જીવન પ્રત્યેની આનંદ-ઉલ્લાસભરી દૃષ્ટિ એ એમનું ઘણું મોટું અર્પણ છે.

બદરીનાથ, નેપાળ, બ્રહ્મદેશ, ચીન, જાપાન, પૂર્વ આફ્રિકા તથા પશ્ચિમના અનેક દેશમાં ભ્રમણ કરીને તેઓએ પોતાની ઉત્કટ પરિભ્રમણવૃત્તિને સંતુષ્ટ કરી છે; ખાસ કરીને હિમાલય પ્રદેશની યાત્રાઓ કરીને તેઓએ ભારતના સાંસ્કૃતિક આત્માના રસથી પોતાની ચેતનાને સમૃદ્ધ – પરિપુષ્ટ કરીને પોતાના જીવન અને સાહિત્યને તેજસ્વી અને સ્ફૂર્તિમાન બનાવ્યું છે.

કાકાસાહેબ શબ્દ-બ્રહ્મના ઉપાસક છે. ગુજરાતી, મરાઠી અને હિંદીની તેઓની દીર્ઘકાલીન સેવાઓ ખૂબ મૂલ્યવાન છે. તેઓ પ્રૌઢ નિબંધકાર છે અને જીવનનાં સનાતન તત્ત્વોથી પરિપુષ્ઠ એવી તેઓની સાહિત્યિક વ્યાખ્યાઓ અત્યંત રમણીય અને પ્રેરક હોય છે. તેઓ "ગુજરાતી સાહિત્ય પરિષદ" ના પ્રમુખ બન્યા હતા. "જીવનવ્યવસ્થા" નામે ગ્રંથને લીધે, ભારત સરકારની "સાહિત્ય અકાદમી" એ એમને રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કર્યા છે.

શિક્ષણજગતની એમની સેવાઓ વિશિષ્ટ છે. તેઓ ગુજરાત વિદ્યાપીઠમાં ગાંધીજીના અંતેવાસી હતા, અને પછીથી તેઓએ એના આચાર્યપદે કામ કર્યું હતું. અનેક મહત્ત્વની રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાઓ સાથે તેઓનો ઘનિષ્ઠ સંબંધ હતો. શિક્ષણ – ક્ષેત્રમાં તેઓએ અનેક પ્રયોગો કરીને ક્રાંતિ કરી છે.

લોકજીવનની તંદુરસ્તી તથા સમૃદ્ધિને માટે તેઓએ અખંડ ઉત્સાહથી કામ કર્યું છે. તેઓએ આદિવાસીઓ અને દલિત જાતિઓની સેવામાં વિશેષ ફાળો આપ્યો છે. ભારત સરકારના "બેકવર્ડ કલાસ કમીશન" ના તેઓ પ્રમુખ હતા.

તેઓની શિક્ષણ, સંસ્કૃતિ, સમાજ તથા સાહિત્યને લગતી બહુમુખી અને મહત્ત્વપૂર્ણ સેવાઓને ધ્યાનમાં લઈને ભારત સરકારે તેઓને "પદ્મવિભૂષણ" ની પદવીથી પણ સન્માનિત કર્યા છે.

આપણા આવા એક વયોવૃદ્ધ તથા મહાન ચિંતક, જીવનદૃષ્ટા, લેખક, પરિવ્રાજક અને રાષ્ટ્રસેવકને ડી. લિટ્.ની માનદ-પદવીથી સન્માનિત કરવાનો અને એમને સમ્માનિત કરીને ખરી રીતે પોતાની જાતને ગૌરવાન્વિત કરવાનો આ યુનિવર્સિટીનો આ નિર્ણય સર્વથા યોગ્ય જ છે.

[મૂળ હિંદી ઉપરથી] ઉપકુલપતિ

પંડિત દલસુખભાઈ માલવણીયા

હીરો કે ગુલાબ પોતાની ઓળખાણ કદી આપતા નથી, પણ લોકો જ એમની ઓળખાણ મેળવવા આતુર હોય છે, એ એનો વિશેષ મહિમા છે. શ્રી દલસુખભાઈ આપમેળે પ્રકાશિત આવા એક હીરા છે. વિદ્વતા છતાં નમ્રતા, સરળતા છતાં ચતુરાઈ, વ્યવસ્થિતતા વગેરે અનેક ગુણોથી સભર એવી વ્યક્તિઓ બહુ વિરલ જોવા મળે છે, તેમાંના દલસુખભાઈ એક છે. કદ નાનું છતાં ચિત્ત ઉતુંગ, સાદાઈ છતાં પ્રભાવ પડે તેવું તેજ એવા પંડિત દલસુખભાઈનો પરિચય આપતાં મને આનંદ થાય છે.

પંડિત દલસુખભાઈના પૂર્વજો મૂળ ધ્રાંગધ્રા પાસેના માલવણ ગામના હોઈ તેઓ માલવણીયા કહેવાયા છે. અત્યારે તેમનું મૂળ વતન સાયલા, પ્રસિદ્ધ લેખક જયભિખ્ખુ તથા શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ પણ સાયલાના વતની. સાયલા એ ભગતનું ગામ કહેવાય છે. કેટલાએક વિદ્વાન મુનિમહારાજો પણ સાયલાએ આપ્યા છે, આમ સાયલાએ અનેક સંત અને તેજસ્વી પુરુષો પેદા કર્યા છે.

આજથી સત્તાવન વર્ષ પહેલાં સને ૧૯૧૦ ના જુલાઈની ૨૦ મી તારીખે શ્રી દલસુખભાઈનો જન્મ. પિતાનું નામ ડાહ્યાભાઈ ભાવસાર, માતાનું નામ પાર્વતીબહેન. ચાર ભાઈ અને એક બહેન મળી તેઓ પાંચ ભાંડુઓ. બહેનની ઉંમર આજે સાઠ વરસની છે અને વિરમગામમાં સુખપૂર્વક રહે છે. ચારે ભાઈઓ પોતપોતાના પુરુષાર્થથી સુખી છે. શ્રી દલસુખભાઈ આજથી ૩૭ વર્ષ પહેલાં અમદાવાદ આવીને વસેલા. બીજા બે ભાઈઓ પણ ત્યાં જ છે અને એક ભાઈ રેલ્વેમાં ગાર્ડ છે. દલસુખભાઈ વિદ્યાવ્યાસંગી છે, જ્યારે બીજા બે ભાઈ વીજળીના વ્યાસંગી છે.

દલસુખભાઈની નવ વર્ષની ઉંમરે એમના પિતાશ્રી પરલોકવાસી થયા. વિધવા માતા ઉપર પાંચ બાળકોના ઉછેરની જવાબદારી આવી પડી. કેમકે એમના પિતા કટલરીની દુકાન ચલાવતા અને નિર્વાહ પૂરતું રળી લેતા. એટલે મૂડી તો કયાંથી હોય! સુરેન્દ્રનગરમાં તે વખતે એક અનાથાશ્રમની સંસ્થા ચાલતી. માતાએ ચારે ભાઈઓને ત્યાં મૂક્યા. ત્યાં દલસુખભાઈ પાંચ અંગ્રેજી સુધી પહોંચ્યા. પછી એમના કાકા શ્રી મકનજીમુનિની પ્રેરણાથી દલસુખભાઈ શ્વેતાંબર સ્થાનકવાસી કૉન્ફરન્સ દ્વારા ચાલતી જૈન ટ્રેનિંગ કૉલેજમાં દાખલ થયા.

શ્રી દલસુખભાઈ જાતિએ ભાવસાર છે. ઘણા ભાવસારો જૈનધર્મી હોય છે તેમ આ કુટુંબ પણ જૈનધર્મી છે. ભાવસાર શા ઉપરથી કહેવાયું હશે તેની વ્યુત્પત્તિની ખબર નથી. પંજાબમાં જૈન શ્રાવકો માટે "ભાવડો" પ્રયોગ પ્રચલિત છે. કદાચ એ શબ્દ સાથે કોઈ સંબંધ હોઈ શકે. ભાવસાર કોમ આખા દેશમાં ફેલાયેલી છે. મૂળ તો આ લોકો રંગારી કાપડની પ્રવૃત્તિમાં કુશળ ગણાય. પણ હવે બીજી જાતિઓની જેમ એ કોમ પણ અનેક ધંધામાં પડેલી છે.

દલસુખભાઈ જન્મ્યા તે જમાનામાં અંગ્રેજોની ગુલામી અને જોહુકમીનું પ્રબલ સામ્રાજ્ય હતું. અંગ્રેજો દ્વારા ખ્રિસ્તી પાદરીઓ મારફત ધર્મપ્રચાર પણ સારા પ્રમાણમાં થતો. આ જોઈને આપણી કેટલીક કોમો પણ જાગી અને પોતપોતાના ધર્મપ્રચાર માટે ઉદ્યમ કરવા લાગી. આ ઉદ્દેશથી જ સ્થાનકવાસી કૉન્ફરન્સના મોવડીઓ જયપુરમાં જૈન શ્વે. સ્થાનકવાસી ટ્રેનિંગ કૉલેજ ચલાવતા હતા. મોરબીના વતની અને ઝવેરીનો ધંધો કરતા શ્રી દુર્લભજીભાઈ ત્રિભોવન ઝવેરી ધંધાર્થે જયપુરમાં રહેતા. એટલે તેઓશ્રી આ કૉલેજની દેખભાળ રાખતા. તેમનામાં સાંપ્રદાયિક કટ્ટરતા એટલી ઊંડી નહોતી. તેઓ સ્વભાવે ઉદાર, મિલનસાર અને યુગના પારખુ હતા.

કૉલેજમાં તે સમયે પંદર વિદ્યાર્થીઓ હતા. તેમાં જેતપુર વાળા શ્રી શાંતિલાલ વનમાળી તથા તગડીવાળા ભાઈ ખુશાલદાસ પણ હતા. બિકાનેરવાળા શેઠ ભૈરોંદાનજી શેઠીયા વિશેષ વિદ્યાપ્રેમી અને ધર્મપ્રિય હતા. મૂળ આ ટ્રેનીંગ કૉલેજ બિકાનેરમાં આ શેઠીયાની સખાવતથી શરૂ થયેલી. ત્યાંથી જયપુર ખસેડાઈ. કૉલેજની સ્થાપના ધર્મપ્રચારાર્થે થયેલી. વિદ્યાર્થીઓને જો જૈન સ્થા. સાધુઓનો પરિચય થાય તો તેમને ધર્મજ્ઞાન વિશેષ મળે એ હેતુથી કૉલેજ જયપુરથી કચ્છમાં ખસેડાઈ. કેમકે તે વખતે શતાવધાની મુનિ શ્રી રત્નચંદ્રજી કચ્છમાં હતા. ત્યારબાદ કૉલેજ બિયાવરમાં આવી.

બિયાવરમાં પણ શેઠ દુર્લભજીભાઈ જ આ કૉલેજની દેખરેખ રાખતા. મને દુર્લભજીભાઈ સાથે ઘનિષ્ઠ પરિચય હતો. કૉલેજના વિદ્યાર્થીઓને કલકત્તાની ન્યાયતીર્થની પરીક્ષામાં અભ્યાસક્રમમાં આવતા ગ્રંથોનો અભ્યાસ કરાવવા રજાઓના દિવસોમાં દુર્લભજીભાઈના આમંત્રણથી હું બિયાવર જતો. પણ રજાઓના દિવસોમાં તો કેટલું ભણાવી શકાય? એટલે શ્રી દુર્લભજીભાઈએ બે તેજસ્વી વિદ્યાર્થીઓને પસંદ કરી મારે ઘેર ભણવા મોકલ્યા. તેમાંના એક દલસુખભાઈ અને બીજા શાંતિલાલભાઈ. આમ મને દલસુખભાઈ સાથે નિકટનો પરિચય થયો. થોડો વખત મારે ત્યાં રહ્યા પછી ઘરની પાસે જ બે ઓરડીઓ મળી જવાથી તેઓ બન્ને ત્યાં રહેવા લાગ્યા અને રસોઈ પણ હાથે બનાવી લેતા.

તે સમય લગભગ ૧૯૩૦ ની સાલનો હતો. પૂ. ગાંધીજીએ પોતાની લડતના મંડાણ પૂરજોશથી માંડેલા. એ વખતે હું ગુજરાત વિદ્યાપીઠમાં પ્રાચીન ભાષાઓનો—જુની ગુજરાતી તથા પ્રાકૃતનો—અધ્યાપક હોવા સાથે સંશોધન અને સંપાદનનું કામ પણ કરતો. એટલે ગાંધીજીની એ લડત જોડે પણ મારો સંબંધ હતો. એટલે આ બે વિદ્યાર્થીઓ પણ મારી પ્રવૃત્તિમાં સહકાર આપવા લાગ્યા. મારી યોજના એવી હતી કે જૈન આગમો, પ્રાકૃત ભાષા, પાલી ભાષા, તથા સંસ્કૃત ભાષાના હેમચંદ્રવ્યાકરણનો પરિચય વિદ્યાર્થીઓને કરાવવો તથા સંશોધન સંપાદનથી પણ તેમને માહિતગાર કરવા. તે અનુસાર બરાબર અભ્યાસક્રમ ગોઠવીને ભણાવવાનું શરૂ કરી દીધેલું. પરંતુ આગમનો થોડો ભાગ અને ભાષાઓના વ્યાકરણનો ઠીક પ્રમાણમાં પરિચય થયેલો ત્યાં સત્યાગ્રહની લડતમાં પડેલા મને અંગ્રેજ સરકારનું તેડું આવ્યું.

આમ એમનો અભ્યાસ તૂટી જતાં તેઓ શાંતિનિકેતનમાં એ દિવસોમાં કામ કરતા મુનિ જીનવિજયજી સાથે થોડો વખત રહ્યા અને ત્યાંથી તેઓ બનારસ પહોંચ્યા. ત્યાં બનારસ હિંદુ યુનિવર્સિટીમાં પંડિત સુખલાલજી જૈન દર્શનના અધ્યાપક હતા. તેમના તેમ જ સ્વ. પં. મહેન્દ્રકુમારના સહકારથી જૈન અને અજૈન તમામ શાસ્ત્રોના અભ્યાસની તક તેમણે પૂરેપૂરી ઝીલી લીધી. કલકત્તાની સંસ્કૃત બોર્ડની પરીક્ષા આપી તેઓ ન્યાયતીર્થ તો થઈ ચૂકયા હતા. અહીં તેમણે જૈન શાસ્ત્રાધ્યાપકની યોગ્યતા મેળવી લીધી, અને સને ૧૯૩૮ માં પંડિતજીના એસીસ્ટન્ટ અધ્યાપક બન્યા. આ પછી ૧૯૪૪ માં પંડિતજી નિવૃત્ત થયા ત્યારે એમના સ્થાને તેઓ બિરાજ્યા, અને તે સ્થાન એમણે સને ૧૯૫૯ ની આખર સુધી સંભાળ્યું. એમના સદ્‌ભાવયુકત પાંડિત્યની સુવાસ કાશીના પંડિતોમાં એટલી બધી ફેલાયેલી કે તેમનો કાશી છોડવાનો નિર્ણય જાણી એ સૌને ખૂબ દુ:ખ થયું. એમના કાશીથી વિદાયના પ્રસંગે હિંદુ યુનિવર્સિટી, સ્યાદ્વાદ પાઠશાળા, સન્મતિ છાત્રાલય અને સમગ્ર બનારસ શહેર સુદ્ધાંએ જાહેર સભાઓ યોજેલી. યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી વેણીશંકર આઈ. સી. એસ. તથા શ્રી વાસુદેવશરણ અગ્રવાલે છેવટ સુધી એમનો નિર્ણય ફેરવવા આગ્રહ કરેલો. તેમની હિંદુ યુનિવર્સિટીમાં પ્રતિષ્ઠા વિશેષ પ્રકારની હતી. મિત્રમંડળ ઉચ્ચ પ્રકારનું અને વિદ્યા વ્યાસંગી હતું. પર્યાપ્ત વેતન, રહેવા માટે પૂરી સગવડવાળો બંગલો—આ બધું હોવા છતાં

તેઓ અમદાવાદ આવવા કેમ આકર્ષાયા તેનું મને આશ્ચર્ય થયું, અને એમાં શેઠ લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ મંદિરની સાથે કેવળ તેમનો ઋણાનુબંધ જ મને લાગ્યો. કેમકે બનારસમાં બધું સ્વતઃ જામી ગયું હતું, સુખ સગવડ પણ પૂર્ણ હતાં, જ્યારે અમદાવાદમાં નવી હવા જમાવવાની હતી. પણ અમદાવાદની સંસ્થાની હિતદૃષ્ટિ અંગેનો તેમનો દૃઢ સંકલ્પ જ તેમને અહીં ખેંચી લાવ્યો. આ અંગે શેઠ શ્રી કસ્તુરભાઈની વિચક્ષણતા અને માણસને પારખવાની લાંબી દૃષ્ટિ પણ નિમિત્તરૂપ છે.

દલસુખભાઈ બનારસમાં હતા ત્યારે જ તેમણે શ્વે. સ્થા. ટ્રેનીંગ કૉલેજની શરત પ્રમાણે શ્વે. સ્થા. કૉન્ફરન્સના અઠવાડિક "જૈન પ્રકાશ" માં એક વર્ષ પૂરી સેવા આપી એ ઋણ અદા કર્યું હતું. ૨૨ વર્ષની ઉંમરે ધ્રાંગધ્રાના વતની બેન મથુરાંબેન સાથે એમના લગ્ન થયાં હતાં. તેમનો સ્વભાવ શાંત અને રહેણીકરણી ખૂબ સાદી હતી. દલસુખભાઈના વિદ્યાવ્યાસંગમાં એ હંમેશા અનુકૂળ અને સહાયક બનેલા. તેઓ એક પુત્રના માતા બન્યાં હતાં. અને સને ૧૯૫૯ માં દલસુખભાઈના અમદાવાદ આવ્યા પછી થોડા વર્ષે તેમનું મુંબઈમાં હૉસ્પિટલમાં અવસાન થયું હતું. પોતાના "आगम युग का जैन दर्शन" નામના પુસ્તકમાં દલસુખભાઈએ એ પ્રેમાળ પત્ની માટે "जिन्होने लिया कुछ नहिं, दिया ही दिया है" એવા ઉદ્‌ગાર અર્પણમાં કાઢેલા છે, તે સર્વથા યથાર્થ છે.

પંડિત સુખલાલજીની સાથે મળીને બનારસમાં એમણે જૈન સંસ્કૃતિ સંશોધન મંડળ સ્થાપી તે દ્વારા નાનાં મોટાં અનેક પુસ્તક પુસ્તિકાઓ હિંદી ભાષામાં લખી લખાવીને પ્રકાશિત કરેલાં છે. "શ્રી પાર્શ્વનાથ વિદ્યા આશ્રમ" સંસ્થાને ઊભી કરવામાં અને પાયાથી તેના ચણતરની પ્રવૃત્તિમાં શ્રી પંડિતજી સાથે દલસુખભાઈએ પણ નિરપેક્ષપણે રસ લીધો છે. તેઓ "પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી"ના વર્ષો થયાં મંત્રી છે. અને તેના તરફથી ચાલતી ગ્રંથમાળાના પ્રધાન સંપાદક પણ છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયે જૈન આગમોને પ્રકાશિત કરવાની જે યોજના કરી છે તેમાં પણ મુનિ પુણ્યવિજયજીની સાથે એક પ્રધાન સંપાદક તરીકે તેઓ રસપૂર્વક જોડાયેલા છે. તેઓ ગુજરાત યુનિવર્સિટીની સેનેટના સભ્ય છે. એ યુનિવર્સિટી સંચાલિત પ્રાકૃતભાષાની અભ્યાસક્રમ સમિતિના તેઓ પ્રમુખ છે. પ્રાકૃત વિદ્યામંડળના તેઓ કાર્યકારી મંત્રી છે. આ બધી વિદ્યા સંબંધી વિવિધ પ્રવૃત્તિઓ સાથે તેઓ પોતાની કોમ માટે પણ ઘણું કરે છે. તેઓ ભાવસાર કેળવણી મંડળના ઉપપ્રમુખ છે અને સમગ્ર ગુજરાત ભાવસાર સમાજના પ્રમુખ છે. આ સિવાય વિવિધ ક્ષેત્રે એમનું મૌલિક લેખનકાર્ય તો ચાલુ જ છે.

નાનપણથી આપબળે પુરુષાર્થ, ખંત અને પ્રકૃતિસૌજન્યથી આગળ વધેલા દલસુખભાઈને આપણા સૌના શુભાશીર્વાદ હોય તે સ્વાભાવિક છે. તેમનું કૂટુંબજીવન સુખી અને સંતોષી છે. પુત્ર રમેશ હાલ એમ. એ. નો અભ્યાસ કરે છે. અને તેનાં લગ્ન પણ કર્યા છે.

આમ દલસુખભાઈનાં જ્ઞાનતેજ અને સુસ્વભાવ સુગંધની મહેક દેશની સીમા વટાવીને – પ્રયાસ ન કરવા છતાં – પરદેશમાં પણ સ્વતઃ ફેલાઈ રહી છે. જાણીને સૌને આનંદ થશે કે એમને કેનેડાની ટોરોન્ટો યુનિવર્સિટીએ પોતાને ત્યાં તત્ત્વજ્ઞાનના પ્રાધ્યાપક થવાનું આમંત્રણ આપેલ છે. એ યાદ રાખીએ કે દલસુખભાઈ કોઈ યુનિવર્સિટીના બી. એ. એમ. એ. નથી. તેમ નથી પી. એચ. ડી. કે. ડી. લીટ્. છતાં તેઓ વિદ્યાર્થીઓને પી. એચ. ડી. પણ બનાવે છે ને ડી. લીટ્. પણ બનાવે છે. આવા વિશિષ્ટ વિદ્વાન છતાં તદ્દન સાદા અને સ્મિત વેરતા આ દલસુખભાઈ સને ૧૯૬૮ ના જાન્યુઆરી માસની બીજી તારીખે ઉપરોકત યુનિવર્સિટીનું આમંત્રણ સ્વીકારી કેનેડા જઈ રહ્યા છે. તેમને "तव वर्त्मसु वर्ततां शिवम्" "शिवास्ते पन्थान:" કહી હાર્દિક શુભેચ્છા સાથે તેમના આ પ્રયાણને આપણે સફળતા ઈચ્છીએ!

પંડિત બેચરદાસ જીવરાજ દોશી

પૂરક નોંધ ૧: જાન્યુઆરી માસની બીજી તારીખે કેનેડા જઈ રહેલા પં. દલસુખભાઈને ટોરોન્ટો યુનિવર્સિટી તરફથી મળેલ નિમંત્રણની વિગતો રજુ કરતાં શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ તા. ૨૩-૧૨-૬૭ ના "જૈન"માં જણાવે છે કે:

આ વાતને આઠેક મહિના થયા. એક દિવસ કેનેડાની ટોરોન્ટો યુનિવર્સિટી તરફથી શ્રી દલસુખભાઈને સાવ અણધાર્યો પત્ર મળ્યો. તા. ૯-૪-૧૯૬૭ નો એ પત્ર ટોરોન્ટો યુનિવર્સિટીના સંસ્કૃતના પ્રોફેસર અને ડિપાર્ટમેન્ટ ઓફ ઈસ્ટ એશિયન સ્ટડીઝ (પૂર્વ એશિયાને લગતી વિદ્યાઓના વિભાગ)ના અધ્યક્ષ પ્રોફેસર એ. કે. વાર્ડરે લખ્યો હતો. એમાં એમણે લખ્યું હતું કે:–

"અમારે ત્યાં ચાલતા આ વિભાગમાં ભારતીય તત્ત્વજ્ઞાનના અધ્યાપનને માટે તમે ટોરોન્ટો આવો એવી કોઈ શકયતા છે કે કેમ તે જાણવા માટે હું આ પત્ર લખું છું. તમને અનુકૂળ હોય એ પ્રમાણે કાયમને માટે કે મુલાકાતી અધ્યાપક (વિઝીટીંગ પ્રોફેસર) તરીકે એક વર્ષ માટે, અમે તમારી નિમણુંક કરી શકીએ એમ છીએ. એવું પણ થઈ શકે કે શરૂઆતમાં એક વર્ષ માટે મુલાકાતી અધ્યાપક તરીકે અને તે બાદ, કેનેડામાં રહેવું તમને પસંદ પડે તો, કાયમને માટે તમારી નિમણુંક કરવામાં આવે. આ માટે પગાર તરીકે તમને વાર્ષિક તેર હજાર ડૉલર આપવામાં આવશે. ઉપરાંત તમારું અહિં આવવા - જવાનું પ્રવાસખર્ચ પણ આપવામાં આવશે."

આ રીતે ટોરોન્ટો યુનિવર્સિટીમાં જોડાવાનું સીધેસીધું આમંત્રણ આપ્યા બાદ, એ માટે શ્રી દલસુખભાઈની પસંદગી કરવાનું કારણ દર્શાવતાં પ્રોફેસર વાર્ડર લખે છે કે:–

"ભારતના વિશ્લેષણાત્મક દર્શનોની અન્ય શાખાઓ તેમ જ બૌદ્ધ દર્શનના પ્રમાણવાદ સંબંધી ખુલાસા અને સમજૂતી આપી શકે એવા સાવ ગણ્યાગાંઠ્યા વિદ્વાનોમાંના એક તરીકે હું તમારાં કામોને ઘણા વખતથી પિછાનું છું; તેથી જ મારું ધ્યાન તમારા તરફ ગયું છે."

શ્રી દલસુખભાઈની જૈન આગમો અને ભારતીય દર્શનોની વ્યાપક તથા મર્મસ્પર્શી વિદ્વત્તા તેમ જ નિર્ભેળ વિદ્યાનિષ્ઠાનું યથાર્થ મૂલ્યાંકન આપણા દેશના તેમ જ વિદેશોના પણ કેટલાક પ્રાચ્યવિદ્યા અને તત્ત્વજ્ઞાનના વિદ્વાનોએ, ઘણાં વર્ષ પૂર્વે ઠીક ઠીક પ્રમાણમાં કરીને એમનું એ રીતે બહુમાન પણ કર્યું જ છે. દસ વર્ષ પહેલાં, સને ૧૯૫૭ માં, ઓલ–ઈન્ડિયા ઑરિયેન્ટલ કૉન્ફરન્સના દિલ્હી અધિવેશનમાં તેઓ પ્રાકૃત અને જૈન વિભાગના અધ્યક્ષ નિમાયા હતા. આમ છતાં જ્યારે એમની વિદ્વત્તાને આ રીતે પરદેશમાંથી બિરદાવવામાં આવે અને એમની વિદ્વત્તાનો લાભ લેવાની ઝંખના વ્યકત કરવામાં આવે ત્યારે શ્રી દલસુખભાઈને તેમ જ એમના પરિચિત સૌ કોઈને આશ્ચર્ય સાથે વિશેષ આનંદ થાય એ સ્વાભાવિક છે. શ્રી દલસુખભાઈની સત્યશોધક, સારગ્રાહી અને સર્વસ્પર્શી વિદ્વત્તા તથા અખંડ અને ધ્યેયનિષ્ઠ સરસ્વતીઉપાસનાના શિખર ઉપર આ પ્રસંગે જાણે સુવર્ણકળશ ચડાવ્યો હોય એમ લાગે છે. બાકી તો, એ હેમ જ હતું અને હેમનું હેમ જ છે. આ પ્રસંગથી આપણને એની વિશેષ પ્રતીતિ થઈ એટલું જ!

પૂરક નોંધ ૨: પં. દલસુખભાઈ માલવણીયાની આજ સુધીની પ્રમુખ સાહિત્ય સેવાઓનો ખ્યાલ આપતાં જણાવવાનું કે "ન્યાયાવતાર વાર્તિક વૃત્તિ" અને "પ્રમાણવાર્તિક", "ધર્મોત્તરપ્રદીપ" વગેરે તેમણે સંપાદિત કરેલાં પુસ્તકો છે, જ્યારે પંડિત સુખલાલજી સાથે એમણે "પ્રમાણમીમાંસા" "જૈન તર્કભાષા" અને "જ્ઞાનબિંદુ" નું સંપાદન કર્યું છે. "ગણધરવાદ", "સ્થાનાંગસમવાયાંગ" એમનાં અનુવાદિત પુસ્તકો છે અને હિંદીમાં "આત્મમીમાંસા", "જૈનાગમ" અને "જૈન સાહિત્ય કી પ્રગતિ" નામનાં સ્વતંત્ર પુસ્તકો તેમણે લખ્યાં છે. સંસ્કૃત, પાલિ, પ્રાકૃત, ગુજરાતી, હિંદી અને અંગ્રેજી ભાષાનું એમને સારું જ્ઞાન છે; લેખન તેમનું મુખ્યત્વે ગુજરાતી અને હિંદીમાં હોય છે.

આપણે ક્યાં જઈ રહ્યા છીએ ?

તા. ૨૧-૧૨-૬૭ના 'ગુજરાત સમાચાર'માં નીચે મુજબની એક જાહેરખબર પ્રગટ કરવામાં આવી છે:

Wanted

"An independent earnning girl about 22 to live as a kept for a Gujarati graduate engineer of 30, Box no. 879 C/o. Gujarat Samachar."

જોઇએ છે—

"એક ગુજરાતી સ્નાતક એન્જીનિયર (ઉ. વ. ૩૦) માટે એની સાથે રખાત તરીકે રહેવા માટે બાવીશ વર્ષની સ્વતંત્રપણે કમાતી છોકરી—આ માટે બોક્સ નં. ૮૭૯ ઠે. 'ગુજરાત સમાચાર' પર અરજી કરો."

આ જાહેર ખબર ઉપર વિવરણ કરતાં અમદાવાદથી બહેન ગીતા પરીખ જણાવે છે કે:

આવી જાહેરાત વાંચતાં સ્વાભાવિક રીતે આંચકો લાગે. સામાન્ય રીતે લગ્નના ઉમેદવાર માટે આવી જાહેરાતો આવે છે, પણ રખાતની માંગણી છડેચોક કરનાર તો કોઈક 'વિરલ' વ્યકિત જ હોઈ શકે! આવી ધંધાદારી રીતે જાહેરાત કરનાર તથા એના પરિણામે અરજી કરનાર કોણ હોઈ શકે?"

વળી બાવીસ વર્ષની સ્વતંત્રપણે કમાતી છોકરી જો લગ્નજીવન ઈચ્છે તો એ લગ્ન જ ન સ્વીકારે? શા માટે એ કોઈની રખાત થઈને રહેવા જાય? આવી જાહેરાતને આવકાર મળશે એવી અપેક્ષા રાખનાર પાસે ભારતીય સંસ્કારની કેવી આશા રાખવી?

આજ સુધી અનીતિ આચરનારને લોકશરમ પણ નડતી હતી. પણ હવે એને ઊઘાડું મેદાન મળશે કે? બેમાંથી એકકે સ્થિતિ સારી તો નથી જ, પરંતુ બીજી વધુ ભયજનક લાગે છે.

આવી એક અધખૂલી વાત કરતી બીજી જાહેરાત થોડા સમય પહેલા પ્રગટ થયેલી - તે આવી મતલબની હતી.—

જોઇએ છે—

એક ૬૦ વર્ષના ગૃહસ્થ માટે તેમનું રસોડું ચલાવે, ઘર સંભાળે તથા તેમને Companionship (કંપની) આપી શકે તેવાં બહેન

—આમાં "કંપની (Companionship) આપે" એ શબ્દો પણ ઘણા સૂચક લાગે છે. આ શબ્દોનો સૂચક અર્થ આગળ જણાવેલી જાહેરાતમાં "to live as a kept" શબ્દો સ્પષ્ટ કરે છે કે?

આ સ્પષ્ટ જાહેરાતે માત્ર એક જ દિવસમાં અમદાવાદના સામાજિક જીવનમાં એવો વિરોધ જગાવ્યો કે બીજે જ દિવસે ગુજરાત સમાચારને આવી જાહેરાત છાપ્યા બદલ જાહેરમાં માફી માંગવી પડી છે, જો કે માફીના ખુલાસામાં જણાવ્યું છે કે, "આ કોઈએ તોફાન કરવાના ઈરાદાથી છપાવ્યું લાગે છે." આ વાતમાં પૂરી રીતે સમ્મત નથી થવાતું. જે જાહેરાતને બોક્સ નંબર પણ આપવામાં આવે તો એને માત્ર તોફાનવૃત્તિનું પરિણામ કેમ કહેવાય? "ગુજરાત સમાચાર" જેવા ખ્યાતનામ જવાબદાર દૈનિક પાસે આવી ગફલતીની શકયતા કલ્પી ન શકાય. સાથે સાથે આનો આટલો જલ્દી વિરોધ કરનાર આપણા જાગૃત સમાજનો સંસ્કારિતાનો આગ્રહ ખરેખર પ્રશંસનીય છે. આશા રાખું કે આ સમાજ પશ્ચિમના આવા આંધળા અનુકરણને રોકી શકે.

ગીતા પરીખ

આ જ ઘટના અંગે અન્તરની વેદના વ્યકત કરવા સાથે ગુજરાત યુનિવર્સિટીના મેડિકલ એડ્વાઈઝર ડૉ. કાન્તિલાલ શાહ નીચે મુજબનું એક કટાક્ષકાવ્ય મોકલ્યું છે:—

ધન્ય ભાગ્ય, ધન્ય ઘડી!

આનંદો, આનંદો, આનંદો!
ગુજરાતીઓ જ્યાં હો ત્યાં આનંદો!
ભારતીયો પણ આનંદો!
સૌ સૌ દીવડા પ્રગટાવો!
આજ ગુજરાતી યુવાન ઝળકે છે.
કેવું એનું પરાક્રમ!
કેવી કાંતિ, ઉત્કાંતિ, અને ઉન્નતિ!
એ છે ઈજનેર,
ઈજનેરીનો સ્નાતક –
એને બૂટપૉલિશની નફરત;
એને લાગી છે લગન,
લગ્નની? છટ્ એ તો પ્રપંચ;
એ માગે છે રખાત – ર–ખા–ત.
આનંદો, આનંદો, માતાઓ અને બહેનો,
કેવો સપૂત! કેવો માડીજાયો!

* * *

અને અમારા પત્રકારો, જાહેરખબરના એજન્ટો,
કેવી અભીપ્સા! કેવી ભકિત!
ધનની સ્તો.
કેવી લોકસેવા, કેવો સન્નાટો.
આનંદો સહુ નાગરિકો!
આજે છે ઉત્સવ. ગાઓ,
"જય જવાન, સુરાપાન,
જય જુગાર,
મુકત સહચાર,
વ્યભિચાર!"

અકવિ

આ બાબતને તંત્રીના ટીપ્પણની કોઈ જરૂર નથી—પરમાનંદ

સંઘના સભ્યોને

સંઘના જે સભ્યોનું ૧૯૬૭ ની સાલનું લવાજમ હજુ સુધી વસુલ થયું નથી તે સભ્યોને તે અંગે ખબર આપવામાં આવી છે, તે મુજબ તેમના લવાજમના રૂા. ૧૦ સંઘના કાર્યાલયમાં સત્વર ભરી જવા તેમને વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

આજનું રાજકારણ

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું વ્યાખ્યાન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૬ જાન્યુઆરી શનિવાર સાંજના છ વાગ્યે સંઘના કાર્યાલયમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ આજના રાજકારણ ઉપર જાહેર વ્યાખ્યાન આપશે. જિજ્ઞાસુ ભાઈ–બહેનોને આ વ્યાખ્યાનનો લાભ લેવા નિમંત્રણ છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

"જૈન ધર્મનું હાર્દ"

આ પુસ્તિકાની થોડી નકલ હાલ સીલકમાં છે તો જેમને તેનો ખપ હોય તેમને સંઘના કાર્યાલયમાંથી જોઈતી નકલો મેળવી લેવા વિનંતિ છે.

વ્યવસ્થાપક, મુંબઇ જૈન યુવક સંઘ

न मानुषात् श्रेष्ठतरं हि किञ्चित्

☆

(સરદાર પટેલ યુનિવર્સિટી તરફથી 'ડૉકટર ઑફ લેટર્સ'ના પદવીદાન પ્રસંગે પંડિત સુખલાલજીએ કરેલું પ્રવચન વાંચતાં, આજે ૮૭ વર્ષની ઉમ્મરે તેઓ કેટલા જાગૃત અને જીવન્ત છે, તેમની પ્રજ્ઞાની પ્રતિભા આજે પણ કેટલી તેજસ્વી છે એનો આપણને બહુ સુખદ ખ્યાલ આવે છે. આ કારણે આ પ્રવચન પ્રગટ કરતાં હું ઊંડી પ્રસન્નતા અનુભવું છું. તેનો પૂર્વાર્ધ અહિં નીચે આપવામાં આવે છે; ઉત્તરાર્ધ હવે પછીના અંકમાં પ્રગટ કરવામાં આવશે.) પરમાનંદ


શ્રીમાન્ કુલપતિજી, ઉપ–કુલપતિજી તથા ઉપસ્થિત સજ્જનો,

સરદાર પટેલ યુનિવર્સિટીના અધિકારીઓએ મને જે પદ અર્પિત કર્યું છે તેને હું ખુશીથી સ્વીકારું છું, પણ તે પદને હું મારું અંગત પદ સમજી સ્વીકારતો નથી. જેઓ વિદ્યોપાસનાને આજન્મ વરેલા છે તેમને માટે આ પદ છે એમ સમજી તેમના એક પ્રતિનિધિ લેખે મેં આ પદ સ્વીકાર્યું છે. આ બદલ આ યુનિવર્સિટીના સંચાલકોનો અને અધિકારીઓનો આભાર ન માનું તો એ અવિવેક જ દેખાય. વળી, આ પદ વિદ્યોપાસનાને વરેલા લોકોની તથા વિદ્યોપાસનાને વરેલા લોકોદ્વારા ચલાવાતી સંસ્થા તરફથી આપવામાં આવ્યું છે, એટલે તત્ત્વતઃ વિદ્યોપાસના જ વિદ્યોપાસનાનું મૂલ્ય આંકે છે અથવા એમ કહો કે બહુમાન કરે છે. એટલે આ પ્રસંગ 'કૃષ્ણનું કૃષ્ણને જ અર્પણ' એ શાસ્ત્રોકિત કે લોકોકિતનું સ્મરણ કરાવે છે, અને વ્યકિતગત અભિમાનના પોષણને રોકે છે.


આ વિદ્યાસ્થાન સાથે સરદાર શ્રી વલ્લભભાઈ પટેલનું નામ જોડાયેલું છે. એ નામ લેતાં જ ગાંધીજી યાદ આવે છે. પ્રાચીન કાળથી રામ અને લક્ષ્મણ તેમ જ કૃષ્ણ અને અર્જુન એ બે નામયુગલો એકમેક સાથે એવાં સંકલિત છે કે એક નામ લેતાં બીજું અનિવાર્ય રીતે સ્મૃતિ પટ ઉપર અંકિત થઈ જાય છે. આને જ તત્ત્વ ચિંતનમાં વ્યાપ્તિ કહી છે. આ યુગમાં ગાંધીજી અને વલ્લભભાઈ એ યુગલે જાણે કે એ સનાતન યુગલોનું જ નવું અવતરણ ન હોય, એમ જેઓ તેમને બરાબર જાણે છે તેમને લાગ્યા વિના નહિ રહે, સત્યના દ્રષ્ટા અનેક પુરુષો આ દેશમાં અને અન્યત્ર થયા છે. પણ તેના દ્રષ્ટા અને તેને જ કર્મદ્વારા જીવનમાં સાકાર કરી બતાવનાર તો વિરલ જ થયા છે. તેમાં પણ અત્યાર સુધીમાં ગાંધીજીનું સ્થાન મોખરે છે. ગાંધીજીએ સત્યનો મંત્ર, એનું તંત્ર અને એનું યંત્ર – એમ સત્યની ત્રિવિધ ખિલવણી કરી છે. એ ખિલવણી દરમ્યાન એમની આસપાસ એક મોટું તારામંડલ એકત્ર થયેલ. તે બધામાં જેઓ આણનમ, તેજસ્વી અને સ્વતંત્ર સૂઝ ધરાવનાર હતા તે હતા વલ્લભભાઈ. આવા એક માનરત્ન અને ગુજરાતના સુપુત્રનું નામ આ સંસ્થા સાથે જોડાયેલું છે. તેથી, હું સમજું છું ત્યાં સુધી, આ નામનું જોડાણ સંસ્થાના કામમાં અનેક રીતે તેની સાર્થકતા પુરવાર કરે છે.

વલ્લભ વિદ્યાનગર સ્થપાયું ત્યારથી જ મન ઊંચું નીચું થતું કે એ સંસ્થા જોવી. છેવટે એકવાર લગભગ ૧૫ વર્ષ પહેલાં હું અહીં આવેલો. તે વખતે બેરીસ્ટર જમનાદાસ મહેતાના પ્રમુખપદે અહીં કોઈ મિટીંગ હતી. મને એ મિટીંગમાં તો ખાસ રસ ન હતો, પણ રસ હતો એ સંસ્થાના વિશ્વકર્માને મળવામાં. ૧૯૪૧ માં થોડીક મિનિટો માટે શ્રીયુત ભાઈલાલભાઈ પટેલનો મેળાપ થયેલો. તેમણે તે વખતે વાતવાતમાં જહાંગીરના કોઈ ઐતિહાસિક કથનનો નિર્દેશ કરેલો. તે જ વખતે મને થયેલું કે આ છે તો એન્જિનિયર, એમને આવી ઐતિહાસિક વિગત સાથે શો સંબંધ? આ કુતૂહલે મને એમનો વિશેષ પરિચય કરવા પ્રેરેલો. તેથી આ નગરમાં હું આવવા પ્રેરાયેલો. બીજે દિવસે શ્રી ભાઈલાલભાઈએ સાથે આવી મને તે વખતની જુદી જુદી કૉલેજો અને તેમાં થતાં કામોની કર્મસંસ્થાઓ એ બધાંનો પરિચય કરાવ્યો. દેશના લોકોને, ખાસ કરી ખેડૂતોને જોઈતી અનેક વસ્તુઓ કેવી કેવી રીતે સસ્તામાં ઘર આંગણે તૈયાર થાય છે, અને મકાનો તેમજ મોટાં બિલ્ડીંગો ખાસ કરકસરથી કેવાં ઊભાં થઈ શકે છે એવી ઘણી વાતો સમજાવી. તેમના સંમોહન શસ્ત્રના પ્રયોગનો બીજો પ્રસંગ હતો ગુજરાત યુનિવર્સિટીમાં શ્રી હરસિદ્ધભાઈએ આપેલ ખાણા વખતનો. તે વખતે શ્રી ભાઈલાલભાઈએ મને અચાનક સ્મરણ આપી કહ્યું કે હવે તમે કહેલું તે પ્રમાણે ફરી વિદ્યાનગરમાં કયારે આવો છો? તમે કહો ત્યારે હું મોટર મોકલું છું ઈત્યાદિ. હું એક યા બીજે કારણે બીજી વાર વિદ્યાનગરમાં આવી ન શકયો. પણ વિદ્યાનગરનો મારા પ્રત્યે જાણે કોઈ અનુરાગ ન હોય તેમ એક દિવસ અહીંના જવાબદાર થોડાક કાર્યકર્તાઓ હું રહું છું ત્યાં અમદાવાદમાં મને મળવા આવ્યા, અને એક આકર્ષક વધામણી આપતા હોય તેમ તેમણે મને કહ્યું કે શ્રી એચ. એમ. પટેલે કહેવરાવ્યું છે અને અમે ઈચ્છીએ છીએ કે તમે હવે વલ્લભવિદ્યાનગરમાં હમેશ માટે આવીને રહો. મેં મારી અશકિત જણાવી. થોડા દિવસ પછી આણધારી રીતે અખંડ આનંદ હૉલમાં શ્રી એચ. એમ. પટેલને મળવાનું બન્યું. મેં તેમને કહ્યું, તમારો સંદેશ મળ્યો છે. પણ મારી સ્થિતિ ભિન્ન છે. તેમણે એટલું જ કહ્યું કે હજી વખત છે, વિચારજો ઈત્યાદિ. અહીં મારે કહેવું જોઈએ કે શ્રી એચ. એમ. પટેલને હું નામથી જાણતો, પણ મળવાનો આ પ્રથમ જ પ્રસંગ હતો.

આજના પ્રવચનમાં શ્રીયુત ભાઈલાલભાઈ અને શ્રીયુત એચ. એમ. પટેલ એ બંન્નેનો સંક્ષિપ્ત ઉલ્લેખ પણ મેં સાભિપ્રાય કર્યો છે. મારી દ્રષ્ટિએ શ્રીયુત ભાઈલાલભાઈ આ વિદ્યાનગરના પાયા અને પ્રાણરૂપ છે. એ વસ્તુ તો તેમને અપાયેલ વિશ્વકર્માના સાર્થક વિશેષણથી જ સિદ્ધ છે. પણ શ્રીયુત એચ. એમ. પટેલ લોકવિદિત હોવા છતાં હું તેમને ઓછા પરિચયે પણ એક જુદી દ્રષ્ટિથી નીરખું છું. તે દ્રષ્ટિ એ છે કે તેમનામાં અદ્‌ભુત સૂઝ અને કામને ત્વરિત પતાવવાની સ્ફૂર્તિ એ બંને આશ્ચર્યજનક રીતે મળેલા છે. હમણાં જ સરદારની જયંતિ પ્રસંગે શ્રી એચ. એમ. પટેલનું ટૂંકું નિવેદન ગુજરાત સમાચારમાં છપાયેલું. તેને વાંચ-



પં. દલસુખભાઈ માલવણીયા



પંડિત

ાનવીથી કોઈ વધારે ચડિયાતું નથી.

નાર કોઈ પણ દૃષ્ટિસંપન્નને મારા ઉકત અભિપ્રાય વિશે ભાગ્યે જ શંકા રહેશે. દેશવિભાજનના એ કપરા કાળમાં સરદારની જવાબદારી અને ધારણાને એમણે કેટલી કુનેહ અને કેટલી ત્વરાથી સિદ્ધ કરી બતાવી એ જ તેમની અસાધારણ શકિતનો પુરાવો છે.

વલ્લભ વિદ્યાનગરના વિશ્વકર્મા વૃદ્ધ હોવા છતાં હજી ઉત્સાહે અને કાર્યશકિતએ યુવાન લાગે છે, તો સારા નસીબે દિલ્હી છોડી ગુજરાતમાં આવી વસેલા અને વિદ્યાનગરને જિગરથી અપનાવનાર શ્રી એચ. એમ. પટેલ વૃદ્ધ નહિ છતાં સૂઝ અને આવડતથી વૃદ્ધ છે. આવું યુગલ વલ્લભ વિદ્યાનગરને લાધ્યું હોય તો કોઈ પણ વિચારક કલ્પી શકે કે વિદ્યાનગરની આસપાસ ગોઠવાયેલ કાર્યકર્તા વર્ગ સપ્રાણ જ હોઈ શકે. અને એ જ વલ્લભ-વિદ્યાનગરની વિકાસ માટેની નક્કર મૂડી છે.


વિદ્યાનગર એ એક વિશાળ વિદ્યાસ્થાન છે. પ્રાચીન કાળમાં પણ તે યુગને અનુરૂપ મોટાં મોટાં વિદ્યાસ્થાનો હતાં. દેશકાળ અને પરિસ્થિતિ બદલાતાં આવાં વિદ્યાસ્થાનોનું સ્વરૂપ બદલાય એ સહજ છે, છતાં એમાં માનવજીવન અને માનવતાલક્ષી મૂળભૂત વસ્તુઓ અને ભાવનાઓ એની એ જ રહી છે, અને જુદા જુદા સ્વરૂપે દેખાતા પ્રશ્નો પણ મૂળમાં એના એ જ છે. આટલી બાબત સ્પષ્ટ કરવા અત્રે હું એક ઉપનિષદનો નિર્દેશ કરીશ. તે ઉપનિષદ તૈત્તિરીય છે. એ ઉપનિષદ બહ મોટું નથી. એનો સમય ગમે તે હોય, છતાં એમાં વિદ્યાને લગતા પાયાના પ્રશ્નો ટૂંકમાં પણ સ્પષ્ટ રીતે ચર્ચાયા છે. અને આખું જીવન મનુષ્યે કઈ દૃષ્ટિએ જીવવું તેનું પણ યથાર્થ ચિત્ર આપ્યું છે.

તૈત્તિરીયના પ્રથમ વલ્લીના ત્રીજા અનુવાકમાં પ્રશ્ન ચર્ચાયો છે કે શિક્ષક, વિદ્યાર્થી, વિદ્યાઓ – શાસ્ત્રો અને અધ્યયન – અધ્યાપન એ ચાર વસ્તુઓનો પરસ્પર શો સંબંધ છે? આના ઉત્તરમાં ઋષિ કહે છે કે ગુરુ–શિક્ષક પૂર્વ રૂપ છે, અર્થાત્ વિદ્યાના આદાન-પ્રદાનમાં એ મૂળ સ્થાને છે. શિષ્ય-વિદ્યાર્થી એ ઉત્તર રૂપ છે, એટલે કે ગુરુ હોય ત્યારે જ વિદ્યાર્થીઓ આવી મળે છે. ગુરુ અને શિષ્ય એ બે વચ્ચે સંધાન રૂપ તો શીખવાની વિદ્યાઓ છે. અને તે તે વિદ્યાનું આદાનપ્રદાન એ ગુરુ શિષ્યનું અંતિમ ધ્યેય છે.*

*अथाधिविद्यम् । आचार्यः पूर्वरूपम् । अन्तेवास्युत्तररूपम् । विद्या सन्धिः । प्रवचनं सन्धानम् । इत्यधिविद्यम् ।।

હવે વિદ્યા વિષેની વાત – તેમાં ગુરુ પૂર્વરૂપ છે, શિષ્ય ઉત્તર રૂપ છે, વિદ્યા એ બેનું સાંધણ છે અને પ્રવચન અથવા શિક્ષણ તે બેને સાંધનારું છે. આ વિદ્યાની વાત થઈ.





કાકાસાહેબ કાલેલકર



આજની બદલાયેલી સ્થિતિમાં એમ પણ જોવામાં આવે છે કે વિદ્યાર્થીઓનું જિજ્ઞાસુ મંડળ કયાંક પહેલું તૈયાર દેખાય ત્યારે અર્થદૃષ્ટિએ કે કયારેક શુદ્ધ વિદ્યા દૃષ્ટિએ શિક્ષક પાછળથી આવી મળે છે. પણ મોટા ભાગે આજે પણ એવી સ્થિતિ છે જ કે સરકારી, અર્ધસરકારી કે તદ્દન વ્યકિતગત પ્રેરણાથી સ્થપાયેલ વિદ્યાસ્થાનોમાં પહેલા તો શિક્ષકો જ નિમાય છે અને પછી વિદ્યાર્થીઓ આવી મળે છે. આટલો નજીવો પૂર્વાપરક્રમ હોવા છતાં શીખવવાની વિદ્યાઓ અને વિદ્યાઓના અધ્યયન – અધ્યાપનનું સ્થાન તો એનું એ જ રહે છે. ગુરુ પહેલો કે શિષ્ય પહેલો એ વસ્તુ ગૌણ છે, પણ એ બેનું અનુસંધાન કરાવનાર વિષય કે શાસ્ત્રો એ મુખ્ય છે. અને તેથી વધારે મુખ્ય તો તે તે શાસ્ત્રોનું આદાનપ્રદાન છે. જે વિષય શીખવવાનો હોય તેનું અધ્યયન વિદ્યાર્થી પૂર્ણ યોગ્યતાથી કરે અને ગુરુ તેનું અધ્યાપન પૂરી યોગ્યતા અને કૌશલ્યથી કરે એ જ ગુરુ – શિષ્ય વચ્ચેની જીવંત કડી છે. આજે આ પ્રશ્ન સવિશેષે ચર્ચાય છે કે વિદ્યાર્થી સંપૂર્ણપણે શકિત અને સમયનો ભણવામાં યોગ્ય રીતે ઉપયોગ કરે છે કે નહિ અને અધ્યાપક તેથી ય વધારે જાગૃતિ અને પ્રયત્નપૂર્વક વિદ્યાર્થીને શીખવે છે કે નહિ? ત્યારે તૈત્તિરીયનું ઉપરનું સૂચન વિદ્યાસ્થાન માટે માર્ગદર્શક થઈ પડે તેવું છે. ઉપનિષદ વાકય મંત્રરૂપ હોઈ તેમાં ગર્ભિતાર્થ ઘણો સમાયેલો હોય છે, સહજ માનવપ્રકૃતિ મુજબ પ્રાચીન સમયમાં પણ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોમાં આજની પેઠે અમુક અમુક ખામીઓ દેખાયેલી જ. તેથી તેમણે આ વિધાન કરેલું લાગે છે. આજના વિદ્યાસ્થાનોમાં એ વિધાન સવિશેષ ધ્યાનપાત્ર છે, કારણ કે અત્યારે અપણે નાનાં – મોટાં બધાં જ વિદ્યાસ્થાનોમાં વિદ્યાર્થીઓમાં એક જાતની અરાજકતા જોઈએ છીએ. એટલે કે તેઓ કરવાનું ભૂલી જાય છે, અને ન કરવાનું કરવામાં વખત, શકિત અને ધન એ બધાંને વેડફી નાખવા ઉપરાંત પોતાના જીવનને પણ બરબાદ કરે છે. એ જ રીતે અધ્યાપકોમાં પણ એવી અર્થમુખી અને મિથ્યા સ્પર્ધામુખી અસ્થિરતા અને કચાશ દેખાય છે કે તેઓ પોતાના પવિત્ર વિદ્યાધામમાં કાર્યને ઝાંખુ પાડતા હોય છે, આ બાબતમાં વિદ્યાર્થી કરતાં અધ્યાપકની જવાબદારી અનેકગણી વધારે છે, તે પોતે અધ્યાપક ઉપરાંત નવતમ વિદ્યાર્થી પણ છે. અને તેથી ય આગળ જઈને કહીએ તો તે કેવળ અમુક એક રાષ્ટ્રનો જ નહિ પણ માનવસમાજનો શ્રદ્ધેય સ્તંભ છે.

પહેલી વલ્લીના નવમા અનુવાકમાં વિદ્યાના આદાનપ્રદાનનું જીવનમાં શું સ્થાન છે તેનું મૂલ્યાંકન છે. પ્રશ્ન એ ઉપસ્થિત થયો કે કેટલાક લોકો માત્ર સત્ય આચરણ ઉપર જ ભાર આપે છે, જ્યારે બીજા કેટલાક માત્ર તપ કરવા ઉપર. ત્યારે મુદ્ગલાયન 'નાક' એમ કહે છે કે અધ્યયન અધ્યાપન એ જાતે જ સત્ય છે અને તપ પણ છે. ઋષિ 'નાક'નો વિદ્યાની દૃષ્ટિએ અભિપ્રાય એ છે કે જો માણસ યોગ્ય રીતે શિક્ષણ પામે તો જ તે સત્ય – અસત્યનો વિવેક અને તપના સ્વરૂપનો વિવેક કરી શકે. શિક્ષણ વિના સત્ય અને તપના સ્વરૂપ અને આચારણ વિશે પણ અંધારું જ રહેવાનું. શિક્ષણ એ જીવનનો દીવો છે.*

આ સ્થાન વિશ્વ વિદ્યાલયનું છે. એમાં બધી જ વિદ્યાઓ શીખવા – શીખવવાનો ઉદ્દેશ છે. તેથી વિદ્યાઓના આરાધનના

*सत्यमिति सत्यवचा राथीतरः । तप इति तपोनिष्टः पौरुशिष्टिः । स्वाध्यायप्रवचने एवेति नाको मौद्गल्यः । तद्धि तपस्तद्धि तपः ।।

માત્ર સત્યનું જ પાલન કરવું એવો સત્યવાદી રાથીતર (રથતરના પુત્ર) નો મત છે. માત્ર તપશ્ચર્યા જ કરવી એવો તપોનિષ્ઠ પૌરુશિષ્ટિનો મત છે. માત્ર વેદાભ્યાસ અને પ્રવચન જ કરવાં એવો મુદ્ગલના પુત્ર 'નાક' નામના આચાર્યનો મત છે. તે (વેદાભ્યાસ પ્રવચન) જ તપ છે.

આવા સ્થાનમાં અતિસંક્ષિપ્ત ચર્ચા કરવી એ પ્રસ્તુત છે. હું મૂળભૂત મુદ્દાઓની વાત કરું છું ત્યારે એ અર્થમાં કે વિદ્યાઓની સાધના એના વિના સંભવી જ શકતી નથી. આવા મુદ્દાઓ આજે પણ જુદી જુદી ભાષામાં અને એક અથવા બીજી રીતે ચર્ચાય તો છે જ. પણ એ જાણવું રસપ્રદ થઈ પડે તેવું છે કે – આજથી હજારો વર્ષ પહેલાં આ દેશમાં જે પ્રાચીન પદ્ધતિએ વિદ્યાક્રામો ચાલતા તેમાં પણ આ જ પ્રશ્નો ચર્ચાતા અને તેવા પ્રાચીન સમયના એક ઋષિએ તૈત્તિરીય ઉપનિષદ્‌માં એની નોંધ પોતાની વિશિષ્ટ શૈલીમાં કરી રાખી છે. એ શૈલીમાં આર્ષ દર્શન છે અને ચમત્કારકતા પણ છે. એ મંત્રોમાં શબ્દ થોડા છે, પણ અર્થ બહુ ગંભીર છે.

વિદ્યાની સાધનાનો મુખ્ય પાયો છે જિજ્ઞાસા. જિજ્ઞાસા જેટલી તીવ્ર કે મંદ તેટલી જ તીવ્ર કે મંદ સાધના ચાલવાની; અને જિજ્ઞાસાના વ્યાપના પ્રમાણમાં જ વિદ્યાઓનો વ્યાપ હોવાનો. વિદ્યાઓ નિઃસીમ છે, તેથી ઉત્તરોત્તર એની સીમાઓ વિસ્તરવાની. પણ તૈત્તિરીય ઉપનિષદ્‌ના આ ઋષિએ એ બધી જ પૂર્વ-ઉત્તરકાલીન મુખ્ય વિદ્યાઓ અને તેની શાખાઓને સંક્ષેપમાં પાંચ ભાગમાં વર્ણવી છે. તે ભાગ છે અન્ન, પ્રાણ, મન, વિજ્ઞાન અને આનંદ. આ પાંચ ભાગોમાં વહેંચાયેલી તમામ વિદ્યાઓ અને તેની નાની મોટી શાખાઓને વેદોપનિષદ્‌પ્રસિદ્ધ એક જ બ્રહ્મશબ્દથી નિર્દેશીને એની જિજ્ઞાસાને બ્રહ્મજિજ્ઞાસા રૂપે નિર્દેશી છે.*

આપણે સામાન્ય રીતે જાણીએ છીએ કે બાદરાયણના સૂત્રોમાં પહેલું સ્થાન બ્રહ્મજિજ્ઞાસાનું + છે. પણ આપણામાંથી બહુ ઓછા એ જાણતા હશે કે બ્રહ્મ શબ્દથી કેટલો વિસ્તૃત અર્થ ઋષિઓને અભિપ્રેત છે. સામાન્ય લોકો તો એટલું જ જાણે છે કે બ્રહ્મની વાત એટલે આત્મા – પરમાત્મા કે પરમ ઈશ્વરની વાત. પણ 'બ્રહ્મ' શબ્દ એ કીટ પતંગથી માંડીને મનુષ્યના જીવનને – અને તે પણ ઉત્તમોત્તમ ગણાતા – આધ્યાત્મિક પુરુષના જીવનને – સ્પર્શે છે. અને તેથી જ બ્રહ્મમીમાંસામાં સ્થૂળમાં સ્થૂળ લેખાતાં દૈહિક અને સાંસારિક જીવનથી માંડી પારમાર્થિક જીવનની સૂક્ષ્મમાં સૂક્ષ્મ અંતિમ – કક્ષા લગીની મૂળભૂત એવી આવશ્યક બાબતોની ચર્ચા કરવામાં આવી છે. દા૦ ત૦ અહીં આપણે માત્ર અન્નબ્રહ્મ અને પ્રાણબ્રહ્મ વિષે જ થોડુંક જાણીએ તો એ, સ્થાલીપુલાક ન્યાયથી, ઘણું બધું સમજાવી દેશે. **પંડિત સુખલાલજી**

---

* स तपस्तप्त्वा ।। अन्नं ब्रह्मेति व्यजानात् ।।.....
.....स तपस्तप्त्वा ।। प्राणो ब्रह्मेति व्यजानात् ।.....
..... स तपस्तप्त्वा ।। मनो ब्रह्मेति व्यजानात् ।...
.....स तपस्तप्त्वा ।। विज्ञानं ब्रह्मेति व्यजानात् ।..
.....स तपस्तप्त्वा ।। आनन्दो ब्रह्मेति व्यजानात् ।

તપ કરીને તેણે અન્ન બ્રહ્મ છે એમ જાણ્યું. તપ કરીને તેણે પ્રાણ બ્રહ્મ છે એમ જાણ્યું. તપ કરીને તેણે મન બ્રહ્મ છે એમ જાણ્યું. તપ કરીને તેણે વિજ્ઞાન બ્રહ્મ છે એમ જાણ્યું. તપ કરીને તેણે આનંદ બ્રહ્મ છે એમ જાણ્યું.

+ अथातो ब्रह्मजिज्ञासा ।

(વેદ ભણ્યા) પછી બ્રહ્મની જિજ્ઞાસા કરવી.

(અપૂર્ણ)

ભગવાન ઈશુ

(સપ્ટેમ્બર માસમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી યોજવામાં આવેલી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજના પ્રોફેસર ફાધર વોલેસ, સંઘના નિમંત્રણને માન આપીને પધાર્યા હતા, તેમણે બે વ્યાખ્યાનો આપેલાં, તેમાંનું પહેલું વ્યાખ્યાન 'ધર્મ અને વિજ્ઞાન' તા. ૧૬-૧૧-૬૭ ના અંકમાં પ્રગટ થયું હતું, બીજું વ્યાખ્યાન તેમણે 'ભગવાન ઈશુ' ઉપર આપેલું. તેનું પ્રકાશન આજે શરૂ થતા નવા ખ્રિસ્તી વર્ષના અનુસંધાનમાં સમુચિત લેખાશે એમ સમજીને નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

જૈનધર્મમાં જીવનશુદ્ધિ ઉપર જેટલો ભાર મૂકાય છે એટલો ભાર બીજે કયાંય ભાગ્યે જ મૂકાતો હશે. અહિંસાનો સિદ્ધાંત અને વ્યવહાર તરીકે જે સ્વીકાર થયો છે અને તેના ઉપર જે ભાર મૂકાય છે તે વિરલ જ છે. અને જગત માટે એક બહુ મોટી ભેટ સમાન છે. હિંસા તો હાથ પગની વાત છે, જ્યારે અહિંસા તો એક જ ચીજને જુદાં જુદાં પાસાંથી જોવાની ટેવ છે. આ ઉપરાંત સહિષ્ણુતાનો - બીજા માટેના પ્રેમની ભાવનાનો - ગુણ પણ મહાન છે. હકીકતમાં તો પ્રાણીમાત્ર માટેના પ્રેમની લાગણીથી જ અહિંસાની ભાવના માણસના મનમાં પેદા થાય છે.

ભગવાન ઈશુના સંદેશમાં પણ આ જ ભાવના–માણસ માત્ર માટેના પ્રેમની ભાવના–મૂર્તિમંત થાય છે. અલબત્ત આ માટેનું દૃષ્ટિબિંદ જુદું હોઈ શકે, પણ એ પાછળની ભાવના, પ્રેરણા તો એક જ છે.

ભગવાન ઈશુ જન્મે તો એક નાના ગામના સુથારનો દીકરો. કુંવારા રહીને વરસો સુધી પોતે સુથારનું કામ કરીને જીવન–ગુજારો કર્યો. ત્રીસ વરસની ઉંમરે ગૃહત્યાગ કરીને તેઓ વનમાં ગયા અને તપશ્ચર્યા, ઉપવાસ ને ધર્મમંથનમાં ચાળીસ દિવસ સુધી ગરક રહ્યા. પછી પ્રાયશ્ચિત ને જીવનશુદ્ધિનો સંદેશ લઈને જનકલ્યાણ અર્થે તેઓ જાહેરમાં આવ્યા અને ધર્મોપદેશ શરૂ કર્યો. ઈશુ કહેતા: માણસ કોણ છે, કઈ જાતનો છે એ તરફ ન જઓ પણ એ શું કહે છે તે પહેલાં સાંભળો, શું કરે છે તે જુઓ. એમના ઉપદેશનો સાર આ શબ્દોમાં સમાઈ જાય છે. "ઈશ્વર છે, અને એ આપણા સૌનો પરમ પિતા છે" અર્થાત્ આપણે સૌ એ પરમપિતાનાં બાળકો જ છીએ અને તેથી આપણે સૌએ એના દીકરાને છાજે એ રીતે જીવવું–વર્તવું જોઈએ. અને અન્ય માણસો પ્રત્યે ભાઈને છાજે એ રીતે વર્તવું જોઈએ. અર્થાત ભ્રાતૃભાવની ભાવના કેળવવી અને જાળવવી જોઈએ.

આથી આપણે પ્રાર્થના પણ એવી રીતે જ કરીએ છીએ કે "હે અમારા પરમ પિતા, તારું નામ અમર રહે, મંગળ યોજના સિદ્ધ થાય. હે પિતા, સર્વ અનિષ્ટોથી અમારું રક્ષણ કર. આજનો રોટલો આજે આપ અને સર્વ પ્રકારના લોભ - મોહથી અમને દૂર રાખ." ભગવાન ઈશુ ધાર્મિક સિદ્ધાંતો ઉપરથી અનુમાનો કરતા જતા હતા. એ કાળમાં યહૂદીઓના ધર્મમાં અસંખ્ય આજ્ઞાઓ હતી. આથી જ એક પંડિતે એક વખત પ્રશ્ન ઉઠાવ્યો કે આમાં સૌથી મોટી આજ્ઞા કઈ ગણવી? જવાબ હતો, "પ્રેમ રાખો," પણ બીજા ઉપર પ્રેમ રાખવાનું સહેલું છે, એ–બીજા આપણા ઉપર પ્રેમ રાખે છે એ માનવું અઘરું છે. દુઃખ અને આપત્તિમાં પણ ભગવાન ઉપર શ્રદ્ધા રાખવી અને આપણા ઉપર ઈશુનો પ્રેમ અમર છે એમ માનવું એ જ આપણા પ્રેમની ખરી કસોટી છે.

આજે આપણે સૌ અનેક પ્રકારની ચિંતાના મહાસાગરમાં ડૂબેલાં છીએ અને તેથી જ શું ખાઈશું? શું પહેરશું વગેરેની ચિંતા-માં જ રચ્યા–પચ્યા રહીએ છીએ. અન્ન કરતાં જીવનની અને વસ્ત્ર કરતાં શરીરની કિંમત વધુ નથી શું? પંખીઓ જુઓ. એના ખાવા - પીવાની ચિંતા કોણ કરે છે? ફૂલોની સુંદર હારમાળા જોઈ છે? એ કેવી શોભે છે! મહારાજા - વૈભવશાળી શહેનશાહ–સોલોમન પાસે પણ આવો વૈભવ સજાવવાની શકિત નહોતી! આથી જ આપણે સૌ - અલ્પવિશ્વાસીઓએ ઈશ્વરમાં શ્રદ્ધા રાખવી જોઈએ. ઈશ્વર તમને રૂડી રીતે સજાવશે જ. એની ચિંતા કરશો નહિ. નાસ્તિકો જ એવી બધી તુચ્છ વસ્તુઓ પાછળ પડે છે. તમે તો ધર્માચરણની પાછળ જ પડો. આવતી કાલ પોતાનું ફોડી લેશે.

માણસ જો ઈશ્વર ઉપર ભરોસો રાખે તો તો કોઈ સમસ્યા., ચિંતા રહે જ નહિ. આપણે પરીક્ષા વખતે ઘણી ચિંતા કરીએ છીએ પણ આપણને જો એમ ખબર પડે કે આપણા પેપર - મારા બાપૂજીએ જ કાઢયાં છે તો? પરીક્ષા ખંડમાં નિરીક્ષક તરીકે બાપૂજી જ આવવાના છે અને પેપર બાપૂજી જ તપાસવાના છે તો? તો તો આપણને લેશમાત્ર ચિંતા ન જ થાય ને?! આપણે જે જીવન–પરીક્ષાની ચિંતા કરીએ છીએ તે અંગે પણ જો આપણે એમ વિચારતા થઈએ કે આ પરીક્ષાનું સમગ્ર સંચાલન આપણા પરમપિતાના હાથમાં જ છે તો? તો કેવી શાંતિ થાય!? આમ ઈશ્વર પિતા છે એમ સ્વીકારીને એમના પ્રત્યે પ્રેમ રાખવો અને આપણને એમનો

પ્રેમ મળે છે એવો વિશ્વાસ રાખવો એ આપણે પહેલો પાઠ શીખવાનો છે.

આપણે જો ઈશ્વરને પરમપિતા તરીકે સ્વીકારીએ તો દીકરાએ આ પિતાની આજ્ઞા પણ પાળવી જોઈએ ને? આવી આજ્ઞા આપણે બાહ્ય રીતે–જગતને બતાવવા માટે નહિ–ખરા દીલથી અંતરથી પાળવી જોઈએ. આ આજ્ઞા તે નીતિ - ધર્મના નિયમો જ. ભગવાન કહે છે કે "હું તને ચેતવું છું કે તું જે ધર્માચરણ કરે તે દંભવૃતિથી અને લોકોની નજરે ચડવા માટે કરીશ નહિ, દાંભિકોની જેમ તારાં કર્મોનો ઢોલ પીટીશ નહિ. પણ સાદાઈથી અને વિનમ્ર રીતે જો તું ધર્માચરણ કરીશ તો તને પરમકૃપાળુ પિતા બદલો જરૂર આપશે. આ જ રીતે પ્રાર્થના પણ એકાંતમાં કરજે અને ઉપવાસ કરે ત્યારે માથામાં તેલ નાખજે, મોં ધોજે અને દંભનું કોઈ ચિહ્ન દાખવતો નહિ. લોકો ભલે ન જાણે કે તેં ઉપવાસ કર્યા છે, પિતા તો જરૂર જાણશે." આ ઉપદેશનો આશય એક જ છે અને તે એ કે ધર્માચરણ દંભથી નહિ, દીલથી થવું જોઈએ.

ઈશ્વર આપણો પિતા છે. આપણે એની આજ્ઞા પાળવી જોઈએ પણ એમાં જે ઉણપો રહી ગઈ હોય તે બદલ જો દીલથી માફી માગીએ તો જરૂર મળે. માણસ માત્રથી અપરાધ તો થાય જ. આ વાત સમજાવવા ઈશુએ ખૂદ નીચલા સ્તરના લોકોના વિસ્તારોમાં જઈને, ત્યાં વસીને ઉપદેશ આપવાની શરૂઆત કરી. ઈશુ કહેતા: "સાજા–સારા માણસના સંપર્કમાં રહેવું તો સૌને ગમે, પણ દુ:ખી લોકોનો સહવાસ સાધીને એમને સુધારવા એ જ આપણી ફરજ છે."

આ તબક્કે એક દ્રષ્ટાંત યાદ આવે છે. એક ધનવાન માણસને બે પુત્રો હતા. એક દિવસ એક પુત્ર પોતાની બધી જ મિલકત લઈને વિદેશ ચાલ્યો ગયો પણ ત્યાં પોતાની સમસ્ત મિલકત ઉડાવી દીધા બાદ એના ઉપર તો દુ:ખના ડુંગર ઉતરી પડ્યા અને ભૂંડને જે ખોરાક મળે તે પણ એના માટે દુર્લભ બન્યો. આખરે એને ઘર યાદ આવ્યું અને પિતા પાસે પાછો ફર્યો. દૂરથી એને જોતાં જ વૃદ્ધ પિતા એને દોડીને ભેટી પડ્યો. નોકરોને નવાં–નવાં કપડાં લાવવાનો આદેશ આપ્યો અને આ રીતે પોતાના પુત્રને પુન: અપનાવી લીધો. આવો જ આનંદ ઈશ્વરને પોતાના પુત્રને મેળવતાં થાય છે.

છેલ્લો મુદ્દો એ છે કે આપણો દરેકનો ન્યાય એ પરમ-કૃપાળુ ઈશ્વર જ કરશે. બાઈબલની વાત મુજબ જ્યારે રાજાએ જમણાં હાથે ઘેટાંને અને ડાબા હાથે બકરાંને અલગ અલગ તારવ્યાં અને પછી અર્થ સમજાવ્યો કે જ્યારે જ્યારે મને ભૂખ–તરસ લાગી ત્યારે ત્યારે તમે લોકોએ મારી કાળજી લીધી છે, મને આશ્રય આપ્યો છે. લોકોએ જ્યારે પૂછ્યું કે અમે આવું બધું ક્યારે કર્યું છે? ત્યારે રાજાનો જવાબ હતો, મારા ભાઈઓમાંથી અદનામાં અદના પ્રાણી માટે જે તમો કર્યું એ, મારા માટે જ કર્યું છે." આમ એ સમન્વય તત્વનો ભાવ આપણે પણ સમજવાનો છે.

ટાગોરે પણ કહ્યું છે: માણસ - માણસ વચ્ચેનું અંતર અનંત હોય છે. તો આ બંને વચ્ચે સંબંધ કેવી રીતે બંધાય? પણ આ બંને વચ્ચે અનંત - પરમેશ્વર સેતુ રૂપે આવે તો જ આ સંબંધ બંધાય એ વાત આપણે સમજીને સ્વીકારવાની છે. ઝાડની એક જ ડાળ પર જે બે કેરીઓ લટકતી હોય એને એક જ ડાળીમાંથી પોષણ મળે છે અને તેથી બંને વચ્ચે અગાઢ પ્રેમ છે–સંબંધ છે. પણ બંને કેરીઓ તોડીને ટોપલીમાં મૂક્યા પછી એ સંબંધ - એ જીવાદોરી રહેતી નથી, ભલે બંને વચ્ચે હવે શારીરિક અંતર ન હોય. એ જીવાદોરી વિના સંબંધ નથી, એવું જ માણસનું છે. માણસ-માણસ વચ્ચેનો સંબંધ આ અનંત સેતુથી જ બંધાય.

અર્વાચીન ઉદાહરણ લઈએ તો પૃથ્વીના એક વિસ્તારમાંથી ટેલિવિઝનના સંદેશા–કિરણો અન્ય વિસ્તારોમાં સીધેસીધાં પહોંચાડી શકાતાં નથી અને તેથી જ અલ્લી બર્ડ નામનો કૃત્રિમ ઉપગ્રહ અવકાશમાં રાખવામાં આવ્યો છે જે અમેરિકાથી પ્રસારિત થતાં ટેલિવિઝન કિરણોને પરાવર્તિત કરીને યુરોપ મોકલે છે. આવું જ આપણું–માણસોનું છે. વક્ર સ્વભાવને કારણે આપણે અન્યોન્યને સીધી રીતે સ્પર્શી શકતાં નથી અને તેથી જ ઈશ્વરની–માધ્યમની અને પેલા અનંત સેતુની જરૂર છે.

છેલ્લે ખ્રિસ્તી ધર્મમાં કહ્યું છે કે જો તું ધર્મની વેદી પર બલી ચઢાવતો હો અને તને યાદ આવે કે તારે ભાઈ સાથે વિવાદ છે તો પહેલાં એ પતાવી આવજે, પછી જ નૈવેધ ધરાવવા આવજે." આમાં ભ્રાતૃભાવની ધર્મની સાચી ભાવના વ્યકત થાય છે.

ફાધર વોલેસ

સર્વ–ધર્મ–સમભાવ

(ભારત સરકાર સંચાલિત આકાશવાણી મુંબઈ કેન્દ્ર તરફથી તા. ૧૭ મી ડિસેમ્બરની રાત્રિના પ્રસારિત વાર્તાલાપ)

સર્વ–ધર્મ–સમભાવ, ભારતીય વિચારપ્રણાલીનું એક પ્રધાન લક્ષણ છે. આ કોઈ અકસ્માત નથી, પણ ભારતના તત્ત્વચિંતકો અને ધાર્મિક પુરુષોએ વિચારપૂર્વક અપનાવેલી જીવનદૃષ્ટિ છે. ભારતીય દર્શનો – વેદાંત, જૈન અને બૌદ્ધ – દરેકે સ્વીકારેલ સમન્વયકારી દૃષ્ટિનું આ પરિણામ છે, તેથી આ ઉદાર વલણ જનસમાજમાં જીવનવ્યાપી બન્યું છે. ભારતવર્ષ વિવિધ ધર્મોનું પ્રયોગ ક્ષેત્ર રહ્યું છે. હિન્દુધર્મ એક મહાસાગર છે. જેમાં સંખ્યાબંધ મતમતાન્તરોને અવકાશ છે. છતાં તેમાં એક પ્રકારની આંતરિક એકતા અને પ્રવાહિતા રહી છે.

ધર્મનાં બે સ્વરૂપ છે. એક તાત્ત્વિક ભૂમિકા અને બીજી તેના વિધિનિષેધો અને આચારપ્રણાલિકાઓ. ધર્મનું સાચું સ્વરૂપ તેની તાત્ત્વિક ભૂમિકા છે, પણ જનસમાજમાં તેનું બાહ્ય સ્વરૂપ વધારે આકર્ષક રહે છે. ભારતવર્ષના બધા ધર્મો મોક્ષમાર્ગી છે. કેટલીક પાયાની માન્યતાઓ સર્વસામાન્ય છે. આત્મા છે તે નિત્ય છે, મોક્ષ છે અને મોક્ષ એ જ જીવનનું અંતિમ લક્ષ્ય છે અને જીવનની સાધના આ ધ્યેયની પ્રાપ્તિ માટે જ છે. આ સિદ્ધાંતો સર્વ ભારતીય દર્શનોને સ્વીકૃત છે. જીવનસાધનાના આચાર ધર્મમાં પણ સત્ય, અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ વેદાંત, જૈન અને બૌદ્ધ દર્શનોને સર્વમાન્ય છે. જીવ, જગત અને ઈશ્વરના સ્વરૂપ અને પરસ્પર સંબંધ વિષે મતભેદ રહ્યા છે અને ભિન્નભિન્ન વિચારસણીઓ અનેક સ્વરૂપે વિકસી છે, પણ બૌદ્ધિક તત્ત્વચર્ચામાં પૂર્ણ સ્વતંત્રતા હોવા છતાં પાયાની માન્યતાઓ અને આચારધર્મની એકતા અખંડ રહી છે. સર્વ – ધર્મ – સમભાવનું આ મુખ્ય કારણ છે. જબરદસ્તીથી ધર્માન્તર કરાવવાની કોઈ જરૂરિયાત અથવા પ્રલોભન આવી ભૂમિકાને કારણે રહ્યાં નથી.

મારો ધર્મ જ સાચો છે અને તે જ માર્ગે ઉત્કર્ષ થાય કે મુક્તિ મળે એવો મતાગ્રહ કે દુરાગ્રહ હોય ત્યાં જ ધર્મ – અસહિષ્ણુતા રહેલી છે. દુનિયાના બીજા મુખ્ય ધર્મોમાં ખ્રિસ્તીધર્મ અને ઈસ્લામમાં - આ તત્ત્વો છે અને તેથી આ બન્ને ધર્મોમાં ધર્માંતર કરાવવાની પ્રવૃત્તિ મોટા પાયા ઉપર રહી છે અને પોતાના ધર્મપ્રચાર માટે અધાર્મિક સાધનોનો ઉપયોગ રહ્યો છે. ઈસ્લામ અને ખ્રિસ્તીધર્મનો ભારતમાં પ્રવેશ થયા પછી તે બંને ધર્મોના પ્રચારકો સાથે ભારતને સંઘર્ષ થયો છે અને આ સંઘર્ષને પરિણામે, મોટા પ્રમાણમાં આ દેશમાં ધર્માન્તર થયા હોવા છતાં ભારતીય સંસ્કૃતિની સમન્વયકારી દૃષ્ટિ અને તેને પરિણામે સર્વ – ધર્મ – સમભાવનું વણલ ભારતે ગુમાવ્યું નથી. આર્યસમાજને બાદ કરીએ તો, ભારતવર્ષનો કોઈ ધર્મ આક્રમક રહ્યો નથી. બૌદ્ધધર્મ સમસ્ત એશિયામાં વ્યાપ્યો. તે કોઈ રાજસત્તા કે બળજબરીના પરિણામે નહીં, પણ તેમાં રહેલી માનવતા અને હૃદયસ્પર્શી ઊંડી કરૂણાના આધારે. અન્ય ધર્મના અનુયાયીઓએ ધર્મના નામે અકથ્ય અત્યાચારો કર્યા છે અને તેમના ધર્મગુરુઓએ તેને પ્રોત્સાહન આપ્યું છે.

ભારતવર્ષમાં ધાર્મિક સહિષ્ણુતા અને પરસ્પર આદર રહ્યા છે, તેનું એક કારણ એ પણ છે કે ભારતના દરેક દર્શનનો એ પાયો છે કે આત્મવત્ સર્વ ભૂતેષુ, યઃ પશ્યતિ સ પશ્યતિ – સર્વ જીવ પ્રત્યે આદર, સમાનભાવ અને કરૂણા. તે માત્ર માનવ–માનવ વચ્ચેના સંબંધ પૂરતું જ નહિ, પણ સમસ્ત જીવસૃષ્ટિ, કીડી અને કીટકથી માંડીને મનુષ્ય સુધી – આવી દૃષ્ટિ હોય ત્યાં અસહિષ્ણુતા અને મતાગ્રહને બહુ અવકાશ રહેતો નથી.

આ ઉદારદૃષ્ટિનું એક જવલંત ઉદાહરણ જૈન ધર્મની સ્યાદ્વાદ દૃષ્ટિ છે. સ્યાદ્વાદ અથવા એકાન્તવાદનો પાયો એ છે કે

સંપૂર્ણ સત્ય કોઈને લાધ્યું નથી અને દરેક કથનમાં સત્યનો અંશ રહ્યો છે. આ સત્યનો અંશ સમજવા પ્રયત્ન કરવો અને તે ગ્રહણ કરવો એ આધ્યાત્મિકતાનું મુખ્ય લક્ષણ છે. તેનું દૃષ્ટાંત આપવામાં આવે છે કે સાત અંધપુરુષો હાથીનો સ્પર્શ કરે અને તેનું વર્ણન કરે તો જેણે સૂંઢ પકડી હોય તે એમ જ માને છે કે સૂંઢ એ જ હાથી છે, તેવી જ રીતે તેના કાન, પુચ્છ, શરીરના બીજા અવયવોનું. પણ દેખતો માણસ પૂર્ણ હાથીને જુએ અને આ દરેક તેનું અંગ માત્ર છે તેમ સમજે. તેવી જ રીતે અજ્ઞાની માણસ પોતાના અપૂર્ણ જ્ઞાનને પૂર્ણ સમજી, તે જ સત્ય છે એવો દુરાગ્રહ સેવે ત્યાં અસહિષ્ણુતા અને ઝનૂન આવે. ધર્મઝનૂન – આવા અજ્ઞાનનું પરિણામ છે એમ આપણે માનતા આવ્યા છીએ અને આપણા જીવનવ્યવહારનું એ સદ્‌લક્ષણ રહ્યું છે.

એમ નથી કે સાંપ્રદાયિક સંઘર્ષો આપણામાં નથી થયા. હિંદુઓમાં શૈવ અને વૈષ્ણવ, જૈનોમાં દિગમ્બર અને શ્વેતાંબર, બૌદ્ધોમાં હીનયાન અને મહાયાન – આવા અનેક સંપ્રદાયોમાં તીવ્ર મતભેદો રહ્યા છે અને સંઘર્ષો થયા છે. પણ આ બધા પ્રમાણમાં મર્યાદિત અને અલ્પ સમયના રહ્યા છે અને ત્યાં પણ પાયાની એકતા જોખમાઈ નથી.

ભારત ઉપર અન્ય ધર્મો – ઈસ્લામ અને ખ્રિસ્તીધર્મનું આક્રમણ થયું ત્યારે પણ પ્રતિઆક્રમણને બદલે ભારતે સ્વરક્ષણનો માર્ગ લીધો. મધ્યકાલીન યુગમાં ઈસ્લામ અને ખ્રિસ્તીધર્મોના આક્રમણ સામે હિન્દુધર્મ પોતાનાં દ્વારો બંધ કરી રક્ષણ કર્યું. એ સમયમાં પણ અકબર જેવા ઉદાર રાજવી હતા, જેણે વિશ્વધર્મ–દીનઈલાહીનો વિચાર કર્યો. ભારતીય સંસ્કૃતિમાં કોઈ એવું રસાયણ છે જે વિદેશી તત્ત્વોને ગાળી નાંખી પોતાનામાં સમાવી એકરસ કરે છે. મધ્યકાલીન યુગમાં પણ ગુરુ નાનક અને કબીર જેવા સંતોએ સર્વ – ધર્મ – સમભાવ ઉપદેશ્યો અને રામ કહો, રહેમાન કહો, એનાં ભેદ નથી એમ કહ્યું.

મધ્યયુગના અંધકારમાંથી બહાર નીકળી વર્તમાન ભારતનો ઉદય થયો છે ત્યારે જે મહાપુરુષોએ તે ઉષાકાળની આગેવાની લીધી તેમનામાં પણ આ ઉદાર ધર્મવૃત્તિ પ્રમુખ હતી. રાજા રામમોહનરાય આ ઉદય કાળના પ્રણેતા લેખાય. વેદાંત, ઈસ્લામ અને ખ્રિસ્તીધર્મ, ત્રણેની તેમના ઉપર ઊંડી અસર હતી. સંસ્કૃત, અરેબીક, ફારસીના તેઓ અભ્યાસી હતા. અન્ય ધર્મોનો અભ્યાસ કર્યો છતાં સ્વધર્મે સ્થિર રહ્યા અને બ્રહ્મો–સમાજની સ્થાપના કરી. એક રીતે ભારતની ઊગતી પેઢી અને તે વખતના શિક્ષિત વર્ગનો હિન્દુધર્મ પ્રત્યે વિશ્વાસ જાગ્રત રાખી, અન્ય ધર્મોની અસરમાંથી બચાવ્યા. પશ્ચિમ હિન્દમાં પ્રાર્થનાસમાજે તે કામ કર્યું. રામકૃષ્ણ પરમહંસે બીજી રીતે, સ્વાનુભવ અને પોતાની જીવનસાધનાથી, ભારતીય સંસ્કૃતિનો પ્રભાવ બતાવ્યો. તેમણે પોતે ઈસ્લામ, તથા ખ્રિસ્તીધર્મનો અંગત અનુભવ કરી ભારતીય જીવનસાધનાની શ્રેષ્ઠતા બતાવી અને સર્વ–ધર્મ–સમભાવ કેળવ્યો. તેમણે કહ્યું છે કે મંદિરમાં પ્રવેશવાના અનેક માર્ગો હોય છે. કોઈ મધ્યદ્વારથી આવે, કોઈ બારીવાટે આવે, તો કોઈ પાછળથી આવે. છેવટે ઈશ્વર સમીપે ઊભા રહી પ્રાર્થના કરે. ઈશ્વરને પહોંચવાના અનેક માર્ગો હોય. મારો જ માર્ગ શ્રેષ્ઠ છે અને તે એક જ માર્ગ છે એવું અભિમાન, અજ્ઞાન અને દુરાગ્રહ સેવવો એ ધર્મનું લક્ષણ નથી. સ્વામી વિવેકાનંદે આ ઉપદેશને ભારતભરમાં અને દુનિયામાં ફેલાવ્યો.

ભારતીય સંસ્કૃતિની સર્વ – ધર્મ – સમભાવની આ લાક્ષણિકતા, કાયમ રહી છે. ગાંધીજીએ તેને જુદી રીતે જીવી બતાવી. આફ્રિકામાં ખ્રિસ્તી મિશનરીઓનું જીવન જોઈને એમને એક સમયે એમ થયું કે સાચો ધર્મ આ જ છે. અને ખ્રિસ્તી મિશનરીઓ તેમના આત્માની–ચિંતા કરવા લાગ્યા ત્યારે પોતાનો ધર્મ – હિન્દુ ધર્મ – સમજવા તેમણે પ્રયત્ન કર્યો. તેના પરિણામે તેમણે જોયું કે હિન્દુધર્મમાં અનેક અનિષ્ટો છે; અસ્પૃશ્યતા જેવું કલંક છે; છતાં તેમના આત્માને સંતોષ થાય એવાં પણ બધાં તત્ત્વો હિન્દુધર્મમાં છે અને આધ્યાત્મિક ઉન્નતિ માટે ધર્માન્તરની કોઈ જરૂર નથી. હિંદુધર્મમાં ગીતાનો કર્મયોગ છે, ભાગવતનો ભક્તિયોગ છે, ઉપનિષદોનો જ્ઞાનયોગ છે. તેમને સર્વ ધર્મો પ્રત્યે ઊંડો સમભાવ હતો. તેમના આશ્રમ જીવનમાં સર્વ – ધર્મ – સમભાવને એક વ્રત તરીકે તેમણે સ્વીકાર્યું હતું. સર્વ ધર્મોની પ્રાર્થના થાય, છતાં પોતે સનાતની હિંદુ છે એમ જ કહેતા. સર્વ – ધર્મ – સમભાવ કેળવવા સ્વધર્મ છોડવાની જરૂર નથી, પણ મતાગ્રહ છોડવાની ખાસ જરૂર છે. ગાંધીજીને કોઈએ પૂછ્યું હતું કે હિન્દુધર્મમાં એવી કઈ ખાસ સુંદરતા છે કે જે કારણે હિન્દુ એ ધર્મને જ વળગી રહે? તેના જવાબમાં ગાંધીજીએ કહ્યું છે કે ધર્મનો સંબંધ પતિ – પત્નીના સંબંધ જેવો છે. એકબીજાની ઊણપો નથી જાણતા એમ નહિ, પણ પરસ્પરની વફાદારીના મૂળમાં કોઈ અકળ અને અતૂટ આંતરિક આકર્ષણ છે – પોતાના ધર્મમાં રહેલી એબો પ્રત્યે આંધળા થવાની જરૂર નથી. પણ પોતાના ધર્મમાં જ જે સુંદરતા છે તે મારા જ ધર્મમાં છે અને બીજા ધર્મમાં નથી એમ માનવું ન જોઈએ. બીજા ધર્મોનું અવલોકન કરીએ ત્યારે, દોષ શોધનાર ટીકાકાર તરીકે નહિ પણ ભક્તની દૃષ્ટિથી, બીજા ધર્મોમાં પણ મારા ધર્મ જેવી જ સુંદરતાઓ જોવાની આશાએ અને મારા ધર્મમાં નથી એવી કોઈ સુંદરતાઓ બીજાના ધર્મમાં જડી આવે તો તે મારા ધર્મમાં દાખલ કરવાના હેતુએ જ. હિંદુ – મુસ્લિમ એકતા માટે એમણે પ્રાણ આપ્યો.

આ યુગના એક બીજા આધ્યાત્મ યોગી – જેની જન્મશતાબ્દિ થોડા દિવસ પહેલાં જ ઉજવાઈ – શ્રીમદ્ રાજચંદ્રે આ જ હકીકત આ પ્રમાણે કહી છે:

એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ
પ્રેરે તે પરમાર્થને તે વ્યવહાર સમંત:
જાતિવેષનો ભેદ નહિ, રહ્યો માર્ગ જો હોય
સાધે તે મુકિત લહે, એમાં ભેદ ન કોય.

સર્વ–ધર્મ–સમભાવના આ સિદ્ધાંતને આપણે બંધારણમાં પણ અગ્રસ્થાન આપ્યું છે. આ રાજ્ય બિનસાંપ્રદાયિક "સેકયુલર" છે તેનો અર્થ એમ નથી કે અધાર્મિક છે, પણ સર્વ ધર્મ પ્રત્યે સમભાવ રાખે છે, કોઈ ધર્મ રાજ્યધર્મ નથી, ધર્મ કે જાતિને કારણે કોઈ નાગરિક પ્રત્યે ભેદભાવભર્યું વર્તન રાખવામાં નહિ આવે અને સર્વ ધર્મના અનુયાયીઓને રાજ્યમાં સમાન હક તથા તક છે.

સર્વ – ધર્મ – સમભાવ જેવા મહાન સિદ્ધાંતને સ્થાને, દુર્ભાગ્યે વર્તમાનકાળે આપણા જીવનમાં સર્વ–ધર્મ–અભાવ જેવી સ્થિતિ પ્રવર્તે છે. જીવનના નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો પ્રત્યે અશ્રદ્ધા અને જીવનનૌકા સૂકાનરહિત અથડાય છે. સ્વધર્મ પ્રત્યે શ્રદ્ધા ન હોય તેને સર્વ–ધર્મ–સમભાવ પણ ન હોય. સાચા ધર્મને પીછાણે તે જ સ્વધર્મને જીવનમાં ઉતારી શકે અને અન્ય ધર્મો પ્રત્યે આદર કેળવી શકે.

ચીમનલાલ ચકુભાઈ શાહ

રાજ્યભાષા—Official Language

આઝાદીની લડતની આગેવાની ગાંધીજીએ લીધી ત્યારથી રાષ્ટ્રીય શિક્ષણ અને રાષ્ટ્રભાષાના પ્રશ્નો રાષ્ટ્રની સાર્વત્રિક મુકિત અંગ બન્યા. કોંગ્રેસનું સૂકાન ગાંધીજીએ સંભાળ્યું ત્યાં સુધી, કોંગ્રેસ અંગ્રેજી ભણેલાઓ પુરતી મર્યાદિત હતી અને તેનું કામકાજ અંગ્રેજીમાં જ ચાલતું. મુકિત સંગ્રામ જનતા વ્યાપક બનાવવો હોય તો જનતાની ભાષામાં તેને પહોંચવું જોઈએ. કોઈ વિદેશી ભાષા સ્વતંત્ર દેશનાં શિક્ષણના માધ્યમ અથવા તેની રાજભાષા, તરીકે કાયમ રહી જ ન શકે. તેથી, દેશ સ્વતંત્ર થયો ત્યારે, રાજ્ય ભાષા શું હોવી જોઈએ તે અતિ અગત્યનો પ્રશ્ન બન્યો. વિધાન પરિષદમાં સૌથી લાંબી ચર્ચા અને તીવ્ર મતભેદ, લગભગ છેવટ સુધી, આ પ્રશ્ન અંગે રહ્યો. વિધાન પરિષદમાં હું હતો ત્યારે આ પ્રશ્ન ઉપર ભંગાણ પડવાની તૈયારી હતી. છેવટ સમાધાન થયું ત્યારના હર્ષ અને આનંદના દૃષ્યો હજુ પણ મને યાદ આવે છે. આ સમાધાન બંધારણમાં સ્થાન પામ્યું. બંધારણનો ભાગ ૧૭ અને તેની ૩૪૩ થી ૩૫૧ સુધીની કલમો રાજ ભાષા અંગે જ છે. ટુંકમાં આ પ્રબંધનો સાર આ પ્રમાણે છે:–

(૧) કેન્દ્રની રાજ ભાષા દેવનાગરી લિપિમાં હિન્દી રહેશે. પણ ૧૫ વર્ષ સુધી રાજ ભાષા તરીકે અંગ્રેજી ચાલુ રહેશે. છતાં ૧૫ વર્ષ બાદ પણ અંગ્રેજીનો ઉપયોગ ચાલુ રહે એવો કાયદો પાર્લામેન્ટ કરી શકશે. આ ૧૫ વર્ષ દરમ્યાન, હિન્દીના વિકાસ માટે

અને ક્રમશ: અંગ્રેજીનું સ્થાન હિન્દી લે તે માટે, શું પગલાં લેવા, તે માટે કમિશન નિયુક્ત કરવું. કમીશને પોતાની ભલામણો કરવામાં ભારતની ઔદ્યોગિક, સાંસ્કૃતિક અને વૈજ્ઞાનિક પ્રગતિનો, તથા સરકારી નોકરી અંગે બિન-હિન્દી ભાષી પ્રદેશોના ન્યાયી હક્કો તથા હિતોનો ઘટતો ખ્યાલ રાખવો જોઈએ. આ ભલામણો ઉપર રાષ્ટ્રપતિ ઘટતી સૂચનાઓ કરી શકશે.

(૨) રાજ્યો, પોતાના વહીવટ માટે કોઈ પણ પ્રાદેશિક ભાષા અથવા હિન્દી, વિધાનસભામાં કાયદો કરીને, અપનાવી શકશે. કોઈ રાજ્યમાં આવો કાયદો ન થાય ત્યાં સુધી, તે રાજ્યની વહીવટી ભાષા અંગ્રેજી રહેશે. પણ કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે અને રાજ્યોની વચ્ચે કેન્દ્રની રાજ ભાષા હોય તે ભાષા માધ્યમ રહેશે. છતાં બે રાજ્યો પરસ્પર સમજુતીથી હિન્દી ભાષા પરસ્પરના વ્યવહાર માટે સ્વીકારી શકશે.

(૩) કેન્દ્ર અને રાજ્યોની વહીવટી ભાષા અંગે, ઉપર મુજબ પ્રબંધ હોવા છતાં, પાર્લામેન્ટ કાયદો ન કરે ત્યાં સુધી, સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટનો બધો વહીવટ અને પાર્લામેન્ટ અને રાજ્યોની વિધાનસભાના બધા કાયદાઓ તેમ જ તેના હુકમો, પેટા નિયમો, વિગેરે અંગ્રેજીમાં રહેશે. પણ, રાષ્ટ્રપતિની સંમતિથી, કોઈ પણ રાજ્યના ગર્વનર તે રાજ્યની હાઈ કોર્ટની ભાષા તરીકે હિન્દી અથવા તે રાજ્યે સ્વીકારેલ પ્રાદેશિક વહીવટી ભાષાના ઉપયોગની મંજૂરી આપી શકશે. તો પણ, તે હાઈ કોર્ટના ચૂકાદા અને હુકમ અંગ્રેજીમાં જ હોવા જોઈશે. કોઈ પણ રાજ્ય, અંગ્રેજી સિવાય, બીજી કોઈ પ્રાદેશિક ભાષાને પોતાની વહીવટી ભાષા તરીકે સ્વીકારે તો પણ અંગ્રેજીમાં તેનો અનુવાદ ગવર્નરની સહીથી આપવો પડશે અને તે અંગ્રેજીનો અનુવાદ સત્તાવાર ખરડો ગણાશે.

(૪) બીજી કેટલીક ખાસ જોગવાઈઓ પણ વહીવટી ભાષા અંગે કરવામાં આવી છે. કોઈ પણ વ્યકિત કેન્દ્ર અથવા રાજ્યમાં વપરાતી કોઈ પણ ભાષામાં પોતાની ફરિયાદ ,કોઈ અધિકારી કે સત્તાને કરી શકશે. દરેક રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ, બનતાં સુધી બાળકની માતૃ ભાષા દ્વારા આપવામાં આવશે. ભાષાકીય લઘુમતિ કોમોના બંધારણમાં જણાવેલ હક્કોના રક્ષણ માટે ખાસ અધિકારીની નિયુકિત કરવામાં આવશે. હિન્દીના પ્રચારને વેગ આપવો અને તેને વિકસાવવાની કેન્દ્ર સરકારની ફરજ છે. હિન્દી ભાષાના મૂળ સ્વરૂપમાં દખલ કર્યા વિના, હિન્દુસ્તાની અને ભારતની અન્ય ભાષાઓના સાહિત્યમાંના પ્રકારો, શૈલી અને પ્રયોગોને હિન્દીમાં અપનાવીને, એનો શબ્દ ભંડોળ વિપુલ બનાવવો જેથી ભારતીય સંસ્કૃતિના તમામ તત્ત્વોને વ્યકત કરવાના સાધન તરીકે તેનો ઉપયોગ થઈ શકે.

ઉપર જણાવેલ બંધારણની જોગવાઈઓમાં પ્રાથમિક શિક્ષણને બાદ કરીએ તો શિક્ષણના માધ્યમ વિષે કોઈ ઉલ્લેખ નથી. આ જોગવાઈઓમાં 'પણ' અને 'છતાં' એટલાં બધાં આવે છે કે આ કેટલું નાજુક સમાધાન હતું તે દેખાઈ આવશે. હિન્દી અને બિન-હિન્દીભાષી વિભાગોનું ઘર્ષણ ત્યારે પણ હતું, પણ સ્વતંત્રતાની એ ઉષા હતી અને દેશપ્રેમ સર્વોપરી હતો. તેથી સમાધાન શકય બન્યું હતું.

આ સમાધાનનો પાયો એ છે કે, રાષ્ટ્રની એકતા માટે રાજ્યો અને કેન્દ્ર વચ્ચે, તેમજ રાજ્યો વચ્ચેના પરસ્પર વ્યવહાર માટે, એક ભાષા હોવી જોઈએ. તે ભાષા, કોઈ વિદેશી ભાષા, કાયમ માટે હોઈ જ ન શકે. આ દેશની જે ૧૪ મુખ્ય ભાષાઓ છે અને જેનો ઉલ્લેખ બંધારણના પરિશિષ્ટ ૮માં કર્યો છે તેમાંની જ કોઈ એક ભાષા હોઈ શકે. આ ચૌદ ભાષાઓમાં અંગ્રેજી નથી, પણ એ બધી આ દેશની પ્રાદેશિક ભાષાઓ છે. આ ચૌદ ભાષાઓમાં હિન્દી ભાષા એક એવી છે કે જે દેશના વધુમાં વધુ સંખ્યાના લોકોની ભાષા છે. તેથી હિન્દી જ દેશની રાજભાષા અથવા વહીવટી ભાષા બની શકે એ નિર્ણય લેવાયો. ગાંધીજીએ પણ આજ હકીકત વર્ષો પહેલાં જોઈ હતી અને હિન્દી ભાષાના શિક્ષણ અને પ્રચાર માટે, પ્રયાસો શરૂ કર્યા હતા. પણ આ હિન્દી ભાષા એટલે સંસ્કૃતપ્રચુર જડબાતોડ હિન્દી ભાષા નહિ, પણ ઉપર કહ્યું છે તેમ દેશની બધી પ્રાદેશિક ભાષાઓથી સમૃદ્ધ થયેલી હિન્દી. ગાંધીજી તેને હિન્દુસ્તાની કહેતા, જેમાં ઉર્દૂની છાયા પણ આવે. તેમની દ્રષ્ટિમાં હિન્દુ-મુસ્લિમ એકતા પણ હતી. આ સમાધાનમાં, પ્રાદેશિક ભાષાઓના વિકાસને પૂર્ણ અવકાશ આપ્યો છે. રાજ્યો, વહીવટી ભાષા તરીકે, પ્રાદેશિક ભાષા અપનાવે. પણ દેશમાં ન્યાયતંત્ર એક અને અખંડ રહે તે માટે, વરિષ્ટ અદાલત અને હાઈકોર્ટની ભાષા, પાર્લામેન્ટ બીજો કાયદો ન કરે ત્યાં સુધી, અંગ્રેજી રહે અને હાઈકોર્ટમાં કોઈ પ્રાદેશિક ભાષા સ્વીકારી હોય તો પણ, તેના કાયદાઓનો અધિકૃત અંગ્રેજી અનુવાદ થાય. એ સ્પષ્ટ છે કે દેશના બધા કાયદાઓ એક ભાષામાં ન હોય અને હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટની ભાષા એક ન હોય ત્યાં સુધી ન્યાયતંત્રની એકસૂત્રતા જળવાઈ શકે નહિ. વરિષ્ટ અદાલતને ૧૪ ભાષાનો અખાડો ન બનાવાય. તેમ બનતાં, પ્રાદેશિક ભાષાઓમાં ઘડાયેલ કાયદાના અર્થ કરવામાં ભારે મુસીબતો ઊભી થાય.

આ બંધારણ ૧૯૪૮ – ૪૯ માં થયું અને ૨૬ મી જાન્યુઆરી ૧૯૫૦ ને દિને અમલમાં આવ્યું. ત્યારપછી ગંગા - યમુનાના કાંઠેક પાણી વહી ગયાં. ભાષાકીય ધોરણે રાજ્યોની પુર્નરચના થઈ. પ્રાદેશિક ભાષાઓ સર્વ કક્ષાએ શિક્ષણના માધ્યમ તરીકે સ્વીકારવાનું થયું. ભાષાવાદનું જોર જામ્યું. દેશની એકતા જાળવવામાં અને સ્થિર કરવામાં બંધારણે જેટલો ભાગ ભજવ્યો, તેવો જ કૉંગ્રેસ અને નેહરુના પ્રભાવશાળી વ્યકિતત્વનો ફાળો રહ્યો. ૧૯૬૨ માં નેહરુની માંદગી અને ચીની આક્રમણે દેશની હવા બદલાવી. નેહરુના અવસાન પછી પરિસ્થિતિ પલટાઈ ગઈ. છેવટ ૧૯૬૭ ની ચોથી સામાન્ય ચૂંટણીએ કૉંગ્રેસને છિન્ન - ભિન્ન કરી અને કોઈ પ્રતિભાશાળી નેતા રહ્યો નહિ.

બંધારણની શરૂઆતથી ૧૫ વર્ષ બાદ, હિન્દી કેન્દ્રની રાજભાષા થશે એમ નિર્ણય કર્યો હતો. હિન્દીને વિકસાવવા અને તેના પ્રચાર માટે ૧૫ વર્ષનો ગાળો પૂરતો માન્યો હતો. પણ આ ૧૫ વર્ષ દરમ્યાન આ માટેના પ્રયત્નો થવા જોઈએ તેવા થયા નહિ. તેથી ૧૯૬૩ માં પાર્લામેન્ટે કાયદો કર્યો – જે સત્તા પાર્લામેન્ટને બંધારણમાં આપવામાં આવી છે – કે ૧૫ વર્ષ પુરાં થાય, એટલે ૨૬ મી જાન્યુઆરી ૧૯૬૫ પછી પણ, કેન્દ્રના વહીવટી કામકાજ માટે તેમ જ પાર્લામેન્ટની કાર્યવાહી માટે, હિન્દી ઉપરાંત, અંગ્રેજી પણ ચાલુ રહેશે. – English language may continue to be used in addition to Hindi. આનો અર્થ એ થયો કે હિન્દીનો ઉપયોગ શરૂ થશે, પણ અંગ્રેજી પણ ચાલુ રહેશે. તે સાથે હિન્દીનો ઉપયોગ વધારવા, એવો પ્રબંધ કર્યો કે પાર્લામેન્ટના બધા કાયદાઓનો હિન્દી અનુવાદ થશે, તેમ કોઈ રાજ્ય પ્રાદેશિક ભાષામાં કાયદા કરે તો, તેનો અંગ્રેજી ઉપરાંત હિન્દી અનુવાદ પણ થશે. હાઈકોર્ટોના ચુકાદા વિગેરે પણ પ્રાદેશિક ભાષામાં હોય તો તેનો પણ અંગ્રેજી ઉપરાંત હિન્દી અનુવાદ થશે. ૧૦ વર્ષ પછી હિન્દીનો વિકાસ કેટલો થયો છે અને વિશેષ શું કરવું જોઈએ તેનો નિર્ણય કરવા, પાર્લામેન્ટના ૩૦ સભ્યોની કમીટી નિમાશે.

આ કાયદાથી બિનહિંદીભાષી વિભાગોને સંતોષ ન હતો. અંગ્રેજી May Continue એમ નહિ પણ Shall Continue એવી એમની માંગણી હતી. વળી વહીવટી ભાષા તરીકે હિન્દીની શરૂઆત થાય તે પણ તેમને પસંદ ન હતું. આ કાયદાની ચર્ચા દરમ્યાન નેહરૂએ ખાત્રી આપી હતી કે બિન-હિન્દીભાષી વિભાગો સંમત ન થાય ત્યાં સુધી અંગ્રેજીનો ઉપયોગ ચાલું રહેશે જ. પણ ૨૬ જાનેવારી ૧૯૬૫ નજીક આવી તેમ ગરમી

વધી અને દક્ષિણમાં - ખાસ કરીને તાલીમનાડમાં - મોટા પાયા ઉપર તોફાનો થયાં. સરકારે જાહેર કર્યું કે, નેહરૂએ જે ખાત્રી આપી છે તેને કાયદાનું સ્વરૂપ આપવામાં આવશે. આ ખાત્રીનો અમલ કરવા અને તેને કાયદાનું સ્વરૂપ આપવા, ૧૯૬૩ના કાયદામાં સુધારો કરતો ખરડો આ વખતે પાર્લામેન્ટમાં રજુ થયો, જેના ઉપરની ચર્ચાએ અતિ ઉગ્ર સ્વરૂપ લીધું.

આ સુધારામાં એવી જોગવાઈ છે કે જે રાજ્યે હિન્દીને વહીવટી ભાષા તરીકે સ્વીકારી ન હોય તે રાજ્ય અને કેન્દ્ર વચ્ચેના વ્યવહાર માટે અંગ્રેજીનો જ ઉપયોગ થશે. તેમજ બધાય બીન - હિન્દી - ભાષી રાજ્યો અને પાર્લામેન્ટ જ્યાં સુધી અંગ્રેજીના ઉપયોગને બંધ કરવાનો ઠરાવ ન કરે ત્યાં સુધી અંગ્રેજીનો ઉપયોગ, વહીવટી ભાષા તરીકે ચાલુ રહેશે. કેન્દ્રમાં હિન્દીના ઉપયોગને વધારવા માટે પણ જોગવાઈ કરી છે. અને હિન્દીનો–ઉપયોગ થાય ત્યાં અંગ્રેજીનો અનુવાદ પણ સાથે રહે તેવી વ્યવસ્થા છે. તે સાથે એક જુદા પ્રસ્તાવથી હિન્દી અને પ્રાદેશિક ભાષાઓના વિકાસ માટે ત્વરિત પગલા લેવાનો ઠરાવ કર્યો છે અને ત્રિભાષી યોજનાના અમલનો આગ્રહ રાખ્યો છે. ત્રિભાષી યોજના એટલે, હિન્દીભાષી વિભાગોમાં, હિન્દી તથા અંગ્રેજી ઉપરાંત ભારતની એક બીજી ભાષા, બને તો દક્ષિણની, શીખવવી તેમજ બિનહિન્દી વિસ્તારોમાં માતૃભાષા, હિન્દી અને અંગ્રેજીનો અભ્યાસ કરાવવો. આ ઠરાવનો સૌથી અગત્યનો ભાગ છે સરકારી નોકરીઓ માટેની પરીક્ષા અંગેનો. તેમાં જણાવ્યું છે કે, નોકરી માટે પસંદગી વખતે હિન્દી અથવા અંગ્રેજીનું જ્ઞાન ફરજીયાત રહેશે, તેમજ પરીક્ષાઓ દેશની ચૌદે ભાષાઓ તેમજ અંગ્રેજીમાં લેવાની વ્યવસ્થા થશે.

કેન્દ્રની રાજભાષા હિન્દી થઈ, તેથી તેના દરેક ખાતા અને તેના હસ્તકની કંપનીઓ જેવી કે એલ. આઈ. સી. રેલવે, પોસ્ટ, હિન્દુસ્તાન સ્ટીલ વગેરેમાં વહીવટી ભાષા હિન્દી થઈ. પણ હિન્દી અથવા અંગ્રેજીનો ઉપયોગ થાય ત્યાં સુધી બધે હિન્દીનું અંગ્રેજી અને અંગ્રેજીનું હિન્દી ભાષાંતર સાથે હોવું જ જોઈએ. તેવી જ રીતે કેન્દ્ર સરકાર તરફથી થતા ઠરાવો, હુકમો, નોટીફીકેશન, અહેવાલો વગેરેમાં પણ. મતલબ કે કેન્દ્ર સરકારનો વહીવટ દ્વિભાષી થશે અને કેટલાક રાજ્યોનો ત્રિભાષી, પ્રાદેશિક ભાષા, હિન્દી અને અંગ્રેજી અને હિન્દીભાષી રાજ્યોમાં દ્વિભાષી - હિન્દી અને અંગ્રેજી. રાજ્યભાષામાં આ પ્રમાણે સુધારો અથવા ફેરફાર કર્યો તેમાં અતિ ઉગ્ર વિવાદ અને તોફાનો થયાં. હિન્દીના હિમાયતીઓ અને વિરોધીઓ તરફથી - એક પક્ષ હિન્દીને બને તેટલી આગળ કરવા અને બીજો પક્ષ હિન્દીને બને તેટલી પાછળ રાખવા. આ ફેરફારમાં નેહરૂએ આપેલ ખાત્રીનો પૂરો સમાવેશ થાય છે. બિનહિન્દીભાષી બધાં રાજ્યો અને પછી પાર્લામેન્ટ, અંગ્રેજીનો ઉપયોગ બંધ કરવાનો નિર્ણય ન કરે ત્યાં સુધી અંગ્રેજીનો ઉપયોગ ચાલુ રહેશે, જેનું પરિણામ કે ઘણાં લાંબા સમય સુધી રાજ્યવહીવટ દ્વિભાષી રહેશે. તો પછી આ બધું તોફાન શેનું છે? તોફાનનું કારણ કેટલે દરજ્જે રાજકીય છે, જેને ભાષા સાથે કોઈ સંબંધ નથી, પણ ભાષા એક બહાનું છે. બીજું કારણ એ ભય છે કે, હિન્દીભાષી લોકોને આ વ્યવસ્થામાં વધારે લાભ કે ઊંચું સ્થાન મળે છે. એટલું ખરૂં હિન્દી જેની માતૃભાષા છે તેમને કેટલીક અનુકૂળતા રહે–બિન - હિન્દી લોકોને હિન્દી, માતૃભાષા ઉપરાંત, શીખવું પડે. તેથી હિન્દી ભાષી લોકો જેટલું બને તેટલું જલ્દી હિન્દીને અંગ્રેજીને સ્થાને સ્થાપવા માગે છે. એક વિશેષ કારણ પણ છે. ઉચ્ચ શિક્ષણ પણ પ્રાદેશિક ભાષાઓમાં અપાશે ત્યારે અંગ્રેજીનું જ્ઞાન ઘણું જ નબળું રહેશે. તેથી સરકારી નોકરી માટે હિન્દી અથવા અંગ્રેજીનું જ્ઞાન ફરજીયાત હોઈ, બિન - હિન્દી ભાષી ઉમેદવારોએ હિન્દી અથવા અંગ્રેજી સારી પેઠે શીખવું પડે. આ કારણે અંગ્રેજીનો મોહ વધશે. અંગ્રેજી ભણેલાઓમાં એ મોહ તો અત્યારે છે જ, પણ હિન્દીનો જેને વિરોધ છે તે પણ અંગ્રેજીને મહત્ત્વ આપતા થશે.

અંગ્રેજીને હિન્દી સાથે રાજભાષા તરીકે સરખું સ્થાન આપવા છતાં, બિન હિન્દી ભાષી લોકોને સંતોષ નથી. કારણ કે, તેમને હિન્દી જોઈતું જ નથી. પણ દેશની એકતા માટે એક રાજભાષા તો જોઈએ જ તેથી રાજગોપાલાચારી કહે છે કે અંગ્રેજીને જ કાયમની રાજભાષા બનાવો. બંધારણ બદલી નાખો અને હિન્દીને હઠાવો. કોઈ વિદેશી ભાષા કાયમ માટે એક સ્વતંત્ર દેશની રાજભાષા રહે તે બને જ નહિ. ઘણાં લાંબા વિચાર પછી હિન્દીને આ સ્થાન આપવામાં આવ્યું છે. રાજભાષા એટલે રાષ્ટ્રભાષા નથી બનતી. પ્રાદેશિક ભાષાઓને પૂર્ણ અવકાશ રહે છે. રાજાજી આમ કેમ કહે છે? દુર્ભાગ્યે કહેવું પડે કે, લોકોને ઉશ્કેરવાનું અને દેશની એકતા ભારે જોખમાય એવું કામ રાજાજી કરી રહ્યા છે. અને તે ઈરાદાપૂર્વક કરે છે. જે લોકો અંગ્રેજી શીખી શકે તેને શું હિન્દી શીખવું અઘરૂં છે? હિન્દી ભાષા પ્રચાર માટે દક્ષિણમાં રાજાજીએ પહેલ કરી હતી અને જરાય શંકા નથી કે દક્ષિણવાસીઓ ધારે તો, જેમ અંગ્રેજીમાં તેમ હિન્દીમાં પણ પ્રવીણ થઈ શકે - વધારે સરળતાથી. પણ બાજી હાથથી ગઈ હોય તેમ લાગે છે. ભાષાવાદનાં મૂળ ઊંડા ગયાં. રાજકીય સત્તાની સાઠમારી જામી અને દેશપ્રેમ રહ્યો નહિ. લોકસભામાં જે ખરડો દાખલ કર્યો હતો તેમાં એક બે નાના ફેરફારો કર્યા - હિન્દી ભાષી સભ્યોના દબાણથી પ્રમાણમાં નજીવા ફેરફાર છે - સરકારી નોકરી માટે હિન્દીના જ્ઞાનની જરૂર નથી એમ હતું, તેને બદલે હિન્દી અથવા અંગ્રેજીનું જ્ઞાન ફરજીયાત ગણાશે તેમ કર્યું. પણ શ્રી કામરાજ જેવાને પણ આ બહાનું મળ્યું અને આ ખરડો સ્વીકાર્ય નથી એમ જાહેર કર્યું.

ખરી રીતે ૨૬ જાનેવારી ૧૯૫૦ પછીના ૧૦ વર્ષમાં હિન્દીને વિકસાવવા અને તેનો પ્રચાર વધારવા જે પગલાં લેવાં જોઈતાં હતાં, તે સરકારે લીધા નહિ. એ દસ વર્ષનો ગાળો એવો હતો કે, જેમાં એમ લાગે કે નેહરૂએ, બીજું ઘણું કર્યું તેમ, આ પણ કરી શકયા હોત. જેમ દેશી રાજ્યોનું વિલીનીકરણ સરકારે ઝડપથી કરી નાખ્યું તે થઈ ગયું અને કાશ્મીર રહી ગયું તે રહી જ ગયું, તેમ ભાષાનું પણ. હવે તો કેટલાય સમય સુધી આ સંઘર્ષ રહેશે અને શું પરિણામ આવે તે કહેવું મુશ્કેલ છે. જબરજસ્તીથી હિન્દી લાદી ન શકાય એ જેટલું સત્ય છે તેટલું એ પણ સત્ય છે કે, હિન્દી સિવાય બીજી કોઈ ભાષા આ દેશની રાજભાષા થઈ શકે તેમ નથી. તેમાં જેટલો વિલંબ કરીયે તેટલો ગુંચવાડો વધશે. હિન્દી બરાબર વિકસેલી નથી એ બહાને વિલંબ કરવો યોગ્ય નથી. તેને વિકસવાની તક ન આપીએ અને તેને માટેના પ્રમાણિક પ્રયત્ન ન કરીએ અને છતાં તે કારણ આગળ ધરીએ તે યોગ્ય નથી. આંતરરાષ્ટ્રીય વ્યવહાર માટે અંગ્રેજી જરૂરનું છે તે કારણે હિન્દી રાજભાષા ન થાય તે ખોટી દલીલ છે. બીજા સ્વતંત્ર દેશો કોઈ વિદેશી ભાષાને આવા કારણે પોતાની રાજભાષા રાખતા નથી. બિન–હિન્દી ભાષી લોકોને સંતોષવા બની શકે તેટલું કર્યું છે. પણ અત્યારે તો તેમના વિરોધનો વંટોળ ચાલુ રહે છે. ૧૪ ભાષામાં સરકારી નોકરી માટે પરીક્ષા થાય, ૧૪ ભાષામાં પાર્લામેન્ટની કાર્યવાહી થાય, ૧૪ ભાષામાં ન્યાયતંત્ર ચાલે આ અશકય પરિસ્થિતિ છે. દુર્ભાગ્યે, રાજકીય ક્ષેત્રે જે અરાજકતા અને સંઘર્ષ છે તે ભાષાના ક્ષેત્રે પણ લાંબો સમય રહેશે તેમ જણાય છે.

૨૯-૧૨-૬૭ ચીમનલાલ ચકુભાઈ શાહ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫–૪૭, ખેતવાડી સ્ટ્રીટ. મુંબઈ–૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ. કોટ, મુંબઈ

Regd No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૯ : અંક ૧૮

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જાન્યુઆરી, ૧૬, ૧૯૬૮, મંગળવાર
પરદેશ માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

શ્રી મહાવીર જૈન વિદ્યાલય : એક સ્મરણોંધ

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો ચાલુ માસની આખરમાં જે સુવર્ણ મહોત્સવ ઊજવવામાં આવનાર છે તે અંગે હું એક જુદો જ આનંદ અનુભવું છું, કારણ કે તેની ૧૯૧૫ના જૂન માસમાં સ્થાપના થઈ ત્યારથી આજ સુધીના સર્વ વિકાસનો હું સાક્ષી છું અને ઘણાં વર્ષોથી હું તેની વ્યવસ્થાપક સમિતિનો અને આજે સૌથી જૂનો સભ્ય છું. જે પંદર વિદ્યાર્થીઓથી રૉયલ ઑપેરા હાઉસની નજીકમાં આવેલ મકાનમાં તેની શરૂઆત કરવામાં આવેલી તે મકાન અને તેમાં વસાવેલા વિદ્યાલયનો વિભાગ આજે પણ મારી નજર સમક્ષ હું જાણે કે નિહાળી શકું છું. આ સંસ્થાની સ્થાપના પાછળ સ્વ. વિજયવલ્લભસૂરિની પ્રેરણા હતી અને તેમના અનુરાગી શ્રી મોતીચંદ ગીરધરલાલ, શેઠ દેવકરણ મૂળજી, શ્રી મકનજી જુઠાભાઈ, શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ, શેઠ મોતીલાલ મૂળજી, શેઠ હેમચંદ અમરચંદ, શેઠ ગોવિંદજી ખુશાલ તથા ઝવેરી મણિલાલ સૂરજમલ મારી યાદ મુજબ આ સંસ્થાના આદ્યસ્થાપકો હતા. આજે આ વ્યક્તિઓમાંથી કોઈ હયાત નથી. સંસ્થાનિર્માણના વર્ષ દરમિયાન હું એલએલ. બી. નો અભ્યાસ કરતો હતો અને મારા પિત્રાઈ ભાઈ મુ. મોતીચંદભાઈ જેમને 'મોતીભાઈ'ના નામથી અમે સંબોધતા હતા તેમની સાથે હું રહેતો હતો. મોતીભાઈ આ સંસ્થાના પ્રારંભથી પ્રાણપુરુષ હતા. શરૂઆતનાં વર્ષોમાં તેમના ઘેર જ વ્યવસ્થાપક સમિતિની સભાઓ ભરાતી અને તેમાં ચાલતી ચર્ચાઓ સાંભળવાનો અને કદિ કદિ તેમાં ભાગ લેવાનો મને લાભ મળતો.


સાત વર્ષના ગાળા બાદ ગોવાલિયા ટેંકની બાજુની જગ્યામાં સંસ્થાના પોતાના મકાનનો સુવર્ણરજ વડે પાયો નખાયાનો પ્રસંગ આજે પણ મને બરોબર યાદ છે. ૧૯૨૫ની સાલમાં સંસ્થાનું પોતાનું આલીશાન મકાન તૈયાર થયું અને તેમાં ૧૨૫ વિદ્યાર્થીઓ રહી શકે એવી ગોઠવણ કરવામાં આવી. તેનો ઉદ્‌ઘાટનસમારંભ પણ મને એટલો જ યાદ છે.

એ વર્ષો દરમિયાન વિદ્યાલયમાં મેડિકલ કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓને રાખવામાં આવે છે અને તેઓ અભ્યાસ માટે અનિવાર્ય લેખાતી એવી અમુક જીવહિંસા કરે છે એ બાબતને આગળ ધરીને વિદ્યાલય સામે એક ઘણી મોટી ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આ ઝુંબેશના મુખ્ય સૂત્રધાર આજના વિજયરામચંદ્ર સૂરિ અને કેટલાક જૈન આગેવાન શ્રીમંતો હતા. આ ઝુંબેશનો સામનો કરવામાં વિદ્યાલયના સંચાલકોની ભારે કસોટી થઈ હતી. વર્ષો જતાં એ ઝુંબેશ શમી ગઈ, ભારે પ્રચંડ વાવાઝોડું વિલીન થઈ ગયું અને વિદ્યાલયના વિકાસનો માર્ગ મોકળો થયો. આ ઝુંબેશના પ્રતિકારમાં મારો પણ નાનોસરખો હિસ્સો હતો. ત્યાર પછી તો વિદ્યાલય ફાલવા ફૂલવા માંડ્યું અને જૈન સમાજની ઉદારતાનો પ્રવાહ તેની તરફ છૂટથી વહેવા લાગ્યો.

૧૯૪૧ની સાલમાં સર મણિલાલ બાલાભાઈ નાણાવટીના પ્રમુખપણા નીચે વિદ્યાલયનો રજત મહોત્સવ ઊજવવામાં આવેલો. એ રજત મહોત્સવના કાર્યક્રમને લગતા એક સંમેલનમાં સર હરિલાલ ગોસલિયાને પ્રમુખસ્થાન આપવામાં આવેલું. આ રજત મહોત્સવનાં મધુર દશ્યો આજે પણ મારી આંખ સામે તરે છે.

સમય જતાં વિદ્યાલય વટવૃક્ષ માફક વિકસવા માંડ્યું. તેની એક પછી એક વડવાઈઓ જુદી જુદી જગ્યાએ મૂળ નાખવા લાગી. ૧૯૪૬માં અમદાવાદ ખાતે, ૧૯૪૭માં પૂના ખાતે અને ૧૯૫૪માં વડોદરા ખાતે શાખાઓ નિર્માણ થઈ. આણંદ વલ્લભ વિદ્યાનગરમાં થોડા સમયમાં શાખા શરૂ થવાની છે. તે માટે મકાન તૈયાર થઈ ચૂક્યું છે. આવા ઉત્તરોત્તર થઈ રહેલા વિકાસનો હું સાક્ષી છું એ ખ્યાલ મને હર્ષપુલકિત કરે છે.

મોતીભાઈનું ૧૯૫૧ની સાલમાં અવસાન થયું ત્યાં સુધી તેમણે સંસ્થાના મંત્રીપદ ઉપર રહીને વિદ્યાલયની અમાપ સેવા બજાવી હતી. વિદ્યાલય સાથે તેમના દિલમાં અપાર આત્મીયતા હતી અને તેની કાર્યવાહી ચલાવવામાં, તે માટે નાણાં ઉઘરાવવામાં, તે ખાતર માનાપમાનની પરવા કર્યા સિવાય જ્યાં ત્યાં ભટકવામાં, વિદ્યાલયને જુદી જુદી રીતે વિકસાવવામાં તેમણે પોતાની શક્તિનો અસાધારણ યોગ આપ્યો હતો. તેમને મન વિદ્યાલય જ પોતાનું લાઈફ મીશન—જીવનકાર્ય હતું. તેના કામ પાછળ તેમણે ટાઢતડકો, રાતદિવસ જોયાં નહોતાં. તેમના સદ્‌ભાગ્યે એક પછી એક કુશળ સહમંત્રીઓ તેમને મળતા રહ્યા હતા. તેમના પ્રારંભના સહમંત્રી સ્વ. મૂળચંદ હીરજી હતા. તેઓ કુશળ હિસાબનીશ હતા અને સંસ્થાનું હિસાબી કામ સંભાળતા હતા. તેમના સ્થાન ઉપર ઉત્તરોત્તર જુદી જુદી વ્યક્તિઓ આવી



શ્રી મહાવીર જૈન વિદ્યાલયના આદ્યપ્રેરક
સ્વ. વિજયવલ્લભસૂરિ

હતી. સમય જતાં અનુક્રમે મોતીભાઈની સાથે શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ સહમંત્રી તરીકે જોડાયા. અહીં મારા પૂર્વસ્મરણને રજુ કરું તો આ ચંદુભાઈને વર્ષો પહેલાં મેં વિદ્યાલયના એક વિદ્યાર્થી તરીકે જોયેલા અને વિદ્યાલયના ઉપક્રમે યોજાયેલા એક મનોરંજન કાર્યક્રમમાં ભાગ લેતા નિહાળેલા. એ જ ચંદુભાઈ આજે કેટલાંક વર્ષોથી વિદ્યાલયના મંત્રી તરીકે કામ કરી રહ્યા છે, એટલું જ નહિ પણ, તેમણે મોતીચંદભાઈના અવસાન બાદ, મોતીચંદભાઈનું સ્થાન અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલ છે અને પોતાના અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોથી અક્ષુબ્ધ રહીને તેમણે વિદ્યાલય વિષે અનુપમ નિષ્ઠા અને એકસરખો કાર્યોત્સાહ દાખવેલ છે—આ તેમનો ઉત્કર્ષ અને ધૃતિ જોઈને મારું દિલ તેમના વિષે ગર્વ અને આદર અનુભવે છે.

તેમની સાથે સ્વ. ચંદુલાલ સારાભાઈ મોદીએ સહમન્ત્રી તરીકે કેટલાંક વર્ષ કામ કર્યું તેમને આજે પણ યાદ કરવા ઘટે. તેમની સાથે આજે બીજા બે સહમંત્રીઓ છે: એક છે મારા પિત્રાઈ ભાઈ મનુભાઈ ગુલાબચંદ કાપડિયા, જે કારણે વિદ્યાલય સાથે જાણે કે કૌટુંબિક સંબંધ હોય એવી આત્મીયતા હું અનુભવું છું અને બીજા છે જૈન સમાજના અગ્રગણ્ય કાર્યકર્તા શ્રી જયંતીલાલ રતનચંદ શાહ.

સંસ્થાનું ભારે મોટું સદ્‌ભાગ્ય એ રહ્યું છે કે તેને કુશળ અને અત્યન્ત કાર્યક્ષમ એવા મંત્રીઓની પરંપરા સાંપડી છે અને સંસ્થાની વ્યવસ્થાપક સમિતિમાં વ્યવસ્થાચતુર કાર્યવાહકો ઉમેરાતા રહ્યા છે. આ સંસ્થાની વ્યવસ્થાપક સમિતિ જેટલી કાર્યક્ષમતા ધરાવતી કાર્યવાહક સમિતિ બહુ ઓછી જાહેર સંસ્થાઓને સાંપડે છે. આથી તેનો વહીવટ એકધારો વ્યવસ્થિત રહ્યો છે અને તેમાં આજ સુધીમાં કદિ પણ કોઈ પ્રકારની ધાલમેલ થવા પામી નથી. સંસ્થાની આન્તરિક કાર્યવાહીની જેના માથે જવાબદારી છે એવા સંસ્થાના નિયામક અથવા તો મહામાત્ર ભાઈ કાન્તિલાલ કોરાની કાર્યદક્ષતા અને આયોજનકુશળતાનો પણ આન્તરિક તંત્રને એકસરખું ટકાવી રાખવામાં મહત્ત્વનો ફાળો રહ્યો છે.

આ સંસ્થાનો લાભ શ્વે. મૂ. સમાજના વિદ્યાર્થીઓ પૂરતો હજુ સીમિત છે, પણ તેણે આ સીમામાં રહીને ૫૦-૫૨ વર્ષના ગાળામાં જે ઉપકાર કર્યો છે તે નાનોસુનો નથી. આજ સુધીમાં આ સંસ્થાદ્વારા ૧૦૮૧ વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસ પૂરો કરીને એટલે કે સ્નાતક બનીને વ્યવસાયી જીવનમાં સુપ્રતિષ્ઠિત બન્યા છે. આ સ્નાતકોમાં ૧૮૯ ડાક્ટરો છે, ૧૯૨ બી. એ. અથવા એમ. એ થયેલા છે, ૨૩૦ ઈજનેરો છે, ૨૪૯ વેજ્ઞાનિકો છે, ૨૧૫ વ્યાપાર અને કાયદાની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે, ૬ ખેતીવાડીના સ્નાતક બન્યા છે. જો આ સર્વને વિદ્યાલયનું અવલંબન ન મળ્યું હોત તો તેમાંના ૨૫ ટકા પણ વિદ્યાર્થીઓ આટલું આગળ વધી શકયા ન જ હોત. ઉગતી ઉમ્મરના આટલા બધા વિદ્યાર્થીઓને પૂરા જ્ઞાનસંપન્ન બનાવવા અને ઐહિક ઉત્કર્ષના માર્ગે આગળ ધપાવવા એનું મહત્ત્વ જેટલું આંકીએ તેટલું ઓછું છે.

આ ઉપરાંત ઉત્તમ કોટિની સાહિત્ય પ્રકાશન પ્રવૃત્તિ પણ આ વિદ્યાલયદ્વારા થતી રહી છે. તેમાં પણ આગમ પ્રકાશનની વિદ્યાલયે હાથ ધરેલી પ્રવૃત્તિ એક ઘણું મોટું સાહસ છે. આ આગમ પ્રકાશન - જે રીતે થઈ રહ્યું છે તે જોતાં - શાસ્ત્રગ્રંથોના પ્રકાશનમાં એક મહત્ત્વના સીમાચિહ્ન રૂપ લેખાશે.

જે વિદ્યાલયના જીવનનાં વર્ષો સાથે મારા જીવનનાં મહત્ત્વનાં વર્ષો સંકળાયેલા છે તે વિદ્યાલયના સુવર્ણ મહોત્સવને મારા જીવનનો હું ધન્ય પ્રસંગ ગણું છું. તેની કાર્યવાહીની અમુક વિગતો સાથે કોઈને મતભેદ હોય કે ન હોય તો પણ, તેના નક્કર કાર્યની સૌ કોઈએ પૂરી કદર કરવી જ જોઈએ.

સુવર્ણ મહોત્સવના અનુસંધાનમાં સંસ્થાના કાર્યવાહકોએ ૨૧ લાખની રકમ એકઠી કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. આજે ૧૬ લાખની સીમાને તો તેઓ વટાવી ચૂકયા છે. ધારી સમયમર્યાદામાં ઉપર જણાવેલો લક્ષ્યાંક જરૂર સિદ્ધ થશે એવી પાકી આશા બંધાય છે.

વિદ્યાલય તેની પ્રગતિના દરેક તબક્કે જૈન સમાજની ઉદારતા ઉપર વિશ્વાસ રાખીને મોટી અને વધારે મોટી જવાબદારીભરેલી યોજનાઓ અંગીકાર કરતું રહ્યું છે અને જૈન સમાજ તે માટે અપેક્ષિત દ્રવ્ય, સંચાલકોની શ્રદ્ધાની અવારનવાર કસોટી કરીને પણ, પૂરું પાડતો રહ્યા છે.

વિદ્યાલયના માથે સૌથી મોટી જવાબદારી વહેલામાં વહેલી તકે જૈન વિદ્યાર્થિનીઓ માટે એક અલગ છાત્રાલય ઊભું કરવાની છે. આ માટે વિદ્યાલયની તા. ૧૮-૫-૪૪ ના રોજ મળેલી સામાન્ય સમિતિની અસાધારણ સભાએ ઠરાવ કર્યો છે અને તે માટે એકઠું કરવામાં આવેલું રૂા. ૧૩૪૦૧૮ નું ફંડ વિદ્યાલય પાસે અનામત પડયું છે. વિદ્યાલય તરફથી દર વર્ષે કૉલેજમાં ભણતી જૈન શ્વે. મૂ. વિદ્યાર્થિનીઓને મોટી રકમની શિષ્યવૃત્તિઓ આપવામાં આવે છે. ૧૯૬૭-૬૮ માટે આવી શિષ્યવૃત્તિઓ માટે રૂા. ૧૮૭૫૦ મંજુર કરવામાં આવ્યા છે. કન્યાછાત્રાલય હજી સુધી નહિ શરૂ કર્યાની અવેજીમાં આ શિષ્યવૃત્તિઓના વિતરણથી ભલે સંતોષ અનુભવાય, પણ કન્યાછાત્રાલયની આવશ્યકતાનું મહત્ત્વ આથી જરા પણ ઘટતું નથી અને તેની માંગ એટલી તીવ્ર બનતી જાય છે કે તે જવાબદારીની ઉપેક્ષા લાંબી ઢીલ ખમી શકે તેમ નથી.

આ ઉપરાંત વિદ્યાલયના માથે બીજી પણ ઘણી મોટી જવાબદારીઓ છે. શાખાઓનાં મકાન તૈયાર કરવા પાછળ અંદાજ કરતાં ઘણો વધારે ખર્ચ થઈ ચૂકયો છે. આગમપ્રકાશન પણ ઘણી મોટી આર્થિક જવાબદારીનો વિષય છે. જે સંસ્થાની આટલી ઉજ્જવળ કારકિર્દી છે તે સંસ્થા વિષે જૈન સમાજની અપેક્ષાઓ વધતી જાય એ સ્વાભાવિક છે. શ્રમણ સંસ્કૃતિ સાથે સંબંધ ધરાવતા સાહિત્યના સંશોધન અર્થે ભારતીય વિદ્યાભવન જેવું સંશોધન મંદિર ઊભું કરવાની આજે ખૂબ જ જરૂર છે. આવું કાર્ય મહાવીર જૈન વિદ્યાલય નહિ કરે તો બીજી કઈ જૈન સંસ્થા કરશે? આના અનુસંધાનમાં વિદ્યાલયદ્વારા સંચાલિત એવી કૉલેજોના નિર્માણની કલ્પના પણ મનમાં સ્ફુર્યા વિના રહેતી નથી. આજના સમયની માંગ મુજબ સંસ્થાનાં દ્વાર વધારે ને વધારે ખૂલતાં થાય અને આજે જૈન સમાજના એક વિભાગના વિદ્યાર્થીઓ માટે માત્ર છાત્રાલયો ઊભાં કરવા પૂરતી જેની પ્રવૃત્તિ સીમિત રહી છે તે એક સર્વમાન્ય સર્વોદયી વિદ્યાધામ બને—મહાવીર જૈન વિદ્યાલય પૂરા અર્થમાં મહાવીર જૈન વિદ્યાલય બને—એવી શુભેચ્છા આ પ્રસંગે દર્શાવવામાં આવે તો તે વધારેપડતી નહિ લેખાય.



શ્રી મહાવીર જૈન વિદ્યાલયના આદ્ય-સ્થાપક સ્વ. મોતીચંદ ગીરધરલાલ કાપડિયા

આવાં મોટાં કદમ ઊઠાવવા માટે જરૂર છે ક્રાન્તદર્શી કાર્યકરોની, અદ્યતન વાસ્તવિકતાની મર્યાદાને વીંધીને જોઈ શકે, વિચારી શકે એવા દૃષ્ટિસંપન્ન સંચાલકોની. આશા રાખીએ કે શ્રી મહાવીર જૈન વિદ્યાલયને આવા કુશળ, સમર્થ અને દૃષ્ટિસંપન્ન સંચાલકો પ્રાપ્ત થાય અને જ્યાં એક પ્રકારની સ્થગિતતાનું—એક જ દિશાના વિસ્તારનું—દર્શન થાય છે ત્યાં નવી ચેતનાનો સંચાર થાય અને નવનિર્માણના માર્ગે નવાં અને નવાં ક્રાન્તિકારી કદમો ઊઠાવાતાં રહે!

પરમાનંદ

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો પરિચય

(ચાલુ જાન્યુઆરી માસની તા. ૨૧થી તા. ૨૮ સુધી એમ આઠ દિવસના ભરચક કાર્યક્રમપૂર્વક શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો સુવર્ણ મહોત્સવ ઊજવવામાં આવનાર છે. જૈન સમાજની આ અગ્રગણ્ય સંસ્થાનો ગૌરવભર્યો પરિચય આપતી અને સંસ્થાની જરૂરિયાતો રજૂ કરતી – સંસ્થા તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલી – નાની સરખી પુસ્તિકા તેના સુવર્ણ મહોત્સવ પ્રસંગે નીચે પ્રગટ કરતાં હું આનંદ અનુભવું છું. તેમાં કરવામાં આવેલી અપીલને મારું અનુમોદન છે. પરમાનંદ)

શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના થયે પચાસ વર્ષ પૂરાં થઈ ગયાં અને અત્યારે, શાસનદેવ અને શ્રીસંઘની કૃપાથી, એનું એકાવનમું વર્ષ ચાલી રહ્યું છે. અર્ધી સદીની કાર્યવાહીની ગૌરવભરી સફળતાના સંભારણારૂપે વિદ્યાલયનો સુવર્ણ – મહોત્સવ ઊજવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે, એ વાતની આપને જાણ કરતાં અમને આનંદ થાય છે. આ મહોત્સવ કેવળ આનંદ – વિનોદ-રૂપ ન બનતાં વિદ્યાલયને વધુ કાર્યક્ષમ બનાવનારો નીવડે, એવી અમારી ઉમેદ અને યોજના છે. આ માટે, સમાજની ઉદાર ભાવના લક્ષમાં લઈને, એકવીસ લાખ રૂપિયા જેટલો સુવર્ણ - મહોત્સવ - નિધિ એકત્ર કરવાનું નક્કી કરવામાં આવ્યું છે; અને એ અંગે સમાજ તરફથી અત્યાર સુધીમાં ઉમળકાભર્યો સહકાર મળતો રહ્યો છે. આમ છતાં હજી આમાં ઘણું કામ કરવાનું બાકી છે; અને તે આપના જેવા શિક્ષણ અને સેવાપ્રેમી મહાનુભાવોના સહકારથી જ પૂરું થઈ શકવાનું છે; તેથી વિદ્યાલયનો ટૂંક પરિચય તથા આ વિજ્ઞપ્તિ આપને મોકલવાની રજા લઈએ છીએ.

સ્થાપના, કાર્યારંભ અને મકાન


જ્ઞાન અને વિજ્ઞાન એ વિશ્વની મહાન શક્તિઓ છે. એના વિકાસને પગલે પગલે માનવસમાજ પોતાનો વિકાસ સાધી શકે છે. જે સમાજ આ બે શક્તિઓની સાધનામાં પાછળ રહે છે, તે પોતાના વિકાસમાં પછાત રહી જાય છે અને ઈતર સમાજોમાં પોતાનું ગૌરવ સાચવી શકતો નથી.

માનવસમાજના વિકાસની આ પાયાની વાત આપણા દીર્ઘ-દર્શી પરમપૂજ્ય આચાર્યપ્રવર શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના– સમાજના અભ્યુદયની સતત ઝંખના સેવતા–અંતરમાં વસી ગઈ; અને આજથી પચાસ વર્ષ પહેલાં એમણે, જ્ઞાન, વિજ્ઞાન અને ટેક્-નોલૉજીના ઉચ્ચ અભ્યાસમાં આગળ વધવા ઈચ્છતા આપણા વિદ્યાર્થીઓ નિશ્ચિતપણે પોતાના અભ્યાસમાં આગળ વધી શકે એ માટે, શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના માટે હૃદય-સ્પર્શી, પ્રબળ પ્રેરણા આપી. સમાજના સદ્‌ભાગ્યે સમાજના શ્રીમાનો અને કાર્યકરોએ એ પ્રેરણાને હોંશપૂર્વક ઝીલી લીધી; અને વિ. સં. ૧૯૭૦ ના ફાગણ સુદી પાંચમના મંગલ દિવસે વિદ્યા-લયની સ્થાપના કરવામાં આવી. આ પછી, કેટલીક જરૂરી પૂર્વ-તૈયારી કરીને, વિ. સં. ૧૯૭૧ ના જેઠ સુદિ ૫ (તા. ૧૮-૬-૧૯૧૫) ના દિવસે, માત્ર પંદર વિદ્યાર્થીઓથી, મુંબઈમાં ભાડાના મકાનમાં, વિદ્યાલયના કાર્યનો આરંભ કરવામાં આવ્યો.

તા. ૧૩-૧૨-૧૯૨૨ ના રોજ, વિદ્યાર્થીઓ અત્યારે જે આલિશાન મકાનમાં રહે છે, તે મકાનનો શેઠશ્રી દેવકરણ મૂળજીના શુભ હસ્તે પાયો નાખવામાં આવ્યો. પાયામાં શેઠશ્રી ગોવિંદજી માધવજી તરફથી આ કામ માટે જ મળેલ ૨૬ તોલા સોનાની લગ-ડીની તેજમતૂરી કરાવીને પૂરવામાં આવી. સંસ્થા પ્રત્યેની સમા-જની આવી લાગણી ઉત્તરોત્તર વધતી ગઈ; અને એને લીધે જ સંસ્થાનો ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો. કાર્યારંભથી દસ વર્ષ બાદ, તા. ૨૭-૭-૧૯૨૫ ના મંગલ દિને, વિદ્યાલયને એના પોતાના મકાનમાં લઈ જવામાં આવ્યું. આ મકાન માટે શેઠ વાડીલાલ સારાભાઈ તરફથી સને ૧૯૨૬ માં રૂા. એક લાખની સખાવત મળતાં એને **"શ્રી વાડીલાલ સારાભાઈ વિદ્યાર્થીગૃહ"** નું નામ આપવામાં આવ્યું.

શિક્ષણ, સંસ્કાર અને ધાર્મિક અભ્યાસ માટેની સગવડો

વિદ્યાર્થીઓ નિશ્ચિત રીતે રહી શકે એવા રહેઠાણની, તંદુ-રસ્તી સાચવી શકે એવા ખાન–પાનની, તથા કૉલેજની સત્રફી તેમ જ પરીક્ષાની ફીની તેમને સગવડ આપવામાં આવે છે. વિદ્યાર્થીઓની સ્થિતિ પ્રમાણે એમને લોન વિદ્યાર્થી, પેઇંગ વિદ્યાર્થી, હાફપેઇંગ વિદ્યાર્થી તેમ જ ટ્રસ્ટ વિદ્યાર્થી તરીકે દાખલ કરવામાં આવે છે. લોન, પેઇંગ તથા હાફપેઇંગ વર્ગમાં વિદ્યાર્થીઓને એમના માર્કના ધોરણે જ પ્રવેશ આપવામાં આવે છે; જ્યારે ટ્રસ્ટ વિદ્યાર્થી તરીકે, વિદ્યાલયમાં અમુક ટ્રસ્ટ ઊભું કરનાર દાતાની ભલામણ મુજબ, વિદ્યાલયના બંધારણ અને અન્ય નિયમોને આધીન રહીને, વિદ્યા-ર્થીને દાખલ કરવામાં આવે છે.



શ્રી મહાવીર જૈન વિદ્યાલય: શ્રી વાડીલાલ સારાભાઈ વિદ્યાર્થીગૃહ

વિદ્યાર્થીઓમાં ઈતર વિષયોના જ્ઞાનના સંસ્કાર પડે, સામાન્ય સમજણના વિકાસમાં તેઓ પછાત ન રહે અને એમનામાં સંસ્કા-રિતાનું સિંચન થવાની

સાથે એમનાં શરીર સુદૃઢ થાય એ માટે પુસ્તકાલય, વાચનાલય, વ્યાખ્યાનમાળાઓ, લેખનપ્રવૃત્તિ, વક- તૃત્વકળાના વર્ગો, રમતગમત અને વ્યાયામનાં સાધનો તેમજ એવી ઉપયોગી પ્રવૃત્તિઓ વિદ્યાલય તરફથી વ્યવસ્થિત રીતે ચલાવવામાં આવે છે; અને એ માટેનું જરૂરી તમામ ખર્ચ વિદ્યાલય કરે છે.

આપણી ઊછરતી પેઢીનું જીવન જૈનધર્મના તત્ત્વજ્ઞાન અને આચારના સંસ્કારોથી સુવાસિત બને એ માટે ધાર્મિક અભ્યાસની જોગવાઈ કરવામાં આવે છે; અને ધર્મના સામાન્ય નિયમો સારી રીતે સચવાય તે તરફ પૂરું લક્ષ આપવામાં આવે છે. આ માટે ખાસ ધાર્મિક શિક્ષકને રોકવામાં આવે છે; કૉલેજની બન્ને ટર્મોમાં શરૂઆતના આઠ – ત્રણ માસ માટે ધાર્મિક વર્ગો ચલાવવામાં આવે છે; એ વર્ગોમાં હાજરી આપવાનું તેમ જ છ માસિક અને વાર્ષિક ધાર્મિક પરીક્ષા આપવાનું દરેક વિદ્યાર્થીને માટે ફરજિયાત ગણવામાં આવ્યું છે.

વિદ્યાલયનો વિસ્તાર

સમાજમાં જેમજેમ ઉચ્ચ શિક્ષણની આકાંક્ષા વધતી ગઈ તેમ તેમ વિદ્યાલય પણ, પોતાનાં સાધનોની મર્યાદા પ્રમાણે (અને ક્યારેક તો મર્યાદા ઉપરાંતનો આર્થિક બોજો ઉઠાવીને પણ) પોતાના કાર્ય ક્ષેત્રનો વિસ્તાર કરતું રહ્યું છે, પરિણામે એની ત્રણ શાખાઓ આજે મુંબઈની જેમ જ કામ કરતી થઈ ગઈ છે. તેની વિગત આ પ્રમાણે છે :

અમદાવાદ શાખા : શેઠશ્રી ભોળાભાઈ જેસિંગભાઈ દલાલની એક લાખ રૂપિયા જેટલી મોટી સખાવતથી, સને ૧૯૪૬ માં, સરદાર વલ્લભભાઈ પટેલના વરદ હસ્તે, અમદાવાદ શાખાની સ્થાપના કરવામાં આવી; અને એને "શેઠ ભોળાભાઈ જેસિંગભાઈ વિદ્યાર્થીગૃહ" એવું નામ આપવામાં આવ્યું. અહીં અત્યારે ૭૦ વિદ્યાર્થીઓને રાખી શકાય એટલી સગવડ છે.

પૂના શાખા : સને ૧૯૪૭માં પૂનાના શ્રી ભારત જૈન વિદ્યાલયના ટ્રસ્ટીઓએ એ સંસ્થા વિદ્યાલયને સુપરત કરી, એટલે ત્યાં વિદ્યાલયની શાખાની સ્થાપના થઈ શકી. આમાં અત્યારે ૩૫ વિદ્યાર્થીઓ રહી શકે છે.

વડોદરા શાખા : વડોદરામાં માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માટે "શ્રી જૈન વિદ્યાર્થી આશ્રમ" ની સ્થાપના કરવામાં આવી હતી. ઠેર ઠેર માધ્યમિક શાળાઓ સ્થપાઈ જતાં આ સંસ્થાનો લાભ ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ લઈ શકે એ માટે એ સંસ્થાના શાણા સંચાલકોએ એ સંસ્થા સને ૧૯૫૪માં વિદ્યાલયને સોંપી; અને એ રીતે સંસ્થાના પ્રેરક પરમપૂજ્ય આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની જન્મભૂમિમાં વિદ્યાલયની શાખા અસ્તિત્વમાં આવી. થોડા વખત પહેલાં, આશરે ત્રણ લાખ રૂપિયા ખરચીને, આ શાખાના મકાનનો વિસ્તાર કરવામાં આવ્યો છે. એમાં હવે સવાસો વિદ્યાર્થીઓ રહી શકે એટલી જોગવાઈ થઈ છે.

ઉપરાંત–

આણંદ–વલ્લભવિદ્યાનગર શાખાના મકાનનું બાંધકામ અત્યારે ચાલી રહ્યું છે; અને આપણે આવતા વર્ષે એમાં આશરે ૮૦ વિદ્યાર્થીઓને વસાવી શકીશું એવી ઉમેદ છે. આ મકાનમાં આશરે ત્રણેક લાખ રૂપિયા ખર્ચ થવાનો સંભવ છે.

અમદાવાદ શાખાના મકાનમાં સવાસો વિદ્યાર્થીઓને રાખી શકાય એવી યોજના તૈયાર થઈ ગઈ છે. મ્યુનિસિપાલિટીમાંથી પ્લાનો મંજૂર થઈને આવે અને સિમેન્ટની સગવડ થાય એટલે આ કામ શરૂ કરવામાં આવનાર છે. આમાં ત્રણથી સાડાત્રણ લાખ રૂપિયા જેટલું ખર્ચ થવાનો અંદાજ છે.

પૂના શાખાના જૂના મકાનને વિસ્તૃત કરવાને બદલે આશરે ૮૦ વિદ્યાર્થીઓ રહી શકે એવું તદ્દન નવું મકાન, ઊંચાણવાળા ભાગમાં, બનાવવાનું નક્કી કર્યું છે; આજે ત્યાં એનું બાંધકામ ઝડપથી ચાલી રહ્યું છે. આ નવા મકાનમાં આશરે લાખ રૂપિયાના ખર્ચનો અંદાજ છે.

મુંબઈમાં વિદ્યાલયના પ્રવેશ માટેની માગણી વધતી જ જાય છે; અને ચાલુ મકાનનો વિસ્તાર હવે શક્ય નથી; તેથી એ માટે બીજે સ્થળે બીજું મકાન તૈયાર કરવું અનિવાર્ય બની ગયું છે. આ માટે ઘાટકોપરમાં જમીન ખરીદવામાં આવી છે. ત્યાં બીજું મકાન ઊભું કરવામાં આવનાર છે. એમાં જમીન તથા મકાનનો ખર્ચ છ લાખ રૂપિયા થશે એવો અંદાજ છે.

સહાયતાના પ્રકાર

આશ્રયદાતા (પેટ્રન) – એકી સાથે કે છૂટક છૂટક મળીને ૧૦,૦૦૦ (દસ હજાર) રૂપિયા આપનાર વ્યકિત સંસ્થાના આશ્રયદાતા લેખાશે. તેઓ વ્યવસ્થાપક સમિતિના એકસ – ઑફિશિયો સભ્ય ગણાશે; સંસ્થાના સભાગૃહમાં એમનું તૈલચિત્ર મૂકવામાં આવશે, અને આરસની તકતી ઉપર એમનું નામ કોતરવામાં આવશે.

આજીવન સભ્ય–રૂ. ૧૦૦૦) કે તેથી વધુ રકમ આપનાર સંસ્થાના આજીવન સભ્ય ગણાશે.

સભ્ય–દસ વર્ષ સુધી દર વર્ષે રૂ. ૧૦૦) આપનાર વ્યકિત સંસ્થાના સભ્ય લેખાશે, અને દસ વર્ષની કુલ રકમ ભરાઈ ગયા પછી તે આજીવન સભ્ય લેખાશે.

ટ્રસ્ટ સ્કૉલર : ટ્રસ્ટ સ્કૉલર માટે સંસ્થાના રૂ. ૧૨,૫૦૦) આપનાર દાતા સૂચવશે તે નામનું ટ્રસ્ટ સ્વીકારવામાં આવશે; અને એ દાતાની વતી, એ દાતાની ભલામણ મુજબ, કાયમને માટે એક વિદ્યાર્થીને રાખવામાં આવશે.

ટ્રસ્ટ સ્કૉલર–પેટ્રન–રૂ. ૨૫,૦૦૦, (પચીસ હજાર) આપનાર દાતાના બે ટ્રસ્ટ વિદ્યાર્થીઓ કાયમને માટે સંસ્થામાં રાખવામાં આવે છે; ઉપરાંત, એ દાતા સંસ્થાના પેટ્રન ગણાય છે, અને એ અંગેના બધા હક્કોનો લાભ એમને મળે છે.

છૂટક મદદ – આ ઉપરાંત વિદ્યાપ્રીતિથી પ્રેરાઈને જેઓ નાની – મોટી રોકડ રકમની કે વસ્તુઓની સહાયતા આપવા ઈચ્છતા હશે, અથવા વિદ્યાલયના હેતુઓ સાથે બંધ બેસે એવા કોઈ વિશિષ્ટ હેતુ માટે કોઈ ટ્રસ્ટ રચવા ઈચ્છતા હશે, તો તેનો પણ સ્વીકાર કરવામાં આવશે.

કેટલાક જાણવા જેવા આંકડા

લોન અને રિફંડ : પચાસ વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓને રૂ. ૨૯,૮૮,૪૮૬, લોન તરીકે આપવામાં આવેલ છે; અને એમાંથી રૂ. ૧૬,૧૪,૧૮૬ પાછા આવ્યા છે. છેલ્લા વર્ષમાં લોન - રિફંડ એક લાખ અઢાર હજાર રૂપિયા જેટલું થયેલ છે. આ રીતે લોન - રિફંડ એ સંસ્થાની અમુક નિયમિત વાર્ષિક આવક જ બની ગયેલ છે.

ટ્રસ્ટ સ્કૉલરો : ટ્રસ્ટ સ્કૉલરો માટે વિદ્યાલયને કુલ ૯૪ ટ્રસ્ટો મળેલ છે; અને એની રકમ રૂ. ૧૩,૨૯,૧૭૫, જેટલી થાય છે.

બીજાં સ્ટ્રસ્ટો વગેરે – વિશિષ્ટ ઈનામો, સાહિત્યપ્રકાશન વગેરે માટે ટ્રસ્ટરૂપે વિદ્યાલયને રૂ. ૨,૪૮,૦૫૭ જેટલી રકમ તથા પેટ્રન, સભ્ય લવાજમ, સ્થાયી અને છૂટક આવક, ભેટ વગેરેના રૂ. ૧૯,૧૬,૮૭૮) મળેલ છે.

કન્યાકેળવણીને પ્રોત્સાહન આપવા માટે વિદ્યાલયને રૂ. ૧,૩૩,૦૧૭) મળેલ છે, અને અત્યારે સુધીમાં એમાંથી ૨૪૧ વિદ્યાર્થીનીઓને રૂ. ૧,૨૮,૭૦૩ની સ્કૉલરશિપ આપવામાં આવેલ છે.

દેવકરણ મેન્શન – શેઠ દેવકરણ મૂળજીએ મુંબઈના મધ્ય સ્થાનમાં આવેલી 'દેવકરણ મેન્શન' નામની વિશાળ અને આલિશાન ઈમારત સંસ્થાને ભેટ આપી, તે અસાધારણ કે અપૂર્વ સખાવત લેખી શકાય એવી બીના છે. આમાંથી સંસ્થાને વાર્ષિક એક લાખ કરતાં વધુ રકમની ચોખ્ખી આવક થાય છે.

બીજી મદદ : અત્યાર સુધીમાં શ્રી સારાભાઈ મગનભાઈ મોદી લોન સ્કૉલરશિપ ફંડમાંથી માધ્યમિક શિક્ષણ માટે રૂ. ૯૫,૮૮૯; શ્રી સારાભાઈ મગનભાઈ મોદી ઉચ્ચ અભ્યાસ શિષ્યવૃત્તિ ટ્રસ્ટમાંથી ઉચ્ચ અભ્યાસ માટે રૂ. ૧,૩૩,૭૪૩, અને ખેડા જૈન વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણ લોન સ્કૉલરશિપ ફંડમાંથી રૂ. ૬૩,૪૧૦, આપવામાં આવેલ છે.

પરદેશમાં અભ્યાસ માટે અત્યાર સુધીમાં ૧૭ વિદ્યાર્થીઓને રૂ. ૬૫,૯૯૭) ની સહાય આપવામાં આવેલ છે.

સમાજને ચરણે ભેટ : પચાસ વર્ષના કાર્યની ફળશ્રુતિ :

પચાસ વર્ષની યશસ્વી કારકિર્દીને અંતે વિદ્યાલય સમાજને ચરણે જુદા જુદા વિષયના ૧૦૮૧ સ્નાતકો ભેટ ધર્યા છે; તેની વિગત આ પ્રમાણે છે :

૧૮૯ ડાકતરો; ૧૯૨ આર્ટ્સના સ્નાતકો; ૨૩૦ ઈજનેરો; ૨૪૯ વૈજ્ઞાનિક સ્નાતકો; ૨૧૫ વેપાર અને કાયદાના સ્નાતકો; ૬ ખેતીવાડીના સ્નાતકો.

આ ઉપરાંત અધૂરા અભ્યાસે છૂટા થયેલા ૧૪૯૪ વિદ્યાર્થીઓમાંથી મોટા ભાગના વિદ્યાર્થીઓ સ્નાતક થયેલ છે.

આ બધા સ્નાતકો પોતાના કુટુંબને સુખી કરવાની સાથે સમાજ અને દેશની સેવા બજાવી રહ્યા છે; અને કેટલાક તો માનભર્યા મોટા હોદ્દાએ પહોંચ્યા છે કે સફળ વેપારી કે ઉદ્યોગપતિ બન્યા છે. તેઓ જ્યાં જ્યાં જાય છે ત્યાં પોતાની સેવાભાવના અને સંસ્કારિતાની સુવાસ ફેલાવતા રહે છે : સમાજ અને સંસ્થા બંનેને માટે આ ગૌરવ લેવા જેવી બીના છે.

વિદ્યાલયમાં થોડો કે પૂરો અભ્યાસ કરી જનાર વિદ્યાર્થી સદાને માટે વિદ્યાલયને પોતાની ઉપકારી માતૃસંસ્થા તરીકે પોતાના

અંતરમાં પ્રતિષ્ઠિત કરે છે; અને અવારનવાર સ્વયં મદદ કરીને તેમ જ બીજાઓને એવી પ્રેરણા આપીને સંસ્થા પ્રત્યેની પોતાની મમતાને ચરિતાર્થ કરવામાં આનંદ માને છે. વિદ્યાલયના જૂના વિદ્યાર્થીઓના મુંબઈમાં સ્થપાયેલ ઓલ્ડ બોય્ઝ યુનિયને વિદ્યાલયના ઉત્કર્ષ માટે અત્યાર સુધીમાં જે કાર્યવાહી બજાવી છે તે બીજાઓને માટે દાખલારૂપ બની રહે એવી છે.

સાહિત્ય પ્રકાશન

જૈન સાહિત્ય અને કળાનો આપણો વારસો ઘણો વિપુલ અને સમૃદ્ધ છે, એટલે સાહિત્ય - પ્રકાશન એ પણ વિદ્યાલયનો એક ઉદ્દેશ છે. આ દિશામાં અત્યાર સુધીમાં સંખ્યાની દૃષ્ટિએ વિશેષ ગ્રંથો પ્રકાશિત થઈ શકેલ નહીં હોવા છતાં, જે થોડાક ગ્રંથો સંસ્થા તરફથી પ્રકાશિત થયા છે તે સામાન્ય જિજ્ઞાસુઓ તેમ જ વિદ્વાનોની પણ પ્રશંસા મેળવી શકયા છે.

આગમ-પ્રકાશન– વિદ્યાલયને ગૌરવ અપાવે અને દેશવિદેશમાં આવકાર પામે એવી–આપણા મૂળ આગમગ્રંથોને, સંશોધનની આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિ પ્રમાણે સંશોધિત - સંપાદિત કરીને, નમૂનેદાર રૂપમાં પ્રગટ કરવાની–એક મહાન યોજના હાથ ધરવામાં આવી છે; અને પૂજ્યપાદ આગમપ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ તથા પંડિતવર્ય શ્રી દલસુખભાઈ માલવણિયાના મુખ્ય સંપાદકપણા નીચે એ કાર્ય આગળ વધી રહ્યું છે.

ઉપરાંત, સંસ્થાના સુવર્ણ મહોત્સવ નિમિત્તે સાહિત્ય અને કળાની દૃષ્ટિએ સમૃદ્ધ અને ઉચ્ચ કોટિનો લેખી શકાય એવો સુવર્ણ-મહોત્સવ-ગ્રંથ બે ભાગમાં તૈયાર થઈ રહ્યો છે. વળી, ધાર્મિક અભ્યાસ માટે ઉપયોગી થઈ શકે એવાં પાઠય-પુસ્તકો અને જૈન સંસ્કૃતિ અંગેની દેશ-વિદેશના જિજ્ઞાસુઓની જિજ્ઞાસાને સંતોષી શકે એવા સાહિત્ય અને કળાને લગતા ગ્રંથો પ્રગટ કરવાની પણ અમે ઉમેદ સેવીએ છીએ.

એકવીસ લાખ શા માટે ?

ઉપરની વિગતો વાંચ્યા પછી આપને ખાતરી થશે કે, અમે સુવર્ણ - મહોત્સવનિધિ માટે જે એકવીસ લાખ રૂપિયાનો લક્ષ્યાંક નક્કી કરેલ છે તે, અત્યારની સમયની જરૂરિયાતના પ્રમાણમાં, જરાય વધારે નહીં, પણ ઊલટો ઓછો છે; જેમકે–

(૧) અમદાવાદની શાખાના મકાનનો વિસ્તાર કરવાનો છે.

(૨) પૂના શાખાનું નવું મકાન તૈયાર થઈ રહ્યું છે.

(૩) આણંદ - વલ્લભવિદ્યાનગર શાખાનું નવું મકાન તૈયાર થઈ રહ્યું છે.

(૪) મુંબઈમાં-ઘાટકોપરમાં નવું મકાન તૈયાર કરવાનું છે.

તે ઉપરાંત–

(૧) વિદ્યાલયની નવી શાખા શરૂ થતાં તેમ જ ચાલુ શાખાઓનો વિસ્તાર થતાં વધુ વિદ્યાર્થીઓને રાખવા માટેના કાયમી ખર્ચ-વધારાને પહોંચી વળવાની આર્થિક જોગવાઈ હજુ કરવાની છે.

(૨) આગમ-પ્રકાશનની મોટી યોજના પૂરી કરવાની છે.

(૩) જૈન સાહિત્ય અને કળાના ઈતર ગ્રંથો, ધાર્મિક પાઠય પુસ્તકો તેમ જ સુવર્ણ-મહોત્સવ-ગ્રંથ પ્રકાશિત કરવાના છે.

(૪) જૈન સાહિત્યના વિશિષ્ટ અધ્યયન માટે વિદ્યાર્થીઓને આકર્ષક પ્રોત્સાહન આપવાની ખાસ જરૂર છે.

(૫) પરદેશમાં અભ્યાસ કરવા ઈચ્છતા સુયોગ્ય વિદ્યાર્થીઓને વ્યવસ્થિત રીતે સહાય આપી શકાય એ માટે સ્વતંત્ર ભંડોળ રચવાનું છે.

(૬) જૈનધર્મ અને સંસ્કૃતિનાં વિવિધ અંગોને લગતી વિશિષ્ટ વ્યાખ્યાનમાળાઓ પ્રયોજીને એ વ્યાખ્યાનો પ્રગટ કરવાની યોજના હાથ ધરવી જરૂરી છે.

(૭) વિદ્યાલયના પુસ્તકાલયને લોકભોગ્ય તેમ જ જૈન સંસ્કૃતિના અધ્યયન–સંશોધનની દૃષ્ટિએ ઉપયોગી ગ્રંથસંગ્રહથી સમૃદ્ધ બનાવવાની જરૂર છે.

સમાજના અને ધર્મના ગૌરવરૂપ આવાં કાર્યો માટે અમે આપના ઉદાર અને સક્રિય સહકારની અપેક્ષા રાખીએ છીએ.

અમારો ઉત્સાહ વધે એવો ઉમળકાભર્યો જવાબ આપવાની વિજ્ઞપ્તિ છે.

ગોવાળિયાટેંક રોડ,
મુંબઈ-૨૬.

મંત્રીઓ,
મહાવીર જૈન વિદ્યાલય

કન્યા છાત્રાલય ઊભું કરવા માટે મહાવીર જૈન વિદ્યાલયના સંચાલકોને અનુરોધ

શ્રી મહાવીર જૈન વિદ્યાલયને પચાસ વર્ષ પૂરાં થતાં હોઈને એ શુભ પ્રસંગને અનુરૂપ એવો સુવર્ણ જયંતી જેવો શ્રેષ્ઠ કક્ષાનો ઉત્સવ ઉજવાતો હોવાથી એ સુંદર અવસરે કૉલેજ – કક્ષાનો અભ્યાસ કરતી જૈન બહેનો માટે પણ છાત્રાલય ઊભું કરવાનું જાહેર કરાય તો તે સોનામાં સુગંધ ભળ્યા જેવું થશે.

છોકરાઓના શિક્ષણક્ષેત્રે થતા ઝડપી વિકાસમાં વિદ્યાલયે ખૂબ જ ઉમદા અને અનેરો ફાળો આપ્યો છે અને એ ફાળો દિન-પ્રતિદિન વધતો જ રહેવાનો એ પણ નિઃશંસય છે. વળી સંસાર-રથનાં બન્ને પૈડાં સરખાં રહેવા પામે એ નજરે વિદ્યાલય કૉલેજમાં ભણતી જૈન બહેનોને પણ સ્કોલરશીપો આપીને મદદરૂપ થવાની કોશીષ કરી રહેલ છે. પરંતુ હવે સ્કૉલરશીપો આપવાને બદલે તેમના માટે સ્વતંત્ર છાત્રાલય ઊભું કરવાનો નિર્ણય લઈને તેને અમલમાં મૂકવામાં આવે તો પ્રસ્તુત ઉત્સવને અનેરો ઓપ સાંપડી રહેશે અને વિદ્યાલયે એ દિશામાં ફરજ બજાવવાનો સંતોષ અનુભવી શકાશે.

મારી કચ્છી વિશા ઓશવાળ જ્ઞાતિએ મેટ્રિક સુધીની બાળાઓ માટે પંદર વર્ષ પહેલાં મુંબઈમાં જે કન્યા છાત્રાલય શરૂ કર્યું છે તેનો દર વર્ષે ૧૨૫ જેટલી બાળાઓ લાભ લેતી હોય છે અને છાત્રાલયના ઉદ્‌ભવમાંથી પ્રેરણા લઈને શ્રી કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિએ પણ દસેક વર્ષ પહેલાં મુંબઈમાં કૉલેજીયન બહેનો માટે પણ છાત્રાલય શરૂ કરી દીધું છે.

પાંચેક વર્ષ પહેલાં કચ્છના વાગડ વિભાગમાં અને અબડાસા વિભાગમાં પણ અમારી જ્ઞાતિની મેટ્રિક સુધીની બહેનો માટે કન્યા છાત્રાલયો શરૂ કરી દેવામાં આવ્યા છે અને વધુમાં તો મને જણાવતાં આનંદ થાય છે કે વિદ્યાલયના નજીકના વિભાગમાં રહેતા અમારી કોમના એક ભાઈએ પોતાનો પાંચ રૂમનો સુંદર બ્લોક જૂન ૧૯૬૮ થી કૉલેજ કન્યાઓને રાખવાનો પ્રબંધ કરાય તે હેતુસર શ્રી ભાણબાઈ નેણશી મહિલા વિદ્યાલયને વાપરવા માટે આપવાની લેખિત ઈચ્છા પ્રદર્શિત કરી છે અને અમો એમની ઈચ્છાને મૂર્તસ્વરૂપ આપવાનું વિચારી રહ્યા છીએ.

તો આ અનુભવો અને પરિણામોની નજરે હવે વિદ્યાલયના સંચાલકોને નમ્રભાવે અરજ કરવાની કે, સુવર્ણ જયંતી જેવા ઉમદા ઉત્સવ પ્રસંગે કૉલેજિયન બહેનો માટે છાત્રાલય ઊભું કરવાનો નિર્ણય લેવાય અને તેની જાહેરાત કરી દેવાય તો ભારે સરસ કાર્ય થાય. આશા રાખું છું કે આ સુવર્ણ મહોત્સવના પ્રસંગે આ દિશાએ ઘટતું કરવામાં આવશે.

ખીમજી માડણ ભુજપુરીઆ

સુવર્ણ મહોત્સવનો કાર્યક્રમ

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો સુવર્ણ મહોત્સવ તા. ૨૧-૧-૬૮ને રવિવારથી તા. ૨૮-૧-૬૮ સુધી ઊજવવામાં આવશે. એ માટેની તૈયારીઓ ચાલી રહી છે અને એનો કાર્યક્રમ નીચે મુજબ યોજવામાં આવ્યો છે:

(૧) તા. ૨૧-૧-૬૮, રવિવાર બૃહત્ સિદ્ધચક્ર પૂજન

(૨) તા. ૨૨-૧-૬૮ સોમવારથી તા. ૨૫-૧-૬૮ ગુરુવાર સુધી રોજ સવારના નવ વાગતાં જુદા જુદા વક્તાઓનાં પ્રવચનો. સ્થળ: બિરલા ક્રીડા કેન્દ્ર

(૩) તા. ૨૬-૧-૬૮, શુક્રવારના નવ વાગતાં ષણમુખાનંદ હોલમાં સાંસ્કૃતિક - મનોરંજન કાર્યક્રમ.

પ્રમુખ–શેઠ શ્રી દેવચંદ છગનલાલ શાહ નિપાણીવાળા.

અતિથિવિશેષ–શેઠ શ્રી કાંતિલાલ ન્યાલચંદ કોઠારી.

(૪) તા. ૨૭-૧-૬૮ શનિવાર, બપોરના ત્રણ વાગતાં **સુવર્ણ મહોત્સવનો મુખ્ય સમારંભ.**

પ્રમુખ–શેઠશ્રી માણેકલાલ ચુનીલાલ શાહ.

(૫) ૨૮-૧-૬૮, રવિવાર સવારનાં નવ વાગતાં બિરલા માતુશ્રી સભાગારમાં સાંસ્કૃતિક મનોરંજન કાર્યક્રમ.

પ્રમુખ–શેઠશ્રી પ્રતાપભાઈ ભોગીલાલ.
અતિથિવિશેષ– ડૉ. કીર્તિલાલ ભણશાળી.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય

જૈન સમાજની ભાગ્યે જ કોઈ સુશિક્ષિત વ્યક્તિ હશે જે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના નામથી અપરિચિત હોય. એ સંસ્થાએ પચાસ વર્ષ પૂરાં કર્યાં અને એનો સુવર્ણ જયંતી મહોત્સવ ઊજવાઈ રહ્યો છે એ ખરેખર આનંદ અને ગૌરવની વાત છે. નિરામય સ્વાસ્થ્ય સિવાય દીર્ઘાયુ શક્ય નથી એ જેમ વ્યક્તિજીવનની બાબતમાં સાચું છે તેમ સંસ્થાજીવનની બાબતમાં પણ સાચું છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયે એની પચાસ વર્ષની કારકિર્દી સફળ અને ઉત્તરોત્તર ઉજ્જવળ બનાવી છે અને તે માટે એ એના કાર્યક્ષમ વહીવટી તંત્રને પણ આભારી છે. પરમ પૂજ્ય આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિનાં પ્રેરણા અને આશીર્વાદ સાથે સ્થપાયેલી એ સંસ્થાને એની કશળ કાર્યવાહક સમિતિ સહિત નિઃસ્વાર્થ અને નિષ્ઠાવાન મંત્રીઓ સ્વ. શ્રી મોતીચંદભાઈ કાપડિયા તથા સ્વ. શ્રી ચંદુલાલ સારાભાઈ મોદીની વર્ષો સુધી એકધારી સેવા સાંપડી એ એનું મોટું અહોભાગ્ય ગણાય.

એ બંને મંત્રીઓના વિદેહ થયા પછી પણ વિદ્યાલયનું હિત જેમના હૈયે વસેલું છે એવા વર્તમાન મંત્રીઓએ વિશેષતઃ શ્રી ચંદુલાલ વર્ધમાન શાહે, પોતાના પુરોગામીઓનું કાર્ય ઉત્સાહ અને વેગથી ઉપાડી લીધું છે એ પણ સમાજને માટે આનંદની વાત છે. મંત્રીમંડળ ઉપરાંત સંસ્થાના આંતરિક દેહની સંભાળ રાખનાર, એને જીવંત અને ક્રિયાશીલ રાખનાર વ્યક્તિ તે શ્રી કાંતિલાલ કોરા છે. છાત્રાલયના ગૃહપતિ થવું એ વિદ્યાર્થીઓમાં અત્યંત અપ્રિય થવાનું કાર્ય ગણાય છે, પરંતુ શ્રી કોરા સાહેબે પોતાના મિતભાષી પરંતુ હિતભાષી સ્વભાવ અને કુશળ વહીવટી કાર્ય દ્વારા, સંસ્થાને પોતાનું જીવન સમર્પણ કરીને, આરંભમાં ગૃહપતિ તરીકે અને પછી રજિસ્ટ્રાર તરીકે, સંસ્થાની કારકિર્દી ઉજ્જવળ બનાવી છે. વિદ્યાર્થીઓ પ્રત્યેના એમનાં પ્રેમ અને હિતચિંતાનો પરિચય તો વિદ્યાલય છોડી ગયા પછી જ વિદ્યાર્થીઓને વિશેષ થયો હોય છે.

કૉલેજજીવનનો ગાળો એ વિદ્યાર્થી જીવનનો સૌથી કિંમતી સમય છે. વિદ્યાર્થીની કારકિર્દી એ સમય દરમિયાન ઘડાય છે. ઘરની કે પૈસાની અગવડને કારણે કેટલાય વિદ્યાર્થીઓની કારકિર્દી વેડફાઈ જાય છે. પ્રતિવર્ષ એવા વિદ્યાર્થીઓને સહાયરૂપ થઈને શ્રી મહાવીર જૈન વિદ્યાલયે સેંકડો યુવાનોની કારકિર્દી સુધારવામાં અને સંસ્કારવામાં યશસ્વી ફાળો આપ્યો છે અને એને પરિણામે જ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને અને સમગ્ર જૈન સમાજને એ સંસ્થાની ઉપયોગી સેવાનું સાચું મૂલ્ય સમજાયું છે. એની કદર રૂપે દાનનો પ્રવાહ એના તરફ વહેતો જ રહ્યો છે અને તેથી જ એ સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિશીલ અને વિકાસશીલ રહી છે, છાત્રાલયોમાં આદરણીય બની છે અને ભવિષ્યમાં પણ એનું કાર્ય ઉજ્જવળ રહ્યા કરશે, વિદ્યાર્થીઓના જીવનવિકાસની ખૂલતી નવી નવી દિશાઓને ખ્યાલમાં લઈ વહેતા જતા સમયના સંદર્ભમાં વિદ્યાલય પણ પોતાના સ્વરૂપને વિકસાવતું રહેશે એવી આશા અવશ્ય રાખી શકાય.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય મારા માટે તો માતૃસંસ્થા છે. એનો આશ્રય ન મળ્યો હોત તો કદાચ મારી કારકિર્દી પણ વેડફાઈ ગઈ હોત. એટલે પૂરા ઋણસ્વીકાર સાથે હું પણ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સુવર્ણ જયંતી પ્રસંગે એના દીર્ઘાયુ માટે પ્રાર્થું છું.

પ્રાધ્યાપક ડૉ. રમણલાલ શાહ

'જૈન ધર્મનું હાર્દ' : Essence of Jainism

'જૈન ધર્મના હાર્દ'ની થોડી નકલો હાલ સીલકમાં છે તેની કિંમત ૨૫ પૈસા છે; 'Essence of Jainism' (જૈન ધર્મના હાર્દનું મૂળ અંગ્રેજી) ની થોડી નકલ કલકત્તાથી અમે મેળવી છે. તેની કિંમત ૭૫ પૈસા છે. જેમને તેમાંથી કોઈ પણ નકલનો ખપ હોય તેમને સંઘના કાર્યાલયમાંથી જોઈતી નકલો મેળવી લેવા વિનંતિ છે.

વ્યવસ્થાપક, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

પં. સુખલાલજીનું અધૂરું રહેલું પ્રવચન

જગ્યાના અભાવે પં. સુખલાલજીનું ગયા અંકથી અધૂરું રહેલું પ્રવચન આ અંકમાં આપી શકાયું નથી. તે આવતા અંકમાં પ્રગટ થશે.

તંત્રી : પ્રબુદ્ધ જીવન

ડૉ. પ્રબોધ પંડિતને હાર્દિક અભિનંદન

('જન્મભૂમિ'માંથી સાભાર ઉદ્ધૃત)

ગુજરાતના પ્રખર ભાષાશાસ્ત્રી અને સંસ્કૃત ભાષાના પ્રકાંડ પંડિત ડૉ. પ્રબોધ બેચરદાસ પંડિતને કેન્દ્રની સાહિત્ય અકાદમીએ તેમના મૂલ્યવાન ગ્રંથ "ગુજરાતી ભાષાનું ધ્વનિસ્વરૂપ અને ધ્વનિપરિવર્તન" માટે રૂ. પાંચ હજારનો પુરસ્કાર અર્પી ગુજરાતની એક પ્રતિભાનું ઉચિત સન્માન કર્યું છે; અને તે માટે એ પ્રતિભાશાળી પંડિત જ નહિ, સાહિત્ય અકાદમી પણ હાર્દિક અભિનંદનની અધિકારી ઠરે છે.

'સંસ્કૃતિ'ના વાચકો ડૉ. પ્રબોધ પંડિતના નામથી અજ્ઞાત નહિ જ હોય. 'સંસ્કૃતિ'માં ડૉ. પ્રબોધ પંડિતે ભાષાવિજ્ઞાનના અનેક શાસ્ત્રીય ગ્રન્થોની વિદ્વત્તાભરી સમીક્ષા કરેલી છે.

પંડિત બેચરદાસ દોશી જેવા અર્ધમાગધી અને સંસ્કૃતના મહાન પંડિત અને જૈન દર્શનના વિશેષજ્ઞના પુત્રને પિતાના પાંડિત્યનો વારસો મળ્યો હોય તે સ્વાભાવિક છે, પરંતુ એમણે વિદેશ જઈ ભાષાવિજ્ઞાનનો ઊંડો અભ્યાસ કરી સ્વપુરુષાર્થથી પોતાનું સત્ત્વ અનેકગણું વધાર્યું છે. ભાષાવિજ્ઞાનના ક્ષેત્રમાં સંપ્રત્યયો અને વિભાવનાઓની મૂલગામી જ નહીં, પારગામી વિચારણા કરવામાં ડૉ. પ્રબોધ પંડિત ઘણું મહત્ત્વનું પ્રદાન કર્યું છે.

ભાષાવિજ્ઞાનમાં ધ્વનિનંત્રની શાખા અદ્યતન વિજ્ઞાનયુગની જ નીપજરૂપ જ્ઞાનની એક નવી શાખા છે. આ શાખાનો ઊંડો અભ્યાસ કરીને આવી સિદ્ધિ મેળવનાર ગુજરાતી વિદ્વાન ડૉ. પ્રબોધ પંડિત કદાચ એક જ છે.

ડૉ. પ્રબોધે માત્ર જ્ઞાનોપાસના નથી કરી. રાષ્ટ્રપ્રેમથી પ્રેરાઈને તેમણે આઝાદીની લડતમાં પણ ભાગ લઈ ૧૯૪૨માં તેમણે યરવડાની જેલ પણ ભોગવી છે. જેલમુક્તિ બાદ તેમણે પુનઃ વિદ્યોપાસના આદરી અને મુખ્ય વિષય સંસ્કૃત તથા ગૌણવિષય તરીકે અર્ધમાગધી લઈ બી. એ. માં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા. એમ. એ. એમણે ભાષાવિજ્ઞાનનો વિષય રાખીને કર્યું. એ પછી આ વિષયનો વિશેષ અભ્યાસ એમણે લંડન અને પેરીસમાં કર્યો.

પેરીસમાં એમણે પ્રસિદ્ધ સ્કૂલ ઓફ લિંગ્વિસ્ટિકમાં પ્રા. બ્લોક પાસે ભાષાવિજ્ઞાન તથા ધ્વનિસ્વરૂપનો અભ્યાસ કર્યો.

સ્વદેશ આવ્યા પછી શરૂઆતમાં ગુજરાતમાં અને તે પછી પૂનામાં પોતાની વિદ્વત્તાનો લાભ આપ્યા બાદ હાલ તેઓ દિલ્હી યુનિવર્સિટીમાં ભાષાવિજ્ઞાન વિભાગના વડા તરીકે કામ કરે છે.

ભાષાવિજ્ઞાનક્ષેત્રે તેમની ખ્યાતિ અનેક દેશોમાં ફેલાઈ છે. અનેક દેશોની યુનિવર્સિટીઓમાં જઈ તેમણે આ વિષય પર વ્યાખ્યાનો આપીને પોતાની પ્રતિભાનું દર્શન કરાવ્યું છે અને એમ ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. કોઈ પણ જ્ઞાનરસિક ગુજરાતી વાજબી રીતે ગૌરવ અનુભવી શકે એવી અદ્‌ભુત સિદ્ધિ દાખવવા બદલ ડૉ. પ્રબોધ પંડિતને હાર્દિક અભિનંદન.

વિષયસૂચિ

		પૃષ્ઠ
શ્રી મહાવીર જૈન વિદ્યાલય: એક સ્મરણ નોંધ	પરમાનંદ	૧૮૫
શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો પરિચય		૧૮૭
કન્યાછાત્રાલય ઊભું કરવા માટે મહાવીર જૈન વિદ્યાલયના સંચાલકોને અનુરોધ	ખીમજી માણેક ભુજપુરીયા	૧૮૯
શ્રી મહાવીર જૈન વિદ્યાલય	પ્રા. રમણલાલ શાહ	૧૯૦
પ્રકીર્ણ નોંધ: ૧૯મી તારીખે અંતરીક્ષજીમાં ભરાનાર સંમેલન અંગે ચેતવણી, વિસ્મયજનક સુખદ અનુભવ.	પરમાનંદ	૧૯૧
શ્રી દલસુખભાઈ માલવણીયાના માનમાં યોજાયેલ વિદાયસમારંભ	સંકલન: પરમાનંદ	૧૯૨
આજનું રાજકારણ	ચીમનલાલ ચકુભાઈ શાહ	૧૯૩
કૉંગ્રેસ અધિવેશન	ચીમનલાલ ચકુભાઈ શાહ	૧૯૪
પ્રબુદ્ધ જીવનના વાચકોના પ્રત્યાઘાતો		૧૯૫
ઓમ્‌કારનો વિલય	સોહમ્	૧૯૬

☆ પ્રકીર્ણ નોંધ ☆

૧૯મી તારીખે અંતરીક્ષજીમાં ભરાનાર સંમેલન અંગે ચેતવણી

બન્ને બાજુએથી એક પછી એક ઉશ્કેરણીભરી ઘટનાઓ પેદા થતે થતે બેસતા વર્ષની બપોરે (તા. ૩-૧૧-૬૭ ના રોજ) અન્તરીક્ષજી તીર્થના મંદિરની અંદર શ્વેતાંબર દિગંબર વચ્ચે જે મોટી અથડામણ થઈ, મારામારી થઈ અને કેટલાક લોકો ઘાયલ થયા તે ખંટલો અદાલતે ચઢેલો હોવાથી તેની વિગતોમાં અને કોનો કેટલો દોષ છે તેના સ્પષ્ટીકરણમાં ઉતરવું અત્યારે ઉચિત લાગતું નથી, પણ જે ઘટના બની છે તે અત્યન્ત દુ:ખદ અને આખી જૈન કોમને નીચું જોવાડનારી છે એમાં કોઈ શક નથી. આવી ઘટનાથી ચેતી જઈને આ ઝગડો આગળ ન વધે અને આવું ફરી કદી બનવા ન પામે એ રીતે આ પ્રશ્નનો બંને પક્ષના આગેવાનોએ ગંભીરતાપૂર્વક વિચાર કરતા થવું જોઈતું હતું. આને બદલે બન્ને પક્ષો વચ્ચે તંગદિલી વધી રહી છે અને ધર્મઝનૂનભર્યા ઉદ્‌ગારો પ્રગટ થઈ રહ્યા છે અને 'તીર્થને બચાવો' 'તીર્થને બચાવો'ની ઘોષણાઓદ્વારા એક પ્રકારની જેહાદ શરૂ થઈ ચૂકી છે. આના અનુસંધાનમાં, એમ જાણવા મળે છે કે, આવતી ૧૯મી તારીખે જૈન શ્વે. મૂ. સમાજના કેટલાક ગૃહસ્થો ૨૦૦ – ૨૫૦ ની સંખ્યામાં અન્તરીક્ષજી ખાતે એક સંમેલનના આકારમાં એકત્ર થવાના છે અને અન્તરીક્ષજીના તીર્થને કેમ બચાવવું તેનો કાર્યક્રમ વિચારવાના છે. અન્તરીક્ષજીના સ્થળમાં કેવળ દિગંબરોની વસ્તી છે. બેસતા વર્ષની દુર્ઘટનાના કારણે તેમનાં દિલ ખૂબ ઉશ્કેરાયેલાં છે. આવા ઉગ્ર વાતાવરણ વચ્ચે ઉપર જણાવેલું સંમેલન સંઘર્ષના જ કેન્દ્રમાં ભરાય એમાં પારવિનાનું જોખમ છે અને મોટી અથડામણ પેદા થવા સંભવ છે અને તે કારણે આ સંબંધમાં ખૂબ ચિન્તા સેવાઈ રહી છે. જૈન શ્વે. મૂ. સમાજના અગ્રગણ્ય આગેવાનોને કાં તો આ સંમેલન મુલતવી રાખવા અથવા તો તેનું મિલનસ્થળ બદલાવવાની દિશાએ પોતાની લાગવગનો બને તેટલો ઉપયોગ કરવા અનુરોધ છે. આવાં સંમેલનોનો રસ્તો વૈર વધારવાનો છે; ઝેર વધારવાનો છે. આવાં સંમેલનો ભરવાથી તીર્થ બચવાને બદલે વધારે જોખમાવાનું છે. જે તીર્થ ઉભયમાન્ય છે તે ગમે તેટલું ઉગ્ર આન્દોલન ચલાવવામાં આવે અને કાનૂની લડાઈઓ લડવામાં આવે તો પણ તે કદિ કોઈ એક પક્ષનું બની શકવાનું છે જ નહીં. આ નરી વાસ્તવિકતા છે. બેસતા વર્ષના તોફાનમાં ગમે તે પક્ષનો અગ્ર ભાગ હોય તો પણ બન્ને પક્ષોએ સાથે મળીને આ ઝગડાનો કોઈ ને કોઈ નિવેડો લાવવાનો છે, તે સિવાય બીજો કોઈ વિકલ્પ છે જ નહિ. આ સાદી સમજની વાત સ્વીકારવાનું આપણા ભાઈઓ કેમ વિચારતા નથી એ ભારે આશ્ચર્યજનક છે.

વિસ્મયજનક સુખદ અનુભવ

તા. ૨૩-૧૨-૬૭ ના જૈનમાં નીચે મુજબની તંત્રીનોંધ પ્રગટ કરવામાં આવી છે:

"પ્રશંસનીય ઉદારતા

"જૈન સમાજના જાણીતા કાર્યકર શેઠશ્રી જીવતલાલ પ્રતાપસી મોટે ભાગે જૂનવાણીપણાના રખેવાળ અને સમર્થક તેમ જ રૂઢિચૂસ્તવર્ગના એક આગેવાન ગણાય છે. અને છતાં તેઓ સંઘમાંની આસપાસની અનિચ્છનીય પરિસ્થિતિથી પણ પરિચિત રહેવા અને એ માટે કંઈક પણ ઈલાજ વિચારવા ટેવાયેલા છે, એ એમની વિશેષતા છે. એક નાનાસરખો પણ એમની ઉદારતાનો પરિચય આપતો હોવાથી મહત્ત્વનો લેખી શકાય એવા એક પ્રસંગની અહીં નોંધ લેવી ઉચિત લાગે છે.

"શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પાક્ષિક મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન' ના તા. ૧૬-૧૧-'૬૭ ના અંકમાં સંઘ સંચાલિત પ્રવૃત્તિઓને માટે જુદી જુદી વ્યક્તિઓ તરફથી ભેટ મળેલ રકમની જાહેરાત કરવામાં આવી છે. તેમાં એકસો રૂપિયા, 'પ્રબુદ્ધ જીવન' માટે શ્રી જીવતલાલ પ્રતાપસી તરફથી ભેટ મળ્યાનું જણાવવામાં આવ્યું છે, જે વાંચીને અમે ખૂબ ખુશ થયા છીએ.

"શ્રી જીવાભાઈ અને પરમાનંદભાઈના વિચારો વચ્ચે મોટું અંતર હોવા છતાં એક પ્રામાણિક અને નિખાલસ વિચારક તરીકે શ્રી પરમાનંદભાઈ પ્રત્યે શ્રી જીવાભાઈ માન અને સ્નેહની લાગણી ધરાવે છે, એ વાત અમારી જાણમાં છે; છતાં શ્રી પરમાનંદભાઈને પોતાને ત્યાં જામનગર બોલાવીને એમને 'પ્રબુદ્ધ જીવન' માટે એકસો રૂપિયા શ્રી જીવાભાઈ ભેટ આપે એ વાત ઘણાને ન બનવા જેવી કે નવાઈ ઉપજાવે એવી લાગે તો એ સ્વાભાવિક છે. પણ આ તો આપણા મનની સંકુચિતતાની વાત થઈ. કઈ વ્યક્તિનું મન કયારે ઉદારતાનો રાહ અપનાવે એનો ન્યાય તોળનાર આપણે કોણ? શ્રી જીવાભાઈએ દાખવેલી ઉદારતાએ આ વાત વધુ પુરવાર કરી બતાવી છે. આવી અનુમોદનીય અને અનુકરણીય ઉદારતા દાખવવા બદલ શેઠશ્રી જીવતલાલ પ્રતાપસીને હાર્દિક ધન્યવાદ અને અભિનંદન."

મુરબ્બી જીવાભાઈ તરફથી પ્રબુદ્ધ જીવનને મળેલી ઉપર જણાવેલી રકમનો અન્યત્ર આટલી વિગતપૂર્વક જ્યારે ઉલ્લેખ કરવામાં આવ્યો છે ત્યારે તે અંગેની વિશેષ સ્પષ્ટતા કરવા ખાતર જણાવવાનું કે મુ. જીવાભાઈ સાથે મારા સ્વ. વડિલ બંધુ મોતીચંદભાઈના કારણે મારો ઘણાં વર્ષોથી સંબંધ રહ્યો છે. અમારા વિચારો વચ્ચે ઘણું મોટું અંતર હોવા છતાં, તેઓ જ્યારે પણ સામા મળે ત્યારે મને સ્નેહભાવથી બોલાવતા રહ્યા છે. તેમને જ્યારથી ખબર પડી કે મારી એક પુત્રી રાજકોટમાં રહે છે અને તેને ત્યાં મને વરસમાં એકાદવાર મોટા ભાગે જવાનું બને છે ત્યારથી રાજકોટ જવાનું બને ત્યારે તેમને ત્યાં જામનગર મારે જરૂર જવું એવો તેમનો આગ્રહ રહ્યો છે. આ પ્રમાણે બે વર્ષ પહેલાં એક વાર તેમને ત્યાં હું ગયેલો અને એક રાત રહેલો. ગયા ઓકટોબરમાં રાજકોટ જવાનું બન્યું ત્યારે પણ તેમનું નિમંત્રણ આવેલું અને હું જામનગર તેમને ત્યાં ગયો હતો અને તેમના આગ્રહને વશ થઈને એક ને બદલે બે રાત રહ્યો હતો.

પ્રબુદ્ધ જીવનના તેઓ કેટલાક સમયથી ગ્રાહક છે જ. આ વખતે તેમનાથી છૂટા પડતાં મેં રજા માગી ત્યારે તેમણે મારા હાથમાં પ્રબુદ્ધ જીવન માટે રૂ. ૧૦૦ ની નોટ મૂકી – એમ કહીને કે જ્યારે તમે આ રીતે મારે ત્યાં આવ્યા ત્યારે તમારા કામમાં મારે કાંઈક મદદ કરવી જોઈએ. આથી મારા આશ્ચર્યનો કોઈ પાર ન રહ્યો. જે સામયિકમાં તેમને ન ગમે એવા વિચારો અવારનવાર પ્રગટ થતા રહ્યા છે તે સામયિકને તેઓ આમ શા માટે મદદ આપે? તેમની સામે આવી કોઈ મદદની અપેક્ષા દાખવી નહોતી, સ્વપ્ને પણ મેં ચિન્તવી નહોતી. તો પણ તેઓ આમ કરવા શા માટે પ્રેરાય?

'જૈન' પત્રના તંત્રી જણાવે છે તે મુજબ આ તેમની અસાધારણ ઉદારતા તો ગણાય જ. પણ સાથે સાથે મને એમ પણ લાગ્યું કે કોઈ એક વ્યકિત સાથે આપણને ગમે તેટલો વિચારભેદ હોય તો પણ તેના વિષે જો આપણા દિલમાં કોઈ ડંખ કે અવમાનના નથી હોતાં, મતભેદ છતાં મનભેદ જેવું તત્ત્વ નથી હોતું તો તેની અસર સામી વ્યકિત ઉપર પડયા વિના રહેતી નથી. આપણે ચાલુ જીવનમાં અંગત મતભેદ ઉપર વધારે પડતો ભાર મૂકીએ છીએ, અને તેમાંથી તેની અને આપણી વચ્ચે મનભેદની એક દિવાલ ઊભી કરીએ છીએ. પણ મને લાગે છે કે માનવી માનવીના નાતે પરસ્પર સ્નેહ આદરનું મૂલ્ય ઘણું મોટું છે અને તે મૂલ્ય આડે મતભેદનું મહત્ત્વ ઘણું ઓછું છે. પહેલું મૂલ્ય સ્થાયી છે; મતભેદનું મહત્ત્વ અસ્થાયી છે, કારણ કે આજે આપણી કે અન્ય વચ્ચે જે મતમતાન્તરો હોય તેમાં ફેરફાર થવાની હંમેશા શકયતા રહેલી છે. આ રીતે આપણે વિચારીએ તો આપણા પરસ્પર સંબંધો કેટલા તંગદિલીવિનાના અને સ્નેહસભર બની શકે? મુ. જીવાભાઈની ઉપર જણાવેલી ઉદારતામાં મને આ જીવનસત્ય પ્રત્યક્ષ થયું અને મેં એક પ્રકારની કૃતકૃત્યતા અનુભવી.

પરમાનંદ

શ્રી દલસુખભાઈ માલવણિયાના માનમાં યોજાયેલ વિદાયસમારંભ

તા. ૧-૧-૬૮ સોમવારના રોજ, કેનેડા જઈ રહેલા પંડિત દલસુખભાઈ માલવણિયાના માનમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ન્યુ મરીન ડ્રાઈવ ઉપર આવેલા શ્રી દીપચંદ લક્ષ્મીચંદ સંઘવીનું નિવાસસ્થાન 'મનોહર'માં સાંજના સમયે એક વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંઘના સભ્ય ભાઈ-બહેનો સારી સંખ્યામાં ઉપસ્થિત થયાં હતાં.

આવકાર વચન

પ્રારંભમાં સંઘના ઉપ-પ્રમુખ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ શ્રી દલસુખભાઈને આવકારતાં જણાવ્યું કે "દલસુખભાઈ આપણી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અનેકવાર વ્યાખ્યાન આપવા આવી ગયા છે, તેથી આપમાંનાં કોઈ પણ ભાઈ કે બહેન દલસુખભાઈને ન ઓળખતા હો એ સંભવિત નથી. દલસુખભાઈ શૂન્યતામાંથી મહત્તાના આટલા મોટા શિખર ઉપર પોતાના પુરુષાર્થ અને જ્ઞાન-નિષ્ઠાના બળે આરૂઢ થનાર વિરલ વ્યક્તિઓમાંના એક છે એમ તેમના વિષે કહેવામાં જરા પણ અતિશયતા નથી. તેમને હું પહેલી વાર ક્યારે મળ્યો તે મને યાદ નથી; પણ ઘણાં વર્ષો પહેલાં પંડિત સુખલાલજી બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં જૈન દર્શનનું અધ્યાપન કરાવતા હતા તે દરમિયાન કાશીમાં જવાનું બનેલું ત્યારે પંડિતજીને મળવા જતાં તેમની નીચે કામ કરતા દલસુખભાઈને મેં પહેલી વાર જોયેલા એવું કાંઈક મને સ્મરણ છે. ૧૯૪૪માં પંડિતજી ઉપર જણાવેલ જવાબદારીથી નિવૃત્ત થઈને અમદાવાદ આવ્યા અને તેમના સ્થાને દલસુખભાઈની નિમણુક થઈ. ત્યાં ૧૫ વર્ષ કામ કર્યા બાદ, તેમની શેઠ લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના ડિરેકટરના સ્થાને નિમણુક થતાં, તેઓ અમદાવાદ આવીને વસ્યા. હવે કેનેડાની ટોરોન્ટો યુનિવર્સિટીના વીઝીટીંગ પ્રોફેસર તરીકે તેમની નિમણુક થતાં તે પદની જવાબદારી સંભાળવા માટે તેઓ આવતી કાલે અહીંથી કેનેડા જઈ રહ્યા છે. હાલ તુરત તેમણે આ કામ એક વર્ષની અવધિ માટે સ્વીકાર્યું છે. ત્યાં તેમણે ભારતીય દર્શન ઉપર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાનું છે. જેઓ યુનિવર્સિટીની કોઈ ડિગ્રી ધરાવતા નથી, જેઓ મેટ્રિક પણ પાસ થયા નથી તે દલસુખભાઈ અહીં વિદ્યાર્થીઓને પી. એચ.ડી. માટે તૈયાર કરવાની યોગ્યતા ધરાવે છે અને તેમની વિદ્વત્તા અને આજ સુધીની સાહિત્ય સેવા અને સંશોધનકાર્યથી પ્રભાવિત થઈ કેનેડા જેટલા દૂરવર્તી પ્રદેશની યુનિવર્સિટીના સંચાલકો ત્યાંના અભ્યાસીઓને ભારતીય દર્શનનો પરિચય કરાવવા માટે તેમને ત્યાં બોલાવે છે—આ કોઈ નાના સુના ગૌરવની વાત નથી. આપણા દેશમાં અનેક વિદ્વાનો છે, અનેક પંડિતો છે. તેમનામાં અને દલસુખભાઈમાં મોટો ફરક એ છે કે સામાન્યત: પંડિતોમાં મૌલિક ચિંતન હોતું નથી; તેઓ ચાલુ પરંપરાના સમર્થક હોય છે, જ્યારે દલસુખભાઈ સ્વતંત્ર સંશોધક છે અને તેમાંથી ફલિત થતા અને આપણા સમાજ સમક્ષ નિડરપણે રજૂ કરાયેલા તેમના અભિપ્રાયો સ્થિતિચુસ્ત સમુદાયને અવારનવાર સંક્ષુબ્ધ કરતા રહ્યા છે. આપણી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપણા ચીમનભાઈ માફક તેઓ પણ લગભગ એક સ્થાયી વ્યાખ્યાતા જેવા છે. જ્યારે પણ તેમણે નિમંત્રણ સ્વીકાર્યું હોય અને તેઓ વ્યાખ્યાન આપવા માટે આવવાના હોય ત્યારે પોતાનું વક્તવ્ય સાંગોપાંગ તૈયાર કરીને તેઓ આવતા હોય છે. આથી તેમના અધ્યયનપૂર્ણ વક્તવ્યનો લાભ માત્ર તત્કાલીન શ્રોતાસમુદાયને જ નહિ, પણ પ્રબુદ્ધ જીવનના વિશાળ વાચક સમુદાયને મળતો રહ્યો છે. દલસુખભાઈ શીલ-સંપન્ન તેમ જ વિદ્યાસંપન્ન તો છે જ, પણ સાથે સાથે તેમનામાં જે નમ્રતા, નિરભિમાનતા, બાલોચિત સાહજિકતા છે તે તેમની કોટિની બહુ ઓછી વ્યકિતઓમાં આપણને જોવા મળે છે. આવા આપણા સ્વજનસમા દલસુખભાઈ પ્રત્યે તેમના આ શુભ પ્રયાણ પ્રસંગે આપણા દિલની શુભેચ્છાઓ આપ સર્વની વતી વ્યકત કરતાં હું ખૂબ આનંદ અનુભવું છું. તેઓ પોતાના આ નવા ધર્મકાર્યમાં—મિશનમાં—પૂરી સફળતા પ્રાપ્ત કરીને વહેલાં પાછા આવે અને તેમનું આરોગ્ય સુરક્ષિત રહે—એવી આપણી પ્રાર્થના હો!"

પ્રાસંગિક વિવેચનો

ત્યાર બાદ તેમના મિત્ર અને સહકાર્યકર્તા ભાઈશ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ અત્યન્ત ભાવુકતાપૂર્વક તેમની આજ સુધીની જીવનકારકિર્દીનો વિગતવાર ખ્યાલ આપ્યો હતો અને તેથી સર્વ ભાઈ બહેનો અત્યન્ત પ્રભાવિત બન્યા હતા. આ વિગતો તા. ૧-૧-૬૮ ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવેલ પંડિત બેચરદાસના લેખમાંથી મોટા ભાગે મળી શકે તેમ છે.

ત્યાર બાદ પંડિત બેચરદાસ જીવરાજ દોશી કે જેમને ત્યાં પોતાના અભ્યાસકાળના પ્રાથમિક તબક્કા દરમિયાન દલસુખભાઈ અમદાવાદ ખાતે કેટલોક સમય રહેલા અને જેમની સાથેનો દલસુખભાઈનો સંબંધ આજ સુધી એકસરખો અખંડિત અને ગાઢ રહ્યો છે તેમણે દલસુખભાઈના વિરલ વ્યકિતત્વના જુદા જુદા પાસાઓ રજૂ કરતાં જણાવ્યું કે "દેશમાં અનેક વિદ્વાનો છે, પણ દલસુખભાઈની વિદ્યાની દૃષ્ટિ જુદી છે: સમાજમાં જે રૂઢ પ્રવાહો ચાલે છે તેની સામે થઈ ચાલવાનું અને સમાજને સ્વીકાર્ય બને કે ન બને એમ છતાં પોતાને જે સત્ય પ્રતીત થયું તે નિડરપણે કહેવાનું—રજૂ કરવાનું—બળ દલસુખભાઈની વિદ્યામાં છે." આ પ્રમાણે જણાવીને આજે સમાજમાં જે રૂઢિપૂજકતા ઘર કરી રહી છે અને ધર્મના નામે જે અંધશ્રદ્ધા, વહેમો, અને દંભો પોષાઈ રહેલા છે, અને વિવેક વિનાનો જે અનર્ગળ દ્રવ્યવ્યય થઈ રહ્યો છે તે સામે તેમણે પોતાનો રોષ પ્રગટ કર્યો અને "આ આંધળુકીયાને અજ્ઞાનને—આત્મવંચનાને આપણે સૌએ દૂર કરવી જ પડશે. આ કાર્ય મારું છે, તમારું છે, મુંબઈ જૈન યુવક સંઘનું છે અને તેમાં હું પૂરો સાથ આપવા અને તમારી સાથે ઝુઝવા હું તૈયાર છું." આમ તેમણે ઉપસ્થિત યુવાન ભાઈ બહેનોને ભારે જોરદાર હાકલ કરી.

ડૉ. રમણલાલ સી. શાહે જણાવ્યું કે, "દલસુખભાઈ સરળ અને સાત્ત્વિક પ્રકૃતિના છે; ઉંમરે પ્રમાણમાં નાના છતાં જ્ઞાનવૃદ્ધ છે અને એમ છતાં તેમનામાં જ્ઞાનનો કોઈ અહંકાર આપણને જોવા મળતો નથી. પ્રાકૃત ભાષાના તેઓ અઠંગ અભ્યાસી છે; દર્શન-શાસ્ત્ર પણ તેમણે સર કર્યું છે; કોઈ પણ પ્રલોભન ચલાવી ન શકે તેવી તેમની સત્યનિઠા છે; સૌજન્ય—સમતા તેમને પ્રકૃતિસિદ્ધ છે અને તેથી કોઈ પણ અત્યુકિત સિવાય 'અજાતશત્રુ' તરીકે આપણે તેમને ઓળખાવી શકીએ છીએ. ભારતની સંસ્કૃતિના પ્રતિનિધિ તરીકે આજે તેઓ અમેરિકા જઈ રહ્યા છે ત્યારે તેમને આપણાં અભિનન્દન હો! અભિવાદન હો!"

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે જણાવ્યું કે, "દલસુખભાઈ સાથે ૧૯૩૨ ની સાલથી મારો સંબંધ રહ્યો છે. તે દિવસોમાં તેઓ જૈન સ્થાનકવાસી કૉન્ફરન્સના મુંબઈના કાર્યાલયમાં તેમણે પોતાના અભ્યાસકાળ દરમિયાન કૉન્ફરન્સ તરફથી મળેલી મદદના બદલામાં સ્વીકારેલી જવાબદારી અનુસાર નોકરી કરતા હતા. તેમાંથી મુકત કરીને તેમને વિશેષ અભ્યાસ કરવા માટે બનારસ જવાની સરળતા કરી આપવામાં હું નિમિત્ત બન્યો હતો. આ મારું તેમના વિષેનું સુખદ સ્મરણ છે.તેમની જ્ઞાનોપાસના આજ સુધી અખંડ રહી છે. તેઓ આજે એક ભવ્ય મિશન લઈને કેનેડા જઈ રહ્યા છે, આવા એક વિદ્વાનનું તેમના પરદેશગમન પ્રસંગે સન્માન કરતાં હું ઘણો આનંદ અનુભવું છું." એમ જણાવીને તેમણે સહજ પ્રેરણાને વશ થઈને કેટલુંક આત્મલક્ષી તાત્વિક વિવરણ કર્યું. અને કેટલાક તાત્વિક મુદ્દાઓ

ઉપસ્થિત ભાઈ – બહેનોની વિચારણા માટે રજૂ કર્યા. આથી શ્રોતા સમુદાયથી અત્યન્ત પ્રભાવિત બન્યો.

શ્રી દલસુખભાઈનું આભારનિવેદન

શ્રી દલસુખભાઈએ આવું સુંદર સંમેલન યોજવા બદલ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો આભાર માનતાં જણાવ્યું કે, "મારા-માં જે શક્તિઓ આવી છે તે, મુંબઈ જૈન યુવક સંઘે મને પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવા માટે ચાલુ નિમંત્રણ આપીને જે પ્રોત્સાહન આપ્યું છે તેને આભારી છે. પહેલું વ્યાખ્યાન મને યાદ છે તે મુજબ મેં વાંચીને કરેલું. પછી વાંચ્યા વગર વ્યાખ્યાન આપવાની મારામાં હિમત અને વિશ્વાસ આવ્યાં. વળી એ જ ભાષણો અને મારાં લખાણો પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થવા લાગ્યા અને એ રીતે પરમાનંદભાઈની પરીક્ષામાં પસાર થતો રહ્યો. તેમની પરીક્ષામાંથી પસાર થવું સહેલું નથી. એક વખત તેમણે મારો લેખ પાછો પણ મોકલ્યો છે. આમ મારા વિકાસમાં તેમનો પણ મોટો ફાળો છે. મારા જીવનની દિશામાં પરિવર્તન કરવા માટે – સાધારણ નોકરીના જીવનમાંથી વિદ્યાના માર્ગે વિચરવાની તક નિર્માણ કરવા માટે – ચીમનભાઈએ જણાવ્યું તે મુજબ – હું ચીમનભાઈનો પણ ખૂબ ઋણી છું. પથ્થરો ઘડાતા ઘડાતા જેમ ચોક્કસ આકાર ધારણ કરે છે તેમ હું પણ ઘડાયો છું. વિચારોની બાબતમાં જણાવું તો જે કાંઈ મનમાં સાચું લાગે તે બધું હું કહી દેતો નથી. કહેવામાં સમય સંયોગનો પૂરો વિવેક કરવાનો રહે જ છે. એમ છતાં પણ સત્ય સાથે બાંધછોડ કરીને મેં જાહેરમાં કદિ કશું કહ્યું નથી. જે કાંઈ કહ્યું છે તે અંદર ચાલતા ચિન્તનને વફાદાર રહીને કહ્યું છે એમ કહું તો કોઈ તેને આત્મશ્લાઘા ન સમજે.

"આ પ્રસંગે એક અંગત બાબત જણાવું તો અસ્થાને નહિ ગણાય. આ પ્રવાસની તૈયારીમાં કરકસરનો ખ્યાલ તો રાખવો જ રહ્યો. ત્યાંની ઠંડીને પહોંચી વળવા માટે ગરમ ઓવરકોટ સાથે હોવો જરૂરી લાગ્યું. અહીંથી ખરીદું કે ત્યાંથી ખરીદું – તેના દામ તો ખૂબ પડે જ. સદ્‌ભાગ્યે મુ. મોતીબહેને યાદ આપ્યું કે મુનિ જિનવિજયજી આજથી ૪૦ વર્ષ પહેલાં ભારતીય સંસ્કૃતિનો સંદેશ પશ્ચિમની પ્રજાને સંભળાવવા યુરોપ ગયેલા તે વખતનો ગરમ કોટ એમનો એમ જ અકબંધ પડ્યો છે. નવો ખરીદવાને બદલે તે ઑવરકોટ જ લઈ જાઓને? મુનિજી તો આમાં રાજી હોય જ ને? તો હું આજે મુનિજીનો ૪૦ વર્ષ પહેલાંનો કોટ પહેરીને જાઉં છું. તે સાથે તેમના આશીર્વાદ તો હોય જ, પણ સાથે મારી પ્રાર્થના પણ હોય જ કે ત્યાં જઈને હું એવું કાર્ય કરી શકું કે મુનિજીનો કોટ પહેરીને જવા પાછળ રહેલો ભાવાત્મક અર્થ પણ પૂરો મૂર્તિમંત બને! મારા માથે કેટલી મોટી જવાબદારી લઈને જાઉં છું તેની આ કોટ મને હંમેશા યાદી આપતો રહેશે.

"ચીમનભાઈએ જણાવ્યું કે ઈશ્વરની રૂઢ કલ્પના વિનાનો ધર્મવિચાર, થોડા સમય પહેલાં ભાઈ પદ્મનાભ જૈને જણાવ્યું હતું તેમ, ત્યાંના લોકોને ગળે ઉતારવો મુશ્કેલ પડે છે. તેના જવાબમાં જણાવવાનું કે આવો એક નિબંધ બે ગલોરમાં ખ્રિસ્તી પાદરીઓની પરિષદ્‌માં રજૂ થયો હતો. આજના ખ્રિસ્તી ધર્મગુરુઓ અથવા તો પાદરીઓ આંધળુકીયા કરીને દોડતા નથી. સમયની માંગ પ્રમાણે તેઓ પણ આવા પ્રશ્નોની સ્વતંત્ર વિચારણા કરતા હોય છે અને તેથી તે બાબતની મને કોઈ મુશ્કેલી પડવા સંભવ નથી. મને ખાત્રી છે કે હવે ત્યાં આપણા વિચારોનું સાચું મૂલ્યાંકન થવાનું જ છે, કારણ કે જિજ્ઞાસા જેટલી આપણને તેમના વિષે છે તેટલી જ જિજ્ઞાસા તમને આપણા વિષે છે:

"અલબત્ત, આ નવી કામગીરીદ્વારા મને આર્થિક લાભ સારા પ્રમાણમાં થવાનો છે, જેની મને કશી અપેક્ષા નથી એમ કહેવાની સ્થિતિમાં હું નથી, પણ મારે મન એ અવાન્તર લાભ છે. મુખ્ય લાભ મને થનાર નવા અનુભવો અને નવા વિચારોને લગતા અંગત ઘડતરનો છે. આપણી વિદ્યાનો શક્ય હશે તેટલો ત્યાં પ્રચાર કરીશ, વિસ્તાર કરીશ અને ત્યાંના વિચારપ્રવાહોથી બને તેટલો પરિચિત બનીશ, અને વાગોળીશ. આ સર્વ કાર્યમાં આજે મને પ્રાપ્ત થતી આપની શુભેચ્છાઓ મને સદા પ્રોત્સાહિત કરતી રહેશે."

દલસુખભાઈના આ ગંભીર છતાં પ્રસન્નતાભર્યા પ્રવચનથી સૌ કોઈના દિલમાં ઊંડી પ્રસન્નતાનો સંચાર થયો. સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે પ્રસંગોચિત આભાર નિવેદન કર્યું, અલ્પાહાર અને પરસ્પર મિલનમાં થોડો સમય પસાર થયો અને લગભગ બે કલાકના ગાળે મધુર સ્મરણોપૂર્વક સૌ કોઈ છૂટાં પડ્યાં. મુંબઈ જૈન યુવક સંઘની કારકિર્દીમાં ચિરસ્મરણીય બને એવું આ સંમેલન હતું.

સંપાદક : પરમાનંદ

"આજનું રાજકારણ"

તા. ૬ જાન્યુઆરી શનિવારના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે આજના રાજકારણ ઉપર વાર્તાલાપના આકારમાં પોતાના કેટલાક વિચારો–આઘાત પ્રત્યાઘાતો રજૂ કર્યા હતા. તેમના કથનનો સાર નીચે મુજબ હતો:

ચોથી સામાન્ય ચૂંટણી પછી લગભગ ૯ રાજ્યોમાં બીન–કૉંગ્રેસી સરકારોની રચના થઈ. લોકોએ તેને આવકારી. હવે આજ સુધીનો અનુભવ એમ બતાવે છે કે આ બીનકૉંગ્રેસી સરકારોનો જ્યાં અમલ છે ત્યાં તેમણે કશું સારૂં કરી દેખાડ્યું નથી. કેટલેક દરજ્જે ઓરિસ્સા તથા મદ્રાસ સરકારને આમાંથી આપણે બાદ કરી શકીએ. આ બીનકૉંગ્રેસી સરકારો વિવિધ પક્ષોના શંભૂમેળા જેવી છે. તેમાં સર્વસાધારણ તત્ત્વ માત્ર કૉંગ્રેસ પ્રત્યેનો તિરસ્કાર છે. બંગાળમાં અજય મુકરજીની મોટી પ્રતિષ્ઠા હતી. પણ પાછળના સમયમાં તેઓ જે રીતે વર્ત્યા તે ઉપરથી દેખાઈ આવ્યું કે તેમને પણ સત્તાની લોલુપતા કૉંગ્રેસવાળા કરતાં કાંઈ ઓછી નહોતી. તેમણે સામ્યવાદી સાથી પ્રધાનો વિષે અત્યન્ત પ્રતિકૂળ નિવેદન કર્યું, એમ છતાં બીજે દિવસે ફરી ગયા. અજય મુકરજીની સરકારને બરતરફ કરી છે એ અયોગ્ય થયું છે એમ ત્યાંની પ્રજાને લાગ્યું નથી. ગવર્નરના આ પગલા સામે તથા પ્રફૂલ્લ ઘોષની સરકારની રચના સામે મોટા પાયા ઉપર પ્રજાકીય આંદોલન કરવાની તેની નેમ બર આવી નથી, કારણ કે પ્રજાનો તેને ટેકો નથી. પ્રજા સંયુકત મોરચાથી કંટાળી હતી. પણ તેનો અર્થ એમ નથી કે કૉંગ્રેસ પ્રત્યે તેનો કોઈ વિશ્વાસ વધ્યો છે.

બીજા બિનસરકારી રાજ્યોમાં પક્ષની ફેરબદલીની પરંપરા ચાલુ રહી છે. હરિયાણા, પંજાબ, યુ. પી. બિહાર અને મધ્ય પ્રદેશ-બધે જ અસ્થિરતા નજરે પડે છે. કેરળમાં અંદરથી જ પરસ્પર-વિરોધ વધતો જાય છે અને ક્યારે શું થશે એ કહી શકાતું નથી. બંગાળમાં પ્રફૂલ્લ ઘોષની સરકાર પણ લાંબો વખત ટકી નહિ શકે. આમ તો કોઈ પણ પક્ષે અથવા પક્ષોએ સાથે મળી જઈને સત્તા ઉપર આવવાનો પ્રયત્ન ન કરવો એવી કૉંગ્રેસની આજ સુધીની નીતિ રહી છે, પણ બંગાળમાં સંયુકત સરકારની રચનામાં કૉંગ્રેસ જોડાય એવો હાલ વધારે સંભવ લાગે છે. પક્ષની ફેરબદલીઓ તો ચાલ્યા જ કરે છે. એમ છતાં બંગાળના કૉંગ્રેસી ધારાસભ્યોમાંથી ચૂંટણી બાદ કોઈએ પણ ફેરબદલી કરી નથી એ એક નોંધપાત્ર ઘટના છે. આ બધાંનો ઉકેલ નવી ચૂંટણીઓ કરવાથી કદાચ આવે એમ કેટલાક માને છે. આનું પરિણામ બીજું ગમે તે આવે, પણ કોઈ એક પક્ષ સ્પષ્ટ બહુમતીમાં આવે–ખાસ કરીને કૉંગ્રેસની બહુ-મતી કોઈ ઠેકાણે થાય–એવો સંભવ હજુ દેખાતો નથી. પ્રેસી-ડેન્ટના શાસનનો વિચાર કરવામાં આવે તો તે શાસન પણ કેટલે ઠેકાણે ઊભું કરવું પડે? આમ આજની જટિલ પરિસ્થિતિ કઈ દિશાએ આપણને લઈ જશે એ કહી શકાય તેમ નથી. રાજકીય ક્ષેત્રે અરાજકતા–અસ્થિરતા લાંબો વખત ચાલુ રહેશે એમ લાગે છે. આમાં પણ નાના મોટા પ્રશ્નો ઉપર લોકો તોફાન ઉપર ચઢી જાય છે; જાનમાલનું પારવિનાનું નુકસાન કરે છે; ચોતરફના વાતા-વરણમાં હિંસા વ્યાપી રહી છે–આ આપણા માટે સૌથી મોટું ભય-સ્થાન છે. દા. ત. ભાષાના પ્રશ્ન ઉપર કેવાં તોફાનો થઈ રહ્યાં છે? આ બધું શા માટે તે સમજાતું નથી. આ પ્રશ્ન ઉપર પ્રબુદ્ધ જીવનના છેલ્લા અંકમાં વિસ્તારથી કહેવામાં આવ્યું છે, તેથી અહિં તેનું પુનરાવર્તન કરવાની જરૂર નથી. એ પ્રશ્ન આપણી બંધારણ સભામાં રજૂ થયો ત્યારે મેં તેમાં ભાગ લીધો હતો. તે પ્રશ્ન ઉપર ઘણો લાંબો સમય ચર્ચા ચાલી હતી અને ૧૫ વર્ષ બાદ અંગ્રેજીનું સ્થાન હિંદીએ લેવું એમ આખરે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું ત્યારે

અમે બધા ભેટી પડયા હતા. પંદર વર્ષના ગાળામાં એ દિશાએ આપણે કશું કર્યું નહિ અને એ પ્રશ્ન વધારે વિકરાળ સ્વરૂપમાં આપણી સામે આવીને ઊભો રહ્યો. લાંબી ચર્ચા બાદ સ્ટેટ લેંગ્વેજ બીલ–રાજ્યભાષાનો ખરડો પસાર તો થયો, પણ તેથી તે પ્રશ્નનો નિકાલ થઈ ચૂક્યો એમ માનવાને કશું કારણ નથી. આજે કૉંગ્રેસ પ્રમુખ કામરાજ આ પ્રશ્ન ઉપર મોં મરડીને બેઠા છે. રાજગોપાલાચારી તો છેલ્લા પાટલે જઈને બેઠા છે કે હિંદી જોઈએ જ નહિ.

આમ ચોતરફ દૃષ્ટિ નાખતાં આપણને એમ લાગે છે કે રાજકારણને વરેલા આગેવાનોમાં કોઈ દેશપ્રેમ–ખરા અને પૂરા અર્થમાં–રહ્યો નથી. દરેક પોતપોતાના પ્રદેશનો અને પક્ષનો અને પોતાનો વિચાર કરે છે. આ કારણે અન્ન બાબતમાં, આટલો બધો સારો પાક હોવા છતાં, પ્રાદેશિક ઝોનબંધી નાબુદ થઈ શકતી નથી; નર્મદા યોજના આગળ વધી શકતી નથી; મહારાષ્ટ્ર અને માઈસોરનો બેલગામને લગતો સીમાપ્રશ્ન ઉકેલી શકાતો નથી.

આજે કેન્દ્ર સરકાર કોઈ પણ પ્રશ્ન ઉપર નિડરતાપૂર્વક નિર્ણય લઈ શકતી નથી; જેવી રાજકીય પરિસ્થિતિ છે તેવી–તેથી પણ વધારે ચિન્તાજનક–આર્થિક પરિસ્થિતિ છે. આજના ઘનઘોર આકાશમાં કોઈ સુવર્ણરેખા દેખાતી નથી.

ત્યારબાદ કેટલીક પ્રશ્નોત્તરી થઈ હતી અને એક કલાકની ચર્ચાવિચારણા બાદ સભા વિસર્જિત કરવામાં આવી હતી.

ચીમનલાલ ચકુભાઈ શાહ

કૉંગ્રેસ અધિવેશન

કૉંગ્રેસ અધિવેશન હૈદ્રાબાદમાં મળી ગયું. અધિવેશનમાં એક જ પ્રસ્તાવ રજુ થયો અને પસાર થયો. દેશની રાજકીય પરિસ્થિતિ અંગે કૉંગ્રેસના ઈતિહાસમાં આ પહેલો જ પ્રસંગ છે જ્યારે અધિવેશનમાં એક જ પ્રસ્તાવ થયો હોય–કદાચ એમ કહેવાય કે અધિવેશન ભરવા ખાતર ભર્યું; નવું કાંઈ કહેવાનું કે કરવાનું હતું નહિ. આર્થિક પરિસ્થિતિ જે આટલી બધી વિષમ છે તે અંગે પણ કોઈ પ્રસ્તાવ થયો નહિ. શ્રી મોરારજી દેસાઈએ એક નિવેદન કર્યું જેમાં પોતાનો આશાવાદ તેમણે રજુ કર્યો. જે રાજકીય પ્રસ્તાવ થયો તેમાં પણ કોઈ નવી નીતિ અથવા નવો કાર્યક્રમ નથી, પણ મુખ્યત્વે રાજ્યોની બીનકૉંગ્રેસી સરકારોની ટીકા અને તહોમતનામું છે. દેશની રાજકીય અસ્થિરતા, હિંસક વાતાવરણ, આર્થિક ખરાબી વિગેરે માટે બીનકૉંગ્રેસી રાજ્યસરકારો જવાબદાર છે એમ કૉંગ્રેસે જાહેર કર્યું. અલબત્ત, એક રાજકીય પક્ષ તરીકે, પોતાના વિરોધીઓની ટીકા કરવાનો અને તેમની નિષ્ફળતાઓ ઉઘાડી પાડવાનો કૉંગ્રેસને અધિકાર છે. ચોથી સામાન્ય ચૂંટણીથી કૉંગ્રેસને જે મોટો ધક્કો લાગ્યો હતો અને કૉંગ્રેસજનોને આઘાત લાગ્યો હતો તેમાંથી હવે કાંઈક કળ વળતી હોય અને ફરી વિશ્વાસ મેળવવાનો પ્રયત્ન કરતા હોય તેવું લાગે છે. આ દસ મહિનાના ગાળામાં બીનકૉંગ્રેસી સરકારોની નિષ્ફળ કામગીરીનો લાભ લેવાનો કૉંગ્રેસને પૂરો અધિકાર છે. લોકોમાં કદાચ એવી લાગણી શરૂ થઈ છે અથવા કૉંગ્રેસ શરૂ કરવાનો પ્રયત્ન કરે છે કે અંતે તો કૉંગ્રેસ જે સ્થિર શાસન આપી શકશે તે બીજા કોઈ રાજકીય પક્ષો આપી શકે તેમ નથી. એટલે બીનકૉંગ્રેસી સરકારો ઉપરનું કૉંગ્રેસનું આ આક્રમણ પ્રજામતને ફેરવવાનો એક પ્રયત્ન છે. તે સાથે કૉંગ્રેસની નીતિમાં પણ થોડો ફેરફાર થયો છે. બીજા પક્ષોએ સાથે મળીને સરકાર ન રચવી એ નીતિ છોડી છે અને બંગાળમાં, શ્રી પ્રફુલ્લ ઘોષના પક્ષ સાથે સંયુકત સરકાર રચવાનો નિર્ણય કર્યો છે. કદાચ પંજાબમાં પણ તેમ જ થશે. બિહાર અને ઉત્તર પ્રદેશની સંયુકત દળની સરકારોને ઉથલાવી શકાય તો ત્યાં પણ તેમ થાય. આમ, કૉંગ્રેસ ફરી સત્તા પર આવવા પ્રયત્ન કરે છે. આવી સંયુકત સરકારોમાં કૉંગ્રેસ બહુમતીપક્ષ હશે તો પણ બીજા લઘુમતી પક્ષોના મુખ્યપ્રધાનો રહેશે. કૉંગ્રેસ આવી સ્થિતિ કયાં સુધી નિભાવશે તે જોવાનું રહે છે.

આમ અધિવેશનમાં કેટલાક ઉદામવાદી યુવાન કાર્યકરોએ, નિયમ મુજબ, આગેવાનોની સારી પેઠે ઝાટકણી કાઢી. પણ હૈયાવરાળ કાઢવા ઉપરાંત વિશેષ કાંઈ પરિણામ ન હતું. આગેવાનો–High Command–પોતાનું ધાર્યું કરી શકે છે તે કૉંગ્રેસ વર્કીંગ કમિટીના સાત સભ્યોની ચૂંટણી ઉપરથી જણાયું.

બીનકૉંગ્રેસી સરકારો ઉપર, એક રાજકીય પક્ષ તરીકે કૉંગ્રેસે આક્રમણ કર્યું, પણ બંધારણીય સ્થિતિ સ્પષ્ટ રાખવા, શ્રીમતી ઈંદિરા ગાંધીએ વડાપ્રધાન તરીકે જાહેર કર્યું કે કેન્દ્ર અને રાજ્યસરકારોના સંબંધો બંધારણપૂર્વકના રહેશે. આ જરૂરનું હતું. કેટલે દરજ્જે તે અમલી રહેશે તે જુદી વાત છે.

પણ વિરોધપક્ષોને કેટલાક રાજ્યોમાં સત્તારથાનો છોડવા પડે, તેથી એકંદર પરિસ્થિતિ સુધરશે જ એમ ન કહેવાય. તેમનો વિરોધ વિશેષ ઉગ્ર બનશે. કૉંગ્રેસ પ્રત્યે પ્રજાનો વિશ્વાસ વધે નહિ ત્યાં સુધી, આ સત્તાબદલીની રમતથી પ્રજાને કોઈ સંતોષનું કારણ નથી. કૉંગ્રેસ પોતાનું ઘર સુધારે નહિ અને કૉંગ્રેસજનોમાં સત્તાલોભને બદલે સેવાભાવ અને દેશપ્રેમ જાગે નહિ ત્યાં સુધી, સત્તા ઉપર આવવાથી પ્રજાનો પ્રેમ સંપાદન નહિ કરે. કૉંગ્રેસી આગેવાનો આ બાબત સભાન છે અને કૉંગ્રેસને ફરીથી પ્રાણવાન બનાવવાના પ્રયત્નો કરવાનું કૉંગ્રેસપ્રમુખે કહ્યું છે. કેટલે દરજ્જે કરી શકશે તે જોવાનું રહે છે. કૉંગ્રેસજનોમાં સેવાભાવ આવવો જોઈએ, નમ્રતા આવવી જોઈએ, લોકસંપર્ક તેમણે વધારવો જોઈએ, આંતરિક મતભેદો દૂર થવા જોઈએ એ ઘણી વખત કહેવાયું છે. આવો કાયાપલટ કરવાની કૉંગ્રેસની શકિત રહી છે કે નહિ તે જોવાનું રહે છે.

બીજા બધા વિવાદાસ્પદ પ્રશ્નો ટાળ્યા છે. ભાષાનો, સીમા અને નદીના પાણીના ઝઘડાઓ, વધતો જતો ભાષાવાદ, કોમવાદ, લાંચરૂશ્વતખોરી, કાર્યની અક્ષમતા, મોંઘવારી આ બધા સળગતા–પ્રશ્નો ઉપર પડદો પાડયો છે. માત્ર કૉંગ્રેસ જનોને હીંમત આપવા માટે, હવે કોંગ્રેસ સત્તા ઉપર આવી શકે છે અને આવશે એવું વાતાવરણ ઉત્પન્ન કરવાનો આ અધિવેશનનો મુખ્ય પ્રયાસ રહ્યો છે.

૧૨-૧-૬૮ **ચીમનલાલ ચકુભાઈ શાહ**

આચાર્ય રજનીશજીનાં જાહેર પ્રવચનોનો કાર્યક્રમ

દિવસ		સમય	સ્થળ
શનિ	તા. ૨૦	સાંજના ૮-૪૫	રૂઈયા કૉલેજનું પટાંગણ માટુંગા,
રવિ	તા. ૨૧	સવારના ૧૦-૦૦	પોદાર કૉલેજ હોલ, માટુંગા
રવિ	તા. ૨૧	બપોરના ૩-૦૦	સન્મુખાનંદ હોલ, શિવ.
રવિ	તા. ૨૧	રાતના ૮-૪૫	રૂઈયા કૉલેજનું પટાંગણ, માટુંગા
સોમ	તા. ૨૨	સવારના ૯-૦૦	બીરલા ક્રીડા–કેન્દ્ર મુંબઈ.
સોમ	તા. ૨૨	સાંજના ૯-૦૦	શ્રી માટુંગા સેવા મંડળનું પટાંગણ - માટુંગા (ફકત બહેનો માટે)
સોમ	તા. ૨૨	રાતના ૮-૪૫	રૂઈયા કૉલેજનું પટાંગણ, માટુંગા
મંગળ	તા. ૨૩	સાંજના ૪-૩૦	પોદાર કૉલેજ હોલ, માટુંગા

સુવર્ણ મહોત્સવ અંગે યોજાયલી વ્યાખ્યાનમાળા

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સુવર્ણ મહોત્સવ અંગે બીરલા ક્રીડા કેન્દ્ર (ચોપાટી ઉપર) ખાતે દરરોજ સવારના ૯ વાગ્યે તા. ૨૨ જાન્યુઆરીથી તા. ૨૫ જાન્યુઆરી સુધી એમ ચાર દિવસની નીચે મુજબ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે.

દિવસ	વ્યાખ્યાતા	વ્યાખ્યાન વિષય
૨૨ સોમ	આચાર્ય રજનીશજી	सा विद्या या विमुक्तये।
૨૩ મંગળ	મુનિશ્રી ચિત્રભાનુ	આપણું સંસ્કારધન
૨૪ બુધ	ધાર્મિક શિક્ષણ ઉપર પરિસંવાદ	
૨૫ ગુરુ	સાધ્વીશ્રી મૃગાવતી વગેરે	અમૃતંતુવિદ્યા

'પ્રબુદ્ધ જીવન'ના વાચકોના પ્રત્યાઘાતો

તા. ૧૬મી ડિસેમ્બરના પ્રબુદ્ધ જીવનમાં "ખ્રિસ્તી ધર્મગુરુ બનવા માટે આવશ્યક તાલીમ" એ મથાળા નીચે પ્રગટ થયેલ લેખે પ્રબુદ્ધ જીવનના ઘણા વાચકોના ચિત્ત ઉપર બહુ અનુકૂળ પ્રત્યાઘાતો પેદા કર્યા છે. તેના નમૂના રૂપે મળેલા ત્રણ પત્રોમાંના ઉતારા નીચે આપવામાં આવે છે:

મુંબઈમાં ડાકટરી વ્યવસાય કરતા ડૉ. ચુનીલાલ ડી. વૈદ તા. ૨૭-૧૨-૬૭ના પત્રમાં જણાવે છે કે:

ર. ર. પરમાનંદભાઈ,

આપના તા. ૧૬ ડીસેમ્બર ૧૯૬૭ ના અંકમાં 'ખ્રિસ્તી ધર્મગુરુ બનવા માટે આવશ્યક તાલીમ' નો ફાધર વાલેસનો લેખ વાંચી હું ઘણો જ પ્રભાવિત થયો છું અને એ છાપીને આપે ઘણો જ ઉત્તમ અને જાણવા જેવો લેખ પ્રગટ કર્યો છે તે માટે હું આપને ધન્યવાદ આપું છું. આપણે જૈનોએ તેમાં દર્શાવેલા વિચારો અપનાવવા જેવા છે. સાધુ થવા માટે વયમર્યાદા, અભ્યાસ અને નિયમો બનાવવા ખાસ જરૂરી છે. અત્યારે આપણે ત્યાં જે દીક્ષાઓ અપાય છે તેમાં વય અને અભ્યાસ જોવામાં આવતો નથી. ધર્મગુરુઓએ આપશ્રીએ પ્રસ્તુત કરેલો લેખ ખૂબ મનનપૂર્વક વાંચી જવા જેવો છે અને તે મુજબ વહેલી તકે અમલમાં મૂકવાની જરૂર છે અને જૈન ધર્મના સારા અભ્યાસી અને મીશનરીઓ તૈયાર કરી દેશપરદેશમાં જૈન ધર્મ સરળતાથી સમજી શકે તેવો પ્રચાર કરે એની ખૂબ જ જરૂર છે.

આપશ્રી ફાધર વાલેસ તરફથી જવાબ રૂપે આપને જે લખાણ મળ્યું છે તેની જુદી નકલો છપાવી સમગ્ર જૈન સમાજમાં આગેવાનોને તથા જૈન ધર્મગુરુઓને પહોંચાડશો અને સાથે હવે પછી દીક્ષા આપવા પહેલાં યોગ્ય વય અને અભ્યાસ ધ્યાનમાં રાખી દીક્ષાઓ અપાય એવા સૂચન સાથે મોકલશો તો જૈન સમાજ ઉપર મહાન ઉપકાર થયેલો ગણાશે એવું મારૂં નમ્રપણે માનવું છે.

આપનો, ડૉ. **ચુનીલાલ દામજી વૈદ**

* * *

રાજકોટથી રચનાત્મક કાર્યકર્તા શ્રી રતિભાઈ ગોદિયા તા. ૧-૧-૬૮ના પત્રમાં નીચે મુજબ જણાવે છે:

મુરબ્બી પરમાનંદભાઈ,

"પ્રબુદ્ધ જીવન"ના તા. ૧૬-૧૨-૬૭ ના અંકમાં "ખ્રિસ્તી ધર્મગુરુ બનવા માટે આવશ્યક તાલીમ"ના મથાળા નીચે લખેલ વિગત હું રસપૂર્વક વાંચી ગયો છું. આપે તો આ હકીકત જૈન સમાજ સામે મૂકી છે, પણ મને આ જ બાબત પૂજ્ય ગાંધીજીની વિચારસરણીને અનુસરીને લોકસેવાના કામમાં પડેલા રચનાત્મક કાર્યકરો માટે પણ ઉપયોગી લાગી છે. પૂજ્ય ગાંધીજીએ જાહેર કાર્યકરો માટે અને રચનાત્મક કાર્યકરો માટે જે આચારસંહિતા નક્કી કરી છે તે ખ્રિસ્તી ધર્મની જેમ કમસર કદાચ લખેલી નથી, પણ તે ખૂબ જ જાણીતી છે, પણ આજે તે સારી રીતે ભૂલાઈ ગઈ છે, અને સમાજમાં આપણે લગભગ સ્થાન ગુમાવવા મંડ્યા છીએ. તેવે સમયે ગાંધીજીની વિચારધારા પ્રમાણે લોકસેવાનાં કામો કરનારે નવેસરથી કંઈક વિચારવાની જરૂર છે. વ્યકિતગત જીવનની સાથે સંઘબળ જેવું પણ આજે જે નહિવત જેવું થયું છે તે પણ ફરીથી ગોઠવવાની જરૂર છે. આપે આ બાબત પણ કંઈક ધ્યાન દોરવું જોઈએ.

આપનો **રતિલાલ ગોંદિયા**

* * *

પૂજ્ય ગાંધીજીના પૌત્ર ડૉ. કાન્તિલાલ હરિલાલ ગાંધી, જેઓ મુંબઈમાં ડૉકટરી વ્યવસાય કરે છે અને લોકસેવા ટ્રસ્ટ નામની ગાંધીચારવાદી સંસ્થાનું સંચાલન કરે છે તેમની તરફથી મળેલો તા. ૧૯-૧૨-'૬૭ નો પત્ર નીચે મુજબ છે.

મુ. શ્રી પરમાનંદભાઈ,

તમારા તરફથી 'પ્રબુદ્ધ જીવન' નિયમિત મળે છે તે માટે આભાર. હું તે બરોબર વાચું છું. આ વખતે તમે જૈન ધર્મીઓના વિભાગો ટૂંકામાં બતાવ્યા છે તેથી મારા જેવા એ બાબતમાં 'લેમેન' માટે ઠીક થયું છે.

જોવાની મજા એ છે કે ગયા રવિવારે જ મારે ઘોડનદી (પૂનાથી ૪૨ માઈલ) જવાનું થયું. તે જૈનોનું મોટું મથક લાગે છે. ત્યાં હું ગયો તે જ દિવસે એક મુહપત્તિ બાંધેલ જૈન મુનિ તથા ત્રણ મુહપત્તિ બાંધેલ સાધ્વીઓએ મળીને એક સભા બોલાવેલી અને એમાં મારે થોડું અમારા લોકસેવા ટ્રસ્ટ અંગે તથા ત્યાં–ઘોડનદી ગામે–ટી. બી. ની ઈસ્પિતાલ બાબતમાં બોલવાનું થયું.

સભા પછી મને તથા પેલા સાધુ–સાધ્વીઓને ત્યાંનું જીવદયા મંડળ તથા ગોરક્ષા પાંજરાપોળની સંસ્થા જોવા જવાનું થયું. ત્યાં એક જુવાન સાધ્વીએ મારી સાથે ૫૦-૧૫ મિનિટ વાત કરવાનો ઈરાદો બતાવ્યો અને તે પ્રમાણે પાછા વળતાં પહેલાં સાંજે મેં તથા પેલા સાધ્વીએ થોડો વખત ચર્ચા કરી. ત્યારબાદ તમારો લેખ વાંચીને તથા તેમાં જે તમે જૈનોને સાધુઓ બનાવતાં પહેલાં તાલીમ આપવાની વાત લખી છે તે વાંચતાં મને અમારી ચર્ચા યાદ આવી અને તે વિષે લખવાનું મન થયું. કદાચ તમને એ ઉપયોગી થાય.

પહેલો પ્રશ્ન પેલી સાધ્વીએ પૂછયો:

"આજનો સમાજ અમારા જેવા સાધુ-સાધ્વીઓ પાસેથી શી અપેક્ષા રાખે છે!"

મેં કહ્યું: "તમે મને બહુ મોટો સવાલ પૂછી દીધો. જૈન સમાજ કે ધર્મ વિષે હું ઘણું જ ઓછું જાણું છું. તેથી જૈન સમાજ તમારી પાસેથી શી અપેક્ષા રાખે છે એ હું કેમ કહી શકું? પણ જો કોઈ પણ ધર્મના સાધુઓ પાસેથી આજનો સમાજ શું આશા રાખે છે એમ પૂછો તો મારા વિચાર કહું."

એમણે કહ્યું: "કહો."

મેં કહ્યું: "આજની પ્રતિષ્ઠિત ને શહેરી ભણેલ ગણેલ વ્યકિતઓમાં તો આજકાલ ધર્મ પ્રત્યે જ ઉદાસીનતા દેખાય છે. તે વધતી જાય છે, ઘટતી નથી. તો પછી સાધુઓ પ્રત્યે તો "તેઓ ભલા લોકો છે પણ નકામા છે." એ વૃત્તિ સિવાય તેમનામાં હું બીજું કાંઈ નથી જોતો. આમ પણ છતાં હું આમ આખા સમાજ વિષે કહું એય કદાચ ઠીક ન હોય."

પેલાં સાધ્વી કહે: "તો તમારી શી અપેક્ષા છે?"

મેં કહ્યું: "આજે કોઈ સૌથી મોટા ધર્મની જરૂર હોય તો તે શ્રમ ને સાદાઈની પ્રતિષ્ઠા સ્થાપવાના ધર્મની છે. આજે દરેક માણસ ઓછામાં ઓછી પ્રવૃત્તિથી વધારેમાં વધારે એશઆરામ મેળવવાની તજવીજમાં હોય છે. ભારતના લોકો મારી દૃષ્ટિએ આધ્યાત્મિક–અજીર્ણના ભોગ થઈ ગયા છે. એટલે જે કંઈ ધર્મ-પ્રચારની પ્રવૃત્તિઓ દેખાય છે તે બધી નિસ્તેજ જણાય છે. એટલે બધા સાધુઓએ રોજ કંઈ પણ ઉત્પાદક શ્રમમાં લાગવું જોઈએ. ગાંધીજી સહેલામાં સહેલો શ્રમ બતાવી ગયા છે. તે છે સૂત્રયજ્ઞ–એટલે રોજ અર્ધો કલાક કાંતવાનો'.

સાધ્વીએ કહ્યું: "મને પણ આવા વિચારો ઘણી વાર આવે છે. અમારામાં જ પ્રતિષ્ઠા મેળવવાની ધગશમાં અંતરનું ઉત્થાન ઘણી વાર રોકાઈ જતું હું જોઉં છું. મારા મનમાં ઘણી શંકાઓ ને દૂવિધાઓ વર્તે છે. કેટલીય વાર થાય છે કે, અમુક કરૂં તો સમાજ નારાજ થાય. અમુક બીજું કરું તો મારા હિતેચ્છુઓને દુ:ખ લાગે.

આવી દુવિધાઓમાં મારે કરવું શું એમ મૂંઝવણ થાય છે. તમે કંઈ રસ્તો બતાવી શકો?

મેં કહ્યું: "ગાંધીજી કહી ગયા છે કે સૌએ પોતાના અંતરાત્માને પૂછીને ચાલવું ને એમાં બીજાઓ શું કહેશે કે કરશે એનો વિચાર ન કરવો. સંસ્કૃતમાં એક સુવાક્ય છે કે, "આત્માર્થં પૃથિવીં ત્યજેત્" એમ તમારી આત્મોન્નતિ માટે તમારા અંતરમાં જે ઊગે તેને હિમતપૂર્વક આચરતાં થવું."

એટલામાં બીજી મોટી સાધ્વીઓ ત્યાં બેઠેલી તેણે વાત બદલી પૂછ્યું:

"દાકતર સાહેબ, તમે અહીં બધું જોયું તે ગમ્યું?"

બીજી મોટી સાધ્વી કહે:

"ચાલો હવે સૂર્યાસ્ત થવા આવ્યો છે."

પેલી નાની સાધ્વી બહેન તો વિચાર કરતી બેઠેલી.

મેં કહ્યું: "તમારો સમય થઈ ગયો હોય તો ભલે જાઓ. મને વાંધો નથી, પણ તમને સમય હોય તો હું વાતો કરવા રાજી છું."

ત્યાં વળી ત્રીજી સાધ્વીએ મને એક ચોપડી ભેટ આપી ને પેલી નાની સાધ્વીને ઉઠાડી અને અમે બધાં છૂટાં પડ્યાં.

મારી છાપ એવી જ પડી કે પેલી યુવતી સાધ્વીને તાલીમ વગર લાગણીના જોરે સાધ્વી બનાવી દીધી હશે ને હવે એને સાચવીને બીજા ચાલે છે.

આમ આજકાલ અનાયાસે જૈનોનો સંપર્ક વધતો જાય છે. ઘોડનદીના જૈન ભાઈઓ જે સંસ્થાઓ ચલાવે છે તેમણે મને ત્યાં ગાંધીજીની બધી જ પ્રવૃત્તિઓ ચલાવવા આમંત્રણ આપ્યું છે. લોકસેવા ટ્રસ્ટ તરફથી ત્યાં શું થઈ શકે એ હું વિચારી રહ્યો છું.

ઘણા વખતથી બાપુની કલ્પનાનો "લોકસેવક" કેવો હોય, એની તાલીમ શી વગેરે હું વિચારતો રહ્યો છું. શાન્તિસેના વિશે વાંચ્યું છે, પણ મને બહુ અસરકારક લાગતું નથી. એટલે મારા મનમાં સર્વ-સમધર્મ-ભાવી લોકસેવક કેવો હોય તેના પ્રયોગ કરવાનું ઘોળાયા કરે છે. એમાંથી જે નીપજે તે ખરું. પૂ. બાપુના સતત આશીર્વાદ મળેલા રસ્તે હોઉં છું. એમના એટલે કે ભગવાનના ધાર્યા પ્રમાણે જ બધું થયા કરશે.

લિ. કાંતિલાલ ગાંધીના પ્રણામ.

ઓમ્‌કારનો લય

જે કંઠમાંથી મીઠાશ ઘૂંટાઈ ઘૂંટાઈને સુરાવલિઓ રૂપે હવામાં વહેતી હોય એ કંઠ સદા માટે બંધ પડી જાય એ વિચાર પણ કેવો કરુણ છે! પરંતુ શૂન્યમાંથી શરીર ઉત્પન્ન થાય, શરીરમાંથી સ્વર ઉત્પન્ન થાય અને અંતે એ બંને શૂન્યમાં સમાઈ જાય એ કુદરતનો અફર નિયમ છે. એમ પંડિત ઓમ્‌કારનાથ ઠાકુર પોતાની સંગીતકળા સમાવી લઈને પોતે શૂન્યમાં સમાઈ ગયા છે. ગુજરાતની ધરતી પરથી એક મહાન સંગીતજ્ઞ સમગ્ર ભારતની ધરતી પર ચાલતો થયો હતો અને પોતાના દિવ્ય ગાન વડે સૌને મુગ્ધ કરતો હતો એ એક સુખદ પણ છેવટે કરુણાન્ત સ્વપ્ન જેવું લાગે છે.

ડૉ. ઓમ્‌કારનાથના પિતા ગૌરીશંકર મહાશંકર ઓમ્‌કારના ઉપાસક હતા. તેઓ કરતા હતા તો વડોદરા રાજ્યની નોકરી, પણ હતા પ્રભુભક્ત. તેમણે એક અલૂણી બાબા પાસેથી પ્રણવ (ઓમ-કાર)ની દીક્ષા લીધી હતી. આથી જ્યારે તા. ૨૪ જૂન ૧૮૯૭ના રોજ પુત્રજન્મ થયો ત્યારે તેમણે તેનું નામ પણ ઓમ્‌કાર રાખ્યું. આમ પંડિત ઓમ્‌કારનાથ સાધુવૃત્તિના પિતાને ત્યાં ગરીબીમાં જન્મ્યા, છતાં સત્ત્વગુણી વાતાવરણમાં ઉછર્યા. હતા, પણ બાલ્યા-વસ્થામાં જ તેમણે પિતાનું છત્ર ગુમાવ્યું.

પુરાણપ્રસિદ્ધ નર્મદામૈયાના કાંઠે ઊછરતા ઓમ્‌કારનાથ પાસે કંઈ મૂડી હોય તો મધુર કંઠ. આ મૂડી લઈને ઓમકારનાથ ૧૩ વર્ષની વયે મુંબઈ આવ્યા અને ગંધર્વ જેવા મહાન ગાયક પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કર પાસેથી સંગીતની દીક્ષા લઈ તરીકે ગુરુ તરીકે સ્થાપ્યા. તેમના ગાંધર્વ મહાવિદ્યાલયમાં સંગીતની આરાધના શરૂ કરી અને ગુરુગૃહે રહીને તેમની સેવા કરી.

પંડિત ઓમ્‌કારનાથના જીવનની એ કરુણતા છે કે તેમના ભક્તો અને પ્રશંસકોની સંખ્યા અગણિત હતી ત્યારે તેમનું આપ્ત-જન કોઈ ન હતું. તેમણે એકાકી જીવન ગાળ્યું, છતાં લાખો મુગ્ધ શ્રોતાઓની વચ્ચે રહ્યા.

મુખ્યત્વે તો વેપાર માટે ખંકાયેલા ગુજરાતમાં આવો એક સંગીત-શાસ્ત્રી પાકે એ એક વિશિષ્ટતા હતી. તેઓ સંગીતકાળમાં ઉત્તીર્ણ થઈને યુવાન વયે લાહોરમાં ગાંધર્વ મહાવિદ્યાલયના મુખ્ય આચાર્ય તરીકે નિમાયા એ બનાવ ગુજરાત માટે ગૌરવ લેવા જેવો હતો. ગુજરાતની એ લાક્ષણિકતા છે કે તેના સુપુત્રોની કદર પહેલાં ગુજરાત બહાર થઈ છે. દયાનંદ અને ગાંધીજી તેનાં દૃષ્ટાંત છે.

ઓમ્‌કારનાથની બીજી કર્મભૂમિ કાશી હતી. બનારસ હિંદુ યુનિવર્સિટીમાં તેઓ વર્ષો સુધી સંગીત વિભાગના વડા હતા. તેમણે બંકિમબાબુના 'વંદેમાતરમ્' ગીતને શાસ્ત્રીય સંગીતમાં બેસાડી દીધું ત્યારે તેમની દેશવ્યાપી કીર્તિમાં વધારો થયો. ઘણી વિદ્યાપીઠોએ અને સંસ્થાઓએ તેમનું બહુમાન કર્યું હતું અને ૧૯૫૫માં ભારત સરકારે તેમને 'પદ્મશ્રી'નો ઈલકાબ આપ્યો હતો. પરંતુ ઓમ્‌કાર-નાથને ધન, કીર્તિ કે પ્રશંસાની ખેવના ન હતી. તેઓ સરસ્વતીના ઉપાસક હતા અને આજીવન તેમણે સંગીતશાસ્ત્રના સંશોધનમાં તેમ જ સંગીતની સાધનામાં પોતાનું જીવન ગાળ્યું હતું. આ જમાના-માં આવા નિર્લેપ તપસ્વી ક્યાં મળે? સરસ્વતી અને નારદ, ગંધર્વ અને કિન્નર એ બધા પૌરાણિક પાત્રો વિશે તો આપણે કલ્પના જ કરીએ છીએ, પણ આવા એક સંગીતમૂર્તિ સાધક હજી સુધી આપણી વચ્ચે હતા એ ખ્યાલ આશ્ચર્ય પમાડે છે અને હવે નથી એનું ભાન આપણને ગમગીન કરી દે છે.

યુરોપ અને અમેરિકાએ પોતાના પ્રાચીન અને અર્વાચીન સંગીતશાસ્ત્રીઓને બહુ બહુ બિરદાવ્યા છે, આપણે યુરોપના અમર સંગીતશાસ્ત્રીઓ બિથોવન અને મોઝાર્ટની કીર્તિ સાંભળી છે અને આપણે ફિલ્મીસંગીતમાં ખોવાઈ ગયા છીએ. આ બેની વચ્ચે ગંગા જેવા નિર્મળ, દૂધ જેવા પવિત્ર અને મધ જેવા મધુર આપણા શાસ્ત્રીય સંગીતનો સૌમ્ય અને સનાતન પ્રવાહ વહેવડાવનારાઓને આપણે ભૂલી ગયા છીએ.

જે કંઠમાંથી નીકળતા સ્વરોના આરોહ-અવરોહ સાથે આપણે તલ્લીન બનીને સચ્ચિદાનંદમાં વિહાર કરતા હતા તે કંઠ ત્રણ વર્ષથી લકવામાં વિલય પામ્યો હતો. જ્યાં તેમણે સંગીતમાં સર્વોચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી તે મુંબઈમાં જ તેમનો નાદ બ્રહ્મ બ્રહ્મરંધ્રમાંથી ગયા ડીસેમ્બર માસની ૨૯મી તારીખે ઊડી ગયો અને જે નર્મદા-મૈયાના તટ પર બેસીને તેમણે ભાવિનાં સ્વપ્નો જોયાં હતાં તે સ્વપ્નો સિદ્ધ કરીને આ સંગીતવિભૂતિનો નશ્વર દેહ એ જ નર્મદામૈયાના તટ પર પંચતત્ત્વમાં ભળી ગયો. ઓમ્‌કારનાથનો લય થયો છે, પણ સંગીતના સ્વરદેહ વડે તેઓ સદા આપણી વચ્ચે રહેશે.

સોહમ્

('જન્મભૂમિ-પ્રવાસી'માંથી સાભાર ઉદ્‌ધૃત)

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ખેતવાડી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સમેન પ્રેસ, કોટ, મુંબઈ

Regd No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૯ : અંક ૧૯

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ફેબ્રુઆરી, ૧, ૧૯૬૮, ગુરૂવાર
પરદેશ માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

ન માનુષાત્ શ્રેષ્ઠતરં હિ કિઞ્ચિત્ : માનવીથી કોઈ વધારે ચડિયાતું નથી.

(તા. ૧–૧–૬૮ના અંકથી ચાલુ)

જીવનમાં પ્રથમ સ્થાન છે અન્નનું. અન્નમાં જીવનનું ધારણ-પોષણ અને રક્ષણ કરવા માટે જરૂરી એવી બધી જ વસ્તુઓ અને તે વસ્તુઓને ઉત્પન્ન કરવાની અને વાપરવાની બધી જ સામગ્રીનો, જેમાં ધરતી, પાણી, બીજ, આદિ બધાંનો, તેમ જ પશુ પક્ષી સુદ્ધાંનો, ટૂંકમાં કહીએ તો ખેતીવાડીને લગતી બધી ચીજો અને તેની વિદ્યા – કળાઓનો સમાવેશ થાય છે. ઋષિ કહે છે કે કોઈ અન્નની અવગણના ન કરે, કોઈ એનો ત્યાગ ન કરે, એટલું જ નહીં પણ, દરેકે અન્ન પૂરતું રાખવું. આ જ એક પાયાની જરૂરિયાત હોઈ મૂળ બ્રહ્મ છે. ઋષિ આટલું જ કહીને અટકતા નથી, પણ આગળ વધીને કહે છે કે કોઈ આક્રાય લેવા આવે તો એ અતિથિને જાકારો ન ભણવો અને પોતાની વસતીમાં અન્નનો સારી પેઠે સંગ્રહ કરવો.

તે કાળે જનસંખ્યાનો મુખ્ય પ્રશ્ન ન હોઈ અતિથિ શબ્દ ગમે તેવા આગંતુક માટે વપરાયો હતો. છતાં આજે તો એ અતિથિ શબ્દ પોતાને ત્યાં જન્મ લેનાર સંતતિને પણ લાગુ પડે છે. આજે તો અન્નની અછતને કારણે કેવળ બહારથી આવેલ સંબંધી, મિત્ર કે ભિક્ષુકો પ્રત્યે જ જાકારાની વૃત્તિ નથી રહી, પણ જેના વિના ઘર શૂન્યવત્ અને સ્મશાન જેવું લેખાતું તેવા બાળક અતિથિના જન્મનો પણ માત્ર ઈન્કાર જ નહીં પણ એને આવતો અટકાવવા માટે સંતતિનિયમનના પ્રયોગોનું પણ રાજ્ય જામ્યું છે; આ સંતતિનિયમનના મૂળમાં બીજું કાંઈ નથી – સિવાય કે અન્ન, તેનો સંગ્રહ અને એવા અતિથિને યોગ્ય રીતે પાળવા ઉછેરવાની સગવડનો પણ અભાવ. આ ઉપરથી આપણે સમજી શકીએ કે અન્નને બ્રહ્મ કહી પરમાત્મ-પદ જેવી પ્રતિષ્ઠા આપવામાં ઋષિનો શો આશય છે.

ખેતીવાડી અને તેને લગતી બધી જ વિદ્યાઓની શાખાઓ એ અન્નબ્રહ્મની જ શાખાઓ છે. તેથી એની જિજ્ઞાસા પ્રથમ સ્થાને આવે છે. ત્યારબાદ પ્રાણ બ્રહ્મની વાત છે. એમાં જીવનની સંચાલક અને જીવનના તંતુને અવ્યવચ્છિન્ન રાખનાર બધી જ વાસનાઓ અને શક્તિઓનો સમાવેશ થતો હોઈ, તેમાં શરીરવિદ્યા અને બુદ્ધીન્દ્રિય કર્મેન્દ્રિયને લગતી બધી જ વિદ્યાઓનો સમાવેશ થાય છે. આજના વિશ્વવિદ્યાલયમાં આવી બધી જ વિદ્યાઓનું સ્થાન હોય છે. ત્યારબાદ મનોબ્રહ્મનું સ્થાન છે. એમાં માનસિક અને બુદ્ધિપ્રધાન બધી જ વિદ્યાઓ આવી જાય છે. આ પછી આધ્યાત્મને લગતી વિદ્યાઓ વિજ્ઞાનબ્રહ્મ અને આનંદબ્રહ્મ રૂપે નિર્દેશાયેલી છે. સામાન્ય રીતે આજના વિશ્વવિદ્યાલયોમાં અન્ન–બ્રહ્મ, પ્રાણબ્રહ્મ અને મનોબ્રહ્મ એ ત્રિવિધ બ્રહ્મમાં આવતી વિદ્યાઓ પ્રધાનપદ ભોગવે છે. તેથી આજના વિશ્વવિદ્યાલયોનો પાયો એ ત્રિવિધ બ્રહ્મની જિજ્ઞાસા ઉપર જ મંડાયેલો છે એમ સમજવું જોઈએ.

મેં આ ટૂંકી છતાં લાંબી દેખાય એવી બ્રહ્મચર્ચા એટલા માટે કરી છે કે મારી દૃષ્ટિએ આ બાબતમાં લોકોનો જે ભ્રમ છે તે દૂર કરવો. ભ્રમ એ છે કે અધ્યાત્મવિદ્યા એ જ મુખ્ય છે અને એ જ જાણે એક માત્ર ધ્યેય છે. ઉપનિષદોમાં અને અન્યત્ર વિદ્યાઓના પરા અને અપરા એવા બે ભેદ કરી પરામાં આત્મવિદ્યા અને અપરામાં બાકીની બધી વિદ્યાઓનો સમાવેશ કર્યો છે. સામાન્ય લોકો એટલું જ સમજે છે કે પરા એટલે જે ઉચ્ચમાં ઉચ્ચ અને તેથી શ્રેષ્ઠ હોય તે; અને અપરા એટલે જે નીચેનું કે પ્રાથમિક હોય અને તેથી કનિષ્ઠ અને યથાસંભવ હોય તે. પણ ખરી રીતે પરા અને અપરા એ બે ભેદોમાં કોઈ એક ચડિયાતું અને તેથી ઉપાદેય અને બીજું તેથી ઊતરતું અને તેથી હેય એવો ભાવ નથી, પણ એ તો સ્થૂળથી સૂક્ષ્મ જીવનમાં જે ક્રમે પ્રવેશ થાય તે ક્રમમાત્રનો નિર્દેશ છે. એમાં અમુક ચડિયાતું અને બીજું ઊતરતું એવો અર્થ નથી; ઊલટું જીવનની બધી જ કક્ષાઓ અને તેની લગતી વિદ્યાઓ પોતપોતાને સ્થાને સમાન મહત્ત્વ ધરાવે છે.

ભૂમિથી ઊંચે જવા માટે નિસરણી હોય છે. એનાં પગથિયાં ચડતા–ઊતરતા ક્રમમાં હોય છે તેથી ઉપરનું પગથિયું

તા.૧૫–૧૨–૬૭ના રોજ સરદાર વલ્લભભાઇ પટેલ યુનિવર્સિટીના પદવીદાન પ્રસંગે



સમન્વયવિચારના પુરસ્કર્તા કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજી-યુનિવર્સિટીના પોષાકમાં

સર્વશ્રેષ્ઠ અને તેથી તે જ એક માત્ર સ્વીકાર્ય એમ જો આપણે માનીએ તો એ ભૂલ ગણાશે. નીચેનાં કક્ષિ પગથિયાંઓ ઉપર જ ઉપરનાં પગથિયાંનો આધાર છે. નીચેનાં પગથિયાં ન જ હોય તો ઉપરના પગથિયાનું સ્થાન જ હોઈ ન શકે. એ સ્પષ્ટ છે કે ઉપરનું પગથિયું પોતાની રીતે કામ આવે છે તો નીચેનાં પગથિયાંઓ પણ પોતાની રીતે કામ આપે જ છે. ઉપરનાં પગથિયાં ન હોય અને નીચેનાં હોય તો ભલે ઉપર ન ચડાય, પણ હોઈએ ત્યાં તો રહેવાય જ. તેથી ઊલટું નીચેનાં પગથિયાં ન હોય તો તો ઉપરનાનો સંભવ જ નથી. આટલા ઉપરથી બધાં જ સોપાનોનું પોતપોતાને સ્થાને સરખું મહત્ત્વ છે એમ માનવું પડે છે. આ જ દૃષ્ટાંતથી આપણે બ્રહ્મવિદ્યાઓને પણ સમજવી જોઈએ. જ્યાં તત્ત્વના કે બ્રહ્મના માત્ર અધિભૂત, અધિદેવ અને આધ્યાત્મ રૂપે ત્રણ પ્રકાર વર્ણવ્યા છે ત્યાં પણ મારી દૃષ્ટિએ એટલું જ સમજવાનું છે કે અધિભૂત વિદ્યા વિના અધિદેવ – માનસિક વિદ્યા – સંભવે નહીં; અને માનસિક વિદ્યા વિના અધ્યાત્મ સંભવે નહીં. જે જે લોકો જીવનના ક્રમમાં આધ્યાત્મિક કક્ષા સુધી પહોંચેલા છે અથવા પહોંચવાનો પ્રયત્ન કરે છે તેમને બધાને જ એના પહેલાના અન્ન આદિ બ્રહ્મનો સતત આશ્રય લેવો જ પડે છે. પરા કે અધ્યાત્મ વિદ્યાનો અર્થ મારી દૃષ્ટિએ એટલો જ છે કે અપરા વિદ્યા તરીકે લેખાતી અધિભૂત આદિ વિદ્યાઓમાં સાધક પુરુષે તુષ્ટ ન રહેતાં, તેનો આશ્રય છોડ્યા વિના અને તે આશ્રયનો સાદર સ્વીકાર કરીને જ પોતાની ઉચ્ચત્તર ભૂમિકા માટે પ્રયત્ન કરવો, નહીં કે પૂર્વની ભૂમિકાઓને અવગણીને.

આ દૃષ્ટિએ વિચાર કરતાં સ્પષ્ટ જણાશે કે વિશ્વવિદ્યાલયમાં શીખવાતી આધુનિક બધી જ વિદ્યાઓ પોતપોતાનો સ્થાને એક સરખી રીતે ઉપાદેય અને સાધનાને પાત્ર છે. ગણિત બહુ ઊંચું અને ભૂગોળ એથી ઊતરતી અથવા ભૌતિકશાસ્ત્ર બહુ સારું અને રસાયણશાસ્ત્ર એથી ઊતરતું એવો કોઈ અર્થ છે જ નહીં. આવો શ્રેષ્ઠ–કનિષ્ઠ ભાવ એ માત્ર ભ્રમમૂલક કલ્પના છે. જેમ સમાજમાં વર્ણ-ભેદ કે જ્ઞાતિ – ભેદમાં ચડતા – ઊતરતાપણાનું તત્ત્વ દાખલ થતાં આખો સામાજિક વ્યવહાર વિકૃત બની ગયો છે તેમ વિદ્યાઓ વિષે પણ બન્યું છે. જે વ્યકિત પોતાના સંસ્કાર અને શકિતને અનુસરી અધ્યાત્મમાર્ગ ભણી વળે અને એને ઉપયોગી એવા એકાંત સ્થાન કે અમુક રહેણી-કરણીને અનુસરે તેને આપણે અમુક દૃષ્ટિએ ઉચ્ચસ્થાન આપીએ તો એ સમજી શકાય એવી વસ્તુ છે, પણ એને લીધે એ માર્ગ સિવાયના બીજા માર્ગો હેય અને બિનઉપયોગી છે, એવી ધારણાએ બહુજનસમાજને અકર્મણ્યતા અને અસ્પૃશ્યતાના વિચારથી આવરી લીધો છે એમ હું માનું છું. અને તૈત્તિરીયનો ઋષિ પદે પદે એ જ વાત કરી રહેલ છે. એક કાળે સ્વર્ગ અને મુકિતનાં ધામો આ દુનિયાથી પર છે અને તે જ ખરા સુખનાં સ્થાન હોઈ આ પ્રત્યક્ષ જોવાનું જગત ઉપેક્ષણીય અને નિઃસાર છે એમ મનાવા લાગ્યું, પણ કાળક્રમે સૂક્ષ્મ વિચારકો અને સાચા સાધકોને એમ જણાયા વિના ન રહ્યું કે સ્વર્ગ અને મુકિત તો માનવ જીવનમાં જ ઉતારી શકાય; તો જ એ વાસ્તવિક બને. આવી સમજણથી જ તેવા લોકોએ કહ્યું કે પૃથ્વી પર જ સ્વર્ગ ઉતારવાનું છે અને મુકિત પણ અહીં જ સાધવાની છે. આ રીતે વિશ્વસંસ્થાનમાં આપણો આ પાર્થિવ લોક એ જ સ્વર્ગ છે અને એ જ મુકિતધામ છે એમ બતાવી તેઓએ તે સિદ્ધ કરવાના માર્ગો પણ તેવા જ સૂચવ્યા છે, જેથી આ માનવલોક હેય છે અને બીજા લોકો જ ઉપાદેય છે એ ભ્રમ ટળે. આ વસ્તુ સમજાવવા તેઓએ જ્ઞાન, ભકિત અને કર્મમાર્ગનું વાસ્તવિક દર્શન કરાવ્યું છે.

આગળ સૂચવ્યું તેમ, આ વિશ્વવિદ્યાલય સાથે સરદારનું નામ જોડાયેલું છે. સરદાર કેવા નક્કર ભૂમિ પર પગ માંડનાર અને વાસ્તવદર્શી હતા એ વસ્તુ હવે તો સર્વવિદિત છે. તેમના એ ગુણનો પરિચય આપે એવો એક પ્રસંગ અહીં જણાવવો મને ઉપયોગી લાગે છે.

એકવાર સરદાર બનારસ આવેલા. સંભવતઃ ૧૯૩૪ ની સાલ હશે. ગાંધીજી મીઠાના સત્યાગ્રહ પછી અસ્પૃશ્યતાનિવારણની દેશવ્યાપી મુસાફરીનો અંત આણવા કાશી આવેલા. સત્યાગ્રહ વખતે દેશની સ્વતંત્રતાની દૃષ્ટિએ અનેક સાહસિક ભાઈ-બહેનોએ જેલો ભરી કાઢેલી. એમાંનો તરવરિયો જુવાનવર્ગ તે વખતે માર્કસનાં પુસ્તકોના વાચનમાં અને રશિયાના કોમ્યુનિઝમને લગતા નવીન સાહિત્યના વાચનમાં પડેલો. કાશીમાં એવા અનેક વિદ્યાર્થીઓ હતા, જેમણે જેલમાં રહીને અને તેની બહાર માર્કસવાદને લગતું પુષ્કળ વાચન કરેલું. આ બધા ઉત્સાહીઓને ગાંધીજીની દેશવ્યાપી હરિજન યાત્રાથી એક રીતે અસંતોષ થયેલો કે આ તો હવે સમાજસુધારો શરૂ થયો, અને સ્વતંત્રતાની વાત બાજુએ રહી.

આવા કોઈ પૂર્વગ્રહથી પ્રેરાઈ તેમણે વિચાર કર્યો કે સરદારને આ બાબત પ્રશ્નો કરી તેમની ખબર લઈએ. એવા ભાઈઓ સરદારને મળ્યા. સરદારે તો તેમને સીધું જ કહ્યું કે, "બોલો તમે શું પૂછવા ઈચ્છો છો? મરજી હોય તે પૂછો. પણ એટલું કહી દઉં કે તમારી પેઠે મારા મગજમાં પુસ્તકો નથી ભર્યાં, મારા મગજમાં તો પહેલાં પીધેલું ભેંસનું દૂધ ભર્યું છે." સરદારની આ વાણીએ મળવા આવેલ ભાઈઓને વિચાર કરતા કરી મૂકયા.

સરદારના એ ઉદ્‌ગારોનું રહસ્ય તે વખતે અને અત્યારે પણ હું જે સમજ્યો છું તે એ છે કે એકલાં પુસ્તકો ગળી જવાથી કાંઈ વળતું નથી. સ્વતંત્ર બુદ્ધિથી નિર્ભયપણે વિચાર કરવાની શકિત અને તે પ્રમાણે વર્તવાની આણનમ વૃત્તિ જીવનમાં જરૂરી છે. એ હોય તો જ ગમે તે વાચન ઉપયોગી થઈ શકે. સરદારનો આ આશય એમના ઉછેર અને એમની "પટેલ" પ્રકૃતિને અનુરૂપ જ હતો.

મારી દૃષ્ટિએ આજની રાષ્ટ્રીય સ્થિતિ જોતાં પહેલું કામ ખેતી અને તે સાથે સંકળાએલ પશુપાલન છે. આ કામ તો પટેલો કરતા જ આવ્યા છે, પણ એમાં વૈજ્ઞાનિક દૃષ્ટિ, જાતમહેનત અને તેને લગતો થયેલો વિકાસ – એ બધું અહીં ભણતા વિદ્યાર્થીઓનું મુખ્ય ધ્યેય હોવું જોઈએ. છેવટે એકાદ વિશ્વવિદ્યાલય તો એવું હોય કે જ્યાં અન્નની, જમીનની અને પશુપાલનને લગતી બધી સમસ્યાઓનું શાસ્ત્રીય અને વહેવારિક ઉચ્ચ પ્રકારનું જ્ઞાન અપાતું હોય અને તે એવી કક્ષાનું હોય કે ત્યાં આવવા કાંઈ નહીં તો દેશના વિદ્યાર્થીઓ લલચાય અને વિદેશમાં એ વિષેનું છેલ્લું જ્ઞાન મેળવવા તેમને જવું ન પડે. બીજી વિદ્યાઓને એમાં સ્થાન હોય, પણ તે ઉપર સૂચવેલ કૃષિવિદ્યાથી બીજે નંબરે. આજે ભારતની માગણી એ જ છે અને એ દિશામાં દેશ જાય તો જ સરદારે જાતઅનુભવથી કહેલ "દૂધ"નું પાન મગજમાં કામ આપે. એ કહેવાની જરૂર નથી કે "દૂધ" શબ્દથી બધા જ પોષક પદાર્થો અને તેને પેદા કરવાની, વધારવાની બધી જ વિદ્યાઓ આવી જાય છે.

આ પ્રસંગે એક બાબતનો સંકેત કરવો જરૂરી છે. આજે માતૃભાષા, હિન્દીભાષા અને અંગ્રેજી એ ત્રણ વચ્ચે ગજગ્રાહ ચાલે છે. વિશ્વવિદ્યાલયમાં ગમે તે એક ભાષાનું પ્રાધાન્ય રહે તોય બીજી ભાષાઓ શીખવી અનિવાર્ય છે, પણ આ તો ભાષાના માધ્યમની ભૂમિકા થઈ. સવાલ તો એ છે કે ભાષાઓ શીખવી શા માટે? અત્યારે તો વિશ્વવિદ્યાલય સુદ્ધામાં એમ દેખાય છે કે જાણે ભાષા જ મુખ્ય ધ્યેય હોય? આને લીધે કોઈ પણ વિદ્યાની શાખામાં ઊંડા ઊતરી શકાતું નથી અને રીસર્ચ થતું હોય ત્યાંય એ તદ્દન છીછરું અને ઉપરટપકાનું થાય છે.

સવાસો દોઢસો વર્ષમાં જ પાશ્ચાત્ય વિદ્વાનોએ ભારતીય, ઈરાની અને અરબસ્તાની ભાષાઓમાં નિર્મિત થયેલ પ્રાચીન સાહિત્ય

જોઈને, પોતે એની મૂળગત પરંપરાથી સર્વથા દૂર હોવા છતાં, જે ઊંડું અને તળગામી સંશોધન કરી જગત સમક્ષ રજૂ કર્યું છે – પછી તે સંશોધન જર્મન ભાષામાં હોય કે ફ્રેન્ચ, રશિયન કે અંગ્રેજી આદિ ભાષામાં હોય – એની કોટિનું એક પણ સંશોધનકાર્ય ભારતીય વિદ્યાઓના અભ્યાસીએ કે અવેસ્તા, અરબી કે પરશિયન ભાષાના તળપદ વિદ્વાનોએ કર્યું છે ખરું ? આ પ્રશ્ન વધારે તો એ કારણે દુઃખ ઉપજાવે છે કે પૂર્વીય તે તે દેશના વિદ્વાનોને પોતપોતાની આચારવિચાર પરંપરા ગળથૂથીમાં જ મળેલી હોય છે, જ્યારે પાશ્ચાત્ય વિદ્વાનોને એ આચારવિચારનો સ્પર્શમાત્ર પુસ્તકોથી જ મુખ્યપણે કરવાનો હોય છે, અને એમને એ બધાં પુસ્તકો પૂર્વ દેશના વિદ્વાનોની જેમ એટલાં બધાં સુલભ પણ નથી હોતાં અને છતાં પાશ્ચાત્ય વિદ્વાનોના પોતપોતાની રુચિના વિષયોનું સંશોધન એ આપણા કોઈ પણ રીસર્ચ સ્કોલર માટે માર્ગદર્શક બની રહે છે.

આ વિશ્વવિદ્યાલયમાં ભલે થોડી શાખાઓ ખેડાય, ગમે તે ભાષાનું માધ્યમ હોય, પણ અંતિમ ધ્યેય એ હોવું જોઈએ કે અહીં શીખવાતી વિદ્યાઓ અને તેમાં થતું સંશોધન એ દેશ અને વિદેશના ઉચ્ચ અભ્યાસીઓ માટે આકર્ષક બની રહેવું જોઈએ. અને વિદેશોમાંથી જે કાંઈ મેળવી શકાય તે અહીં મેળવી શકાશે એવી શ્રદ્ધા ઉચ્ચ અભ્યાસીઓમાં પેદા કરવાનું કામ આ વિશ્વવિદ્યાલયના ધ્યેય તરીકે હોવું જોઈએ એમ હું માનું છું.

છેવટે આ વક્તવ્ય પૂરું કરતાં પહેલાં તૈત્તિરીય ઉપનિષદ્‌ના ઋષિએ ધ્યાન આપવા લાયક અને આજની દૃષ્ટિએ વધાવી લેવા જેવી જે વસ્તુ કહી છે તેનો નિર્દેશ કરવો ઉચિત લાગે છે. એમણે કહ્યું છે કે " સાચો ગુરુ હમેશાં એવી જ ઝંખના રાખતો હોય છે કે જેમ પાણી ઊંચેથી નીચે વહે છે તેમ મારી આસપાસના બ્રહ્મચારી વિદ્યાર્થીઓ સતત વીંટળાયેલા રહે.* ગુરુની આ પ્રાર્થના એ કાંઈ આર્થિક હેતુથી નથી, પણ એના મૂળમાં વિદ્યાનું આદાન-પ્રદાન ચાલુ રાખવાની અને તે દ્વારા માનવજીવનનો સ્તર ઊંચો ઉઠાવવાની આંતરિક ધગશ છે. આ પાયાની વસ્તુઓનો વિચાર આજની પરિસ્થિતિમાં કરીએ તો એમ દેખાયા વિના નહીં રહે કે જો એ રીતે આપણાં વિદ્યાલયો ચાલતા રહે તો વિદ્યાર્થીઓને પોતાના મુખ્ય ધ્યેયથી ફંટાઈ નિરર્થકપણે શક્તિ, સમય અને ધનનો ઉપયોગ કરવાની જરૂર નહીં રહે. અને શિક્ષકોને કેવળ અર્થદાસ બની યેન કેન પ્રકારેણ ગુરુપદ કે પ્રોફેસરશિપ સાચવવા માટે દોડાદોડ પણ કરવી નહીં પડે.

સરદાર વિશ્વવિદ્યાલયમાં અને અન્યત્ર પણ ઉપર સૂચવેલી પાયાની વસ્તુઓ વિષે સ્વચ્છ બુદ્ધિથી વિચાર થતો રહે તો જ તૈત્તિરીય ઉપનિષદ ઈશાવાસ્યોપનિષદ્ તથા મહાભારતના કર્તાનો એ આશય સાર્થક બને કે ભવન છોડી વનમાં ભાગવાની કે વન ત્યજી ભવનને જ વળગી રહેવાની વૃત્તિ એ માત્ર ભ્રમ છે, + જ્યાં હો ત્યાં રહી યોગ્ય રીતે પુરુષાર્થ કરવામાં આવે તો જ.

"न मानुषात् श्रेष्ठतरं हि किञ्चित्" । એ કથન સાચું ઠરે.

સમાપ્ત **પંડિત સુખલાલજી**

× यथाऽऽपः प्रवता यन्ति यथा मासा अहर्जरम्। एवं मां ब्रह्मचारिणः। धातरायन्तु सर्वतः स्वाहा।

જેમ ઢોળાવ પરથી પાણી નીચે પડે છે અને મહિનાઓ વર્ષ તરફ જાય છે, એમ હે ધાતા ! બ્રહ્મચારી શિષ્યો સર્વ તરફથી મારી પાસે આવો, સ્વાહા.

+ दान्तस्य किमरण्येन, तथाऽदान्तस्य भारत।
यत्रैव हि वसेद्दान्तस्तदरण्यं स आश्रमः ।। महा १२-१५४-३६।।

પરમાણુની ગહનતા અને વિશ્વની અગાધતા

[દિલ્હી ખાતે ગયા ઑક્ટોબર માસની તા. ૮-૯-૧૦ના રોજ ભરાયેલ ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનનાં અનુસંધાનમાં વિજ્ઞાન વિભાગના પ્રમુખ ડૉ. યશવંત ગુલાબરાય નાયકે આપેલું વ્યાખ્યાન નીચે આપવામાં આવે છે. આ વ્યાખ્યાનમાં પરમાણુની ગહનતા અને વિશ્વની અગાધતાની અત્યંત રસપ્રદ માહિતી રજૂ કરવામાં આવી છે. તંત્રી)

ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખશ્રી, ભાઈઓ અને બહેનો,

આ પરિષદના વિજ્ઞાનવિભાગના પ્રમુખ તરીકે મને નિમંત્રણ આપ્યું છે તે બદલ હું આ પરિષદના કાર્યવાહકોનો અને ખાસ કરીને અહીંની સ્વાગત સમિતિનો હાર્દિક આભાર વ્યક્ત કરું છું. ગુજરાતી સાહિત્ય પરિષદે છેલ્લાં કેટલાક વર્ષોથી વિજ્ઞાનના ભાગને વિશિષ્ટ સ્થાન આપ્યું છે તે ખરેખર બહુ આનંદની વાત છે. ગુજરાતના અગ્રગણ્ય સાહિત્યકારો તથા અન્ય સાહિત્યપ્રેમી ભાઈબહેનોને મળવાનો અને તેમની સમક્ષ વિજ્ઞાનની કેટલીક વાતો કરવાનો આ મોકો મળ્યો છે તેને લીધે હું ગૌરવ અનુભવું છું.

માનવસંસ્કૃતિના વિકાસમાં સાહિત્ય, કલા, સંગિત, ધર્મ અને તત્ત્વજ્ઞાન જે ફાળો આપે છે તેમાં વિજ્ઞાનનો પણ અગત્યનો ફાળો છે. જે જમાનામાં આપણે રહીએ છીએ તેમાં વિજ્ઞાનની અસરથી આપણે મુક્ત રહી શકીએ તેમ નથી. આજે જીવનના દરેક પાસાં ઉપર વિજ્ઞાનની સીધી કે આડકતરી અસર થયા વિના રહેતી નથી. ઉત્ક્રાંતિવાદ, સાપેક્ષવાદ અને અણુરચનાવાદે આજે એટલી બધી પ્રગતિ અને સિદ્ધિ પ્રાપ્ત કરી છે કે તેની ક્રાંતિકારક અસર સામાજિક, આર્થિક, રાજકીય અને તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે થઈ છે. જે વિશ્વમાં રહીએ છીએ તેનાં ગૂઢ રહસ્યો, તેની ઉત્પત્તિ, વિકાસ અને ભવિષ્ય અને એના અભ્યાસમાંથી પેદા થતી અનેક સમસ્યાઓ પેદા કરી છે કે તેની સમજ લોકભોગ્ય વૈજ્ઞાનિક સાહિત્ય દ્વારા કરી લેવી આવશ્યક છે. આ બાબતમાં આ યુગના મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈનના શબ્દોમાં કહીએ તો: 'બધી જનતાને વૈજ્ઞાનિક સંશોધનની પદ્ધતિ અને તેનાં પરિણામો સચેત રીતે અને પૂરી સમજથી જાણવાની તક મળે તે સૌથી અગત્યની બાબત છે. માત્ર થોડા તદ્‌જ્ઞો વડે જ દરેક નવી શોધની સિદ્ધિ, વિકાસ અને ઉપયોગીતા પ્રાપ્ત થાય તેટલું બસ નથી. બધાં વૈજ્ઞાનિક જ્ઞાનને એક નાના જૂથમાં જ પ્રર્યાપ્ત બનાવવું એ રાષ્ટ્રના તાત્ત્વિક હિતને મૃતઃપ્રાય બનાવે છે અને બૌદ્ધિક દરિદ્રતા તરફ દોરે છે."

જુદા જુદા પ્રગતિશીલ દેશોમાં, તે દેશના મહાન વૈજ્ઞાનિકોએ માત્ર તેમની વૈજ્ઞાનિક શોધખોળના લેખો પ્રસિદ્ધ કરીને જ સંતોષ માન્યો નથી, પરંતુ તે સૌએ લોકભોગ્ય શૈલીમાં વિજ્ઞાનનાં તથ્યો તેમ જ તેમની શોધની સમજ આપતાં ઘણાં પુસ્તકો લખ્યાં છે, અને તે દેશના સાહિત્યમાં મહાન ફાળો આપ્યો છે. એ ઉપરાંત અનેક વૈજ્ઞાનિકોએ પણ વિજ્ઞાનનું જ્ઞાન સુલભ બને તેવાં પુસ્તકો પ્રસિદ્ધ કરી સાહિત્યની સેવા કરી છે. પુસ્તકો, લેખો, ભાષણો અને આજે તો ચલત્-ચિત્રો, રેડિયો અને ટેલિવિઝન દ્વારા પણ વિજ્ઞાનનું જ્ઞાન ઘણું સુલભ બન્યું છે. એ દિશામાં આપણા દેશમાં અને ખાસ કરીને ગુજરાતી સાહિત્યમાં ઘણું કરવાનું બાકી છે. વિજ્ઞાનસાહિત્યનો ફાલ હવે બહુ ઝડપથી વધવા લાગ્યો છે અને અનેક સંસ્થાઓ, યુનિવર્સિટીઓ, પ્રકાશનસંસ્થાઓ દ્વારા આ કામ ઘણું ઝડપથી થવા લાગ્યું છે, એ ઘણા આનંદની વાત છે, છતાં હજી તેમાં ઘણો વેગ લાવવાની જરૂર છે.

આ પ્રસંગે હું વિશ્વની કેટલીક મૂળભૂત સમસ્યાઓના ઉકેલમાં

ભૌતિક શાસ્ત્રે કરેલી પ્રગતિ વિશે ટૂંકમાં માહિતી આપતું વકતવ્ય રજૂ કરીશ.

વિશ્વ–સૂક્ષ્મ અને વિરાટ

અનાદિ કાળથી મનુષ્યને આસપાસની સૃષ્ટિ અને અનંત અવકાશમાં દશ્યમાન થતા વિશ્વમાં પોતાનું સ્થાન શું છે તેના વિશે પ્રશ્નો ઉપસ્થિત થતા રહ્યા છે. શ્વેતાશ્વરત ઉપનિષદ્‌માં આ પ્રશ્ન છે કે:

किं कारणं ब्रह्म, कुतः स्मजाता, जीवाम केन,क च संप्रतिष्ठा।
अधिष्ठाताः केन सुखेतरेषु वर्तामहे ब्रह्मविदो व्यवस्थाम्।

આ પ્રશ્નનો બુદ્ધિગમ્ય ઉકેલ હજી મળ્યો નથી. પરંતુ એ રહસ્યને સમજવા માટે મનુષ્ય પ્રયત્નશીલ રહ્યો છે અને હજી રહેશે. એ ઉકેલના પ્રયત્નમાંથી એણે કુદરતનાં અનેક રહસ્યોની શોધ કરી છે. આ વિશ્વની રચનામાં એક બાજુ અત્યંત સૂક્ષ્મ આણુ અને પરમાણુની સૃષ્ટિ છે અને બીજી બાજુએ પ્રચંડ કદ અને દ્રવ્યના તારાઓ અને નિહારિકાની સૃષ્ટિ આવેલી છે. આ સૂક્ષ્મ અને વિરાટ વિશ્વની વચ્ચે મનુષ્ય સમતુલા જાળવે છે. વળી આ સૌ પદાર્થોમાં પોતાની ચેતનશકિત અને બુદ્ધિમત્તાને કારણે વિશ્વમાં અગત્યનું સ્થાન ભોગવે છે.

આણુ અને પરમાણુથી બનેલું સૂક્ષ્મ વિશ્વ આપણી દૃષ્ટિથી અગોચર રહે છે, તે તેની સૂક્ષ્મતાના કારણે. તારા અને નિહારિકા-રૂપી વિરાટ વિશ્વ પણ લગભગ એટલું જ અગોચર છે, તે તેની દૂરતાના કારણે. આવાં દૃષ્ટિમર્યાદા બહારનાં બંને વિશ્વો મનુષ્યે શોધેલાં સૂક્ષ્મદર્શક અને દૂરબીન વડે દશ્યમાન બને છે. પદાર્થની સૂક્ષ્મતા અને ગેબી વિશ્વની અનંતતા તેની કુશાગ્ર બુદ્ધિને પણ પરિમિત બનાવે છે અને એ બન્ને સૃષ્ટિના નિયંતાની ગેબી શકિતથી પ્રભાવિત બની તેના તરફ શ્રદ્ધા અને ભકિતભાવથી જોવા પ્રેરે છે.

પરમાણુવાદ

હિંદુસ્તાનમાં પુરાતન કાળથી સ્થૂળ જગતના પદાર્થોની રચના વિશે અનેક વાદ રજૂ થએલા છે. વ્યાસભાષ્ય (સૂત્ર ૧૯ પદ ૨)માં પરમાણુ, આણુ અને તેના એકીકરણથી મૂળભૂત પદાર્થો બને છે એવા સિદ્ધાંતનું પ્રતિપાદન કરેલું છે.

દ્રવ્યના પરમાણુવાદ ઉપર સૌથી શ્રેષ્ટ અભ્યાસ જૈન તત્ત્વ-જ્ઞાનીઓએ કરેલો હતો.

આણુની વ્યાખ્યા જૈનમતે બહુ સ્પષ્ટ હતી. આણુ એટલે અવિભાજ્ય, અવિનાશી અને અંતિમ કણ. ઈ. સ. ૪૦ના અરસામાં આ મત દુનિયામાં સૌથી પહેલવહેલો પ્રતિપાદન થયો હતો અને આણુની આવી સ્પષ્ટ અને સચોટ વ્યાખ્યા લગભગ ૧૯મી સદીના અંત સુધી વિજ્ઞાને સ્વીકારેલી હતી.

યુરોપમાં આણુવાદનો પ્રથમ પ્રણેતા ગ્રીક ફિલસૂફ ડેમોક્રિટ્સ હતો અને તે ઈ. સ. પૂર્વે ૪૬૦-૩૭૦ના અરસામાં થઈ ગયો. એણે પ્રતિપાદન કર્યું હતું કે દરેક દ્રવ્ય વિભાજીત છે, પરંતુ છેવટે તેનો એક અતિસૂક્ષ્મ કણ એવો મળશે કે જેનું વિભાજન થઈ શકશે નહિ. આ કણને એણે 'એટમ' પરમાણુ કહ્યો હતો.

પ્રાયોગિક રીતે દ્રવ્યના પરમાણુવાદનો આદ્યપિતા ડાલ્ટન હતો. એણે પરમાણુની સ્પષ્ટ સમજ આપી અને સંયોજનોના આણુ અને તત્ત્વોના પરમાણુ વચ્ચેનો ભેદ સમજાવ્યો. જો કે પરમાણુની વ્યાખ્યા તો ઓની એ જ રહી છે કે "પરમાણુ, તત્ત્વનો અંતિમ, અવિભાજ્ય અને અવિનાશી કણ છે."

આ વિશ્વનાં બધાં જ દ્રવ્યોની રચના અંતિમ ૯૨ તત્ત્વોના અવિનાશી અને અવિભાજ્ય કણો પરમાણુથી થયેલી છે.

અનેક સ્વતંત્ર પ્રયોગો દ્વારા સાબિત થયું કે દરેક તત્ત્વનાં પરમાણુમાં ત્રણ પ્રકારના પ્રાથમિક કણો રહેલા છે–પ્રોટોન, ન્યુટ્રોન અને ઈલેકટ્રોન. ઈલેકટ્રોન ઋણ–ભારવાહી પ્રાથમિક વીજકણ છે, પ્રોટોન ધનભારવાહી પ્રાથમિક દ્રવ્યકણ છે અને ન્યુટ્રોન વીજભાર વિનાનો પ્રાથમિક દ્રવ્યકણ છે. ઈલેકટ્રોન અને પ્રોટોનના વીજભાર સરખા હોવા છતાં પ્રોટોનનું વજન ઈલેકટ્રોનના કરતાં આશરે ૨૦૦૦ ગણું છે. ન્યુટ્રોન અને પ્રોટોનનું વજન લગભગ સરખું છે. એ ઉપરાંત લગભગ શૂન્ય વજનનો અને ન્યુટ્રોન જેવા એક વીજભારરહિત પ્રાથમિક કણનું અસ્તિત્ત્વ સાબિત થયું. તે કણ છે ન્યુટ્રિનો.

આ શોધથી ૧૯મી સદીના અંતે વૈજ્ઞાનિકોએ સ્વીકારેલા અવિ-ભાજ્ય અને અંતિમ મનાતા આણુવાદનો અંત આવ્યો. આણુઓ ગોળાકાર લખોટા જેવા એકરૂપ દ્રવ્યના અંતિમ કણો ગણાતા તેને બદલે હવે પ્રયોગોથી સાબિત થયું છે કે આણુઓ પણ વિભાજ્ય છે.

દરેક આણુ એક સૂક્ષ્મ સૂર્યમંડળની પ્રતિકૃતિ રૂપ છે. પરમાણુ-ના મંડળની નાભી અથવા કેન્દ્રમાં પ્રોટોન અને ન્યુટ્રોન રૂપે સૂર્યો રહેલા છે અને ઈલેકટ્રોન રૂપી ગ્રહો તે નાભીની ફરતે વિવિધ કક્ષામાં પ્રચંડ ઝડપે પ્રદક્ષિણા કરતા હોય છે. આમ જે રચના આકા-શની અનંત સૃષ્ટિમાં વિરાટ સ્વરૂપે દૃષ્ટિગોચર થાય છે તેવી જ રચના કુદરતે સૌથી સૂક્ષ્મ દ્રવ્યના આણુમાં પણ સંસ્થાપીત કરેલી છે.

પરમાણુ વિશ્વનાં પરિમાણ

આ પરમાણુરૂપી સૂક્ષ્મ વિશ્વના કદ અને તેની અનંત સંખ્યાનો ખ્યાલ પણ કરવો જરૂરી છે. દ્રવ્યોનો સૌથી સૂક્ષ્મ વજનનો કણ ઈલેકટ્રોન છે. એનું વજન ૧૦–૨૭ ગ્રામ જેટલું ગણાય છે. એ ઈલેકટ્રોનનું કદ પણ એટલું સૂક્ષ્મ છે કે જો એકડા ઉપર ૧૩ મીંડા ચડાવીને જે સંખ્યા આવે તે, એટલે કે દસ હજાર અબજ ઈલેકટ્રોનને પાસે પાસે મૂકીએ તો તેની લંબાઈ માત્ર એક સેંટિ-મીટર થાય. એક ગ્રામ જેટલા ઈલેકટ્રોનનો સંગ્રહ કરવો હોય તો આપણને અબજ–અબજ–અબજ અથવા એકડા પછી સત્તાવીશ મીંડાથી મળતી સંખ્યાના ઈલેકટ્રોન મળશે. આ સંખ્યા શું છે તેનો ખ્યાલ કરવો કઠિન છે. છતાં માનો કે આ એક ગ્રામ વજનના ઈલેકટ્રોનની આપણે ગણતરી કરવી છે. આ ગણતરી કરવામાં આપણે પૃથ્વી ઉપરના આબાલવૃદ્ધ દરેક વ્યકિતને ગણતરી કરવા બેસાડીએ અને દિનરાત એકેએક ક્ષણ આ જ કામ કરે, અને ધારો કે દર સેકંડે દરેક વ્યકિત ૧૦ ઈલેકટ્રોન ગણતી હોય તો એક ગ્રામ વજ-નના ઈલેકટ્રોનને ગણતાં આશરે ૧ કરોડ જેટલાં વર્ષો બાદ આ ગણતરીનો અંત આવે તેમ છે. માંડ ૧૦૦ વર્ષના આવરદાવાળી માનવજાતની કેટલી પેઢી સુધી રાતદિન આ એક જ કામ કરવું પડે તેનો ખ્યાલ કરી શકાશે.

હવે પરમાણુની ભિતરમાં ડોકિયું કરશું તો માલૂમ પડે છે કે તેની રચનામાં પ્રોટોન, ન્યુટ્રોન અને ઈલેકટ્રોન રૂપી દ્રવ્ય અત્યંત સૂક્ષ્મ જગા રોકે છે. જ્યારે પરમાણુના કદનો ઘણો મોટો વિસ્તાર ખાલી જગા અથવા અવકાશ જ હોય છે. જો એક હાઈડ્રોજનના પરમાણુ-ને પૃથ્વી જેવડો કરીએ તો તેના ૪૦૦૦ માઈલ ત્રિજ્યાના ગોળાના કદમાં નાભીના ભાગમાં એક નાનો સરખો ક્રિકેટનો દડો મૂકીએ અને પૃથ્વીના ગોળાની સપાટી ઉપર એક ફૂટબોલ મૂકીએ તો, દડો કેન્દ્રમાં રહેલા પ્રોટોન તથા ન્યુટ્રોન દર્શાવશે જ્યારે ફૂટબોલનો દડો ઈલેકટ્રોન દર્શાવશે, અને બાકીની બધી જ ખાલી જગ્યા રહેશે.

આખી પૃથ્વીના દરેક પરમાણુના દ્રવ્યને એટલે કે તેના પ્રોટોન, ન્યુટ્રોન અને ઈલેકટ્રોન રૂપ દ્રવ્યના કણોને સંકોચીને ભેગું કરી શકાય તો તે બધું જ દ્રવ્ય એક નાના સરખા માટીના ઘડામાં સમાઈ શકે. આમ જોતાં સૃષ્ટિના આણુ પરમાણુમાં દ્રવ્યનો ભાગ બહુ જ સૂક્ષ્મ છે, અને મોટા ભાગની જગા ખાલી છે. આપણા શરીરમાં રહેલું દ્રવ્ય જો ભેગું લાવી શકાય તો તે એક ટાંકણીની અણી ઉપર રહી શકે અને તેને સૂક્ષ્મદર્શકથી શોધવું પડે.

ક્વોન્ટમવાદ અને દ્રવ્યનો તરંગવાદ

આ સદીની શરૂઆતમાં પ્રકાશમાં રંગપટનો અભ્યાસ કરતાં અને બીજી અનેક ઘટનામાં નવી અણધારેલી સૈદ્ધાંતિક મુશ્કેલીઓ

ઊભી થઈ પ્રશિષ્ટ (ક્લાસિકલ) ભૌતિકશાસ્ત્રના પાયા ડગમગી ગયા. આ નવીન ઘટનાઓને ભૌતિક નિયમો વડે સમજાવવામાં એક નવાં કુદરતનાં રહસ્યનો ભેદ મૅક્ષ પ્લેંક નામના મહાન જર્મન વૈજ્ઞાનિકે ઉકેલ્યો અને એક ક્રાંતિકારક ક્વોન્ટમવાદનો સિદ્ધાંત પ્રતિપાદન કર્યો. એણે બતાવ્યું કે જેમ દ્રવ્ય અનેક નાના કણોનું બનેલું છે, તેમ પ્રકાશની અને પદાર્થોની શક્તિના પણ કણો અથવા શક્તિપૂંજ (ક્વોન્ટમ) હોય છે અને તે અવિભાજ્ય હોય છે. ખાસ કરીને સૂક્ષ્મ જગતની ઘટનામાં દરેકમાં આ ક્વોન્ટમવાદ આવશ્યક બન્યો.

આ વાદે શક્તિ અને તેજને પણ અણુમય સાબિત કર્યો અને ભૌતિકશાસ્ત્રમાં એક પ્રશિષ્ટ ભૌતિકવાદનો અંત આવ્યો અને આધુનિક ભૌતિકશાસ્ત્રની શરૂઆત થઈ.

૧૯૨૫થી ૧૯૨૭ ના અરસામાં ભૌતિકશાસ્ત્રમાં એક બીજી ક્રાંતિનો ઉદ્‌ભવ થયો. આ ક્રાંતિના પ્રણેતાઓ લૂઈ ડિ બ્રોગલી, હાઈઝનબર્ગ અને સ્ક્રોડિંગર નામના યુવાન ભૌતિકશાસ્ત્રીઓ હતા. તેમણે દ્રવ્યના નક્કરપણાને અને દ્રવ્યકણોની સ્થૂલતાને નષ્ટ કરીને નવો વાદ પ્રતિપાદન કર્યો અને તેને તરંગવાદ કહે છે.

આ નવા તરંગવાદથી એક નવી પરિસ્થિતિ પેદા થઈ. હવે દ્રવ્યનું સ્થૂળ અસ્તિત્ત્વ પણ અગોચર થવા લાગ્યું. દ્રવ્ય એટલે નાના મોટા તરંગોનાં જથ્થ. કુદરતે સૂક્ષ્મમાં છુપાવેલાં રહસ્યો જેમ જેમ મનુષ્ય ઉકેલતો જાય છે તેમ તેમાંથી અદ્‌ભુત અને આશ્ચર્યજનક નવીન તથ્યો મળતાં જાય છે. મનુષ્યે કલ્પેલી અનેક પાયાની બાબતો અને કલ્પનાઓ ભાંગીને ભૂકો થઈ જાય છે અને નવીન ભૂમિકાની નવેસરથી ઈમારતો ચણાય છે.

દ્રવ્ય અને શક્તિનો સમન્વય

માત્ર કાગળ અને પેન્સિલની ગણતરીથી આઈન્સ્ટાઈને ૧૯૦૫ માં એક સાદું સૂત્ર નક્કી કરતો માત્ર પાંચ પાનાનો એક નિબંધ લખ્યો હતો. એ સૂત્ર છે: $E=Mc.2$. આ સાદા સૂત્રમાં એક અતિ મહાન કુદરતી રહસ્યને ઉકેલવામાં આવ્યું હતું. એ સૂત્રમાંથી ફલિત થાય છે કે દ્રવ્ય અને શક્તિ એ એકમેકનાં જુદાં સ્વરૂપો છે. પરમાણુશક્તિનું રહસ્ય આ સાદા સૂત્રમાં સમાયેલું છે, પરંતુ તેની મહત્તા પરમાણુના સ્ફોટ દ્વારા જ પૂર્ણ રીતે પ્રકાશમાં આવી.

જેમ દ્રવ્યમાંથી શક્તિ પેદા થઈ શકે છે તેમ શક્તિમાંથી દ્રવ્યના કણો પણ પેદા થઈ શકે છે. દાખલા તરીકે કૉસ્મિક કિરણોની તેજ-શક્તિ અત્યંત પ્રબળ હોય છે. એવાં પ્રકાશનાં કિરણને કોઈ રીતે એકાએક સ્થગિત કરી શકીએ તો તેનું રૂપાંતર દ્રવ્યમાં થઈ શકે છે. આ ઘટના પ્રયોગથી પુરવાર થઈ છે. આઈન્સ્ટાઈનની અપૂર્વ બુદ્ધિ અને તેની મહાન સિદ્ધિ તરફ નમ્રતા અને આદરના ભાવથી આપણું મસ્તક નીચે નમે છે.

પરમાણુ શક્તિ યુગ

૧૯૪૫ ના ઑગસ્ટની ૬ ઠ્ઠી તારીખનો એ દિવસ હતો, સવારે ૮–૧૫ વાગે જાપાનના હિરોશીમા શહેરના નાગરિકો પ્રાતઃકાળની દિનચર્યા પૂરી કરતા હતા. ત્યાં શહેરના મધ્યભાગમાં હજારો સૂર્યોના તેજવાળો એક પ્રચંડ ચમકારો થયો. એ તેજની પ્રદીપ્ત જ્વાળા અને પ્રચંડ ગરમીથી ક્ષણભરમાં શહેરનાં મોટા ભાગનાં મકાનો, મોટી ઈમારતો અને તેમાં રહેતી વસતી બળીને ભસ્મીભૂત થઈ ગઈ. એ ચમકારા પછી ભયાનક ગડગડાટોથી ધરણી ધ્રુજી ઊઠી અને અતિ ઉષ્ણ અને દાહક પવનો ચોમેર ફરી વળ્યા. બિલાડીના ટોપ જેવું વાદળ ભૂમિતળમાંથી સાતથી આઠ માઈલ ઊંચે ચઢી જઈ તેની છત્રી રૂપી ટોપ માઈલોના વિસ્તારોનાં વાતાવરણમાં વ્યાપી ગયો. આ હતો પ્રથમ પરમાણુ બોંબનો સ્ફોટ. આખું જગત આ ઘટનાના સમાચારથી સ્તબ્ધ થઈ ગયું. આ દિવસે દુનિયાના ઈતિહાસમાં નવો યુગ બેઠો. એ પરમાણુશક્તિનો યુગ હતો.

આ બોંબ ફેંકાયો તે પહેલા ૧૯૪૦ થી અમેરિકામાં પરમાણુ બોંબ તૈયાર કરવા માટે મોટી પ્રયોગશાળામાં હજારો વૈજ્ઞાનિકો તથા ઈજનેરોને ત્યાંની સરકારે રોકેલા હતા. એની તૈયારી પાછળ દુનિયાના સૌથી ઉત્કૃષ્ટ કોટીના ભૌતિકશાસ્ત્રીઓની સેવા મેળવવામાં આવી હતી. આ બે વિનાશક બોંબનો સ્ફોટ જાહેરમાં થયો તે પહેલાં ૧૯૪૫ ના જુલાઈની ૧૬મી તારીખે એટલે કે માત્ર વીસ દિવસ અગાઉ ન્યુ મૅક્સિકોના આલમોગોર્ડોના રણમાં વૈજ્ઞાનિકોએ પરમાણુ બોંબનો પરખ (Trial) સ્ફોટ મળસ્કે ૫-૩૦ વાગે ઘણી જ ગુપ્તતાથી કર્યો હતો.

આ અદ્વિતીય તેજ અને શક્તિના ચમકારાવાળો સ્ફોટ જોતાં એ બોંબની રચના કરનાર જગતના મહાન વૈજ્ઞાનિક ઓપનહાઈમરના મુખમાંથી નીચેના શબ્દો અને તે પણ સંસ્કૃત ભાષામાં નીકળી પડયા.

"कालोस्मि लोकक्षयकृत्प्रवृद्धो लोकान् समाहर्तुमिह प्रवृत्तः।"

(જગતનો નાશ કરનાર, વૃદ્ધિ પામેલો કાળ હું છું, અને મનુષ્યોનો સંહાર કરવા માટે હું આ લોકમાં આવ્યો છું.)

ઓપેનહાઈમર ગીતાનો ઉપાસક હતો. તેનું આ ઉદ્‌બોધન ખરેખર મહાસત્ય હતું. પરમાણુ બોંબ વડે અમોઘ શક્તિના સ્ફોટમાં તેને વિશ્વરૂપ દર્શન થયું. એણે એક ભયાનક સંહારના શસ્ત્ર તરફ આંગળી ચીંધી માનવજીવન અને તેની સંસ્કૃતિના વિનાશની શક્યતા તરફ ધ્યાન દોર્યું. વીસ જ દિવસ પછી આ વિરાટ સ્વરૂપ કાળની જગતને ઝાંખી થઈ. ઓપનહાઈમરે પરમાણુ બોંબના માનવ સંહાર માટે થયેલા ઉપયોગ પ્રત્યે વિરોધ બતાવ્યો અને તેથી તેને આજીવન સહન પણ કરવું પડયું.

પરમાણુબોંબ અને હાઈડ્રોજન બોંબના કાર્યમાં બે વિરુદ્ધ પ્રકારની પ્રક્રિયા પેદા થાય છે. પરમાણુ બોંબમાં ભંજનક્રિયા fission થાય છે અને ન્યુરેનિયમ અથવા પ્લુટોનિયમ જેવા સૌથી ભારે અણુના નાભી (ન્યુક્લિઅસ) લગભગ બે સરખા ભાગમાં વિભકત થાય છે. આ વિભાજનમાં થોડું દ્રવ્ય નાશ પામે છે અને તેમાંથી શક્તિ પેદા થાય છે. હાઈડ્રોજન બોંબમાં હાઈડ્રોજન જેવા સૌથી હલકા વજનના ચાર પરમાણુના, નાભીનું સંગઠન (fusion) થાય છે અને હાઈડ્રોજન કરતા આશરે ચાર ગણો ભારે હિલિયમનો પરમાણુ પેદા થાય છે. આ ક્રિયામાં પણ થોડાં દ્રવ્યનો નાશ થાય છે, અને તેમાંથી પરમાણું બોંબ કરતાં લગભગ ૨૦૦ ગણી શકિત બહાર પડે છે.

આ હાઈડ્રોજન બોંબમાં હાઈડ્રોજનના પરમાણુનું સંગઠન કરવા માટે પ્રચંડ દબાણ અને ઘણું ઊંચું–સૂર્યની ભીતરમાં હોય તેટલું–ઉષ્ણતામાન પેદા કરવું પડે છે. આ બંને આવશ્યકતાઓ પ્રથમ સાદા પરમાણુ બોંબના સ્ફોટથી પેદા કરીને પછી હાઈડ્રોજનના પરમાણુની સંગઠન ક્રિયા પેદા કરવામાં આવે છે.

શરૂઆતનો પરમાણુ બોંબ માનવીના વિનાશ માટે વપરાતો હતો. ત્યારપછી રાષ્ટ્રોની સમજૂતીથી આજ સુધી આ બોંબનો ઉપયોગ થયો નથી; પરંતુ પરમાણુ શક્તિનો શાંતિમય ઉપયોગ આજે અનેક દિશામાં થઈ રહ્યો છે. પરમાણુ શક્તિનો શાંતિમય ઉપયોગ માનવજાતને અનેક રીતે ઉપકારક થશે અને એના સુખચેનમાં વધારો કરશે તેમાં શંકા નથી. પરંતુ માનવજાતને માથે પરમાણુ શક્તિનો યુદ્ધમાં ઉપયોગ થવાની મોટી ભીતી ઊભી જ છે. જો કોઈ દિવસ ફરીથી વિશ્વયુદ્ધ ફાટી નીકળે તો પરમાણુ બોંબ આખી સૃષ્ટિનો વિનાશ કરશે તેમાં શંકા નથી. આ ભયનું મૂર્ત સ્વરૂપ સમજવામાં આઈન્સ્ટાઈને આપેલા એક ઉત્તરમાં બહુ સ્પષ્ટ દેખાઈ આવે છે. કોઈએ એને પ્રશ્ન કર્યો કે "હવે પછીનું ત્રીજું વિશ્વયુદ્ધ કેવાં શસ્ત્રાસ્ત્રોથી લડાશે?" આઈનસ્ટાઈને જવાબ આપ્યો કે "ત્રીજા વિશ્વયુદ્ધ વિષે હું ઝાઝું કહી નહિ શકું, પરંતુ ત્યાર પછી જો ચોથું વિશ્વયુદ્ધ થશે તો તેમાં માણસ પથ્થર, ઢેખાળા અને ડંડાથી લડશે એમ હું નિશ્ચિતપણે કહી શકું." આ જવાબમાંથી ફલિત થાય છે કે ત્રીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળે તો તેમાંથી માનવજાતની સમસ્ત સંસ્કૃતિ અને સિદ્ધિનો નાશ થશે.

કૉસ્મિક કિરણો

આપણી પૃથ્વી ઉપર ચોમેરથી અદશ્ય અને પ્રચંડ શક્તિશાળી કણો અને કિરણોનો વરસાદ રાતદિન વરસ્યા કરે છે. આ કિરણો અવકાશમાંથી દૂર દૂર આવેલી નિહારિકામાંથી અવિરત આવ્યા કરે છે. આ કણો અત્યંત શક્તિશાળી છે અને તે વાતાવરણમાં હવાના અણુ સાથે અથડાઈને અનેક પ્રકારની પ્રક્રિયાએ વડે બીજાં ગૌણ કિરણો પેદા કરે છે.

અપૂર્ણ

ડૉ. યશવંત ગુલાબરાય નાયક

☆ પ્રકીર્ણ નોંધ ☆

એક શીલમૂર્તિ સન્નારીનો દુ:ખદ દેહવિલય : આદર-અંજલિ

શ્રી વાલજી ગોવિંદજી દેસાઈને પ્રબુદ્ધ જીવનના વાચકો ન ઓળખતા હોય એ સંભવિત નથી. તેઓ મૂળ રાજકોટના. બી. એ.નાં છેલ્લાં બે વર્ષ દરમિયાન અમે એલ્ફિન્સ્ટન કૉલેજમાં સાથે ભણતા ત્યારથી અથવા કદાચ તે પહેલાંથી અમારા મૈત્રીસંબંધની શરૂઆત થયેલી. હું અભ્યાસ પૂરો થતાં અર્થલક્ષી વ્યવસાયી જીવન તરફ વળ્યો. તેઓ અધ્યાપનનો વ્યવસાય સ્વીકારીને શરૂઆતમાં ઘણું ખરું ગુજરાત કૉલેજમાં, પણ પછી તો બનારસ હિન્દુ યુનિવર્સિટી સાથે અમુક સમય સુધી જોડાયેલા રહેલા. આગળ જતાં સાબરમતીના કિનારે સત્યાગ્રહ આશ્રમનું નિર્માણ થયા બાદ તેઓ સહકુટુંબ આશ્રમમાં દાખલ થયા અને ગાંધીજીના વિશાળ પરિવારમાંના તેઓ એક બન્યા. અસહકારની લડત દરમિયાન તેઓ ગાંધીજીના જેલ-સાથી બનેલાં. પછી પણ આપણી આઝાદીની લડતના સવિનય સત્યાગ્રહના તબક્કા દરમિયાન તેમણે જેલવાસ સ્વીકારેલ. ત્યાર બાદ જ્યારે ગાંધીજી અમદાવાદ છોડીને વર્ધા-સેવાગ્રામ ગયા ત્યારે તેઓ સહકુટુંબ પૂના જઈને વસ્યા. તેઓ અનુક્રમે પાંચ પુત્રોના પિતા થયા. આમાં સૌથી મોટા મહેન્દ્ર દેસાઈ છે, જેઓ આજે દિલ્હી ખાતે પ્લાનીંગ કમિશનમાં કામ કરે છે. બીજા પુત્રો પણ આજે આધુનિક શિક્ષણ બહુ ઊંચી માત્રામાં પ્રાપ્ત કરીને મુંબઈ, વડોદરા, દિલ્હી વગેરે સ્થળોએ વ્યવસાયી જીવનમાં સુસ્થિર થયા છે. વાલજીભાઈ આજ સુધી પૂનામાં જ તેમનાં પત્ની દ્રુધીબહેન સાથે જીવન વ્યતીત કરી રહ્યા હતા.

જાન્યુઆરી માસની ૨૧ મી તારીખે વિધાતાએ આ તપસ્વી યુગલને ખંડિત કર્યું અને સૌ. દ્રુધીબહેનનું બહુ ટુંકી માંદગીના પરિણામે અવસાન થયું. સાધારણ રીતે વિશેષ કોટિના પુરુષો પોતાનાં કાર્ય અને લખાણો દ્વારા તેમ જ દેશની મહાન વ્યક્તિઓ સાથેના સીધા સંપર્કના કારણે સહજ ખ્યાતિ અને આદરને પ્રાપ્ત કરે છે, પણ તેમના જીવનને સફળ અને સભર બનાવવામાં અને તેમનાં સંતાનોને ઉંચા સંસ્કારો આપવામાં તેમની પત્નીઓનો જે અતિ મહત્ત્વનો ફાળો હોય છે તેની ભાગ્યે જ નોંધ લેવાય છે. દ્રુધીબહેન આદર્શ પત્ની હતાં, આદર્શ માતા હતાં, એટલું જ નહિ પણ, સામાન્ય સ્ત્રીઓમાં પણ તેઓ અસામાન્ય કોટિનાં સન્નારી હતાં. વાલજીભાઈ વિદ્વાન, ત્યાગી અને આદર્શ-પરાયણ જીવનને વરેલાં ખરા, પણ સાથે સાથે અમુક પ્રકારનું જીદ્દીપણું પણ તેમની પ્રકૃતિમાં રહેલું જ છે. આ વૈચિત્ર્યને સંભાળીને પૂરી કરકસર પૂર્વકનો ગૃહસ્થાશ્રમ ચલાવવો અને એક પછી એક તેમના જીવનમાં પ્રવેશ કરતાં તેજસ્વી બાળકોને ઉછેરવા-મોટા કરવા-અને પોતાના પરિચયમાં આવનાર સૌ કોઈનો ઉદાર આતિથ્ય વડે આદર અને સ્નેહ સંપાદન કરવો – સૌ. દ્રુધીબહેનની જીવનભરની આ અસાધારણ તપશ્ચર્યા હતી. તેમના અવસાન બાદ પૂજ્ય કેદારનાથજીને મળવાનું બનતાં અને દ્રુધીબહેન વિષે વાત નીકળતાં તેમણે જણાવ્યું કે "આશ્રમમાં મેં જે કેટલાંક વર્ષો ગાળ્યાં તે દરમિયાન ત્રણ બહેનો મારા ઊંડા અને અસાધારણ આદરને પાત્ર બની હતી. એક સ્વ. મહાદેવભાઈના પત્ની દુર્ગા બહેન, બીજાં સ્વ. છગનલાલ ગાંધીના પત્ની કાશીબહેન, અને ત્રીજાં વાલજીભાઈના પત્ની દ્રુધીબહેન." નાથજી જેમના વિષે આવો આદરભાવ વ્યકત કરે છે તેમના વ્યકિતત્વના વિશેષ કોઈ મૂલ્યાંકનની જરૂર નથી. તેઓ સદા સ્વસ્થ, પ્રસન્ન અને સંતુષ્ટ હતાં.

હજુ વાલજીભાઈ અને દ્રુધીબહેન થોડા જ દિવસ પહેલાં મુંબઈ આવેલાં અને તેમના પુત્ર ચિ. ભાઈ વિમલને ત્યાં મળવાનું બનેલું. તે વખતે જોયેલી દ્રુધીબહેનની સૌમ્યમૂર્તિ આંખો આગળ આવે છે અને આંખો અશ્રુભીની બને છે. વાલજીભાઈ સાથેની મારી મૈત્રી આજ સુધી અખંડિત અને પૂર્વવત્ ઉષ્માભરી રહી છે. તેમના જીવનના આ દુ:ખદ પ્રસંગે તેમના વિષે મારું દિલ ઊંડી સહાનુભૂતિનું સંવેદન અનુભવે છે. દ્રુધીબહેન પોતાના જીવનને સર્વ પ્રકારે સભર અને સફળ કરીને અખંડ સૌભાગ્યપદને પામ્યાં છે. તેમની તપશ્ચર્યાને, શીલને, જેના વડે વાલજીભાઈનું જીવન ધન્ય બન્યું છે તેવા તેમના નિષ્ઠાવાન સાહચર્યને મારું અંતર ભાવ અને ભક્તિપૂર્વક નમે છે.

ઘૃણાનું કરુણામાં પરિવર્તન

પ્રબુદ્ધ જીવનના તા.૧-૧-૬૮ના 'આપણે કયાં જઈ રહ્યા છીએ?' એ મથાળા નીચે, ગુજરાત સમાચારમાં ૩૦ વર્ષના એક યુવાન એન્જિનિયરે પોતાની સાથે રખાત તરીકે રહેવા માટે ૨૨ વર્ષની સ્વતંત્રપણે કમાતી યુવતી જોઈએ છે એ મુજબ કરેલી જાહેરાત ઉપર બહેન ગીતા પરીખનું એક ચર્ચાપત્ર પ્રગટ કરવામાં આવ્યું હતું અને બીજું એક 'અકવિ' નું રચેલું કાવ્ય પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ તા. ૪-૧-૬૮ ના ગુજરાત સમાચારમાં એવા સમાચાર પ્રગટ કરવામાં આવ્યા છે કે યુવતી માટે માગણી કરતી ખૂબ જ ચર્ચાસ્પદ નીવડેલી જાહેરખબર આપનાર એ એન્જિનિયર યુવાને તા. ૨૧ મી ડિસેમ્બરના રોજ આપઘાત કરીને પોતાની જિંદગીનો કરુણ અંત આણ્યો છે. એવું જાણવા મળે છે કે આ શિક્ષિત યુવાન, તેની પત્ની પિયર ચાલી જતાં કંટાળી ગયો હતો અને જિંદગીથી કંટાળી ગયો હતો. તેનું નામ છે મહેન્દ્રકુમાર અંબેલાલ દેસાઈ.

આમ જે યુવાને ઉપરની જાહેરાત આપીને આપણા દિલમાં પોતાના વિષે એક પ્રકારની ઘૃણા પેદા કરી હતી તે જ યુવાન આ રીતે જ્યારે આપઘાત કરે છે ત્યારે તેના વિષેની ઘૃણા કરુણામાં પલટાઈ જાય છે અને જેને આવી બાબતમાં આપઘાત કરવા સુધી જવું પડયું તે યુવાનના અંગત સંયોગો – જે વિષે આપણે લગભગ કશું જ જાણતા નહોતા તે સંયોગો – ખરેખર કેવા અસહ્ય હશે, નહિ તો તે આપઘાત શા માટે કરે?–આ રીતે આ યુવાન વિષેની ઘૃણા ઓસરી જાય છે અને આપણું દિલ ન સમજાય એવી સહાનુભૂતિ અનુભવવા માંડે છે અને તેના વિષે કશું વિશેષ જાણ્યા સિવાય તે અંગે આપણે ઘૃણાત્મક ઉદ્‌ગારો કાઢવા લાગ્યા તે શું બરોબર હતું? એવો પ્રશ્ન આપણી સામે આવીને ઊભો રહે છે. અને who are we to judge others? – અન્ય વિષે અભિપ્રાય આપનાર – ન્યાય ચૂકવનાર – આપણે કોણ? એવો નમ્ર ભાવ આપણા ચિત્ત ઉપર સવાર થાય છે. આ ઉપરથી સાર એ તારવવાનો રહે છે કે આપણે રોજ-બ-રોજ બનતી ઘટનાઓ જોઈએ છીએ, સાંભળીએ છીએ, એની ઉપેક્ષા કરીને ચાલવાનું આપણા માટે શકય હોતું નથી. આમ છતાં પણ, તે ઘટનાઓ અંગે તેમ જ તેમાં સંડોવાયેલ વ્યકિતઓ અંગે પૂરું જાણ્યા સિવાય અભિપ્રાય બાંધવાની અને જાહેર કરવાની ઉતાવળ ન કરીએ. એકાએક તિરસ્કાર કે ઘૃણા તરફ ન ઢળતાં થોડી ધીરજ રાખીએ, વધારે ઊંડાણથી જોવા સમજવાનો આગ્રહ રાખીએ, અને જરૂર વિના અભિપ્રાયો જાહેરમાં મૂકવાની અધીરાઈથી આપણે બચતા રહીએ. જોઈએ, સાંભળીએ બધું, બોલીએ થોડું. પ્રસ્તુત યુવાને આપેલી જાહેરાત અને તરતમાં તેણે કરેલો આપઘાત – આ બે ઘટનાઓમાંથી આપણે આટલો બોધ તારવીએ તો આપણે ઘણા લોકોને અન્યાય કરતા બચી જઈએ. એ યુવાને આપઘાત કરીને – મરણનું શરણ લઈને – આપણા મોઢાં બંધ કરી દીધા છે – આવું કાંઈક સંવેદન આપણે અનુભવીએ છીએ. તેનું પોસ્ટમોર્ટમ કરવાનો હવે કંઈ અર્થ નથી–આવું કાંઈક આપણને લાગે છે. તેના અસ્વસ્થ આત્માને શાન્તિ પ્રાપ્ત થાઓ એવી કાંઈક પ્રાર્થના આપણા દિલમાં સ્ફૂરે છે.

દેશના આધ્યાત્મિક પુનરુત્થાન અર્થે આચાર્ય રજનીશજીએ રજૂ કરેલી પ્રતિષ્ઠાનની યોજના

તા. ૧૧-૧-'૬૮ ના રોજ મુંબઈ ખાતે બોલાવવામાં આવેલી પત્રકાર પરિષદ સમક્ષ ઉપર જણાવેલ પ્રતિષ્ઠાન અંગે જે જાહેરાત કરી હતી તેનો તા. ૧૨-૧-૬૮ ના જન્મભૂમિમાં નીચે મુજબ અહેવાલ પ્રગટ થયો હતો :

"તેમણે કહ્યું કે આ કેન્દ્ર પાછળ શરૂઆતમાં દસ લાખ રૂપિયાનો ખર્ચ અંદાજાયો છે અને એટલી રકમ દાતાઓ પાસેથી મળી ચૂકી છે. આ કેન્દ્રના તમામ વિભાગો શરૂ કરવા જતાં તો ખૂબ

મોટી રકમ જોઈશે, પણ કેન્દ્ર માટે ઘણા લોકો ઝંખી રહ્યા છે અને પૈસાનો પ્રશ્ન નહિ રહે એમ લાગે છે.

"કેન્દ્ર અંગેની વિગતો આપતાં તેમણે જણાવ્યું કે શરૂઆતમાં એક હજાર જેટલા વિદ્યાર્થીઓ માટે છાત્રાવાસ શરૂ કરવાનો વિચાર છે. એ વિદ્યાર્થીઓ ગમે તે કૉલેજમાં ભણે, પણ આ છાત્રાવાસમાં રહે અને ત્યાં તેમની જીવનપદ્ધતિ બદલવા – સુધારવાનો પ્રયાસ કરવામાં આવશે. આવાં છાત્રાલયો ભવિષ્યમાં દેશમાં અન્યત્ર પણ શરૂ કરવાનો વિચાર છે.

"આ ઉપરાંત ૫૦ જેટલી કુટિરો બાંધી તેમાં ૫૧ વર્ષથી ઓછી વયના માણસોને સપરિવાર દર વરસે એકથી ત્રણ માસ રહેવાની સગવડ આપી તેમને ધ્યાન, આસન, મનન, આરોગ્ય વગેરે માટે માર્ગદર્શન અપાશે. પંચાવન વર્ષથી વધુ વયનાં માણસો આ કેન્દ્રમાં કાયમ માટે રહી શકશે.

"આચાર્યશ્રીએ જણાવ્યું કે આજના યુવકોમાં પ્રવર્તતી ખંડનાત્મક વૃત્તિને બદલે તેમને રચનાત્મક માર્ગે વાળવાના હેતુવાળા યુવકશિબિરો પણ આ કેન્દ્ર તરફથી યોજવામાં આવશે. આવી જ રીતે બાળકોમાં સર્જનાત્મક વૃત્તિ ખીલે તેવી યોજના પણ અમલમાં મૂકવામાં આવશે.

"કેન્દ્ર ખાતે બધા ધર્મોનાં પુસ્તકો, સંશોધન માટેની સામગ્રી વગેરે સાથેનું એક વાચનાલય પણ રાખવામાં આવશે જે પૂર્વના ધર્મજ્ઞાન અને પશ્ચિમના વિજ્ઞાનને સમજવામાં પુલની ગરજ સારે તેવું બની રહેશે.

"આચાર્યશ્રીએ કહ્યું કે આપણા દેશે જગતને સંન્યાસની અને પશ્ચિમે વિજ્ઞાનની ભેટ આપી છે. પણ આપણા સંન્યાસી આજે પરોપજીવી અને બોજારૂપ બની ગયા છે. સંન્યાસી જ્યો જોઈએ અને સંન્યાસ ટકવો જોઈએ એ હેતુથી અમારી સંસ્થા સંસારીઓને આધ્યાત્મિક માર્ગે વળવાની તક ઝડપવા દર વર્ષે એક માસ માટે સ્વીકારશે."

આજના સમયમાં આધ્યાત્મિક પુનરુત્થાનને લક્ષમાં રાખીને કોઈ પણ પ્રવૃત્તિનો પ્રારંભ કરવાનો વિચાર રજૂ કરવામાં આવે તો તે આવકારપાત્ર લેખાવો ઘટે. આ દૃષ્ટિએ આચાર્ય રજનીશજીની પ્રેરણા અને માર્ગદર્શન નીચે આધ્યાત્મિક પુનરુત્થાન અર્થે એક ભવ્ય પ્રતિષ્ઠાન ઊભું કરવાની જે યોજના ઉપર આપેલ પત્રકારપરિષદ્‌માં રજૂ કરવામાં આવી છે તેને આપણે જરૂર અભિનન્દીએ. આમ છતાં તે અંગે એક બે વિચાર આવે છે તેની અહીં રજૂઆત અસ્થાને નહિ લેખાય.

આચાર્ય રજનીશજીને માટે એક એવું મિલનકેન્દ્ર ઊભું થવાની જરૂર હતી જ કે જ્યાં તેઓ સ્થાયીપણે વસી શકે અને જ્યાં તેમને મળવાની અને તેમના સહવાસની અપેક્ષા ધરાવનાર જિજ્ઞાસુઓને રહેવા વગેરેની સુવિધા પણ હોઈ શકે. જ્યાં સુધી તેઓ જબલપુરની મહાકોશલ યુનિવર્સિટી સાથે જોડાયેલા હતા ત્યાં સુધી જબલપુર છોડવાનું તેમના માટે શકય નહોતું. પણ તે પ્રકારના અધ્યાપન – વ્યવસાયથી લગભગ બે વર્ષથી તેઓ નિવૃત્ત થયા છે, તેથી જબલપુરનું તેમના માથે હવે કોઈ બંધન નથી. આ પરિસ્થિતિમાં ગુજરાત કે મહારાષ્ટ્ર જ્યાં તેમના પ્રશંસકો અને તેમનો વિશેષ લાભ મળે એવી અપેક્ષા ધરાવતા મિત્રોનો વિશેષ વસવાટ છે એવા પ્રદેશમાં આવા એક નાના સરખા કેન્દ્રનું નિર્માણ થાય એ અતિ આવશ્યક હતું. આવું કોઈ કેન્દ્ર ઊભું થાય તો વિશિષ્ટ યોગ્યતા ધરાવતી વ્યકિતઓ મર્યાદિત સંખ્યામાં તેમની સાથે વસી શકે અને તેમના પ્રત્યક્ષ અધ્યાપનનો અને માર્ગદર્શનનો લાભ પ્રાપ્ત કરી શકે, આ દૃષ્ટિએ, ડિસેમ્બર માસની આખરમાં લોનાવલા ખાતે આચાર્ય રજનીશજી સાથે કેટલાએક કાર્યકર્તાઓનું બે દિવસ માટેનું એક સંમેલન ગોઠવવામાં આવ્યું હતું તે પ્રસંગે હાજર રહેવાનું બનતાં અને મારા વિચારો રજૂ કરવાની તક મળતાં એક પ્રકારના કેન્દ્રનિર્માણને મેં આવકાર્યું હતું.

આ મારી કલ્પનાના કેન્દ્રનિર્માણમાં અને ઉપરની પત્રકાર પરિષદ્‌માં આચાર્ય રજનીશજીએ જે ચિત્ર રજૂ કર્યું છે તેમાં મોટો તફાવત છે. મારી કલ્પનાનું કેન્દ્ર અતિ મર્યાદિત આકારનું કે જેની વહીવટી જવાબદારી પણ અતિ મર્યાદિત હોય એવું છે. રજનીશજીએ રજૂ કરેલા કેન્દ્રમાં તો ૧૦૦૦ જેટલા છાત્રો માટે છાત્રાવાસ શરૂ કરવાનો ભવ્ય વિચાર રહેલો છે અને તે માટે પંદર દિવસના ટુંકા ગાળામાં દશ લાખ રૂપિયા તો મળી ચૂકયા હોવાનું જણાવવામાં આવ્યું છે. આ તમના વિધાન ઉપરથી એમ સહજપણે લાગે છે કે આવા કાર્ય માટે તેઓ ધારે તેટલાં દાન મેળવી શકે તેમ છે અને તે મુજબ પ્રસ્તુત યોજનાને પણ તેઓ ધારે તેટલું વિરાટ સ્વરૂપ આપી શકે તેમ છે.

એ તો ચોક્કસ જ છે કે આવી કોઈ યોજનાના કેન્દ્રસ્થાને રજનીશજી જ હોવાના અને તેને લગતી મુખ્ય જવાબદારી પણ તેમની જ હોવાની. જેઓ આ પ્રકારની સંસ્થાઓના વહીવટ સાથે સંકળાયેલા છે તેમનો એ અનુભવ છે કે જેમ સંસ્થાનું કદ અને આકાર મોટાં તેમ તેના સંચાલન અને દિન પ્રતિ દિન વહીવટની જવાબદારી વધારે મોટી અને જટિલ. વળી તેને નિભાવવા માટે આર્થિક પુરવણીનો આંક પણ દિન પ્રતિ દિન મોટો થતો રહેવાનો. આજના સમયમાં ૧૦૦૦ વિદ્યાર્થીઓ એકઠા કરવા અને જાળવવા એ વિચારનો અમલ પારવિનાની કઠીન સમસ્યાઓ ઊભી કરવાનો. વળી એ જ કેન્દ્રમાં ૫૦ જેટલા કુટુંબોને વસાવવાનો વિચાર પણ કેટલીક આણધારી સમસ્યાઓ ઊભી કરવાનો. આવા વિરાટ અયોજનનું પરિણામ સ્વ ભાવિક રીતે આચાર્યશ્રીના ખૂબ જ અટવાઈ જવામાં અને તેમના મુકત પરિભ્રમણને એક મોટા અવરોધરૂપ બનવામાં આવવાનું.

આ બધી દૃષ્ટિએ વિચાર કરતાં આચાર્ય રજનીશજી અને તેમના સાથીઓને એવી પ્રાર્થના કરવાનું પ્રાપ્ત થાય છે કે ઉપર જણાવેલ આધ્યાત્મિક પુનરુત્થાનના પ્રતિષ્ઠાનને તેમણે રજૂ કર્યું છે તેવું વિરાટ રૂપ આપવાને બદલે અત્યન્ત મર્યાદિત રૂપ આપવામાં આવે કે જેથી તે પાછળ રહેલો હેતુ–ભલેને મર્યાદિત આકારમાં–સિદ્ધ થાય અને આચાર્ય રજનીશજી સંસ્થા સાથે સંકલિત બનવા છતાં ગમનાગમન અંગે પૂરી મુકિત અનુભવે અને તેમને અને તેમના સાથીઓને કદિ પણ મુંઝવે નહિ એ રીતે સંસ્થાની આર્થિક અપેક્ષા પણ મર્યાદિત રહે.

પંડિત સુખલાલજીની તબિયત અંગે

જાન્યુઆરી માસના બીજા અઠવાડિયાથી અમદાવાદ ખાતે વસતા પં. સુખલાલજીની તબિયત લથડવા લાગી હતી અને તેમને ત્યાંના વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યાં તે દરમિયાન વચમાં હું અમદાવાદ ચાર દિવસ રહી આવ્યો અને કાંઈક ઠીક થતા તેમને તેમના નિવાસસ્થાને લાવવામાં આવેલા. વળી પાછી તબિયત લથડતાં વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલમાં તેમને દાખલ કરવામાં આવેલા અને મુંબઈથી જાણીતા યુરોલૉજીસ્ટ (પેશાબ વિષયના નિષ્ણાત) ડૉ. બી. એમ. શાહ અને પંડિતજીના પુત્રવત્ ભાઈ વાડીલાલ ડગલીને અમદાવાદ બોલાવવામાં આવ્યા. પંડિતજીની મુખ્ય તકલીફ ઝાડો પેશાબ અવારનવાર બંધ થઈ જવાને લગતી તેમ જ લાંબો સમય ચાલુ રહેતી હેડકીને લગતી હતી. આ અંગે પંડિતજીને મુંબઈ લઈ જવામાં આવે તો તેમનો યોગ્ય ઉપચાર કરવામાં વધારે અનુકુળતા રહેશે એમ સમજીને ૨૨ મી જાન્યુઆરીએ ઍરોપ્લેનમાં મુંબઈ લાવવામાં આવ્યા અને ભાટિયા જનરલ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. ત્યારબાદ જણાવતાં આનંદ થાય છે કે મુંબઈ આવ્યા બાદ આજ સુધીમાં પંડિતજીની તબિયતમાં સારો સુધારો થયો છે અને તેમને હૉસ્પીટલમાંથી ભાઈ વાડીલાલ ડગલીના નિવાસસ્થાને (પ્રભુકુંજ, પેડર રોડ) ખસેડવામાં આવ્યા છે. આશા રાખીએ કે પંડિતજીને ગુમાવેલું સ્વાસ્થ્ય પુનઃ પ્રાપ્ત થાય અને સ્વસ્થ બનીને અમદાવાદ પાછા જાય અને હંમેશના કાર્યક્રમ મુજબ તેમની દિનચર્યા લાંબા સમય માટે એક સરખી ચાલુ થાય.

પરમાનંદ

'પ્રબુદ્ધ જીવન'ની પત્રચર્યા

શ્રી ભંવરમલ સિંધીનો પત્ર

કલકત્તામાં વસતા શ્રી ભંવરમલ સિંધી મારા પુરાણા મિત્ર છે, ત્યાંના બહુ આગળ પડતા સમાજસુધારક છે, આજના સમય સાથે બંધબેસતી ન હોય તેવી ધાર્મિક રૂઢિઓ અને વિચારણાના તેઓ કટ્ટર વિરોધી છે, ધર્મના નામે ચાલતા દંભ, દેખાવો અને વહેમો સામે તેમની તેજીલી કલમ અવારનવાર ચાલતી હોય છે. આજના યુગમાં અનિવાર્ય બની રહેલા સંતતિનિયમનના તેઓ એક પ્રમુખ પુરસ્કર્તા છે. વર્ષો પહેલાં જ્યારે આચાર્ય તુલસી કલકત્તામાં ચાતુર્માસ કરી રહ્યા હતા ત્યારે જૈન મુનિઓની આજનાં પાયખાનાંઓનો ઉપયોગ નહિ કરવાની અને ખુલ્લામાં દિશાએ જવાની–આજની સુઘરાઈના નિયમોથી તથા શહેરી સભ્યતાના ખ્યાલોથી પ્રતિકૂળ એવી–પ્રથા સામે તેમણે એક મોટું આન્દોલન ઉભું કર્યું હતું. હું ધારું છું કે આજે પણ આ પ્રથા ચાલુ છે. તા. ૧–૧–૬૮ ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલ 'મુંબઈમાં આવી રહેલ આચાર્ય તુલસીને હાર્દિક અભિનન્દન' એ મથાળા નીચે પ્રગટ થયેલી મારી નોંધે તેમના દિલમાં પેદા કરેલા પ્રત્યાઘાતને નીચેના પત્રમાં તેમણે વ્યકત કર્યો છે :–

કલકત્તા, તા. ૮–૧–૬૮

પ્રિયવર પરમાનંદભાઈ,

પ્રબુદ્ધ જીવનનો જાન્યુઆરીની પહેલી તારીખનો અંક મળ્યો. તેના મુખપૃષ્ટ ઉપર જ પ્રકીર્ણ નોંધમાં અન્તર્ગત કરવામાં આવેલી મુંબઈ ખાતે આવી રહેલા આચાર્ય તુલસીના હાર્દિક સ્વાગતના વિષયમાં આપની આલોચના વાંચી. તે વાંચીને મારા મનમાં જે વિચાર આવ્યા તે આપની જાણકારી માટે હું લખી રહ્યો છું. જો કે ઔપચારિકતાના કારણે કોઈનું પણ સ્વાગત કરવામાં કોઈ બાધ અથવા આપત્તિ હોઈ જ ન શકે અને હોવી પણ ન જોઈએ, પરન્તુ આપે જે શબ્દોમાં આપની આલોચના લખી છે તે વાંચીને મારા મનમાં એ પ્રશ્ન અવશ્ય ઊભો થયો કે શું આચાર્ય તુલસીની સાંપ્રદાયિકતામાં અન્તર પડી ગયું છે, શું તેમની અહિંસાને લગતી સમજ હવે ઠીક થઈ ગઈ છે, અને શું એક પ્રકારની યુગવિરોધી અને અવૈજ્ઞાનિક રીતીઓ અને પરિપાટીઓમાં તેમણે પરિવર્તન કરી નાંખ્યું છે, શું તેમણે બાલદીક્ષાની અસ્વસ્થ અને અયોગ્ય પ્રથાને બંધ કરી દીધી છે? તેમના વિષે આવા અનેક પ્રશ્નો છે જે આજે પણ ઊભા છે. જ્યાં સુધી મને માલૂમ છે ત્યાં સુધી આચાર્ય તુલસીએ પોતાની મૂળગત માન્યતાઓમાં કોઈ પરિવર્તનનો સ્વીકાર કર્યો નથી. તેમના હાવભાવ અથવા તો પ્રદર્શનમાં અંતર અવશ્ય આવ્યું છે, પણ એ શું વાસ્તવિક છે?

જ્યાં સુધી આપની તરફથી મને ઉત્તર નહિ મળે ત્યાં સુધી મને એમ જ લાગવાનું કે આપના વિચારોની દઢતામાં ક્ષતિ આવી છે. આપે એક વાર કોઈ એક સાથીના સંબંધમાં મને કહ્યું હતું કે તેઓ એક વખત બાલદીક્ષાવિરોધી આન્દોલનમાં તથા બીજી ક્રાન્તિકારી સુધારક પ્રવૃત્તિઓમાં અગ્રેસર હતા, પણ આગળ જતાં એ બધી બાબતોથી તેઓ અલગ બની બેઠા છે, એટલું જ નહિ પણ, પ્રતિક્રિયાવાદી સમૂહની સાથે જોડાઈ ગયા છે. ઉપર જણાવેલી આપની નોંધ વાંચીને પણ, એ લોકો કે જેઓ આપને વ્યક્તિગત રીતે એટલી સારી રીતે જાણતા નથી તેમની આપના વિષે એવી જ ધારણા ઊભી થવાનો સંભવ છે. અણુવ્રત આન્દોલનનો ઢોલ તો આચાર્ય તુલસી અને તેમના અનુયાયીઓ વગાડી રહ્યા છે (જેનો ધમધમાટ આજે સારા પ્રમાણમાં ઓછો–હળવો થઈ ગયો છે), પરન્તુ નૈતિક પુનરુત્થાન કયાં, કેટલું, અને કઈ માત્રામાં થયું છે તે કોઈ જોવા દેખવા જાય તો તેને પત્તો લાગશે કે આ એક ભ્રમમાત્ર જ છે. એ જે હોય તે, જો આપની શ્રદ્ધા અને આકર્ષણ તેરાપંથી સંપ્રદાયના પ્રમુખ પ્રત્યે એટલાં બધાં વધી ગયાં હોય અને આપ એમાં નૈતિક ઉત્થાન તેમ જ નિર્માણનું એટલું મોટું પ્રમાણ જોઈ રહ્યા હો અને વિચારોના ઊંડાણમાં ઉતરવાની કોઈ આવશ્યકતા નથી એમ આપને લાગતું હોય, તો મારે ખાસ કાંઈ કહેવાનું રહેતું નથી. એમ બનવા સંભવ છે કે આટલાં વર્ષો સુધી ઉત્કટ ક્રાન્તિકારી તેમ જ નવા વિચારોનાં આન્દોલનો કરી ચૂકયા બાદ હવે વૃદ્ધાવસ્થામાં આપે આ સાર પ્રાપ્ત કર્યો હોય. આપના વિચારોની સચ્ચાઈમાં મને કોઈ સન્દેહ નથી, તેમ આપ એમ પણ કદાપિ ન સમજતા કે આપની ઉપર હું કોઈ પણ પ્રકારનો આરોપ મૂકી રહ્યો છું. આપણા બન્નેની વચ્ચે જે ખુલ્લી આત્મીયતા રહેલી છે અને આજે પણ મોજુદ છે, તે આધાર ઉપર જ મેં મારા પોતાના મનની પ્રતિક્રિયા વ્યકિતગત રૂપમાં આપને લખી જણાવી છે. આ સંબંધમાં કોઈ પણ ખ્યાલથી પ્રેરાઈને પ્રબુદ્ધ જીવનમાં અથવા અન્યત્ર કોઈ પણ ઠેકાણે કોઈ પણ પ્રકારનો વાદવિવાદ કરવા હું ચાહતો નથી. મેં તો આપને મારા મનની વાત કહી દીધી છે અને આપ જે આ બાબતમાં કહેશો તે આદર અને સ્નેહપૂર્વક હું સાંભળી લઈશ. ફરી વાર પણ કંઈ બીજું કહેવા પૂછવાનું હશે તો ફરીથી લખીશ. વિશ્વાસ રાખું છું કે આપ આને અન્યથા નહિ સમજો.

આપ સપરિવાર સ્વસ્થ તેમ જ સાનંદ હશો.

આપનો **ભંવરમલ સિંધી**

મારો ઉત્તર

મુંબઈ, તા. ૧૫–૧–'૬૮.

પરમપ્રિય ભંવરમલજી,

તમારો ૮ મી જાન્યુઆરીનો પત્ર વચમાં ચાર દિવસ બહારગામ જવાનું થતાં મને ગઇ કાલે મળ્યો.

પહેલી જાન્યુઆરીના પ્રબુદ્ધ જીવનમાં આચાર્ય તુલસી અંગેની મારી નોંધ વાંચીને તમે જે લખ્યું તે વાંચ્યું. તેના જવાબમાં જણાવવાનું કે તેમનામાં—તેમની મૂળ અહિંસા વિષયક માન્યતાઓમાં—કોઈપાયાનો ફેરફાર થયો છે એમ મને લાગતું નથી, સિવાય કે તેમણે દીક્ષાર્થી માટે તાલીમની અમુક જોગવાઈ કરી છે એ કારણે બાલ દીક્ષા ઠીક પ્રમાણમાં આધી ઠેલાઈ છે, (આ બાબત માટે ૧૬-૧૨-૬૭ નું પ્રબુદ્ધ જીવન જોશો.) અને હવે છડેચોક ધ્વનિવર્ધક યંત્રનો તેમણે ઉપયોગ કરવા માંડયો છે અને રાત્રે દીવાબત્તી નીચે બેસીને વાર્તાલાપ કરે છે. પણ આ બધી નાની બાબતો છે. આમ પાયાની બાબતમાં તેમનામાં ભલેને કોઈ મોટો ફેરફાર થયો ન હોય, એમ છતાં તેમના થોડા પરિચયમાં આવવાનું બનતાં મારા મન ઉપર એવી છાપ પડી છે કે આપણા અન્ય આચાર્યો સાથે સરખાવતાં તેઓ બે ડગલાં આગળ છે, સામયિક પરિસ્થિતિથી સુજ્ઞાત છે, અહિંસાના ક્ષેત્રમાં અહિંસક પ્રતિકારના વિચારને તેઓ અપનાવી રહ્યા છે, અને તેમની સાથે ખુલ્લા દિલથી ચર્ચાવાર્તાલાપ થઈ શકે છે, અહિંસાની વિધાયક બાજુ તરફ તેમનો અમુક ઝોક છે – આવા કેટલાક ખ્યાલોથી પ્રેરાઈને અને આણુવ્રત આન્દોલન જેને સંપ્રદાયવિચાર સાથે કોઈ સીધો સંબંધ નથી તે તેઓ ચલાવી રહ્યા છે અને ભલેને તે આપણે ઇચ્છીએ તેવું નક્કર આન્દોલન ન હોય તો પણ આ આન્દોલને આપણા દેશની અનેક આગેવાન વ્યકિતઓને ઠીક ઠીક આકર્ષેલ છે – આ બાબત ધ્યાનમાં લઈને અને જૈનોની એકતા ઉપર તેઓ સારા પ્રમાણમાં ભાર મૂકે છે – આનો પણ વિચાર કરીને, તેઓ લાંબા ગાળે મુંબઈ આવી રહ્યા છે, તો તે નિમિત્તે આવકારના બે ઔપચારિક વચનો લખવા એવા ભાવથી પ્રસ્તુત નોંધ લખવા હું પ્રેરાયો છું. આનો અર્થ એવો નથી કે હું તેમનો કોઈ મોટો પ્રશંસક બની ગયો છું અથવા તો તેમના વિષે કાંઇ પ્રતિકૂળ બાબત જાણવામાં આવતાં તે વિષે મૌન ધારણ કરવાની અને તેમની પ્રશંસા જ કરવાની મેં કોઇ પ્રતિજ્ઞા લીધી છે.

પણ અન્ય કોઈ ઠેકાણે મન બિલકુલ ન ઠરતું હોય અને તેમને જોતાં જાણતાં મન કાંઈક ઠરતું હોય તો તે અનુભવને યોગ્ય શબ્દોમાં વાચા આપવામાં મેં કાંઈ અનુચિત કર્યું હોય કે કોઈ બાબતની મેં બાંધછોડ કરી હોય એમ મને જરા પણ લાગતું નથી. મારા આ લખાણથી રખેને મને પણ હવે ઘડપણ લાગી ગયું છે – અને હવે શારીરિક ઘડપણ તો છે જ – આવો તમને વિચાર આવ્યો તે જાણીને હું આશ્ચર્ય અનુભવું છું. આમ હોત તો હજુ બે માસ પહેલાં મેં પ્રબુદ્ધ જીવનમાં મુહપત્તીની ચર્ચા ઉપાડી હતી તે ઉપાડત જ નહિ.

આખરે મારી અને તમારી વચ્ચે એક પ્રાકૃતિક તફાવત છે તેની આપણે ઉપેક્ષા કરી ન શકીએ. આવી ધાર્મિક લેખાતી બાબતો અંગે લખવા બોલવામાં તમો જે ઉગ્રતા દાખવો છો – દાખવી શકો છો–તેવી–તે માત્રાની–ઉગ્રતા મારામાં નથી અને તેથી એમ જરૂર બન્યું હોય કે તમને મારા અમુક લખાણમાં – Softness – નરમાશ-દેખાઈ હોય, જ્યારે હું મારી સ્વાભાવિક પ્રકૃતિ અનુસાર વર્તતો હોઉં. ધર્મ સામે તમે જેહાદ ચલાવતા હો, જ્યારે ધર્મના જે અંગો તમને વાંધાપડતા લાગતા હોય તે જ અંગો મને પણ વાંધાપડતા લાગતા હોય એમ છતાં પણ, તે સામેના મારા વિરોધની અભિ-વ્યક્તિ જેહાદના રૂપની ન હોય.

આમ છતાં તમારા મનમાં પ્રસ્તુત વિષય અંગે જે કાંઈ આવ્યું તે તમે આ પત્ર લખીને જણાવ્યું તેથી મને ખરેખર આનંદ થયો છે. આપણે એક જ માર્ગના લગભગ પ્રવાસી છીએ. એકમેકના વર્તનકથનમાં જ્યારે જ્યાં ક્ષતિ લાગે ત્યારે ત્યાં અંગુલિનિર્દેશ કરવો એ જ ખરો મિત્રધર્મ છે. તમે આ પત્ર લખીને આ મિત્ર-ધર્મ બજાવ્યો છે. મને લાગેવળગે છે ત્યાં સુધી વિચારોની બાબતમાં હું જે હતો તેમાં આજે લેશમાત્ર ફરક પડયો હોય એમ મને લાગતું નથી. હું હતો એવો જ સમીક્ષક આજે છું. અસત્ય, દંભ, પાખંડ એ સામે જે ઘૃણા હતી તે જ ઘૃણા અથવા તો અણગમો આજે પણ છે. આમ છતાં મારામાં એક ફેર દેખાય છે. પહેલાં જુદા પડતા વિચારોના કારણે તેવા વિચારો ધરાવતી વ્યકિત વિષે પણ એટલો જ અણગમો – અન્તર – મન અનુભવતું હતું. આજે વિચારો અને વ્યકિત વચ્ચે હું ફરક કરું છું. અમુક વિચારો વિષે અનાદર હોવા છતાં તે વિચારો ધરાવતી વ્યકિત વિષે મારૂં મન અનાદર કે અણગમો અનુભવતું નથી. માનવી માત્ર માટે મારૂં દિલ પ્રેમપ્રભાવિત રહે છે. આને ઘડપણની અસર કહેતા હો તો તે અસર – તે નબળાઈ – મને કબુલ છે. બાકી બીજી કોઈ રીતે હું ઢીલો પડયો હોઉં, અન્યના આદર – સન્માનની મને કોઈ ભૂખ જાગી હોય એમ મને તો મારા વિષે લેશમાત્ર લાગતું નથી.

સ્નેહાંકિત પરમાનંદ

ભંવરમલ સિંધીનો પ્રત્યુત્તર

(આ પ્રત્યુત્તરમાંથી ઉપયોગી ભાગ તારવીને નીચે આપ-વામાં આવ્યો છે.)

કલકત્તા,
તા. ૧૭–૧–'૬૮.

પ્રિયવર પરમાનંદભાઈ,

આપનો તા. ૧૫-૧-૬૮ નો પત્ર મળ્યો. તેરાપંથના આચાર્ય તુલસીના સંબંધમાં આપે જે ધારણાઓના આધાર ઉપર તથા જે દૃષ્ટિથી આપે નોંધ લખી છે તે સંબંધમાં જે સ્પષ્ટીકરણ કર્યું છે તે મેં વાંચ્યું. મને એ જાણીને સંતોષ થયો કે આપ પણ એમ તો નથી જ માનતા કે તેમના મૂળ વિચારોમાં કોઈ પરિવર્તન થયું છે. બહારથી જે પરિવર્તન દેખાઈ રહ્યું છે–પરિવેશ તથા વાણીમાં–તે તો છે જ.....

ધર્મ સંબંધી વિચારોમાં તત્ત્વતઃ આપના અને મારા દૃષ્ટિ-કોણમાં અન્તર છે જ નહિ, સંભવતઃ વિશ્લેષણમાં પણ નહિ, પણ અભિવ્યકિતમાં અન્તર છે. મારી અભિવ્યકિત અધિક ઉગ્ર છે એમ આપે જણાવ્યું તે ઠીક છે, આમ છતાં પણ વિચારના વિરો-ધના કારણે જ વ્યકિતનો વિરોધ અથવા તો અસમ્માન કરવું તેને હું પણ ઉચિત માનતો નથી. શિષ્ટતા તેમ જ વિનમ્રતા આપણા સંબંધોમાં દરેક વ્યકિતની સાથે હોવી જ જોઈએ. પણ સાથે સાથે, એ ધ્યાનમાં રાખવું–રહેવું જરૂરી છે કે વ્યકિત પ્રત્યે આપણા સમ્માનનું રૂપ અથવા તો પ્રદર્શન એવું ન હોય કે જેથી તેના વિચારો, જેને આપણે મૂલતઃ ગલત–દોષરૂપ–માનતા હોઈએ તે વિચારોનું સમ્માન અથવા તો સ્વીકાર સમજવામાં આવે.

આપની નિષ્કપટ, નિષ્પક્ષ અને નિર્લોભ દૃષ્ટિ પ્રત્યે મારા દિલમાં હંમેશને માટે સમ્માન તેમ જ શ્રદ્ધાઓ છે તથા આપે લાંબા સમય સુધી જૈન સમાજમાં દૃઢતા તેમ જ નિર્ભીકતાની સાથે સુધારણા તેમ જ ક્રાન્તિનું જે આન્દોલન કર્યું છે તેની જે છાપ અને પ્રેરણા છે તેના લીધે જ, મેં મારા આગળના પત્રમાં દિલ ખોલીને મનની વાત રજૂ કરી છે. આપે આ પ્રકારની આત્મીય-તાનું અનુમોદન–સમર્થન–કર્યું છે તથા પારસ્પરિક મિત્રતામાં આ તત્ત્વ આવશ્યક હોવાનું દર્શાવ્યું છે તે મને ખૂબ ગમ્યું છે અને તેથી મને બળ મળ્યું છે.

આપનો, **ભંવરમલ સિંધી**

બાપુજીનો એક જુનો પત્ર

(કલીકટમાં વસતા સર્વોદય કાર્યકર્તા અને મારા પરમ સ્નેહી શ્રી શામજીભાઈ સુન્દરદાસે તેમના એક મિત્ર ભાઈ કરસનજી ઉપર યરવડા જેલમાંથી તા. ૨૭-૧૦-૩૦ ના રોજ ગાંધીજીએ લખેલા પત્રની નકલ પ્રબુદ્ધ જીવનના વાચકોને ઉપયોગી થશે એમ સમજીને મોકલેલ છે તે નીચે સાભાર પ્રગટ કરવામાં આવે છે. **પરમાનંદ**)

યરવડા મંદિર, તા. ૨૭-૧૦-૩૦

ભાઈ કરસનજી,

તમારો કાગળ મળ્યો. પહેલાં મોકલ્યો હોય તો હું ભૂલી ગયો છું તેથી તમારો પરિચય મોકલજો. તમારી દિનચર્યામાંથી જોઉં છું કે તમે ઊઠયા ૩-૩૦ વાગે, પણ દાતણ કર્યું ૫-૩૦ વાગે ફરી આવ્યા પછી. મારી સલાહ એવી છે કે ઉઠતાંવેંત દાતણ કરી લેવું. તેમ ન જ બને તો પ્રાર્થના પછી તુરત દાતણ કરીને પછી ફરવા જવું. પ્રત્યેક વસ્તુ વિચારપૂર્વક કરવાથી સત્યનાં દર્શન વહેલાં થાય છે.

બાપુના આશીર્વાદ

ઉપરના પત્રનો વધુ ખુલાસો મંગાવતાં પૂ. બાપુજીએ બીજા પત્રમાં નીચે મુજબ લખ્યું:

તમારો કાગળ મળ્યો હિંદુસ્થાનમાં ચાલતા. ઘણાખરા મતો જડવત્ થઈ ગયા છે. તેથી સાચને છોડીને કુશંકાને વળગ્યા છે. રાત્રીના બે વાગ્યા પછી સવાર જ પડે છે. દાતણ કરવાને સારું સૂર્યોદયની રાહ જોવાપણું હોય નહીં. જૈન મતમાં દાતણ ન કરવાના પણ ગુણગાન છે, પણ તે તો કેવળ શુદ્ધ થયેલ કરોડમાંથી એક બે માણસ વિશે જ લાગુ પાડી શકાય. જે ખાય છે, જે પીએ છે, ઘરોમાં વસે છે, થોડે અંશે પણ જે વિકારમય છે તેને સારું દાતણ આવશ્યક વસ્તુ છે. રાત્રીના મોઢાની અંદર અનેક પ્રકારના ફેરફારો થાય છે. શરીરમાંથી નીકળેલું ઝેર મોઢામાં ભરાય છે. તેથી થૂંક ગાળવાની ક્રિયા શરૂ થાય તેનાં પહેલાં મોં બરોબર સાફ થવું જોઈએ. માણસ જાગે છે કે તુરત થૂંક ગાળવાની ક્રિયા શરૂ થાય છે. ફરી આવે ત્યાં લગી દાતણ ન કર્યું હોય તો ફરતાં ફરતાં મોઢાનો મેલ એ ગળ્યા જ કરે છે.

બાહ્ય નિયમો ઉપર જોર ત્યારે જ દેવામાં આવ્યું જ્યારે ધર્મ શુષ્ક બની ગયો. આંતરિક શુદ્ધિ ઉપર કશો અંકુશ રહ્યો નહિ.

એટલે બાહ્ય આચારના નિયમો ઘડાયા અને ખાવાપીવામાં અમુક નિયમો પાળ્યા તો પાળનાર ધર્મવાન ગણાતો. આવી માન્યતા જ ધર્મનાશક છે. એ વિષે મને લવલેશ પણ શંકા નથી. બાહ્ય નિયમો જે અંતરશુદ્ધિના પોષક હોય, શારીરિક શુદ્ધિના પણ પોષક હોય એની અવગણના કદી ન થવી જોઈએ. તેને સ્થાને તે આવશ્યક છે, પણ એ જ બધું નથી, એ પ્રધાન વસ્તુ પણ નથી. મને લાગે છે કે આટલામાં તમારા પ્રશ્નોનો જવાબ આવી જાય છે. ન આવતો હોય તો ફરી પૂછજો. **બાપુના આશિર્વાદ**

પંડિત બેચરદાસનો એક પત્ર

અમદાવાદ–૬, તા. ૮-૧-'૬૮

સ્નેહીશ્રી પરમાનંદભાઈ,

શનિવારે સવારે સકુશળ પહોંચી ગયો છું. આપ સપરિવાર કુશળ હશો.

વિશેષમાં જણાવવાનું કે 'અખંડાનંદ' ડિસેમ્બર ૧૯૬૭ ના અંકમાં પૃષ્ટ ૧૬ ઉપર 'સનાતન ધર્મ' ના મથાળાવાળા લેખમાં નીચે જણાવેલ પ્રશ્નોત્તરી પ્રગટ થયેલ છે. લેખકનું નામ છે સ્વામી શ્રી કૃષ્ણાનંદજી.

"**પ્રશ્ન**: આપનો અહિંસા વિષે શો મત છે?

ઉત્તર: પ્રભુપ્રેમ પ્રગટ થવાથી ભકત કોઈની હિંસા કરવા વિચાર પણ કરતો નથી. પરંતુ હું અતિશયતાવાળી અહિંસામાં માનતો નથી કે જેથી દુરાગ્રહ વધે. પ્રભુના કાર્ય માટે–ફકત પ્રભુના જ કાર્ય માટે જો કોઈ જીવની હિંસા થાય તો તે હિંસા બાધક નથી. વેદમાં કહ્યું છે તેમ યજ્ઞને માટે હિંસા તે હિંસા ગણાતી નથી. હું તો એટલે સુધી કહું છું કે પ્રભુ માટે જે કાંઈ કરવામાં આવે તે શુદ્ધ જ છે. કબીરસાહેબે સંતોને જમાડવા માટે ચોરી કરી તે પાપ ગણાયું નહિ. જ્યાં પાપની ભાવના લેશ માત્ર નથી, ત્યાં કાંઈ દોષ નથી. ફકત સ્વાર્થનો હેતુ (અંગ્રેજી: ઈન્ટેન્શન) ન જોઈએ એ જ સમજવું જોઈએ. પ્રભુને માટે જ સર્વસ્વ જીવન હોવું જોઈએ."

આ લખાણમાં પ્રભુપ્રેમવાળો માનવ હિંસા કે ચોરી કરે તો પણ જો તે પ્રભુ માટે હોય તો પાપરૂપ નથી – આવું વિધાન આ લખાણમાંથી નીકળી શકે એવું લાગે છે. પ્રભુપ્રેમ સાથે હિંસાની પ્રવૃત્તિ ચાલી જ ન શકે એમ અસત્યની, ચોરીની, મમતાની અને અબ્રહ્મચર્યની પ્રવૃત્તિઓ પણ ન જ ચાલી શકે. પ્રભુપ્રેમ એ શબ્દ અહિંસાનો, સત્યનો, અચૌર્યનો અને અપરિગ્રહનો તથા બ્રહ્મચર્યનો પર્યાય શબ્દ છે એવું એક અપેક્ષાએ લાગે છે. જેનામાં પ્રભુપ્રેમ હોય તે હિંસા, અસત્ય, ચોરી, મમતા કે અબ્રહ્મચર્યનું આચરણ કરી જ ન શકે. કબીર સાહેબનો જે દાખલો આપેલ છે તે તો કબીરને શોભતો જ નથી. ચોરીનો માલ અને તે દ્વારા થયેલ ભોજનસામગ્રી બીજા સંતપુરુષો સ્વીકારે કેવી રીતે? સ્વીકારે તો સંત કેવી રીતે? તાત્પર્ય એ કે પ્રભુપ્રેમી હિંસા, અસત્ય, ચોરી, જારી અને મમતા જેવા દુર્ગુણો આચરી જ ન શકે. કબીરનો દાખલો મને તો વિવાદાસ્પદ જણાય છે.

ચોરી કબીરને કોઈ રીતે શોભતી નથી.

સ્વામી કૃષ્ણનંદજીએ જે કબીરનો દાખલો સૂચવેલ છે તેમાં જ કાંઈ ગોલમાલ છે અથવા અસત્ય છે. બરાબર સમજાતું નથી.

આ સ્પષ્ટીકરણ યોગ્ય લાગે તો 'પ્રબુદ્ધ જીવન' માં પ્રગટ કરશો અને તે ઉપર જરૂર જણાય તો ટિપ્પણી પણ લખશો.

પંડિત દલસુખભાઈ ટોરોન્ટો (કેનેડા) પહોંચી ગયાનો તાર આવી ગયો છે. મારા યોગ્ય લખશો.

આપનો બેચરદાસ

પં. બેચરદાસે પ્રસ્તુત પ્રશ્નોત્તરની જે આલોચના કરી છે તે યથોચિત છે. તે ઉપર વિશેષ ટિપ્પણીની જરૂર નથી.

પરમાનંદ

સાભાર સ્વીકાર

ગાંધીજી અને રાષ્ટ્રીય પ્રવૃત્તિ: લેખક શ્રી શંકરલાલ ઘેલાભાઈ બેંકર; પ્રકાશક: નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ ૧૪, કીંમત રૂ. ૯.

આત્મ-કથાનક: ખંડ પહેલો: લેખક રવિશંકર મહાશંકર રાવળ; પ્રકાશક: કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪ રાયપુર અમદાવાદ ૧, કિંમત રૂા. ૧૨–૫૦.

માનવરત્ન મણિભાઈ: લેખક: શાન્તિકુમાર જ. ભટ્ટ; પ્રકાશક: શ્રીમતી નિર્મળા એસ. ભટ્ટ. ઠે. શાન્તાબહેન પટેલ એસ્ટેટ, ગોરેગામ (પૂર્વ) મુંબઈ - ૬૩ એન.બી.

આચાર્યશ્રી તુલસીનું સંઘના ઉપક્રમે યોજાયેલું વ્યાખ્યાન

ફેબ્રુઆરી માસની તા. ૩ જી ને શનિવાર સાંજના ૭-૦૦ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે ગવર્નમેન્ટ પ્રીન્ટીંગ પ્રેસના નવા મકાનમાં (મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડીંગની સામે, ચર્ની રોડ, મુંબઈ), આચાર્ય શ્રી તુલસીનું 'પઢમો નાણં તઓ દયા' એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન યોજવામાં આવ્યું છે. સંઘના સભ્યોને આ પ્રસંગે વખતસર ઉપસ્થિત થવા સવિશેષ અનુરોધ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

મુંબઈ ખાતેના માતૃસમાજના મકાનનું ઉદ્‌ઘાટન

મુનિશ્રી સંતબાલજીપ્રેરિત મુંબઈ માતૃસમાજના પોતાના મકાનનું શ્રીમતી વિજયાબહેન નવીનચંદ્ર મફતલાલના વરદહસ્તે ફેબ્રુઆરી માસની ત્રીજી તારીખ શનિવારના રોજ સવારના ૯-૦૦ વાગ્યે સી. પી. ટેન્ક પાસે આવેલી લાડની વાડીમાં ઉદ્‌ઘાટન કરવામાં આવશે. આ પ્રસંગે શ્રીમતી મણિબહેન ચંદુલાલ નાણાવટી પ્રમુખસ્થાન શોભાવશે અને શ્રીમતી સુમિત્રાબહેન પુનમચંદ કામાણી અતિથિવિશેષ તરીકે પધારશે. આમાં રસ ધરાવતાં ભાઈ બહેનોને હાર્દિક નિમંત્રણ છે.

ચંચળબહેન ટી. જી. શાહ
પ્રમુખ, માતૃસમાજ

પ્રો. કેશવલાલ હિંમતરામ કામદાર અમૃત જયંતી મહોત્સવ

પ્રો. કેશવલાલ હિંમતરામ કામદાર અમૃત જયંતી મહોત્સવ અંગેની જુદી જુદી કમિટીઓના સભ્યોની એક સભા રવિવાર, તા. ૭-૧-૬૮ ના રોજ વડોદરામાં ડૉ. ભોગીલાલ સાંડેસરાના પ્રમુખપદે મળી હતી. આ સભામાં અમૃત જયંતી મહોત્સવ રવિવાર તા. ૨૫-૨-'૬૮ ના રોજ ઊજવવાનું નક્કી થયું હતું. આ પ્રસંગે એક અભિનંદનગ્રંથ પણ બહાર પાડવાનું નક્કી કરવામાં આવ્યું છે.

વિષયસૂચિ

		પૃષ્ઠ
માનવીથી કોઈ વધારે ચડિયાતું નથી, પરમાણુની ગહનતા અને વિશ્વની અગાધતા	પંડિત સુખલાલજી ડૉ. યશવંત ગુલાબરાય નાયક	૧૯૭ ૧૯૯
પ્રકીર્ણ નોંધ: એક શીલમૂર્તિ સન્નારીનો દુઃખદ દેહ વિલય, આદર-અંજલિ, ઘૂણાનું કરુણામાં પરિવર્તન, દેશના આધ્યાત્મિક પુનરુત્થાન અર્થે આચાર્ય રજનીશજીએ રજૂ કરેલી પ્રતિષ્ઠાનની યોજના, પંડિત સુખલાલજીની તબિયત અંગે,	પરમાનંદ	૨૦૨
પ્રબુદ્ધજીવનની પત્રચર્યા: શ્રી ભંવરમલ સિંઘીનો પત્ર, મારો ઉત્તર, શ્રી ભંવરમલ સિંઘીનો પ્રત્યુત્તર, બાપુજીનો એક જૂનો પત્ર, પંડિત બેચરદાસનો એક પત્ર.		૨૦૪

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ–૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૯ : અંક ૨૦

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ફેબ્રુઆરી, ૧૬, ૧૯૬૮, શુક્રવાર
પરદેશ માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

મુંબઈના માતૃસમાજના મકાનનું ઉદ્‌ઘાટન

મુનિ સન્તબાલજીએ મુંબઈ ખાતે ૧૯૫૮ થી ૧૯૬૦ સુધીમાં ત્રણ ચોમાસાં કર્યાં હતાં. એક ઘાટકોપર ખાતે, બીજું સાયન ખાતે અને ત્રીજું સી. પી. ટેંક બાજુએ. એ દરમિયાન તેમની પ્રેરણાથી ઘાટકોપર ખાતે, સાયન ખાતે અને સી. પી. ટેંક બાજુએ એમ ત્રણ માતૃસમાજની સ્થાપના કરવામાં આવી હતી. ઉદ્યોગગૃહ, વેચાણ ભંડાર, ઘરગથ્થુ વ્યવસાયોની તાલીમ, શિક્ષણ, સંસ્કાર વગેરે પ્રવૃત્તિઓનું સંચાલન કરીને સ્ત્રીજાતિમાં રહેલી શક્તિને વિકસાવવાની તકો નિર્માણ કરવી એ આ પ્રકારના માતૃસમાજોનો ઉદ્દેશ રહ્યો છે. આ માતૃસમાજની હાલ મુખ્ય પ્રવૃત્તિ ખાદ્ય પદાર્થો, અથાણાં, મસાલા વગેરે બહેનો મારફત તૈયાર કરીને અને તેનું વેચાણ કરીને તે દ્વારા બહેનોને પૂરક કમાણી કરાવવાની રહી છે.

મુંબઈનું સી. પી. ટેંક બાજુએ ૧૯૬૦ ની સાલમાં શરૂ કરવામાં આવેલ. આ માતૃસમાજનું કાર્ય આજ સુધી ભાડાના મકાનમાં ચાલતું હતું. સદ્‌ભાગ્યે એ જ લત્તામાં આ માતૃસમાજને હવે પોતાનું મકાન સાંપડ્યું છે. આ માતૃસમાજના મુખ્ય સંચાલક, પ્રાણ અને પ્રમુખ છે શ્રી ચંચળબહેન ટી. જી. શાહ. આ મકાન રૂા ૧,૩૧,-૦૦૦ માં ખરીદવામાં આવ્યું છે. આમાં દસ્તાવેજ–સ્ટેમ્પડ્યૂટી વગેરે પાછળ આશરે બીજા રૂા ૧૦,૦૦૦ ઉમેરવા પડશે. આને લગતા ફંડ-ફાળામાં આજ સુધીમાં આશરે ૧૧૬૦૦૦ એકઠા થયા છે, જેમાં સૌથી મોટું દાન રૂ ૩૧૦૦૦ નું શેઠ અરવિંદ નવીનચંદ્ર મફતલાલનું છે. આ ફંડમાં હજુ રૂા. ૨૫,૦૦૦ ખૂટે છે.

પ્રસ્તુત મકાનનું ઉદ્‌ઘાટન તા ૩-૨-૬૮ શનિવારના રોજ શેઠ અરવિંદ નવીનચંદ્ર મતફલાલનાં માતુશ્રી વિજ્યાબહેનના હાથે કરવામાં આવ્યું હતું. આ ઉદ્‌ઘાટન સમારંભના પ્રમુખસ્થાને શ્રી મણિબહેન નાણાવટી હતાં. આ પ્રસંગે પૂજ્ય ચંચળબહેનનાં પુત્રી સૌ. કંચન-બહેન દેસાઈએ શ્રી મણિબહેન નાણાવટીનો, શ્રી વિજ્યાબહેન નવીન-ચંદ્ર મતફલાલનો તથા અતિથિવિશેષ શ્રી. સુમિત્રાબહેન પુનમ-ચંદ કામાણીનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ શ્રી ગુલામરસુલ કુરેશી, શ્રી અંબુભાઈ શાહ, શ્રી હરિલાલ જેચંદ દોશી તથા શ્રી પુરુષોત્તમ કાનજી (કાકુભાઈ) એ પ્રસંગોચિત પ્રવચનો કર્યા હતા. પ્રમુખસ્થાનેથી શ્રી મણિબહેન ચંદુલાલ નાણાટીએ નીચે મુજબ પ્રવચન કર્યું હતું:–

શ્રી મણિબહેન નાણાવટીનું પ્રવચન

"આજનો પ્રસંગ આપણી સંસ્થાને માટે ઘણો મહત્ત્વનો છે. આપણી આ નવી ઈમારત આપણી સંસ્થાના વિકાસનું પ્રતીક છે. તેમાં કેન્દ્રિત થનારી પ્રવૃત્તિઓ દ્વારા આપણે સંસ્થાના મૂલ્યવાન ઉદ્દેશો અને હેતુઓને વધારે સારી રીતે સાધી શકીશું.

આપણે જાણીએ છીએ ત્યાં સુધી આપણો દેશ દુનિયાના સૌથી ગરીબ દેશોમાંનો એક છે. અને કદાચ દુનિયાના અન્ય કોઈ પણ સમાન ભૌગોલિક વિસ્તારમાં આટલા મોટા પ્રમાણમાં ગરીબાઈ જોવા મળે તેમ નથી. ભારતના દેશવાસીઓની એક દિવસની સરેરાશ માથાદીઠ આવક એક રૂપિયા કરતાં પણ ઓછી છે. આશરે બાવન કરોડની વસતી પૈકી પંદરથી વીસ કરોડ જેટલા માણસો સૌથી નીચેના વર્ગ-માં છે, જેની માથાદીઠ રોજની આવક પચીશ પૈસાથી પણ ઓછી છે. ગમે તેટલું વેગવંત ઉદ્યોગીકરણ થાય તો પણ એક અથવા બે પેઢીની અંદર ગરીબીનો પ્રશ્ન ઉકેલાવો અશક્ય છે.

માટે વિશાળ ઉદ્યોગોની યોજનાઓની સાથે સાથે નાના ઉદ્યોગો વિકસાવવા જોઈશે. સરકારે અને સમાજે આ વાત લક્ષમાં રાખવી પડશે. આવા નાના ઉદ્યોગોમાં સ્ત્રીઓનો ફાળો ઉત્તરોત્તર વધવો જ જોઈશે. અત્યારે મોટે ભાગે આપણે ત્યાં પ્રત્યેક કુટુંબ દીઠ કમાનાર એક જ જણ હોય છે, જેની આવક પર આખા કુટુંબના નિર્વાહનો આધાર હોય છે. આ પરિસ્થિતિમાં સ્ત્રીઓએ કમાનાર પુરુષની આવકમાં પૂરક થવું પડશે અને તો જ સાચી આર્થિક પ્રગતિ થશે.

પાશ્ચાત્ય દેશોમાં આજે લગભગ દરેક મધ્યમ વર્ગ અને મજૂર વર્ગની બહેનો કામ કરતી હોય છે. આપણે ત્યાં પુરુષોને માટે જ બેકારીનો રાક્ષસ એટલા વિશાળ હાથ ફેલાવીને બેઠો છે કે પ્રત્યેક પંચવર્ષીય યોજના બાદ બેકારોની સંખ્યા વધતી જ જાય છે. પરિણામે નજીકના ભવિષ્યમાં દેશની બધી જ ગરીબ બહેનોને કામ કેનોકરી મળે એવો સંભવ નથી. તેથી મધ્યમ વર્ગના કુટુંબોને આર્થિક સહાય માટે તાત્કાલિક પ્રબંધ કરવો હોય તો આપણે સ્ત્રીઓને પૂરક આવકનાં સાધનો પૂરાં પાડવાં પડશે.

પૂરક ઉદ્યમોના ઘણા પ્રકાર છે: (૧) ખાદ્ય વિભાગ: જેમાં અથાણાં, પાપડ, વડી, ખાખરા, મશાલા વગેરે ઘરવપરાશની સામ-ગ્રીનો સમાવેશ થાય છે. (૨) વસ્ત્રવિભાગ: જેમાં શીવણ ગુંથણ અને ભરતકામ દ્વારા ઘણી વસ્તુઓ બની શકે છે. આની સાથે સરળ છાપ-કામ, રંગારી કામ, બાટિક કામ તેમ જ તૈયાર કપડાંનો ઉદ્યમ જોડી શકાય. (૩) પરચુરણ ઉપયોગની અને સુશોભનની વસ્તુ-ઓનો વિભાગ, જેમાં બાળકોના રમકડાં બનાવવાથી માંડીને ખાસ પ્રસંગોને લગતાં છાપકામ સુધીની પ્રવૃત્તિઓનો સમાવેશ થઈ શકે. આ દિશાની અંદર વધારે ઝડપી વિકાસ થવાની શક્યતાઓ ઘણી છે. જો આપણે નાના મોટા ઉદ્યોગોના સંચાલકો સાથે સંપર્ક કેળવીએ તો કંઈક એવાં કામો આપણને જરૂર જડી આવે, જેથી આપણું ઘરનું કામ કારખાનાના કામને પૂરક બની રહે.

પૂ. મહારાજ સંતબાલજીએ આ બાબતમાં અત્યંત સુંદર કામ કર્યું છે. તેમની પ્રેરણાથી ઊભી થયેલી વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ અને માતૃ-સમાજ જેવી સંસ્થાઓ મારે મન પૂજ્ય ગાંધીજી-ના વિચારને સાકાર સ્વરૂપ આપી રહી છે. બ્રિટિશ સામ્રાજ્યવાદી-

ઓએ આપણા દેશના ગ્રામઉદ્યોગોનો તથા ગૃહઉદ્યોગોનો નાશ કરી નાંખ્યો હતો. પૂ. ગાંધીજીએ તેમના જીવનકાળ દરમ્યાન અને તેમના અનુયાયીઓએ ત્યાર બાદ ગ્રામ ઉદ્યોગો તેમજ ગૃહઉદ્યોગોને પુનર્જીવન આપવાનો પ્રયાસ કર્યો છે. આ જ પ્રયાસ આપણે ચાલુ રાખવાનો છે અને વધારવો છે. દેશનું, સમાજનું અને કુટુંબનું કલ્યાણ એમાં જ છે.

માતૃસમાજના કાર્યક્રમને સફળ બનાવવા ચાર પ્રકારના કાર્યકર્તાઓની જરૂર છે. પહેલો વર્ગ સેવા કરનાર સેવકો અને સેવિકાઓનો, બીજો વર્ગ દાતાઓનો, ત્રીજો વર્ગ ગૃહ ઉદ્યોગના કામમાં વેતન લઈને પણ દિલથી સેવા આપનારનો છે, જે માનને પાત્ર છે. ચોથો વર્ગ ગ્રાહકોનો, જે ગૃહઉદ્યોગનો માલ ખરીદે છે. આ ચાર વર્ગો અત્યંત આવશ્યક છે અને બધાનાં પરસ્પર સહકારથી જ આપણે આગળ વધી શકીએ. આ પ્રવૃત્તિમાં ત્યાગ અને કરૂણાથી ભરેલી સેવાની ભાવના હોય તો જ કાર્ય સફળ થાય છે.

આપણી પાસે બેઠેલાં માતૃસમાજના માતા સમાન શ્રી ચંચળબા તથા બીજાં માનનીય બેનોની આંખોમાં હું તેજ, કરૂણા અને ત્યાગનાં દર્શન કરી રહી છું, માતૃત્વની ઝાંખી થઈ રહી છે અને તેથી જ આ કામ વધુ સુંદર થયું છે.

માનનીય શ્રી વિજયાબહેન જેવા મુરબ્બી આપણને આ કામ માટે પ્રાપ્ત થયાં છે અને આપણી પ્રવૃત્તિઓમાં અંગત રસ લઈને આપણને જે પ્રોત્સાહન આપ્યું છે તે બદલ હું અને આ સભા તેમનાં ઋણી છીએ. મારી ખાત્રી છે કે તેઓ આપણી પ્રવૃત્તિઓમાં રસ લઈને નવો ઉત્સાહ આપતાં રહેશે અને નવા ક્ષેત્રોમાં આપણને માર્ગદર્શન આપતાં રહેશે."

આ શુભ પ્રસંગે કેટલાંક દાનો જાહેર થયાં હતાં. અલ્પાહાર સાથે સમારંભનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

આ રીતે પૂણ્યમૂર્તિ ચંચળબહેન ટી. જી. શાહની તપશ્ચર્યા અને સેવાપરાયણતાને સફળતા મળવા બદલ તેમને અનેક ધન્યવાદ ઘટે છે.

શ્રી મણિબહેન નાણાવટીનો પરિચય

ઉપર જણાવેલ માતૃસમાજના મકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે જેમણે પ્રમુખસ્થાન શોભાવ્યું હતું તેવાં શ્રી મણિબહેન નાણાવટીનો બહેન કંચને નીચે મુજબ પરિચય આપ્યો હતો:

"આપણા સમારંભના પ્રમુખ અને સમસ્ત નારીજાતિના ગૌરવરૂપ વાત્સલ્યમયી માતા અને અજોડ સેવિકા શ્રીમતી મણિબહેન ચંદુલાલ નાણાવટી આપણને સાંપડ્યાં છે એ આપણા સહુનું સદ્‌ભાગ્ય સમજું છું. એમનું જીવન સેવાના એક પછી એક વિક્રમ સાધતા પુરુષાર્થની મંગળ ગાથા જેવું છે. રાજકીય, સામાજિક અને શિક્ષણ ક્ષેત્રે, તથા રચનાત્મક કાર્યક્રમ અને ગ્રામોદ્યોગ ક્ષેત્રે એમણે બજાવેલી સેવા અજોડ છે. અને માનવરાહત કાર્યોમાં એમણે જે તનતોડ સેવાઓ આપી છે એનું વર્ણન કરવાની પણ મારામાં શકિત નથી. દુષ્કાળ, રેલસંકટ, અને ધરતીકંપવાળા વિસ્તારોમાં નિરાશ્રિતો અને આદિવાસીઓ માટે આગીની પળે દોડી તાત્કાલિક રાહતનાં જે કાર્યો એમણે કર્યાં છે અને અનેક પ્રકારનાં શારીરિક કષ્ટો સહન કરીને પણ જે માનવસેવા તેમણે બજાવી છે તે અનન્ય છે. પેટપૂરતું ખાવાનું કે તરસ છીપાવવા પાણી મેળવવાની પણ મુશ્કેલી હોય તેવા ક્ષેત્રોમાં જઈને લોકોને જીવતદાન આપવાનું જે કાર્ય તેમણે કર્યું છે તે હું કઈ રીતે ભૂલવી શકું?

"મુંબઈના ઉપનગર ગ્રામોદ્યોગ સંઘના એ માનદ મંત્રી છે. વીલે પારલેના ભગિની સેવા મંદિર અને કુમારિકા - સ્ત્રી મંડળનાં તેઓ ટ્રસ્ટી છે, અને ડૉ. બાલાભાઈ નાણાવટી હૉસ્પીટલ જેવી અનેક સંસ્થાઓ જોડે તેઓ સક્રિય રીતે સંકળાયેલા છે.

"સાદાઈ અને સંયમની તો તેઓ મૂર્તિ છે. લાખોના દાન દેનાર પોતે ત્રીજા વર્ગમાં મુસાફરી કરે છે. ધર્મપરાયણતા, ત્યાગ અને તપશ્ચર્યા તેમના જીવનમાં તાણાવાણાની માફક વણાયલા છે. માનવસેવાને જ પ્રભુસેવા માનનાર જાહ્નવી જેવાં પવિત્ર અને પરોપકારી આ માતાને આપણા સહુનાં વન્દન હો!"

☆ પ્રકીર્ણ નોંધ ☆

શ્રી જ્યૉર્જ ફરનાન્ડીઝની બેફામ દાદાગીરી અને શ્રી ગજેન્દ્રગડકરે દાખવેલો શાન્તિલક્ષી પ્રતિકારમાર્ગ

સંસદ સભ્ય શ્રી જ્યૉર્જ ફરનાન્ડીઝે મુંબઈના બસ કામદારોના યુનિયન ઉપર પોતાના વર્ચસ્‌ના બળે એકાએક પડાવેલી અને ૩૦મી જાન્યુઆરીથી તા. ૮મી ફેબ્રુઆરી—એમ દસ દિવસ સુધી લંબાયલી હડતાળે મુંબઈમાં વસતા પ્રજાજનોના જીવનમાં પારવિનાની પરેશાની પેદા કરી હતી. આમ છતાં "જ્યાં સુધી બસકામદારોની બધી માંગણીઓનો સંપૂર્ણપણે સ્વીકાર કરવામાં નહિ આવે ત્યાં સુધી આ હડતાળ તો ચાલુ જ રહેશે, એટલું જ નહિ પણ, કામદારોનાં બીજાં યુનિયનો પણ ઉત્તરોત્તર હડતાળો પાડશે (અને એ રીતે તેમણે ટેક્સીઓની હડતાળ એક દિવસ માટે પડાવી પણ ખરી) એટલું જ નહિ પણ 'મુંબઈ બંધ' પણ કોઈ પણ દિવસે એકાએક ફરમાવવામાં આવશે" આમ ધમકીઓની ઝડીઓની ઝડીઓ પ્રસ્તુત હડતાળ દરમિયાન જ્યૉર્જ ફરનાન્ડીઝ રાજારાવણના હુંકાર માફક મુંબઈની જનતા ઉપર વરસાવી રહ્યા હતા. આમ છતાં બીજી બાજુએ મુંબઈના પ્રજાજનોએ આ બધી પરેશાની અને પાર વિનાની હાલાકી શાન્તિ અને ધીરજપૂર્વક સહન કરી હતી અને સત્તાવાળાઓ ફરનાન્ડીઝને જરા પણ નમતું ન આપે એવો આગ્રહ ચોતરફથી દાખવવામાં આવ્યો હતો અને એ વલણના સમર્થનમાં હડતાળના આઠમા કે નવમાં દિવસે એક મોટો જનતા—મોરચો પણ કાઢયો હતો. આમ ફરનાન્ડીઝની બેફામ દાદાગીરી સામે લોકોનો રોષ વધતો જતો હતો અને બીજા યુનિયનોનો સાથ પણ શંકાસ્પદ બનતો જતો હતો. સંભવ છે કે બસ કામદારો પણ અંદરથી ઢીલા પડી ચૂક્યા હોય. આમ પોતાની વિરૂદ્ધ વણસતી જતી પરિસ્થિતિ ધ્યાનમાં લેતાં જ્યૉર્જ ફરનાન્ડીઝ સામે જાણે કે બીજો કોઈ વિકલ્પ રહ્યો ન હોય એમ પોતાની હઠ તેને છોડવી પડી અને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી વસંતરાવ નાયકની મધ્યસ્થી તેને સ્વીકારવી પડી. આ એક રીતે આખા પ્રકરણનો સુખદ અંત આવ્યો ગણાય.

આમ છતાં આનાથી પ્રજાજનોએ નિરાંત ચિન્તવીને બેસી રહેવા જેવું નથી. મજૂર યુનિયનોનાં સંગઠ્ઠનો અને પ્રજાની હાડમારીઓ વિષે તદ્દન બેપરવા એવા જ્યૉર્જ ફરનાન્ડીઝ જેવા મજૂર નેતાઓ, જો આ સંબંધમાં લોકો સમયસર ચેતે નહિ તો અને આવી દાદાગીરી સામે પ્રતિકારાત્મક પગલાંઓનો વિચાર અને આયોજન કરે નહિ તો, ભવિષ્યમાં ગમે ત્યારે પોતાના મજૂર યુનિયનને વધારે અર્થલાભ મેળવી આપવાના બહાને પ્રજાજીવનને એક યા બીજી રીતે ગુંગળાવતા રહેવાના—વખત આવ્યે લોકોને ભૂખ્યા અને તરસ્યા મારવામાં—જરા પણ અચકાવાના નથી કે જરાપણ પાછુંવાળીને જોવાના નથી—આ આપણ સર્વેએ બરોબર સમજી લેવાની જરૂર છે.

આ દૃષ્ટિએ વિચારતાં, આપણે બધાં જ્યારે પ્રસ્તુત હડતાળના દિવસો દરમિયાન અંદરથી ખૂબ જ સમસમી રહ્યા હતા અને આવી પરિસ્થિતિનો પ્રતિકાર કેમ કરવો તેની કોઈ સૂઝના અભાવે આપણે એક પ્રકારની અસહાયતા અનુભવી રહ્યા હતા ત્યારે ભારતના માજી મુખ્ય ન્યાયમૂર્તિ અને અત્યારે મુંબઈ યુનિવર્સિટીના વાઈસ ચેન્સેલર શ્રી. પી. બી. ગજેન્દ્રગડકરે મુંબઈના પ્રજાજનોને આગવી દોરવણી આપી હતી અને આવી હડતાળો, બંધો અને સરકારી કે પ્રજાજનોની માલમિલ્કતની ભાંગફોડ સામે પ્રતિકારનો માર્ગ ખૂલ્લો કર્યો હતો. તે માટે તેમને આપણા સર્વના ધન્યવાદ ઘટે છે.

તેમણે મુંબઈ યુનિવર્સિટી તથા હાઈસ્કૂલો સાથે સંબંધ ધરાવતાં અધિકારીઓ, અધ્યાપકો, શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા મુંબઈના બુદ્ધિશાળી જનસમાજને તેમ જ પ્રગતિશીલ તત્ત્વોને આજના સમ-

યમાં જોખમાતી જતી, છિન્નભિન્ન થઈ રહેલી રાષ્ટ્રીય એકતાને બચાવવા માટે એકત્ર થવાની હાકલ કરી અને તે હાકલના પરિણામે તા. ૧૧ મી ફેબ્રુઆરીના રોજ સવારના ભાગમાં હાઈસ્કૂલ તથા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તેમ જ અધ્યાપકોનું કામદાર મેદાન ઉપરથી એક સરઘસ કાઢ્યું, જે એન્ટોનિયો ડી સીલ્વા હાઈસ્કૂલના મેદાનમાં એક સભાના આકારમાં ફેરવાઈ ગયું. આ સભામાં એકત્ર થયેલા પ્રજાજનોને ઉદ્દેશીને ઉદ્બોધન કરતાં શ્રી ગજેન્દ્રગડકરે જણાવ્યું કે, "આ આપણી રેલી–સંયુક્ત મિલન–શુદ્ધ રાષ્ટ્રીય હેતુ માટે યોજવામાં આવેલ છે અને તેને કોઈ પણ રાજકીય પક્ષ, કાર્યક્રમ કે હેતુઓ સાથે લેશ માત્ર સંબંધ નથી. ભારે ખેદની વાત છે કે છેલ્લા કેટલાક મહિનાઓથી વિદ્યાર્થીઆલમ ભાષાકીય આન્દોલનનું ભોગ બની રહ્યું છે. હિન્દી ભાષી અને બિનહિન્દી ભાષી પ્રદેશો વચ્ચે રાજકારણી પૂર્વગ્રહો અને ઝનૂનમાંથી પેદા થયેલ કરુણાજનક અથડામણે વિદ્યાર્થીઓના યુવાન અને લાગણીપ્રધાન માનસને વિવ્હળ બનાવી મૂક્યું છે. આપણી લોકશાહી માટે આ પરિસ્થિતિ એક ભારે ગંભીર ભયસ્થાન રૂપ બની બેઠી છે."

ગઈ સામાન્ય ચૂંટણીનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે "આપણામાંના ઘણા ખરાએ એમ માન્યું હતું કે આપણા દેશમાં સ્થપાયેલ લોકશાહીના ઈતિહાસમાં આ ચૂંટણી દ્વારા એક નવા આશારૂપદ અને સર્જનાત્મક યુગનો પ્રારંભ થયો છે. એ ચૂંટણીના પરિણામે કોંગ્રેસની એકહથ્થુ સત્તાનો અન્ત આવ્યો હતો અને જુદા જુદા રાજકીય પક્ષો સત્તા પર આવ્યા હતા. આમ છતાં છેલ્લા દશ મહિના દરમિયાન આપણે શું જોયું? જેને આપણે કેવળ લોકશાહી-વિરોધી અને નીતિ-વિવેકવિહોણા કહી શકીએ એવા ચાલી રહેલા પક્ષાન્તરો. એક પક્ષમાંથી નીકળી બીજાં પક્ષમાં દાખલ થવું એ બાબત આજ તો ચાલુ રોજબરોજ બની રહેલી ઘટના બની ગઈ છે. રાજકારણી સત્તા પાછળ પડાપડી અને સત્તાને ચીટકી રહેવાની ઘેલછાનાં આપણે શરમજનક પ્રદર્શનો જોઈ રહ્યા છીએ.

"આ ઉપરથી ચાર મુદ્દાઓ ઉપર પ્રતિજ્ઞાબદ્ધ થવા હું આપને અનુરોધ કરું છું. એક છે દેશની એકતા. બીજો મુદ્દો છે રાજકીય તેમ જ આર્થિક સમસ્યાઓ ઉકેલવા માટે તેમ જ લોકોની અગવડો અને મુશ્કેલીઓ વ્યકત કરવા માટે હસ્તગત કરવામાં આવતા સાધનોના વ્યાજબી–ગેરવ્યાજબીપણાની યોગ્ય સમીક્ષા કરવાની આવશ્યકતા. ત્રીજો મુદ્દો એ છે કે જાહેર મીલ્કતોનો નાશ કરવો તે તદ્દન બુદ્ધિહીન અને અર્થહીન આચરણ છે. અને ચોથો એટલે કે છેલ્લો મુદ્દો એ છે કે પક્ષવાદી રાજકારણમાં વિદ્યાર્થીઓએ જરા પણ સંડોવાવું ન ઘટે.

"અલબત્ત, મને પૂરો ખ્યાલ છે કે ઘણા વિદ્યાર્થીઓ મતદાર છે. તેમને રાજકારણી બાબતોમાં અમુક ચોક્કસ અભિપ્રાયો ધરાવવાનો હક્ક છે અને હોવો જોઈએ એ પણ મને સ્વીકાર્ય છે. આમ હોવાથી યુનિવર્સિટીના કેન્દ્રમાં સર્વ પ્રકારની રાજકારણી ચર્ચાઓ આવકારપાત્ર છે, કારણ કે તે દ્વારા ભવિષ્યના નાગરિકો તરીકે જે જવાબદારીઓ અને કર્તવ્યોનો વિદ્યાર્થીઓએ બજાવવાનાં છે તેને લગતી તાલીમ પ્રાપ્ત થઈ શકે છે.

"આમ છતાં પણ હું ભાર મૂકીને જણાવું છું કે આપણા બંધારણમાં સૂચવાયેલી લોકશાહીને સંગત એવી જીવનપદ્ધતિનો નક્કર પાયો ઉપર જણાવેલ ચાર મુદ્દાઓ અથવા સિદ્ધાન્તો ઉપર જ છે અને તેથી આજના સામુદાયિક મિલનની આયોજક 'નેશનલ યુથ એન્ડ સોલીડેરીટી કમિટી' એ નક્કી કરેલ પ્રતિજ્ઞા અંગીકાર કરવા આપ સર્વને હું અનુરોધ કરું છું. પ્રસ્તુત પ્રતિજ્ઞા આ મુજબ છે:–

"ભારતનું પ્રજાતંત્ર, તેની એકતા અને એક રાષ્ટ્ર તરીકે તેની પ્રતિષ્ઠા અમારા માટે અત્યંત પવિત્ર બાબત છે. રાષ્ટ્રની મિલ્કત એ અમારું ધન છે. રાષ્ટ્રીય મીલ્કતના નાશને અને અવિચારી હિંસક કૃત્યોને અમે અન્તઃકરણથી વખોડી કાઢીએ છીએ અને તેથી અમે આજે પૂરેપૂરી સમજણપૂર્વક પ્રતિજ્ઞા લઈએ છીએ કે રાષ્ટ્રની એકતા અને પ્રતિષ્ઠાની અને તેની માલમિલ્કતની રક્ષા માટે અમે અમારાથી બનતું સર્વ કાંઈ કરીશું."

આ પ્રતિજ્ઞા અંગ્રેજીમાં, હિન્દીમાં અને મરાઠીમાં અનુક્રમે લેવામાં આવી હતી. આ સરઘસની શ્રી ગજેન્દ્રગડકરે, આધ્યાપક વસન્ત બાપટે અને અધ્યાપક રામ જોષીએ આગેવાની લીધી હતી.

૨૧ ફેબ્રુઆરી : માતાજીની ૯૧મી વર્ષગાંઠ

અરવિન્દ આશ્રમનાં અધિષ્ટાત્રી જેઓ 'માતાજી'ના નામે ઓળખાય, છે–સંબોધાય છે તેઓ ચાલુ ફેબ્રુઆરી માસની ૨૧મી તારીખે પોતાના ૯૦ વર્ષનું આયુષ્ય પૂરું કરીને ૯૧મા વર્ષમાં પ્રવેશ કરે છે તે પ્રસંગને અનુલક્ષીને માતાજીનાં પરમ ભકત એવાં સૌ. સરલાબહેન સુમતિચંદ્ર શાહે નીચેનો પરિપત્ર પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવા માટે મોકલ્યો છે.:–

ભારતનો આત્મા એક અને અવિભાજ્ય છે.

"આ દુનિયામાં ભારત પોતાના મિશન વિષે–ધર્મકાર્ય વિષે–સભાન છે, સજાગ છે. આ ધર્મકાર્યની અભિવ્યકિત માટે બાહ્ય સાધનોની તે રાહ જોઈ રહેલ છે." આ શબ્દોમાં પોન્ડીચેરી આશ્રમનાં અધિષ્ઠાત્રી માતાજી આ દુનિયામાં ભારતના વિશિષ્ઠ કાર્યની ઘોષણા કરે છે.

"ભારતના શ્રેષ્ટ દ્રષ્ટા શ્રી અરવિન્દે જણાવ્યું છે તે મુજબ માતાજી દિવ્ય શકિતના અવતાર છે અને તેઓ એ પ્રકારની આધ્યાત્મિક અનુભૂતિ આપણામાં નિર્માણ કરવા માટે આપણી વચ્ચે ઉપસ્થિત થયાં છે કે જેનું મહત્વ વિશ્વવ્યાપી છે અને જે સર્વ ધર્મો, માન્યતાઓ અને દેશોના લોકો માટે અત્યન્ત આવશ્યક છે.

"૧૯૬૮ના ફેબ્રુઆરી માસની ૨૧મી તારીખે માતાજી પોતાના જીવનનું ૯૦મું વર્ષ પૂરું કરે છે. તેમણે આપેલો આશાપ્રદ અને ચેતનાપ્રેરક સંદેશો વ્યથા–વ્યાકુળ–માનવજાતને અને ખાસ કરીને આ દેશના લોકોને–અને જ્યારે આ દેશ સર્વત્ર કલહ, કંકાસ અને અશાન્તિ વડે છિન્નભિન્ન થઈ રહ્યો છે એવા સમયે–પહોંચાડવા માટે આ પ્રસંગનો પૂરેપૂરો ઉપયોગ કરવો ઘટે છે.

"દેશના યુવાનોને તેમણે નીચે મુજબ ખાસ સંદેશો આપ્યો છે:–

"તમે કે જેઓ દેશની આશા છો એવા યુવાન બંધુઓ, તમારા વિષે સેવાતી અપેક્ષાઓને યોગ્ય બનવા માટે તૈયાર થાઓ!"

"તેમના આધ્યાત્મિક ઉપદેશ અને તેમના સંદેશની યોગ્ય કદર કરવા અર્થે, તેનું ઉચિત મૂલ્યાંકન રજૂ કરવા માટે–સમૂહ પ્રાર્થનાઓ, ધ્યાન આયોજન, પ્રવચનો દ્વારા તેમ જ ઑલ ઈન્ડિયા રેડીઓ, બી. બી. સી. ઈસ્ટર્ન સર્વીસ, તથા વૉઈસ ઑફ અમેરિકા ઉપરથી વાયુપ્રસારણ દ્વારા તેમ જ તેને લગતાં ખાસ લખાણો અને બીજી બાબતોની પ્રસિદ્ધિ દ્વારા આપણા દેશમાં તેમ જ દેશ બહાર પણ, પ્રસંગાનુરૂપ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે.

"ફેબ્રુઆરી માસની ૨૮મી તારીખે "ઓરોવીલ"નો પાયો નાંખવામાં આવનાર છે. આ પણ માતાજીના જન્મદિવસને લગતા મહોત્સવનું એક અંગ છે. ચાલુ વર્ષની આ સૌથી મોટા મહત્ત્વની ઘટના હશે. આ ઓરોવીલ શું છે? તે શ્રી અરવિંદના સ્વપ્નને સાકાર કરવાનો પ્રયત્ન છે. તે નામ નીચે આન્તરરાષ્ટ્રીય સદ્ભાવના અને શુભેચ્છાને સ્થૂળ આકાર આપતું એવું એક નગરનિર્માણ વિચારાયું છે. તેનું યુનેસ્કોએ અનુમોદન કર્યું છે, સમર્થન કર્યું છે. 'ઓરોવીલ'ની તે કલ્પના માતાજીના દિવ્ય વ્યકિતત્વના પુરુષાર્થદ્વારા મૂર્ત-રૂપ ધારણ કરી રહેલ છે.

"વ્હાલા વાંચક, આ પ્રસંગના અનુસંધાનમાં તમારા પોતાના સ્થાનમાં કે પ્રદેશમાં શ્રી અરવિંદ સોસાયટીની શાખાઓ દ્વારા કે તેના ઉપક્રમે સંચાલિત શિક્ષણસંસ્થાઓ દ્વારા ઉપર જણાવેલી જે કોઈ પ્રવૃત્તિઓ યોજવામાં આવે તેમાં ભાગ લેવા તમને અનુરોધ છે, નિમંત્રણ છે."

પરમાનંદ

☆ પરમાણુની ગહનતા અને વિશ્વની અગાધતા ☆

(ગતાંકથી ચાલુ)

દ્રવ્ય અને પ્રતિદ્રવ્ય

આગળ કહ્યું તેમ પરમાણુની રચનાનાં રહસ્યો ઉકેલવામાં અનેક બીજા નવાં રહસ્યો ઊભાં થાય છે. અને માનવબુદ્ધિને આંચકો આપે છે. દૂર દૂર અવકાશમાંથી આવતાં વિશ્વરશ્મીનાં અભ્યાસે આવાં કેટલાંક નવાં રહસ્યો પેદા કર્યાં છે. આ વિશ્વરશ્મી અથવા કૉસ્મિક કિરણો એટલાં પ્રચંડ શક્તિશાળી કણોનાં બનેલાં છે કે તેની કલ્પના કરવી પણ કઠિન છે. આ શક્તિશાળી કિરણોનો પરમાણુના નાભી સાથે સંઘર્ષ થાય છે ત્યારે તેમાંથી વિવિધ પ્રકારના સૂક્ષ્મ સ્ફોટ પેદા થાય છે. આવા સ્ફોટ આ કિરણોની વિશિષ્ટ શક્તિને કારણે જ થાય છે. એનાથી નાભીમાંથી તદ્દન નવીન કણો વિચ્છિન્ન થઈ બહાર પડે છે, અને દ્રવ્યના કણોનું બે કણોમાં વિભાજન થાય છે અથવા તો કેટલીકવાર આખા નાભીનો સદંતર નાશ થાય છે.

વિશ્વરશ્મી (કૉસ્મિક કિરણો) ના અભ્યાસમાંથી પ્રોટોન અને ઈલેક્ટ્રોનની વચ્ચેના દ્રવ્યમાનવાળા અનેક મેસોન નામના ઋણ, ધન અને તટસ્થ કણો શોધાયા છે. એ પ્રત્યેક ક્ષણજીવી હોય છે, અને એનાથી પરમાણુ રચનાની સમસ્યામાં ઊમેરો થયો છે.

આ સંશોધનથી કેટલાંક અણધારેલાં બીજાં કણો પેદા થાય છે. પ્રોટોન ધનભારવાહી પરંતુ ઈલેકટ્રોનથી આશરે ૨૦૦૦ ગણો ભાર કણ છે. ઘણા વખતથી વૈજ્ઞાનિકોને લાગતું હતું કે ઋણ ભારવાહી ઈલેકટ્રોનના કણના જેવો જ ધનભારવાહી અને તેના જેટલા જ દ્રવ્યમાનનો કણ હોવો જોઈએ. કૉસ્મિક કિરણોના સંઘાતમાંથી એન્ડરસન નામના વૈજ્ઞાનિકે ઈલેકટ્રોનનો પ્રતિકણ પોઝિટ્રોન શોધ્યો. આ કણ ઈલેકટ્રોનના જેટલા જ દ્રવ્યમાનનો અને તેટલા જ પરંતુ ધન વીજભારવાળો કણ છે. આ કણને ભૌતિકશાસ્ત્રમાં પ્રતિકણ anti-praticle કહેવામાં આવે છે. ત્યાર પછી પ્રોટોનનો પ્રતિકણ એન્ટિ પ્રોટોન શોધાયો. ન્યુટ્રોનનો પ્રતિકણ એન્ટિ-ન્યુટ્રોન શોધાયો. આમ સૃષ્ટિમાં જે પ્રાથમિક કણો છે તેનાથી વિરુદ્ધ ગુણવાળાં પ્રતિકણો શોધાયાં. આ પ્રતિકણોની ખાસિયત એ છે કે તે બહુ અલ્પ સમયમાં તેના વિરુદ્ધ ગુણવાળા કણની સાથે સંઘાત કરીને બંનેનો વિનાશ સર્જાય છે. ઈલેકટ્રોન અને પ્રૉઝિટ્રોનનો સંઘાત થાય છે અને પ્રોટોન એન્ટી-પ્રોટોનનો સંઘાત થાય છે અને એ બધા તત્ક્ષણ નાશ પામે છે.

ભૌતિકશાસ્ત્રીઓને એમ લાગવા માંડ્યું છે કે આ વિશ્વમાં જેમ આપણી સૃષ્ટિ પ્રોટોન, ન્યુટ્રોન અને ઈલેકટ્રોનના કણોથી રચાયેલી છે તેમ વિશ્વના કોઈ બીજા ભાગમાં એન્ટિ-પ્રોટ્રોન, એન્ટિ-ન્યુટ્રોન અને એન્ટિ-ઈલેકટ્રોન (પોઝિટ્રોન) જેવાં કણોનું પ્રતિદ્રવ્ય anti-Matter પણ હોવું જોઈએ અને આવાં દ્રવ્યની પ્રતિસૃષ્ટિ તેમ જ પ્રતિજીવો પણ હોવા જોઈએ. આવા કોઈ વિશ્વને એન્ટિ-યુનીવર્સ પ્રતિ-વિશ્વ કહેવામાં આવે છે. એમ માનવામાં આવે છે કે જો આપણું વિશ્વ અને આ પ્રતિ-વિશ્વ એકમેકની નજીક આવે તો બંનેનો તત્ક્ષણ વિનાશ સર્જાય. કુદરતની ગહનતામાં આ એન્ટિ-પાર્ટિકલોએ એક નવી સમસ્યાનો ઉમેરો કર્યો છે. કદાચ વિશ્વના કોઈક ખુણામાં આવા એન્ટિ-યુનિવર્સમાં એન્ટિ-માણસો રહેતાં હોય તે પણ સંભવિત છે. જો આમ હોય તો આપણે એ એન્ટિ-માણસોને મળતાં જ બન્નેનો અરસપરસ તત્ક્ષણ નાશ થાય તેવી કલ્પના પણ આજે તો વાસ્તવિક ભૂમિકાની ગણાય છે.

વિરાટ વિશ્વ

હવે આપણે સૂક્ષ્મ વિશ્વની ભૂમિકા છોડીને અવકાશમાં વિસ્તરેલાં અનંત કોટી પદાર્થો અને તેની કેટલીક સમસ્યા અને રહસ્યો વિષે વિચાર કરીએ.

વિશ્વના અવલોકન માટે આજે આપણી પાસે ૨૦૦ ઈંચ વ્યાસનું પાલોમર ખાતે આવેલું દૂરબિન છે. એના વડે આ અફાટ આકાશમાં આજ સુધી નહિ કલ્પેલી તેવી નવીન સૃષ્ટિનાં દર્શન થાય છે. આ દૂરબીન વડે દૂરમાં દૂર રહેલી ૪ અબજ પ્રકાશ વર્ષ અંતરની નિહારિકા જોવા મળે છે.

આકાશી પદાર્થોમાં કદ જેટલાં વિરાટ છે તેટલા જ તેમના અંતર પણ વિરાટ છે. સૂર્યમંડળમાંનાં અંતરો આપણે માઈલોથી દર્શાવી શકીએ. પરંતુ એને છોડીને નજીકનાં તારાનાં અંતર પણ પ્રકાશવર્ષમાં માપવાં પડે છે. પ્રકાશવર્ષ એટલે એક સેકંડના ૧૮૬૦૦૦ માઈલની ઝડપે પ્રકાશનાં કિરણોએ કાપેલું અંતર. આ અંતર આશરે ૬ અબજ માઈલ જેટલું થાય છે. આ ઝડપે આપણે કોઈક અવકાશ યાનમાં વિશ્વની મુસાફરી કરવા નીકળીએ તો સૂર્યમાંથી નીકળી પૃથ્વી ઉપર આવતાં આપણને ૮ મિનિટ લાગશે અને સૂર્ય મંડળના સૌથી છેલ્લા ગ્રહ ઉપર જતાં આશરે ૬ કલાક લાગે છે. એ વાહનમાં પૃથ્વી ઉપરથી ચંદ્ર ઉપર જતાં આપણને માત્ર ૨ મિનિટ લાગશે અને ૨,૩૦,૦૦૦ માઈલનું અંતર કાપી શકીશું.

જો આપણે સૂર્યમંડળને છોડીને સૌથી નજીકના તારા વિજય (આલ્ફા સેન્ચુરી) ઉપર પહોંચવું હોય તો આપણને ખાસ્સાં ૨.૫ વર્ષ લાગશે. અને ત્યાર પછી બીજો તારો નરાશ્વ (સેન્ચુરી) ૪-૫ વર્ષે મળશે.

નરી આંખે દેખાતી આકાશગંગા એ આપણું તારામંડળ રૂપી નગર છે. એમાં આશરે ૧ કરોડ નાના મોટા તારા છે. કેટલાક સૂર્યથી નાના છે, જ્યારે કેટલાક સૂર્યથી ૨૦૦૦ ગણા મોટા કદના છે. આ બધા તારાના સમૂહરૂપી આપણું આ તારામંડળ અતિ વિશાળ છે. એ પૈડાના અથવા ચક્કેંકના ચક્ર જેવું છે. એનો વ્યાસ મોટો છે અને વચ્ચેથી એની જાડાઈ પ્રમાણમાં ઓછી છે. આ નગરને ગેલેક્સી પણ કહેવામાં આવે છે. આ ગેલેક્સીમાં આપણે એક છેડેથી બીજે છેડે સુધી ભ્રમણ કરવા નીકળવું હોય તો આપણા અવકાશયાનમાં પ્રકાશની ઝડપે મુસાફરી કરતાં આપણને ૧ લાખ વર્ષ લાગશે. આટલો કાળ કોઈ વ્યકિત જીવંત રહી મુસાફરી કરી શકે નહિ, પરંતુ જો તે પોતાના પરિવાર સાથે મુસાફરી કરવા નીકળે તો તેની ૧૦ પેઢી થાય ત્યારે આ યાત્રા પૂર્ણ થાય. આ દાખલાથી આપણને આપણા પોતાના તારાનગરની વિશાળતાનો ખ્યાલ આવે છે. આ નગરના એક છેડે એક ઘટના બની હોય અને એકાદ તારો નાશ પામ્યો હોય તો તેની ખબર બીજે છેડે ૧ લાખ વર્ષ પછી પડે.

હવે જો આપણે આ આપણા તારામંડળને છોડીને બીજાં સૌથી નજીકના તારામંડળ ઉપર જવું હોય તો તે માટે અવકાશમાં આપણા પ્રકાશયાનને ૧૦ લાખ વર્ષની મુસાફરી કરવી પડે. આવા અનેક તારામંડળો અને નિહારિકાઓ આ અફાટ વિશ્વમાં દૂર દૂર પડેલાં છે. એ દરેક અવકાશમાં સ્થિર નથી. એ દરેક નિહારિકા પોતાના સમગ્ર પરિવાર સાથે પ્રચંડ ઝડપે મુસાફરી કરે છે અને એ ઉપરાંત પોતાની અક્ષ ઉપર ભ્રમણ પણ કરે છે. આપણાં તારામંડળનું એક ભ્રમણ પૂરું થતાં ૨૦ કરોડ વર્ષ લાગે છે.

જેમ વધુ બળવાન દૂરબીન વડે આપણે અવકાશમાં દૃષ્ટિપાત કરીએ છીએ તેમ આપણને અવનવી નિહારિકાઓની પરંપરા જોવાની મળે છે. એ નિહારિકાની સંખ્યા કેટલી હશે અને અંતિમ નિહારિકાઓ કેટલી દૂર હશે તે કલ્પવું પણ મુશ્કેલ છે.

મૃગશિર્ષ નક્ષત્રમાં દેખાતી અનુરાધા નામક નિહારિકા આપણાથી ૧૦ લાખ પ્રકાશવર્ષ દૂર છે. એનો અર્થ એ થયો કે આજે આપણે

જે નિહારિકા જોઈએ છીએ તેનો પ્રકાશ ૧૦ લાખ વર્ષ પહેલાં ત્યાંથી નીકળેલો છે. એટલે કે આપણે ૧૦ લાખ વર્ષ પહેલાંની નિહારિકા આજે જોઈએ છીએ અને આજે તે નિહારિકા ત્યાં ધારો કે અદશ્ય થઈ હોય તો તેની ખબર પૃથ્વી ઉપર ૧૦ લાખ વર્ષ પછી પડશે. આ ઉપરથી આપણે એ કબૂલ કરવું પડશે કે આપણે દૂરનું વિશ્વ જોઈએ છીએ તે આજનું નથી, પરંતુ ભૂતકાળનું છે. એવું જાણવા મળ્યું છે કે સૌથી દૂરદૂરની નિહારિકા એટલી દૂર છે કે તેના પ્રકાશને અહીં આવતાં ૧૦ કરોડ વર્ષ લાગે.

ક્વેાઝર્સ

આવા આપણા વિશ્વની રચનામાં તારા, સૂર્યો, ગ્રહો, ઉપગ્રહો, તારામંડળો અને નિહારિકા ઉપરાંત અવનવા આકાશી પદાર્થોની પણ શોધ થતી જાય છે. ક્વેાઝર્સ નામે નવીન તારાઓની શોધ થઈ છે. આ તારા એટલા વિશાળ છે કે તેમાં કરોડો સૂર્યો સમાઈ જાય. આ તારાની વિશિષ્ટતા એ છે કે તેના પ્રચંડ દ્રવ્ય (કરોડો સૂર્યના દ્રવ્યમાન જેટલું)ને કારણે તેના ગુરુત્વાકર્ષણ બળનું પ્રભુત્વ પ્રચંડ બન્યું છે. આપણી પૃથ્વી ઉપર સ્થૂળ દ્રવ્ય એકમેકથી દૂર રહેવા વીજળિક આકર્ષણના બળનો આધાર લઈ જુદા જુદા આકાર અને સ્વરૂપ ધારણ કરી શકે છે; કારણ ગુરુત્વાકર્ષણનું બળ પ્રમાણમાં અલ્પ છે. પરંતુ આ ક્વેાઝર્સ નામના પ્રચંડકાય તારાઓમાં ગુરુત્વાકર્ષણ બળનું પ્રભુત્વ એટલું પ્રચંડ અને કલ્પનાતીત હોય છે કે તેનાથી પ્રત્યેક દ્રવ્યોનો કણ સ્વતંત્ર રીતે તેના કેન્દ્ર તરફ આકર્ષાય છે. આ કણો અથવા પરમાણુઓમાંથી કોઈ આણુ કે તેનો પદાર્થ બની શકતો નથી. એમાંનું દ્રવ્ય અને તેનો પ્રત્યેક કણ પ્રચંડ વેગથી અનાદિ કાળથી તેના કેન્દ્ર તરફ ગતિ કરી રહ્યો છે. બધું જ દ્રવ્ય કેન્દ્ર તરફ પડ્યા જ કરે છે. ત્યાં બીજી કોઈ ક્રિયા દૃષ્ટિગોચર થતી નથી. પદાર્થને પતન સિવાય કોઈ પ્રવૃત્તિ નથી. ચોમેરથી આ ક્વેાઝર્સનું દ્રવ્ય નીચે જ પડ્યા કરે છે. એમાંથી કાળક્રમે બધું દ્રવ્ય અતિ નાના કદમાં એકઠું થશે ત્યારે અંદરના પ્રચંડ બળથી તેનો સ્ફોટ થઈ તે વિકાસ પામશે અને ફરીથી તેનું દ્રવ્ય બહાર ફેંકાવા લાગશે. આ પરિકલ્પના આપણા દેશના વૈજ્ઞાનિક નાર્લિકર અને તેના ગુરુ હૉઈલને આભારી છે. આવા પ્રચંડકાય ૨૦ થી ૨૫ ક્વેાઝર્સની શોધ થઈ છે. આ ક્વેાઝર્સમાં ગુરુત્વાકર્ષણ ભંગ ચાલી રહ્યો છે (ગ્રેવિટેશનલ કૉલેપ્સ) અને હજી અનંત કાળ સુધી ચાલ્યા કરશે.

તારા અને સૂર્યમાં પરમાણુ ભઠ્ઠીઓ

દરેક સૂર્યની ગરમી તેની ભિતરમાં ચાલી રહેતી પરમાણુ ભઠ્ઠીના જેવી ક્રિયાથી પેદા થાય છે અને જળવાઈ રહે છે. આપણે એમ કહી શકીએ કે દરેક સૂર્ય (તારો) એક વિશાળકાય પરમાણુ-ભઠ્ઠી જ છે. એના ભિતરમાં પરમાણુ ભઠ્ઠીની પ્રક્રિયા ચાલ્યા કરે છે અને તેને પરિણામે તેમાંથી નિરંતર દ્રવ્યનો નાશ થયા કરે છે. આ દ્રવ્યનાશમાંથી તેમાં પ્રચંડ ગરમી પેદા થાય છે. આ ક્રિયા સૂર્યની ભિતરમાં કેન્દ્ર વિસ્તારમાં ચાલે તેનું કારણ પ્રચંડ દબાણ અને પ્રચંડ ઉષ્ણતામાન છે.

રેડિયો ખગોળ

૧૯૪૫માં બીજું વિશ્વયુદ્ધ પૂરું થયા પછી ખગોળશાસ્ત્રમાં એવું નવું વિજ્ઞાન શરૂ થયું. તેનું નામ રેડિયો ખગોળ અથવા રેડિયો એસ્ટ્રોનોમી છે. આપણને જે દશ્ય નિહારિકા દેખાય છે તેની આસપાસ અદ્રશ્ય દ્રવ્ય બહુ મોટા વિસ્તારમાં વિસ્તરેલું હોય છે એવું આ રેડિયો ખગોળના અભ્યાસમાંથી માલુમ પડ્યું. આજે દુનિયાના ઘણા દેશોમાં પ્રચંડ રેડિયો ટેલિસ્કોપ વડે પ્રતિક્ષણ જુદી જુદી દિશામાંથી આવતા સંદેશા ઝીલીને તેમાંથી વિશ્વના પદાર્થોના અદશ્ય વિસ્તાર અને તેમાં ચાલતી પ્રક્રિયાની અદ્‌ભૂત માહિતીઓ મળ્યા કરે છે.

વિશ્વની રચના અને ઉત્ક્રાંતિ

આ વિશ્વની ઘટના તપાસતાં માલૂમ પડે છે કે તેમાં ઉત્ક્રાંતિનાં બળો કામ કરી રહ્યાં છે. અનાદિ કાળથી વિશ્વમાં રહેલી અનંત નિહારિકાઓમાં સ્થૂળ દ્રવ્યની રચનાથી તારા (સૂર્યો) અને ગ્રહો-ઉપગ્રહોની ઉત્પત્તિ કાં તો થઈ ચૂકી છે અથવા કેટલાકમાં હજી થવાની બાકી છે. તારાની ઉત્ક્રાંતિનો ઈતિહાસ બતાવે છે કે વાદળરૂપી દ્રવ્યમાંથી સંગઠિત થયેલાં ઉષ્ણ દ્રવ્યમાંથી પ્રથમ તેનું કેન્દ્ર રચાય છે. વધુ દ્રવ્ય સંગઠિત થયાથી તારાનું કદ શરૂઆતમાં વિશાળ હોય છે. પરંતુ કાળક્રમે ગુરુત્વાકર્ષણના બળે તે નાનું થતું જાય છે અને તેની ઉષ્ણતા વધતી જાય છે. આ ઉષ્ણતા મધ્યના ગર્ભભાગમાં પરમાણુ - પ્રક્રિયાથી ક્રમશ: વધતી જાય છે અને તે વધુ ને વધુ તેજસ્વી બને છે. કેટલાક તારામાં આને કારણે ક્વચિત્ મહાન પરમાણુ બૉંબની પેઠે સ્ફોટ થઈ બધું દ્રવ્ય આકાશમાં વિસ્તાર પામી ઠંડું પડી જાય છે અને તે સુપર-નોવી તારા અદશ્ય થઈ જાય છે. કેટલાક માત્ર વિસ્તાર પામવા લાગે છે અને ઠંડા થવા લાગે છે અને રકત દૈત્યો (રાક્ષસી કદના ઠંડા તારા) બની કાળક્રમે ઠંડા પડીને અદશ્ય થઈ જાય છે.

નિહારિકાઓ તેમની દૂરતાના પ્રમાણમાં વધુ ને વધુ વેગથી વિશ્વના સિમાડા તરફ દૂર ને દૂર ભાગી રહી છે. આ ઘટના એ સૂચવે છે કે કદાચ પુરાતન કાળમાં બધું જ દ્રવ્ય એક કેન્દ્રમાંથી કોઈ પ્રચંડ સ્ફોટમાંથી નિહારિકારૂપે છુટું પડ્યું હતું અને દૂર ફેંકાઈ ગયું હતું. હવે આ નિહારિકાઓ ઉત્તરોત્તર વધતી ગતિથી વધુ દૂર જઈ રહી છે. આઈન્સ્ટાઈનની પરિકલ્પના પ્રમાણે આ વિશ્વ વિસ્તાર પામી રહ્યું છે. આશરે ૮ અબજ વર્ષ પહેલાં આ વિશ્વનો સ્ફોટ થઈ પ્રથમ જન્મ થયો હશે તેમ અનુમાન થાય છે. આઈન્સ્ટાઈને પુરવાર કર્યું છે કે આ વિશ્વની વક્રતાને કારણે આજે એકમેકથી દૂર ભાગતી નિહારિકાઓ ફરીથી એકમેકની નજીક આવશે અને ફરીથી ૧૫૦ અબજ વર્ષો પછી વિશ્વનું સંકોચન થઈ બધું દ્રવ્ય એક જ સ્થળે એકમેકની સાથે પ્રચંડ શકિતથી થતા સંઘાતમાં અદ્રશ્ય થશે. આ કેન્દ્રમાં ફરીથી માત્ર તેજશકિત રૂપે બધી જ શકિત કેન્દ્રિત થશે. કાળક્રમે આ અમોઘ તેજશકિતમાંથી ફરીથી દ્રવ્ય પેદા થશે, ફરીથી મોટો સ્ફોટ થશે અને બધું જ દ્રવ્ય ફરીથી અનેક નાની મોટી નિહારિકારૂપે અવકાશમાં ફેંકાઈ જશે. આ ઘટમાળ એ વિશ્વનો ક્રમ છે એમ આઈન્સ્ટાઈન માનતો હતો. સર્જન પછી સંહાર અને સંહારમાંથી સર્જન થતું આ વિશ્વ અનંતકાળ સુધી જુદાં જુદાં સ્વરૂપે સર્જન અને વિનાશ પામતું રહેશે. આ મત રાઈલ નામના વૈજ્ઞાનિકે પ્રતિપાદન કર્યો છે.

બીજો એક સબળ મત નિત્ય વિશ્વનો છે. હૉઈલ નામનો વૈજ્ઞાનિક માને છે કે અનાદિ કાળથી આ વિશ્વ એકધારું રહ્યું છે, અને રહેશે. એની રચનામાં કોઈ ફેર પડયો નથી. એમાં દેખાતી દૂર ભાગની નિહારિકાઓ નિરંતર દશ્યમાન થશે. જૂની થતી દૂરની નિહારિકાઓ વિશ્વના સિમાડે જઈ લય પામશે અને તેનું દ્રવ્ય અવકાશમાં વિલીન થશે. જેટલી નિહારિકા આ સિમાડે લય પામે છે તેટલી જ પ્રત્યેક ક્ષણે વિશ્વના કેન્દ્રમાં નવાં દ્રવ્યનાં સર્જનની પ્રક્રિયામાંથી પેદા થઈ સિમાડા તરફ ફેંકાયા કરે છે. આ છે અવિરત સર્જન (continuous creation)નો સિદ્ધાંત. આ સિદ્ધાંત પ્રમાણે વિશ્વમાં દ્રવ્યનો જથ્થો સરખો જ રહે છે અને જેટલું દ્રવ્ય વિશ્વને સિમાડે વિનાશ પામે છે તેટલું જ તેના મધ્યમાંથી ઉદ્‌ભવ પામે છે.

આ બે વાદમાંથી કયો વાદ કુદરતે ખરેખર અપનાવ્યો છે તે કહેવું કઠિન છે. દરેક વૈજ્ઞાનિક પોતાના વાદને સબળ કારણો આપી બિરદાવે છે. ભવિષ્યનાં સંશોધન વડે મનુષ્ય એનો ઉકેલ લાવી શકશે અને કુદરતના અનેક રહસ્યોની જેમ આ ગેબી રહસ્ય પણ ઉકેલાશે તેવી શ્રદ્ધા વૈજ્ઞાનિકો સેવે છે.

ઉપસંહાર

આ નાના ભાષણ (લેખ) દ્વારા આપણે અતિ સૂક્ષ્મ પરમાણુના વિશ્વમાંથી વિરાટ વિશ્વના ગેબી ઊંડાણ સુધી એક વિરાટ યાત્રા કરી. આ બે વિશ્વ, જે આપણા સ્થૂલ જગતની બે સીમા છે, તેની વચ્ચે મધ્યમાન સ્થિતિમાં રહેલો માનવી પોતાની બુદ્ધિના બળે

આ બન્ને વિશ્વનો અનુભવ અને ઉપભોગ કરે છે અને તેનું અવલોકન કરી તેનાં રહસ્યોનો તાગ મેળવવા પ્રયત્ન કરે છે. જેમ એક રહસ્યનો ઉકેલ લાવીએ છીએ તેમ આ ગેબી વિશ્વ આપણી સમક્ષ અવનવાં બીજાં રહસ્યો ઊભાં કરે છે. આજે આપણી સમક્ષ અનેક અણઉકેલ કોયડાઓ પડયા છે.

આમ છતાં મનુષ્યનું મગજ તેમાં ચાલી રહેલાં ઉત્ક્રાંતિના બળે વધુ શકિતશાળી બનશે અને કુદરતનાં બળો અને રહસ્યોને સમજાવી શકશે તેવી શ્રદ્ધા રહે છે.

આ પૃથ્વી ઉપર મનુષ્ય આજથી ૧ કરોડ વર્ષ ઉપર પેદા થયો અને ત્યાર પછી છેલ્લા ૪૦૦ વર્ષો પહેલાં એણે જેટલું જ્ઞાન પ્રાપ્ત કર્યું અને કુદરતનાં બળોનું રહસ્ય સમજી સિદ્ધિઓ પ્રાપ્ત કરી તેના કરતાં છેલ્લી ચાર સદીમાં એણે અનેક સિદ્ધિઓ મેળવી છે. વળી છેલ્લાં ૪૦૦ વર્ષોમાં જગતે જે વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સિદ્ધિઓ પ્રાપ્ત કરી તેના કરતાં આ સદીનાં છેલ્લાં ૫૦-૬૦ વર્ષમાં એણે અભૂતપૂર્વ સિદ્ધિઓ મેળવી છે. આ ક્રમ ચાલુ રહે તો તે બીજાં ૨૫ વર્ષમાં કેટલી પ્રગતિ કરશે તે કહેવું પણ મુશ્કેલ છે. કદાચ એટલાં વર્ષોમાં મનુષ્ય ચંદ્રને મંગળની મુસાફરી કરતો થયો હશે. કદાચ ગુજરાત સાહિત્ય પરિષદ મંગળના ગ્રહ ઉપર પણ યોજાય તો નવાઈ નહિ.

મનુષ્ય પોતાના શરીરના ભૌતિક કદથી મધ્યમાન પદે છે, પરંતુ આપણે એક વાત યાદ રાખવી જોઈએ કે આ વિશ્વનું અવલોકન કરી તેનાં રહસ્યો સમજનાર એક માત્ર મનુષ્ય છે. ચેતન શું છે? તે આપણે હજી સમજી શકયા નથી. એ ચેતન આ વિશ્વનું એક અગત્યનું અંગ છે. એ અગોચર બળ વડે પણ આજે આ વિશ્વ ક્યાંથી આવ્યું છે, ક્યાં જઈ રહ્યું છે, એ અનંત છે કે પરિમિત છે, એનું ભવિષ્ય શું છે, આ વિશ્વની સૌ ઘટના નિયંતાધીન રહે છે, તે ગુણ કોણે પેદા કર્યો, એનો કોઈ નિયંતા છે કે કેમ, એ નિયંતા વિશ્વભરમાં વિસ્તરેલો છે કે કોઈ એક સ્થાને બિરાજેલો છે, આપણા વિશ્વના અંત પછી શું હશે, વગેરે અનેક પ્રશ્નો વિચારી શકીએ છીએ. અહીં બુદ્ધિ પણ પ્રર્યાપ્ત થઈ જાય છે. આપણી તર્કશકિત પણ અસહાય બને છે. ત્યાં આપણે માત્ર શ્રદ્ધાથી એ ગેબી સૃષ્ટિના સૂષ્ટા અને નિયંતા તરફ જોવું પડે છે અને દશ્ય વિશ્વની પાર આવેલાં અનંત અને અફાટ અવકાશનાં રહસ્યો ઉપર પડદો પાડી મુંડક ઉપનિષદ્‌માં વર્ણવેલાં એક અગોચર વિશ્વ અને તેના અગોચર નિયંતા વિષેનું મંતવ્ય શ્રદ્ધાથી સ્વીકારવું પડે છે.

न तत्र सूर्यो भाति न चन्द्रतारकं
नेमा विद्युतो भान्ति कुतो ऽ यमग्नि :।
तमेव भान्तम् अनुभाति सर्वं
तस्य भासा सर्वमिदं विभाति ॥

આમ માણસની બુદ્ધિને પણ મર્યાદા છે. આ અફાટ વિશ્વમાં એક પ્રચંડ નિહારિકામાં અત્યંત કનિષ્ટ કદનું સૂર્યમંડળ, તેમાં પણ અત્યંત સૂક્ષ્મ પૃથ્વી અને તેની સપાટી ઉપર તેથી પણ સૂક્ષ્મ શરીરધારી મનુષ્ય કેટલો અલ્પ છે તેનું ભાન થતાં મનુષ્યનું અભિમાન સહેજે ઓગળી જાય છે, અને નમ્રભાવે આ વિરાટ વિશ્વ અને તેના અગોચર મહાન સૂષ્ટા તરફ તે ભકિતભાવથી જોતો થાય તે સ્વાભાવિક છે.

અલ્પ હોવા છતાં આ સ્થૂલ વિશ્વનો અનુભવ અને અવલોકન કરીને તેનું રહસ્ય જાણનાર મનુષ્ય છે. પૃથ્વી ઉપરથી રંગબેરંગી વનસ્પતિ સૃષ્ટિ એના ઉપર થતો મનોહર અને વિવિધ રંગી સૂર્યોદય અને સૂર્યાસ્ત, અફાટ આકાશનો નીલ રંગ, નિરભ્ર આકાશનું, તારાઓ, નિહારિકા, અને ચંદ્રની કળાનું દર્શન અને એવું અનેક કુદરતનું સૌંદર્ય જોનાર ચેતન-સૃષ્ટિમાં મનુષ્ય સર્વશ્રેષ્ઠ પ્રાણી છે. જો આ સ્થૂલ વિશ્વને જોનાર ન હોય, કોઈ અનુભવનાર ન હોય અને કોઈ પીછાણનાર ન હોય તો આ સ્થૂળ વિશ્વ અસ્તિત્ત્વમાં હોય કે ન હોય તે બધું જ સરખું છે. આ સૃષ્ટિમાં મનુષ્ય અતિ અલ્પ સ્થાન રોકતો હોવા છતાં તે આખા વિશ્વમાં ચેતન સ્વરૂપે સૌથી મહાન છે અને તે સૂક્ષ્મ અને વિરાટ વિશ્વનો ભોકતા તેમ જ દષ્ટા છે અને એ રીતે મહાન છે.

अणोरणीयान् महतो महीयान्।
आत्मास्य जन्तोर्निहितो गुहायाम् ॥

સમાપ્ત

ડૉ. યશવન્ત ગુલાબરાય નાયક

મોં પર અંકુશ રાખવાની તાલીમ

(જૈન સમાજના પ્રખર ચિન્તક અને વિવેચક સ્વ. વાડીલાલ મોતીલાલ શાહનો વર્ષો પહેલાં લખાયેલો આ લેખ તેમના મિત્ર અને પ્રશંસક શ્રી ત્રિભુવન વીરજીભાઈ હેમાણી તરફથી મળ્યો છે જે પ્રગટ કરતાં હું આનંદ અનુભવું છું. **પરમાનંદ**)

જય એ લક્ષ્યબિંદુ છે જેનું તે 'જૈન.'

જય મેળવી ચૂકયો છે તે સમ્પૂર્ણપણે તે 'જીન.'

જય કોના પર – પોતા પર કે બીજાઓ ઉપર?

પોતા પર જય જેટલા પ્રમાણમાં **મેળવ્યો હોય તેટલા જ** પ્રમાણમાં મનુષ્ય બીજાઓ ઉપર જય મેળવી શકે છે–વધારે નહિ અને ઓછો પણ નહિ.

★

આરોગ્ય, ચારિત્ર્યસંગઠન, પ્રબલ ઈચ્છાશકિત એ સર્વ, પોતા પર જય મેળવવાની 'કસરત' અથવા 'ટેવ'નાં ફળ છે.

અને એ જ તત્ત્વો, વળી, બીજાઓ ઉપર જય મેળવવામાં **સાધનભૂત** બને છે.

★

જેને જયશાળી બનવું છે તેણે પ્રથમ કોઈનો પણ અંકુશ સ્વીકારવો જ પડશે. અંકુશ તળે રહી મુશ્કેલમાં મુશ્કેલ સંજોગો સહન કરવાની શકિત મેળવવાથી, પછી, અંકુશને દૂર કરવા જતાં પડતું દુ:ખ વહોરી લેવામાં તેને ભય લાગતો નથી. ભય અને દુ:ખની લાગણીને આ પ્રમાણે અમુક અંશે જીત્યા પછી તે માણસ પોતે પોતાનો માલિક બનવાને લાયક થાય છે. હવે તે પારકાની તાબેદારીથી ઉપજતું કષ્ટ ભોગવવાને બદલે સ્વતંત્ર ઈચ્છાશકિતથી કરાતાં કામમાં જે કષ્ટ આવી પડે તે કષ્ટ ભોગવે છે, પણ તે પોતાનું ઉત્પન્ન કરેલું કષ્ટ હોઈ તેને "આનંદ" માને છે.

પ્રથમ શિષ્ય બનો – પસંદ કરેલા કોઈ પણ માણસની ઈચ્છા–શકિતના તાબેદાર બનો. પછી પોતાના માલિક બની શકશો.

★

સ્વતંત્ર દશા ઉત્તમ છે, પરતંત્ર દશા મધ્યમ છે, અતંત્ર દશા ભયાવહ છે.

પોતાની કે કોઈની સદસદ્‌વિવેકશકિતના તાબામાં નહીં રહેનાર સ્વેચ્છાચારી 'અતંત્ર' કહેવાય. અને એવી ઘણી વ્યકિતઓ દેશમાં ઉત્પન્ન થાય તે ચલાવી લેવામાં આવે તો દેશમાં અંધાધૂંધી અને લૂંટાલૂંટ જ ચાલે.

સમજપૂર્વક કોઈની સદસદ્‌વિવેક બુદ્ધિના અંકુશમાં રહેનાર માણસ, જો કે તે પર તંત્ર છે તો પણ, પોતાનો કાંઈક વિકાસ કરી શકે છે અને સમાજમાં અંધાધૂંધી થતી અટકાવે છે.

સમજપૂર્વક કોઈના તંત્રમાં રહી **સ્વતંત્ર** બનેલો માણસ પોતાનો શ્રેષ્ઠ ભોમિયો અને સર્વોત્તમ માલિક બની શકે છે.

★

સમજપૂર્વક કોઈની આજ્ઞામાં રહેવા જે માણસો તૈયાર હોય તેવાઓ માટે પોતા ઉપર જય મેળવવાની તેમની શકિત વધે એટલા ખાતર પૂર્વના મહાન વિચારકોએ એક 'અંકુશ' સૂચવ્યો છે, જે એ છે કે

'મોં બંધ રાખો અને નાકદ્વારા શ્વાસ લો.'

★

દેખીતી રીતે આ આજ્ઞા હસવા જેવી લાગશે, પરન્તુ તે ખરેખર મહાન પરિણામ ઉપજાવનારો કિંમતી મંત્ર છે. જૈન શાસ્ત્રકારોએ એ અંકુશને મુહપતિના રૂપમાં સાધુવર્ગ માટે ફરજિયાત ઠરાવ્યો છે; પરન્તુ અન્ત્રે **ધર્મશાસ્ત્રના** આધારે કોઈ સિદ્ધાંત પ્રતિપાદન કરવા ઈચ્છા નથી. બુદ્ધિવાદના જમાનામાં વિજ્ઞાનશાસ્ત્રીની દલીલ વધારે વિશ્વાસપાત્ર મનાશે; તેથી ડૉકટર જેઈમ્સ કોટ્‌સ

પીએચ્.ડી; એફ્. એસ. નાં આ નીચેનાં વચનો તરફ ધ્યાન ખેંચવું ઠીક થઈ પડશે :-

By an effort of the will–in the one direction—exercised in private and public, **Keep** the mouth shut and breathe through the nose.

There is nothing very occult or mysterious about this direction. In fact, it is very prosaic and commonplace. But if you want to ward off disease, increase your vital and virile energies, increase the purity of your blood, stimulate as well as perfect the heart's action, and apply the brain and the sensory motor, and vegetative or sympathetic nervous systems with the materials necessary to do their work, KEEP THE MOUTH SHUT and breathe through the nose. That conduces to health, **self-control,** and well-being..... And last, though not the least, the **will-to-do** and **dare** and **the grit to accomplish things is perfected thereby** ..... Suffice it to say, you will notice that all really strong and able men—men of force, firmness, strength of will, and dominating their fellows, and who, within historic times, and within your own experience, made their mark in science, politics, religion, the army or commerce, have been–and are **physically and mentally too**—men who have **kept the mouth shut**..... Keep your mouth shut, and only open it when you want to clean your teeth, partake of food or to speak, and then only when you have thought over the motive, what you are to say. No more **impulsive spurts,** no words of anger or impatience and wounded self-conceipt..... The open-mouthed may have many good qualities, yet they have no **tenacity** and **staying power**..... The lack of success is due to want of one of the first essentials of self-control, **reserve** the silent tongue-physiognomically, indicated by the shut mouth.

ભાવાર્થ : ઈચ્છાશક્તિના પ્રયત્નથી – એક જ દિશામાં ઈચ્છાશક્તિનો વેગ મોકલવાની રીતથી જાહેરમાં તેમ જ ખાનગી વ્યવહારમાં ઈચ્છાશક્તિને એક જ દિશામાં વાપરીને–**મોં બંધ રાખો અને નાકદ્વારા શ્વાસ લો.** આ શિક્ષાવચનમાં એવું કાંઈ નથી કે જે ભેદભર્યું કે ગુપ્ત જ્ઞાનવાળું હોય. વાસ્તવમાં, એ ઘણી સાદી અને સાધારણ શિક્ષા છે, પણ જો તમારે દરદને દૂર રાખવું હોય, જો તમારે લોહીને વધારે સ્વચ્છ બનાવવું હોય, જો તમારે અંતઃકરણની ક્રિયાને સંપૂર્ણ બનાવવી હોય, જો તમારે મગજને અને શરીરના સઘળા જ્ઞાનતંતુઓને પોતાનું કામ તેઓ બરાબર બજાવી શકે એવા તંદુરસ્ત બનાવવાં હોય– જો તમારે આ સઘળું જોઈતું હોય તો મોં બંધ રાખો અને નાક દ્વારા શ્વાસ લો. તેથી આરોગ્ય તેમ જ આત્મસંયમને ઘણી જ પુષ્ટિ મળે છે. અને સૌથી મોટો લાભ એ થાય છે કે કામ કરવાની ઈચ્છા અને ઉત્સાહ તથા શક્તિ સંપૂર્ણ ખીલવા પામે છે. વધારે શું કહેવું ? તમને જણાશે કે સઘળા મજબૂત અને સમર્થ પુરુષો, જેમનામાં શારીરિક શક્તિ, દઢ ઈચ્છાશક્તિ અને બીજાઓ ઉપર અમલ કરવાની શક્તિ ઉભરાઈ જતી જોવામાં આવતી હોય તેવા સઘળા મનુષ્યો–રે ભૂતકાળમાં કે તમારા દેખતા દેખતામાં જેઓ વિજ્ઞાન, રાજ્યપ્રકરણ, ધર્મ, લશ્કર, કે વ્યાપારમાં કંઈ નામના કરી શકયા હોય એવા સઘળા મનુષ્યો–મોં બંધ રાખવાની ટેવ પાડવાથી જ એ ફત્તેહ પામી શકયા છે. અહીં મોં બંધ રાખવાનો બેવડો અર્થ સમજવાનો છે : હોઠ બંધ રાખીને મુખદ્વારા લેવાતો શ્વાસ રોકી નાકદ્વારા શ્વાસ લેવો તે, તેમ જ વાચા ઉપર અંકુશ રાખવો અર્થાત્ થોડામાં થોડું બોલવું તે.

તમારું મોં બંધ રાખો, અને તેને માત્ર ત્યારે જ ખોલો કે જ્યારે તમારે દાંત સાફ કરવા હોય, ભોજન કરવું હોય, અગર બોલવાની જરૂર પડતી હોય. પણ બોલવા માટે મોં ખોલવા પહેલાં, અહીં બોલવું યોગ્ય છે કે નહિ તે બાબતનો પૂરો વિચાર કરી લેજો, તેમ જ શું બોલવું અને શું ન બોલવું એ પણ વિચારી લેજો. માત્ર ક્રોધના કે અધીરાઈના કે આત્મશ્લાઘાના આવેશથી પ્રેરાઈને બોલવા માટે મોં ઉઘાડતા નહિ, ખુલ્લા મોંવાળા માણસમાં ઘણા સદ્‌ગુણો હોઈ શકે, પરન્તુ તેનામાં કોઈ ચીજને જાળવી રાખવાની શક્તિ – ચીકાશ – કઠણાશ – હોઈ શકે નહિ. દુનિયાદારીના કે આધ્યાત્મિક – કોઈ પણ પ્રયત્નમાં – ફત્તેહ મેળવવા માટે પહેલામાં પહેલું જરૂરી તત્ત્વ આત્મસંયમ અથવા કોઈ ચીજ જાળવી રાખવાની શક્તિ, અથવા મૂંગી જીભ છે. એ ગુણની પ્રાપ્તિ માટે મોં બંધ કરતાં શીખો.

* * * *

અને એટલા જ માટે જૈન શાસ્ત્રકારોએ સાધુતાનાં બાહ્ય ચિન્હોમાં એક વિશેષ ચિન્હ – મુહપતિ – નો સમાવેશ કર્યો જણાય છે. મુહપતિ – મુખ ઉપરનો દૃશ્ય અંકુશ – સ્થૂલ લગામ – એક ઉચ્ચ શક્તિ પ્રાપ્ત કરવાની 'કસરત' નું તે જડ સાધન – સાધુ અથવા ઉચ્ચ આશયથી સાધના (પ્રાપ્તિ) માટે પ્રયત્ન કરતા પુરુષનું તે સ્થૂલ હથિયાર – આ કારણથી જ 'ઉપયોગિતા' ના સિદ્ધાંત ખાતર જ જૈન શાસ્ત્રકારોએ ફરજિયાત ઠરાવ્યું છે. થોડામાં થોડું બોલવાની, ઓછામાં ઓછા વખત ખાવાની, નાકદ્વારા જ શ્વાસ લેવાની, ગમ ખાવાની અને આત્મવિશ્વાસ મેળવવાની ટેવ એ સાધન વડે બંધાઈ ગયા પછી એ સ્થૂલ સાધનની જરૂર રહેતી નથી.

* * * *

વાયુકાયના એટલે પવનના જીવોની હિંસા થતી અટકાવવા માટે મુહપતિ ફરમાવી છે એમ કહેનાર સાથે હું સંપૂર્ણત: એકમત થઈ શકતો નથી. એવો આશય શાસ્ત્રમાં હોય અગર ન હોય તે સાથે મારે કાંઈ લેવાદેવા નથી. શાસ્ત્રમાં બધું હોવું જ જોઈએ એમ કાંઈ છે નહિ, તેમ શાસ્ત્રમાં એક ઉપયોગી તત્ત્વ તરફ આકર્ષણ કરવા માટે તે દેશ – કાળને અનુકુળ કલ્પિત ફાયદા બતાવવાની 'કલા' નો ઉપયોગ નથી જ કરવામાં આવતો એમ પણ કાંઈ નથી. દાખલા તરીકે, શાસ્ત્રમાં નવકાર મંત્ર (કે જે આત્મબળ વધારનારા 'સેલ્ફ હિપ્નોટિઝમ' ની તાલીમ છે) ઉપર લોકવર્ગની શ્રદ્ધા બેસાડવા માટે એવી પણ વાતો લખવી પડી છે કે જેમાં ખરાબમાં ખરાબ જીવનની છેવટે નવકારમંત્રનું સ્મરણમાત્ર કરવાથી દેવલોક મળવાનું જણાવ્યું છે, તિર્યંચને પણ મરણ વખતે નવકારમંત્ર સંભળાવવાથી, તેને દેવોની સિદ્ધિ મળેલી વર્ણવી છે, અને એક વખતના નવકારસ્મરણથી લાખો પાપોનો નાશ થવાની આશા આપવામાં આવી છે. ઈન્દ્રિયોના ગુલામને અમુક સત્ય પર ચડાવવા માટે ઈન્દ્રિયવિષયક સુખોની લાલચ આપવી પડે, બુદ્ધિવાદના વાતાવરણમાં ઉછરેલાને અમુક અમુક આધ્યાત્મિક સિદ્ધાંત પર ચડાવવા માટે બુદ્ધિવિષયક આકર્ષણ કરવું પડે ઈત્યાદિ ઈત્યાદિ – આ બધી મહાપુરુષોની કલા છે – જૈન શબ્દોમાં કહું તો 'પ્રશસ્ત કલા' છે – અને તેની અવગણના કરી શકાય નહિ.

* * *

પણ આપણું અવતરણ ? ચાલો તે તરફ પાછા ફરીએ :-

"Now if the vital powers are improved, health main-

tained and conserved, disease resisted, life made more enjoyable and prolonged, by the simple expedient of keeping the **mouth shut,** is it not well worth the trial ? If you add to this that the practice conduces to Firmness, Decision, Perseverance, Fortitude, Concentration and Strength of Will, the **exercise** becomes a delightful and pleasant **necessity.** At once commence the practice, then by perseverance and constant watchfulness it will become **second nature**—automatic–and will be carried out **without** the conscious supervision of the ordinary everyday mind."

ભાવાર્થ : હવે જો માત્ર મોં બંધ રાખવાના સાદા ઈલાજથી જીવનશક્તિ ખીલતી હોય, આરોગ્ય જળવાતું હોય, દરદને દૂર રાખી શકાતું હોય, જિંદગીને વધારે લહેજતવાળી અને લાંબી બનાવી શકાતી હોય, તો શું એ પ્રયોગ અજમાવવા જેવો નથી ? અને એ ફાયદાઓ ઉપરાંત વળી, જો એ કસરતથી દૃઢતા, ખંત હિમ્મત, એકાગ્રતા, મજબૂત ઈચ્છાશક્તિ અને એવા અનેક લાભો થતા હોય તો આ કસરતને 'આનંદદાયક જરૂરિયાત' કાં ન કહેવાય ? એકદમ એ કસરત શરૂ કરો, પછી તે ટેવરૂપ થઈ જશે અને પ્રકૃતિ રૂપ બની જશે.

* * *

અવતરણ અહીં જ બસ કરીશું. જીભ ઉપર કાબૂ રાખવાની ટેવ શારીરિક, માનસિક, તેમ જ આધ્યાત્મિક ઉન્નતિ માટે **જરૂરની** છે એટલું આપણે આ ઉપરથી શીખવાનું છે. એ ટેવ પાડવા માટે શરૂમાં મુહપતિ રૂપી સ્થૂલ કે બાહ્ય અંકુશ યોજાયો હોય એ સંભવિત છે. પરન્તુ એ **આશય** નહિ સમજનારાઓ એકને બદલે બે મુહપતિ મોં પર બાંધી રાખે અગર હાથમાં રાખી વારંવાર મોઢા ઉપર ધરે તેથી કાંઈ હિત થતું નથી. તેમ કોઈ માણસ સ્થૂલ મુહપતિ **વગર માનસિક** મુહપતિથી વાચા ઉપર યોગ્ય અંકુશ રાખી શકતો હોય તેને સ્થૂલ મુહપતિ નહિ રાખવા માટે દોષિત ઠરાવી શકાય નહિ.

* * *

મૌનો ઉપયોગ જેમ બને તેમ ઓછો કરવો, એથી શ્વાસ લેવા માટે નાકનો જ ઉપયોગ કરવો પડશે અને તેથી ફેફસાં મજબૂત થશે અને જીવનશક્તિ (vital powers) પણ ખીલશે. પરન્તુ આનો અર્થ એમ નથી સમજવાનો કે મનુષ્યે તદ્દન મૌન જ રહેવું. હિતાહિતનો વિચાર કરીને, પ્રસંગ વિચારીને, દેશકાળ જોઈને, ક્રોધ, માન – ઈર્ષા આદિ વૃત્તિઓથી સ્વતંત્ર રહીને, ક્ષણિક જુસ્સાથી ઉશ્કેરાયા વગર, પ્રમાદરહિતપણે , જે કાંઈ અને જેવા રૂપમાં બોલવું **કાર્યસાધક** હોય તે અને તેવા રૂપમાં બોલવું એ પણ જરૂરનું છે અને 'સદ્ ગુણ' છે. કોઈ પણ બાબતમાં **એકાન્તવાદ** સેવવો એ ડહાપણ **નથી.** જાહેર હિતને નુકસાન થતું હોય અને એક માણસના બોલવાથી તે નુકસાન અમુક અંશે પણ અટકવાનો સંભવ હોય તો તેવે વખતે ઉચિત શબ્દો બોલવા એ સદ્ ગુણ છે અને માત્ર મૌનવ્રતધારી યોગી સિવાય બીજાએ એવે વખતે ચૂપકીદી પકડાવી એ 'પ્રમાદ' છે, શાન્તિની વ્યાખ્યાનો દુરૂપયોગ કરવા બરાબર છે, અથવા ભીરુતા છે. કયા સંજોગોમાં બોલવું અને કયા સંજોગોમાં મોં બંધ રાખવું એ બાબતના નિર્ણયમાં **વિવેક**બુદ્ધિનો ઉપયોગ કરવો જોઈએ છે, તેમ કેટલા સંક્ષેપમાં કે કેટલા વિસ્તારમાં બોલવું અને કેવી શૈલીમાં બોલવું એ બાબતમાં પણ વિવેકબુદ્ધિનો પૂરતો ઉપયોગ કરવાની જરૂર છે.

મેરુપર્વત જેટલા ઓઘા – મુહપતિ કરવા છતાં એક માણસ નરકે જાય છે, કારણ કે તે સાધનોનો વિવેક તે કરી શકયો નથી; એક માણસ ગૃહસ્થી હોવા છતાં મોક્ષે જાય છે, કારણ કે 'વિવેક'–ને આગળ કરી અપ્રમત્તપણે તે સઘળો વ્યવહાર સેવે છે.

થોડું બોલનારા હંમેશાં પવિત્ર યોગી જ હોય છે એવું કાંઈ-નથી. ચોરી કરવા નીકળેલા ચોર મુદ્દલ બોલતા નથી. ઘણું બોલનારા બધા બાળજીવ જ હોય છે એવું પણ કાંઈ ધોરણ નથી. યોગીશ્વર મહાવીરે ૪૮ કલાક સુધી અખંડ વાગ્ધારા છોડી મૂકી હતી !

કેટલીક વખતે ધૂર્તો બહારથી મૌન અને શાન્ત દેખાવ ધારણ કરે છે અને પડદા પાછળ રહી અનેક ખટપટો કરે છે અને પોતાને જે તુચ્છ વાતો ફેલાવવી હોય છે તે બીજાઓના મુખદ્વારા ફેલાવે છે; બીજા હાથ ઉપર, કેટલાકો ભલું કામ ચૂપકીદીથી કરે છે અને દુષ્ટોની નિંદા સહવા છતાં ચુપકીદી જાળવે છે. વળી કેટલીક વાર ઉત્તમમાં ઉત્તમ આશયવાળા પુરુષને પોતાની ઈચ્છા વિરુદ્ધ પણ જાહેર હિતનાં રક્ષણ ખાતર કટુ શબ્દનો પ્રયોગ કરવો પડે છે. આ સઘળાં ઉદાહરણોમાં **આશય** જોઈ 'કિંમત' આંકવી જોઈએ છે. યોગીશ્વર મહાવીરે પોતે કેટલીક વખત સમ્પૂર્ણ મૌન સેવ્યું છે, અને કેટલીક વખત 'મૂઢ' આદિ સખત વિશેષણોના પ્રહાર પણ કર્યા છે.

સામાન્ય માણસે બીજાના બોલવા કે મૌન રહેવાની બાબતમાં **તેના આશયની પોતાને** ખબર નહિ પડતી હોવાથી અભિપ્રાય ન બાંધવો એ જ સહીસલામત છે; તેવાએ માત્ર **પોતાનાં** મૌનને જાળવવા અને તે દ્વારા પોતાની શક્તિઓ ખીલવવા તરફ જ લક્ષ આપવું, અને જ્યાં અને જ્યારે બોલવું જરૂરી અને હિતાવહ લાગે ત્યાં અને ત્યારે ઉચિત શૈલીમાં અને ઉચિત શબ્દોમાં તથા ઉચિત વિસ્તારમાં બોલવું – આવો સામાન્ય નિયમ પ્રતિપાદન કરવામાં હરકત નથી.

સ્વ. વાડીલાલ મોતીલાલ શાહ.

પં. સુખલાલજીના સ્વસ્થ સાન્નિધ્યમાં ડૉ. ભાનુભાઈ શાહનું કરવામાં આવેલું સન્માન

પંડિત સુખલાલજીના સ્વાસ્થ્ય સમાચાર 'પ્રબુદ્ધ જીવન'ના આગળના અંકમાં આપવામાં આવ્યા છે. તેઓ ૧૨મી ફેબ્રુઆરીના રોજ સવારની ગાડીમાં અમદાવાદ તરફ રવાના થવા ધારે છે એમ તા. ૧૦મી ના રોજ માલુમ પડતાં તેમની સ્વાસ્થ્યપ્રાપ્તિ અંગે આનંદ દર્શાવવાના હેતુથી તેમ જ જે ડૉકટરના ઉપચારથી આવું સુંદર પરિણામ આવ્યું તે ડૉ. ભાનુભાઈ રતિલાલ શાહનું સન્માન કરવાના હેતુથી સંઘના મંત્રી શ્રી સુબોધભાઈ એમ. શાહના નિવાસસ્થાને ('સાગર તરંગ' છઠ્ઠે માળ, ભુલાભાઈ દેસાઈ રોડ) શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો અને પંડિતજીના મુંબઈ ખાતેના એક પ્રકારના કુટુંબ પરિવારનું–એમ સીમિત આકારનું એ સ્નેહસંમેલન બહુ ટૂંકી નોટીસે યોજવામાં આવ્યું હતું. પ્રારંભમાં શ્રી પરમાનંદભાઈએ પંડિત સુખલાલજીની જાન્યુઆરી માસમાં તબિયત બગડી ત્યારથી આજ સુધીની તેમની માંદગીની વિગતો રજુ કરી. કયા સંયોગોમાં તેમને મુંબઈ લાવવાનો નિર્ણય કરવામાં આવ્યો તે પણ જણાવ્યું અને આજે પંડિતજીને આપણી વચ્ચે આટલા સ્વસ્થ જોવાને આપણે ભાગ્યશાળી થયા છીએ તે તેમને અમદાવાદથી અહિ લાવનાર અને તેમનો ઉપચાર કરનાર ડૉ. ભાનુભાઈ રતિલાલ શાહની ડાકટરી કુશળતાને આભારી છે અને આપણા માટે તો આ એક 'ચમત્કાર' જ સર્જાયો છે. અને તે માટે ડૉ. ભાનુભાઈ શાહને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે એમ જણાવ્યું. ત્યાર બાદ શ્રી યશવન્ત દોશીએ ડૉ. ભાનુભાઈ શાહનો પરિચય આપતાં જણાવ્યું કે "ડૉ. શાહ સાયલાના વતની છે. તેઓ ૧૯૫૬માં અહિંના એમ. બી. બી. એસ. થયા અને વિશેષ અભ્યાસ માટે તેઓ ઈંગ્લાંડ ગયા

અને ૧૯૬૦ માં તેઓ જેનીટો - યુરીનરી સર્જરી - પેશાબ અને જનનેન્દ્રિયના રોગો ઉપરની શસ્ત્રક્રિયાનો વિષય લઈને એફ. આર. સી. એસ. થયા અને ત્યાર બાદ લંડનમાં થોડાંક વર્ષનો અનુભવ લઈને અને સર્જરીને લગતા બીજા વિષયોની તાલીમ લઈને તેઓ ૧૯૬૩માં દેશમાં પાછા આવ્યા અને અત્યારે તેઓ કન્સલ્ટન્ટ સર્જન તરીકે પ્રેકટીસ કરે છે. તથા બોંબે હૉસ્પીટલમાં અને ભાટિયા જનરલ હૉસ્પીટલમા ઓનરરી સર્જન અને યુરોલોજિસ્ટ તરીકે કામ કરે છે.

"આ તેમની ડાકટરી કુશળતા સાથે તેમને અનેક વિષયોમાં રસ છે અને સુન્દર લેખનકળા તેઓ ધરાવે છે. અમારા તરફથી પ્રગટ થતી પરિચય પુસ્તિકાઓમાં જુદા જુદા વિષયો ઉપર - ખાસ કરીને વૈદ્યકીય બાબતો ઉપર તેમની લખેલી ત્રણ કે ચાર પુસ્તિકાઓ પ્રગટ કરવામાં આવી છે. આથી પણ વિશેષ તેમનામાં માનવતાની ભાવના જે પ્રમાણમાં વિકસેલી જોવામાં આવે છે તેવી ભાવના બહુ ઓછા ડાકટરોમાં-વિશેષ કરીને સર્જનોમાં-જોવામાં આવે છે."

ત્યાર બાદ શ્રી ચીમનભાઈએ પ્રસંગોચિત વિવેચન કર્યું અને પંડિતજી પ્રત્યેનો ઊંડો આદરભાવ વ્યકત કરતાં જણાવ્યું કે "પંડિતજી-માં આપણને પૂર્વકાલિન ઋષિનાં જ સાક્ષાત દર્શન થાય છે એમ જણાવવામાં હું જરા પણ અત્યુકિત કરતો નથી."

ડૉ. ભાનુભાઈ શાહે પ્રસંગોચિત વકતવ્ય રજુ કરતાં જણાવ્યું કે "પંડિતજીની સેવા કરવાની મને આવી તક મળી એ માટે મારી જાતને હું ખૂબ જ ધન્ય માનું છું."

પંડિતજીએ આવું સર્વ મિત્રો અને સ્નેહીઓને મળવા માટેનું સંમે-લન યોજવા બદલ સંઘનો અને સંઘના કાર્યવાહકોનો આભાર માન્યો અને ડૉ. ભાનુભાઈ શાહ પ્રત્યે કૃતજ્ઞતા દાખવવા સાથે અમદાવાદના ડૉ. ઝવેરી કે જેમણે માંદગીના પ્રારંભથી મુંબઈ આવવા સુધીમાં તેમની ખૂબ સંભાળ લીધી હતી અને પૂરા પ્રેમથી ડાકટરી ઉપચારો કર્યા હતા તેમણે ખૂબ ખૂબ યાદ કર્યા અને મારા સાજા થવામાં તેમનો પણ ઘણો મોટો ફાળો છે એમ જણાવ્યું.

અંતમાં સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે વિનોદી ભાષામાં આભારનિવેદન કર્યું અને આજના સંમેલનની બધી જવાબદારી ઉઠાવવા બદલ સુબોધભાઈ તથા તેમનાં પત્ની નીરૂબહેનનો સવિશેષ આભાર માન્યો.

આ સંમેલનમાં લગભગ ૭૦ ભાઈ બહેનો તથા બાળકો એકઠાં થયાં હતાં અને એક કુટુંબમેળા જેવું વાતાવરણ જામ્યું હતું. પંડિત-જીના સાજા થવા અંગે સૌ કોઈ આનંદ અને પ્રસન્નતાની લાગણી અનુભવી રહ્યું હતું.

લગભગ બે કલાકના મધુર મિલન અને સુયોજિત અલ્પાહાર બાદ સૌ ભાઈ-બહેનો તથા બાળકો ઊંડી પ્રસન્નતા દાખવતા છટાં પડયાં હતાં.

તા.ક.-૧૨મી તારીખે પંડિતજી અમદાવાદ સુખરૂપ પહોંચી ગયાના સમાચાર આવી ગયા છે.

સાભાર સ્વીકાર

માને મંદિરિયે: લેખક: શ્રી નિર્મળાબહેન દાણી, પ્રાપ્તિસ્થાન: એન. એમ. ત્રિપાઠી પ્રાઈવેટ લિમિટેડ, પ્રિન્સેસ સ્ટ્રટી, મુંબઈ - ૨, કિંમત રૂા. ૧-૨૫.

Resurgent Culture: લેખક: સ્વામી કૃષ્ણાનંદ, પ્રકાશક: યોગવેદાન્ત ફૉરેસ્ટ એકાડેમી, શિવાનંદ નગર, રૂષિકેશ, ઉત્તર પ્રદેશ, કિંમત રૂા. ૧.

સામ્યવાદી ચીન: સાંસ્કૃતિક ક્રાન્તિનો અભિશાપ: લેખક: ભોગીલાલા ગાંધી, પ્રકાશક: વિશ્વમાનવ પ્રકાશન, રામજી મંદિર પોળ, વડોદરા, ૧, કિંમત રૂ. ૨.

મહાયાત્રા: લેખક: રતિલાલ દીપચંદ દેસાઈ, પ્રકાશક: અશોક કાન્તિલાલ કોરા, ૪૮, ગોવાલિયા ટેંક રોડ, મુંબઈ - ૨૬.

દિવ્ય જીવન: ('The Life Divine') નો ટૂંક સાર: અનુવાદક: પ્રકાશક: રજનીકાન્ત મોદી, નિમૂલા, માઉન્ટ પ્લેઝન્ટ રોડ, મુંબઈ-૬ (ડબ્લ્યુ.બી.).

યોગસાર: પ્રયોજક: શેઠશ્રી અમૃતલાલ કાલીદાસ દોશી, પ્રકાશક: જૈન સાહિત્ય વિકાસ મંડળ, ઈરલા, મુંબઈ - ૫૬, (એ. એસ.) કિંમત રૂા. ૨.

સ્વાધ્યાય સંચય: સંગ્રાહક શેરદલાલ રમણલાલ લાલભાઈ શેઠ, ૭૩, મરીન ડ્રાઈવ, મુંબઈ-૧.

Chalanshuddhi: લેખક: અપ્પાસાહેબ પટવર્ધન, પ્રકાશક: નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ - ૧૪, કિંમત રૂા. ૨-૨૫.

બાલ મનોવિકાસ: લેખક: શ્રી રમણલાલ પટેલ: પ્રાપ્તિસ્થાન: એન્. એમ્. ત્રિપાઠી પ્રાઈવેટ લિમિટેડ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨, રૂા. ૬-૫૦.

એક બાળ જીવનની ઝાંખી: (પ્રેમવલ્લીને સ્મરણાંજલિ): લેખક શિવશંકર શુકલ, પ્રકાશક: શ્રી અનસૂયા બહેન સારાભાઈ, રીટ્રીટ, શાહીબાગ, અમદાવાદ - ૪.

વિદ્યાર્થી સહાયક ગ્રંથ: લોન સ્કોલરશીપ: સંપાદકો: જયંતિ-ડી. શાહ તથા વસંત ડી. શાહ; પ્રકાશક: જયન્ત પ્રકાશન, બજાર સ્ટ્રીટ, બીલીમોરા.

મારાં જીવનસ્મરણો: લેખક તથા પ્રકાશક: શ્રી રતિલાલ મણિલાલ નાણાવટી, ઠે. 'સરોજ નિવાસ' વીલેપારલે, મુંબઈ - ૫૬.

પૂજાકા ઉત્તમ આદર્શ: લેખક: શ્રી પાનમલ કોઠારી, પ્રકાશક; શ્રી સુમેરમલ કોઠારી, ૨૦, મલ્લીક સ્ટ્રીટ, કલકત્તા – ૭. કિંમત રૂ. ૩-૦૦.

આધ્યાત્મ રાજચંદ્ર: લેખક ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા, પ્રકાશક: પરમ શ્રુત પ્રભાવક મંડળ, શ્રીમદ રાજચંદ્ર આશ્રમ, અગાસ પોસ્ટ બોરીઆ આણંદ થઈને. ગુજરાત: કિંમત રૂા. ૭/-.

પ્રભુકૃપા કિરણ: પૂજ્ય ગુરૂદયાળ મલ્લિકજીનું જીવન - આલેખન લેખક: મુકુલ કલાર્થી તથા નિરંજના કલાર્થી: પ્રકાશક: પ્રજ્ઞા સાહિત્ય પ્રકાશન, સરદાર બાગ, બારડોલી, કિંમત રૂા. ૫/.

શ્રી રાજહૃદય પ્રવેશિકા: સંપાદક: શ્રી ભોગીલાલ જગજીવનદાસ પ્રકાશક: શ્રી જીવનમણિ સદ્વાચન માળા ટ્રસ્ટ, હઠીભાઈની વાડી સામે, અમદાવાદ; કિંમત રૂા. ૧/. ૨૭૧/૮૭, નરસી નાથા સ્ટ્રીટ, મુંબઈ - ૯. (બી. એ).

શ્રીમદ્ રાજચંદ્ર જન્મશતાબ્દી અંક: સંવત ૨૦૨૪, પ્રકાશક: શ્રી ત્રીકમલાલ મહાસુખરામ શાહ, ઠે: શ્રીમદ્ રાજચંદ્ર પાઠશાળા પંચભાઈની પોળ, અમદાવાદ - ૧; કિંમત રૂા. ૧૦.

શ્રી જૈન આત્માનંદ સભા: મણિ મહોત્સવ વિશેષ અંક: પ્રકાશક શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

સોનેરી ચાંદ; રૂપેરી સૂરજ: લેખક: સ્નેહરશ્મિ; પ્રકાશક: શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહાર, અમદાવાદ ૬, કિંમત રૂા. ૧૦.

The mother, Shri Aurobindo Ashram, Pondicherry, 90th Birthday–21st February 1968: સંપાદક તથા પ્રકાશક: શ્રીમતી સરલાબહેન સુમતિચંદ્ર શાહ, મંત્રી શ્રી અરવિન્દ સોસાયટી, અરુણ ચેંબર્સ, તારદેવ રોડ, મુંબઈ ૩૪, કિંમત રૂા. ૩.

માનવ મૂત્ર: લેખક સ્વ. રાવજીભાઈ મણિભાઈ પટેલ ઠે: ભારત સેવક સમાજ, પ્રકાશન, પાનકોર નાકા, અમદાવાદ, કિંમત રૂા. ૪.

જૈન ઈતિહાસની ઝલક: લેખક: મુનિ જિનવિજયજી, પ્રકાશક; શ્રી અશોક કાન્તિલાલ કોરા, ૪૮ ગોવાલિયા ટેંક રોડ, મુંબઈ ૨૬.

જીવન દર્શન: લેખક: ગોપીચંદ ધારિવાળ પ્રકાશક: પાર્શ્વનાથ વિદ્યાશ્રમ શોધ સંસ્થાન હિન્દુ યુનિવર્સિટી, વારાણસી - ૫ કિંમત રૂ. ૩.

સન્ત નારાયણસ્વામી

(૧૯૬૨ એપ્રિલ માસના 'સમર્પણ'માંથી સાભાર ઉદ્ધૃત)

યુગયુગથી નગાધિરાજ હિમાલયે સંતો તેમ જ સામાન્ય માનવીઓને આકર્ષ્યા છે, પરંતુ ભાગ્યે જ કોઈએ એ હિમાચ્છાદિત પર્વતમાળાના હાર્દમાં આજીવન નિવાસ કરી ત્યાંની અકિંચન અને અશીક્ષિત પાર્વતીય ગ્રામજનતાને પોતાની સમગ્ર સેવાઓ અર્પણ કરી એમના નિત્યના જીવન સાથે તાદાત્મ્ય સાધ્યું હશે. સંત નારાયણે ભરયૌવનમાં (ભાગ્યે જ તેમણે વીશી વટાવી હશે) હિમાલયનો આ શાશ્વત સાદ સાંભળ્યો અને સ્વજનોનો નાની વયે ત્યાગ કરી નિરાકાર પરમ બ્રહ્મ સાથે એકરુપ થવા નગાધિરાજની ગોદમાં આવી વસ્યા.

શ્રી નારાયણે પોતાના પૂર્વાશ્રમ વિષે મૌન જ સેવ્યું હોવાથી એમના ભૂતકાળની વિગતો સુપ્રાપ્ય નથી. વિશ્વબંધુત્વના આદર્શને વરેલા એ ઉચ્ચાત્માએ નથી આપ્યા ધર્મ પર પ્રાણાલિકારુઢ વ્યાખ્યાનો કે નથી લખ્યા ધર્મગ્રંથો પર મહાભાષ્યો. નારાયણનું નામ–સંકીર્તન જ એમના જીવનનું એકમાત્ર ધ્યેય હતું. છતાંય એમનાં ભક્તો અને અનુયાયીઓને એમણે લખેલા અનેક પત્રો પરથી, એમના સર્વ ધર્મોના ઊંડા અભ્યાસનું તથા એમના આધ્યાત્મિક વ્યકિતત્વનું સુરેખ દર્શન થાય છે.



★ સન્ત નારાયણસ્વામી ★

એમ માનવામાં આવે છે કે કર્ણાટકના એક શ્રીમંત પરંતુ સંસ્કારી કુટુંબમાં શ્રી નારાયણનો જન્મ ઈ. સ. ૧૯૧૪ના ડીસેમ્બર માસમાં થયો હતો. માઈસોર રાજ્યના રાજવીઓ તરફથી આ કુટુંબનું પેઢી દર પેઢી બહુમાન કરવામાં આવતું. શ્રીમંતાઈ અને વિદ્યાપ્રેમદ્વારા શ્રી નારાયણના વડીલોએ સારી એવી કીર્તિ સંપાદન કરી હતી. વૈભવની ગોદમાં એમનો યોગ્ય વિકાસ થયો પરંતુ વૈભવ તરફ એમનો વ્યામોહ તો ન જ થયો. અનેરા ઓજસથી દીપતા સોહામણા અને સુદઢ શરીરવાળા આ યુવકે ગૃહસ્થજીવનના પ્રલોભનોથી ન લલચાતાં વીસ વર્ષની વયે જ પિતૃગૃહનો ત્યાગ કરી પશ્ચિમ અને ઉત્તર ભારત તેમ જ અગ્નિ એશિયાના પ્રદેશોની બે વર્ષ યાત્રા કરી. આ યાત્રામાં શકય હોય ત્યાં સુધી તેઓ પદયાત્રા જ કરતા. પરિભ્રમણને અંતે અંતઃકરણના અવાજને માન આપી તેઓ ઈશાન હિમાલયના કુમાઉં વિભાગમાં આવ્યા અને યોગ્ય ગુરુ શોધી તેમણે સાધના આદરી. તપશ્ચર્યાને અંતે ગુરુએ એમને હિમાલયમાં વસીને ત્યાંની ગ્રામ્ય અને અશીક્ષિત જનતાની આજીવન સેવા કરવાનો આદેશ આપ્યો, જેને પરિણામે ૧૯૩૬ના માર્ચમાં એમણે એક નાનાશા આશ્રમની સ્થાપના કરી.

શ્રી નારાયણ આશ્રમ તરીકે ખ્યાતિ પામેલો આ સુરમ્ય આશ્રમ ઉત્તર પ્રદેશના આલ્મોડા જિલ્લામાં આર્યોના પ્રસિદ્ધ યાત્રાધામ માનસરોવર અને કૈલાસ જવાના માર્ગે તિબેટની સરહદ પાસે આવેલો છે. આશ્રમ આલ્મોડાથી ૧૨૦ માઈલ દૂર છે અને ત્યાં જવાના બે માર્ગો છે–એક કાથગોદામથી મોટરમાં આલમોડા–આટકોટ-ધારચુલા થઈને તથા બીજો ટનકપુરથી મોટરમાં પિઠોરગઢ આસકોટ-ધારચુલા થઈને અને પછી ૨૫ માઈલ ચાલીને. આ પ્રવાસ પૂરો કરતાં ચારથી પાંચ દિવસ લાગે છે અને ત્યાં જવાને માટે ખચ્ચર તેમ જ દાંડી ભાડેથી મળી શકે છે. માર્ગમાં ધર્મશાળાઓ અને ડાક બંગલાઓ પણ રહેવાને માટે મળી શકે એમ છે. આશ્રમ ૯૧૦૦ ફૂટની ઊંચાઈએ છે અને ત્યાંથી ચારે ય દિશાએ હિમાચ્છાદિત ઉન્નત ગિરિશૃંગોનાં નયનમનોહર દર્શન થાય છે.

આજે યંત્રયુગમાં કહેવાતી સંસ્કૃતિથી દૂર સુદૂર આવેલા એકાંત અને દુર્ગમ ગિરિસ્થળે શ્રી નારાયણે જે ભગીરથ પરિશ્રમ લઈને ૧૯૩૬ની સાલમાં આશ્રમની નાના પાયા પર સ્થાપના કરી તેથી સ્થાનિક જનતા એમના કાર્ય પ્રત્યે આકર્ષાઈ. શરૂઆતમાં એક સામાન્ય સંસ્થા સ્થાપવામાં આવી હતી તે ફૂલીફાલીને આજે એક ભવ્ય આશ્રમમાં પરિણમી છે. આ સિદ્ધિ પાછળ શ્રી નારાયણની દસ વર્ષની અવિરત કાર્યસાધના હતી. કૈલાસ માર્ગે આવેલા આ આશ્રમે અનેક યાત્રીઓ અને પથિકોને આશ્રય આપ્યો અને પરિણામે ઉત્તરાખંડની યાત્રા કરનારા સહુમાં શ્રી નારાયણના કાર્યની સુવાસ અને સુકીર્તિ પ્રસરી. અનેક દાનવીર ભકતો તરફથી સારા જેવી સહાય મળતાં ૧૯૪૬માં આશ્રમનું બાંધકામ સંપૂર્ણ થયું અને એક ભવ્ય ઈમારત ખડી થઈ.

આ આશ્રમના ધ્યેયના સુયોગ્ય વિકાસાર્થે શ્રી નારાયણ દ્વારા સત્તર આનુષંગિક સંસ્થાઓ સ્થાપવામાં આવી જેમાં શાળાઓ, મહાશાળાઓ, ચિકિત્સાલયો અને રુગ્ણાલયોનો સમાવેશ થાય છે. આ સર્વ સંસ્થાઓએ છેલ્લાં ૨૫ વર્ષમાં આજુબાજુના પ્રદેશમાં એક અનોખી જાગૃતિ પેદા કરી ત્યાંના નવનિર્માણમાં યોગ્ય ફાળો આપ્યો છે. આર્થિક અને મનોવૈજ્ઞાનિક જે અસરો આ જાગૃતિના પરિણામે સાધી શકાઈ છે તે શ્રી નારાયણની કાર્યશકિત અને આર્ષદૃષ્ટિને સમગ્ર તયા આભારી છે. આ સંસ્થાઓમાં અગ્રતમ છે શ્રી બાપૂ મહાવિદ્યાલય, જેનું રાષ્ટ્રપિતા ગાંધીજીના સ્મરણાર્થે નિર્માણ થયું છે. આ મહાવિદ્યાલય હિમાલયના ગરીબ વિદ્યાર્થીઓ માટે એકમાત્ર કૉલેજ હોઈ આશીર્વાદ રૂપ બન્યું છે. આ કૉલેજનો સુયોગ્ય અને સર્વતોમુખી વિકાસ કરવા માટે સારું જેવું સ્થાયી ભંડોળ જોઈએ. આ વિકસતી કૉલેજનું સંચાલન નારાયણ આશ્રમની આર્થિક શકિત બહાર હોવાથી આશ્રમના વ્યવસ્થાપકોએ દરદેશી વાપરી ૧૯૫૭માં બાપૂ મહાવિદ્યાલયનો સર્વ વહિવટ ઉત્તર પ્રદેશની સરકારને સોંપી દીધો છે.

ઈ. સ. ૧૯૫૪ માં શ્રી નારાયણનું સ્વાસ્થ્ય કથળ્યું. બે વર્ષ એમણે અસહ્ય યાતના ભોગવી. એમનો વ્યાધિ કેન્સરનો નીકળ્યો અને એ જીવલેણ નિવડ્યો. ૧૯૫૬ ના નવેમ્બરમાં માત્ર ૪૨ વર્ષની વયે એમણે વૈકુંઠવાસ કર્યો.

આજે શ્રી નારાયણનો પાર્થિવ દેહ આશ્રમવાસીઓની મધ્યમાં નથી, પરંતુ એમણે હિમાલયના એ પછાત પ્રદેશમાં જે અભિનવ ક્રાંતિ ફેલાવી છે તેની અસર સ્થાયી રહેશે. એમના સેવાભાવની સુવાસ સર્વત્ર પ્રસરી હતી અને એમના દેહવિલય બાદ, અનેક આર્થિક વિટંબણાઓ છતાંય, આશ્રમના વ્યવસ્થાપકોએ જે રીતે એમનું સુકાર્ય આગળ ધપાવ્યે રાખ્યું છે તે નોંધપાત્ર છે. ૧૯૬૧ ના ડિસેમ્બરમાં શ્રી નારાયણ આશ્રમનો રજતજયંતી મહોત્સવ શાનદાર રીતે ઊજવાયો. આ મહોત્સવના અનુસંધાનમાં એક સુસંપાદિત સ્મૃતિગ્રંથ પ્રગટ કરવામાં આવ્યો છે, જેમાં રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ, ઉપરાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન, વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ વગેરેની શ્રદ્ધાંજલિઓ છે. અનેક રંગીન અને સાદાં ચિત્રોથી વિભૂષિત આ ગ્રંથમાં જે વિવિધ પ્રકારની ઉદાત્ત વાંચનસામગ્રી રજૂ કરવામાં આવી છે તે એને અન્ય સ્મૃતિગ્રંથોથી જૂદી જ કક્ષાએ મૂકે છે. ભિન્ન ભિન્ન ધર્મોના સંતો અને વિચારકોની સુવાણીનો સુભગ સમન્વય આ સ્મૃતિગ્રંથની વિશિષ્ટતા છે.

સ્વામીશ્રી નારાયણના આ બિનસાંપ્રદાયિક આશ્રમ તથા અન્ય સંસ્થાઓની વ્યવસ્થા એક સુદક્ષ વ્યવસ્થાપકમંડળને આધીન છે અને તેનું પ્રધાન કાર્યાલય વડોદરામાં છે.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ–૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd No: M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૯ : અંક ૨૧

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, માર્ચ, ૧, ૧૯૬૮, શુક્રવાર
પરદેશ માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ 'પઢમો નાણં તઓ દયા।' ☆

તા. ૩ ફેબ્રુઆરી શનિવારના રોજ સાંજના સમયે ચર્નીરોડ સ્ટેશન પાછળ આવેલું સરકારી છાપખાના અંગેનું નવું મકાન કે જ્યાં તેરાપંથી સાધુ સમુદાયને મુંબઈ ખાતેના તેમના નિવાસ દરમિયાન ઉતારો આપવામાં આવ્યો હતો તે સ્થળે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે 'પઢમો નાણં તઓ દયા' એ વિષય ઉપર આચાર્ય તુલસીનું જાહેર વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંઘના સભ્યો સારી સંખ્યામાં ઉપસ્થિત થયા હતા અને તે ઉપરાંત બે દિવસ બાદ ઉજવવામાં આવનાર તેરાપંથીઓના વાર્ષિક 'મર્યાદા મહોત્સવ'ના કારણે ઘણી મોટી સંખ્યામાં મુંબઈ ખાતે આવી પહોંચેલા મોટા ભાગે મારવાડી ભાઈ બહેનોની પણ આ સભામાં હાજરી હતી.

શ્રી પરમાનંદભાઈનું આવકારવચન

સભાના પ્રારંભમાં સંઘના ઉપપ્રમુખ શ્રી પરમાનંદભાઈએ મુંબઈ જૈન યુવક સંઘનો અને તેની વિવિધ પ્રવૃત્તિઓનો સંક્ષેપમાં ખ્યાલ આપ્યો હતો અને ત્યાર બાદ આજથી લગભગ બાર વર્ષ પહેલાં આચાર્ય તુલસીજીએ મુંબઈમાં ચાતુર્માસ કરેલું તે દિવસોની યાદ આપતાં તેમણે જણાવ્યું કે "એ ચાતુર્માસ દરમિયાન શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે 'અનેકાન્ત વાદ' ઉપર આચાર્યશ્રીનું વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. એ દિવસો દરમિયાન તેરાપંથની માન્યતા અંગે મેં એક લાંબી આલોચના તે વખતના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરી હતી. ત્યાર બાદ પ્રબુદ્ધ જીવનમાં આચાર્ય તુલસીના વિચારો—અભિપ્રાયો અંગે આજ સુધીમાં અવારનવાર નાની મોટી ટીકાટિપ્પણી પ્રગટ થતી રહી છે. ગઈ દિવાળી બાદ અમદાવાદ જવાનું બનતાં આચાર્યશ્રી સાથે અનેક બાબતો વિષે ચર્ચા કરવાનો મને લાભ મળ્યો હતો. તેઓ મુંબઈ ખાતે થોડી મુદત માટે પધાર્યા છે તે તકનો લાભ લઈને સંઘના સભ્યોને તેમનાં પ્રત્યક્ષ દર્શન અને વિચારોનો લાભ મળે એ હેતુથી આજની સભા ગોઠવવામાં આવી છે. તા. ૧-૧-૬૮ ના 'પ્રબુદ્ધ જીવન' માં મુંબઈ પધારી રહેલા આચાર્યશ્રીને આવકાર આપતી મારી નોંધમાં તેમનો સંક્ષિપ્ત પરિચય આપવામાં આવ્યો છે. વળી તેમના અહિં આવ્યા બાદ તેમના અંગે અહિંના સામયિકોમાં પણ સારા પ્રમાણમાં ઉલ્લેખો થતા રહ્યા છે. તેથી અહિં તેમનો વિશેષ પરિચય આપવાની મને જરૂર લાગતી નથી.

"આજનો વ્યાખ્યાનવિષય છે-' પઢમો નાણં તઓ દયા ' તેનો અર્થ છે 'પહેલું જ્ઞાન, પછી દયા.' જૈન ધર્મ જુદા જુદા સમુદાયોમાં વહેંચાયેલો છે. સર્વસાધારણ એવી જૈન ધર્મને લગતી સમજુતી ઉપરાંત દરેક સંપ્રદાયનું જુદી જુદી બાબતો અંગે વિશિષ્ટ મન્તવ્ય પણ રહેલું છે. તેરાપંથ જૈન ધર્મના મુખ્ય સંપ્રદાયોમાંનો એક છે અને આચાર્ય તુલસી તે સંપ્રદાયના પ્રમુખ આચાર્ય છે. તો તેરાપંથની વિશિષ્ટ માન્યતા શું છે તેનો પ્રસ્તુત વિષયના વિવરણ દ્વારા કાંઈક ખ્યાલ આપવા અને સાથે સાથે કેટલાંક વર્ષોથી તેમણે શરુ કરેલા અણુવ્રત—આન્દોલન અંગે જરૂરી સમજુતી આપવા મારી તેમને પ્રાર્થના છે. આટલાં નિવેદન સાથે આચાર્યશ્રીને અમારા સંઘ તરફથી અન્તઃકરણપૂર્વક આવકાર આપું છું અને તેમણે આજના વિષય ઉપર વ્યાખ્યાન આપવાની અમારી માંગણી સ્વીકારી તે બદલ તેમનો આભાર માનું છું."

આચાર્ય તુલસીનું પ્રવચન

(ત્યાર બાદ આચાર્યશ્રીએ હિન્દીમાં જે પ્રવચન કર્યું હતું તેને ટૂંકાવીને શ્રી સુબોધભાઈ એમ. શાહે લખી આપેલી ગુજરાતી નોંધ નીચે મુજબ છે).

આજથી લગભગ તેર વર્ષ પહેલાં આપના સંઘના ઉપક્રમે મેં એક વ્યાખ્યાન આપ્યું હતું જેની નોંધ આપના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવી હતી. ત્યાર બાદ તેરાપંથી માન્યતાઓ સંબંધમાં આપના શ્રી પરમાનંદભાઈએ એક સવિસ્તર આલોચના લખીને પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરી હતી અને તેનો હિંદી અનુવાદ એ દિવસોના જૈન ભારતીમાં પ્રગટ કરવામાં આવ્યો હતો અને તેની પ્રતિઆલોચના પણ અમારામાંના મુનિશ્રી નથમલજીની લખેલી—પછીના જૈન ભારતીમાં પ્રસિદ્ધ કરવામાં આવી હતી. આ પહેલાં અમારી નીતિ એવી રહી હતી કે અમારા વિષેની ટીકાનો અમે જવાબ આપતા ન હતા. પરંતુ શ્રી પરમાનંદભાઈના તટસ્થ ચિત્તની સ્વસ્થ આલોચનાએ અમારું મૌન તોડ્યું અને પ્રતિઆલોચનાના નિમિત્ત રૂપ બની ગઈ. આજે પણ જ્યાં અમારી કક્ષાની આલોચના નથી હોતી ત્યાં અમે જવાબ આપતા નથી. સાંકડા મનની અને છીછરી ચર્ચામાં અમારી શક્તિનો વ્યય કરવા અમે ઇચ્છતા નથી; સમકક્ષી આલોચનામાંથી કંઈ પરિણામ નિષ્પન્ન થાય છે.

'નવયુવક' શબ્દની સાથે વયનો કોઈ સંબંધ હોતો નથી. અનેક પચાસ વર્ષની વ્યક્તિઓ સ્ફૂર્તિ અને વિચારોની ગતિશીલતાને લઈને યુવાન હોય છે. આપ સૌને જોઈને મારો આ માન્યતા દૃઢ બની છે કે 'યુવક' શબ્દ શાબ્દિક અર્થમાં ભલે મર્યાદિત હોય, પરંતુ પરિભાષાની દૃષ્ટિથી વય સાથે એનો કોઈ સંબંધ જોડી શકાતો નથી. એક યુવક વિચારસ્થગિતતાના કારણે વૃદ્ધ હોઈ શકે છે અને વૃદ્ધ પોતાની સ્ફૂર્તિ, વિચારોની કાંતિ, કાર્યક્ષમતા અને ઉત્સાહથી યુવક હોઈ શકે છે. હું પોતે ત્રેપન વર્ષનો હોવા છતાં પણ મારી જાતને યુવાન સમજું છું અને ઉત્સાહમાં ઉત્તરોત્તર અધિકતા અનુભવું છું. આ રીતે હું આજે વૃદ્ધ છતાં યુવક એવા કેટલાક સજ્જનોને સંબોધી રહ્યો હોઉં એમ મને લાગે છે.

'પઢમો નાણં તઓ દયા' એ વિષય મને પ્રવચન માટે આપવામાં આવ્યો છે. વસ્તુતઃ વિષય સુંદર છે—પ્રથમ જ્ઞાન,

અને પછી દયા.' સામાન્ય રીતે જ્ઞાનનો અર્થ જાણવું અને દયાનો અર્થ રક્ષણ, પોષણ ત્રાણ ઈત્યાદિ મનાય છે. અમારી માન્યતા પ્રમાણે પ્રાણીમાત્ર પ્રત્યે સુરક્ષાની ભાવનાને દયા કહેવી જોઈએ. દયા આધ્યાત્મિક તેમ જ પારમાર્થિક છે. અનેક વિચારકોએ દયાના સ્વ–દયા અને પર–દયા લૌકિક અને લોકોત્તર, આધ્યાત્મિક અને વ્યવહારિક એવા ભેદ પાડયા છે. અમે પણ આ વિષે સિદ્ધાન્તની દૃષ્ટિએ વિવરણ કર્યું છે. અમારા વિચારો જૈન સંસ્કૃતિ અને જૈન આગમો પર આધારિત છે. દરેક ચિન્તક પોતાની સ્વતંત્ર બુદ્ધિથી વિશ્લેષણ કરે છે. મારી દૃષ્ટિ હંમેશા તુલનાત્મક રહી છે.

'દયા' શબ્દ ક્રિયાબોધક છે. જૈન દર્શને જ્ઞાન અને ક્રિયા વડે મોક્ષ પ્રાપ્ત થાય છે એમ જણાવ્યું છે. ક્રિયામાં સમ્યક્ચારિત્ર આવી જાય છે. સમ્યક્જ્ઞાન વિના સારાસારનો વિવેક આવતો નથી. માટે સૌપ્રથમ જ્ઞાન અને પછી દયા આવે છે. આચાર વિના જ્ઞાન સમ્યક્ નથી અને સમ્યક્જ્ઞાન વિના આચાર પણ ફળદાયી થતો નથી. એટલા માટે જૈન દર્શનમાં માત્ર જ્ઞાન એ જ મુક્તિ ગણી નથી, પણ જ્ઞાનની સાથે દયા - ક્રિયા - ને પણ જોડી છે. સમ્યક્જ્ઞાન હોવું સૌપ્રથમ આવશ્યક છે. શાકાહારી બર્નાર્ડ શૉએ માંસાહારી ભોજનનો અસ્વીકાર કરતાં કહ્યું હતું કે મારું પેટ મરેલા જાનવરોનું કબ્રસ્તાન નથી.

જૈન દૃષ્ટિકોણ મુજબ સમ્યક્જ્ઞાન, સમ્યક્ દર્શન અને સમ્યક્ચારિત્રનો ત્રિવેણીસંગમ એ જ મોક્ષ છે. આપણું ચિન્તન એકાંગી થતું ગયું છે માટે જ અનેક પ્રકારની મુશીબતો ઊભી થતી ગઈ છે. સાધારણ રીતે જ્ઞાન એટલે જાણવું, દર્શન એટલે શ્રદ્ધા કરવી અને ચારિત્ર એટલે ક્રિયા કરવી એમ આપણે માનીએ છીએ. પણ અધ્યાત્મયોગીઓએ માત્ર શ્રદ્ધાને નહીં પણ આત્માને વિષે નિશ્ચય થવાને સાચું દર્શન કહ્યું છે. આત્મજ્ઞાન એ જ જ્ઞાન છે. આત્મશ્રદ્ધા એ જ શ્રદ્ધા છે અને આત્મરમણ એ જ ચારિત્ર છે. જો આ ત્રણે ન હોય તો એકડા વિનાના મીંડા જેવું છે. માટે હું કહું છું કે 'દયા' શબ્દ આચારબોધક છે.

જ્ઞાન અને આચાર બંને મોક્ષના અંગરૂપ છે. આપણે ત્યાં કોરું જ્ઞાન મોક્ષના અંગ રૂપ ગણાતું નથી. જ્ઞાન પણ આત્મજ્ઞાન હોય છે જેની પરીક્ષા ગુરૂ કરે છે - અને તે પણ કાગળ પેન્સિલ દ્વારા નહીં પણ જીવનવ્યવહાર દ્વારા. તેને લગતું એક ઉદાહરણ આપું. ત્રણ શિષ્યો પોતાનો અભ્યાસકાળ પૂરો કરી ગુરૂની રજા લઈને ઘેર જવાના હતા. ગુરૂએ એ ત્રણેની પરીક્ષા લેવા સારુ દરવાજાની બહાર કાંટા પથરાવી દીધા, અને શિષ્યોને જલ્દીથી લાકડા લઈ આવવાની આજ્ઞા કરી. પહેલો શિષ્ય એકદમ દોડયો પણ દરવાજા પાસે જ પગમાં કાંટા વાગવાથી બેસી પડયો. બીજો શિષ્ય રસ્તામાં કાંટા જોઈ આગળ જ ન વધ્યો, જ્યારે ત્રીજો શિષ્ય ઝાડુથી રસ્તો સાફ કરીને લાકડાઓ લઈ આવ્યો. ગુરૂએ ત્રીજા શિષ્યને પરીક્ષામાં ઉત્તીર્ણ જાહેર કર્યો, જ્યારે પહેલા અને બીજા શિષ્યને ફરીવાર અભ્યાસ કરવાની આજ્ઞા આપી.

આ ઉદાહરણ સામાન્ય છે, પરંતુ આજે એવી સ્થિતિ સર્વત્ર જણાય છે. શરૂમાં જ્ઞાન અને ક્રિયા વચ્ચે અંતર દેખાય છે, પણ ઊંડાણમાં જવાથી જ્ઞાન અને ક્રિયા એક થઈ જાય છે. ધર્મરાજ યુધિષ્ઠિરે બચપણમાં "ક્રોધ કરવો નહીં." એ સૂત્રને બીજા બાળકોની જેમ માત્ર ગોખ્યું નહીં, પણ અનેક દિવસ સુધી ક્રોધ નહીં કરવાનો અભ્યાસ કરીને જ્યારે ચોટ લાગવા છતાં પણ શાંત રહેવાનું શક્ય બન્યું ત્યારે જ એ સૂત્રનો પાઠ સ્વીકાર્યો. આજના વિદ્યાર્થીઓ જો એ પ્રમાણે કરે તો તમામ ઉદ્દંડતા ન થઈ જાય. તેથી જ હું કહું છું કે અંતમાં જ્ઞાન અને ક્રિયા એક થઈ જાય છે.

જ્યાં જ્ઞાન પણ બુદ્ધિના સ્તર પર જ રહે છે ત્યાં વાદવિવાદ થાય છે. અધ્યાત્મના સ્તર પર જ્ઞાન હોય છે ત્યાં વિવાદ સમાપ્ત થઈ જાય છે. એ જ સાચું જ્ઞાન છે. આજે બુદ્ધિજીવી માણસોમાં ધર્મની ભૂખ જાગી છે કારણ કે કોરી બુદ્ધિથી એને શાંતિ મળતી નથી. અનેક આચાર્યો અને પ્રવચનકારોની સભાઓમાં હજારો બુદ્ધિજીવી લોકોનું આગમન એમ જ સૂચવે છે કે તેમનામાં ધર્મની ભૂખ જાગી છે. ખરેખર તો એ લોકોને ચિંતનનો ખોરાક આપનારા ઓછા છે. શાંતિના ઇચ્છુક બુદ્ધિવાદીઓને આત્મજ્ઞાન વિના ચેન કે શાંતિ પ્રાપ્ત થવાનાં જ નથી. ઉપનિષદમાં કહ્યું છે કે આત્માને જાણ્યો તેણે સઘળું જાણ્યું. વિવાદો કે બૌદ્ધિક આગ્રહો દ્વારા જ્ઞાન મળતું નથી. દિલ્હીમાં ચાંદની ચોકની વિશાળ સભામાં દિગંબર સમાજના આચાર્ય શ્રી દેશભૂષણજી અને સ્થાનકવાસી સમાજના આચાર્ય શ્રી આનંદઋષિની સાથેના મારા સામૂહિક કાર્યક્રમ વખતે મેં કહ્યું હતું કે, "પૂર્વાચાર્યોએ આપણને વિભક્ત કર્યા છે, પરંતુ પુનઃ એક કરવાના કાર્યનો યશ આપણે લેવો જોઈએ."

જૈન એકતા વિષે મારા દિલમાં ઊંડી લગન છે, કેમકે એકતાના અભાવમાં મને અંધકાર દેખાઈ રહ્યો છે. જો ધર્મ ખૂદ સંકટમાં હશે તો પછી સંપ્રદાયને શું કરવાનો છે? માટે જ હું કહું છું કે ધર્મને મુખ્ય ગણો, સંપ્રદાયને ગૌણ. નહીંતો પછી આપણે એનાં માઠાં પરિણામ ભોગવવાં પડશે. સાથે સાથે હું એકતાનો અંધ પક્ષપાતી નથી. સમ્યક્જ્ઞાન દ્વારા ચિન્તનપૂર્વક એકતાનું કાર્ય થવું જોઈએ. એકતાની આ દિશામાં અન્ય લોકો પણ પ્રવૃત્તિ કરી રહ્યા છે. ભગવાન મહાવીરની ૨૫મી નિર્વાણ સદીનો અવસર નજીક આવી રહ્યો છે. એ નિમિત્તે વાદવિવાદને સંકેલી લઈને આપણે સર્વેએ એકતા માટે પ્રયત્ન કરવો જોઈએ. એક થવાનો અર્થ વિચારભેદોને ગમેતેમ મિટાવીને સમાધાન કરવાનો નથી. હું સમાધાનને મહત્ત્વ આપતો નથી. સંપૂર્ણપણે ચિન્તન પછી પણ મતભેદ રહે તો તે સ્વાભાવિક છે પણ મનભેદ રહેવો ન જોઈએ. જૈન સમાજના તમામ લોકોને અને ખાસ કરીને તેરાપંથી સમાજને વધારે ભારપૂર્વક હું એમ કહેવા ઈચ્છું છું કે આ દિશામાં આગળ ન વધાય તો પણ એકતાની દિશામાં બાધારૂપ તો આપણે બનવું નથી જ. મને આનંદ થાય છે કે તેરાપંથી સમાજ આ જવાબદારી પ્રત્યે સભાન છે.

જો આપણું ધ્યેય વિકાસ અને મુક્તિ હોય તો બીજા સંપ્રદાયના લોકોની ઘૃણા કરવી જોઈએ નહીં. જો આ નીતિ બરોબર હશે તો 'પઢમો નાણં તઓ દયા" આપણા જીવનમાં ઉપયોગી થશે. હું તમારા જૈન યુવક સંઘના સભ્યોને જોઈને પ્રસન્નતા અનુભવું છું. તમારા ક્રાંતિકારી વિચારોની સામે મારો કોઈ વિરોધ નથી. જે વાતો તમને ન જચે તેના વિષે તમે વિરોધ જરૂર કરી શકો છો પણ તમારો વિરોધ ઊંચા સ્તરનો હોવો જોઈએ, ગૌરવપૂર્ણ અને અહિંસાત્મક હોવો જોઈએ.

મેં અહિંસાત્મક પ્રતિરોધની વાત કરી છે. તાજેતરમાં જ શ્રી ગજેન્દ્રગડકરે પણ ધ્વંસાત્મક ઘટનાઓ સામે અહિંસાત્મક પ્રતિરોધનો અવાજ ઉઠાવ્યો છે. એમની ભાવના અણુવ્રતની અને અહિંસાની છે. તમે લોકો પણ કોઈ કુરૂઢિ અથવા આડંબરની વિરૂદ્ધમાં તમારો અવાજ ઊઠાવશો તો યથાસંભવ અમારો સહયોગ પણ તમને મળશે.

અમે પણ ક્રાંતિનો અવાજ ઊઠાવ્યો છે. હું પોતે ક્રાન્તિની વિરુદ્ધ નથી. પરંતુ ક્રાન્તિ એ ભ્રાન્તિ ન હોવી જોઈએ. ક્રાંતિ શુદ્ધ હોવી જોઈએ, ધ્વંસાત્મક નહીં પણ નિર્માણાત્મક હોવી જોઈએ. રાજસ્થાનના મહિલા સમાજમાં અમે આ પ્રકારના કાર્યનો પ્રારંભ કર્યો છે, અમને સફળતા પણ પ્રાપ્ત થઈ રહી છે. આપલોક પણ જૈન ધર્મમાં જ્યાં જ્યાં આવું થઈ રહ્યું હોય જ્યાં આપનો અવાજ ઉઠાવશો તો ઉચિત જ થશે.

સંઘના પ્રમુખ શ્રી ચીમનભાઈનું આભારનિવેદન

ત્યાર બાદ સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે આચાર્ય તુલસીગણીનો આભાર વ્યકત કરતાં નીચે મુજબ નિવેદન કર્યું હતું :–

"અમારા મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે આચાર્યશ્રીએ આજે પ્રવચન આપ્યું તે માટે જૈન યુવક સંઘ વતી હું તેમનો હાર્દિક આભાર

માનું છું. જૈન યુવક સંઘ એવી કોઈ મોટી સંસ્થા નથી, જે હોસ્પિટલ, સ્કૂલ અથવા એવી બીજી સામાજિક સેવાની સંસ્થાઓનું સંચાલન કરતી હોય. તેનું મુખ્ય ધ્યેય સમાજમાં વિચારક્રાન્તિ કરવાનું અને સ્વતંત્ર ચિન્તન પ્રેરવાનું રહ્યો છે. અમે માનીએ છીએ કે વિચાર-પરિવર્તન વિના રૂઢિગ્રસ્ત સમાજમાં આચારપરિવર્તન થવું શકય નથી અને વિચારપરિવર્તન થાય તો આચારપરિવર્તન અચુક થાય. તે ધ્યેયની સિદ્ધિ અર્થે 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણપર્વ દરમિયાન વ્યાખ્યાન-માળાનું આયોજન અમે કરીએ છીએ. જીવન વિષે વ્યાપક ચિન્તન કર્યું હોય એવી વ્યકિતઓ—પછી તે કોઈ પણ ધર્મની અથવા કોમની હોય—તેમને નિમંત્રીએ છીએ. એવી વ્યકિતઓના બધા વિચારો સાથે અમે સંમત હોઈએ એમ નથી પણ સંઘના સભ્યો અને આમ-જનતા ભિન્ન ભિન્ન નવા વિચારો જાણે અને તે વિષે મનન કરે એ જ અમારું ધ્યેય હોય છે. તેવા જ ઉદ્દેશથી આચાર્યશ્રીનું આજનું પ્રવચન અમે યોજ્યું છે. તેરાપંથી માન્યતાઓ વિષે જૈન સમાજમાં જુદા જુદા ખ્યાલો પ્રવર્તે છે. વળી આચાર્યશ્રીએ અણુવ્રત આંદોલન શરૂ કર્યું છે, તે માત્ર જૈન સમાજ માટે જ નહિ પણ સમસ્ત દેશ માટે છે. તેથી તેમના વિચારો જાણવાની સંઘના સભ્યોને તક મળે તે આશયથી આ વ્યાખ્યાનસભાની ગોઠવણ કરવામાં આવી છે.

ભારતવર્ષમાં અને ખાસ કરીને જૈન સમાજમાં ત્યાગી અને તપસ્વી સંતોનો પ્રભાવ ઘણો રહ્યો છે. સમાજસુધારકો વર્ષોની મહેનતથી જે ન કરી શકે તે કાર્ય સાધુના ઉપદેશથી ટૂંક સમયમાં થઈ જાય છે એવી સમાજની તેમના પ્રત્યે શ્રદ્ધા છે. આ શ્રદ્ધાનો સદુપયોગ થાય અને શ્રમણ વર્ગ સમાજને યુગ-ધર્મ પીછાની સાચું માર્ગદર્શન આપી સન્માર્ગે દોરે તો સમાજનું કલ્યાણ થાય. પણ સખેદ કહેવું પડે છે કે વર્તમાન સમયે મોટે ભાગે આવું બનતું નથી. આચાર્યશ્રી કાંઈક નવી દિશામાં વિચારે છે એમ અણુવ્રત આંદોલનના કાર્યક્રમ ઉપરથી લાગે છે. આ આંદોલન નૈતિક પુનરુત્થાનનો પુરુષાર્થ છે અને તે બરાબર અમલી બને અને માત્ર પ્રચારમાં જ ન રહે તો તે જૈન સમાજ અને દેશની ઉન્નતિમાં જરૂર પરિણમે. આ આંદોલનને લગતા કાર્યક્રમના બે પાસા છે: એક શું ન કરવું અને બીજું શું કરવું. હિંસા ન કરવી, અસત્ય ન બોલવું, ચોરી ન કરવી, પરિગ્રહ ન રાખવો વિગેરે. પણ તે સાથે આચાર્યશ્રીએ આ કાર્યક્રમમાં વિધેયાત્મક ઉદ્દેશ રાખ્યો છે અને તેનું ધ્યેય શોષણવિહીન સમાજરચના કરવી, વ્યવહારમાં ક્રાન્તિ કરવી, અહિંસાત્મક પ્રતિકાર કરી અહિંસાને ક્રિયાત્મક સ્વરૂપ આપવું વિગેરે છે. આ ભગીરથ કાર્ય છે અને એક જૈન આચાર્ય આવી સામાજિક અને વ્યવહારિક ક્રાન્તિની પ્રરૂપણા કરે અને તેને માટે અહિંસાત્મક પ્રતિકારનો માર્ગ અપનાવે તે ખરેખર આવકારપાત્ર છે. શોષણવિહીન સમાજરચના સામ્યવાદીઓ કરવાનું કહે છે. લોકશાહી સમાજવાદને વરેલ કૉંગ્રેસનું એ ધ્યેય છે. ગાંધીજીએ પણ એવા જ આશયની અહિંસક સમાજરચના અને સર્વોદયનો માર્ગ બતાવ્યો છે. એક જૈન આચાર્ય એ ધ્યેયને સફળ બનાવવાનું આંદોલન શરૂ કરે છે, એટલું જ નહિ પણ, ગાંધી-જીએ અન્યાય સામે અહિંસાત્મક પ્રતિકાર—સત્યાગ્રહ—નો માર્ગ બતાવ્યો તે જ માર્ગ એક જૈન આચાર્ય સ્વીકારે છે, તો હવે પછી આચાર્યશ્રી આ મહાન ધ્યેયને અમલી બનાવવા શું કરે છે તે જૈન સમાજ અને દેશની જનતા જરૂર ઉત્સુકતાપૂર્વક જોઈ રહેશે એમાં કાંઈ શક નથી.

મને જણાવતાં આનંદ થાય છે કે આચાર્યશ્રીનું મુંબઈમાં આગમન થયું ત્યાર બાદ પ્રસ્તુત અણુવ્રત—આંદોલન સંબંધે તેમ જ તેરાપંથની વિશિષ્ટ માન્યતાઓ સંબંધમાં વિગતવાર ચર્ચા કરવા માટે આજ સુધીમાં મને, પરમાનંદભાઈને તેમ જ થોડા અન્ય મિત્રોને ત્રણ વાર તેમની સાથે બેસવાનો સુયોગ પ્રાપ્ત થયો છે. આ અમારી ચર્ચા અંગે મને જણાવવાનું પ્રાપ્ત થાય છે કે અહિંસા અને દયા સંબંધની તેરાપંથી માન્યતા સાથે અમે સહમત થઈ શકતા નથી. આમ છતાં આ તેમની માન્યતા જૈન ધર્મના મૂળતત્ત્વ અનુસાર છે એવો આચાર્યશ્રીનો સુદૃઢ અભિપ્રાય છે. આ બાબતની વિશેષ ચર્ચાને અહિં સ્થાન કે અવકાશ નથી. એમ છતાં હું નમ્રતાપૂર્વક એમ સૂચવું અને આશા રાખું કે, આચાર્યશ્રીનું સ્વતંત્ર વિકસતું ચિન્તન તેમને આજની માન્યતા કરતાં બીજી દિશા તરફ જ્યારે પણ ગતિમાન કરે ત્યારે તેઓ આજની માન્યતાઓ અંગે પુન-વિચારણા કરતાં અચકાશે નહિ.

જૈન આગમો જેમ તેમને સ્વીકાર્ય છે તેમ શ્વેતાંબર મૂર્તિ-પૂજક અને સ્થાનકવાસી સમાજને પણ એટલા જ સ્વીકાર્ય છે. આમ છતાં બન્ને સમાજ અહિંસા અને દયા વિષેની તેરાપંથી માન્યતાઓ સ્વીકારતા નથી, એટલું જ નહિ પણ, તેનો તીવ્ર વિરોધ કરે છે. તો આ સંબંધમાં હું એમ ઇચ્છું કે, ત્રણે સમા-જના વિદ્વાન આચાર્યો અને મુનિવરો અને જૈન દર્શનના અન્ય વિદ્વાનો વચ્ચે કોઈ એક પરિસંવાદ યોજાય અને આ પ્રશ્નોની તેઓ ગંભીર વિચારણા કરે. કેટલાક ચિન્તનશીલ શ્રાવકો પણ આ પરિસંવાદમાં શ્રોતાઓ તરીકે હાજર રહે. હું માનું છું કે સ્વતંત્ર ચિન્તન કરવાની જેની બુદ્ધિશકિત છે એવા શ્રાવકોને આથી ઘણું જાણવાસમજવાનું મળશે. હું વિશેષ એમ પણ સૂચવું કે આપણને પ્રાપ્ત થયેલી મૂળ જૈન વિચારધારા કેટલેક અંશે તેરાપંથી માન્યતા-ઓનું સમર્થન કરતી હોય તો પણ, એ વિચારધારાને પણ વિકાસનો અવકાશ છે અને યુગધર્મ પીછાની તેને આપણે વિકસાવવી રહી.

આચાર્યશ્રી આવું કાંઈક કરી રહ્યાં છે એવી અમારા મન ઉપર છાપ હતી તેથી જ અમને અહીં આવવાનું આકર્ષણ રહ્યું છે. નહિ તો, તેરાપંથી માન્યતાઓ અને અણુવ્રત આંદોલન — ખાસ કરીને શોષણવિહીન સમાજરચના, અહિંસક પ્રતિકાર, વ્યવહારિક ક્રાન્તિ— આ બન્ને વચ્ચે મને પૂરો મેળ દેખાતો નથી. તેથી મને લાગે છે કે તેમને જો આવી ક્રાન્તિ કરવી હશે તો ઘણી પ્રવૃત્તિઓને તેમણે અનુમોદન અને પ્રેરણા આપવી પડશે, એટલું જ નહિ પણ, તેની આગેવાની લેવી પડશે.

આચાર્યશ્રી સમભાવથી વિચારવિનિમય કરે છે. ભિન્ન વિચારો ધરાવતી વ્યકિતઓ સાથે પણ શાન્તિપૂર્વક ચર્ચા કરે છે. પોતાના આત્મવિશ્વાસથી પોતાની માન્યતાઓમાં દૃઢ રહે છે તે સાથે જુદી માન્યતાઓ ધરાવતી વ્યકિતઓ પ્રત્યે આદર રાખે છે. તેમનું અનુ-શાસન અને તેમના મુનિગણમાં પ્રવર્તતી જ્ઞાનની ઉપાસના પ્રશંસનીય છે. અણુવ્રત આંદોલન અમને આવકારપાત્ર લાગે છે અને તેથી તેને ખરેખર અમલી બનાવવા પ્રયત્ન થાય તો તેમાં આપણો પૂરો સહકાર હોવો ઘટે, પણ સાથે સાથે મારે જણાવવું જોઈએ કે અણુવ્રત આંદોલન માત્ર તેરાપંથના પ્રચાર માટે છે અથવા તે સંપ્રદાયના આચાર્યની પ્રતિષ્ઠા વધારવા માટે છે તેમ જ જો તેરાપંથી સમાજ માનશે તો આ આંદોલનને એટલી સફળતા નહિ મળે અને આચાર્યશ્રીને જ અન્યાય થશે.

ફરીથી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી હું આચાર્યશ્રીનો અંત:-કરણપૂર્વક આભાર માનું છું.

સાભાર સ્વીકાર

દાદાસાહેબ માવળંકર: મૂળ મરાઠી લેખક: શ્રી દા. ન. શિખરે; અનુવાદક: શ્રી હીરાલાલ પોપટલાલ શાહ; પ્રકાશક: સન્નિષ્ટ પ્રકા-શન, માવળંકર હવેલી, ભદ્ર, અમદાવાદ-૧; કિંમત રૂા. ૪-૫૦.

આરઝૂ: કાવ્યસંગ્રહ: લેખક શ્રી જશવન્ત લ. દેસાઈ; પ્રકાશક: ઉપર મુજબ; કિંમત રૂ. ૧.૫૦.

સાર્ત્રનો અસ્તિત્વવાદ: લેખક: શ્રી મધુસુદન બક્ષી; પ્રકાશક: ઉપર મુજબ; કિંમત રૂ. ૩-૦૦.

મનોમંથન: લેખક: શ્રી મનુભાઈ લાલભાઈ શેઠ; પ્રાપ્તિ-સ્થાન: મેઘરાજ પુસ્તક ભંડાર, ગોડીજીની ચાલ, પાયધુની, મુંબઈ-૩.

નવી દુનિયામાં

(તા. ૧-૧-૬૮ના રોજ મુંબઈથી રવાના થયેલા પંડિત દલસુખભાઈ માલવણિયાનો ટોરોન્ટો (કેનેડા)થી આવેલો લેખ).

નવી દુનિયામાં આવ્યો છું તો અહીંના જાણવા જેવાં નવીન સમાચારો 'પ્રબુદ્ધ જીવન' દ્વારા રજુ કરવા—એમ શ્રી પરમાનંદભાઈ લખે છે અને શ્રી શાંતિભાઈ શેઠ પણ દિલ્હીથી લખે છે. જેને લોક-સંપર્ક કહે છે તે તો હજી મેં કેળવ્યો નથી, તેમ જ ટેલિવિઝન કે રેડિયો પણ હજી અહીં મેં વસાવ્યો નથી. તેવી સ્થિતિમાં આસપાસ જે કાંઈ ફરતાં ફરતાં જોઈએ અગર સમાચારપત્રોથી જાણીએ તેનો જ પડઘો પાડી શકાય. તા. ૧૫-૧-૬૮ના રોજ અહીં પહોંચ્યો પણ અત્યાર સુધીમાં માત્ર બે જ દિવસ મેં છાપું લીધું અને વાંચ્યું છે. સાઠ-પાનાનું છાપું લેવું અને વાંચવું એ પણ એક કસોટી મને તો લાગે છે. ખર્ચ કરીને લઈએ અને પૂરું વાંચીએ નહિ તો ખર્ચનું વળતર મળી રહે નહીં અને લીધા પછી વાંચ્યા વિના ચાલે પણ નહિ. અમ-દાવાદનાં જ છાપાં જેમાં પાનાં ઓછાં પણ મારો એકથી દોઢ કલાક તો લેતા જ, તો અહીં છાપાની લગભગ બધી વિગતો અજાણી-આપણી દૃષ્ટિએ મેળ વિવાની—એટલા માટે કે કયા શહેરની કે પ્રાંતની આ ખબર છે—તેની શું સમસ્યાઓ છે—એ પૂર્વભૂમિકા વિના છાપામાં કાંઈ વિશેષ મેળ જામે નહિ, પણ માનવ તો સર્વત્ર માનવ છે - એની સમસ્યાઓ પણ સરખી છે—આ એક બાબત લક્ષમાં લેતાં મેળ બેસી જાય છે એમ અનુભવે જણાવ્યું.

ભાષાના ભૂતની સમસ્યા આજની નથી; પણ જૂની છે, જ્યાં સુધી નજર મારી પહોંચે છે ત્યાં સુધી કહી શકું કે, ભૂતનો ઈતિહાસ અઢી હજાર વર્ષ જેટલો જૂનો તો છે જ. તેના પુરાવા પણ છે. પણ એ ઈતિહાસ એથી પણ જૂનો હશે જ. કદાચ માનવ જાતની સાથે જ જ્યારથી તે ભાષા બોલતો થયો હશે ત્યારથી જ હશે. જે જાતિએ જે ભાષાની શોધ કરી હશે તે પોતાને તે દ્વારા ધન્ય માનતી થઈ હશે એમ લાગે છે. તે બુદ્ધ અને મહાવીરે સંસ્કૃતભાષાના મહત્ત્વને ઘટાડી લોકભાષામાં ઉપદેશ આપ્યો અને ભાષાના મહત્ત્વને ઘટાડી અર્થને મહત્ત્વ આપવા પ્રયત્ન કર્યો. તો આપણે પાછા એવા મૂર્ખ નીકળ્યા કે તેમની એ જમાનાની પ્રવૃત્તિને પકડીને બેસી ગયા અને લોકભાષાને મહત્ત્વ આપતા અટકી ગયા—પણ આ તો ધાર્મિકક્ષેત્રે ભાષાના ભૂતની વાત થઈ. પણ આધુનિક કાળે ભાષાના ભૂતને લઈ ભારતમાં જે પ્રકારના વિવાદ ચાલી રહ્યા છે તેવા આ દેશમાં નથી, આ નવી દુનિયા હોઈ, ન હોય એમ કોઈ માનતું હોય તો તે બરાબર નથી. અહીં પણ ફ્રેન્ચ અને અંગ્રેજીના ભૂતની ચર્ચા છાપામાં વાંચું છું ત્યારે આ ભૂત તો સર્વત્ર પગપેસારો કરતું હોય એમ જણાય છે. ફ્રેન્ચોએ તો પાકિસ્તાનની જેમ અલગ પ્રજા - અલગ સંસ્કૃતિને નામે અલગ દેશની માંગ મૂકી તેનું નિરાકરણ કેવી રીતે લાવવું એ અહીંના પ્રબુદ્ધ જનની સમસ્યા છે. અને પાર્લામેન્ટમાં (Bill of Rights) ના નામે એ સમસ્યાના ઉકેલ માટે પ્રયત્ન થઈ રહ્યો છે. તેના વિરોધમાં અને સમર્થનમાં ચર્ચા ચાલુ થઈ ગઈ છે. આ ચર્ચા આપણી પાકિસ્તાન માટેની ચર્ચા જેવી જ છે. વળી તેમાં પ્રાન્તવાદ પણ દાખલ થયો જ છે, જૂના બંધારણમાં 'કવેબેકને વિશેષ હક્કો હતા. નવા પ્રસ્તાવિત બંધા-રણમાં એવા કોઈ વિશેષ હક્કો કોઈ પ્રજાને ન હોય પણ સૌને સરખા હક્ક હોય એ આદર્શ ઉપર વિચાર—ચર્ચા ચાલી રહી છે. કવેબેક પોતાને અત્યાર સુધી મળતી સગવડો - વિશેષ હક્કો જતા કરવા તૈયાર નથી, પણ કવેબેકના જ એક વિદ્વાન પુરુષે આ ઉપર જણા-વેલ નવું બીલ ઘડ્યું છે. જોવાનું એ રહે છે કે એ પોતાના પ્રાન્ત-ના નિવાસીઓને ગળે પોતાની વાત ઉતારી શકે છે કે નહીં. ભાષા અગર પ્રાન્તવાદથી ઉપર જઈને પણ વિચારનારનો તોટો જેમ આપણે ત્યાં નથી તેમ અહીં પણ નથી. બીજી બાજુ ભાષાના ભૂતને અને પ્રાન્તવાદને વળગી રહેનાર આપણી જેમ અહીં પણ છે જ. વળી ભારતમાં જેમ એક પ્રાન્ત સમૃદ્ધ છે, વિકસિત છે, તો બીજો વિકસિત નથી. તેમ અહીં પણ સમસ્યા છે જ. અવિકસિતનો વિકાસ કરવાની દેશની ફરજ માટે તેવા પ્રાન્તને વધારે ગ્રાન્ટ મળવી જોઈએ, આવી રજૂઆત થાય છે તો સામે પક્ષે તેનો વિરોધ પણ થઈ રહ્યો છે. આમ માનવતાવાદી બળો અને તેની વિરુદ્ધનાં બળો કામ કરી રહ્યાં છે, પણ અંતે માનવતાવાદી બળો વિજયી નિવડે. આપણે ત્યાં અને અહીં સર્વત્ર એમાં જ હિત સમાયું છે.

મોંઘવારી જેમ ભારતને સતાવી રહી છે તેમ અહીંના લોકોને પણ સતાવી રહી છે. પ્રજાના પાંચ ટકાથી વધારે લોકો વર્ષના ૧૨૦૦૦ ડૉલર કમાતા નથી. પણ આવક—ખર્ચનો હિસાબ કેમ મેળવવો તે સમસ્યા છે. પણ એક વાત નક્કી છે. ભારતની જેમ જ અહીં જે વસ્તુઓ આજથી દસ વર્ષ પહેલાં મોજશોખની ગણાતી તે વસ્તુઓ આજે અનિવાર્ય ગણાવા લાગી છે. અને આ મોંઘવારીના નડ-તરમાં આ નિવાર્ય જ વધારે ભાગ ભજવે છે તેમ અહીંના નિષ્ણાતોનો મત છે. વિજળીના અને બીજા યાંત્રિક સાધનોએ ઘરકામમાંથી સ્ત્રીઓને નવરાશ આપી છે, પણ સામે પક્ષે એ નવરાશનો ઉપયોગ એવા કાર્યમાં થાય છે જેમાં ખર્ચ જ ખર્ચ છે. છેલ્લા દશ વર્ષમાં ખર્ચમાં વધારો જેટલો કોસ્મેટિક - સૌંદર્યપ્રસાધનોને કારણે છે તેટલો બીજા કશામાં નથી એમ આંકડાશાસ્ત્રીઓ કહે છે. કેટલેક અંશે આપણે ત્યાં પણ મધ્યમ વર્ગમાં પણ આ ખર્ચ વધી ગયા છે અને તે પણ મોંઘવારીનું નડતર પેદા કરે છે.

પ્રજામાં નિડરતા – એક સામાન્ય ગુણ હોય એમ લાગે છે. અને યૌનસંબંધોની સમસ્યા વિકરાલ રૂપ લઈ રહી હોય એમ જણાય છે. આ સમૃદ્ધ ગણતા દેશોની નકલ હવે આપણા ભારતમાં પણ થવા લાગી છે અને તે માટે અહીંનો પ્રબુદ્ધ જન જાગૃત છે, તેમ ધાર્મિક નેતાઓ પણ જાગૃત છે, પણ એ સમસ્યાનો ઉચિત ઉકેલ થઈ શકે તેવી પરિસ્થિતિ રહી નથી. છાપામાં વાંચ્યું એક કુમારિકા કોઈ પરિચિત કર્નલ સાથે રાત ગાળીને ઘેર આવી અને માતા—પિતાને કહી દીધું કે મેં આવી રીતે રાત ગાળી છે. તેને તેમના તરફથી સજા ફરમાવવામાં આવી કે તારે તારા પ્રિય કુતરાને પિસ્તોલથી મારી નાંખવો. કુમારિકાએ તેની માતાની નજર ચૂકવી કુતરાને બદલે પોતાના જ ઉપર ગોળી ચલાવીને પ્રાણત્યાગ કર્યો. આ કુમારિકા વિષે મનમાં ઘણા ઘણા વિચાર આવે છે પણ એક વાત તો નક્કી જ કે તેના મનમાં તેનો પ્રિય કુતરો તો અપરાધી હતો નહીં, તો તેને મારવા કરતાં પોતે જ મરવું પસંદ કર્યું. તે તેની ભવ્યતા નહિ તો બીજુ શું છે? આ પ્રકારની ન્યાયભાવના તો કુમારિકામાં જાગૃત છે; કુતરા પ્રત્યેનો પ્રેમ તેને મારવા પ્રેરતો નથી, પણ પોતાનું મૃત્યુ વહોરી લેવા પ્રેરે છે. આથી ઊંચા પ્રકારની માનવતા બીજી કઈ હોય? પણ બીજી બાજુ યૌનસ્વેચ્છાચારમાં તે કાંઈ અઘટિત માનતી નહીં હોય. આ સંસ્કાર તેને સમાજના વાતા-વરણમાંથી મળ્યા, જ્યારે કુતરા પ્રત્યેનો પ્રેમ તેના વ્યક્તિગત જીવનમાંથી પાંગર્યો.

ત્રેવીશ જ વર્ષની મહિલા પાંચ સંતાનની માતા, અને તે સંતાનો પણ ભાગેડુ પતિથી—જેજવાબદાર પતિથી—થયા. ઘરે આવે એકાદ – અઠવાડિયું રહે, સંતાન દેતો જાય અને ભાગી જાય. આ મહિલા કોઈનું પાકિટ ચોરી તેમાંની ચેક વટાવતાં પકડાઈ અને સજા થઈ. વાંચી કમકમાટી ઉપજે એવો કિસ્સો છે. આમાં પાંચ સંતાનોનો શો ગુનો કે તેમણે માતા—વિહીન રહેવું? અને માતાને જેલ મોકલવાથી પણ સમાજનું શું ભલું થવાનું છે? ગરીબ પિતા

ચાર બાળકોને ચોરી કરવાનું શીખવી ખાય-પીએ. છોકરા ચોરી કરતા પકડાયા. આપણે જે દેશને સમૃદ્ધ અને સુખી માનીએ છીએ ત્યાં પણ આવું ચાલી રહ્યું છે અને રોજ આવા કિસ્સાઓ પકડાય છે.

મુંબઈમાં ગર્ભપાતને સરલ બનાવવા કાયદામાં સુધારો કરવાની વાત ચાલી હતી તે યાદ છે. અહીં પણ એ માટેનું બિલ આવી ગયું છે. તેનો વિરોધ પાદરીઓ કરી રહ્યા છે. આમ આજે દુનિયા જેમ નાની બનતી જાય છે તેમ તેની સમસ્યાઓ પણ સર્વત્ર સરખી જ થતી જાય છે એમ લાગે છે.

ઑફિસોમાં અને બીજે પણ જ્યાં જુઓ ત્યાં બહેનો કામ કરતી નજરે ચડે છે. ખર્ચને પહોંચી વળવા માટે આ સિવાય બીજો રસ્તો પણ નથી. કામ કેમ સરલ કરવું તેની આવડત આ દેશમાં છે અને કામને કેમ વિલંબમાં નાખવું તેની આવડત આપણા દેશના કર્મચારીઓમાં છે. એક જ ઉદાહરણ આપું. મારે ઘરમાં ટેલીફોન લેવો હતો. અમારા વિભાગના સેક્રેટરી બહેને ઠેકાણું જણાવી ફોનથી આ બાબત વાત કરી દીધી અને બીજે દિવસે ફોન આવી પણ ગયો. નહિ અરજી, નહિ અરજી ઉપર ભારના પૈસાની લાંચ, કામનો નિકાલ તરત કેમ કરવો એની ધૂન છે, જ્યારે આપણે ત્યાં તો કલાર્ક ઝોકાં ખાતાં બેસી જ રહે. બેંકમાં ચેક આપીએ કે બીજી મિનિટે તો આપણા હાથમાં રૂપિયા હોય. આવો અનુભવ તો જીવનમાં અહીં પ્રથમ વાર જ થયો. ખાતું ખોલવામાં નહીં ઓળખાણ, નહિ પિછાણ – બધું વિશ્વાસે ચાલે. બજારમાં છૂટા છાપા પડયા હોય, ડબીમાં લોકો પૈસા નાખતા જાય અને છાપું લેતા જાય. કોઈ વેચનારની જરૂર નહિ. મારા દૂધવાળાનું મેં હજી મોં પણ જોયું નથી, પણ માત્ર ચિઠ્ઠી પ્રમાણે તો રોજ દૂધની બાટલી આપી જાય છે, અને મહિનાને અંતે બાટલી સાથે બિલ મૂકતો જાય છે.

પ્રજા પરિશ્રમી છે. અન્યથા આવી વિષમ ઋતુમાં પણ બધો વ્યવહાર કેવી રીતે ચાલે? મોજ પણ એવી જ છે. છાપામાં જાહેર ખબરોમાં માત્ર ખાવા - પીવાની, સૌન્દર્યસાધનોની અને મોટરોની જાહેર ખબર વધારે પ્રમાણમાં છે. પણ આ લોકો પૈસો પેદા કરી જાણે છે અને ખર્ચી પણ જાણે છે. ગઈ કાલના છાપામાં વાંચ્યું ફોર્ડ કંપનીના પ્રેસિડેન્ટને કંપની જનરલ મોટર્સમાંથી લઈ આવીને નિયુક્ત કર્યા, કેટલો પગાર આપશે તે બહાર આવ્યું નથી, પણ તેમને જનરલ મોટર્સમાંથી વાર્ષિક બોનસ અને પગારની રકમ પેટે ૪,૮૨૦૦૦ ડૉલર મળતા હતા. આ પગારની કલ્પના આપણે હિન્દુસ્તાનમાં કરી જ ન શકીએ. કંપની કમાતી હશે તો આટલા આપી શકતી હશે ને? અને કેનેડાની ટેલીફોન કંપની એટલું બધું કમાઈ છે અને બીજા ધંધામાં રોકે છે કે તેને વધારે રોકાણ કરતી અટકાવવા બિલ લાવવાનો વિચાર ચાલી રહ્યો છે, ત્યારે આપણે ત્યાંની ટેલિફોન વ્યવસ્થા દેવાળીયા કંપનીમાં જ ખપે. બબ્બે હજાર અગાઉથી લઈ લે તો પણ સમયસર કામ કરી આપે નહિ. લાંચ આપે તો ટેલિફોન મળે, અન્યથા નહિ – આવા આક્ષેપો સાંભળવા મળે છે.

તા. ૮-૨-'૬૮, ટોરોન્ટો, કેનેડા. **દલસુખ માલવણિયા**

માથાના માપે ટોપી કે ટોપીના માપે માથું?

ધર્મ, રાજનીતિ, સાહિત્ય, કલા વગેરે દરેક ક્ષેત્રમાં કેટલીક સીમાઓ બંધાઈ ગઈ છે. જે પુસ્તક આ મર્યાદાઓનું પ્રતિપાદન કરે છે એ શાસ્ત્ર બની જાય છે. 'શાસ્ત્ર' શબ્દનો અર્થ છે શાસન કરનારું. કોઈ શાસ્ત્ર શરીરની હલચલ પર નિયંત્રણ મૂકવા માંગે છે છે તો કોઈ શાસ્ત્ર હૃદયના સંવેદન પર, અને કોઈ શાસ્ત્ર બુદ્ધિની શકિત પર. શરીર પર શાસન કરનારું શાસ્ત્ર એમ ઈચ્છે છે કે મનુષ્ય એમાં લખ્યા પ્રમાણે જ વર્તે. એમાં જણાવેલા સમયે ઊઠે, સ્નાન કરે અને દેખાતું ન હોય તો પણ કોઈ શકિતશાળી અસ્તિત્વ પ્રત્યે પોતાનું મસ્તક નમાવે. એમાં જણાવ્યા પ્રમાણે ભોજન કરે, વાતચિતમાં પણ એમાં જણાવેલા શબ્દો વાપરે અને શાસ્ત્રમાં લખેલા સમયે સૂઈ જાય. એ સમયે જો એને ઊંઘ ન આવે તો પોતાને પાપી સમજે, અને એ પાપનું પ્રાયશ્ચિત કરે, પ્રાર્થના કરે. ટમટમતા કોડિયાનું સ્થાન વિજળીએ લઈ લીધું. આપણા વ્યવહારનો સૂર્યોદય કે સૂર્યાસ્ત સાથે કોઈ વિશેષ સંબંધ રહ્યો નથી; પુરાણા જમાનામાં જે પ્રકારના જગતની કલ્પના પણ થઈ શકતી ન હતી એવા જગતનો ધ્વનિ આજે સંભળાવા લાગ્યો છે; અને એ પ્રકારની ચોતરફ હીલચાલ જોવામાં આવે છે, તો પણ એમ કહેવામાં આવે છે કે ત્રણ હજાર વર્ષ પહેલાં જે પ્રકારનું જીવન હતું એવું જ જીવન આપણે આજે પણ જીવીએ.

હૃદય પર નિયંત્રણ કરનારું શાસ્ત્ર દાવો કરે છે કે એણે હૃદયના તમામ સ્પંદનોનો તાગ કાઢી લીધો છે, એનું વર્ગીકરણ પણ કરી લીધું છે અને બે હજાર વર્ષથી હૃદયના દરેક સંવેદનનું એ જુદા જુદા વર્ગોમાં વિભાજન કરી રહ્યું છે. આ શાસ્ત્રનો દાવો છે કે એના સિવાય કોઈ નવી અનુભૂતિ અથવા કોઈ નવું સંવેદન હોઈ શકે જ નહીં. એ સંવેદનના કારણોની પણ આલોચના આ શાસ્ત્રે કરી છે. સમય બદલાઈ ગયો, પરિસ્થિતિ પલટાઈ ગઈ, સંવેદનનાં કારણો પણ બદલાઈ ગયાં. તો પણ વરસો પહેલાં જે કારણો એ શાસ્ત્રમાં બતાવેલાં તેની જ જૂનીપુરાણી ચર્ચા હજી ચાલી રહી છે. એનાથી જો હૃદયમાં સ્પંદન પેદા થતું નથી, તો કહે છે કે માણસ સ્વાર્થી બની ગયો છે, એનામાં રસિકતા રહી નથી. અનુભૂતિ પ્રમાણે વર્ણન કરવાને બદલે આ શાસ્ત્રની એવી અપેક્ષા રહી હોય છે કે તેમાં કરેલા વર્ણન પ્રમાણે અનુભૂતિ થવી જોઈએ.

બૌદ્ધિક આલોચના અને તર્કશકિતનો દાવો કરનારા ત્રીજા વર્ગની પણ આવી જ દશા છે. એણે બાહ્ય વસ્તુઓને જાણવાના સાધનોનું સમાલોચન અને વર્ગીકરણ કર્યું, અને એ આધાર પર સત્યાસત્યનો નિર્ણય કરવાનું વિચાર્યું. વર્તમાન વિજ્ઞાને આપણી નિરીક્ષણ શકિતને લાખોગણી વિકસાવી દીધી છે. પરિણામે ફૂલમાં જે સુન્દરતા દેખાતી હતી તે વિકરાળ બની ગઈ છે અને એ વિષયની પ્રાચીન માન્યતાઓ મિથ્યા જણાવા લાગી છે. પરંતુ પુરાણા દાર્શનિકો અને પંડિતો એને છોડવા તૈયાર નથી, પોતાની જુની માન્યતાઓ તેઓ બદલવા તૈયાર નથી.

આપણી સામે પ્રશ્ન એ ખડો થયો છે કે ટોપી માથાને માટે છે કે માથું ટોપીને વાસ્તે? એક વર્ગ એવો છે કે જે ટોપીથી માથું માપે છે. જે માથું ટોપીમાં બંધ બેસી જાય એની પ્રશંસા કરે છે અને નથી બેસતું એની નિન્દા કરે છે. એ વર્ગ એમ ચાહે છે કે કોઈ પણ માથું આ ટોપીથી મોટું ન હોય. જેમ આવા મોટા માથાની સંખ્યા વધતી જાય છે તેમ એનું દુ:ખ પણ વધતું જાય છે. અને પોતાનો ગુસ્સો જોરશોરથી પ્રગટ કરતાં કહે છે: "દુનિયામાં નાસ્તિકતા વધી ગઈ છે, કોઈ ધર્મનું પાલન કરતું નથી, બધી મર્યાદાઓ તૂટવા લાગી છે, હવે તો પ્રલય માત્ર આવવો બાકી રહ્યો છે."

ઈતિહાસ તપાસીએ તો લાગશે કે આ પ્રકારનું ઝનૂન નવું નથી. પ્રત્યેક જુની પરંપરા નવી પરંપરાનું ઠીક આ જ રીતે સ્વાગત કરતી આવી છે. દરેક ધર્મપ્રવર્તકનું સ્વાગત નાસ્તિક તરીકે જ આપણે કર્યું છે અને અનુયાયીઓ મળ્યા પછી આ જ ધર્મપ્રવર્તકને આપણે અવતાર માન્યો છે. પ્રત્યેક સમાજસુધારક પણ પોતાના જીવનકાળ દરમ્યાન પતિત ગણાયો છે, પણ સમયના વહેણ સાથે એના નામ પર એક નવા સમાજનું નિર્માણ થયું છે. જે કોઈ સંગઠ્ઠનની રચના રૂઢિઓની વિરુદ્ધ ક્રાંતિના રૂપમાં થઈ તે પણ સમયાંતરે પોતે જ રૂઢિઓનું ઘર બની ગઈ છે. જે માથાઓ થોડો સમય ટોપી વિના ઘૂમતા રહ્યા હતા એમણે નવી ટોપી બનાવી લીધી છે અને નવા માથાઓ પર પ્રતિબંધ મૂકવા લાગ્યા છે.

આજના માનવ પાસે એક સમશ્યા પડી છે: કોણ વધે–ટોપી કે માથું?

અનુવાદક :
શ્રી સુબોધભાઈ એમ. શાહ

મૂળ હિન્દી :
ડૉ. ઈન્દ્રચંદ્ર શાસ્ત્રી

પ્રકીર્ણ નોંધ

આચાર્ય તુલસી અવ્યા અને ગયા : એક અંગત આલોચના

આચાર્ય તુલસી જાન્યુઆરી માસની છઠ્ઠી - સાતમી તારીખે મુંબઈ ખાતે પધાર્યા અને ફેબ્રુઆરી માસની ૧૨ મી તારીખે તેમણે મુંબઈથી વિહાર કર્યો. આ રીતે તેઓ મુંબઈમાં લગભગ સવા માસ રહ્યા. તે આખો સવા માસ તેમની આસપાસ ઊભી કરવામાં આવેલી અનેક પ્રકારની પ્રવૃત્તિઓથી, પાર વિનાના કાર્યક્રમોથી, વિવિધ પ્રકારની પ્રચારપ્રક્રિયાઓથી અને તેમને લગતી તરેહ તરેહની જાહેરાતોથી ખૂબ ધમધમતો રહ્યો. તેમના નિવાસસ્થાનની બાજુએ એક મોટું સરકસ હતું. પણ વચગાળે તેરાપંથનો વાર્ષિક મર્યાદા મહોત્સવ આવ્યો અને ઉજવાઈ ગયો – આ નિમિત્તે રાજસ્થાનથી તેમના અનુયાયીઓ સેંકડોની સંખ્યામાં મુંબઈ આવેલા હોઈને આચાર્યશ્રીના નિવાસસ્થાન આસપાસની ધમાલ આગળ ઉપર જણાવેલ સરકસની ધમાલ કોઈ વિસ્તારમાં નહોતી. આ દિવસો દરમિયાન ઘણી વાર મનમાં પ્રશ્ન થતો કે એક ધર્માચાર્ય પાછળ આટલી બધી જાહેરાત અને પ્રચારપ્રક્રિયા અને પ્રસિદ્ધિપ્રયાસો શા માટે અને મુંબઈ શહેરની અનેક અગ્રગણ્ય–ખાસ કરીને સત્તારૂઢ વ્યક્તિઓને–પુનઃ પુનઃ નિમંત્રણો તથા ટેલીફોનો દ્વારા આચાર્યશ્રી તરફ આકર્ષવાને લગતી તેમના અનુયાયીઓની આટલી બધી દોડાદોડ શા માટે? એક વિશિષ્ટ વ્યક્તિની સાચી ઓળખ કરાવવા માટે આટલું મોટું પ્રચારતાંડવ ખરેખર જરૂરી છે ખરું? સામાન્ય લોકો આવી જાહેરાતો અને પ્રસિદ્ધિઓથી થોડા સમય માટે જરૂર પ્રભાવિત થાય છે, પણ સુજ્ઞ જનોના માનસ ઉપર આવી જાહેરાતો અને પ્રસિદ્ધિપ્રયાસો ઘણી વખત પ્રતિકુળ પ્રત્યાઘાત પેદા કરે છે અને તેનો અતિરેક પ્રસ્તુત વ્યક્તિની ખરી મહત્તાની પ્રતીતિ કરાવવામાં અવરોધરૂપ બની જાય છે. આચાર્યશ્રીના અનુયાયીઓ આ બાબત બરોબર સમજે અને વધારે વિવેકશીલ બને એમ આપણે ઈચ્છીએ. સત્વશીલ માનવીનું વ્યક્તિત્વ લાંબો સમય ઢંકાયલું કે છુપાયલું રહેતું નથી અને તેથી માનવસમાજ પ્રભાવિત થયા વિના પણ રહેતો નથી. આટલી આપણામાં શ્રદ્ધા હોય તો આવો પ્રચાર-અતિરેક આપણાથી થવા ન પામે.

આચાર્યશ્રીના મુંબઈ ખાતેના નિવાસ અંગે મન ઉપર પડેલી છાપની આ એક બાજુ થઈ. બીજી બાજુ તેમના આ વખતે થયેલા પ્રત્યક્ષ પરિચય અંગે અનુભવેલી ઊંડી પ્રસન્નતાને લગતી છે. તેમના ટૂંકા નિવાસ દરમિયાન કેવળ વિચારવિનિમય અને પરસ્પરને નિકટતાથી સમજવા ઓળખવાના હેતુથી હું તથા મારા સાથી અને સહચિંતક શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ તેઓશ્રીને રાત્રિના ૮ થી ૧૦ ના ગાળામાં ચાર વાર મળ્યા હતા. અને તેમની તથા તેમના વિદ્વાન અને તર્કનિપુણ શિષ્ય મુનિશ્રી નથમલજી સાથે અનેક વિષયોની ચર્ચા થઈ હતી. શ્રી રિષભદાસજી રાંકા આ બધી બેઠકો દરમિયાન અમારી સાથે હતા. કોઈ ધર્માચાર્ય સાથે આટલી લાંબી ચર્ચા કરવાનો મારા માટે આ પહેલો પ્રસંગ હતો. અમારી બાજુએ શ્રી ચીમનભાઈ મોટા ભાગે રજૂઆત કરતા હતા. અમારી આ ચર્ચાની વિગતો રજૂ કરવાનો અહિં આશય નથી. અહિંસા અને કરુણાના તત્ત્વ અંગે અમારા અને એમના દૃષ્ટિકોણમાં મોટો ફરક હોવાથી અમારી અને તેમની વચ્ચે સર્વથા મતૈક્ય નિર્માણ થવાનું શક્ય નહોતું. આમ છતાં પણ અમારી સાથેના તેમના વ્યવહારમાં પૂરી ઉદારતા, નિખાલસતા અને આદરનો અમને અનુભવ થયો હતો. સમગ્રપણે અમારે એમ પણ કહેવું પડે કે તેઓ અમુક વિચાર કે અભિપ્રાયના કટ્ટર આગ્રહી ન લાગ્યા. તેઓ સંશોધન–અભિમુખ છે અને પરિવર્તન વિરોધી નથી – આવી તેમના વિષે અમારા મન ઉપર છાપ પડી.

આ ઉપરાંત તેમના મુંબઈના નિવાસ દરમિયાન જુદા જુદા પ્રસંગોએ તેમને અંગત રીતે છૂટુંછવાયું મળવાનો પણ મને સુયોગ પ્રાપ્ત થયો હતો અને એ દરમિયાન તેમના સૌહાર્દનો મને જે પરિચય થયો તેનો પણ, મને લાગે છે કે, મારે અહિં આછો ઉલ્લેખ કરવો જોઈએ. તેમનો એક ધર્માચાર્ય તરીકેનો આડંબર, આજના જમાના સાથે બંધબેસતી ન હોય એવી તેમની આચારપ્રાપ્ત જુનવાણી રહેણીકરણી–આવું ઘણું છે કે જે આપણને ન ગમે, જે આપણને કાળપ્રતિગામી લાગે, જે આપણને અવૈજ્ઞાનિક લાગે, આમ છતાં પણ, તેમની ધીરોદાત્ત સ્વસ્થતા, માનવલક્ષી અભિગમ, પ્રાકૃતિક પ્રસન્નતા, અન્યને જાણવા સમજવાની અભિમુખતા અને લાક્ષણિક વિનમ્રતા – આ તેમના ગુણો વડે હું ઠીક ઠીક પ્રભાવિત થયો અને તેમના વિષે, જ્યાં એક વખત પરાયાપણાનો ખ્યાલ હતો ત્યાં, એક પ્રકારની આત્મીયતાનો ભાવ મેં અનુભવ્યો. આ વખતના પરિચયથી મારા ચિત્ત ઉપર તેમના વિષે આવી કાંઈક મધુર છાપ અંકિત થઈ છે.

Urban Unconcern : શહેરી જનતાનો નિર્લેપભાવ

તા. ૧૯-૧૨-૧૯૬૬ ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં ઉપરના મથાળા નીચે પ્રગટ થયેલી નોંધ શહેરમાં વસતા આપણ સર્વ લોકો માટે ઊંડી વિચારણા માંગે તેવી છે. તેનો અનુવાદ નીચે મુજબ છે :

"શહેરી જીવનની દુનિયાભરમાં એક સર્વસાધારણ ખાસિયત જોવામાં આવે છે અને તે છે Indifference : આસપાસ બનતી દુર્ઘટનાઓ અંગે ઉદાસીનતા – બેપરવાઈ – કદાચ એક પ્રકારની હૃદયશૂન્યતા – જે બીજી રીતે સામાન્યતઃ સંવેદનશીલ હોય, સહૃદય હોય એવી વ્યક્તિઓમાં શહેરી જીવન દ્વારા કેળવાતી માલુમ પડે છે. "The unconcered bystanders: studies in social responsibilites". "બાજુએ ઉભેલા – પસાર થતા બેપરવા માનવીઓ : સામાજિક જવાબદારીઓ અંગેનું સંશોધન" – એ વિષય ઉપર યુનાઈટેડ સ્ટેટ્સમાં તાજેતરમાં એક પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. તેમાં અગ્રગણ્ય લેખાતા સામાજિક માનસશાસ્ત્રના કેટલાક નિષ્ણાતોએ ભાગ લીધો હતો અને શહેરમાં વસનારા નાગરિકો પોતાના સહવાસી નાગરિકોને મદદરૂપ થવામાં કેમ પાછા પડે છે, કેમ મંદ હોવાનું માલૂમ પડે છે તેનાં કારણોનું પૃથક્કરણ કરવા તેમણે પ્રયત્ન કર્યો હતો. બે વર્ષ પહેલાં ન્યુયૉર્કના ફેશનેબલ સોહામણા વિભાગમાં રહેતી કીટી જેનોવીસ નામની એક યુવતી ઉપર સરિયામ રસ્તા વચ્ચે ખૂની હુમલો કરવામાં આવ્યો હતો. આ દુર્ઘટના લગભગ ૪૦ લોકો ટગર ટગર જોઈ રહ્યા હતા, પણ તે યુવતીને મદદ કરવા માટે – બચાવવા માટે – કોઈ એક પણ આદમી આગળ આવ્યો નહોતો. એવી જ રીતે તાજેતરમાં મુંબઈના મરીન-ડ્રાઈવના રાજમાર્ગ ઉપર રાત્રીના નવ વાગ્યાના સુમારે પુરપાટ દોડી જતી મોટર નીચે મુંબઈ હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ પટકાઈ પડયા હતા, પણ જે લોકો તેમની નજીકમાં હતા તેમનું એમ કહેવું હતું કે કેટલીયે મુશ્કેલીઓ અને સમજાવટ બાદ તેમને મદદ કરે અને આ જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતા ન્યાયમૂર્તિને હૉસ્પીટલ સુધી પહોંચાડવા તૈયાર થાય એવી વ્યક્તિ તેઓ માંડમાંડ મેળવી શકયા હતા.

"યુનાઈટેડ સ્ટેટ્સના સામાજિક માનસનું સંશોધન કરતા નિષ્ણાતો દ્વારા આવી ઉપેક્ષા–બેફિકરાઈનું કારણ શું છે તે અંગે સંશોધન કરાવતાં એમ માલૂમ પડયું હતું કે જ્યારે કોઈ એક વ્યક્તિ સમૂહમાં હોય છે ત્યારે તે વ્યક્તિઓની આવા કિસ્સાઓમાં સક્રિય બન-

વાની–મદદરૂપ થવાની – વૃત્તિ ઘણી વાર દબાઈ જાય છે. કદાચ આવી વ્યકિતને એમ લાગતું હોય છે કે જ્યારે આંખ સામે થઈ રહેલ અમુક ગુન્હાહિત દુષ્કૃત્યના અથવા તો અકસ્માતના બીજા પણ અનેક સાક્ષીઓ છે ત્યારે આવા પ્રસંગે સક્રિય બનવાની જવાબદારી સામે ઉભેલા અનેક લોકોમાં વહેંચાઈ જાય છે અને તેથી તેવા કિસ્સાઓમાં જાતે અંદર ઝંપલાવીને મદદરૂપ બનવાની વૃત્તિ–અને કદાચ જવાબદારી પણ – તેટલા પ્રમાણમાં હળવી બની જાય છે."

આપણો પડોશી કોણ?

મારા મિત્ર ડૉ. એમ. એમ. ભમગરાએ થોડા દિવસ પહેલાં મારી ઉપર : "The good Samaritan and the bad' એ નામની એક પુસ્તિકા મોકલી. તેના ટાઈટલ પેજની પાછળની બાજુએ, બાઈબલના ન્યુ ટેસ્ટામેન્ટલમાં 'સેન્ટ લ્યુક' એ મથાળાનું એક પ્રકરણ છે તેમાંથી તારવેલી એક ધર્મકથા આપવામાં આવી છે. તેનો અનુવાદ નીચે આપવામાં આવે છે. તેમાં ધર્મના નામે માનવીની સેવા અંગે ઉદાસીનતા દાખવતા ધર્મગુરુઓ ઉપર કટાક્ષ છે અને અન્યની આપત્તિના પ્રસંગે સહૃદય માનવીનો ધર્મ શું હોઈ શકે તેનું સ્પષ્ટ માર્ગદર્શન છે. તે ધર્મકથાનો અનુવાદ નીચે મુજબ છે :

"અમુક એક આદમી જેરૂસેલમથી જેરીકો તરફ ગયો અને ચોરલૂટારૂની મંડળીમાં ફસાઈ પડયો. આ ચોરલૂટારૂઓએ તેનાં કપડાં ઝૂંટવી લીધાં અને તેને ઘાયલ કર્યો, અને તેને અધમુઆ જેવો મૂકીને ચાલતા થયા.

... અને અકસ્માત એ રસ્તે અમુક એક પાદરી આવ્યો; અને આ પડેલા અધમૂઆ આદમીને તેણે જોયો અને બીજે રસ્તે તે આગળ ચાલતો થયો.

..... એવી જ રીતે એક કોઈ નાગરિક–Levite–જે એ જ સ્થાન આસપાસ રહેતો હતો તે ત્યાં આવી ચડયો, આ આદમીને તેણે જોયો અને બીજે રસ્તે તે પણ આગળ ચાલતો થયો.

... પણ પછી અમુક એક ભલો પરગંજુ માનવી–Samaritan–એ બાજુએ પ્રવાસ કરતો, જ્યાં પેલો આદમી પડેલો હતો ત્યાં, આવી ચડયો અને એ આદમીને તેણે જોયો કે તેના દિલમાં તેના વિષે કરુણા સ્ફુરાયમાન થઈ.

... અને તે તેની પાસે ગયો અને તેના ઘા ઉપર ઔષધ તેમ જ મલમ ચોપડીને પાટો બાંધ્યો, અને તેને ઉંચકીને પોતાના ખચ્ચર ઉપર બેસાડયો, અને નજીકની એક ધર્મશાળામાં લઈ આવ્યો, અને આખી રાત તેની સેવા સુશ્રૂષા કરી.

..... અને બીજા દિવસે તે ભલો આદમી જવાને તૈયાર થયો તે પહેલાં પોતાના ખિસ્સામાંથી તેણે બે આના કાઢયા અને ધર્મશાળાના રખેવાળને આપ્યા અને તેને કહ્યું : આ આદમીની સંભાળ લેજે અને તેની પાછળ જે કાંઈ વધારે ખર્ચ થાય તે, જ્યારે હું પાછો ફરીશ ત્યારે, તને ભરી આપીશ.

... ઉપર જણાવેલ ચોર અને લૂંટારૂઓનો જે ભોગ થઈ પડયો તે આદમીનો, ઉપર જણાવેલ ત્રણ વ્યકિતઓમાંથી, તારા વિચાર મુજબ, કોણ પાડોશી ગણાય?

..... અને તેણે જવાબ આપ્યો કે જેણે એ આદમી ઉપર દયા દાખવી તે. આ સાંભળીને જીસસે તેને કહ્યું કે : "જા અને તું પણ તે મુજબ વર્તવાનું ધ્યાનમાં રાખજે."

શ્રી લીલીબહેન પંડયા : કૉંગ્રેસ ઉમેદવાર

આવતા માર્ચ માસની ૨૬ મી તારીખે મુંબઈની મ્યુનિપિલ કૉર્પોરેશનની ચૂંટણી છે. એ ચૂંટણી અંગે અનેક વ્યકિતઓએ કોઈ એક યા અન્ય પક્ષ તરફથી અથવા તો સ્વતંત્ર રીતે પોતાની ઉમેદવારી નોંધાવી છે. આ રીતે શ્રી લીલીબહેન પંડયા કૉંગ્રેસ પક્ષ તરફથી મલબાર હીલ અને મહાલક્ષ્મી ટેમ્પલ વિભાગ (મ્યુનિસિપલ વૉર્ડ નં. ૧૪) માટે ઊભા રહ્યા છે. તેઓ ૧૯૬૧ ની ચૂંટણી દરમિયાન વાલકેશ્વર – મલબાર હીલ વિભાગમાંથી સૌથી વધુ મતે ચૂંટાઈ આવ્યાં હતાં અને કૉંગ્રેસ પક્ષનું જનરલ સેક્રેટરી પદ તેમણે સંભાળ્યું હતું. ૧૯૬૩ માં મ્યુનિસિપલ કૉર્પોરેશનની એજ્યુકેશન કમિટીના અધ્યક્ષપદે તેમની નિયુકિત કરવામાં આવી હતી અને મ્યુનિસિપલ સ્ટેન્ડીંગ કમિટીના સભ્યપદે તેમની નિયુકિત થઈ હતી. છેલ્લાં સાત વર્ષના ગાળામાં તેમના ભાગે આવેલી મ્યુનિસિપલ કૉર્પોરેશનના વહીવટને લગતી અનેક જવાબદારીઓ તેમણે સંભાળી હતી. આ ઉપરાંત લીલીબહેન વિકટોરિયા જ્યુબિલી ટેકનિકલ ઈન્સ્ટીટયૂટના બૉર્ડના, મુંબઈ પ્રૌઢ શિક્ષણ સમિતિના તથા ઈન્ડો – અમેરિકન સોસાયટીના બૉર્ડ ઑફ મેનેજમેન્ટના સભ્ય છે, ચિલ્ડ્રન ઓર્થોપીડીક હૉસ્પિટલ અને સોસાયટી ઑફ ધી રીહેબીલીટેશન ઑફ ક્રીપલ્ડની કાઉન્સિલ ઑફ મેનેજમેન્ટના સભ્ય અને કોષાધ્યક્ષ છે અને વૉલ્સીંગહામ હાઈસ્કૂલના ટ્રસ્ટી છે. મુંબઈના જાહેર જીવનમાં જેમનું આવું માન અને પ્રતિષ્ટાભર્યું સ્થાન છે તેવાં લીલીબહેનને કૉંગ્રેસ તરફથી તેમને સુપ્રત કરવામાં આવેલ વિભાગના મતદારોને પોતાનો મત આપવા અંગે વિશેષ પરિચય આપવાની જરૂર નથી.

લીલીબહેન મુંબઈની પટેલ એન્જિનિયરીંગ કંપની લિમિટેડ અને એન્જિનિયરીંગ પ્રોડકટ્સ લિમિટેડના ડિરેકટર હોઈ સક્રિય વ્યવસાયને વરેલાં છે. જન્મે તેઓ જૈન છે અને મુંબઈ જૈન યુવક સંઘના સભ્ય છે. તેમણે યુરોપ-અમેરિકાનો અનેકવાર પ્રવાસ કર્યો છે અને ભારતીય સ્ત્રી મંડળના સભ્ય તરીકે તેઓ રશિયા પણ ગયા છે અને ત્યાંની ઈજનેરી શૈક્ષણિક વગેરે અનેક સંસ્થાઓનું તેમણે નિરીક્ષણ કર્યું છે. આવાં શિક્ષિત અને અનુભવી બહેન મુંબઈની મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં ચૂંટાય એમાં મુંબઈ શહેરનું તેમ જ મુંબઈના સ્ત્રીસમાજનું ગૌરવ છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાવલયનો અદ્‌ભુત સફળતાને વરેલો સુવર્ણમહોત્સવ

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો ગયા જાન્યુઆરી માસના અન્તિમ સપ્તાહ દરમિયાન મુંબઈ ખાતે યોજવામાં આવેલ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સુવર્ણ મહોત્સવને લગતો તા. ૨૧-૧-૬૮ થી તા. ૨૮-૧-૬૮ સુધીનો સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પડયો છે, તે માટે તે સંસ્થાના સંચાલકોને અનેક ધન્યવાદ ઘટે છે. સવિશેષ આનંદજનક બીના તો એ છે કે પ્રસ્તુત સુવર્ણ મહોત્સવના અનુસંધાનમાં સંસ્થાની વ્યવસ્થાપક સમિતિએ રૂા. ૨૧,૦૦૦૦૦ની પ્રાપ્તિનું લક્ષ્ય નક્કી કર્યું હતું અને આગળના મહિનાઓ દરમિયાન આ લક્ષ્યાંકને પહોંચાશે કે કેમ તે વિષે સારા પ્રમાણમાં ચિન્તા સેવાતી હતી. તેના બદલે સુવર્ણ મહોત્સવની પૂર્ણાહુતિ સુધીમાં આ ફંડ રૂા. ૨૯,૦૦૦૦૦ ની સીમાને વટાવી ગયેલ છે એ હકીકત સંસ્થાના સંચાલકોને માટે માત્ર આનંદપ્રદ નહિ પણ અત્યન્ત ગૌરવપ્રદ છે. એ મહોત્સવના દિવસો દરમિયાન એવા કેટલાય પરિચિત મિત્રોને મળવાનું બન્યું કે જેમણે મને જણાવ્યું કે : "અમે પણ આ ફંડમાં રૂા. ૧૦,૦૦૦ અથવા તો રૂા. ૧૨૫૦૦ નોંધાવ્યા છે. કારણ કે અમને થયું કે જે સંસ્થાએ જૈન સમાજની આટલી બધી સેવા કરી છે તે સંસ્થાના આવા પ્રસંગે અમે મદદરૂપ નહિ થઈએ તો ક્યારે થઈશું?" કોઈ કોઈએ સાડા બાર નોંધાવેલા તેણે પચ્ચીસ હજાર કરી આપ્યા. જે સંસ્થાને એક સમયદર્શી જૈન આચાર્ય શ્રીમદ્‌વિજયવલ્લભસૂરિની પ્રેરણા અને આશીર્વાદ છે અને જે સંસ્થાના ધડતર પાછળ સ્વ. શ્રી મોતીચંદભાઈ અને તેમની પરંપરાને દીપાવનારા શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ અને બીજા અનેક કાર્યકરોનો પ્રસ્વેદ અને પરિશ્રમ રહેલો છે તે સંસ્થા તેને લગતા સમાજના લોકોનું દિલ કેવી રીતે જીતી લે છે તેનો આ ઘટના અદ્‌ભુત પુરાવો છે.

પ્રસ્તુત સુવર્ણ મહોત્સવના સંદર્ભમાં ગયા ફેબ્રુઆરી માસની ૧૮મી તારીખે પુના ખાતે યોજાયેલો એક કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પડયો અને તા. ૨૪મીના રોજ વલ્લભવિદ્યાનગર ખાતે, તા. ૨૫મીના રોજ વડોદરા ખાતે અને તા. ૨૬ મીના રોજ અમદાવાદ ખાતે ભરચક કાર્યક્રમો ગોઠવાયા હતા અને અમદાવાદ ખાતે આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજીની નિશ્રામાં શેઠ કસ્તુરભાઈ લાલભાઈના પ્રમુખસ્થાને આગમ પ્રકાશન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ બધા સફળતાપૂર્વક સંપન્ન બની ચૂકયા છે.

મુંબઈના શ્રી કચ્છી વીશા ઓશવાળ સ્થાનકવાસી જૈન મહાજનને ધન્યવાદ

શ્રી કચ્છી વિશા ઓશવાળ સ્થાનકવાસી જૈન મહાજન સંચાલિત માતુશ્રી મણિબાઈ શિવજી દેવજી કન્યા કેળવણી ફંડ અંગે તેના મંત્રી શ્રી શાન્તિલાલ દેવજી નંદુ તથા શ્રી મોરારજી લધા શાહ તરફથી મળેલા તા. ૧-૨-૬૮ ના પરિપત્રમાં જણાવ્યા મુજબ તેમની જ્ઞાતિની એસ. એસ. સી. થી આગળનો ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતી બહેનોને મદદ કરવાના હેતુથી શેઠશ્રી દેવજી ખેતશીના

પૌત્ર શ્રી ચીમનલાલ દેવજી શિવજી તરફથી મળેલી રૂા. ૫૦૦૦૧ ની રકમના દાનથી ઉપર જણાવેલ ફંડની તા. ૨૪-૧૨-૬૮ ના રોજથી શરૂઆત કરવામાં આવી હતી અને તેમાં રૂા. ૬૯૦૬૮ નાં બીજાં દાનોનાં વચન મળતાં તા. ૧-૨-૬૮ સુધીમાં કુલ રૂા. ૧૧૯૦૬૯ નું ફંડ એકઠું થયું છે. આ ફંડમાં શકય તેટલી વધારે પુરવણી કરવા સમાજનાં દાનવીર ભાઈ - બહેનોને એ પરિપત્રમાં અનુરોધ કરવામાં આવ્યો છે. કચ્છી સમાજના એક વિભાગના ગૃહસ્થો પોતાની જ્ઞાતિની બહેનોને ઉચ્ચ અભ્યાસમાં શિષ્યવૃત્તિઓ દ્વારા મદદ કરવાના હેતુથી આવું ફંડ માત્ર એક સવા મહિનાના ગાળામાં ઉભું કરે એ માટે તેમને અને તેમની સંસ્થાના સંચાલકોને અનેક ધન્યવાદ ઘટે છે.

જણાવતાં આનંદ થાય છે કે આ સંસ્થાના મંત્રી શ્રી શાંતિલાલ દેવજી નંદુ જેઓ મુંબઈ જૈન યુવક સંઘના એક વખત મંત્રી હતા તેમણે પોતે આ ફંડમાં રૂા. ૧૦૦૧ ભર્યા છે અને આ પ્રવૃત્તિમાં તેઓ ખૂબ જ રસ લઈ રહ્યા છે. તેમને પણ આ માટે ધન્યવાદ.

આ ફંડમાં નાણાં ભરવા ઈચ્છનાર ભાઈ બહેનોએ "શા. નપ્પુ નેણસીની કંપની, ૮૩, કલાઈવ રોડ, દાણાબંદર, મુંબઈ - ૯" એ પેઢી સાથે સંપર્ક સાધવા પ્રસ્તુત પરિપત્રમાં સૂચવવામાં આવ્યું છે.

નારાયણ આશ્રામની યાત્રાનું વર્ણન આવતા અંકથી–

પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં સન્ત પુરુષ નારાયણ સ્વામીનો પરિચય આપવામાં આવ્યો છે. તેમણે, તે પરિચયમાં જણાવ્યું છે તે મુજબ, હિમાલયના કુમાઉ પ્રદેશમાં કૈલાસ યાત્રાના માર્ગ ઉપર ભારતની સરહદ નજીકમાં એક આશ્રામ નિર્માણ કર્યું છે, જે નારાયણ આશ્રામના નામથી ઓળખાય છે. આ આશ્રામભૂમિ ઉપર પહોંચવા માટે સંયુકત પ્રદેશના ઉત્તર ભાગમાં આવેલ કાથગોદામ સુધી રેલવે માર્ગે જવું પડે છે. અહિંથી હિમાલયના પહાડી પ્રદેશનો પ્રારંભ થાય છે. કાથગોદામથી પહેલાં આલ્મોરા પહોંચવાનું રહે છે. ત્યાંથી નારાયણ આશ્રામ લગભગ ૧૫૬ માઈલના અન્તરે આવેલ છે. નારાયણ આશ્રામથી કૈલાસ લગભગ ૧૨૦ માઈલ દૂર છે, જ્યાં જવું હાલ અશકય છે.

ગયા વર્ષના એપ્રિલ માસની આખરે શ્રી વિમલાબહેન ઠકાર પોતાના સ્થાયી નિવાસ માઉન્ટ આબુથી પોતાની મંડળી સાથે નીકળ્યાં અને કાથગોદામ થઈને આલ્મોરા પહોંચ્યા અને આ યાત્રા-વર્ણન લખનાર શ્રી સુનંદાબહેન વહોરા જેઓ અમદાવાદના એક બહુ જાણીતા અગ્રગણ્ય સામાજિક કાર્યકર્તા છે અને ભારત સરકારે જેમને જે. પી. બનાવીને તેમની યોગ્યતાની કદર કરી છે તેઓ પણ એ જ અરસામાં અમદાવાદથી નીકળીને નૈનિતાલ ગયા અને ત્યાં થોડા દિવસ રોકાઈને આલ્મોરા ખાતે વિમલાબહેન સાથે જોડાયા. આ સુનંદાબહેને લખેલું યાત્રાવર્ણન મને ગયા પર્યુષણ દરમિયાન (સપ્ટેમ્બર માસમાં) મળેલું જે અન્ય લખાણોના ભરાવાની આડે આ જ સુધી હાથ ઉપર લઈ શકાયું નહોતું. હવે પછીના અંકથી તે વર્ણન ત્રણ હફતામાં ક્રમસર પ્રગટ કરવામાં આવશે.

શ્રી નારાયણ આશ્રામ વ્યવસ્થાપક સમિતિ (બાજવાડા, ખત્રી પોળ, વડોદરા) ના મંત્રી શ્રી વેણીભાઈ મો. પરીખે શ્રી સુનંદા - બહેન વહોરાના વર્ણનાત્મક લેખના સંપાદન અંગે જરૂરી માહિતી તથા ત્રણ બ્લોકો પૂરા પાડયા તે માટે અન્તઃકરણપૂર્વક તેમનો આભાર માનવો ઘટે. સંત નારાયણ સ્વામીની છબીનો બ્લોક પ્રબુદ્ધ જીવનના આગળના અંકમાં પ્રગટ કરવામાં આવ્યો છે. હિમાલયના ઊંડાણમાં અને ભારતની ટિબેટતરફી ઉત્તર સરહદની નજીકમાં આવેલ નારાયણ આશ્રામનો માર્ગ દર્શાવતા નકશાનો બ્લોક અને આશ્રામનું રમણીય દર્શન કરાવતો બ્લોક આ બન્ને બ્લોકો સામેના પાના ઉપર આપવામાં આવ્યા છે.

પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થતાં 'મહાપ્રસ્થાનના પથ ઉપર' ની લેખમાળા પૂરી થયા બાદ તે પ્રકારનું બીજું કોઈ યાત્રાવર્ણન હાથ ઉપર નહિ આવતાં એવા વર્ણનમાં રસ ધરાવતા વાચકોને પ્રબુદ્ધ જીવનમાં કાંઈક ઉણાપણું લાગતું હતું. હવે પછી પ્રગટ થનાર વર્ણન તે કોટિનું કદાચ નહિ હોય, એમ છતાં પણ, વર્ણન દ્વારા હિમાલયમાં પરિભ્રમણ કરવા ઈચ્છતા વાચકોની ભૂખ આ વર્ણનથી અમુક અંશે તૃપ્ત થશે એવી આશા સેવું છું.

એક ગંભીર ભૂલ માટે ક્ષમાયાચના

તા. ૧-૨-૬૮ ના પ્રબુદ્ધ જીવનની પ્રકીર્ણ નોંધ શ્રી વાલજી ગોવિંદજી દેસાઈનાં પત્ની સૌ. દૂધીબહેનના અવસાનને લગતી નોંધમાં "સ્વ. છગનલાલ ગાંધીનાં પત્ની કાશીબહેન" આ મુજબ છપાયું છે તેના સ્થાને "શ્રી છગનલાલ ગાંધીનાં સ્વ. પત્ની કાશી-બહેન" એમ સુધારીને વાંચવા વિનંતિ છે. આ ભૂલ તરફ 'મિલાપ' ના તંત્રી શ્રી મહેન્દ્ર મેઘાણીએ મારું થોડા દિવસ પહેલાં ધ્યાન ખેંચ્યું. તપાસ કરતાં માલૂમ પડે છે કે પૂ. ગાંધીજીના સત્યાગ્રહ આશ્રામના એક જૂના કાર્યકર્તા અને ગાંધીજીના ભત્રીજા તથા સ્વ. મગનલાલ ગાંધીના મોટા ભાઈ શ્રી છગનલાલ ગાંધી આજે પણ હયાત છે, અને તેમની ઉમ્મર આશરે ૮૫ વર્ષની છે અને હાલ શ્રી કૃષ્ણદાસ ગાંધી સાથે હરિજન આશ્રામમાં રહે છે. આ ભૂલ માટે શ્રી છગનલાલ ગાંધીની અને તેમનાં અન્ય કુટુંબીજનોની ક્ષમા યાચું છું.

પરમાનંદ

લોકમત–જનતાનો અવાજ

(ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં પ્રગટ થયેલી એક નોંધનો અનુવાદ)

ઘણા બધા લોકો એટલું મોટું બૂમરાણ મચાવે છે કે લોકમત એ ભારત જેવી લોકશાહીની એક સારી બાબત છે એમ સ્વીકારવું મુશ્કેલ થઈ પડે છે. હકીકતમાં, એકબીજાથી વિરુદ્ધના ઘણા બધા વિચારો અને માન્યતાઓ પ્રદર્શિત થાય છે. કોઈ કહે છે કે દારૂબંધી કરવી જોઈએ તો કોઈ કહેશે દારૂબંધી ના જોઈએ. વન્ય પ્રાણીઓની કોઈ રક્ષા કરવાનું કહેશે તો કોઈ માંગશે તેનો શિકાર, તો વળી કોઈ જંગલોને ભોગે બળતણ માંગશે ! ભાષાના પ્રશ્નમાં, કોઈ અંગ્રેજીની તરફેણ કરશે તો કોઈ કહેશે અંગ્રેજી સિવાય કોઈ પણ ભાષા ચાલશે, પરંતુ અંગ્રેજી તો નહિ જ ! ઘણા લોકો અન્નઝોનની નાબૂદી માંગે છે તો કોઈ વળી એમ કહે છે કે અન્ન ઝોન વગર ચાલશે નહિ. થોડાક લોકો વળી પ્રાન્તીય સીમા માટે ઝઘડશે તો થોડા લોકો કહેશે, કે જેમ ચાલે છે તેમ ચાલવા દો. જન્મ - પ્રમાણને સંયમિત કરવાના કોયડા વિશે કોઈ લૂપની તરફેણ કરશે તો કોઈ દવાની ગોળીઓ ખાવાની ભલામણ કરશે તો વળી કોઈ શારીરિક શસ્ત્રક્રિયાની તરફેણ કરશે. ખરેખર તો આ જાતજાતના લોકવિચારો દેશ માટે ભયસ્થાન રૂપ છે.

અને સરકારનું ખાતું કેવું છે? જાતજાતના અને પરસ્પર–વિરોધી લોકવિચારોથી ગુંચવાઈને સરકાર સલાહભર્યું સમાધાન શોધવા પ્રયત્ન કરશે અને એ માટે એક સમિતિની રચના કરશે. આ સમિતિ સ્થાનિક પ્રાંતિય અને રાષ્ટ્રીય નેતાઓને બોલાવી તેમની સાથેની વાતચીત દ્વારા એમના વિચારોની નોંધ કરશે અને એમની જુબાની નોંધશે. ઘણા તુમારો બનાવવામાં આવશે અને આ બધા પછી છેવટે એક રીપોર્ટ તૈયાર કરવામાં આવશે. આ રીપોર્ટથી બધા જ લોકો કદી સંતોષાય નહિ - અને જનતાનો અવાજ ફરીવાર ઉછળી ઉઠશે. આનું નામ જનતાનો અવાજ! સરકાર ફરીવાર ગૂંચવાશે અને સમાધાન શોધવાની અધીરાઈમાં રીપોર્ટને અભરાઈએ ચઢાવશે. લોકમતનો જુવાળ ફરી ઉઠશે અને સરકાર એક બીજી સમિતિની નિમણુંક કરશે.

આ રીતે આપણા દેશમાં આપણે બધા જ વિષયોમાં માથું મારીએ છીએ અને દરેક વિષયમાં મતમતાંતરો ઊભા કરીએ છીએ, અને લોકમતને ગૂંચવવાની ભુલ કરીએ છીએ. મતમતાંતરો અને ગૂંચવણ પેદા કરવાનો આપણો મૂળભૂત અધિકાર છે એવું માનતા હોઈએ એમ લાગ્યા કરે છે!

અનુવાદક : વિનોદભાઈ એમ. શાહ

MAP SHOWING ROUTES TO SHRI NARAYANA ASHRAM.

THE FOLLOWING TWO ROUTES LEAD TO NARAYANA ASHRAM.
(1) VIA KATHGODAM, RANIKHET, ALMORA & ASKOT.
(2) VIA BAREILLY, TANAKPUR, PITHORAGARH & ASKOT.
THE SECOND ROUTE IS CONVENIENT.
PLACES UNDER LINED ARE WORTH VISITING.





(૧) ... ... (૨) નારાયણ આશ્રમ હિમાલય વિસ્તાર
રસ્તો પીથોરાગઢ-ચમ્પાવત-લોહાઘાટ-મયાવતી [જિ] પીથોરાગઢ

સંગીતવિષયક બે પત્રો

(આ વખતે દિવાળી ઉપર ભાવનગર જવાનું બનતાં અને ત્યાંના કાર્યકર્તા અને મારા મિત્ર શ્રી ગંગાદાસ ગાંધીને મળવાનું થતાં, સંગીતનો અભ્યાસ કરતા એમનાં ભત્રીજા–ભત્રીજી ચિ. મનહર તથા મનહારિણી ઉપર બે માસ મહિના પહેલાં આવેલા શ્રી વિમલાબહેન ઠકારના બે પત્રો તેમણે મને દેખાડયા. એ બન્ને પત્રોમાં પ્રસ્તુત ભાઈ–બહેનને શ્રી વિમલાબહેને સંગીત અંગે સુંદર માર્ગદર્શન કરાવ્યું છે એમ તે પત્રો વાંચતાં મને લાગ્યું. તેમાંના એક પત્રમાં પોતાને સંગીતનું જ્ઞાન નથી એમ શ્રી વિમલાબહેન જણાવે છે, એમ છતાં તેઓ સંગીતના સારા મર્મજ્ઞ છે એમ આ પત્રો વાંચનાર કોઈને પણ લાગ્યા વિના નહિ રહે. આ બન્ને પત્રો વિમલાબહેનના લાક્ષણિક વ્યક્તિત્વને રજૂ કરતા હોઈને, પ્રબુદ્ધ જીવનના વાચકો સમક્ષ રજૂ કરવાનું મને મન થયું. પરિણામે એ બન્ને હિન્દી પત્રોનો અનુવાદ ક્રમસર નીચે આપવામાં આવે છે. પરમાનંદ)

તા. ૬–૨–'૬૭

ચિ.મનહર,

તારો પત્ર મળ્યો. કુશળ સમાચાર જાણીને પ્રસન્નતા અનુભવી. મને એ જાણીને વિશેષ પ્રસન્નતા થઈ કે તમે બન્ને શાસ્ત્રીય સંગીતની તાલીમ લઈ રહ્યા છો. બેટા, સંગીત કોઈ ભોગ્ય વિષય નથી, મનોરંજનનું સાધન નથી. એ છે નાદબ્રહ્મની ઉપાસના. એ છે ચિત્ત-શુદ્ધિની પ્રખર સાધના. સ્વરોના સહવાસથી ચિત્ત કોમલ, સુંદર તેમ જ નિર્મળ બની જાય છે. વિશુદ્ધ સ્વર–નાદ શરીરની બધી નાડીઓને શુદ્ધ કરે છે. ચિત્તની બધી વૃત્તિઓને પવિત્ર બનાવે છે. તમો બન્ને સાથે મળીને નાદોપાસના કરો એ મારી આંતરિક ઈચ્છા છે.

'सामवेदस्य उपवेदगांधर्ववेद :' ગાંધર્વ વેદને સમજવા ઈચ્છતા હો તો શ્રી રામદાસ ગૌડના 'હિંદુત્વ' એ નામના ગ્રંથનો અભ્યાસ કરો. 'સંગીત રત્નાકર ગ્રંથ'માંથી માત્ર બે પ્રકરણનો અભ્યાસ પર્યાપ્ત છે; (૧) પિંડોત્પત્તિ પ્રકરણ, (૨) નાદ–શ્રુતિ–સ્વર–જાતિ–કુલ–દૈવત–ઋષિ–છંદ–રસ પ્રકરણ. એમ તો ભારત નાટ્યશાસ્ત્રનો પણ આગળ જતાં અભ્યાસ કરવો પડશે. કદાચ શ્રી રસિકલાલ અંધારિયા આ બાબતમાં તમને ઉપયોગી થઈ શકશે. એમને મારા સપ્રેમ નમસ્કાર જણાવશો.

સંગીતશાસ્ત્રના અધિષ્ઠાનને સમજ્યા વિના કંઠની કસરત કરવી એ નાદબ્રહ્મનું અપમાન કરવા બરોબર છે. આ માટે 'ગ્રામ' શું છે? ષડ્જ ગ્રામ એટલે કે મધ્યમ ગ્રામનું સ્વરૂપ તેમ જ વૈશિષ્ટ્ય શું છે? ચૌદ પ્રકારની–ચાર વર્ગમાં વિભાજિત–મૂર્ચ્છનાઓ શું છે? શ્રુતિનું સ્વરૂપ શું છે? આ બધું, ભલેને સંક્ષેપમાં પણ, રસિકભાઈની મારફત સમજી લેવું અને ત્યાર બાદ સ્વર સાધના કરવી. સમજમાં આવ્યું? તું સાતે સ્વર શુદ્ધ, પુષ્ટ, વિકસિત ઢંગથી લગાવી શકીશ તો પણ મને સંતોષ થશે. ષડ્જનો સ્વભાવ, રિષભનો ગુણ, ગાંધારની ગતિ, મધ્યમની અનિવાર્યતા, પંચમની મધુરતા, ધૈવતની ગંભીરતા, નિષાદની સમૃદ્ધતા – એ સર્વનો ખૂબ પરિચય મેળવવાનો રહેશે. સ્વરોની સાથે લડવાનું નથી, મૈત્રી કરવાની છે. જ્યારે સ્વર પ્રસન્ન થશે ત્યારે જ સાધક સાચો ગાયક બની શકશે.

તમારાં બન્નેનાં માતા પિતાને મારા પ્રણામ. ચિ. મનહારિણીને તેમ જ તને હૃદયપૂર્વક આશિષ આપતી હિતૈષિણી વિમલ.

તા. ૧-૮-'૬૮

પ્રિય મનહર તથા મનહારિણી,

લાંબા સમય પછી તમારા તરફથી પત્ર મળ્યો. વારૂ, સૌ કુશળ છે એ જાણીને હું ખુશી થઈ.

મને સંગીતનું જ્ઞાન નથી. સંગીત વિષે મને ખૂબ પ્રેમ છે. એ શાસ્ત્રનું અથવા તો કળાનું અધ્યયન કરવાનો અવસર મને મળ્યો નથી. આમ છતાં પણ અહીં તહીંથી કેટલાંક પુસ્તકો હું જોઈ ગઈ છું.

નાદ પરમાત્માનું સગુણ રૂપ છે. આમ હોવાથી નાદબ્રહ્મ સાથે મને અગાધ પ્રેમ છે. સ્વર છે વિષ્ણુ તથા તાલ છે શિવ. તાન તથા આલાપ શક્તિ કહેવાય છે. સંપૂર્ણ સંસાર એક મધુર છંદ છે અને દરેક પદાર્થ પોતપોતાનો વિશિષ્ટ લય ધરાવે છે.

માનવ શરીરમાં સ્વરોદય, સ્વરવિકાસ તથા સ્વરસમાધિની સંભાવના રહેલી છે. આ જ પ્રમાણે તાલનું સમજવું. મધુર કંઠ એટલે કે સંગીત પ્રેમ તમને પ્રભુએ આપ્યો છે તો, મારા ભાઈ, તેનો પૂર્ણ ઉપયોગ કરીને શાસ્ત્રીય સંગીતની સાધના કરજો.

રાગ રાગિણીઓનો થાટ, વાદી - સંવાદી વિવાદી સ્વર, આરોહ અવરોહ, સ્વર વિસ્તાર, તથા તાન–આલાપ–એના પરિચય માત્રથી જ સંતોષ માનતા નહિ. રાગોના સ્વભાવની પૂરી પીછાન કરી લેજો. એ ભાવ જો મૂર્ત કરી ન શકો તો સમજી લેવું કે રાગ તમારી ઉપર હજુ પ્રસન્ન થયેલ નથી. દરેક રાગ–રાગિણીની ભાવભૂતિઓ ગાતી વખત હૃદયમાં પ્રતિષ્ઠિત થાય તો સ્વર એક અવર્ણનીય આલાપથી સભર બની જાય છે. સંગીત માત્ર કંઠની કસરત નથી. બુદ્ધિચતુરાઈથી સ્વરની જોડ–તોડ તે પણ સંગીત નથી. સારી તૈયારી કર્યા પછી પણ સ્વર નિસ્તેજ અને નિર્જીવ બનવાની શક્યતા રહે છે. તમારા સ્વરોમાં પ્રાણ સંચાર હો એવી મારી શુભાશિષ છે.

આજે તમે બન્ને સંગીત – વિશારદનો અભ્યાસ શરૂ કરો છો એ માટે આશીર્વાદ મોકલી રહી છું. ભાઈશ્રી રસિકલાલભાઈને મારા ખાસ નમસ્કાર કહેશો.

મુરબ્બી શ્રી ગંગાદાસભાઈ તથા લક્ષ્મી બહેનને પ્રણામ કહેશો. 'રામકૃપા' પરિવારને મારા સસ્નેહ નમસ્કાર કહેશો. તમારા બન્નેના માતા–પિતાને મારા પ્રણામ.

વિમલનાં આશિષ

રજિસ્ટ્રેશન ઑફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ના અન્વયે

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

૧.	પ્રસિદ્ધિ સ્થળ :	૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ -૩
૨.	પ્રસિદ્ધિ ક્રમ :	દરેક મહિનાની પહેલી અને સોળમી તારીખ
૩.	મુદ્રકનું નામ :	શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા,
	કયા દેશના :	ભારતીય
	ઠેકાણું :	૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ - ૩.
૪.	પ્રકાશકનું નામ :	ઉપર મુજબ
	કયા દેશના :	"
	ઠેકાણું :	"
૫.	તંત્રીનું નામ :	શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા
	કયા દેશના :	ભારતીય
	ઠેકાણું :	૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ - ૩
૬.	સામયિકના માલિકનું નામ :	શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ - ૩.

હું પરમાનંદ કુંવરજી કાપડિયા આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે.

તા૦ ૧-૩-૧૯૬૮ પરમાનંદ કુંવરજી કાપડીયા–તંત્રી

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ–૩.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ. કોટ, મુંબઈ

Regd No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૯ : અંક ૨૨

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, માર્ચ ૧૬, ૧૯૬૮, શનિવાર
પરદેશ માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

ધાર્મિક શિક્ષણ: એક પરિસંવાદ

(શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સુવર્ણ મહોત્સવના વિવિધ કાર્યક્રમોમાં એક કાર્યક્રમ તે દ્વારા યોજાયેલી વ્યાખ્યાનમાળાને લગતો હતો. આ વ્યાખ્યાનમાળામાં તા. ૨૨ જાન્યુઆરીથી તા. ૨૫ મી જાન્યુઆરી સુધી એમ ચાર વ્યાખ્યાનસભાઓ બિરલા ક્રીડા કેન્દ્રમાં સવારના ભાગમાં ગોઠવવામાં આવી હતી. પહેલી વ્યાખ્યાનસભામાં આચાર્ય રજનીશજીનું વ્યાખ્યાન 'या विद्या सा विमुक्तये।' એ સૂત્ર ઉપર રાખવામાં આવ્યું હતું. બીજી વ્યાખ્યાનસભામાં મુનિશ્રી ચિત્રભાનુનું વ્યાખ્યાન 'આપણું સંસ્કારધન' એ વિષય ઉપર રાખવામાં આવ્યું હતું. ત્રીજી વ્યાખ્યાનસભામાં પ્રો. ગૌરીશંકર ચુનીલાલ ઝાલાના પ્રમુખપણા નીચે સૌ. પૂર્ણિમાબહેન પકવાસા અને શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનો 'ધાર્મિક શિક્ષણ' ઉપર પરિસંવાદ ગોઠવવામાં આવ્યો હતો. ચોથી વ્યાખ્યાનસભામાં મહાસતી પ્રમોદસુધાજી, મૃગાવતીજી અને સુનંદાશ્રીનો अमृतं तु विद्या। ઉપર પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. આમાંની ત્રીજા દિવસની વ્યાખ્યાનસભાનાં વક્તવ્યો અનુક્રમે પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવા વિચાર્યું છે. શ્રી પૂર્ણિમાબહેન પકવાસાએ ઉપર જણાવેલી સભામાં જે વ્યાખ્યાન આપ્યું હતું તે જરા વિસ્તારીને તેમણે પોતે જ લખી આપ્યું છે જે નીચે પ્રગટ કરતાં હું આનંદ અનુભવું છું. પરમાનંદ)

શ્રી પૂર્ણિમાબહેન પકવાસાનું પ્રવચન

ધાર્મિક શિક્ષણ પ્રત્યે આજે આપણે સૌ સજાગ બની ગયાં છીએ. વર્તમાન શિક્ષણપ્રણાલીમાં આ શિક્ષણ દાખલ કરવું જોઈએ તે વિચાર આજે દેશનાં નેતાઓ, વિચારકો અને ચિંતકો અને શિક્ષણસંસ્થાઓનાં પ્રિન્સીપાલોનાં મનમાં બહુ જોરથી ઘૂંટાય છે. દેશની વર્તમાન પરિસ્થિતિ અને વિશેષરૂપે વિદ્યાર્થીસમાજમાં પ્રસરેલી હિંસા, અશાંતિ, ગેરશિસ્ત અને સમાજવિરોધી કાર્યો પ્રતિની દિલચસ્પીના અનિષ્ટ પ્રત્યે સૌનું ધ્યાન ખેંચાયું છે. આ દુઃખદ પરિસ્થિતિ બહુ જલ્દી પલ્ટો માગે છે તે વિષે પણ લગભગ બધા સહમત છે.

ધર્મ એટલે શું તે વિષે વિચારતાં અનેક લોકોએ પ્રગટ કરેલા વિચારો અને વ્યાખ્યાનો યાદ આવે, પણ જરા ઊંડાણથી જોતાં લાગે કે તે બધા તો ધર્મના એક એક પાસા જ છે. પણ સમગ્ર રીતે તેની વ્યાખ્યા આપવી હોય તો એમ કહી શકાય કે આપણી અંદર રહેલી પૂર્ણતા પ્રતિ ગતિ કરવાનું વિજ્ઞાન તે જ ધર્મ હોઈ શકે. આ ગતિના પ્રારંભ સાથે જ વ્યક્તિમાં ઘણા મૂળભૂત ફેરફારો થાય છે, અને તેનાં જીવનનો પ્રવાહ ઊર્ધ્વગામી બને છે, એટલે ધર્મને અહિં ઉન્નત જીવન જીવવાનું વિજ્ઞાન પણ કહી શકાય.

મનુષ્યજન્મ ધારણ કરીને આપણે મુખ્યત્વે બે કાર્યો કરવાનાં હોય છે. (૧) શરીર સંબંધી, એટલે કે શરીરનાં પાલનપોષણ, તેને સુખસગવડ મળે, આનંદ મળે, તે પ્રતિની સર્વ પ્રવૃત્તિઓ આ વિભાગમાં આવી જાય, જેને આપણે ભૌતિક પ્રવૃત્તિઓ કહીશું. (૨) શરીર જે કાર્ય માટે બનીને આવ્યું છે તે, એટલે કે પોતે કોણ છે તે જાણવું અને પૂર્ણતા સુધી પહોંચવું. આને આપણે આધ્યાત્મવિજ્ઞાન કહીશું.

મનુષ્યશરીર આવો પ્રયોગ કરવાની ઉત્કૃષ્ટ પ્રયોગશાળા છે. તેનાથી નીચેની કક્ષાના પ્રાણીઓમાં આ સંભાવના નથી હોતી. તો જે પ્રયોગ માટે આ શરીરરૂપી પ્રયોગશાળા બનીને આવી, તે પ્રયોગ જ ન થાય અને બહારના એકાંગી કાર્યોમાં જ પાત્ર ગૂંચવાઈ રહે તો શરીરસંબંધી જરૂરિયાતવાળો અર્ધો જ માત્ર પ્રયોગ સિદ્ધ થયો કહેવાય. તેને આપણે અપૂર્ણ પ્રયોગ કહીશું. પૂર્ણ પ્રયોગ તો ત્યારે થયો કહેવાય કે જ્યારે શરીર જેને માટે બનીને આવ્યું છે તે કાર્ય સંપન્ન થાય. બાકી તો અર્ધો પ્રયોગ કરનારની દૃષ્ટિ પણ અધુરી જ રહેવાની, અને અધુરી અપૂર્ણ દૃષ્ટિ સાથે જો કોઈપણ કામ કરવામાં આવે તો તેમાં પૂર્ણતા શી રીતે આવે?

આવી અપૂર્ણ દૃષ્ટિએ થયેલાં કાર્યોમાંથી જ સંઘર્ષ અને અનેક જાતના નાના ટંટાઓ ઊભા થાય છે. નાનાનાના સંઘર્ષોમાંથી મોટા સંઘર્ષો અને તેમાંથી લડાઈઓ અને યુદ્ધનાં સર્જનો થાય છે. 'ગ્રેઈટ વોર'નાં મૂળમાં આ અજ્ઞાનપૂર્ણ અપૂર્ણ દૃષ્ટિ જ કારણભૂત છે. જાતિવાદ, પ્રાંતવાદ, ભાષાવાદનાં ઝનૂનો, હિંદુ-મુસલમાન ઝઘડાઓ આદિનાં મૂળમાં પણ આ જ અજ્ઞાનદૃષ્ટિ રહેલી છે. કારણ કે તેઓનું 'વીઝન' અર્ધું જ હોય છે, એટલે તેઓના વિચાર અને વ્યવહારમાં સંતૂલન નથી રહી શકતું.

ધર્મ એટલે ભાનપૂર્વક સારું જીવન જીવવાનું વિજ્ઞાન તે આપણે ઉપર જોઈ ગયાં. આ પ્રયોગ સ્વ ઉપર — પોતાની ઉપર જ શક્ય છે. સ્વયં પ્રયોગ કરીને બાહ્યમાંથી અંતરમાં (ભીતરમાં) જવાનું છે. સ્વશરીર, સ્વમન એ શું છે તે જાણવા માટે 'કૉસ્મીક' સિદ્ધાંતો જાણવા જરૂરી છે. તે નિયમોનો ખ્યાલ આવી જાય તો એ જાણવું ઘણું સહેલું, રસપ્રદ અને આનંદપ્રદ થશે, કે જે સિદ્ધાંતો આખા બ્રહ્માંડમાં વ્યાપી રહ્યાં છે તે આપણાં શરીરની જગ્યા પર પણ છે જ. આપણે એ ન સમજીએ કે ન જાણીએ તેથી તેઓ ત્યાંથી ગેરહાજર થોડા જ રહી શકે છે? આ "કૉસ્મીક પ્રિન્સીપલો" આપણાં સૌમાં અને સારાયે વિશ્વમાં વ્યાપ્ત છે આવી પ્રતીતિ આપણામાં ન થાય ત્યાં સુધી સાચી સાધનાનો યા ધાર્મિક શિક્ષણનો આરંભ થતો નથી.

આવી પ્રતીતિ થાય તો આખા વ્યક્તિત્વનો પલટો થવો સંભવિત બને છે, આખું Being—વ્યક્તિત્વ અંદરથી બદલાઈ જાય છે. આપણું વર્તમાન વ્યક્તિત્વ છે જેને આપણે આપણું માનીને ફરીએ છીએ, અને જેને અનુલક્ષીને આપણે બધો વ્યવહાર કરીએ છીએ તે તો અપૂર્ણ છે અને Acquired એટલે કે બહારથી ઘડાયલું છે, પણ સ્વયં આપણું વ્યક્તિત્વ 'Self' છે જે પૂર્ણ છે, તે તો તદ્દન જુદું જ છે. તે અંદરબહાર સર્વત્ર વ્યાપક પણ છે. તેને સિદ્ધ કરવાનો પ્રયોગ તેને ધાર્મિક શિક્ષણ અથવા સાચું શિક્ષણ કહી શકાય. આવી રીતે સમજી સમજાવીને પોતાની

અંદર ઝાંખવાના, અંદર ઊતરીને અનુભૂતિ કરવાનાં પ્રયોગો આપણે ત્યાં બહુ ઓછા થાય છે.

આ વિજ્ઞાન 'whole'નું–પૂર્ણનું–વિજ્ઞાન છે, તેમાં કયાંય ભિન્નતા, ટુકડો કે અલગતા નથી હોતી. તેની અંદર વિશ્વના વિવિધ વિજ્ઞાનો, પદાર્થો, જીવો અને તત્ત્વો રહેલાં છે. તેની બહાર કશું જ નથી. એટલે પૂર્ણને સિદ્ધ કરવા માટે જો પૂર્ણથી જ સમજવાનો કે પકડવાનો પ્રયોગ કરવામાં આવે અને મૂળ આધારને લઈને જોવામાં આવે તો તે ઝટ પકડમાં આવી શકે છે અને પ્રયોગ ટૂંકો બની શકે છે. પરંતુ આપણે ત્યાં તેનાં એકાદ પાસાને પકડીને આગળ વધવાના પ્રયોગો થઈ રહેલા જોવામાં આવે છે. આ પ્રયોગ ઘણો દીર્ઘ સમય માગી લે છે. પાસાઓ તો ઘણા બધા હોય છે. એટલે તેમાંથી એક એક પાસું પકડીને ઘણા વિદ્વાનો સંતો, પંડિતો વ્યાખ્યાતાઓ, અને કથાકારો સાચી નિષ્ઠા, તત્પરતા, લગન અને ભાવનાથી આવા પ્રયોગો કરતા હોય છે. અને લોકોમાં ટોળેટોળાં આવા પ્રયોગમાં જોડાતા હોય છે. સૌને ધર્મમાર્ગે જવાની અને મુક્તિ મેળવવાની ઝંખના હોય છે. હજારો વર્ષોથી આવી પ્રણાલિકાઓ ચાલતી આવે છે, અને લાખોની સંખ્યામાં લોકો પ્રયોગમાં જોડાતા હોય છે, છતાં પરિણામમાં આપણને અપેક્ષિત સિદ્ધિ જોવા મળતી નથી. તો એ વાત તો સ્પષ્ટ જ છે કે એ બધા પ્રયોગો અધૂરા અને એકાંગી છે. એમ કહેવામાં આવે છે કે મુક્તિ મેળવવી એ કાંઈ સહેલી વાત છે? એ તો જન્મજન્મનાં પુણ્યોનો સંચય થાય ત્યારે જ મેળવી શકાય. એટલે કે એ વાતને આવતા જન્મ પર રાખીને આપણે મોજથી પેલા ભૌતિક વિભાગમાં ચક્કર મારતા જ રહીએ છીએ. કોઈકવાર પાછું યાદ આવી જાય કે અરે, આપણે શા માટે જન્મ્યા, આપણું ધ્યેય શું? આપણે તો મુકત થવાનું છે, તો વળી એકાદ બે સત્સંગમાં જઈ આવીએ, બે વ્યાખ્યાનો સાંભળી આવીએ, બે-ચાર ધર્મ પુસ્તકોમાં ફ્રિવોસોફીનાં પુસ્તકો, કૃષ્ણમૂર્તિ યા અરવિંદને વાંચી કાઢીએ અને વિચારીએ કે આપણે ઠીક માર્ગપર છીએ. કોઈકવાર મનમાં તીવ્ર ચટપટી થાય તો તેને ધબ્બો મારીને બેસાડી દઈએ અને મનને મનાવીએ કે મુક્તિ મેળવવી તે કંઈ રેઢી પડી છે? હજી તો કેટલાંયે જન્મો લેવા પડશે.

સૌથી પહેલાં તો આવી મનને ઢીલું બનાવનારી વાતોમાંથી બહાર નીકળવાનું છે અને મનને જાગૃત કરવાનું છે. કારણકે આવી જાગૃતિ જો ન હોય તો પ્રકૃતિ આપણને ઉઘાડી દેવા–અર્થાત્ સત્ય તરફ આંખો બંધ કરીને કેવળ અન્ય વિષયોમાં ભ્રમણ કરાવવા પ્રતિક્ષણ તૈયાર જ હોય છે. જડ સાથે ચેતનધર્મ સતત કામ કરી રહ્યો છે, અને જેને લઈને આપણી સઘળી પ્રવૃત્તિઓ શકય બને છે, તેમ છતાં જડ ચેતનને ઓળખવા દેતું નથી. ચૈતન્યે જડમાં પણ ચૈતન્ય ભરી દીધું છે, અને ત્યાં પોતે સતત હાજર છે છતાં જાણે જડની જ સત્તા હોય તેમ લાગે છે. પણ એકવાર થોડી જાગૃતિ આવી તો પેલી પ્રકૃતિના ઉઘાડી દેવાના પ્રયત્નો સફળ નહીં થાય. તે છતાં તકેદારી ખૂબ રાખવી પડે છે. આટલું થયા બાદ મનમાંથી એક ગ્રંથિ તદ્દન દૂર કરવાની છે કે આ જન્મમાં જ્ઞાન નહીં થાય. દઢ સંકલ્પ અને વિશ્વાસ એ વાતનો કરવાનો છે કે મારે આ જન્મમાં જ જ્ઞાન મેળવવું છે, તે હું કોઈપણ ભોગે મેળવીશ અને મુકત થઈશ. આવી દઢ પ્રતિજ્ઞા હશે તો મનમાં તીવ્ર જિજ્ઞાસા જાગૃત થશે, અને તે જ આપણને ધર્મમાર્ગમાં અગ્રસર કરશે.

ધર્મને નામે લોકો પોતાનો સમય, શકિત અને ધન ખર્ચવા તૈયાર જ હોય છે. ધર્મનાં નામનો મહિમા હજી આપણે ત્યાં સારા પ્રમાણમાં છે. ગમે તેવો દુર્જન અપ્રામાણિક અને પોતાના સ્વાર્થના કામમાં જ ડબેલો માણસ પણ કોઈક વાર ધર્મના નામે કંઈક કરવા તૈયાર હોય છે. તો જો એ ભાવનાનો ઉપયોગ કરી લેવામાં આવે અને તેને સાચા અને વૈજ્ઞાનિક પ્રયોગોમાં લઈ જવામાં આવે તો જુદા જ પરિણામની સંભાવના નિર્માણ થાય છે.

ધાર્મિક વ્રતો અને તપશ્ચર્યાઓનાં નિર્માણ પાછળ આ જ દૃષ્ટિ રહેલી છે. ઉપધાન આદિ ધાર્મિક ઉપાસનાઓને લઈએ તો વિચાર આવશે કે આટલા મોટા સમૂહમાં બહેનો–ભાઈઓ મહિનો સવા મહિનો પોતાનાં ઘરસંસારની, વ્યાપારધંધાની અને બીજી બધી સાંસારિક બાબતથી અળગા થઈને એક સ્થાન પર બેસીને પોતાના સમયશકિત લગાડીને કંઈક કરવા માગે છે. આ તો કેવો સુંદર અવસર છે કે જ્યારે તેમનાં પર કોઈ સચોટ ગંભીર અને મહત્ત્વનો પ્રયોગ કરવો શકય બને છે! આ પ્રયોગમાંથી જે બહાર નીકળે તે તે હતાં તેવાં તે તો ન જ નીકળે. તેમનાં ચિત્તતંત્ર પર જબ્બર ક્રાંતિ નિર્માણ થઈ હોય એમ બનવા જોગ છે.

આવા પ્રયોગો એક કાળમાં જરૂર થતાં જ હતા. અત્યારે ચાલતા અધૂરા પ્રયોગોનું મૂળ આવા સાચા પ્રયોગોમાં જ રહેલું છે. પ્રયોગો તેના તેજ છે, પણ તેનો અભિગમ, તેનું વિજ્ઞાન ખોવાઈ ગયું છે. તેનો પ્રાણ ચાલ્યો ગયો છે. નહીંતર એક વ્યકિત તીવ્ર જિજ્ઞાસા અને દઢ પ્રતિજ્ઞા સાથે પ્રયોગમાં બેસવા તૈયાર હોય તો તેની જડ પ્રકૃતિનાં (Subconscious) કુર્યા ન ઊડી જાય? અને તે પોતાનાં સાચા સ્વરૂપનાં દર્શન ન કરી શકે? જેમ પાતાળ ફોડવામાં આવે તો પાણીનાં ધોધ આવ્યાં જ કરે તેમ, Subconsciousની દિવાલને તોડવામાં આવે તો રૂંધાયેલાં જ્ઞાનનાં ઝરણાં ફૂટી નીકળે છે.

આજે તો મોટે ભાગે 'બેબી પ્રયોગ' ચાલી રહ્યાં છે. જો કે એવા પ્રયોગોની પણ જરૂર તો છે જ. કારણ કે એક પાત્ર જ્યારે તેનાં રોજિંદા સાંસારિક જીવનનાં કાર્યો અને વિચારોમાંથી પાછું હઠતું જ ન હોય ત્યારે તેને આવા નાના, સરળ અને ક્રિયાત્મક પ્રયોગો આપવા પડશે. તે દ્વારા તે જરાક પાછું હટે, ત્યારબાદ તેને મોટા અને ગંભીર પ્રયોગોમાં આગળ લઈ જવાનું હોય છે. આવી ચાલુ 'પ્રોસેસ'ને બદલે પ્રયોગ ત્યાંજ ઊભો રહી જાય છે અને ક્રિયાકાંડોમાં જ ગુંચવાઈ જાય છે. આ ગુંચવાડાને જ ધાર્મિક ક્ષેત્રમાં પોતાની પ્રગતિ માની લે તો આગળ પ્રયોગ શકય નથી. આને કનિષ્ટ પ્રકારનો પ્રયોગ કહી શકાય. આપણાં આચાર્યો દૃષ્ટાઓ હતાં. તેઓએ તો બધી જાતનાં પ્રયોગો નિર્માણ કર્યાં. કનિષ્ટ–મધ્યમ–ઉત્તમ અને સર્વોત્તમ.

કનિષ્ટ પ્રયોગમાં મોટી સંખ્યામાં સમૂહો આવે જોડાય, જ્ઞાનસત્રો, ધાર્મિક શિબિરો, સપ્તાહ, પારાયણ, પૂજાઓ આદિ યોજાય, અને ભાગ લેનારાઓની દૃષ્ટિમાં કાંઈક પરિવર્તન થાય. તેમાંથી જેની ભાવના વધારે તીવ્ર બની હોય તેઓ મધ્યમ પ્રયોગ સુધી પહોંચે. ત્યાં ક્રિયાકાંડોનું પ્રમાણ એકદમ ઓછું અને મનની પ્રક્રિયાઓ પર વધારે કામ કરવામાં આવે. ધ્યાન અને એકાગ્રતાદ્વારા તેનાં ચિત્તતંત્ર પર મૃદુતાથી કામ થાય અને તેને પ્રત્યક્ષ બતાવીને આગળ લઈ જવામાં આવે.

ઉત્તમ પ્રયોગમાં મનની બધી જ પ્રવૃત્તિઓ તેને સ્પષ્ટ હોય. વિચારોની આવનજાવન, તેના મૂળ, તેની ગતિ, તેનાં રંગ, ભાવ, શાખા, પ્રશાખાઓ, તેનાં સગાસબંધીઓ, આદિ તેને સમજાતું હોય, આથી ધીરે ધીરે એ વિચારોનાં રગડાને બાજુપર રાખીને પોતે સ્વયં કોણ છે, આ બધું જોનાર પોતે જ છે, તે ચૈતના સ્પષ્ટ પ્રગટ થાય, અને સ્વયં પોતાની પરમાત્મચેતના પર આરુઢ થવાનું શકય બને. આ પરમાત્મચેતના સતત આપણામાં હાજર છે, અને એ જ કામ કરી રહી છે, છતાં આપણે આપણાં વિચારોના રગડાદ્વારા એને જોઈએ છીએ એટલે તેનું શુદ્ધ સ્વરૂપ જોવાનું, અનુભવવાનું બનતું નથી. પણ મનની બધી કાર્યવાહી આપણને સ્પષ્ટ સમજાય તો તેના પર નિયંત્રણ કરવાનું પણ સરળ બને છે. આવું નિયંત્રણ કરવાની શકિત અને દૃષ્ટિ આવે તેને જ પરમાત્મામાં પ્રવેશ મળી ગયો કહેવાય. એક પ્રકારની અપૂર્વ સંવાદિતા અને સંગીત તેનામાં પ્રગટ થાય છે અને તે વ્યકિત સ્વયં પોતાને માટે સમાજ માટે અને સારાએ વિશ્વને માટે આશીર્વાદરૂપ બની જાય છે. તેનો પ્રત્યેક વિચાર, તેની વાણી અને કાર્ય સંસારનાં કલ્યાણ માટે જ હોય છે.

સર્વોત્તમ પ્રયોગમાં એ પાત્ર સ્વયં આચાર્ય બનીને બીજા અનેકને શિક્ષિત કરવાની તાકાત ધરાવતું બની ગયું હશે. ઉત્કૃષ્ટ ભાવનાથી પ્રેરિત થઈને પોતાનું જીવન અને સર્વસ્વ આ જ કાર્યમાં લગાડી દેવાની તેની તત્પરતા હોય છે. તેના હાથે મોટાં મોટાં કાર્યોનો નિર્માણ થાય છે. સર્વત્ર અદ્‌ભૂત એકતાનો તેને અનુભવ થાય છે. આ પરમ એકતાનાં સિદ્ધાંતો વિશ્વનાં સિદ્ધાંતો સાથે સતત અનંતકાળથી રહેતા આવ્યાં છે અને અનંતકાળસુધી રહેવાનાં છે. આવી પરમ એકતા અને મૂળભૂત સિદ્ધાંતોમાંથી મનુષ્યનું સર્જન થયું છે. એટલે તેની પણ કેટલી બધી વિશેષતાઓ છે તેનું ભાન થાય છે. તેના ઉદ્દેશોનાં રહસ્યનો અભ્યાસ કરતાં અનેક સૂક્ષ્માતિસૂક્ષ્મ સિદ્ધાંતોનું રહસ્ય ખુલે છે. તેથી તે મનુષ્ય સ્વયં એક રિસર્ચ–સંશોધન–માટેની મહાન લેબોરેટરી જેવો બની જાય છે.

મનુષ્યને તેનાં જન્મ સાથે બે મોટી બક્ષિસો મળેલી છે. (૧) સ્વતંત્ર વિચાર કરવાની શકિત (૨) સ્વતંત્ર કાર્ય કરવાની શકિત. આ બે મહાન શકિતઓનો ઉપયોગ મોટે ભાગે તો નાનાનાના ક્ષુલ્લક કાર્યોમાં જ થતો હોય છે અથવા તો મોટા વિનાશક કાર્યોમાં થતો હોય છે. કારણકે એ બે સ્વતંત્ર શકિતઓ ઉપર નિયંત્રણ કરીને તેને સાચે માર્ગે વાપરવાની સલાહ આપનારો સમ્યક્ વિવેક જો જન્મ્યો ન હોય તો ઉપરની બે બક્ષિસો જન્મ સાથે દરેક મનુષ્યને મળે છે પરંતુ તેનું નિયંત્રણ કરનાર વિવેકને મનુષ્યે પોતે પોતાનામાં જન્માવવો પડે છે. જેઓએ પ્રચંડ પુરુષાર્થ કરીને એ વિવેકને પોતામાં જન્માવ્યો છે તેવા લોકો ધરતીપર પ્રકાશદીપ સમા છે. મન તો આખો વખત પોતાને મળેલી સ્વતંત્રતાનો છૂટથી ઉપયોગ કરીને ફરતું જ રહે છે. આવી મહાન શકિત જેને મળી છે તે મનને જો પરમેશ્વર તરફ લગાડવામાં આવે તો ત્યાં પણ તે તેવું જ બલિષ્ટ પરિણામ લાવશે અને આવું પરિણામ લાવવાની સંપૂર્ણ શકિત અને શકયતા આપણામાં પડેલી જ છે. જેમ બહારની કોઈ નવી ચીજ શીખવા માટે આપણે સમગ્ર શકિતથી લાગી જઈએ છીએ અને તેને સિદ્ધ કર્યે જ છૂટકો કરીએ છીએ, તેવી જ રીતે આ ક્ષેત્રમાં પણ તે જ શકિતથી ઝડપી પ્રગતિ સાધી શકાય છે. સોએ સો ટકા મનમાં ખાત્રી અને વિશ્વાસ રાખીને પ્રારંભ થાય તો તે કાર્ય સિદ્ધ થાય જ છે.

પૂર્ણ શકિતથી ભરેલા એક રૉકેટને અવકાશમાં છોડવામાં આવે છે તો એ સીધું ઉપર જઈને બ્રહ્માંડનાં અનેક રહસ્યોને શોધી લાવે છે. પણ એ જો કશે આડેઅવળે છૂટી ગયું તો અનેક ઠેકાણે વિનાશ કરી મૂકે છે અને સ્વયં પણ નાશ પામે છે. તેવી જ રીતે મનુષ્યરૂપી રૉકેટને પણ અનંત શકિત મળેલી છે. તેનો ઉપયોગ ઉર્ધ્વગતિમાં એટલે કે પરમેશ્વર તરફ થાય તો બ્રહ્માંડનાં અનંત રહસ્યો તેને સ્પષ્ટ થાય છે અને સ્વયં પરમેશ્વર સ્વરૂપ છે તેનો સાક્ષાત્કાર થાય છે. પણ જો તેણે સાચી ગતિ ન પકડી તો એ અનંત શકિતનો ઉપયોગ બીજી રીતે થવાનો જ છે. શકિત એક મિનિટ પણ કામ કર્યા વગર રહેતી જ નથી અને તેને જ્યાં લગાડીએ ત્યાં કામ કરવા પણ સદા તૈયાર જ હોય છે. એટલે પેલા સમ્યક્‌વિવેકનું જાગરણ થયું હોય તો આ અનંત શકિતને કયાં લગાડવી તેનો સ્પષ્ટ નિર્ણય મનમાં થાય છે અને તે પ્રમાણે કામ થાય છે. વિવેકવિહીન મનુષ્યની શકિત આડેઅવળે માર્ગે વપરાઈને અન્યન તેમજ સ્વયં પોતાના વિનાશમાં પરિણમે છે.

વિવેકજાગૃતિથી વિચારો બલિષ્ટ બને છે અને અગાધ ઊંડાણમાંથી અનેક પ્રકારનાં સત્યો અને રહસ્યો બહાર પ્રગટ થાય છે. જ્ઞાનનાં પ્રકાશને કોઈ રૂંધી શકતું નથી. વ્યકિતત્ત્વ આખું જ્ઞાનની જ્યોતમાં પ્રકાશી ઊઠે છે. સાચું વ્યકિતત્ત્વ પ્રગટ થાય છે. બીજમાંથી ઝાડ થાય છે. ત્યારે બીજ કયાં રહે છે? પણ પાછું એ ઝાડ બીજા હજારો બીજોનું નિર્માણ કરે છે અને એ પરંપરા સતત ચાલુ રહે છે. આગ ઉપર આંગળી મૂકવામાં આવે તો તે આંગળીને જરૂર દઝાડે જ. જો ન દઝાડે તો તે આગ જ નથી, તેમાં પૂરતી ગરમી નથી એમ સમજવું. તેવી રીતે એક જ્ઞાની તેની પાસે જે શીખવા સમજવા આવે તેને જ્ઞાનની જ્વાળાથી ન દઝાડે અને તેનાં અજ્ઞાનને ભસ્મીભૂત ન કરે તો તે જ્ઞાની નથી. તેનાં સ્વયંમાં પૂરતી ગરમી નથી એમ સમજવું.

સ્વયં આપણા શરીરને લઈને વિચારવામાં આવે કે તેનાં જુદાં જુદાં ભાગોનાં નામો જુદા છે, તેની ક્રિયાઓ જૂદી છે, છતાં તે બધા એકબીજા સાથે સંબંધિત છે, અને એકતામાં કામ કરતાં હોય છે. બધા વચ્ચે પરમ સંવાદિતા હોય છે. પરસ્પર integrated છે. આ જ integration ઉપર આગળ સંશોધન કરવામાં આવે તો જણાશે કે જે સિદ્ધાંતો શરીરને લાગુ પડે છે તે જ સિદ્ધાંતો આખા વિશ્વને પણ લાગુ પડે છે. આ સિદ્ધાંતો નિત્ય રહેવાવાળા eternal છે, અને અનંતકાળ સુધી unityમાં નિત્ય રહેવાનાં છે. આવા સિદ્ધાંતોમાંથી મનુષ્યનું સર્જન થયું છે. તો તેની વિશેષતા પણ ઉત્કૃષ્ટ પ્રકારની જ છે, જેનો બોધ આપણને નથી હોતો. આ બધો અભ્યાસ ઊંડાણથી કરવામાં આવે તો આપણાં અને વિશ્વનાં સૂક્ષ્માતિ સૂક્ષ્મ રહસ્યો અને સિદ્ધાંતોનાં દરવાજા ઉઘડી જાય, પરિણામે મનુષ્ય સ્વયં પોતે એક રીસર્ચ કરનાર સંશોધક બની જાય અને તેની પ્રયોગશાળા પણ તે પોતે જ બને. આ શરીરરૂપી પ્રયોગશાળામાં તે વિશ્વનાં સર્વ સિદ્ધાંતોનો પ્રયોગ કરવાની તાકાત મેળવે છે અને ત્યારબાદ ધરતી પરનાં માનવજીવનમાં વિકાસ કરીને ઉત્કૃષ્ટ પરિણામનું સર્જન કેવી રીતે થઈ શકે તેનું સંશોધન કરે છે, અને તેવા વિજ્ઞાનને ખોળી કાઢીને તેનો પ્રયોગ અભ્યાસક્રમમાં મૂકીને સમૂહમાં કેવી રીતે શકય બને તેનો વિચાર કરે છે. આવી શકિતશાળી વ્યકિતની સામે ભૌતિકવિજ્ઞાનનો કોઈ વિષય અઘરો નથી રહેતો. એટલે આધ્યાત્મિકની સાથે સાથે ભૌતિક પાસાઓને પણ સબળ બનાવી શકાય તેવું વિજ્ઞાન મળે છે. કારણ કે બેમાંથી એકપણ વિજ્ઞાનની ઉપેક્ષા કરવામાં આવે છે ત્યારે મનુષ્ય અને સારુંયે રાષ્ટ્ર પાછળ પડી જાય છે. એક તો ભૌતિકવિકાસ સાધીને મનુષ્ય કયાં પહોંચી શકે છે તે આપણને આજનાં વિકસિત રાષ્ટ્રોની સામાજિક સ્થિતિ તેમજ રાજકીય સ્થિતિ પરથી માલૂમ પડે છે. કયાંય શાંતિ, સ્વસ્થતા, સાચો આનંદ કે નિરાંત જોવામાં આવતા નથી. તેમજ એકલો આધ્યાત્મિક વિજ્ઞાનનો વિકાસ કરીને જો જગત અને તેની પ્રવૃત્તિથી વિખૂટા પડી જવાનું વિચારવામાં આવે તો તે પણ બરાબર નથી. આધ્યાત્મિક વિજ્ઞાનને સાધીને તેનો ઉપયોગ ભૌતિક પ્રવૃત્તિઓમાં કરવો જરૂરી છે. તેથી કૌતિક પ્રવૃત્તિઓ વધારે ક્ષમતાપૂર્વક અને ઉચિત રીતે સંપન્ન થાય છે. આજે આપણે ત્યાં આ બેઉ ક્ષેત્રે દારિદ્રય જણાય છે.

માનવજીવનની સંભાવનાઓ પ્રતિ ગંભીરતાથી વિચારવામાં આવે તો આપણને એક નકશો સ્પષ્ટ દેખાશે. આદિવાસી જંગલી મનુષ્ય સ્વયં આપણે ભગવાન મહાવીર ઉપરનાં નકશામાં મધ્યબિંદુની જગ્યાએ સ્વયં આપણે આપણને સ્થિત કરીને બેઉ બાજુએ જોઈશું તો બેઉ પેનોરમા આપણને સ્પષ્ટ દેખાવા લાગશે. એક તરફ એક જંગલી આદિવાસી છે, તે ભલે મનુષ્ય જ છે પણ મનુષ્ય સમાજનાં કોઈ કાયદાકાનૂનો કે સભ્યતા તેનામાં નથી. તે નિયમ વિનાનો માત્ર પ્રેરણાને બળે જીવન વિતાવનારો માણસ છે. આપણી જગ્યાએ આપણે એ સ્થિતિમાંથી ક્રમશ: વિકાસ કરતા કરતા આવી પહોંચ્યા છીએ. જો એક જંગલી આદિવાસીમાંથી વિકાસક્રમના સોપાનો વટાવીને આજની સ્થિતિપર આવવાનું શકય બન્યું તો, બીજી તરફ માનવજીવનના વિકાસનાં ઉત્કૃષ્ટ પરિણામરૂપ ભગવાન મહાવીરની સ્થિતિ પર પહોંચવાનું પણ આપણે માટે સંભવિત બનવું જોઈએ. આ વિકાસક્રમમાં માનચેતના બદલાય છે. બાકી શરીરની સ્થિતિ તો તેની તે જ રહે છે. આકાર બધા તેના તે જ છે. માત્ર ચેતના પર ક્રાંતિ નિર્માણ થાય છે ત્યારે તે મનુષ્ય સ્વયં બદલાઈ જાય છે. કુદરતી રીતે જ્યારે ક્રાંતિ થાય છે ત્યારે તેની ગતિ ધીમી હોય છે પણ વિચારપૂર્વક પ્રયોગમાં ઊતારવામાં આવે તો તે ગતિ શીઘ્રતા પકડે છે, અને જ્યાં જન્મ થયો ત્યાં જ તે ઉત્કૃષ્ટ સંભાવના પ્રતિ આપણી ગતિ થવી સંભવિત બને છે અને પરિણામે જીવનમુકત ભગવાન મહાવીરની સ્થિતિ સુધી પહોંચવાનું શકય બની શકે છે. તો આપણે વિચારીએ કે આપણી ગતિ કઈ તરફ થઈ રહી છે? ભગવાન મહાવીર તરફ કે જંગલી આદિવાસી તરફ? આ ગતિમાપક યંત્ર આપણામાં છે જ, તેનાદ્વારા જો આપણી ગતિની દિશા સ્પષ્ટ દેખાઈ જાય અને એ ગતિ જો ખોટી દિશામાં થતી હોય

તો તેને સાચી દિશા તરફ વાળી શકાય છે તે વાત પણ આપણને સ્પષ્ટ દેખાય જ. અને પછી તે તરફ અગ્રસર થવામાં કશી તકલીફ નથી રહેતી.

ભગવાન મહાવીર જેવું બલિષ્ટ નામ આ વિદ્યાલયને અપાયું છે, તેનો સુવર્ણ મહોત્સવ ઊજવાય છે, તેમાં અનેક બાળકો ભણવા આવે છે, કંઈક વિશેષ મેળવવાની આશાથી. તો ભગવાન મહાવીરની ચેતના લઈને જો આ વિદ્યાર્થીઓ ઉપર પ્રયોગ કરવામાં આવે તો આ વિદ્યાલયમાંથી તેવા સર્જનો નિર્માણ થાય. નામની સાથે સાથે તેની ચેતના પણ લેવાય તો ઘણું કામ શક્ય બને.

સાચા મનુષ્યો પકવવા માટેનાં વિદ્યાલયો ગુરુકૂળો અને આશ્રમોની આજે દેશમાં નીતાંત જરૂરત છે. આવા ગુરુકૂળો અને આશ્રમો એકકાળમાં આપણે ત્યાં હતા, તેની ચાલના અને વ્યવસ્થા મોટા ઋષિ, મહર્ષિઓ અને દષ્ટાઓનાં હાથમાં રહેતી હતી. તેનાં ખર્ચ માટે રાજાઓ ધનિકશ્રેષ્ટિઓ અને જનસમાજ પોતાના ધનભંડારો ખુલ્લા મૂકી દેતા હતા. કારણકે પોતાના બાળકોનાં ઘડતરનું અત્યંત મહત્ત્વનું કાર્ય ત્યાં થતું હતું. જમીન, અન્ન, ગાયો અને બીજી આવશ્યક સગવડો તેઓને મળી રહેતી. તક્ષશીલા અને નાલંદા જેવા વિદ્યાધામોમાં આવા શિક્ષણપ્રયોગો મોટા પાયાપર થતા હતા.

આવા પ્રયોગો અત્યારે પણ થવા શક્ય છે. નાના નાના અને અધૂરા પ્રયોગો ઘણાં થાય છે, પણ કોઈ નિશ્ચિત પરિણામ દેખાતું નથી. હવે વૈજ્ઞાનિક રીતે મોટા પાયા પર પ્રયોગો થવા જોઈએ. બાળકોને શિક્ષણના મૂળમાં આ વિજ્ઞાન સમજાવવું હશે તો તે માટે મોટી સંખ્યામાં શિક્ષકો તૈયાર કરવા જોઈશે. આ માટે એક 'મેજર પ્રોજેક્ટ' તૈયાર કરવામાં આવ્યો છે. જેનો પ્રારંભ મહારાષ્ટ્ર યા ગુજરાતથી થઈ પછી દરેક રાજ્યોમાં થાય તેવી ગણતરી છે. આજે લગભગ દોઢેક વર્ષથી આ પ્રોજેક્ટ મહારાષ્ટ્ર સરકારની વિચારણામાં છે. ગુજરાતરાજ્ય પણ આ પ્રોજેક્ટમાં સારો રસ લઈ રહ્યું છે અને મોટી જમીન પણ આપવાની તેણે તૈયારી બતાવી છે. આવા ક્ષેત્રમાં ખ્રીસ્તી મિશનરીઓનું કાર્ય કેટલું સુવ્યવસ્થિત અને યોજનાબદ્ધ હોય છે તે બાબત રે. ફાધર વોલેસનાં લેખમાંથી આપણને જાણવા મળ્યું છે. પણ તેઓની યોજનામાં મોટે ભાગે વટાળપ્રવૃત્તિ પાયામાં હોય છે તેથી તેઓનાં કાર્યથી કોઈને વિશેષ લાભ થતો નથી. માંદાને સારવાર અને ભૂખ્યાને અન્ન આપ્યા પછી તેને સાચો માનવ બનાવવાની પ્રવૃત્તિ હોવી જોઈએ. તે છતાં તેઓનું જે સારું છે તે લઈને આપણાં પ્રયોગને વધારે અદ્યતન અને સર્વાંગી બનાવી શકાય. આવા મિશનરી સેંટરો આપણે ત્યાં થવાની જરૂર છે. જેમાંથી 'ડાઈનેમિક સ્પીરીટ અને મિશનરી ઝીલ' વાળા પોતાનું સર્વસ્વ સમર્પણ કરી શકે તેવા મિશનરી શિક્ષક–શિક્ષિકાઓ તૈયાર થાય. આપણે ત્યાં સેવાભાવનાવાળા અને દાન આપનાર ઉદાર લોકોની ખોટ નથી. પણ તેઓની ભાવનાનો સાચીરીતે ઉપયોગ ન થવાથી સેવા કરનારા અને ધન આપનારાઓની શ્રદ્ધા ઊઠી જાય છે અને પ્રયોગ તો થતા જ નથી. આવા ભાવનાશીલ લોકો જો આ વાતને ફરી નવી રીતે વિચારે તો આવા વૈજ્ઞાનિક પ્રયોગો થવા અશક્ય નથી .

એક વાત તો નક્કી છે કે માનવ ચિત્તતંત્રપર જ્યાં સુધી સમ્યક્ ક્રાંતિનું નિર્માણ નહીં થાય ત્યાંસુધી જગતમાં પ્રેમ, શાંતિ આનંદ અને એકતાનું નિર્માણ થવાનો સંભવ નથી. અને આવી ક્રાંતિનું વિજ્ઞાન જાણનારા આચાર્યો અને સંતો આપણે ત્યાં છે તે આપણું મોટું સૌભાગ્ય છે. તેઓને શોધી કાઢીને તેમનાં જ્ઞાન અને અનુભવનો ઉચિત લાભ લેવો તે આપણાં હાથમાં છે. આ થશે તો જ વિશ્વમાં શાંતિ, પ્રેમ, એકતા અને આનંદનું સામ્રાજ્ય ફેલાવી શકાશે, જેની આજે ખૂબ જરૂર છે.

ક્રમશ:

પૂર્ણિમા પકવાસા

☆ પ્રકીર્ણ નોંધ ☆

પ્રભુકૃપા–કિરણ': એક અવલોકન

શ્રી ગુરુદયાલ મલ્લિકજીને કોણ નથી જાણતું? શિષ્યભાવે તેમના નિકટ પરિચયમાં આવેલા શ્રી મુકુલ કલાર્થી અને તેમનાં પત્ની બહેન નિરંજનાએ લખેલું મલ્લિકજીનું જીવન - આલેખન પ્રજ્ઞા સાહિત્ય પ્રકાશન (સરદાર બાગ, બારડોલી - ૨) તરફથી થોડા સમય પહેલાં પ્રગટ કરવામાં આવ્યું છે. આ પુસ્તકનું નામ 'પ્રભુ કૃપા કિરણ' એ મુજબ રાખવામાં આવ્યું છે. આ સંબંધમાં લેખક યુગલ જણાવે છે કે "અમે આ સંસ્મરણોનું નામ જુદી જુદી રીતે વિચાર્યું હતું. પરંતુ પૂજ્ય ચાચાજીએ (મલ્લિકજીને તેઓ 'ચાચાજી' શબ્દથી સંબોધે છે) કહ્યું કે 'મારા જીવનમાં જે કાંઈ બનવા પામ્યું છે એ પરમ કૃપાળુ પ્રભુની કૃપાના કિરણને જ આભારી છે. પૂજ્ય ગુરુદેવ રવીન્દ્રનાથે 'ગીતાંજલિ' માં ગાયું છે એમ હું તો કહું છું, "I am only a flute of reed, my master" – હું તો માત્ર વાંસળી જેવો છું, એમાં સૂર પૂરનાર પ્રભુ જ છે. એટલે તમારે આ સંસ્મરણોને નામ આપવું હોય તો 'પ્રભુકૃપા–કિરણ" આપી શકો છો. પછી તમારી મરજી. અમને પણ ચાચાજીની વાત ગમી ગઈ અને આ પુસ્તકનું નામ 'પ્રભુકૃપા – કિરણ' રાખ્યું.

આ ચરિત્રઆલેખન સળંગ કથાનકના રૂપમાં આપવામાં આવ્યું નથી; પણ તેમના જન્મથી માંડીને (ઈ. સ. ૧૮૯૬ ના મે માસમાં તેમનો જન્મ) આજ સુધીના જીવન સાથે સંબંધ ધરાવતી જુદી જુદી બાબતો અંગે પ્રશ્નોત્તરના રૂપમાં રજૂ કરવામાં આવ્યું છે. શ્રી ગુરુદયાલ મલ્લિકજી પૂરા અર્થમાં એક સંતપુરુષ છે; તેમનું જીવન સતત અધ્યાત્મપરાયણ રહ્યું છે. તેમનામાં અપાર ભાવુકતા ભરેલી છે. તેમની વાણી અને વર્તનમાં બાલોચિત સ્વાભાવિકતા, નિર્દોષતા, પવિત્રતાનો એકસરખો અનુભવ થતો હોય છે. તેમનામાં સ્ફટિક સમ પારદર્શક નિર્મળતાનું આપણને પુનિત દર્શન થાય છે. આવી એક અદ્‌ભુત વ્યકિતનો આ પુસ્તકદ્વારા આપણને મંગળ પરિચય થાય છે. કાકાસાહેબે આ પુસ્તક ઉપર પ્રસ્તાવના લખી આપીને મલ્લિકજીના જીવન અને વ્યકિતત્વ ઉપર વેધક પ્રકાશ પાડયો છે.

આ પુસ્તક બે ભાગમાં વહેંચવામાં અવ્યું છે. પ્રભુકૃપા કિરણમાં મલ્લિકજીનું જીવન – આલેખન છે; 'પ્રભુ - પ્રસાદી' માં તેમાં રચેલાં હિન્દી કાવ્યો અને તેનો મલ્લિકજીએ પોતે જ કરી આપેલ અંગ્રેજી અનુવાદ આપવામાં આવેલ છે. આખું પુસ્તક હું લગભગ એક બેઠકે વાંચી ગયો અને ઊંડી પ્રસન્નતા અનુભવી – એટલું સુંદર અને સરલ આ પુસ્તક છે.

આ પુસ્તકની કિંમત રૂા. ૫-૦૦ રાખવામાં આવી છે, જે તેનું કદ જોતાં વધારે પડતી લાગે છે અને પરિણામે જે પુસ્તક બહુજનસુલભ બનવું ઘટે તે અલ્પ અને સુસ્થિત જન સુલભ રહે એવો સંભવ છે. આમ છતાં પણ ગુજરાતી જનતા સમક્ષ મલ્લિકજી જેવા મહાનુભાવનું આવું સુંદર અને સપ્રમાણ ચિત્ર રજૂ કરવા માટે ભાઈ મુકુલ કલાર્થી અને તેમનાં પત્નીને ધન્યવાદ ઘટે છે.

'જૈન સોશિયલ ગ્રુપ'

કોઈ પણ સમાજમાં તે તે સમાજની જરૂરિયાત મુજબ ભિન્ન-ભિન્ન પ્રકારની સંસ્થાઓ ઊભી થાય છે. કોઈ સંસ્થા પાછળ શિક્ષણ-પ્રચારનો હેતુ હોય છે તો કોઈ પાછળ વૈદ્યકીય રાહત પહોંચાડવાનો હેતુ હોય છે. કોઈ સંસ્થા પોતાના સંપ્રદાયને જોર આપવાના હેતુથી ઊભી કરવામાં આવે છે તો કોઈ સંસ્થા જૂનવાણી વિચાર અને આચરણને પડકારવાના હેતુથી કામ કરતી હોય છે. કોઈ સંસ્થા

સમાજના નીચેના સ્તરની સેવા કરવાનો ઉદ્દેશ ધરાવતી હોય છે તો કોઈ સંસ્થા સમાજના મધ્યમ લેખાતા પણ ઉપરના સ્તરના સુસ્થિત વર્ગને એકત્ર અને સુગ્રથિત કરવાના હેતુથી અને પરસ્પર ભાઈચારો વધારવાના હેતુથી શરૂ કરવામાં આવે છે. મુંબઈ ખાતે છેલ્લાં ત્રણ વર્ષથી શરૂ કરવામાં આવેલ જૈન સોશિયલ ગ્રુપ સારી સ્થિતિનાં જૈન ભાઈ-બહેનો માટેના એક મિલનકેન્દ્રનું રૂપ ધારણ કરી રહેલ છે અને ગયા જાન્યુઆરી માસથી તેણે ચોથા વર્ષમાં પ્રવેશ કર્યો છે. તેના મંત્રીઓ શ્રી ચીમનલાલ જે. શાહ અને શ્રી ચીમનલાલ ગોસલિયાના અદમ્ય ઉત્સાહ અને અવિરત પ્રયાસના પરિણામે ત્રણ વર્ષના ગાળામાં આ સંસ્થાએ સારી જમાવટ કરી છે. આ સંસ્થાની સભ્યસંખ્યા આજે લગભગ ૧૮૦ સુધી પહોંચી છે. આમાં ભાઈઓ તેમ જ બહેનોનો સમાવેશ થાય છે. આ મંડળમાં જોડાવા ઈચ્છનાર ભાઈએ રૂ. ૧૦૧ પ્રવેશફીના અને રૂ. ૫૧ વાર્ષિક લવાજમના આપવા પડે છે. સભ્યોની પત્નીઓ પ્રવેશફીથી મુક્ત છે પણ વાર્ષિક લવાજમ રૂ. ૫૧ ભરવું પડે છે.

આ સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિ લગભગ દર મહિને એક વાર અને કદી કદી બે વાર મુંબઈના કોઈ પણ રેસ્ટોરાં કે હોટેલમાં મોટે ભાગે સભ્યો પૂરતું સમૂહભોજન ગોઠવવાની રહેલી છે અને આવા ભોજન પ્રસંગે કોઈ વ્યક્તિવિશેષને નિમંત્રણ આપવામાં આવે છે અને તે રીતે વિવિધ વિષયોને લગતા વાર્તાલાપોને સમૂહભોજન સાથે સંલગ્ન કરવામાં આવે છે. આ ઉપરાંત આ સંસ્થા તરફથી મનોરંજન કાર્યક્રમો પણ યોજવામાં આવે છે અને બિહાર દુષ્કાળ રાહત જેવા કાર્ય અંગે સભ્યોમાંથી ભંડોળ પણ એકઠું કરવામાં આવે છે. જૈન સમાજના બધા ફિરકાનાં ભાઈ-બહેનોને આ મંડળમાં જોડાવાનો અવકાશ હોઈને પરસ્પર એકતાની ભાવનાને આવાં મંડળોદ્વારા બળ મળતું રહે છે. જેમ મુંબઈમાં રોટરી કલબ છે, લાયન્સ કલબ છે અને તેની જેવી પ્રવૃત્તિ અને ભાવના છે તેવી જ પ્રવૃત્તિ અને ભાવનાની પ્રેરણા-અલબત્ત જૈન સમાજ પૂરતી સીમિત-આ જૈન સોશિયલ ગ્રુપની રહેલી છે. આ સંસ્થા માત્ર ખાણીપીણીમાં અટવાઈ ન જતાં પરસ્પર મિલન અને મનોરંજન સાથે સમાજસેવાના કાર્ય તરફ વધારે ને વધારે ઢળતી રહે અને એકતાસંવર્ધક બળમાં પરિણમે એમ આપણે ઈચ્છીએ!

અમદાવાદમાં ઊભું કરવામાં આવનાર કલા-ગૃહ: આર્થિક સહાય માટે અનુરોધ

ગુજરાતના સુવિખ્યાત કલા-ગુરુ શ્રી રવિશંકર મહાશંકર રાવળની કલાના ક્ષેત્રે અનેકવિધ સેવાઓની કદર રૂપે અમદાવાદ ખાતે એક ભવ્ય 'કલા-ગૃહ'નું નિર્માણ કરવાના હેતુથી કેટલાક સમયથી 'કલા-રવિ ટ્રસ્ટ' નામનું એક ટ્રસ્ટ ઊભું કરવામાં આવ્યું છે. શ્રી પ્રભુદાસ બા. પટવારી, શ્રી નવનીતલાલ સાકરલાલ શોધન, શ્રી કાન્તિલાલ મણિલાલ, શ્રી બચુભાઈ રાવત, શ્રી અનંતરાય રાવળ, શ્રી કનુ દેસાઈ તથા શ્રી જનાર્દન રાવળ—આ મુજબ ઉપર જણાવેલ કલા-રવિ ટ્રસ્ટના સાત ટ્રસ્ટીઓ છે. આ કલાગૃહ ઊભું કરવા માટે પ્રસ્તુત ટ્રસ્ટને ગુજરાત સરકાર તરફથી અમદાવાદ શહેરના મધ્ય ભાગમાં જરૂરી ક્ષેત્રફળ ધરાવતો પ્લૉટ ભેટ મળ્યો છે અને શેઠશ્રી સાકરલાલ બાલાભાઈ તરફથી આ કાર્ય માટે એક લાખ રૂપિયાનું પ્રારંભદાન કરવામાં આવ્યું છે. પ્રસ્તુત કલાગૃહને યોગ્ય આકાર આપવા માટે આશરે દશ લાખ રૂપિયાની જરૂર છે. આ સંબંધમાં ગુજરાતના તત્કાલીન રાજ્યપાલ શ્રી પ્ર. ન. ભગવતીએ ગુજરાત તેમ જ ગુજરાત બહાર વસતા ગુજરાતીઓને અને દેશભરના કલાપ્રેમીઓને તા. ૨૩-૧૨-૬૭ના પત્રમાં નીચેના શબ્દોમાં અનુરોધ કર્યો છે:

"ગુજરાતના પ્રથમ કલાકાર અને ગુજરાતમાં કલાની અસ્મિતા જાગૃત કરનાર શ્રી રવિશંકર રાવળ, કે જેમણે કલાશિક્ષણના આદ્ય પ્રણેતા તરીકે પ્રજામાં 'કલાગુરુ' તરીકેનું આદરણીય સ્થાન પ્રાપ્ત કર્યું છે, તેમની કલા-સેવા કાયમ રહે તથા ગુજરાતમાં કલા-પ્રવૃત્તિ ઉત્તરોત્તર વિકસતી રહે તે હેતુથી સ્થાપવામાં આવેલા 'કલા-રવિ' ટ્રસ્ટે, ગુજરાત સરકાર તરફથી અમદાવાદ શહેરની મધ્યમાં ભેટ મળેલી જમીન પર આર્ટ ગૅલેરી, કલાના અભ્યાસવર્ગો, વ્યાખ્યાન-ખંડ, કલાપુસ્તકાલય તથા સંગ્રહસ્થાન ઈત્યાદિની રચનાવાળું 'કલાગૃહ' બાંધવાનું કામ હાથ પર ધર્યું છે તે જાણી આનંદ થયો.

આ 'કલાગૃહ' માટે શેઠશ્રી સાકરલાલ બાલાભાઈએ એક લાખ રૂપિયાની ઉદાર સખાવત કરેલી છે તે પ્રશંસનીય છે. ગુજરાતમાં તથા ગુજરાતની બહાર વસતા સર્વ ગુજરાતીઓ તથા અન્ય કલા-પ્રેમીઓ પણ પ્રજાની સાંસ્કૃતિક સેવા અંગેના આ ઉમદા કાર્ય માટે શક્ય તેટલી આર્થિક સહાય આપી આ સંસ્કારધામને કાયમી સ્વરૂપ આપવામાં સહકાર આપે તેવો મારો અનુરોધ છે."

આ અનુરોધને ધ્યાનમાં લેવા અને આ સાંસ્કૃતિક સેવાના મહાન કાર્યમાં યથાશક્તિ મદદરૂપ થવા ગુજરાતના સુસ્થિત સંજનો તેમ જ સન્નારીઓને પ્રાર્થના છે. આ ટ્રસ્ટને અપાતાં સર્વ દાનને આવકવેરાથી મુક્તિ મળેલી છે.

શિવામ્બુ ચિકિત્સાના સંશોધન અંગે કમિશન નીમવા માટે ગુજરાત સરકાર પાસે કરવામાં આવેલી માંગણી.

તા. ૧-૧૧-૬૭ના 'પ્રબુદ્ધ જીવન'માં શિવામ્બુ ચિકિત્સા અંગે પ્રગટ કરવામાં આવેલી નોંધમાં આ ચિકિત્સાના સફળ પ્રયોગોને લગતી કેટલીક માહિતી આપવામાં આવી હતી. આમ છતાં પણ આ ચિકિત્સા અંગે જ્યાં સુધી રાજ્ય સરકાર તરફથી જરૂરી સંશોધન કરવામાં ન આવે અને તેની ઉપયુક્તતા અંગે સરકાર તરફથી નિશ્ચિત આકારની ભલામણ કરવામાં ન આવે ત્યાં સુધી આ ચિકિત્સા લોકમાન્ય બની ન જ શકે. આ હેતુથી પ્રેરાઈને વલસાડમાં કેટલાક સમયથી શરૂ કરવામાં આવેલ શિવામ્બુ ચિકિત્સા પ્રચારક મંડળના મુખ્ય સંચાલક શ્રી જનાર્દન બી. દેસાઈએ અને ડૉ. પરાગજીભાઈ ડી. દેસાઈએ ગુજરાત સરકારના આરોગ્ય ખાતાના પ્રધાન શ્રી ફતેસિંહરાવ ગાયકવાડને થોડા સમય પહેલાં એક મેમોરેન્ડમ વિનંતિપત્ર મોકલેલ છે અને તેમાં આ વિષયને લગતું સંશોધન કરવા માટે યોગ્ય, અધિકૃત અને તટસ્થ એવી વ્યક્તિઓનું એક કમિશન અથવા તો તપાસ સમિતિ નીમવાની તેમણે માગણી કરી છે. જે ઉપચારનો આજે કેટલીએક દિશાએથી પ્રચાર થઈ રહ્યો છે અને અધૂરી સમજણપૂર્વક જ જેનો આજે જ્યાં ત્યાં પ્રયોગ થઈ રહ્યો છે તેના વૈજ્ઞાનિક સંશોધનની ખૂબ જ જરૂર છે. વૈજ્ઞાનિક સંશોધનની કસોટીમાંથી આ ચિકિત્સાપદ્ધતિ પાર ઉતરે અને તેને વૈદ્યકીય નિષ્ણાતોનું પાકું સમર્થન મળે તો સામાન્ય પ્રજાજનો માટે આ ચિકિત્સા અનેક દૃષ્ટિએ આશીર્વાદરૂપ નિવડે અને તેથી ઉપર જણાવેલ મેમોરેન્ડમને ધ્યાનમાં લઈને ગુજરાત સરકાર જલ્દીથી અપેક્ષિત કમિશનની નિમણૂક કરવાનો સત્વર નિર્ણય કરે એવી ગુજરાત સરકારને આપણી પ્રાર્થના હો!

અહિં એ જણાવવાની જરૂર ન હોય કે જેમ 'અસ્પૃશ્ય' શબ્દનું ગાંધીજીએ 'હરિજન' શબ્દથી નવસંસ્કરણ કર્યું છે તેમ આ ચિકિત્સાના મિશનરી ડૉ. પરાગજીભાઈ દેસાઈએ 'માનવ મૂત્ર' શબ્દનું 'શિવામ્બુ' શબ્દથી નવસંસ્કરણ કર્યું છે.

માનવજાતને નવી આશા આપતા ઓરોવીલનું 'શિલારોપણ'

ગયા ફેબ્રુઆરી માસની ૨૦મી તારીખે સવારના ૧૦-૩૦ વાગ્યે, દક્ષિણ હિંદના પૂર્વ કિનારે આવેલ પૉન્ડીચેરીથી નવ માઈલના અન્તરે એક વિસ્તૃત ક્ષેત્રફળ ધરાવતી જમીન ઉપર જેનું નિર્માણ કરવામાં આવનાર છે એવા 'ઓરોવીલ' નામના એક પ્રાયોગિક નગરનો પાયો નાંખવાની ક્રિયા કરવામાં આવી હતી. આ પાયામાં દુનિયા-

ના ૧૨૪ દેશોમાંથી અને ભારતના ૨૩ પ્રદેશોમાંથી લાવવામાં આવેલી માટી પુરવામાં આવી હતી. "જેઓ પ્રગતિને ઝંખી રહ્યા છે અને વધારે ઉન્નત અને સત્યલક્ષી જીવનની આકાંક્ષા સેવી રહ્યા છે એવા માનવીઓનું આ ઓરોવીલ નિવાસસ્થાન બનશે."—આવો શ્રી અરવિન્દ આશ્રમનાં અધિષ્ઠાત્રી માતાજીનો સંદેશ હતો. આ પ્રસંગે માતાજી તરફથી આશ્રમ ઉપરના પોતાના નિવાસ-સ્થાનેથી નીચે મુજબના charter of auroville—'ઓરોવીલના જાહેરનામા'ની ઘોષણા કરવામાં આવી હતી.

આ "ઓરોવીલ" સૌથી પહેલું વિશ્વનગર હશે.

"ઓરોવીલ ખાસ કોઈ વ્યકિત કે વર્ગની માલિકીનું નહિ હોય, તે સમગ્ર માનવજાતિનું હશે. પણ જેને આ ઓરોવીલમાં રહેવું હશે, તેણે દિવ્ય ચેતનાને સ્વેચ્છાપૂર્વક સમર્પિત થવું પડશે.

"ઓરોવીલ અનન્ત એવા જ્ઞાનવિતરણનું, સતત એવી પ્રગ-તિનું, જેને વૃદ્ધત્વ સ્પર્શી શકતું નથી એવા યૌવનનું કેન્દ્ર થશે.

"ઓરોવીલ પૂર્વ અને પશ્ચિમ વચ્ચે સેતુ બનાવવાની અપેક્ષા ધરાવે છે; બાહ્યાન્તર બધી શોધોનો - તેના વિકાસ માટે પૂરો ઉપયોગ કરવામાં આવશે.

"ઓરોવીલ ભાવિ સાક્ષાત્કારોની નિર્માણભૂમિ બનશે અને વિશ્વબંધુત્વને મૂર્તિમંત કરવા માટેના ભૌતિક તેમ જ આધ્યાત્મિક સંશોધનોનું કેન્દ્ર બનશે."

આ ઓરોવીલદ્વારા નવો ઈતિહાસ સર્જાશે અને સદ્‌ભાવ ધરાવતા અને ઉર્ધ્વ જીવનની આકાંક્ષામાં નિષ્ઠા દાખવતા સર્વ કોઈ માનવીઓ વિશ્વનાગરિકો તરીકે સ્વતંત્રપણે એક સાથે વસી શકે એવું સાધનાકેન્દ્રનિર્માણ કરવામાં વિશ્વના સર્વ દેશો સહકાર આપશે.

આ ઓરોવીલની યોજનાનું 'યુનેસ્કો' એ સર્વાનુમતે અનુમોદન કર્યું છે અને ભારત સરકારે તેને પૂરો ટેકો આપ્યો છે.

મૂર્તિમન્ત થઈ રહેલ શ્રી અરવિન્દ અને માતાજીના સ્વપ્નને પૂરી સફળતા પ્રાપ્ત થાઓ એવી આપણી સર્વની પ્રાર્થના હો!

પરમાનંદ

☆ અન્તરીક્ષજીના પ્રશ્ન અંગે થોડી વિચારણા ☆

તા. ૩-૩-૬૮ રવિવારના રોજ મુંબઈ ખાતે ગોડીજી જૈન ઉપાશ્રયમાં અખિલ ભારતીય તીર્થરક્ષા સમિતિ અને જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સ તરફથી અન્તરીક્ષજી તીર્થને લગતી ઊભી થયેલી પરિ-સ્થિતિ અંગે પ્રકાશ પાડવા માટે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમુ-દાયની એક જાહેર સભા બોલાવવામાં આવી હતી. અન્તરીક્ષજીના સંદર્ભમાં દિગંબરોની વિરુદ્ધમાં શ્વેતાંબરોનો પક્ષ રજૂ કરવાનો આ સભાનો આશય હતો. આ પ્રશ્ન અંગે મારા અમુક વિચારો આ સભા સમક્ષ મારે રજૂ કરવા જ જોઈએ એમ દિલના ઊંડાણ-માં લાગવાથી હું એ સભામાં ગયો અને મને તક મળતાં હું બોલવા ઊભો થયો અને બે અઢી મિનિટ બોલ્યો - ન બોલ્યો - એવામાં મારી વિરુદ્ધ ખૂબ શોરબકોર શરૂ થયો અને આગળ બોલવાનું બંધ કરવાની મને ફરજ પડી. એ સભામાં મારી આગળનાં વકતવ્યો લોકલાગણી ઉશ્કેરનારાં અને દિગંબરો વિરુદ્ધ જેહાદની હાકલ કરનારાં હતાં, જ્યારે મારો સુર વાટાઘાટો કરીને સમાધાનીનો માર્ગ શોધવા માટે અનુરોધ કરવાનો હતો. સ્વાભાવિક છે કે ત્યાં એકત્ર થયેલા લોકોને મારી આ વાત ન ગમે, અને તેથી મને બોલવાનું બંધ કરવાની ફરજ પાડવા જેવું અશિસ્તભર્યું વર્તન દાખવવામાં આવે. લોકલાગણીના ઉશ્કેરાટનું આવું જ પરિણામ આવે એમ સમજીને તે બાબતનું મને કોઈ વિશેષ દુ:ખ ન થયું.

એ પ્રસંગે જે વિચારો હું રજૂ કરવા માગતો હતો અને એમ છતાં રજૂ કરી શકયો નહિ તે વિચારો એ સભામાંથી ઘેર આવ્યા બાદ મેં વ્યવસ્થિત રીતે લખી નાંખ્યા.

એ સભા સવારના ૯-૩૦ વાગ્યે શરૂ થયેલી અને એક વાગ્યા લગભગ પુરી થઈ. અને તેમાં અનેક ગૃહસ્થો અને સાધુ સાધ્વીનાં વકતવ્યો થયાં. મારા સિવાય સૌ કોઈનો એક જ સુર હતો કે તીર્થરક્ષા માટે તૈયાર થાઓ અને કોઈ પણ ભોગે કોઈ પણ ઉપાયે આપણાં તીર્થના હકકો હાંસલ કરો. કેટલાકે આ પ્રશ્નને જીવનમરણનો સવાલ બનાવી દીધો. એક આગેવાન શ્રી મોતીલાલ વીરચંદ શાહે તો મુંબઈ શહેરમાંથી જેલમાં જવાની તૈયારી ધરાવતા દશ હજાર સ્વયંસેવકોની માગણી કરી. સભાના પ્રમુખસ્થાને બીરાજેલા વયોવૃદ્ધ આચાર્યશ્રી વિજયપ્રતાપસુરિજીએ આગળ બનેલા કેટલાક દાખલાઓ આપીને એમ પણ જણાવ્યું કે 'તીર્થરક્ષાના કાર્યમાં અહિંસા બાધરૂપ નથી. એ ત્રણ કલાક મારા માટે ઊંડી વ્યથાના હતા. આ ધર્મઝનુન આપણને કયાં લઈ જશે એના વિચારો અને કલ્પનાઓ મને ગુંગળાવી રહી હતી. જેમની વાણીમાં મેં સમભાવ, શાન્તિ, પ્રેમ અને અહિંસાની આશા રાખી હતી તે સાધુસંતોની વાણીમાં પણ મેં ખૂબ ગરમી અને ઉકળાટ જોયાં. એ પ્રસંગે મેં કરવા ધારેલું વકતવ્ય નીચે મુજબ હતું:

પૂજય આચાર્યશ્રી, મુનિગણ, ભાઈઓ તથા બહેનો,

આજની આ સભામાં હું બે હેતુથી આવ્યો છું. એક તો જે અન્તરીક્ષજી તીર્થના પ્રશ્ન ઉપર આપ સર્વ આટલો બધો ઉકળાટ અનુભવી રહ્યા છો તે વિષે હું બહુ ઓછું જાણું છું તેથી મને વિચાર આવ્યો કે આ સભામાં હું આવું અને આપમાંનાં આગેવાન ભાઈઓને સાંભળું તો મને આ વિષયમાં વધારે પ્રકાશ પ્રાપ્ત થાય. બીજો હેતુ એ છે જે સમાજ સાથે મારો જીવનભરનો સંબંધ છે તે સમાજનાં ભાઈ - બહેનો સમક્ષ મારા મનની બેચાર વાતો રજૂ કરું. આ રીતે અહિં આવ્યા બાદ અને આપમાંના કેટલાક ભાઈઓને સાંભળ્યા બાદ, અન્તરીક્ષજી તીર્થ અંગેની અદ્યતન પરિસ્થિતિનો મને ઠીક પ્રમાણમાં ખ્યાલ આવ્યો છે. આમ છતાં આજે હું આ પ્રશ્નની વિગતમાં કે તેને લગતા ગુણદોષમાં ઉતરવા માગતો નથી. હું તો આ પ્રશ્ન અંગે જે વાસ્તવિકતા છે તેની બે ત્રણ બાજુઓ તરફ આપનું ધ્યાન ખેંચવા માગું છું.

લગભગ ભગવાન મહાવીરના સમયથી જૈન સમાજ શ્વેતાંબર અને દિગંબર વિભાગમાં વહેંચાયેલો રહ્યો છે. જૈન ધર્મ અંગે બન્ને વિભાગની ૯૦ ટકા માન્યતા લગભગ એક સરખી છે; ૧૦ ટકા પ્રત્યેકની માન્યતામાં તફાવત છે. આ તફાવત મુખ્યત્વે સાધુસંસ્થા-અંગે અને મંદિરમૂર્તિ તથા પૂજાવિધિ અંગે છે. દરેકને પોતપોતાનાં મંદિરો અને તીર્થો છે અને કેટલાંક તીર્થો ઉભયમાન્ય છે. અન્ત-રીક્ષજી તીર્થ આવું એક ઉભયમાન્ય તીર્થ છે. આ તીર્થ અને તેની મૂર્તિ વિષે જેટલો આદર અને ભકિતભાવ શ્વેતાંબર મૂ. વિભાગ ધરાવે છે તેટલો જ આદર અને ભકિતભાવ દિગંબર વિભાગ ધરાવે છે. આ તીર્થ ઉપર શ્વેતાંબરોનો જે હકક અને અધિકાર હોય તેને કોઈ ઈનકારી શકે તેમ નથી તેવી જ રીતે દિગંબરોનું પણ જે કાંઈ ન્યાયનીતિપૂર્વકનું હોય તેને પણ કોઈ ઈનકારી શકે તેમ નથી. એ સાથે એ પણ ચોકકસ છે કે આ તીર્થ અંગે ગમે તેટલી લડત લડ-વામાં આવે તો પણ આ તીર્થ કોઈ પણ એક જ સમુદાયનું બની શકે તેમ છે જ નહિ. જો વાસ્તવિકતા આવી છે તો આજે ઊભા થયેલા ઝગડાનો ગમે તેટલી કાનૂની લડત લડવામાં આવે, ગમે તેટલી અથડામણો ઊભી કરવામાં આવે તો પણ, કોઈ કાયમી નિકાલ આવી શકે તેમ નથી. ઈ. સ. ૧૯૧૮ ની સાલમાં આપણે સમેતશિખરજીનો પહાડ ખરીદ્યો અને ત્યાર બાદ ઘણા કાનૂની ખટલા થયા અને એમ છતાં આપણે દિગંબરોને ત્યાંથી ટાળી શકયા નથી અને ૫૦ વર્ષના ગાળે આપણે બન્ને જ્યાં હતા લગભગ ત્યાંના ત્યાં આવીને ઊભા છીએ. અન્તરીક્ષજીને લગતો ઈતિહાસ પણ આવો છે. મૂર્તિ અને મંદિરની માલેકી અને વહીવટ અંગે પ્રીવીકાઉન્સિલનો ચૂકાદો આપણા પક્ષમાં મળવા છતાં ત્યાંથી પણ દિગંબરોને ટાળી શકાયા નથી, ટાળી

શકાય તેમ પણ નથી. કોર્ટ કચેરીની લડાઈઓ, ચૂકાદાઓ, તે ઉપર અપીલો, અને નાનાં મોટાં ધર્મણો અને ધન તથા શક્તિની પાર વિનાની ખુવારી - બન્ને તીર્થોને લગતી આજ સુધીની લડતોનો આ સાર છે. પરિસ્થિતિ જો આવી છે તો આપણે આખા પ્રશ્નનો બીજી જ રીતે વિચાર કરવો ઘટે છે અને તે છે વાટાઘાટો દ્વારા અને યોગ્ય વ્યકિતઓની મધ્યસ્થી દ્વારા સંઘર્ષના કારણોનો નીકાલ લાવવાને લગતી પદ્ધતિ.

આપણે એ પણ ભૂલવું ન જોઈએ કે શ્વેતાંબર અને દિગંબર-હિન્દુ–મુસલમાન માફક કોઈ અલગ અલગ કોમો નથી પણ એક જ ઈષ્ટદેવના અનુયાયી જૂથો છે અને સત્ય, અનેકાન્ત, અને અહિંસા ઉપર આધારિત જૈન વિચારસરણીના વારસો છે. આ હકીકત છે અને એમ છતાં પરસ્પર આત્મીયતાનું સંવેદન આપણે તેમના વિષે કે તેઓ આપણા વિષે અનુભવતા નથી અને પક્ષ–પ્રતિપક્ષની રીતે એકમેક તરફ કરડી આંખે આપણે જોઈએ છીએ અને એકમેકનો એ રીતે જ વિચાર કરીએ છીએ અને પરિણામે દુનિયાની નજરમાં આખી કોમને નીચું જોવું પડે એવી અથડામણો કદિ કદિ બન્ને વચ્ચે નિર્માણ થયા કરે છે.

અન્તરીક્ષજી તીર્થ અંગેની વાસ્તવિકતા આગળ જણાવ્યા મુજબની હોઈને આજે, આવતી કાલે કે નજીકના ભવિષ્યમાં બન્નેને સ્વીકાર્ય હોય એવી સમજૂતી ઘડી કાઢયા સિવાય બીજો કોઈ વિકલ્પ છે જ નહિ એમ મને લાગે છે. આ જ દૃષ્ટિબિન્દુ ધ્યાનમાં રાખીને થોડા દિવસ પહેલાં અમદાવાદ ખાતે મળેલી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વહીવટદારોની સભામાં અન્તરીક્ષજીના પ્રશ્નનો શેઠ કસ્તુરભાઈ લાલભાઈએ અને દિગંબર સમાજના આગેવાન શ્રી શ્રેયાંસપ્રસાદ જૈને સાથે મળીને નિકાલ લાવવા પ્રયત્ન કરવો એમ હજુ થોડા દિવસ પહેલાં આકોલા ખાતે મળેલી જૈનોની જાહેર સભામાં શેઠ કસ્તુરભાઈ લાલભાઈએ શ્વેતાંબર અને દિગંબર સમાજની એકતા ઉપર અને બન્ને વચ્ચેના મતભેદોનું પરસ્પર વાટાઘાટોદ્વારા સમાધાન સાધવાની વાત ઉપર ખૂબ ભાર મૂકયો હતો. અહિં એકત્ર થયેલા સભાજનો કે જેમને કસ્તુરભાઈની નેતાગીરીમાં અપૂર્વ વિશ્વાસ છે તેમને મારો પ્રશ્ન છે કે આપ આ બાબતમાં સમાધાનની ભૂમિકા સાધવા અંગે શેઠ કસ્તુરભાઈના હાથ મજબૂત કરવા માંગો છો કે કેવળ જેહાદ અને ધર્મઝનૂની ભાષા વાપરીને અને તેવો પ્રચાર કરીને સમાધાનને સર્વથા અશકય બનાવવા ઈચ્છો છો?

આ પ્રશ્ન અંગે જેટલું તીવ્ર આપનું સંવેદન છે તેટલું જ તીવ્ર મારું સંવેદન છે, પણ આપનામાં અને મારામાં ફરક એટલો જ છે કે આપ માત્ર જૈન શ્વેતાંબર વિભાગની દૃષ્ટિએ જ વિચારો છો; મારી સામે આખો જૈન સમાજ અને તેની એકતાનો વિચાર છે. આ એકતા એક બાજુથી સધાય છે, પુષ્ટ થાય છે તો બીજી બાજુએથી આવી કમનસીબ ઘટનાઓથી આખી કોમની એકતા છિન્નભિન્ન થતી જાય છે. અન્તરીક્ષજીના મંદિરમાં બેસતા વર્ષના રોજ જે ઘટના બની તેમાં દોષ કોનો હતો, કોનો નહોતો એ બાબત બાજુએ રાખીએ તો પણ એ ઘટના આખા સમાજ માટે શરમજનક હતી એ વિષે બેમત હોઈ ન શકે. આવું જો બન્યા કરે તો જૈન સમાજની એકતાની વાતો મિથ્યા અને મૃગજળ સમાન છે.

આપણે થોડાં વર્ષો બાદ આવી રહેલ ભગવાન મહાવીરની ૨૫૦૦મી નિર્વાણતિથિ પૂરી ભવ્યતાપૂર્વક ઊજવવાના મનોરથ સેવી રહ્યા છીએ. જો આપણે પરસ્પર વિભાજિત હોઈશું તો પ્રસ્તુત મહોત્સવ આપણે શી રીતે ઊજવવાના હતા!

અને અહિં મારી સામે પાટ ઉપર બેઠેલા પૂજ્ય મુનિમહારાજોને મારી પ્રાર્થના છે કે અમે પામર શ્રાવકો આવેશને વશ થઈને ગમે તેમ બોલીએ અને ગમે તેમ વિચારીએ પણ આપ તો અમને સુલેહ અને શાન્તિના માર્ગે લઈ જવામાં આપની લાગવગનો ઉપયોગ કરો. આપ જેહાદના પુરસ્કર્તા ન બનો પણ શાન્તિના દૂત બનો. અમારામાં રહેલા અગ્નિને પ્રજ્વલિત કરવાનું કામ જો આપ કરશો તો આ અગ્નિને ઠારશે કોણ? આપ અમારી દુનિયાનો ત્યાગ કરીને વિશ્વના માનવી બન્યા છો. આપને મન માનવી માનવીને વિભાજિત કરતા ભેદો ગૌણ હોવા ઘટે; પરસ્પર ભેદભાવ મટે અને ભાઈચારો કેમ વધે–એવું આપનું સર્વજનહિતકારી માર્ગદર્શન હોવું ઘટે.

અહિં એકત્ર થયેલા આપ ભાઈઓને મારું આટલું જ નમ્ર વિજ્ઞાપન છે કે આ જેહાદની પરિભાષા છોડો અને સમજૂતિનો માર્ગ અપનાવો. કેવળ હક્કની વાતો હળવી કરો અને બાંધછોડની રીતે વિચારીને એવું નિર્મળ સૌહાર્દભર્યું વાતાવરણ નિર્માણ કરો અને પ્રસ્તુત પ્રશ્નનો એવો સુખદ સ્થાયી નિકાલ શોધી કાઢો કે પરસ્પર ભાઈચારાની પ્રતિષ્ઠા થાય, અને આ અન્તરીક્ષ આપણી વચ્ચે વૈમનસ્ય પેદા કરનારું અને વધારનારું ન બને, પણ પરસ્પર પ્રેમવર્ધક અને શ્રેયસંવર્ધક તીર્થ બને. **પરમાનંદ**

તમામ જ્ઞાતિ અને કોમના મધ્યમવર્ગને આશીર્વાદરૂપ 'જૈન કલીનીક'

શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘના આશ્રયે કાંદાવાડીમાં છેલ્લાં વીશેક વર્ષથી ચાલતું "જૈન કલીનીક" મધ્યમ અને ગરીબ વર્ગ માટે એક આશીર્વાદ સમાન પુરવાર થયું છે. મુંબઈ જેવા શહેરમાં મોંઘવારીને કારણે–પોષણના અભાવે મધ્યમ વર્ગની જનતાને વારંવાર તબીબી સેવાઓની જરૂર ઊભી થાય છે, નિષ્ણાતોનો તેમ જ મોંઘીદાટ દવાઓનો ખર્ચ તેમને કોઈ પણ હિસાબે પોસાતો નથી. આવા સંજોગોમાં "જૈન કલીનીક" ફકત કાંદાવાડી અને ગીરગામને જ નહિ પરંતુ શહેરના દૂર દરના વિસ્તારોમાં વસતિ આમજનતાને તબીબી સેવાઓ આપે છે. આ સંસ્થા ફકત જૈન કોમ માટેની જ નહિ પરંતુ કોઈ પણ જાતના નાતજાતના ભેદભાવ વિના તમામ કોમોના લોકોને તેનો લાભ મળે એવા આશયવાળી સાર્વજનિક સંસ્થા છે. માત્ર એના વહીવટની અને આર્થિક બાબતની તેમ જ સંચાલનની જવાબદારી શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘને શીરે છે.

આ "જૈન કલીનીક" ની સ્થાપના ૧૯૪૮-૪૯ માં થઈ ત્યારે તો એક નાનકડું દવાખાનું જ હતું, જ્યારે આજે તો તે અનેક વિભાગો ધરાવતી એક વિશાળ સર્જિકલ ઈસ્પિતાલ છે. આટલા ટૂંકા ગાળામાં સંસ્થાએ જે પ્રગતિ સાધી છે એ જ એની ઉપયોગીતા પુરવાર કરવા માટે પુરતી છે.

અહિં દવા, ઈંજેકશન અને અન્ય પ્રકારની સારવારની નામની જ ફી લેવામાં આવે છે, તથા દર્દીઓ વચ્ચે કોઈ પણ પ્રકારનો ભેદભાવ રાખવામાં આવતો નથી. 'કલીનીક' ના જુદા જુદા વિભાગમાં વિવિધ રોગોના નિષ્ણાતોની સેવાઓ આપવાનો પણ પ્રબંધ કરાયેલો છે. આંખ, દાંત, કાન, નાક, ગળું તેમ જ ક્ષય, એવા વિવિધ પ્રકારના રોગોના નિષ્ણાતોની સલાહ લોકોને માટે આશીર્વાદસમાન નીવડે છે. આ સંસ્થાને ૩૫ જેટલા નિષ્ણાત ડૉકટરોની સેવાનો લાભ મળતો રહ્યો છે. આ ઉપરાન્ત લોહી, મળ, મૂત્ર, વિગેરે તપાસવાની પણ સગવડ ઊભી કરેલી છે, તેમ જ એકસરે, ઈનફ્રારેડ તથા અલ્ટ્રા-વાયોલેટ કિરણોના ઉપચારની સગવડનો પણ પ્રબંધ કરવામાં આવેલ છે. ઉપર દર્શાવ્યા તેવા તમામ ઉપચારો માટે માત્ર નામની જ ફી લેવામાં આવે છે. તદ્દન ગરીબ લોકો માટે તો કોઈ પણ જાતના નાતજાતના ભેદભાવ સિવાય દરેક પ્રકારની સારવાર ઉપરાંત દવા, ઈંજેકશન સુદ્ધાં તદ્દન મફત આપવામાં આવે છે.

ઉપરોકત જૈન કલીનીકનો લાભ લેનારની સંખ્યા દિનપ્રતિદિન ખૂબ જ વધતી જતી હોઈ કાર્યવાહકોએ કલીનીકના મકાનની સામે જ એક નવું મકાન બંધાવ્યું છે અને તેમાં વસાવવામાં આવેલ સાધન-સામગ્રી સાથેનો ખર્ચ આશરે રૂપિયા પાંચ લાખ અંદાજવામાં આવેલ છે. તે ખર્ચને પહોંચીવળવા માટે, એપ્રિલ માસમાં આ નવા મકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે એક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવાનો નિર્ણય કરવામાં આવેલ છે અને તે પ્રસંગે એક સોવીનીયર પ્રગટ કરવાનું ઠરાવેલ છે, જેમાં કલીનીકને લગતી સંપૂર્ણ વિગતો રજુ કરવામાં આવશે.

અત્યારના કટોકટી જેવા કાળમાં આવી ઉદાત્ત ભાવનાવાળી અને મધ્યમ વર્ગને અને આમજનતાને આશીર્વાદ સમાન અને આપણા સમાજની ગૌરવરૂપ બિન-સાંપ્રદાયિક કલીનીકને સૌ કોઈ ઉદાર દીલે દાનપ્રવાહથી નવપલ્લવિત કરે અને આમ કરીને કલીનીકના કાર્યવાહકોના ઉત્સાહમાં વધારો કરે એવી અમારી અંતરની પ્રાર્થના છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

નવી દુનિયામાં–૨

કેનેડાની પાર્લામેન્ટમાં પણ હમણા ધમાલ મચી ગઈ પણ વિરોધી દળના નેતાનું ધૈર્ય અને ડહાપણ જોવા મળ્યું. વડાપ્રધાન પિયર્સન અને વિરોધી દળના નેતા સ્ટેનફિલ્ડ બન્ને જણાએ ડહાપણ અને લોકશાહી ઢંગ કેવા હોય તેનું ઉદાહરણ પૂરું પાડ્યું. બન્નેના ભાષણો વસ્તુસ્પર્શી હતા. નિરર્થક કોલાહલ નહીં. આમાંથી ભારતના લોકનેતાએ શીખવાનું છે એમ મને લાગે છે. સરકારે ટેક્સ બીલ રજુ કર્યું હતું તેમાં બે મતથી સરકાર હારી ગઈ. એટલે વિરોધી નેતાએ આગ્રહ રાખ્યો કે સરકારે રાજીનામું આપવું જોઈએ. છાપાની ચર્ચામાં પણ રાજીનામું આપવાની તરફેણ વરતાતી હતી. પણ સરકારે રાજીનામું આપ્યું નહિ અને વિશ્વાસનો પ્રસ્તાવ રજુ કરવા મંજુરી માગી. વિરોધી દળે તે પ્રસ્તાવ નહીં પણ રાજીનામું માગ્યું, અન્યથા અસહકાર જાહેર કર્યો. પરંતુ વડાપ્રધાને એક દિવસનો સમય માગ્યો, તે મંજૂર થયો. ફરી સભા મળી ત્યારે પિયર્સને દાખલાદલીલો રજુ કરી પોતાનો વિચાર દઢ હોવાનું જણાવ્યું. કશા પણ હો હલ્લા વિના તેમને સૌએ સાંભળ્યા અને વિરોધી દળની મંજુરી સાથે વિશ્વાસનો પ્રસ્તાવ રજુ કરવાનું પાર્લામેન્ટે નક્કી કર્યું. તા. ૨૮મીએ તે રજુ થયો અને બહુમતિથી વિશ્વાસ જાહેર થયો. આમ લોકશાહીમાં દાખલાદલીલોને વધારે મહત્ત્વ મળવું જોઈએ, કોલાહલ અને ઝગડાને નહિ. એ કેનેડાની પાર્લામેન્ટે બતાવી આપ્યું. આવતા એપ્રિલમાં ચૂંટણી થવાની છે તેની અત્યારથી તૈયારીઓ ચાલી રહી છે. ચૂંટાવા માટે મતદાતાઓને ખર્ચીલી પાર્ટી આપવાનો અહીં રિવાજ થઈ પડયો છે. એટલે કોઈ પણ ઉમેદવાર લાખો ડોલરના ખર્ચ વિના જીતી શકે નહિ એવી પરિસ્થિતિ છે.

શ્રી મુન્શીનું કાકાની શશી એ માત્ર કાલ્પનિક નાટક છે કે ઘટના ઉપરથી, તેની મને ખબર નથી પણ અહીં આજે તા. ૨૪-૨-૬૮ના 'ટેલીગ્રામ' છાપામાં વાચ્યું તે ઉપરથી મુન્શીનું નાટક સાવ અસંભવ હોય એવું નથી જણાતું. અહીં તો આવા અનેક નાટકોની સામગ્રી લેખકને મળી રહે તેમ છે. મથાળું છે–"તે હવે ભાઈની માં બને છે." કન્સાસ શહેરના ખબર છે કે, મર્શિયા તેના પાલકપિતાને પરણી ગઈ. મર્શિયા અઢાર વર્ષની અને પાલકપિતા ૬૯ વર્ષનો છે. આ જર્મન નામનો પાલકપિતા મર્શિયાની માતાને પરણ્યો હતો. એ તેની ચોથી પત્ની હતી. એ ચોથી પત્નીનો દીકરો જે પાંચ વર્ષનો અત્યારે છે તે પણ મર્શીયાની માતાનું જ સંતાન છે પણ તે જર્મનની પહેલાના પતિથી. એ પાંચ વર્ષનો છોકરો પણ જર્મનના જ કબજામાં છે. આમ ભાઈ - બેન માતા - પુત્ર બની ગયા. છૂટા છેડાના કેસો અહીં ઘણા જ બને છે તે સમાજમાં અવ્યવસ્થા જ સૂચવે છે.

એ જ છાપામાં સ્ત્રીઓને જાણે કે હજી પુરું સ્વાતંત્ર્ય નથી મળ્યું માટે તેમણે બળવાખોર થવું જોઈએ એવું ભાષણ એક મહિલાએ આપ્યાના સમાચાર વાંચ્યા. તેમાં તેણીએ પાદરીઓને ઉધડા લીધા છે. પાદરી ફાધર અને નન - જેમણે કદી સંસાર જોયો નથી અને કુમારિકાને પેટમાં સંતાન હોય ત્યારે તેની શી ગતિ થાય છે તેની જેમને ખબર નથી - એ બધા બંધ ઓરડામાં ભેગા મળી ગર્ભપાતના કાયદાનો વિરોધ કરી રહ્યા છે. - આ તે કઈ રીતે ચલાવી લઈ શકાય? - આમ એક તરફ પાદરી અને બીજી તરફ સુધારકોમાં આ ચર્ચા ગરમાગરમ ચાલી રહી છે. પણ સમાજમાં જે અસંયમનું વાતાવરણ વધી રહ્યું છે તેની તરફ આંગળી ચીંધનાર વિરલા દેખાય છે.

ટેલીગ્રામ છાપાની બે પ્રવૃત્તિ આપણા છાપાઓએ અપનાવવા જેવી છે - છાપાના સંપાદકને નામ પત્રો તો હોય છે જ પણ એ ઉપરાંત Action line–એટલે કે 'સક્રિય પગલાં' નામનું કોલમ હોય છે. તેમાં લોકોની સરકાર અને પ્રજા વિષેની ફરિયાદો જ માત્ર નહીં પણ એ ફરિયાદ આવે એટલે છાપાવાળા જેના વિષે ફરિયાદ હોય તેમને મળીને ફરિયાદનો નિકાલ લાવવા પણ પ્રયત્ન કરે છે. અને જે પરિણામ આવે છે તેનો નિર્દેશ કરે છે. આવું કાંઈક આપણા છાપાવાળા પણ કરી શકે તો છાપાની એક લોકહિતકારી પ્રવૃત્તિ વધે.

બીજી બાબત - એ છે કે પ્રતિદિન - એક નાના છોકરાનો સુંદર ફોટો છાપવામાં આવે છે. અને તેના ગુણોની ચર્ચા કરી તેને કોઈ પાલન માટે લે તેવી અપીલ કરવામાં આવે છે. અહીં કુમારિકાને થનાર સંતાનોની સંખ્યા મોટી છે એટલે એ છોકરાઓને ઠેકાણે પાડવાની આ પ્રવૃત્તિ જરૂરી પણ છે, પણ આપણા દેશમાં પણ હવે અનાથ બાળકોની સંખ્યા કાંઈ ઓછી નથી. એટલે આ દિશામાં દૈનિક છાપાઓ સારી સેવા બજાવી શકે.

કેનેડામાં બરફ પડે છે–અતિશય પડે છે. પણ આ પ્રજાએ એ બરફની અનેક જાતની રમતો શોધી છે અને તે પ્રત્યે આકર્ષણ વધી રહ્યું છે અને બરફનો સામનો આનંદપૂર્વક કેમ કરવો તેની સતત ચિંતા વિચારકો કરી રહ્યા છે. સુલેખકો આ બરફની દુનિયાનો સુંદર ચિતાર આપી બરફ પણ આનંદજનક બની શકે છે તેમ પ્રજાના મનમાં ઠસાવવા પ્રયત્ન કરે છે. બીજી બાજુ વૈજ્ઞાનિક ઢંગથી બરફ છતાં જીવનના દરેક ક્ષેત્રમાં સતત પ્રવૃત્તિ ચાલ્યા કરે તેના માર્ગો પણ આ પ્રજા લઈ રહી છે. કેનેડામાં મોન્ટ્રીયલ નગરી મુંબઈ જેવું શહેર છે. સૌથી મોટું એ શહેર ગણાય છે. અહીં ટોરોન્ટોમાં તો ભોંયરામાં રેલગાડી ચાલે જ છે પણ મોન્ટ્રીયલમાં તો સમગ્ર શહેરના અમુક ભાગમાં ભોંયરામાં જ નાનકડા શહેરની રચના કરવામાં આવી છે. આ દિશામાં વિશ્વમાં કેનેડા અગ્રસર છે. એ ભોંયરામાં ન તો વરસાદ નડે, ન ગરમી અને બરફ તો ત્યાં કયાંથી જ હોય. એટલે તે શહેરના ભોંયરાના ભાગને ઋતુવિનાની દુનિયા તરીકે ઓળખાવવામાં આવે છે. એ ભોંયરા–નગરની રચના ૩૦ એકર જમીનમાં કરવામાં આવી છે. તેમાં દસ ઓફિસના મકાનો, ૨૪૦ દુકાનો' ૩૬ રેસ્ટોરાં તથા ૨૨૦૦ જેટલા હોટલોના ઓરડા છે. આધુનિક જીવનની બધી સામગ્રી તેમાં મળી રહે છે. યોજના પ્રમાણે ઉત્તરોત્તર આવા ભોંયરાંનગરનું ક્ષેત્રફળ વધારતા જ જશે.

એલ. એસ. ડી નામની નશીલી દવા આપણા ગાંજાથી પણ ચડી જાય તેવી છે. તેનો નશો કરવાનો શોખ ઉગતી પેઢીમાં વધી રહ્યો છે. તે સ્કૂલોમાં પણ છૂપી રીતે વેચાય છે. પીનારને કોઈ નવી જ દુનિયા દેખાય છે–એમ કહેવામાં આવે છે. એટલે સાહસિક પ્રજા આવા ખોટા સાહસમાં પણ સપડાઈ ગઈ છે. ભેળસેળ તેમાં પણ થવા લાગ્યો છે અને એવી ભેળસેળવાળી દવાના ઝગડામાં અઢાર વર્ષના વિદ્યાર્થીનું ખૂન એટલી જ ઉમરના છોકરાએ પિસ્તોલથી કર્યું. આ સમાચારે મારી તો ઊંઘ બગાડી દીધી, કે આ પ્રજા કેવે ઊંધે માર્ગે જઈ રહી છે.

મોટરોની સંખ્યા મોટી છે એટલે અકસ્માતો પણ ઘણા. પરંતુ કેટલાક અકસ્માતો તો યાદ રહી જાય તેવા હોય છે. યુનિવર્સિટીની ટીમ હોકીમાં વિજયી થઈ મોટરમાં આવી રહી હતી. બે મોટરો સામસામી અથડાઈ અને બે વિજયી વિદ્યાર્થીઓની હત્યા થઈ ગઈ અને કેટલાય હોનહાર વિદ્યાર્થીઓ ઘાયલ થયા. વિજ્ઞાને સામગ્રી આપી પણ મનુષ્ય એ સામગ્રીમાં સંયમ ન વાપરે તો કેવો અનર્થ થાય છે તેના દાખલા અહીં રોજ જોવા મળે છે.

આ શનિવારની સાંજે ૭૨ પાનાનું છાપું ટેલીગ્રામ ઉપરાંત તેનો વધારો- પંદર સેન્ટમાં લીધા-તે વાંચી–આ વિચારો અહીં લખ્યા છે. પાદરીઓ ગર્ભપાતમાં હિંસાનો વિચાર આગળ ધરે છે પણ એ જ પાદરીઓ માંસાહાર સામે કશું જ કેમ લખતા નથી? મારા નિવાસ પાસે જ અહીંનું મુખ્ય ચર્ચ છે. અને શહેરભરમાં અનેક ચર્ચ છે. તે બધા ચર્ચની બે પાના ભરી જાહેરખબરો આવે છે અને સંગીતના જલસા પણ લોકોને આકર્ષવા માટે ચર્ચમાં કરવામાં આવે છે. બધું જ આધુનિક ઢંગે કરવું પડે છે. અન્યથા આ નવી પ્રજાને ધર્મની બાબતમાં સજાગ રાખવાનું કામ ઘણું જ મુશ્કેલ છે.

ટોરોન્ટો તા. ૨૯-૨-૬૮. **દલસુખ માલવણિયા.**

☆ ગ્રામદાન–આંદોલનનો વ્યાપક બનતો જતો વિસ્તાર ☆

મુંબઈના સર્વોદયકાર્યકર્તા શ્રી કાન્તિલાલ વોરા અમુક મિત્રો સાથે બિહારમાં પૂ. વિનોબાજી જ્યાં વસે છે ત્યાં થોડા દિવસ પહેલા ગયેલા અને ગ્રામદાન પ્રવૃત્તિના આજે થઈ રહેલા વિસ્તારનું જે પ્રત્યક્ષ દર્શન કરી આવ્યા તેનું વર્ણન સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહ ઉપરના પત્રમાં તેમણે લખી મોકલ્યું છે, જે પત્ર નીચે મુજબ છે.

રાજગીરી, બિહાર, તા. ૧૬-૨-૬૮

પ્રિય ચીમનભાઈ અને મિત્રો,

અમે હાલમાં અહીં વિનોબાજી પાસે આવેલાં. અહીં જે જોયું, જાણ્યું અને અનુભવ્યું, એ ઘણું ઉત્સાહજનક છે. "ગ્રામદાન - આંદોલન" અહીં ખૂબ વેગથી ચાલી રહ્યું છે. દરભંગા આખો જિલ્લો, દુષ્કાળ પહેલાં જ ગ્રામદાનમાં આવી ગયેલો. હાલમાં પૂર્ણિયા જીલ્લો ૩/૪ તથા બીજા ત્રણ-ચાર જિલ્લા ૧/૨ જેટલા થઈ ગયા છે. ગ્રામદાન શું છે? એની જાણકારી શહેરોમાં ઘણાને નથી હોતી. એમાં ગામ લોકો સંકલ્પ કરે છે કે અમે હવેથી આખા ગામને એક પરિવાર માનીશું. તથા અમારી સમસ્યાઓનો ઉકેલ, બધા સાથે મળીને અમારી બુદ્ધિ શકિતથી 'ગ્રામ - સભા' દ્વારા (કે જે ગામના દરેક કુટુંબની પુખ્ત ઉંમરની વ્યકિતઓની બનાવવામાં આવે છે.) કરીશું. ઉપરાંત ભૂમિહીનો માટે અમારી ખેડાઉ જમીનનો વીસમો હિસ્સો તથા 'ગ્રામ–વિકાસ' માટે દર વરસે અમારી ઉપજનો ચાલીસમો ભાગ 'ગ્રામ - કોષ' માં જમા કરીશું.

આવો સંકલ્પ બિહારના ઉપરોકત જિલ્લાઓના ૧૮,૦૦૦ અઢાર હજાર ગામના લોકો અત્યાર સુધીમાં કરી ચૂકયા છે. આના પરિણામે અહીં વાતાવરણ એટલું સરસ બન્યું છે અને ઉત્સાહ એટલો વધ્યો છે કે ' ૨ ઓકટોબર ૧૯૬૮' સુધીમાં આખું બિહાર ગ્રામદાનમાં આવી જાય, એવા જોરદાર પ્રયત્નો થઈ રહ્યા છે! અને એની શકયતા પણ દેખાઈ રહી છે. આમાં ખાદી તથા રચનાત્મક કાર્યકર્તાઓનો પણ મોટો હિસ્સો છે.

જાન્યુઆરીમાં વિનોબાજીની સાનિધ્યમાં ૪ મહત્ત્વપૂર્ણ સંમેલનો થયા. ૧. બિહાર પંચાયત પરિષદનું ૨. બિહારની યુનિવર્સિટીની બધી કૉલેજોના પ્રાધ્યાપકોનું ૩. બિહારના મૂખ્ય રાજકીય પક્ષોનું તથા ૪. બિહારની બધી રચનાત્મક સંસ્થાઓના કાર્યકર્તાઓનું. આ બધાએ આ કાર્યનું સમર્થન કરી, એમાં સહાયતા કરવાનું આશ્વાસન આપ્યું.

સર્વોદય પાસેથી જે આશા અને અપેક્ષા રાખવામાં આવી હતી, તેનું દર્શન હવે નજીકના ભવિષ્યમાં શકય બને, એવી સંભવના આમાંથી પ્રગટ થઈ છે. આમ થવામાં વિનોબા કહે છે તેમ, 'કાળ-બળે' એમાં મોટો ભાગ ભજવ્યો છે. દુષ્કાળે તથા બિહારની હાલની રાજકીય પરિસ્થિતિએ લોકોને જાગ્રત કરી દીધા અને ભાન કરાવી દીધું કે હવે સ્વાવલંબી બન્યા સિવાય તથા ગ્રામદાન - સંગઠન કર્યા સિવાય, બીજો કોઈ ઉપાય નથી.

ગ્રામદાનના નમુના જોવા ઘણી માંગ થતી હોય છે. આપણે કોઈ પણ કાર્યમાં તરત ' નમુનાઓ બનાવવા ઉત્સુક હોઈએ છીએ. પરંતુ વિનોબા દીર્ઘદષ્ટિ છે. એ આગળનું પણ જોઈ શકે છે. કોઈ પણ કાર્યનું માપ એ બરાબર પહેલેથી જ કાઢી લે છે. કાર્ય કેટલું વિશાળ છે! એમાં કેટલી શકિત લાગવી જોઈએ? કેટલા સમયમાં એ પરિપકવ થઈ, એમાં પરિવર્તન આવી શકે? વગેરેનું ગણિત તેઓ કરી લે છે. જેથી તેઓ કહેતાં કે ચારે તરફ આગ લાગી હોય એમાં વચ્ચે એક નાનકડી જગ્યાને 'એરકન્ડીશન્ડ' બનાવવામાં આવે તો તે ટકી શકે નહીં. આપણી અપેક્ષા મુજબ જો નમુનાઓ બનાવવા બેસી ગયા હોત તો આજે જીલ્લાદાન અને પ્રાંતદાન સુધીનું જે વાતાવરણ બન્યું છે, ત્યાં સુધી પહોંચી શકયા ન હોત અને બનાવેલા નમુનાઓ પણ ટકી શકયા ન હોત.

તેઓ કહે છે કે આ મહાન પરિવર્તનકારી આંદોલન માટે પ્રથમ તો અત્યંત જોરદાર વાતાવરણ બનાવવું પડશે. વાતાવરણ બન્યા પછી જ એ સહેલાઈથી થઈ શકશે. આપણને પૂરો વિશ્વાસ નહોતો બેસતો, પરંતુ એમને તો દઢ વિશ્વાસ હતો કે આ કાર્ય થઈને જ રહેવાનું છે. કારણ કે એ 'કાળપુરુષની' (જમાનાની) માંગ છે. અને એ કહે છે કે જે આજે નથી આપતા તે કાલે આપવાનો છે તથા કાલે નહીં સમજે તે પરમ દિવસે સમજવાના છે.

કામના તબક્કાઓમાં પ્રથમ ગ્રામદાન કરતી વખતે, લોકોએ ગ્રામદાનના 'સંકલ્પ - પત્રો' ઉપર સહીઓ કરવાની હોય છે, જેના આધારે ગ્રામદાન જાહેર કરાય છે. ત્યાર બાદ બીજા તબક્કામાં 'પુષ્ટિ - કાર્ય' એટલે કે બધા નામો સરકારી દફતરમાં રજિસ્ટર કરવાના હોય છે. એ આધારે સરકારી કર્મચારીઓ ચકાસણી કરે કે એમણે ખરેખર સમજીને સહીઓ કરી છે કે નહીં? આ મોટું કામ છે. સરકારી તંત્રમાં, એ અંગે ઘણો સમય લાગે છે અને એમાંથી પાર ઉતર્યા બાદ, વ્યવસ્થિત નવનિર્માણનું કાર્ય હાથ ધરી શકાય. એમાં હિત–વિરોધીઓની રૂકાવટ પણ આવે. એટલે ઘણું મોટું અને અઘરું કામ તો છે જ. એટલે ધીરજ રાખવી જ પડે.

હવે દરભંગા જીલ્લો, ગ્રામદાનમાં આવી ગયા પછીથી ગ્રામ-સ્વરાજ્યની દિશામાં, નવનિર્માણના કાર્યમાં સુઝબુઝ ધરાવતા તમામ લોકોને વિનોબાજીએ આવાહન કર્યું છે કે નમુના બનાવવાનો સમય હવે પાકી ગયો છે. હવે તમારી શકિત કામે લગાડો. આ દષ્ટિએ અત્યારે ત્યાં કામ ચાલી રહ્યું છે.

દુષ્કાળ - નિવારણ અંગે અહીંના લોકો મુંબઈ તથા ગુજરાતનો ખૂબ આભાર માને છે. ત્યાંથી નાણાં ઉપરાંત જે વ્યવસ્થા-શકિત મળી, એનાથી તેઓ ખૂબ પ્રભાવિત થયા છે. આપણા બધાના પુરૂષાર્થ અને ઈશ્વરકૃપાથી, બિહાર એક ભયંકર આફતમાંથી બચી ગયું. હવે તેના નવનિર્માણના એટલે કે ગાંધીજીના સ્વપ્નના ગ્રામ - સ્વરાજ્યના કાર્યમાં પણ જો આપણે પ્રયત્નશીલ થઈએ તો સંભવ છે કે એને પગલે પગલે, આજની ભયંકર હાલતમાંથી આખા દેશને બચાવવામાં પણ આપણે નિમિત્તરૂપ બનીએ.

વિનોબાજીએ મુંબઈ માટે બે વાત ઉપર ખાસ ભાર મૂકયો છે. (૧) સર્વોદય - વિચાર અને સાહિત્ય ઘરઘરમાં પહોંચે તથા લોકોને આંદોલનની પૂરી જાણકારી મળે, એ માટે સાહિત્ય - પ્રચાર અને પ્રકાશનમાં વેપારી મિત્રોની બુદ્ધિ અને સહાયતા મેળવવી. (૨) સર્વોદય તરફ અભિમૂખ એવા કાર્યકર્તાઓ અને સહયોગી - મિત્રો વધારવા.

આ સૂચનો ઉપર આપ પણ ચિંતન કરશો. અમે હજી બેએક અઠવાડિયાં આ તરફ રોકાવાના છીએ. વિશેષ રૂબમાં.

કુશળ હશો. એજ લિ. આપના

કાન્તિલાલ વોરા, નરોત્તમ શાહ

(પોતાની ૭૧ મી વર્ષગાંઠે શ્રી ગોકુળભાઈ દોલતરામ ભટ્ટે રચેલું અને તેમની તરફથી મળેલું કાવ્ય)

પ્રસન્ન રે'વું કર્તવ્યે

વર્ષો ઉપર વીતે વર્ષો શિવરાતો આવે જાયે
કિલમિષ મુજમાં વ્યાપ્ત ઘણાં યે કયારે તે કયમ ધોવાયે? ૧
કરતો તેની નિત્ય ઝંખના દીનદયાળુ તવ ચરણે
સોહમ્ સોહમ્ રટજો રસના અન્ય સ્વરો ના હો વદને. ૨
કામ કરું જે યત્કિંચિત્ હું સારૂંનરસું આ જગતે
અર્પીને સર્વે તે તુજને પ્રસન્ન રે'વું કર્તવ્યે. ૩
વીતો આમ જ આયુ અહોનિશ સરિતા પેર રહો જીવંત
શિવસાગરને જાવું ભેટવા સેવામય રાખીને મન. ૪
કીડી કણ કણ રળે હાથીને મણ મણ ખાવા રહે મળી
ગોકળ ચિંતા કરવી શાને કાલ્કા દિલમાં રહે યદિ. ૫
ઈશભરોસે ભાગ્યવંત હું રહું સદા નિર્લેપ વળી
સૌરભ ફોરી રહો મારી આ જીવનની સુકુમાર કળી. ૬
વ્હેવારે મુજ દુભે ન કોઈ, આશિષ મારી કરણી
નિત્યે જળ સ્વાદુ પીવડાવો ગોકળ તારી નિઝરિણી. ૭

ગોકુળભાઈ દોલતરામ ભટ્ટ

* "મારો રામુ હવે ગાંડો નથી હોં!" *

(જ્યોતિ સંઘ પત્રિકા ફેબ્રુઆરી ૧૯૬૮ માંથી સાભાર ઉધ્ધૃત્)

"બહેન, મારે લાયક કંઈ પણ કામ હોય તો જરૂર જણાવજો, હોં!"

"અમરતબા, તમારું શરીર સાચવી શકો તો જ બહુ છે."

"અરે, એ તો સાચવશે ભગવાન, તમે તારે મને બોલાવજો ને! એટલામાં ઘસાઈ નથી જવાની."

આમ બોલતાં બોલતાં અમરતબા ગયા પણ એમના શબ્દો મનમાં ગૂંજ્યાં જ કર્યા. કોઈ યુવાનને પણ શરમાવે એવા ઉત્સાહ-પૂર્વક આમ બોલનારની કાયા કેવી હતી? ગરીબી ને ઉમ્મરના ઘસારા ઝીલી ઝીલીને માંડ જીવી રહેલી સાવ જર્જરિત! એમના આયુષ્યનો અણધાર્યો અંત આવી જાય તો યે નવાઈ નહીં એવો વિચાર એમને જોતાં આવી જાય.

આજથી દશેક વર્ષ પહેલાં એક દિવસ અમરતબા અમારે આંગણે આવી ચડ્યાં - ઘરકામ માટે. મારે તો કામ કરનાર બાઈ હતી એટલે એમને મેં બીજે ગોઠવ્યાં. એ તથા એમની દીકરી માણેક, બેઉ વિધવા, બે દીકરામાં એક ક્ષયથી પીડાતો (જે હવે હયાત નથી.) અને એક ગાંડો. અને છ સાત પૌત્ર - પૌત્રીઓ. આ બધાંની જવાબ-દારી મુખ્યત્વે એમને માથે. આ બધાંનો ખર્ચ બેઉ મા - દીકરી ઘરઘરનાં કપડાં - વાસણ કરીને કેમ કાઢે? એમના હાથમાં તો એક કોડી પણ નહોતી. અમે થોડો ટેકો કર્યો અને દીકરી માણેકે ધીમે ધીમે થોડા વિદ્યાર્થીઓને જમાડવાનું શરૂ કર્યું.

અમરતબાને એક મોટા ખાદી - ભંડારનું રસોડું ચલાવવાનું કામ અપાવ્યું, કામ, રહેવાનું તથા પગાર ઠીક હતા એટલે ગુજારાનો પ્રશ્ન થોડો હળવો થયો. પણ તેમને મોટી ચિંતા હતી રામુની.

એમનું જીવન તો અહીં (અમદાવાદમાં) કંઈક સરળ બનેલું, પરંતુ એમનો રામુ વિરમગામમાં ગાંડાઘેલા દિવસો કાઢી રહેલો. એનું શું કરવું?

અમરતબાએ એને વિરમગામથી અમદાવાદ લાવવાના પ્રયાસો શરૂ કર્યા. પણ રામુ તો રસ્તામાં છૂટ્ટો પડીને નાસી જાય, વળી કોક ભળતી ગાડીમાં બેસી જાય ત્યારે તો શોધા શોધમાં દમ નીકળી જતો.

અંતે એકવાર બે ત્રણ સંબંધીઓની મદદથી રામુને સાંકળે-બાંધીને ગાડીમાં બેસાડ્યો, મહાપરાણે અમદાવાદ આવીને અમારી પાસે લાવ્યાં.

આ સ્થળે પણ અહોહો રામુનું કંઈ તોફાન!

અહીં આવીને એ અમારા બાથરૂમમાં નાહવા બેઠો તો એસિડ-નો બાટલો તેલનો સમજીને માથે રેડવા માંડ્યો! આવાં આવાં-તોફાનોથી મૂંઝાતાં અમરતબાએ એને ગાંડાની હોસ્પિટલમાં મૂક્યો.

રામુનું એ હોસ્પિટલમાં ઠીક ચાલ્યું. અમરતબા એને અવાર-નવાર મળવા જાય. પણ માનો જીવ એને ત્યાં જોતાં અકળાય એટલે ઘેર લાવે. વળી એનાં તોફાનથી અને લોકોના વાંધા - વિરોધથી કંટાળે એટલે પાછો મૂકી આવે. પણ એમના જીવને જરાય શાંતિ ન મળે.

અંતે એમણે નોકરી છોડી. સ્વતંત્ર રહીને કોઈ કામધંધો કરે તો આવા રામુને પણ સાથે રાખી શકે ને? એ જ આશાએ! વધતી જતી મોંઘવારીમાં આ પણ એક સાહસ હતું.

એક શાળાના મકાનમાં એક 'ગૅરેજ' ભાડે રાખીને એમણે એમાં રસોડું ખોલ્યું. ધીમે ધીમે એમને ત્યાં જમનાર વિદ્યાર્થીઓ અને ઑફિસરો વધવા લાગ્યા. જો કે શરૂઆતનો સમય ઘણો આકરો ગયો. એમની તબિયત પણ લથડ્યાં કરી. દીકરાઓના બાળકોને ભણાવવાની પણ મુશ્કેલી પડી. છતાં એમણે એમને શાળામાં ગોઠવ્યાં અને એમના વહાલા રામુને પોતાની સાથે હંમેશ માટે રહેવા લઈ આવ્યાં.

શાળાના વાતાવરણને સામાજિક રીતભાત સાથે રામુનો મેળ બેસાડવો એ તો લોઢાના ચણા ચાવવા જેવું હતું. શાળાનાં બાળકો રમતાં હોય ત્યાં રામુ વસ્ત્રો કાઢીને નાહવા પણ બેસી જતો. આ આ બધાંમાંથી માર્ગ કાઢવાનો એ તનતોડ પ્રયાસ કરી રહ્યાં.

એ દરમ્યાન ક્ષયવાળો દીકરો કેશુ મૃત્યુ પામ્યો. એનાં બાળકો પણ અમરતબાને ઉછેરવાનાં આવ્યાં. વખત જતાં કેશુની દીકરીને સરસ રીતે પરણાવી પણ ખરી.

ધીમે ધીમે રામુ માના પ્રેમથી સુધરવા માંડ્યો. એનાં ગાંડાં તોફાનો શમવા માંડ્યાં. રોજીંદા કામકાજની સૂઝ આવવા માંડી. અને માના કામકાજમાં ટેકો કરવા માંડ્યો. રામુને સુધારવા માટે ખર્ચ કરવામાં અમતરબાએ કદી પાછું નહોતું જોયું. કેટલો દૂધીનો હલવો ને અથમણ તો બદામ ખવરાવેલી એ ઉપરાંત બીજું ય કેટલું!

રામુની દાકતરી સારવાર ઉપરાંત જે કંઈ ઉપાયો જાણવા મળે તે પૂરા પરિશ્રમથી કર્યાં જ કરતાં - તન, મન, અને ધનથી.

એ દરમ્યાન રામુની દીકરી કમુનાં લગ્ન લેવાયાં. શું અમરત-બાનો ઉત્સાહ! ઘર પાસે સરસ મજાનો મંડપ બંધાવીને અકવાડિયું તો કથા બેસાડી - પૂરા ભક્તિભાવથી! અને કમુનો કરિયાવર તો ગજા ઉપરનો ખર્ચ કરીને પણ પૂરા વાત્સલ્યથી કર્યો. કમુના ગાંડા માબાપનું સ્થાન એની દાદી અમરતબાએ લીધું ને એને સ્હેજે પણ ઓછું આવવા દીધું નહીં.

એમણે પોતાના પવિત્ર પ્રેમાળ સ્વભાવ અને મદદરૂપ થવાની વૃત્તિથી એમના જમનારાઓ તથા પાડોશીઓનો ખૂબ પ્રેમ મેળવેલો. એટલે સુખદુઃખને પ્રસંગે એમનો ટેકો સારો મળી રહેતો.

આમ એક પછી એક અગવડો વટાવતાં અને કર્તવ્યો અદા કરતાં અમરતબા આજે જીવનને આરે પહોંચ્યાં છે. જીવનમાં કંઈક સ્થિરતા આવી છે. રામુ ખૂબ સારી રીતે એમને ટેકો કરે છે. રામુનો બૌદ્ધિક વિકાસ બહુ નથી પણ વર્તનમાં ભાગ્યે જ ગાંડપણ લાગે છે.

હવે એમને ચિંતા છે રામુની ભવિષ્યની સલામતીની. આંખ મિંચાયા બાદ રામુનું શું? વળી ભાડાના ઘરમાં અગવડો પણ નડે છે. એ કરતાં કંઈક પોતાનું હોય તો?

ગુજરાત હાઉસીંગ બૉર્ડમાં ઓછી આવકવાળાને માલિકીના બ્લોક મળે છે એ જાણતાં એમણે સતત દોડધામ કરીને માત્ર ત્રણ દિવસમાં આવો એક બ્લોક નોંધાવી દીધો ને એમને એ મળી પણ ગયો! મનમાં તો એ જ કલ્પના છે કે એમની હયાતિમાં એમનો રામુ આ બ્લોકના એક ખંડમાં રહે, બીજા ઓરડાઓ ભાડે આપે અને આર્થિક ચિંતા વગર જીવી શકે!

એક અત્યંત ગરીબ માતા અનેક વિટંબણાઓમાંથી પણ પોતાના સાવ ગાંડા દીકરાનું કેવું સુખદ ભાવી સર્જી શકે છે! ધનવાન માતાઓ માટે પણ આવો પુરુષાર્થ શક્ય છે ખરો?

(એક સત્ય ઘટના - નામો બદલીને) **ગીતા પરીખ**

વિષયસૂચિ

		પૃષ્ઠ
ધાર્મિક શિક્ષણ: એક પરિસંવાદ	પૂર્ણિમા પકવાસા	૨૨૭
પ્રકીર્ણ નોંધ: 'પ્રભુકૃપા-કિરણ': એક અવલોકન, 'જૈન સોશિયલ ગ્રુપ,' અમદાવાદમાં ઊભું કરવામાં આવનાર કલા-ગૃહ: આર્થિક સહાય માટે અનુરોધ, શિવામ્બુ ચિકિત્સાના સંશોધન અંગે કમિશન નીમવા માટે ગુજરાત સરકાર પાસે કરવામાં આવેલી માંગણી, માનવજાતને નવી આશા આપતા ઓરોવીલનું શિલારોપણ.	પરમાનંદ	૨૩૦
અન્તરીક્ષજીના પ્રશ્ન અંગે થોડી વિચારણા.	પરમાનંદ	૨૩૨
તમામ જ્ઞાતિ અને કોમના મધ્યમવર્ગને આશીર્વાદરૂપ 'જૈન ક્લીનીક'	મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ	૨૩૩
નવી દુનિયામાં-૨	દલસુખ માલવણિયા	૨૩૪
ગ્રામદાન આંદોલનનો વ્યાપક બનતો જતો વિસ્તાર	કાન્તિલાલ વોરા, નરોત્તમ શાહ	૨૩૫
"મારો રામુ હવે ગાંડો નથી હોં!"	ગીતા પરીખ	૨૩૬
નારાયણ આશ્રમની યાત્રા	સુનંદાબહેન વહોરા	૨૩૭

નારાયણ આશ્રમની યાત્રા

ભારતમાં જન્મેલ ભાગ્યે જ એવો કોઈ માનવી હશે કે જેણે હિમાલયનું નામ સાંભળ્યું નહિ હોય. ભારતમાં ભાગ્યે જ હિન્દુ સંસ્કાર ધરાવતી એવી કોઈ વ્યકિત હશે જેના દિલમાં હિમાલયનાં દર્શન કરવાની ઝંખના જન્મી ન હોય. આમ છતાં તેનાં પ્રત્યક્ષ દર્શન કરવાનું સદ્‌ભાગ્ય બહુ ઓછા માનવીઓને સાંપડે છે. આ કેટલું મોટું સદ્‌ભાગ્ય છે તેની ખબર તો જેને એ પ્રદેશોમાં પરિભ્રમણ કરવાની તક મળી હોય તેને જ પડે. આવી તક મને મારા જીવન દરમિયાન બે વાર સાંપડી છે. એક વાર કેટલાક સમય પહેલાં કાશ્મીરનો પ્રવાસ કરવાનું બન્યું હતું ત્યારે. પણ એ વખતે હિમાલયમાં રહેલા કુદરતી સૌન્દર્યને માણવું, આનંદ કરવો, મજા કરવી એટલો જ હિમાલયના સંદર્ભમાં મારો ખ્યાલ હતો અને આવો ખ્યાલ દર વર્ષે હિમાલયનાં જાણીતા પર્વતમથકોએ—હીલ સ્ટેશનો—એ—મોટા ભાગે ઉનાળાના મહિનાઓમાં ભારતભરમાંથી હજારોની સંખ્યામાં જતા સહેલાણીઓનો હોય છે. આ બધાં મથકો કેવળ મોજમજાનાં અને મળવાહળવાનાં કેન્દ્રો બની ગયાં છે.

બીજો પ્રસંગ હિમાલયમાં જવાનો અને પરિભ્રમણ કરવાનો—મને ગયા મે માસમાં સાંપડ્યો. આ યાત્રાએ મારા અન્તરસ્તત્ત્વને અત્યન્ત પ્રભાવિત કર્યું; જીવન નિહાળવાની મને નવી દૃષ્ટિ આપી; તેની ભવ્યતાએ મને મંત્રમુગ્ધ કરી; અને મારામાં જાણે કે એક પ્રકારની આધ્યાત્મિક જ્યોત પ્રગટાવી. મારામાં આધ્યાત્મિકતાનું જે આછું સ્ફુરણ હતું તેને નવો વેગ મળ્યો.

આ બીજો પ્રસંગ હિમાલયના પેટાળમાં—આપણી સરહદની બહુ નજીકના ભાગમાં—આવેલ સપાટ પ્રદેશથી લગભગ ૨૦૦ માઈલના અન્તરે અને કૈલાસયાત્રાના માર્ગની બાજુએ આવેલ નારાયણ આશ્રમની યાત્રાને લગતો હતો. ત્યાં જવાનો સુયોગ આ રીતે ઊભો થયો.

જેમણે વર્ષો સુધી ભૂદાન આન્દોલનને દેશભરમાં વેગ આપવાનું કાર્ય કર્યું હતું, જેઓ એ પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ સ્વીકારી થોડાં વર્ષોથી માઉન્ટ આબુમાં વસે છે અને જેમને વિચારોના આદાન-પ્રદાન નિમિત્તે અવારનવાર યુરોપના પ્રવાસો કરવાનું પ્રાપ્ત થાય છે તે શ્રી વિમલાબહેન ઠકારના સમાગમમાં આવવાનું સદ્‌ભાગ્ય કેટલાક સમયથી મને પ્રાપ્ત થયું છે. તેમની સાથે ગયા વર્ષના પ્રારંભમાં આબુ ખાતે થોડા દિવસ રહેવાનો યોગ ઊભો થયો. આ તેમના સહવાસ, દરમિયાન તેમણે ઉપર જણાવેલ નારાયણ આશ્રમ વિષે વાત કરી, તે સ્થળની અસાધારણ ભવ્યતાનો ખ્યાલ આપ્યો અને ત્યાં જવાનો કોઈ પ્રબંધ ગોઠવાઈ શકે તો આપણે બધાં સાથે જઈએ એવી ઈચ્છા તેમણે વ્યકત કરી. મેં અને મારા સાથીઓ શ્રી કલ્યાણભાઈ તથા તેમનાં પત્ની સુશીલાબહેને તેમની એ વાતને પકડી લીધી. આ રીતે તેમની સાથે હિમાલયમાં ફરવા તેમ જ રહેવાનો સુયોગ ઊભો થાય તેનાથી વધારે બીજી જીવનની ધન્યતા શી હોઈ શકે એવા વિચારપૂર્વક અમે તેમની વાતને વધાવી લીધી અને એને લગતી જરૂરી તૈયારી અમે કરવા માંડી.

નારાયણ આશ્રમ જતાં પહેલાં, તે સરહદ વિસ્તારમાં આવેલું હોવાથી, ત્યાં જવા માટે ભારત સરકાર પાસેથી મંજૂરી મેળવવી પડે છે. સૌ પ્રથમ આલ્મોરા સુધી ગયા પછી લગભગ ૧૬૦ માઈલ દૂર આ આશ્રમ આવેલો છે. સામાન્ય રીતે યોગીઓ કે સાધકો સિવાય કોઈ એકલદોકલ પ્રવાસી માટે આ સ્થળે જવું આસાન નથી, પરંતુ મિત્રમંડળ હોય, સત્સમાગમ હોય તો અગવડ પણ સગવડ થઈ જાય અને જાણે કે ભકત કવિની પંકિત સાચી પડતી લાગે કે "જંગલમાં મંગલ કરી જાણે જંગલ મંગલ જેને"

આમ અમે શ્રી વિમલાબેનની છાયામાં અને શ્રી કલ્યાણભાઈ તથા સુશીલાભાભી જેમને અમે સંઘવી અને સંઘવણ તરીકે સંબોધતા તેમની સાથે યાત્રા કરવાનું નક્કી કર્યું.

વડોદરામાં વસતા શ્રી નારાયણ આશ્રમના ટ્રસ્ટીઓ પાસેથી ત્યાં કેવી રીતે જઈ શકાય અને કેટલા દિવસ લાગે વિગેરે વિગત મેળવ્યા પછી અમે તે અંગેની તૈયારી કરવા લાગ્યા. અમે કુલ સાત જણા નારાયણ આશ્રમ જવાના હતા, પરંતુ મારું કુટુંબ નૈનિતાલ જવાનું હતું, તેથી મેં એવું નક્કી કર્યું કે મેં અને મારી દીકરીએ નૈનિતાલ ન જોયું હોવાથી મારા કુટુંબ સાથે અમારે સૌથી પહેલા સીધા નૈનિતાલ જવું અને ત્યાર પછી ત્યાંથી એપ્રિલ માસની ૩૦ મી તારીખે બપોરે ૧ વાગે નારાયણ આશ્રમ જવા માટે નીકળીને ભવાલીથી અન્ય મિત્રો કે જેઓ ૨૮ મીએ અમદાવાદથી નીકળીને આવવાનાં હતાં તેઓની જોડે જોડાઈ જવું. તેથી મેં મારા પરિવાર સહિત એપ્રિલ માસની ૨૫ મી તારીખે અમદાવાદથી પ્રયાણ કર્યું અને અમે ૨૭ મીએ નૈનિતાલ પહોંચ્યાં. માર્ગમાં બાંદીકુઈ અને આગ્રા ગાડી બદલી કાથગોદામ પહોંચ્યા અને ત્યાંથી ટેકસી કરી અમે ૧૮ માઈલનો ચઢાણવાળો નૈનિતાલનો પહાડ ચઢવા લાગ્યા. પહાડ ચઢતાં જ હિમાલયની અસર વરતાવા માંડી. એકદમ હવામાન બદલાવા લાગ્યું અને ગરમીથી તપ્ત થઈ ગયેલા અને બે દિવસની કંટાળાજનક મુસાફરીને કારણે થાકી ગયેલા એવા અમને હિમાલયની ગિરિમાળા ઉપરથી આવતા શીતલ પવનનો સ્પર્શ થતાં, અમારો થાક ભૂલાઈ ગયો.

નૈનિતાલની રમણીયતા તેનાં નૈની સરોવરને આભારી છે. આખું નૈનિતાલ શહેર આ સરોવરની ચારે બાજુ પથરાયેલું છે અને તેથી તે અત્યંત રમણીય લાગે છે. આ સ્થળના હૃદયંગમ સૌન્દર્યથી આકર્ષાઈને પ્રતિવર્ષ અહીં ઘણી મોટી સંખ્યામાં સહેલાણીઓ આવે છે, અને બે ઘડી જીવનની જટિલ ઘટમાળથી મુકિત પામે છે. આ પ્રદેશ અત્યંત વિકસેલો છે અને તેના રસ્તા વિગેરે પણ સુંદર છે. અહીં દરેક પ્રકારની સુવિધા મળી રહે છે. જૂના વિભાગમાં તળની વસતિ અને નવા વિભાગમાં અદ્યતન હૉટેલો, સ્ટોરો અને નિવાસસ્થાનો આવેલાં છે. તેનું બજાર પણ સારું એવું મોટું અને વ્યવસ્થિત છે. આ નૈનિતાલ ૬૦૦૦ ફૂટની ઊંચાઈ પર છે. તેથી અહીં સામાન્ય રીતે ઠંડી સારા પ્રમાણમાં પડે છે. ચારે બાજુ પહાડ અને વચ્ચે તળાવ આવેલું હોવાથી અને અહિં જે પવન આવે છે તે આ તળાવ પર થઈને આવતો હોવાથી વાતાવરણ બપોરનાં સમયમાં પણ ઠંડુ અને આહલાદક લાગે છે.

રાત્રિની નિરવ શાંતિ પછી પ્રભાત પડતાં આખું શહેર અનેક પ્રકારની પ્રવૃત્તિઓથી ધમધમી ઉઠે છે. આમ તો જો કે અહીં આવનાર સહેલાણીઓ આરામ માટે આવે છે અને દરેક જણ પોતપોતાની રુચિ પ્રમાણે પોતપોતાનો દૈનિક કાર્યક્રમ ગોઠવી લે છે. કોઈ સવારે નૈની સરોવરમાં બોટીંગ કરવાનો કાર્યક્રમ બનાવે છે, કોઈ સરોવરની આજુબાજુ ચક્કર મારવા નીકળી પડે છે, તો કોઈ સૂર્યનાં કિરણોમાં સ્નાન કરવાનું પસંદ કરતાં પોતાની હોટલનાં આગળનાં ખુલ્લા ભાગમાં ખુરશી ખેંચી લાવી તેમાં આજુબાજુનાં સૌન્દર્યનું પાન કરતાં પડી રહે છે. નાનાં બાળકો બગીચામાં રમવા ઉપડી જાય છે તો કોઈ નજીકનાં કે દૂરનાં જોવાલાયક સ્થળો પર ચાલતાં યા ડોળીમાં કે બસમાં યા ટેકસીમાં ઉપડી જાય છે. આમ આખો દિવસ લોકો જાતજાતની પ્રવૃત્તિમાં પસાર કરે છે. આ સ્થળે આ દિવસો દરમ્યાન ઠીક ઠીક પ્રમાણમાં માનવમહેરામણ ઊભરાય છે અને લોકો જુદા જુદા સ્થળેથી આવતા હોવાથી વસતિમાં પણ વૈવિધ્ય નજરે પડે છે.

નૈનિતાલમાં જોવાલાયક બધાં જ સ્થળો ઠીક ઠીક ચઢાણ પર

છે. તેનું સૌથી ઊંચું સ્થળ ચાઈનાપીક છે, જે હવે નૈનિતાલ તરીકે ઓળખાય છે. ત્યાં સૂર્યોદય પહેલાં જઈએ તો હિમાલયની સળંગ ગિરિમાળા જોઈ શકાય છે. બ્રિટિશ સમયથી અહીં સારી એવી હાઈ-સ્કૂલો અને કૉલેજોનું નિર્માણ થયું છે. આજુબાજુથી તેમ જ દૂર-દૂરથી પણ ઘણાં છોકરા – છોકરીઓ અહીં અભ્યાસાર્થે આવે છે. આવી અત્યંત આહલાદક ભૂમિ વચ્ચે માત્ર ત્રણ જ દિવસ રહીને અમે ૩૦ મીએ સવારે ભવાલી જવાની તૈયારી કરી. અમદાવાદથી શ્રી કલ્યાણભાઈ ત્રિકમલાલ અને તેઓશ્રીનાં પત્ની, ચિરંજીવી ભાઈ શ્રીકાંત અને તેમના બહેન શ્રી પ્રભાબેન અને આબુથી પરમ પૂજ્ય શ્રી વિમલાબેન તા. ૨૮-૪-૬૭ના નીકળી અમને ૩૦ મીએ ભવાલી મળ્યાં. મારી સાથે મારી દીકરી દક્ષા પણ હતી.

ખરી રીતે તો અમારો હિમાલયના પ્રદેશમાં ભ્રમણ કરવાનો પ્રવાસ પણ અમે નૈનિતાલમાં પગ મૂક્યો ત્યારથી જ શરૂ થઈ ચૂક્યો હતો. છતાં જ્યારે અમે નારાયણ આશ્રમ તરફ પ્રવાસ શરૂ કર્યો ત્યારે જાણે હવે જ સાચો અને હેતુલક્ષી પ્રવાસ આરંભાયો એવી લાગણી હૃદયમાં ઉદ્‌ભવી. જો કે હિમાલયનાં સાક્ષાત દર્શન તો અમે આલ્મોરાથી કર્યાં, પણ તે અંગેનો સાચો ભેદ તો છેક નારાયણ આશ્રમ પહોંચ્યા ત્યારે જ ખુલ્યો. અમારી સાથે આલ્મોરા સુધી શ્રી કિશનસિંહભાઈ ચાવડા અને તેમનાં ધર્મપત્ની શ્રી સાવિત્રીબેન પણ હતાં. તે દિવસે ૩૦ મીએ રાત્રે આલ્મોરા ડાક બંગલામાં મુકામ કર્યો. આલ્મોરામાં ઠંડી સામાન્ય હોય છે. અમે જે ડાક બંગલામાં નિવાસ કરેલો ત્યાંથી હિમાલયની હિમાચ્છાદિત ગિરિમાળાઓ બહુ જ સુંદર અને વિસ્તૃત રીતે દેખાઈ આવતી હતી. હિમશિખરોનાં એટલે દૂરથી કરેલા દર્શનથી પણ મન આનંદિત થઈ ઊઠ્યું, જો કે તે વખતે તો એવી કલ્પના પણ નહોતી કે આ જ ગિરિશૃંગો જાણે હાથ લાંબો કરીને અડી શકાય તેટલા બધા નજીકથી અમે જોઈ શકીશું. અહીંથી હિમાલયનાં જે હિમશિખરો અમે જોયાં તે તો જાણે નાનાં બાળકો દૂરથી ડોકિયાં કરતાં હોય એવું જણાતું હતું.

તા. ૧-૫-૬૭ના રોજ અમે ટેક્સીમાં સવારના ભાગમાં આલ્મોરાથી લગભગ ૧૧૦ માઈલ દૂર આવેલા નારાયણનગર જવા નીકળ્યા. અમારી સાથેના સ્નેહીજનો આલ્મોરા સુધી આવેલા હોવાથી ત્યાં સુધીની તેમને માહિતી હતી. પરંતુ તેનાથી આગળનો રસ્તો કાચો છે એવી તેમને ખબર નહોતી. અમે ટેક્સી દ્વારા તે પહાડોના કાચા રસ્તા ખૂંદતા ખૂંદતા ૧૪ કલાકની સતત મુસાફરી બાદ અમે રાતે ૧૦ વાગે નારાયણનગર પહોંચ્યા.

અલ્મોરાથી નારાયણનગર જતાં પહેલા ૭૫ માઈલના અંતરે વચ્ચે પીથોરાગઢ આવે છે, જ્યાંથી પરવાનગી મેળવ્યા વગર આગળ જવાતું નથી. આમ તો આ બધો વિસ્તાર આપણી સરહદને લગતો છે અને તેથી આ માટેની પરવાનગી અમદાવાદથી અમુક સમય પહેલાં કઢાવવી પડે છે. આજથી ૧૫ વર્ષ પહેલાં તો આ પ્રદેશમાં વસતિ ઘણી ઓછી હતી, પરંતુ આપણા દેશ પર થયેલા ચીની આક્રમણ પછી આ પ્રદેશની વસતિમાં ઘણા મોટા પ્રમાણમાં વધારો થયો છે; કેળવણી પણ વધી છે અને છેલ્લા પાંચ વર્ષથી તો મોટરો, બસો વગેરે ચાલી શકે તેવા રસ્તા પણ થઈ ગયા છે. ખાસ કરીને આ પ્રદેશમાં મીલીટરીની વસતિ જ વધુ પ્રમાણમાં નજરે પડે છે, અને મીલીટરી આવતાં આ સ્થળનો વિકાસ પણ સારો થયો છે, આટલો બધો વિકાસ છેલ્લા પાંચ સાત વર્ષોમાં જ થયો છે, છતાં પણ આ રસ્તા પરથી પસાર થતાં તરત જ કલ્પના થાય છે કે દેશના જવાનોએ આવા જ પહાડી પ્રદેશોમાં થોડા સમય પહેલાં થયેલાં ચીની આક્રમણ વખતે કેવી પરેશાની ભોગવી હશે, અને ન જાણે કેટલા જવાનોને આંહિની ધરતીએ પોતાની ગોદમાં સમાવી લીધા હશે. એ વિચારતાં જ મારું મસ્તક તેઓની અદ્‌ભુત વીરતા આગળ ઝૂકી પડ્યું અને સાથે સાથે બીજી જ ક્ષણે તેઓએ પોતાના પ્રાણથી પણ અધિક પ્રિય એવી ભૂમિ માટે આપેલા નિઃસ્વાર્થ બલિદાનની યશોગાથાથી પ્રેરાઈને મારું ઝૂકેલું મસ્તક ગૌરવથી ઉન્નત બની ગયું અને મુખમાંથી અનાયાસે કોઈ દેશપ્રેમી કવિએ પોતાના બાંધવો માટે લખેલી પંક્તિઓ નીકળી પડી કે,

જેનું જીવન કુરબાને વતન થઈ જવાનું,
તે તો આ દેશનું સાચું રતન થઈ જવાનું.
બાકીનાઓની હસ્તી કે વસતિ નથી જગતમાં,
તેઓનું તો ખાલી કફનમાં જતન થઈ જવાનું.

આમ પહાડી અને પથરાળ માર્ગમાં, એક વળાંક પૂરો ન થાય ત્યાં બીજો આવે; એક પહાડ ચડો, તેની ટોચે પહોંચો અને વળી નીચે ઉતરો અને તેની ચરણરજ લઈને વળી બીજો પહાડ ચડો. એમ બસ ચારે બાજુ જ્યાં નજર નાખો ત્યાં ડુંગરા અને ખીણ અને તેની વચ્ચે વચ્ચે તેની અંદર નિવાસ કરતી પ્રજાના થોડા થોડા ઝૂંપડાં દેખાયા કરે અને પહાડોના ઢોળાવો ઉપર સુંદર રીતે ગોઠવાયેલા તેમનાં ખેતરો નજરે પડે, જાણે પહાડ ઉતરવા માટે પગથીયાં બનાવ્યાં ન હોય એવું લાગે.

ત્રણ દિવસના સતત ડુંગરાળ માર્ગના પ્રવાસ પછી બે ઘડિ એમ જ લાગતું કે શું દુનિયામાં સપાટ જમીન હશે ખરી? રહેવાના કોઈ પણ સ્થળેથી ચાર ડગલાં જવું હોય તો પણ બસ ચડાઈ જ ચડાઈ. અને નાનો અનુભવ તો અમને રાત્રે જ્યારે અમે નારાયણ નગર પહોંચ્યા ત્યારે બરાબર થયો. રાત્રે પહોંચેલાં ખૂબ થાકેલાં હોવાથી અમે જલદી ત્યાં જઈને નિરાંતે આરામ કરવાની આશામાં હતાં, પરંતુ જ્યાં ટેક્સી મૂકીને ઉપર જવા માટે જે થોડું ચઢવું પડ્યું ત્યારે જ ખ્યાલ આવ્યો કે ચડાઈ કેટલી કપરી છે. વિશેષતઃ સપાટ જમીન પર ચાલવાને ટેવાયેલા અમને આટલી નાની ચડાઈ પણ ખૂબ આકરી લાગેલી અને ત્યાંનાં પાંચ પાંચ મણ વજન લઈને હેરફેર કરતા લોકોને જોઈને અમને તેમની ખૂબ દયા આવી. પણ આ પ્રદેશમાં એ જ રોટીનું સાધન હોવાથી અમારી જેવા પ્રવાસીઓને જોતાં એ લોકોને અત્યંત આનંદ થતો હોય એમ લાગ્યું. ત્યાંની પ્રજા સાથે વાત થતી ત્યારે ત્યાંની પ્રજાનાં મોઢે એક વાત તો જરૂર નીકળતી કે "તમે સૌ નસીબદાર છો, સપાટ પ્રદેશમાં જન્મ્યા છો, અમારા દેશમાં તો બસ ચઢાઈ જ ચઢાઈ છે." એ લોકો ઘણા જ ઉદાર, આમારા માટે અત્યંત માયાળુ અને હેતાળ લાગ્યા. ત્યાં આવનાર પ્રવાસીઓનો સામાન વગેરે ઊંચકીને તેમના નિવાસસ્થાને પહોંચાડવાનું કામ પણ તેઓ ઘણા જ ઉત્સાહથી અને પ્રેમથી કરતા લાગતા.

ત્યાં ખેતીનું પ્રમાણ ઓછું અને પહાડોનાં ઢોળાવ પર કરવામાં આવે છે. તેથી ખેતી કરનારે, ઢોરોનો ચારો લાવનાર સૌને ચઢાઈ તો ચઢવી જ પડે અને એ લોકો એમ આવા ચઢાણની ટેવાયેલા પણ ખરા, તેથી તે પ્રજા માટે એ ઘણું જ સ્વાભાવિક બની જાય તેમાં નવાઈ નથી. તે લોકો પોતાનાં રહેઠાણ એ પહાડોનાં ઢોળાવ પર બાંધતા હોવાથી દૂર દૂરથી આપણને તે દસ પંદરની સંખ્યામાં હારબંધ ગોઠવાયેલા દેખાય. હાલ ત્યાં સરહદનાં રક્ષણ માટે ઘણી છાવણીઓ નંખાઈ છે. આ છાવણીઓ દૂરથી અત્યંત રમણીય લાગે છે. દૂરથી જોતાં પહાડ પરની થોડી થોડી સપાટ ભૂમિનો આપણને ખ્યાલ ન આવે, તેથી આવાં ઝૂંપડાઓ અને છાવણીઓ તે ઢોળાવવાળા પ્રદેશ પર શાના આધારે ટકી રહેલ હશે તેનું આશ્ચર્ય લાગે. અમે નારાયણનગર પહોંચ્યાં ત્યારે અમારા ત્યાંનાં નિવાસસ્થાનેથી આજુબાજુના બધા પર્વતો દૂરથી પણ સારી રીતે જોઈ શકાતા હતા, ક્યાંક ક્યાંક તો તેનાં પર છવાયેલો બરફ પણ દેખાતો હતો. પરંતુ જ્યારે ત્યાંના નિવાસી એક ભાઈએ અમને કહ્યું કે આ સામે દેખાતા પહાડોની ગિરિમાળાઓમાં તો કેટલા મોટાં મોટાં સરોવરો છે ત્યારે બે ઘડી તો અમે વિસ્મય પામી ગયાં. જ્યાં ઊભા રહી અમે પહાડો જ જોઈ શકતા હતા તેમાં એવાં વિશાળ સરોવરો હોય તે કલ્પી શકાતું નહોતું.

ક્રમશઃ

સુનંદાબહેન વહોરા

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૯ : અંક ૨૩

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, એપ્રિલ ૧, ૧૯૬૮, સોમવાર
પરદેશ માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રીઃ પરમાનંદ કુંવરજી કાપડિયા

❋ ધાર્મિક શિક્ષણ—૨ ❋

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું પ્રવચન

આજના પરિસંવાદનો વિષય છે શાળાઓ અને કૉલેજોમાં વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ આપવું કે નહિ અને આપવું તો કેવી રીતે આપી શકાય. જીવનમાં ધાર્મિક અને નૈતિક મૂલ્યોનું પ્રતિષ્ઠાપન એ સીધી રીતે આજના પરિસંવાદનો વિષય નથી; જો કે પરોક્ષ રીતે એનો વિચાર એમાં રહ્યો જ છે.

મહાવીર જૈન વિદ્યાલયમાં ધાર્મિક શિક્ષણ ફરજિયાત આપવામાં આવે છે, અન્ય જૈન વિદ્યાલયોમાં તેવું નથી. એ દૃષ્ટિએ પણ આ વિષય વિચારણા માગે છે.

આ વિષયને સમજવા માટે ધાર્મિક શિક્ષણ એટલે શું અને આ પ્રશ્ન કેમ ઉદ્‌ભવ્યો તે સંક્ષેપમાં જોવું જોઈશે.

વિદ્યા વિષે આપણે કહીએ છીએ **'सा विद्या या विमुक्तये'** અથવા **'अमृतं तु विद्या.'** વિદ્યા અમૃત છે અથવા તે જ વિદ્યા છે જે વિમુક્તિ આપે. મુંબઈ યુનિવર્સિટીનો મુદ્રાલેખ છે: **'शीलवृत फला विद्या.'** વિદ્યાનું ફલ શીલ છે, ચારિત્ર્ય છે. વ્યવહારિક શિક્ષણ, ઈતિહાસ, ગણિત, વિજ્ઞાન વિગેરે અમુક વિષયોનું જ્ઞાન છે, પણ આવા જ્ઞાન સાથે વિદ્યાર્થીનું ચારિત્ર્યઘડતર થાય, નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો પોતાના જીવનમાં તે વણી લે એવી અપેક્ષા આપણે રાખીએ છીએ. આ જ સાચી વિદ્યા છે અને આવી વિદ્યાનો અભાવ હોય તો અમુક વિષયોનું જ્ઞાન ગમે તેટલું મળ્યું હોય તો પણ ઘડતર નથી થયું એમ માનીએ છીએ. વિદ્યાર્થીકાળમાં, વ્યવહારિક શિક્ષણ સાથે આવી કેળવણી - વિદ્યા, વિદ્યાર્થીને મળવી જોઈએ અને તો જ તેનો સર્વાંગી વિકાસ થયો ગણાય અને વિદ્યાર્થી Integrated personality થાય.

શાળાઓ અને કૉલેજોમાં હાલ જે રીતે શિક્ષણ અપાય છે અને ત્યાં જે સ્થિતિ પ્રવર્તે છે તેમાં આવી વિદ્યાનો સર્વથા અભાવ છે એમ આપણે જોઈએ છીએ. વિદ્યાર્થીઓમાં અશિસ્ત, તોફાનો, અસ્થિરતા, વિગેરે જોઈએ છીએ તેનું કારણ આવી સાચી વિદ્યાનો અભાવ હોય એમ આપણને લાગે છે. આના ઘણાં કારણો છે, તેની ચર્ચામાં નહિ ઉતરું, પણ ધાર્મિક શિક્ષણનો પ્રશ્ન આ ભૂમિકામાંથી ઉદ્‌ભવ્યો છે તે જાણવું જરૂરી છે.

અંગ્રેજો ભારતમાં આવ્યા તે પહેલાં આપણી જે શિક્ષણપદ્ધતિ હતી તેમાં વ્યવહારિક શિક્ષણ અને ધાર્મિક શિક્ષણ એવા ભેદ ન હતા. પાઠશાળામાં, ગુરુકળમાં અથવા મદ્રેસામાં અભ્યાસ કરતો વિદ્યાર્થી વ્યવહારિક શિક્ષણ સાથે ધાર્મિક શિક્ષણ મેળવતો. અંગ્રેજો સાથે ખ્રીસ્તી પાદરીઓ પણ આવ્યા, તેમણે શાળાઓ સ્થાપી. તેમાં ખ્રીસ્તી ધર્મનું શિક્ષણ આપવામાં આવતું. કેટલેક અંશે તેમાં ધર્માન્તર કરાવવાની પ્રવૃત્તિ હતી. અંગ્રેજોએ રાજ્યકર્તા તરીકે શાળાઓ અને કૉલેજો અને વિદ્યાલયો-યુનિવર્સિટીઓ - સ્થાપી તેમાં ધાર્મિક શિક્ષણ આપવું કે નહિ તે પ્રશ્ન થયો. તેના ઉપર વિચાર પણ કરવામાં આવ્યો અને નિર્ણય થયો કે ધાર્મિક શિક્ષણ સંબંધે તટસ્થતાની નીતિ સ્વીકારવી અને રાજ્યની શાળાઓ અને કૉલેજોમાં કોઈ ધાર્મિક શિક્ષણ ન આપવું.

રાજકીય સ્વાતંત્ર્ય પછી રાજ્યનું બંધારણ ઘડવાનો સમય આવ્યો ત્યારે આ પ્રશ્ન ઉપર ગંભીર વિચારણા કરવી પડી. આ રાજ્ય Secular—બીન સાંપ્રદાયિક—રહેશે તે સ્વીકાર્યું. એમાં કોઈ એક ધર્મને રાજ્યધર્મ તરીકે સ્વીકારવામાં નહિ આવે. પરિણામે બંધારણમાં પ્રબંધ થયો કે રાજ્ય તરફથી ચાલતી શિક્ષણસંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ નહિ અપાય અને રાજ્યની મદદથી ચાલતી શિક્ષણસંસ્થાઓ ફરજિયાત ધાર્મિક શિક્ષણ આપી નહિ શકે.

પણ ધાર્મિક શિક્ષણ એટલે શું? ધાર્મિક શિક્ષણનો અર્થ અહીં મોટે ભાગે સાંપ્રદાયિક શિક્ષણ થાય છે—કોઈ એક ખાસ ધર્મની માન્યતાઓ અને તેના વિધિવિધાનો અને આચારપ્રણાલિકાઓનું શિક્ષણ. ધર્મ એટલે અહીં Established church અને ધાર્મિક શિક્ષણ એટલે એ church—સંપ્રદાયની Believs and Rituals—માન્યતાઓ અને અનુષ્ઠાનો. આવું શિક્ષણ બીનસાંપ્રદાયિક રાજ્યની શિક્ષણ સંસ્થાઓમાં ન જ આપી શકાય તે સ્પષ્ટ છે.

પણ ધાર્મિક શિક્ષણનો બીજો વ્યાપક અર્થ, નૈતિક શિક્ષણ—moral education—જીવનનાં નૈતિક મૂલ્યોની સમજણ. આવા શિક્ષણનો અભાવ હોય તો પરિણામ ભયંકર આવે અને આજે તે આપણે જોઈએ છીએ. તેથી સરકાર જાગી અને શિક્ષણસંસ્થાઓમાં આવું શિક્ષણ આપવું કે નહિ અને તે કેવી રીતે, તેનો ગંભીરપણે વિચાર શરૂ થયો. ડૉ. રાધાકૃષ્ણનના પ્રમુખપદે એક Education commission નિમાયું હતું, તેણે આ બાબત વિચાર કર્યો. ત્યાર પછી આ જ વિષયને માટે શ્રી શ્રીપ્રકાશના પ્રમુખપદે એક કમિટી નીમી. હમણાં બીજું Education commission ડૉ. કોઠારીના પ્રમુખપદે નિમાયું હતું. તેણે પણ આ વિષયમાં વિચારણા કરી. પણ કોઈ સ્પષ્ટ માર્ગદર્શન મળી શકયું નથી અને સરકારે કોઈ નિર્ણય કર્યો નથી.

નૈતિક શિક્ષણ અને ઊંડા અર્થમાં ધાર્મિક શિક્ષણ ભિન્ન છે. નૈતિક શિક્ષણ સામાજીક વ્યવહાર માટેની આચારસંહિતા છે. માણસ ઊંડું ચિન્તન કરે તો જીવ, જગત અને ઈશ્વર વિષે પણ તેણે કાંઈક વિચારવું પડે: હું કોણ છું, આ વિશ્વ સાથે મારો સંબંધ શું છે અને અંતે મારું શું થવાનું છે એ વિષે પણ કાંઈક માન્યતા અને શ્રદ્ધા કેળવવી પડે. નૈતિક વર્તનની તાત્ત્વિક ભૂમિકા શોધવી પડે. વિવિધ ધર્મોએ આ પ્રશ્નો વિષે ચિન્તન કર્યું છે અને ચોક્કસ માન્યતાઓ સ્વીકારી છે—જે તે તે ધર્મના અનુયાયીઓ શ્રદ્ધાથી અપનાવે છે.

રાધાકૃષ્ણન કમિશને છેવટે આટલી ભલામણો કરી છે: (૧) દરેક શિક્ષણસંસ્થામાં પ્રાર્થનાથી કાર્યનો પ્રારંભ કરવો. (૨) સંત પુરુષોના જીવનચરિત્રો શીખવવા (૩) સત્‌શાસ્ત્રોના પસંદ કરાયેલા ભાગો-

નું શિક્ષણ આપવું (૪) વિવિધ ધર્મોનો ઈતિહાસ અને તેનાં તત્ત્વજ્ઞાનનું શિક્ષણ આપવું–history and philosophy of religion.

શ્રી કીપ્રકાશ કમિટીએ અને કોઠારી કમિશને લગભગ આ જ ભલામણોનું સમર્થન કર્યું છે.

સરકારે કોઈ નિર્ણય કર્યો નથી અને આ ભલામણોનો કોઈ અમલ થયો નથી.

પરિણામ ખેદજનક–અને આ દિશામાં કાંઈ સક્રિય પગલા નહિ લેવાય તો–વિશેષ હાનિકારક નીવડશે.

આ કમિશનોએ બીજી પણ એક અગત્યની બાબત ઉપર ભાર મૂકયો છે.

ચારિત્ર્યઘડતરનો આધાર માત્ર શાળા કે કૉલેજમાં મળતું શિક્ષણ નથી, પણ ગૃહનું વાતાવરણ અને સામાજિક પરિસ્થિતિ પણ અગત્યનો ભાગ ભજવે છે. કુટુમ્બજીવન અસ્તવ્યસ્ત હોય, સમાજમાં નૈતિક મૂલ્યોની કોઈ કિંમત રહી ન હોય તો વિદ્યાર્થીના માનસ ઉપર તેના પ્રત્યાઘાતો પ્રબળ પડે છે, છતાં પણ શિક્ષણસંસ્થાઓ અને શિક્ષકો ભગીરથ પ્રયત્ન કરી, ભાવિ પ્રજાને બચાવી શકે તેમ છે.

આવા વિશાળ અર્થમાં નૈતિક અને ધાર્મિક શિક્ષણની આપણે ચિન્તા કરી નથી. આપણે તો ધાર્મિક શિક્ષણ એટલે સાંપ્રદાયિક શિક્ષણ એમ જ સમજ્યા છીએ. વિદ્યાલયના વિદ્યાર્થીને જૈન ધર્મના સંસ્કાર મળે એમ ઈચ્છીએ છીએ, પણ કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઉપર પ્રભાવ પાડી શકે અને વ્યાપક અર્થમાં જૈન ધર્મનું જ્ઞાન આપી શકે એવા શિક્ષકો ક્યાં છે? આવા જ્ઞાન પ્રત્યે તેને અભિરુચિ થાય તે માટે વર્તમાન જીવનની સમસ્યાઓમાં જૈન દર્શન શું માર્ગદર્શન આપે છે તે સમજાવવું પડે. અન્ય ભારતીય દર્શનો અને વિજ્ઞાનની ભૂમિકા લક્ષમાં લેવી પડે. રૂઢ પ્રણાલિકા મુજબ કેટલાક પુસ્તકો કે અભ્યાસક્રમ મુજબ શિક્ષણ લેવાની ફરજ પાડીએ અને તેથી સંતોષ માનીએ તો કદાચ સાચા ધર્મ પ્રત્યે અભિરુચિ અને શ્રદ્ધા થવાને બદલે અણગમો થાય. ઘરે આપણે જે આચારો પાળતા ન હોઈએ તે વિદ્યાર્થીઓ પાસે ફરજિયાત પળાવીને સંતોષ માનીએ તો કદાચ ભ્રમમાં રહીશું. અલબત્ત, દરેક વ્યકિતને પોતાના ધર્મનું જ્ઞાન, તેના આચારવિચારનું શિક્ષણ અને સમજણ મળવા જ જોઈએ અને કૉલેજો અને શાળાઓમાં થઈ ન શકે તે આવા વિદ્યાલયો કરી શકે પણ તે માટેનું વાતાવરણ સર્જવું જોઈએ અને યોગ્ય શિક્ષકો જોઈએ. તેમ જ સંચાલકોમાં દીર્ઘદૃષ્ટિ અને ઉદાર ભાવના હોય અને વિદ્યાર્થીઓ સાથે ગાઢ સંપર્ક અને પ્રેમમય વર્તન હોય તો ઘણું સારું પરિણામ લાવી શકાય.

જૈન વિદ્યાલયોમાં ધાર્મિક શિક્ષણનો પ્રશ્ન ગંભીર વિચારણા માગે છે. મારું નમ્ર સૂચન છે કે આવા વિદ્યાલયોના સંચાલકો સાથે મળી આ વિષે વિશદ થી વિચારે એ જરૂરનું છે.

ચીમનલાલ ચકુભાઈ શાહ

પ્રો. ગૌરીશંકર ઝાલાનો ઉપસંહાર

શ્રી પૂર્ણિમાબહેને તાત્ત્વિક જીવનદર્શનની દૃષ્ટિએ ધર્મની માનવજીવનમાં અનિવાર્યતા અને ધાર્મિક એટલે આધ્યાત્મિક ભાવનાના વિકાસ વિના માનવવ્યકિતના વિકાસની અપૂર્ણતા સમજાવી. શ્રી ચીમનભાઈએ આ પ્રશ્નને રાષ્ટ્રીય દૃષ્ટિએ ચર્ચ્યો અને અત્યારસુધી ધાર્મિક શિક્ષણની અગત્યતા સ્વીકારીને એ શિક્ષણના પ્રકાર અને ઉપાયની યોજનાના પ્રશ્ન વિષે એક પછી એક કમિશનદ્વારા માર્ગદર્શન મેળવવા ભારત સરકારે પ્રયત્નો કર્યા છે તે સમજાવ્યું. આપણે સિદ્ધાન્તની દૃષ્ટિએ આ પ્રશ્ન અહીં ચર્ચવાનો નથી; વિજ્ઞાનની સિદ્ધિઓ અને મર્યાદાઓને આધૂરીરીતે સમજનારો એવો બહોળો સમુદાય છે, જે ધાર્મિક કે આધ્યાત્મિક જીવનદૃષ્ટિનો ઈન્કાર કરે છે. આપણે બિનસાંપ્રદાયિક–Secular–રાજનીતિ અપનાવી છે, જેમાં રાજ્યતંત્ર તરફથી કોઈ એક કે અનેક સંપ્રદાયનો પુરસ્કાર કે સમર્થન કરતાં બધા સંપ્રદાયો તરફ તટસ્થ કે ઉદાસીનવૃત્તિની નીતિ સમાયેલી છે.

કેવળ વ્યાવહારિક દૃષ્ટિએ જોઈએ અને ધાર્મિક એટલે કે સાંપ્રદાયિક શિક્ષણ એ અર્થદર્શન કરીએ તો શાળા - કૉલેજમાં અનેક સંપ્રદાયના વિદ્યાર્થીઓને પોતપોતાના ધાર્મિક સંપ્રદાયનું જ્ઞાન આપવું એવો અર્થ થાય. આ કાર્ય આજની પરિસ્થિતિમાં કેટલું દુર્ઘટ છે તે અત્યન્ત સ્પષ્ટ છે. મહાવીર જૈન વિદ્યાલય જેવી એક જ સંપ્રદાયને પુરસ્કારતી સંસ્થા હોય તો એક જ સંપ્રદાયનું શિક્ષણ આપવાનું રહેતું હોવાથી ઘણી સરળતા આવે પણ આવી સંસ્થાઓ માટે આજના વૈજ્ઞાનિક યુગમાં શિક્ષણના વિષય અને પ્રકારનો પ્રશ્ન અત્યન્ત વિકટ રહેવાનો. સંપ્રદાયની પરંપરા પ્રમાણે અક્ષરશ: શિક્ષણ આપવાનો પ્રયાસ કરાય તો જેટલા અંશે બુદ્ધિગમ્ય અંશો હોય તેટલા અંશે વિદ્યાર્થીઓ અભિમુખ બને; પણ બુદ્ધિવિસંગત કે વિરોધી લાગતા અંશોમાં તેમને શ્રદ્ધા ન બેસે એ એટલું જ દેખીતું છે. બીજું, પોતાના ધર્મનું જ શિક્ષણ પામતો વિદ્યાર્થી અન્ય ધર્મ કે સંપ્રદાય પ્રત્યે તિરસ્કારથી ન જૂએ એટલું જ નહીં, ઉદાસીન ન રહે એટલું જ નહીં, પણ સમભાવ કેળવતાં શીખે એ પણ આજે આવશ્યક છે.

આજે જ્યારે સમન્વયની અને માનવધર્મની વાતો કરીએ છીએ તે સમયે સાંપ્રદાયિક શિક્ષણ આપવું અયોગ્ય છે એમ માનવા આપણે પ્રેરાઈએ. પણ સમન્વય કે માનવધર્મની ભાવના પણ દરેકે દરેક વ્યકિતએ સ્વીકારવાની, સમજવાની અને કેળવવાની છે. જો પોતપોતાના સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાન્તોનું રહસ્ય વિદ્યાર્થીને તર્કસંમત રીતે સમજાવાય અને અન્ય ધર્મ કે સંપ્રદાયના પણ એવા જ મૂળભૂત સિદ્ધાન્તોનું વિવરણ કરવામાં આવે તો અન્તિમ માનવજીવનનાં મૂલ્યોનો જૂદે જૂદે રૂપે વિદ્યાર્થીને પરિચય મળે અને એ માર્ગે ક્રમશ: એ સમન્વયદૃષ્ટિવાળા કેવળ ધાર્મિક નહીં પણ સાચી દૃષ્ટિએ આધ્યાત્મિક બને.

છેલ્લે ધર્મનું જ્ઞાન નાનાંમોટાં પુસ્તકો વંચાવવાથી મળે, પણ ધાર્મિક વૃત્તિ–આધ્યાત્મિક વૃત્તિ–આચરણ દ્વારા જ કેળવાય. આને માટે કેવળ બૌદ્ધિક જ્ઞાનવાળા તે તે વિષયના તદ્‌વિદોનો અધિકાર બહુ ઓછો ગણાય. વિચાર અને આચારમાં જીવનમૂલ્યોને ઉતારે એવા 'આચાર્યો' જ અધિકારી ગણાય.

સમાપ્ત. ગૌરીશંકર ચુ. ઝાલા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની તા. ૨૧-૩-૬૮નાં રોજ મળેલી કાર્યવાહક સમિતિમાં સર્વાનુમતે પસાર થયેલ ઠરાવ.

અંતરીક્ષજી તીર્થ

અંતરીક્ષજી તીર્થ સંબંધે ભારે ઉશ્કેરણીભર્યું વાતાવરણ સર્જાઈ રહ્યું છે તે વિષે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ઊંડી ચિન્તા સેવે છે. આ તીર્થ, શ્વેતામ્બર મૂર્તિપૂજક અને દીગમ્બર બન્ને માટે પવિત્ર છે. આ તીર્થનો કબજો મેળવવા અને વહીવટના હકકો પ્રાપ્ત કરવા, બન્ને પક્ષો વચ્ચે ૫૦ વર્ષથી કોર્ટ–કચેરીના ઝઘડા રહ્યા છે, છતાં વિખવાદનો અંત આવ્યો નથી. તાજેતરમાં તા. ૩ નવેમ્બર ૧૯૬૭ના રોજ જે ઘટના બની એ સમસ્ત જૈન સમાજ માટે ખેદ અને દુ:ખનો વિષય છે અને આવા બનાવ માટે જવાબદાર વ્યકિતઓ માટે શરમજનક છે.

આ ઘટનાની જાતતપાસ કરવા બન્ને સમાજના આગેવાનો તીર્થ સ્થળે જઈ આવ્યા ત્યારે, જૈન સમાજ એમ આશા રાખતો હતો કે આગેવાનો સાથે બેસીને આ ઝઘડાનું નિરાકરણ કરશે. દુર્ભાગ્યે તેમ થવાને બદલે બન્ને પક્ષે કેટલીક વ્યકિતઓ તરફથી ઝેરીલો પ્રચાર અને ઉશ્કેરણી થઈ રહ્યાં છે! મુનિરાજો સમતાપૂર્વક અને ધીરજથી જનતાને સાચું માર્ગદર્શન આપશે એ આશા નિષ્ફળ ગઈ છે. અહિંસા અને અનેકાન્તવાદ જે ધર્મનો પાયો છે તે ધર્મને નામે આ બધું થઈ રહ્યું છે, જેને પરિણામે જૈન સમાજનો ઉપહાસ અને જૈન ધર્મની ગ્લાનિ જ થયા છે.

કોર્ટ–કચેરીમાં લાખો રૂપિયા ખર્ચ કરીને, અથવા ઉશ્કેરણીભર્યા માર્ગોથી અથવા રાજ્યની દરમ્યાનગીરી કે લાગવગના ઉપયોગથી, આવા ઝઘડાનો સુખદ અંત કોઈ દિવસ ન આવે એ હકીકત આપણે બરાબર સમજી લેવી જોઈએ. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દૃઢતાથી માને છે કે સાથે બેસીને ઉદારતાથી સમાધાન કરવું એ એક જ માર્ગ છે અને તે જ કાયમી ઉકેલ છે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બન્ને સમાજના આગેવાનોને આગ્રહભર્યો અનુરોધ છે કે સમાજનું કલ્યાણ લક્ષમાં રાખી, સમાધાનનો માર્ગ અપનાવે, તેમ જ સમાજના ભાઈઓ અને બહેનોને વિનંતિ છે કે ઉશ્કેરણીનો માર્ગ છોડીને, સમાજમાં શાન્તિ સ્થપાય અને સહકાર અને પ્રેમનું વાતાવરણ સર્જાય એવા પ્રયત્નોમાં જ પોતાનો સાથ આપે.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ.

☆ સ્વામી ભાવનાશીલજીનું દુઃસ્વપ્ન ☆

સ્વામી ભાવનાશીલજીના શુભનામથી ભારતમાં, બલકે આખા જગતમાં ભાગ્યે જ કોઈ અજ્ઞાત હશે. એમના પરમપૂજ્ય ગુરુ સ્વામીશ્રી સર્વશક્તિમાનજીએ જ્યારે દેહત્યાગ કર્યો ત્યારે એમના આ પટ્ટશિષ્યના દેહમાં જ ગુરુનો પુનર્જન્મ થયેલો. અને એ દ્વારા એમણે પુનઃ અવતાર લીધો. આમ એક દેહમાં બે આત્માઓ વસી ગયા.

ગુરુસ્વામીનું અવસાન (અથવા તો રૂપાન્તર) અમેરિકાના લાસ વેગાસ શરીરમાં થયેલું, જ્યાં જુગાર, શરાબ, વ્યભિચાર ઈત્યાદિ અનિષ્ટોનો નાશ કરવા અને પોતાના સંપ્રદાયનો પ્રચાર કરવા પોતે પધારેલા. પરંતુ ત્યાં એક ફેશનેબલ હોટેલમાં રાતની મિજબાની (banquet) પછી તેઓ પ્રવચન કરતા હતા ત્યારે અચાનક બેશુદ્ધ થઈ ગયા અને એમને બીજા ખંડમાં લઈ ગયા. ત્યાંથી એમના ભક્તો વારંવાર આવીને અતિથિઓને 'માઈક' દ્વારા સમાચાર આપતા કે 'પૂજ્ય સ્વામી ઊંડા ધ્યાનમાં નિમગ્ન છે' અથવા તો 'એ મહાન આત્મા હજી સમાધિ કરી રહ્યા છે' છતાં સ્વામીજીએ તો સ્થૂળ દેહ તજી દેવાનો મનમાં સંકલ્પ કરેલો જ, એટલે એ ગાઢ સમાધિમાંથી જાગૃત થયા નહિ; પરંતુ એ પછી પણ એમના દેહમાંથી અદ્‌ભુત તેજ નીકળતું અને સાથે સાથે ગુલાબના અત્તર જેવી સુવાસ આવતી હતી.

આવા અમરત્વ પામેલા પુણ્યાત્માની સર્વસિદ્ધિ, એમનું પાંડિત્ય અને એમની પવિત્રતા, એમના પરમ શિષ્યને એઓશ્રી અર્પણ કરતા ગયા. ગુરુનો અગ્નિસંસ્કાર થતાંની સાથે જ સ્વામીશ્રી ભાવનાશીલજીના મુખ પર નવું તેજ દેખાયું, એમની વાચા અધિક વિશદ અને વેધક બની ગઈ, એમનો પ્રભાવ સહસ્રગણો વધી ગયો. એમનાં પ્રવચનો સાંભળવા, માત્ર એમના દર્શન કરવા પણ હજારો માણસો સેંકડો માઈલથી આવવા લાગ્યા. એમના આશ્રમની કીર્તિ દેશપરદેશમાં પ્રસરી ગઈ. અમેરિકા, બ્રાઝીલ ફ્રાન્સ, નાઈજીરીયા, ઑસ્ટ્રેલિયા, ફીલીપાઈન્સ, ફીજી વગેરે દેશોમાંથી નિમંત્રણ આવ્યાં, એટલે અત્યન્ત અનિચ્છા છતાં, આ અને બીજા દેશોનો એમણે પ્રવાસ કર્યો. રેડિયો અને ટેલિવિઝન ઉપર એમનાં વ્યાખ્યાનો લાખોએ સાંભળ્યા અને એમની અપ્રતિમ પ્રતિમા જોઈ મુગ્ધ બનેલા લોકોને મુખ્યત્વે યુવતીઓને, ગૃહસંસારમાં દુઃખી થયેલી સ્ત્રીઓને તેમ જ વિધવાઓને એમણે ખૂબ પ્રેરણા આપી. યુવકોનો હૃદયપલટો કરી દીધો, વૃદ્ધોને નવજીવનનો ઉત્સાહ આપ્યો, પશ્ચિમના જડવાદી જીવનમાં ખળભળાટ કરી મૂકયો.

આટલી કીર્તિ છતાં પોતે સ્થિતપ્રજ્ઞ રહ્યા. મોંઘામાં મોંઘી હોટેલોમાં રહેવા છતાં અંતરની સાદાઈ ગુમાવી નહિ. 'નાઈટ કલબો'માં જવા છતાં સંયમની વિશિષ્ટતા ભૂલતા નહિ. જ્યારે એ ધ્યાન ધરતા ત્યારે કેટલી યે રાત નિદ્રા ન લેતા, દિવસો સુધી અન્નનો સ્પર્શ કરતા નહિ.

એક રાતે એમના એક પરમ પ્રિય ભક્તને ઘેર મિષ્ટાન્ન ખાધેલું. એ મોડી રાતે એક વિચિત્ર અને મૂંઝવે એવું સ્વપ્ન એમને આવ્યું.

એ સ્વપ્નમાં એમનું પોતાનું મૃત્યુ થયેલું જોયું અને પોતે સ્વર્ગે સિધાવે છે એમ પણ દેખાયું. એમને તો જીવનમાં તેત્રીસે કરોડ દેવોનો સાક્ષાત્કાર થઈ ગયેલો અને એક વાર નાયગરાના ધોધ પાસે પરશુરામનાં પણ દર્શન તેમને થયેલાં એટલે એમને તો પૂરો વિશ્વાસ હતો કે સ્વર્ગનાં દ્વાર એમના પહોંચવાની સાથે જ આપોઆપ, યાંત્રિક ત્વરાથી ખૂલી જશે; અને ઈન્દ્ર, ઈન્દ્રાણી અને અપ્સરાઓને ત્વરાથી મળી શકાશે.

પરંતુ સ્વર્ગના દ્વાર દ્વારપાલે એમને રોકયા, અને જરા તોછડાઈથી પૂછયું: "તું કોણ છે?" સ્વામીજીએ આવો અવિનય દિલ્હીમાં મંત્રીઓના સેક્રેટરી કે પટાવાળાઓમાં જોયો હતો. આશ્ચર્ય સાથે એમને સહેજ રોષ થયો. પરંતુ લાગણીને વશ થયા વિના એમણે ઉત્તર દીધો: 'હું મનુષ્ય છું, ઈશ્વરનો પરમ ભકત છું. ચાળીસ, પીસ્તાળીશ વર્ષો સુધી મેં એની ઉપાસના કરી છે, સ્તુતિ કરી છે અને એમના વિશે દુનિયામાં ચોમેર પ્રચાર કર્યો છે!"

દ્વારપાલે કુતુહલથી પ્રશ્ન કર્યો: "મનુષ્ય? મનુષ્ય એટલે? તારા જેવું વિચિત્ર, તુચ્છ પ્રાણી વળી ઈશ્વરની કીર્તિ કેવી રીતે પ્રસરાવી શકે?'

સ્વામીજીએ ઉત્તર આપ્યો: "મનુષ્ય એટલે શું એ તમે નથી જાણતા? ઈશ્વરનું ઉત્કૃષ્ટ સર્જન મનુષ્ય છે. પૃથ્વી પર જ્યારે જ્યારે અધર્મ પ્રવર્તે છે ત્યારે ત્યારે ઈશ્વર મનુષ્યરૂપે જ અવતાર લે છે. રામચન્દ્ર, શ્રીકૃષ્ણ એ જ પ્રમાણ થઈ ગયાં."

દ્વારપાલ કઠોર હતો, પણ એનાથી સ્મિત કર્યા વિના ન રહેવાયું. 'પૃથ્વી એટલે?' એણે પૂછયું.

સ્વામીજીએ કહ્યું: પૃથ્વીથી પણ તમે અજ્ઞાત છો? બ્રહ્માંડનું સર્જન તો બ્રાહ્માએ જ કર્યું હતું એમ શાસ્ત્રોએ પ્રતિપાદન કર્યું છે.' આ બોલતાં એ ગળગળા થઈ ગયા.

દ્વારપાલે કહ્યું: "તને માઠું લાગ્યું હોય તો હું દિલગીર છું, પરંતુ તું જે કહે છે એ વિશે હું સાવ અજ્ઞાત છું. 'મનુષ્ય' એટલે શું એ અહીં કોઈ પણ જાણતું હોય એમ હું ધારતો નથી. પરંતુ તારું મન હું દુઃભવવા નથી માગતો. અમારે ત્યાં એક સંશોધન વિભાગ છે એમાં ગ્રંથાલય છે. એના ગ્રંથપાલને હું બોલાવી લાવું. એને કદાચ ખબર હશે કે 'મનુષ્ય' શું ચીજ છે.'

ગ્રંથપાલને સહસ્ર આંખો હતી, પણ મુખ એક જ હતું. એમાંની થોડી આંખો સ્વામીજી પર તાકીને એણે દ્વારપાલને પૂછયું: "આ શું છે?'

દ્વારપાલે જવાબ દીધો: 'આ કહે છે કે કોઈ મનુષ્યજાતિ છે એમાંનું એક એ છે. એ પૃથ્વી નામના સ્થળ પર રહે છે. એનું કહેવું છે કે વિશ્વનિયંતા અને મનુષ્યજાતિ વચ્ચે નિકટનો સંબંધ છે અને મનુષ્યજાતિના હિત - અહિતમાં, એની પૃથ્વી બનાવવામાં વિધાતા કોઈ કારણસર રસ લે છે. તો આપ આ વિશે કંઈ જાણતા હશો એમ માનીને આપને તકલીફ આપી છે. આપ આવા ગહન વિષયોમાં પારંગત છો તો મને કે એને સમજાવી શકશો.'

ગ્રંથપાલે માથાથી સ્વામીજીને પ્રશ્ન કર્યો: "આ 'પૃથ્વી' જેને વિશે તમે ઉલ્લેખ કરો છો એ કયાં આવી?"

સ્વામીજીને આ પ્રશ્નથી આઘાત થયો, પરંતુ કંઈ પણ લાગણી દેખાડયા વગર વિદ્વાનને ઉચિત ત્વરાથી ઉત્તર આપ્યો; "કેમ વળી, આપ જાણતા નથી કે સૂર્યમંડળનો એ એક ગ્રહ છે?

પરંતુ ગ્રંથપાલે પૂછયું: "એમ? પણ સૂર્યમંડળ શું છે?"

સ્વામીજી આ પ્રશ્નથી વિમાસણમાં પડયા. આમ એ અર્વાચીન, પાશ્ચાત્ય ખગોળશાસ્ત્રને સ્વીકારતા નહોતા; બલકે, એ માનતા કે પૃથ્વીની આસપાસ સૂર્ય પ્રદિક્ષણા કરે છે. ગ્રહણને સમયે રાહુ અને કેતુ નામના બે દૈત્યો સૂર્ય - ચન્દ્રનો ગ્રહણને સમયે વિનાશ કરવા મથે છે, પણ ભાવિકોના ફરાળવાળા ઉપાસને પરિણામે જ નિષ્ફળ નીવડે છે; નક્ષત્રો અને ગ્રહોની મનુષ્યનાં વર્તન અને ભાવિ પર સબળ અસર થાય છે અને ઉપવાસ, બ્રાહ્મણોને દાન ઈત્યાદિ વડે એના ઉપાય લેવાય છે; તેમ જ જ્યોતિષના મૂળ સિદ્ધાન્તો વગર સૃષ્ટિનું ચક્ર થંભી જવા સંભવ છે. આ પાશ્ચાત્ય વિજ્ઞાન પણ આ સૂત્રો સ્વીકારે છે એમ એમણે ભારતમાં અનેક વ્યાખ્યાનોમાં પુરવાર કરી આપ્યું હતું. છતાં પણ વિજ્ઞાનનું અજ્ઞાન સ્વીકારવા એ તૈયાર નહોતા. એથી એમણે કહ્યું: "હું તો ધર્મ, નીતિ અને અધ્યાત્મવાદનો અભ્યાસી અને પ્રચારક છું, જે પ્રશ્ન આપ મને પૂછો છો એ અપરિચિત, અસંસ્કૃત, નાસ્તિક વિધાનો છે. પણ, ખગોળશાસ્ત્રના જાણકાર

મારા મિત્રો કહે છે કે સૂર્યમંડળ આકાશગંગામાં આવેલું છે એને ઓળંગીને જ હું અહીં સ્વર્ગને દ્વારે પહોંચ્યો છું એમ ધારું છું"

'ત્યારે આ આકાશગંગા કયાં છે, શું છે?' ગ્રંથપાલે ફરી પ્રશ્ન કર્યો. "આકાશગંગા અસંખ્ય તારાવિશ્વોમાંની એક છે. અબજો તારાઓ આકાશમાં પથરાયેલા છે એમાં એ વસેલી છે.' સ્વામીજીએ ધીમેથી કહ્યું. 'અગણિત તારાઓમાં વસેલા એક એવા ઝુમખાનું મને સ્મરણ નથી. એટલી નાની બીના, સ્થાન, જે કહો તે યાદ પણ કેમ રહે? પણ મારા હાથ નીચે એક ઉપ - ગ્રંથપાલ કામ કરે છે એણે આવાં તારાવિશ્વોનો વિશેષ અભ્યાસ કર્યો છે, એને બોલાવું. એ કદાચ કહી શકશે કે તમારું પેલું સૂર્યમંડળ કયાં છે.'

થોડી વારમાં તારાવિશ્વના જ્ઞાનમાં નિષ્ણાત ઉપ-ગ્રંથપાલ આવી પહોંચ્યા, એમને બાર માથાં હતાં પણ એ બધાં ચોરસ હતાં. એમની આકૃતિ એવી ભયાનક હતી કે સ્વામીજી, જે એમના અનુયાયીઓને નિર્ભયતાનો ઉપદેશ આપતા, એ પણ ક્ષણભર કંપી ગયા. હજારો વર્ષોના વાંચનને લીધે એ પંડિતની આંખો કપાળમાં ઊંડી ઊતરી ગઈ હતી અને અનેક પુસ્તકોની ધૂળનો ઢગલો એમના વાળમાં હતો. ગ્રંથપાલે સમજાવ્યું કે પોતાનું અસ્તિત્વ સિદ્ધ કરવા 'મનુષ્ય' કહેવાતી આ વસ્તુએ તારાવિશ્વનો ઉલ્લેખ કર્યો હતો, એટલે પુસ્તકો કે 'ફાઈલો' માંથી આવા કોઈ વિશ્વ વિશે માહિતી મળે તો આની ઉપર કંઈ પ્રકાશ પડે.'

'તારાવિશ્વો તો અનેક છે', જરા કર્કશ સ્વરે ઉપ - ગ્રંથપાલે કહ્યું, 'દરેકને વિશે એક વિસ્તીર્ણ મહાપુસ્તક છે. એટલે એક અમુક, ચોક્કસ તારાવિશ્વને શોધતાં તો ઘણો લાંબો સમય લાગશે. આ જન્તુને કયા તારાવિશ્વ વિશે જાણવું છે?'

અચકાતાં, ગભરાતાં, સ્વામીજીએ ઉત્તર આપ્યો: 'આકાશગંગામાં છે એ તારાવિશ્વ.'

ઉપ-ગ્રંથપાલે કહ્યું: 'વારૂં હું જોઈશ - પ્રયાસ કરીશ, શોધી શકીશ તો કહીશ.' ત્રણ અઠવાડિયાં પછી ઉપ-ગ્રંથપાલ પાછો આવ્યો. સ્વામીજી તો સ્વર્ગના દ્વાર પાસે આતુરતાથી વાટ જોતા હતા.

ઉપ-ગ્રંથપાલે કહ્યું: 'અતિ શ્રમ પછી આખરે આ સૂર્યમંડળ વિશે કંઈ બાતમી મળી છે. અમારા સંશોધન કાર્યાલયમાં એ ક્ષ ૩૨૧, ૧૬૫ કરીને ઓળખાય છે. પાંચ હજાર કારકૂનોએ રાત દિવસ કામ કર્યું ત્યારે આટલો પત્તો મળ્યો. જે માણસ આ વિભાગની દેખરેખ રાખે છે એને કહો તો બોલાવું!'

એ ઉપ-ગ્રંથપાલને રાવણની પેઠે દસ માથાં હતાં પણ કાન બે અને આંખો ત્રણ હતી. એ તો એના કાર્યમાં નિરંતર પરોવાયેલો હોય એવો લાગતો હતો. પુસ્તકાલયના અંધારા ખંડમાંથી આવા ભવ્ય સ્થળે આવ્યાથી એ સ્તબ્ધ થઈ ગયો હતો. તો પણ હિંમતથી એણે પૂછ્યું: "મારા આ સૂર્યમંડળ વિશે તમારે શું જાણવું છે?"

"આ સૂર્યમંડળ વિશે મારે એક ચોખવટ કરવી છે. એમાં એક તારાની આસપાસ નક્ષત્રો, ગ્રહો, ચન્દ્ર ઈત્યાદિ પરિક્રમણ કરે છે અને એ તારાને અમે 'સૂર્ય' કહીએ છીએ. અમે એ સૂર્યની પૂજા પણ કરીએ છીએ.' સ્વામીજીએ ઉત્તર દીધો.

'ઠીક!' આકાશગંગાના વિષયમાં પારંગત એવા એ ઉપ ગ્રંથપાલે કહ્યું: તમારું સૂર્યમંડળ શોધવું અતિકઠણ હતું. એમાં વળી હવે તમે એ મંડળનો એક તારો શોધી કહાડવાનું કહો છો! એ સૂર્યમંડળમાં અર્બ અને નિખર્વની સંખ્યાના તારાઓ છે. એમાંથી એક, અટૂલો તારો શી રીતે ખોળી કાઢવો એ સમજાતું નથી! થોડી એ તારા પર નામની ચીઠી લગાડી છે? એકવાર લગભગ ત્રણસો કરોડ તારાઓની ગણત્રી અમે કરી હતી. એની ફાઈલો, ભોંયરામાં ગોડાઉનમાં છે. તમારી ઈચ્છા હોય તો કોઈ માણસને ખાસ રોકીને એ તારા વિશે તપાસ કરાવું."

સ્વામીજી તો આ શોધ અને તપાસથી થાકી ગયા હતા, પણ સ્વર્ગમાં દાખલ થવાનો બીજો માર્ગ નહોતો. પવિત્ર ભારતભૂમિથી પરદેશ જવા માટે પણ એમને 'પી' ફોર્મ, પાસપોર્ટ, વીઝા, ઈત્યાદિ આવશ્યક હતાં એવું એમને સ્મરણ થયું. આ શોધખોળનો પાર નહોતો આવતો, પણ જ્ઞાનને પણ અવધિ છે એમ એ જાણતા; અડધેથી હવે છોડાય એમ નહોતું એ પણ સમજ્યા. એટલે આ શોધ કરવાની વિનંતિ કરી.

વર્ષો વીતી ગયાં. સ્વામીજીને થયું કે એમની શ્રદ્ધા, ભક્તિ, ઉપાસના સૌ વ્યર્થ ગયાં હતાં. એ હતાશ થયા હતા. ત્યાં એક ગ્રંથપાલનો દૂત થાકેલો કંટાળેલો આવ્યો. એણે કહ્યું: 'જે તારા વિશે આટલી બધી માથાકૂટ કરવામાં આવી છે એ મને અંતે જડ્યો છે. પરંતુ એ તારામાં એવું તે શું તત્ત્વ છે, એવી શી વિશિષ્ટતા છે કે કોઈને એમાં રસ પડે એ હું કલ્પી શકતો નથી. બીજા તારાઓ જેવા જ એ છે; બલકે, એના કરતાં ઘણા વિશાળ, પ્રચંડ, પ્રજ્વલિત તારાઓ એ આકાશગંગામાં જ છે. આ તારો કંઈ શાશ્વત નથી તેમ જ કંઈ બહુ પ્રાચીન પણ નથી; લાખ બે લાખ વર્ષોમાં તો એ વિલુપ્ત પણ થઈ જાય, ઠંડો પડી જાય. આ તારાની આસપાસ અતિશય નાના ગ્રહો પરિભ્રમણ કરે છે. ઊંડા અન્વેષણ પછી મેં શોધ્યું છે છે કે આમાંના એકાદ ગ્રહમાં કોઈ જીવજંતુઓ રહે છે અને આ આપણને નાહક પરિશ્રમ કરાવે છે એ એમાંનું એક હશે.'

આ સાંભળી સ્વામીજી દુ:ખ અને રોષની મિશ્રિત લાગણી સાથે બોલી ઊઠયા: 'મારું આખું જીવન મેં ઈશ્વરની સ્તુતિ કરી છે, એનું અહર્નિશ રટણ કર્યું છે, એના મહિમા અને લીલાનો પ્રચાર કર્યો છે કે મૃત્યુ પછી તેમને એનું ફળ મળે, સ્વર્ગે પહોંચાય, સનાતન સુખ પ્રાપ્ત થાય. પરંતુ આ તો લાગે છે કે મારા અસ્તિત્વ માત્રની અહીં કોઈને જાણ પણ નથી, તો દરકાર તો શેની જ હોય! આ સૌ તો કહે છે કે અગણિત તારામાંથી એક તપતી નાની સરખી ક્ષુદ્ર પૃથ્વી પર હું તુચ્છ, પામર, ક્ષણજીવી વસ્તુ છું! આવી નિષ્ઠુર પ્રતીતિ મારાથી સહન નથી થતી. મારા ભક્તોને હું શું આશા આપી શકીશ? પીડિતોને શું અશ્વાસન આપી શકીશ? સંધ્યા, પાઠ, પૂજા કેમ કરી શકીશ! ઉપદેશ આપવા પશ્ચિમના દેશોમાં કેવી રીતે જઈ શકીશ?"

દ્વારપાલે દૃઢતાથી કહ્યું: 'એનો અમારી પાસે ઉત્તર નથી! અમે તો વાસ્તવિક હકીકતથી તને પરિચિત કરી શકીએ!'

એ જ ક્ષણે સ્વામીજી ઝબકીને જાગી ઊઠયા: 'સ્વપ્નની કલ્પના પણ કેવી ભયંકર હોય છે!' એમણે વિચાર્યું: 'નિદ્રામાં આપણે દાનવને શરણે જતા હોઈશું? સ્વપ્ન પર સંતો પણ કેમ સંયમ નહીં રાખી શકતા હોય!

(૪ ફેબ્રુઆરી ૧૯૬૮ ના
'સમર્પણ'માંથી સાભાર ઉધ્ધૃત) ગગનવિહારી મહેતા

મુદ્રણ સંમાર્જન

'ધાર્મિક શિક્ષણ એક પરિસંવાદ' એ શિર્ષક નીચે તા. ૧૬-૩-૬૮ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલ લેખના ૨૨૯ ના પાનાના બીજા કોલમના બીજા પારિગ્રાફમાં નીચે મુજબ છપાયું છે:

"માનવજીવનની સંભાવનાઓ પ્રતિ ગંભીરતાથી વિચારવામાં આવે તો આપણને એક નકશો સ્પષ્ટ દેખાશે. આદિવાસી જંગલી મનુષ્ય સ્વયં આપણે ભગવાન મહાવીર ઉપરના નકશામાં મધ્યબિન્દુની જગ્યાએ સ્વયં આપણે આપણને સ્થિત કરીને બેઉ બાજુએ જોઈશું તો બેઉ પેનોરમા આપણને સ્પષ્ટ દેખાવા લાગશે."

આની જગ્યાએ નીચે મુજબ વાંચવું:

"માનવજીવનની સંભાવનાઓ પ્રતિ ગંભીરતાથી વિચારવામાં આવે તો આપણને એક નકશો સ્પષ્ટ દેખાશે. આદિવાસી જંગલી મનુષ્ય અને ભગવાન મહાવીરને બે છેડે રાખીને અને આપણી જાતને મધ્યમાં સ્થિત કરીને બન્ને બાજુએ જોઈશું તો બેઉ પેનોરમા આપણને સ્પષ્ટ દેખાવા લાગશે."

* * *

આ ઉપરાંત ૨૨૯મે પાને ૧લી કોલમમાં પહેલા પેરેગ્રાફમાં સાતમી લાઈનમાં પૂર્ણવિરામ ન મૂકવાને લીધે અસ્પષ્ટતા રહી ગઈ છે તેને સ્પષ્ટ કરવાની જરૂર છે, તે આ પ્રમાણે છે. પાંચમી લાઈનથી વાકય શરૂ થાય છે. "કારણકે એ બે સ્વતંત્ર શકિતઓ ઉપર નિયંત્રણ કરીને તેને સાચે માર્ગે વાપરવાની સલાહ આપનારો સમ્યક્ વિવેક જો ન જનમ્યો હોય તો." આ "તો" પાસે પૂર્ણવિરામ મુકીને બીજું વાકય શરૂ થાય છે. તંત્રી

☆ सा विद्या या विमुक्तये ☆

(શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સુવર્ણ મહોત્સવના ઉપક્રમે તા. ૨૧-૨-'૬૮ ના રોજ બિરલા ક્રીડા કેન્દ્રના હૉલમાં આચાર્યશ્રી રજનીશજીએ ઉપરોકત વિષય પર એક મનનીય પ્રવચન આપ્યું હતું, જેનો મહત્વનો સારભાગ નીચે આપવામાં આવે છે.–તંત્રી)

"મુકત કરે તે જ વિદ્યા.' આ સંબંધમાં આજે હું થોડી વાત કરવા માંગું છું. આ નાનકડા સૂત્રની પરિભાષા અત્યંત મૌલિક છે. વિદ્યાની કસોટી એ છે કે જે મુકત કરે. આપણે બધાએ વિદ્યા મેળવી છે એમ આપણે કહીએ છીએ, પણ આપણે મુકત થયા નથી. તો જરૂર એ અવિદ્યા હોવી જોઈએ. સમગ્ર જગતમાં વિદ્યાલયો, વિશ્વ-વિદ્યાલયો વધી રહ્યાં છે, પણ મનુષ્ય કયાંય મુકત થતો દેખાતો નથી. ઉલ્ટું છે ત્યાંથી પણ નીચે પડતો જતો દેખાય છે. તો શું આ બધી અવિદ્યા હશે? મને એ વિષે જરા પણ શંકા નથી કે આ અવિદ્યા છે. એક બાજુથી મનુષ્યની બુદ્ધિનો વિકાસ થતો જણાય છે, પણ એની ચેતના પરિપૂર્ણ રૂપથી વિકસિત થતી જણાતી નથી.

વીતી ગયેલા દિવસો કરતાં આજે જગતમાં વધુ અશાંતિ છે. આપણાં બાળકોને આપણે ભણાવીએ છીએ, ગણાવીએ છીએ, પણ આપણી જ આંખોની સામે બાળકો વધુ ને વધુ હીણાં બનતાં જાય છે.

એક નગરમાં એક પ્રભાતે ભગવાન બુદ્ધનું આગમન થવાનું હતું. ગરીબ સુદાસની ઝુંપડીમાં એ જ ટાણે બેમોસમ કમળનું ફૂલ ખીલી ઉઠયું. સુદાસને બુદ્ધના આગમનની ખબર ન હતી. કમળનું ફૂલ વેચવા એ બજાર જવા નીકળ્યો. રસ્તે વિચારતો હતો કે એક રૂપિયો મળી જાય તો ફૂલ વેચી દઉં. રસ્તામાં સામેથી નગરશેઠનો રથ નીકળ્યો. નગરશેઠે સુદાસના હાથમાં સુંદર ફૂલ જોયું – બેમોસમ કમળનું અદ્‌ભુત ફૂલ. એમણે પૂછયું, "સુદાસ, ફૂલની શી કિંમત છે? હું તને પાંચસો સુવર્ણ મુદ્રા આપું છું. તું ફૂલ મને આપી દે." પાંચસો સુવર્ણમુદ્રા? સુદાસ આશ્ચર્યથી અવાક થઈ ગયો. તે જ ક્ષણે પાછળથી સેનાપતિનો અશ્વ નીકળ્યો. સેનાપતિજીએ ફૂલ જોયું ને બૂમ મારી: "સુદાસ, તું એ ફૂલ મને આપી દે. નગરશેઠ તને જે દ્રવ્ય આપે એનાથી દશગણું દ્રવ્ય હું આપું છું." સુદાસને થયું કે આ લોકો પાગલ થઈ ગયા છે શું? ત્યાં તો રાજાની સવારી નીકળી. રાજા કહે: "સેનાપતિ કરતાં દશગણું દ્રવ્ય હું આપું છું. સુદાસ, ફૂલ મને જ આપી દે." સુદાસે પૂછયું કે "આખરે વાત શી છે?" એક ફૂલની આટલી બધી કિંમત?" રાજાએ કહ્યું કે "ભગવાન બુદ્ધનું આગમન થયું છે. અમે બધા એમના સ્વાગતમાં જઈ રહ્યા છીએ. બેમોસમનું કમળનું ફૂલ છે અને કોઈ પણ મૂલ્યે હું જ એ ફૂલ પ્રભુને ચરણે અર્પણ કરીશ."

સુદાસે આ વાત સાંભળીને મનોમન નક્કી કર્યું કે હવે ફૂલ વેચવાની વાત જ કયાં રહી? હું પોતે જ ભગવાન તથાગતના ચરણે આ ફૂલ ધરીશ. મારી તો જન્મોજન્મની દરિદ્રતા મટી જ ગઈ. સુદાસ દોડતો નગર બહાર ઉદ્યાનમાં પહોંચ્યો ત્યારે નગરશેઠ, રાજા, સેનાપતિ બધાં ત્યાં પહોંચી ગયાં હતાં. સુદાસે ભગવાનની પાસે પહોંચીને ભગવાનના ચરણકમળમાં કમળનું ફૂલ અર્પણ કર્યું. ભગવાને બધી વાત જાણીને પૂછયું, "સુદાસ, તે ફૂલ કેમ ના વેંચ્યું?" સુદાસે કહ્યું: 'પ્રભુ, ગરીબ પણ, પ્રેમ, આદર કરી શકે છે ને? દરિદ્ર પાસે પણ આત્મા તો છે ને?" બુદ્ધે કહ્યું, "શિષ્યો, સુદાસ અનપઢ છે પણ વિદ્યાવાન છે."

જેના જીવનમાં શ્રેષ્ઠતર મૂલ્યોનું જ્ઞાન ઊપલબ્ધ છે એ જ સાચી વિદ્યા પામ્યો છે. સુદાસે પ્રેમને ખાતર પૈસાને ઠુકરાવી દીધા. આજે આપણે લોકોને શું વિદ્યાવાન કહી શકીએ ખરા? – જે લોકો ધનને માટે આત્માને વેચી શકે છે. આપણે બાળકોને એન્જીનીયર બનાવીએ, ડૉકટર બનાવીએ, ગણિતજ્ઞ બનાવીએ, પણ એ સાચી વિદ્યા નથી, મુકત કરનારી વિદ્યા નથી. આ તો માત્ર રોટી રોજી કમાવાનો ઉપાય છે. આપણે આપણાં બાળકોને વિદ્યા શીખવતાં નથી, માત્ર આજીવિકા કમાવાની રીત શીખવીએ છીએ. વિદ્યાનો સંબંધ છે ઉચ્ચત્તર મૂલ્યોના જન્મ સાથે. તો જ મનુષ્ય આનંદથી સભર બને છે, મુકત થાય છે. જીવન જેમ જેમ શ્રેષ્ઠતા તરફ ગતિ કરે છે તેમ તેમ બંધન તૂટતા જાય છે. દરરોજ પોતે પોતાથી ઉપર ઊઠવાની–પોતાથી અતિક્રમણ કરવાની–યાત્રા એ જ વિદ્યા છે.

પરંતુ આપણે તો આપણાં બાળકોને સ્વાર્થ અને શોષણ તેમજ પોતાની આકાંક્ષાઓને કુશળતાપૂર્વક પૂરી કરવાનું શીખવીએ છીએ. આથી વધારે જીવનની બીજી વિડંબના શી હોઈ શકે?

એક પુરાણા ગુરુકુળમાં ત્રણ વિદ્યાર્થીઓનો દીક્ષાન્ત સમારોહ હતો. સમારોહના અંતે સાંજે ગુરુની આજ્ઞા લઈને ત્રણે મિત્રો પોતાને ગામ જવા નીકળ્યા. રસ્તે એક નાનકડી પગદંડી પર કાંટા વેરાયેલા હતા. સૂરજ ઢળી ગયો હતો. અંધારૂં થવા માંડયું હતું. પહેલો યુવક છલાંગ મારીને કાંટાવાળો રસ્તો ઠેકી ગયો. બીજો યુવક કાંટાવાળો રસ્તો તરીને બાજુમાંથી પસાર થઈ ગયો. ત્રીજો યુવાન પુસ્તકો એક બાજુ રાખીને નીચો વળીને કાંટા વીણવા લાગ્યો. પહેલા બે યુવકોએ ત્રીજાને કહ્યું, "ભાઈ, તું એ બધું રહેવા દે. અમાસની અંધારી રાત છે અને આપણે હજુ દૂર જવું છે." તો એણે જવાબ આપ્યો કે "તમે બે જાઓ, હું તો આ કામ પૂરું કરીને જ આવીશ. દિવસનો પ્રકાશ હોત તો કદાચ ચાલત, પણ અંધારી રાત છે અને આપણા પછી અહીંથી પસાર થનારાઓ માટે પણ કાંટા વીણીને બાજુ કરવા જરૂરી છે." એ જ સમયે બાજુની ઝાડીમાંથી ગુરુ નીકળી આવ્યા. એણે કહ્યું, "શિષ્યો આ જ તમારી અંતિમ પરીક્ષા હતી. તેમાં આ એક જ ઉત્તીર્ણ થયો છે. તમે બે પાછા ચાલો." વિદ્યાર્થીઓની કલ્પનામાં પણ આ વાત આવી નહીં હોય કે ગુરુ આવી અંતિમ પરીક્ષા લેશે.

અંતિમ પરીક્ષા હંમેશા પ્રેમની હોય છે. જીવનના એવરેસ્ટ અને ગૌરીશંકર પ્રેમના એવરેસ્ટ છે. અત્યારની વિદ્યા આપણને પ્રેમ નહીં, અહંકાર શીખવે છે, પ્રેમ અને અહંકાર બંને વિરોધી મૂલ્યો છે. આપણી શિક્ષણપદ્ધતિમાં મૂળથી જ અહંકારને તીવ્ર કરવાની આયોજના રહેલી છે. પરીક્ષામાં એક વિદ્યાર્થી સૌથી પ્રથમ આવે છે. ત્યારે એના વર્ગમાં ૩૦ વિદ્યાર્થી હોય તો બાકીના ૨૯ વિદ્યાર્થીઓની નિરાશા અને ઉદાસી પર એના વિજયની ઈમારત રચાય છે. બીજા વિદ્યાર્થીઓને પાછળ છોડીને એ આગળ આવ્યો એમાં એનો આનંદ છે. આપણે જ આપણાં બાળકોને એ રીતે હિંસા શીખવીએ છીએ. ત્રીસના બદલે ત્રણ હજાર બાળકોમાં એ જો પ્રથમ આવ્યો હોત તો એનો આનંદ અનેકગણો વધી ગયો હોત. અને કદાચ ત્રણ કરોડમાં પ્રથમ આવ્યો હોત તો તો એની ખુશીની કોઈ સીમા ન રહી હોત. ખરેખર તો વિદ્યા એ તદન જુદી જ દિશા છે. ક્રાઈસ્ટે કહ્યું છે કે, જે લોકો પાછળ પડી જવામાં સમર્થ છે તે જ લોકો ધન્ય છે. કાં તો ક્રાઈસ્ટનું આ વચન ખોટું છે. કાં તો આપણે કોઈ ખોટે રસ્તે છીએ. જે માણસો પહેલા આવવાની દોડમાં ઉતરે છે, બીજાથી આગળ નીકળી જવાની મહત્વકાંક્ષામાં ઊંડા ઉતરે છે, તે લોકો સંઘર્ષમાં પડી જાય છે. જે માણસ કોઈની પણ પ્રતિસ્પર્ધા કરતો નથી એ સૌનો મિત્ર બની શકે છે. કાં હું, કાં તું - બંને સાથે તો કોઈ કાળે નહીં જ– આ હિંસા છે. આ સ્પર્ધા ધનને માટે હોય, પદને માટે હોય કે સત્તાને માટે હોય એમાં કશો ફરક પડતો નથી.

આપણને દોડનો જ્વર લાગુ પડયો છે. કાશીના શ્વાનસંઘે પોતાનો પ્રતિનિધિ દિલ્હી મોકલવાનું વિચાર્યું. એ જમાનામાં ટ્રેનો નહીં હોય, એક મહિનો પહોંચવામાં લાગી જાય એટલો રસ્તો હતો. કાશીમાં એક મોટો વિદાય સમારંભ યોજાયો. દિલ્હીના શ્વાનો

પોતાના કાશીના નેતાની રાહ જોવા લાગ્યા. પરંતુ સાત જ દિવસમાં પેલો શ્વાનોનો નેતા હાંફતો હાંફતો દિલ્હી પહોંચી ગયો. દિલ્હીમાં એના સ્વાગતની તૈયારીઓ કરવાની હતી, પણ ધાર્યા કરતાં એ ઘણો જલ્દી પહોંચી ગયો. આમ કેમ બન્યું? એણે કહ્યું કે કાશીથી નીકળ્યો ત્યારથી ગામેગામનાં શ્વાનો મારી પાછળ પડીને મને એક ગામથી બીજે ગામ ધકકેલી ગયાં. ક્યાંય શ્વાસ લેવાનો મને સમય મળ્યો નહિ. કાશીથી નોનસ્ટોપ દિલ્હી આવ્યો છું એમ કહેતાં કહેતાં એના પ્રાણ નીકળી ગયા.

આપણે પણ બાળકોમાં "આગે બઢો, આગે બઢો" નો એક જવર પેદા કરીએ છીએ. બધાને જાણે જલ્દી દિલ્હી પહોંચવું છે. આ તીવ્ર ગતિ મનુષ્યને મુકિતમાં નહીં, મૃત્યુમાં લઇ જાય છે. એ વિદ્યા મુકિતદાતા બને જે મહત્ત્વાકાંક્ષા ન શીખવતી હોય, માત્ર આગળ વધવાનું કોઇ મૂલ્ય નથી. આગળ વધવાનો એક બીજો પણ માર્ગ છે—સ્પર્ધા બીજાથી નહીં પણ પોતાની જાતની સાથે જ કરવી તે. ગઇ કાલે હું જ્યાં હતો ત્યાંથી આજે આગળ નીકળી જવાનું મને બતાવે તે વિદ્યા— જ્યાં સ્વયંથી અતિક્રમણ કરવાની ચરમ સીમા છે તે જ મુકિત છે. બુદ્ધ, મહાવીર ને ઇશુ ક્રોઇસ્ટ ત્યાં જ પહોંચ્યા છે, જ્યાંથી આગળ જવાની કોઇ દિશા રહી નથી. આ આખરી મંજીલનું નામ છે મુકિત, એ જ છે પરમાત્મદશા. આજ સુધી કોઇ મનુષ્ય બીજાઓની સ્પર્ધા કરીને મુકિત પામ્યો નથી. કોઇ સિકંદર, કોઇ નહેરુ શું એમ કહી શકશે કે હું સૌથી આગળ - મારાથી આગળ કોઇ જ નહીં?

એક ગોળ થાળીમાં રહેલા કીડાઓ એક પછી એક ગોળ ગોળ ચાલ્યા જ કરે. એમની યાત્રાનો કદી અંત જ આવતો નથી. એમ આપણે પણ ચક્કર ચક્કર ફર્યા જ કરીએ છીએ. અંતે થાકી હારીને ફસડાઈ જઇએ છીએ, મરી જઇએ છીએ. પાછળ વાળા આપણને પડી જતાં જુવે છે, અને આગળ નીકળી જાય છે. આ યાત્રાનો કોઇ અંત નથી.

વિદ્યા હું એને કહું છું જેના વડે મનુષ્ય પોતાથી આગળ વધતાં શીખે. બીજા સાથે આપણો કશો સંબંધ છે જ નહીં. બીજાઓને પાછળ મૂકીને આપણે આગળ વધવું એ પાછળ રહેનારાઓને દુ:ખ આપવા સમાન છે.

હું એક પહાડની ખીણપર ઊભો હતો. મારાં મિત્રે કુતરાના ભસવાનો અવાજ કર્યો. એ એકો પોઇન્ટ હતું. સાતગણો ભસવાનો અવાજ પાછો આમારા કાન પર અથડાયો. આપણું જીવન એક અદ્‌ભુત એકો - પોઇન્ટ છે. મેં મારા મિત્રને કહ્યું, "મિત્ર, તેં જો એક ગીત ગાયું હોત, કોયલના અવાજનો ટહુકો કર્યો હોત, તો વધારે સારૂં થાત." અપણે ગાળો બોલીશું તો આપણને ગાળો જ પાછી મળશે, કાંટા વેરીશું તો એ કાંટા આપણને જ પાછા મળશે. મેડમ બ્લેવેટ્સ્કી વિશ્વ યાત્રા કરી રહી હતી. એક થેલીમાંથી આખે રસ્તે ઠેર ઠેર ફૂલોના બીજ વેરતી હતી. કોઇકે પૂછયું, "મેડમ, તમે આ રસ્તેથી કદી ફરી પસાર થવાના નથી તો પછી આ શ્રમ શું કામ કરો છો?" એણે જવાબ આપ્યો, "હું જે બીજ ફેંકું છું એમાંથી જે છોડ ઊગશે, જે ફૂલ ખીલશે અને વરસો પછી જ્યારે પણ કોઇ આ રસ્તેથી પસાર થશે એને ફૂલો જોઇને જે આનંદ થશે એનો આનંદ હું આજે અનુભવું છું. આ પ્રકારની કલ્પના માત્ર કરવી પણ મને ગમે છે."

સાચી વિદ્યા મનુષ્યના આત્માને સત્યની નિકટ લઇ જાય છે. સ્વયંથી આગળ વધવાની આ સ્પર્ધા—આત્મ—સાધના—રોજેરોજ થવી જોઇએ.

અંતમાં હું આપને એક વાત કહેવા માંગું છું. મનુષ્યના જીવનમાં આજે જે દુ:ખ અને હિંસા દેખાઇ રહ્યાં છે તેનું કારણ એ છે કે આપણે અવિદ્યાને વિદ્યા સમજી બેઠા છીએ. જીવનમાં પરિવર્તન આણવું હશે તો સમજી લેવું જરુરી છે કે વિદ્યા કઇ છે અને અવિદ્યા કઇ છે? વિદ્યા જીવન શીખવે છે, આજીવિકા નહીં. માત્ર રોટીથી જીવન જીવાતું નથી. સાચી રીતે તો આપણા વિદ્યાલયો નથી, પણ અ—વિદ્યાલયો છે કે, જ્યાં આપણે માત્ર રોટી રોજી કમાવાની વિદ્યા શીખવીએ છીએ. આજે તો મહાવીરનું નામ જોડવાને લાયક એવું કોઇ વિદ્યાલય આપણી પાસે છે નહીં. અત્યારે તો અવિદ્યાલયોને આપણે વિદ્યાલય કહીએ છીએ અને તેને મહાવીરનું ખ્યારું નામ આપી દઇએ છીએ. પરંતુ એ જરૂર શકય છે કે આપણે જો ઇચ્છીએ તો મહાવીર, બુદ્ધ કે ક્રાઇસ્ટના નામને લાયક હોય એવાં વિદ્યાલયો આપણે સરજી શકીએ. કોઇક દિવસ એવાં મહાવીર વિદ્યાલયો આપણે ઊભાં કરી શકીએ એવી હું પરમાત્માને અને આપને પ્રાર્થના કરું છું.

અંતમાં સહુની અંદર રહેલા પરમાત્માને હું પ્રણામ કરું છું. મારા પ્રણામનો સ્વીકાર કરશો.

સંકલન : **સુબોધભાઈ એમ. શાહ**

માનવીની ચેતનશકિત

શ્રી ગગનવિહારી મહેતાનું લખેલ સ્વામી ભાવનાશીલજીનું 'દુ:સ્વપ્ન' આ અંકમાં અન્યત્ર પ્રકટ કરવામાં આવે છે તે વાંચીને જે વિચારો સૂઝયા તે લખું છું.

ભૌતિક દષ્ટિએ વિચારીએ તો આ વિરાટ બ્રહ્માંડમાં આ પૃથ્વી એક બિન્દુસમાન છે. તેમાં માનવ એક ક્ષુદ્ર જંતુ સમાન લાગે. એવો માનવી સત્તા, ધન અથવા કીર્તિના લોભે કે તૃષ્ણાથી કેટલો ઉત્પાત મચાવે છે, કેટલી યાતનાઓ સહન કરે છે અને પોતાની આસપાસ કેટલું અપાર દુ:ખ પેદા કરે છે—આ એક બાજુ થઇ. બીજી તરફ વિચાર કરીએ તો માનવીની ચેતનશકિત અનંત અને સર્વોપરિ છે. સકળ બ્રહ્માંડ તેનું સર્જન હોય તેમ લાગે. બ્રહ્માંડ વિરાટ છે. પૃથ્વી, અસંખ્ય તારાઓમાંનો એક તારો એવા સૂર્યની આસપાસ ફરતો એક નાનો ગ્રહ છે. આ બધું જ્ઞાન માણસને થાય છે. આ જ્ઞાન તેની ચેતનશકિતનો અથવા આત્માનો ગુણ છે. ભૌતિક જગત્‌ના રહસ્યો ઉકેલવામાં માનવી મહદ્‌ અંશે સફળ થયો છે. વિજ્ઞાનની શોધખોળો અદ્‌ભુત—આશ્ચર્યચકિત કરે તેવી છે. પણ તે માનવીની બુદ્ધિનું જ પરિણામ છે. ચંદ્ર, મંગળ કે ગુરુ, પૃથ્વીથી કેટલા દૂર છે તેનું બરાબર માપ તેણે કાઢયું. પૃથ્વી ઉપરથી સંચાલિત રોકેટો અવકાશમાં મોકલ્યા. પળ અને મિનિટની ગણતરી કરી. આવા રોકેટો અથવા ઉપગ્રહોની ગતિ નક્કી કરી. ચંદ્ર ઉપર તેનો ઉતરવાનો સમય અથવા પૃથ્વી ઉપર પાછા ફરવાનો તેનો સમય અને સ્થળ, બધું નક્કી કર્યું—કરી શકયા. વિજ્ઞાનના સંશોધનોને પરિણામે તૈયાર થયેલ સાધનોથી દિશા અને કાળના અંતર ભેદી, આખી દુનિયા ફરી વળ્યા એટલું જ નહીં પણ વિશ્વના બીજા ભાગોને પણ પહોંચવાની શકયતા થઇ.

પણ આ વિશ્વ માત્ર ભૌતિક તત્ત્વોનો સમૂહજ નથી પણ કોઇ અનંત ચેતનશકિતના નિયમને આધીન છે એમ પ્રતીત થાય છે. માત્ર ભૌતિક તત્ત્વોનો સમૂહ જ હોય અને તેનું આકસ્મિક વર્તન હોય તો તેનો ક્યારનો ય વિનાશ થયો હોત. તારાઓ, નક્ષત્રો, ગ્રહો ઉપગ્રહોનું અંતર, ગતિ, કાળ વિગેરે માણસ નક્કી કરી શકે છે તે સિદ્ધ કરે છે કે તે બધા કોઇ મહાન અટળ, નિયમને વશવર્તી છે. તે નિયમ ચેતનશકિતનું પરિણામ જ હોય, ભૌતિક પદાર્થોનું નહિ. આ વિરાટ ચેતનશકિતને ઇશ્વર કહો, બ્રહ્મ કહો કે આત્મા કહો. બીજી રીતે જોઇએ. માનવી આ બધું જ્ઞાન મેળવી શકે છે કારણ કે, તેનામાં રહેલ ચેતનશકિત અને વિરાટ વિશ્વનું નિયમન કરતી ચેતન શકિત એ જ છે. તેથી જ માણસ આ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.

માનવીની આ ચેતન શકિત બુદ્ધિથી પણ પર છે. બુદ્ધિ સાધન છે. આ સાધનનો ઉપયોગ કરવાવાળી તે ચેતનશકિત છે. માણસ બુદ્ધિથી ભૌતિક જગતના રહસ્યો પામી શકયો અને હજુ વિશેષ પામશે. પણ ચેતનશકિતને નહિ પિછાને ત્યાં સુધી એના જીવનની દિશા નક્કી નહિ કરી શકે. આ ચેતનશકિતની અનુભૂતિ થાય ત્યારે વિશ્વની ચેતનશકિત સાથે તાદાત્મ્ય સાધે Spiritual union universe-this is mysticism-આ અનુભૂતિ થાય ત્યારે સમસ્ત પ્રાણી સૃષ્ટિ સાથે એકતા સાધે. ત્યાં સ્વાર્થ, લોભ કે કોઇ વાસના કષાય રહે નહિ. મૈત્રી, કરૂણા, પ્રેમ જ વહે,. વિરાટ વિશ્વના એક બિન્દુ સમાન પૃથ્વી ઉપરનો હું એક ક્ષુદ્ર જંતુ છું એવી લઘુતાને સ્થાને આ સમસ્ત વિશ્વની વિરાટ ચેતનશકિતનો હું અંશ છું એ દર્શન થાય.

ચીમનલાલ ચકુભાઈ શાહ

નવી દુનિયામાં–૩

સ્ટીમથી યંત્રચાલનની શોધ થઇ ત્યારે એ શકિત વિકેન્દ્રિત હતી. પણ વીજળીની શોધ થવાથી એ શકિત કેન્દ્રિત થઇ. એક જ સ્થળેથી વીજળી પેદા કરીને અનેક સ્થળે યંત્રોનું ચાલન થઇ શકે છે. આમ માણસે માત્ર પોતાના હાથથી કાર્ય કરવાનું શરૂ કર્યું ત્યારથી અત્યાર સુધીના વિકાસમાં ત્રણ પગથિયા જણાય છે. કેવળ હાથથી યંત્રચાલન,–એ સ્થિતિમાં યંત્રચાલન વ્યકિતગત હતું. ત્યાર પછી સ્ટીમની શોધે માણસના હાથની શકિતમાં વધારો કર્યો એટલું જ નહિ પણ તેનો ઉપયોગ યંત્ર ચાલનમાં નહીંવત કરી દીધો. છતાં પણ યંત્રોમાં એ શકિત વ્યકિતગત કરી દીધી. એટલે કે મનુષ્યના હાથમાંથી શકિત લઇ લઇને તે તે યંત્રોમાં તે આપી. અને સ્ટીમ એ રીતે વિકેન્દ્રિત શકિત બની પણ વીજળી આવી ત્યારે યંત્રોની વિકેન્દ્રિત શકિત કેન્દ્રિત બની ગઇ. એક જ કેન્દ્રમાંથી શકિતનો પુરવઠો અનેક સ્થળે રહેલા યંત્રોને મળવા લાગ્યો. આ બધા વિકાસમાં યંત્ર મુખ્ય કે માણસની બુદ્ધિ–એનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે માણસની બુદ્ધિએ જ શોધો કરી છે. તેની બુદ્ધિના વિકાસમાં એ યંત્રો સહાયક નથી. પણ બુદ્ધિએ તે યંત્ર કહો કે તે શકિત તે સૌનો વિકાસ કર્યો છે. એટલે માનવબુદ્ધિએ વિકાસના કેન્દ્રો સર કર્યા છે. મુખ્ય માનવબુદ્ધિ હતી તો આ બધો વિકાસ થયો છે અને આ રીતે માનવશકિતને આરામ મળ્યો છે, બુદ્ધિને નહીં, પણ હવે ઇલેકટ્રોનિકસનો જમાનો આવ્યો છે. તેમાં બુદ્ધિને પણ આરામ આપવાની શકયતાઓ ઊભી થવા લાગી છે. અહીં કોમ્પ્યુટરની મદદથી તમારે કેવો પતિ પસંદ કરવો અને કેવો નહિ તેની સલાહ આપવાના કેન્દ્રો શરૂ થયા છે. મોટર માટેની નવી નવી ડિઝાઇનો પણ કોમ્પ્યુટરની સલાહથી તૈયાર થઇ શકે છે, અને હવે ટોરોન્ટો યુનિવર્સિટીમાં કોમ્પ્યુટર ચિત્ર કરી પણ કરે છે. કોમ્પ્યુટરે તૈયાર કરેલાં ચિત્રો જોઇ વિચાર આવે કે તો પછી બુદ્ધિનો શો ઉપયોગ રહેશે? આમ છતાં પણ બુદ્ધિનો તો ઉપયોગ રહેવાનો જ. કોમ્પ્યુટરો તો વિચારનાં અમુક પગથિયાં કૂદી જઇને તે બુદ્ધિ કેમ શીઘ્રગામી બને તેવી સરળતા કહી શકશે. ચિત્રકારમાં ચિત્રકારને ચિત્ર વિશે કયો વિષય લેવો અને લીધા પછી તેને કેમ પાર પાડવો - ક્યાં કેવા રંગ પૂરવા એવા અનેક સોપાનોનો વિચાર કરવો પડે છે. તેમાં જે વખત જાય છે તે બચાવીને તેની સામે તેના વિચારને આધારે તે ચિત્ર કેવું હશે તે કોમ્પ્યુટર દોરી આપશે. અત્યારે ચિત્રકાર વિચાર પ્રમાણે કરવા જાય છે અને પૂરું કરવા આવે છે ત્યારે તેનો વળી વિચાર બદલાય છે કે, અમુક ઠેકાણે અમુક રંગને બદલે અમુક મૂકયો હોય તો? આ વિચારને જો કારગત કરવો હોય તો ફરી રંગ પૂરવો પડે અને આખી પ્રક્રિયામાં જે સમય ગયો તે નકામો તો નહીં પણ સમય ગયો તો ખરો જ. પણ હવે કોમ્પ્યુટર તેને તેની કલ્પનાનું ચિત્ર દોરી આપશે એટલે તે તેના વિચાર પ્રમાણે થયેલ તે ચિત્ર કેવું લાગશે તે જોઇ શકશે અને પછી તે વિષેના બીજા વિચારો તે કરી શકશે. આગળના વિચાર માટે જાતે ચિત્ર દોરવાની જરૂર નહીં રહે. આમ વિચારની પ્રક્રિયાને પણ સરળ કરવા માટેના યાંત્રિક વિવિધ પ્રયત્નો શરૂ થયા છે. જોઇએ કે યંત્રબુદ્ધિ આગળ વધે છે કે માનવબુદ્ધિ? સામાન્ય જનની બુદ્ધિ કરતાં તો યાંત્રિક બુદ્ધિ આગળ વધે જ એમાં શક નથી પણ છેવટે તે યંત્ર નિર્માણ કે યંત્રમાં વિકાસ કે યંત્રબુદ્ધિમાં વિકાસ - એ માનવબુદ્ધિ દ્વારા જ થવાનો છે એ નિશ્ચિત છે. એટલે વ્યકિતસ્વાતંત્ર્ય અને તેનો વિકાસ તેના જ હાથમાં રહેવાનો છે. જો કે ઘણી બાબતમાં તેનું સ્વાતંત્ર્ય, આજના અર્થમાં, તેની પાસે નહીં. હોય તે યંત્ર પાસે હશે. છતાં પણ માનવ તો શ્રેષ્ઠ જ છે અને સનાતન સત્ય ' 'नहि मनुष्यात् श्रीष्ठतरं किञ्चित' - સનાતન તો છે જ પણ ઉત્તરોત્તર તેની પ્રતીતિ વધુ ને વધુ થતી જશે.

પણ આ બધા સાધનોનો ઉપયોગ મોટા પ્રમાણમાં થવા લાગે ત્યારે જ તે વિકસે. અહીંની એકે એક દુકાનમાં સરવાળા કરનાર મશીન હોય છે. સો વસ્તુનું બીલ ઝપાટામાં તેની મદદથી વિક્રેતા કરી શકે છે અને મશીન ઉપર મોટે ભાગે મહિલાઓ જ હોય છે. ટાઇપરાઇટરમાં જે ઝડપથી કામ થાય છે એવી જ ઝડપથી આમાં સરવાળા થાય છે. એક બાજુ વસ્તુની ગણતરી થઇ ત્યાં બીજી બાજુ તેની કીંમતનો સરવાળો પણ થઇ જ ગયો હોય–પૈસા ચૂકવીને આગળ વધો.

જે માળામાં હું રહું છું તેમાં જે પ્રકારની વ્યવસ્થા છે તેવી અથવા તો તેથી વધારે સારી બીજે પણ છે એ સમજવા જેવી છે. આખા માળાના વરંડામાં માત્ર તેમાં રહેનાર દરેકના પોસ્ટ બોક્ષ હોય છે. ટપાલી તે તે પેટીમાં સૌની ટપાલ નાખી જાય. પેટીની એક ચાવી ટપાલી પાસે અને બીજી રહેનાર પાસે હોય છે. વરંડામાં અંદર જવા માટે પણ મુખ્ય દરવાજાની ચાવી - જેને માસ્ટર કી કહે છે તે દરેક રહેનાર પાસે હોય છે. એટલે માળામાં રહેનાર સિવાય કોઇ પણ અજાણ્યો શખ્સ માળામાં દાખલ થઇ શકતો નથી. નીચે વરન્ડામાં જ રહેનારના નામની તખ્તી સાથે તેના એપાર્ટમેન્ટનો નંબર અને એક બટન હોય છે. મળવા આવનાર જેને મળવું હોય તેના નામ પાસેનું બટન દાબે એટલે રહેનારના ઘરમાં ઘંટડી વાગે. એટલે નીચેથી આવનાર વ્યકિત પોતાનું નામઠામ ટેલીફોનથી કહે તે સાંભળી તેને જો અંદર આવવા દેવી હોય તો ઘરમાં રહ્યા રહ્યા જ બટન દબાવાય એટલે નીચે વરન્ડાનું તાળું ખૂલી જાય અને આગન્તુક અંદર દાખલ થઇ શકે. લીફ્ટ બધી સ્વયંચાલિત હોય છે. તેનાં બારણાં આપોઆપ ખુલે અને બંધ થાય અને માળના નંબર પ્રમાણે બટન દાબીએ એટલે જે માળે જવું હોય ત્યાં જઇ શકાય ગેરેજના બારણા પણ મોટર પાસે આવે એટલે સ્વયં ઉઘડી જાય અને અંદર પેસે એટલે બંધ થઇ જાય.

એરોડ્રામમાં અને અન્યત્ર પણ આ જ પ્રમાણે સ્વયં સંચાલિત બારણા જોવા મળે છે. આપણે બારણા પાસે પહોંચીએ એટલે બારણા ઉઘડી જાય. અંદર દાખલ થઇએ એટલે સ્વયં બંધ થઇ જાય. સ્વયં ચાલતો રસ્તો અને સ્વયંચાલિત સીડી - તેમાં ઊભા રહો એટલે યથેષ્ટ સ્થળે પહોંચાડી કે ચડાવી દે. એવી જ સ્વયંચાલિત સીડી અહીં મકાનોમાં પણ જોવા મળે છે.

આખા માળાની નીચે ગેરેજ હોય છે. ઘણી વાર સ્નાનાગર પણ હોય છે. વળી કપડા ધોવાના સ્વયંચાલિત મશીનો પણ માળામાં નીચેના ભાગમાં ભોંયરામાં હોય છે. તેમાં ૨૫ સેન્ટ નાખે એટલે કપડાં ધોઇ આપે. કેટલીક દુકાનોમાં પીણાં પણ સ્વયંચાલિત મશીનો વેચે છે.

આખા માળામાં એક સુપ્રીન્ટેન્ડન્ટ હોય છે. તેના માથે ઘણી જ જવાબદારી હોય છે. કોરીડોર - એટલે કે માળામાં સામસામા એપાર્ટમેન્ટ વચ્ચેનો રસ્તો–તેની સફાઇ, તે કરે છે. મુખ્ય રસ્તા ઉપરના મકાનને જોડતો જે રસ્તો હોય તેના ઉપરથી બરફ હટાવવાનું કામ, કોઇના પણ એપાર્ટમેન્ટમાં વીજળી કે કોઇ પણ જાતની ખરાબી હોય તો તેની સામાન્ય દુરસ્તી, ભાડુઆતને દાખલ કરવો, ભાડું ઉઘરાવવું કોઇ ખાલી કરી જાય ત્યારે આખા એપાર્ટમેન્ટની પૂરી સફાઇ, બાથરૂમ, રસોડું અને ઓરડા - એ બધાની સફાઇ, આખા માળામાં હીટરની વ્યવસ્થા હોય છે. તેમાં કોઇ ખરાબી હોય તો તેની પણ દુરસ્તી–આવા નાના મોટા હોંશીયાર કારીગરના અને સામાન્ય મજુરના કામ તેને માથે હોય છે. સફાઇ તો વેકયુમ યંત્રોથી કરે છે. પણ તે તેના નિયમ પ્રમાણે આખા માળાની સફાઇ કરે છે. અને આખા માળામાં કયાંય પણ કોરિડોરમાં જરા પણ કચરો દેખાતો નથી. માળામાં એક ચીમની હોય છે. એપાર્ટમેન્ટવાળા બધા જ એ ચીમનીમાં પોતાનો કચરો નાખે. એ બળી જાય - તેવી વ્યવસ્થા કરવામાં આવે છે. બાળવાનો ન હોય તેવો સામાન કોથળા ભરીને એકત્ર કરવાનો હોય છે તે મ્યુનિસિપાલિટીવાળા લઇ જાય છે.

ટોરોન્ટો, - તા. ૨૯-૨-૬૮ **દલસુખ માલવણીયા.**

ગ્રામદાનનું નક્કર પરિણામ

(પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં ગ્રામદાન આન્દોલનને લગતા પત્રના અનુસંધાનમાં મળેલો શ્રી કાન્તિલાલ વોરાનો બીજો પત્ર નીચે આપવામાં આવે છે. **તંત્રી**)

રાજગૃહીમાં અમે વિનોબાજી સાથે આઠ દિવસ રહ્યાં એમના સાન્નિધ્યમાં સભાઓ ગોષ્ઠીઓ, વ્યક્તિગત મિલન વગેરે જે કાંઈ થયું તેની અમારા મન ઉપર જે છાપ પડી તે અંગે આપને અગાઉના અહેવાલમાં જણાવેલું.

ત્યારબાદ અમારી ઈચ્છા અગાઉ થયેલા ગ્રામદાની ગામો જોવાની હતી, કે ત્યાં શું પરિવર્તન આવ્યું છે? ઉત્પાદનમાં કેવી વૃદ્ધિ થઈ છે? સહકાર કેટલો વધ્યો છે? વગેરે આ દૃષ્ટિએ અમે ગયા જિલ્લાનાં બૌધગયા ગામે ગયા, જ્યાં ભગવાન બુદ્ધને જ્ઞાનપ્રાપ્તિ થઈ હતી. આજે આ સ્થળે જાપાન, સિલોન, તિબેટ, નેપાળ, કંબોડીયા વગેરે દેશોના બૌદ્ધધર્મી યાત્રાળુઓ આવતાં હોય છે. અહીં વિનોબાજીએ એક સમન્વય આશ્રમની સ્થાપના કરી છે, જ્યાં હાલમાં 'દ્વારકા સુંદરાની' કરીને એક દૃષ્ટિસંપન્ન સેવાભાવી આશ્રમની વ્યવસ્થા સંભાળે છે.

આ વિસ્તારમાં દુષ્કાળ રાહતનું કામ ખૂબ સરસ રીતે થયેલું. અહીંના કામની વિશિષ્ટતા એ રહી કે "કામ સામે રાહત" (ફૂડ ફોર વર્ક) એવી નાની મોટી શ્રમયોજનાઓ ચલાવવામાં આવી જેમાં હજારો માણસોએ પોતાની શક્તિ મુજબ શ્રમ દ્વારા ઉત્પાદન કરીને રોજીરોટી મેળવી. વિશેષ કરીને ખેતીના ઉત્પાદનમાં કાયમને માટે ઉપયોગી થાય એ દૃષ્ટિએ કૂવાઓ બનાવવાનું અને નાના નાના બંધો બાંધી પાણીનો સંગ્રહ થાય એવાં તળાવો બાંધવાનું વગેરે કામ ખૂબ સરસ રીતે કરવામાં આવ્યું ગયે વર્ષે અગાઉ ભૂદાનમાં મળેલી ૧૦૦૦ એકર જમીન ભૂમિહીનોને વહેંચી આપવામાં આવી અને એમના જ શ્રમથી જમીનને ખેતીલાયક બનાવી તેમાં ૨૫૦ ઉપરાંત કૂવાઓ કરવામાં આવ્યાં. આ વર્ષે પણ એ પ્રમાણે બીજી ૧૦૦૦ એકર જમીન ભૂમિહીનોને વહેંચી આપવામાં આવી જે તેમણે જ શ્રમથી તૈયાર કરી. તેમાં કૂવાઓ બનાવવાનું કામ ચાલુ છે.

આ કાર્યની ઉપયોગીતાથી તથા એમાં રહેલા માનવીય ગૌરવની દૃષ્ટિના કારણે, અનેક સંસ્થાઓએ અને વ્યક્તિઓએ સમન્વય આશ્રમ દ્વારા ચાલતા આ કામમાં મદદ આપી છે. વિદેશી ૩ – ૪ સંસ્થાઓએ આ કાર્ય પાછળ રહેલી દૃષ્ટિથી આકર્ષાઈને હજી પણ પોતાનો સહકાર આપવાનું (ખાસ કરીને કૂવાઓ વગેરે સિંચાઈના કામમાં) ચાલુ જ રાખ્યું છે. આ વિદેશી સંસ્થાઓની નાણાંની મદદ ઉપરાંત તે સંસ્થાના સભ્યો પણ પ્રત્યક્ષ કામ કરવા માટે આવેલા છે.

દ્વારકોજીએ અમને બૌધગયાની આસપાસના ૨૫ માઈલના વિસ્તારમાં ગયા વરસે શ્રમસંગઠન દ્વારા થયેલા તથા અત્યારે પણ ચાલી રહેલાં કામો બતાવ્યાં, જેની અમારા મન ઉપર ઘણી સારી અસર પડી. નિર્માણ અને વિકાસની દૃષ્ટિએ તો આ કાર્યનું મૂલ્ય છે જ. પણ તેથી વધારે લોકોમાં પોતાના સંગઠિત કામના આવતા પરિણામથી જે આત્મનિર્ભરતાની ભાવના પેદા થાય છે તેનું મૂલ્ય સવિશેષ છે.

આ જ વિસ્તારમાં થયેલા બે ગ્રામદાની ગામો જોવાની પણ અમને તક મળી એક "મનફર" બીજું "ધમણા" મનફર પહાડ અને જંગલની વચ્ચે આવેલું ૪૦ પરિવારનું ૨૦૦ માણસોની વસ્તીનું એક નાનકડું ગામ છે. ત્યાંના લોકોએ પોતાની જમીનની વહેંચણી સમાન ધોરણે કરી લીધી છે. ખેતી ઉત્પાદનમાં સારી પ્રગતિ કરી છે. પહેલાં અહિના લોકોનું ખેતી તરફ લક્ષ્ય નહોતું. પોતાનો ગુજારો મજૂરી તથા શિકાર કરીને ચલાવતા. આજે ખેતી ઉપર ધ્યાન આપે છે, અને નવા નવા કૂવાઓ તૈયાર કરતા જાય છે. પોતાને જોઈતું અનાજ તથા શાકભાજી પેદા કરી લે છે. હવે તેમને બીજાની મજૂરી કરવા જવું નથી પડતું.

સરકારે કે કોઈએ અત્યાર સુધી આ લોકોના જીવન તરફ ધ્યાન જ નથી આપ્યું. ખેતીલાયક સુંદર ધરતીના ખોળે રહેતા આ માનવીઓના નસીબે, બીજાના માટે મજૂરી કરવાનું અને મજૂરી ન મળે ત્યારે શિકાર કરીને જીવવાનું રહેતું. એ હાલત હવે આજે પલટાઈ ગઈ છે.

ગામની ભાગોળે એક શાળા પણ શરૂ કરવામાં આવી છે, જેમાં હાલ મનફર અને આજુબાજુના મળીને ૮૧ વિદ્યાર્થીઓ ભણે છે. આને "નવી તાલીમની શાળા" બનાવવાની દૃષ્ટિએ, શાળાને અડીને ૨૨ એકર જમીન રાખેલી છે, જેમાં ખેતી સાથે શિક્ષણનો અનુબંધ જળવાય એ રીતે એનો વિકાસ કરવાની દ્વારકોજીની ઈચ્છા છે. એનો આધાર આર્થિક વ્યવસ્થા ગોઠવાવા ઉપર છે. પાંચ વરસ સુધી શાળા સ્વાવલંબી ન બને ત્યાં સુધી આર્થિક મદદ બરાબર મળી રહે તો કાર્ય સરળ થાય.

ધમણા ૨૦૦ પરિવારનું ગામ છે અને હજારેક માણસની વસ્તી છે. ત્યાં પણ ખેતીની ઉપજ સારી રીતે વધી છે, અને નવા કૂવાઓ બનતા જાય છે. હવે ફક્ત વરસાદ ઉપર આધારિત નહીં રહેતા ખેતી માટે સિંચાઈનું મહત્ત્વ સમજાવા લાગ્યું છે. ગયા વરસના ભયંકર દુકાળે પણ આ ભાન સારી રીતે કરાવી દીધું છે. કૂવો કરવો એટલે સામૂહિક શ્રમની જરૂર પડે જ, જેથી સામૂહિકતાની ભાવના પણ આપોઆપ આવતી જાય. આમ ગ્રામદાનમાં જે પારિવારીક ભાવનાની મૂળ વાત છે, તેનો પણ વિકાસ થતો જવાની સંભાવના રહે છે.

વરસોથી લૂંટાતા, શોષાતા, પારકાની મજૂરી કરીને પેટ ભરવાનું હોય, એ જાતના અજ્ઞાનમાં સબડતાં અને ગરીબી લખાવીને લાવ્યા હોય એ રીતે જીવવાની જેની આદત અને પરંપરા બની ગઈ હોય, એના જીવનમાં પોતાનો રોટલો પોતાના જ હાથમાં છે, બીજાને આધિન નથી એવી સ્થિતિ પેદા થવા અને એનું સુખ અને સંતોષ અનુભવવો એ એમના જીવનમાં નવો સૂર્યોદય થવા સમાન છે.

લોકો ભલા, ભોળા અને નિખાલસ ખરા, પણ આળસ અને દીનતાને કારણે એમની આ સાત્ત્વિકતા પણ અમુક અંશે ચીમળાઈ ગઈ છે. છતાં આ જ ગુણોને કારણે આ લોકો ગ્રામદાનના વિચારને, એના સત્ત્વને પકડી શકે છે.

અમને એવો વિચાર આવતો કે આવા સુંદર અને સત્ત્વશીલ વિચારને, આપણું શાણું ગુજરાત કેમ નહીં ઝીલી શકતું હોય? એનો જવાબ અહીં બિહારમાં મળી જાય છે. પરિસ્થિતિની દૃષ્ટિએ વિષમતા અને ગરીબી આ પ્રદેશમાં વધારે ખરી, પરંતુ આ વિચારને ઝીલવા જે સરળતા અને શ્રદ્ધા જોઈએ તે અહિના લોકોમાં વિશેષ હોવાને કારણે આ વિચાર વધારે પ્રમાણમાં અહીં ઝીલાયો. ભૂદાનમાં પણ એમ જ થયેલું. આખા દેશમાં સૌથી વધુ ભૂમિદાન આ પ્રદેશમાં જ થયેલું.

અમને લાગે છે કે મહાવીર અને બુદ્ધની આ વિહારભૂમિ, બિહાર – ગ્રામદાન દ્વારા ગ્રામ - સ્વરાજ્યના માર્ગે, આગળ વધી, આખા દેશને રાહ બતાવશે.

કાન્તિલાલ વોરા
સંયોજક, મુંબઈ સર્વોદય મંડળ

સભ્યો તથા ગ્રાહકોને–

સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોને આથી વિનંતિ કરવામાં આવે છે કે આપના ઉપર જે અંક મોકલવામાં આવે છે તેના સરનામાની સ્લીપો નવી છપાવવાની હોઈ, આપના સરનામામાં જે કાંઈ ફેરફાર કરવાનો હોય તે કાર્યાલયનો સરનામે સત્વર લખી જણાવવા કૃપા કરશો. લે. **વ્યવસ્થાપક**

નારાયણ આશ્રમની યાત્રા – ૨

[ગતાંકથી ચાલુ]

અમે આ હિમાલયનો પ્રવાસ મે મહિના દરમ્યાન કર્યો હોવાથી સામાન્ય રીતે ગરમી તો નહીં જ, પરંતુ ઠંડી પણ સામાન્ય હતી. આ નારાયણનગરની ઊંચાઇ ૬૦૦૦ ફીટ હોવાથી ત્યાં આ ત્રણ ચાર મહિના દરમ્યાન દિવસે તો ખાસ ઠંડી લાગતી જ નથી. સૂર્યાસ્ત પછી રાત થતાં ઠંડીનો અનુભવ થવા લાગે, પરંતુ તે છતાં અમદાવાદની શિયાળાની રાત્રિની ઠંડી કરતાં કાંઇ વધુ ન લાગે. તેથી આપણે તે સહેલાઇથી જીરવી શકીએ. વળી ઉનાળા દરમ્યાન તો આજુબાજુના ઊંચા પર્વતો પરથી બરફ ઓગળી જવાને કારણે પણ ઠંડીનું પ્રમાણ ઓછું રહે છે. વર્ષાઋતુ શરૂ થયા પછી આ બાજુ ઠંડીનું પ્રમાણ વધતું જાય છે. લગભગ પાંચ – છ મહિના શિયાળા સુધી તેની તીવ્રતા વધુ રહે છે. પર્વતોમાં કયાંક કયાંક વહેતા ઝરણામાં આ સમય દરમ્યાન બરફ ઓગળવાને કારણે વેગ સારો રહે છે. અમે અમારી રસ્તાની મુસાફરી દરમિયાન કેટલીય જગ્યાએ આ ઝરણામાંથી વહેતું શીતળ અને સ્વચ્છ જળ પીધેલું.

આલ્મોરાથી પિથોરાગઢ આવતાં તો અમે વચ્ચે આવતી કાળી નદીનાં દર્શન કર્યા. યોગીરૂપ સ્થિર ડુંગરાઓની વચમાં નદી પોતાની ગતિએ પોતાનો કર્મયોગ સાધતી સતત વહ્યા જ કરે છે. કેમ જાણે અસ્ખલિત વહ્યા જ કરવું એ તેનો જીવનમંત્ર ન હોય! હજી જો કે ગ્રીષ્મઋતુની શરૂઆત હોવાથી હિમશિખરો સારા પ્રમાણમાં ઓગળ્યાં નહોતાં. તેથી નદીમાં પૂરતા પ્રમાણમાં પાણી ન હોવાથી તેની ગતિમાં મંદતા હતી.



* નારાયણ સ્વામી *

રસ્તામાં કયાંક નાની નાની દેરીઓનાં દર્શન થતાં. ત્યાંથી પસાર થનાર લોકો અને વાહનો હાંકનાર ડ્રાઇવર વગેરે અમુક અમુક જગ્યાએ તેઓને જે દેવીમાં શ્રદ્ધા હોય ત્યાં ઊતરી તેનાં દર્શન કરી પ્રસાદ લઈને જ આગળ વધતા. વચ્ચે વચ્ચે અમુક અંતરે નાનાં નાનાં ગામો પણ આવતા, અહીંનાં ગામોની વસતિ ઘણી જ ઓછી હોય છે. વાહનવ્યવહાર તો ખૂબ જ ઓછો, જો કે આપણાં દેશ પરના છેલ્લા ચીની આક્રમણ પછી ત્યાં ઘણી છાવણીઓ નંખાવાથી, હવે રસ્તામાં ઘણી જ મિલિટરી જીપ અને ટ્રકો પુષ્કળ પ્રમાણમાં આમતેમ પસાર થતી યા પડેલી હોય છે. આ બધો વાહનવ્યવહાર, પહાડ પરનાં રસ્તા હોવાને કારણે એકમાર્ગી છે. જો સામસામી બે મોટી ટ્રક કે બસ આવી જાય તો અથડાવાનું જોખમ રહેલું હોવાને કારણે, તે બધાનો પહાડી રસ્તાઓ ઉપર આવવાનો અને જવાનો સમય નિયત કરેલો હોય છે. આ કારણે ત્યાંથી મુસાફરો માટે એક સ્થળેથી બીજા સ્થળે જવા માટેની બસોનાં સમય મુકરર કરેલા હોય છે. જેમકે પિથોરાગઢથી ઉપડતી બસોનો નિયત સમય સવારનાં છ વાગ્યાનો હોય તો બધી બસો તે મુકરર સમયે એકી સાથે ત્યાંથી ઉપડી જાય છે અને જ્યાં તેને પહોંચવાનું હોય તે સ્થળે મુકરર સમય પહેલા તે પહોંચી જાય છે. ત્યાર બાદ તે સ્થળથી પિથોરાગઢ જનારી બસો રવાના થાય છે. આ બસોની વ્યવસ્થા મુસાફરો માટે બહુ સગવડભરી હોય છે.

નારાયણનગરમાં અમે ચાર દિવસ રોકાયા. નારાયણનગર અને નારાયણ આશ્રમ એ જ નારાયણસ્વામીનાં ચિરસ્મરણીય કાર્યક્ષેત્રો. સ્વામીજી કયાંના હતા, કોણ હતા તેની બહુ ઓછી માહિતી મળે છે. પરંતુ આ પ્રદેશમાં પગ મૂકતાં જ તેની ભૂમિનાં પ્રત્યેક કણમાં તેમનો વાસ રહેલો છે તેની પ્રતીતિ થાય છે. અમે પિથોરાગઢમાં સ્વામીનારાયણના પરમ ભકત ડૉ. પંતને ત્યાં માત્ર બે જ કલાક માટે રોકાયા હતા, પરંતુ તેઓશ્રીનાં ધર્મપત્ની અને તેમનાં પુત્રે અમને સ્વામીજી અંગે જે વાતો કરી અને તેમને ત્યાં સ્વામીજીનો ફોટો જોયો ત્યારથી જ એમને અમે કેટલાય સમયથી ઓળખતા હોઇએ એવો અનુભવ થયો. હજી પણ તેમનું સ્મરણ થતાં મનઃચક્ષુ સમક્ષ તેઓશ્રીની છ ફૂટથી પણ વધારે ઊંચી અને અત્યંત પ્રભાવશાળી દેહાકૃતિ ખડી થઇ જાય છે.

કહેવાય છે કે કૈલાસનાં દર્શન કરવાની અભિલાષાથી નારાયણસ્વામી આ બાજુએ આવેલા. સૌ પ્રથમ તેમને નારાયણનગરની જગ્યા એટલે તે જંગલના પહાડી વિસ્તારમાં નાની સરખી ટેકરી પસંદ પડી. ત્યાં તેઓ નાની ઝૂંપડી બાંધી સાધના કરવા માટે રહ્યા. ત્રણ વર્ષ તેઓએ સાધનામાં પસાર કર્યા પછી અન્ય સાધકો અને ભકતો તેમની સાથે જોડાયા. અને પાંચ સાત વર્ષમાં તો તેમણે તે ભૂમિનું એક અત્યંત પવિત્ર તપોભૂમિમાં રૂપાંતર કર્યું. નારાયણ નગરમાં નવી નવી કુટિરો ઊભી થવા લાગી; પછી તો તેમણે ત્યાં એક કૉલેજની પણ સ્થાપના કરી અને આ કૉલેજને ગાંધીજીના નામ સાથે જોડીને 'બાપુ–મહાવિદ્યાલય' એવું નામ આપ્યું. આ કૉલેજનું સ્વામીજીના અવસાન બાદ ત્યાંની સરકાર સંચાલન કરે છે. આ કૉલેજનાં પ્રિન્સીપાલ તેમનાં કુટુંબ સહિત કૉલેજની બાજુમાં જ એક મકાનમાં નિવાસ કરે છે. કૉલેજનાં પ્રાધ્યાપકો ત્યાંના આજુબાજુના વિસ્તારમાંથી આવે છે. ખરેખર આવા પહાડી પ્રદેશમાં આવી કૉલેજની સ્થાપના થવાથી આજુબાજુનાં ગામોમાં વસતાં ઘણાં વિદ્યાર્થીઓને સારો લાભ મળે છે. હવે તો ત્યાં એક સારું મંદિર પણ બંધાઈ રહ્યું છે. પહાડી વિસ્તારમાં અંગ્રેજકાળમાં જ્યાં દેશના કે ધર્મના વિકાસની કશી જ શકયતા ન વિચારી શકાય ત્યાં શાળા, છાત્રાલય, મહાશાળા, મંદિરો વિગેરેની નારાયણ સ્વામીએ સ્થાપના કરી. એટલે આપણે તો માત્ર તેમની અદ્‌ભુત સર્જનશકિતની કલ્પના જ કરવી રહી.

આ નારાયણનગરની સઘળી વ્યવસ્થા શ્રી ઈશ્વરદત્ત પાંડેજી સંભાળે છે. તેઓ નારાયણનાં સંગથી રંગાયેલા વહીવટકુશળ અને

શાંત પ્રકૃતિના માનવી છે. તેમની પાસે નારાયણનાં જીવનનાં પ્રસંગોનો ખજાનો છે. તે ઉપરાંત નારાયણનગર અને આશ્રમનાં સર્જનમાં પણ તેમનો હિસ્સો ઘણો જ મોટો છે. તેઓ એક શિક્ષક હતા. પરંતુ નારાયણનાં સંપર્કમાં આવતાં તેમનાથી પ્રભાવિત બન્યા, સંસારનો તેમણે ત્યાગ કર્યો અને નારાયણનાં સર્જનકાર્યમાં તેઓ જોડાઈ ગયા.

અહીંના ડોળીવાળા, મજૂરો કે આજુબાજુના રહેવાસીઓ સૌ નારાયણસ્વામીથી ખૂબ પ્રભાવિત લાગ્યા. તેમના વિષે સૌના દિલમાં આત્મીયતા અને ભક્તિ પણ ખૂબ, અને આ બધી નારાયણ સ્વામીની જ કૃપા છે આવી તેમની માન્યતા હોય એમ અમને લાગ્યું.

અમે નારાયણનગર માત્ર ચાર દિવસ રહ્યાં, આ દિવસો દરમિયાન શ્રી વિમલાબહેનના જ્ઞાનનો અમને ઘણો સારો લાભ મળ્યો. આ વખતની અમારી દિનચર્યા આ મુજબ હતી: અમે રોજ સવારનાં નવ વાગે તૈયાર થઈને સૌપ્રથમ વિમલાબેનનાં સુરીલા અને ભક્તિમય ભજનો સાંભળતા. ત્યારપછી આ જમાનાની ચાલુ પરિસ્થિતિનો ખ્યાલ તેઓ અમને આપતા, જેમાં તેઓ ભૂતકાળના ઈતિહાસનો નિર્દેશ કરતાં અને અમારા પ્રશ્નોનો તેઓ અત્યંત સુંદર રીતે ઉકેલ આપતા. ત્યારબાદ કોઈ પુસ્તકનું વાંચન કરતા, તે પર ચર્ચા કરતા. પછી લગભગ ૧૧ વાગ્યા પછી અમે બહેનો રસોઈમાં થોડી ઘણી મદદ કરાવીને જમવા માટેની તૈયારી કરતા અને ૧૨ વાગે જમી કરી બધા લગભગ ૩ વાગ્યા સુધી આરામ અને ટપાલ વિગેરે પતાવતા. સાડાત્રણ વાગે બપોરના ચાપાણી નાસ્તો પતાવી અમે ત્યાં આજુબાજુનાં પ્રદેશમાં ફરવા નીકળી પડતા અને કુદરતના સૌન્દર્યનું પાન કરતા. બસ ચારેબાજુએ બરફથી છવાયેલા પર્વતો નજરે પડતા. કોઈ વખત પર્વતો પરનાં જંગલોમાં લાગેલો દવ દેખાતો ત્યારે એ અગ્નિનો પ્રકાશ આજુબાજુનાં લીલા જંગલો વચ્ચે અત્યંત રોમાંચક લાગતો. છ વાગે ફરીને પાછા આવીને જમવાની તૈયારી કરતા અને સાત વાગે તે બધું પતાવીને અમે શ્રી પાંડેજી જોડે જાતજાતની વાતો કરવા બેસતા.

શ્રી પાંડેજી કોઈ વખત વિમલાબેનને તેમનાં અનુભવો વિશે પૂછતાં, જેમાંથી વિમલાબેનનો ભૂતકાળ અમને જાણવા મળ્યો. એમનું સાહસભર્યું બાળપણ, ત્યારપછી તેમના માતા પિતા અંગે તેમનામાં અપૂર્વ શ્રદ્ધા, તે ઉપરાંત તેમણે નાનપણથી દાખવેલી અદ્‌ભુત શક્તિ, તેમની ભૂદાનયાત્રાની અવનવી વાતો આ બધું સાંભળતાં અમે ધરાતા જ નહીં. આમ રાત્રે ૧૦ વાગ્યા સુધી આવી બધી વાતો ચાલતી.

આમ અમે ચાર દિવસ નારાયણનગર રહી નારાયણ આશ્રમ જવા ઉપડ્યા. નારાયણ આશ્રમ પહોંચતાં પહેલા અમારે ધારચૂલા થઈને જવાનું હતું. ધારચૂલા આપણી મિલિટરીનું મોટું મથક છે. ધારચૂલા આપણાં દેશની સરહદ પર હોવાથી અને તેની ત્રણ બાજુએ ચીનની, તિબેટની અને નેપાળની સરહદો આવેલી હોવાથી આપણાં દેશનાં રક્ષણ માટે ત્યાં ઘણાં મોટા પ્રમાણમાં મિલિટરી પથરાયેલી છે. અમે સવારે લગભગ ૯ વાગે નારાયણનગરથી નીકળી ત્યાંની બસમાં બેસી આસ્કોટ પહોંચ્યા અને ત્યાંથી બીજી બસ બદલી ધારચૂલાની બસમાં બેઠા અને લગભગ ત્રણ વાગે અમે ધારચૂલા પહોંચ્યા. આ આખો રસ્તો પહાડો કોતરીને જ બનાવેલો છે અને તે બધો કાચો રસ્તો જ છે, પરંતુ પ્રમાણમાં પહોળો છે. ધારચૂલા બહુ ઓછી ઊંચાઈ પર આવેલું હોવાથી નારાયણનગરથી ત્યાં પહોંચતા બધા પર્વતો ઉતરવા પડે છે. તે લગભગ ૨૫ માઈલનો રસ્તો છે. અહીં સ્થાનિક લોકોની અવરજવર સારી રહેતી હોવાથી બસમાં સારી એવી ગીરદી રહે છે. અમને પણ બસમાં જગા મેળવતાં ઘણી મુશ્કેલી પડી, પરંતુ યાત્રાળુઓ તરફની આ દેશની ભક્તિ મદદરૂપ થઈ, અને અમારી સગવડ થઈ ગઈ. ધારચૂલા અમારા માનવા પ્રમાણે સમયસર ન પહોંચી શકયા, તેથી અમારે ત્યાં એક રાત રોકાઈ જવું પડ્યું.

આ સ્થાન માત્ર ૨૫૦૦ ફૂટની ઊંચાઈ પર હોવાથી બપોરે ગરમી લાગે. પરંતુ ત્યાં જે નદી વહે છે તેનું વહેણ એટલું જોરદાર છે અને તેમાં પાણી પણ બરફ ઓગળવાને કારણે ઘણું જ ઠંડું હોવાથી પવન ઘણો જ ઠંડો રહે છે. આથી અહીં બપોરે તડકો હોવા છતાં ઠંડા પવનને કારણે ગરમી બહુ લાગતી નથી. ધારચૂલામાં જે ડાક બંગલો છે તે આ નદીની ઉપર જ આવેલો હોવાથી ત્યાંનું દૃશ્ય ભારે રમણીય લાગે છે. એટલે ત્યાં એક રાત રોકાવું પડ્યું તે ખૂબ સાર્થક થયું એમ અમને લાગ્યું.

અમે તે જ દિવસે ત્યાંથી કોઈ જીપ મેળવવા માટે ઘણો જ પ્રયત્ન કર્યો. કારણકે આમ તો આ ધારચૂલાથી લગભગ ૨૦ માઈલ નારાયણઆશ્રમ આવેલો છે અને આ ધારચૂલા તો લગભગ ખીણમાં જ આવેલું છે, તેની ઊંચાઈ ફકત ૨૫૦૦ ફૂટ, છે અને અમારે ૯૦૦૦ ફીટની ઊંચાઈ પર જવાનું હતું. ધારચૂલાથી ૧૦ માઈલ પછી તવાગઢ આવે છે, પરંતુ હજુ સુધી રસ્તાનું કામ અધુરું હોવાથી ત્યાં માત્ર મિલિટરીની જીપ કે ટ્રક સિવાય બીજું કોઈ સાધન જતું નથી અને જો મિલિટરીની જીપની સગવડ ન મળે તો એટલું ચાલતાં જવું પડે અને ત્યાર પછીના બીજા ૧૦ માઈલ પણ દંડીમાં કે પગે ચાલતાં જવું પડે. અમે નારાયણ આશ્રમથી ચાર પાંચ દંડી અને સામાન ઊંચકવા માટે મજૂરો તો બોલાવેલા, પરંતુ તે તો તવાગઢથી જોડાવાના હતા. તવાગઢ તો અમારે જીપ મળે તો જીપ, નહીં તો ચાલતાં જવાનું હતું.

તે દિવસે તો કાંઈ જ સગવડ ન થઈ શકવાથી ધારચૂલાનાં ડાક બંગલામાં અમે રાત્રે સૂઈ ગયા. બીજે દિવસે સવારથી અમે તે અંગે ફરી તપાસ શરૂ કરી, પરંતુ અમને જેમના પર કાગળ લખી આપવામાં આવ્યો હતો તે ભાઈની બદલી થઈ ગઈ હતી. તેથી અમારે માટે જીપ મેળવવાનું મુશ્કેલ બની ગયું. સદ્‌ભાગ્યે અમારામાંની બહેનોને એમ થયું કે બીજા કોઈને મળવાનો પ્રયત્ન કરીએ અને અમે એક કેમ્પમાં ઑફિસર પાસે ગયા. એક અધિકારી શ્રીવાસ્તવને અમારા માટે સહાનુભૂતિ થઈ. તેમને કહ્યું કે ગુજરાતનાં લોકો આટલા દૂર શ્રી નારાયણ સ્વામીની ભક્તિથી પ્રેરાઈને તેમની તપોભૂમિના દર્શન કરવા આવ્યા છે, તો કાંઈ સગવડ કરી આપવી જોઈએ. આ રીતે તેમણે અમારે માટે પછી જીપ કે ટ્રકની ગોઠવણ કરી આપવાનું કબૂલ કર્યું.

નારાયણ આશ્રમમાં અમારો મહિનો રહેવાનો વિચાર હોવાથી અને ત્યાં કેવી સગવડ છે તેની અમને ચોક્કસ માહિતી ન હોવાથી અમારી પાસે સારો એવો સામાન હતો તેથી જીપને બદલે અમને ટ્રક આપી. આ ટ્રક છેક તવાગઢનાં ડાક બંગલા સુધી રસ્તો ઘણો જ સાંકડો હોવાથી જઈ શકે તેમ નહોતું. તેથી અમારે તવાગઢથી દોઢ બે માઈલ પહેલાં ટ્રકમાંથી ઉતરી જવું પડ્યું. ત્યાં અમે લગભગ છ વાગ્યા પહેલાં પહોંચી ગયા. આ તવાગઢ પહેલા અમારે જે થોડુંઘણું ચાલવું પડ્યું તે દરમિયાન જોયેલું દૃશ્ય તો કદી ન વિસરી શકાય એવું ભવ્ય હતું. એક તો અમે પહાડની સારી એવી ઊંચાઈ પર ચાલતાં હતાં. નીચે ઊંડી ખીણમાં નદી તેના પૂરજોશમાં વહે અને સામી બાજુનાં પહાડ તો એટલા ઊંચા કે ચાલતા જોવા જઈએ તો ચક્કર આવી જાય અને અમારા રસ્તાની બીજી બાજુ પહાડની મોટી મોટી દીવાલો જે અમારા માથા પરથી નમીને જાણે નદીને આલિંગન આપવા ન માંગતી હોય તેવું તો તેનું અનુપમ સૌન્દર્ય. આ પહાડોની દીવાલો ઢળતી હોવાને કારણે ગરમી તો જરા પણ લાગે નહીં અને અમે ધારચૂલાથી સારી એવી ઊંચાઈ પર આવી ગયેલા હોવાથી વાતાવરણમાં ઠંડક લાગે. તેમાં પણ પાછો સાંજનો સમય તેથી અમને તો આ બે માઈલ ચાલવાની અત્યંત મજા આવી. મનમાં એમ પણ થયું કે સારું થયું જીપ ન લીધી, નહિ તો આવો ચાલવાનો લ્હાવો કયાંથી મળત?

ક્રમશ:

સુનંદાબેન વહોરા

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૯ : અંક ૨૪

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, એપ્રિલ ૧૬, ૧૯૬૮, મંગળવાર
પરદેશ માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રીઃ પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ શાન્તિનો નિડર સેનાની માર્ટીન લ્યુથર કિંગ ☆

[અમેરિકા–યુનાઈટેડ સ્ટેટ્સમાં વસતા હબસી કોમના નેતા અને પોતાની કોમ માટે ન્યાય અને સમાનતાનો દરજ્જો મેળવવાના હેતુથી અહિંસક સત્યાગ્રહની નીતિ આપનાવનાર રેવરન્ડ માર્ટીન લ્યુથર કિંગનું તા. ૫ એપ્રિલના રોજ ગાળીબારથી ખુન કરવામાં આવ્યું અને સત્ય અને ન્યાયને આગળ રાખીને જીવનભર ઝઝુમનાર અબ્રાહમ લીંકન અને મહાત્મા ગાંધીને રસ્તે ૩૯ વર્ષની યુવાન ઉમ્મરે આ ધર્મપુરુષે આ દુનિયામાંથી વિદાય લીધી. આ દુર્ઘટનાએ આખી દુનિયાની માનવજાતને અસાધારણ આંચકો આપ્યો છે અને ઊંડી વેદનાનો અનુભવ કરાવ્યો છે.

આ માર્ટીન લ્યુથર કીંગ પોતાનાં પત્ની સાથે ૧૯૫૯ ની સાલમાં પ્રારંભમાં ભારત ખાતે પધારેલા અને તેઓ મુંબઈ આવેલા તે દરમિયાન તા. ૨૮-૨-૫૯ ના રોજ રોકસી સીનેમામાં પૂજ્ય કાકાસાહેબ કાલેલકરના પ્રમુખપણા નીચે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તેમનું જાહેર સન્માન કરવામાં આવેલું અને એ સમયે મીસીસ કિંગે બે અંગ્રેજી ભજનો સંભળાવેલા અને અમેરિકન એકેડેમી ફોર ઈન્ડિયન સ્ટડીઝ તરફથી તૈયાર કરવામાં આવેલ Mahatma Gandhi: The 20th Century Prophet–'મહાત્મા ગાંધી: ૨૦મી સદીના પયગંબર' એ શિર્ષક ચિત્રપટ દેખાડવામાં આવેલું.

મહાત્મા ગાંધીની નાની આવૃત્તિ સમા–આજે સ્વર્ગસ્થ બનેલા માર્ટીન લ્યુથર કિંગ ઉપર શું લખવું એની મુંઝવણમાં હતો. મારી પાસે એવી કોઈ વિગતવાર માહિતી નહોતી. એવામાં મારા મિત્ર શ્રી ગગનવિહારી મહેતા સાથે વાત થતાં તેમણે તાજેતરમાં જ આ વિષય અંગે અંગ્રેજી નોંધ તૈયાર કરી છે એમ મને જણાવ્યું, અને મારી માંગણી થતાં તેમણે તેની નકલ મોકલી આપી. તેનો શ્રી. સુબોધભાઈએ તત્કાળ અનુવાદ કરી આપ્યો, જે પ્રબુદ્ધ જીવનમાં સમયસર પ્રગટ કરતાં હું સંતોષ અનુભવું છું.' પરમાનંદ]

માર્ટીન લ્યુથર કિંગ એક એવો અજોડ માનવ હતો કે જેણે હતાશા અને અનાસ્થાના કારણે ઘટતી જતી માનવ સ્વભાવ પરની શ્રદ્ધાને પુનઃ સ્થાપિત કરી છે. એણે પોતાનાં જીવન, કાર્ય અને મૃત્યુ દ્વારા બતાવી આપ્યું છે કે માણસ આદર્શ, નીતિમત્તા અને નિડરતામાં કેટલો આગળ વધી શકે છે. નિતાન્ત પ્રપંચ અને સ્વાર્થ-પરાયણતાથી ભરેલા વાતાવરણ વચ્ચે તેઓ તદ્દન નિઃસ્વાર્થ અને કર્તવ્યપરાયણ રહ્યા. 'સત્તાનો પ્રેમ' સારામાં સારા માણસોને પીગળાવી દે એવા આજના જમાનામાં પણ તેઓ એક એવા માનવી હતા કે જેઓ 'પ્રેમની સત્તા'માં નિષ્ઠાપૂર્વક માનતા હતા. તિરસ્કાર અને ઝનૂની ગાંડપણને લઈને લોકો અને રાષ્ટ્રો વચ્ચે ઊભી થઈ રહેલી દિવાલોના આ વાતાવરણ વચ્ચે તેમનો અવાજ અનુકંપા અને સહિષ્ણુતાનો અવાજ હતો. બળવાન રાષ્ટ્રો જ્યારે પોતાની માન્યતાને માટે એકબીજાનો નાશ કરવા તૈયાર થઈને ઊભેલા છે અને એ રીતે જ્યારે સમગ્ર દુનિયાની હસ્તી નાબૂદ થવાનો ભય ઊભો થયેલો છે, તેવે સમયે તેઓ શાંતિ અને સમજૂતી દ્વારા જ પ્રાપ્તવ્ય તાકાતમાં અખૂટ શ્રદ્ધા ધરાવતા હતા, અને જેવી સુદૃઢ એમની શ્રદ્ધા હતી તેવી જ સુદૃઢ એમની હિમત હતી.

ડૉ. કિંગનું ખરું નામ માઈકલ હતું. તેમનો જન્મ આટ્-લાન્ટા, જ્યોર્જિઆમાં સને ૧૯૨૯માં થયો હતો. તેઓ જ્યારે માત્ર છ જ વર્ષના હતા ત્યારે એક ગોરા બાળકને તેમની સાથે રમતો અટ-કાવવામાં આવ્યો હતો, અને ત્યારથી જ તેમને રંગદ્વેષનો ખ્યાલ આવ્યો હતો. તેમની માતાએ તેમને રંગભેદની પૂરી સમજ આપી હતી, પરંતુ એ કારણે કદી પણ લઘુતા નહીં અનુભવવાનો તેમણે હંમેશ આગ્રહ રાખ્યો હતો. તેમના પિતાજીએ પ્રોટેસ્ટંટ સુધારાવાદી નેતા માર્ટીન લ્યુથર વિષે કિંગને ઘણી વાતો કરી હતી અને બાપદીકરા બંનેએ તે નામ ધારણ કર્યું હતું. તેમના પિતાજીની જેમ કિંગના પોતાના મનમાં પણ માર્ટીન લ્યુથર વિષે ઘણો આદર હતો જ, પણ ડૉ. કિંગ કહેતા કે તેમના જીવન પર બીજાઓની પણ સારી અસર પડી હતી. જેમાં ઈસુખ્રિસ્ત અને મહાત્મા ગાંધી મુખ્ય હતા.

આશરે બાર વર્ષ પૂર્વે, જ્યારે મેન્ટગોમરી (અલાબામા) શહેરની રોક બસ સરવીસના હબસીઓએ કરેલા બહિષ્કારની સરદારી તેમણે લીધી ત્યારે તેઓ સૌ પ્રથમ જાહેરમાં આવ્યા. એ વખતે એક હબસી સ્ત્રીની બસના ગોરાંઓને બેસવાના વિભાગમાં બેસીને સ્થાનિક વટહુકમનો ભંગ કરવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. આ બહિષ્કાર ૩૮૧ દિવસ ચાલ્યો હતો, જેમાં આશરે ૫૦,૦૦૦ હબસીઓ જોડાયા હતા. તેઓ બધાં જ પોતપોતાના કામે પગે ચાલીને જતા; અને અંતે તેઓની જીત થઈ હતી. કિંગ અહિંસાના કડક પાલન માટે આગ્રહ રાખતા. તેઓ પોતાના અનુયાયીઓને કહેતા કે "આપણે કાયદો અને વ્યવસ્થામાં માનીએ છીએ. આપણે હાથમાં શસ્ત્ર પકડવાના નથી. જે તર-વારથી જીવે છે તે તરવારથી જ નાશ પામે છે." ગાંધીજી પ્રત્યેનું પોતાનું ઋણ સ્વીકારતાં તેઓએ કહેલું, " આપણી આ સવિનય અસહકારની લડતનો પાયો નૈતિક અને આધ્યાત્મિક પરિબળોમાં રહેલો છે. આપણે બુરાઈનો જવાબ ભલાઈથી આપીશું. ઈશુએ આપણને આ માર્ગ બતાવ્યો છે અને મહાત્મા ગાંધીએ એ માર્ગે ચાલીને પ્રયોગની સફળતા સિદ્ધ કરી આપી છે."

જુઓ, આખું વર્તુળ આ રીતે બને છે! મોન્ટગોમરીમાં નિગ્રોની ચળવળના નેતાએ મહાત્મા ગાંધીની સત્યાગ્રહની પદ્ધ-તિમાંથી પ્રેરણા લીધી. ગાંધીજી પોતે જ્યારે દક્ષિણ આફ્રિકાની જેલમાં હતા ત્યારે તેઓ થોરોના સવિનય કાનૂન ભંગ વિષેનો એક મહા-નિબંધ વાંચીને ખૂબ જ પ્રભાવિત થયા હતા. તો થોરો પણ પ્રાચીન હિન્દુ ધર્મગ્રંથોના પ્રખર અભ્યાસી હોઈને ગીતાની શિક્ષાને પચાવી ગયા હતા. આ રીતે દરેક જણ એક બીજાના આધ્યાત્મિક દૃષ્ટિએ ઋણી હતા; અથવા બીજી રીતે કહીએ તો પ્રત્યેક જણ બીજાનો વારસો વધારે સમૃદ્ધ કરતા ગયા હતા.

ડૉ. કિંગે પોતાના એક પુસ્તક Stride Towards Freedom -સ્વાતંત્ર્ય તરફનું પ્રયાણ-માં લખ્યું છે: "મોટા ભાગના લોકોની જેમ મેં

પણ ગાંધી વિષે સાંભળ્યું હતું, પણ તેમના વિષેનો ઊંડો અભ્યાસ મેં કદી કર્યો ન હતો. પણ હું જેમ જેમ વાંચતો ગયો તેમ તેમ અહિંસક પ્રતિકારની તેમની લડતો વિષે મારો આદર વધતો ગયો. ખાસ કરીને તેમની નિમક સત્યાગ્રહ માટેની દાંડીકૂચ અને તેમના ઉપવાસોની મારા પર ખૂબ અસર થઈ હતી. સત્યાગ્રહ વિષેની આખી કલ્પના મને સવિશેષ સાર્થક લાગી. અને જેમ જેમ હું ગાંધીના તત્ત્વજ્ઞાનમાં ઊંડો ઉતરતો ગયો તેમ તેમ પ્રેમની સત્તા વિષેની મારી શ્રદ્ધા સુસ્થિર થતી ગઈ અને સામાજિક સુધારણાના ક્ષેત્રમાં એ સત્તાનું સામર્થ્ય મને પહેલી જ વાર સમજાયું."

આ પહેલાં કિંગ એમ માનતા હતાં કે ઈશુનું નીતિશાસ્ત્ર માત્ર વ્યકિત વ્યકિત વચ્ચેના સંબંધોમાં જ લાગુ પડી શકે છે અને જ્યારે જાતિઓ અને રાષ્ટ્રો વચ્ચેના સંઘર્ષનો સવાલ ઉભો થાય ત્યારે વધારે વાસ્તવવાદી વલણ અપનાવવું રહે. પરંતુ ગાંધીને વાંચ્યા–સમજ્યા પછી તેમણે જીવનમાં નવા જ તત્ત્વજ્ઞાનનું દર્શન કર્યું.

તેમણે લખ્યું કે "ગાંધી કદાચ ઈતિહાસમાં પહેલી જ વ્યકિત હતી કે જેણે ઈશુના પ્રેમના તત્ત્વજ્ઞાનનો વ્યકિતના બદલે મોટા પાયા પર સામાજિક પરિબળ તરીકેનો સફળ અને જોશીલો પ્રયોગ કર્યો. ગાંધીને માટે પ્રેમ એ સામાજિક અને સામૂહિક પરિવર્તન માટેનું સમર્થ શસ્ત્ર હતું. ગાંધીના આ .....પ્રેમ અને અહિંસા વિષેના આગ્રહમાંથી જ મને સામાજિક સુધારણાની ગુરુચાવી સાંપડી કે જેને હું મહિનાઓથી શોધતો હતો. ગાંધીના અહિંસક પ્રતિકારની ફીલ્સુફીમાંથી મને જે નૈતિક અને બૌદ્ધિક તૃપ્તિનો અનુભવ થયો છે, તે મને નથી મળ્યો બેન્થામ અને મીલના ઉપયોગિતાવાદમાંથી, માકર્સ અને લેનિનની ક્રાન્તિવાદી પદ્ધતિઓમાંથી, હોબ્સના સામાજિક કરારવાદી સિદ્ધાંતોમાંથી, રૂસોના 'Back to Natnre' 'કુદરત તરફ પાછા ફરો'ના આશાવાદમાંથી કે નિત્શેના અધિમાનવવાદી તત્ત્વજ્ઞાનમાંથી. મને એમ ચોક્કસપણે સમજાવા લાગ્યું કે જુલમનો ભોગ બનેલા લોકોની સ્વાતંત્ર્યની લડતને માટેનો આ જ એકમાત્ર નૈતિક અને વાસ્તવિક રીતે સબળ ઉપાય છે.

આ રીતે, માર્ટીન લ્યુથર કીંગ એક સાચા સત્યાગ્રહી બન્યા કે જેણે સત્યના આગ્રહમાં સમાયેલા નૈતિક તત્ત્વોને પચાવ્યા, એટલું જ માત્ર નહીં પણ, રોજિંદા જીવનવ્યવહારમાં દરેક રીતે આચરી બતાવ્યા. તેમના જીવનમાં કદી 'આધ્યાત્મિક ખાલીપણું'–Sprtual Vacuum–પેદા થયું ન હતું. એક અથાક પરિશ્રમ અને જેનો જલ્દી અન્ત ન આવે એવી લડાઈની એ કથા છે. પોતાનાં સાથીઓને પણ એમણે કદી જંપીને બેસવા દીધા નથી. સતત અને પોતાની તમામ શકિતઓના યોગપૂર્વક તેઓ હબસીઓ માટે સામાજિક ન્યાય અને સમાનતાના ધ્યેય માટે લડતા રહ્યા. તેમના માટે આ લડત એક નૈતિક પ્રશ્ન, એક જીવનમરણનો પ્રશ્ન હતો. જાહેર શાળાઓમાં કાળા લોકોને સમાવી લેવાનો અમેરિકાની સુપ્રિમ કૉર્ટનો નિર્ણય અમલી બન્યા પછી તેમને લાગ્યું કે 'નવા નિગ્રો'એ સ્વમાન અને ગૌરવનું એક નવું શિખર સર કર્યું છે અને એમને આશા હતી કે થોડો Shock period – આંચકાઓ આપતો ગાળો–પસાર થયા પછી ગોરા અને કાળા લોકો કોઈ પણ જાતની કટુતા વિના સાથે મળીને કામ કરી શકશે.

કમનસીબે, એમ થવાનું નિર્મિત ન હતું. દક્ષિણ અમેરિકામાં ગોરાઓએ બળવો પોકાર્યો અને વૉશિંગ્ટનની મધ્યસ્થ સરકાર સાથે તેમનો સતત સંઘર્ષ ચાલતો રહ્યો. કેનેડી અને જૉન્સનના શાસનકાળ દરમ્યાન આ સરકાર હબસી લોકોને નાગરિક અધિકારો આપીને જાતિ જાતિ વચ્ચે સુમેળ પેદા કરવા આતુર હતી. પણ જેમ શારીરિક ક્ષેત્રમાં તેમ જ સામાજિક ક્ષેત્રમાં પણ આઘાત અને પ્રત્યાઘાત બરોબરીયાં અને વિરોધી – Equal and opposite–હોય જ છે. છેલ્લા કેટલાંક વરસોમાં બળવાખોર હબસીઓ, જાતિભેદનાં રમખાણો, અને શહેરોમાં ચાલતાં હિંસક તોફાનોને લઈને અમેરિકાનું રાષ્ટ્રીય જીવન ચુંથાઈ ગયું છે. તેમાં પણ ગયા ઉનાળામાં તો ગાંડપણની હદ આવી ગઈ હતી. તો પણ માર્ટીન લ્યુથર કીંગે ધમકીઓની પરવા કર્યા વિના અને પરસ્પર ધૃણા અને તિરસ્કારના જબ્બર આંચકાઓથી વિચલિત થયા વિના, પોતાની લડત ચાલુ જ રાખી હતી. તેમણે પોતાના નેતૃત્વ નીચે મોરચાઓ કાઢવા ચાલુ રાખ્યા અને હતાશાજનક તેમ જ અશુભ સંજોગોની સામે થઈને પણ તેમણે ન્યાય અને સુલેહસંપની પોતાની વાત જાહેર કરવી ચાલુ જ રાખી. વારંવાર તેઓ જેલમાં ગયા, તેમના નિવાસસ્થાન પર બૉમ્બ ફેંકવામાં આવ્યા, તેમની પોતાની જાત પર હુમલા થયા, છરી ભોંકવાના ને તેમને મારી નાંખવાના પ્રયત્નો થયા તો પણ તેમણે કદી શરણાગતી સ્વીકારી નહીં તેમ જ કદી પણ બદલો લેવાની વૃત્તિ બતાવી નહીં.

પાંત્રીસ વર્ષની ઉંમરે શાંતિ માટેનું નૉબેલ પ્રાઈઝ જીતનારા તેઓ સૌથી યુવાન માણસ હતા. આપણે અહીં જ્યારે ગાંધીજીનો સામાજિક ન્યાય, કોમી એખલાસ અને સહિષ્ણુતાનો સંદેશ ભૂલી રહ્યા છીએ ત્યારે દૂર દૂર અમેરિકામાં એક ડૉ. માર્ટીન લ્યુથર કીંગે એ મશાલ જલતી રાખી છે. ગાંધીજીએ એક વાર કહ્યું, "કદાચ અહિંસાનો–ભેળસેળ વિનાનો–શુદ્ધ સંદેશ દુનિયાને સાદર કરવાનું કાર્ય કાળાં લોકોને ફાળે આવ્યું હોય." અને જે મહા પુરુષની પાસેથી એમણે પ્રેરણા મેળવી હતી તેની જેમ ડૉ. કીંગ પણ જોખમભરેલું જીવન જીવ્યાં. ખાસ કરીને છેલ્લાં કેટલાંક વરસોમાં ગોરા લોકોની સર્વોપરી સત્તા સામે તેમણે વારંવાર અને વીરતાપૂર્વક ચેલેંજ ફેંકી. આમ કરવામાં તેમણે મૃત્યુનો પણ સામનો કર્યો. થોડાંક જ દિવસો પૂર્વે શ્રીમતી કિંગે એક દિલ હલી ઊઠે એવી અખબારી મુલાકાતમાં જણાવ્યું હતું કે "કદાચ ઈશ્વરની એવી જ ઈચ્છા હશે કે મારા પતિ મૃત્યુ પામે. જે કાંઈ થવાનું હશે તેને માટે હું મારી જાતને તૈયાર કરી રહી છું." આગળ ચાલતાં તેમણે એમ પણ કહ્યું કે 'જીવનની સાર્થકતા તમે શું માંગો છો તેમાં નહીં પણ તમે શું આપો છો તેમાં રહલી છે. તમે કેટલું દીર્ઘજીવન જીવો છો એ અગત્યનું નથી, પણ તમે કેવું સુંદર જીવન જીવો છો એ અગત્યનું છે.'

આવી સ્ત્રીના પતિ માટે મૃત્યુ અને કબર જરીકે ભયાનક ન જ હોઈ શકે!

વૉશિંગ્ટનમાં લિંકનના મેમોરિયલ તરફ જ્યારે હજારો નિગ્રોએ કૂચ કરી હતી ત્યારે અસ્ખલિત અને દર્દસભર વાણીમાં પ્રવચન કરતા ડૉ. માર્ટીન લ્યુથર કિંગે વારંવાર કહ્યું હતું, "મારું એક સ્વપ્ન છે અને એ સ્વપ્નમાંથી જ મને પ્રેરણા, ઉત્સાહ અને માર્ગદર્શન મળ્યાં છે." તેમના પુરતું પ્રકાશ અને અંધકારના પરિબળો વચ્ચે કોઈ જાતનું સમાધાન શકય ન હતું. એક વાર દિશા ચોક્કસપણે અંકિત થઈ ગઈ, એટલે પછી લડત અનિવાર્ય, અફર અને આખરી બની રહે છે. એટલા જ માટે એમનું પોતાનું મૃત્યુ એક કરૂણ ઘટના બનવાને બદલે પોતે જે સ્વપ્નને સાકાર કરવા માટે જીવ્યા અને જીવનભર ઝૂઝ્યા તે સ્વપ્નની સાર્થકતા–પરિપૂર્તિ–જેવું બની રહે છે. તેમનું આ સ્વપ્ન સિદ્ધ થાય તે પહેલાં જ એક ખૂનીના ગોઝારા હાથોએ તેમને આપણી પાસેથી ઝૂંટવી લીધા.

લિંકન અને ગાંધીજી, કેનેડી અને કીંગ જેવા મહામાનવોને આ રીતે જ મરવું પડે એ તેમની પોતાની બહાદુરીને અંજલિ રૂપ છે, જ્યારે આપણી કહેવાની સંસ્કૃતિને માટે લાંછનરૂપ છે.

ઝનૂન અને તિરસ્કાર માણસને પશુમાં ફેરવી નાખે છે અને આવી ક્ષણોમાં માનવીની અંદર રહેલા દૈવી અને આસુરી તત્ત્વો વચ્ચે માત્ર એક જ પગલાનો ફરક રહ્યો હોય છે.

માર્ટીન લ્યુથર કિંગને, જ્યારે શાંતિ માટેનું નૉબેલ ઈનામ આપવામાં આવ્યું ત્યારે તેમને "શાંતિના નિડર યોદ્ધા" તરીકે બિરદાવવામાં આવ્યા હતા. તેઓ આજના જમાનાના એક ખરેખરા આગેવાન મહાપુરુષ જ માત્ર નહીં, આર્ષદૃષ્ટિ અને ભાવનાવાળા અદ્વિતીય નેતા જ માત્ર નહીં, પરંતુ અન્યાય અને પશુતા, જુલમ અને અસહિષ્ણુતા સામેની ઐતિહાસિક અને સામૂહિક લડતના પ્રતીકરૂપ હતા. આથમતા સૂર્યની જેમ, આજે જ્યારે સારી દુનિયા એમના કરૂણ મૃત્યુ વિષે શોકાગ્રસ્ત છે, ત્યારે એમની પ્રતિભાનું ઓજસ ચારે બાજુ છવાઈ ગયું છે.

અનુવાદક:
શ્રી સુબોધભાઈ એમ. શાહ

મૂળ અંગ્રેજી:
શ્રી ગગનવિહારી મહેતા

થોડું'ક આત્મકથન

ગયા માર્ચ–એપ્રિલ દરમિયાન કલકત્તામાં ૨૦ દિવસ ગાળવાનું બન્યું. તે દરમિયાન મારા મિત્ર શ્રી ભંવરમલ સિંધી અને ચિ. રસિકલાલ મોતીચંદ કાપડિયાએ હિન્દુસ્તાન ક્લબમાં મને અનુલક્ષીને એપ્રિલ માસની બીજી તારીખે સાંજના એક મિલન સમારંભ યોજ્યો હતો અને તેમાં કલકત્તા શહેરમાં વસતા મોટા ભાગે જૈન અને થોડાક જૈનેતર આગેવાનોને નિમંત્રવામાં આવ્યા હતા. સમારંભના પ્રારંભમાં શ્રી ભંવરમલ સિંધીએ, શ્રી મોહનલાલ લલ્લુભાઈ શાહે તથા શ્રી વિજયસિંહ નહારે મારો પરિચય આપ્યો હતો. ત્યારબાદ તે પ્રસંગે મેં જે મૌખિક નિવેદન કર્યું હતું તે થોડુંક વિસ્તારીને તેમ જ વ્યવસ્થિત કરીને નીચે રજૂ કરું છું :–

મુરબ્બી શ્રી મોહનભાઈ, મિત્રો, ભાઈઓ તથા બહેનો,

આજે આ રીતે યોજાયલા મિલનસમારંભદ્વારા આપ સર્વને મળતાં હું ખૂબ જ આનંદ અનુભવું છું. અહીં મારો પરિચય આપતાં મિત્રોએ જે શબ્દોમાં મારો ગુણાનુવાદ કર્યો તે સાંભળતાં મને પ્રશ્ન થયો કે આ બધું ખરેખર મા૨ માટે કહેવામાં આવે છે કે કોઈ કાલ્પનિક વ્યક્તિ માટે કહેવામાં આવે છે? આ કારણે હું એક પ્રકારની મુંઝવણ અનુભવું છું. આમ છતાં પણ આ બધા પાછળ તેમનો મારા પ્રત્યે ઊંડો સદ્‌ભાવ અને સ્નેહ રહેલો છે એમ વિચારતાં મારી મુંઝવણ સહેજે ઓળવી બને છે.

કલકત્તા આવવાનું કેમ બન્યું?

ઈ. સ. ૧૯૫૬ ની સાલમાં જગન્નાથપુરીમાં જ્યારે સર્વોદય સંમેલન ભરાયલું ત્યારે એટલે કે આજથી બારેક વર્ષ પહેલાં હું છેલ્લો કલકત્તા આવેલો. ત્યાર બાદ અહીં ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન ભરાયું ત્યારે અહીંઆ આવવાની મારી તીવ્ર ઈચ્છા હતી, પણ એ જ દિવસોમાં મારા મુરબ્બી અને પરમ સ્નેહી પંડિત સુખલાલજીનું મુંબઈ ખાતે 'પ્રોસ્ટ્રેટ ગ્લેન્ડ' ને લગતું ઑપરેશન નક્કી કરવામાં આવ્યું અને તે કારણે મુંબઈ રોકાઈ જવું પડ્યું. એ ઘટનાને પ્રણ વર્ષો થયાં અને કલકત્તા આવવાની તીવ્ર ઈચ્છા હોવા છતાં કોઈ ને કોઈ મુશ્કેલીના કારણે આ બાજુ આવવાનું આજ સુધી શક્ય ન બન્યું. સંયોગવશાત્ મારા એક જમાઈને પોતાનાં વ્યવસાયના કારણે બારેક મહિનાથી જમશેદપુરમાં આવીને સ્થિર થવાનું બન્યું અને દીકરી અને જમાઈના ચાલુ આગ્રહના કારણે હું અને મારી પત્ની ગયા માર્ચ માસની ચોથી તારીખે મુંબઈથી નીકળીને જમશેદપુર ગયાં. ત્યાં ૧૦–૧૧ દિવસ રોકાઈને ૧૭ મી માર્ચના રોજ અહીં મારો ભત્રીજો ભાઈ રસિક સહકુટુંબ રહે છે તેને ત્યાં અમે આવ્યા.

કલકત્તા આવ્યા બાદ ચાલી રહેલી મિલનયાત્રા

અહીં આવ્યા બાદ મારા માટે એક પ્રકારની મિલનયાત્રા શરૂ થઈ છે. અનેકને મળવાનું બન્યું છે; નાનાં સંમેલનોના આકારમાં મારા ચાર વાર્તાલાપો આજ સુધીમાં યોજાયાં છે અને તે રીતે પણ અનેક ભાઈબહેનોને મળવાનો યોગ ઊભો થયો છે. કેટલાક જૂના સંબંધો આ કારણે તાજા થયા છે; કેટલાક નવા સંબંધો નિર્માણ થયા છે. આવાં મિલનનો અને તે દ્વારા થતા વિચાર વિનિમયનો આનંદ કેટલો છે તે આપને હું શી રીતે સમજાવું? જ્યાં જાઉં ત્યાં જે કોઈ વિશેષ વ્યક્તિ વસતી હોય તેનો પ્રત્યક્ષ પરિચય સાધવાનો મારો પ્રયત્ન રહે છે. આ રીતે શ્રી પ્રબોધકુમાર સન્યાલ જેમણે હિમાલયમાં ખૂબ જ પ્રવાસ કર્યો છે અને તે અંગે બોધક અને રોચક એવું વિપુલ સાહિત્ય નિર્માણ કર્યું છે તેમની સાથે થોડો પત્રવ્યવહાર થયેલો પણ સાક્ષાત મળવાનું બનેલું નહિ; આ વખતે તેમની સાથે કલાક દોઢ કલાક વાર્તાલાપમાં ગાળવાનું બન્યું અને હિમાલયનાં અનેક સ્મરણો તાજાં થયાં. રામકૃષ્ણ મિશનમાં જોડાયલાં સંન્યાસિની આત્મપ્રાણાએ (માન્યવર મુનશીનાં પુત્રી લતાબહેન) અમારે ત્યાં જમવાનું નિમંત્રણ સ્વીકાર્યું અને તે રીતે લગભગ બે કલાક તેમની સાથે ગાળ્યા. કોઈ એક મિત્રે પત્રદ્વારા મને જણાવ્યું કે કલકત્તામાં શ્રી છગનલાલ પારેખ એક ખાસ મળવા જેવી વ્યક્તિ છે. વૃદ્ધ છે; ખૂબ સેવાભાવી છે; સ્વ. પૂજ્ય ઠક્કરબાપાના ભક્ત છે. તેની તપાસ કરી અને આજે સવારે જ તેમને મળ્યો, તેમની સાથે દોઢેક કલાક બેઠો અને તેમની આજસુધીની સેવાપ્રચૂર કારકિર્દી જાણીને હું ખૂબ પ્રભાવિત બન્યો. આ ગૃહસ્થને આપ ભાઈઓ 'છગન બાપા' ના નામથી ઓળખો છો. ભાઈ ભંવરમલ સિંધી મારફત શ્રી સીતારામજી શેકસરીઆનો પરિચય પામીને ઊંડી ધન્યતા અનુભવી. રાજપુરુષ વિજયસિંહજી નહાર મારા પુરાણા મિત્ર છે. અહીં આવ્યો ત્યારે તેઓ બહારગામ હતા. ચાર દિવસ પહેલાં તેઓ અહીં આવી ગયા અને તેમની સાથે ભોજન કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું.

તીર્થયાત્રા

કલકત્તા હું સૌથી પહેલો આજથી લગભગ ૫૨ વર્ષ પહેલાં મારા મુરબ્બી ભાઈ મોતીચંદ ગીરધરલાલ કાપડિયા અને મુ. નરોત્તમદાસ ભાણજી સાથે આવેલો. તે વખતે સમેત શિખરજી અને પાવાપુરીની યાત્રા કરેલી. મારી પત્નીએ તો એ યાત્રા કરેલી જ નહિ. આ વખતે એ યાત્રા અંગેની અમો બન્નેની મનોકા ના પુરી થઈ. અમે મારા એક ઝવેરી મિત્ર શ્રી બિહારીલાલ શાહ અને તેમનાં પત્ની શારદા બહેન સાથે ૨૬મીની સવારે અહીંથી મોટરમાં નીકળ્યાં; સમેતશિખરજી, ગુણિયાજી, પાવાપુરી, રાજગૃહી, નાલંદા તથા બોધગયાની યાત્રા કરીને ૩૧ મી તારીખે રાત્રે અમે પાછા ફર્યા. આમ છ દિવસ આપણાં પવિત્ર તીર્થોના ઉત્તેજક અને પ્રેરક વાતાવરણમાં અમે પસાર કર્યા, અવર્ણનીય આનંદનું અને અદ્‌ભુત સૃષ્ટિસૌન્દર્યનું પાન કર્યું, અને અંતસ્તલમાં કોઈ નવી ચેતનાનો સંચાર અનુભવ્યો. આ રીતે અહીં લગભગ ૨૦ દિવસ પસાર કરીને, બે દિવસ બાદ અમે અહિંથી વિદાય લઈ રહ્યા છીએ એવા અવસર ઉપર, મારા પુરાણા મિત્ર અને વિચારસાથી ભાઈ ભંવરમલ સિંધીએ અને મારા ભત્રીજા ચિ. ભાઈ રસિકે અમને કેન્દ્રમાં રાખીને આવું ભવ્ય સંમેલન યોજ્યું અને અમારા માટે આપ સર્વનાં એક સાથે દર્શન કરવાનો સુયોગ નિર્માણ કર્યો. આથી અમે કેટલો આનંદ અને સંતોષ અનુભવતાં હોઈશું એ શબ્દોમાં શી રીતે વર્ણવી શકાય? આવા મધુર મિલનથી અમારો સતત આનંદપ્રચૂર પ્રવાસ સવિશેષ સફળતાને પામ્યો છે.

થોડાંક અંગત સ્મરણો

અહિં જ્યારે મારા વિષે અને મારી આજ સુધીની કેટલીક પ્રવૃત્તિઓ વિષે ઉલ્લેખ કરવામાં આવ્યો છે ત્યારે ભૂતકાળનાં કેટલાંક અંગત સ્મરણો અહિં રજૂ કરું તો તે અસ્થાને નહિ લેખાય. મારો અભ્યાસ પૂરો થયો તે અરસામાં ઘણું ખરું તે વખતના કોઈ એક માસિકમાં આ મુજબનું ચાર્લ્સ મેકેનું રચેલું એક કાવ્ય મારા વાંચવામાં આવેલું :

"You have no enemies, you say?
Alas, my friend thy boast is poor.
He who has mingled with the fray
Of duty, that the brave endure,
Must have made foes. If you have none,
Small is the work that you have done.
You've have hit no traitor on the hip,
You've dashed no cup from the perjured lip,
You've never turned the wrong to right,
You've been a coward in the fight."

આ કાવ્યનો અનુવાદ કરીએ તો,

"તું એમ કહે છે કે મારે કોઈ દુશ્મન નથી?
મારા મિત્ર, એ તારી શેખી કેવળ પોકળ છે.
વીર પુરુષોને જેની તિતીક્ષામાંથી પસાર થવું પડે છે,
તે કર્તવ્યના–ફરજના–સંઘર્ષમાં જે સામેલ થયો છે,
તેણે દુશ્મનો બનાવ્યા હોવા જ જોઈએ.

જો તારે એવા કોઈ દુશ્મનો નથી,
તો તેં જીવનમાં બહુ જ અલ્પ કાર્ય કર્યું છે.
તેં કોઈ દેશદ્રોહીને પીઠ પર ફટકાર્યો નથી;
તેં બેઈમાનીથી થતા લાભને બેઈમાનના હાથમાંથી કદિ ઝૂંટવ્યો નથી;
તેં અસત્યનો પ્રતિકાર કરીને સત્યની કદિ પ્રતિષ્ઠા કરી નથી,
તું જીવન સંગ્રામમાં કેવળ ભીરુ–બાયલો–પુરવાર થયો છે."

આ ટાઢા પાછળ રહેલી વિચારસરણી મારા સમગ્ર જીવન માટે પ્રેરણારૂપ બની રહેલ છે, અને તેમાં સૂચવાયેલા અન્યાયના, અધર્મના, અસત્યના, દંભના પ્રતિકારને મેં જીવનધર્મ માન્યો છે.

અહિં એવો પ્રશ્ન સહેજે સંભવે છે કે આ કાવ્ય તો શત્રુત્વની હિમાયત કરે છે, જ્યારે આપણા ધર્મના પાયાનો મંત્ર મિત્તિ મે સવ્વ ભુએસુ નો–સર્વ ભૂતમાત્ર વિષે મૈત્રીનો–છે. આના જવાબમાં જણાવવાનું કે આ કાવ્યમાં જે શત્રુત્વની પ્રરૂપણા કરવામાં આવી છે તે કોઈ એક વ્યકિત સામેના શત્રુત્વની નથી, પણ તેના અધર્મમય કાર્ય પ્રત્યેના શત્રુત્વની છે. ભગવાન મહાવીરના દિલમાં કોઈ પણ વ્યકિત વિષે શત્રુતા હતી નહિ. એમ છતાં એમણે સમગ્ર બાહ્મણધર્મનો અને હિંસાકેન્દ્રિત યજ્ઞયાગોનો પ્રચંડ વિરોધ કર્યો હતો અને તે કારણે તેમણે ઘણા વિરોધીઓ પેદા કર્યા હતા. માનવીજીવન જ એવું છે કે સચ્ચાઈના રાહ ઉપર ચાલવા ઈચ્છતા માનવીને હાલતાં ચાલતાં સમાજની અથડામણમાં આવવું જ પડે છે. અસત્ય અને અધર્મના પ્રતિકારમાં જ તેના જીવનની ખરી સફળતા રહેલી છે. જીવનનો ઉત્કર્ષ ચાહનારે પ્રતિકારથી દૂર રહેવાનું નથી, પણ તેના પડકારને પહોંચી વળવાનું છે. પ્રતિકારશૂન્ય સાધુતા કેવળ નિર્માલ્યતાની નિશાની છે.

આના અનુસંધાનમાં હું એલ એલ. બી. નો અભ્યાસ કરતો હતો તે સમયને લગતી એક બાબત યાદ આવે છે. એ દિવસો દરમિયાન હું મારા મુરબ્બી બંધુ મોતીચંદભાઈને ત્યાં રહેતો હતો અને અમે મિત્રો અવારનવાર ચર્ચાસભાઓ યોજતા હતા. એક વાર અમે यद्यपि शुद्धं, लोकविरुद्धं, नाकरणीयं, नाचरणीयं। એ જાણીતા સૂત્ર ઉપર ચર્ચા યોજી હતી. આ ચર્ચામાં મોતીચંદભાઈ, હીરાલાલ અમૃતલાલ શાહ, મોહનલાલ દલીચંદ દેસાઈ વગેરેએ ભાગ લીધો હતો. હું ન ભૂલતો હોઉં તો સ્વ. શિવલાલ પાનાચંદ શાહ આઈ. સી. એસ. આ ચર્ચાસભાના પ્રમુખસ્થાને હતા. અમારામાંની એક વ્યકિતએ ઉપરના સૂત્રનું સમર્થન કર્યું હતું. મેં એ સૂત્રનો વિરોધ કર્યો હતો. એ આખી ચર્ચા વાડીલાલ મોતીલાલ શાહના તંત્રીપણા નીચે પ્રગટ થતા " જૈન હિતેચ્છુ'માં પ્રગટ કરવામાં આવી હતી. આ તો કેવળ શાબ્દિક ચર્ચા હતી અને એમાં ભાગ લેનાર પક્ષકાર અને પ્રતિપક્ષીનું અંગત વલણ પણ એ જ પ્રકારનું હોવું જોઈએ એમ માની લેવાને કશું પણ કારણ નથી. આમ છતાં મારા મનનું વલણ લોકવિરોધનો સામનો કરીને પણ શુદ્ધને વળગી રહેવાનું ત્યારથી આજ સુધી એકસરખું કાયમ રહ્યું છે. મૂળ સૂત્રમાં સુરક્ષાનો–securityનો–ભાવ રહેલો છે; તેની સામે આજના ચિન્તકો Live Dangerously એવું સૂત્ર આપણી સામે રજૂ કરે છે. જીવનપુરુષાર્થના વિકાસ માટે આ બીજું સૂત્ર મને સવિશેષ આદરણીય–અનુકરણીય–લાગે છે.

"આધુનિક જૈનોનું કળાવિહીન ધાર્મિક જીવન"

આવા ધોરણ ઉપર ચિન્તવવામાં આવેલું મારું જીવનકાર્ય, હું જન્મે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન હોવાના કારણે, એ પરંપરાની જૂનવાણી અને આજના સમય સાથે બંધબેસતી ન હોય એવી રીતરસમ સામેનાં–લખાણો અને કદિ કદિ ભાષણો દ્વારા–પ્રતિકારથી શરૂ થયું. આજથી ૫૮ વર્ષ પહેલાં "આધુનિક જૈનોનું કલાવિહીન ધાર્મિક જીવન" એ મથાળા નીચે મારા પિતાશ્રીના તંત્રીપણા નીચે પ્રગટ થતા 'જૈન ધર્મ પ્રકાશ' નામના માસિકમાં ૧૮ હપ્તાની એક લાંબી લેખમાળા મેં પ્રગટ કરેલી અને તેમાં મારી સુરુચિ અને બુદ્ધિને ખૂંચતી એવી અનેક ધાર્મિક પ્રક્રિયાઓની મેં આલોચના કરેલી. આ લેખમાળાના કારણે જે વિજયરામચંદ્રસૂરિ અહિં કેટલાક વર્ષ પહેલાં ઠીક સમય રહી ગયેલા છે અને જેમને આપમાંના ઘણા ખરા જાણો છો, તેમની સાથે હું અથડામણમાં આવ્યો અને તેના જવાબ રૂપે તેમણે એ દિવસોમાં સંખ્યાબંધ લેખો લખેલા અને પાર વિનાની ટીકાટીપ્પણ કરેલી.

મુંબઈ જૈન યુવક સંઘની સ્થાપના

૧૯૩૦-૩૨ ની સત્યાગ્રહની લડત દરમિયાન બે વાર જેલવાસનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું એ પહેલાં ૧૯૨૮ ની સાલમાં એ સમયની જૂનવાણી વિચારણા સામે અને એ વખતે ખૂબ જોર પકડી રહેલ બાલદીક્ષા સામેના આંદોલનને વેગ આપવા માટે મુંબઈ ખાતે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની મેં અને મારા સાથીઓએ સ્થાપના કરી. આ યુવક સંઘે એ સમયની સ્થિતિચુસ્તતા, જૈન સમાજની રાષ્ટ્રવિષયક ઉદાસીનતા, માત્ર બાલદીક્ષા જ નહિ પણ સર્વ પ્રકારની અયોગ્ય દીક્ષા, તેમ જ એ સમયના સાધુઓની શિથિલતા, દંભ અને પાખંડની સામે બળવાખોર આંદોલન ચલાવ્યું. દેવદ્રવ્યનો માત્ર મૂર્તિ અને મંદિર પાછળ જ ઉપયોગ થઈ શકે એવી રૂઢ વિચારણાનો પ્રતિકાર કરીને મૂર્તિ અને મંદિરની જરૂરિયાતને પહોંચી વળવા બાદ સીલક રહેતા દ્રવ્યનો સામાજિક કાર્યો પાછળ ઉપયોગ કરવો જોઈએ–થવો જોઈએ–એ વિચારની આ યુવક સંઘે બળવાન હિમાયત કરી. સામાજિક ક્ષેત્રે સ્ત્રી-પુરુષની સમાનતા, ફરજિયાત વૈધવ્યપાલનનો વિરોધ, અસ્પૃશ્યતાનો વિરોધ વગેરે બાબતોનું પણ પોતાના સામયિક દ્વારા આ યુવક સંઘે સમર્થન કર્યું. સમય જતાં ૧૯૩૬ની સાલમાં અમદાવાદ ખાતે જૈન યુવક પરિષદનું સંમેલન ભરવામાં આવેલું. તેના પ્રમુખસ્થાનેથી અપાયલા મારા ભાષણે તે વખતે રહેલાં જૈન પરંપરાવિરોધી અનેક વિધાનોના કારણે જૈન શ્વે. મૂ. સમાજમાં મોટો ખળભળાટ પેદા કર્યો અને અમદાવાદના જૈન શ્વે. મૂ. સંઘે મારો બહિષ્કાર જાહેર કર્યો, આમ નાની મોટી સામાજિક અથડામણોમાંથી મારું જીવન પસાર થતું રહ્યું.

પ્રબુદ્ધ જૈન – પ્રબુદ્ધ જીવન

જે મુંબઈ જૈન યુવક સંઘનો મેં ઉલ્લેખ કર્યો તે સંઘ પહેલાં જૈન શ્વે. મૂ. સમાજ પૂરતો સીમિત હતો. ૧૯૩૮માં તેના બંધારણમાં કેટલોક ફેરફાર કર્યો. જેને પ્રગતિશીલ વિચારસરણી કહી શકીએ એવી ચોક્કસ વિચારસરણી સ્વીકારનાર કોઈ પણ ફિરકાના જૈન માટે આ સંઘનું દ્વાર ખોલવામાં આવ્યું. * ૧૯૩૯માં આ સંઘ તરફથી 'પ્રબુદ્ધ જૈન' નામનું પાક્ષિક પત્ર શરૂ કરવામાં આવ્યું, આજથી ૧૧ વર્ષ પહેલાં તેનું નામ બદલીને 'પ્રબુદ્ધ જીવન' રાખવામાં આવ્યું છે. આ પાક્ષિક પત્રનું સંપાદન છેલ્લાં ૨૯ વર્ષથી મારે હસ્તક રહ્યું છે. અને પ્રમાણિક પત્રકાર માટે જ્યાં અધર્મ, અસત્ય, અપ્રમાણિકતા દેખાય ત્યાં તેનો લખાણ દ્વારા, ટીકા ટીપ્પણ દ્વારા પ્રતિકાર કરવો એ અનિવાર્ય ધર્મ થઈ પડે છે. એ મુજબ મારું આજ સુધીનું જીવન એક પ્રકારની પ્રતિકારયાત્રા જેવું બની રહ્યું છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

અમારા સંઘની બીજી એક વિશિષ્ટ પ્રવૃત્તિ લગભગ છેલ્લાં ૩૫ વર્ષથી સંઘદ્વારા યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા છે, અને આ વ્યાખ્યાનમાળાનું આયોજન લગભગ પ્રારંભથી મારા હસ્તક થતું રહ્યું છે. આ પ્રવૃત્તિ પણ જૈનપરંપરાને પડકારરૂપ રહી છે. પર્યુષણ દરમિયાન સાધારણ રીતે જૈનો મુનિઓના ઉપદેશશ્રવણઅર્થે ઉપાશ્રયે જતા હોય છે. અમે ત્યાં નહિ જતાં અમારી વ્યાખ્યાનમાળામાં આવવા તેમને નિમંત્રીએ છીએ. આ વ્યાખ્યાનમાળા દિન પ્રતિ દિન વધારે ને વધારે લોકપ્રિય બનતી રહી છે, તેની ગુણવત્તામાં સતત વિકાસ થયો રહ્યો છે અને તેમાં જૈનેતરો પણ ઘણી મોટી સંખ્યામાં ઉપસ્થિત થાય છે.

અમારા સંઘની આ બન્ને મુખ્ય પ્રવૃત્તિઓ - પ્રબુદ્ધ જીવન અને પર્યુષણ વ્યાખ્યાનમાળા–કોઈ પણ પ્રકારના સંપ્રદાય કે

* સમય જતાં જૈન વિચારસરણી પ્રત્યે આદર ધરાવતા જૈનેતર ભાઈ–બહેનોને પણ આ સંઘમાં પ્રવેશ આપવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે.

વિચારપક્ષથી મુકત રહીને ચલાવવામાં આવે છે. બન્નેનો આશય લોકોને સ્વતંત્ર ચિન્તન અને વ્યાપક જીવનદર્શન તરફ લઈ જવાનો રહ્યો છે.

થોડી અંગત વાતો

આમ મારૂં જીવન સરળપણે અને મોટા ભાગે પ્રસન્નતા-પૂર્વક વહી રહ્યું છે. નથી મેં કોઈ મોટી જહોજલાલી જોઈ કે નથી મેં કોઈ ભીંસ અનુભવી. પ્રબુદ્ધ જીવન અને પર્યુષણ વ્યાખ્યાન-માળા, નાના મોઢે મોટી વાત કર્યાનું જોખમ ખેડીને પણ જણાવું તો, મારા માટે એક પ્રકારે સત્ય ની ઉપાસના રહી છે અને તે બન્ને પ્રવૃત્તિઓ મારા જીવનવિકાસ માટે – વિચારવિકાસ માટે–અત્યન્ત ઉપકારક બની છે. બીજું કાંઈ હું હોઉં કે ન હોઉં, પણ હું આજીવન વિદ્યાર્થી રહ્યો છું. મને નવું નવું જાણવા સમજવાની ખૂબ ભૂખ છે. આત્મદર્શનને મારૂં ચિત્ત સતત ઝંખે છે. આદરણીય વ્યકિત-ઓને મળવા અને તેમને સમજવા, ઓળખવા, આત્મસાત્ કરવા મેં સતત આતુરતા અનુભવી છે. પ્રવાસ - પરિભ્રમણ મારા શોખનો વિષય છે. પરંપરા અને પ્રણાલિકા સામે લડતા રહેવામાં મેં ચરિતાર્થતા અનુભવી છે. બાલદીક્ષા, દેવદ્રવ્ય આદિ બાબતોમાં મારી સાથે ચાલનારા ઘણા સાથીઓ આજે જુનવાણીના–સ્થિતિ-ચુસ્તતાના-સુખસાસન ઉપર સ્થિર થઈને બેઠા છે, જ્યારે મેં કોઈ પણ બાબતમાં અન્ત:કરણના આદેશ વિરુદ્ધ કોઈ બાંધછોડ કરી નથી. આ બાબતનો મને ખૂબ સંતોષ છે.

ઉમ્મર તેમ જ અનુભવ–પરિણામી પરિવર્તન

આજે આ ઉમ્મર અને આટલા લાંબા અનુભવના પરિણામે મારામાં - મારા વિચાર તેમ જ વલણમાં - કોઈ પરિવર્તન થયું છે ખરૂં - આવો પ્રશ્ન મારા માટે પ્રસ્તુત બને છે. આગળના વર્ષોમાં મેં ધાર્મિક યા સામાજિક બાબતો અંગે જે જે વિચારો – અભિપ્રાયો પ્રગટ કરેલા અને તેને લગતી ઝુંબેશ પણ ચલાવેલી, તેમાં આજે પણ કોઈ ફેરફાર થયો નથી, પણ તેને અપાતા મહત્ત્વમાં ફરક પડયો છે. કોમ યા સંપ્રદાયના નાના વર્તુળમાં પુરાયેલું મન બાલદીક્ષા અને દેવદ્રવ્ય જેવા અનેક પ્રશ્નોને ખૂબ મહત્ત્વ આપતું હતું. આજે દેશના અને સમગ્ર વિશ્વના પ્રશ્નો ઉપર ચિન્તન કેન્દ્રિત થતાં તેના perspectiveમાં – તેના પરિમાણમાં – આ પ્રશ્નો હવે બહુ નાના લાગે છે અને તે અંગે આન્દોલન ચલાવવાની ઊર્મિ અનુભવાતી નથી. મન ધીમે ધીમે સંપ્રદાયભાવથી ઊંચે ઉઠતું જાય છે. અને ધર્મની સીમા ઓળંગીને સર્વધર્મસમભાવ તરફ ઢળતું જાય છે. આમ વિચારવામાં સંપ્રદાયનો ઈનકાર કે અસ્વીકાર નથી રહેલો, પણ તેનો આગ્રહ ખૂબ જ હળવો થઈ રહ્યો છે એટલુંજ સૂચિત છે.

આન્તરગર્ત પરિવર્તન અંગે બીજું મુ ાંએ જણાવવાનો છે કે આગળનાં વર્ષો દરમિયાન જ્યાં મતભેદ ત્યાં મનભેદ – આ પરિ-સ્થિતિ નિયમરૂપે પ્રવર્તતી હતી. જે વ્યકિત પોતાના વિચારોથી જુદી પડે તેના વિષે દિલ જાણે કે સ્વાભાવિક રીતે અનાદાર અનુભવતું. હું સુધારક છું, ક્રાન્તિકારી છું-આવું અભિમાન મન ચિન્તવતું અને પ્રતિપક્ષી જુનવાણી છે, સ્થિતિચુસ્ત, પ્રત્યાઘાતી છે એવાં અનાદર-યુકત ઉદ્‌ગારો પ્રતિપક્ષી વિષે નીકળી જતા. આજે એ વલણમા ઠીક ઠીક ફેરફાર અનુભવું છું. આજે એ અભિમાન અને અનાદર મોટા ભાગે ઓસરી ગયા છે. આજે મતભેદ હોય ત્યાં મનભેદ હોવાની કશી જરૂર છે જ નહિ એવી પ્રતીતિ હું અનુભવું છું. જેની સાથે મતભેદ હોય તેના વિષે પણ મારા દિલમાં પ્રેમ, આદર અને ઉદાર ભાવ હું અનુભવી રહ્યો છું. સંભવ છે કે આ પરિવર્તન ઉમ્મર અને અનુભવના કારણે હોય.

ઉભયમાન્ય જૈન તીર્થોની સમસ્યા

આમ કેટલીક અંગત વાતોની રજુઆત કર્યા બાદ, અન્તમાં અહિં ઉપસ્થિત થયેલા ભાઈ - બહેનોનો મોટો ભાગ જૈન ધર્મનો અનુયાયી છે એમ સમજીને, શ્વેતાંબર અને દિગંબર સમુદાય - એમ ઉભય સંપ્રદાયને માન્ય એવાં તીર્થોની સમસ્યા ઉપર બે શબ્દો જો હું કહું તો તે અસ્થાને નહિ ગણાય. આ તીર્થોમાં મુખ્યત્વે સમેત-શિખરજી, કેશરિયાજી, મક્ષીજી અને અન્તરીક્ષજીનો સમાવેશ થાય છે. આ તીર્થો બન્ને સમુદાયને માન્ય છે; બન્ને સમુદાય આ તીર્થો પ્રત્યે ઊંડો ભકિતભાવ ધરાવે છે અને એમ છતાં આ તીર્થો આપણી વચ્ચે–શ્વેતાંબરો અને દિગંબરો વચ્ચે–મોટા વીખવાદનું મૂળ બની રહેલ છે. આ માટે સરકારી અદાલતોમાં વર્ષોથી આપણે લડી રહ્યા છીએ અને લાખો રૂપિયાનું પાણી કરી રહ્યા છીએ. આ પાછળ લાંચ-રૂશ્વત, કાવાદાવા, લાગવગ અને ખટપટનો મોટો શરમજનક ઈતિ-હાસ છે. આ કારણે એક યા અન્ય તીર્થસ્થળે શ્વેતાંબરો અને દિગં-બરો વચ્ચે કદિ કદિ મારામારી અને પ્રાણહાનિની ઘટનાઓ પણ બનતી રહી છે. કેટલાંક વર્ષો પહેલાં કેશરિયાજીમાં આવી એક દુર્ઘટના બની હતી. તાજેતરમાં અન્તરીક્ષજીમાં પણ આવી જ દુર્ઘટના બની છે. આ પાછળ માલિકી અને હકકોની સુરક્ષાનો સવાલ રહ્યો છે. હજુ હું અહિં આવવા નીકળ્યો તે દરમિયાન અન્તરીક્ષજીનો પ્રશ્ન અસાધારણ ઉગ્રતા ધારણ કરી રહ્યો હતો અને શ્વેતાંબરોની એક વિરાટ સભામાં ૧૦,૦૦૦ સ્વયંસેવકોની તીર્થરક્ષક સેના ઊભી કરવાની યોજના વિચારાઈ રહી હતી. આમ આકાશપાતાળ એકઠા કરવા છતાં આ પ્રશ્નોનો નીકાલ આવતો નથી. અને મને લાગે છે કે બન્ને પક્ષના આગેવાનો આ પ્રશ્નનો જે રીતે સામનો કરી રહ્યા છે તે રીતે આ પ્રશ્નનો નિકાલ કદી પણ આવે તેમ નથી. જે જીતે છે તેને જીતેલું જાળવી રાખવાની ચિન્તા છે; જે હારે છે તેને ગુમાવેલું મેળવવાની ચિન્તા છે. આ ચિન્તામાંથી અવારનવાર સંઘર્ષો પેદા થાય છે. જે તીર્થ ઉભયમાન્ય છે તેના ઉપર એકનો માલિકી હક્ક સ્થાપિત કરવાના પ્રયત્નમાંથી મોટા ભાગે આ બધા અનર્થો જન્મ્યા છે. આ આખા પ્રશ્નને આપણે આજ સુધી ખોટી રીતે વિચાર્યો છે તેનું આ પરિણામ છે. આપણે હાલતાં ચાલતાં સરકાર આગળ દોડીએ છીએ અને પોલીસરક્ષણ માગીએ છીએ. શું આ એવો પ્રશ્ન છે કે બન્ને પક્ષો મળીને પ્રામાણિક પ્રયત્ન કરે તો તેનું સમાધાન ન જ થાય? આજ સુધી આવું સમાધાન શકય નથી બન્યું, કારણ કે આપણે એકમેકને અરૂગતાના ભાવથી જોતા રહ્યા છીએ. એક જ ઈષ્ટદેવના અને એક જ ધર્મના અનુયાયીઓ જ્યાં સુધી એકમેકને આત્મીયભાવથી જોતા ન થાય ત્યાં સુધી આજે અત્યન્ત જરૂરી એવા સમાધાનની ભૂમિકા ઊભી થઈ ન શકે. આ રીતે આપણો પરસ્પર પ્રત્યેનો અભિગમ પાયામાંથી બદલાવો ઘટે છે. વિવાદાસ્પદ તીર્થ નથી એકનું, નથી અન્યનું, પણ ઉભયનું છે – એવી માન્યતાનો સ્વીકાર થવો ઘટે છે. આમ જો આપણે પ્રેમભાવે–ઉદાર ભાવે–એકમેકને જોતા થઈએ અને કોઈ પણ તીર્થના કારણે આપણાથી અંદર અંદર ઝગડો થાય જ નહિ એટલું આપણે સ્વીકારતા થઈએ તો આપણાં તીર્થોના ઝગડાનો નિકાલ જોત જોતામાં આવી જાય અને જૈન સમાજ પરસ્પર સુઘટ્ટ સુગ્રથિત સમાજ બની જાય એમ હું નિશ્ચિતપણે માનું છું. કોર્ટ અને સરકારની કચેરીએ ખુવાર થવા કરતાં કોઈ પણ બાંધછોડ હજારગણી આવકારદાયક છે. સામો લઈ લઈને શું લઈ જવાનો છે એવી ઉદારતાથી આ બાબતોનો વિચાર કરતા થઈએ તો વર્ષોથી બંધાયલી ગ્રંથિઓ જોતજોતામાં ઘટી જાય. આપ ભાઈઓ અને બહેનોને આ પ્રશ્નનો આ રીતે વિચાર કરવા અને એ વિચાર તરફ પોતપોતાના સમુદાયને વાળવા મારી પ્રાર્થના છે.

જૈન સમાજના ભિન્નભિન્ન ફિરકાઓ વચ્ચે એકતા ઊભી કરવાની આજે સૌથી વધારે જરૂર છે. ભગવાન મહાવીરની ૨૫૦૦મી નિર્વાણતિથિ સમીપ આવી રહી છે. તે યોગ્ય રીતે ઉજવવાના આપણા સર્વને મોટા કોડ છે અને તે માટે આપણાં તીર્થો વિષે એકદિલી - એકમતી - જેમ બને તેમ જલ્દીથી ઊભી થવાની આત્ય-ન્તિક આવશ્યકતા છે. સમયની આ માંગ છે. આપણે તેની લેશ માત્ર ઉપેક્ષા ન કરીએ.

આવું લાંબું નિવેદન કરીને આપનો મેં ઘણો સમય લીધો છે. અહીં આટલી મોટી સંખ્યામાં ઉપસ્થિત થઈને મારૂં આપે જે ભાવ-ભર્યું સન્માન કર્યું છે તે માટે તેમ જ આટલી શાંતિ અને ધીરજથી આપે મને સાંભળ્યો તે માટે આપનો હું આભાર માનું છું. આજના મારા કથનમાં કેટલીક અંગત વાતો રજુ કરતાં, 'હું'નો પ્રયોગ અનિવાર્ય હોઈને, મારાથી જાણ્યે અજાણ્યે આત્મશ્લાઘાનો જે કાંઈ દોષ થયો હોય અને એ રીતે મેં જે કાંઈ રૂચિભંગ કર્યો હોય તે માટે આપની હું ક્ષમા યાચું છું.

પરમાનંદ

દીર્ઘ જીવન વિરુદ્ધ ઉર્ધ્વ જીવન

(થોડા સમય પહેલાં 'પ્રબુદ્ધ જીવન'માં વસતીવધારાના અનુસંધાનમાં જીવન-પ્રયોજનના અભાવે વૃદ્ધોએ પણ સ્વેચ્છાએ વિદાય લેવી જોઈએ એ પ્રકારના કાકાસાહેબ કાલેલકરના વિધાનની ચર્ચા કરવામાં આવી હતી. એવી એક વિચિત્ર વિચારણા નીચે આપેલા લેખમાં રજૂ કરવામાં આવી છે. આ લેખમાં દર્શાવેલાં વિચારો અને સૂચનો, આજે કઈ દિશામાં પ્રસ્તુત વિષય અંગે ચિંતન ચાલી રહ્યું છે એનો ખ્યાલ મેળવવા માટે ઉપયોગી છે એમ સમજીને, 'સંસાર' માસિકમાંથી પ્રસ્તુત લેખ ઉદ્ધૃત કરવામાં આવેલ છે. તે સાથે તંત્રીની સહમતી ગૃહિત કરી લેવાની જરૂર નથી. **તંત્રી**)

અક અમેરિકન નિસર્ગોપચારકે બહુ વર્ષો ઉપર એક પુસ્તક લખ્યું હતું. પુસ્તકનું નામ હતું: 'સો વર્ષ શી રીતે જીવવું.' એ નામ વાંચીને એક વિરોધીને બહુ જ હસવું આવ્યું, અને એણે મજાક કરી, 'ભાઈસાહેબ, આપ સો વર્ષ જીવવાના છો?'

એણે જવાબ આપ્યો 'ના'.

'તો પછી તમે દંભી હશો, તમારા ઉપદેશ પ્રમાણે તમે આચરણ નહિ કરતા હો, પરોપદેશે પાંડિત્યમાં માનતા હશો!'

લેખકે દઢતાપૂર્વક જવાબ આપ્યો, 'મારા સ્થિતિસંજોગો મુજબ હું મારાં ઉપદેશોનું કડક આચરણ કરું છું; છતાં ય હું ખાત્રીપૂર્વક કહું છું કે હું સો વર્ષ જીવવાનો નથી.'

'તો પછી આવાં વાહિયાત પુસ્તકો લખવાનો અર્થ શો?' પેલાએ સહેજ ચીડાઈને પૂછ્યું.

લેખકે શાંતિથી જવાબ આપ્યો, આ પુસ્તક હું ફક્ત મારા માટે કે મારી પેઢી માટે લખતો નથી. પણ સાથેસાથે મારાં પૌત્ર અને એની પેઢી માટે લખું છું. આ પુસ્તકમાં જે જ્ઞાન છે એ જ્ઞાન જો મારા દાદાને હોત તો હું અવશ્ય સો વર્ષ જીવત. પણ કમનસીબે એમ ન બન્યું, એટલે આજે હું આ વિચારોનો પ્રચાર કરી રહ્યો છું. આનાં પૂરેપૂરાં ફળ તો મારા પૌત્રો અને પ્રપૌત્રોની પેઢીઓ ચાખશે.'

પેલા વિરોધીએ અડધી અજાયબી અને અડધી રમૂજમાં કહ્યું, 'ત્યારે તો તમારી નજર બહુ જ લાંબે પહોંચે છે.'

લેખકે તુર્ત જ સામો જવાબ વાળ્યો; 'સૌની નજર લાંબે પહોંચતી હોય છે. સવાલ માત્ર મૂલ્યોનો છે. તમે જે લાખો રૂપિયા એકઠા કર્યા છે એમાં તમારી નજરે ય તમારા પૌત્રો સુધી તો પહોંચી છે. કોઈ પોતાની પાછળ પૈસાનો વારસો મૂકી જાય, હું મારી પાછળ વિચારોનો વારસો મૂકી જઈશ અને તે કેવળ મારા પૌત્રો અને પ્રપૌત્રો માટે નહિ, પણ સમસ્ત સમાજ માટે.'

ઉપર આપેલા વાર્તાલાપમાં સમાએલું સત્ય આપણને યુરોપ-અમેરિકામાં થયેલા દોઢ સદીના વૈદકીય વિકાસમાં જોવાનું મળે છે. જો કે સમાજસ્વાસ્થ્યનું શાસ્ત્ર દુનિયાની દરેક સુધરેલી પ્રજાએ પોતાની જાહોજલાલીના જમાનામાં પોતપોતાની રીતે ખીલવ્યું હતું, છતાં એને ઘણો વિશેષ વેગ ફ્રેન્ચ રસાયણશાસ્ત્રી લુઈપાસ્તર અને એના અનુયાયીઓએ શોધેલા જંતુશાસ્ત્ર પછી મળ્યો. જંતુભયથી પશ્ચિમની પ્રજાઓમાં બાહ્યાચારની શુદ્ધિ ઘણી જ વધી ગઈ અને એ શુદ્ધિને પરિણામે છેલ્લી સદીમાં ત્યાં માનવજીવનની મર્યાદા અસામાન્ય રીતે લંબાઈ અને ત્યાંનું સરેરાશ આયુષ્ય જે પચ્ચીસની આજુબાજુ હતું તે એક જ સદીમાં વધીને પોણોસોની આજુબાજુ થયું. પણ આ પ્રકારના દીર્ઘાયુષ્યથી જે અનેક ભ્રમો ઊભા થયા એમાં આપણા દેશમાં પણ એક એવો ભ્રમ ઊભો થયો કે આપણે જો યુરોપ – અમેરિકાનું અનુકરણ કરીએ તો આપણે ત્યાં પણ સ્વાસ્થ્યનું સ્વર્ગ ઊભું થશે.

વાસ્તવિક રીતે પરિસ્થિતિ સાવ જુદી છે. યુરોપ-અમેરિકાની પ્રજામાં ઉગ્ર રોગો જેટલા પ્રમાણમાં છે તેટલા જ પ્રમાણમાં હઠીલા રોગો અને દવારોગો વધ્યા છે. એટલે પહેલાં તો માણસ 'તાવ આવ્યો ને ટપ મૂઓ.' એ જાતની જે સ્થિતિ હતી એને બદલે હવે લોકો હૃદયરોગ, કેન્સર કે ગાંડપણથી વર્ષો સુધી રીબાઈ રીબાઈને મરે છે. આ મત કેવળ નિસર્ગોપચારકોનો નથી. પણ ગોરી પ્રજાઓના અનેક તટસ્થ વિચારકોનો પણ છે. હમણાં જ હું 'એશિયાનો પડકાર' એ નામનું એક અંગ્રેજી પુસ્તક વાંચી રહ્યો છું. એના લેખક છે અમેરિકાની મેલબોર્ન વિદ્યાપીઠના કુલપતિ રાલ્ફ બોરસોડી. એ નામાંકિત કેળવણીકાર જે લખે છે તેનો ભાવાર્થ એ છે કે 'વર્તમાન વૈદકની વિચિત્રતા એ છે કે એ પોતાના સમસ્ત વિચારનો ૯/૧૦ ભાગ આરોગ્ય પાછળ ખર્ચવાને બદલે રોગની પાછળ ખર્ચે છે અને જે ૧/૧૦ ભાગ આરોગ્ય ચિંતન વર્તમાન વૈદકમાં થાય છે, એમાં ય હોય છે માત્ર જાહેર આરોગ્ય અને તે ય ઉગ્ર રોગો સામે રસીઓ દ્વારા રક્ષણ, જાહેર સૂતક (કવોરન્ટાઈન) અને શારીરિક તાલીમ. પણ આરોગ્ય રક્ષણના પ્રશ્નને સમગ્ર રીતે કોઈ જોતું જ નથી.

વર્તમાન સંસ્કૃતિની કટોકટીનું એક અત્યંત ઉપેક્ષિત પાસું એ છે કે એક બાજુ વસ્તીનો વધારો થઈ રહ્યો છે. બીજી બાજુ સરેરાશ આયુષ્ય પ્રમાણ વધી રહ્યું છે અને સાથે સાથે અવગતીઆ રોગોનો ચોંકાવનારો વધારો થઈ રહ્યો છે. જ્ઞાનતંતુઓના રોગો, ગાંડપણ અને બીજા માનસિક રોગો, હૃદયરોગ, કેન્સર અને મીઠીપેશાબ જેવા અવગતીઆ રોગોનો ચોંકાવનારો વધારો અને તેની સાથે સાથે એને પહોંચી વળવાની વર્તમાન વૈદકનાં દવાખાનાંઓ અને ઈસ્પિતાલોની નપુંસકતા કરતાં વિશેષ ત્રાસજનક કઈ હકીકતો હોઈ શકે? આ હકીકત ચેપી અને રોગચાળાના રોગો સામે યુદ્ધ કરવામાં વર્તમાન વૈદકને મળેલા અદ્ભુત ફત્તેહના ઝળહળાટને ઝાંખો પાડી દે છે.

આરોગ્ય રક્ષણ અને રોગપ્રતિબંધના દૃષ્ટિબિંદુથી આ પ્રશ્નને જો આપણે જોવા જઈએ તો એને પહોંચી વળવા માટે વર્તમાન વૈદક અસમર્થ છે. એ એક સત્ય હકીકત છે.

આ સુવિખ્યાત અમેરિકન કેળવણીકાર ના અભિપ્રાયને ટેકો આપતાં સેંકડો વૈદકીય અને બીનવૈદ્યકીય પશ્ચિમના વિચારકોના અભિપ્રાયો સહેલાઈથી ટાંકી શકાય.

મારો અનુભવ પણ એનો એ જ છે. આયુર્વેદ અને નિસર્ગોપચારમાં વ્યકિતગત આરોગ્ય માટે જેવી રીતે દિનચર્યા અને ઋતુચર્યા છે તેવી રીતે એલોપેથીમાં કશું જ નથી. એલોપેથીના મહાપંડિતોએ લખેલા હજારો પાનાના સેંકડો રૂપિઆની કિંમતના અનેક સર્વસાંગ્રહો હું જોઈ ગયો છું. પણ એમાં મને કયાંય સ્વારોગ્ય વિષે એક લીટી સરખી વાંચવાની મળી નથી.

સંસ્કૃતિની આ કટોકટીનું રહસ્ય શું છે? એ રહસ્ય નીચે મુજબ છે:

(૧) કુદરતમાં ચાલતા નિરંકુશ જીવનવિગ્રહમાં કુદરત નબળાં, નિસત્વ અને નપુંસક પ્રાણીઓનો હરીફો મારફતે કે રોગચાળાથી નાશ કરે છે. સંસ્કૃતિનો અને વૈદકનો વિકાસ થતાં રોગચાળા અને બાળમરણ ઉપર માણસનો કાબૂ આવે છે. પરિણામે સરેરાશ આયુષ્યનો વધારો થાય છે; પણ હઠીલા રોગો ઉપર ઉગ્ર રોગનો અંકુશ ચાલી જવાથી મોટા ભાગની વસ્તી જે જીવવાને લાયક નથી, તે લાયક વસ્તીને હિસાબે અને જોખમે સમાજ ઉપર પોતાનો બોજો નાખી રોગથી રિબાતું દીર્ઘાયુષ્ય મેળવે છે.

(૨) રોગની સામે લડવાનાં વર્તમાન વૈદકનાં મુખ્ય હથિયારો ત્રણ છે: દવાઓ, રસીઓ અને વાઢકાપ. આ ત્રણે ય હથિયાર આરોગ્યને ભોગે જીવનને લંબાવે છે. પરિણામે જેમ જેમ સરેરાશ આયુષ્ય પ્રમાણ વધે તેમ તેમ સરેરાશ આરોગ્ય પ્રમાણ ઘટે છે.

હવે આ કોયડાનો ઉકેલ શો છે? એનો ઉકેલ બહુ સીધો અને સાદો છે. માત્ર એ ગળે ઊતરવો એટલો જ કઠણ છે.

(૧) પ્રજાએ અને સરકારે એ વસ્તુનો સ્વીકાર કરવો જોઈએ કે રોગ કરતાં આરોગ્ય અનેકગણું કીમતી છે. એટલા માટે તમામ જાહેર સાધનસામગ્રીનો ઉપયોગ રોગ મટાડવા માટે કરવાને બદલે આરોગ્ય સાચવવા પાછળ કરવો જોઈએ. આજે વ્યક્તિની સંપત્તિ રોગ મટાડવા પાછળ વેડફાય છે એને બદલે પરિસ્થિતિ એ હોવી જોઈએ કે સમાજની સંપત્તિ આરોગ્યરક્ષણ માટે ખર્ચાય અને મૂર્ખ માણસોની સંપત્તિ રોગ ઊભા કરવા અને મટાડવા પાછળ ખર્ચાય. આજે તો આપણા સમાજની પરિસ્થિતિ એવી છે કે શુદ્ધ હવા, વિપુલ સૂર્યપ્રકાશ અને શુદ્ધ પાણી જેવી જીવનની પ્રાથમિક જરૂરિયાતો માટે માણસને પૈસા ખર્ચવા પડે છે, જ્યારે દવાઓ, રસીઓ અને વાઢકાપ પોતાની ગરીબી ગાઈને મફત મેળવી શકાય છે!

(૨) બાળકોને કેળવણીની સંસ્થાઓ મારફતે આરોગ્યનો સૌથી મોટો પાઠ એ શીખવવો જોઈએ કે ઊર્ધ્વજીવન અને ગહન જીવન વિનાનું દીર્ઘ-જીવન પશુજીવન કરતાં ય બદતર જીવન છે. જીવન કેવળ લાંબું હોય એનો કશો જ અર્થ નથી. સાથે સાથે એ ઊંચું અને ઊંડું હોવું જોઈએ.

(૩) સરકારે સુખમૃત્યુને કાયદેસર ઠરાવવાં જોઈએ.

સુખમૃત્યુ એટલે કોઈ પણ રોગી માટે જો ત્રણથી પાંચ નિષ્ણાત દાકતરોનું કમિશન એમ કહે કે આ વ્યક્તિનો રોગ અસાધ્ય છે અને એ વ્યક્તિ પોતે જો પોતાની યાતનામાંથી છૂટવા ઇચ્છતી હોય તો તેમાં સમાજે વચમાં ન આવવું અને એકાદ સ્ટ્રીકનીન કે સોમલનું ઇન્જેકશન લઈ લેવા દેવું. એના શેષ જીવનને ઇસ્પિતાલોના ચૂંથવાડામાંથી બચાવવું. મહાત્માજીએ જેમ કેવળ કરુણાને વશ થઈને વાછડાને સ્વર્ગે મોકલ્યો હતો તેમ માણસે સ્વેચ્છાથી સ્વર્ગે જવું.

આ વિચાર પહેલી નજરે ચોંકાવનારો લાગશે, પણ આમા એવું કશું જ નથી. સેનિટેશન, સંતતિનિયમન અને સુખમૃત્યુ એ ત્રણે જોડીઆ ભાઈઓ છે. સેનિટેશનથી રોગચાળા અને ઉગ્ર રોગો ઉપર માણસનો કાબૂ આવે છે. સંતતિનિયમનથી જન્મ ઉપર માણસનો કાબૂ આવે છે અને સુખમૃત્યુથી માણસનો મરણ ઉપર કાબૂ આવે છે અને આ રીતે જો આપણે સંસ્કૃતિની કટોકટી નહિ ઉકેલીએ તો આપણા વતી એટમબોમ્બ એ કટોકટી ઉકેલી લેશે.

અને ક્ષણભર વિચાર તો કરો. માથે ટાલ પડી હોય, આંખે અંધાપો આવ્યો હોય, કાન બહેરા થયા હોય, દાંત પડી ગયા હોય, બગડેલા કે બગડવાનો સંભવ હોય તેવા કાકડા, નાકના મસા, એપેન્ડીક્સ, પિત્તાશય, ગુર્દાઓ, હોજરી, નાનાં મોટાં આંતરડાં, બરોળ, અને પ્રોસ્ટેટ જેવા જીવનાવશ્યક એકથી વિશેષ અવયવો સર્જનના શીશા શોભાવવા ચાલ્યા ગયા હોય, અને બીજા અવયવો ઓછે વત્તે અંશે બગડી ગયા હોય, ભારત જેવા સંયુકત કુટુંબવાળા દેશમાં વહુઓ ગાળો દેતી હોય અને 'ધડપણ કોણે મોકલ્યું?' એ ભજન ગાવું પડતું હોય અને અમેરિકા જેવા વિભકત કુટુંબવાળા દેશમાં અનાથાશ્રમમાં રહી પોસપોસ આંસુ પાડીને રડવું પડતું હોય, જે જીવન સ્વાર્થ કે પરમાર્થ માટે તદ્દન નિરૂપયોગી થઈ ગયું હોય, તે જીવન ટકાવી રાખવાનો મોહ શો?

થોડા વખત ઉપર જાહેર કામ કરવા એક વૃદ્ધ સ્વજનને મેં વણમાગી સલાહ આપી કે: "આપ હવે આ ઉંમરે વિશેષ આરામ લો. આપનું હૃદય નબળું પડવાની શરૂઆત થઈ ચૂકી છે.

એમણે મને તુર્ત જ રોકડું પરખાવ્યું, 'મારી હવે કોઈ વાસના અતૃપ્ત રહી નથી. સમાજની સેવા કરતાં કરતાં શરીર પડે અને તેય અચાનક હૃદય બંધ પડવાથી, એનાથી વિશેષ રૂડું મૃત્યું કયું હોઈ શકે? માણસ અચાનક હાર્ટફેઈલથી મરી જાય, પથારીમાં સહેજે સડે નહિ, સગાંવહાલાંને જરા ય ત્રાસ ન આપે, એવું મૃત્યુ તો અનેક જન્મનાં પુણ્ય ભેગાં થયાં હોય તેવા માણસને જ મળે.'

મેં મનમાં ને મનમાં જ એમના દૃષ્ટિબિંદુની યથાર્થતા સ્વીકારી.

હમણાં જ મેં 'માનવ' માનસિક બીજા અંકમાં શ્રી ભોગીલાલ ગાંધીએ લખેલ પ્રસંગ વાંચ્યો. એ આખો ય લેખ સૌએ વાંચી જવા જેવો છે. પણ જે ન વાંચી શકે તેમને માટે એ આદર્શ, આર્ય મૃત્યુનો ટુંકસાર એ છે કે સાબરકાંઠાના એક જાહેર કાર્યકર શ્રી મધુસદાસ ગાંધીએ પોતાના પાંચ વર્ષના અસાધ્ય રોગથી કંટાળીને સ્વેચ્છામૃત્યુનો માર્ગ સ્વીકાર્યો. એને માટે અગાઉથી શ્રાવણ સુદ અગીયારસનો પવિત્ર દિવસ અન્નજળ ત્યાગી, પ્રભુભજનની ધૂન મચાવી, અત્યંત શારીરિક કષ્ટ વેઠી પોતાનો દેહ ૮૦ વર્ષની ઉંમરે ત્યાગ્યો. એ ધન્ય મૃત્યુનું વર્ણન વાંચીને મને એમ થઈ ગયું કે દરેક હિંદુએ કઈ રીતે મરવું જોઈએ એનું એમણે આખા સમાજ આગળ ઉત્તમ દૃષ્ટાંત મૂકયું છે. એવા અગાઉથી નક્કી કરેલા દિવસે મેળવેલા સ્વેચ્છા મૃત્યુના હું બીજા પણ દાખલા જાણું છું.

મૃત્યુ કેવું ના હોવું જોઈએ એ ભગવાન વેદવ્યાસે પાંડુરાજાના મૃત્યુદ્વારા દર્શાવ્યું છે અને આદર્શ મરણના દાખલા તરીકે ભીષ્મપિતામહ અને ભગવાન શ્રીકૃષ્ણના દાખલા રજૂ કર્યા છે. યોગેશ્વર શ્રીકૃષ્ણ ૧૨૫ વર્ષનું નિરોગી જીવન જીવ્યા પછી કેવળ અકસ્માતથી અવસાન પામ્યા!

નાસ્તિકો આ બધું જાણીને હસશે, પણ ક્ષણભર વિચાર કરો. એકથી વિશેષ અસાધ્ય રોગોથી અત્યંત રીબાતા દાકતરોની અખતરાખોરીનો ભોગ બનીને વ્યકિત અને સમાજ માટે તદ્દન બાતલ થઈ ગયેલું, સડેલું શરીર ટકાવવાની પામર લોલૂપતા માટે અસંખ્ય પ્રાણીઓને કલ્પનાતીત યાતનાઓ આપીને મેળવેલી દવાઓ અને રસીઓ વડે વર્ષો સુધી જીવ્યા કરવું એ સારૂં કે વાસાંસિ જીર્ણાનિ ના ભગવદ્ વચન ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખી ઉપવાસથી શરીર મન શુદ્ધ કરી સગાંવહાલાંની પ્રેમપૂર્વક વિદાય લઈ પોતાની જીવનયાત્રા પૂરી કરી નવી પેઢીનો માર્ગ મોકળો કરવો એ સારૂં?

મારી બુદ્ધિ અને સાદી સમજ બીજો માર્ગ, સુખમૃત્યુનો સારો છે એમ બતાવે છે.

રમણલાલ એન્જિનિયર

વિશ્વપ્રેમ

સંસારમાં એવું સૌન્દર્ય છે જે કદી આપણી મુકિતની અવહેલના કરતું નથી, પોતાની શ્રેષ્ઠતાને આપણી પાસે સ્વીકારાવવા નાની સરખી આંગળી ઉઠાવતું નથી. એનો સાદ આહ્વાનનો છે, આજ્ઞાનો નહિ. આપણામાં પ્રેમને જાગૃત કરવા તે પ્રયાસ કરે છે, ને પ્રેમ કદી પરાણે આવી શકતો નથી. માણસના હૃદયને સ્પર્શ કરનારી વસ્તુ આજ્ઞા નથી, આનંદ છે; અને આનંદ તો સર્વસ્થળે છે, પૃથ્વી પરના ઘાસના કુંજર જેવા આચ્છાદનમાં, નીલ ગગનની ઘેરી શાંતિમાં, ભૂખરા હેમંતની કઠોર તપસ્યામાં, માનવીના ઉન્નત અંતરમાં, જીવનમાં, આપણી શકિતઓના અભિસરણમાં, જ્ઞાનની પ્રાપ્તિમાં, આપણે જેનો લાભ કદી મેળવી શકવાના નથી એવા ધ્યેય પાછળની ફનાગીરીમાં. આ બધું એટલા માટે છે કે, એમાંથી એક જ ધ્વનિ ઊઠે છે કે: "નિયમનાં બંધનો કેવળ પ્રેમ દ્વારા જ સમજાવી શકાય છે."

રવીન્દ્રનાથ ટાગોર

વિષયસૂચિ

		પૃષ્ઠ
શાન્તિનો નિડર સેનાની માર્ટીન લ્યુથર કિંગ	શ્રી ગગનવિહારી મહેતા	૨૪૯
થોડુંક આત્મકથન	પરમાનંદ	૨૫૧
દીર્ઘ જીવન વિશુદ્ધ ઉર્ધ્વ જીવન	રમણલાલ એન્જિનિયર	૨૫૪
પ્રકીર્ણ નોંધ: 'ગાંધીજી અને રાષ્ટ્રીય પ્રવૃત્તિ', એક વિસ્મયજનક સુખદ ઘટના	પરમાનંદ	૨૫૬
નારાયણ આશ્રમની યાત્રા—૩	સુનંદાબહેન વહોરા	૨૫૭

પ્રકીર્ણ નોંધ

'ગાંધીજી અને રાષ્ટ્રીય પ્રવૃત્તિ'

(લેખક : શ્રી શંકરલાલ ઘેલાભાઈ બેંકર : પ્રકાશક : નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ ૧૪; કિંમત રૂ. ૯)

મુ. શંકરલાલભાઈ તરફથી આ પુસ્તક મળ્યાને ત્રણ ચાર મહિના થયા. પણ મુંબઈના જીવનની ચાલુ ઘટમાળમાંથી સમય કાઢીને આટલું મોટું પુસ્તક વાંચવાનું આજ સુધી શકય ન બન્યું. માર્ચ માસની શરૂઆતમાં જમશેદપુર જવાનું અને ત્યાં દશ - અગિયાર દિવસ રહેવાનું બનતાં તે પુસ્તક આદ્યન્ત એકધારૂં વાંચી જવાનું સહજ શકય બન્યું. આ પુસ્તકમાં શંકરલાલભાઈએ ગાંધીજી સાથેના પોતાનાં સંસ્મરણો અને અનુભવો–તેમનો પ્રથમ પરિચય થયો ત્યારથી ૧૯૩૯ની સાલ કે જ્યારે તેમને નાદુરસ્ત તબિયતના કારણે જાહેર પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થવાની ફરજ પડી ત્યાં સુધીના–વિગતવાર રજૂ કર્યા છે અને તે દ્વારા આપણા દેશમાં રેંટીયાનો અને ખાદીનો કેમ ઉગમ થયો અને કેવી રીતે વિકાસ થયો તેનો આજસુધીનો લગભગ કડીબદ્ધ ઈતિહાસ તેમણે આપ્યો છે. ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ૧૯૧૪માં ભારત ખાતે પાછા ફર્યા તે પહેલાં અને પછી આપણા દેશમાં હોમરૂલ લીગનું જે પ્રચંડ આંદોલન ચાલેલું તેની પણ કેટલીક રસપ્રદ વિગતો આ પુસ્તકની શરૂઆતમાં તેમણે આપી છે, જે મારી જેવાના ચિત્તમાં એ દિવસોના પ્રસુપ્ત સ્મરણો તાજાં કરે છે. આ પુસ્તકની પૃષ્ટ ભૂમિકારૂપે દેશની આઝાદીના આંદોલનની વિગતો રેંટીયા અને ખાદીને લગતી વિગતો સાથે સમાન્તર હોઈને જરૂરી તેટલી આપવામાં આવી છે. એ રીતે આ પુસ્તકનું વાંચન છેલ્લાં પચ્ચાસ વર્ષના ઈતિહાસની સ્મરણયાત્રારૂપ બની રહે છે.

એ દિવસો કે જ્યારે આખો દેશ આઝાદીની ભાવનાથી રંગાયેલો હતો અને ગાંધીના પ્રભુત્વથી અને તેમની વિચારસરણીથી અત્યન્ત પ્રભાવિત હતો અને એ દિવસો કે જ્યારે દેશમાં બીજો સુર કે વિસંવાદ નહોતો તે દિવસો અને આજની પરિસ્થિતિ કે જ્યારે દેશની એકતા અને સુગ્રથિતતા ચારે બાજુએથી છિન્નભિન્ન થઈ રહી છે, નૈતિક મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે, અને સત્તાના રાજકારણે દેશના આગેવાન લોકોને ભ્રષ્ટ બનાવી દીધા છે અને જ્યારે વાતાવરણ હિંસાપ્રચૂર બની બેઠું છે–આ બે સામયિક પરિસ્થિતિનો મુકાબલો ચિત્તમાં ઊંડી ગ્લાનિ પેદા કરે છે. કોઈ ઉન્નત્ત શિખરના આરોહણ બાદ ઊંડી ખીણમાં જાણે કે આપણે–આપણો દેશ–ફેંકાઈ ગયો હોય એવી ગમગીની દિલમાં ઊંડું દર્દ પેદા કરે છે.

રેંટીઓ અને ખાદીપ્રવૃત્તિ ઉપરાંત શંકરલાલભાઈ અમદાવાદની મજૂરપ્રવૃત્તિ સાથે લગભગ પ્રારંભથી જોડાયલા રહ્યા છે, અને લગતી વિગતો 'ગાંધીજી અને મજૂર પ્રવૃત્તિ' એ મથાળાના અલગ પુસ્તકમાં શંકરલાલભાઈએ આપી છે. શંકરલાલભાઈએ કેટલાંક વર્ષોથી શારીરિક અસ્વાસ્થ્યના કારણે નિવૃત્ત જીવન સ્વીકાર્યું છે. એમ છતાં અમદાવાદના મજૂર સંઘની પ્રવૃત્તિને તેઓ ચાલુ માર્ગદર્શન આપી રહ્યા છે.

પ્રસ્તુત પુસ્તકનું લખાણ સાદી, સરળ તથા સચોટ ભાષામાં થયેલું છે અને પોતાના અનુભવ તથા અભ્યાસ સાથે સંબંધ ધરાવતી અનેક રસપ્રદ બાબતો તેઓ જણાવી શકે તેમ હોવા છતાં, પ્રસ્તુત વિષયની મર્યાદાને તેઓ વફાદારીપૂર્વક વળગી રહ્યા છે. ગાંધીજીના વ્યકિતત્વની અનુપમ પ્રતિભાનો આ પુસ્તકના પાને પાને આપણને પરિચય મળે છે. સાધુચરિત અને ગાંધીજીના અન્તેવાસી શંકરલાલભાઈને આ પ્રેરક સ્મરણનોંધ પ્રગટ કરવા બદલ અનેક ધન્યવાદ ઘટે છે.

એક વિસ્મયજનક સુખદ અનુભવ

હું માર્ચ–એપ્રિલમાં કલકત્તા હતો એ દરમિયાન જૈન તેરાપંથી મહાસભાના મંત્રી શ્રી. શ્રીચંદ રામપુરીઆનો નિકટ પરિચય થયો અને તેમની અધ્યયનશીલતા તથા કાર્યનિષ્ઠાથી હું ખૂબ પ્રભાવિત થયો. હજુ તેમને ૬૦ વર્ષ પૂરાં થયા નથી તે પહેલાં તેમણે તાજેતરમાં વ્યવસાયનિવૃત્તિ સ્વીકારી છે. તેરાપંથી મહાસભાની અનેક પ્રવૃત્તિઓનું તેઓ કુશળ સંચાલન કરી રહ્યા છે. તેમણે ૨૩મી માર્ચના રોજ પોતાના નિવાસસ્થાને મને ભોજન માટે બોલાવ્યો અને તે પ્રસંગે પોતાના ૧૨–૧૫ મિત્રો અને સાથીઓને પણ ભોજન માટે તેમણે નિમંત્રેલા. આ મંડળીમાં જાણીતા દાનવીર શેઠ સોહનલાલજી દુગડ પણ ઉપસ્થિત થયા હતા. આ પહેલાં તેઓ મુંબઈ અનેક વાર આવ્યા હતા અને ત્રણ ચાર વર્ષ પહેલાં સાંગલી ખાતે ભરાયેલા ભારત જૈન મહામંડળના અધિવેશનના પ્રમુખસ્થાનને પણ તેમણે શોભાવ્યું હતું. આ કારણે તેઓ મને પૂર્વપરિચિત હતા. તેમને અહિ આવેલા જોઈને મને ખૂબ આનંદ થયો. એકઠી થયેલી મંડળીને મેં અમારા મુંબઈ જૈન યુવક સંઘની પ્રવૃત્તિઓ–ખાસ કરીને પ્રબુદ્ધ જીવન અને પર્યુષણ વ્યાખ્યાનમાળા–વિષે કેટલીક વાતો જણાવી. મુંબઈ ખાતે તાજેતરમાં આવી ગયેલા આચાર્ય તુલસી સાથે થયેલી ચર્ચાવાર્તાની પણ કેટલીક વિગતો મેં રજૂ કરી. આ રીતે પરસ્પર વાર્તાલાપમાં એકાદ કલાક પસાર કર્યા બાદ અમે ભોજન માટે ઊભા થયા. ભોજન પૂરું થયા બાદ, એકમેકથી છૂટા પડતી વખતે શ્રી. સોહનલાલજી દુગડે મારી સમીપ આવીને જણાવ્યું કે "આપ તો પ્રકૃતિથી બ્રાહ્મણ છો, તો આપણે જ્યારે છૂટા પડીએ ત્યારે મારે આપને દક્ષિણા આપવી જોઈએ." એમ જણાવીને તેમણે મારા હાથમાં રૂ. ૧૦૦ ની ૧૦ નોટો એટલે કે રૂ. ૧૦૦૦/ ની નોટ મૂકી. આ જોઈને હું ભારે આશ્ચર્યચકિત બન્યો. મને આવી કોઈ અપેક્ષા હતી નહિ તેમ જ અમારી વાતોમાં આવી કોઈ બાબતનું સૂચન સરખું પણ મેં કર્યું નહોતું. આ રીતે કલકત્તાના નિવાસ દરમિયાન આ ઘટના મારા માટે અત્યન્ત સુખદ અને ચિરસ્મરણીય બની ગઈ. આવા ઉદાર દાન માટે અમારા મુંબઈ જૈન યુવક સંઘ તરફથી શ્રી સોહનલાલજી દુગડનો હાર્દિક આભાર માનું છું. પરમાનંદ

સંઘના સભ્યોનાં બાકી રહેલાં લવાજમો અંગે

ગયા વર્ષ ૧૯૬૭ના વર્ષના હવે થોડા જ સભ્યોનાં લવાજમો બાકી રહ્યાં છે, તેમને અંગત કાર્ડો પણ લખવામાં આવેલ છે. જે સભ્યોનાં લવાજમો હજુ પણ બાકી રહ્યા હોય તેમને પોતાનું લવાજમ હવે વિનાવિલંબે સંઘના કાર્યાલયને પહોંચતું કરવા નમ્ર પ્રાર્થના છે.

ચાલુ વર્ષ ૧૯૬૮ ના પણ હવે ત્રણ માસ પસાર થઈ ગયા છે, અને ચાલુ વર્ષના લવાજમો તો મોટા ભાગના સભ્યોનાં બાકી હોય તે સ્વાભાવિક છે. તો ચાલુ વર્ષનાં જે સભ્યોનાં લવાજમો બાકી હોય તેમને લવાજમના રૂ. ૧૦/ સત્વર મોકલી આપવા અને એ રીતે સહકાર આપી સંઘના વહીવટી કાર્યમાં એટલી સરળતા કરી આપવા આગ્રહભરી વિનંતિ કરવામાં આવે છે.

મંત્રીઓ, મંબઈ જૈન યુવક સંઘ

સભ્યો તથા ગ્રાહકોને–

સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોને આથી વિનંતિ કરવામાં આવે છે કે આપના ઉપર જે અંકો મોકલવામાં આવે છે તેના સરનામાની સ્લીપો નવી છપાવવાની હોઈ, આપના સરનામામાં જે કાંઈ ફેરફાર કરવાનો હોય તે કાર્યાલયના સરનામે સત્વર લખી જણાવવા કૃપા કરશો.

વ્યવસ્થાપક

નારાયણ આશ્રમની યાત્રા—૩

તવાગઢ પણ અમે સાંજે લગભગ છ વાગે પહોંચ્યા, તેથી અમારા માટે નારાયણ આશ્રમ બીજે દિવસે સવારે વહેલા ઊઠીને જવાનું નક્કી થયું. જો અમે સાંજે નીકળીએ તો ઉપર પહોંચતાં રાત પડી જાય, કારણ કે દસ માઈલ ચાલતા જવાનું હોવાથી લગભગ છ કલાક તો ત્યાં પહોંચતાં લાગે. આમ રાત પડી જાય તેથી બીજે દિવસે સવારે નીકળવું જ યોગ્ય હતું. તેથી અમે તવાગઢના ડાક-બંગલામાં રાત ગાળવાનો વિચાર કર્યો. રાત પડી ગઈ હતી. ચોકીદાર ચાલી ગયો હતો. ડાકબંગલો ખુલે તેમ ન હોતું. ભૂખ્યાં, થાકેલાં, અમે જરા મુંઝાયાં, પણ એવામાં ડાક બંગલાની કોઈ બારી ખોલી શકાય તેમ છે કે નહિ તેની તપાસ કરવાનો વિચાર આવ્યો, અને એ રીતે તપાસ કરતાં એક બારી ખોલી શકાણી અને તે દ્વારા સાહસ કરીને અમે ડાક બંગલામાં દાખલ થયા. રાત પડતાં ચોકીદાર આવ્યો અને અમને ડાકબંગલામાં સૂતેલા જોઈને જરા બગડ્યો, પરંતુ અમે તેને અમારી પરિસ્થિતિ સમજાવીને શાન્ત પાડ્યો અને આખી રાત સ્વસ્થ નિદ્રામાં પસાર કરી.

આ ડાકબંગલો પણ ધારચૂલાના ડાકબંગલાની જેમ નદી પર આવેલો છે. ત્યાંથી નદીનો ખળખળ વહેવાનો અવાજ સાંભળી શકાતો હતો, પરંતુ ત્યાં બેઠાં બેઠાં નદીને જોઈ શકાતી નહોતી. તવાગઢમાં પણ આપણી મિલિટરી છાવણીઓ ઘણી છે અને આ ડાકબંગલો આજુ બાજુ મિલિટરી છાવણીઓની બરાબર મધ્યમાં આવેલો છે આ ડાકબંગલાની બરાબર સામેના પહાડ પર થઈને નારાયણ આશ્રમ જવાનું હતું, એટલે કે નદી પર જે પુલ છે તે પસાર કરીને બીજા પહાડ પર ચડવાનું હતું.

બીજે દિવસે સવારે છ વાગે અમે અમારી મુસાફરીના અંતિમ લક્ષસ્થાન પર પ્રયાણ કર્યું. તે વખતનાં ઉત્સાહની તો શું વાત કરવી? અમે જ્યારે તવાગઢ છોડી બીજા પહાડ પર ચઢવા માંડ્યું ત્યારે અમારી સાથેના ત્યાંના રહેવાસીઓએ બે પહાડની બરાબર વચ્ચે જે ત્રીજો પહાડ છે તેનાં પર આ નારાયણ આશ્રમ વસેલો છે તે બતાવ્યું. પરંતુ જતી વખતે તો અમને તેનો જરા પણ ખ્યાલ ન આવ્યો. જ્યારે અમે નારાયણ આશ્રમથી પાછા ફર્યા ત્યારે અમારા મનમાં પ્રત્યક્ષ જોયેલા તે આશ્રમની જે ઊંડી છાપ પડી હતી તેને કારણે તે જગ્યાએથી તેને બરાબર ઓળખી શક્યા. પરિચિત બનેલા સ્થળને ઓળખી કાઢતાં કેટલીક વાર? કારણ કે પહેલાં જે આશ્રમ અમારે મન અપરિચિત હતો તે ત્યાં રહ્યા પછી જીવન સાથે એવો તો વણાઈ ગયો કે હજુ પણ તેનું સ્મરણ થતાં નજર સમક્ષ તે પ્રત્યક્ષ થાય છે.

આ દસ માઈલની નારાયણ આશ્રમ સુધીની મજલમાં લગભગ પાંચથી છ માઈલ જરા કપરી ચઢાઈ છે. શરૂઆતમાં લગભગ ત્રણ માઈલનો પહાડ ચઢવો પડે છે. અમારી પાસે ત્રણચાર દંડી હતી, તેથી અમે વારાફરતાં તે બદલ્યા કરતા હતા. જ્યારે ચાલવાનું આવતું ત્યારે ઉત્સાહમાં અને આ પહાડોનાં અદ્‌ભુત સૌન્દર્ય-લીલાનાં પ્રતાપને કારણે અમને જરા પણ થાક લાગતો જ નહોતો. શ્રી વિમલાબેન તબિયત નાજુક હોવા છતાં લગભગ મોટા ભાગનો પહાડ પગપાળા જ ચઢી ગયા. નારાયણ આશ્રમ પહોંચતાં પહેલાં, રસ્તામાં બે ગામ આવે છે. ત્યાં થોડીઘણી વસતિ છે. બાકી આમ તો રસ્તામાં કોઈક કોઈક મિલીટરીના માણસો મળી જાય તેટલું જ. તે સિવાય રસ્તામાં ખાસ કોઈ માણસ જોવા મળે નહિ. ત્યાંનાં સ્થાનિક માણસોની બકરાં-ઘેટાં સાથે અવરજવર ખરી. પહેલું ગામ પાંગુ આવે છે જ્યાં પ્રાથમિક શાળા ચાલે છે અને આજુ-બાજુથી નાનાં નાનાં બાળકો ભણવા આવે છે. આ બાજુ યાત્રા કરનારા જો એક સાથે દસ માઈલની મુસાફરી ન કરવાની હોય તો અહીં પાંગુમાં વિશ્રામ કરી બીજે દિવસે અડધું અંતર લગભગ બાકી રહે છે તે કાપી નાંખે છે. તવાગઢથી આ આશ્રમ સુધીનો જે રસ્તો છે તે તો પગે ચાલીને જવા માટે કોતરી નાંખવામાં આવેલો છે. વળી આગળ જતાં આ રસ્તાને ફક્ત પગપાળા જવા પુરતો છેક કૈલાસ જવાના માર્ગ સાથે જોડી દીધો છે. આ વસતિનાં કૈલાસનાં ભક્તોએ આવા રસ્તાઓ માટે દાન પણ આપેલું છે. આ જ પહાડ પર જવા માટે એક ટૂંકો રસ્તો છે જે ત્યાંનાં લોકો જ ચઢી શકે. તે રસ્તો એટલો બધો સાંકડો નાની પગદંડી જેવો છે કે આપણા માટે તો તે રસ્તે જવાની કલ્પના કરવી પણ શક્ય નથી. એક બાજુ ઊંડી ખીણ અને બીજી બાજુ આવાં સીધાં ચઢાણો તેનાં પર સમતોલપણું રાખી ચઢવાનું, પરન્તુ ૧૦ માઈલનો રસ્તો ફક્ત ત્રણ કલાકમાં ચઢી જવાય.

આ પાંગુ ગામ પછી નારાયણ આશ્રમથી બે માઈલ પહેલા સોસા ગામ આવે છે. જ્યાં વસતી સારા પ્રમાણમાં છે. લોકો સુધડ દેખાય છે. તેઓનાં જીવન પર નારાયણ સ્વામીનો પ્રભાવ સારા પ્રમાણમાં દેખાઈ આવે છે. ત્યાં એક નાની હૉસ્પિટલ પણ આવેલી છે. ત્યાં રહેતા કાકુભાઈ નારાયણસ્વામીનાં પરમ ભક્ત છે. તેઓ અવારનવાર નારાયણ આશ્રમ આવ્યા કરે છે. આશ્રમનાં અને ત્યાં વસતા સ્વામીજીને તેમનાં કામમાં મદદ પણ કરાવે છે. તેઓ ધારચૂલા પણ ઘણી વખત જાય છે. અહિં ચા કૉફી વિગેરે પતાવી અમે ત્યાંથી નારાયણ આશ્રમ જવા ઉપડ્યા. આ સોસા પછીનો રસ્તો ઘણો સીધો અને સરળ છે. પાંગુ અને સોસા પછીનો રસ્તો જેટલો આકરો અને ચઢાણવાળો છે તેનાં પ્રમાણમાં આ અત્યંત સરળ કહી શકાય. વાંકાચૂકા ચઢાણને કારણે દૂરથી આશ્રમ દેખાય, વળી પાછો અદ્રશ્ય થાય. કોઈ વાર તો લાગે કે જાણે આશ્રમ આવી ગયો, પણ વળાંક લીધા પછી પાછો દૂર થઈ જાય. આમ આ પહાડનાં ૧૦ માઈલનાં ચઢાણને અમે છથી સાત કલાકે ચઢી રહ્યા અને આશ્રમમાં પહોંચ્યાં.

ત્યાં પહોંચીને એક કલાક આરામ કર્યા બાદ અમે અમારી ઉતરવા વિગેરેની સગવડ અને ગોઠવણમાં પડ્યાં. આવા પહાડમાં હજારો રૂપિયા ખર્ચીને ખૂબ દૃષ્ટિપૂર્વક આ આશ્રમનાં મકાનોની રચના કરવામાં આવી છે.

આ આશ્રમનું સર્જન નારાયણસ્વામી, પાંડેજી, નરસિંહ સ્વામી અને તેમનાં સાથીઓ તથા ભારતનાં દાતાઓએ કર્યું છે. નારાયણનગરની રચના પછી નારાયણસ્વામી એકવાર આ સ્થળે આવી ચઢ્યા, તેમને આ સ્થળ ખૂબ પસંદ પડી ગયું. શરૂઆતમાં એક ઝૂંપડી બાંધી રહેવા લાગ્યા. ત્રણ વર્ષની સાધના બાદ તેમણે આ નવા સર્જનની શરૂઆત કરી.

આ દિવસોમાં માલ સામાનની આજના જેવી સુવિધા ન હતી. ૧૨૦ માઈલ દૂર આલ્મોરાથી માણસની પીઠ પર કે નેપાળનાં પ્રદેશમાંથી દરેક વસ્તુ - સીમેન્ટ, લાદી, લાકડા વિગેરે – મંગાવવા પડતા, જેને આવતા લાંબો સમય લાગતો. કેટલી શ્રદ્ધા, ધીરજ, ખંત અને સાહસથી આ કામ કરવામાં આવ્યું હશે તેની કલ્પના જ કરવી રહી.

આજે પણ ત્યાં જૂની પુરાણી કુટિર ઉપરાંત રહેવા માટે બધા મળીને વીસ જેટલા ઓરડા છે. માળવાળું મકાન, મંદિરની રચનામાં ટિબેટી સ્થાપત્યનું અનુકરણ, પુસ્તકાલય, રસોઈઘર, કોઠાર, નહાવાની ઓરડીઓ, સેપ્ટીક ટેંકનાં જજરૂ અને ૨૪ કલાક પાણીની સગવડ, ફરવા બેસવા માટે મોટા મોટા કમ્પાઉન્ડ, બગીચો, એકાંત ગાળવા માટે નારાયણની કુટિર—આ બધી અદ્‌ભુત રચના અને સગવડ આવા પહાડ પર હોય તે માનવામાં ન આવે. થોડા દિવસ તો સ્વપ્ન જેવું જ લાગે.

આવી સગવડવાળું રહેઠાણ અને જાણે કે હાથ લંબાવીને સ્પર્શી શકીએ તેટલાં નજીક હિમશિખરો, વાંદળાં અને સારી ઠંડી—જાણે કોઈ કથાના દેવોનાં વાસના વર્ણનનો પ્રત્યક્ષ અનુભવ કરતા હોઈએ તેવું લાગે.

આશ્રમ એટલે જાણે સાધુબાવા લોકો રહે, ત્યાં ખાવા-પીવાની, રહેવાની ખાસ સુવિધા ન હોય તેવું આપણે માનીએ.

પરંતુ આ આશ્રામમાં તો ચોખ્ખું દૂધ, ઘી, વટાણા, બટાટા, ભાજી, વિગેરે તો આશ્રામનાં પોતાનાં જ ખેતરનાં હતાં. અને ચોખા આ પ્રદેશનાં સારા હોય છે. ઉપરાંત બીજાં શાક, દાળો, ઘઉં વિગેરે અન્ય તમામ ચીજ નીચે ધારચૂલાથી મંગાવી શકાતી. એટલે રસોઈમાં સાદાઈ અને વિવિધતા બંનેનો મેળ રહેતો.

સામાન્ય રીતે અમે સૌ લગભગ સરખી વિચારસરણીવાળા એટલે કંઈક આધ્યાત્મિકતા–તરફી વલણનાં હતાં. તેથી સૌનાં મનમાં એક સંકલ્પ હતો કે શ્રી વિમલાબેનની નિશ્રામાં આ દિવસોમાં જીવન તરફની અંતર્મુખ થવાની દૃષ્ટિને કેળવવામાં આ દિવસોનો બને તેટલો ઉપયોગ કરવો. આવા અમારા સંકલ્પને શ્રી વિમલા–બેનનું પણ પૂર્ણ અનુમોદન હતું. તેથી અમે કોઈ આશ્રામના નિય-મિત જીવનની દિનચર્યા હોય તેવી રીતે અમારો કાર્યક્રમ બીજા દિવ-સથી ગોઠવી દીધો. અમારામાંના સૌને આમેય સવારે વહેલા ઊઠી કંઈક સાત્વિક ક્રિયા એટલે મનન-અધ્યયનની ટેવ હતી. તેમાં અહીં શ્રી વિમલાબેનનું માર્ગદર્શન વધુ ઉપયોગી નીવડ્યું.

આ પ્રદેશમાં પાંચ વાગતા તો સૂર્યદેવનું આગમન થાય છે એટલે પથારીમાં સૂતાં સૂતાં સૂર્યકિરણોથી શોભતાં એવાં હિમ-શિખરોનાં અમે દર્શન કરતાં અને ખૂબ પ્રસન્નતા સાથે પાંચ વાગે ઊઠી જતાં. પ્રાત: ક્રિયા પતાવી સૌ સૌની આદત મુજબ એક કલાક આસન, પ્રાણાયમ, ધ્યાન કે અધ્યયન કરતાં, ત્યારબાદ નક્કી કરેલા સમય મુજબ ૬–૪૫ થી ૭-૩૦ સુધી ચાપાણી અને નાસ્ત સાથે કેટલીક હળવી વાતો કરતાં. ૭-૩૦ થી ૮-૩૦ ફરવું, બેન્ડમીન્ટન રમવું કે અન્ય કામો પતાવવાં ત્યારબાદ સ્નાનવિધિ વગેરે કરી ૯-૦૦થી ૧૧-૩૦ અધ્યયન કરતાં. શ્રી વિમલાબેન મરાઠીમાં જ્ઞાનેશ્વરીનાં શ્લોકો હિંદીમાં સમજાવતા. આ ઉપરાંત શ્રીમદ્ રાજચંદ્ર કે શ્રી રજનીશજીનાં પુસ્ત-કોનું અધ્યયન કરતાં. ૧૧-૩૦થી ૧૨-૦૦ બહેનો જરૂર હોય તો રસો-ઈમાં મદદ કરતી અને ૧૨-૦૦ થી ૨-૩૦ જમવું, આરામ, ટપાલ વિગેરે પતાવી ૨-૩૦ થી ૪-૦૦ સ્વામી વિવેકાનંદનું રાજયોગ પુસ્તક વાંચતાં. પછી ચાપાણી પીને આજુબાજુના વિસ્તારમાં ફરતા. દૂર દૂર નાની નાની ટેકરીઓ પરનાં સ્થળો, ગુફાઓ કે શ્રી નારાયણ જ્યાં જ્યાં જતા તે તે સ્થળો જોવા જતાં. છ સાત વાગ્યે પાછા ફરી રસોઈઘરમાં મદદ કરી જમી પરવારી રેડીયો સમાચાર સાંભળતાં. ત્યાર બાદ કોઈ વાર ત્યાંના મંદિરમાં કીર્તન થતું તેમાં ભાગ લેતા. નવ વાગે દરેકની રૂચિ પ્રમાણે સૌ હળવી ગપ્પાગોષ્ટી કરતાં અને રમુજી વાતોમાં વાત પસાર કરી દશ વાગે સૂઈ જતા.

આ આશ્રામમાં આજુબાજુથી ભક્તો મંદિરમાં દર્શનાર્થે આવતાં તેમની સાથે પણ પરિચય થતો. આ વિસ્તારનાં લશ્કરી સૈનિકો પણ આ મંદિરમાં દર્શનાર્થે આવતા, રોકાતા, રસોડે જમતા અને ચાલી જતાં.

સરહદનાં રક્ષણને કારણે અહીંની વધેલી સગવડ મુજબ ટપાલ પાંચ છ દિવસે મળી જતી. ઉપરાંત ત્રણ માઈલ દૂર ફોન કરવાની સગવડ હતી.

આ આશ્રામ કૈલાસ જવાનાં માર્ગમાં આવતો હોવાથી યાત્રાળુ-ઓની સગવડ માટે ખૂબ અનુકૂળ છે. કૈલાસ અહીંથી ૧૨૦ માઈલ છે અને ૪૦ માઈલ પગરસ્તે ચીનની હદ શરૂ થાય છે. એક રીતે સરહદ પર ભારતની સંસ્કૃતિનું આવું સ્થળ ખૂબ સૂચક ગણી શકાય. આ મકાનો પહાડી પ્રદેશ અને ઠંડીનો ખ્યાલ રાખીને બાંધેલાં છે. મુખ્યત્વે લાકડાનું કામ છે અને ઠંડીમાં તાપવા માટે ભઠ્ઠીઓની સગવડ પણ છે. ત્યાં હજી વીજળીનાં દીવા નથી, તેથી રાત પડયે અંધારાની શાંતિથી ટેવાવું પડે છે.

આશ્રામમાં ત્યાંનાં કામ કરનારા મળીને ૧૦ - ૧૫ માણસો રહે છે. એટલે આખો દિવસ વસ્તી જેવું તો લાગતું. રોજ એક બે યાત્રાળુઓ પણ આવતા જતા હોય છે.

આ આશ્રામની સાથે ખેતીને યોગ્ય જમીન પણ છે, જો કે આ બધાં ખેતરોમાં જવું એટલે પાલીતાણા જેટલી જાત્રા થઈ જાય. ગૌશાળા અને ખેતરો થોડાં દૂર છે. ત્યાં ઘઉં થાય છે. આ ઉપરાંત સફરજનનાં હજારો ઝાડ વાવેલાં છે, જેની આવક પણ સારી છે; આ ઉપરાંત અહિં મધમાખીનો ઉછેર પણ કરવામાં આવે છે. ત્યાંની વનસ્પતિમાંથી પાઉડર બનાવવામાં આવે છે. આમ ત્યાં વસતા દ માણસો સોંપેલા કામમાં રોકાયેલા હોય છે.

આ સૌના પ્રાણ તો નરસિંહ સ્વામી છે. આ આશ્રામ તેમ દેખભાળ નીચે છે. એક જ વ્યકિત આ વ્યવસ્થા સંભાળે છે. દ વ્યકિતને કંઈ પણ પૂછવાનું હોય, કામ હોય, ફેરફાર કરવાના હો તો દરેકમાં નરસિંહ સ્વામી, જેમને સૌ સ્વામીજી કહેતા.

સ્વામીજી ખૂબ નાની ઊંમરમાં નારાયણનાં સંપર્કમાં આવે અને ઘરબાર છોડી નીકળેલા. આ વિગત નારાયણની જેમજ રહસ્ય મય છે. સ્વામીજીને ખેતી, બગીચો, ફળઉછેર વિગેરે પ્રાણસમ છે. તેમનો સારો ય સમય આ જીવંત સૃષ્ટિ સાથે જ પસાર થ છે. શાસ્ત્રોનો અભ્યાસ પણ ખરો. કર્મનિષ્ઠ પણ એવા જ.

ત્યાંના લોકો કહેતા કે સ્વામીજી આવ્યા ત્યારે અહીં એક પા ઝાડ નહોતું. આજે હજારો ઝાડ સ્વામીજીના હાથે જ ઉછેરાયલાં હ હજુ પણ પરદેશથી છોડ મંગાવવા, નવા નવા પ્રયોગો કરવા, તેમ પોતે ખૂબ જ તલ્લીન છે.

આ પ્રદેશમાં ત્રણ જાતની પ્રજા જોવા મળે છે. ટીબેટી ચહે વધુ જોવા મળે, મંગોલિયન અને ભારતીય ચહેરાનાં પણ દર્શ થાય. આમ ત્રિવિધ પ્રજાનું અહીં મીશ્રણ છે.

આઝાદી પછી વિકાસ યોજનાના આધારે અને સંરક્ષણન કારણે આ પ્રદેશમાં પણ સહકારી સોસાયટીઓ, ટપાલની સગવ અનાજ પાણીની સગવડ, કેળવણી, સ્ત્રીશિક્ષણ વગેરે વિકસ્યાં હ શાળામાં સ્ત્રીશિક્ષિકાઓ પણ છે.

પ્રજા દેખાવે ગોરી અને સશકત અને સુંદર છે. નેપાળ સા વ્યાપારી સંબંધો ખોરવાયા પછી આ બાજુનાં પ્રદેશના વેપ ર ઓટ આવી છે. એટલે વધુ માણસો લડાઈમાં જોડાઈ જાય છે. લગભ દરેક ઘેરથી કોઈ ને કોઈ મરદ મિલીટરીમાં જોડાયેલો જ હોય છે.

ભારતના કોમવાદનાં ને સાંપ્રદાયિકતાનાં ચિહ્નો અહીં પા જોવા મળે છે. રસોડાં દરેકનાં જૂદા, સાથે કામ કરતાં એક જ કોમન માણસો એક જ રસોડે ન જમે. કોઈ નિયમને આધીન કોઈ વા પુરુષ પોતાની સ્ત્રીનાં હાથની રસોઈ પણ ન જમે. આવાં આવ સામાજિક બંધનો, બાળલગ્નો વિગેરે આ પ્રદેશમાં ઠીક ઠીક પ્રમાણમ જોવા જાણવા મળે છે.

આપણા પ્રદેશનાં ગામડાંઓની જેમ જ અહીં પણ ગામનો તલાટી કે સોસાયટીનો પ્રમુખ કોઈ કામમાં નાનમ ન માને. તલાટી ગામનું કામ કરવા જાય તો વજન ઊંચકીને મજુરીનું કામ સાથે સાથે કરતો આવે. તેમાં કંઈ અજુગતું ન લાગે. હજી આ પ્રજામાં શ્રમને ગૌરવભર્યું અગર સ્વાભાવિક સ્થાન છે, જો કે મોટા ભાગની પ્રજા ગરીબ છે અને મોંઘવારીનાં ઓળા અહીં પણ પથ-રાયેલા હોય તે તો સમજી શકાય તેવી વાત છે, અને ખાસ ઉદ્યોગો નહીં એટલે આ પ્રજામાં ગરીબાઈ વધુ છે.

આ પ્રદેશમાં આ દિવસોમાં લગભગ સાંજે કે રાતે વરસાદ પડતો, કરા પણ પડતા અને ઠંડીનું પ્રમાણ વધી જતું ત્યારે તાપ માટે સગડીની જરૂર પડતી.

અમારો કાર્યક્રમ પૂરા એક માસનો હતો, પરંતુ મારે અને દક્ષાને અંગત કારણોસર તા. ૨૦-૫-૬૭ નાં રોજ નીકળવું પડયું અને શ્રી વિમલાબહેન તથા અન્ય સાથીઓ ત્યાં તા. ૧૦-૬-૬૭ સુધી રહ્યા.

આમ સ્થૂલ રીતે અમે નારાયણ આશ્રામની તપોભૂમિને છોડી, પરંતુ માનસિક રીતે હજી તેનાં સંસ્મરણો ભૂલી શકાતા નથી.

આવા પ્રવાસ કે યાત્રા અંગે દરેક વ્યકિતની દૃષ્ટિ પ્રમાણે સૃષ્ટિ હોય તે તદન સ્વાભાવિક છે અને હેતુ પણ જુદા જુદાં હોય એ સંભવિત છે, પરંતુ અમારો મેળો લગભગ સરખી વિચારસરણીથી ભેગો થયો હતો. તેમાં વિમલાબેનનાં સાન્નિધ્યમાં આ દિવસોમાં જે કાંઈ પ્રાપ્ત કર્યું તેને આલેખવું એ મારી શકિતની બહારનો વિષય છે. આમ હોવાથી મેં તો અમારી આ યાત્રાની આછી રૂપ-રેખા રજુ કરવાનો પ્રયત્ન કર્યો છે અને એટલાથી માત્ર મેં સંતોષ માન્યો છે.

સમાપ્ત

સુનંદાબહેન વહોરા

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫–૪૭, ખેતજી સ્ટ્રીટ. મુંબઈ–૩. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પ્રીન્ટ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૦ : અંક ૧

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, મે ૧, ૧૯૬૮, બુધવાર
પરદેશ માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

IF—

This was quoted in his letter by an young friend to Sri C. Rajagopalachari as appropriate on Rajaji's 88th Birthday on 8th December 1965. This is published in 'Swarajya' dated December 18, 1965. Rajaji describes this poem as "one of the finest pieces of modern English poetry" and as the **Bhagavad Gita** in secular English.

If you can keep your head when all about you
Are losing theirs and blaming it on you,
If you can trust yourself when all men doubt you,
But make allowance for their doubting too;
If you can wait and not be tired by waiting,
Or being lied about, don't deal in lies,
Or being hated, don't give way to hating.
And yet don't look too good, nor talk too wise;
If you can dream—and not make dreams your master;
If you can think–and not make thoughts your aim;
If you can meet with Triumph and Disaster
And treat those two impostors just the same;
If you can bear to hear the truth you've spoken
Twisted by knaves to make a trap for fools,
Or watch the things you gave your life too broken,
And stoop and build'em up with worn-out tools;
If you can make one heap of all your winnings
And risk it on one turn of pitch-and-toss,
And lose, and start again at your beginnings
And never breathe a word about your loss;
If you can force your heart and nerve and sinew
To serve your turn long after they are gone,
And so hold on when there is nothing in you
Except the Will which says to them: 'Hold on!'
If you can talk with crowds and keep your virtue,
Or walk with Kings–nor lose the common touch,
If neither foes nor loving friends can hurt you,
If all men count with you, but none too much;
If you can fill the unforgiving minute
With sixty seconds' worth of distance run,
Yours is the Earth and everything that's in it,
And—which is more—you'll be a Man, my son!

Rudiyard Kipling

From 'Sarvodaya'

જો —

(૧૯૬૫ના ડિસેમ્બર માસની ૮મી તારીખે શ્રી સી. રાજગોપાલાચારીના જન્મ દિવસ ઉપર એક યુવાન મિત્રે રાજાજી ઉપર, રૂડિયાર્ડ કિપલિંગનું આ કાવ્ય રાજાજીના પ્રભાવશાલી વ્યકિતત્વનું આબેહુબ નિરૂપણ કરે છે એમ સૂચવીને, પોતાના પત્ર સાથે મોકલ્યું હતું અને તેને આધુનિક અંગ્રેજી સાહિત્યના શ્રેષ્ઠ નમૂના તરીકે અને ભગવદ્‌ગીતાની અંગ્રેજી અનુકૃતિ તરીકે રાજાજીએ બિરદાવ્યું હતું. પરમાનંદ)

(છંદ : મિશ્ર)

જો તું ગુમાવે નહિ ચિત્ત તારું
જ્યારે બધાં ચિત્ત ગુમાવી બેસે,
અને કહે કારણ એનું તું છે
ત્યારે બધું સ્વસ્થપણે સહે તો –
વિશ્વાસ જો તું નિજમાં ન છોડે
જ્યારે બધાને તુજમાં જ શંકા,
ઉદારતાથી પણ એહ શંકા
નિભાવ સ્વાભાવિક માની લઈ તો–
જો તું પ્રતીક્ષા કર ધીર ધારી
થાકયા વિના રાહ નિહાળવામાં,
કે છેતરાયે યદિ કોઈથી તો
કર્યાયે છતાં જૂઠ ન આચરે તો –
ધિક્કારતું જો તુજને કદી કો
તું ના તિરસ્કાર કરે તદાપિ,
વાતો કરે ના સુફિયાણી કે તું
દેખાવ ના ખૂબ ભલાઈનો કરે –
જો સ્વપ્ન તું સર્જત, કિન્તુ સ્વપ્નો
તને નચાવે નહિ, જાગૃતિ ધર;
વિચારતો તું, પણ લક્ષ્ય તારું
બને નહીં કેવળ એ વિચારો –
તારું કહેલું સત ફેરવીને
પ્રપંચીઓ જાળમહિં ફસાવવા
કહે બધાને, પણ સ્વસ્થ ચિત્તે
તું સાંભળે ક્રોધ કર્યા વિના જો –
જો આવકારે જય ને પરાજય
સમાન રીતે તું તટસ્થ ભાવે –
તેં પ્રાણપ્યારી જીવ જેમ જાળવી
તેવી ચીજો જીર્ણ વિશીર્ણ દેખી
વિચારી લઈ શાંતિથી જીર્ણ અઓ
લઈ મથે તું નવ સર્જવા જો –
જે કૈં જીત્યો તે ઢગલો કરીને
મૂકી દિયે હોડ મહિં ઘડીકમાં,
અને ગુમાવે, વળી એકડેથી
કરે શરૂ, લેશ નહીં નિસાસો
ખોયેલનો જો ઉરથી સરે તવ –
રગે – રગો, અંતર, સ્નાયુ, અસ્થિ
ગુમાવી દે શકિત બધી ય ત્યારે
ચૈતન્યહીણા તવ દેહને તું
ખડો કરે માત્ર મનોબળે જો –
અસંખ્ય લોકો સહ મિત્રભાવે,
વર્તે છતાં ભદ્રિકતા ન ખોવે,
હળે મળે રાજવીઓની સંગે
સ્પર્શંત સામાન્ય જનો છતાં તને –
જો શત્રુ કે મિત્ર તને દુભાવી
શકે નહીં, જો સહુ સાથ તારો
સંપર્ક નિત્યે, પણ ના ઘનિષ્ટતા –
જો તું ભરે એક અમૂલ્ય મીનિટ
એકસઠ સેકન્ડથી સાર્થ ઉત્તમ,
તો તો ખરે આ
પૃથ્વી અહો તારી, બધું ય એમાં
તારું જ – ને એથી અધીક એ કે –
થઈશ તું માનવી, પુત્ર મારા!

અનુવાદક : શ્રી ગીતા પરીખ

'સર્વોદય'માંથી ઉદધૃત

'પ્રબુદ્ધ જીવન' ૩૦મા વર્ષમાં પ્રવેશ કરે છે.

તંત્રી-નિવેદન

પ્રબુદ્ધ જીવન આ અંકથી ૩૦મા વર્ષમાં પ્રવેશ કરે છે. શ્રી. મુંબઈ જૈન યુવક સંઘની ૧૯૨૯માં સ્થાપના કરવામાં આવી ત્યારથી આજ સુધી સંઘની કાર્યવાહી સાથે એક યા બીજી સામયિક પ્રવૃત્તિ મોટા ભાગે જોડાયલી રહી છે. ઘણું ખરું આર્થિક કારણોને અંગે ૧૯૩૭ના મે માસથી આ પ્રવૃત્તિ બંધ કરવી પડેલી, પણ બે વર્ષ બાદ ૧૯૩૯ના મે માસથી પ્રબુદ્ધ જૈનના નામથી પાક્ષિક પત્રની પાછી શરૂઆત કરવામાં આવી હતી, જે આજ સુધી અખંડિત-પણે ચાલુ રહી છે. પ્રબુદ્ધ જૈન શરૂ કર્યું ત્યારથી કેટલોક સમય સંઘના મંત્રી સ્વ. મણિલાલ મોકમચંદ શાહ પ્રબુદ્ધ જૈનના તંત્રી હતા. આમ છતાં પણ તેના સંપાદનકાર્યની જવાબદારી મારા શિરે હતી. વર્ષો વ્યતીત થતાં મણિભાઈની તબિયત લથડવા લાગી અને તા. ૧-૫-૫૧ થી 'પ્રબુદ્ધ જૈન'નો હું રીતસરનો તંત્રી થયો. તા. ૧-૫-૫૩થી પ્રબુદ્ધ જૈનનું નામ બદલીને 'પ્રબુદ્ધ જીવન' રાખવામાં આવ્યું, જે આજ સુધી કશો પણ ખાંચો પડયા સિવાય નિયમિત રીતે પ્રગટ થતું રહ્યું છે. પ્રારંભમાં આઠ પાનાની મર્યાદા સ્વીકારવામાં આવી હતી, પણ સમય જતાં તે મર્યાદા વધારીને દશ પાનાંની સ્વીકારવામાં આવી છે, અને તેમાં પણ અવારનવાર બે પાનાં વધારવામાં આવે છે. ગયા વર્ષે ૨૪૦ પાનાંને બદલે ૨૫૮ પાનાંનું વાંચન પૂરું પાડવામાં આવ્યું હતું. આ વર્ષે પણ એ જ રીતે છેલ્લા અંક સાથે પ્રબુદ્ધ જીવનનાં પાનાંનો કુલ આંક ૨૫૮ સુધી પહોંચી ગયો છે.

પ્રબુદ્ધ જીવન ગંભીર કોટિનું પાક્ષિક પત્ર છે. તે કોઈ રાજ-કારણી પક્ષ કે સંપ્રદાયનું મુખપત્ર નથી. દેશમાં - સમાજમાં - બનતી ઘટનાઓ વિષે, વહેતા વિચારપ્રવાહો વિષે, માનવી જીવનની અનેક સમસ્યાઓ અંગે તટસ્થ માર્ગદર્શન આપવું એ લક્ષ્યપૂર્વક આ પત્રનું સંપાદન કરવામાં આવે છે. આ પત્રમાં કોઈ જાહેરખબરને સ્થાન ન આપવું એ નીતિનો પ્રારંભથી સ્વીકાર કરવામાં આવ્યો છે અને તેને આજ સુધી અમારો સંઘ વળગી રહ્યો છે. વળી આવી ગંભીર કોટિના પત્રની ગ્રાહક સંખ્યા અતિ મર્યાદિત રહે એ તદ્દન સ્વાભાવિક છે. આ કારણે આ પત્રની પ્રકાશન પ્રવૃત્તિ પાછળ સંઘને આશરે રૂ. ૫૦૦૦ ની દર વર્ષે ખોટ ખમવી પડે છે. સદ્‌ભાગ્યે સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી સંઘને દર વર્ષે રૂા. ૧૫૦૦ની મદદ મળે છે, જે ચાલુ ખોટમાં ઠીક પુરવણી કરે છે. આ ઉપરાંત સંઘ તરફથી આશરે ૩૫ વર્ષોથી પર્યુષણ વ્યાખ્યાનમાળા દર વર્ષે યોજવામાં આવે છે. તે વખતે એકઠું કરવામાં આવતું ભંડોળ આ ખોટને પહોંચી વળવામાં સંગીન રીતે મદદરૂપ બને છે. આમ છતાં પણ પત્રની ગ્રાહકસંખ્યા જેટલી વધે તેટલા પ્રમાણમાં પત્રમાં પ્રગટ થતા વિચારોનો વધારે ફેલાવો થાય અને સંઘની આર્થિક ચિન્તા પણ હળવી બને. આ માટે પ્રબુદ્ધ જીવનના ચાહકો-પ્રશંસકો-જેમની સંખ્યા મારા અભિપ્રાય પ્રમાણે નાની સુની નથી - તેમને મારી પ્રાર્થના છે કે સૌ કોઈ પોતાની શકિત અને લાગવગનો યોગ આપીને અમારી ગ્રાહકસંખ્યામાં વધારો કરવામાં બને તેટલા મદદરૂપ થાય.

પ્રબુદ્ધ જીવન એકસરખું ચાલી રહ્યું છે અને અમારી માન્યતા પ્રમાણે વાચકોને ઠીક ઠીક સંતોષ આપી રહ્યું છે. તેના મૂળમાં માત્ર મારી શકિતનો યોગ નહિ પણ અનેક મિત્રો - સાથીઓનો-અનેક પ્રકારનો સહકાર રહેલો છે. આ બધા મિત્રોનો નામનિર્દેશ ન કરું તો પણ અમુક વ્યકિતઓનો મારે ઉલ્લેખ કરવો જ રહ્યો. સૌ પ્રથમ મારે અમારા સંઘના મંત્રી શ્રી સુબોધભાઈ એમ. શાહ તથા તેમનાં પત્ની સૌ. નીરૂબહેનનો ઉલ્લેખ કરવો ઘટે. કોઈ પણ અંગ્રેજી લેખ નજર ઉપર આવે તો સુબોધભાઈને યાદ કરું. હિંદી લેખ નજર ઉપર આવે તો નીરૂબહેનને યાદ કરું. અને તે બન્ને મારી અપેક્ષા મુજબ અને સમયસર ગુજરાતી અનુવાદો મને પૂરા પાડતા રહ્યાં છે, અને તેમની અનુવાદકળાથી મને અને હું માનું છું કે, 'પ્રબુદ્ધ જીવન' ના વાચકોને ખૂબ સંતોષ રહ્યો છે. આ માટે તે દંપતીનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. આવો જ આભાર મારે શ્રી મેનાબહેન નરોત્તમદાસનો માનવો રહ્યો. તેઓ પણ મારું કામ કરી આપવામાં હંમેશ એટલા જ તત્પર રહ્યા છે. અને સંઘના પ્રમુખ શ્રી ચીમનભાઈને પણ અહિં મારે યાદ કરવા જ રહ્યા. તેમના તરફથી અવારનવાર મળતી રાજકારણી આલોચના 'પ્રબુદ્ધ જીવન'નું એક મોટું આકર્ષણ બનેલ છે. તેઓ 'પ્રબુદ્ધ જીવન' વિષે વધારે આત્મી-યતા ચિન્તવતા થાય અને તેમની વિવિધલક્ષી જ્ઞાનસંપદાનો લખાણો દ્વારા પ્રબુદ્ધ જીવનના વાચકોને વધારે લાભ આપતા રહે એવી મારી તેમ જ પ્રબુદ્ધ જીવનના વાચકોની અપેક્ષા છે. આ સ્થળે મારે પંડિત દલસુખભાઈ માલવણિયાનો પણ ઉલ્લેખ કરવો જ જોઈએ. ટોરોન્ટો-કેનેડાથી નવી ચમકવાળા તેમના પત્રો નિયમિત રીતે આવતા રહ્યા છે અને પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થતા રહ્યા છે.

પ્રબુદ્ધ જીવન અંગે અંગત ઉલ્લેખ કરું તો પ્રબુદ્ધ જીવનના સંપાદનકાર્યે મારા આજ સુધીના ઘડતર અને વિચારવિકાસમાં ઘણો મોટો ફાળો આપ્યો છે. પ્રબુદ્ધ જીવન મારા માટે આત્મ-શિક્ષણની પ્રવૃત્તિ બની છે અને તે ન હોત તો આજે જે હું છું તે ન હોત એમ મને લાગે છે. આ માટે મુંબઈ જૈન યુવક સંઘનો હું ઘણો મોટો ઋણી છું. પ્રબુદ્ધ જીવનને ઘડવામાં-ખીલવવામાં સંઘની કાર્યવાહીએ કોઈ પણ પ્રકારની રોકટોક સિવાય મને પૂરો સાથ અને સહકાર આપ્યો છે. પ્રબુદ્ધ જીવનની ૨૯ વર્ષની લાંબી કારકીર્દી દરમિયાન પ્રબુદ્ધ જીવનના કારણે સંઘની કાર્યવાહી સાથે કદી પણ અથડામણમાં આવવું ન પડે એને હું એક અપૂર્વ ઘટના લેખું છું. કાર્યવાહીએ મારામાં મૂકેલા આવા અપ્રતિમ વિશ્વાસ માટે તેનો કયા શબ્દોમાં આભાર માનું?

પ્રબુદ્ધ જીવન અંગેની વિશાળ કલ્પના અને મારી મર્યાદિત બનતી જતી કાર્યક્ષમતા - બે વચ્ચે - રહેલા અન્તરથી હું સતત સભાન રહું છું અને તેથી તેને મારી શકિતનો શકય તેટલો યોગ આપવા છતાં પ્રબુદ્ધ જીવનમાં રહી જતી ઊણપો અંગે હું સતત અસંતોષ અનુભવું છું. તેમાં કેટલું બધું આપવું જોઈએ અને કેટલું ઓછું અપાય છે એ વિચાર 'આ હું કરું છું' એવા કોઈ અભિ-માનને ટકવા દેતો નથી. માનવી જીવનને સ્પર્શતા અનેક વિષયો મારી પકકડના અભાવે અસ્પૃષ્ટ રહી જાય છે. રાષ્ટ્રનું અર્થકારણ જે આજના જીવનમાં અતિ મહત્ત્વનો ભાગ ભજવે છે તેને લગતાં લખાણો પ્રબુદ્ધ જીવનમાં ભાગ્યે જ જોવામાં આવે છે. લલિતકળાઓ પણ એટલી જ ઉપેક્ષિત રહી છે. વિજ્ઞાનનો તો સ્પર્શ જ થતો નથી. આ બધી પુરવણી તો જ થાય કે જો સમાનલક્ષી વિદ્યાસંપન્ન મિત્રો 'પ્રબુદ્ધ જીવન'ને આ રીતે સમૃદ્ધ બનાવવામાં સહકાર આપે. તે મિત્રોને આ સહકાર માટે પ્રાર્થના છે.

આદર્શપરાયણ પત્રકારત્વ માટે જરૂરી છે વ્યાપક અને વિપુલ જાણકારી, સારાસાર વિવેક, અને ઊંડી સંવેદનશીલતા. એટલી જ જરૂરી છે નિર્ભયતા, સત્યાભિમુખતા અને સંયમપૂર્ણ અભિવ્યકિત. મારા પત્રકારત્વમાં આ તત્વો જેટલા પ્રમાણમાં હું સાકાર કરી શકું તેટલી મારી સફળતા; બાકી બધો વાણીવિલાસ. આ તત્ત્વોની સિદ્ધિ માટે આવશ્યક તાકાત અને ચેતનાજાગૃતિ વિશ્વવ્યાપી અનન્ત ચૈતન્યના સ્રોતમાંથી મને મળતી રહે એજ ઊંડા અન્તરની પ્રાર્થના!

તંત્રી, "પ્રબુદ્ધ જીવન"

આચાર્ય રજનીશજીના સાન્નિધ્યમાં

સાધના શિબિર-શિબિરના દિવસો: શુક, શનિ, રવિ, તા. ૩ - ૪ - ૫ મે, **સ્થળ:** નવસર્જન સોસાયટી સ્કૂલ, નારગોળ, વાયા સંજાણ રેલ્વે સ્ટેશન, જિલ્લો વલસાડ.

જ્ઞાન સત્ર-તા. ૧૮ - ૧૯ - ૨૦ મે, **સ્થળ:** કાશી વિશ્વનાથનું મંદિર, આમ્રકુંજ, જૂનાગઢ. **સંયોજક:** સોરઠ શિક્ષણ અને સંસ્કૃતિ સંઘ કાર્યાલય, ટેલિફોન: ૫૪૧, જૂનો નાગરવાડો, જૂનાગઢ.

પ્રકીર્ણ નોંધ

નાનું નામ, નાનું કામ, પણ કેવું મોટું પરિણામ?

(તા. ૧૭-૪-૬૮ ના રોજ નીપજેલ સ્વ. નષ્ટ સામાજિક કાર્યકર શ્રી રતિલાલ ઉજમશી શાહના અવસાન અંગે શોક પ્રદર્શિત કરવા માટે જૈન ઉદ્યોગ ગૃહ, જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સ, મુંબઈ જૈન યુવક સંઘ, ઝાલાવાડ જૈન મૂર્તિપૂજક સંઘ, સુરેન્દ્રનગર મિત્રમંડળ (મુંબઈ), વઢવાણ મિત્રમંડળ (મુંબઈ), ઝાલાવાડ સોશિયલ ગ્રુપ, ઘાટકોપર, લીંબડી નાગરિક મંડળ તથા જૈન શ્વે. મૂ. વિદ્યાર્થી ભવન (લીંબડી) તરફથી શ્રી કાન્તિલાલ ઈશ્વરલાલના પ્રમુખપણા નીચે શોકસભા ભરવામાં આવી હતી અને સ્વર્ગસ્થને અનેક વિશેષ વ્યકિતઓ તરફથી ભાવભરી અંજલિ આપવામાં આવી હતી. –તંત્રી)

થાણાનિવાસી શ્રી રતિલાલ ઉજમશી શાહનું પાંચ દિવસની આણધારી માંદગીના પરિણામે એપ્રિલ માસની ૧૭મી તારીખે મુંબઈની સર હરકીસનદાસ હૉસ્પિટલમાં એકાએક મૃત્યુ નિપજ્યું. આ સમયે તેમની ઉમ્મર લગભગ ૬૨ વર્ષની હતી. તેઓશ્રી જૈન ઉદ્યોગગૃહના છેલ્લાં ૧૨–૧૩ વર્ષથી મુખ્ય સંચાલક હતા. આ ઉદ્યોગગૃહના ઘડતર અને આજ સુધીના વિકાસમાં તેમનો મહત્ત્વનો ફાળો હતો.

આ ઉપરાંત તેઓ મુંબઈ જૈન યુવક સંઘના વર્ષો જૂના સભ્ય હતા; અમુક સમય તેઓ સંઘની કાર્યવાહી સાથે પણ જોડાયેલા હતા. સંઘ તરફથી યોજવામાં આવતાં પર્યટણો જ્યારે થાણા બાજુએથી પસાર થવાનાં હોય ત્યારે થાણામાં તેમણે સ્થાપેલ રવિ ઈન્ડસ્ટ્રીઝમાં અમારી પર્યટણ મંડળી માટે તેઓ અચૂકપણે નાસ્તો અને ચા-પાણીની વ્યવસ્થા કરતા અને થાણાથી તેઓ મોટા ભાગે અમારી સાથે જોડાતા. સંઘના વાર્ષિક ફાળામાં તેઓ દર વર્ષે સારી રકમ ભરતા.

બે વર્ષ પહેલાં થાણા ખાતેનો તેમનો રવિ ઈન્ડસ્ટ્રીઝનો વ્યવસાય તેમણે સંકેલી લીધો ત્યાર બાદ તેમનું ધ્યાન સુરેન્દ્રનગરની નજીકમાં આવેલ તેમના વતન કારોલ તરફ ગયું. તે ગામની સેવા તરફ તેમનું મન ઢળ્યું, અને વરસનો મોટો ભાગ તેઓ પોતાને વતન જઈને રહેવા લાગ્યા. બાર મહિના પહેલાં કારોલમાં તેમનાં પત્ની સવિતાબહેનનું અવસાન થયું. થોડાં સમય પહેલાં નાનાં બાળકોથી મોટી ઉમ્મરના લોકોની જરૂરિયાતોનો ખ્યાલ રાખીને તેમણે 'મંગળાયતન' નામની શૈક્ષણિક સંસ્થા ઊભી કરી હતી, જેમાં આજે ૯૦ બાળકો શિક્ષણ પામી રહ્યા છે અને ગામના લોકોને બીજી અનેક રાહતો આપવામાં આવે છે. આ ઉપરાંત સુરેન્દ્રનગર બાજુ આવેલા વિકાસ વિદ્યાલય અને અન્ય સામાજિક સંસ્થાઓની કાર્યવાહીમાં તેઓ વધારે રસ લેવા લાગ્યા હતા.

આમ છતાં જૈન ઉદ્યોગગૃહ સાથેનો તેમનો સંબંધ ચાલુ રહ્યો હતો. વર્ષ દરમિયાન જ્યારે જ્યારે તેઓ મુંબઈ આવે ત્યારે ત્યારે ઉદ્યોગગૃહની મુલાકાત તેમણે લીધી જ હોય. કૉંગ્રેસ પ્રમુખ નિજલિંગપ્પા ગયા એપ્રિલની ૧૦મી તારીખે જૈન ઉદ્યોગગૃહ જોવા આવ્યા ત્યારે રતિભાઈએ સાથે ફરીને ઉદ્યોગગૃહની વિવિધ પ્રવૃત્તિઓનો તેમને પરિચય કરાવ્યો હતો. બે દિવસ બાદ ૧૨મી તારીખે બપોરના ભાગમાં તેઓ ઉદ્યોગગૃહમાં કોઈ સાથે ટેલિફોનમાં વાત કરતા હતા તે દરમિયાન તેઓ એકાએક બેશુદ્ધ બની ગયા અને ટેલીફોન હાથમાંથી પડી ગયો. તરત જ તેમને હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં; બીજે દિવસે જરાક શુદ્ધિ આવી ન આવી પણ, મોટા ભાગે બેશુદ્ધિમાં જ બાકીના દિવસો તેમણે પૂરા કર્યા અને ૧૭મી તારીખે સવારે તેમણે દેહ છોડયો.

રતિભાઈએ બહુ જ સામાન્ય સ્થિતિથી પોતાના જીવનનો આરંભ કર્યો હતો. તેઓ સ્વ. વીરચંદ પાનાચંદના જમાઈ થાય. તેમની સાથે મારો સ્વજનસદશ સંબંધ હતો. પુરુષાર્થના બળે તેમનો વ્યવસાય વિકસતો ગયો અને સમય જતાં થાણા ખાતે રવિ ઈન્ડસ્ટ્રીઝનું તેમના હાથે નિર્માણ થયું. આમ વ્યવસાયના વિકાસ સાથે તેમની સેવાપ્રવૃત્તિઓ પણ વિકસતી ગઈ. અનેક સંસ્થાઓને તેમની શકિત અને સેવાનો લાભ મળ્યો. સમય જતાં તેમણે વ્યવસાય-નિવૃત્તિ સ્વીકારી અને કારોલમાં લોકભારતી જેવી સંસ્થા ઊભી કરવાના સ્વપ્ન સાથે 'મંગલાયતન' ની તેમણે સ્થાપના કરી. આ મંગલાયતનને મહોર આવે તે પહેલાં તેમણે આપણી વચ્ચેથી એકાએક વિદાય લીધી.

તેમની આકૃતિ સુન્દર અને સુપ્રસન્ન હતી. સ્વભાવથી જીદ્દી ખરા અને પ્રકૃતિમાં થોડીક ઉગ્રતા પણ ખરી, એમ છતાં પણ આન્તર પ્રેમભાવથી સદા ઉચ્છ્વસિત. તેમની કાર્યનિષ્ઠા અને સેવાની ધગશ લગભગ અસામાન્ય કહી શકાય. નહિ મોટું નામ, નહિ મોટું કામ, એમ છતાં જે સમાજ અને વર્તુળમાં તેઓ વસ્યા ત્યાં તેઓ એવું કામ કરીને ગયા અને એવું જીવન જીવી ગયા કે તેમના જવાથી તે સમાજ અને તે વર્તુળ ખરેખર દરિદ્ર બન્યો છે એમ જરા પણ અત્યુકિત સિવાય કહી શકાય. માનવી જીવનની આથી વધારે સફળતા બીજી શી હોઈ શકે?

શ્રી ભાવનગર જૈન સંઘદ્વારા નિર્માણ થનાર સાર્વજનિક હૉસ્પિટલ

ભાવનગર શ્વેતાંબર મૂર્તિપૂજક તપા – સંઘ મારફત કેટલાંક વર્ષોથી 'શેઠ આણંદજી પરશોત્તમ જૈન દવાખાનું' ચાલે છે, જેનો કોઈ પણ જાતના જાત–જાત અગર ધર્મ–સંપ્રદાયના ભેદભાવ વિના સમગ્ર જનતાને લાભ આપવામાં આવે છે અને આ દવાખાનાનો રોજના સરેરાશ ૩૧૦ દર્દીઓ લાભ લે છે. આ પ્રકારની વૈદકીય રાહતની માંગ એટલી બધી છે અને એ ઉપરાંત, શહેરમાં રાજ્યની મોટી હૉસ્પિટલ અને દવાખાનાંઓ હોવા છતાં વિવિધ પ્રકારના વૈદ્યકીય ઉપચારો અને ઑપરેશનોની એટલી બધી માંગ રહે છે કે તે માંગને આ હૉસ્પિટલ અને દવાખાનાંઓ પહોંચી શકતા જ નથી. એટલા માટે ઉપર જણાવેલ શેઠ આણંદજી પરશોતમ જૈન દવાખાનાના કાર્યને વિકસાવવાની અને વિસ્તારવાની ખૂબ જ જરૂર છે એમ ઉપર જણાવેલ સંઘના કાર્યવાહકોને લાગ્યા કરતું હતું અને એમ છતાં પૂરતી જગ્યાનો અભાવ, આર્થિક મર્યાદા, ગંભીર કિસ્સાઓમાં નિદાન અને સારવારનાં સાધનોનો અભાવ–આવી અનેક મુશ્કેલીઓ જોતાં, આ દવાખાનું જે ચોકઠામાં ગોઠવાયું છે તે ચોકઠામાં વિકાસની કોઈ શકયતા નહોતી. તેથી સંઘના આગેવાનોના દિલમાં, જો શહેરવિસ્તારમાં પૂરતી જગ્યા મળે તો સાર્વજનિક હૉસ્પિટલ ઊભું કરવાનો મનોરથ પેદા થયો. સંઘ આગળ એ વિચાર રજૂ કરવામાં આવ્યો અને સંઘે એ વિચારનો આદર કર્યો, સ્વીકાર કર્યો અને એ દિશાના પ્રયત્નો આરંભાયા.

આવી યોજના માટે સૌ પ્રથમ શહેરવિસ્તારમાં હૉસ્પિટલ માટે આવશ્યક એવો મોટો જમીનનો પ્લોટ મળવો જોઈએ. આ બાબતમાં ભાવનગર નગરપાલિકાના સૂત્રધારો સાથે વાટાઘાટ કરતાં, શહેરની મધ્યમાં ગંગાજળીયા વિસ્તારમાં આવેલી ૨૮૦૦ ચોરસ વાર જેટલી જમીન નજીવા લીઝથી ભાવનગર સંઘને સાર્વજનિક હૉસ્પિટલ બાંધવા માટે આપવાનો નગરપાલિકાએ ઠરાવ કર્યો. આ ઉપરથી સંઘના કાર્યવાહકોએ હૉસ્પિટલની યોજના વિચારી, નકશાઓ કરાવ્યા અને ૨૪ પથારીઓના ચાર વૉર્ડ, ૫ સ્પેશિયલ રૂમ, ઑપરેશન થિયેટર, લેબોરેટરી, એક્સ–રેનાં સાધનો વગેરે આધુનિક રીતે સજજ થયેલી હૉસ્પિટલ કરવા માટે દશ લાખ રૂપિયાનો અંદાજ તેમણે નક્કી કર્યો. આ રકમ એકઠી કરવા માટે રૂ. ૧૦૦૦૧ આપે તે 'સ્થાપક સંડાયક' કહેવાય, એક વૉર્ડ માટે રૂ. ૨૫૦૦૦ આપે તે 'મુખ્ય દાતા' કહેવાય, પાંચ સ્પેશિયલ રૂમ બાંધવા માટે રૂ. ૧૦૦૦૧ આપે તથા દરેક બેડ માટે રૂ. ૫૦૦૧ આપે તે દાતા કહેવાય–આવી એક યોજના તૈયાર કરવામાં આવી. આમાં રૂ. ૩૦૦૧ આપનારની એક કાયમી તિથિ નોંધાય એવી 'કાયમી તિથિ ફંડ'ની પણ યોજના સામેલ કરવામાં આવી. આ રીતે હવે ફંડ એકઠું કરવાનો પ્રયાસ ચાલી રહ્યો છે અને તેમાં યથાશકિત નાણાં ભરવા ખાસ કરીને ભાવનગરના પ્રજાજનોને ભાવનગર જૈન સંઘના કાર્યવાહકોનો અનુરોધ છે. આવી યોજના હાથ ધરવા માટે ભાવનગરના જૈન શ્વે. મૂ. સંઘને અનેક

ધન્યવાદ ઘટે છે. મુંબઈના સ્થાનકવાસી જૈન સંઘે મુંબઈ ખાતે કેટલાક વર્ષથી જૈન ક્લિનિક શરૂ કરીને આ બાબતની પહેલ કરી છે, પણ કોઈ પણ એક સ્થળના શ્વે. મૂ. જૈન સંઘે હજુ સુધી આવી પહેલ કરી હોય તો એ મારી જાણમાં નથી. સાધારણ રીતે જૈન શ્વે. મૂ. સંઘના કાર્યવાહકો પૂજા – પ્રતિષ્ઠા, નવા મંદિરોનાં નિર્માણ, અઠાઈ મહોત્સવ, ઉપધાન અને એવી અન્ય ધાર્મિક લેખાતી પ્રવૃત્તિઓ પાછળ જ પોતાની હસ્તકનું દ્રવ્ય વાપરતા હોય છે. સાર્વજનિક હૉસ્પિટલ જેવાં સર્વ જન હિતના કાર્ય તરફ તેમનું હજુ સુધી કોઈ ધ્યાન ખેંચાયું નથી. તેથી આવી પહેલ કરવા માટે અને સાર્વજનિક સેવાનાં દ્વાર ખુલ્લાં કરવા માટે ભાવનગર જૈન સંઘ એટલે કે જૈન શ્વે. મૂ. સંઘ હાર્દિક અભિનંદનનો અધિકારી બને છે.

તા. ક. આ કાર્યમાં મદદરૂપ થવા ઈચ્છતા ભાઈબહેનોએ ભાવનગર જૈન સંઘ સંચાલિત સાર્વજનિક હૉસ્પિટલ ટ્રસ્ટ ઠે. જૈન મોટું દેરાસર, ટાવર રોડ પાસે, ભાવનગર. એ સરનામે પત્રવ્યવહાર કરવો.

પરમાનંદ

ભીરૂ

તા. ૧૬-૪-૬૮ ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલ થોડું 'આત્મ-કથન'માં જે અંગ્રેજી કાવ્ય આપવામાં આવ્યું છે અને જેનો ગુજરાતી ગદ્ય અનુવાદ આપેલ છે તેનો આપણા કોઈ કવિએ કરેલ ગુજરાતી કાવ્યાનુવાદ વાંચેલો હોવાનું મને ચોક્કસ સ્મરણ હતું, પણ તે અનુવાદ કયા કવિએ કરેલો છે તે કોઈ રીતે મને યાદ આવતું નહોતું. સદ્‌ભાગ્યે પરિચય–પુસ્તિકાવાળા શ્રી યશવંત દોશી અને ગુજરાતની ખાદી પ્રવૃત્તિ સાથે જોડાયેલા શ્રી ચીનુભાઈ ગીરધરલાલ શાહ– બન્ને મિત્રો તરફથી પ્રસ્તુત લેખ વાંચીને તરત લખાયેલા પત્રો મળ્યા, જે દ્વારા જાણવા મળ્યું કે, પ્રસ્તુત અંગ્રેજી કાવ્યનો અનુવાદ સ્વ. ઝવેરચંદ મેઘાણીએ કરેલો છે, 'ભીરૂ' તેનું શિર્ષક છે. અને મેઘાણીના કાવ્યસંગ્રહ 'યુગવંદના'માં તે સંગ્રહિત કરવામાં આવેલ છે. આ માટે તે બંને મિત્રોનો હું ઋણી છું. તેમણે મોકલેલ પ્રસ્તુત અનુવાદની નકલ આ મુજબ છે:–

(ઝૂલણા)

'ધરા પર માહરે કોઈ શત્રુ નથી.'
કાયરો એ અહંકાર ધરતા;
મર્દ કર્તવ્યસંગ્રામના જંગમાં
લાખ શત્રુને રકતે નિતરતા.
તું રિપુહીન હોવાની શેખી મ કર,
બંધુ! નિર્વીર્ય એ દર્પ ગાવે;
બહાદુરો સત્યને કાજ નિર્મમ બની
મિત્રની શત્રુતા યે વધાવે.
દેશદ્રોહી તણી કમર પર ત્રાટકી,
તેં નથી મિત્ર શું ઘાવ દીધા?
જૂઠડી જીભ પરથી શપથ–શબ્દને
તેં નથી મિત્ર શું ધૂળ કીધા?
ધર્મને વેશ પાખંડ પૂજાય ત્યાં
બંધુ! શું ખડ્‌ગ લઈ તું ન ધાયો?
સત્યના સ્વાંગ પે'રી ઊભું જૂઠ ત્યાં
ઝઝીને મિત્ર શું નવ ઘવાયો?
સૌમ્ય તું! ભલો તું! સંત ભદ્રિક તું!
ભાઈ, એ છે બધી તારી ભ્રમણા:
રંક તું, દીન તું, ભીરૂ કંગાલ તું.
સ્વાદ ચાખ્યા નથી તેં જખમના!

ઝવેરચંદ મેઘાણી

નોંધ: 'ભીરુ' 'Coward' નામક અંગ્રેજી ગીત પરથી ઉતારેલું. મૂળનો એક ભાવ 'Hast thou not dashed the cup from perjured lips?' 'જૂઠડી જીભ પરથી અમીપાત્રને, તેં નથી મિત્ર શું ધૂળ કીધા?' અનુવાદમાં સ્પષ્ટ નહોતો થયો. એ પછી નવી આવૃત્તિમાં 'જૂઠડી જીભ પરથી શપથ–શબ્દને' આટલો સુધારો કર્યો છે. એમાંથી સત્ય બોલવાના સોગંદ લેતા ખ્રિસ્તી સાહેદને અદાલતમાં શપથ - કટોરો પીવરાવવામાં આવતો એ નિયમ કયાંક ગોચર થાય છે.

(ઉપરના કાવ્ય પરના ટિપ્પણમાંથી)

પ્રબુદ્ધ જીવનની પત્રચર્યા

૧. જૈન તીર્થોના ઝગડા અંગે એક બુઝર્ગ મિત્રના દિલનો ઉકળાટ

તા. ૧૬-૩-૬૮ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલ 'અન્ત-રીક્ષજીના પ્રશ્ન અંગે થોડી વિચારણા'એ મથાળાનું મારું નિવેદન વાંચીને ઈન્દોરથી શ્રી જેઠાભાઈ હીરજી મેપાણીએ તા. ૨૨-૩-૬૮ના પત્રમાં પોતાના મન ઉપર પડેલ પ્રત્યાઘાતો રજૂ કર્યા છે.

શ્રી જેઠાભાઈ પોતાનો પરિચય આપતાં જણાવે છે કે "હું જૈન કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિનો છું. આજે મારી ઉંમર ૭૬ વર્ષની છે. તેમાંથી ૭૦ વર્ષ મેં મુંબઈમાં કાઢયા. હાલ દર ત્રણ મહિના ઈંદોર અને બીજા ત્રણ મહિના મુંબઈ–માટુંગામાં રહું છું. છ વર્ષથી આમ ચાલે છે. પ્રબુદ્ધ જીવનનો ઘણાં વર્ષોથી ગ્રાહક છું. મારી જ્ઞાતિમાં છ વર્ષ મંત્રી હતો, ત્રણ વર્ષ ઉપ-પ્રમુખ અને ત્રણ વર્ષ પ્રમુખ હતો. ત્યાં પણ વેરઝેર કાઢવા મેં મહેનત કરી અને થાકીને નમસ્કાર કરવા પડયા. આજે વેર વધી ગયા છે. અનન્તનાથજી મંદિરના ટ્રસ્ટી-ટ્રસ્ટીઓ અને જ્ઞાતિજનો વચ્ચે વાત વાતમાં મુકદમાઓ ઝગડાઓ થાય છે, અને દુ:ખ થાય છે. કોઈ માને તેમ નથી.

"મારા વ્યવસાય અંગે જણાવવાનું કે, ભારતીય ગુંદરની અમેરિકા હું નિકાસ કરું છું. અહિં પણ જંગલોમાંથી ગુંદર વેચાવા આવે છે. માફકસર મળે તો ખરીદી ચાલુ રાખું છું અને મુંબઈની ઑફિસે મોકલું છું. જેઠાભાઈ હીરજી કું. ના નામથી ધંધો કરું છું. મારી જ્ઞાતિના શેઠ ભવાનજી અરજણની બાજુમાં માટુંગા ભાલચંદ્ર રોડ ઉપર, મુંબઈ આવું ત્યારે હું રહું છું. મે મહિનામાં મુંબઈ આવવા ધારૂં છું. આપને આજ સુધી પ્રત્યક્ષ મળવાનું બન્યું નથી તો મુંબઈ આ વખતે આવીશ ત્યારે આપને મળવાનો પ્રયત્ન કરીશ." તેમનો પ્રસ્તુત પત્ર નીચે મુજબ છે:

ઈન્દોર, તા. ૨૨-૩-૬૮

સ્નેહી ભાઈ પરમાનંદ,

અન્તરીક્ષજી બાબતમાં આપના વિચારો ૧૪મી માર્ચના 'મુંબઈ-સમાચાર' અને તા. ૧૬-૩-૬૮ના 'પ્રબુદ્ધ જીવન' દ્વારા જાણ્યા. મારા પણ એ જ વિચારો છે. બન્નેના વિચારો એક થતાં મને બહુ આનંદ થયો. આપના વિચારો મર્યાદામાં છે કે પતાવટનો રસ્તો પહેલો લેવો, પણ મને એમાં વિશ્વાસ નથી; કારણ કે વેર બન્ને પક્ષોમાં સેંકડો વરસોનું હોવાથી મૂળ ઊંડાં ગયાં છે. જેમ ભારત-પાક વચ્ચે પતાવટ મુશ્કેલ છે તેમ અહિં પણ પતાવટ મુશ્કેલ છે. કૌરવ–પાંડવો વચ્ચે પણ શ્રી કૃષ્ણ જેઓ પુરુષોત્તમ કહેવાયા તેઓ પણ પતાવટ કરી શકયા નહોતા. હા, એક દાખલો છે: મહારાજા ભરત અને બાહુબલીનો. સામ સામે સેના ખડકાઈ ગઈ હતી, પણ એ જ વખતે બાહુબલીજીએ મમત્વ છોડયું અને ત્યાગ સ્વીકાર્યો અને મહારાજા ભરતે તેમની ચરણરજ શિરે ચઢાવી. આવું કાંઈ થાય તો જ ખરી પતાવટ થાય. મને કોઈ વખત એવા વિચારો પણ આવે છે કે એક જ શાસનના અનુયાયી સ્વામીભાઈઓ કોઈ એક પ્રતિમાને આગળ ધરીને પરસ્પર લડે, લડવા માટે ધન ભેગું કરે, તીર્થરક્ષક સેના ઊભી કરે–આ બધું શું કામ અને શા માટે? જેઓ એ મૂર્તિને પૂજવા માગતા હોય તેમને પૂજવા દઈએ અને આપણે એ જ ધનથી નવું તીર્થ શા માટે ઊભું ન કરીએ? એમાં શું ખોટું છે? આજે આપણો જૈન ધર્મ ધર્માનુયાયીઓના પરસ્પર વૈરભાવ અને ધિક્કારમાં મંદતેજ બની ગયો છે. બીજા ધર્મવાળા કદાચ આપણી હાંસી ઉડાવતા હશે. આપણને શરમાઈને માથું નીચું નમાવવું પડે તેવી આ બાબત બની રહી છે. કારણ કે, બીજા ધર્મવાળાઓમાં આવા ઝઘડા જોવામાં આવતા નથી. આપણા સમાજમાં, મને લાગે છે કે, સાધુમુનિઓના હાથમાં શ્રીમન્તો છે અને શ્રીમન્તોના હાથમાં સંઘ

છે. આજે ઉશ્કેરાટ જલ્દીથી પેદા થઈ શકે છે, પણ શાન્તિ અને સમાધાનની વાત કોઈને ગમતી નથી.

મેં મારી ૭૦ વર્ષની જિંદગી મુંબઈમાં કાઢી; ઘણાં વ્યાખ્યાનો સાંભળ્યાં; વાંચન પણ થોડું કર્યું. જ્યાં વાંચું છું યા સાંભળું છું ત્યાં ડગલે ને પગલે પાપનો ભય દેખાડવામાં આવ્યો છે. બોલવામાં પાપ, આંખ ખોલવામાં અને બંધ કરવામાં પણ પાપ. એ જ કારણે અને વેરઝેરના કારણે જૈન ધર્મ નિસ્તેજ બનતો જાય છે. ગચ્છો ગચ્છોમાં પણ વાંધા; જ્ઞાતિ જ્ઞાતિમાં પણ વાંધા. એક ગચ્છનો સાધુ, રસ્તામાં બીજા ગચ્છનો સાધુ દેરાસર જતાં સામો મળે તો, મોઢું ફેરવી નાંખે. આ બધું કેમ અને શા માટે?

તીર્થોના ઝઘડાનું સમાધાન સૈકાઓ વર્ષે પણ થશે નહિ, સિવાય કોઈ અવતારી પુરુષ જન્મ લે તો બીજી વાત છે. આ બન્ને પક્ષો કોઈ દિવસ વેરભાવ ભૂલશે નહિ. મારો કે આપનો અવાજ કોઈ સાંભળે તેમ નથી. કેવળ પાયમાલી દેખાય છે. હવે તો આવા ઝગડાની વાતો વાંચવી કે સાંભળવી ગમતી નથી.

બીજું મને નવાઈ તો એ લાગે છે કે, 'તીર્થરક્ષા' માટે, મહારાજો (સાધુઓ) કહે છે કે "બલિદાન આપો. એમાં હિંસા નથી." આ ઝઘડાને તીર્થરક્ષાના નામથી ઓળખાવવો એ બરોબર નથી. એ તો કોઈ વિધર્મી આપણા કોઈ તીર્થનો નાશ કરવા આવી ચઢે અને તેનો પ્રતિકાર કરવામાં આવે તેને તીર્થરક્ષાના નામથી ઓળખાવી શકાય અને તે માટે હિંસા કરવી પડે તો તે દોષરૂપ નહિ લેખાતી હોય, પણ અહીં તો એક સ્વામીભાઈ અન્ય સ્વામીભાઈ સાથે લડે છે. આ કારણે લોહી રેડાય તે હિંસા દોષરૂપ નથી, અહિંસા છે એમ કહેવું તે કોઈ રીતે ગળે ઉતરે તેવું નથી. ખેર, બનાવો બન્યા કરશે. આપણું કાંઈ ચાલે તેમ નથી.

આપને ચાહનાર
જેઠાભાઈ હીરજી મેપાણી

૨. શ્રી વિમળાબહેન ઠકારનો પત્ર

શ્રી વિમળાબહેન ઠકાર યુરોપના જુદા જુદા દેશોમાં વસતા તેમના મિત્રો અને પ્રશંસકોના નિમંત્રણથી ગયા માર્ચ માસની ૨૩ મી તારીખે યુરોપ ગયા છે. તેઓ સૌ પ્રથમ હોલાન્ડમાં આવેલ હીલ્વરસમ રોકાયાં હતાં. હોલાન્ડ તેમ જ ફ્રાન્સ, ઈંગ્લાંડ, નોર્વે તથા સ્વીટ્ઝર્લેન્ડમાં ઑગસ્ટ માસ સુધીના ગોઠવાયલા કાર્યક્રમ મુજબ તેઓ ભિન્ન ભિન્ન સ્થળોએ નાનાં નાનાં જૂથો સમક્ષ વાર્તાલાપો આપી રહ્યા છે. તેમના તરફથી એપ્રિલ માસની ૧૨મી તારીખનો મિત્રોને ઉદ્દેશીને લખાયેલો અંગ્રેજી પરિપત્ર થોડા દિવસ પહેલાં મને મળ્યો છે. તેમાંના મહત્ત્વના ભાગનો અનુવાદ નીચે મુજબ છે:

માર્ટિન લ્યુથર કીંગના ખૂનથી આખા યુરોપને ઘણો સખ્ત આઘાત લાગ્યો છે. યુનાઈટેડ સ્ટેટ્સમાં હબસીઓ હવે પોતાનું સ્વતંત્ર રાજ્ય (જેમ ભારતમાંથી પાકિસ્તાન પેદા થયું તેમ) માંગી રહ્યા છે. વિયેટનામ અને હબસીઓના તોફાનોના કારણે આખી અમેરિકન પ્રજાનું જીવન ચૂંથાઈ રહ્યું છે. 'સિવીલ રાઈટ્સ બીલ'. પસાર કરવા માત્રથી હવે હબસીઓ કોઈ રીતે સંતોષાય તેમ નથી. સૉલ્સબરીમાં આફ્રિકનોને ફાંસીના લાકડે લટકાવ્યા, તેથી તેમનામાં પાર વિનાની કડવાશ પેદા થઈ ચૂકી છે. હબસીઓ અને આફ્રિકનોએ ગોરા માનવીમાંથી 'શ્રદ્ધા' ગુમાવી દીધી છે. વર્ગ - સભાનતા, વર્ગ - ધિક્કાર, વર્ગ - હિંસા અને તે સાથે જાતિગત - સભાનતા (Race Consciousness) જાતિગત–ધિક્કાર અને જાતિગત - હિંસા આખી દુનિયાને આવરી રહેલ છે. ઈંગ્લાંડ સાવધાન છે, પણ યુરોપના દેશો ખૂબ અસ્વસ્થ છે. હોલાન્ડમાં શું ચાલી રહ્યું છે તે તમે જાણો છો. ઈઝરાયલ, જૉર્ડન, ઈજીપ્ત, સાઉદી અરેબિયા અને સીરીયા; તેમજ ઈજીપ્ત પરસ્પર અવિશ્વાસ, તિરસ્કાર અને કટુતા સેવી રહ્યા છે એ પણ તમે જાણો છો. ઈન્ડોનેશિયા, વિયેટનામ અને કોરીયા તિરસ્કાર અને અવિશ્વાસની આંધીમાં અટવાઈ ગયા છે. ભારત વિષે લખવાની કોઈ જરૂર નથી. આપણે આજે કેવી દુનિયામાં જીવી રહ્યા છીએ?

આમ છતાં પણ એવી આજે અનેક વ્યકિતઓ છે જે એક-મેકને સાચા દિલથી ચાહે છે, જેઓ એકમેક વિષે ઊંડો વિશ્વાસ ધરાવે છે. આ માનવીઓ આપણી દુનિયાનું ખરૂં સત્વ છે. આ ઉદાત્ત માનવીઓની દુનિયાના ઈતિહાસમાં નોંધ નહિ લેવાય, એમ છતાં પણ, આ વિનમ્ર માનવીઓ દુનિયાને સુગ્રથિત રાખે છે. આવા માનવીઓ દુનિયાભરમાં ચોતરફ પથરાયેલા પડયા છે. તેમના લીધે જ દુનિયામાં જીવવા જેવું અને યત્રતત્ર વિચરવા જેવું લાગે છે.

હોલાન્ડમાં આવ્યા બાદ મેં પુસ્તકો સારી સંખ્યામાં વાંચ્યા છે. આ ચોપડીઓમાં "Damodar and the pioneers of the theosophical movement." "–દામોદર અને થીઓસોફીકલ આન્દોલનના અગ્રેસરો–" એ પુસ્તકમાં મને સૌથી વધારે રસ પડયો હતો. આ પુસ્તક અદ્યારના થીઑફિકલ પબ્લીશીંગ હાઉસ તરફથી ૧૯૬૩માં બહાર પાઠવામાં આવેલ છે. મેડમ બ્લેવાટ્સ્કી કે જેમના વિષે મને ખૂબ આદર રહ્યો છે તેમના જીવન અને ચારિત્ર્ય વિષે આ પુસ્તકમાંથી મને ઘણું નવું જાણવાનું મળ્યું. અમદાવાદના દામોદર માવળંકર કે જેમણે મેડમ બ્લેવાટ્સ્કી ભારતમાં આવ્યા અને ચોતરફ ફર્યા તે દરમિયાન તેમની સાથે ઘણું કામ કરેલું તેમના વિષે મને કશો જ ખ્યાલ કે માહિતી નહોતી. હેન્રી ઑલ્કૉટ કે જેમના નામથી હું પરિચિત હતી તેમના વ્યકિતત્વ વિષે પણ આ પુસ્તકમાંથી મને ઘણો પ્રકાશ પ્રાપ્ત થયો છે. જે મિત્રો પાસેથી આ પુસ્તક કેવળ "આણધારી રીતે મળ્યું તેમની જ તરફથી હેન્રી ઑલ્કૉટે લખેલ Old Leaves of a Dairy" ના ત્રણ વિભાગ પણ મને મળી ગયા અને તે ત્રણે વિભાગ હું ચીવટ-પૂર્વક વાંચી ગઈ. બીજા એક મિત્રની ભલામણથી મેરીસ વેસ્ટે લખેલ બે નવલકથાઓ 'Ambassaddor' અને 'The Daughter of Silence' પણ હું વાંચી ગઈ. વિશિષ્ઠ શૈલી, સુભગ રચના અને મધ્યવર્તી વિશિષ્ટ વિષયના કારણે આ બન્ને નવલકથાઓ મને ગમી. આ નવલકથાઓનો લેખક 'ઝેન બુદ્ધિઝમ'થી સુપરિચિત હોય એમ લાગે છે.

અહીં આવ્યા બાદ અનેક મુલાકાતો - ઈન્ટર વ્યુઝ - આપ-વાનું બન્યું છે. ગુજરાતના સંસ્કાર તીર્થમાં મેં જે વાર્તાલાપો આપ્યા હતા તેનો અંગ્રેજી અનુવાદ પ્રગટ કરવામાં આવ્યો છે. આ રીતે અહિં આવ્યા બાદ બે અઠવાડિયાં સારી રીતે પસાર થયા છે.

તમે જાણીને આનંદ પામશો કે હું હંમેશા ફરવા જાઉં છું. અહિં ઠંડી તો પડે, છે પણ તે સૂકી છે અને સુમધુર લાગે છે. હીલ્વરસમ આસપાસનાં શાન્તિભર્યાં જંગલો ખરેખર એક મહાન આશીર્વાદ રૂપ છે. તમે થોડાં ડગલાં ચાલો અને દેવદાર વૃક્ષોના ભવ્ય જંગલોના એકાન્તમાં તમે એકાએક પ્રવેશ પામો છો. તમે પક્ષીઓને મળો છો, જે તમારો મધુર કલરવ વડે આદર કરે છે. તમે શીતળ પવન-લહરીનો મધુર સ્પર્શ અનુભવો છો, જે તમારું સ્વાગત કરે છે. જંગલમાં એકલો ફરી રહેલો એવો કોઈ કુદરતનો આશક તમને ભેટી જાય છે. તમે પરસ્પર સ્મિતનો વિનિમય કરો છો. અને તે તેને રસ્તે જાય છે અને તમે તમારે રસ્તે આગળ ચાલો છો. અને એમ છતાં એ મધુર સ્મિત તમને કેટલે સુધી અનુસરતું હોય એમ લાગે છે.

મારી તબિયત અંગે હાલ કશું ચિન્તાનું કારણ નથી. યુરોપના પરિભ્રમણનો કાર્યક્રમ પૂરો કરવામાં મુશ્કેલી નહિ પડે એમ હું ધારું છું. શ્રી અને શ્રીમતી એલ. ઈ. ફ્રાંકેનાએ મારા માટે જાણે કે બધી સગવડોવાળું નવું ઘર જ ઊભું કર્યું છે. મને અહિં બધું સગવડભર્યું અને પોતાના ઘર જેવું લાગે એ માટે તેઓ બન્ને પરસ્પર હરીફાઈ કરી રહ્યા છે. હિંદી ઉસ્તાદી સંગીતની બે રેકર્ડો મારા અહિં આવવા પહેલાં તેમણે ખરીદી રાખી હતી. તો મિત્રો, હું બધી રીતે ખુશ મિજાજમાં છું. સપ્રેમ **વિમલ**

૩. સ્વામી ભાવનાશીલજીનું દુઃસ્વપ્ન

તંત્રીશ્રી, 'પ્રબુદ્ધ જીવન',

તા. ૧-૪-૬૮ ના અંકમાં આપે "સ્વામી ભાવનાશીલજીનું-દુઃસ્વપ્ન" નામનો શ્રી ગગનવિહારી મહેતાએ તા. ૪-૨-૬૮ ના 'સમર્પણ'માં લખેલો લેખ ઉતાર્યો છે તે વાંચી આ લખવા પ્રેરાયો છું. પ્રથમ તો આ જ લેખ વાંચીને શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે "માનવીની ચેતનશક્તિ" વિષે જે લખ્યું છે તેનું સંપૂર્ણ સમર્થન હું પણ કરું છું. હું એટલું ઉમેરું કે, "માનવીની આ ચેતનશક્તિ બુદ્ધિથી પણ પર છે. બુદ્ધિ સાધન છે. આ સાધનનો ઉપયોગ કરવાવાળી તે ચેતન શક્તિ છે." તેથી આ ચેતનશક્તિને બુદ્ધિ જાણી શકે નહિ. જેમ હાથમાં પકડેલો ચીપિયો બધું પકડી શકે છે, પણ પોતાને ધારણ કરનાર હાથને પકડી શકતો નથી, તેમ. આપણે બુદ્ધિવાદીઓ આ વાત વિસરી જઈએ છીએ.

હું એક જુદા જ દૃષ્ટિબિંદુથી શ્રી ગગનભાઈના લેખની ચર્ચા કરવા માગું છું. એમણે પોતે એવું ધાર્યું નહિ જ હોય કે એમનો લેખ અન્ય સામયિકમાં કોઈ ઉતારશે અને પાછી એના પર ચર્ચા પણ થશે! એ તો સ્પષ્ટ છે કે એ આખો લેખ—અથવા તો લેખમાંનો મોટો ભાગ એમણે (અંગ્રેજીમાં કહીએ તો) "વીથ લિઝ ટંગ ઈન લિઝ ચીક.' લખ્યો છે. આમ છતાં એમને કંઈ કહેવાનું હોય તો તે એમણે સ્વામી ભાવનાશીલજીના વકતવ્યમાં આ રીતે મૂકયું છે. "મારું આખું જીવન મેં ઈશ્વરની સ્તુતિ કરી છે, એનું અહર્નિશ રટણ કર્યું છે, એના મહિમા અને લીલાનો પ્રચાર કર્યો છે કે જે વડે મૃત્યુ પછી મને એનું ફળ મળે, સ્વર્ગે પહોંચાય, સનાતન સુખ પ્રાપ્ત થાય. પરંતુ આ તો લાગે છે કે મારા અસ્તિત્વ માત્રની અહીં કોઈને જાણ પણ નથી, તો દરકાર તો શેની જ હોય! આ સૌ તો કહે છે કે અગણિત તારાઓમાંથી એક તારાથી તપતી નાની સરખી ક્ષુદ્ર પૃથ્વી પર હું તુચ્છ પામર, ક્ષણજીવી વસ્તું છું! આવી નિષ્ઠુર પ્રતીતિ મારાથી સહન નથી થતી. મારા ભક્તોને હું શું આશા આપી શકીશ? પીડિતોને શું આશ્વાસન આપી શકીશ? સંધ્યા, પાઠ-પૂજા કેમ કરી શકીશ? ઉપદેશ આપવા પશ્ચિમના દેશોમાં હું કેવી રીતે જઈ શકીશ?"

શ્રી ગગનભાઈએ જે વૈજ્ઞાનિકોનું (વિજ્ઞાનીઓ જ ત્યાં વસતા જણાય છે તેથી) સ્વર્ગ કલ્પ્યું છે તે કોઈ રીતે આપણા જેવા ક્ષુદ્ર માનવીઓથી ચઢિયાતા નથી. એમનામાં કંઈ વિશિષ્ટતા હોય તો કોકને સહસ્ર આંખ હોય તો બીજાને ત્રણ આંખ હોય છે; કોકને દસ માથાં હોય છે ને તે પાછાં ચોરસ હોય છે. દ્વારપાલને કેટલાં માથાં છે કે કેટલી આંખો છે તે લેખકે કહ્યું નથી. એમની બુદ્ધિ આપણા જેટલી જ મર્યાદિત છે; એમનાં સાધનો પણ આપણા જેવાં પુરાણાં છે. દ્વારપાલ સિવાય અન્ય વ્યક્તિઓમાં વિવેક પણ નથી. અવકુફો પાસે કોમ્પ્યુટર પણ નથી. એમને ફાઈલો ને પુસ્તકો જ જોવાં પડે છે. પાંચ હજાર કારકૂનો રાતદિવસ કામ કરે છે તો ય જરૂરી માહિતી મેળવી શકતા નથી. વર્ષો વીતી જાય છે. અમારો પૌરાણિક ચિત્રગુપ્ત દરેક જીવાત્માનો ચોપડો રાખે છે અને બધી માહિતી તત્ક્ષણ જ શોધી શકે છે. વૈજ્ઞાનિક સ્વર્ગ વધારે કાર્યકુશળ કે પૌરાણિક? જે સ્વર્ગમાં વસનારામાં સામાન્ય માનવી જેટલાં પણ બુદ્ધિ કે વિવેક ન હોય તેવા સ્વર્ગમાં પ્રવેશ ન મળે તો સ્વામી ભાવનાશીલજી કે તેમના અનુયાયીઓએ સ્વપ્નમાં પણ અકળાવાની જરૂર મને જણાતી નથી.

અમદાવાદ: તા. ૧૦-૪-૬૮, ડૉ. કાન્તિલાલ શાહ

પ્રાકૃત ભાષા તેમ જ સાહિત્ય પર પરિસંવાદ

શિવાજી વિશ્વવિદ્યાલય, કોલ્હાપુરના તત્ત્વાવધાનમાં વિશ્વવિદ્યાલય અનુદાન આયોગની સહાયતા વડે ગ્રીષ્માવકાશમાં ૨૨મી મે થી ૨૫ મી મે સુધી 'પ્રાકૃત ભાષા તેમ જ સાહિત્ય' ઉપર એક પરિસંવાદ ગોઠવવામાં આવ્યો છે.

હૈયે વસ્યો હિમાલય!

[હિમાલયનાં બે સૌંદર્યધામ—મનાલી અને ડેલહાઉસી—ના પ્રવાસની ડાયરીમાંથી અહીં કેટલાંક પાનાં છે. એમાં પ્રવાસનોંધનો આશય મુખ્યત્વે નથી, પણ આ મહાન હિમગિરિનું સૌંદર્યપાન કરતાં જાગેલાં સંવેદનો આલેખવાનો પ્રયાસ છે. જો કે કુદરતનો આ અલૌકિક આનંદ તો શબ્દાતીત છે, છતાં પણ.....!]

(તા. ૧૦-૫-'૬૭, મનાલી)

ક્યાં આવી પહોંચી છું? અમદાવાદના ધમાલિયા જીવનથી ક્યાંય દૂર દૂર! આ અંતર માત્ર માઈલોનું નથી, પણ મનની વિધવિધ ભૂમિકાનું છે. જાણે કે બે વચ્ચે સાંધનારો કોઈ તાંતણો જ નથી, સિવાય કે મારું પોતાનું અસ્તિત્વ: અમદાવાદના મિલનાં ભૂંગળાઓ જોનાર પણ હું, અને મનાલીના હિમશૃંગો માણનાર પણ હું જ છું!

ઈશ્વરની રચના અજબ છે! હિમાલયનો આ પ્રદેશ—કુલુવેલી—કાશ્મીર જેટલો પ્રસિદ્ધ નથી. અહીં માનવીનું વર્ચસ્ પ્રમાણમાં ઓછું છે. પરિણામે કુદરતના સાચા સ્વરુપને વધુ નિકટતાથી માણી શકાય છે.

મનાલી પર્વતો વચ્ચે આવેલું નાનકડું ગામ છે. એની ઊંચાઈ ૮,૦૦૦ ફીટ છે. ગામથી ઊંચે પર્વતના ઢાળ પર અમારું રહેઠાણ છે. ઘર આસપાસ ચિનાર ને દેવદારનાં હરિયાળાં વૃક્ષો ને નાનામોટા છોડવા તથા કલ્લોલતાં પંખીઓ વાતાવરણને રમણીય કરી રહ્યાં છે—પણ ધ્યાન તો ખેંચે છે—તરત આકર્ષે છે—પેલી હિમશિખરોની હારમાળા! આમ દૂર છતાં પ્રમાણમાં ઘણા નજીક એવા આ હિમશૃંગોનું સૌંદર્ય તો ખરેખર અવર્ણનીય લાગે છે. ઊંચા ગગનચૂંબી પર્વતો પરનો આ રૂપેરી હિમ પર્વતને કોઈ અનોખું વ્યક્તિત્વ આપે છે. જીવનના કોઈ પરમ તત્ત્વ પ્રત્યે આ હિમ શિખરો મનને સતત ખેંચ્યા કરે છે. જાણે કે એની હિમ—અંગુલિ ચેલા ગગનવિહારી પ્રત્યે જ આંગળી ચીંધતી ન હોય!

વર્ષોથી આપણા સાધુસંતોને આ શિખરોએ કોઈ અલૌકિક પ્રેરણા આપી છે, પણ મને એનું આશ્ચર્ય નથી થતું. આત્મા એ પરમાત્માનો અંશ છે. એની કોઈ અગમ્ય અનુભૂતિ આવી કુદરત ન કરાવે તો જ નવાઈ છે.

* * *

(તા. ૧૧-૫-'૬૭, મનાલી)

કાલે દિવસ—રાત વરસાદ રહ્યો. આમ તો ઝરમર હતી, પણ એ કાળાં વાદળાં, એ શાલ—વનમાંથી સૂસવતો પવન, એ ઘેરું ધુમ્મસ ને ક્યારેક ચમકી આખું વાતાવરણ ગજવી જતી વીજળીઓએ હિમાલયના રૌદ્રરમ્ય સ્વરૂપનો સારો પરિચય કરાવ્યો. ટાગોરનું "આજ બારી ઝેર ઝરઝર, ભરા બાદોરે "—જાણે કે પ્રત્યક્ષ અનુભવ્યું. અમે તો એ ખૂબ મસ્તીથી ગાયું પણ ખરું!

ભયથી થથરાવી શકે એવો આ મેઘ હિમાલયના જુદા જ સૌંદર્યનો આનંદ આપી ગયો. હિમાલયે આધ્યાત્મિક પ્રેરણા કોઈ કોઈને આપી છે, પણ સૌંદર્યપાન તો એના ખોળે આવનાર સર્વને કરાવ્યું છે. કાલે ધુમ્મસ ને વાદળના રહસ્યમય (Mystical) આવરણમાં જોયેલાં દશ્યો, રૂપેમઢ્યાં હિમશિખરો, ખળખળતાં ઝરણાં તો આંખ સામેથી ખસતાં નથી. ઢળતી સાંજના આછા અંધકારમાં હિમશિખરો અદ્‌ભુત ચળકતાં હતાં. પૃથ્વી પર રહીને સ્વર્ગ જોવા મળતું હોય તો આમ જ કે? એમાં પણ ઊંચાં ઊંચાં વૃક્ષો આડે દેખાતું આ દશ્ય મનમાં ઊંડી શાંતિનો સાત્વિક આનંદ આપતું હતું. જીવનમાં આથી વધુ શું જોઈએ?

* * *

(તા. ૧૨-૫-'૬૭ મનાલી)

આજે અમારું રહેઠાણ બદલાયું 'ટૂરિસ્ટ્સ કાટેજ'માંથી નીકળીને જરા નીચાણમાં 'પાલ્દન નેગી ગેસ્ટ હાઉસમાં આવ્યાં. સામેનું દશ્ય

તો એ જ છે પરંતુ જોવાનો ખુણો (angle) અને ઊંચાઈ બદલાયેલ છે. પણ, અહોહો, જુદે જુદે ખુણેથી જોતાં એ જ પહાડો કંઈ જુદું જ સૌંદર્ય ધારણ કરે છે! જ્યારે જોઈએ ત્યારે એ એના પ્રેક્ષકો સામે નવા જ લેબાશમાં હાજર થાય છે. કેવું અદ્‌ભુત છે!

* * *

(૧૪-૧-'૬૭)

ગઈ કાલે સાંજે કંઈક લખવું હતું, પણ થાક અને સમયનો અભાવ હોવાથી ન લખાયું. બાકી કાલનો દિવસ સરસ ગયો. સવારે આઠ વાગે જીપ આવી ને અમે સહુ ગરમ વસ્ત્રોમાં ગોટ-પોટ થઈને એમાં ગોઠવાઈ ગયાં. પ્રવાસનાં બધાં ગરમ વસ્ત્રો આજે અમારી સાથે હતાં, કારણ કે એમને આજે ખાસ ફરજ પર હાજર રહેવાનું હતું! મનાલીથી બાર માઈલ દૂર રાહલા સુધી અમને જીપ લઈ ગઈ. ત્યાર બાદ ઊંચા પર્વતો ચઢીને 'રોહટાંગ પાસ' પહોંચાતું હતું. લગભગ ચાર પાંચ માઈલનું ચઢાણ ને બારતેર હજાર ફીટની ઊંચાઈ પર! અહોહોહો, કેમ ચઢાશે? પણ ચઢવા તો માંડીએ! છેક પહોંચાય એ તો શક્ય નથી. પાછલો રસ્તો બરફ ઉપર થઈને જ પસાર કરવાનો છે. છતાં જેટલે જવાય એટલી મજા છે!—આમ અમે ચઢાણ શરૂ કર્યું. અમને સૌને હિમનું—બરફનું—ઘણું કૌતુક હતું. તે ઉપર જઈને એને ખૂંદવો હતો. એટલે હિમ સુધી તો જવું જ — આમ અમારું આરોહણ શરૂ થયું!

અને પછી તો પગલે પગલે પ્રકૃતિસૌંદર્યની જે લીલા જોઈ છે! હજી તો ખીણમાંજ હઈશું ત્યાં ઉપર ઊંચી ભેખડ પરથી ફર ફર કરતો ધોધ પડતો જોયો—જાણે કે કોઈ આછું—પાતળું (નાયલોનનું!) વસ્ત્ર હવામાં ઊડી ન રહ્યું હોય! એનું અડધું જલ તો સીકર બનીને હવામાં જ ઊડી જતું હતું. ને તોય એની લંબાઈ—ઊંચેથી છે...ક નીચે સુધીની એને ધોધ તરીકે સચોટપણે પુરવાર કરતી હતી.

"અરે, આ પર્વત પરથી માત્ર ધોધ જોઈએ તો પણ તેનાં કેટ-કેટલાં સ્વરુપ દેખાય છે! પેલી બાજુ નાયલોનની સાડી જેવો લાગ્યો તો આ બાજુ સ્વપ્નપરીના સોનેરી વાળ જેમ ઝૂલ્ફાભર્યો ઝૂલી રહ્યો છે અને વળી આ તો મોટી ફેણવાળા નાગ જેમ ફુંફાડા મારતો આગળ વધે છે, ત્યારે પેલી તરફ તો જાણે પર્વતે વણેલી પૂણીઓ જ લંબાઈને પડી છે! અરે, અહીં તો ધોધ કહેવો કે નહીં? બધું પાણી ઉપરથી થીજી જ ગયું છે ને નીચે એનો પ્રવાહ છૂપો છૂપો ચાલે છે, જે વળી તક મળતાં હિમાવરણમાંથી ડોકિયું કરી લે છે.

ક્યારેક વળી સત્તાપલટો થતાં હિમ વિદાય લે છે ને ધોધ જલ-સ્વરૂપે થનગનાટ કરવા માંડે છે. ભલભલી ભેખડોમાંથી માર્ગ કાઢતાં આ જળ પાસેથી માણસ કેટલી બધી પ્રેરણા પામી શકે!

આમ તો ધોધ પર જ આખો લેખ લખાઈ જાય. પરંતુ અહીંના બીજાં અનેક દશ્યો પણ મનને રણઝણાવી જતાં હતાં. ચાલો ને એની સાથે જ!—

અરે, આ એકમેકને ખભે હાથ મૂકીને ડોકાતાં શિખરો, આ રંગબેરંગી ભોમકા, અને પેલી ભૂખરી ભેખડોને પણ રમણીય કરતી લીલોતરી, પેલા શંખાકારી લીલાં વૃક્ષો—શું જોવું ને શું ભૂલવું! આમ તો જુઓ, પર્વતો વચ્ચેના વિશાળ અવકાશમાં ટહેલવાં નીકળેલાં વાદળાંઓ કેવાં મસ્ત લાગે છે! અને એમની આડે, સંતાકૂકડી રમતાં તેજછાયા, તેમ જ એ તેજછાયો નિતનવીન રીતે ઝળકતો હિમ — બધું કેટલું અદ્‌ભુત ચિત્ર સર્જી રહે છે! જોઈ જોઈને પણ ધરાવાય જ નહીં!

જેમ જેમ ઊંચે ચઢીએ તેમ તેમ જાણે કે કોઈ અગમ્ય ભૂમિનાં રહસ્યદ્વારો ખૂલતાં લાગે. આગળ વધતાં જઈએ એમ ઉત્સાહ પણ ઓર વધે. પગનો થાક અને મનનો ભય તો જાણે ખીણમાં મૂકીને જ ન આવ્યાં હોઈએ! વળી નવાઈ તો એ છે કે ઉપર જઈએ એમ ઠંડી ઓછી લાગે છે! હાથનાં મોજાં ખીસ્સામાં ગયાં. માથાનું મફલર વળીને ઝોળીમાં ને ગરમ કોટ પણ ભારરૂપ લાગવા માંડ્યો! આમ કેમ? ચાલવાનો અને ઉત્સાહની ગરમીથી જ કે?

અહોહો, હવે તો હિમ હાથવેંતમાં છે! આ ઘડિયે પહોંચ્યાં! પરંતુ એમ તો કેટલી વાર લાગે ને આગળ જઈએ એટલે પાછું ચઢાણ દેખાય. પણ વાંધો નહીં, ચઢયે જાઓ! અને ખરે હવે તો રસ્તા વચ્ચે બરફના નાના નાના ઢગલા આવવા માંડ્યા. હિમના પ્રથમ સ્પર્શે અમે બધાંય બાળક બની ગયાં! હિમ ખોતરી ખોતરીને હાથમાં લઈને ગોળા કર્યા, દડા ને લગોઠીઓ પણ કરી. એકબીજાં પર ઉછાળ્યા, ઉડાડ્યા અને ધીમેક લઈને મોંમાં પણ મૂકી દીધા! કેવી મજા! બરફ સાથે બાળસહજ ગેલ કરવામાં લપસવાનું કેમ બાકી રહે? આમ એની દોસ્તી તો માણી—પણ એટલાથી કંઈ વળે? આપણે તો હિમ—શિખર પર જવું છે ને? ચાલો આગળ!

અને એય વધતાં વધતાં પહોંચ્યાં લગભગ બાર—સાડાબાર હજાર ફીટની ઊંચાઈએ! અને આવ્યો વિશાળ બરફપટ! ચોમેર બરફ અને વચ્ચે અમે—લગભગ ટોચ ઉપર હઈશું. એ ક્ષણેાએ કોઈ અદ્‌ભુત રોમાંચ સાથે અમારું ને આ હિમમય પ્રકૃતિનું સહઅસ્તિત્વ અનુભવાયું. બે વ્યક્તિ વચ્ચેનું તાદાત્મ્ય હોઈ શકે, પણ જડ—ચેતન વચ્ચેનું એ એકત્વ તો શબ્દાતીત બની ગયું! એમાં વળી સર્વત્ર વાદળાંનો ધુમ્મસ—છાયો અંચળો પથરાઈ ગયો. ઘડીભર એકબીજાને પણ ન જોવાય, સામેનાં શિખરો, નીચેની ઊંડી વિશાળ ખીણ—બધું જ અલોપ! જાણે કે આપણે પોતે પણ છીએ જ નહીં, અને છતાં આવા આત્મ-વિલોપન સાથે પણ પોતાના અસ્તિત્વનો આનંદ ઘૂંટ્યાં કરે છે! આ ક્ષણો કંઈ કાળ સુધી મનમાં કોતરાઈ રહેવાની જ તો!

અરે વળી પાછો એ વાદળપડદો તો હઠવા માંડ્યો! એની એ જ સૃષ્ટિ ફરીથી સદ્યસ્નાતા કન્યા જેમ તાજગીભરી ખીલી ઊઠી. તડકાની કુમાશ સાથે એનું હાસ્ય ચોમેર ફેલાવા માંડ્યું અને અમે સૌ પાછાં—એના એ જ, છતાં કોઈ અલૌકિક અનુભવે મ્હેકતાં એકબીજાને જોવાં માંડ્યાં!

જીવનનો આ અનુભવ ચિરસ્મરણીય બન્યો. હવે વધું શું લખવું? વાચા મૂક બને છે, આ હિમસૌંદર્યને વાગોળતાં વાગોળતાં અમે પર્વત ઉતરીએ છીએ. ખીણમાં પહોંચીએ છીએ, પણ મન તો છે પેલા શિખર પર જ!

અપૂર્ણ

ગીતા પરીખ

ગ્રામદાન—આંદોલન

ગુજરાત સર્વોદય મંડળના મંત્રી શ્રી અમૃત મોદી તરફથી તા. ૧૧-૪-૬૮નો પરિપત્ર મળેલ છે, જે નીચે આપવામાં આવે છે:

તંત્રીશ્રી,

ગાંધી શતાબ્દી નિમિત્તે દેશ અને પરદેશમાં વિવિધ કાર્યક્રમો ઘડાઈ રહ્યા છે. ગાંધીજીએ સેવેલા વિચારોમાં "ગ્રામ સ્વરાજ" નો કાર્યક્રમ અગ્રસ્થાને છે. ગ્રામસ્વરાજને સાકાર કરવા વિનોબાજીએ ગ્રામદાન, શાંતિસેના અને ગ્રામાભિમુખ ખાદીનો કાર્યક્રમ અપનાવ્યો છે. આ ત્રિવિધ કાર્યક્રમમાં બાપુના બીજરૂપ વિચારો પડેલા છે. દેશભરમાં એ અંગે શાંત છતાં સ્વસ્થ ગતિથી ગ્રામસ્વરાજનું આંદોલન વિનોબા અને સર્વ સેવા સંઘના માર્ગદર્શનમાં ચાલી રહ્યું છે.

છેલ્લાં દોઢ-બે વર્ષમાં બિહાર, ઓરિસ્સા, તામીલનાડ, પંજાબ વગેરે પ્રાંતોમાં ગ્રામદાન ઝડપભેર થઈ રહ્યાં છે. અને અત્યારે ૧૮ હજાર સુધી ગ્રામદાનની સંખ્યા પહોંચી છે. બિહારનો દરભંગા, તામીલનાડનો તિરુનેલવેલી, આંધ્રનો કડપ્પા—એ ત્રણ જિલ્લામાં તો ૭૫ ટકાથી વધુ ગામોએ ગ્રામદાન કરવાથી જિલ્લાદાન પણ થયું છે. દેશમાં ૨૮૧ પ્રખંડદાન પણ થયાં છે. તા. નક્સલવાડી કે જ્યાં જમીનના પ્રશ્ન પર હિંસક ઉપદ્રવ થયો હતો, ત્યાં પણ ગ્રામ-દાનનો આરંભ થયો છે અને કેતુગાફર ગામનું લમણું ગ્રામદાન થયું છે.

આના પડઘા ગુજરાતમાં પણ પડી રહ્યા છે. ગુજરાતમાં પણ ૭૫૮ ગ્રામદાન થયાં છે. અને એ દિશામાં નીડ્રતાપૂર્વક પ્રયત્નો શરૂ થયા છે. આગામી મે માસમાં તા. ૧ થી ૬ સુધી સુરત જિલ્લાનાં એકેએક ગામમાં - ૧૩૦૦ ગામમાં ૨૧૦ ટૂકડીઓ દ્વારા ગ્રામદાન પદયાત્રા થવાની છે. જેનું આયોજન વ્યવસ્થિત રીતે થઈ રહ્યું છે.

એ અંગે તા. ૨૦-૪-૬૮ ના રોજ નવસારીમાં જિલ્લા ખેડૂત સંમેલન, તા. ૨૧ થી ૨૩ એપ્રિલના રોજ પદયાત્રિકોની તાલીમ માટે શિબિર અને ૨૬ થી ૩૦ એપ્રિલ સુધી તાલુકા સંમેલનો થવાનાં છે. તે પછી ૧ થી ૬ મે સુધી પદયાત્રા થશે. જેમાં હજાર જેટલા પદયાત્રિકો ભાગ લેશે.

એ જ રીતે સૌરાષ્ટ્રના પાંચે જિલ્લાનાં થઈને ત્રીજા ભાગનાં ગામોમાં ૧૨ થી ૨૦ મે સુધી પદયાત્રા થશે: રાજકોટ, અમરેલી, સુરેન્દ્રનગર, જામનગર ને જુનાગઢ જિલ્લાનાં ૧૫૦૦ જેટલાં ગામોમાં ૧૦૦ ટુકડીઓ દ્વારા ગ્રામસ્વરાજ્યનો સંદેશો પહોંચાડાશે. આ અંગે પણ પદયાત્રિકોની તાલીમ શિબિર, ખેડૂત સંમેલન, તાલુકા સંમેલનોનો કાર્યક્રમ નક્કી થયો છે.

એ ઉપરાંત તા. ૧૮-૪-૬૮ ના રોજ બપોરે ૩-૩૦ થી ૭-૩૦ સુધી લ. કા આર્ટસ કૉલેજ, અમદાવાદ ખાતે ગુજરાત ગ્રામદાન સંમેલન યોજાયું છે જેમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી. શ્રીમન્નારાયણ ઉપરાંત વિવિધ ક્ષેત્રોના કાર્યકર અને અગ્રણીઓ આવશે.

આ સાથે ગ્રામદાન ઉપર શ્રી જયપ્રકાશ નારાયણનો એક લેખ મોકલું છું, જે આપના સામયિકમાં પ્રગટ કરવા મારી આપને વિનંતિ છે.

શ્રી જયપ્રકાશ નારાયણનો લેખ

જ્યાં સુધી ગામમાં કોઈ માનસિક પરિવર્તન નથી થતું, કોઈ સામાજિક પરિવર્તન નથી થતું, કાંઈ નવું નથી થતું, કોઈ દૃષ્ટિ નથી આવતી, પરસ્પરના સંબંધોમાં કોઈ ફરક નથી પડતો, ત્યાં સુધી કોઈ ઉન્નતિ નહીં થાય. ગામમાં આજે જે પ્રકારની શક્તિઓ કામ કરી રહી છે, પરંપરાગત જાતિઓ છે, જાતિભેદ છે, વર્ગભેદ છે, આ બધો જે ત્યાંનો નકશો છે, તેમાં પંચાયતરાજ લાવો, સામૂહિક વિકાસ લાવો, બધી યોજનાઓ લાવો, તો યે તેમાંથી શું નીપજશે; તમે જોશો કે તેમાંથી ન ગામનું નિર્માણ થયું, ન ગરીબોનું ભલું થયું. આ આખો ને આખો નકશો જેમનો તેમ રહે અને તેમાં પંચાયતરાજના નામે અધિકાર આપી દો, તો બેઉ મળીને વળી બીજાએ આનર્થો ત્યાં ફેલાતા જશે. આ પરિસ્થિતિ શી રીતે સુધરે?

ગ્રામદાનમાં એવી કોઈ ચીજ છે જેના કારણે કાંઈક માનસિક પરિવર્તન થશે, કાંઈક સામાજિક પરિવર્તન થશે, એક બીજાના સંબંધ મીઠાં થશે, પરંપરાગત બુરાઈઓમાં કાંઈક ફરક પડશે. જે પ્રકારનું પરિવર્તન ગ્રામદાન દ્વારા થઈ શકે છે, એવું પરિવર્તન ન પક્ષોના પ્રોગ્રામોથી થશે, ન કોઈ સરકારી કાર્યક્રમથી થશે, ન પંચાયતરાજોથી થશે, ન વિકાસ યોજનાઓથી થશે.

ગ્રામદાન દ્વારા સૌ પ્રથમ તો આપણે લોકોના માનસમાં એવું પરિવર્તન લાવવા માગીએ છીએ કે ભૂમિનો માલિક ભગવાન છે માટે જમીનની વ્યક્તિગત માલિકી ન રહેવી જોઈએ. ગામની બધી જમીનની માલિકી ગ્રામસભાની થઈ જાય. હવે, આ કાયદાથી તો કોઈ કરી નથી શકયું. કાયદો કરવા માટે એની પાછળ લોકસંમતિનું પીઠબળ જોઈએ. અને આજે જમીનને કારણે કેટલા બધા ઝઘડા થઈ રહ્યા છે! ભૂદાનની જમીન છે, બાબાનું પ્રમાણપત્ર છે, દાતાનું દીધેલું દાનપત્ર છે, ભૂદાન સમિતિનું પ્રમાણપત્ર છે, તેમ છતાં સરકારી કર્મચારી ખાતા પર નામ બીજાનું ચઢાવી દે છે. અવારનવાર આવું બનતું રહે છે. જમીનને કારણે કેટલી કોરટબાજી ચાલે છે, પરસ્પર દ્વેષ ચાલે છે.

હવે, ગ્રામદાન થઈ જાય છે તો જમીન બધી ગ્રામસભાના નામે થઈ જાય છે. જુદાં જુદાં ખાતાં ભૂંસાઈને આખા ગામનું એક ખાતું થઈ જાય છે. આને લીધે લોકોના માનસમાં તો પરિવર્તન થાય જ છે પણ સાથોસાથ રેવન્યુ વિભાગનું કામ પણ કેટલું સહેલું થઈ જાય છે.

આજે સમાજવાદની બહુ વાતો થાય છે, બિરલાજીએ પણ કહ્યું કે, કૉંગ્રેસ સમાજવાદ સ્થાપવા માગે છે, તો તે સ્થાપવો જોઈએ. કોઈ સમાજવાદી નથી? કદાચ રાજાજી સિવાય બધા સમાજવાદી છે. જનસંઘ પણ ભારતીય સમાજવાદની વાત કરે છે. પણ સમાજવાદ ગામડાંઓમાં કેમ કરીને આવશે? એ વિશે કયારેય આ લોકોએ વિચાર કર્યો છે? મારે કહેવું છે કે આને માટે પણ ગ્રામદાન એક ભૂમિકા તૈયાર કરી આપે છે. એક તો એ કે માલિકીના વિચારને લીધે જેટલું પાપ છે, ઝઘડા છે, સંકીર્ણતા છે, રાગ છે, દ્વેષ છે, કોરટબાજી છે, એ માલિકીના વિચારને ગ્રામદાન થવાથી જકારો મળે છે અને જમીનની બધી માલિકી ગ્રામસભાની થાય છે. આ એક બહુ મોટું માનસિક, આર્થિક અને સામાજિક પરિવર્તન છે.

બીજી વાત એ કે જેની પાસે જમીન છે તે પોતાની જમીનનો વીસમો ભાગ કાઢીને ગ્રામસભાને આપે છે. તે જમીન ભૂમિહીનોને વહેંચી આપવામાં આવે છે. આનાથી શું થાય છે? આજે દરેક જણ ગામમાં ગમે તેમ કરીને વધુ ને વધુ જમીન હડપ કરી લેવાના વેંતમાં હોય છે. આની આંચકી લે, પેલાની આંચકી લે, આ પચાવી પાડે, પેલી પચાવી પાડે, સ્કૂલની જમીનમાંથી, સ્મશાનમાંથી, ગામની પડતર જમીનમમાંથી કાંઈક હડપ કરી લે. આની સામે આ એક નવું જ પગલું થશે, કંઈક આપવાનું. ગરીબને પણ થશે કે આ લોકોએ અમારા માટે કાંઈક કર્યું. આને લીધે પરસ્પર સંબંધો પણ કંઈક સુધરશે.

ત્રીજી વાત એ કે દરેક જણ પોતપોતાની જમીનમાં જે કાંઈ પેદા કરશે, અથવા રોકડ કમાણી કરશે, તેમાંથી ગ્રામકોષમાં ચાલીસમો ભાગ આપશે. તેનાથી એક ગામનો ભંડાર બનશે. રોકડ કમાણી કરનારો દર મહિને આપશે. ખેડૂત દરેક ફસલ પછી આપશે. આને લીધે ગામનો ભંડાર વધતો જશે. તેમાંથી ગામના ગરીબોની સેવા થશે. ઉદ્યોગધંધાના વિકાસને માટે ગામની મૂડી ઊભી થશે. ગામલોકો ધીરે ધીરે મહાજનોના કરજમાંથી યે છુટકારો મેળવશે. અને ગામની એક ગ્રામસભા બનશે જે આખા ગામનું હિત નજર સામે રાખીને સર્વાનુમતિએ કામ કરશે. આ ચારે ય વાત ગ્રામસ્વરાજના ચાર પાયા જેવી છે.

માટે બહુ વિચારને અંતે હું એવા નતીજા પર પહોંચ્યો છું કે ગ્રામદાનના કાર્યક્રમમાં અપૂર્વ શક્તિ છે. રાજ્ય પાસે જે શક્તિ છે તેને હું ઘટાડવા નથી માગતો, તેની ઉપેક્ષા કે અવહેલના કરવા નથી માગતો. પરંતુ જનતા પાસે જે ચીજ છે તેનાથી તે રાજ્યને ય હલાવી શકે છે, તેને ય બદલી શકે છે, રાજ્યના માર્ગને પલટી શકે છે. આ ગ્રામદાન અને ત્રિવિધ કાર્યક્રમથી જ થઈ શકે છે.

જ્યારે હું રાજકીય પક્ષમાં હતો ત્યારે બે વાર મોટા મોરચા લઈને ગયેલો. હજારો લોકો આવ્યા, સચીવાલય તરફ કૂચ કરી ગયા, પણ આ બધામાંથી છેવટે નીપજે છે શું, આમાંથી જનતાની કોઈ શક્તિ પાંગરે છે ખરી? અને પછી જ્યારે ગોળીબાર થાય છે ત્યારે લોકો પરાસ્ત થઈ જાય છે. જનતાની શક્તિ તો ગ્રામદાન જેવા રચનાત્મક કાર્યક્રમથી જ નિર્માણ થઈ શકે. જનતામાં જેવી શક્તિ આવવી જોઈએ કે રાજ્ય પર તેનો પ્રભાવ પડી શકે, જનતા પોતાની શક્તિથી પોતાની સમસ્યાઓ ઉકેલી શકે અને રાજ્યને ય મદદ કરી શકે.

ગ્રામદાન થાય છે તો તેમાં એક સંગઠન ઊભું થાય છે. આપસમાં મેળ થાય છે, સામૂહિકતાનો વિચાર આવે છે, કાંઈક ચેતના પ્રગટે છે, આ રીતે ગામની શક્તિ પાંગરે છે. તો મારી તમને વિનંતિ છે કે આના ઉપર તમે વિચાર કરો, તમારી જાતને પૂછો કે દેશની આજની પરિસ્થિતિમાં ગ્રામદાનથી ચઢિયાતો બીજો કોઈ કાર્યક્રમ આજે છે ખરો? મારું તો એવું દૃઢ માનવું છે કે જે સમાજવાદનું કે નવા સમાજનું તમે સ્વપ્ન જુઓ છો તે ગ્રામદાનના આધાર પર જ ખડું થઈ શકશે. મારી અપીલ છે કે તમે સહુ આનાં વિવિધ પાસાંઓને સમજશો અને રાજીખુશીથી ગ્રામદાનના કાર્યક્રમને અપનાવશો.

જયપ્રકાશ નારાયણ

કોણાર્ક અને ખજુરાહો

(તા. ૧૬-૩-૬૮ ના ભૂમિપુત્રમાંથી આ લેખ ઉધ્ધૃત કરવામાં આવ્યો છે. આવતાં અંકમાં આ લેખ અંગે પ્રાધ્યાપક શ્રી કેશવલાલ હિમતલાલ કામદાર તરફથી મળેલું ચર્ચાપત્ર પ્રગટ કરવામાં આવશે. તંત્રી)

ઉન્કટાડ પરિષદ માટે આવેલા વિદેશી પ્રતિનિધિઓ હમણાં ખજુરાહોના સૂર્યમંદિરની મુલાકાતે જઈ આવ્યા. મંદિરનું સ્થાપત્ય જોઈ તેઓ દંગ થઈ ગયા. મંદિરની બહારની તેમ જ અંદરની બાજુ જે કમનીય કોતરકામ છે તે સહુને અદ્‌ભૂત લાગ્યું. માનવદેહની સુંદરતા ને નજાકતતા તેમાં કંડારાયેલી છે. વિવિધ માનવભાવો સુચારુપણે ત્યાં પથ્થરમાં અંકિત થયેલા છે.

એક રશિયન કલાકાર શ્રી તાહિર સાલાખોવ કહેતા હતા, 'મને અહીં બે - ત્રણ અઠવાડિયાં રહી પડવાનું મન થઈ જાય છે. શીખવા માટે આ સૌથી શ્રેઠ નિશાળ છે.'

ફ્રેન્ચ બહેન કેથેરિન મંદિરમાં ફરીને મંત્રમુગ્ધ થઈ ગયેલી. 'કેટલું મોહક! કેટલું સુંદર!'

મંદિરની દીવાલો પર અંકિત થયેલ નગ્ન શૃંગારિક દશ્યો જોઈ લેબોનોનના શ્રી વલિદ નાજાએ ટીકા કરી, "આ કળાની વિકૃતિ છે." જ્યારે એક અમેરિકન મુલાકાતીને લાગ્યું કે આ શિલ્પો પાછળ અમુક ફિલસૂફી પણ છે.

આ વિશે ગુજરાતયાત્રા વખતે શ્રી પરમાનંદ કાપડિયાએ એક વાર વિનોબાજી સાથે વાતચીત કરેલી. એમણે પૂછેલું કે 'આપણાં હિંદુ મંદિરોમાં નગ્ન અશ્લીલ કોતરકામો જોવામાં આવે છે. મંદિરોમાં આવું તત્ત્વ કેમ દાખલ થયું હશે?'

આના જવાબમાં વિનોબાજીએ કહ્યું: "ઓરિસ્સામાં કોણાર્કનું સૂર્યમંદિર છે. તેની રચના એવી છે કે મંદિરની અંદરના ભાગમાં આવું કશું પણ અશ્લીલ કોતરકામ નથી, પણ ચોતરફ બહાર-ઉપર-નીચે આવું અશ્લીલ કોતરકામ ઠેકઠેકાણે છે. આનો હું એમ અર્થ કરું છું કે સૂર્ય એ શકિત-સ્વરૂપ છે, અને પ્રજનનક્રિયા એ પણ એક શકિતનું જ રૂપ છે. સૂર્યનાં અનેક શકિતસ્વરૂપો બતાવવા સાથે આ શકિતનું રૂપ પણ બતાવવું જોઈએ એમ એ કાળના લોકોને લાગ્યું હશે.

"અને બીજું પણ તમને કહું. તમે જૈન છો. જૈનોનું વલણ હમેશાં એક Puritan – શુદ્ધિવાદીનું હોય છે. પણ આ શુદ્ધિવાદ-ચોખલિયાપણું ઘણી વખત એકાંગી બની જાય છે, અને અમુક પ્રક્રિયાને ખરાબ માનીને તે આવા ઠેકાણે ન જ હોવી જોઈએ એમ વિચારે છે, અને એવું જ્યાં કાંઈ જુએ છે કે તરત ભડકી ઊઠે છે. પણ તમારે આમ એકાંગી બનવું ન જોઈએ.

"આપણે ત્યાં આ પ્રજન ની પ્રક્રિયા પ્રત્યે બહુ જુગુપ્સાથી જોવામાં આવે છે, અને તે એક રીતે ઠીક છે. પણ મારા દિલમાં પ્રજનનની પ્રક્રિયા સામે એવી કોઈ જુગુપ્સા નથી. જેનાથી હું અને તમે પેદા થયા, સંતો અને મહાત્મા પેદા થયા, તેને હું એક પવિત્ર ક્રિયા માનું છું. તેના વિષે કેવળ જુગુપ્સાની દષ્ટિ મને ઉચિત લાગતી નથી. આ રીતે આ બધું જોશો, તો તેનું રહસ્ય સમજાશે."

દાદા ધર્માધિકારી છેલ્લે વડોદરા આવ્યા ત્યારે એક વ્યાખ્યાનમાં પશ્ચિમના દેશોમાંની હિપ્પીઝ, બિટલ્સ વગેરે પ્રવૃત્તિઓની વાત કરી. એ લોકોમાં એક 'અન્ડરગ્રાઉન્ડ' કહેવાતું જથ છે. તે નગ્નતાનું પ્રતિપાદન કરે છે. આ સંદર્ભમાં દાદા કહેતા હતા: "આ નગ્નતા એક પ્રત્યાઘાત રૂપે આવી રહી છે. અતિ સંપન્નતા બાદ તે આવી છે. તે લોકો ગાંધી પ્રત્યે તેની અત્યંત સાદાઈને લીધે પણ બહુ આકર્ષાયેલા. પણ હવે તો ગાંધીની લંગોટી પણ એમને નથી ખપતી. પરંતુ નગ્નતાના એમના અને ગાંધી-વિનોબાના પ્રતિપાદનમાં ફરક છે. ગાંધી-વિનોબાની નગ્નતા શારીરિકતાથી ઉપર ઉઠનારી નગ્નતા છે, જે નગ્નતા બાળકમાં હોય છે, કળામાં હોય છે, ઉત્કૃ ટ શિલ્પમાં હોય છે. ગ્રીસનાં સુંદર શિલ્પોમાં તમને એ પાવક નગ્નતાની ઝાંખી મળશે. જાણકારોનું એમ કહેવું છે કે કોણાર્ક - ખજુરાહો વગેરે મંદિરોમાં સ્ત્રી - પુરુષ મૈથુનનાં જે દશ્યો કંડારાયેલાં છે, તે કોઈ કામુક પુરુષોની કૃતિ નથી લાગતી, પણ જેમણે કામને જીતી લીધો છે એમની એ કૃતિ છે. તેમાં ન ઉપભોગનું પ્રતિપાદન છે, ન દમનનું. તેમાં માત્ર પ્રગટ છે No suppression, no indu'gence. ઉપભોગ પણ નહીં, દમન પણ નહીં. માત્ર પ્રગટીકરણ સમજવું, બોધ પામવો."

નવી દુનિયામાં–૪

તા. ૨૯-૨-૬૮ના રોજ First Church of Christ, Scientist માં એક ભાષણ સાંભળવા ગયો. મારી ટપાલપેટીમાં એ માટેનું આમંત્રણ To the Housholder એ પ્રમાણે લખીને નાખવામાં આવ્યું હતું. રાત્રે સવા આઠ વાગે ભાષણ હોઈ જવાનું અનુકૂળ પણ હતું. ભાષણકર્તા Georgiana Tennant નાં એક વિદુષી બેન હતાં. વિષય હતો. How do you see your self? તમે તમારી જાતને કેવી રીતે જુઓ છો?

ચર્ચાના નામમાં ક્રાઈસ્ટને વૈજ્ઞાનિક તરીકે ઓળખાવવામાં આવ્યા છે. આની પાછળની ભૂમિકા એ જણાય છે કે જ્યારે વિજ્ઞાને ધર્મ ઉપર પ્રહાર શરૂ કર્યો અને ધાર્મિક સત્યોથી લોકો વિમુખ થઈ વૈજ્ઞાનિક સત્યોનો તેમણે સ્વીકાર કરવા માંડયો, ત્યારે - ક્રાઈસ્ટ પણ એક મોટા વૈજ્ઞાનિક હતા અને તેમણે કહેલી વાતો મિથ્યા ન હોઈ શકે - આવો વિચાર મિશનરીઓમાં આવે એ સ્વાભાવિક છે. એટલે એ દિશામાં તેમણે પ્રયત્ન શરૂ કર્યો અને ધાર્મિક સત્યોને વૈજ્ઞાનિક સત્ય તરીકે સાબીત કરવા પ્રયત્ન આદર્યો. અને ખ્રીસ્તી ધર્મને પણ ખ્રિસ્તી વિજ્ઞાન – Christian Science–એ નામે જાહેર કરવા લાગ્યા. એનું પરિણામ છે કે ચર્ચાના નામમાં પણ ક્રાઈસ્ટને વૈજ્ઞાનિક તરીકે જાહેર કર્યા છે. આ પ્રકારની પ્રવૃત્તિમાં જેમનો મુખ્ય ફાળો હતો અથવા તો પ્રારંભિક વર્ષોમાં આ દિશામાં મુખ્ય કાર્ય જેમણે કર્યું અને લખ્યું તે Mary Baker G. Eddy. તેમણે લખવાનું શરૂ કર્યું ઈ. ૧૮૬૨માં, પણ તે લખાણને તેમણે જાતે જ બાળકના લખાણ જેવું ગણ્યું છે. અને ૧૮૭૬ માં Christian Science નામની ચોપડી તેમણે પ્રકટ કરી. તે પહેલાં Science and Health નામનું પુસ્તક ૧૮૭૦ માં તેમણે પ્રકટ કર્યું હતું. તેમનો મુખ્ય સિદ્ધાન્ત છે કે રોગ અને પાપ એ મિથ્યા છે. ઈશ્વરમાં તે છે નહિ તો સત્ય હોઈ શકે નહિ. એટલે જો ઈશ્વર ઉપર ભરોસો રાખીએ અને નીતિમાન થઈએ તો રોગ અને પાપ નષ્ટ થઈ જાય છે. કારણ તેમની હસ્તી છે જ નહીં. તે નષ્ટ થવાનું કારણ એ છે કે ઈશ્વર આપણામાં બેઠો જ છે તો તેની પાસે રોગ અને પાપ કેમ રહી શકે? પણ આ પ્રકારની નિષ્ઠા જો ન હોય તો ઈશ્વર પણ શું કરી શકે? તમે બધું ઈશ્વર ઉપર છોડી દો અને તમે માત્ર ઈશ્વરનું પ્રતિબિંબ છો - જેમ અરીસામાં પડતી છાયા એ આપણી જ છાયા છે - જો આપણામાં કોઈ ક્રિયા થાય તો જ તે છાયામાં આવે, તેમ આપણે સૌ ઈશ્વરની છાયા છીએ. તો ઈશ્વરમાં જે ન હોય તે આપણામાં કેમ હોય? આવી નિષ્ઠા જામે તો રોગ કે પાપની તાકાત નથી કે તે આપણામાં પ્રવેશે–આ સિદ્ધાન્તનો સ્વીકાર કરીને એડ્ડીએ લોકોમાંથી રોગ દૂર કરવાનું, પાપ દૂર કરવાનું સક્રિય રીતે શરૂ કર્યું. તે કાર્ય તેમણે અનેક શિષ્યોને શીખવ્યું, તે માટે કૉલેજ શરૂ કરી, તે બાબતનો

પ્રચાર કરવા અર્થે નવી જાતના ચર્ચો શરૂ થયા અને આજે પણ એ ચર્ચોમાં રોગનિવારણની પ્રક્રિયાનું પ્રદર્શન કરવામાં આવે છે.

જે ભાષણનો મેં ઉપર ઉલ્લેખ કર્યો છે તેમાં પણ વક્તાએ આ બાબતો ઉપર જ ભાર આપ્યો. અને પોતાનો અનુભવ પણ વર્ણવ્યો. એકવાર તેમને સખત દર્દ ઉપડી આવ્યું. લગભગ આખી રાત કષ્ટ રહ્યું, પણ વહેલી સવારમાં અચાનક યાદ આવ્યું કે હું નાહક કષ્ટ ભોગવી રહી છું. ભગવાન માશમાં બેઠો છે તો મને દર્દ હોય જ કેમ? આ નિષ્ઠા જામી અને મારું દર્દ દૂર થયું. વળી તેમણે ભાષણમાં એક માસિક જે ખ્રિસ્તીઓના આ સંપ્રદાય તરફથી પ્રસિદ્ધ થાય છે તેમાંથી - તાજેતરમાં આ દર્દનિવારણના દાખલા રજૂ કર્યા. તેમાં કેન્સર, ધાધર જેવા રોગોનું નિવારણ ઉપર્યુક્ત પ્રક્રિયાથી થઈ જવાની નોંધ હતી. મારા નિવાસ પાસેના એ ચર્ચમાં – જ્યાં હું ભાષણ સાંભળવા ગયો ત્યાં–આ પ્રક્રિયાનું પ્રદર્શન પણ કરવામાં આવે છે. એક વાર તે જાતે જઈ જોવા વિચાર છે.

ભારતમાં પણ ધર્મ એ વૈજ્ઞાનિક છે – આવી વાતો વિજ્ઞાનના પ્રચાર સાથે થવા લાગી હતી. તેનું જ પરિણામ છે કે સ્વામી દયાનંદે પુરાણના ગપગોળાને દૂર કરી વેદનો પ્રચાર શરૂ કર્યો અને વેદો તો વૈજ્ઞાનિક સત્યોથી ભરેલા છે તેમ કહેવા માંડ્યું. આજે પણ આર્યસમાજીઓ એ કહે છે જ કે વેદોમાં જ બધું વિજ્ઞાન છે. એમાંથી જ પશ્ચિમના વૈજ્ઞાનિકો બધી શોધો કરે છે. આ બધું છતાં જેમ આપણે જોયું તેમ ખ્રિસ્તીઓએ - ક્રાઈસ્ટે અનેક રોગો દૂર કર્યા હતા–તેમની એ માન્યતાને સાબીત કરવા સક્રિય પ્રયત્ન કર્યો અને તે આજે પણ ચાલુ છે. તેમાં કેટલું સત્ય કે કેટલું મિથ્યા એ પ્રશ્ન નથી પણ તેમનો જે વિશ્વાસ છે તેને આધુનિક રીતે સાબિત કરવા તેઓ મથી રહ્યા છે, તે તેમની નિષ્ઠાની સાબીતી છે, જ્યારે આપણે ત્યાં માત્ર વાતો કરીને જ બેસી રહેવાની ટેવ છે. ભારતીય ધર્મોમાં પણ ઈશ્વર બધું જ કરવા સમર્થ છે, તેમના ઉપર ભરોસો રાખી બધું જ ઠીક થઈ રહેશે. – આ પ્રકારની માન્યતા ઘર તો કરી ગઈ છે, પણ તેને સક્રિય રૂપ આપવાનો કોઈ પ્રયત્ન ધાર્મિકોએ કર્યો હોય તેવું જાણમાં નથી. અવારનવાર ઢોંગધતૂરા જરૂર થાય છે અને એ માન્યતાનો લાભ લઈ ધૂર્તો અનેકનો જાન જોખમમાં મૂકે છે. ફલાણી બાઈ કે ફલાણા તલાવનું પાણી સર્વ રોગો દૂર કરે છે - આવો પ્રચાર કરીને ધૂર્તો તેમાંથી આર્થિક લાભ ઉઠાવે છે, પણ કોઈ નિષ્ઠાપૂર્વકનો પ્રયત્ન નથી. જ્યારે ખ્રિસ્તીઓએ ક્રાઈસ્ટે કરેલું રોગનિવારણ એ ઈશ્વરની અનન્ય શ્રદ્ધાનું ફળ હતું એવી નિષ્ઠા - શ્રદ્ધા આપણામાં હોય તો આપણે પણ આપણા અને બીજાના રોગો દૂર કરી શકીએ. છીએ - આ બાબતનો ત્યાગ લેવા અને તેની સચ્ચાઈ સાબીત કરવા અનેક પ્રયત્નો કર્યા અને કરે છે–વ્યવસ્થિત રીતે કરે છે. તેમાં કેટલી સફળતા મળી કે નથી મળી તે પ્રશ્ન નથી. પણ પ્રયત્નનું મૂલ્ય છે. અને એ મૂલ્ય સમજાય તો જ ધાર્મિક નિષ્ઠા જામે, એ વિના નહીં એ વાત નક્કી છે.

ધર્મની બાબતમાં તર્ક એ એક હદ સુધી કામ આવે છે, પણ તેની સિદ્ધિ માત્ર તર્કથી જ થાય એવું નથી. તર્ક તે બાબતનું દિશા-સૂચન કરી શકે, ખરાખોટાના વિવેકમાં મર્યાદિત રીતે સહાય થઈ શકે, પણ માત્ર તર્કને આધારે ધાર્મિક સત્યો સિદ્ધ થઈ શકતા નથી, તે માટે તો અનુભવનું ભાથું જોઈએ. અનુભવમાં તર્ક સહાયક જરૂર થાય– ખોટે માર્ગે જતા રોકે, પણ ધર્મના સત્યનો સાક્ષાત્કાર તે કરાવી શકે નહિ. એ માટે તો નિષ્ઠા, ઊંડી શ્રદ્ધા, સમાધિ અને ધ્યાન - જેવા માર્ગો તજજ્ઞોએ બતાવ્યા છે. તે નિરર્થક નથી પણ તે જ માર્ગો છે એમ માન્યા વિના ચાલતું નથી. વિજ્ઞાન અને ધર્મમાં જે ભેદ છે તે આ જ છે. વિજ્ઞાન બાહ્ય ઉપકરણોદ્વારા સત્યની શોધ કરે છે અને ધર્મ અંદરના ઉપકારણોથી શોધ કરે છે. વિજ્ઞાન અજ્ઞ જનને પણ પ્રયોગદ્વારા સત્યની સાબીતી આપી શકે છે, પણ ધર્મ માત્ર માર્ગ-દર્શન કરાવી શકે છે. પ્રયોગ તો પોતે જ કરવો પડે છે. વૈજ્ઞાનિકે કરેલો પ્રયોગ અનેકને ઉપયોગી છે. બીજા પણ બાહ્ય ઉપકરણોને આધારે તે પ્રયોગ સરળતાથી કરી શકે છે. પણ ધાર્મિક પ્રયોગની બાબતમાં તેમ નથી. પ્રયોગની પ્રક્રિયા પૂરી રીતે તેના તંતુએ તંતુ મેળવીને બીજાને બતાવી શકાતી નથી. - માત્ર તેનું ખોખું બતાવી શકાય છે. તેની આંટી - ઘૂંટી તો જાતે જ પ્રયોગ કરીને ઉકેલવાની હોય છે, અને તે ઉકેલ વૈજ્ઞાનિકોના સમાન પ્રયોગથી ઉકલે એવું પણ નથી. એનો પ્રયોગ ધાર્મિકોમાં નિરાળો પણ હોઈ શકે છે.

ટોરોન્ટો, તા. ૨-૩-૬૮ દલસુખ માલવણિયા

સત્યાગ્રહી સંત સૉક્રેટીસ

(તા. ૨૮-૫-૬૭ ના ગ્રામસ્વરાજમાંથી મૂળ હિન્દીમાં લખાયેલા સૉક્રેટીસના જીવન વિષેના આ લેખનો અનુવાદ સાભાર નીચે આપવામાં આવ્યો છે. તંત્રી)

સૈદ્ધાંતિક દૃષ્ટિથી જોઈએ તો આપણે સત્યાગ્રહી એવી વ્યક્તિને કહી શકીએ કે જેની સત્ય વિષે – એવું સત્ય કે જેનું એણે પોતાના જીવનમાં દર્શન કર્યું હોય – એવી દૃઢ નિષ્ઠા હોય કે તેની રક્ષાને માટે સર્વસ્વનો ત્યાગ કરવાની એની તૈયારી હોય – જરૂર પડે તો પ્રાણ પણ. એ વ્યાખ્યા પ્રમાણે ઈશુ ખ્રિસ્ત અથવા મહાત્મા ગાંધીની જેમ મહામાનવ સૉક્રેટીસ પણ સ્વાભાવિક રીતે જ સંસારના મહાનમાં મહાન સત્યાગ્રહીઓની ગણત્રીમાં આવી જાય છે. એમનું આખું જીવન સત્યની શોધમાં જ વીત્યું અને આખરમાં સત્યના માર્ગથી ચલિત થવા કરતાં એણે મૃત્યુને સહર્ષ બહેતર ગણી લીધું.

ગરીબી એ જ દોલત

સૉક્રેટીસે પોતે પોતાના જીવન વિષે અથવા બીજા કોઈ વિષય માટે કશું ખાસ લખ્યું નથી. પરંતુ જેનોફન અને પ્લેટો – જેઓ તેમના પ્રિય શિષ્યો પૈકીમાંના હતા – તેમણે સૉક્રેટીસના વિષે ઘણું લખ્યું છે. તેમના લખાણો પરથી જ આપણને સૉક્રેટીસના જીવનની મુખ્ય ઘટનાઓ વિષે માહિતી પ્રાપ્ત થાય છે. સૉક્રેટીસનો જન્મ ઈ૦ સ૦ પૂર્વે ૪૬૯ ની સાલમાં તથા મૃત્યુ ઈ૦ સ૦ પૂર્વે ૩૯૯ માં થયું. એમના પિતાજી પત્થરની મૂર્તિઓ ઘડવાનું કામ કરતા હતા અને એમણે પોતે પણ શિલ્પ કલાનો અભ્યાસ કર્યો હતો. એમની મા દાયણનું કામ કરતી હતી. એ પોતે પણ મજાકમાં અવારનવાર કહેતા કે વિચારના ક્ષેત્રમાં હું મારી માનું જ કામ કરું છું, કારણ કે મારી પ્રશ્નોત્તર પદ્ધતિ વડે લોકોના મનમાં અનેક નવા વિચારો જન્મે છે. તેઓ કસરત અને કામ દ્વારા પોતાનું શરીર સ્વસ્થ અને સુદૃઢ રાખતાં. પરિણામે જ્યારે પણ પ્રસંગ પડતો ત્યારે ભૂખ, થાક, શરદી, ગરમી વગેરે તકલીફોનો સામનો સહજપણે કરી શકતા. તેમને કેટલીયે લડાઈઓમાં લડવાનો અવસર આવ્યો અને દરેક વખતે એમણે પોતાની બહાદુરી અને સહનશીલતા વડે સારી ખ્યાતિ પ્રાપ્ત કરી. એમનું આખું જીવન ઉચ્ચ વિચારો અને સાદા જીવનના જીવતાજાગતા નમૂના રૂપ હતું. તેઓ સાલભર એક માત્ર સસ્તા અને ખદ્દડ જેવા ડગલાથી પોતાનું કામ નભાવી લેતા અને મોટે ભાગે ખુલ્લા પગે જ ચાલવાનું પસંદ કરતા. તેઓ સ્વભાવે અપ-રિગ્રહી હતા. બજારમાં અનેક વસ્તુઓ વેચાતી જોઈને કહેતાં : "જુઓ, જગતમાં કેટલી બધી ચીજો છે જેના વિના મારું ગાડું ગબડે છે." આ રીતે પોતાની ગરીબીને જ તેઓ એક મહાન દોલત સમજતા હતા.

આત્મનિરીક્ષણ

સૉક્રેટીસના પહેલાના યૂનાની દાર્શનિકો મોટે ભાગે સૃષ્ટિની ઉત્પત્તિ, સમાપ્તિ અને લોક–પરલોક વિષેની તાત્વિક ચર્ચાઓમાં જ રચ્યાપચ્યા રહેતા હતા. સૉક્રેટીસ સૌથી પહેલાં જ દાર્શનિક હતા, જેમણે વ્યક્તિ અને સમાજના પરસ્પરના સંબંધો અને કર્તવ્યો તરફ ધ્યાન આપ્યું. ડેલફીના દેવળની એક દિવાલ પર એક સૂત્ર લખ્યું હતું – Know Thyself – એ સૂત્રને જ સૉક્રેટીસે પોતાના તત્ત્વજ્ઞાનના પાયા રૂપ લેખ્યું. એ સૂત્રની નજીક રહેલા મનુષ્યનું પહેલું જ કર્તવ્ય છે આત્મનિરીક્ષણ : પોતાની જાતને, પોતાના સ્વભાવને, પોતાના વિચારોને સ્પષ્ટપણે ઓળખવા અને પછી જ પોતાનું આચરણ નિર્ધારિત કરવું તે. તેઓ રોજ સવારે ઊઠીને કયાંક બજારમાં, વ્યાયામશાળામાં અથવા કોઈ કારખાનામાં પહોંચી જતા અને જે કોઈ વ્યક્તિ એમની વાતો સાંભળવા રાજી થાય તેની સાથે વાતચીત શરૂ કરી દેતા. ધર્મ શું છે, ન્યાય શું છે, નીતિ કોને કહે-વાય, વીરતાનો શો અર્થ છે ઇત્યાદિ પ્રશ્નો પર કલાકો સુધી ચર્ચા ચાલ્યા કરતી. છેવટે સામી વ્યક્તિને લાગતું કે જે પરંપરાગત માન્યતાઓમાં પોતે અંધ વિશ્વાસ મૂકતો આવ્યો છે એમાં કશો સાર

નથી અને સાચું શું છે તે વિષે એણે હજી ઘણું જાણવાનું બાકી છે. સૉક્રેટીસ કહેતાં કે – એ જ વ્યકિત સૌથી વધુ જાણે છે જે એમ સમજે છે કે પોતે કશુંયે જાણતી નથી. આ રીતે એ સમયની કોઈ પણ સંસ્થા, માન્યતા કે વિચારપ્રણાલી એવી ન હતી કે જે સૉક્રેટીસના પ્રહારોથી બચી હોય.

ગંભીર આરોપ

આ બધાનું પરિણામ એ આવ્યું કે જે ઈતિહાસમાં સદા બનતું આવ્યું છે. એક જની કહેવત છે કે મૂર્ખાણામ્ બોધકો રિપુઃ। અર્થાત્ જે કોઈ વ્યકિત મૂર્ખ લોકોને સમજાવવાની કે સન્માર્ગે લઈ જવાની કોશિશ કરે છે તેને જ પેલા લોકો પોતાનો શત્રુ માનવા લાગી જાય છે. દરેક સમાજમાં રૂઢીવાદી વર્ગની જબરી તાકાત હોય છે. જ્યારે પણ કોઈ વ્યકિત ક્રાન્તિકારી વિચારો મૂકે છે અથવા પ્રચલિત રૂઢિઓને પડકારે છે ત્યારે આ વર્ગ એને સહી શકતો નથી. છેવટે, જ્યારે રૂઢીવાદી વર્ગે જોયું કે સૉક્રેટીસ કોઈ પણ રીતે ચૂપ રહેવાનો નથી અથવા એમની સાથે કોઈપણ જાતની બાંધછોડ કરવા પણ તે તૈયાર નથી ત્યારે, એથેન્સના ન્યાયાલયમાં સૉક્રેટીસ પર કાયદેસર આરોપ મૂકવામાં આવ્યો, જેનો સાર એ હતો કે સૉક્રેટીસ એથેન્સના દેવ–દેવીઓને માનતો નથી અને પોતાના ઉપદેશો દ્વારા યુવાનોને ધર્મભ્રષ્ટ કરે છે.

ન્યાયાલયમાં જ્યારે આ મુકદ્દમો ચાલ્યો ત્યારે સૉક્રેટીસે જે ઊંચી નૈતિક ભૂમિકા પર પોતાનો બચાવ કર્યો અને પછી કારાવાસમાં જે સહજભાવે એમણે વિષપાન કર્યું એ ઈતિહાસની એક એવી માર્મિક ઘટના છે કે જેમાંથી આજે પણ માનવમાત્રને પ્રેરણા મળે છે.

તે સમયનું એથેન્સનું ન્યાયાલય એક વિચિત્ર પ્રકારનું હતું. એમાં સામાન્ય નાગરિકોમાંથી પસંદ કરેલા ૫૦૧ સભ્યો બેસતા જેમાં એક પણ અધ્યક્ષ કે ન્યાયાધીશ નહતો. આ બધા સભ્યો મળીને સૌ પ્રથમ ફરિયાદના સંબંધમાં ફરિયાદ પક્ષના ભાષણો સાંભળતા. ત્યાર પછી આરોપીને પોતાનો બચાવ કરવાની તક આપવામાં આવતી. અને પછી મતદાન દ્વારા નિર્ણય કરવામાં આવતો કે આરોપી દોષિત છે યા નહીં. દોષિત જાહેર કરવામાં આવે તો ફરીયાદ પક્ષ વ્યાજબી દંડની માંગ કરતો અને છેલ્લે આરોપીને જે સજા કરવામાં આવી હોય તેના વિકલ્પે બીજી સજા માટે પ્રાર્થના કરવાની છૂટ રહેતી.

પોતાની વિરૂદ્ધ કરવામાં આવેલા આરોપ – અભિયોગ – ની અસત્યતા સિદ્ધ કરવામાં સૉક્રેટીસને વધુ સમય લાગ્યો નહિ. એના જેવી સદાચારી અને ધાર્મિક વ્યકિત દેશદ્રોહી અને નાસ્તિક હોઈ જ કેમ શકે? સવાલ રહ્યો યુવકોને ધર્મભ્રષ્ટ કરવા વિષેનો, જેના સંબંધમાં સૉક્રેટીસે માત્ર એક જ પ્રશ્ન પૂછ્યો કે જો એ વાત સાચી હોય તો જે યુવાનો ભ્રષ્ટ થયા છે તેમના માબાપો અને ચાહકો અહીં આવીને આ ફરિયાદનું સમર્થન કેમ કરતા નથી? જ્યારે મતદાન થયું ત્યારે અદાલતના ૨૮૧ સભ્યોએ સૉક્રેટીસને દોષિત ગણ્યો, જ્યારે ૨૨૦ સભ્યોએ એને નિર્દોષ ઠરાવ્યો. ફરિયાદ પક્ષ તરફથી મિલીટસે આરોપી માટે મૃત્યુદંડની માંગ કરી. જ્યારે સૉક્રેટીસને વૈકલ્પિક સજાની પ્રાર્થના કરવાનું કહેવામાં આવ્યું ત્યારે એણે વિનોદમાં કહ્યું કે જે સમાજ પર મેં ઉપકાર કર્યો છે એને લગ્નમાં રાખીએ તો રાજ્યે જીવનભર મારા ભરણપોષણની વ્યવસ્થા કરવી જોઈએ. પરંતુ વિકલ્પનો પ્રશ્ન જ શા માટે ઊભો કરવો જોઈએ? કોણ જાણે છે મૃત્યુ સારી ચીજ છે કે બુરી? છેલ્લે સૉક્રેટીસે અદાલતની વિદાય લેતાં માત્ર એટલું જ કહ્યું કે – "હવે પ્રસ્થાન કરવાનો સમય આવી ગયો છે: મારે માટે મૃત્યુ તરફ અને આપ લોકોને માટે જીવન તરફ. પણ જીવન શ્રેષ્ઠ છે કે મૃત્યુ એ તો માત્ર ઈશ્વર જ જાણે છે!"

મિત્રની સલાહ

એ દિવસોમાં દરેક વર્ષે એપોલો નામના દેવતાના સન્માનાર્થે એથેન્સથી ડેલસ સુધી એક જહાજ મોકલવામાં આવતું અને જ્યાં સુધી એ જહાજના યાત્રિકો પાછા ન ફરે ત્યાં સુધી કોઈ પણ વ્યકિતની હત્યા કરવામાં આવતી નહીં. આ નિયમના કારણે સૉક્રેટીસને ૩૦ દિવસ કારાવાસમાં ગુજારવા પડયા. આ દિવસો દરમ્યાન પણ અનેક મિત્રો નિયમિત એમને મળવા જતાં અને કેટલાયે નૈતિક પ્રશ્નોની તત્ત્વચર્ચા ચાલ્યા કરતી. એક દિવસ એમનો મિત્ર ક્રિટો સવારના પહોરમાં કારાગારમાં પહોંચ્યો અને એણે દુઃખની સાથે જણાવ્યું કે યાત્રિઓનું જહાજ આજે જ ડેલસથી આવી પહોંચવાનું છે અને હવે જલ્દથી જ આપને વિષપાન કરવું પડશે. સૉક્રેટીસે ખૂબ જ પ્રસન્નતાપૂર્વક આ વાત સાંભળી પણ ક્રિટોની ધીરજ એકદમ ખૂટી ગઈ હતી. એણે અત્યંત આગ્રહપૂર્વક સૉક્રેટીસને જેલમાંથી ભાગી છૂટવાની સલાહ આપી, અને જણાવ્યું કે "ભાગી જવા અંગેની બધી જ વ્યવસ્થા બરોબર કરવામાં આવી છે અને ખર્ચનો પણ બંદોબસ્ત થઈ ગયો છે. હવે જો આપ મારી આ વાત નહીં માનો તો પરિણામે શત્રુઓના જ મનોરથો પૂર્ણ થશે. શત્રુઓ તો એમ જ ઈચ્છે છે કે તમે આ જગતમાં ન રહો. પણ જો આપ જેલમાંથી નાસી જઈને જીવતા રહી શકો છો તો પછી શા માટે મૃત્યુને ભેટવા આટલા આતુર થયા છો? કાંઈ નહીં તો આપના બાળકોનો તો ખ્યાલ કરો. એમની દેખભાળ કોણ કરશે? અને અમારે વિષે, તમારાં મિત્રોને વિશે, લોકો શું કહેશે? – એ જ ને, કે સૉક્રેટીસ જેવી મહાન વ્યકિતનો જાન બચાવી ન શકે એવા એના મિત્રો કાયર હતાં? હવે વિચાર કરવાનો સમય નથી રહ્યો. આપણે એકદમ અહીંથી ભાગી નીકળવું જોઈએ."

પરંતુ ક્રિટોની બધી દલીલો પર સૉક્રેટીસના જવાબથી પાણી ફરી વળ્યું. સૉક્રેટીસે જે કહ્યું એનો સાર એમ હતો કે "લોક શું કહેશે એનો વિચાર કરવાને બદલે આપણે એ જ જોવું જોઈએ કે સત્ય શું કહેશે, ન્યાય શું કહેશે. બુરાઈનો બદલો બુરાઈથી લઈ શકાતો નથી. મારા ભાગી જવાથી એથેન્સની સમગ્ર ન્યાયવ્યવસ્થાનો વિશ્વાસઘાત થશે. એમ પણ બને કે કોઈ વ્યકિતનો અન્યાયથી દંડ કરવામાં આવે પણ એ જ કારણે જો તે વ્યકિત ન્યાયાલયના નિર્ણયનો અસ્વીકાર કરે તો એ સંજોગોમાં કોઈ રાજ્યવ્યવસ્થા લાંબો સમય ટકી શકે નહીં. મને જો એથેન્સની શાસન વ્યવસ્થા પસંદ ન હતી, તો હું એથેન્સ છોડીને બીજા કોઈ સ્થળે જઈ શકયો હોત. પરંતુ મેં તો મારી સારી જિંદગી અહીં જ વિતાવી છે અને મારા જન્મ, પાલનપોષણ, શિક્ષણ ઈત્યાદિ દરેકને માટે હું એથેન્સનો જ ઋણી છું. આજે જો હું એથેન્સ છોડીને બીજે કયાંય ચાલી જાઉં તો પછી કયા મેઢે ધર્મ અને નીતિની ચર્ચા કરી શકું? અને જો મને એથેન્સ છોડવું મંજૂર હોત તો ન્યાયાલયે પણ દેહાંતદંડના બદલામાં મારો એ પ્રસ્તાવ સ્વીકાર્યો હોત. પરંતુ ત્યાં તો એવી વાતને મેં મારી આબરૂ માટે કલંકરૂપ ગણી છે તો હવે હું ચોરની જેમ ભાગી જવાનો પ્રયત્ન કરું તો શું એ મારે માટે શોભાસ્પદ ગણાય ખરું? બાકી રહી બાળકોની વાત. હું જો એમને મારી સાથે લઈને ભાગી જાઉં તો મારી જાતે જ એમને મા-બાપથી વંચિત કરી દઉં છું અને જો અહીં એમને મૂકીને એકલો ભાગી છઉં તો પછી એમની દેખભાળ કેમ કરી શકું? મારા મિત્ર, મારા સાચા મિત્રો તો મારાં બાળકોની દેખભાળ કરશે જ, ચાહે હું વિદેશ ગયો હોઉં કે ચાહે તો હું પરલોક સિધાવી ગયો હોઉં."

અંતે, ક્રિટોને ચૂપ થઈ જવું પડયું. એણે એટલું જ માત્ર પૂછ્યું, "હવે અમારે માટે આપની અંતિમ આજ્ઞા શી છે?" સૉક્રેટીસે કહ્યું, "ખાસ કોઈ આજ્ઞા નથી. હું તો માત્ર એટલું જ ઈચ્છું છું કે તમે લોકો તમને પોતાને જ બરોબર સમજો. એ જ મારી, મારા બાળકોની તેમ જ તમારી પોતાની પણ સૌથી મોટી સેવા કરી ગણાશે."

આખરે સૉક્રેટીસને વિષપાન કરવાની ક્ષણ આવી પહોંચી. એણે કહ્યું કે હું સ્નાન કરી લઉં કે જેથી સ્ત્રીઓએ મૃતદેહને સ્નાન કરાવવાનું કષ્ટ કરવું ન પડે. ત્યાર પછી જેલર ઝેરનો પ્યાલો લઈ આવ્યો. પોતાના મિત્રોના સમૂહની વચ્ચે બેઠા બેઠા જેમ કોઈ માણસ તરસ લાગી હોય અને પાણી પીવે, એવી જ આસાનીથી વિષનો પ્યાલો પોતાના હાથમાં લઈને સૉક્રેટીસ ગટગટાવી ગયા.

આ રીતે એક મહાન સત્યાગ્રહીએ આ જગતમાંથી ચિર વિદાય લીધી. પ્લેટોએ સાચું જ લખ્યું છે કે સૉક્રેટીસ જેવો સજ્જન, બુદ્ધિમાન અને ન્યાયપ્રિય માણસ બીજો કયારે જગતને સાંપડશે?

મૂળ હિન્દી: રઘુકુલ તિલક

અનુવાદક: સુબોધભાઈ એમ. શાહ

મુંબઈની શ્રી જીવદયા મંડળી, સુવર્ણ મહોત્સવ પ્રસંગે અખિલ હિંદ જીવદયા પરિષદે પસાર કરેલા ઠરાવો

મુંબઈની શ્રી જીવદયા મંડળીના સુવર્ણ મહોત્સવ પ્રસંગે યોજાએલી ૧૧મી અખિલ હિંદ જીવદયા પરિષદનું અધિવેશન તા. ૧૦-૪-૬૮ ના રોજ માનનીય શ્રી પ્રતાપસિંહ સૂરજી વલ્લભદાસના અધ્યક્ષપણાં નીચે ચોબીતલાવ મુંબઈ ખાતેના આઝાદ મેદાનમાં ખાસ તૈયાર કરેલ અહિંસા નગરના સભા મંડપમાં મળ્યું હતું. જેનું ઉદ્‌ઘાટન ઓલ ઈન્ડિયા કૉંગ્રેસ કમીટીના અધ્યક્ષ શ્રી એસ. નિજલિંગપ્પાએ કર્યું હતું. પરિષદમાં મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, દિલ્હી, પંજાબ, મદ્રાસ, આંધ્રથી ખાસ પ્રતિનિધિઓએ હાજરી આપી હતી.

પરિષદના ખુલ્લા અધિવેશન બાદ તા. ૧૧-૪-૬૮ ના રોજ બપોરના અઢીથી ડેલીગેટોની બેઠક મળી હતી. જેમાં ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવો તૈયાર કરવામાં આવ્યા હતા અને જે તા. ૧૪-૪-૬૮ ના ખુલ્લા અધિવેશનમાં સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા.

ઠરાવ-૧

મુંબઈ જીવદયા મંડળીના સુવર્ણ મહોત્સવ પ્રસંગે મળેલ અખિલ હિંદ જીવદયા પરિષદનું અગિયારમું અધિવેશન, મુંબઈ જીવદયા મંડળીએ ગત ૫૭ વર્ષોમાં દેશભરમાં જીવદયા અને અભયદાનનાં કરેલાં વ્યાપક કાર્ય માટે મંડળીના સ્થાપકો, સંચાલકો, આકાયદાતાઓ અને કાર્યવાહકોને અભિનંદન આપે છે અને જીવદયા મંડળી હવે પછીના જીવનમાં, તેના ધ્યેયની સિદ્ધિ માટે અધિક કાર્ય કરવા શકિતમાન બને તે માટે દયાળુ જનતા તેને ઉદારતાથી સહાયતા અને અધિક સહયોગ આપે તેવી શુભેચ્છા વ્યકત કરે છે.

ઠરાવ-૨

પરિષદ, દેશમાં વધતી જતી હિંસા અને જનતાની બદલાતી ભાવના અંગે ચિન્તા અનુભવે છે અને હિંસાને પ્રોત્સાહન દેવાની સરકારની નીતિ અને તેનો પ્રતિકાર કરવામાં જનતાની ઉદાસીનતા પ્રત્યે ખેદ અનુભવે છે.

ઠરાવ-૩

પરિષદનો એ નિશ્ચિત મત છે કે જ્યાં સુધી દેશની જનતા અને સરકાર ભારતની અહિંસક સંસ્કૃતિને અનુલક્ષીને પોતાનો વ્યવહાર અને રાષ્ટ્રના સર્વાંગીણ વિકાસના પ્રયત્નો નહિ કરે ત્યાં સુધી અહિંસક સંગ્રામ અને ઐતિહાસિક બલિદાનોને અંતે મેળવેલા સ્વરાજ્યની સફળતા સંભવિત નથી. તેથી પરિષદ, સરકાર અને જનતાને આગ્રહપૂર્વક અનુરોધ કરે છે કે તેઓ નીચેનાં પગલાં વગરવિલંબે હાથ ધરે :-

સૂચિત પગલાં

(ક) દેશના સાંસ્કૃતિક, સામાજિક અને આર્થિક વિકાસ માટેની અનુકૂળ ભૂમિકા નિર્માણ કરવા માટે અજ્ઞાન, અને પછાત વર્ગોમાં ધર્મને નામે પશુ-પક્ષીઓનાં બલિદાન દેવાની જંગલી રૂઢી કાયદાથી બંધ કરે.

(ખ) ભારતની સંસ્કૃતિ અહિંસાપ્રધાન છે, અને ભારત એક કૃષિપ્રધાન દેશ છે, જેની ખેતીનો આધાર પશુધન ઉપર છે અને દૂધ, ઘી, આદિ પૌષ્ટિક આહાર પણ પશુધન દ્વારા મળે છે. તેથી દેશના સર્વાંગીણ વિકાસ માટે અને સંસ્કૃતિની રક્ષા માટે, દેશમાં ચાલતી પશુધનની કતલ પર કાયદાદ્વારા પ્રતિબંધ લગાવવા અને જ્યાં તેવા કાયદા છે, ત્યાં તેનો સખ્તાઈ અને ઈમાનદારીથી અમલ કરવા સરકારને વિનંતિ કરે છે.

(ગ) ભારત જેવા ઉષ્ણ પ્રદેશમાં અહિંસક સંસ્કૃતિમાં માનનારી જનતા મોટે ભાગે શાકાહારી હોવા છતાં, અને વૈજ્ઞાનિક તથા આર્થિક દૃષ્ટિએ શાકાહાર પૌષ્ટિક અને ફાયદાકારક હોવા છતાં, માંસનું ઉત્પાદન વધારવા માટે અને તેની નિકાસ વધારવા માટે સરકાર તરફથી થતી જંગી યાંત્રિક કતલખાનાની યોજનાઓ તેમ જ મુરઘીપાલન, સુવરપાલન, મત્સ્ય ઉદ્યોગ આદિ યોજનાઓનો અને માંસાહારના સરકારી સ્તર પર થતા ભ્રામક પ્રચારનો પરિષદ સખ્ત વિરોધ કરે છે. તેવી યોજનાઓ પડતી મૂકી માંસાહારનો પ્રચાર બંધ કરવા માટે અસરકારક પગલાં લેવા આ પરિષદ સરકારને વિનંતિ કરે છે.

(ઘ) ભારતના મોટા ભાગની જનતા અહિંસાને ધર્મ માને છે અને હિંસાયુકત પ્રાણીજન્ય પદાર્થોનો ઉપયોગ કરવામાં અધર્મ માને છે. તેથી આ પરિષદ સરકારને અનુરોધ કરે છે કે સાર્વજનિક ઉપયોગમાં આવતા વનસ્પતિજન્ય ખાદ્ય પદાર્થો, દવાઓ, તથા સાબુ ઈત્યાદિમાં પ્રાણીજન્ય પદાર્થોની મેળવણી પર પ્રતિબંધ મૂકે અને તેવા પદાર્થોના લેબલો પર "વનસ્પતિજન્ય કે પ્રાણીજન્ય પદાર્થ મિશ્રિત" એવી ચોખવટ કરવાનું ફરજિયાત બનાવે, કે જેથી અહિંસક જનતા ઠગાય નહિ.

(ઙ) પરિષદ સરકારી શિક્ષણખાતાંઓ, સાર્વજનિક શિક્ષણસંસ્થાઓ અને યુનિવર્સિટીઓને અનુરોધ કરે છે કે તેઓ શાળા અને કૉલેજો માટે શિક્ષણક્રમમાં કરુણાભાવ અને માનવતા ખીલવવા માટે ચોક્કસ જોગવાઈ કરે, તથા જે વિદ્યાર્થીઓ શાકાહારી હોય, તેમને માંસાહાર અંગેનું શિક્ષણ આપવાનું, તથા હોમસાયન્સ ગૃહવિજ્ઞાનની તાલીમમાં માંસાહારી વાનીઓ પકવવાનું શિક્ષણ ફરજિયાત ન રાખે.

(ચ) ભારતના શાકાહારીઓનાં બાળકો માંસાહારી બાળકો સાથે શાળા અને કૉલેજોમાં સહશિક્ષણ લેતાં હોઈ, બપોરના નાસ્તામાં સર્વને ગ્રાહ્ય હોય તેવી શાકાહારી પૌષ્ટિક વાનીઓ જ આપે.

(છ) ભારતમાં અનેક દયાધર્મીઓને પ્રાણીજન્ય ઔષધો અને શીતળા અને અન્ય દરદોની પ્રાણીજન્ય રસી સામે ધાર્મિક વાંધો છે. વળી ભારતમાં એલોપેથી ઉપરાંત આયુર્વેદ, હોમીયોપેથી, નિસર્ગોપચાર, આદિ સરકાર પ્રમાણિત વૈજ્ઞાનિક ચિકિત્સા-પદ્ધતિમાં લોકોને વિશ્વાસ છે. તેથી આ પરિષદ સરકારને અનુરોધ કરે છે કે જેઓને નૈતિક, ધાર્મિક, કે વૈજ્ઞાનિક દૃષ્ટિએ તેની સામે વિરોધ હોય, તેમને ફરજિયાત રસીના કાયદામાંથી મુકત રાખે.

(જ) વિશ્વશાંતિ, વિશ્વબંધુત્વ અને સહઅસ્તિત્વ માટે તેમ જ મનુષ્યો અને અન્ય પ્રાણીઓના આધ્યાત્મિક અને ભૌતિક વિકાસ માટે અહિંસા એ અમૂલ્ય અને આવશ્યક સાધન હોવા છતાં, જ્યાં સુધી અહિંસામાં શ્રદ્ધા રાખનાર જનતા અને સરકાર તેને નિત્ય વ્યવહાર અને શાસનની નીતિ તરીકે ન સ્વીકારે, ત્યાં સુધી તેની સફળતા સંભવતી નથી. તેથી આ પરિષદ જનતાને અનુરોધ કરે છે કે, તેમના વૈયકિતક, સામાજિક અને સમષ્ટિગત વ્યવહારમાં તેઓ મન, વચન, અને કર્મથી અહિંસાનું પાલન કરે અને વ્યાપારવ્યવસાયમાં, ખાનપાનમાં કે મોજશોખમાં હિંસક પદાર્થોના ઉપયોગનો ત્યાગ કરે.

ઠરાવ-૪

આ પરિષદ મુંબઈ જીવદયા મંડળીને વિનંતિ કરે છે કે તે અખિલ હિંદ જીવદયા પરિષદનાં અધિવેશનો દર બે વરસે દેશના જુદા જુદા ભાગોમાં નિયમિત રીતે બોલાવે તથા અલગ અલગ રાજ્યોમાં દર વરસે રાજ્યસ્તર પર જીવદયા પરિષદો બોલાવી, જીવદયાની હીલચાલને વ્યાપક અને સંગઠિત બનાવે.

મંત્રીઓ : શ્રી જીવદયા મંડળી, મુંબઈ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ-૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૦ : અંક ૨

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, મે ૧૬, ૧૯૬૮, ગુરૂવાર
પરદેશ માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

બે શરમજનક સામાજિક દુર્ઘટનાઓ

(છેલ્લા બે અઢી માસ દરમિયાન આપણા દેશમાં બે શરમજનક સામાજિક દુર્ઘટનાઓ બની ગઈ જેનો ઉલ્લેખ આજ સુધીના પ્રબુદ્ધ જીવનમાં કરવો રહી ગયો છે. એક ઘટના છે આજથી આશરે નવ અઠવાડિયા પહેલાં આંધ્રના કાંચીકચેલાં ગામમાં ૧૯ વર્ષના એક હરિજન યુવાનને બાળી નાંખવામાં આવ્યો તેને લગતી. બીજી ઘટના મુંબઈ બાજુએ માટુંગામાં આવેલી એક હાઈસ્કૂલના આચાર્યનું પદ ધરાવતા શ્રી રણજીત દેસાઈએ કરેલા તેની પત્નીના ખૂનને લગતી. પહેલી દુર્ઘટનાની પ્રમાણભૂત વિગતો તા. ૬-૪-૬૮ના ભૂમિપુત્રમાંથી ઉદ્‌ધૃત કરવામાં આવી છે. બીજી દુર્ઘટના અંગે તા. ૨-૫-૬૮ના 'મુંબઈ-સમાચાર'ના અગ્રલેખમાંથી જરૂરી વિભાગ ઉદ્‌ધૃત કરવામાં આવ્યો છે. તંત્રી).

માન્યું મનાય ના !

પાંચેક અઠવાડિયા પહેલાં આંધ્રના આ કાંચીકચેલાં ગામમાં ૧૯ વર્ષના એક હરિજન યુવાનને બાળી મૂકવામાં આવેલો. તે વાત લોકસભામાં ચર્ચાયેલી તેના કરતાં ઘણી વધારે આઘાતજનક અને અમાનુષી છે. ત્યાંના ધૂળિયા રસ્તા પર રખડ્યા બાદ અને અનેક ગ્રામજનો સાથે વાત કર્યા બાદ એક જ વાત મારા મનમાં ઘૂમરાતી રહી છે-આ ગામ સાવ હૈયાસૂનું છે.

હા, એની વસ્તી છે દસ હજારની. વિજયવાડાની સંસ્કૃતિથી તે વીસ જ માઈલ દૂર છે. એના માર્ગ પર ઊભાં છે મહાત્મા ગાંધી, જવાહરલાલ નેહરુ અને એન૦ જી૦ રંગાનાં બાવલાં. એની હાઈ-સ્કૂલ કહે છે કે એ હોવું જોઈએ શિક્ષિત. અમારે ત્યાં ત્રણ એમ.એ. થયા છે અને એક એમ. એસસી., તેનો એને ગર્વ છે. એક સિનેમા થિયેટર ને ઘણા ટ્રાન્ઝિસ્ટર પણ ગામમાં છે અને પાંચ મંદિરોમાં ઘંટારવ પણ નિરંતર થતાં રહે છે-પરંતુ એના સુધરેલા ગણાતા નાગરિકોને આજે ય એ ઘટનાનો પસ્તાવો નથી થતો. આજે ય એમનું હૈયું એવું જ લાગણીશૂન્ય છે, જેવું ૨૪ ફેબ્રુઆરીએ હતું. કઈ ઘટના બની એ દિવસે?

૧૯ વરસના એ છોકરાના બે હાથ પાછળ બાંધેલા છે, શરીર જાડા દોરડાથી જકડાયેલું છે, એક થાંભલા સાથે. મોં - માથું જોયા વગર આડેધડ લાકડીઓ પડી રહી છે એના શરીર પર. એના મોઢાની એક એક રેખા ભરી દે છે વેદના ને વ્યથાથી. પણ દોઢ કલાક સુધી ચાલેલા એ અમાનુષી ઢોરમારને જોનાર માનવીઓને મન તો આ એક તમાશો જ થઈ રહ્યો છે! એમને તો આખાયે ગામમાં થયેલી બધી જ ચોરીનો એની પાસે એકરાર કરાવવો હતો.

એ યુવાન પોતે નિર્દોષ છે એવી બૂમો પાડતો રહ્યો, ત્યાં તો એક જણે એના ખમીસને દિવાસળી ચાંપી. ખમીસ બરાબર સળગતું નથી એમ જોઈ બીજાએ ક્યાંકથી ધાસલેટ લાવીને રેડ્યું અને આગની જવાળાઓ યુવાનને ઘેરી વળી. એ ચિત્કાર કરી ઊઠ્યો, છતાં કોઈની ચેતના સળવળી નહીં. પણ બળી ગયેલા દોરડાએ ભઠ્ઠીમાં શકરિયાની જેમ શેકાઈ ગયેલા એના દેહને મુકત કર્યો. ટોળું વધતું જતું હતું, હા, માણસોનું - પણ હૈયાસૂના!

છોકરો દોડ્યો, સો વાર દૂર આવેલા ઘોરી રસ્તા પર, અને ત્યાંથી એકાદ ફર્લાંગે આવેલ ખાનગી દવાખાને. કહે છે કે ડૉકટરે તેને પોલીસ ચોકીએ કે સરકારી હોસ્પીટલે જવા કહ્યું. એ ડોકટરે જ મારી પાસે કબૂલ કર્યું કે છોકરો મોઢે, પગે ને છાતીએ ભયંકર રીતે દાઝી ગયો હતો.

રસ્તેથી પસાર થઈ રહેલ રીક્ષાવાળાને દયા આવી અને એ તેને લઈ ગયો નજીકના એક પોલીસ સ્ટેશને. પોલીસને કેસ કાગળિયાં તૈયાર કરવાની પહેલાં પડી હતી. એ બધી વિધિ પતાવી એમણે છોકરાને બાર માઈલ દૂર આવેલ સરકારી હોસ્પિટલમાં મોકલ્યો. આગની જવાળાઓએ જેના જીવનજળને બાળી નાખ્યું હતું એવા એ શરીરની નસો માગતી હતી સાકર - મીઠાવાળું પાણી (ગ્લુકોઝ - સેલાઈન). પણ ૧૮ કલાક સુધી એ સારવારવિહોણો જ પડ્યો રહ્યો. એકલા વેસેલિનની શાતા આપતી આંગળીઓ પણ એના શરીર પર ફરી નહીં. ત્યાંથી તેને મોકલવામાં આવ્યો વિજયવાડાની હોસ્પિટલમાં. પણ હવે થઈ ગયું હતું બહુ મોડું. બીજે જ દિવસે એ યુવાન ચાલી નીકળ્યો અનંતની યાત્રાએ.

શું હતો એનો વાંક - ગનો? થોડા દિવસ પહેલાં ચોરેલા ચંપલની સજારૂપે જે તમાકુની ખળીમાં એને રાખેલો, ત્યાંથી એ નાસી ગયો હતો. અને બીજું એણે શું કર્યું હતું? બે - ત્રણ વાસણ ચોરીને વેચી દીધાં હતાં. એ વેચીને એને ખાસ્સી દોઢ રૂપિયાની માતબર રકમ મળેલી!

એ વાસણ હતાં ૪૦ એકર તમાકુની જમીન ધરાવતી એક પ્રૌઢ બાઈનાં. અહીં દર એકરે રૂા. દસ હજારની તમાકુ પકવાય છે. ૨૪ મી ફેબ્રુઆરીએ આ બાઈએ જ આ કાળા કૃત્યની શરૂઆત કરી. કેટલાક માણસની મદદથી એણે જ એને બાંધ્યો અને માર્યો. જે હોટેલમાં એ વાસણ વેચી આવેલો ત્યાં લઈ જઈ કબૂલાત કરાવી અને વાસણો પાછાં મેળવ્યાં. પણ એટલાથી સંતોષ ન થયો. એટલે ફરી એને થાંભલા સાથે બાંધી ખૂબ માર માર્યો. કહે છે કે આગ ચાંપવાની વાત પણ આ બાઈએ જ કો'કના કાનમાં રેડી હતી.
'(સ્ટેટસમેન' પરથી: અનુ. નવનીત) વી. ઓસ. મણિયમ્

સમાજ ગંભીરતાથી વિચારે!

રણજીત દેસાઈ નામના એક શિક્ષિત જ નહિ પણ મુંબઈના ઉપનગરની એક હાઈસ્કૂલના આચાર્યનું પદ ધરાવતા શિક્ષણકારને તેમની પત્ની કુસુમબહેનનું ખૂન કરવાના આરોપસર મુંબઈના વધારાના સેશન્સ જજ શ્રી. એ. આર. શીંપીએ ફાંસીની સજા કરી છે. આ ઘટના, આપણા સામાજિક જીવનમાં હજી પણ કેટલા બધા પ્રમાણમાં કલુષિતતા વ્યાપી રહેલ છે કે જેને પરિણામે આવી દુર્ઘ-ટનાઓ અવારનવાર બનતી જ રહે છે તેના તરફ, સ્વાભાવિક રીતે જ ધ્યાન ખેંચી રહે છે. રણજીતને થયેલી આ સજા વડી અદાલતની મંજૂરીને આધીન છે અને કદાચ એને અંગે આગળ ઉપર અપીલો વગેરે થશે. કુસુમના મૃત્યુથી તેનાં બાળકે માતા તો ગુમાવી દીધી છે અને આ સજાનો અમલ થતાં એ બાળક પિતા પણ ગુમાવી દેશે. આમ આ બાળક માબાપવિહોણું બની રહેશે.

આરોપીના ધારાશાસ્ત્રી શ્રી ગોદીવાલાએ અરજ ગુજારી હતી કે, "આ એક કૌટુંબિક ઝઘડો છે અને આરોપીએ આવેશમાં આવી કંઈ ન કરવાનું કર્યું હોય તો તે પ્રત્યે ક્ષમાદૃષ્ટિએ જોઈ દયા બતા-વવી જોઈએ." વધુમાં "સજા કરતાં આપ નામદાર માનવતાની દૃષ્ટિ-એ વિચાર કરશો એવી આશા" પણ તેમણે બતાવી હતી.

માનવતાની, દયાની અને બાળક માબાપ વિનાનું થઈ જશે એવી દલીલ કરીને પોતાના અસીલને શકય તેટલી હળવી સજા થાય એ જોવાનો ધારાશાસ્ત્રીનો ધર્મ છે. પણ એવી દલીલ કરતી

વેળાએ, રણજીત જેવી એક સુશિક્ષિત અને કેળવણીકાર લેખાતી વ્યકિતએ, કોઈપણ કારણસર, વર્ષો સુધી જેની સાથે સંસાર ભોગવ્યો તેવી પોતાની પત્ની જ નહિ પોતાનાં બાળકની માતાની હત્યા કરતી વખતે આમાંની કોઈપણ લાગણીનો વિચાર કર્યો હતો ખરો? એનો વિચાર તેને આવ્યો છે ખરો? કુસુમ કોઈ પણ કારણસર તેને ગમતી ન હતી અને તેથી તે છૂટાછેડા મેળવવા આગ્રહ કરતો હતો. પણ કુસુમ એમાં સંમતિ આપવાને તૈયાર ન હતી. એમ છતાં, છૂટાછેડાની માગણી કર્યા પછી અને તેનો કુસુમે ઈન્કાર કર્યા પછી પણ, રણજીતે તેની સાથે એક વર્ષ સુધી સંસાર ચલાવ્યો અને આખરે તેણે પોતાના બાળકની માતાનું ખૂન કર્યું અને આ ખૂન પણ કેવું? રણજીતને ગુનેગાર ઠરાવતાં વિદ્વાન ન્યાયમૂર્તિએ કહ્યું તેમ, "આરોપીએ તેની પત્ની કુસુમબેનનું પૂર્વવિચારિત, ગણતરીપૂર્વકનું ઠંડે કલેજે ખૂન કર્યું. મરનારનું ગળું દબાવીને તેને ખતમ કરી નાખી." આવા ભયંકર અને ગંભીર ગુના માટે કાયદાએ નક્કી કરેલી વધુમાં વધુ સજા વિદ્વાન ન્યાયમૂર્તિ ફરમાવે એમાં જ ન્યાયની સાચી દૃષ્ટિ રહેલી છે અને તેથી માનવતાની કે બીજી કોઈ પણ દૃષ્ટિ દાખવીને રણજીતને આથી ઓછી સજા કરી હોત તો વિદ્વાન ન્યાયમૂર્તિએ આરોપી પ્રત્યે અણઘટતી ઉદારતા દાખવેલી લેખાત. આરોપી પોતે શિક્ષિત હોઈ સમજદાર લેખાય. કેળવણીકાર તરીકે આવતી કાલની પેઢીને ચારિત્ર્યશીલ બનાવવાની ને સંસ્કારી બનાવવાની ગંભીર જવાબદારી તેને માથે રહેલી હોઈ, ભાવિ પેઢીને ઘડવાની આવી જવાબદારી ધરાવતી વ્યકિત જ જો આવી રીતે સમાજમાં વર્તે તો તે કાયદા ઉપરાંત સમાજનો પણ ગુનેગાર ઠરે છે અને તેની આવી બેવડી ગુનેગારી તેને દયાને પાત્ર ભાગ્યે જ રહેવા દે છે.

ગુજરાતમાં સ્ત્રીઓના આપઘાતો મોટા પ્રમાણમાં થતા રહે છે એવી સામાન્ય ફરિયાદ છે. આવા આપઘાતોનાં ખરેખરાં કારણો જો બહાર આવે તો તેમાંનાં મોટા ભાગનાં તો ઠંડે કલેજે કરેલાં કરપીણ ખૂનો જ હોય છે એ ચોક્કસ તપાસો પરથી પણ, બહાર આવેલું છે. આમ છતાં અત્યારના યુગમાં સુદ્ધાં સામાજિક જીવનમાં કલુષિતતા વ્યાપી રહે છે અને તેમાંથી આવી દુર્ઘટનાઓ સર્જાતી રહે છે એ આપણા સામાજિક પ્રશ્નો તરફ આપણા સમાજે વિશેષ ગંભીરતાથી ધ્યાન આપવાની કેટલી બધી જરૂર છે તે જ સૂચવે છે. અનાવિલ સમાજમાં આવા જ પ્રકારના ચર્ચા જગાડના કિસ્સાઓ અનેક બનેલા છે તેનો નિર્દેશ અગાઉ થયો છે. નવસારીમાં જ્યોત્સ્નાના ખૂન કેસ પણ આ જ પ્રકારનો હોઈ તેણે સમાજમાં ભારે ચર્ચા જગાડી હતી એ જાણીતું છે. અત્યારે સૌનું ધ્યાન રાજકીય પ્રશ્નો પર કેન્દ્રિત થઈ રહ્યું છે. પરિણામે આવા સમાજજીવનને કલુષિત કરતા પ્રશ્નો પ્રત્યે તત્કાળ પૂરતું ધ્યાન કેન્દ્રિત થયા પછી તેની ઉપેક્ષા થતી રહે છે. એ પરિસ્થિતિ તંદુરસ્ત સમાજજીવન માટે બાધક થઈ પડે એવી હોઈ, સમાજે આવા પ્રશ્નો પ્રત્યે ગંભીરતાથી વિચાર કરીને આવી દુર્ઘટનાઓ બનતી અટકે એવી પરિસ્થિતિ નિર્માણ કરવાની દિશામાં ગંભીરતાથી પ્રયાસ કરવા ઘટે છે.

પૂરવણી

ભણેલા અને બુદ્ધિશાળી વર્ગનો માનવી કેવો ઠંડે કલેજે ખૂન કરે છે અને ત્યાર બાદ પોતે નિર્દોષ છે એ બતાવવા માટે તે દુનિયાના બધા જ જૂઠ્ઠાણાનો આશ્રય લઈને ન્યાયકોર્ટને છેતરવાનો ઉઘાડે છોગે કેટલી હિમતથી પ્રયત્ન કરે છે તે ઉપરના રણજીત દેસાઈના પોતે કરેલા ખૂન પછી, તે માટે પોતે નિર્દોષ છે એમ બતાવવાના તેના પ્રયત્નોમાંથી જોવા મળે છે. અને નીચે આપેલા એક નાના એવા પ્રસંગથી એક અભણ ભીલના હૃદયમાં પાપની કેટલી બીક છે અને જૂઠું બોલવાની કેટલી ઘૃણા છે તે જોવા મળે છે. આ પ્રસંગને અનુરૂપ એ કિસ્સો હોઈ તેને નીચે આપવામાં આવેલ છે:—

છોટાઉદેપુર વિસ્તારમાં ભીલોની વસતિ ઠીક ઠીક છે. તીરકામઠાં લઈને જ ફરે છે. કયારેક લડાઈ ઝઘડો થઈ જાય તો એનો ઉપયોગ પણ તેઓ કરે.

એક દિવસ એક ભીલે કંઈક કારણસર બીજા એક ભીલને તીર માર્યું અને તે મરી ગયો. કોર્ટમાં કેસ ચાલ્યો. કોઈ જોનાર નહોતું એટલે પુરાવો મળે તેમ નહોતું. પેલા તીર મારનારને એક વકીલ મળી ગયો. વકીલે એને કહ્યું, 'જો, કોર્ટમાં તારે એટલું જ કહેવું કે, મેં માર્યો નથી, ગમે તેમ પૂછે તો પણ ગુન્હો કબૂલ ન કરતો."

કોર્ટમાં સવાલ—જવાબ થવા માંડ્યા. પેલાએ તો એક જ વાત કરી "મેં માર્યો નથી." પણ સરકારી વકીલે જ્યારે ઊલટ તપાસ કરવા માંડી ત્યારે મૂંઝાયો. શું બોલવું એની એને કંઈ સમજણ ન પડી. આખરે એણે એના દિલની વાત કરી દીધી. 'મેં તો માર્યો જ છે તો! મરી જાય ત્યાં સુધી માર્યો 'તો! (વકીલ સામે આંગળી કરીને) આવો આ મારી પાસે ના પડાવે છે.' આખી કોર્ટ હસી પડી.

આ માણસે તો પાપ કર્યું પણ ભોળા દિલે. એમાં બુદ્ધિપૂર્વકની ગણતરી નહોતી. જ્યારે બુદ્ધિશાળી માણસ પાપ કરે છે તે બુદ્ધિપૂર્વકનાં હોય છે. ભીનાં કપડાં રેતીમાં સૂકવીએ તો ચિંતા નહીં, કારણ, કપડાં સૂકાતાં રેતી ખરી પડે છે, પણ ધૂળમાં સૂકવીએ તો ડાઘ રહી જાય. એ બિચારાઓના પાપ રેતી જેવાં છે, પાપનો ડાઘ એમને લાગતો નથી. જ્યારે આપણાં પાપ ધૂળ જેવાં હોય છે; એના ડાઘ મનને લાગે છે, જે કદિ જતા નથી. —**રવિશંકર મહારાજ**

વિષયસૂચિ

		પૃષ્ઠ
બે શરમજનક સામાજિક દુર્ઘટનાઓ		૧૩
સ્વ. ડૉ. માર્ટિન લ્યુથર કિંગે ચલાવેલી અહિંસક લડતની આલોચના ...	શ્રી એચ. આર. વોરા	૧૪
પ્રકીર્ણ નોંધ: 'જૈન કિલનિક' માંથી 'કૉન્વેસ્ટ જૈન કિલનિક ગ્રુપ ઑફ હૉસ્પિટલ્સ' નો ઉદ્‌ભવ, પ્રાકૃત ભાષા તેમ જ સાહિત્ય પર આગામી પરિસંવાદ, પ્રાકૃત ભાષાના અધ્યાપન અંગે સેવાતી શોચનીય ઉદાસીનતા.	પરમાનંદ	૧૭
નવી દુનિયામાં - ૫	દલસુખ માલવણિયા	૧૮
કોણાર્ક અને ખજૂરાહોનાં મૈથુન-શિલ્પો	કેશવલાલ હિમતલાલ કામદાર	૧૯
હૈયે વસ્યો હિમાલય	ગીતા પરીખ	૨૧
શ્રી શંકરરાવ દેવનો વાર્તાલાપ	સંકલન : પરમાનંદ	૨૨

સ્વ. ડૉ. માર્ટિન લ્યુથર કીંગે ચલાવેલી અહિંસક લડતની આલોચના

(ગોરાઓ સાથે હબસીઓને પૂર્ણ સમાનતાનાં સ્થાને પ્રાપ્ત કરાવવાના હેતુથી સ્વ. માર્ટીન લ્યુથર કીંગે ચલાવેલી અહિંસક પ્રતિકારાત્મક લડતની તા૦ ૧૬-૪-૬૮ના ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં પ્રગટ થયેલ શ્રી એચ. આર. વોરાનો લેખ એક ભારે વિશદ આલોચના રજુ કરે છે અને ભારત ખાતે ગાંધીજીએ ચલાવેલી અને અમેરિકા ખાતે માર્ટીન લ્યુથર કીંગે ચલાવેલી લડત વચ્ચે રહેલા સમાન તત્ત્વોનું ઝીણવટભર્યું પૃથક્કરણ કરે છે. તેનો શ્રી મેનાબહેન નરોત્તમદાસે કરી આપેલો સુવાચ્ય અનુવાદ નીચે પ્રગટ કરતાં ખૂબ આનંદ થાય છે.

અંગ્રેજી લેખમાં જ્યાં ત્યાં 'Black Power' શબ્દ-સમાસ આવે છે. ગોરી પ્રજા પાસેથી સમાનતાલક્ષી સર્વ હક્કો અહિંસક પ્રતિકારથી કોઈ રીતે મળી શકે તેમ નથી અને તેથી તે માટે તો હિંસક ઉપાયો હાથ ધર્યા સિવાય છૂટકો નથી અને આમ કરવા છતાં પણ ગોરી પ્રજા સાથે સ્વમાનભર્યું સહઅસ્તિત્વ શકય ન હોય તો જેમ ભારતમાં પાકિસ્તાનની માગણી ઊભી થઈ એમ આપણે પણ હબસીઓના સ્વતંત્ર અને સ્વાયત્ત મુલકની માગણી કરવી--આવી અન્તિમ હદ સુધી વિચારતા હબસીઓના વર્ગ માટે અને એ પ્રકારના વિચારવાદ માટે મૂળ લેખમાં 'Black Power'—બ્લેક પાવર—શબ્દસમાસ વાપરવામાં આવ્યો છે. અનુવાદમાં એ શબ્દ-સમાસ જેવો છે તેવો કાયમ રાખવામાં આવ્યો છે. **પરમાનંદ**)

ડૉ૦ માર્ટીન લ્યુથર કીંગના જીવનમાં છેલ્લા થોડા મહિના થયાં મહાત્મા ગાંધી સાથેની એક બીજી સમાનતા જોવામાં આવતી હતી, જેની ઉપર બીજાઓનું બહુ લક્ષ ગયું જણાતું નથી. બન્ને અહિંસાવાદીઓ તેમના મૃત્યુ પહેલાંના કેટલાક મહિના થયાં પોતાના જાતભાઈઓમાં જ વિકસતી જતી હિંસાથી અકળાયા હતા.

નવી દિલ્હીમાં મહાત્માજીએ જે છેલ્લા ઉપવાસો કર્યા તે ભારત છોડી ગયેલા અંગ્રેજોની સામે નહોતા, પણ હિંસા તરફ જઈ રહેલા અને છેલ્લે પાટલે બેઠેલા પોતાના જાતિબંધુઓને હિંસાથી પાછા વાળવા અને સંયમમાં રાખવાના હેતુથી કર્યા હતા. આ હિંસકવૃત્તિ ટાળવાના પ્રયત્નો કરવામાં જ તેમની હત્યા થઈ.

ડૉ૦ કીંગની હત્યા કરનારો જાતિભેદવાદી કોઈ ગોરો અથવા

કોઈ મૂર્ખ ગોરો હોવો જોઈએ એમ મનાય છે, પણ જાતિભેદની સામે લડનારો કોઈ હબસી પણ તે હોઈ શકે કે જેને પોતાની વધતી જતી વૈરવૃત્તિને ડો૦ કીંગના કારણે પરાણે દાબી રાખવી પડતી હોય. એ તો કુદરતી છે કે આવો માણસ ડો૦ કીંગને પોતાના માર્ગમાં એક આંડખીલી રૂપ માને.

ડો૦ કીંગના કરૂણ મૃત્યુ પછી જે તોફાનો થયાં તે ઉપરથી જો કંઈ સૂચન મળતું હોય તો એમ કહી શકાય કે જે પ્રસરતી જતી હિંસાવૃત્તિને અટકાવવા ડો૦ કીંગના પ્રયત્નો હતા, તેમાં અત્યારે તો એક રીતે પાછાપડવાપણું થયું છે. હાલ તુરત એ વિષે કંઈ કહેવું એ કદાચ વધારેપડતું વહેલું હોય. એક ગોરાએ છોડેલી ગોળી સામેનો તે એક પ્રત્યાઘાત પણ હોય.

અનેક જાતિઓને સમાવતો સમાજ

ડો૦ કીંગના મનમાં એકબીજામાં ભળી જઈને રહેતા એક એવા સમાજની કલ્પના હતી કે જે સમાજમાં હબસી પ્રજા લેશ માત્ર ભેદભાવ વિના ગોરા અમેરિકનો સાથે જીવી શકે. ડો૦ કીંગના જીવનના ભોગે પણ જો આવી સમાજરચના થશે તો તે એક આનંદ-જનક બીના હશે. જો એમ બને તો ડો૦ કીંગે આપેલો ભોગ નિરર્થક ગયો નહિ ગણાય. કેમકે આવી એકતા સાધવા માટે પોતાનો જીવ આપવો પડે તો તે માટે તેમની પૂરી તૈયારી હતી જ.

તેમણે એક ઠેકાણે લખ્યું છે, "સૌથી પહેલું એ અગત્યનું છે કે બે મોટા પક્ષો–હબસીઓ અને ઉદારમતવાદી ગોરાઓ–નું એવું સંગઠ્ઠન થાય કે તે સાચા દિલથી ગરીબો માટે કામ કરે. ડો૦ કીંગ જ્યારે ગરીબોને માટે કંઈ કહેતા ત્યારે ગોરા કે કાળાનો ભેદભાવ તેમના દિલમાં લેશમાત્ર નહોતો.

છેલ્લે છેલ્લે આ પ્રકારની ભૂમિકા તૈયાર કરવા પાછળ તેમણે પોતાની બધી શકિત વાપરી હતી. વોશીંગ્ટન ઉપર મોરચો લઈ જવાનો જે કાર્યક્રમ એમણે યોજ્યો હતો તે એ જાહેર કરવા માટે જ હતો કે કોઈ પણ ગરીબ માનવી, પછી તે હબસી હોય, રેડ ઈન્ડીયન હોય, કે બીજી કોઈ કચડાએલી જાતિનો હોય, પણ બધાને સમાન અધિકાર મળવો ઘટે. આ જાતિભેદની લાગણીને તેઓ પાયાનો અવ-રોધ ગણતા, જો એ દૂર થાય તો તેમાં હબસીઓની મુકિત પણ સમાઈ જાય છે એમ તેઓ માનતા.

આ કલ્પના પાછળ તેમનું આધ્યાત્મિક ચિંતન અને અમેરિકન પ્રજાના મૂળભૂત સંસ્કાર એ બેનો તેમને આધાર હતો. એટલે એક બાજુથી "મુકત થયેલા હબસીઓ તરફથી તમારે કોઈ જાતનો ભય રાખવાની જરૂર નથી" એમ ગોરાઓને તેઓ સમજાવતા અને બીજી બાજુથી, ગોરાઓ અમને કચડી નાખનારા છે એવી દઢ થઈ ગયેલી માન્યતાને કાઢી નાખવા તેઓ હબસી ભાઈઓને સમજાવતા. બન્નેને એકબીજાની જરૂર છે એ વાત બન્ને પક્ષના દિલમાં જો ન ઊતરે તો કોઈ પ્રગતિ થવાની શકયતા નથી એમ તેઓ માનતા હતા. તેઓ કહેતા; જો એકબીજા પ્રત્યેના ભયની શંકાની લાગણી બન્ને પક્ષના મનમાંથી નીકળી જાય તો જ એ સાચી મુકિત હશે, તો જ બધા ભાઈચારાથી સાથે રહી શકશે.

હતાશ થયેલા પોતાના અનુયાયીઓને તેમણે સમજાવ્યું કે તમે શંકાશીલ રહ્યા કરશો તો તે તમને ડગલે ને પગલે બંધનરૂપ થશે. વળી, જે ગોરા મિત્રો આપણા કારણે મૃત્યુને ભેટયા, જેમણે આપણા કારણે આર્થિક લાભો જતા કર્યા, અને જેઓએ રાજ્ય તરફની કનડગતિઓ વહોરી લીધી તે બધાની તમે અવગણના કરી ગણાશે.

એમની વિશિષ્ટ નીતિ–કાર્યપદ્ધતિ

ડો૦ કીંગની અહિંસક નીતિથી અકર્ષાઈને જ ગોરા મિત્રો હબસી પ્રજાની પડખે રહી લડયા હતા. તેઓનું માનવું હતું કે આ સામાજિક સુધારામાં તેમના પોતાના પણ નૈતિક અને આર્થિક લાભો સમાયા છે.

આ અહિંસક નીતિને જ પકડી રાખવાનું તેમને બીજું એક કારણ એ હતું કે તેઓ દઢતાથી માનતા હતા કે ગમે તે થાય પણ અમેરિકન ગોરાઓને અને અમેરિકન હબસીઓને સાથે રહીને જ જીવવાનું છે. બેમાંથી કોઈ એકને પણ કાઢી મૂકી શકાય તેમ નથી. એક વખતે તેમણે મને કહ્યું હતું કે "મારું કાર્ય મહાત્મા ગાંધી કરતાં વધારે કપરું છે. મહાત્માજીએ ગોરાઓને ભારતની બહાર કાઢવાના હતા, પણ અમે એ કલ્પના કરી શકીએ તેમ નથી."

લડાઈ પૂરી થયા પછી ગોરાઓની જેમ તે પોતે પણ યુ. એસ. એ. ની સીમાની અંદર જ રહેવાના છે એ નગદ સત્ય તે જાણતા હતા અને તેને અનુસરીને પોતાની નીતિ તેમને ઘડવાની હતી.

આવી લડાઈમાં, માનવીનું શાણપણ કહે છે કે, કોઈ વિજેતા હોઈ ન શકે. ઉલટું વિરોધીઓએ પણ એક જ વાવટો હાથમાં લઈને અને એક જ સૂત્ર પોકારતાં સાથે સાથે કૂચ કરવી જોઈશે. ડો૦ કીંગને અહિંસામાં શ્રદ્ધા હોવાનું આ પણ એક કારણ હતું.

તેઓ કહેતા કે, Black Power–બ્લેક પાવર–ની એક નબળાઈ એ છે કે તેઓ જોઈ શકતા નથી કે હબસીઓને ગોરાઓ વિના ચાલવાનું નથી અને ગોરાઓને હબસીઓ વિના ચાલવાનું નથી. બ્લેક પાવર ગમે તેટલા બૂમબરાડા પાડી સૂત્રો બોલે, પણ એવો કોઈ તેમના માટેનો જુદો માર્ગ નથી જે દ્વારા તેઓ પોતે સત્તા અને સગવડો મેળવી શકે અને તેમાં ગોરાઓને કંઈ લાગેવળગે એવું ન હોય. તેમ જ તે મેળવવા માટે ગોરાઓનો પણ કોઈ એવો જુદો માર્ગ ન હોય કે જેમાં કાળાઓને કંઈ લાગતું-વળગતું ન હોય.

આ બધી દલીલો તેઓ ગોરાઓ સાથે કરતા અને કાળાઓ સાથે પણ કરતા. પણ છેલ્લે છેલ્લે પલ્લું એમના વિરોધીઓ તરફ નમતું જતું હતું કે જેઓ તેમને છોડી ગયા પછી ભયજનક રીતે મજબૂત બનતા જતા હતા.

સંકુચિત માનસ

બહુ દુ:ખિત હૃદયે તેઓ આ બધું તેમને કહેતા. થાકયા વગર લાંબા વખત સુધી તે તેમની સાથે ચર્ચાઓ કરતા. જેના કારણે બીજા-ઓના દિલમાં કાળાઓ પ્રત્યે નફરત ઊપજે છે તે સંકુચિત માનસ તજી દેવા તેઓ તેમને ખૂબ સમજાવતા.

ગોરા અને કાળા મિત્રો બનીને ભાઈચારાથી સાથે રહી શકે છે તેમાં તેમને અખૂટ શ્રદ્ધા હતી, અને પોતાની બુદ્ધિશકિતથી તેમ જ વાણીચાતુરીથી આ બધું તેઓ બીજાઓને સમજાવતા. અંતરની શુભનિષ્ઠાથી કરેલાં ઘણાં કાર્યોમાં તેમને મળેલી સફળતાના અનેક દાખલાઓ તેઓ આપતા. અને હબસીઓને અલગ પાડી નાખવાથી ભોગવવી પડનારી મુશ્કેલીઓની તેઓ ચેતવણી આપતા.

હબસીઓ કોઈ દિવસ જીતી શકવાના નથી એવી દઢ માન્યતા થઈ જવાથી જે કેટલાક હબસીઓ "નિહિલિસ્ટ ફિલોસોફી" તરફ ઢળ્યા હતા તે માટે પોતાને થતું દુ:ખ તેઓ છુપાવી શકતા નહોતા. તેનો શું પ્રત્યાઘાત આવશે તે પણ તેઓ સમજતા હતા. તેમને ઉતારી પાડનારાઓ પ્રત્યે પણ તેઓ અનુકંપા દર્શાવતા અને સાથે સાથે તેમની માન્યતાઓનો પણ એટલા જ પ્રેમથી તેઓ વિરોધ કરતા.

તેમને તેઓ મહાત્મા ગાંધીનો માર્ગ સમજાવતા. જેઓ ગોરાઓ પ્રત્યે તિરસ્કારથી જોતા તેમના દિલમાં અહિંસાની તાકાતથી પરિ-વર્તન લાવવાના તેઓ હંમેશા પ્રયત્નો કરતા. જ્યાં સુધી કંઈ પણ આશાનું કિરણ દેખાતું હતું ત્યાં સુધી તેમના અનુયાયીઓ તેમની પડખે રહ્યા, પણ આ આશા ૧૯૬૫ ના સિવિલ રાઈટસ બિલ પસાર થવાથી જ્યારે તૂટી પડી ત્યારે તેમાંના ઘણા નિરાશ થઈ ગયા. જેણે તેમનામાં આશાઓ જન્માવી હતી તેના જ તેઓ પ્રતિસ્પર્ધી બની ગયા, એટલું જ નહિ પણ, એમની તેમણે ઠેકડી ઉડાડવા માંડી.

ડૉ. કીંગે તેમને માફી આપી, તેમના વિષે દિલમાં કોઈ ડંખ ન રાખ્યો, પણ પોતે પોતાના માર્ગથી જરા પણ ચલાયમાન ન થયા. તેઓને થતું દુ:ખ તે સમજતા હતા અને સાથે એ પણ સમજતા હતા કે હતાશ થઈ જઈને સક્રિય કાર્યક્રમને થંભાવી દેવાથી કોઈ ક્રાન્તિને સફળ બનાવી શકાતી નથી.

સફળતાનો માર્ગ

પોતામાં જે અહિંસા ઉપરની દઢ શ્રદ્ધા હતી, તેનું ફરી ફરીને રટણ કરી બીજાઓની શંકાઓ તેઓ દૂર કરતા. "મક્કમતાથી ઊભા રહેવું, અહિંસક રીતે આગળ વધવું, કયાંક પાછા પડયા તો તે સ્વીકારી લઈ આશા ભાંગવા ન દેવી." આ સફળતા માટેનો શ્રેષ્ઠ માર્ગ છે એ તેમના સાથીઓને ગળે ઉતારવા તે સતત મથતા રહેતા.

તેઓ કહેતા, "સત્યના માર્ગે ચાલવા માટે જે કંઈ સહન કરવાનું આવે તે સહન કરવું જોઈએ એમ સમજીને ચાલીએ તો

આપણે માનવજીવનની સર્વોચ્ચ સ્થિતિએ પહોંચીએ. આપણામાં તેમ જ અમેરિકન સમાજમાં પરિવર્તન આણવાની આ તક છે, આજની પેઢી માટે આ એક કસોટી છે એ સમજવાની જો દૃષ્ટિ આવે તો એકબીજા વચ્ચે કડવાશ થવામાંથી પોતાને બચાવી શકીએ તેમ છે." આમ તેઓ કહેતા, પણ વાસ્તવિકતામાં આવું પરિવર્તન આવશે તે અંગે તેમને બહુ ઓછી આશા હતી.

એમની અહિંસા ઉપરની શ્રદ્ધા વિષે સૌ કોઈ જાણકાર હતા, પણ એ શ્રદ્ધાની ગંભીરતા અને પવિત્રતા વિષે બહુ ઓછાને ખ્યાલ હશે. પણ આ શ્રદ્ધાના બળે જ પોતાના જાતભાઈઓનો સાથ ખોવાનો તેમને કોઈ ભય નહોતો. તેઓનું હિંસા તરફ વધતું જતું વલણ તેમને જરા પણ ડગાવી શકયું નહોતું.

ઊલટું તેઓ કહેતા, "સમય પ્રમાણે કૂદકો મારવો તેમાં હું માનતો નથી. એક હોંશિયાર નેતા એકતાની શોધમાં નથી નીકળતો, તે તો એકતાનો ઘડવૈયો બને છે."

એક બીજી વખતે તેમણે કહેલું, "યુનાઈટેડ સ્ટેટ્સનો એકેએક હબસી હિંસાવાદી બની જાય તો હું એકલો ઊભો રહીને પણ "તમારો રસ્તો ખોટો છે" એમ પોકારવાનું પસંદ કરીશ. તે એક આત્મશ્રદ્ધાવાન માણસ હતો, કોઈના ચીલે ચાલનારો નહોતો.

હિંસા તરફ ઢળતા પોતાના જાતભાઈઓને તેઓ કહેતા, "આ રીતે તમે અજાણપણે પણ અમેરિકન જીવનમાં જે ખરાબમાં ખરાબ છે, જે પાશવિક બળ છે તેનું અનુકરણ કરો છો. તમે એક અનિષ્ટને દૂર કરવા બીજું અનિષ્ટ ઊભું કરો છો. કોઈને તિરસ્કારવું તે તિરસ્કાર કરનાર તેમ જ તિરસ્કૃત થનાર બન્નેને એકસરખું નુકસાનકારક છે." આ ગાંધીના સિદ્ધાંતનો જ પડઘો છે.

હમણા હમણામાં તે બે મોરચે લડતા હતા. "Black Power અને White Power" બન્નેની વચ્ચે તે ઊભા હતા. અહિંસા ઉપરનો દૃઢ વિશ્વાસ એ જ તેમનું રક્ષણ કરનાર બખ્તર હતું. છેક છેલ્લે પાટલે જઈ બેઠેલાઓના હુમલાથી બચવું એ ખૂબ મુશ્કેલ કાર્ય હતું. આવે સમયે પણ બંને પક્ષને પ્રેમના પંથે વાળવાના તેઓ પ્રયત્નો કરતા.

Disillusionment – ભ્રમનિરાસ

મૃત્યુ પહેલાંના થોડા વખતથી ડૉ. કિંગમાં તત્કાલિન પરિસ્થિતિ અંગેના ભ્રમનું નિરસન થતું જતું દેખાતું હતું. આના લીધે તેઓ વધારે જોરદાર આક્રમણકાર બન્યા હતા, જો કે એ આક્રમણ હિંસાથી તદ્દન દૂર રહેનારું હતું. તેમની ફરિયાદ હતી કે તેમના ગોરા મિત્રો ધીરે ધીરે તેમને તજતા જતા હતા. હબસીઓ પ્રત્યે જે અપમાન અને ક્રૂરતા બતાવવામાં આવતી હતી તે નાબૂદ કરાવવામાં ગોરાઓનો તેમને સાથ હતો, પણ જ્યારે હબસીઓએ બધી રીતે સમાન હકની માગણી કરી ત્યારે તે મિત્રો ખસવા લાગ્યા હતા.

ત્યારે તેમણે ગોરાઓને કહ્યું: "ખૂન થતું અટકાવવું એ એક વાત છે, અને ભાઈ બનાવી જોડે બેસાડવો એ જુદી વાત છે."

એ ગોરા મિત્રો હબસીઓના પ્રશ્નો પ્રત્યે કેમ બેદરકાર અને વિમુખ થતા જાય છે, કેમ ટેકો આપવામાંથી પાછા ફરતા જાય છે તેનું મૂળ કારણ શોધવામાં તેઓ પડયા.

"જેમ જેમ સમસ્ત પ્રજા કાળી પ્રજા પ્રત્યેના કટુરતાભર્યા પ્રતિકૂળ વ્યવહારથી ધીમે ધીમે વધારે વ્યાપક અને ઊંડા એવા સમાનતાલક્ષી તત્ત્વો તરફ ઢળતી જાય છે તેમ તેમ ગોરી પ્રજા 'Status quo' ને – જે હતું તેને – વળગી રહેવાનો અને જરા પણ આગળ નહિ વધવાનો આગ્રહ સેવતી બનતી જાય છે. સમાનતા–સૂચક ઉપર ઉપરના થોડા હક્કો આપવાથી કાળા ગોરાનો ઝગડો પતી જશે એમ માનીને તે ગોરી પ્રજાએ નિરાંત ચિન્તવી હતી, પણ હવે તેને ભય લાગે છે કે સર્વ સૂચિત ફેરફારો સ્વીકારવા જતાં તે પોતે જ કયાંની કયાં ફેંકાઈ જશે."

"તેમના વલણમાં આ પ્રકારનો દેખાતો ફેરફાર સમાનતા તરફ પ્રગતિ કરવા જતાં કેટલો મોટો ભોગ આપવો પડે તે અંગેની સભાનતાને કેટલાક અંશે આભારી છે એમ તેમને લાગ્યું.

એક હોટેલમાં જમવું, જાહેર બગીચાઓમાં વિના રોકટોકે ફરવું, પુસ્તકાલયોમાં નિર્ભયપણે જવું વગેરે શરૂઆતમાં જે થોડા સુધારાઓ થયા તે તો બહુ સહેલાઈથી મળ્યા. મત આપવાના અધિકાર માટે પણ મોટી કિંમત ચૂકવવી પડી નથી. આટલી હદ સુધીનું બધું ગોરાઓને કબૂલ હતું. એ માત્ર એક માનસિક બાંધછોડની વ્યવસ્થા હતી.

પણ હવે ભવિષ્યના ફેરફારો કે જેનાથી સંપૂર્ણ સમાનતા પ્રાપ્ત થતી હતી, જેવી કે – ઝૂંપડપટ્ટીઓ નાબૂદ કરવી, સુંદર સગવડતાઓવાળી વધારે સ્કૂલો બાંધવી, બેકારો માટે બીજા કામધંધા ઊભા કરવા – આ બધું કરવા માટે અબજો ડૉલરો જોઈએ, એટલે કે ગોરાઓના અબજો ડૉલરો. એનો અર્થ એ કે ગોરાઓના ભોગે હબસીઓને સમાનતા મળે. કોઈ અમેરિકન ગોરો આવો ભોગ આપવા તૈયાર નથી. ઓછામાં ઓછું ડૉ. કિંગનું તો આવું માનવું હતું.

ડૉ. કિંગને એમ લાગતું હતું કે પોતાના જાતભાઈઓ અને ગોરા મિત્રો બન્ને તરફથી તેઓ ફેંકાઈ જવાના છે. "look" ના તેમના છેલ્લા લેખમાં તેમણે લખ્યું છે કે આ હકીકત અનિવાર્ય છે. અહિંસક આંદોલન કે જેણે નાગરિક હકોની ચળવળમાં મુખ્ય ભાગ ભજવ્યો હતો તે છેલ્લા બે વર્ષ થયાં વિશેષ પરિવર્તન આણવાની દિશામાં કોઈ વિશેષ કામગીરી બજાવી શકયું નથી.

New Slogan - નવો નારો

તેથી તેમણે નવું સૂત્ર ઉચ્ચાર્યું, "અહિંસક યુદ્ધ." તેમણે પોતાના અહિંસાના સિદ્ધાંતને માન્ય રાખીને પણ પોતાના જાતભાઈઓને અનુકૂળ થવા "યુદ્ધ" શબ્દ ઉમેર્યો. મહાત્મા ગાંધીએ પણ ભારતીય યુવાનો જ્યારે બળવો કરવાની અણી ઉપર આવી ગયા હતા ત્યારે સને ૧૯૪૧ માં આમ જ કર્યું. તેમણે "હિંદ છોડો" નો નાદ જગાવ્યો, જે અહિંસાના સિદ્ધાંતને આંચ આવવા દીધા વિના ભારતીય યુદ્ધખોર યુવાનોને બંધબેસતો થઈ ગયો.

ડૉ. કિંગે પણ વૉશિંગ્ટનથી શરૂ કરી અમેરિકાભરમાં જે એક પછી એક મોરચાઓ લઈ જવાની યોજના કરી હતી તેનો આશય "Black Power" ની વિચારસરણીનો પોતાની સાથે મેળ મેળવવા માટે જ હતો. તેની પાછળ એ હેતુ પણ હતો કે "Black Power" ની તાકાતને વિનાશકના બદલે વિધાયક કાર્યક્રમ તરફ વાળવી.

આ નવી ચળવળ એમણે હબસી પ્રજાને આર્થિક સમાનતા મળે એ એક જ સ્પષ્ટ ઉદ્દેશને અનુસરીને શરૂ કરી હતી. સાથે અહિંસા ઉપર ભાર પણ તેઓ આપતા રહ્યા હતા. તેમણે ચોકખા શબ્દોમાં જાહેરાત કરી કે, "જેઓ અહિંસક રહેવાને તૈયાર ન હોય તેમણે આ દેખાવો યોજવા નહિ કે તેમાં ભાગ લેવો નહિ."

જે કંઈ શકય હોય તે બધાં જ સાધનો અને સાધનોનો સમન્વય સાધીને તેઓ આગળ વધવાના હતા. તેમની માગણીઓ સ્વીકારાવવા માટે અને તેના માટે જે પૈસાની જરૂર પડે તે મેળવવા માટે કૉંગ્રેસ ઉપર દબાણ લાવવાનો તેમનો આ કાર્યક્રમ હતો.

તેમનું માનવું હતું કે માત્ર આ જ રીતે અમેરિકાને દુશ્મન દેશ જેવા બે ભાગલા પડવામાંથી બચાવી શકાશે.

અનુવાદક: **શ્રી મેનાબહેન નરોત્તમદાસ શેઠ**

મૂળ અંગ્રેજી: **શ્રી એચ. આર. વોરા**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સભા

☆

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા જૂન માસની ૮મી તારીખ શનિવારે સાંજના પાંચ વાગ્યે સંઘના કાર્યાલયમાં મળશે, જે વખતે નીચે મુજબનું કામકાજ હાથ ધરવામાં આવશે:–

(૧) ગત વર્ષના વૃત્તાંતને તથા સંઘ તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયલયના ઑડીટ થયેલા હિસાબોને મંજુરી આપવી.

(૨) નવા વર્ષનું અંદાજપત્ર મંજુર કરવું.

(૩) સંઘના અધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી કરવી.

(૪) સંઘ તથા વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટરોની નિમણુંક કરવી.

વાર્ષિક સામાન્ય સભાના ઉપર જણાવેલ સમયે વખતસર ઉપસ્થિત થવા સર્વે સભ્યોને વિનંતિ છે.

સભાસ્થળ:
સંઘનું કાર્યાલય,
૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ,

☆

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

સમય
તા. ૮-૫-૬૮ સાંજના–૫

પ્રકીર્ણ નોંધ

'જૈન કલીનીક'માંથી 'કૉન્વેસ્ટ જૈન કલીનીક ગ્રુપ ઑફ હોસ્પિટલ્સ'નો ઉદ્‌ભવ

મુંબઈના સ્થાનકવાસી જૈન સંઘ તરફથી ૧૯૪૮-૪૯ માં તદ્દન નાના પાયા ઉપર માત્ર ૧૫ દર્દીઓથી શરૂ કરવામાં આવેલ દવાખાનું આજે "જૈન કલીનીક"ના નામથી ચોતરફ મશહૂર બન્યું છે, જેનો બેથી સવા બે લાખ દર્દીઓ વરસ દહાડે લાભ લે છે અને જેમાં ૧૨૦૦ જેટલાં સર્જીકલ ઑપરેશનો અને ૧૩૦૦ જેટલાં આંખનાં ઑપરેશનો થઈ રહ્યાં છે, અને જે આજે આસપાસ વસતા ઉપર નીચેના થરના લોકોને કશા પણ ભેદભાવ વિના વૈદ્યકીય રાહત આપી રહેલ છે. આ જૈન કલીનીક વૈદ્યકીય ઉપચારને લગતી લગભગ સર્વ શાખાઓથી સંપન્ન હતું, પણ તેની સગવડો બહુ જ મર્યાદિત હતી, અને ચારે બાજુએથી માંગ વધતી જતી હતી. આ માંગને ધ્યાનમાં લઈને જૈન કલીનીકના સંચાલકોએ જૈન કલીનીકની બાજુએ મેળવેલી જમીન ઉપર ૬૦ બિછાનાંઓનો સમાવેશ થઈ શકે અને બીજી જરૂરિયાતની પુરવણી થઈ શકે એવા એક વિવિધલક્ષી હોસ્પીટલના મકાનનું બાંધકામ શરૂ કર્યું અને જે થોડા સમય પહેલાં પૂરું થયું. એટલે એ મકાનના ખર્ચને પહોંચી વળવા માટે સંસ્થાના સંચાલકોએ ગયા ફેબ્રુઆરી મહિનામાં છ લાખની રકમ પોતાના સમાજમાંથી એકઠી કરવાનો સંકલ્પ કર્યો. આ દિશાએ શરૂ કરવામાં આવેલા સંચાલકોના જૂથ-બંધી પુરુષાર્થના અને તેમના સમાજે તે પ્રયત્નને આપેલા અસાધારણ ઉદારતા દાખવતા આવકારના પરિણામે એપ્રિલ માસની આખરમાં આ ભંડોળમાં એકઠી થયેલી રકમ મૂળ ધારેલી છ લાખની રકમને ઠેકાણે ૧૫ લાખની સીમાને પણ વટાવી ગઈ. આ ગંજાવર ભંડોળમાં કૉન્વેસ્ટ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી મળેલી છ લાખની રકમનો પણ સમાવેશ થાય છે, જેના પરિણામે પ્રસ્તુત હૉસ્પીટલને 'કાન્વેસ્ટ જૈન કલીનીક ગ્રુપ ઑફ હૉસ્પીટલ્સ' એ મુજબનું નામ આપવાનું અને હૉસ્પીટલના નવા મકાનને 'કૉન્વેસ્ટ ટ્રસ્ટ બીલ્ડીંગ' એ મુજબનું નામ આપવાનું ઠરાવવામાં આવ્યું છે.

આ નવા મકાનનું ઉદ્‌ઘાટન તા. ૨૮મી એપ્રિલના રોજ શ્રી રતિલાલ આણંદજી દોશીના હાથે કરાવવામાં આવ્યું. આ સમારંભના પ્રમુખસ્થાનને સાહુ શ્રેયાંસપ્રસાદ જૈને શોભાવ્યું હતું અને અતિથિવિશેષ તરીકે શ્રી મનુભાઈ પી. સંઘવી પધાર્યા હતા. પછીના દિવસે સન્મુખાનંદ હાલમાં આ સમારંભના અનુસંધાનમાં 'જૈસલ તોરલ' નું નાટક રાખવામાં આવ્યું હતું, જે પ્રસંગે શેઠ પ્રતાપભાઈ ભોગીલાલ પ્રમુખસ્થાને હતા અને શ્રી કાન્તિલાલ કેશવલાલ અતિથિ-વિશેષ હતા.

આ કાર્યને આવી અણધારી સફળતા મળવામાં અનેક વ્યકિત અને શકિતઓનો હિસ્સો રહેલો છે, તેમાં કોના નામનો ઉલ્લેખ કરવો ને કોના નામનો ન કરવો? આમ છતાં પણ તેના સવિશેષ યશ-ભાગી તરીકે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રી ગિરધરલાલ દફ્તરી, શ્રી રમણીકલાલ કોઠારી, શ્રી છોટુભાઈ કામદાર, શ્રી નાથાલાલ શાહ, તથા જૈન કલીનીકના ચિફ મેડિકલ ઓફિસર ડૉ. કે. એમ. સાંગાણી-નાં નામોનો ઉલ્લેખ કરવો જ રહ્યો. આ કાર્યકર્તાઓ આપણા હાર્દિક અભિનન્દનના અધિકારી બને છે.

હૉસ્પીટલના મકાનના ઉદ્‌ઘાટન-સમારંભ પ્રસંગે થયેલાં વકતવ્યોમાં મુખ્યપણે તરી આવતી બાબત એ હતી કે આપણે આ એક એવું કાર્ય કરી રહ્યા છીએ કે જે કેવળ એક સમાજ યા વર્ગના લાભ માટે નથી, પણ સર્વજનહિતાય છે-એ હકીકતને સૌ કોઈ ગૌરવપૂર્વક અને અનેરા આનંદપૂર્વક આગળ ધરી રહ્યા હતા. આને હું એક મોટું શુભચિહ્ન લેખું છું. જે દુનિયામાં આપણે વસી રહ્યા છીએ તે દુનિયાને આપણે જો આ રીતે-આવી વિશાળ ભાવનાથી-જોતા થઈએ અને આપણી સંપત્તિ અને સામાજિક સગવડોના સૌ કોઈને ભાગીદાર બનાવતા થઈએ તો આપણામાં રહેલો સાંપ્રદાયિક વૃત્તિમાંથી પેદા થતો અલગતાનો ભાવ સહેજે ઓસરી જાય અને આપણું જીવન સહજપણે સર્વલક્ષી-સર્વોદય-લક્ષી બની જાય.

પ્રાકૃત ભાષા તેમ જ સાહિત્ય પર આગામી પરિસંવાદ

પ્રોફેસર ડૉકટર એ. એન. ઉપાધ્યાય (ધવલા, રાજારામપુરી, કોલ્હાપુર-૧) તરફથી મળેલો પરિપત્ર જણાવે છે કે "શિવાજી વિશ્વવિદ્યાલય, કોલ્હાપુરના તત્ત્વાવધાનમાં વિશ્વવિદ્યાલય અનુદાન આયોગની સહાયતાથી આ ગ્રીષ્માવકાશમાં ૧૨મી મે બુધવારથી ૨૫મી મે સુધી 'પ્રાકૃત ભાષા તેમ જ સાહિત્ય' ઉપર એક પરિ-સંવાદ આયોજિત કરવામાં આવ્યો છે. દેશના પ્રસિદ્ધ વિદ્વાનો-વિશે-ષતઃ પ્રાકૃત ભાષા તથા સાહિત્યના પંડિતો-આ પરિસંવાદમાં સંમીલિત થવાના છે.

"પ્રાકૃત ભાષાના અધ્યયનનું મહત્વ સર્વવિદિત છે. હિન્દી, ગુજરાતી, મરાઠી વગેરે આધુનિક ભારતીય ભાષાઓની ઉત્પત્તિ તથા તેનો વિકાસ ભિન્ન ભિન્ન પ્રાકૃત ભાષાઓ દ્વારા થયો છે, એટલું જ નહિ પણ, દ્રવિડ કૂળની કન્નડ વગેરે ભાષાઓનો શબ્દભંડાર પણ પ્રાકૃતોની સહાયતાથી સમૃદ્ધ બન્યો છે. ભારતના પ્રાચીન શિલાલેખ, નાટક, અલંકાર, ગ્રંથ તથા મુકતક સાહિત્યમાં પ્રાકૃત ભાષાઓનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. પાલીમાં લખાયેલા ત્રિપિટક સમાન અર્ધમાગધીમાં રચાયેલું આગમ સાહિત્ય પણ મહત્ત્વપૂર્ણ છે. ભારતીય વિચારધારા તથા સંસ્કૃતિની સમૃદ્ધિમાં પ્રાકૃત ભાષાનું વિશેષ યોગદાન છે. ભારતીય વિદ્યા વિભિન્ન ક્ષેત્રોમાં પ્રસ્તુત છે. આ અંગેનું શોધકાર્ય પ્રાકૃત ભાષા તેમ જ સાહિત્યના અધ્યયન વિના અધૂરું જ રહેવાનું. પ્રાકૃત ભાષા તેમ જ સાહિત્યના ક્ષેત્રમાં પાશ્ચિમાત્ય તેમ જ પૌર્વાત્ય પંડિતોએ વ્યકિતગત રૂપમાં વિપુલ અનુસંધાન કર્યું છે તેમ જ આજે પણ કરી રહ્યા છે. આ ક્ષેત્રમાં જેટલું કાર્ય થયું છે તેથી વધારે કાર્ય કરવાનું હજુ બાકી છે. આપણા દેશમાં આ માટે વિપુલ સાહિત્ય તેમ જ સાધન ઉપલબ્ધ છે. આ ક્ષેત્રમાં આજ સુધી કરવામાં આવેલ અનુસંધાનના સંદર્ભમાં ભારતીય વિદ્યાઓની સમૃદ્ધિ માટે ભવિષ્યમાં જે કાંઈ કાર્ય કરવાનું છે તેનું દિશાદર્શન આ પરિસંવાદમાં કરાવવામાં આવશે.

"પ્રાકૃતના પ્રસિદ્ધ પંડિત ડૉ. પરશુરામ લક્ષ્મણ વૈદ્યજીના નેતૃત્વમાં આ પરિસંવાદની તૈયારીનો પ્રારંભ થઈ ચૂકયો છે. અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા સંમેલનના ભૂતપૂર્વ અધ્યક્ષ ડૉ. આ. ને. ઉપાધ્યે, ડીન કલા - સંકાય, શિવાજી વિશ્વવિદ્યાલય, આ પરિસં-સંવાદના નિર્દેશક છે."

પ્રાકૃત ભાષાના અધ્યાપન અંગે સેવાતી શોચનીય ઉદાસીનતા

પ્રાકૃત ભાષા અને સાહિત્યના અભ્યાસ અંગે આજે ચોતરફ વધતી જતી ઉદાસીનતા તરફ નિર્દેશ કરતાં પં. બેચરદાસ તેમના તરફથી તાજેતરમાં મળેલા એક પત્રમાં જણાવે છે કે:-

"કૉલેજોમાં તથા હાઈસ્કૂલોમાં પ્રાકૃત ભાષાનો અભ્યાસક્રમ દાખલ તો થયેલ છે, પણ તે અંગે સંચાલકો ભારે ઉપેક્ષા રાખે છે, અને તે અભ્યાસ-ક્રમની આજે ભારે કરુણ દશા થયેલ છે. સંચાલકોને એવો ભ્રમ થયેલ છે કે આ તો જૈનોની ભાષા છે. એટલે સંકુચિત દૃષ્ટિ રાખીને એ અભ્યાસક્રમ અંગે કશી કાળજી કરતા નથી. અને આપણા જૈન બંધુઓ તો આ અંગે કશો રસ જ દાખવતા નથી અને મુનિઓને તો વિદ્યાર્થીઓ આ ભાષાનો અભ્યાસ કરીને જાતે આગમો વાંચે એ વાત જ ગમતી નથી. એથી મહામહેનતે દાખલ કરાવેલો આ અભ્યાસક્રમ આજકાલ બધી શાળાઓ અને કૉલેજોમાં ડગુમગુ થઈ રહ્યો છે.

"બ્રાહ્મણ પરંપરાની જેમ સંસ્કૃત-ભાષા પ્રધાન છે તેમ શ્રમણ પરંપરાની પ્રાકૃત-ભાષા-પ્રધાન છે. એટલે બન્ને ભાષા તરફ સમદૃષ્ટિ રાખીને શાળા તથા કૉલેજના સત્તાવાળાઓ બન્ને ભાષાનો અભ્યાસક્રમ બરાબર ખંતથી ચલાવે એ વાત ખાસ વિચારવા તેમ જ ચર્ચવા જેવી છે. આ વાત હું સંપ્રદાયની દૃષ્ટિએ નથી લખતો, પણ સંસ્કૃતિના - ભારતીય સંસ્કૃતિના અભ્યાસની દૃષ્ટિએ જ આ વાત તમને હું જણાવું છું."

પરમાનંદ

નવી દુનિયામાં–૫

આજે અનુભવ્યું કે બરફની વર્ષા કેવી રીતે કેવા ક્રમે થાય છે અને બધું જ બરફથી કેવું છવાઈ જાય છે. આજે સવારથી જ હવા સાથે બરફની વર્ષા થઈ રહી હતી. તે સાંજ સુધી થઈ. એટલામાં તો બધે ય ૧૪ ઈંચ જેટલો બરફ છવાઈ ગયો. છેલ્લા ૯૨ વર્ષમાં આવી ભારે બરફની વર્ષા માર્ચ માસમાં થઈ નથી. ૧૯૪૪ ના ડીસેમ્બરમાં ૨૧ ઈંચ થઈ હતી. આજે મંગળવાર હોઈ મારે યુનિવર્સિટીમાં જવાનું હતું. વરસતા બરફમાં ચાલીને તો જઈ શકાય તેમ હતું નહિ એટલે ટેકસીમાં ગયો. બધી જ સડકો - પગદંડીઓ બરફથી છવાઈ ગઈ હતી. મોટરને પણ ચાલવામાં મુશ્કેલી પડતી હતી. હવાની સાથે રૂના પોલની જેમ બરફની વર્ષા થાય છે અને બરફના રજકણો હવાની સાથે પતંગિયાની જેમ ઉડે છે. જમીન, આકાશ બધું જ બરફમય બની જાય છે. સર્વત્ર ધવલિમા છવાઈ જાય છે. યુનિવર્સિટીથી પાછા વળતા ટેકસી મંગાવી હતી એટલે રાહ જોઈને ઊભો હતો. એક વૃદ્ધ સજ્જને કહ્યું - હીંમત નથી? મેં કહ્યું ટેકસી મંગાવી છે. પણ તે સમયસર આવી નહિ, એટલે મેં તો ચાલવા માંડયું. નાનપણમાં અમારા ગામના રૂ પીલવાના જીનમાં હું રમતો હતો તે યાદ આવ્યું. રૂના ઢગલામાં ખોવાઈ જઈએ - એમ તો અહિં ન બન્યું, પણ પાંચ - છ - ઈંચના બરફના ઢગલામાં ચાલતાં, રૂમાં ચાલતા હોઈએ એવો જ અનુભવ થાય છે. ખાંડના ઢગલા જેવું લાગે, પણ ખાંડની કઠોરતા નહિ પણ રૂની નરમાશનો અનુભવ થાય. બરફ પડતો હોય ત્યારે તેને કારણે વિશેષ ઠંડીનો અનુભવ થાય છે એમ નથી, પણ જો પવનનો સપાટો હોય તો જ ઠંડી લાગે છે. પણ પવનના સપાટાએ તેનો પ્રભાવ તો રાત્રે લગભગ આઠ વાગ્યે દેખાડયો. સમગ્ર ટોરોન્ટો શહેરની વીજળી ખોરવાઈ ગઈ. રાત્રે વીજળીના ઝગમગાટમાં અહીં આવ્યા પછી અંધારિયું કે અજવાળીયું છે તેની કશી જ ખબર પડી ન હતી. પણ આજે પ્રથમ જ વાર અજવાળીયું અહીં કેવું હોય છે તેની ખબર પડી. સમગ્ર સ્થાનમાં બરફ છવાઈ ગયો હતો અને તેના ઉપર માત્ર ચન્દ્રનો પ્રકાશ ફેલાઈ રહ્યો હતો. સર્વત્ર ધવલિમાનું સામ્રાજ્ય નજરે પડયું. મોટા મોટા અનેક માળવાળા મકાનોમાં તારાની જેમ મીણબત્તીઓ ટમટમવા લાગી પણ આ કેન્દ્રીકરણનો વિચાર કરું છું ત્યારે ધ્યાનમાં આવ્યું કે અમારા અને બધા જ મકાનોમાં લીફ્ટ બંધ થઈ ગઈ હશે, પાણી બંધ થઈ ગયું હશે. વીજળીના ચૂલા બંધ થઈ ગયા હશે. રેફ્રીજરેટરનો ટમટમ અવાજ બંધ થઈ ગયો હશે. અને માનવી જેણે વિજ્ઞાન સર્જીને કુદરતને કબજે કરી છે તે આ પ્રસંગે કેવો અશરણ અને હતાશ હશે. ના, ના, એમ તો સાવ હારી જાય એવો નથી. માત્ર થોડી વાર, અડધો કલાક જ તેણે કેન્દ્રીકરણનું દારિદ્રય અનુભવ્યું. અને વળી પાછો વીજળીમાં રાચવા લાગ્યો. તેણે કુદરતને સર કરી છે પણ તેને ખોળે ખેલવાની તેની આવડત નથી. એ તો આ સાધનો અને સરંજામમાં જ જીંદગી પૂરી કરવાનો. આવો અપૂર્વ અવસર મળે તેનો આનંદ લેવાની તાકાત માનવીમાં રહી નથી. એ કુદરતનો રાજા ભલે હોય, પણ વિજ્ઞાનનો તો ગુલામ બન્યો છે. તે એટલે સુધી કે કુદરત સામું જોવાની પણ તેને ફુરસદ રહી નથી. અન્યથા એ અડધા કલાકમાં કુદરતી સૌંદર્ય નિહાળવાનો અપૂર્વ અવસર તે ગુમાવી શકે નહીં. જીવનમાં સગવડ અને સાધનની જરૂર છે, પણ એના ગુલામ બની જઈએ તો તો માનવતા હારી જ ગઈ ગણાય. આવા અવસરે પણ એક વાત વિષે મારે નોંધ લેવી જ જોઈએ. અમદાવાદમાં અને અન્યત્ર મેં અનેકવાર વીજળી બંધ થયાના અને અંધારપટ છવાઈ ગયાના પ્રસંગો જોયા છે. પણ જેવો તે અંધારપટ થાય છે કે એક મોટી કિકિયારી વાતાવરણમાં છવાઈ જાય છે. તેવું કશું જ મેં અહીં અંધારપટ વેળા સાંભળ્યું નહિ. તે આ પ્રજાની કેળવણીની વિશેષતા જ માનવી રહી. શિસ્તમાં આ પ્રજા માને છે અને તે શિસ્તના દર્શન આવા પ્રસંગે અવશ્ય થાય છે. આવું સમગ્રપ્રજાગત કશું જ્યારે જોવામાં આવે છે ત્યારે આ પ્રજા માટે માનની લાગણી થાય છે.

કામ વખતે કામની તત્પરતા અને રમતગમત વખતે તેની-તત્પરતા — એ ગુણ આ પ્રજાએ ગળથૂથીમાંથી જ લીધો હોય તેમ જણાય છે. આવેલ કામ કેમ શીઘ્ર પૂરું કરી દેવું – એની ફીકર અહીં બેંકમાં કે ઓફિસમાં કે બજારમાં જોવા મળે છે. એમ કહી શકાય કે અહીં શું સ્ત્રી કે પુરુષ - કામ વખતે ખડે પગે કામ કરતા હોય છે. પરિણામે ઓફિસોમાં અને બેંકમાં શનિ - રવિ રજા રાખી શકે છે. કામ કરવું નહીં અને ફાઈલના ઢગલા વધાર્યે જ જવા – એ આ પ્રજામાં નથી. એ દૂષણ આપણે ત્યાં છે. બેંકમાં ચેક આવ્યો કે રૂપિયા તમારા હાથમાં આવ્યા જ છે – એવી સરલ વ્યવસ્થા અહીં છે. ત્યારે આપણે ત્યાંની બેંકોનો અનુભવ છે કે ઓછામાં ઓછી દશ મિનિટ ન થાય તો એ બેંક શેની. ઘરડી ડોશી પોસ્ટમાં હોય એકલી જ, પણ ઊભી ઊભી બધું જ પતાવે છે, ત્યારે આપણે ત્યાં પોસ્ટના કલાર્ક મોટા સાહેબ થઈને બેઠા હોય છે અને જાણે કે આપણા ઉપર મોટો ઉપકાર કરતા હોય તેમ આપણું કામ ધીરે ધીરે પતાવે છે. ડોશી હસીને આપણું કામ કરી આપે છે જ્યારે આપણી પોસ્ટના કલાર્કને બીચારાને હસવાની ફુરસદ કયાં હોય છે? તેને તો પોતે સરકારી નોકર હોવાનો રૂઆબ દેખાડવાનો હોય છે. એ વળી આપણી સાથે હસી કેમ શકે? ગુલામ પ્રજાના આ દૂષણો સ્વતંત્ર થયા પછી પણ ગયા નથી, ઘટયા નથી, પણ વધ્યા હશે. સ્વતંત્રતા સાથે તમન્ના અને જવાબદારીના દર્શન જ્યારે થશે ત્યારે આપણો દેશ આગળ વધશે. આધ્યાત્મિકતાની વાતો કરવી હોય તો આપણે સૌથી આગળ છીએ પણ જીવનમાં નથી આધ્યાત્મિકતા કે નથી પૂરી લૌકિકતા. આ તો આ લોક અને પરલોક બન્ને બગડવાનો સોદો છે. અહીંના લોકો પરલોક કદાચ સુધારતા નહીં હોય, પણ આ લોકની ચિંતા તો જરૂર કરે છે.

ટોરોન્ટો. દલસુખ માલવણિયા

તા. ક.:–તા. ૧૩-૩-૬૮ ના છાપામાં આ બરફવર્ષાને કારણે જે અવ્યવસ્થા ઊભી થઈ હતી તેનું વર્ણન વાંચ્યું. રસ્તાઓમાં બરફ હોવાથી મોટરોની હારની હાર સડકો ઉપર જામી ગઈ, કીડી વેગે પણ મોટરો ચાલી શકે તેમ હતું નહીં. વળી ઘણી મોટરો અને ટ્રકો ભટકાણી, ઠંડીને કારણે ઘણી મોટરોના મશીન બંધ થઈ ગયા. એરોડ્રોમ એક કલાક માટે બંધ કરી દેવામાં આવ્યું અને મશીનો વડે ત્યાંના રસ્તા સાફ કરવામાં આવ્યા. વર્ષા દરમિયાન એક જ દિવસમાં ૧૬૦ અકસ્માતો થયા. એક જણ મૃત્યુ પામ્યો, ઘણા ઘાયલ થયા. ટોરોન્ટોની સડકો ઉપરથી બરફ સાફ કરવા માટે અહીંની મ્યુનિસિપાલિટી આ ઋતુમાં ફેબ્રુઆરીના અંત સુધીમાં ૨૨ લાખ ડોલર ઉપરાંત ખર્ચ કરી ચૂકી છે. કુલ આ ખાતે ૩૪ લાખ ઉપરાંતનું બજેટ છે. પચાસ માઈલની ઝડપથી વાયુ સાથે બરફની વર્ષા હતી. અહીંની સુધરાઈના કાયદા પ્રમાણે મકાનસામેની પગદંડીમાંથી બરફની સફાઈ મકાનમાલિકે કરવાની હોય છે. બરફને કારણે જો કોઈ પડી જાય અને હાડકા ભાંગે તો જે મકાન સામે માણસ પડી ગયો હોય તે મકાનના માલિકને દંડ થાય છે. આથી રાતભર મકાનમાલિકો તરફથી સડકની બન્ને બાજુની પગદંડીની સફાઈનું કામ ચાલુ હતું. સવારે મુખ્ય રસ્તાની સફાઈ થઈ ગઈ હતી. વાહનવ્યવહાર પૂર્વવત ચાલુ થઈ ગયો હતો. સવારે પણ મકાનમાલિકો તરફથી પગદંડીઓની સફાઈ ચાલુ જ હતી. બરફ જ્યારે જામી જાય છે ત્યારે તેના ઉપર ચાલવું અસંભવ બની જાય છે. બરફની લપસણી પ્રકૃતિ તેમાં આવી જાય છે. એટલે બરફ રસ્તા ઉપર જામે એ પહેલાં તે હટાવવો આવશ્યક છે. અન્યથા મોટરો લપસી પડે–આગળ વધી શકે નહીં. માણસ તો પડી જ જાય. જ્યાં સુધી એ બરફ જામ્યો ન હોય ત્યાં સુધી તે Snow (હિમ) કહેવાય છે. જામી જાય એટલે Ice (તુષાર) કહેવાય. દ. મા.

૧૪-૩-૬૮

કોણાર્ક અને ખજુરાહોનાં મૈથુન-શિલ્પો

ગુજરાતી 'ભૂમિપુત્ર'ના પંદરમા વર્ષના તા. ૧૬ માર્ચ-૧૯૬૮ના ૪૬૫મા અંકના ચોથા પૃષ્ઠ ઉપર વિનોબા ભાવેઓ તથા દાદા ધર્માધિકારીએ જે વિધાનો જાહેર કર્યાં છે,* તેમાં વિનોબા ભાવેએ ભાઈ શ્રી પરમાનંદભાઈ કાપડિયા સાથે એ વિષય ઉપર જે ચર્ચા કરેલી તેનો ઉલ્લેખ આપવામાં આવ્યો છે, દાદા ધર્માધિકારીએ એ જ વિષય ઉપર પોતાનો સ્વતંત્ર અભિપ્રાય ટૂંકામાં આપ્યો છે. એ વાંચતાં પ્રસ્તુત લખાણ લખવાને હું પ્રેરાયો છું. હમણાં જ આ શિલ્પોનો એક રશિયન કલાવિદ્, એક અમેરિકન પ્રવાસી તથા એક લેબેનોનના પ્રવાસી જોઈ આવ્યા. એકને ત્યાં લંબા સમય માટે રહેવાનું મન થઈ આવ્યું; બીજાને તેમાં કોઈ અદ્‌ભુત ફિલસુફી લાધી! ત્રીજાને એની સમજ જ ન પડી! એ વિવિધ પ્રત્યાઘાતો આપણે સમજી શકીએ તેમ છે; કારણ કે ભારત સિવાય બીજે ક્યાંય એવાં મૈથુન શિલ્પો અસ્તિત્વ ધરાવતાં નથી. મૈથુન શિલ્પ અને નગ્નતાદર્શક શિલ્પો એ બેમાં ઘણો ફરક છે એ કહેવાની ખાસ જરૂર છે.

વિનોબા ભાવેના મત પ્રમાણે કોણાર્કનાં મૈથુન શિલ્પોમાં કશી અશ્લીલતા નથી. તેઓ એમ માને છે કે કોણાર્કના સૂર્ય-મંદિરમાં સૂર્યદેવ છે તે શકિતનું સ્વરૂપ છે, સૂર્યદેવતાનાં અનેક સ્વરૂપો બતાવવા સાથે શકિતનું સ્વરૂપ પણ બતાવવું જોઈએ એમ એ સમયના લોકોને લાગ્યું. એટલે શિલ્પીઓએ મૈથુન શિલ્પોની કારીગીરી કરી. વિનોબાજીએ ભાઈશ્રી પરમાનંદભાઈ કાપડિયાને એમ કહેલું કે તમે જૈન છો, જૈનોનું વલણ હંમેશાં Puritan-શુદ્ધિવાદીનું હોય છે; પણ આ શુદ્ધિવાદ ચોખલિયાપણું ઘણી વાર થઈ જાય છે. જૈનોએ એકાંગી થવું જોઈએ નહિ. મૈથુન શિલ્પોથી ભડકી જવું જોઈએ નહિ. આ મત અનુસાર મૈથુન ક્રિયા પ્રજાજનની ક્રિયા છે, તેમાં જુગુપ્સા નથી, એ પવિત્ર ક્રિયા છે. સંતો, મહાત્માઓ પ્રજાજનની ક્રિયાથી જ જન્મ્યા છે. મૈથુન શિલ્પોને આ દૃષ્ટિથી જોતાં તેનું રહસ્ય સમજાઈ જશે! આ પછી ભૂમિપુત્રમાં દાદા ધર્માધિકારીનું એ જ વિષય ઉપરનું મંતવ્ય મૂકવામાં આવ્યું છે કે નગ્નતા બાળકોમાં હોય છે, કળામાં હોય છે, ઉત્કૃષ્ટ શિલ્પમાં હોય છે, ગ્રીસનાં સુંદર શિલ્પોમાં નગ્નતાની ઝાંખી મળે છે. કોણાર્કના સૂર્ય-મંદિરમાં જે સ્ત્રી-પુરુષોનાં મૈથુન શિલ્પો કંડારેલાં છે તે કાંઈ કામુક સ્ત્રી-પુરુષોની કૃતિઓ નથી, એમણે તો કામને જીતી લીધો છે. તેમાં ન તો ઉપભોગનું પ્રતિપાદન છે, ન તો દમનનું. તેમાં નથી Srppression, નથી Indulgence; માત્ર તેમાં પ્રકટીકરણ છે એવો બોધ પામવો."

મેં કોણાર્કમાં મૈથુન શિલ્પો જોયાં છે. ગુજરાતમાં સોમનાથનાં પ્રાચીન ખંડેરમાં મેં થોડાંક મૈથુન શિલ્પો જોયલાં; એ શિલ્પો હવે ત્યાંથી ઉપાડી લેવાયાં આવ્યાં છે. ખજુરાહોનાં શિલ્પો ઈ. સ. દસમી – અગિયારમી સદીનાં, ચાંદેલ વંશના રાજવીઓના અમલ દરમિયાન કંડારાયેલાં છે. કોણાર્કનાં શિલ્પો લગભગ એ સમયનાં છે. સોમનાથનાં અલ્પ મૈથુન શિલ્પો ઈસવી. બારમી–તેરમી સદીનાં હોવાં જોઈએ. તે પછીનાં સમયનાં પણ હોઈ શકે છે. મોઢેરાના સૂર્યમંદિરની દીવાલો ઉપર ગુજરાતનાં સામાજિક દૃશ્યો જોવામાં આવે છે. ત્યાં દિગંબર સાધુનું શિલ્પ મેં જોયું છે; પણ ત્યાં મૈથુન શિલ્પો જોવામાં આવતાં નથી. મોઢેરાના સૂર્યમંદિરોનો સમય પ્રથમ ભીમદેવ સોલંકીનો, અગીયારમી સદીનો છે, આબુના વિમલ-વસહિ - આદિનાથના મંદિરનો સમય છે, જે સાલ મોટા આંકડાથી મંદિરની વચ્ચે જ આપવામાં આવી છે. મોઢેરામાં સૂર્યની મધ્યસ્થ મૂર્તિ તથા મંદિરનો ઘુમ્મટ ઉડાડી દેવામાં આવ્યાં છે. ઉભોઈ, ઘુમલી, વગેરે સ્થળોનાં પ્રાચીન મંદિરો કે મંદિરોના અવશેષોમાં મૈથુન શિલ્પો જોવામાં આવતાં નથી.

*આ લેખ તા. ૧–૫–૬૮ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવ્યો છે. તંત્રી.

સૂર્યદેવ વિષ્ણુનું પ્રતીક ગણાય છે. તેની મૂર્તિ વિષ્ણુની મૂર્તિ-ની માફક ઘણે સ્થળે શંખ – ચક્ર – ગદાપદ્મધારી હોય છે. ખંભાત પાસે નગરા મુકામે સૂર્ય – સૂર્યાણીની મૂર્તિઓ મેં જોઈ છે; તેમાં મૈથુનભાવ લેશ માત્ર નથી. મૂર્તિની પડખે આભા–પ્રભા–ઉષા–પ્રભાત–દર્શક પાર્શ્વદ મૂર્તિઓ હોય છે, આસન બહુધા હોતું નથી. કોણાર્કના સૂર્યમંદિરમાં સંસ્કૃત શ્લોક પ્રમાણે–

રથસ્યૈકં ચક્રં. . . . નિરાલંબો માર્ગઃ।

ક્રિયાસિદ્ધિઃ સત્વે–

એક આંખે કાણો સારથિ, એવું ભાવનાશીલ શિલ્પ છે. ખુદ સૂર્યના શિલ્પ ઉપર મૈથુન ભાવ નથી; સૂર્યને શકિતનું રૂપ આપવામાં આવ્યું નથી. શકિત સપ્ત માતૃરૂપ છે, સિંહ, વ્યાઘ્ર વગેરે તેનાં વાહનો છે; એનાં મૂર્તિવિધાનોમાં કયાંય મૈથુન ભાવ જોવામાં આવશે નહિ. તે તો કુમારી ભાવમાં સદા માટે હોય છે. શકિત પત્ની રૂપે કે પ્રજાજન ભાવમાં પ્રકટ થતી નથી. કયાંક કયાંક મ્યુઝિયમોમાં - સંગ્રહા-લયોમાં – સૂર્યની મૂર્તિ ઉપર ઈરાની છાપ હોય છે. પગમાં બૂટ, માથે ટોપ, ઈરાની મુખમુદ્રા હોય છે. ખેરાળુમાં મેં આવી મૂર્તિ જોઈ છે. મૂર્તિવિધાનના સાહિત્યમાં તેનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. કયાંય તે વિધાનમાં પ્રજાજનની ક્રિયા નથી.

પ્રજાજનની ક્રિયા – તેનો ભાવ – થાળી વચ્ચેના લિંગમાં જોવામાં આવે છે. શિવનાં મંદિરોમાં આ શિલ્પ જોઈ શકાય છે. ગ્રીસમાં અને પશ્ચિમ એશિયામાં લિંગપૂજાનો આચાર હતો. આપણે એને મહાદેવનું સ્વરૂપ આપ્યું એ આપણી ભાવનાની શુદ્ધતા દર્શાવે છે. ગ્રીસમાં એ આચાર Phallus Worship કહેવાતો હતો, અને તેનો પ્રચાર રોમના સામ્રાજ્યના એશિયાના વિભાગોમાં–સિરિઆ, તુર્કી, લેબેનોન, જોર્ડન, પેલેસ્ટાઈન વગેરે પ્રદેશોમાં–હતો.

મૂર્તિની નગ્ન અવસ્થા હંમેશાં મૈથુની હોતી નથી. ગ્રીસનાં નગ્ન શિલ્પોમાં સ્ત્રીઓ કરતાં પુરુષની નગ્ન અવસ્થા વિશેષ હોય છે. તે અવસ્થામાં કદાવર anatomy–શરીરનું પરિપકવ સંગઠ્ઠન–હોય છે, વજ્રનારાચભાવ હોય છે, મૈથુન ભાવ લેશ પણ નહિ.

કોણાર્ક ખજુરાહોનાં શિલ્પોમાં મૈથુન ક્રિયાનો અતિરેક જોવામાં આવે છે. એ મૈથુન ક્રિયાઓને જોનારના દિલમાં જુગુપ્સા જ ઉત્પન્ન થાય છે. તે દૃષ્ટાનો જો સંત હશે, મહાત્મા હશે તો તેની જુગુપ્સા અતિશય હશે. આ મૈથુન શિલ્પોના ફોટોગ્રાફો લીધા હોય તો તેને કોઈ જાહેર બજારમાં મૂકી શકાશે નહિ; કોઈ પણ બજારમાં તેમને પોલિસ કબજે જ કરવાની. એમાં અશ્લીલતા એવા ભયંકર રૂપમાં હોય છે. આ શિલ્પોનું વૈવિધ્ય ભયંકર છે. એના કર્તૃત્વમાં કેટલી અશ્લીલતા હોય છે તે તો તેમને નજરે જોતાં જ ખ્યાલ આવી શકે! "Imagination has run riot there." એટલું કહું તો બસ થશે. એમાંના એકનું પણ વર્ણન અહીં થઈ શકે નહિ. ઈલોરાની ગુફામાં એક પ્રાગ્ - મૈથુન દશાનું રંગીન ભિત્તીચિત્ર છે, જે પ્રસિદ્ધિમાં આવેલું છે. કોણાર્કમાં અને ખજુરાહોમાં તો પ્રાગ્ પશ્ચાત્ મૈથુનની અશ્લીલ દશાઓ–અતિ અશ્લીલ દશાઓ–જોવામાં આવે છે.

વિનોબાજી અને દાદા ધર્માધિકારી બંનેનાં વિધાનો તાદૃશ અનુ-ભવથી વિરુદ્ધ પડે છે. પ્રજાજનની મૈથુન દશામાં જુગુપ્સાનો જ અનુભવ હોય છે, પવિત્રતાનો નહિ. શ્રીમદ્ રાજચંદ્ર પોતાની આત્મકથામાં તે જુગુપ્સાનું વર્ણન કરે છે.

આ મૈથુન શિલ્પોની ભૂમિકા વિષે મેં શિલ્પશાસ્ત્રીઓને પૂછેલું: વાસુદેવશરણ અગ્રવાલ જેવા અભ્યાસીઓને રૂબરૂ મંદિરો સમક્ષ ઊભા ઊભા પૂછ્યું. એમનો એક જ જવાબ થએલો. "It is inexplicabale. We cannot explain."

વાસ્તુશાસ્ત્રમાં મંદિરોના થર બતાવવામાં આવ્યાં છે. - દેવથર–સ્તર, મનુષ્યસ્તર વગેરે, પણ મનુષ્યસ્તર માટે કયાંય મૈથુન ભાવનો નિર્દેશ કરવામાં આવ્યો નથી.

પ્રો. બ્રાઉનના Indian Architecture ઉપર બે ગ્રન્થો છે. તેમાંના પ્રથમ ગ્રન્થમાં આ મૈથુનશિલ્પો વિષે તેઓ એટલું જ કહે છે કે એમને સમજ તો પડતી નથી, પણ એ ઉપરથી પ્રાચીન ભારતવાસીઓમાં અતિ કૌવત રહેલું હશે તે તો ચોક્કસ છે. મુસ્લીમોએ આ શિલ્પો જોયાં. એટલે એમણે એમનો ધ્વંસ કરી નાખ્યો. આપણે નસીબે એમણે ખુજરાહો, કોણાર્ક વગેરે રહેવા દીધાં!

બૌદ્ધ, જૈન શિલ્પોમાં આવું વિધાન જોવામાં આવતું જ નથી, કોઈ બૌદ્ધ–જૈન મંદિરનું નવીન રૂપ થયું હોય અને તેનું થોડુંક શિલ્પ મૈથુન – ભાવવાહી રહી ગયું હોય તે જુદી વાત છે. આવાં એક બે વિધાનો મેં જોયાં છે. સ્થળોનાં નામો અહીં આપતો નથી, જો કે એમાં તારંગા હોઈ શકે.

આ મૈથુન શિલ્પો વિષે એક એવો અભિપ્રાય છે કે તેમના નિર્માતાઓ તંત્રવિદ્યાના ઉપાસકો હતા, અને એ ઉપાસનાને આ અશ્લીલ વિધાનોમાં તેઓ બતાવી ગયા છે. આ અભિપ્રાયને પુષ્ટિ મળી શકે છે. ડાકોરના રણછોડરાયજીનું મંદિર અઢારમી સદીનું, ગાયકવાડ સરકારે બંધાવેલું, તાંબવેકરના કુટુંબના હવાલાનું છે. તેનું બહારનું સ્થાપત્ય મુસ્લિમ છે; અંદરનું બાંધકામ બધું હિન્દુ–વૈષ્ણવ છે; કારીગરો મુસ્લીમો હશે. મંદિરને બહારથી Saracenic – મુસ્લીમ ઘાટ – આપવામાં આવે તો મુસ્લીમો એને ભ્રષ્ટ કરી શકે નહિ! પણ મારા એક બે અનુભવો હું કહી જાઉં. ગુજરાતમાં એક સ્થળે હિન્દુ શૈવ–વૈષ્ણવ મંદિરો થતાં હતાં, એમના કારીગરો મુસ્લીમ હતા. એમણે મંદિરમાં બહારના દેખાવમાં મુસ્લીમ ઘાટ આપેલો. મંદિરોના કાર્યકરોને એ ખ્યાલમાં આવેલું નહિ.

મૈથુન શિલ્પોને જોઈ તેથી જુગુપ્સાનો અનુભવ કરતા જૈનો કે જૈનેતરો Puritans છે એમ કહેવું યથાર્થ નથી. એમને Purist પણ કહી શકાય નહિ. આમાં શુદ્ધિવાદનો પ્રશ્ન સંભવતો નથી. Puritans અને Purist જુદા લોકસમૂહો છે. એક છે સાંપ્રદાયિક; બીજો છે, અતિશય જુગુપ્સાવાદી. જુગુપ્સાવાદમાં દ્રોષ નથી. તે ચોખલીયાપણું કહેવાય નહિ.

ઉપર કહેવાઈ ગયું છે કે આ મૈથુન શિલ્પો વિષે આપણા વાસ્તુ-શાસ્ત્રના સાહિત્યમાં નિર્દેશ નથી. તેનું એક પ્રમાણ હું નીચે ટાંકું છું.

મહાવીર જૈન વિદ્યાલયના સુવર્ણ મહોત્સવ ગ્રન્થના અંગ્રેજી વિભાગમાં શ્રી એમ. એ ઢાકીએ Some Early Jain Tamples in Western India એ શિર્ષકથી પાનાં ૨૯૦ – ૩૪૭ ઉપર અંગ્રેજીમાં અભ્યાસપૂર્ણ લેખ લખ્યો છે. તે લેખના ૩૦૨ પૃષ્ઠ ઉપર લેખકે ખજુરાહોનાં મંદિરોનાં મૈથુન erotic શિલ્પો વિષે નીચે મુજબ અભિપ્રાય આપ્યો છે. લેખના અનુ-મોદનમાં ૨૬ આંકથી એમણે પ્રમાણ બતાવ્યું છે, જે અહીં આપવામાં આવ્યું છે:

In Central India the Jains had to encounter the Philistinisim of Krasna Mishra whose **Prabhodha-chandrodaya** (late 11th cent) is a shameless document of religious intoleruance, wherein no holds are barred against those sects which did not conform to the tenents preached by author's own. These perversive impulses were anticipated in the sacred architecture as well.

At Khajuraho they had materialised in some of the atrocious erotic sculptures on the walls of the Luksmana temple (954) and Jadgadambi temple (early, 11th cent.) where the Digambara Jain Saints are portryed in actions that defy all sense of deceney. Evidently such sculptures have no sanction of the **Vatsushastras**. They are the impositions by corrupt, envious, frustrated minds of the fanatics who misused the holy sanetum walls for their wild ego and destructive urges. The disfigurement and disgrace of such Khajuraho temples, unfortunately marked for ever, are as outspoken as their art is splendid.

(26) Tripathi, Lakshmi Kant, the **Erotic Scenes of Khajuraho and their probable explanation,** Bharat Research Bulletin of the College of Indology, No. 3, Banaras Hindu University, 1959-60.

સ્થાપત્ય હોય, ચિત્ર હોય, શિલ્પ હોય, કાવ્ય હોય, ગદ્ય હોય, જે હોય તે, જ્યાં પ્રાસાદિકતા નથી ત્યાં કળા નથી, કાલિદાસ શાંકુતલમાં કહે છે કે રમ્ય વસ્તુઓ જોતાં મધુર શબ્દો સાંભળતાં रम्याणि वीक्ष्य मधुरांश्च निशम्य शब्दान् सुखी જીવના ચેતસને–મનને સુખિતોऽપિજન્તુ–મનને, ચેતસ્ ને પ્રસાદિત કરે છે. चेतः प्रसादयति ખજુરાહોનાં અને કોણાર્કનાં મૈથુન શિલ્પો વસ્તુશાસ્ત્રના કે aesthetics–સૌન્દર્ય–પ્રસાદ–આહ્લાદ–શાસ્ત્રના એકપણ વિષયને સ્પર્શતાં નથી. આ વિચારમાં એકાંગિતા નથી તેમ તેને જૈનોનો અનેકાન્તવાદ લાગુ પાડી શકાય તેમ પણ નથી.

૩૩, પ્રતાપગંજ, વડોદરા–૨ **કેશવલાલ હિંમતલાલ કામદાર**

પૂરક નોંધ

પ્રાધ્યાપક કેશવલાલ હિંમતલાલ કામદારે ઉપરના લેખમાં કોનાર્ક અને ખજુરાહોના મૈથુન શિલ્પોમાં રહેલી જુગુપ્સા-જનક અશ્લીલતા વિષે જે કાંઈ લખ્યું છે તે મારા અંગત વલણ-ને યથાર્થ રીતે પ્રતિધ્વનિત કરે છે. ભૂમિપુત્રમાં વિનોબાજી સાથે થયેલી જે ચર્ચાનો ઉલ્લેખ છે તે ચર્ચા મૂળમાં કોનાર્ક અને ખજુ-રાહોને અનુલક્ષીને નહોતી, પણ જગન્નાથપુરીના મંદિરના બિભત્સ કોતરકામને લગતી હતી. આ અંગેના જુનાં સંસ્મરણો તાજાં કરતાં જણાવવાનું કે જગન્નાથપુરીનું સર્વોદય સંમેલન પૂરું થયા બાદ તા. ૨૦-૪-'૫૫ ના રોજ વિનોબાજી જગન્નાથજીનાં સુપ્રસિદ્ધ મંદિરના દર્શનાર્થે જવા નીકળેલા અને તે પ્રસંગે એક ફ્રેંચ મહિલા-તેમની સાથે જગન્નાથજીનાં દર્શન માટે જોડાવા ઈચ્છતી હતી, પણ મંદિરના અધિકારીઓએ તે ફ્રેંચ મહિલાને મંદિરમાં દાખલ થવા દેવાનો ઈનકાર કર્યો, અને તેથી વિનોબાજી મંદિરનાં દર્શન કર્યા સિવાય પાછા ફર્યા. ત્યાર પછીનાં પ્રવચનોમાં વિનોબાજીએ જગ-ન્નાથજીનાં દર્શનથી વંચિત રહેવા બદલ અને હિન્દુધર્મને આ પ્રકારનું વિકૃત રૂપ આપવા બદલ દુ:ખ વ્યકત કર્યું હતું. હું પણ એ સંમેલનમાં હાજર રહ્યો હતો અને જગન્નાથજીના મંદિરના શિખરવિભાગમાં કોરાયેલાં માનવી કદનાં મૈથુન શિલ્પોની નરી બિભત્સતા નિહાળીને મેં ઊંડો આઘાત અનુભવ્યો હતો. ત્યાર બાદ ૧૯૫૯ માં સૌરાષ્ટ્રમાં વિનોબાજીની ચાલી રહેલી પદયાત્રામાં સામેલ થતાં વિનોબાજી સાથે જે ચર્ચાવાર્તા કરવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું તેમાં આ બાબતની પણ ચર્ચા થઈ હતી અને આવા મંદિ-રના દર્શનથી વંચિત બનવામાં તેમણે અનુભવેલા દુ:ખ વિષે મેં મારું આશ્ચર્ય વ્યકત કર્યું હતું. તેનો, ભૂમિપુત્રના લેખમાં જણાવ્યું છે તેવી મતલબનો તેમણે જવાબ આપ્યો હતો. આ બાબતની તે વખતે વિશેષ ચર્ચા થઈ નહોતી, પણ તેમના જવાબથી મને એ વખતે પણ સંતોષ થયો નહોતો. બીજી કોઈ બાબતમાં જૈન તરીકે મારામાં ચોખલિયાપણું હોય યા ન હોય, પણ આ બાબતમાં મને ખાત્રી છે કે વિનોબાજીએ જાતે એ મંદિર એ દિવસોમાં જોયું હોત તો – પછી તો તેમનું એ બાજુએ જવાનું બન્યું જ નથી– તેમની શીલપ્રધાન ચેતનાએ મારા કરતાં પણ વધારે તીવ્ર આઘાત અનુભવ્યો હોત. એ મૈથુન શિલ્પો સામેનો વિરોધ કેવળ નગ્નતાના કારણે નથી, દિગંબર જૈન મૂર્તિઓના દર્શનથી અમે જૈનો તો ટેવાયેલા છીએ, પણ જે વિરોધ છે તે તો લોલુપતાભર્યા કામ-ભોગના નિર્લજ્જ - નફ્ફટ નિરૂપણ સામે છે.

આ વિષયમાં દાદા ધર્માધિકારીએ જાણકારોનો હવાલો આપીને પોતાનો અભિપ્રાય વ્યકત કર્યો છે. એનો અર્થ હું એમ સમજું છું કે તેમણે પોતે આ મૈથુનશિલ્પો જોયાં નથી. જો તેમણે પણ આ શિલ્પો જોયાં હોત તો મને ખાત્રી છે કે આ દશ્યો કોઈ કામુક-પુરુષોની કૃતિ નથી લાગતી–આ પ્રકારનો–વાસ્તવ દર્શન અને અનુ-ભવ સાથે વિસંવાદી એવો–અભિપ્રાય તેમણે ન જ આપ્યો હોત.

પરમાનંદ

હૈયે વસ્યો હિમાલય!

(ગતાંકથી ચાલુ)

(તા. ૨૩-૫-૬૭ ડેલહાઉસી)

મનાલીની મનોહર સૃષ્ટિ માણીને અમે આવ્યાં ડેલહાઉસી. આ પણ હિમાલયનું એક સુંદર ગિરિનગર–કે પછી ગિરિગ્રામ?–છે. મનાલી હિમાલયના ઊંડાણમાં હતું એટલે એનું સૌંદર્ય વિશેષ આકર્ષક હતું. ડેલહાઉસી હિમાલયને દરવાજે છે એટલે એને સૌંદર્યની દૃષ્ટિએ થોડા ઓછા ગુણ (marks) મળે. છતાં આખરે તો હિમાલય છે ને? કુદરતનો મહાન ચિત્રકાર એને ક્યાંયે ઓછું આવવા દે ખરો? પ્રમાણમાં સહ્ય ઠંડીવાળા આ સ્થળે અમને સગવડભર્યું રહેવા તો મળ્યું, અને કુદરત પણ ઘણી સૌમ્યસ્વરૂપે માણવા મળી. વળી ડેલહાઉસી પહેલાં કદી જોયું નહોતું, એટલે વધારે કૌતુકભરી આંખે એની તરફ ગતિ કરી.

ડેલહાઉસી પઠાણકોટથી લગભગ પંચાવન માઈલ દૂર છે. પઠાણકોટ તળેટીમાં છે. ત્યાંથી થોડાક આગળ વધીએ એટલે બસ પર્વત ચઢવા માંડે. ઊંચાઈનાં એક એક સ્તર ચઢીએ એટલે પર્વતોની હારમાળા દૃષ્ટિ સમક્ષ ખુલવા માંડે. એક પાછળ એક એમ ગોઠવાઈ જઈને પર્વતો ખીણમાં ચાલતો કોઈ ખેલ જોઈ ન રહ્યા હોય! એની ચઢઉતર રેખાઓ સાથે મન પણ આનંદભર્યા વળાંક લેતું લેતું રમવા માંડે. પર્વતોના રંગોમાં ઝાકઝમક નથી–છતાં એનું વૈવિધ્ય ઓછું નથી. જુદા જુદા રંગની હરિયાળીથી છવાયેલા આ પર્વતો ક્યારેક સંસારથી પર એવો ભગવો રંગ, તો ક્યારેક સૂકકા ભૂખરા જોગી જેવો રંગ પણ પહેરી લે છે. વળી કોઈ અગમ્યતાનો અંચળો ધારણ કરીને રહસ્યમય ભૂરા દેખાય છે અને એથી પાછળ કોઈ સાત્વિકતાથી ઊજળવળ બનેલા શ્વેત હિમ શિખરોવાળા પણ છે. વળી કોઈમાં તો પૃથ્વી ને આકાશને સાંધતી એની રેખા (Outline) સિવાય કંઈ જ દેખાતું નથી–જાણે કે આત્મવિલોપનના યોગમાં લીન ન હોય!

ડેલહાઉસી પહોંચતાં જોયેલાં આવાં દશ્યો ડેલહાઉસીની ૬૦૦૦ ફીટની ઊંચાઈથી વધુ આકર્ષક બન્યાં છે. પર્વત પર વસેલા આ નાનકડા શહેરમાં ફરતાં ફરતાં આવાં દશ્યો જોવા માટે ઠેર ઠેર બેઠકો (Points) છે. જ્યાં આવો ઉઘાડ (Opening) મળે ત્યાં નાનકડી બેઠક ને છાપરી છે. પર્વતના આવા ઝરુખાઓ અને બારીઓમાંથી નીચેનાં દશ્યો જોવાની પણ ભારે મજા છે. નીચે ખીણમાં લઈ જતા વાંકાચૂંકા રસ્તાઓ, સંતાકૂકડી રમતી રમતિયાળ કેડીઓ, પર્વતની હૂંફમાં ગોઠવાઈ ગયેલાં ઘરોના ઝૂમખાં, પર્વતના સંદેશા દરિયા સુધી પહોંચાડતી નદીઓ વિગેરે સમગ્રપણે એક કૃપાળું ચિત્ર સર્જી દે છે. રંગમંચ પરની એક પાછળ બીજી એવી આ અનેક Wings પર જુદા જુદા Settings છે–છેક ક્ષિતિજ સુધી વિસ્તરેલો આ પટ ક્યારેક તેજમાં ઝળહળી ઊઠે છે તો ક્યારેક વાદળોમાં સાવ અલોપ થઈ જાય છે.

ઘણાં ગિરિનગરો પરથી આવાં દશ્યો સામાન્યત: જોવા મળે જ છે! છતાં એની કોઈ એવી વિલક્ષણતા છે કે દરેક જગ્યાએ એ નવીન આલ્હાદકતા સર્જી શકે છે, એટલું જ નહીં પણ, એનું એ સ્થળ જુદે જુદે સમયે નવો નવો રસ જગાવે છે. કુદરત પાસે એના રચયિતાએ કેટકેટલાં સ્વરુપો ને લેબાશ મૂક્યાં હશે!

ડેલહાઉસી શહેર પર્વતના ઢોળાવ પર વિસ્તરેલું છે, થોડાંક મકાનો ટોચ પર પણ છે– પણ એનું આખું મુખ્ય બજાર ટોચ પર આવેલી સપાટ ભૂમિ પર છે. બજાર મુખ્યત્વે ખાવાની ચીજવસ્તુઓનું છે, છતાં પ્રમાણમાં ઘણું સ્વચ્છ છે. બસનું સ્ટેન્ડ છેક નીચાણમાં શહેરની શરૂઆતમાં છે અને ત્યાંથી ઉપર વાહનો લઈ જવાની મનાઈ છે. એટલે શહેરમાં પ્રમાણમાં ઘણી શાંતિ ને સ્વસ્થતાથી ફરાય છે.

સતધારા, પંચપુલી, સુભાષ વાવડી, ચમ્બાના રાજાનો મહેલ, બકરોટાની શાળા, હસ્તોદ્યોગ કેન્દ્ર વિગેરે સ્થળો જોવાલાયક છે. પંચપુલી સરદાર અજિતસિંહની સમાધિનું શાંત સુંદર સ્થળ છે. ચમ્બાના રાજમહેલનો બગીચો ને સ્થળ રમણીય છે. પણ ખાસ તો આકર્ષે છે ત્યાંથી દેખાતી ચિરનૂતન પર્વતમાળા ને ખીણનાં રમણીય દશ્યો!

(તા. ૨૫-૫-૬૭, ડેલહાઉસી)

ચાર દિવસથી વરસાદ અવારનવાર આવ્યા કરતો હતો. એમાં પણ કાલે મધરાતથી એણે સારું જોર જમાવવા માંડ્યું હતું અને આજે સવારે જે તાંડવ માંડ્યું તે તો ગજબનું હતું. પર્વત પર વાયુના ચાબખા તો વિઝાતા જ હતા, પણ એમાં વાદળના ઘેરા ગડગડાટ ને વીજળીના તીખા ચમકારા ભળતાં મન ક્યારેક તો થથરી ઊઠતું. આખો પર્વત ડોલતો હોય એમ લાગતું હતું. આકાશનો શ્યામલ રંગ હવાને પણ ગંભીર બનાવતો હતો અને ઠંડીનું તો પૂછવું જ શું? ઘરની બહાર નીકળવું અશકય લાગે ને છતાં ગમે તેમ ગોટપોટ થઈને પણ બહારની લીલા જોયા વગર રહેવાય નહીં. બહારની કુદરતની ભીષણતામાં પણ કોઈ રમ્ય મસ્તી ભળેલી હતી કે જે મનને સતત ખેંચ્યાં કરતી હતી–ટાગોર જેમ માડ્યું પણ–

"મન મોર મેઘેર સંગે
ઊડે ચલે દિગ્ દિગંતેર્ પાને
નિ:સીમ શૂન્યે ....."

આ વર્ષાસૌંદર્યમાં નાના નાના કરા પડ્યા ત્યારે વળી નવી ઉમેરણી થઈ. મોતીના દાણા જેવડા આ કરા પડે પડે ને ઓગળી જતા હોવાથી એ દશ્ય પૂરેપૂરું ન જામ્યું, છતાં અનુભવની આ નવીનતા મનને સ્પર્શી ગઈ.

અને ઓહો, વર્ષાનું જોર નરમ થતાં ખીણ પરથી વાદળાના પડદા હટવા માંડ્યા–એક એક રૂના ગાભલાં ઊડતાં ઊડતાં ઉપર આવવા માંડ્યાં–અમારી ફરતાં પણ વીંટાવા લાગ્યાં અને વળી પવને હળવો ધક્કો મારીને બધાં ગાભલાં દૂર મોકલી આપ્યાં.

વર્ષા પૂરી થતાં ધોયેલા સ્વચ્છ પ્રકાશમાં ઉપર હિમશીખરો ઓર ઝળકી ઊઠ્યાં અને નીચે ખીણની દુનિયા પણ કોઈ નવી જ તાજગી સાથે હસી ઊઠી.

* * *

(તા. ૨૬-૫-'૬૭ ડેલહાઉસી)

આજે એક નાનું પણ આકર્ષક સ્થળ જોયું - ખજ્જીયાર.

ખજ્જીયાર ડેલહાઉસીથી બારેક માઈલ દૂર આવેલું ગામ છે. કાશ્મીરના ગુલમર્ગની નાની આવૃત્તિ કહેવાય એવું સુંદર લીલું મેદાન અને એની ફરતાં ગોળાકારે દેવદારનાં ઊંચા ઊંચાં રમણીય વૃક્ષો છે. મેદાનમાં વચ્ચે નાનકડું તળાવ બનાવ્યું છે. એક રમકડા જેવા પૂલ પરથી તળાવ પર જવામાં આપણી ઉમ્મર પણ પાછળ જતી લાગે. આ તળાવમાં હોડીમાં ફરવાની વ્યવસ્થા પણ છે. પ્રવાસીઓને આથી ગમ્મત આવે છે. મને જો કે આ તળાવની કૃત્રિમતા ખૂંચી (તળાવ કુદરતી નથી), અને એ બહુ નાનું ને છીછરું હોવાથી એમાં હોડીમાં ફરવામાં કંઈ ખાસ મજા ન આવી. છતાં વિવિધતાની દૃષ્ટિએ ગમ્યું પણ ખરું. આ પ્રદેશમાં આવાં વિશાળ લીલાં મેદાન ઓછાં છે અને નદી, તળાવ, ઝરા પણ ખાસ ક્યાંય દેખાતાં નથી. એટલે એનું મહત્ત્વ પણ લાગે છે. લીલાંછમ મેદાન અને દેવદારનાં કલામય વૃક્ષો એક સુંદર દૃશ્ય રજૂ કરે છે.

વાતાવરણમાં શાંતિ મધુર છે, આસપાસ રંગબેરંગી પંખી કલરવ કરતાં હોય છે, અને દૂર હિમશિખરો તો ડોકાય જ છે. મનના ઉદ્વેગોને શાંત કરીને એક જાતની ઠંડકનો અનુભવ કરાવતું આ

સ્થળ પણ સ્મરણપટે અંકાઈ ગયું. વળી વસતિ ઘણી ઓછી હોવા છતાં અહિં ચારપાંચ સારા વિશ્રામગૃહો અદ્યતન સગવડો પૂરી પાડે છે એટલે અહિં સ્વસ્થપણે રહેવું પણ ફાવે એમ છે. આપણને તો ખજીયાર ખૂબ ગમ્યું.

ત્યાં એક નવી જાતનું દેવદારનું વૃક્ષ જોયું. નીચે લગભગ ચાર-પાંચ ફૂટ સુધી એક જ ઝાડ લાગે, પણ ત્યાંથી ઉપર છ ઝાડ થઈ જાય—કે પછી છ થડવાળાં છ ઝાડનું સંયુકત-વૃક્ષ જ ગણી લો. ત્યાંનાં આ વૃક્ષોમાંથી કેટલાંક તો લગભગ ૧૩૫ ફીટ ઊંચા ને ચાર-પાંચ ફીટ પહોળાં છે.

ખજીયાર જવા માટે જીપ ભાડે લીધેલી તે બપોરે એક વાગે પાછી આપવાની હોવાથી જલ્દી પાછાં ફરવું પડયું. બાકી મનમાં તો એમ જ થયાં કર્યું કે જાણે અહિં નિરાંતે રહીએ તો કેવી મજા આવે! એની વિશેષતા—લીલી મધુર શાંતિ—માણવા માટે બસ આટલો જ સમય મળ્યો?

* * *

(તા. ૨૭-૫-'૬૭ ડેલહાઉસી)

હમણાં હમણાં સંધ્યા ઓર ખીલે છે - પાંચેક દિવસની વર્ષા પછી કુદરત ન્હાઈધોઈને સ્વચ્છ થઈ છે. આકાશની ધૂળ શમી જવાથી આકાશ ઘેરું ભૂરું લાગે છે અને સાંજને સમયે સૂર્યનો તેજસ્વી ગુલાબી રંગ ખૂબ દીપી ઊઠે છે. એ તેજની સુરખીને લીધે ખીણની હરિયાળી કોઈ સુંદર રાગના ભાવભર્યા આલાપ જેવી મધુર લાગે છે, જાણે આખા પર્વતમાં સૌમ્ય પ્રસન્નતા ગુંજતી ન હોય? અને પેલાં હિમશિખરોનું તો પૂછવું જ શું? કોઈ રાજ-સભામાં એક પછી એક રાજવીઓ જેમ પર્વતો હારબંધ ગોઠવાઈ ગયા છે, અને એમનાં મુગટોનાં હીરામોતી ઝગમગી રહ્યાં છે. કેવા રાજવીઠાઠથી એ પોતાની શોભા માણી રહ્યાં છે! શિખરે શિખરે રંગભીનાં તેજતોરણો ઝૂલી રહ્યાં છે, અને આખી સૃષ્ટિ આનંદધારામાં તરબોળ બનીને ગાઈ રહી છે...

"આનંદલોકે મંગલાલોકે
બિરાજો સત્યસુંદર!"

સમાપ્ત ગીતા પરીખ

શ્રી શંકરરાવ દેવનો વાર્તાલાપ

ગયા એપ્રિલ માસની ૩૦મી તારીખે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરીના નિવાસસ્થાને, શ્રી જયપ્રકાશ નારાયણની આગેવાની નીચે દિલ્હી ખાતે દેશના રાજકારણી આગેવાનો અને બુદ્ધિશાળી વ્યકિતવિશેષોનું આગામી ઑગસ્ટ માસમાં જે નેશનલ કન્વેન્શન ભરાવાનું છે તે નેશનલ કન્વેન્શન અંગે વિશેષ સમજૂતી આપવાના હેતુથી શ્રી શંકરરાવ દેવનો એક વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. આ વાર્તાલાપમાં ભાગ લેવા માટે પરિમિત સંખ્યામાં ભાઈબહેનો ઉપસ્થિત થયાં હતાં. શ્રી શંકરરાવ દેવે કોઈ મોટી સભામાં ભાષણો કરવાને બદલે આવી નાની મંડળી સમક્ષ પોતાના વિચારોની આપ-લે કરવાનું પોતે વધારે પસંદ કરે છે એમ જણાવતાં કહ્યું કે "આપણે શબ્દમાં વિશ્વાસ ખોઈ બેઠા છીએ; જિંદગી જાણે કે અટકી ગઈ છે; જીવન જાણે કે બંધ પડી ગયું છે; માણસને માણસમાં વિશ્વાસ રહ્યો નથી. એટલે હવે મોટી મેદની સામે ભાષણ કરવું એ શકિતનો દુર્વ્યય કરવા જેવું મને લાગે છે. હું તો અહીં વિચારોનું આદાનપ્રદાન કરવા આવ્યો છું. એમાં સત્ય હશે તો મારા શબ્દમાં વિશ્વાસ આવશે. આપણી વચ્ચે મને Spritual communicationની અપેક્ષા છે. આ માટે આઠ દશ મિત્રોથી વધારે સંખ્યાની અપેક્ષા હોતી નથી. આથી આટલી નાની સંખ્યામાં ઉપસ્થિત થયેલાં ભાઈ-બહેનોને મળીને વિશેષ આનંદ છે. હું તમને સમજવાનો પ્રયત્ન કરીશ, તમે મને સમજવાનો પ્રયત્ન કરશો."

ત્યાર બાદ દેશની અદ્યતન પરિસ્થિતિનું વિવરણ કરતાં શ્રી. શંકરરાવ દેવે જણાવ્યું કે "આજની પરિસ્થિતિ અનેક કારણે ચિન્તા-જનક બનતી જાય છે. ઘટતું જતું અન્નઉત્પાદન અને જે ઉત્પા-દન થાય છે તેની અસમ વહેંચણી, વિકાસની ધીમી પડતી જતી ગતિ, વિશાળ સમાજના ભિન્ન ભિન્ન સ્તરો વચ્ચે વધતી જતી અસમાનતા, જુદા જુદા રાજકીય પક્ષોની સિદ્ધાન્તવિહોણી વર્તણૂંકના કારણે ચૂંથાતી જતી લોકશાહી અને તે કારણે પેદા થતી અશાન્તિ અને અકળામણ—આ બધું સઘળા શ્રેયલક્ષી લોકોના દિલને વ્યગ્ર બનાવી રહેલ છે. આમાં વળી ૨૦ વર્ષના ભૂતકાળના નબળા રાજ્ય-વહીવટે ઊભી કરેલી સમસ્યાઓની, કેન્દ્રીય સરકારની નબળી પડતી જતી પકડની, અને રાજ્યોમાં વ્યાપી રહેલી વહીવટી અસ્થિરતાની ઉમેરણી કરો. પક્ષોના આન્તરિક ઝઘડાઓ, પક્ષની ફેરબદલીનું આજે ચાલી રહેલું નાટક વગેરેના કારણે દિવસાનુદિવસ પરિસ્થિતિ વણ-સતી ચાલી છે. આ બાબતમાં સમજુ માણસોએ હવે મૌન બેસી રહ્યું પાલવે તેમ નથી. આનો ઉપાય બધાંયે સાથે મળીને વિચારવો ઘટે છે.

"આજે આપણી બાવન કરોડની વસ્તીને ખવરાવવાના પ્રશ્ને રાષ્ટ્રીય કટોકટી ઊભી કરી છે. જ્યારે આપણા ઉપર બહારનો કોઈ દેશ હુમલો કરે છે ત્યારે તેને આપણે રાષ્ટ્રીય કટોકટી તરીકે જાહેર કરીએ છીએ અને આપણે બધા એક થઈ જઈએ છીએ. પણ આ ખાદ્ય-તંગીનો આપણે આ રીતે વિચાર કરતા નથી અને પ્રજા મોંઘવારીની ભીંસમાં કચડાતી જાય છે, પીસાતી જાય છે.

"આજે આપણી વચ્ચે મતભેદો છે, પક્ષાપક્ષી છે અને તેથી દેશની સમગ્ર પરિસ્થિતિનો સાથે મળીને આપણે કોઈ વિચાર કરતા નથી પણ આજની કટોકટીનો તકાદો છે કે આપણે એકઠા થઈએ, સાથે બેસીને દેશના પાયાના પ્રશ્નોનો વિચાર કરીએ, ઉકેલ શોધીએ. હું સમજું છું કે આપણી વચ્ચે total agreement-સંપૂર્ણ એકમતી—શકય નથી. આમ છતાં પણ આપણે સાથે મળીને કઈ બાબતમાં કયાં સુધી મળતા થઈએ છીએ તેનો તાગ કાઢીએ, અંગ્રેજીમાં જેને cousensus કહેવામાં આવે છે તે સિદ્ધ કરીએ અને આ મિલનભૂમિકા ઉપર આપણે શકય તેટલા સક્રિય બનીએ.

આજની આખી સમસ્યાને ચાર ભાગમાં આપણે વહેંચીએ (૧) રાષ્ટ્રીય એકતા કેમ સાધવી, (૨) બંધારણીય અને વહીવટી ક્ષેત્રમાં આવશ્યક ફેરફારો, (૩) આર્થિક અને સામાજિક ક્ષેત્રે આવશ્યક પરિવર્તન, (૪) સંરક્ષણ અને પરદેશી રાજનીતિની પુનર્વિચારણા.

આમાંથી પહેલા બે મુદ્દાઓ ઉપર વિચાર કરવા માટે આવતા ઑગસ્ટ માસમાં દિલ્હી ખાતે એક નેશનલ કન્વેન્શન યોજવાનું વિચારાયું છે. આ કન્વેન્શનમાં ભિન્ન ભિન્ન રાજકીય પક્ષોના આગેવાનો, બુદ્ધિશાળી લોકો, નિષ્ણાતો અને તે તે વિષયના પંડિતોને નિમંત્રણ આપવામાં આવશે અને આગળ જણાવ્યું તેમ Conses:sus તારવવાનો પ્રયત્ન કરવામાં આવશે. આ કન્વેન્શન માટેની કમિટીના શ્રી જયપ્રકાશ નારાયણ પ્રમુખ છે, હું—શંકરરાવ દેવ—ઉપપ્રમુખ છું, શ્રી રમેશ થાપર તથા સુગતા દાસ-ગુપ્તા મંત્રીઓ છે અને શ્રી એસ્. નિજલિંગપ્પા, બી. પી. મૌર્ય, શિલુ આએ, એસ્. એમ્. જોષી, નાથ પૈ, એસ. એ. ડાંગે, ઈ. એમ. એસ. નામ્બુદ્રીપાદ, અટલબિહારી વાજપાઈ, ફ્રાન્ક એન્થની, નિકોલાસ રાય, એન્. જી. ગોરે, જ્યોર્જ ફરનાન્ડીઝ, કે. કામરાજ, જે. જે. સિંધ, વિમલા ઠકાર, ત્રિગુણ સેન, સી. ડી. દેશમુખ, બલરાજ મધોક, જે. બી. કૃપલાણી, સિદ્ધરાજ ઢઢ્ઢા, વગેરે ૪૮ સભ્યો છે.

આ રીતે અનેક પક્ષો અને વિચારધારાઓના પ્રતિનિધિઓનો આ કમીટીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ નેશનલ કન્વેન્શનના સ્વરૂપ અને તેને લગતી રચનાનો આપને કાંઈક ખ્યાલ આપવો અને તેના કાર્યમાં આપને રસ લેતા કરવા—એ આશયથી હું આપની સમક્ષ ઉપસ્થિત થયો છું. આપે મારી વાતને આટલા ધ્યાનથી સાંભળી અને તેમાં રસ દાખવીને જુદા જુદા મુદ્દાઓની ચર્ચા કરી તે માટે આપનો હું ખૂબ આભાર માનું છું."

આ રીતે શ્રી શંકરરાવ દેવ સાથેનો વાર્તાલાપ લગભગ દોઢેક કલાક સુધી ચાલ્યો અને તે કારણે ઉપસ્થિત ભાઈબહેનો પ્રભાવિત બન્યા. શંકરરાવ દેવને જોતાં માલૂમ પડયું કે તેમણે પહેલાંનું સ્વાસ્થ્ય અને જોમ અને ચિત્તપ્રસાદ પુનઃ પ્રાપ્ત કરેલ છે. અને તે કારણે સૌએ સવિશેષ પ્રસન્નતા અનુભવી.

સંકલન: પરમાનંદ

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ-૩.
મુદ્રણસ્થાન : ધી રટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ-૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૦ : અંક ૩

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુન ૧, ૧૯૬૮, શનિવાર
પરદેશ માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્રકીર્ણ નોંધ

અરાજકતાના માર્ગને વરેલી શિવસેના

મુંબઈ ખાતે ફેરીઆનો ધંધો કરીને બે પૈસા રળી ખાતા સમુદાય સામેના મોરચાના નામે શિવસેનાએ મુંબઈના કોટ વિભાગમાં ગયા મે માસની ૨૦મી તારીખે સાંજના વિભાગમાં જે તોફાનો કર્યાં છે અને જે તારાજી સરજી છે અને ત્યાર બાદ બોરીબંદર સ્ટેશને જે તોફાન મચાવ્યું છે અને હાર્બર લાઈનનાં સ્ટેશનો ઉપરના ખાવા પીવાના સ્ટૉલો ઉપર ખાણીપીણીની ચીજોની જે તડફંચી કરી છે– આ બધા સમાચાર શિવસેનાના આયોજન પાછળ કેવું રાક્ષસી માનસ કામ કરી રહ્યું છે તેની ઝાંખી કરાવે છે.

મુંબઈના ચાલુ શહેરી જીવનવ્યવહારમાં જાહેર માર્ગો ઉપર જ્યાં ત્યાં બેસીને કે હરતા ફરતા રહીને ફેરીઆઓ જે અવરોધ અને ત્રાસ પેદા કરે છે તેનું નિયમન થવું જોઈએ એ એક બાબત છે અને આ ત્રાસ અને અવરોધ દૂર કરવાની ફરજ મહારાષ્ટ્ર સરકાર અને મુંબઈના સુધરાઈ ખાતાની છે તેની જગ્યાએ પોતે જ કાયદો હાથમાં લઈને સેંકડોની સંખ્યામાં નીકળી પડવું અને શહેરના મોટા રાજમાર્ગ ઉપર મનમાં આવે તેવી ભાંગફોડ કરવી, લૂંટફાટ ચલાવવી અથવા તો દુકાનોના માલ તથા સરસામાનને વેરવિખેર કરવો એ જુદી જ બાબત છે. આ રીતે કાયદો હાથમાં લઈને નીકળનાર આ શિવસેનાનાં જૂથો કયારે કેવી તારાજી સર્જશે તેની કલ્પના થઈ શકતી નથી. આ ઉપરથી મુંબઈના ચાલુ જીવન માટે શિવસેના કેટલા મોટા ભયસ્થાનરૂપ છે તેનો કોઈને પણ સ્પષ્ટ ખ્યાલ આવ્યા વિના રહે તેમ નથી.

આ પ્રવૃત્તિ હજુ ઉગતી છે. તેને વખતસર કાયદો અને સત્તાના દોરથી દબાવવામાં નહિ આવે તો, એમાં કોઈ શંકા નથી કે, સમય જતાં મુંબઈમાં વસતા નાગરિકોની સહીસલામતી નામશૂન્ય બની જશે, મુંબઈની આબાદી બરબાદ થશે અને મુંબઈના છતાં જેમને હવે મહારાષ્ટ્રીયન તરીકે સ્વીકારવાનો–ઓળખવાનો–સીધો કે આડકતરો ઈનકાર કરવામાં આવે છે તેમને પોતાના વ્યાપારવ્યવસાય માટે સ્થાનાન્તર કરવાનો વિચાર કરવાની ફરજ પડશે. આનું પરિણામ મુંબઈને આરપાર જર્જરિત કરવામાં આવશે, જે વસ્તુતઃ કોઈના પણ લાભમાં નહિ હોય. આ વસ્તુસ્થિતિનો કોઈ પણ સમજદાર માનવી ઈનકાર કરી નહિ શકે. એમ છતાં મરાઠાવાડાના અધ્યાપક શ્રી. યુ. એન. લિમયે જણાવે છે કે "મને શિવસેનામાં કશું અયોગ્ય કે અનુચિત જણાતું નથી. લોકો કહે છે કે એ મોટા ભયસ્થાન રૂપ છે, પણ તે તો જેઓ મહારાષ્ટ્રી નથી તેમના માટે છે. મહારાષ્ટ્રીઓ માટે શિવસેના કેવળ કલ્યાણકારી પ્રવૃત્તિ છે."

એક યુનિવર્સિટીનો અધ્યાપક આવી રીતે વિચારી રહ્યો છે તે ઉપરથી આ ઝેરી વિચાર કેટલે સુધી પહોંચ્યો છે અને તેના ગર્ભમાં કેટકેટલા અનર્થો રહેલા છે તેની એટલે કે આપણ સર્વની સામે આવી રહેલ આંધીની આપણને આગાહી થાય છે.

ગૃહખાતાના પ્રધાન શ્રી ચવ્હાણ આ શું કહી રહ્યા છે?

કેન્દ્રના ગૃહખાતાના પ્રધાન શ્રી યશવન્તરાવ ચવ્હાણ મહારાષ્ટ્ર પ્રદેશ મહાસભા સમિતિના ઉપક્રમે તા. ૨૦-૫-૬૮ ના રોજ યોજાયેલ પરિસંવાદમાં શિવસેના અંગે ઉલ્લેખ કરતાં જણાવે છે કે, "મરાઠીભાષી લોકોને ગમે તે અગવડ કે ફરિયાદ હોય, પણ મુંબઈમાં વસતા દક્ષિણના લોકો સામે ઝેર ફેલાવવું એ ઘણું ખોટું છે, એટલું જ નહિ પણ, જુગુપ્સા પેદા કરે તેવું છે, આ શિવસેના વાળા કોઈ ને કોઈ વ્યવસાયદ્વારા પેટીયું મેળવવાનો પ્રયત્ન કરતાં દક્ષિણવાસીઓ સામે શા માટે મોરચો માંડે છે અને જેમણે નોકરીઓ કે કામ આપવા અંગે અમુક ભેદભાવપૂર્વકની નીતિ અંગીકાર કરી છે તેવા માલિકો સામે તેઓ કેમ જેહાદ ચલાવતા નથી? બધા પક્ષોએ એકઠા થઈને આ હીલચાલ દબાવી દેવી જોઈએ અને આ બાબતમાં કૉંગ્રેસ સૌથી મોટી સંસ્થા હોઈને તેની સૌથી વધારે જવાબદારી છે." આવા ઉદ્‌ગારો દ્વારા તેમણે શિવસેનાનો વિરોધ કર્યો છે અને એમ છતાં નોકરી અને વ્યવસાયનું વિતરણ કરતા વહીવટદારો અને માલિકો સામે જેહાદ ચલાવવાની ઉપરના ઉદ્‌ગારો દ્વારા તેમણે આડકતરી પ્રેરણા આપી છે જે પરસ્પર વિરોધી છે.

આમ દ્વિધા પેદા કરતું શ્રી ચવ્હાણનું કથન શિવસેના સામેની તેમની વિરોધી નિષ્ઠાને શંકાસ્પદ બનાવે છે. આ ઉપરાંત દેશમાં કાયદો અને વ્યવસ્થાની જવાબદારી ધરાવનાર કેન્દ્રીય પ્રધાન આવું અનર્થપૂર્ણ સૂચન કરે તે ધૃષ્ટતાની અવધિ છે, ઔચિત્યની બધી સીમાને વટાવી જાય છે.

કલા-રવિ ટ્રસ્ટ દ્વારા યોજાયેલ કલાભવનનું ખાતમુહૂર્ત

તા. ૧૬-૩-'૬૮ ના પ્રબુદ્ધ જીવનમાં જે કલાગૃહનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો તે કલાગૃહનું તા. ૨૫-૪-'૬૮ ના રોજ ગુજરાતના રાજ્યપાલ શ્રીમન્ નારાયણ અગ્રવાલના વરદ હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ કલાગૃહના સંબંધમાં જણાવવાનું કે ગુજરાતના સુવિખ્યાત કલાગુરુ શ્રી રવિશંકર મહાશંકર રાવળની કલાના ક્ષેત્રે અનેકવિધ સેવાઓની કદર રૂપે અમદાવાદ ખાતે એક ભવ્ય 'કલા-ગૃહ'નું નિર્માણ કરવાના હેતુથી કેટલાક સમય પહેલાં કલા-રવિ ટ્રસ્ટ એ નામનું એક ટ્રસ્ટ ઉભું કરવામાં આવ્યું છે. શ્રી પ્રભુદાસ પટવારી, નવનીતલાલ સાકરલાલ શોધન, કાન્તિલાલ મણિલાલ, બચુભાઈ રાવત, અનન્તરાય રાવળ, કનુ દેસાઈ તથા જનાર્દન રાવળ– આ મુજબ ઉપર જણાવેલ 'કલા-રવિ' ટ્રસ્ટના સાત ટ્રસ્ટીઓ છે. આ ટ્રસ્ટને આપકારતાં ગુજરાતના તત્કાલીન રાજ્યપાલ મર્હુમ નવાબ મહેંદી નવાઝ જંગ સાહેબે રૂ. ૧,૦૦૦ ના બીજદાન સાથે એવી ઈચ્છા વ્યકત કરેલી કે:

"... શ્રી રવિશંકર રાવળે કલા અને ચિત્રના ક્ષેત્રે જે ફાળો આપ્યો છે તેને અમદાવાદ અને ગુજરાતના કળાકારોને હંમેશાનો લાભ મળતો રહે એવા આકારનું કોઈ મૂર્ત રૂપ આપવામાં આવે તો તે અતિ યોગ્ય કાર્ય થયું ગણાશે.

"આના અનુસંધાનમાં હું એમ સૂચવું છું કે આ કલારવિ ટ્રસ્ટના વ્યવસ્થાપકો એવી યોજના કરે કે જેમાં ચિત્રકારો–વિદ્યાર્થીઓને રહેવા માટે હોસ્ટેલ જેવો કોઈ પ્રબંધ હોય અને તે સાથે કળાકારોને પોતાના કાર્ય માટે આવશ્યક એવી બધી સાધનસામગ્રી અને પુસ્તકાલયની પૂરી સગવડતા હોય. ગુજરાત સરકાર આવી વસાહત માટે સાબરમતીના કિનારે જમીનનો ટુકડો આપશે એવી ધારણા ઉપર આવી યોજના માટે રૂ. પાંચ લાખની જોગવાઈ કરવાની રહેશે."

આ અંગેનાં ચક્રો ગતિમાન થવાના પરિણામે જણાવતાં આનંદ થાય છે કે આ કલાગૃહ ઉભું કરવા માટે ગુજરાત રાજ્ય સરકારે

શહેરની મધ્યમાં ૭૫૧૦ ચોરસ વાર જેટલી મૂલ્યવાન જમીન ટ્રસ્ટને ભેટ આપી છે. એ જમીન ઉપર કલાને લગતી સર્વતોમુખી પ્રવૃત્તિઓ ચલાવવા માટે એક વિશાળ ભવન બાંધવાની યોજનામાં આરંભદાન તરીકે અને તેમાં એક કલા વિથિ–આર્ટગૅલેરી ઉભી કરવામાં આવે એ હેતુથી અમદાવાદના શેઠ સાકરલાલ બાલાભાઈએ રૂ. એક લાખની રકમ ટ્રસ્ટને ભેટ આપી છે. આ કલાગૃહ અથવા તો કલાભવનનો ખ્યાલ આપતાં કલા – રવિ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી પ્રભુદાસ પટવારીએ ઉપર જણાવેલા ખાતમુહૂર્તના શુભ પ્રસંગે કરેલા નિવેદનમાં જણાવ્યું કે "આ ભવનમાં કલાવિથિ–ચિત્રવિથિ–ઉપરાંત વ્યાખ્યાનભવન, ગ્રંથાલય, કલાકારો માટે અતિથિગૃહ, સાધનહીન ચિત્રકારો માટે કાર્યગૃહ (સ્ટુડિયો), તથા સમાજનાં શોખ ધરાવતાં નરનારીઓ માટે યથેચ્છ કળાવિષયક પાઠો અને પરિચયોની સહજપ્રાપ્ત ગોઠવણો કરવામાં આવશે.

"આ ચિત્રાલય સાથે પોતાની આત્મીયતા સ્થાપવાને શ્રી રાવળે પોતાનાં અનેક ચિત્રો, ચિત્રગ્રંથો અને કલાત્મક વસ્તુઓનો સંગ્રહ આપવાનો સંકલ્પ કર્યો છે, જે મકાન તૈયાર થતાં ટ્રસ્ટના કબજામાં આવી જશે. આ કલાકેન્દ્ર જનતા તેમ જ શહેરીઓના લાભાર્થે કલાકારોનાં સંપર્કમિલન, કલાચર્ચાઓ અને ચિત્રગ્રંથોના અનુશીલન માટેનું સ્થાયી મંદિર બની રહેશે."

આશા રાખીએ કે પ્રસ્તુત કલાભવન અંગે શ્રી પ્રભુદાસ પટવારીએ જે વિગતો રજૂ કરી છે તે વિગતોપૂર્વકનું કલાભવન જલ્દીથી તૈયાર થાય અને તે દ્વારા ગુજરાતની કલાપ્રવૃત્તિને નવો વેગ પ્રાપ્ત થાય.

ભારતીય જ્ઞાનપીઠે કરેલો કવિવર ઉમાશંકરનો સત્કાર

કલકત્તાનિવાસી શેઠ શાંતિપ્રસાદ જૈન તરફથી ૧૯૪૪ની સાલમાં ભારતીય જ્ઞાનપીઠ નામનું એક સાહિત્ય પ્રચારલક્ષી ટ્રસ્ટ ઊભું કરવામાં આવ્યું હતું. આ ટ્રસ્ટનો આશય સંસ્કૃત, પ્રાકૃત, પાલી, અપભ્રંશ, તામિલ, કન્નડ, અને બીજી ભારતીય ભાષાનાં જૂનાં અને અપ્રસિદ્ધ ગ્રંથોને પ્રગટ કરવાનો અને આજના સાહિત્યલેખકોને એક યા બીજી રીતે પ્રોત્સાહન આપવાનો હતો અને તે મુજબ તેની પ્રવૃત્તિઓ ચાલી રહી હતી. સમય જતાં આજથી પાંચેક વર્ષ પહેલાં કોઈ પણ ભારતીય ભાષાના ઉત્તમ કોટિના લેખકને તેની કોઈ ચોક્કસ કૃતિને આગળ ધરીને રૂ. એક લાખની રકમનું પારિતોષિક આપવાની એક યોજના આ ટ્રસ્ટ તરફથી જાહેર કરવામાં આવી હતી. આવી સાહિત્યકૃતિની પસંદગી માટે એક સીલેક્શન બોર્ડ ઊભું કરવામાં આવ્યું છે. આ બોર્ડના ડૉ. સંપૂર્ણાનંદ ચેરમેન છે અને તેના સભ્યોમાં જ્ઞાનપીઠના પ્રેસીડેન્ટ શ્રીમતી રમા જૈન, શ્રી આર. આર. દિવાકર, ડૉ. ગોપાલ રેડ્ડી, ડૉ. હરેકૃષ્ણ મહેતાબ, ડૉ. નિહાર રંજન રૉય, ડૉ. કરણસિંહ, ડૉ. કે. જી. સૈયુદ્દીન, અને શ્રી જી. શંકર કુરૂપનો સમાવેશ થાય છે.

આ જ્ઞાનપીઠનું ૧૯૬૫ની સાલનું પહેલું પારિતોષિક મલયાલમ ભાષાના કવિ શ્રી જી. શંકર કુરૂપને તેમના કાવ્યસંગ્રહ 'ઓટા કુઝલ' માટે અને ૧૯૬૬ની સાલનું બીજું પારિતોષિક બંગાળી ભાષાના લેખક શ્રી તારાશંકર બન્દોપાધ્યાયને તેમની નવલકથા 'ગણદેવતા' માટે આપવામાં આવેલ છે.

૧૯૬૭ની સાલનું પારિતોષિક બે સાહિત્યકારોને વહેંચી આપવું એવો નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે: એક ગુજરાતના સુપ્રસિદ્ધ કવિ, વિવેચક અને લેખક શ્રી ઉમાશંકર જોષીને તેમના કાવ્યસંગ્રહ 'નિશીથ' માટે અને બીજા કન્નડ ભાષાના કવિ ડૉ. કે. વી. પુટપ્પાને તેમના મહાકાવ્ય 'રામાયણ દર્શનમ્' માટે.

આ રીતે ભારતીય જ્ઞાનપીઠના ૧૯૬૭ના સાલના પારિતોષિક માટે પસંદ કરાયલા બે કવિઓમાંથી આપણ સર્વના અતિ પ્રીતિપાત્ર, માનાર્હ શ્રી ઉમાશંકરની પસંદગી કરવામાં આવી છે એ આપણ સર્વ માટે અતિ આનંદ અને ગૌરવનો પ્રસંગ બને છે. ભાઈ ઉમાશંકરની ખ્યાતિ એક અપ્રતિમ સાહિત્યકાર અને કવિ તરીકે ગુજરાત બહાર વિસ્તરતી જતી હતી, એમ છતાં પણ, આવા પારિતોષિકની પ્રાપ્તિના કારણે તેમને અખિલ ભારતીય પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય છે અને આ સુઘટનાના પરિણામે તેમનાં કાવ્યો અને લખાણોના અંગ્રેજી અનુવાદો પ્રસિદ્ધ થતાં તેઓ સહેજે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરશે. તેમની આ વધતી જતી ખ્યાતિ અને પ્રતિષ્ઠા સાથે તેમની કાવ્યસંપદા પણ નવાં નવાં સીમાચિહ્નો સર કરે અને તેમનું જીવન અને કવન આપણ સર્વને અવનવી પ્રેરણા આપતું રહે અને તે માટે તેમને સુદઢ અને સ્થાયી આરોગ્ય અને ચિરાયુષ પ્રાપ્ત થાય એવી તેમના વિષે આપણા અંતઃરણની પ્રાર્થના હો!

સ્નેહરશ્મિને રણજીતરામ સુવર્ણચંદ્રક

શ્રી ઝીણાભાઈ રતનજી દેસાઈ જેઓ સાહિત્યના ક્ષેત્રે શ્રી 'સ્નેહરશ્મિ' ના નામથી સુપરિચિત છે તેમને ગત વર્ષનું રણજીતરામ સુવર્ણચંદ્રક આપવાની જાહેરાત કરવામાં આવેલ છે. આ પસંદગી માટે ભાઈ સ્નેહરશ્મિને આપણ સર્વના હાર્દિક અભિનન્દન ઘટે છે. શિક્ષણ એ તેમનું મુખ્ય કાર્યક્ષેત્ર છે. કેટલાંક વર્ષ સુધી તેમણે વીલેપારલેમાં સ્થાનિક હાઈસ્કૂલના આચાર્ય તરીકે કામ કર્યું હતું. ત્યાર બાદ લગભગ છેલ્લાં ત્રીશ વર્ષથી તેઓ ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહારના આચાર્યપદને શોભાવી રહેલ છે. આ શિક્ષણસંસ્થા જેમ ગુજરાતમાં અગ્ર અને આગવું સ્થાન ધરાવે છે તેમ તેના આચાર્યપદે કોઈ પણ એક વ્યક્તિ આટલી લાંબી મુદત સુધી ચાલુ રહે તે તે વ્યક્તિની અસાધારણ શિક્ષણનિષ્ઠા અને કાર્યકુશળતા પુરવાર કરે છે. આ સાથે સાહિત્યક્ષેત્રે તેમની સેવાઓ નવલકથાઓના આકારમાં તેમ જ કાવ્યસંગ્રહોના આકારમાં ચાલુ જ રહી હતી. આના અનુસંધાનમાં તેમણે ગુજરાતી કાવ્ય–સાહિત્યમાં જાપાનીઝ હાઈકુને મૌલિક એવો હાઈકુ સંગ્રહ પ્રગટ કરીને, પ્રવેશ કરાવ્યો છે. આ તેમનું મૌલિક પ્રદાન છે. આ હકીકતની વિશેષતા ધ્યાનમાં લઈને રણજીતરામ સુવર્ણચંદ્રકને લગતી સમિતિએ ગત વર્ષના ચંદ્રક માટે તેમની પસંદગી કરી છે. સ્નેહરશ્મિ સાથે વર્ષોજૂના મૈત્રીસંબંધના કારણે તેમનું આ ગૌરવ મારા માટે સવિશેષ આનંદનું નિમિત્ત બને છે.

"शुभास्ते पन्थानः सन्तु।"

જણાવતાં આનંદ થાય છે કે એપ્રિલ માસની ૩૦મી તારીખે ગુજરાતી ડાયજેસ્ટ 'નવનીત'નાં તંત્રી બહેન કુન્દનિકા કાપડિયાનાં મુંબઈ ખાતે ગોંડલ નિવાસી જાણીતા સાહિત્યકાર શ્રી મકરન્દ દવે સાથે લગ્ન થયાં છે. ગુજરાતી સાહિત્યના ક્ષેત્રમાં આ બન્નેનાં નામો સુપરિચિત છે. બન્નેની ઉંમર ૪૦ વર્ષની આસપાસ હોવાનો ખ્યાલ છે. બહેન કુન્દનિકા નવનીતનું જે સુરુચિપૂર્વક અને કુશળતાથી સંપાદન કરે છે તે તેના બહોળા વાંચન, ચિન્તન અને મનનનું સૂચક છે. શ્રી મકરન્દ દવેના ચારેક કાવ્યસંગ્રહો આજ સુધીમાં પ્રગટ થયા છે. 'યોગી હરનાથના સાનિધ્યમાં' એ નામનું તેમનું એક નાનકડું પુસ્તક હમણાં જ પ્રગટ થયું છે. mysticism–રહસ્યવાદમાં જેને રસ હોય તેને આ પુસ્તક સહેજે ગમે તેવું છે. વસ્તુતઃ આ બન્નેના આ બાબતમાં લગભગ સરખાં વલણ છે. આવી બે વિશેષ વ્યક્તિઓનું લગ્નસંબંધદ્વારા થતું જોડાણ "वागर्थौ इव संपृक्तौ वागर्थप्रतिपत्तये:" એ કવિ કાલીદાસની જાણીતી પંક્તિઓનું સ્મરણ કરાવે છે. તેમનું જોડાણ વાણી અને અર્થના જોડાણસમા અદ્વૈતમાં પરિણમે અને ગુજરાતી સાહિત્યને તેમની સેવાઓ દ્વિગુણીત આકારમાં મળતી રહે એવી આપણી તેમના વિષે શુભેચ્છા અને પ્રાર્થના હો! शुभास्ते पन्थानः सन्तु। એવા બહેન કુન્દનિકાને આપણા આશીર્વાદ હો!

અહિં એક અંગત ઉલ્લેખ કરવો અસ્થાને નહિ ગણાય. કુન્દનિકાની અટક કાપડિયા હોવાના કારણે અનેક ઠેકાણેથી પૂછાતા પ્રશ્નના જવાબમાં કુન્દનિકા મારી પુત્રીસમ હોવા છતાં મારી પુત્રી નથી એવો ખુલાસો કર્યા કરવાની હું મુંઝવણ ભોગવતો હતો. બહેન 'કુન્દનિકા' હવે કાપડીયા મટીને 'દવે' બની. એ કારણે મારી ઉપર જણાવેલી મુંઝવણનો સુખદ અન્ત આવે છે. આ રાહત માટે બન્ને પ્રસ્તુત વ્યક્તિઓનો મારે આભાર માનવો ઘટે.

વિનોબાજી અને રજનીશજીના અભિગમમાં પાયાનો તફાવત

ધર્મગ્રન્થો પ્રત્યેકના વ્યક્તિગત અભિગમ અંગે વિનોબાજી અને આચાર્ય રજનીશજી વચ્ચે શું તફાવત છે તેની ભૂમિપુત્રના તા. ૨૬-૩-'૬૮ અને તા. ૬-૫-'૬૮ના અંકમાંથી તારવેલાં અવતરણોથી સ્પષ્ટતા થાય છે. આ બન્નેની વિચારસરણી સમજવામાં એ અવતરણો ઉપયોગી થશે એમ સમજીને નીચે ક્રમસર આપવામાં આવે છે:

સાર લો, અસાર છોડો!

મને ઘણા પૂછે છે કે આચાર્ય રજનીશ અને કૃષ્ણમૂર્તિ તો ગીતા, કુરાન વગેરે ધર્મગ્રંથોનો આધાર ન લેવાનું કહે છે, અને તમે તો ગીતા, કુરાન વગેરે ગ્રંથોનું અધ્યયન કરવાનું કહો છો. તો આ બે વાત વચ્ચે ફરક શો છે?

હું કાશ્મીરમાં હતો, ત્યારે મૌલવી અને ફકીરોની એક મોટી સભામાં મેં એક વાર કહેલું કે કોઈ પણ ધર્મગ્રંથ મારા માથા ઉપર લેવા હું તૈયાર નથી. ગીતા અને કુરાન જેવા ગ્રંથ પણ આખા ને આખા માથા પર લેવાની મારી તૈયારી નથી. મારું આ કહેવું તે લોકોએ પ્રેમથી સાંભળી લીધું. છેવટે હું કરું તો એ જ છું ને કે સાર લઈ લઉં છું અને અસાર છોડી દઉં છું. કરાન - સાર, ખ્રિસ્ત-ધર્મ-સાર વગેરેનો અર્થ જ એ કે તેમાંથી અસાર કાઢી નાખી સાર સંગ્રહિત કરવામાં આવ્યો છે.

હું આ એટલા માટે કરું છું કે સમાજની શ્રદ્ધાને વિવેકનું બળ જોઈએ. સમાજ તો બાળક જેવો હોય છે. બાળકને સમજાવવું પડે છે કે આ ખા, આ ન ખા. ન ખાવા જેવી વસ્તુ ખાઈશ તો નુકસાન થશે. એટલા માટે હું માતાનું કામ કરું છું. મા બાળકને આ બધું શીખવતી હોય છે. હું પ્રાથમિક શાળાનો શિક્ષક અને તેઓ (આચાર્ય રજનીશ અને કૃષ્ણમૂર્તિ) છે કૉલેજના પ્રોફેસર! હું શૂન્યમાંથી વસ્તુ નિર્માણ કરું છું એટલો જ ફરક છે.

ટુહુલ કુરાનની જ વાત લો ને! કુરાનમાં આઠ હજાર આયાતો છે. મેં તેમાંથી અગિયારસો - બારસો આયાતો લીધી છે. એટલે કે છઠ્ઠો ભાગ સાર રૂપ તેમાં આવી ગયો, અને એક સમગ્ર ઉત્તમ વસ્તુ બની, જે અન્ય ધર્મીઓને પણ માન્ય થઈ શકે અને તેઓ તેનો સ્વીકાર કરી શકે. ત્યારે આમાં સમાજને કેટલો મોટો લાભ થયો કે અન્ય ધર્મીઓ સુદ્ધાં તે વાંચી શકે છે અને બધાનો સમય પણ બચે છે.

ખ્રિસ્તીધર્મ - સાર કાઢવાનો જ્યારે વિચાર થયો, ત્યારે મુંબઈથી એક મિત્રે લખ્યું કે આ પુસ્તક જલદી તૈયાર કરો એટલે ખ્રિસ્તી સમાજ સાથે અમે સંબંધ બાંધી શકીએ. તેમાંયે આઠ હજારમાંથી ૧,૧૦૦ વાકય લીધાં છે. એટલે કે સાતમો ભાગ રાખી લઈને બાકી બધું કાઢી નાખ્યું, તેને લીધે કોઈનું યે હૃદય દુભ્યા વિના બધા ધર્મવાળા પ્રેમપૂર્વક તેનું અધ્યયન કરી શકશે.

રાજગૃહ (બિહાર), ૪-૨-'૬૮ વિનોબા

ધર્મગ્રન્થોનો આધાર છોડો, સ્વાનુભૂતિ તરફ વળો!

રાજકોટથી શ્રી ધીરજલાલ દવે જણાવે છે કે શ્રી રજનીશજી અને શ્રી કૃષ્ણમૂર્તિના દૃષ્ટિબિંદુ અંગે વિનોબાજીએ જે વિચારો દર્શાવ્યા છે (ભૂ. ૪૬૬) તે બાબત અહીં તા. ૩૧-૩-'૬૮ ના રોજ શ્રી રજનીશજીએ કહ્યું, "વિનોબાજીએ કુરાન-સાર અને ખ્રિસ્તીધર્મ-સારનો ઉલ્લેખ કરી સાર તત્ત્વ લઈને અસાર તત્ત્વ છોડવાની પોતાની દૃષ્ટિ બતાવી છે. પણ મારી તો સમજમાં નથી આવતું કે એ ગ્રંથોમાંહેનો કોઈ સાર - અસાર ભાગ કહેવાનો આપણને અધિકાર ખરો? એકને જે સારભૂત લાગે, તે બીજાને ન પણ લાગે. ગીતા, કુરાન, બાઈબલ એમના નિર્માતાઓની અનુભૂતિ હતી. એમની અનુભવવાણીનો ન્યાયાધીશ હું ન બની શકું અને એટલે જ તો હું કહું છું કે એ ઝંઝટ છોડો. ધર્મગ્રંથોનો આધાર શોધવામાં તમારો સ્વાનુભૂતિ પ્રાપ્ત કરવાનો કાળ વ્યર્થ ન ગુમાવો. તમારા સ્વાનુભવમાંથી જ તમારો સાચો ધર્મ જાગી ઊઠશે. વળી, વિનોબાજી કહે છે કે શ્રદ્ધાને વિવેકનું બળ મળવું જોઈએ. જ્યારે મારું કહેવું છે કે શ્રદ્ધાને સ્થાને વિવેક જોઈએ. જ્યારે આપણે એમ કહેવું પડે છે કે શ્રદ્ધાને વિવેકનું બળ જોઈએ, ત્યારે એમાંથી એ વાત ચોખ્ખી ફલિત થાય છે કે શ્રદ્ધામાં અને એની પાછળ સામસામું વિરોધાભાસી તત્ત્વ પડ્યું જ છે અને એને કારણે જ પછી વિવેકની વાત કરવી પડે છે. ત્યાર પછી વિનોબાજીએ સમાજને બાળક જેવો ગણાવ્યો છે, અને તેને સાર - અસાર બધું સમજાવવું પડે છે. બાળકને સમજાવવું એટલે શૂન્યમાંથી સર્જન કરવું અને અન્યને સમજાવવું તે જુદું ને કંઈક મુશ્કેલ તેવો ભેદ વિનોબાજીએ દર્શાવ્યો છે. પરંતુ ખરું જોતાં મારે મન તો બાળક અને મોટાઓને સમજાવવામાં આધ્યાત્મિક ક્ષેત્રે કશો જ ફરક નથી. બાળકને (સમાજને) શૂન્યવત્ કેમ ગણી શકાય? અનેક સંસ્કારો લઈને તે અવતરે છે. મારી દૃષ્ટિ ભિન્ન છે કે આધ્યાત્મિક ક્ષેત્રે શૂન્યમાંથી સર્જન કરવાનું નથી, પણ સર્જનમાંથી જે કાંઈ સંસ્કારો પડ્યા છે તેમાંથી શૂન્ય તરફ જવાનું છે, એની નિર્જળા કરવાની છે. અહંમાંથી ન - અહં તરફ હોવાનું છે." પરમાનંદ

નવી દુનિયામાં—૬

અમેરિકન ઓરિએન્ટલ એસોસિએશનના વાર્ષિક અધિવેશનમાં હાજરી આપવા માટે ટોરોન્ટો યુનિવર્સિટી તરફથી અમારા વિભાગના બધા જ અધ્યાપકોને મુસાફરી ખર્ચ આપવામાં આવ્યું હતું. એટલે અનિવાર્ય કારણે જેઓ આવી શકે તેમ હતા નહીં તે સિવાયના બધા જ અધ્યાપકોએ બર્કલેમાં હાજરી આપી. અમે અહીંથી તા. ૧૬ માર્ચની વહેલી સવારે વિમાનમાં સવાર થયા. રસ્તામાં ચીકાગો શહેરના એરોડ્રોમ ઉપર વિમાન ૪૫ મિનિટ રોકાયું અને બપોરે અમે સાનફ્રાન્સિસ્કો ઊતર્યા. અહીં અને ત્યાંના સમયમાં ત્રણ કલાકનો ફરક છે. સાનફ્રાન્સિસ્કો નગર ૧૯૦૬માં ભૂકંપ અને આગને કારણે તારાજ થયું હતું, પણ અત્યારે માત્ર એક જૂના દેવળના ભગ્નાવશેષ સિવાય તે આગનું કયાંય નામનિશાન નથી. સમગ્ર શહેર નવેસરથી વસાવવામાં આવ્યું છે એટલે સુવ્યવસ્થિત છે. પેસિફિક મહાસાગરથી ત્રણ બાજુ વીંટળાએલ હોઈ અને સમગ્ર શહેર ટેકરી ઉપર વસેલ હોઈ, રાત્રે તેની રમણીયતા અદ્‌ભૂત લાગે છે. મુંબઈમાંના કોલાબા, મરીન-ડ્રાઈવ, નરીમાન પોઈન્ટ, વાલકેશ્વર, હેંગિંગ ગાર્ડન વિભાગના દશ્યો સમગ્ર શહેરમાં જોવા મળે છે. આ શહેરની વાહનવ્યવહારની વિશેષતામાં કેબલકારની મોજ માણવા જેવી છે. મુંબઈની ટ્રામની ભીડને પણ ભૂલાવી દે તેવી નાનકડી-વીજળીથી ચાલતી-આ ટ્રામગાડી સહેલાણીઓની રમુજનું એક અપૂર્વ સાધન છે. ગાઈડેડ ટૂરની બસ શહેરમાં દર્શનીય સ્થળોએ ફેરવે છે અને શહેરની ઊંચામાં ઊંચી ટેકરી ઉપરથી સમગ્ર શહેરનું દશ્ય દેખાડે છે. મ્યુઝીયમોનું આ શહેર છે એમ કહીએ તો ખોટું નથી. મુંબઈથી ઘણું સુંદર એકવેરિયમ અહિં છે. કલાપ્રદર્શનનું મ્યુઝિયમ બહુ જ વિશાળ છે. તેમા અમે ગયા ત્યારે એક વિભાગમાં ભારતીય આદિવાસીઓની કળા-કારીગરીની વસ્તુઓનું પ્રદર્શન ભાઈ હકુ શાહ ગોઠવી રહ્યા હતા. એક ગુજરાતી અને તે પણ અમદાવાદના એક ભાઈને આ કાર્ય માટે રોકવામાં આવ્યા છે જાણી અને તેમને મળીને ઘણો આનંદ થયો. તેમણે ગોઠવાતું એ પ્રદર્શન અમને દેખાડ્યું. તે જ મ્યુઝિયમના એક ભાગમાં ભારતીય પ્રાચીન શિલ્પના સુંદર નમુનાઓ ગોઠવવામાં આવ્યા છે. મ્યુઝિયમના મકાનની આસપાસ સુંદર બગીચો છે. તેના એક વિભાગમાં જાપાનીઝ ટી ગાર્ડનની રચના જોવા જેવી છે. આ ભાગની રચના અહીંની જાપાનીઝ પ્રજાએ પોતાના પૈસે કરીને તે સરકારને સોંપી દીધી છે. તેમાં વિશાળકાય બુદ્ધમૂર્તિ મૂકવામાં આવી છે અને જાપાનીઝ સ્થાપત્યના નમુના ઉપર શીતગૃહોની રચના કરવામાં આવી છે. સાનફ્રાન્સિસ્કોમાં એક વિભાગ ચીના ટાઉન નામે ઓળખાય છે. ત્યાં વસતી મોટે ભાગે ચીનાઓની છે અને સમગ્ર બજાર પણ ચીની વસ્તુઓથી ભરપુર છે. તેમાં ફરનારને હોંગકોંગ કે કોઈ ચીની નગરમાં ફરી રહ્યાનો આનંદ મળે છે. કેલિફોર્નિયા પ્રાન્તનું સાનફ્રાન્સિસ્કો મુખ્ય નગર છે. એથી તેની વિધાનસભા અને બીજા સરકારી મકાનોની ભવ્યતા નવી દિલ્હીના સરકારી મકાનોની યાદ આપી જાય છે. અમેરિકન પ્રજાને જોવાનો આ પ્રથમ જ અવસર હતો. અમે વાય. એમ. સી. એ. માં ઉતર્યા હતા. તેની આસપાસ ઘણી નાઈટ કલબો ચલાવતી હોટલો છે. સવારે જ્યારે ચાપાણી કરવા હોટલની શોધમાં અમે ફરતા હતા ત્યારે દારૂડીયાના પોકાર સાંભળવા મળ્યા. રસ્તા ઉપર ભારતની જેમ ભીખારીઓ પણ મળ્યા—જો કે સભ્યતાથી ભરપૂર—અને માનસિક અસ્વસ્થ પુરુષો પણ રસ્તા ઉપર ભમતા ભાળ્યા. આટલી સમૃદ્ધિથી ભરપુર આ દેશના જનોના ચહેરા ઉપર સમૃદ્ધિનો આનંદ, ધારી ધારીને જોવા છતાં, મને જવલ્લેજ દેખાયો. માનસિક વ્યથા થાક, ઉચાટ આદિ ભાવો સામાન્ય રીતે પુરુષોના ચહેરા ઉપર જોવા મળ્યા. હીપી વિશે સાંભળી રાખ્યું હતું—એટલે તેમનામાં ઉલ્લાસ અને

સંયમ જોવાની અપેક્ષા હતી. પણ અવ્યવસ્થિત કપડાં અને અવ્યવસ્થિત વાળ સિવાયનું કોઈ લક્ષણ જોવા મળ્યું નહીં. કેલિફોર્નિયા હિપીજનોનું મુખ્ય ધામ ગણાય છે. પણ ધારી ધારીને જોવા છતાં તેમનામાં અન્ય અમેરિકનો કરતાં ઉપર જણાવેલ વિશેષતા સિવાય મને તો કશું જ જણાયું નહીં. જેમ અન્ય અમેરિકન યુવક-યુવતીઓ ચેષ્ટા-કુચેષ્ટા કરતા નજરે ચડે છે તેવી જ ચેષ્ટા-કુચેષ્ટા આ હીપીજનોમાં પણ દેખાઈ. ફ્રીશરમેન્સ વાર્ફમાં મુંબઈની ચોપાટીનું વાતાવરણ છે, પણ તે તેથી પણ રમણીય છે. બોટમાં પેસિફિક સમુદ્રની બે કલાક યાત્રા કરી. તે ટાણે એક અત્યંત સાહસી વીરનાં દર્શન થયા. નાનકડી બોટ ઉપર સઢ ચડાવીને એકાકી એ વીર નીકળી પડયો હતો. સઢ સમેત સમગ્ર બોટ પાણીમાં ડબી જાય, તેનો પણ પત્તો ન લાગે એવી રીતે ડૂબી જાય, છતાં થોડી વારમાં સઢ ઉપર દેખાય, પછી નાનકડી બોટ દેખાય અને એ વીર એ બોટમાં એક બાજુએથી ચડવાનો પ્રયત્ન કરતો દેખાય. હવાથી સઢ ભરાઈ જાય, બોટ એક તરફ સાવ નમી જાય તે મહામહેનતે માંડ ઉપર ચડે, ત્યાં તો ફરી મોજાના મારથી નૌકા ડૂબી જાય—આવું તો અનેક વાર અમે જોયું, પણ અદમ્ય ઉત્સાહી એ યુવાન આ કસરત કર્યા જ કરતો હતો. કદાચ એ નૌકાદળનો સૈનિક હશે. પણ તેનું આ સાહસ માન ઉપજાવે અને મન ઊંચા કરી દે તેવું હતું. નૌકા જગવિખ્યાત બે પુલ નીચેથી પસાર થઈ. એક પુલ તો ગોલ્ડન ગેઇટના નામે ઓળખાય છે. તેના બે થાંભલા વચ્ચેની ધરી દુનિયાના કોઈ પણ પૂલથી અધિક છે. અને બીજો પૂલ સાનફ્રાન્સિસ્કો અને બર્કલેને જોડતો પુલ છે. તેની લંબાઈ આઠ માઈલ છે એમ જણાવવામાં આવ્યું. સમુદ્રમાં એ પુલ બાંધવામાં આવ્યો છે અને વચ્ચે એક ટાપુમાંથી પસાર થઈ સાનફ્રાન્સિસ્કોથી બર્કલે સુધી લંબાયો છે. આ બન્ને નગરો સમુદ્રની ખાડીના બન્ને કિનારે ટેકરીઓ ઉપર વસેલા છે. એટલે રાત્રે તે બન્નેનું દશ્ય અનુપમ હોય છે. કેલિફોર્નિયા યુનિવર્સિટી બર્કલેમાં છે. તેમાં ૨૮,૦૦૦ વિદ્યાર્થીઓ ભણે છે અને ૨,૫૦૦ જેટલા અધ્યાપકો છે. તેમાં નવ તો નોબલ ઈનામ પામી ચૂકયા છે. આ ઉપરથી એ યુનિવર્સિટીનું મહત્ત્વ સમજાય છે. બર્કલેને યુનિવર્સિટી નગર કહીએ તો પણ કહી શકાય તેમ છે. આ યુનિવર્સિટીએ આ જ વર્ષે સો વર્ષ પૂરાં કર્યાં છે. તેનો ઉત્સવ ચાલી રહ્યો છે. તેના અનુસંધાનમાં જ અનેક કોન્ફરન્સો તે પોતાને આંગણે ભરશે. અમેરિકન કોન્ફરન્સ ટાણે જ બીજી બે કોન્ફરન્સો ચાલી રહી હતી. હોસ્ટેલો દેશની સમૃદ્ધિને અનુરૂપ જ છે. દરેક રૂમમાં ટેલિફોનની વ્યવસ્થા છે. પણ વિદ્યાર્થીઓની અશ્લીલતા તેમના રૂમના બારણા ઉપરના લખાણોમાં, લીફ્ટમાંના લખાણોમાં અને અન્યત્ર જોવા મળી. તે આપણે ત્યાંના બાથરૂમનાં લખાણો અને ચિત્રોને પણ આંટી દે તેવીજ હતી. યુનિવર્સિટીનું વાતાવરણ તો સંયમમય હશે તેવી અપેક્ષા રાખીએ, પણ ત્યાં તો રસ્તા ઉપર અને રેસ્ટોરાં કે બેઠકોના ઓરડામાં વિદ્યાર્થીયુગલોની કુચેષ્ટા જોવા મળી. સમાજની શરમ જેવું કાંઇ હોય તેવું દેખાતું નથી. અધ્યાપકો પસાર થતા હોય કે અમારા જેવા બહારના અતિથિ—પણ યુગલોની ચેષ્ટામાં કોઇ ફરક પડે જ નહિ. જાણે કે એ બે સિવાય તેમની સમક્ષ કોઇ બીજી દુનિયા છે જ નહિ. એ પ્રકારની મસ્તી અને ઉપેક્ષા સહજ છે. ઑફિસના ટેબલ પાસેની લાઈનમાં જો યુગલ ઊભું હોય અને ચુંબનનું મન થઈ આવે તો પણ તેઓને ત્યાં કશી જ રૂકાવટ પડતી નથી. આપણે આડું જોઈએ તો ભલે. તેમને મન તો તેઓ બેનું જ અસ્તિત્વ હોય તેમ તેઓ વર્તે છે. આ પ્રજાનો આ અસંયમ તેમને કયાં લઈ જશે તે જોવાનું છે. છાપામાં તો હવે ચર્ચા એની જ જોવા મળે છે કે સેકસની બાબતમાં જે શરમ છે તેને લઈને જ ઘણા અનર્થ થાય છે. માટે એ શરમથી જેટલા પ્રમાણમાં દૂર થવાય તેટલા પ્રમાણમાં મન સ્વસ્થ બને. એટલે એ શરમ દૂર કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે.

અત્યાર સુધી કેનેડામાં તો કોઇ બર્થકન્ટ્રોલની દવાની ખુલ્લી જાહેરાત કરી શકતું નથી. અમુક પ્રાન્તોમાં તો રવિવારને રોજ સીનેમા, રેઇસ કે જુગારની બંધી છે. આ ધાર્મિક પાદરીઓની જાગૃતિને પરિણામે ચાલુ હતું. પણ હવે તેની છૂટ આપવાના ઉપાયો લેવાઈ રહ્યા છે. તેનો વિરોધ કરનાર પણ કોઈ જોવા મળતું નથી. એ કાયદો સુધારવાનું સૂચવનાર મિનિસ્ટર કહે છે કે આ સુધારાની સૂચના વિરૂદ્ધ મને માત્ર બે ટેલિફોન મળ્યા છે. આથી જોઈ શકાય છે કે સંયમની પાળ તૂટી રહી છે. તેને રોકનાર ગાંડામાં ગણાય તો નવાઈ નહિ. કેટલીક બહેનોએ અભિપ્રાય આપ્યો છે કે રવિવારે રેઇસ વગેરેની છૂટી મળશે તો તો માત્ર એક દિવસ જે પરિવારમિલન સંભવ બનાવે છે તે પણ ટળી જશે અને જીવનમાં પરિવારસંમેલનનું સ્થાન જ રહેશે નહિ. કાં તો સૌ ધંધામાં, અને કાં તો રેસ અને સિનેમામાં, પણ ઘરમાં તો નહિ.

અમેરિકન ઓરિયેન્ટલ કોન્ફરન્સમાં ભારતીય નાટક, દર્શન, સાહિત્ય આદિને લગતા અનેક લેખો વંચાયા અને રસપ્રદ ચર્ચા પણ થઈ. ઉપરાંત ચીન-જાપાન-ઈરાન-ઈરાક-ઈજિપ્ત-ઈઝરાઈલ-ટર્કી આદિ દેશોની સંસ્કૃતિ અને ઈતિહાસ વિષે પણ અનેક વિદ્વાનોએ પોતાની શોધો રજૂ કરી. કુલ ૧૬૯ નિબંધો આવ્યા હતા. વિદ્વાનોની હાજરી ચારસોથી પણ વધારે હતી. તેમાં ભારતીય વિદ્વાનો પણ ઠીક ઠીક સંખ્યામાં હાજર હતા. અમેરિકાની અનેક યુનિવર્સિટીમાં હવે ભારતીય સંસ્કૃતિનું અધ્યયન-અધ્યાપન થઈ રહ્યું છે. એટલે ઘણા ભારતીય વિદ્વાનોને અમેરિકામાં વસવાનો અવસર મળ્યો છે. તેમાંના ઘણા ખરા યુવાન વયના છે ઉત્સાહી છે. કેટલીક વાર અતિ ઉત્સાહી જણાય છે. એક પણ નિબંધ જૈનધર્મ કે સંસ્કૃતિ વિષે હતો નહિ એ સૂચક છે. હોનોલૂલૂમાં ૧૯૩૯, '૪૯, '૫૯, અને '૬૪માં પૂર્વ-પશ્ચિમના તત્ત્વજ્ઞાનીઓની કોન્ફરન્સ ભરવામાં આવી. તેમાં એક પણ જૈન વિદ્વાને ભાગ લીધો નથી. એ ચારે ય કોન્ફરન્સમાં જે લેખો રજૂ થયા તે સંગ્રહાયા છે. તે સંગ્રહોમાંથી હમણા In ian mind નામે એક ૪૫૮ પાનાંનો સંગ્રહ ભારતીય સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાનના સારભૂત તત્ત્વોનો સમાવેશ કરીને પ્રકાશિત થયો છે. તેમાં જૈન ધર્મ વિષે પ્રો. રાજુ જેવા પ્રસિદ્ધ વિદ્વાને જે અભિપ્રાયો વ્યકત કર્યા છે તે વાંચી આશ્ચર્ય થાય છે. આમાં દોષ જૈન વિદ્યાના પ્રચારકોનો છે. પૂરી સામગ્રી વિદ્વાનો સમક્ષ યથોચિત રુપમાં રજૂ જ ન થઈ હોય પછી બીજાને દોષ શો દેવો ? આ બાબતમાં હોહા તો બહુ થાય છે, પણ યથોચિત માર્ગનું અવલંબન લેવામાં આવશે નહીં ત્યાં સુધી તો કશું જ થશે નહીં અને જૈનધર્મ વિષેનું વિદ્વાનોનું અજ્ઞાન કહો કે ઉપેક્ષા કહો તે વધતું જ જશે. વિદેશી ભાષામાં જૈન ધર્મનો યથાર્થ પરિચય કરાવતા પુસ્તકો એક નહીં અનેક પ્રકાશિત કરવા જરૂરી છે. ભૂલ કરનાર લેખકની ભૂલને માફ કરવાની કે તે પ્રત્યે ઉપેક્ષા રાખવાની જરૂર છે અને તેને ઉઘડો લઈ એ વિષયમાં તેને લખતો જ બંધ કરી દેવાની જરૂર નથી. આ પ્રક્રિયા અત્યાર સુધી અપનાવવામાં નથી આવી. અનેક લેખકોને જૈન ધર્મ વિષે લખવા દો—ભલે તેઓ ભૂલ કરે. તમે યથાર્થ સામગ્રી પુરી પાડો, એટલે ભૂલો ઓછી થશે અને વિદ્વાનોમાં યથાર્થ સમજ આવશે. પરિણામે અણખેડાયેલા આ ક્ષેત્રમાં અનેક વિદ્વાનો પ્રવેશશે. આમ થશે તો જ જૈન ધર્મ વિશેનાં લખાણોને ઉકત પ્રકારના સંગ્રહમાં સ્થાન મળશે. અત્યારે તો સ્થિતિ એ છે કે આવા પ્રકારના પુસ્તકમાં બધા મળી બે ત્રણ પાનાં જ જૈન ધર્મ વિષે ભાગ્યે જ જોવા મળે છે, જાણે કે ભારતીય સંસ્કૃતિના ઉદય અને વિસ્તારમાં જૈનોનું કશું જ પ્રદાન ન હોય.

ટોરોન્ટો, તા. ૩૦-૩-૬૮. દલસુખ માલવણિયા

ગુજરાતી વિદ્યાર્થીઓને મફત શિક્ષણ

દાદરમાં આવેલ 'દિવ્ય મિત્ર મંડળ' પોતાનાં ધ્યેયો સિદ્ધ કરવા મુંબઈમાં વસતા ગરીબ ગુજરાતી વિદ્યાર્થીઓને શાળાના ૧ થી ૧૧ ધોરણના વિદ્યાર્થીઓને પાઠયપુસ્તકો આપનાર છે. જેના અરજીના ફોર્મ તેમના કાર્યાલય ૩૮, મોતી ભુવન, બીજે માળે, ડૉ. ડી. સિલ્વારોડ, દાદર (વેસ્ટ) મુંબઈ-૨૮ તેમજ દાદર ટી ડેપો, શાક માર્કીટની બાજુમાં ડૉ. ડી. સિલ્વારોડ, દાદર (વેસ્ટ) મુંબઈ-૨૮ પરથી મળશે.

બીપીન પી. દોશી
માનદ મંત્રી.

'પ્રબુદ્ધ જીવન'ની પત્રચર્યા

શ્રી વિમલાબહેન ઠકારનો પરિપત્ર-૨

હીલ્વરસમ, તા. ૨૬-૪-૬૮

પ્રિય મિત્રો,

મને ભારત છોડ્યાંને મહિના કરતાં પણ વધારે વખત થયો. છેલ્લાં ચાર અઠવાડિયામાં જગત અનેક ધમાલ અને વાવાઝોડામાંથી પસાર થયું છે. યુરોપીય પ્રજાને વાયરલેસ, ટેલીવિઝન, છાપાઓ, જર્નલ્સ વગેરે બહુ સુલભ છે. જેનું મન ચપળ છે અને જાગરૂક છે તે માનવી આ પૃથ્વીના ગોળા ઉપર કોઈપણ ઠેકાણે બનતા બનાવોથી પરિચિત રહી શકે છે. અહિં રહીને નજર ફેરવીએ તો દુનિયા આખી એક નાના સમાજમાં સમાઈ ગઈ હોય એવું દેખાય છે. વૈજ્ઞાનિક શોધોના પરિણામે સમય અને અંતર બન્ને સાંકડા બની ગયાં છે.

મેં હજારો અમેરિકનોને ડૉ. માર્ટિન લ્યુથર કીંગની હત્યા માટે અફસોસ કરતા જોયા. મેમ્ફીસમાં નીકળેલી એમની સ્મશાનયાત્રાને હું પ્રત્યક્ષ જોઈ શકી તે ટેલિવિઝનને આભારી છે. યુ. એસ. એ. ને તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણીના દોરને હલાવી નાખનારાં તોફાનો પણ જોયાં. વિયેટનામ અને સિયાફ્રામાં થયેલાં રકતસ્નાન જોયાં. મેજર ગેગારીનના અકસ્માત મૃત્યુથી રશીયનોએ જે આઘાત અનુભવ્યો તેની પણ હું સાક્ષી છું. પશ્ચિમ જર્મનીમાં બનતા બનાવો મેં ઘરઆંગણે જોયાં. ત્યાં વિદ્યાર્થીઓએ જે બંડ કર્યું અને હિંસાભર્યું આચરણ કર્યું તેથી પશ્ચિમ જર્મનીના સત્તાધારીઓ હલી ઊઠ્યા છે.

ઈંગ્લાંડમાં ટોચે પહોંચેલુ વર્ણભિદનું અભિમાન, એનક પોવેલનાં ભાષણોએ આખા યુરોપ અને અમેરિકા ઉપર પાડેલા વિનાશ નોતરનારા પ્રત્યાઘાતો, ઝાંબીઆની પ્રજાની આર્થિક સુધારણાઓ માટેનો પ્રેસીડન્ટ કોન્ડાનો નિશ્ચય અને પરદેશીઓ કાં તો ઝાંબીઆના વતની થઈ જાય અથવા તો ઔદ્યોગિક અને ધંધાદારી સ્થાનિક પેઢીઓ ઉપરથી પોતાનો હક્ક ઉઠાવી લે તેવા પ્રકારનો તેમનો આગ્રહ, મધ્યપૂર્વના દેશોમાં થતાં કમનસીબ ઝગડાઓ અને મડાગાંઠો અને આવા અનેક બનાવો-આ સર્વ ઉપરથી કોઈને પણ લાગે કે માનવીનું જીવન આજે એક ઉકળતા ચરૂ જેવું બની ગયું છે. એકબીજા પ્રત્યે અસંતોષ, કડવાશ, તિરસ્કાર અને હિંસા માનવ મન ઉપર સવાર થઈ બેઠાં છે. માનવને પોતાનું અંતર તપાસવાનો આ એક સંક્રાન્તિકાળ છે. આપણે સામનો કરી ઘરમૂળથી પરિવર્તન આણીશું કે પછી હતાશ થઈ વિનાશ વહોરી લઈશું એ આજનો મહાન પ્રશ્ન છે. પણ માનવીએ હંમેશાં આવા કાળમાં સામી ટક્કર ઝીલવાને બદલે વેતસી વૃત્તિ ધારણ કરી છે અને આગળ વધવાને બદલે પછાડ જ ખાધા કરી છે.

ભારતના દરેક નાગરિકને સમજવું જરૂરનું છે કે એવું કંઈક હું તમને લખવા ઈચ્છું છું. જો તે તરફ આપણે ધ્યાન ન આપ્યું તો હાથે કરીને આપણે આપણા વિનાશને નોતરશું.

સંયુકત રાષ્ટ્રસંસ્થાના ડેવલપમેન્ટ ડીકેડને-વિકાસના દશકાને-લગતા પરિપત્રમાંનો મોટો ભાગ દરેક મોરચા ઉપર સ્થગિતતાની અને પરાજયની જાહેરાત કરતો હોય છે. લેટીન અમેરિકાથી આવેલા છેલ્લામાં છેલ્લા સમાચારો જણાવે છે કે વસ્તીવધારાના ત્રણ ટકા સામે અન્ન ઉત્પાદનમાં માત્ર એક ટકાનો વધારો થયો છે.

પશ્ચિમનાં યોજના ઘડનારાઓ પણ હવે સમજવા લાગ્યા છે કે ગામડાંને બાજુએ રાખીને કોઈ વિકાસ સાધી શકાવાનો નથી. ખેડૂત, ખેડૂતનું કુટુંબ અને ગ્રામ્યજન-દુનિયાનો ત્રણચતુર્થાંશ ભાગ તેમાં સમાયેલો છે. એટલે દેખીતું છે કે આ લોકોને ઊંચે લાવવાની સૌથી પહેલી જરૂર છે.

ગામડું અને ખેડૂત પોતે પોતાનું ફોડી લેશે. દુકાળ પડશે તો 'અન્કલ સામ" (યુનાઈટેડ સ્ટેટ્સ) મદદે આવશે-આ નહેરૂ નીતિએ વિકાસ આડે મોટો અવરોધ ઊભો કર્યો છે એમ મને લાગે છે. 'અન્કલ સામ" જરૂર મદદ કરે છે. બિહારમાં તે આપણે જોયું. પણ આપણે એ ધ્યાનમાં રાખવાનું છે કે ખેડૂત અને ગામડું-આ બન્નેમાં ધરમૂળથી સુધારો કર્યા સિવાય-તેમને મજબૂત કર્યા સિવાય-કોઈ પણ ઔદ્યોગિક ક્રાન્તિ સફળ થઈ શકવાની નથી.

આમ ભારત અને ભારત સરકારે ખેતી અને ગામડાં તરફ વધારે લક્ષ આપવું જોઈશે. પહેલી ત્રણ યોજનાઓમાં ગ્રામ્ય વિભાગનું ઓછું મૂલ્ય આંકીને જે ભૂલ કરી છે તે સુધારી લેવી જોઈશે અને ભારતીય અર્થશાસ્ત્રીઓએ આ પાયાની બાબત તરફ પાછા વળવું જોઈશે. સદ્‌ભાગ્યે વિનોબાજી અને તેમના ગ્રામદાન આંદોલનનો આપણને લાભ મળ્યો છે. દુનિયાના બીજા કોઈ પણ દેશને આવો લાભ મળ્યો નથી. સન્તપણું, અભ્યાસનિષ્ઠા અને ક્રાન્તિકારી દિમાગ-આ ત્રણે તત્ત્વો વિનોબાજીમાં સુંદર રીતે ખીલ્યાં છે. ભારત સરકાર અને પ્લાનિંગ કમિશન આ ગ્રામદાન આંદોલનનું મૂલ્ય સમજવામાં બહુ મોડા પડયા છે, અને છતાં હજુ પણ સમય છે.

બીજું, બીજા વિશ્વયુદ્ધ પછી વિકસતા દેશોની સરકારોએ બીજું બધું બાજુએ રાખીને માત્ર આર્થિક પ્રગતિને અતિ ઘણું મહત્ત્વ આપ્યું છે. પણ ૧૯૬૦ નો દાયકો એ જાણે આંખ ઉઘાડનારો દાયકો કહી શકાય. વિકસતા જતા દેશોનું જેમણે નિરીક્ષણ કર્યું છે તેઓ સમજવા લાગ્યા છે કે જ્યાં પ્રગતિ રૂંધાઈ છે તેના મૂળમાં મૂડીની-કેપીટલની તંગી નહિ પણ-સમય સાથે બંસબેસતી નહિ એવી શિક્ષણ પદ્ધતિ, જમીનદારી પદ્ધતિ, સામાજિક માળખું બદલવાની રાજનીતિજ્ઞોની અનિચ્છા અથવા અશકિત અને રાજ્યકર્તાઓની પુરાણી કે રગાંવાદી નીતિ છે. સામાજિક અને રાજકીય સુધારણાઓને આર્થિક ચોકઠામાં મેળ મળે તેમ કેવી રીતે ગોઠવવી એ જ મુખ્ય પ્રશ્ન છે. સમાજ અને રાજ્ય બન્નેને અળગાં કરી નાખવાથી કોઈ પ્રગતિ સાધી શકાવાની નથી. જો તમે આર્થિક સુધારણા વિષે વધારે જાણવા ઈચ્છતા હો તો "Dudly Seers" નું "Development Studies" પુસ્તક જરૂર વાંચજો. તેમાં તેમણે જગતના સામાજિક, આર્થિક અને રાજકીય પરિવર્તનો આણવાના સંશોધનના વિવિધ અભિગમોની સારી ચકાસણી કરી છે. બીજું પુસ્તક "Henry Sienan"નું લખેલું "Party Politics in Tanzania" તે પણ જેમને આર્થિક અને રાજકીય વિકાસ વચ્ચેના સંબંધોનો અભ્યાસ કરવામાં રસ હોય તેમને માટે ખૂબ ઉપયોગી છે.

આ રીતે જોશે અને વિચારશે ત્યારે જ ભારતીય અર્થશાસ્ત્રીઓ અને નિષ્ણાતો "પાયામાંથી ચણતર અને પક્ષહીન સમાજ" ના શ્રી જયપ્રકાશ નારાયણના સિદ્ધાંતને સમજી શકશે. માનવ જીવનના હરેક પાસાને પોતામાં સમાવી દેતો વ્યાપક અભિગમ એ જ જયપ્રકાશજીના સિદ્ધાંતનું મૂળ છે. એમને મન કોઈ પણ પ્રશ્ન એ માનવહિતનો જ પ્રશ્ન છે. હું ઈચ્છું છું કે ભારત સરકાર આ સત્ય સત્વર સમજે અને સ્વીકારે.

ગોરા લોકોના જાતીય અભિમાને થોડા સૈકાઓ સુધી દુનિયા ઉપર રાજ્ય કર્યું. હવે કાળા લોકો પણ જાતિ અભિમાનના ભોગ બન્યા છે. એમ દેખાય છે કે જાણે જગતે ફરી એક વખત બધા જ પ્રકારની અમાનુષી ક્રૂરતા, પશુતા અને હિંસામાંથી પસાર થવું પડશે. ગાંધીજીએ ભારતની ચાલીસ કરોડની પ્રજાને અહિંસક રીતે લડતા શીખવવાના પ્રયત્નો કર્યા. આજે દુનિયાભરમાં એનાથી ઉલટું જ ચાલી રહ્યું છે. માર્ટીન લ્યુથરના પ્રયત્નોને પણ આ દષ્ટિએ તમે જુઓ. પ્રેમ અને સ્વાતંત્ર્યના દીપકને જલતો રાખવો એ જેઓ કંઈક સમજ્યા છે તેમનું આજે કામ છે. જેઓ કર્તવ્યશીલ અને બુદ્ધિશાળી છે તેઓ એશીયા અને આફ્રિકાની રંગીન પ્રજાને મદદ કરવાનું પોતાનું કર્તવ્ય

સમજે અને એ સાદું સત્ય ધ્યાનમાં રાખે કે હિંસાથી કોઈ પ્રશ્ન ઉકેલાવાનો નથી.

ભારત આ ઉપરથી પાઠ શીખે. અને જાતિ જાતિ વચ્ચેની આર્થિક અને વૈચારિક ગાંઠોને તેમ જ ધાર્મિક અને ભાષાકીય મતભેદોનો શાન્તિપૂર્ણ શાંત અને વધારે શોભાસ્પદ રીતે ઉકેલ લાવે.

મેં હીલવરસમ અને એમસ્ટરડેમમાં સભાઓ સંબોધી છે. આવતી કાલે બીથોવન જવાની છું. ત્યાં ત્રણ સભાઓ થશે. તા. ૩ જી 'મે' એ હું પ્લેનમાં પેરીસ પહોંચીશ. ત્યાં પણ અઠવાડિયામાં ત્રણ સભાઓ ગોઠવાયેલી છે. તા. ૧૦મી મે ઉપર હું પાછી હીલવરસમ આવીશ.

નેધરલેન્ડની વસંતઋતુ ભારે ચમકદાર લાગે છે. તે આંખને આનંદ આપે છે. ફૂલોની ભીની સુગંધ આન્તરચેતનાને નવી તાજગી બક્ષે છે. પ્રકાશતા સૂર્યનાં કિરણો અભિનવ સ્ફૂર્તિ આપે છે. પક્ષીઓ સમૂહગાન કરે છે. ચકલીઓ, 'રેડ બ્રેસ્ટ્સ' અને લક્કડખોદો આસપાસ ફફડાટ કર્યા કરે છે. કબૂતરો તેમનો ઘેરો અવાજ સુણાવે છે. નજીકના સરોવરકિનારે દરિયાઈ પંખીઓ આનંદમસ્ત જણાય છે. સુંદર 'ફ્લેમન્ટ' પક્ષીઓની લાક્ષણિકતા આપણને આકર્ષે છે. ઝાડીઓમાં સસલાં કુદાકુદ કરે છે. વનમાં ફરવા નીકળું છું ત્યારે છછુંદર મારી સાથે ચાલે છે. તે પણ એક આકર્ષક પ્રાણી છે. નહિ?

લીલા રંગની અસંખ્ય જુદી જુદી ઝાંયો તમે ક્યારે ય જોઈ છે? ખુલ્લો લીલો, ઝાંખો લીલો, મરકત મણિ જેવો લીલો, ઘેરો ભુખરો લીલો, સોનેરી લીલો વગેરે વગેરે. આહ! શું તેની સુંદરતા! શું પાઈનના વનની ભવ્યતા! અને શું સરૂના વનની શોભા!

સુંદર કલાત્મક ડચ ઘરો. ડચ પ્રજાના ચહેરા ઉપરની મોહક હંફાળી નમ્રતા. જો મનુષ્ય મનુષ્ય તરીકે જીવી જાણે તો ખરેખર પૃથ્વી એક સ્વર્ગ બની જાય.

અનુવાદક — મૂળ અંગ્રેજી:
શ્રી મેનાબહેન નરોત્તમદાસ. — **શ્રીમતી વિમલા ઠકાર.**

તીર્થરક્ષાના કારણે હિંસક માર્ગ અપનાવવો શું ઉચિત છે?

(પ્રબુદ્ધ જીવનના તા. ૧-૫-૬૮ ના અંકમાં પ્રગટ થયેલ શ્રી. જેઠાભાઈ હીરજી મેપાણીના, જૈનોના તીર્થવિષયક ઝગડાની ચર્ચા કરતા પત્રના અનુસંધાનમાં પંડિત બેચરદાસ જીવરાજ તરફથી મળેલો પત્ર નીચે આપવામાં આવે છે. તંત્રી)

સ્નેહીશ્રી પરમાનંદભાઈ — અમદાવાદ ૫-૫-૬૮

પ્રબુદ્ધ જીવનના મે મહિનાની પહેલી તારીખના અંકમાં ભાઈશ્રી જેઠાભાઈ હીરજી મેપાણીનો પત્ર છે. તેમાં એમ જણાવેલ છે કે "એ તો કોઈ વિધર્મિ આપણા કોઈ તીર્થનો નાશ કરવા આવી ચઢે અને તેનો પ્રતિકાર કરવામાં આવે તેને તીર્થરક્ષાના નામથી ઓળખાવી શકાય અને તે માટે હિંસા કરવી પડે તો દોષરૂપ નહીં લેખાતી હોય." આ અંગે નમ્રતાપૂર્વક જણાવવાની રજા લઉં છું કે જૈનધર્મમાં આંતરિક અહિંસા પ્રધાન ગણાયેલ છે, એટલે કે, આત્માર્થી મનુષ્ય કષાયો, ક્રોધ, લોભ, મદ, ઈર્ષા વગેરે કષાયોને ઓછા કરવા અને મોળા પાડવા એ જ જીવનનો પ્રથમ ઉદ્દેશ છે. જો શાંતિ મેળવવી હોય અને તે પણ વ્યકિતગત શાંતિ કે સમાજગત શાંતિ કે દેશગતશાંતિ મેળવવી હોય તો કષાયોને મોળા પાડવા અને આ જ હેતુને લક્ષમાં રાખીને તમામ કર્મકાંડો યોજાયેલ છે. પણ કમનસીબે આ બાબતનો આપણા ઉપદેશક વર્ગને ખ્યાલ આવતો નથી અને તીર્થરક્ષા માટે બલિદાન આપો એમાં હિંસા નથી એવી આત્મઘાતી અને સમાજઘાતી સલાહ આપવા તૈયાર થાય છે. તીર્થરક્ષા કરવાનું પ્રયોજન તો એ છે કે તીર્થની એકાગ્ર ઉપાસનાદ્વારા ઉપાસકના કષાયો મોળા પડે અને આત્મા શાંત બને, સમભાવી બને અને બીજા પણ શાંત અને સમભાવી બને એ માટે નિમિત્તરૂપ થાય. કષાયો વધારીને અને એક બીજા માનવની હત્યા કરીને તીર્થરક્ષા થઈ શકે જ નહીં અને આવું વિધાન પણ જૈન ગ્રંથોમાં ક્યાંય જોવા મળે તેમ નથી.

અજવાળાને સાચવવા અંધારાનો ઉપયોગ કરવા જેવી આ હિંસાની વાત છે. એટલે જે લોકો તીર્થરક્ષાના બહાના નીચે હિંસા કરવામાં દોષ નથી એમ કહે છે તે જૈન ધર્મનો ઉદ્દેશ જ ભૂલી જાય છે અને પોતે કષાયવાળા હોવાથી તેમને હિંસાનો જ ઉપાય જડે છે અને એ ઉપાય કરવામાં દોષ નથી એમ કહેવા લાગે છે. ઉપાસકદશા સૂત્રમાં આનંદભાવ કે સમકિતના વ્રત માટે એવી પ્રતિજ્ઞા કરેલ છે કે જે અરિહંતચૈત્યો અન્ય તીર્થિકોએ લઈ લીધાં છે તે અરિહંત ચૈત્યોનો ઉપયોગ નહીં કરું. ખરેખર અન્ય તીર્થિકોએ પચાવી પાડેલાં અરિહંતચૈત્યોને પાછાં મેળવવા લડાઈ કરવાની હોય અને તેમાં હિંસાનો પણ પ્રયોગ કરવો ઉચિત ગણાતો હોય તો આનંદ શ્રાવક આવી પ્રતિજ્ઞા નહીં જ કરત, પણ એવી પ્રતિજ્ઞા કરત કે અન્ય તીર્થિકોએ લઈ લીધેલાં અરિહંતચૈત્યોને પાછા મેળવવા લડાઈ કરીને પ્રયત્ન કરું. એટલે તીર્થરક્ષા માટે હિંસાને નામે બલિદાનની વાતો કરનારા ભગવાન મહાવીરના સિદ્ધાંતને પાયામાંથી જ સમજતા નથી અને સ્વછંદે પોતાની કષાયપ્રધાન વૃત્તિનું જ તીર્થરક્ષાને નામે પ્રદર્શન કરી રહ્યા છે. પ્રકાશને સાચવવા માટે અંધારાનો પ્રયોગ કરવો એ તદ્દન મૂર્ખતા ભરેલી વાત છે. આપણો સમાજ ગતાનુગતિક છે, કોઈ આ અંગે સ્થિર શાંતભાવે વિચાર કરવા નવરું જ નથી અને સાધુનાં કપડાં પહેલા લોકો જે કહે તેને વગરવિચાર્યે હા હા કરવા મંડી પડે છે, જેનાં પરિણામો આજ સુધી ભારે અનિષ્ટ આવેલાં છે અને પછી પણ અનિષ્ટ આવનારાં છે. બીજું તો ઠીક, પણ પૂ. ગાંધીજીએ અહિંસક પ્રવૃત્તિદ્વારા જે નમૂનો પૂરો પાડયો છે અને જે આપણને સૌને પ્રત્યક્ષ છે એ અંગે પણ સાધુઓનું ધ્યાન જતું નથી એ કેવું આંધળાપણું છે, એ પણ વિચારવાની વાત છે. આપણે ત્યાં તો જાહેરખબરોનું જ માહાત્મ્ય છે, પણ મુખ્ય મુદ્દાનું નથી.

આપનો બેચરદાસ.

"સુખ-મૃત્યુ"

(અમદાવાદવાળા ડૉ. કાન્તીલાલ અમૃતલાલ શાહ તરફથી મળેલ પત્ર)

શ્રી તંત્રી, 'પ્રબુદ્ધ જીવન'

તા. ૧૬-૪-૬૮ ના પ્ર. જી. માં ઉતારેલો શ્રી રમણલાલ એન્જિનિયરનો લેખ વાંચ્યો. લેખકના મંતવ્ય સાથે તંત્રી મળતા છે એવું ન માની લેવાની ચેતવણી આપે ઉચ્ચારી છે તે યોગ્ય જ કર્યું છે. લેખકનાં પોતાના જ 'સુખમૃત્યુ'ના ખ્યાલમાં વિરોધાભાસ જણાય છે તે નીચેના બે ઉતારાથી સમજાશે.

(૧) "સુખમૃત્યુ" એટલે કોઈ પણ રોગી માટે જો ત્રણથી પાંચ નિષ્ણાત દાકતરોનું કમિશન એમ કહે કે આ વ્યકિતનો રોગ અસાધ્ય છે અને એ વ્યકિત પોતે જો પોતાની યાતનામાંથી છૂટવા ઈચ્છતી હોય તો તેમાં સમાજે વચમાં ન આવવું અને એકાદ સ્ટ્રીકનીન કે સોમલનું ઈન્જેકશન લઈ લેવા દેવું. એના શેષ જીવનને ઈસ્પીતાલોના ગૂંચવાડામાંથી બચાવવું.

(૨) "અને ક્ષણભર વિચાર તો કરો. માથે ટાલ પડી હોય, આંખે અંધાપો આવ્યો હોય, કાન બહેરા થયા હોય, દાંત પડી ગયા હોય, બગડેલા કે બગડવાનો સંભવ હોય તેવા કાકડા, નાકના મસા, એપેન્ડીકસ, પિત્તાશય, ગુર્દાઓ, હોજરી, નાનાં મોટાં આંતરડાં, બરોળ અને પ્રોસ્ટેટ જેવા જીવન-આવશ્યક એકથી વિશેષ અવયવો સર્જનના શીશા શોભાવવા ચાલ્યા ગયા હોય, અને બીજા અવયવો ઓછેવત્તે અંશે બગડી ગયા હોય, ભારત જેવા સંયુકત કુટુંબવાળા દેશમાં વહુઓ ગાળો દેતી હોય અને 'ઘડપણ કોણે મોકલ્યું?' એ ભજન ગાવું પડતું હોય અને અમેરિકા જેવા વિભકત કુટુંબવાળા દેશમાં અનાથાશ્રમમાં રહી પોસ પોસ આંસુ પાડીને રડવું પડતું હોય, તે જીવન ટકાવી રાખવાનો મોહ શો?"

આમાં પહેલા ફકરામાં જેનો રોગ **અસાધ્ય છે એવા રોગીની** વાત કરી છે, જ્યારે બીજામાં સામાન્ય વૃદ્ધ માણસની વાત કરી છે. પહેલામાં "ત્રણથી પાંચ નિષ્ણાત દાકતરોનું કમિશન" સલાહ આપે તો માણસને આપઘાત કરવાની સમાજે છૂટ આપવી એમ સૂચવ્યું

છે; બીજામાં દાકતરી સલાહનો ઉલ્લેખ પણ નથી. ટૂંકામાં જે મનુષ્યને પોતાની જિંદગી નિરર્થક લાગે તેને આપઘાત કરવાની છૂટ સમાજે આપવી જોઈએ એવું કહેવાનો લેખકનો આશય લાગે છે. આમ જોઈએ તો દરેક વ્યક્તિને આ છૂટ છે, અને એ લેવાની જેને તીવ્ર ઈચ્છા હોય છે તે તો લે છે જ એ આપણે જોઈએ છીએ. એવાં લોકો સમાજને પૂછવા જતાં નથી. લેખકને ન્યાય કરવા આપણે એવો અર્થ ઘટાવીશું કે આવા આપઘાતને સમાજે સંમતિ આપવી જોઈએ, એટલું જ નહિ, ઉત્તેજન પણ આપવું જોઈએ અને સરકારે એ કાર્યને ગુનો ગણવો ન જોઈએ.

પરંતુ કોઈ અમુક વ્યક્તિનું જીવન નિરર્થક કે બોજારૂપ છે એવું કોણ નક્કી કરે? ધારો કે મને નાનપણમાં બાળલકવા થઈ ગયો છે અને મારે બંને પગે ખોડ છે, તો હું એવી દલીલ કરી શકું કે, "મારા સહાધ્યાયીઓ મને લંગડો કહી ચીડવે છે, નાનાં છોકરાં મશ્કરી કરે છે, મોટા મારી દયા ખાય છે, કોઈ છોકરી મારા સામું પણ નથી જોતી તો મને પરણે તો કોણ? આ સંજોગોમાં હું શા માટે જીવું? કોને માટે જીવું?'

અથવા તો જેને આખે શરીરે સફેદ કોઢ (-લ્યુકોડર્મા; લેપ્રસી નહિ) છે એવી છોકરી આપણને કહે, "લોકો મને મશ્કરીમાં ધોળી મડમ કહે છે; છોકરાં છોલેલી ઉંદરડી કહે છે; આંખે બરાબર દેખાતું નથી; કોઈ યુવકોને મારામાં રસ નથી તો હું શા માટે જીવું?" અથવા કોઈ બહેરી અને બોબડી વ્યક્તિનો વિચાર કરો. સમાજમાં આવા તો ઘણા દાખલા મળી આવે. આ બધાં શું આપઘાત કરીને મરી જાય? અને સમાજ એમાં સંમતિ આપે?

લેખક પોતાના લેખમાં લખે છે, "એલોપેથીના મહાપંડિતોએ લખેલા હજારો પાનાના સેંકડો રૂપિયાની કિંમતના અનેક સર્વ-સંગ્રહો હું જોઈ ગયો છું. પણ એમાં મને કયાંય સ્વારોગ્ય વિષે એક લીટી સરખી વાંચવાની મળી નથી." આ શબ્દો વાંચી મને આશ્ચર્ય થાય છે. સ્વારોગ્યથી લેખક 'પર્સનલ હાઈજીન' કહેવા માગે છે એમ હું સમજું છું. હું એમના જેવો બહુશ્રુત નથી, તથાપિ મેં તો જે પાંચ છ પુસ્તકો 'સ્વાસ્થ્યરક્ષા' વિષે વાંચ્યાં છે તે બધામાં 'સ્વારોગ્ય' વિષે પ્રકરણો હોય છે. આહારશાસ્ત્ર વિષે તો અનેક પુસ્તકો લખાયાં છે. આ વિજ્ઞાન 'સ્વારોગ્ય' નો જ એક ભાગ નહિ? અરે, આપણે ત્યાં "પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ" ચાલે છે તેમાં પણ આવી પુસ્તિકાઓ છપાઈ છે. દા. ત. (૧) ચામડીની સંભાળ, (૨) હૃદયની સંભાળ, (૩) કાનની સંભાળ (૪) સાજા રહેવાના સાદા નિયમો વગેરે. આ બધી પુસ્તિકાઓ સ્વારોગ્યને લગતી ન કહેવાય? સંભવ છે કે લેખકના મનમાં 'સ્વારોગ્ય' એટલે "સુ+આરોગ્ય" એવો અર્થ હોય, તથાપિ જે પુસ્તકો આરોગ્યને લગતાં છે તે બધાં જ સ્વારોગ્ય ને લગતાં પણ છે જ. જેમ કોઈનું સ્વાગત કરતી વખતે "સુસ્વાગત" કરીએ છીએ એમ કહેવાથી વધારે સારું સ્વાગત થતું નથી, તેમ જ સ્વારોગ્ય શબ્દ વાપરવાથી 'વધારે સારું આરોગ્ય' એવો અર્થ થતો નથી. "આરોગ્ય" શબ્દ જ સ્વયંપૂર્ણ છે.

લેખકે પોતાના લેખને છેડે "ભગવદ્ વચન ઉપર પૂર્ણ શ્રદ્ધા" રાખવાની વાત કરી છે. જેને ભગવાનમાં પૂર્ણ શ્રદ્ધા છે એની એ ફરજ નથી કે ભગવાનની ઈચ્છાને તાબે થવું? ભગવાને જ્યારે ધાર્યું હશે ત્યારે જ મૃત્યુ આવશે; એને વહેલું આણવાનો આપણને અધિકાર ખરો? વળી જે લોકો પુનર્જન્મમાં અને કર્મના સિદ્ધાંતમાં માને છે તેની દૃષ્ટિએ વિચાર કરો. જે કર્મ આપણે ભોગવવાનાં બાકી છે તે ખપાવ્યા વિના જીવન પૂરું કરીએ તો બાકીનાં કર્મો પછીના જન્મમાં ખપાવવાં જ પડશે. એમાંથી છટકાશે નહિ.

વળી લેખકે વર્ણવ્યું છે એવું ઘડપણ ખરેખર દયાપાત્ર છે? મારા મિત્ર ડૉ. હરિલાલ દેસાઈએ મોતિયો કઢાવેલો છે, પ્રોસ્ટેટ કઢાવેલી છે, અડધી હોજરી કઢાવી છે, છતાં એંશી વર્ષે પણ લહેરથી હરે છે, ફરે છે, સિગાર પીએ છે ને બધું ખાય છે પીએ છે. વળી લેખકે ચીતરેલો છે એવો વૃદ્ધ પણ શું નિરુપયોગી છે? અરે, એવો વૃદ્ધ સિદ્ધાર્થે જોયો ન હોત તો જગતને ભગવાન બુદ્ધ મળત નહિ.

અમદાવાદ, ૧૨-૫-૬૮ કાન્તિલાલ

"આત્મકથાનક : ખંડ પહેલો"

('જીવનપટનાં સ્મૃતિચિત્રો' એ મથાળા નીચે 'કુમાર' માસિકમાં પોતાના બાલ્યકાળથી માંડીને પછીનાં વર્ષોનાં જીવનસ્મરણો રજૂ કરતી આપણા કલાગુરુ શ્રી રવિશંકર મહાશંકર રાવળે લખેલી લેખમાળા કેટલાક સમયથી પ્રગટ થઈ રહી છે. તેનો શરૂઆતનો કેટલોક વિભાગ 'આત્મ કથાનક : ખંડ પહેલો' એ શિર્ષક નીચે કલા રવિ ટ્રસ્ટ તરફથી પ્રગટ કરવામાં આવ્યો છે; જેની કિંમત રૂ. ૧૨-૫૦ છે અને જેનું રજીસ્ટર્ડ પોસ્ટેજ રૂ. ૧-૨૫ છે. કુમાર કાર્યાલય લિમિટેડ અમદાવાદ - ૧ તેનું પ્રાપ્તિસ્થાન છે.

આ પુસ્તક વાંચીને ઊંડી પ્રસન્નતા અનુભવતો પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીએ રવિભાઈ ઉપર તા. ૧૮-૩-૬૮ ની તારીખે એક પત્ર લખેલો, જેની નકલ રવિભાઈએ મારી જાણ માટે મારી ઉપર મોકલેલી. આ પત્ર પ્રસ્તુત પુસ્તકના અવલોકનની પૂરી ગરજ સારે તેવો છે અને સાથે સાથે રવિભાઈના વિશિષ્ટ વ્યક્તિત્વનો આપણને પરિચય કરાવે તેવો છે. આમ સમજીને તે પત્ર અહિં નીચે પ્રગટ કરવા હું લોભાયો છું. **પરમાનંદ**)

સરિતકુંજ, અમદાવાદ-૯

તા. ૧૮-૩-૧૯૬૮

કલામૂર્તિ આદરણીય શ્રીયુત રવિભાઈ,

પ્રણામ. તમે આત્મકથા આપી ગયા પછી હું એને મારી અનુકૂળતાએ ક્રમશ: આખી સાંભળી ગયો અને ઊંડો સંતોષ અનુભવ્યો.

કલાકારમાં, ખાસ કરી સાચા કલાકારમાં જે સરળતા અને વસ્તુસ્પર્શિતા હોય છે તે આખી જીવનકથામાં વાક્યે વાક્યે દેખાય છે. છેક નાની ઉંમરથી મેટ્રિક સુધીનાં જીવનમાં ઘર, સમાજ અને શિક્ષણક્ષેત્રીય અનેકવિધ પાસાંઓ હૂબહૂ ચિત્રિત થયાં છે, જાણે કે તે કાળના ફોટોગ્રાફ જ હોય! કયાંય અતિશયોક્તિ નહિ, કયાંય દુરાગ્રહ કે અસૂયા નહિ, માત્ર સભમાવે અનુભવેલું વિશદ ભાષામાં લખાયેલું છે.

વળી એમાં તમારી મૂળગત ચિત્તની પવિત્રતા અને ઉચ્ચ ધ્યેયની છાપ તો દરેક પ્રસંગે દેખાય જ છે. તમારું એક અસાધારણ લક્ષણ જે નજરે ચડે છે તે મૌલિક શોધ અને અપૂર્વ સર્જકવૃત્તિ-એ છે. એ જ વૃત્તિએ ક્રમે ક્રમે તમારામાં પ્રતિભા વ્યકત કરી છે, એવી અસંદિગ્ધ છાપ વાંચનારાના ચિત્ત ઉપર ઊઠે જ છે.

તમારો જીવનકાળ એ મારો પણ જીવનકાળ છે. અલબત્ત, તમારો વાસ એક રીતે શહેરી અને ક્રમે ક્રમે શિક્ષાક્ષેત્ર વિકસતું અને કૉલેજ યુનિવર્સિટીલક્ષી—જ્યારે મારો વાસ તદ્દન ભૂંડા ભૂખ જેવા ગામડાંમાં અને તે પણ ગુજરાતી સાત ધોરણ સુધીના ક્ષેત્રમાં. પણ જે રમતો, ભમરડા, મોઈ દાંડીઆ આદી અને જે તરવાનાં સાહસો તમે વર્ણવ્યા છે, બરાબર એ સ્થિતિમાંથી હું સોળ વરસ સુધીમાં પૂરેપૂરો પસાર થયો છું એટલે તમારાં ચિત્રો મને તાદશ થાય છે. તમારો ઉછેર સંસ્કારી બ્રાહ્મણ કુટુંબમાં અને તે પણ ભવ્ય માતા પિતાની છત્રછાયામાં. મારો ઉછેર વૈશ્ય કોમમાં અને એક રીતે સુખી અને ખાનદાન ગણાતા કુટુંબમાં, પણ તમારી સરખામણીમાં અસંસ્કારી ગણાય એવા વાતાવરણમાં. આ તફાવત સ્થળ કે સૂક્ષ્મ રૂપે રહ્યો જ લાગે છે. તમે અમુક સ્થિતિમાં ફાળ ભરી અને હું બીજી દિશામાં ફંટાયો ત્યારે માનસિક વાતાવરણ બંનેનું જ્ઞાતિ, પંથ કે રાષ્ટ્રના એકાંતિક સંકુચિત વાડામાંથી મુકત થયેલું છે એ આપણું સામ્ય. આ રીતે તમારી જીવનકથા મને રસપ્રદ લાગી છે.

તમે નિર્દેશેલાં કેટલાક પાત્રો પણ મારા પરિચયમાં આવેલાં. જેમકે દેવશીભાઈ તલસાણિયા, ગિજુભાઈ, પાઠક કુટુંબ, નાનાભાઈ આદી. તમારું ઝાલાવાડ, ગોહિલવાડ અને સૌરાષ્ટ્રની ભેદરેખાનું થોડું પણ વર્ણન સાચું છે. એ કાળે શ્રી નથ્થુરામ શર્મા એક વિશિષ્ઠ પુરુષ હતા એમ તે વખતે હું છાપા ઉપરથી જાણતો. તિલક, સ્વદેશી હીલચાલ આદિનાં વર્ણનો મને એટલાં જ આજે પણ ઉત્તેજક લાગ્યાં છે.

આ તો સામાન્ય છાપનું વર્ણન કર્યું, પણ એકંદર આ કથા સમજદાર વાચકને આકર્ષે એવી મને તો લાગી છે. હવે તમે આગળનો ભાગ કયારે હસ્તગત કરો છો એવી સહેજે આકાંક્ષા રહે છે.

સુખલાલજી (પંડિત સુખલાલજી)

સૂર્યનું વર્ણન

તા. ૧૬-૫-૬૮ ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલ કોણાર્ક અને ખજુરાહોનાં 'મૈથુન-શિલ્પો' એ લેખમાં સૂર્યના સ્વરૂપનું વર્ણન કરતો શ્લોક અને તેનો અર્થ અધૂરો આપવામાં આવ્યો છે. તે વિષે એક મિત્ર સાથે ચર્ચા થતાં તેઓ મૂળ શ્લોક જાણતા હોઈને તેમણે નીચે મુજબ આખો શ્લોક લખી આપ્યો છે:

રથસ્યૈકં ચક્રં, ભુજગયમિતા સપ્તતુરગા:,
નિરાલમ્બો માર્ગ: ચરણવિકલો સારથિરપિ।
રવિર્યાન્ત્યેવાન્તં, પ્રતિદિનમપારસ્ય નભસ:;
ક્રિયાસિધ્ધિ: સત્ત્વે, ભવતિ મહતાં નોપકરણે।।

ભાવાર્થ: "જેના રથને એક જ ચક્ર છે, સર્પરૂપ લગામથી જેના સાત ઘોડાઓ નિયંત્રિત છે (અહિં સૂર્યનાં શ્વેત કિરણો મૂળ સાત રંગોનાં બનેલાં છે તે વૈજ્ઞાનિક તથ્યનું સૂચન છે.), જેના માર્ગમાં કોઈ અવલંબન નથી, અને જેનો સારથિ લંગડો છે—આ રીતે જેનાં ઉપકરણો આવાં નબળાં છે એવો સૂર્ય અપાર આકાશની હંમેશાં પરિક્રમા કરે છે. મહાન પુરુષોના પુરુષાર્થની સિદ્ધિ તેમના વ્યક્તિગત સત્ત્વ ઉપર અવલંબે છે, તેમના એક યા અન્ય સાધન ઉપર—ઉપકરણ ઉપર—નહિ."

આ જ મિત્રે આવા જ બીજા બે સુભાષિત શ્લોકો સંભળાવ્યા. એકમાં નબળાં ઉપકરણો ધરાવતા કામદેવના અને બીજામાં એવાં જ નબળાં ઉપકરણો ધરાવતાં રામચંદ્રજીના—પોતપોતાના વિશિષ્ટ સત્વના કારણે જ પ્રાપ્ત થયેલા—દિગ્વિજયનું વર્ણન કરવામાં આવ્યું છે.

પરમાનંદ.

સાભાર સ્વીકાર

જ્ઞાનાંજલિ: (લેખસંગ્રહ): લેખક: શ્રી રજનીકાન્ત મોદી; પ્રાપ્તિસ્થાન: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ—૧, કિંમત રૂ. ૭.

દિવ્યજીવન, પુનર્જન્મ, પરલોક, કર્મ, એકાગ્રતા અને ધ્યાન: (શ્રી અરવિંદ પરિચયમમાળાની પુસ્તિકાઓ) સંપાદક: શ્રી રજનીકાંત મોદી, નિર્મૂલા, માઉન્ટપ્લેઝન્ટ રોડ, મુંબઈ -૬,' W. B. કિંમત: અમૂલ્ય

સાજા થાઓ: સાજા રહો: લેખક: ડૉ. દેવચંદ અમરચંદ શાહ; પ્રાપ્તિસ્થાન: મેસર્સ એન. એમ. ત્રિપાઠી પ્રાઈવેટ લિમિટેડ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૨. કિંમત: રૂ. ૩-૫૦.

આત્મ સ્વરૂપ વિચાર: લેખક: માસ્તર ખૂબચંદ કેશવલાલ વાવવાળા; ઠે. શ્રી પાર્શ્વ જૈન પાઠશાળા, સિરોહી (રાજસ્થાન) કિંમત રૂ. ૩.

સમન્વય: સંપાદક: દ્વારકો ચુન્દરાની, ઠે. સમન્વય આશ્રમ, બોધ ગયા, બિહાર; પ્રાપ્તિસ્થાન સર્વસેવા સંઘ, પ્રકાશન, વારાણસી—૧ (ઉત્તર પ્રદેશ) કિંમત રૂ. ૧-૨૫.

જીવદયાપ્રકરણ: કાવ્યમયી: લેખક: શ્રી ભંવરલાલ નાહટા, પ્રાપ્તિસ્થાન: શ્રી જતનમલ કેશરીચંદ, ૧૬, જમનાલાલ બજાજ સ્ટ્રીટ, કલકત્તા: ૭

વેદના: લેખક: શ્રી ભંવરમલ સિંઘી, ૧૬૨/૨૬/૧ લેઈક ગાર્ડન્સ, કલકત્તા - ૪૫

સર્વ ધર્મ ઉપાસના: લેખક: મુનિ સંતબાલજી, પ્રકાશક: શ્રી ધનરાજભાઈ ઘાસીરામ કોઠારી, લક્ષ્મી પુસ્તક ભંડાર, ગાંધી માર્ગ, અમદાવાદ, કિંમત ૫૦ પૈસા.

Lotus Bloom: લેખક મુનિ ચિત્રભાનુ; પ્રકાશક: શ્રી એમ. સી. શાહ, ૧૩૭, નોર્થ સુભાષ રોડ, મુંબઈ - ૧.

માનસિક સ્વાસ્થ્ય: લેખક: એહમદ હુસેન આઈ બાલીવાલા; પ્રકાશક: સન્નિષ્ટ પ્રકાશન, માવળકર હવેલી, ભટ્ટ, અમદાવાદ - ૧, કિંમત રૂ. ૧-૨૫.

વણઝાર

હાલી જાય રે વણઝાર, હાલી જાય ...
જગને નવ મારગ દાખવતી, આગેકૂચ કરન્તી જાય
હાલી જાય રે વણઝાર.

વિશ્વદેહે ઊભરે ઓઘરાળા,
કલૂષોનાં કૈં કાળાં જાળાં,
શુચિતાની સાવરણી લઈને, ગંદા પંથ ઉજાળ્યે જાય.
હાલી જાય રે વણઝાર... ૧.

રંગબેરંગી ફૂલડાં રોપે,
સુવિચારોનું ખાતર સીંચે,
વિશ્વ-ઉપવનમાં સંસ્કારોની, પરિમલ એ પમરાવ્યે જાય.
હાલી જાય રે વણઝાર... ૨.

ભેદભાવની ભીંતો ભેદે,
ગુલામીની જંજીરો છેદે,
મુકિતનાં મધુરાં ગીત ગાતી, જીવન મંગલ કરતી જાય.
હાલી જાય રે વણઝાર... ૩.

ભૂખ - ગરીબી સામે ઝૂઝે,
અન્યાય - વિષમતા સામે ખીજે,
સમતા ને બન્ધુતાનો એ, સન્દેશો સંભળાવ્યે જાય.
હાલી જાય રે વણઝાર... ૪.

વિરાટની એ ખિદમત કરતી,
આપત્તિને સુખથી સહેતી,
સત્-શિવ-સુન્દર સમાજ રચવા, કુરબાની કાજે તૈયાર.
હાલી જાય રે વણઝાર... ૫.

— હરીશ વ્યાસ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સભા

☆

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા જૂન માસની ૮મી તારીખ શનિવાર સાંજના પાંચ વાગ્યે સંઘના કાર્યાલયમાં મળશે, જે વખતે નીચે મુજબનું કામકાજ હાથ ધરવામાં આવશે:

(૧) ગત વર્ષના વૃત્તાંતને તથા સંઘ તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ઑડીટ થયેલા હિસાબોને મંજુરી આપવી.

(૨) નવા વર્ષનું અંદાજપત્ર મંજુર કરવું.

(૩) સંઘના અધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી કરવી.

(૪) સંઘ તથા વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટરોની નિમણુંક કરવી.

વાર્ષિક સામાન્ય સભાના ઉપર જણાવેલ સમયે વખતસર ઉપસ્થિત થવા સર્વે સભ્યોને વિનંતિ છે.

સભાસ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ,
સમય
તા. ૮-૫-૬૮, સાંજના—૫

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહનો પરિચય

શ્રી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહે ગઈ સાલ ૧૯૬૬–૬૭ દરમિયાન ૫૦મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. તેની આજસુધીની કાર્યવાહીનો સાર નીચે મુજબ છે:–

અત્યારે વિદ્યાર્થીગૃહના ૨૫૨ સભ્યો છે. સંસ્થા પાસે રૂા. ૫૬,૦૦૦-૦૦નું સ્થાયી ફંડ છે. આ રકમ ગુજરાત રાજ્યની ડેવલપમેન્ટ લોનમાં રોકેલ છે. એ સિવાય દાદર વિસ્તારમાં આવેલી જમીન ટાઉન પ્લાનીંગ યોજનામાં આવી જવાથી મ્યુનિસિપલ કોર્પોરેશને તે એકવાયર કરી હતી; એની રકમ રૂા. ૭૦૫૨૦-૦૦ પણ સંસ્થાને મળી ગઈ છે; જેનું રોકાણ ફીકસ ડીપોઝીટમાં કરવામાં આવેલ છે.

શ્રી નેમચંદ કચરાભાઈ તથા લાડકીબાઈ નેમચંદ ચેરીટી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી કપૂરચંદ નેમચંદ મહેતા, શ્રી ઝવેરચંદ નેમચંદ મહેતા અને શ્રી કેવળચંદ નેમચંદ મહેતા તરફથી સવા લાખ રૂપિયાની બજાર કિંમતે ત્રણ લાખ રૂપિયાની કિંમતના યુ. પી. ગવરમેન્ટ જમીનદારી એબોલિશન કોમ્પેન્સેશન બોન્ડઝ સંસ્થાને ભેટ મળ્યા હતા. આ બોન્ડઝની મુદ્દલ તથા વ્યાજની રકમમાંથી નિયત થયેલ હપ્તો રૂા. ૧૧૮૫૧-૨૫ દર વર્ષે સંસ્થાને મળ્યે જાય છે. આ હપ્તાની મળતી રકમમાંથી દર વર્ષે–'મહેતા ટ્રસ્ટ સ્કોલર્સ' તરીકે જે વિદ્યાર્થીઓને સંસ્થાના નિયમ મુજબ સંસ્થામાં પ્રવેશ અપાય છે એમનું ભોજન ખર્ચ, કૉલેજ ફી વગેરે અપાય છે. આ મુજબ સને ૧૯૬૬–૬૭ના વર્ષ દરમ્યાન મહેતા ટ્રસ્ટના ૧૫ વિદ્યાર્થીઓને રૂા. ૧૩,૬૧૩-૩૩ની રકમ લોન તરીકે અપાઈ છે. આમ અત્યાર સુધીમાં ૭૦ વિદ્યાર્થીઓને–મહેતા ટ્રસ્ટ સ્કોલર્સને - રૂા. ૧,૧૯,૧૩૨-૧૨ની રકમ લોન સ્કોલરશીપ તરીકે અપાઈ છે. આ રકમમાંથી આજ સુધીમાં રૂા. ૭૪૮૨-૨૦ની રકમ લોન તરીકે પરત થઈ છે; એટલે રૂા. ૧,૧૧,૬૪૯-૯૨ની લોન વિદ્યાર્થીઓ પાસે બાકી રહે છે.

સમય પાકયે આ લોન વસૂલ કરવા માટે, કાર્યવાહક સમિતિએ, કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી કે. કે સંઘવીના મંત્રીપદે એક કમિટી નીમેલી છે. લગભગ દર ત્રણ મહિને આ કમિટી મળતી રહી ઘટતું કરી રહેલ છે.

આ સિવાય શ્રી કપૂરચંદ નેમચંદ મહેતા તરફથી મકાન ફંડમાં મળેલા રૂા. ૨૫,૦૦૦ની શરતો અનુસાર સંસ્થાના નિયમોને અધીન રહી, દર વર્ષે પાંચ વિદ્યાર્થીઓને 'મહેતા ટ્રસ્ટ'ના વિદ્યાર્થીઓ તરીકે પ્રથમ પસંદગી અપાય છે.

કેળવણી માટેનો આર્થિક બોજો જે રીતે વધતો જાય છે અને મોંઘવારીની અસહ્ય ભીંસમાં મધ્યમવર્ગના યુવકોને ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરવા માટે જે કઠીનાઈઓનો સામનો કરવો પડે છે એ લક્ષ્યમાં લઈ, 'ફૂલ નહિ તો ફૂલની પાંખડી' રૂપે મધ્યમવર્ગના યોગ્ય વિદ્યાર્થીઓને આર્થિક રીતે સહાયભૂત થવા ત્રણ વર્ષથી "ઉચ્ચ શિક્ષણ લોન - સ્કૉલરશીપ ફંડ"ની યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ સંસ્થામાં રહી અભ્યાસ કરતા યોગ્ય વિદ્યાર્થીઓને દર વર્ષે વધુમાં વધુ પાંચસો રૂપિયા આપી શકાય એ દૃષ્ટિ નજર સમક્ષ રાખી, પાંચ વર્ષ સુધી, દર વર્ષે પાંચસો રૂપિયા આપે એવા પચાસ સદ્‌ગૃહસ્થો પાસેથી આવી સ્કૉલરશીપ મેળવવાની આ યોજનાની નેમ છે. આ યોજના હેઠળ બે વર્ષ દરમિયાન ૨૩ વિદ્યાર્થીઓને રૂા. ૧૨,૨૦૦-૦૦ અને ચાલુ વર્ષે ૯ વિદ્યાર્થીઓને રૂા. ૩૨૦૦-૦૦ની રકમ લોન - સ્કોલરશીપ–તરીકે અપાઈ છે. આમ ત્રણ વર્ષમાં રૂા. ૧૫૪૦૦-૦૦ ઉચ્ચ શિક્ષણ લોન - સ્કૉલરશીપ તરીકે અપાયા છે.

સંસ્થાના શિવ ખાતેના મકાનની બાજુની જમીન પર 'હૉલ' સાથે નવું મકાન બાંધવા માટે બે વર્ષ ઉપર સાંસ્કૃતિક કાર્યક્રમદ્વારા રૂા. ૮૭,૬૭૫-૭૯ ની રકમ એકત્ર કરી શકાઈ હતી, તેમાં એ રકમનું વ્યાજ ઉમેરતાં રૂા. ૯૩,૫૧૨-૮૪ ની કુલ રકમ થાય છે. આ રકમ યુનિયન બૅંક ઑફ ઈન્ડીઆ લિમિટેડમાં બાંધી મુદતમાં જમા છે. આ નવા મકાનનું ખાતમુહૂર્ત તા. ૨૪-૪-૬૬ના રોજ સંસ્થાના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના શુભહસ્તે થયું હતું; ત્યાર બાદ મકાન અંગે નક્કી કરાયેલ પ્લાનમાં ફેરફાર કરવાનું કાર્યવાહક સમિતિને જરૂરી જણાયાથી કામ જરા ઢીલમાં પડ્યું છે. પરંતુ, અમને જણાવતાં આનંદ થાય છે કે ડૉ. રતિલાલ મો. વાઢેલવાળાએ આ કામ ખંતથી હાથ ધર્યું છે; અને ટૂંક સમયમાં શરૂ થવાની સંભાવના છે.

૧૯૬૬–૬૭ના વર્ષમાં શિવ તથા પ્રિન્સેસ સ્ટ્રીટ ખાતે - બન્ને સ્થળે મળી ૧૦૮ વિદ્યાર્થીઓ હતા, આની નીચે જણાવ્યા પ્રમાણે વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેનું પરિણામ, આ મુજબ છે: શિવ ખાતે ૭૦ વિદ્યાર્થીમાંથી ૬૬ વિદ્યાર્થી પરીક્ષામાં બેઠા, ૪૩ પાસ થયા; પ્રિન્સેસ સ્ટ્રીટ ખાતે ૩૮માંથી પાંત્રીસ બેઠા; અગિયાર પાસ થયા; એટલે પરિણામની દૃષ્ટિએ જોઈએ તો શિવનું પરિણામ ૬૫ ટકા અને પ્રિન્સેસ સ્ટ્રીટનું પરિણામ ૩૧–૪ ટકા આવ્યું ગણાય. આ સંસ્થામાં જૈનેતર વિદ્યાર્થીઓને પણ દાખલ કરવામાં આવે છે અને આ સંસ્થામાં અપાતા દાનો આવકવેરાથી મુકત છે.

વર્ષ દરમિયાન જુદી જુદી કૉલેજોના આચાર્યોએ વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન આપ્યાં હતાં. આ સિવાય સ્વાતંત્ર્યદિન, પ્રજાસત્તાક દિન તથા વાર્ષિક દિનની ઉજવણી ઉત્સાહથી કરવામાં આવી હતી.

શિવ તથા પ્રિન્સેસ સ્ટ્રીટ બન્ને સ્થળોએ વિદ્યાર્થીઓનાં યુનિયનો છે; અને તેઓની જ જુદી જુદી કમિટીઓ પુસ્તકાલય, ભોજનાલય વગેરે પ્રવૃત્તિઓનું સંચાલન કરે છે. બન્ને સ્થળે વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઉપયોગી થઈ શકે એવાં પુસ્તકો વસાવી પુસ્તકાલયોને સભર કરવાના પ્રયત્નો આ વર્ષે પણ ચાલુ છે.

સંસ્થાની આવકની દૃષ્ટિએ વ્યાજ, વિદ્યાર્થીઓની ફી વગેરે મળી ૧૯૬૬–૬૭માં રૂા. ૨૩૪૦૨-૯૦નો ખર્ચ થયો છે અને રૂા. ૨૧,૩૯૪-૦૯ની આવક થયેલ છે. સરવાળે રૂા. ૨૦૦૮-૮૧ની ખોટ આવી છે.

આ સંસ્થાના મંત્રીઓ તરીકે શ્રી રમણિકલાલ મણિલાલ શાહ અને શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ જેઓ હવે સંસ્થાના મંત્રીપદેથી નિવૃત્ત થયા છે. તેમણે ૧૪ વર્ષો સુધી સંસ્થાની અનેક રીતે અસાધારણ સેવા બજાવી છે તેની અહીં ખાસ નોંધ લેવામાં આવે છે.

બાબુભાઈ જી. શાહ
ગીજુભાઈ યુ. મહેતા
મંત્રીઓ

શ્રી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના નવા ચૂંટાયેલા કાર્યવાહક સમિતિના અધિકારીઓ તથા સભ્યોની યાદી

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ	ટ્રસ્ટી–પ્રમુખ
શ્રી ચીમનલાલ પી. શાહ	ટ્રસ્ટી–ઉપપ્રમુખ
શ્રી ખુશાલભાઈ ખેંગાર	ટ્રસ્ટી
શ્રી શાન્તિલાલ હ. શાહ	ટ્રસ્ટી
શ્રી રમણિકલાલ મણિલાલ શાહ	ટસ્ટી
શ્રી કપુરચંદ નેમચંદ મહેતા	પેટ્રન
શ્રી બાબુભાઈ ગુલાબચંદ શાહ	મંત્રી
શ્રી ગીરજાશંકર ઉમિયાશંકર મહેતા (ગીજુભાઈ)	મંત્રી
શ્રી પ્રવીણચંદ્ર ફુલચંદ શાહ	કોષાધ્યક્ષ
શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા	સભ્ય
શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ	સભ્ય
શ્રી ખુશાલચંદ કે. સંઘવી	સભ્ય
શ્રી જયંતીલાલ લલ્લુભાઈ પરીખ	સભ્ય
શ્રી તારાચંદ લ. કોઠારી	સભ્ય
શ્રી દીપચંદ ત્રીભોવનદાસ શાહ	સભ્ય
શ્રી દીપચંદ એમ. શાહ	સભ્ય
શ્રી દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી	સભ્ય
શ્રી દુર્લભજી કેશવજી ખેતાણી	સભ્ય
શ્રી રમણલાલ સી. શાહ	સભ્ય
શ્રી વિનોદચંદ્ર જેસીંગભાઈ શાહ	સભ્ય

❋ દિવંગત આત્માઓને આદર-અંજલિ ❋

સન્નિષ્ઠ સાહિત્યપ્રકાશક શ્રી શંભુભાઈ

અમદાવાદ ખાતે ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયના માલિક શ્રી શંભુભાઈ જગશીભાઈનું ગયા એપ્રિલ માસની ૨૨ મી તારીખે ૬૫ વર્ષની ઉંમરે થોડાક સમયની માંદગી બાદ અવસાન થયું.

જે પ્રવૃત્તિ સાથે તેના ઉગમથી માંડીને આજ સુધીનો અસાધારણ વિકાસ જોડાયેલો છે તે ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયની સ્થાપના શ્રી જગશીભાઈ મોરાર અને તેમના ત્રણ પુત્રો શ્રી શંભુભાઈ, શ્રી ગોવિન્દભાઈ તથા શ્રી છગનલાલ-એ ચાર સ્વજનોએ મળીને આજથી ૪૦ વર્ષ પહેલાં કરેલી. મૂળ કચ્છમાં આવેલું ફત્તેગઢ તેમનું વતન. બધાય ઓછું ભણેલા પણ ગણેલા સારૂં.

કુદરતનું એવું વિચિત્ર ભાગ્યવિધાન કે કુટુંબના દુઃખના દહાડા પૂરા થયા અને સુખનો સમય શરૂ થયો કે સૌથી નાનો ભાઈ છગનલાલ ભરયુવાનીમાં ગુજરી ગયો; વચમાં શ્રી જગશીબાપા પરલોક સિધાવ્યાં અને છેલ્લા છ મહિનાના ટૂંકા ગાળામાં ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયના બાકી રહેલા બે સ્તંભોએ પોતાની જીવનલીલા સંકેલી લીધી.

શંભુભાઈનો ધાર્મિક અભ્યાસ સારો હતો. આજથી ૬૫ વર્ષ પહેલાં જન્મેલ શંભુભાઈ પ્રાથમિક શિક્ષણ પામીને મહેસાણાની જૈન પાઠશાળામાં ધાર્મિક અભ્યાસ કરવા માટે આવેલા. એને પરિણામે એક વાર દીક્ષા લેવા સુધીની ભાવના તેમણે સેવેલી. ધાર્મિક વૃત્તિ, શાંત સ્વભાવ, નિર્મળ બુદ્ધિ અને ઉચ્ચ સંસ્કારની ભાવના વાળા શંભુભાઈએ કેટલોક સમય પં. સુખલાલજીના સાન્નિધ્યમાં ગાળેલો. પંડિતજીના સહવાસથી તેઓ ગાંધીજીના અનુયાયી અને ખાદીભકત બનેલા. અને નવજીવન સાહિત્યના છટક ફેરિયા તરીકે તેમ જ આગળ જતાં એક પ્રકાશન હાટડીથી પોતાના વ્યવસાયાત્મક જીવનની તેમણે શરૂઆત કરેલી.

વેપારમાં પડવા છતાં વેપારી ખટપટ કે કાવાદાવાથી અળગા રહેલા શંભુભાઈએ પોતાની સરળ અને સાત્વિક વૃત્તિને લીધે જૂના તેમ જ નવા વિદ્વાન લેખકોની પ્રીતિ મેળવતા જઈ ધૃતિ, ખંત, અને પરિશ્રમ સિંચી એક પ્રતિષ્ઠિત પ્રકાશન પેઢી જમાવી છે. એ રીતે તેઓ ઉમદા જીવનનું એક ખરેખર અને ચિરસ્મરણીય પ્રેરક દૃષ્ટાન્ત પોતાની પાછળ મૂકી ગયા છે.

યતિશ્રી હેમચંદ્રજી

લોકાગચ્છના અધિપતિ યતિશ્રી હેમચંદ્રજી જેમણે આફ્રિકા, એબીસીનીયા, બ્રહ્મદેશ, એડન, કમ્પાલા, જાવા, સુમાત્રા તથા અગ્નિ એશિયામાં પ્રવાસ કરીને જૈન ધર્મ વિષેની જાણકારી ચોતરફ ફેલાવી હતી એમનું વડોદરા ખાતે તા. ૧૨-૫-૬૮ના રોજ અવસાન થયું. તેમની પાસે હસ્તલીખિત ગ્રંથોનો એક મહામૂલો વિપુલ ભંડાર હતો. આ ભંડાર તેમણે થોડાંક વર્ષ પહેલાં કશા પણ વળતર વિના વડોદરાની સયાજીરાવ યુનિવર્સિટીને અર્પણ કર્યો હતો. તેમના જીવનનું આ સૌથી મહાન કાર્ય હતું. તેમના જીવન દરમિયાન તેમના હાથે અનેક સેવાકાર્યો થયાં હતાં અને તેમની પ્રેરણાના પરિણામે અનેક કલ્યાણકારી સંસ્થાઓ નિર્માણ થઈ હતી. તેમના આત્માને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાઓ!

જૈન આચાર્યપ્રવર શ્રી વિજયપ્રેમસૂરિ

મે માસની ૨૨ મી તારીખે જૈન શ્વે. મૂ. સમુદાયના એક અગ્રગણ્ય આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરિ ખંભાત ખાતે ૮૪ વર્ષની ઉંમરે કાળધર્મ પામ્યા છે. રાજસ્થાનમાં આવેલા પીંડવાડા ખાતે તેમનો જન્મ થયો હતો. ૧૭ વર્ષની ઉંમરે એટલે કે આજથી ૬૭ વર્ષ પહેલાં તેમણે શ્રીમદ્ વિજયાનંદસૂરિના શિષ્ય શ્રી વિજયદાનસૂરિ પાસે જૈન દીક્ષા ગ્રહણ કરી હતી. ૩૫ વર્ષ અગાઉ રાધનપુર ખાતે તેમને આચાર્ય પદવી અર્પણ કરવામાં આવી હતી. કર્મ-સાહિત્યના તેઓ ઊંડા અભ્યાસી હતા. ૨૫૦ શિષ્યો જેટલો બહોળો તેમનો શિષ્યસમુદાય હતો, જેમાં વિજયરામચંદ્રસૂરિ, વિજય જંબુસૂરિ તથા પન્યાસ ભાનુવિજયગણિનાં નામ સવિશેષ જાણીતાં અને આગળ પડતાં છે, તેઓ જુનવાણી વિચારપરંપરાના પ્રતિનિધિ હતા. પરિણામે તેમના હાથે અનેક મંદિરો, અંજનશલાકાઓ, પ્રતિષ્ઠાઓ, ઉપધાનો અને ધાર્મિક ક્રિયાકાંડને લગતાં અનેક સમારંભો નિર્માણ થયાં હતાં. તેમની પ્રેરણાથી ખંભાત મુકામે રૂ. પાંચ લાખના ખર્ચે એક વિશાળ ઉપાશ્રય બંધાવવામાં આવ્યો હતો.

આજથી લગભગ ૫૦ વર્ષ પહેલાં તેમનો મને પ્રથમ પરિચય થયેલો. મારા પિતાનો તેમની સાથે સારો સંબંધ હતો. તેમની સાથેના એક બ્રાહ્મણ પંડિત પાસે મેં ષડ્દર્શન સમુચ્ચય અને સ્યાદ્વાદ મંજરીનું અધ્યયન કર્યું હતું. તે કારણે તેમને પણ અનેક વાર મળવાનું અને અનેક વિષયો પરત્વે ચર્ચા કરવાનું બનતું. તેમનાં વિચાર વળણ એક સ્થિતિચુસ્ત સાધુનાં હોઈને અમારા વિચારમાં વિશેષ મેળ જામતો નહિ, એમ છતાં તેમનો મારા પ્રત્યેનો વર્તાવ પૂરા પ્રેમ, ઉદારતા અને સદ્ભાવભર્યો રહેતો. સાધુતા વડે તેમનું જીવન રંગાયેલું હતું. આજના વિજય રામચંદ્ર સૂરિ એ વખતે ૧૬-૧૭ વર્ષના ઉગતા કિશોર હતા. દેખાવ અને વાતચિતમાં તેઓ એકદમ શાંત પ્રકૃતિના લાગતા. કદાચ ભારેલા અગ્નિનું એ આદિરૂપ હોય. સમયના વહેણ સાથે એ ગુરુશિષ્યના અને મારા વિચારનો રાહ ભિન્ન-ભિન્ન દિશામાં ફંટાયો અને વિજયપ્રેમસૂરિની નજીક આવવાનો કોઈ સંયોગ ઊભો ન જ થયો. કદાચ બેમાંથી કોઈએ એવી ઈચ્છા જ ન અનુભવી. આમ છતાં પણ તેમના વિષેનાં પૂર્વકાળના સમાગમનાં મધુર સ્મરણો આજે પણ મારા ચિત્ત ઉપર અંકિત છે. જેમણે આટલાં વર્ષો સુધી, શુદ્ધ અને અખંડ ચારિત્ર્યનું પાલન કર્યું છે તેવા આ સ્વર્ગસ્થ વયોવૃદ્ધ સ્થવિર આપણાં આદર-વન્દનના જરૂર અધિકારી બને છે.

સમાજસુધારક શ્રી ગટુભાઈ ગોપીલાલ ધ્રુવ

'જ્યોતિર્ધર' ના તંત્રી શ્રી ગટુભાઈ ગોપીલાલ ધ્રુવનું અમદાવાદ ખાતે મે માસની ૨૪ મી તારીખે સવારે ૮૭ વર્ષની ઉંમરે અઠવાડિયાની માંદગી બાદ અવસાન થતાં ગુજરાતને એક આજીવન સેવાનિષ્ટ સુધારક અને પીઢ પત્રકારની ખોટ પડી છે. ગુજરાત સંસારસુધારા સમાજના પાક્ષિક મુખપત્રનું તે પત્રના પ્રારંભથી આજ સુધી એટલે કે છેલ્લાં ૩૧ વર્ષથી શ્રી ગટુભાઈ સંપાદન કરતા હતા. જ્યોતિર્ધર ગુજરાતી ભાષાના વિરલ સામાયિકોમાંનું એક છે કે જે પ્રારંભથી આજ સુધી કશી પણ જાહેર ખબર લીધા વિના એક સરખું ચાલી રહ્યું છે, ટકી રહ્યું છે. 'જ્યોતિર્ધર' પ્રગતિશીલ વિચારધારાનું હંમેશા વાહક રહ્યું છે. આ જ્યોતિર્ધરમાં વર્ષો સુધી ગટુભાઈની તેજસ્વી, નિડર, વિચારપ્રેરક અને અભ્યાસપૂર્ણ નોંધો પ્રગટ થતી રહી હતી. છેવટનાં વર્ષોમાં વૃદ્ધાવસ્થાના વધતા જતા આક્રમણના પરિણામે તેમની નોંધો ઓછી થવા લાગી હતી અને બીજાનાં લખાણો અને ઉદ્ધૃત લેખો દ્વારા જરૂરી પુરવણી કરવામાં આવતી. પ્રબુદ્ધ જીવન વિષે ગટુભાઈનો મોટો પક્ષપાત હતો અને પ્રબુદ્ધ જીવનમાંથી ગટભાઈ અવાર નવાર ઉધ્ધૃત કરતા હતા.

ગટુભાઈ સ્વ. વિદ્યાબહેન નીલકંઠ અને સૌ. શારદા બહેન મહેતાના ભાઈ થાય. જ્યોતિર્ધરના સંપાદન ઉપરાંત ગુજરાતના સામાજિક ક્ષેત્રો ગટુભાઈનો ઘણો મોટો ફાળો હતો. કેટલાંક વર્ષોથી તેમના પ્રત્યક્ષ પરિચયમાં આવવાનું સદ્ભાગ્ય મને સાંપડ્યું હતું. અમદાવાદ જ્યારે પણ જવાનું બનતું ત્યારે બનતા લગી તેમને મળવાનું હું ચૂકતો નહિ. વૃદ્ધાવસ્થાની તેમની શારીરિક ક્ષમતા ઉપર અમુક અસર જરૂર દેખાતી હતી, એમ છતાં પણ, ચિન્તનના ક્ષેત્રે તેઓ પૂરા સજાગ લાગતા હતા. તેમનું લાંબુ જીવન મોટા ભાગે આરોગ્યપૂર્ણ રહ્યું હતું અને એ કારણે જીવનના અંત ભાગ સુધી તેઓ મોટા ભાગે ક્રિયાશીલ રહ્યા હતા. આ રીતે તેઓ એક અર્થપૂર્ણ જીવન જીવી ગયા છે અને અનેકને દૃષ્ટાંતરૂપ બન્યા છે. તેમની પાછળ રહેલાં તેમનાં વયોવૃદ્ધ પત્ની વિષે આપણું દિલ ઊંડી સહાનુભૂતિ અનુભવે છે. પરમાનંદ.

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૦ : અંક ૪

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જુન ૧૬, ૧૯૬૮, રવિવાર
પરદેશ માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્રકીર્ણ નોંધ

દિવંગત કરુણામૂર્તિ અનુબહેન

જૂન માસની ત્રીજી તારીખે અમદાવાદના જાણીતા સામાજિક કાર્યકર શ્રી અનસૂયાબહેન નવનીતલાલ પરીખનું મુંબઇ ખાતે કેટલાક સમયની માંદગી બાદ ૬૪ વર્ષની ઉમ્મરે અવસાન થયું. તેઓ અમદાવાદના પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ ઉદારચરિત શેઠ મંગળદાસ ગીધરલાલનાં પુત્રી થાય. સાધારણ ભણતર સાથે શૈક્ષણિક સંસ્કારનો તેમને માબાપ તરફથી વારસો મળ્યો હતો. નાની ઉમ્મરે તેમનાં શ્રી રમણીકલાલ પરીખ સાથે લગ્ન થયાં હતાં. પિતા અને પતિ તરફથી મળેલા પ્રોત્સાહને અને તેમના પોતાનામાં રહેલી સેવાભાવી તમન્નાએ તેમનું સમગ્ર જીવન સેવામય બનાવ્યું હતું. અમદાવાદના સામાજિક ઉત્થાનમાં તેમનો મહત્ત્વપૂર્ણ ફાળો હતો. અમદાવાદના જ્યોતિસંઘના તેઓ વર્ષો સુધી પ્રમુખ હતા. તેના નવા મકાનનું પંડિત જવાહરલાલ નહેરુના હાથે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું અને તે પ્રસંગે નહેરુ તેમના અતિથિ બન્યા હતા.



* શ્રી અનસૂયાબહેન પરીખ *

અન્ધ કન્યા પ્રકાશગૃહ સંસ્થાનું તેમણે જ નિર્માણ કર્યું હતું અને તેનું સંચાલન પણ તેઓ પોતે જ કરતા હતા. અમદાવાદની મ્યુનિસિપલ કોર્પોરેશનના તેમ જ તેની સ્ટેન્ડીંગ કમિટીના તેઓ કેટલાક સમય સુધી સભ્ય હતાં. આ ઉપરાંત અમદાવાદની અનેક સામાજિક સંસ્થાઓ સાથે તેઓ જોડાયલા હતા. ૧૨વર્ષ પહેલાં પતિનું મૃત્યુ થતાં તેમનો સાથ તેમણે ગુમાવ્યો હતો. એમ છતાં તેમની સામાજિક પ્રવૃત્તિઓમાં કોઇ ઓટ આવી નહોતી. ઊલટું ત્યાર બાદ તો તેમનો સર્વ સમય સમાજ અને કુટુંબની સેવા પાછળ જ વ્યતીત થતો હતો.

નિકટવર્તી સમુદાયમાં તેઓ 'અનુબહેન'ના નામથી ઓળખાતાં હતાં, સંબોધાતાં હતાં. શેઠ મંગળદાસ ગીધરલાલનાં કુટુંબીજનો સાથે વર્ષો જૂના સંબંધના કારણે અનુબહેનથી અને તેમની વિવિધ સેવાપ્રવૃત્તિઓથી હું સુપરિચિત હતો. શ્રીમન્ત કુટુંબમાં ઉછરેલા હોવા છતાં શ્રીમન્તાઇ સાથે જોડાયલી અસ્મિતાનો તેમનામાં કોઇ અંશ નહોતો; વૈભવપૂર્ણ જીવન સુલભ હોવા છતાં વૈભવ પ્રત્યે તેમનામાં કોઇ આકર્ષણ નહોતું. નમ્રતા અને કરુણાની પૂરા અર્થમાં તેઓ એક મૂર્તિ હતાં. દુ:ખી, દર્દી અને પીડિત જનો પ્રત્યે તેમનામાં અપાર અનુકંપા હતી. કેટલાક સમયથી કેન્સરના વ્યાધિનો ભોગ બનતાં તેમની ચાલુ સેવાપ્રવૃત્તિઓ ઉત્તરોત્તર બંધ કરવાની તેમને ફરજ પડતી ગઇ. આ બાબતનું તેમને પારાવાર દુ:ખ હતું. માંદગીના બીછાને પણ ક્યારે સાજી થાઉં અને મારું અટકેલું કાર્ય શરૂ કરું—આ જ માત્ર ચિન્તા તેમના દિલને સતત સતાવ્યા કરતી હતી. છેલ્લા અઢી ત્રણ મહિનાથી ડાકટરી ઉપચાર માટે તેમને મુંબઇ લાવવામાં આવ્યાં હતાં. ત્યારે પણ ક્યારે અમદાવાદ જઉં અને સહકાર્ય કરતી બહેનોને મળું એ જ બાબતની તેમને ઝંખના હતી. આપણા સમાજમાં તેમનાથી વધારે શકિતશાળી, પ્રભાવશાળી, ખ્યાતિ પામેલી બહેનો અનેક મળશે, પણ સરળતા, નમ્રતા, કરુણા, પવિત્રતા, વત્સલતા અને સંવેદનશીલતા—આવા ગુણોને એક સાથે મૂર્તિમન્ત કરતી આવી સન્નારીની જોડી મળવી સહજ શકય નથી. આવાં શુચિસ્મિતા સન્નારીનું અવસાન થતાં આપણા સમાજને એક અણમૂલા માનવરત્નની ખોટ પડી છે. તેમનો વિશાળ કુટુંબ પરિવાર આપણી સહાનુભૂતિનો અધિકારી બને છે.

ગૃહમંત્રી યશવંતરાવ ચવ્હાણનો ઈનકાર

તા. ૧-૬-૬૮ ના 'પ્રબુદ્ધ જીવન' માં ગૃહમંત્રી શ્રી યશવંતરાવ ચવ્હાણના શિવસેના અંગે કરાયેલા જે નિવેદનના આધાર ઉપર ટીકા કરવામાં આવી હતી તે નિવેદનમાં એમ કહેવાયું હતું કે "આ શિવસેનાવાળા કોઇ ને કોઇ વ્યવસાયદ્વારા પેટીયું મેળવવાનો પ્રયત્ન કરતા દક્ષિણવાસીઓ સામે શા માટે મોરચો માંડે છે અને જેમણે નોકરીઓ અને કામ આપવા અંગે અમુક ભેદભાવપૂર્વકની નીતિ અંગીકાર કરી છે તેવા માલિકો સામે તેઓ કેમ જેહાદ ચલાવતા નથી ?"—આમ જણાવ્યાનો શ્રી યશવંતરાવ ચવ્હાણ તા. ૩૧-૫-૬૮ ના ટાઇમ્સ ઓફ ઇન્ડિયામાં ઇનકાર કરે છે અને એમ કહ્યાનું જણાવે છે કે "શિવસેનાવાળા સીપાઇ અને કલાર્કની નોકરીઓની માગણી કરી રહ્યા છે, પણ તેઓ પોતે જ ફેકટરીઓના માલિક બને એવા ખ્યાલપૂર્વક ફેકટરીઓ ઊભી કરવાના સામુદાયિક સાહસનો તેઓ કેમ વિચાર કરતા નથી.?" આ સંબંધમાં જણાવવાનું કે આ તેમનો ખુલાસો આપણા ગળે ઉતરે તેવો નથી. અહીં પ્રશ્ન એ થાય છે કે તેઓ જે કહ્યું હોવાનો દાવો કરે છે તેથી તદ્દન જુદું જ રીપોર્ટીંગ છાપાવાળાઓ શા માટે કરે? અથવા તો આ એક પ્રકારનો રાજકારણી ઇનકાર છે એમ આપણે સમજી લેવું?

પરમાનંદ

જૈન સમાજમાં પરસ્પર એકતા શી રીતે સ્થાપિત કરવી?

આ સંબંધમાં પં. બેચરદાસ જીવરાજ દોશી તરફથી નીચેનો પત્ર મળ્યો છે:— અમદાવાદ, તા. ૨-૬-૬૮

સ્નેહીશ્રી પરમાનંદભાઇ,

ભગવાન મહાવીરના નિર્વાણને ૨૫૦૦ વરસ હવે પાંચ છ વરસમાં પૂરાં થશે. એ અંગે જૈન સમાજ પોતપોતાની દૃષ્ટિએ જુદા

જુદા કાર્યક્રમો કરવાનો છે. કોઈ સાહિત્યની રચનાનો, કોઈ વિશેષ પ્રકારના ઉત્સવોનો અને કોઈ વળી આ સમયની સ્મૃતિ માટે સ્તૂપ બનાવવાનો કાર્યક્રમ સૂચવે છે. આ અંગે મારો પોતાનો વિચાર આપને જણાવું છું અને સાથે વિનંતિ કરું છું કે એ અંગે જે કાંઈ નમારે સૂચન કે ટીકાટીપ્પણી કરવાનું હોય તે જરૂર મને જણાવશો. મારો વિચાર આ મુજબ છે:-

જૈનસંઘ અત્યારે લગભગ છિન્નભિન્ન જેવો છે. ગચ્છોનો આગ્રહ મોળો પડયો નથી અને પોતપોતાના સંપ્રદાયોનો આગ્રહ પણ જોઈએ એવો ઢીલો થયો નથી. હા, કેટલાક સુશિક્ષિત લોકોમાં જરૂર એ આગ્રહ મોળો પડયો ગણાય. પણ સાધુસમાજ અને તેને અનુસરનારો સમાજ એ આગ્રહથી વિશેષ બદ્ધ છે. અને એક બીજાને મિથ્યામતિ, મિથ્યાદૃષ્ટિ કે નિહ્નવ કહેવાની વૃત્તિ આ યુગમાં પણ ધરાવે છે. આ જાતની વૃત્તિને કોઈ પુરુષ બહેકાવનારો કે ઉશ્કેરનારો હોય તો ધર્મને નામે લડાઈ થયા વિના રહે નહીં. સંપ્રદાયોના અનુયાયીઓના મનમાંથી એકબીજાને મિથ્યામતિ વગેરે કહેવાની વૃત્તિ મોળી પડવી જોઈએ અને ધીરે ધીરે તદ્દન નાબૂદ થઈ જવી જોઈએ એવી દિશામાં કોઈ પગલાં ભરાય તે આવે વખતે વધારે ઉપયોગી થાય અને ભગવાનનું એ સાચું સ્મારક બની શકે. એ અંગે મને એમ લાગે છે કે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સ, જૈન શ્વેતાંબર સ્થાનકવાસી કોન્ફરન્સ, જૈન શ્વેતાંબર તેરાપંથી મહાસભા તથા જૈન દિગંબર કોફરન્સ અને તેની બીજી પેટાસભાઓ એવો ઠરાવ કરે કે જૈનધર્મના દરેક સંપ્રદાયની માન્યતા તે તે સંપ્રદાયના અનુયાયીઓ માટે ખપની છે અને એ માન્યતાઓને વિવેક અને સંયમપૂર્વક આચરવામાં આવે તો જરૂર આત્મશુદ્ધિ થવાનો સંભવ છે. એટલે કોઈ પણ સંપ્રદાયની માન્યતા ખોટી છે, મિથ્યા છે એવો વિચાર નહીં કરવો અને એના જ સંદર્ભમાં કોઈ પણ સંપ્રદાયવાળો બીજા કોઈ સંપ્રદાયવાળાને માટે મિથ્યામતિ, મિથ્યાદૃષ્ટિ કે નિહ્નવ એવું વિશેષણ ન વાપરે, પણ આપણે બધા જ જૈન છીએ એમ સમજે અને જે જુદી જુદી ક્રિયાઓ ચાલે છે તે તો સાધનભેદની દૃષ્ટિએ સમજવાની છે. સાધ્ય તો સૌનું એક છે પણ તે સાધ્યને સાધવા જુદી જુદી પદ્ધતિઓ હોઈ શકે છે એ રીતે વિચારીને પરસ્પર એકબીજાને ખોટા કહેવાનું તજી દેવું અને એકબીજાના ધાર્મિક પ્રસંગોએ પરસ્પર સહકાર કરવો અને એકબીજાને પોતાની મર્યાદા પ્રમાણે સહાયતા આપવી તથા જે જે જુદાં જુદાં જૈન છાત્રાલયો છે તે બધાં સંપ્રદાયના નામના છાત્રાલયો ન રાખતાં જૈન છાત્રાયલ તરીકે ઓળખાવાં જોઈએ અને ધીરે ધીરે એવી પરિસ્થિતિ લાવવી જોઈએ કે કોઈ પણ જૈન સંપ્રદાયનો છાત્ર કોઈ પણ બીજા જૈન સંપ્રદાયના છાત્રાલયમાં સુખપૂર્વક રહી શકે અને તેને પોતપોતાની ધર્મસાધના કરવાની સગવડ પણ મળતી રહે. આમ કરવું કશું જ અઘરું નથી. આમ થવાથી આખા જૈનસમૂહમાં એકતાનું વાતાવરણ જામવા લાગશે અને સાંપ્રદાયિક અભિનિવેશ મોળો પડશે. અને પરિણામે જૈનસમાજનું એક મોટું બળ પેદા થશે અને તે એવું તેજસ્વી બનશે કે પછી જૈન સમાજનું કોઈ કામ ઉપેક્ષિત નહીં રહી શકે અને આખો સમાજ પરસ્પર સહિષ્ણુ બની એકસૂત્રમાં આવશે. આ રીતે સામાજિક એકતા સધાશે એમ મને લાગે છે. મારી દૃષ્ટિએ જો આ કામ બધી જૈન કોન્ફરન્સો પોતાના હાથ ઉપર લ્યે અને આ જાતનો ઠરાવ કરી સાંપ્રદાયિક અભિનિવેશવાળું વાતાવરણ દૂર કરવા જો કમર કસે તો આવો ઠરાવ થવામાં કોઈ વાંધો દેખાતો નથી. જુના લોકો-સાધુઓ અને શ્રાવકો-વિક્ષેપ નાખશે ખરા, પણ તેમના વિક્ષેપને ઉપેક્ષિત ગણવો જોઈએ અને સમસ્ત જૈનસંઘની એકતાને મુખ્ય માની આ કામ કરવાની મને તો સૌથી વધારે જરૂર જણાય છે.

ખરી રીતે તો જૈન દૃષ્ટિએ કોઈ પણ નિર્વાણવાદી વિચારને મિથ્યા ન કહી શકાય તો જૈન સંપ્રદાયો પરસ્પર પ્રત્યે મિથ્યા શબ્દનો પ્રયોગ શી રીતે કરી શકે? બેચરદાસ

ગાંધીજી અને 'આત્મસિદ્ધિશાસ્ત્ર'

આ સંબંધમાં શ્રી ત્રિભુવન વીરજીભાઈ હેમાણી તરફથી નીચે મુજબનો પત્ર મળ્યો છે:-

પરિભાષાના પર્યાયોનું સંશોધન કરવા સારુ શ્રીમદ્ રાજચંદ્રના અનુજ સદ્‌ગત મનસુખલાલ રવજીભાઈ મહેતાએ ભૂતકાળમાં સંપાદિત કરેલાં 'સનાતન જૈન' નામનાં 'ચારમાસિક' પત્રના સને ૧૯૦૯ના જુન - સપ્ટેમ્બર અંકમાં 'શ્રીમાન્ રાજચંદ્ર અને શ્રીયુત ગાંધી' શિર્ષક એક વિચારપ્રેરક લેખ પૃષ્ટ ૨૭ થી ૪૧ ઉપર પ્રગટ થયેલો જોવામાં આવ્યો. તે ઉપરથી એક વિચાર એવો આવ્યો કે ગાંધીજી સને ૧૯૧૪-૧૫માં દક્ષિણ આફ્રિકાને છેલ્લા રામ રામ કરી ભારતવર્ષમાં કાયમી વસવાટ કરવા માટે સ્વદેશ પધાર્યા તે સમયે અગર તે અગાઉ પણ એ મહાપુરુષનાં જીવન અને મનન તેમ જ મંથન સંબંધી આપણાં સામયિક પત્રોમાં જે કોઈ લખાણ પ્રગટ થવા પામ્યાં હોય તે સઘળાંને એક સંગ્રહ રૂપે સંગ્રહી લઈને ગ્રન્થસ્વરૂપે પ્રગટ કરવામાં આવે તો એક ઉપયોગી કાર્ય પાર પડયું એમ કહેવામાં રખે કોઈને અતિશયતાનો રણકારો લાગે! એવું પ્રકાશન કરવામાં આવે તો છ સાત દાયકા પહેલાંના ગુજરાતી પત્રકારો ગાંધીજી વિષે અને ખાસ કરીને તેની પ્રવૃત્તિ સંબંધી કેવા કેવા વિચારો ધરાવતા હતા તે જાણી લેવા માટેનું એક ઉપયોગી સાધન અભ્યાસીઓને મળી જવા પામે. સદરહુ 'સનાતન જૈન' માં પ્રગટેલી એ વિરલ નોંધ પુનઃપ્રકાશનને પાત્ર એટલા માટે છે કે તેમાં નીચે મુજબ એક ઉપયોગી સૂચન તેના તંત્રીએ કર્યું હતું:

"શ્રીયુત ગાંધીએ શ્રીમાન્ રાજચંદ્રના હાથથી લખેલા 'આત્મસિદ્ધિશાસ્ત્ર' ગ્રંથનો અંગ્રેજીમાં અનુવાદ કરેલ હતો (જે હજુ છપાયેલ નથી) અને તેનું તેઓ દક્ષિણ આફ્રિકાના ગોરાઓને શિક્ષણ પણ આપતા હતા." [પૃ. ૩૧]

આ પરિચ્છેદમાં પ્રગટેલા ખબર એટલા તો ઉપયોગી છે કે સાચા ગાંધીભક્તોએ તાજેતરમાં જ શ્રીમદ્ રાજચંદ્રની જન્મશતાબ્દીના શુભ ટાંકણે એવાં ઉપયોગી પુસ્તકના અંગ્રેજી અનુવાદને પ્રગટ કરી દઈને રાજચંદ્રપ્રેમીઓ સમક્ષ ધરી દેવો જોઈતો હતો; પરંતુ તેમ થવા પામ્યું નથી તેને આપણું દુર્ભાગ્ય જ ગણાય. બીજી રીતે વિચારતાં હજુ કંઈ વહી ગયું નથી; કારણ કે ગાંધીજીની જન્મશતાબ્દીનો શુભ પ્રસંગ ઘણો જ નજીક આવી પહોંચ્યો છે અને એ જન્મશતાબ્દિ મહોત્સવને સમયે જો રાજચંદ્રપ્રણીત 'આત્મસિદ્ધિશાસ્ત્ર' નો ગાંધીજીએ કરેલો અંગ્રેજી અનુવાદ પ્રગટ કરવામાં આવે તો એ મહોત્સવની સાર્થકતામાં ઓર વધારો થયો ગણાશે. નવજીવન-કાર્યાલયે સજાગ બની જઈને એ દિશામાં સાચા પ્રયત્નો હાથ ધરી દઈને સાચી ગાંધીભક્તિને પ્રગટાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. એમ થવાથી અંગ્રેજી જાણનારો વિશાળ વાચકસમુદાય રાજચંદ્રજીને વધુ ઓળખતો થશે એ કંઈ જેવું તેવું નહિ ગણાય.

ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

શ્રીમતી હેલન કેલર

અંધોની દુનિયાની પ્રેરણાદાયી દીપક શ્રીમતી હેલન કેલરનો જીવનદીપ ૮૭ વર્ષની ઉંમરે જૂન માસની બીજી તારીખે બુઝાયો. ત્રિમુખી પંગુતાને તેણે સ્વપુરુષાર્થથી પાંગળી બનાવી દીધી, અને માનવમાં રહેલી અપ્રગટ શક્તિઓને કેવી રીતે વિકસાવી શકાય તેનું સુંદર દૃષ્ટાંત જગતને તેણે પૂરું પાડયું.

શ્રીમતી હેલન કેલરનો જન્મ અમેરિકાના આલબામા રાજ્યના એક ગામડામાં તા. ૨૭ મી જૂન ૧૮૮૦ના રોજ થયો હતો. દોઢ વર્ષની કુમળી વયમાં મગજના તાવથી તેઓ આંધળા અને બહેરા થઈ ગયાં, અને પાછળથી મુંગા પણ થયાં. તેમ છતાં હેલન એક અદ્વિતીય વ્યકિત બન્યાં તેનો સઘળો યશ બોસ્ટનની અંધશાળાની

એક વિચક્ષણ શિક્ષિકા શ્રીમતી એની સુલિવાનને ઘટે છે. એનીએ તેમને લખતાં અને વાંચતાં શીખવ્યું, એટલું જ નહિ, બોલતાં પણ કર્યાં. એનીની મદદથી હેલન કૉલેજમાં પણ ગયાં અને ૧૯૦૪માં હારવર્ડ વિદ્યાપીઠનાં સ્નાતિકા પણ બન્યાં. ત્યાર બાદ તેમણે અંધજનોના લાભાર્થે આખી દુનિયાનો પ્રવાસ કર્યો અને ઠેકઠેકાણે પ્રવચનો કર્યાં. તેમણે પુસ્તકો પણ ઘણાં લખ્યાં છે, જેમાં તેમની પોતાની આત્મકથા મુખ્ય છે. દુનિયાની અનેક વિદ્યાપીઠોએ અને વિશ્વવિદ્યાલયોએ શ્રીમતી કેલરને માનદ ઉપાધિઓ આપી છે.

દેખીતી રીતે અસાધ્ય ગણી શકાય તેવી તેમની શારીરિક ખોડ ઉપર તેમણે મેળવેલી અસાધારણ સફળતાની કહાણી 'ધી મીરેકલ વર્કર' નામની ફિલ્મ અને નાટકમાં રજૂ કરવામાં આવી હતી. તેઓએ તેમના જીવનકાળ દરમ્યાન અંધ અને અપંગ માનવોના હિતને માટે કરેલા અથાગ પરિશ્રમની કદરરૂપે દુનિયાના કેટલાયે દેશોના રાજ્યપ્રમુખોએ, વડાપ્રધાનોએ અને રાજાઓએ એમનું સન્માન કર્યું હતું. તેમણે પોતે એક વાર કહ્યું હતું, "હું મારી અસહાયતાનો વિચાર કદી પણ કરતી જ નથી, અને મને તેનો કયારે પણ ખેદ થયો નથી." તેમનું આખું જીવન હિંમત, પરિશ્રમ અને પરિસ્થિતિના પ્રતિકારના પ્રતીક સમું હતું. જીવનની બધી મુશ્કેલ પરિસ્થિતિઓનો પ્રતિકાર પામીને તેઓ વીસમી સદીનાં એક મહાન માનવ બન્યાં છે. માર્ક ટ્વેઈને એકવાર કહ્યું હતું કે જગતની બધી જ મહાન વિભૂતિઓની યાદીમાં તેમનું અને નેપોલિયનનું નામ એક સાથે અને મોખરે રહેશે.

નીરૂબહેન શાહ

ચાહવું એટલે શું?

(નીચેનો લેખ સ્વર્ગસ્થ શ્રીમતી હેલન કેલરની પ્રકૃતિગત મુગ્ધતાનો પરિચય કરાવવા માટે ઉપયોગી લાગવાથી તા.૯-૬-'૬૮ના 'જન્મભૂમિ - પ્રવાસી' માંથી અહીં નીચે સાભાર ઉદ્ધૃત કરવામાં આવે છે.)

એક સવારે મેં પહેલ પ્રથમ 'પ્રેમ' શબ્દનો અર્થ પૂછ્યો એ સવાર તો મને બરાબર યાદ છે. આ વખતે મને ખૂબ શબ્દો આવડતા ન હતા. બાગમાં મને મોસમની સાવ શરૂઆતમાં કેટલાંક વાયોલેટ મળ્યાં હતાં અને એ ફૂલ હું બહેન માટે લઈ આવી હતી. બહેને મને કોટી કરવાની કોશિશ કરી, પણ એ વખતે તો મારી મા સિવાય બીજું કોઈ પણ મને કોટી કરે એ ગમતું જ નહીં. મિસ સુલિવાને ધીરેથી ભાવપૂર્વક એમનો હાથ મારી આસપાસ વીંટાળ્યો અને મારા હાથમાં લખ્યું: "હું હેલનને ચાહું છું."

"ચાહું છું એટલે?" મેં પૂછ્યું.

એમણે મને એમની નજીક ખેંચી અને કહ્યું કે એનું સ્થાન તો અહીં છે એમ કહીને એમણે મારા હૃદય ઉપર આંગળી મૂકી. હૃદયના ધબકારાનું પહેલું ભાન મને આ ક્ષણે થયું. બહેનના શબ્દોથી હું ઘણી ગુંચવાઈ ગઈ. આ અરસામાં હું કશી વસ્તુને અડકું નહીં ત્યાં લગી એ વસ્તુ વિશે મને કશું જ સૂઝતું નહીં.

એમના હાથમાં હતાં એ વાયોલેટ મેં સૂંઘ્યાં અને અધૂરા શબ્દોમાં તો અધૂરા ઈશારામાં મેં એમને એક પ્રશ્ન પૂછ્યો: પ્રશ્ન લખ્યો હોય તો આમ લખાય: "ચાહવું એટલે આ ફૂલની ફ્રેશ્રમ?"

"ના," બહેને કહ્યું.

ફરી મેં વિચાર કર્યો. અમારા પર સૂરજનો પ્રકાશ ઝળહળતો હતો.

"આને ચાહવું ન કહેવાય?"

જે દિશામાંથી આ તાપ અને પ્રકાશ આવતો હતો તે બતાવી મેં પૂછ્યું.

સૂરજ કરતાં વિશેષ સુંદર કશી વસ્તુ હોઈ જ ન શકે એવો મારો ખ્યાલ હતો. સૂરજની ઉષ્મા સર્વ વસ્તુને ખીલવે છે, વિકસાવે છે. પણ મિસ સુલિવાને તો એમનું માથું ધુણાવી ના પાડી. હું ખૂબ ગુંચવાઈ ગઈ. મને નિરાશા પણ થઈ. મારાં બહેન મને ચાહવું એ શું ચીજ છે એ બતાવી શકતાં ન હતાં એ વાત મને જરા વિચિત્ર લાગતી હતી.

આ બન્યા પછી વળતે દિવસે કે એ પછીને દિવસે હું મણકા પરોવતી હતી. બે મોટા મણકા પછી ત્રણ નાના મણકા અને એમ હું પરોવતી હતી. આમ મણકા પરોવતાં મારાથી ઘણીવાર ભૂલ થઈ જતી અને મિસ સુલિવાન અત્યંત મિઠાશપૂર્વક અને ધીરજ રાખીને મને મારી ભૂલ બતાવતાં. છેવટે આ ક્રમમાં થયેલી એક ભૂલ મારા ધ્યાનમાં આવી ગઈ. થોડી વાર તો મેં મારું બધું જ લક્ષ આ પદાર્થ-પાઠ પર જ દોર્યું. મણકા કઈ રીતે કયા ક્રમમાં પરોવવા જોઈએ એ વિષે મેં વિચાર કર્યો. મિસ સુલિવાને મારા કપાળે આંગળી અડકાડી અને પૂરા ભારપૂર્વક શબ્દો લખ્યા: "વિચાર કરો."

એક ઝબકારામાં મને સમજાઈ ગયું. આ તો મારા મગજમાં જે ક્રિયા ચાલતી હતી એનું નામ હતું, કથા પણ અશરીરી ભાવનું આ પહેલું જ સભાન દર્શન હતું.

ઘણીવાર લગી હું સાવ સ્તબ્ધ હોઉં એમ જ બેઠી રહી. મારા ખોખામાં પડ્યા હતા તે મણકાનો હું કશો જ વિચાર કરતી ન હતી. હું તો 'ચાહવું' નો, મને લાધેલા નવીન અનુભૂતિના પ્રકાશમાં, અર્થ શોધવા મથતી હતી. આખો દિવસ સૂરજ આડું વાદળું રહ્યું હતું. અવારનવાર ઝાપટાં પણ પડ્યાં હતાં. પણ એકાએક જ દક્ષિણ દિશામાં જ જેવા ઝળહળાટ દેખાય છે એવા ભપકામાં સૂર્ય પ્રકાશી ઊઠ્યો.

ફરી મેં મારાં બહેનને પૂછ્યું: "ત્યારે આને ચાહવું ન કહેવાય?"

"ચાહવું એ તો સૂરજ હમણાં ઝળહળી ઊઠ્યો એ પહેલાં આકાશમાં જેમ વાદળાં હતાં ને એના જેવું છે." એમણે જવાબ દીધો. પણ આ પછી તો મને એ વખતે ન સમજાયેલા એવા સરળ શબ્દોમાં એમણે સમજાવ્યું: "વાદળને આપણે અડકી શકતા નથી એ તો તું જાણે જ છે. પણ વરસાદ વરસે અને ફૂલ ઉલ્લાસ અને ઉમંગથી નાચે, અને તરસી ધરતી, સૂરજનો તાપ વેઠ્યા બાદ વરસાદનું કેવું સ્વાગત કરે, કેવી મહોરે એ વાતની તને ખબર પડે છે. જેમ એને અકડી શકાતું નથી એમ પ્રેમને પણ અડકી શકાતું નથી. પણ એ જ્યાં જ્યાં વરસે તે તે જગાની મીઠાશનો તો અનુભવ થાય છે. પ્રેમ ન હોય, કોઈ તને ચાહતું ન હોય તો તું સુખી ન હોય. તને રમવાનું પણ ન ગમે."

અને એકાએક જ આ સુંદર સત્ય મારા ચિત્તમાં આવી વસ્યું. મારા અને બીજાઓના આત્મા વચ્ચે કથા પણ અણદીઠ અગોચર તાર હશે એવું મને લાગ્યું.

શ્રીમતી હેલન કેલર

શ્રી જીવરાજ ભાણજી શાહનું શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી યોજાયેલું સન્માન

☆

શ્રી જીવરાજ ભાણજી શાહ મુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશનની બેસ્ટ સમિતિના ચેરમેન નિમાયા તે સંબંધે તેમનું શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સન્માન કરવા માટે તા. ૨૫ મી જૂન મંગળવાર સાંજના ૬-૧૫ વાગ્યે ધી ગ્રેન રાઈસ ઍન્ડ ઑઈલ સીડઝ મરચન્ટસ એસોસિયેશનના હૉલમાં સંઘના સભ્યોનું સંમેલન યોજવામાં આવ્યું છે. આ પ્રસંગે સંઘના સર્વ સભ્યોને સમયસર ઉપસ્થિત થવા અનુરોધ કરવામાં આવે છે.

મંત્રીઓ: મુંબઈ જૈન યુવક સંઘ,

વિમલા ઠકારનો પરિપત્ર—૩

પ્રિય મિત્રો,

લગભગ પાંચ અઠવાડિયાના ગાળા બાદ હું તમને લખી રહી છું. સમય ઝડપથી પસાર થઈ રહ્યો છે. યુરોપના જીવનની ધમાલ ભરેલી પ્રવૃત્તિ અને તેની તેજીલી ગતિ માણસને સાચે જ થકવી નાંખે છે. અહીંના ખુશનુમા હવામાન અને પુષ્ટિદાયક ખોરાક જ શક્તિને ટકાવી રાખે છે અને તેથી જ સખત પરિશ્રમ કરવાનો કંટાળો આવતો નથી.

મે માસનું પહેલું અઠવાડિયું મેં પેરીસમાં ગાળ્યું. શ્રી રેની ફ્રેરેએ યોજેલી એક જાહેર સભામાં મેં ભાષણ આપ્યું. On an Eternal Voyage" નામના મારા અંગ્રેજી પુસ્તકનો ફ્રેંચ ભાષામાં થયેલો અનુવાદ પણ એ જ દિવસે પ્રગટ થયો. કુ. વેરોનિકા પેટ્રાઝે ગોઠવેલી યુવકોની સભામાં પણ મેં પ્રવચન કર્યું. લેટિન ક્વાર્ટર્સના મારા નિવાસસ્થાને યુવકોનું એક જૂથ મને મળવા આવ્યું. લગભગ બાર માણસો મારી વ્યકિતગત મુલાકાતે આવ્યા.

પેરીસમાં આ સમયે વાતાવરણ અશાંતિ, અસંતોષ, કડવાશ અને ઉગ્રતાથી ભરેલું હતું. સારું યે પેરીસ જાણે કોઈ ભયના ઓળા હેઠળ હતું. સશસ્ત્ર રક્ષકો, લશ્કર અને ખાસ પોલીસદળની હરફર આખા શહેરમાં ચાલુ હતી. હજારો વિદ્યાર્થીઓ પણ બેદરકારીથી અને નિડરતાપૂર્વક ચારે બાજુ ઘૂમતા હતા. મારે પણ કેટલીયે વાર અશ્રુ-વાયુના ધૂમાડા વચ્ચેથી ચાલીને જવું પડયું હતું. મારી મોટરને બે વાર ગુસ્સે થયેલા યુવાનોએ ઘેરી હતી. હિંસા, ઘૃણા અને ગુસ્સાના પ્રકોપથી આખું શહેર છવાયેલું હતું.

પશ્ચિમ યુરોપીય દેશોના યુવાનોએ વર્તમાન શિક્ષણ પદ્ધતિ અને શિક્ષણસંસ્થાઓ સામે, આર્થિક અને રાજકીય વ્યવસ્થા સામે, નૈતિક અને ધાર્મિક પ્રણાલિકાઓ સામે—એટલું જ નહીં પણ, પોત-પોતાના દેશોની સરકારો સામે પણ બંડ પોકારવાનો નિર્ણય કર્યો હોય એમ લાગે છે.

આ યુવાનોએ એક આંતરરાષ્ટ્રીય સમાજવાદી સંગઠ્ઠનની ચળ-વળ પોતાની મેળે શરૂ કરી છે, જેમાં જોડાયેલા સમાજવાદી અને સામ્યવાદી જૂથો પૈકી કેટલાંકનાં નામ નીચે પ્રમાણે છે: (૧) સ્વતંત્ર માર્કસવાદીઓ, (૨) ટ્રૉટ્સ્કીવાદીઓ, (૩) માઓવાદીઓ, (૪) નવા ડાબેરીઓ, (૫) માર્કસ—લેનિનવાદી સામ્યવાદીઓ, (૬) લેનિનવાદી વિરોધી જૂથો, (૭) આંતરરાષ્ટ્રીયવાદીઓ વગેરે.

તમને આ અગાઉ જાણ થઈ ચૂકી હશે કે અમેરિકા—યુરોપમાં વિદ્યાર્થીઓના આ બંડ પાછળ કૅલિફોર્નિયાના રાજકીય તત્ત્વવેત્તા માર્કયૂઝનું ભેજું ચાલી રહ્યું છે. માર્કયૂઝનાં પુસ્તકો યુવાન વર્ગમાં ઘણાં જ પ્રિય બની ગયાં છે. એની માન્યતા પ્રમાણે મૂડીવાદી વ્યવસ્થામાં મજૂર વર્ગ એવો ગોઠવાઈ ગયો છે કે તે કદી પણ બળવો કરી શકશે નહીં.

આજે જે ફ્રાન્સમાં બની રહ્યું છે તે બ્રિટનમાં કે પશ્ચિમ જર્મનીમાં પણ બની શકે એમ છે. ખરી રીતે તો એ દેશોના વિદ્યા-થીઓ પણ પોતપોતાના દેશોમાં સામાજિક ક્રાન્તિ આણવા માટે ફ્રાન્સના જ પગલે ચાલવાની તૈયારી કરી રહ્યાં છે. જોકે જે કારણોએ ફ્રાન્સમાં ઉત્પાત મચ્યો તેનાથી જુદાં જ કારણો અહીં કામ કરી રહ્યાં છે. હિંસાનું પ્રમાણ ફ્રાન્સના જેટલું જ અહીં ન પણ રહે. તો પણ ફ્રાન્સના જેવું જ કશું આવી રહ્યું છે. પશ્ચિમી યુરોપના લગભગ બધા દેશોમાં આવી રહેલા તોફાનની ચીનગારીઓ વેરાયેલી પડી છે.

હું ૯ મી મેએ હોલેન્ડ પાછી ફરી, ત્યારે શ્રી કૃષ્ણમૂર્તિ ત્યાં હતા. તેઓ જાહેર પ્રવચનો આપવા માટે દર વર્ષે આ દેશની મુલાકાતે આવે છે. તેમણે તા. ૧૧ અને તા. ૨૨ ના ગાળામાં હજારથી પંદરસો શ્રોતાઓ સમક્ષ પાંચ વ્યાખ્યાનો આપ્યાં. યુવાનો માટે ખાસ આયોજન કરવામાં આવેલી એવી ચાર સભાઓમાં તેઓ બોલ્યા. અહીંના લોકો તેમને ચાહે છે; અને જાણે તેઓ હૉલેન્ડના જ વતની હોય એવું માન આપે છે. ટેલિવિજન પર તેઓને રજૂ કરવામાં આવ્યા. તેમના વિચારો વિષે રેડિયો પર પણ ચર્ચા થઈ.

તમને એ જાણીને નવાઈ લાગશે કે ઈંગ્લેન્ડમાં તેઓ એક સ્કૂલ શરૂ કરવાના છે, જેને માટે હજારો પાઉંડની જમીન અને બીજી મિલ્કતો ખરીદ કરવામાં આવી છે. મને તેઓ શકિત, તીક્ષ્ણતા અને ગંભીરતાના પુંજ સમા લાગ્યા. અલબત્ત, તેમના ચહેરા પર અને તેમના અવાજમાં વૃદ્ધાવસ્થા અને થાક જણાવા લાગ્યાં છે ખરા.

મેં એમસ્ટર્ડેમમાં ૧૭ મીએ અને એમર્સફૂર્ટમાં ૨૬મી મે એ પ્રવચનો કર્યાં. દરમ્યાનમાં અમે મારો ઈંગ્લાંડ અને નૉરવેની મુલાકાતોનો પ્રવાસક્રમ ગોઠવ્યો. હવે હું ૧૦મી જૂનથી ૩જી જુલાઈ સુધી ઈંગ્લાંડમાં હોઈશ. અને એ ગાળામાં લંડન, વોલેસ્ટન, સ્વાનવીક, યૉર્ક, બર્મિંગહેમ, હેલિફેક્ષ અને કાર્લાઈલ ખાતે પ્રવચનો કરીશ.

મારી નોર્વેની મુલાકાત સપ્ટેમ્બરમાં ગોઠવાશે, જ્યાં ઘણે ભાગે મારે ત્રણ અઠવાડિયા ગાળવા પડશે. મારા પ્રવાસના આ ગાળામાં શ્રીમતી એલ. ઈ. ફ્રૅન્કેના મારી સાથે રહેશે.

"Silence in Action" નામનું મારું નવું પુસ્તક આજે સાંજે પ્રેસમાં જાય છે. આ પુસ્તકની પ્રેસ—કોપી તૈયાર કરવાનું કામ ખરેખર ભારે મુશ્કેલ હતું.

અંગ્રેજી પ્રવચનોનું હિંદીમાં ભાષાંતર કરવાનું કામ હમણાં જરા ઠંડુ પડી ગયું છે. મને આશા છે કે હું ઈંગ્લાંડ જવા ઉપડું તે પહેલાં એ કામ પણ પૂરું થઈ જશે.

યૂરોપના મિત્રો મને નવાં પુસ્તકો વાંચવાની ભલામણ કરે છે અને અવારનવાર મારા પોતાના અભ્યાસ માટે મને પુસ્તકો મોકલી પણ આપે છે. જ્યારે જ્યારે આવું કોઈ સૂચન કે આવું કોઈ પુસ્તક મારી પાસે આવે છે ત્યારે હું એના ઉપર ધ્યાન આપું છું અને પુસ્તક કાળજીપૂર્વક વાંચી જાઉં છું.

હું પારીસમાં હતી તે દરમ્યાન યુનેસ્કોવાળા મી. યાને મને બે પુસ્તકો મારા પારીસનિવાસ દરમ્યાન વાંચી જવાની ભલામણ સાથે આપ્યા. તેમાં એક તો શ્રી એ. બી. પુરાણીનું Evening Talks with Aurobuido, vol. 2 હતું અને બીજું હતું, Meditatious on Savitri. નવાઈની વાત છે કે આ બેમાંથી એક પણ પુસ્તક મેં અગાઉ જોયું ન હતું. શ્રી પુરાણીનું પુસ્તક મને ગમ્યું. પારીસથી હું પાછી આવી ત્યારે શ્રીમતી ફ્રૅન્કેનાએ મને "Doctor frau Lhasa" નામનું પુસ્તક આપ્યું. એ પુસ્તકના લેખક હતા Lobsang Rampa, જેમણે "The Third Eye" લખ્યું છે. મી. માર્ટિન હાઉટમેને મને એલન વૉટ્સનાં બે પુસ્તકો મોકલ્યા: (૧) Nature, Man and Woman (૨) This is It. એલન વોટ્સ એક અચ્છા વિચારક-લેખક છે. તેમના zen buddhism વિષેનાં પુસ્તકો દુનિયાભરમાં જાણીતા છે. તેમનાં બીજા પુસ્તકોની જેમ આ બે પુસ્તકો પણ મને રસપ્રદ અને તાજગી તેમ જ પ્રેરણા આપનારાં લાગ્યાં. તેમનો જાતીય જીવન અને તેને લગતા પ્રશ્નો પ્રત્યેનો અભિગમ વિવેકપૂર્ણ છે.

ઑસ્લોથી કૃષ્ણમૂર્તિના પ્રવચનો સાંભળવા આવેલા કુ. ઈન્ગેબોર્ગ હાબેથે હૉલેન્ડમાં તેર દિવસ ગાળ્યા. તેઓ મારા માટે ૧૯૧૯માં સ્વામી આનંદ આચાર્યે લખેલા "Karlima Rani" નામના પુસ્તકના બે ભાગ લઈ આવ્યા હતા. આ પુસ્તકમાં સ્વામીજીના યોગ વિષેનાં પ્રવચનો છે. નોરવેના એક સજ્જન સ્વામી સારિપુત્તે આ પુસ્તકો કુ. હાબેથની સાથે મારે માટે મોકલ્યા હતા.

જીવન આ રીતે આગળ વધી રહ્યું છે. હું આથી સતત કામમાં પરોવાયલી રહું છું. મને એનો આનંદ પણ છે. હું મારા માટે કોઈની

☆ નવી દુનિયામાં—૭ ☆

(અમેરિકા ખાતે સેનેટર રૉબર્ટ કેનેડીનું તા. ૫-૬-૬૮ના રોજ ખૂન થયું અને તા. ૬-૬-૬૮ના રોજ તેમનું અવસાન થયું તે બે ગાળા વચ્ચે લખાયેલો અને તા. ૧૦-૬-૬૮ના રોજ, અધ્યાપક દલસુખભાઈ માલવણિયાનો પત્ર, પ્રસંગ અને વિષયનું મહત્ત્વ ધ્યાનમાં લઈને અહીં નીચે પ્રગટ કરવામાં આવે છે અને તેની આગળ મળેલો તા. ૧૭-૬-'૬૮નો પત્ર હવે પછી પ્રગટ કરવામાં આવશે.—તંત્રી)

હિંસાનું સામ્રાજ્ય ઘટે છે કે વધે છે તે પ્રશ્ન અનુત્તર જ રહેશે. પણ અમેરિકામાં જે થઈ રહ્યું છે અને તેની અસર દુનિયામાં જે રીતે ફેલાઈ રહી છે તે ભયંકર તો છે જ. છેલ્લા પાંચ વર્ષમાં પ્રેસિડેન્ટ કેનેડીનું ખૂન થયું, માર્ટિન લ્યુથર કિંગનું હમણાં જ આ વર્ષે ખૂન થયું અને ગઈ રાત્રે પ્રેસિડેન્ટ કેનેડીના નાના ભાઈ રૉબર્ટ કેનેડી ઉપર લૉસ એંજિલિસમાં ગોળી છોડવામાં આવી-આ રાજનૈતિક ખૂનોના પડઘા દુનિયાની રાજનીતિમાં પડવા સર્જાયા જ છે. ભારતમાં હમણા જ જનસંઘના નેતાનું ખૂન થયું-આ ગાંડપણની પરંપરા ક્યાં જઈ અટકશે તે કહેવું કઠણ છે. કેનેડી ઉપર ગોળી છૂટયાના સમાચારની પ્રથમ પ્રતિક્રિયા રૂપે મોસ્કોમાંથી તાજા ખબર રેડિયોમાં સાંભળ્યા—અમેરિકા શા માટે બધાને પિસ્તોલ રાખવાની છૂટ આપે છે? હિંસા રોકવાનું આ પણ એક સાધન છે જ. વૉશિંગ્ટનમાં કેનેડી ઉપર ગોળી છૂટયાના ખબરનો પડઘો પડયો ત્યારે એ જ પ્રશ્ન મુખ્ય હતો કે આ ખૂન કરવાના ગાંડપણની પરંપરા કેવી રીતે અટકે? સેનેટરો એક પછી એક કહેવા લાગ્યા કે અમેરિકન જીવનમાં હિંસાની પ્રક્રિયા રેડિયો અને ટેલિવિઝનદ્વારા શીખવવામાં આવે છે તે બંધ થવી જોઈએ. ખાસ કરી આ નવી પ્રજામાં હિંસાનો જેટલા પ્રમાણમાં પ્રચાર ટેલિવિઝનદ્વારા થઈ રહ્યો છે અને પ્રત્યેક નાગરિક બંદૂક ચલાવવા તલપાપડ થઈ રહ્યો છે—આવું તો ગત કોઈ પેઢીમાં દેખાયું નથી. કેનેડી ઉપર ગોળી ચલાવનાર ૨૫ વર્ષનો છે. આ ભયંકર શિક્ષણ બંધ થવું જોઈએ. —આ અવાજ ઊઠી રહ્યો છે. ગોરી અને કાળી પ્રજામાં જે ભયંકર વૈરનું સર્જન થઈ રહ્યું છે અને ટેલિવિઝનદ્વારા તેનું જે પ્રકારે પોષણ થઈ રહ્યું છે તેનો તાજો જ દાખલો એક ભારતીય પ્રોફેસરે મને સંભળાવ્યો. તેમનો નાનો છોકરો કહેવા લાગ્યો "પપ્પા મને બંદૂક આપો, આ કાળાને મારી નાખું." ઘણી જ ધીરજથી પ્રોફેસરે એ છોકરાને સમજાવ્યું કે બેટા તું અને હું પણ કાળા જ છીએ, મને પ્રથમ માર. આમ ટેલિવિઝન એ ઝેરી હથીયાર છે. તેનો જેમ સદુપયોગ છે તેમ દુરૂપયોગ પણ છે. હવે નેતાઓને સમજાવા લાગ્યું છે કે આપણે ભયંકર માર્ગે જઈ રહ્યા છીએ. અમેરિકા વિયેટનામમાં જે પ્રકારે લડી રહ્યું છે તે પણ હિંસાનું જ સમર્થન નહિ તો બીજું શું છે? આના વિરોધમાં જ કેનેડીનો અવાજ હતો, અને તેને દાબી દેવાનો આ ખૂની પ્રયત્ન થયો. અને તે ત્યારે જ થયો જ્યારે કેલિફોર્નિયાના પ્રાયમરી વોટમાં તેનો વિજય થયો. અને એ લગભગ નિશ્ચિત થયું કે હવે તો કેનેડી અમેરિકન પ્રમુખ થશે. પ્રમુખ માટેના પદના જેટલા ઉમેદવારો છે તેમણે પોતાના ભાષણોના પ્રોગ્રામ બંધ કર્યાના સમાચાર છે અને પ્રેસિડેન્ટ જૉન્સને તે સર્વને પોલીસરક્ષણ તળે મૂકી દીધા છે. પણ આ પ્રકારનું જીવન તે કાંઈ જીવન છે? પડછાયાની જેમ ક્યાં સુધી પોલીસથી ઘેરાઈ સુરક્ષા પામવી? આને કાંઈ સુરક્ષા કહેવાય? કોઈ ક્યારે કોનું ખૂન નહિ કરે? વિયેટનામની સમસ્યાનો ઉકેલ કરવા પેરિસમાં જે ચર્ચાવાર્તા થઈ રહી છે તેમાં ભાગ લેનાર વિયેટનામના પ્રતિનિધિએ ટકોર કરી કે અમેરિકનો વિયેટનામમાં જે હિંસા કરી રહ્યા છે તેનું જ આ બીજું રૂપ કેનેડીની હત્યાનો પ્રયત્ન છે. આમ એ તો સૌને સમજાય છે કે હિંસા એ સાચો માર્ગ નથી, પણ તેનો ત્યાગ કેમ થાય એ સમસ્યા છે. સમસ્યાના ઉકેલના તાત્કાલિક માર્ગ તરીકે હિંસામાં જે સામર્થ્ય દેખાય છે તે અહિંસામાં હજી પ્રતીત થયું નથી. અને જ્યાં સુધી નહિ થાય ત્યાં સુધી માનવજાત હિંસાનો માર્ગ છોડશે નહિ અને અહિંસાને માર્ગે જશે નહિ—અત્યારે તો આવું લાગી રહ્યું છે. દૂરગામી પરિણામનો વિચાર કર્યા વિના જ તાત્કાલિક માર્ગ અપનાવી સાધ્ય સિદ્ધ કરી લેવું—એ આ ઝડપી દુનિયાનો માર્ગ હોઈ શકે છે. એમાં નિરાશાવાદી દર્શન થાય તો તેમાં પરિસ્થિતિ જ કારણરૂપ લેખાય.

પણ માનવજાતે જે સાધનો ઊભા કર્યા છે તેના સદુપયોગ તરફ જો લક્ષ આપવામાં આવે તો આવી નિરાશાને કારણ નથી. માત્ર દૃષ્ટિસંપન્ન લોકોના હાથમાં એ સાધનો હોવા જરૂરી છે. ઍટમબૉમ્બ ભયંકર શસ્ત્ર છે, હિંસક શસ્ત્ર છે, પણ તેનું અસ્તિત્વ જ મોટી લડાઈ રોકવામાં કારણ બન્યું છે, એટલું જ નહિ પણ, તે કારણે જે એટમિકશક્તિની શોધ થઈ તે તો દુનિયાની શકલ જ બદલી શકે તેવી શકયતા દાખવે છે. ટેલિવિઝનની શક્તિનો ખરો ખ્યાલ તો હવે આવવા લાગ્યો છે. આજે જ કેનેડીના ખૂનના બનાવ અંગે રેડિયો અને ટેલિવિઝનમાં જે પ્રચાર થવા લાગ્યો છે તે સમયનાં ચિત્રો—રોતા—કકળતા માનવી વારંવાર 'પ્રભુ આ શું થવા બેઠું છે'—એમ પોકારતા દુઃખી માનવીનાં ચિત્રો—ટેલિવિઝનમાં જોઈને હિંસા પ્રત્યે તિરસ્કાર સહેજે થાય—એ ટેલિવિઝનની શકિત છે. પણ તેની આ સદ્‌શકિતનો ઉપયોગ ઓછો થાય છે અને મારામારી અને હિંસાના નાટકો વધુ ભજવાય છે. એથી તે શકિત કુમાર્ગે વપરાય છે. આ બંધ થવું જોઈએ— એમ હવે અમેરિકન સેનેટરો એક પછી એક આજે કહેવા લાગ્યા છે. અને આ પ્રકારની દૃષ્ટિથી ટેલિવિઝનનું સંચાલન થાય તો તેમાં જે દુનિયાને બદલવાની તાકાત છે તેનાં દર્શન થોડા વખતમાં થાય એમાં શક નથી. માર્ટિન લ્યુથર કિંગના મૃત્યુ વખતે જે ભયંકર આગનાં દશ્યો ટેલિવિઝનમાં દેખ્યાં તેથી હિંસાની ક્રૂરતા સ્પષ્ટ થતી હતી. પણ ભરેલા હૈયે જ્યારે માર્ટિન લ્યુથર કિંગની પત્ની "આ બધું હિંસાનું તાંડવ બંધ થવું જોઈએ, મરનારને એ જ ગમશે." એવું જ્યારે ટેલિવિઝનમાં કહેતાં હતાં તે જોયું ત્યારે એ સન્નારી પ્રત્યે માનની લાગણી થાય એ સ્વાભાવિક હતું. અને અહિંસા મરી પરવારી નથી, તે માર્ગે જવું જોઈએ, એ જ સાચો માર્ગ છે—તેવી પ્રતીતિ કરાવવાની તેમની શકિત અને ટેલિવિઝનના પ્રચારની તાકાતના દર્શન થયાં.

આ લખી રહ્યો છું ત્યાર સુધીના સમાચાર છે કે કેનેડી હજી ૧૨થી ૩૬ કલાક સુધી ભયમુકત છે એમ ન કહી શકાય. ત્યાર પછી ખબર પડે કે તેમની સ્થિતિ કેવી હશે? ગોળી જમણા કાનના પાછલા ભાગથી માથામાં ઘૂસી છે. અંદરના હાડકાના પણ ટુકડા થયા છે. અનેક નિષ્ણાતોએ અભિપ્રાય જાહેર કર્યો છે કે ગોળી જે ભાગમાં ગઈ છે ત્યાં જ જ્ઞાનતંતુ અને વિચારશકિતની શિરાઓ હોય છે. જો તેને નુકસાન થયું હશે તો જીવે તો પણ જીવનમાં કશું કરી શકશે નહિ, માત્ર જીવશે એટલું જ. પણ હજી તો જીવશે કે નહિ એની જ કશી ખબર પડે તેમ નથી. એ ગમે તે થાય પણ આ કૃત્ય ક્રૂર છે અને આવા કૃત્યોની પરંપરા બંધ થવી જોઈએ. અન્યથા સ્વતંત્ર પ્રજા અને તેના સ્વાતંત્ર્યનો કશો જ અર્થ રહેશે નહિ.

તા. ૫-૬-'૬૮. દલસુખ માલવણિયા.
બપોરના બાર

પાસેથી કશાની અપેક્ષા રાખતી નથી. અને વણમાગી કોઈ ચીજ આવી પડે તો તેનો અસ્વીકાર પણ કરતી નથી. માંગવું પણ નહીં, નકારવું પણ નહીં; વિમલાના જીવનની આ રીત છે.

ભારતના છાપાઓમાં તમે હૃદય બદલાવવાની શસ્ત્રક્રિયાઓ વિશે વાંચો છો? એવી પંદર શસ્ત્રક્રિયાઓ અહીં કરવામાં આવી છે. કેપટાઉનમાં એક દર્દી આવી શસ્ત્રક્રિયા પછી પાંચ મહિના થયા હજી જીવે છે. દાકતરોએ ફેફસાં, બરોળ અને મૂત્રાશય બદલવાની શસ્ત્રક્રિયાઓ પણ કરી છે. હમણાં હમણાં છેલ્લું સાહસ એક મૃત ચીટેલમાંથી પેનક્રિયાસ ગ્લેન્ડ કાઢીને માણસના પેટમાં બેસાડવાનું દાકતરોએ કર્યું છે. આ અદ્‌ભુત નથી શું?

ચાલો ત્યારે, પ્રિય મિત્રો, સલામ! બીજી ઘણી રસપ્રદ વાતો તમને લખવાની ઈચ્છા છે, પણ સમયની મર્યાદા છે. હવે પછી હું તમને ઈંગ્લાંડથી લખીશ.

અનુવાદક: સુબોધભાઈ એમ. શાહ

મૂળ લેખક: વિમલા ઠકાર

"કોનાર્ક અને ખજુરાહોનાં મૈથુન શિલ્પો"

તા. ૧૬-૫-'૬૮ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલા ઉપરના લેખ અંગે નીચે મુજબનાં ત્રણ ચર્ચાપત્રો મળ્યા છે. પહેલો પત્ર અમદાવાદથી અધ્યાપક શ્રી સુરેન્દ્ર કાપડિયાનો તા. ૧૯-૫-'૬૮ની તારીખનો લખેલો છે.

મુરબ્બી પરમાનંદભાઈ,

"કોનાર્ક ખજુરાહોના શિલ્પ અંગેની વિચારણામાં મને રસ પડયો હતો. શિલ્પના માધ્યમથી પ્રગટેલું આ જીવનબળ દર્શનથી કેવી અસર કરે છે એ મેં અનુભવ્યું તો નથી પણ સાહિત્ય અને ચિત્રના માધ્યમદ્વારા આકાર પામેલા આવા જીવનબળમાં કેટલીકવાર અત્યન્ત કલાપૂર્ણતા જણાઈ છે. કલાના સર્જક અને દર્શકની ભૂમિકા કદાચ આવા બધા જ પ્રસંગે વિવિધ ભાવને રચી રહે એ સ્વાભાવિક છે. એ શિલ્પ જોઈને આવેલા એક અંગ્રેજ ભાઈ મને દિલ્હીમાં મળ્યા ત્યારે હિંદુપ્રજાની પ્રબળ જીવનશકિત અને પૂર્ણ જીવનને જોવાની વિશેષતા એમને ત્યાંથી જ સાંપડી એમ કહેતા હતા અને ધન્યતા અનુભવતા હતા. એ પ્રમાણે જ એ શિલ્પને જોવા માટે ત્રણેક દિવસ ત્યાં રહીને પછી ફરતા ફરતા અહીં આવેલા એક ફ્રેંચ દંપતી એને હીનતા (vuigarity)ના નમૂના તરીકે ઓળખાવતા હતા! 'भिन्नमतिः हिं लोकः'।

તમારો સુરેન્દ્ર

[બીજો પત્ર તા. ૧૯-૫-'૬૮નો ભાવનગરથી શ્રી હરભાઈ ત્રિવેદીનો છે.]

પ્રિય ભાઈ પરમાનંદ,

'પ્રબુદ્ધ જીવન'નું વાચન કોઈ કોઈ વખત મારા મનને ઘણી મથામણમાં મૂકી દેતું હોય છે. વર્ષ ૩૦નો અંક બીજો તા. ૧૬-૫-'૬૮નો એવી જ મથામણ કરાવનારો નીકળ્યો.

મુંબઈના એક શિક્ષક શ્રી રણજિત દેસાઈ સંબંધે મુંબઈ સમાચારના એક લેખનું ટાંચણ તમે આ અંકમાં કર્યું છે. હું તો વર્ષોથી માનતો આવ્યો છું અને આજે પણ દૃઢપણે માનું છું કે એક વ્યકિતએ બીજી વ્યકિતનું ખૂન કર્યું હોય ત્યારે પણ દુનિયાના કોઈ પણ ન્યાયાધીશને તેવા ખૂનીની જિંદગી ખૂંચવી લેવાનો અધિકાર નથી. દેહાંત દંડની સજાએ દુનિયામાં માણસને નૈતિક બનાવ્યો જ નથી. બલકે વધારે ને વધારે હિંસક બનાવ્યો છે.

રણજિત દેસાઈ એક ભણેલો ગણેલો શિક્ષક છે. ભણેલા ગણેલા માણસો પણ અનેક પ્રકારનાં અનિષ્ઠ આચરણો આચરે છે. રણજિત દેસાઈનું આ કૃત્ય એવા આચરણનું એક મોટું દૃષ્ટાંત લેખાય. તે માટે તેને ક્ષમા આપી શકાય નહીં. સમાજ તેનો બહિષ્કાર કરે અથવા તો જેલની આકરી સજા કરે તેમાં કશો વાંધો ન હોય, પરંતુ તેને દેહાંત દંડની સજા કરીને તેનો જીવ લેવો એને પણ હું તો એક પ્રકારનું સમાજે પ્રતિષ્ઠા આપેલું ખૂન જ ગણું.

બીજો એક લેખ મૈથુન શિલ્પો સંબંધે છે. તમારી લાગણી અને મનમાં ઉભી થતી ધૃણા સાથે હું અસહમત ન થાઉં તો પણ આવાં શિલ્પોને જુદી જુદી નજરથી જોવાની પણ એક પ્રકિયા હોઈ શકે છે તે આપણે ન ભૂલવું જોઈએ. ગ્રીસમાં ફેલસ પૂજા થતી. શિવધર્મીઓ લિંગપૂજા કરે છે. શાકતો યોનિ પૂજા કરે છે. આ બધાનું મૂળ કયાં પડેલું છે તે જાણી લઈએ તો તેનું રહસ્ય પારખી શકાય અને પછી આજના સમાજ માટે આવા પંથો અનિષ્ટ કરનારા જણાય. એટલે તેમાંથી મુકત થવાના માર્ગો જરૂર શોધી શકીએ.

વિશેષ તો કોઈ વખત રૂબરૂમાં ચર્ચા કરીશું.

કુશળ હશો. તમારો હરભાઈ

તંત્રી નોંધ: આ પત્રમાંના પહેલા મુદ્દા વિષે જણાવવાનું કે પ્રસ્તુત અંકમાં મુંબઈ સમાચારમાંથી ઉદ્‌ધૃત કરવામાં આવેલા રણજિત દેસાઈ સંબંધિના ટાંચણનો મુદ્દો એ છે કે તેણે કરેલા પોતાની પત્નીના ખૂન અંગે તેને કરવામાં આવેલી આજે સૌથી વધારે આકરી લેખાતી ફાંસીની શિક્ષા યોગ્ય છે કે તેના પ્રત્યે સહાનુભૂતિ દાખવીને એથી હળવી શિક્ષા વધારે યોગ્ય ગણાત? તેણે કરેલા કામની નિકૃષ્ટતા જોતાં સજા અંગે કોઈ સહાનુભૂતિને તે પાત્ર નહોતો એ વિષે બે મત હોવા સંભવ નથી. ફાંસીની શિક્ષા જ્યારે બીજા દેશોમાં બંધ કરવામાં આવી છે ત્યારે આપણા દેશમાં હજુ ચાલુ છે. આ સંબંધમાં આપણે ત્યાં બે મત પ્રવર્તે છે. આ બાબતોની લાંબી ચર્ચામાં ન ઉતરતાં આ અંગે મારો મત તેની નાબૂદીની તરફેણમાં છે એટલું જણાવવું બસ છે એમ હું ધારું છું.

મૈથુન શિલ્પો સંબંધિના તેમના લખાણના બીજા મુદ્દાના ઉત્તરમાં જણાવવાનું કે આ મૈથુન શિલ્પો કલા-કારીગીરી, પ્રાચીનતા, પ્રાચીન માન્યતા વગેરે દૃષ્ટિકોણોથી જોવા વિચારવામાં આવે તે સામે જરા પણ વાંધો નથી. પણ તેમાં અશ્લીલતા રહેલી છે અને મંદિર જેવા પવિત્ર ગણાતા સ્થાન ઉપર હોઈને તેની જુગુપ્સાજનકતા અને અનૌચિત્ય વિષે ભિન્ન અભિપ્રાય કે સંવેદન હોવાની શકયતા નથી. પ્રજનન શાસ્ત્રોને લગતા પુસ્તકમાં પ્રજનન ક્રિયા સમજાવવા માટે અને મિથુનક્રિયા દર્શાવવા માટે આવાં ચિત્રો કે આલેખો મૂકવામાં આવ્યાં હોય તો તેના ઔચિત્ય સામે કદાચ કોઈ વાંધો નહિ ઉઠાવે. લિંગપૂજા એટલી જ જુગુપ્સાજનક છે, પણ સૈકાઓ જૂની ધાર્મિક પરંપરાએ આ બાબતમાં ધાર્મિક જનતાના સંવેદનને બધીર બનાવી દીધું છે. શિવધર્મીઓમાં કોઈ સુધારક નીકળે તો તેણે આ પરંપરા સામે બળવો કરવો જોઈએ અને લિંગને સ્થાને મહાદેવની મૂર્તિ બનાવીને પ્રતિષ્ઠિત કરવાનો વિચાર તેણે જોરશોરથી આગળ કરવો જોઈએ. વામમાર્ગીઓને આપણે જેને અશ્લીલતા કહીએ તે સામે કોઈ વાંધો જ નથી. તેથી યોનિપૂજા આપણા દિલમાં જરૂર જુગુપ્સા ઉપજાવે તેવી છે એમ છતાં તેમની વિચાર તેમ જ આચારપદ્ધતિ સાથે તે વિસંવાદી નથી. **પરમાનંદ**

(ત્રીજો પત્ર મુંબઈથી તા. ૨૧-૫-૬૮ નો ડૉ. એમ. એમ. ભમગરાનો છે.)

સ્નેહી મુરબ્બી પરમાનંદભાઈ,

પ્રબુદ્ધ જીવનના મે માસની ૧૬ મીના અંકમાં ખજુરાહોનાં મૈથુન-શિલ્પોની ચર્ચા વાંચતાં આવેલા વિચારો રજૂ કરવાનું મન થાય છે. મારા એક મિત્ર આ શિલ્પો જોઈને ચકિત થઈ ગયા હતા; માની ન શકયા કે મંદિરમાં આવી અશ્લીલતાનું પ્રદર્શન હોઈ શકે, અને જ્યારે મંદિરની બહાર સુવેનીર કાર્ડ વેચનારની પાસે એક શિલ્પકૃતિનું ચિત્ર વેચાતું જોયું, જેની પાછળ લખાણ હતું: "A Sadhu in the Act of Coitus" ત્યારે તો એ બિલકુલ અવાક બની ગયા.

સાધારણ રીતે આવાં શિલ્પો આપણને ચોંકાવે છે એ તો હકીકત છે. એને વિનોબાજીની જેમ symbolic ગણવા આપણી તૈયારી ન પણ હોય; શિલ્પ overty expressive છે, symbolic નથી એમ લાગે. દૃષ્ટિ તેવી સૃષ્ટિને હિસાબે જે interpretation આપવું હોય તે આપી શકાય. પરંતુ જરા લાંબો અને ઊંડો વિચાર કરીએ તો સ્વયંને એક પ્રશ્ન પૂછાઈ જ જાય છે: આજે ચોંકાવનારી રીતે sex ની રજૂઆત કયાં નથી થતી?

જાહેરખબરો જુઓ તો તેમાં ય sex. બેટરી–ટૉર્ચની એક જાહેરખબર આવતી, જેમાં એક આકર્ષક સ્ત્રીનું ચિત્ર ટૉર્ચના ચિત્રની પાસે મૂકવામાં આવતું; પાસે લખાણ રહેતું: your companion in the dark. આવા દ્વિઅર્થી કથનનો અર્થ સામાન્યતઃ કોઈ પણ પુરુષ "સ્ત્રી અંધકારની સાથી છે" યા એક ડગલું આગળ વિચારી "સ્ત્રીસમાગમ વેળા અંધકારમાં ટૉર્ચ તમારો સાથી

છે." એવો કરે! અને એવો અર્થ વાંચક કરે, વાંચકના મનમાં sexnal વિચારો આવે એ હેતુથી જ આવી જાહેરખબર આપવામાં આવતી હોય છે!

ઠંડા પીણાંની જાહેરખબર વાંચો કે પુરુષના ખમીસની કે મોટર-ગાડીની. આજે દરેકમાં જાતીય ઉત્તેજના વધતી ઓછી માત્રામાં સામેલ કરવામાં આવે છે. નિશાન પુરુષ પર તાકવામાં આવે છે, કારણ (૧) એ સ્ત્રી કરતાં સામાન્ય રીતે વધુ શિક્ષિત હોઈ, વધુ વાંચતો હોય છે, અને (૨) જાતીય બાબતોમાં એને વધુ રસ હોય છે.

સભ્ય પરંતુ સમજુ વર્ગ અશ્લીલતા બાબતમાં મહદ્ અંશે કશું ન કરવામાં માને છે. અપ્સરા સીનેમા બહારનાં 'બસ્ટ' શિલ્પ વિષે ઉહાપોહ થયો; પરંતુ બસ્ટ હજી છે જ. સીનેમા પોસ્ટરો 'સ્વચ્છ' કરવા આપણે કમર કસી; હવે ચૂપ બેઠા. મીની-સ્કર્ટની ફેશન ચાલે છે; ઘરની છોકરી મીની પહેરવા માંગે યા બેકલેસ ચોળી પહેરવા માંગે; Lolita કે Lady Chaterly's Lovers વાંચે; Twist અને Shake જેવાં નૃત્ય કરે—એ બધું સામાન્ય થતું જાય છે, "આ જીવન એ લોકને ક્યાં લઈ જશે?" એવો સવાલ મનોમન પૂછ્યા સિવાય બીજું થઈ પણ શું શકે? વધુ પંચાત કરવા જઈએ તો કદાચ શેકસપીઅર ટાંકી બતાવશે: There is nothing good or bad, but thinking makes it so. યા કહેશે કે "Obscenity, Like Beauty, lies in the eye of the beholder" કેટલાંક ઘરોમાં આમ બન્યું જાણ્યું છે.

એટલે સરવાળે તો લાગે છે કે આ વિષયની ચર્ચા જ ન કરવી એ યોગ્ય છે. જે ખરાબ હશે તે આપમેળે Natural Deathથી મરશે.

મહેરવાન ભમગરા.

તંત્રી નોંધ: ભાઈશ્રી ભમગરાનો આ પત્ર માત્ર અમુક મંદિરોમાં જ નહિ પણ આપણા ચાલુ જીવનમાં જાહેર સ્થળોએ અને જાહેર ખબરોમાં પ્રસ્તુત અશ્લીલતાનું કેટલું વ્યાપક દર્શન થઈ રહ્યું છે તેનો ખ્યાલ આપે છે. સુરુચિ ધરાવતા સમાજે આવી અશ્લીલતા જ્યાં જ્યાં નજરે પડે ત્યાં ત્યાંથી તેને દૂર કરવાનો પ્રયત્ન કરવો જ જોઈએ. આમ છતાં પણ ધર્મમંદિરો અને જાહેર સ્થળો વચ્ચેનો તફાવત આપણે ધ્યાનમાં લેવો જોઈએ. ધર્મમંદિરો સાથે પવિત્રતાનો ખ્યાલ જોડાયેલો છે. ત્યાંનાં કોતરકામો, ચિત્રપટો અને સુશોભનો પવિત્ર વિચારો અને વૃત્તિઓના પોષક હોવા જોઈએ. —આવી આપણી સર્વની અપેક્ષા હોય છે. જેમ બહાર આપણે ગંદકી નભાવી લઈએ છીએ, પણ મંદિરો આંગે સ્વચ્છતાનો સવિશેષ આગ્રહ રાખવામાં આવે છે, તેવી રીતે સામાજિક જીવનમાં અશ્લીલતાને અમુક પ્રમાણમાં આપણે કદાચ નભાવી લઈએ, પણ ધર્મમંદિરો—ના દરેક અંગમાં તો સુરુચિ અને પવિત્રતા અભિવ્યક્ત થવી જ જોઈએ. આવો આપણો આગ્રહ રહ્યો છે. આ કારણને લઈને મંદિરોમાં આવાં જુગુપ્સાજનક શિલ્પો આપણને સવિશેષ ખટકે છે.

પરમાનંદ

"Return of the Prodigal Son": "મનસ્વી પુત્રનું પુનરાગમન"

(બાઈબલમાં એક કથા છે કે "એક નાદાન દીકરો પિતાના શાસનને અવગણીને ઘરબાર છોડીને નીકળી પડયો પણ અનેક ઠેકાણે અથડાઈ પછડાઈને આખરે પોતાના મનસ્વી વર્તન અંગે પશ્ચાત્તાપ કરતો પિતાને ઘેર પાછો આવ્યો અને પિતાએ તેને એટલા જ ભાવથી આવકાર્યો, સ્વીકાર્યો." જેમનું પાયાનું ઘડતર ગાંધીજીથી થયું હતું એવા ગુજરાતના અગ્રગણ્ય રાજકારણી આગેવાન શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક સમાજવાદ, સામ્યવાદ વગેરે વાદોની ઉપાસના પાછળ વર્ષો પસાર કર્યા બાદ, આજે ગાંધીજીને અભિમુખ બની રહ્યા છે એમ નીચે આપેલા તેમના વકતવ્ય ઉપરથી માલુમ પડે છે, એટલું જ નહિ પણ, તેઓ વિનોબાજી પ્રેરિત સર્વોદય આન્દોલનમાં જોડાયા છે એવા સમાચાર પણ થોડા દિવસ પહેલાં દૈનિક પત્રોમાં વાંચવામાં આવ્યા છે. વૈચારિક ક્ષેત્રે વિનોબાજી ગાંધી વિચારસરણીના પ્રમુખ પ્રતિનિધિ છે. શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકની આ કાયાપલટ આપણામાં આશ્ચર્ય પેદા કરે છે અને તેમના પ્રસ્તુત નિવેદનમાં પ્રતીત થતી તેમની નિખાલસ પ્રમાણિકતા આપણા દિલમાં આદર અને આવકાર પ્રેરે છે.

પરમાનંદ)

છેલ્લે હું લોકસભાની ચૂંટણી લડયો, એ તો એ જ રીતે લડયો હતો કે કૉંગ્રેસ ન જોઈએ. અનાજની પરિસ્થિતિ, દેશની અંદરનું ને બહારનું દેવું, ભારે કરવેરા, મોંઘવારીનો પાર નહીં—આ બધી સ્થિતિ બહુ અકળાવનારી હતી. પણ હું વિચારતો ગયો કે લોકો સરકાર પાસે વધુ ને વધુ માગે, બધાં કામો સરકાર ઉપર જ નાખતા રહે, અને જ્યારે સરકાર કરવેરા નાખે ત્યારે સામે થવાનો પોતાનો સ્વયંભૂ સ્વધર્મ માને, એ બેઉ ચીજ એક સાથે કેમ બને?

આમ, મારા મનમાં જબરું મંથન શરૂ થયું. અને ત્યારે ગાંધીજી તરફ નજર ગઈ. મારું પાયાનું ઘડતર ગાંધીજી પાસે જ થયું છે અને મને થયું કે આજે જો કોઈ દેશને બચાવી શકે તેમ હોય, તો તે ગાંધીજી જ છે. પરંતુ ગાંધીજી તો આજે સદેહે છે નહીં, પણ એમનો અક્ષરદેહ છે. અને એકદમ હું ગાંધીજીનાં જેટલાં પુસ્તકો મળ્યાં તે શોધી — શોધીને વાંચી ગયો. આખું વરસ મેં તેમાં ગાળ્યું. ભૂદાનની ચોપડીઓ પણ ઉથલાવી ગયો. ગાંધીજીનું અધૂરું કામ વિનોબાજી કરે છે, તો એમના વિચારો મારે જાણી લેવા જોઈએ.

આ બધા વાચન દરમ્યાન એક પુસ્તકમાં સોનખાતર વિશે ગાંધીજીના બે ફકરા મારી નજરે ચઢયા. તેણે મારી જિજ્ઞાસા ખૂબ ઉદ્દીપ્ત કરી. અને ખંખોળી—ખંખોળીને બધું વાંચ્યું. મને પહેલો જુસ્સો તો એ આવ્યો કે સરકાર દ્વારા રાસાયણિક ખાતરનો બધો પ્રચાર ચાલે છે તેની સામે બહિષ્કારનું જબરું આંદોલન જગાડું. પણ પછી સમજાયું કે ગાંધીજી એકદમ બહિષ્કાર નહોતા ઉપાડતા. તેઓ પહેલાં લોકોને સ્વદેશી અંગે સમજૂતી આપતા. અને ગાંધીજીએ વિદેશી વસ્ત્રોના બહિષ્કારનો કાર્યક્રમ મૂકયો, ત્યારે પણ સાથે ખાદીનો રચનાત્મક કાર્યક્રમ આપેલો. એટલે મને એ વાત ઠસી ગઈ કે બાયકોટ કરું તે પહેલાં વધારે મહત્ત્વની ચીજ આ રચનાત્મક કામ છે—લોકોને સોનખાતરની સમજ આપવાની છે.

ભૂદાનની ચોપડીઓના વાચનમાંથી મને રામમૂર્તિની વાત મગજમાં બેસી ગઈ કે સત્તાનું, સંપત્તિનું અને વિરોધનું, એ ત્રણેયનું રાજકારણ કાઢી નાખો, તો જનતાનું રાજકારણ આવે. કરોડો માણસો પોતાના પરસ્પરના સંબંધો સારા કરે, તો એક વિરાટ શકિત જાગે. એ જનતાનું અત્યંત વ્યાપક રાજકારણ હોય. એ વસ્તુ બરાબર મારા મનમાં ઠસી ગઈ છે.

સોનખાતર, સ્વદેશી, વગેરે કાર્યક્રમો ઉપાડવા હોય તો કંઈક તંત્ર જોઈએ. મને થયું આ શાંતિ—સેના શું ખોટી છે? પણ રાજકારણનો માણસ તેમાં દાખલ થઈ શકે? આ એક સવાલ છે.

ગાંધીજીની જન્મ—શતાબ્દી આવતે વરસે આવી રહી છે. મારા મનમાં આ વાત બહુ ઊંડી ઉતરી ગઈ છે કે આપણી જિંદગીમાં તો આવી શતાબ્દી એક જ વાર આવશે. તો આખા હિંદુસ્તાનની, અને ગુજરાતની તો વિશેષ ફરજ છે કે કંઈક નક્કર કામ થાય, કોઈ ચોક્કસ કામ લેવું જોઈએ. તેનો મજબૂત પાયો રોપવાનો સંતોષ લઈ શકીએ, તો ગાંધીજી પ્રત્યેની ફરજ બજાવી ગણાય.

ગ્રામદાનની વાત પણ મને રુચિ છે, પણ તે હજી મારા રોમેરોમ વ્યાપી નથી ગઈ. શાંતિસેનાની વાત ગળે ઊતરી છે. એને ભાગે શાંતિનું કામ, ઝઘડા મિટાવવાનું કામ તો કોઈ દિવસ આવે, બાકી

તો એણે રચનાત્મક કામ જ વધારે કરવાનું રહેશે. હજારો માણસોનું દળ બનવું જોઈએ. દરેક થોડો થોડો સમય આપે. યુવાનોને આમાં જોતરવા જોઈએ. આજે તો નવી પેઢીમાં અરાજકતા જણાય છે. કોઈ બેસણી કે પાયો જ નથી.

તો, મારે કોઈ નવી સેના કાઢવાની જરૂર નથી. ગાંધીજી જે શાંતિસેનાનો માર્ગ બતાવી ગયા છે, તે જ માર્ગે ચાલું. હવે, આ શાંતિસેના મંડળ વગેરે છે તેની હેઠળ કામ કરવામાં આ રાજકારણનો સવાલ આવે છે.

મારી પાસે કશું છૂપું નથી. જે હૈયે તે હોઠે. અહિંસામાં મારી આસ્થા છે. આજે લોકસભામાં બેસું છું. ત્યાં ધડાધડી અને ભડાભૂટ થાય છે. આપણને થાય કે આપણે આ પાર્લમેન્ટમાં બેઠા છીએ કે કયાંક મેદાનમાં ? તો ત્યાંથી હવે મારું મન હઠતું જાય છે. અગાઉ જે પ્રાકૃત રાજકારણમાં હું તો હતો, તેમાંથી મારું મગજ ખસતું જાય છે. મારું દર્શન બદલાયું છે. જેને અગાઉ હું ઓછું મહત્ત્વનું ગણતો હતો, તેને જ હવે મેં લક્ષ્યમાં રાખ્યું છે. પરંતુ હું રાજકારણ આજ ને આજ છોડું છું એવી જાહેરાત હું કરતો નથી, કરવા માગતો નથી. એ પ્રક્રિયાને કોઈ નાટકીય રીતે હું સમેટવા માગતો નથી. પણ નકરું વિરોધનું એ રાજકારણ મને હવે માફક આવતું નથી. જો હું શાંતિ સેવાદળ કે એવું કોઈ રચનાત્મક કામ કરીશ, તો તેની પાછળ મારો કોઈ રાજકીય હેતુ નહીં હોય, એટલો તમે લોકો મારા બોલ પર વિશ્વાસ રાખી શકો. કુદરતી રીતે જ રાજકારણની છાપ દિલ ઉપરથી, મગજ ઉપરથી ઓસરતી જાય છે. હા, હમણાં મ્યુનિસિપલ ચૂંટણી આવશે ત્યારે હું કાંઈ સળીસંચો નહીં જ કરું એમ નથી કહેતો. પરંતુ એ બધાથી હવે સપાટાબંધ નીચે ઊતરતો જાઉં છું—કે પછી ઉપર ચઢતો જાઉં છું. કૉંગ્રેસમાં કે બીજા કોઈ પક્ષમાં જોડાવાનો તો સવાલ જ નથી, બલ્કે રાજકારણથી ધીરેધીરે પર થવાની હું કોશિશ કરી રહ્યો છું. હજી લોકસભાના સભ્ય તરીકે એકાએક રાજીનામું આપી દેવા માટે અંત: કરણની પ્રેરણા નથી થતી. એવી અત્યારે કોઈ જરૂર પણ નથી જોતો. આ વખતે અત્યાર સુધીમાં લોકસભામાં મેં બે જ ભાષણ કર્યાં છે. એક ગયા વરસે સોનખાતર વિષે બોલેલો અને બીજું હમણાં વિનોબાજીનું ગૌરવ કર્યું. બિહારમાંના એમના તૂફાની આંદોલન વિશે બોલેલો. આજે તો આખી પાર્લમેન્ટમાં વિનોબાની વાત કરનારું કોઈ છે નહીં.

(અમદાવાદ, ૧૭-૪-'૬૮ : ગુજરાત સર્વોદય મંડળની બેઠકમાં)

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાંત ઈ. સ. ૧૯૬૭

ઈ૦ સ૦ ૧૯૬૮નાં પ્રારંભ સાથે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ૪૦મા વર્ષમાં પ્રવેશી ચૂકેલ છે. દેશના ઈતિહાસમાં ૪૦ વર્ષ એ કદાચ મોટો સમય ન કહેવાય—પરંતુ સંસ્થાના જીવનમાં ૪૦ વર્ષ એ કાંઈ નાનીસૂની વાત નથી, એટલું જ નહિ, ૪૦ વર્ષ દરમિયાન સંસ્થા એની પ્રવૃત્તિ એકધારી રીતે જાળવી શકે, સમાજ સંસ્થાને એક સંસ્કારપ્રદાન—આદર્શ સંસ્થા માને, અને આપણી સભ્ય સંખ્યા વધતી રહે ત્યારે આપણે સંસ્થા વિષે જરૂર ગૌરવ લઈ શકીએ.

પ્રસ્તુત વૃત્તાંત વહીવટી દૃષ્ટિએ તા. ૧-૧-૬૭થી ૩૧-૧૨-૬૭ સુધીનો અને કાર્યવાહીની દૃષ્ટિએ છેલ્લી વાર્ષિક સભા તા. ૮-૭-૬૭ના રોજ મળી ત્યારથી આજ સુધીનો—એટલે કે તા. ૮-૬-૬૭ સુધીનો—છે. આ વૃત્તાંત આપની સમક્ષ રજૂ કરતાં અમે એક રીતે આનંદ અનુભવીએ છીએ કે પ્રવૃત્તિમાં કોઈ ઓટ નથી આવી, પણ સાથે ક્ષોભ પણ થાય છે કે અમે પ્રવૃત્તિમાં કોઈ ભરતી પણ નથી લાવી શકયા. કલ્પનાઓ, વિચારો અને સ્વપ્નો ઘણા આવે, પરંતુ શકિતની મર્યાદાઓ વિકાસનો આડે આવે છે ત્યારે પ્રશ્ન થઈ જાય છે—સ્વપ્ન અને સિદ્ધિની વચ્ચે જિંદગી સરી જશે શું ?

* * *

દર વર્ષની માફક ચાલુ વર્ષમાં પણ શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પ્રવૃત્તિઓમાં (૧) પ્રબુદ્ધ જીવન, (૨) શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય, (૩) પર્યુષણ વ્યાખ્યાનમાળા, (૪) વૈદ્યકીય રાહતપ્રવૃત્તિ અને (૫) વિશિષ્ટ કોટિની વ્યકિતઓના વાર્તાલાપો અને સ્નેહસંમેલનો મુખ્ય રહ્યા છે. આ ઉપરાંત માનવતાના નાતે સંઘે બિહાર દુષ્કાળ રાહત ફંડમાં રૂા. ૬,૯૬૫-૦૦ તેમ જ કપડાઓ અને દવાઓ એકઠા કરીને મોકલ્યા હતા.

'પ્રબુદ્ધ જીવન'

આપણા સંઘના ઉપ—પ્રમુખ શ્રી પરમાનંદભાઈની રાહબરી હેઠળ પ્રબુદ્ધ જીવન ઉત્તરોત્તર વિકાસ પામતું રહ્યું છે. માનવજીવનને સ્પર્શતા વિધવિધ પાસાઓને જુદા જુદા દૃષ્ટિકોણથી નિરખતું અને મુખ્યત્વે જીવનને કોઈ ને કોઈ પ્રકારે વધારે ઉન્નત કરવા મથતું આપણા સંઘનું આ મુખપત્ર છે. પ્રબુદ્ધ જીવને કોઈ વિષય કે વ્યકિત અંગે કદી કોઈ મર્યાદા સ્વીકારી નથી. જે બાબત જે વ્યકિત જેવી હોય તેવી નીડર અને નિષ્પક્ષપણે રજૂ કરવી એ એનું ધ્યેય રહ્યું છે. તંત્રીસ્થાનેથી દરેક અંકમાં કાંઈ લખવું જ એવી અન્યત્ર અનુસરાતી પ્રણાલિકાનો પણ આપણે ઘણા સમયથી ત્યાગ કર્યો છે. તેમ જ મૌલિક લખાણો ઉપરાંત અંગ્રેજી, હિન્દી કે મરાઠી વિગેરેમાં કોઈ સારા લેખો ધ્યાનમાં આવે તો તેનો અનુવાદ કરાવીને પણ પ્રગટ કરવો એ પ્રબુદ્ધ જીવનની નીતિ છે.

ગયા વર્ષની વાર્ષિક સામાન્ય સભામાં અમે આપને જણાવેલું તે મુજબ પ્રબુદ્ધ જીવન જાહેરખબર લેતું નથી અને તે કારણે દર વર્ષે આપણને આર્થિક ખોટ સહન કરવી પડે છે. પ્રબુદ્ધ જીવનને આર્થિક રીતે પગભર કરવું હોય અને આપણે સ્વીકારેલા સિદ્ધાંત મુજબ જો જાહેરખબર ન જ લઈએ તો પ્રબુદ્ધ જીવનની ગ્રાહકસંખ્યા વધારવી જોઈએ. એમ બને તો જ આર્થિક ખોટને પહોંચીવળાય. સંઘના સભ્યોને તેમ જ પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો, વાચકો અને ચાહકોને, પ્રબુદ્ધ જીવનને પગભર કરવામાં મદદ કરવા અનુરોધ કરીએ છીએ.

ગત વર્ષ દરમિયાન 'પ્રબુદ્ધ જીવન' ને રૂા. ૮,૧૪૭-૦૩ ની આવક થઈ છે, જ્યારે રૂા. ૯,૯૧૭-૧૭ નો ખર્ચ થયો છે. પરિણામે રૂા. ૧,૭૭૦-૧૪ ની ખોટ આવી છે. સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી ભેટના રૂા. ૧,૫૦૦-૦૦ મળે છે તે જો ન ગણીએ તો ખોટ રૂા. ૩,૨૭૦-૧૪ ની ગણાય. સૌરાષ્ટ્ર ટ્રસ્ટનો એમની આ ભેટ માટે અમે ખૂબ આભાર માનીએ છીએ.

શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

સંઘના કાર્યાલય (૪૫—૪૭, ધનજી સ્ટ્રીટ,) ના એક નાના ઓરડામાં ચાલી રહેલી આ વાચનાલય અને પુસ્તકાલની પ્રવૃત્તિ આ વિસ્તારના મધ્યમવર્ગના લોકો માટે ખૂબ જ ઉપકારક સાબિત થઈ છે. આ પ્રવૃત્તિ માટે આ જગા એટલી બધી નાની પડે છે કે સંઘના કાર્યકર્તાઓને પણ વાચનાલયના સમય દરમિયાન કાર્યાલયમાં જવું હોય તો કાં તો ઊભા ઊભા જ કામ પતાવીને ચાલી જવું રહે છે. તદુપરાંત જ્યારે જ્યારે કાર્યવાહક સમિતિની સભા અથવા બીજી કોઈ વિશિષ્ટ વ્યકિત સાથેની મુલાકાત સંઘના કાર્યાલયમાં ગોઠવાઈ હોય છે ત્યારે વાચનાલય અને પુસ્તકાલય તે દિવસ પૂરતું બંધ રાખવું પડે છે. સંઘને આથી વધારે મોટી જગા હોવાની જરૂર

અનિવાર્ય છે એ વિષે ગઈ સાલ આ જ સ્થળે અમે આપનું ધ્યાન દોર્યું હતું. અને ફરીવાર પણ અમે એ વિષે આપનું ધ્યાન દોરીએ છીએ.

આપણા પુસ્તકાલયનો લાભ લેનારની સંખ્યા ૪૦૦ આસપાસ છે, જ્યારે વાચનાલયનો લાભ લેનાર રોજના લગભગ ૧૧૦ ભાઈઓ અને બાળકો છે. અહીં એકંદર ૧૦૬ સામયિકો આવે છે. જેમાં ૭ દૈનિક, ૨૦ સાપ્તાહિક, ૧૧ પાક્ષિક, ૬૧ માસિક, ૨ ત્રિમાસિક અને ૫ વાર્ષિક છે. ભાષાની દૃષ્ટિએ જોઈએ તો ૫ અંગ્રેજી, ૧૪ હિન્દી અને ૮૭ ગુજરાતી પત્રો આવે છે.

ગત વર્ષ દરમિયાન પુસ્તકાલયમાં ૧૧૦૮-૯૬ રૂપિયાનાં નવાં પુસ્તકો ઉમેરવામાં આવ્યાં છે. પુસ્તકાલયમાં એક ગાંધી સાહિત્યનો ખાસ વિભાગ પણ ઊભો કરવામાં આવ્યો છે, જેમાં ગાંધી સાહિત્ય અને સર્વોદય સાહિત્યનાં છેલ્લામાં છેલ્લાં પ્રકાશનો મૂકવામાં આવ્યાં છે. વાચનાલય અને પુસ્તકાલયના સંચાલન પાછળ ગત વર્ષ દરમિયાન રૂા. ૮,૫૭૭-૧૧ નો ખર્ચ થયો છે, જ્યારે આવક રૂા. ૭,૪૦૧-૧૨ની થઈ છે. (જેમાં મ્યુનિસિપાલિટીની રૂા. ૧૧૦૦-૦૦ની ગ્રાંટનો સમાવેશ થાય છે.) એટલે રૂા. ૧૧૭૫-૯૯ ની ખોટ આવી છે. આગલા વર્ષની ખોટ રૂા. ૮,૪૯૮-૬૭ તેમાં ઉમેરતાં એકંદર ખોટ રૂા. ૯,૬૭૪-૬૬ ની ઊભી રહે છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

ગત વર્ષ દરમિયાન પર્યુષણ વ્યાખ્યાનમાળા તા. ૩૧-૮-'૬૭થી તા. ૮-૯-૬૭ સુધી એમ નવ દિવસ માટે–અધ્યાપક શ્રી ગૌરીપ્રસાદ ચુ. ઝાલાના પ્રમુખપણા નીચે યોજવામાં આવી હતી. આ નવે દિવસના અઢારે વ્યાખ્યાનો ચોપાટી ઉપર આવેલા બિરલા ક્રીડા કેન્દ્રના સભાગૃહમાં ગોઠવાયા હતા, જેમાં નીચેના વ્યાખ્યાનો હતા :

કાકાસાહેબ કાલેલકર	પ્રાધ્યાપિકા ડૉ. ઉષાબહેન મહેતા
પ્રિન્સીપાલ ધૈર્યબાળા વોરા	પ્રાધ્યાપિકા તારાબહેન શાહ
આચાર્ય રામપ્રસાદ બક્ષી	શ્રી રઘુભાઈ શાસ્ત્રી
સૌ. મૃણાલિની દેસાઈ	રેવરન્ડ ફાધર વાલેસ
પ્રાધ્યાપક દલસુખભાઈ માલવણિયા	સૌ. પુપુલબહેન જયકર
શ્રી સનત મહેતા	શ્રી ઉષાકાન્ત લાદીવાળા
આચાર્ય શ્રીણાભાઈ દેસાઈ	શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
શ્રી બબલભાઈ મહેતા	આચાર્ય પ્રતાપરાય ટોળિયા (ભજનો)
સૌ. મધુબહેન ભટ્ટાચાર્ય	આચાર્ય રજનીશજી

વ્યાખ્યાનમાળાની શરૂઆત કાકાસાહેબ કાલેલકરના 'સમન્વય' પરના વ્યાખ્યાનથી અને પૂર્ણાહુતિ આચાર્ય રજનીશજીના 'જીવન' પરના વ્યાખ્યાનથી થઈ હતી. આ બન્ને વ્યાખ્યાનો આકસ્મિક રીતે પણ ખૂબ જ પ્રસંગોચિત ગોઠવાઈ ગયા હતા. અમદાવાદની સેન્ટ ઝેવિયર કૉલેજના પ્રાધ્યાપક ફાધર વાલેસ આ વખતની વ્યાખ્યાનમાળાનું મોટું આકર્ષણ હતું. પરદેશીના મોઢે આણીશુદ્ધ ગુજરાતીમાં અને 'ધર્મ અને વિજ્ઞાન' જેવા ગહન વિષય ઉપર બે વ્યાખ્યાનો સાંભળવાનો લહાવો જે ભાઈબહેનોએ લીધો તે સૌ ફાધર વાલેસના પ્રશંસકો બની ગયા હતા. શ્રી ઉષાકાન્ત લાદીવાળાનું એક દિવસ વ્યાખ્યાન અને બીજે દિવસે ભજનો રાખવામાં આવ્યા હતા.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળા મુંબઈમાં વસતા જૈન - જૈનેતરો માટે એક અનોખા આકર્ષકણ સમી બની ગઈ છે. નવે દિવસની વ્યાખ્યાનસભાઓમાં બિરલા ક્રીડા કેન્દ્રનો વિશાળ સભાગૃહ સંપૂર્ણપણે ભરાઈ જતો હતો. છેલ્લા દિવસે આચાર્ય રજનીશજીના વ્યાખ્યાન સમયે તો સભાગૃહની બહારની આખી ઓશરી અને ચોગાન ભરાઈ જવા પામ્યા હતા. પર્યુષણ વ્યાખ્યાનમાળાની લોકપ્રિયતા આપણા સંઘ માટે સાચેસાચ એક ગૌરવનો વિષય છે. સંઘના જે કોઈ સભ્યો આ બાબતમાં મદદરૂપ થઈ શકે તેમ હોય તેમણે વિનાસંકોચે કાર્યાલયનો સંપર્ક સાધવો, જેથી કરીને આપણા સંઘના પ્રાણમસી આ પ્રવૃત્તિને આપણે વધારે પ્રાણવાન બનાવી શકીએ ને એ રીતે સમાજજીવનને ઉન્નત કરવામાં વધારે મદદરૂપ થઈ શકીએ.

વૈદકીય રાહત

સંઘના કાર્યાલયમાં વૈદ્યકીય સારવાર માટેના નીચેના સાધનો રાખવામાં આવે છે:–

બેડપેન	થરમોમીટર	ચેમ્બર પોટ
પેશાબનું સાધન	મેઝર ગ્લાસ	ગ્લીસરીન સીરીંજ
ગરમ પાણીની થેલી	ફીડીંગ કપ	એનીમા - ડુશ
બરફની થેલી	મીણકાપડ	

કાર્યાલય તરફથી જરૂરિયાતવાળા ભાઈ - બહેનોને વૈદ્યકીય રાહત માટે પેટંટ દવાઓ તથા ઈંજેકશનો વગેરે આપવામાં આવે છે, તેની ગોઠવણ નીચે પ્રમાણે છે:–

જૈન ક્લિનિકવાળા ડૉ. સાંઘાણી પાસે આપણા સંઘના નામની એક છાપેલી બુક રાખવામાં આવી છે અને તેમને ત્યાં આવતા દર્દીઓમાંથી તેમને એમ લાગે કે આ દર્દી સાધનહિન છે, તેને તેઓ પોતે, આપણે નક્કી કરેલ દવાની દુકાન 'મુકેશ મેડિકલ સેન્ટર' ઉપર ચીઠ્ઠી લખી આપે અને ત્યાંથી તે દર્દીને દવા અથવા ઈંજેકશન મળે. દર ત્રણ માસે 'મુકેશ મેડિકલ સેન્ટર' આપણને બીલ મોકલી આપે અને આપણે તેના નાણાં ચૂકવી આપીએ. આ રીતે શક્ય હોય ત્યાં સુધી એક વ્યકિતને વધારેમાં વધારે રૂપિયા ચાલીસ સુધીની દવા આપવાનું ધોરણ રાખેલ છે. આ રીતે આ વર્ષે રૂા. ૧,૨૮૨-૪૪ ની મદદ આપવામાં આવી હતી, તેમાં આગલા વર્ષની રૂા. ૧,૧૯૧-૧૦ ની ઊભી રાખેલી લેણી રકમ ઉમેરતાં રૂા. ૨,૮૭૭-૫૪ ની રકમ થાય, તેમાંથી ચાલુ વર્ષે આ ખાતામાં ભેટમાં મળેલા રૂા. ૧૯૧-૫૦ની રકમ બાદ કરતા વર્ષની આખરે વૈદ્યકીય રાહત ખાતે રૂા. ૨,૨૮૬-૦૪ ની રકમ લેણી રહે છે. તેની સામે તા. ૪-૧-૬૮ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ કરેલ ઠરાવ મુજબ સંઘના જનરલ ફંડમાંથી આ વખતે રૂા. ૨૨,૦૦-૦૦ ની રકમનો હવાલો નાંખતા, ત્યાર બાદ વૈદ્યકીય રાહત ખાતે લેણી રકમ રૂા. ૮૬-૦૪ની રહે છે.

વર્ષ દરમિયાન યોજાયલાં સંમેલનો

તા. ૨૨મી ઑગસ્ટના રોજ સાંજના ૬ વાગ્યે સંઘના કાર્યાલયમાં લાંબા સમય માટે અમેરિકા જતા ડૉ. પદ્મનાભ જૈની સાથે એક વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો.

તા. ૨૬મી ઑગસ્ટના રોજ સાંજના **ધી ગ્રેઈન રાઈસ ઍન્ડ ઑઈલ સીડઝ મરચન્ટૅસ એસોસીએશનના** સભાગૃહમાં શ્રી નરેન્દ્ર પ્રાગજી નથવાણીની, હાઈકૉર્ટના ન્યાયમૂર્તિ તરીકે મહારાષ્ટ્ર સરકાર તરફથી નિમણૂંક કરવામાં આવી તે અંગે તેમનું સન્માન કરવા સંઘ તરફથી એક સંમેલન યોજવામાં આવ્યું હતું.

(૩) **તા. ૮ મી સપ્ટેમ્બરના** રોજ પર્યુષણ વ્યાખ્યાનમાળાના અનુસંધાનમાં ધી ગ્રેન રાઈસ ઍન્ડ ઑઈલ સીડઝ મરચન્ટ્સ એસોસીએશનના સભાગૃહમાં વ્યાખ્યાનમાળાના પ્રમુખ શ્રી ગૌરીપ્રસાદ ચુ. ઝાલા તથા વ્યાખ્યાતાઓ સાથે એક મિલન - સમારંભ યોજવામાં આવ્યો હતો.

(૪) **તા. ૯ મી ડિસેમ્બરના** રોજ સાંજના ૬ વાગ્યે સંઘના કાર્યાલયમાં સંઘના ઉપક્રમે શિક્ષણશાસ્ત્રી અને "સસ્તી પોષક વાનગીઓ" પુસ્તકના લેખક શ્રી ચંદુલાલ કાશીરામ દવે નું "આરોગ્ય અને વનસ્પતિ આહાર" એ વિષય ઉપર એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

(૫) **તા. ૧લી જાન્યુઆરી** સોમવારના સાંજના "મનોહર" શ્રી દીપચંદ લક્ષ્મીચંદ સંઘવીના નિવાસસ્થાને, સંઘ તરફથી, કેનેડા જઈ

રહેલા પંડિત દલસુખભાઈ માલવણિયાના માનમાં એક વિદાય-સમારંભ યોજવામાં આવ્યો હતો.

(૬) **તા. ૬ ઠ્ઠી જાન્યુઆરી** શનિવારના રોજ સાંજના ૬ વાગ્યે સંઘ તરફથી સંઘના કાર્યાલયમાં "આજનું રાજકારણ" એ વિષય ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું એક જાહેર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

(૭) **તા. ૩ જી ફેબ્રુઆરી** શનિવાર સાંજના સાત વાગ્યે ગવરમેન્ટ પ્રેસ બિલ્ડીંગના નવા મકાનમાં સંઘના ઉપક્રમે આચાર્યશ્રી તુલસીનું 'પઢમો નાણં તઓ દયા' એ વિષય ઉપર એક જાહેર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

(૮) **તા. ૧૧ મી ફેબ્રુઆરી** ના રોજ પંડિત સુખલાલજીના સ્વાસ્થ્યપ્રાપ્તિ અંગે આનંદ દર્શાવવાના હેતુથી તેમ જ જે ડૉક્ટરના ઉપચારથી આવું સુંદર પરિણામ આવ્યું તે ડૉ. ભાનુભાઈ રતિલાલ શાહનું સન્માન કરવાના હેતુથી સંઘના મંત્રી શ્રી સુબોધભાઈ એમ. શાહના નિવાસસ્થાને સંઘ તરફથી સીમિત આકારનું એક સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું.

(૯) **૩૦ મી એપ્રિલના** રોજ સાંજના સમયે ચોપાટી ઉપર આવેલા 'ફૂલચંદ નિવાસ' શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરીના નિવાસસ્થાને સંઘના ઉપક્રમે નેશનલ કન્વેન્શન અંગે વિશેષ સમજૂતી મેળવવાના હેતુથી શ્રી શંકરરાવ દેવનો એક વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો.

સંઘની કાર્યવાહી તેમ જ આર્થિક પરિસ્થિતિ

વર્ષ દરમિયાન સંઘના કાર્યવાહક સમિતિની ૯ સભાઓ બોલાવવામાં આવી હતી.

સંઘને ગત વર્ષમાં ખર્ચ રૂા. ૧૦૦૯૭–૬૧ નો થયો છે, આવક રૂા. ૨૦૪૬૨–૩૯ ની થઈ છે અને સરવાળે રૂા. ૧૦૩૬૪-૭૮ નો વધારો રહ્યો છે. તેમાંથી પ્રબુદ્ધ જીવનને લગતી ખોટ રૂા. ૧૭૩૦–૧૪ તથા વૈદ્યકીય રાહતમાં અગાઉથી વપરાયા તે રૂા. ૨૨૦૦-૦૦ એમ એકંદર રૂા. ૩,૯૩૦-૧૪ બાદ કરતાં વર્ષની આખરે રૂા. ૬૩૯૪-૬૪ નો વધારો રહ્યો છે. આપણું જનરલ ફંડ ગયા વર્ષે રૂપિયા ૧૯૫૦૭-૯૯ નું હતું, તેમાં આ વર્ષનો વધારો રૂા. ૬,૩૯૪-૬૪ ઉમેરતાં વર્ષની આખરે આપણું જનરલ ફંડ રૂા. ૨૫,૯૦૨-૬૩ નું રહે છે.

આપણું રીઝર્વ ફંડ રૂા. ૨૬૭૦૪-૮૯ નું છે.

આપણા પુસ્તક પ્રકાશન ફંડમાં રૂા. ૩૦૩૩-૬૬ ની રકમ જમા હતી, તેમાંથી સત્યં શિવં સુન્દરમ્ પુસ્તક અંગેના રૂા. ૮૫૯-૯૧ તથા બોધિસત્ત્વ પુસ્તક અંગેના રૂા. ૮૧-૫૦ લેણા રહેતા હતા તે એકંદર રકમ રૂા. ૯૪૧-૪૧ નો હવાલો નાંખતાં–પુસ્તક પ્રકાશન ફંડમાં રૂા. ૨૦૯૨-૨૫ જમા રહે છે.

સંઘે ૩૯ વર્ષ પૂરા કર્યા છે,

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયે ૨૮ વર્ષ પૂરાં કર્યાં છે. અને

પ્રબુદ્ધ જીવને ૨૯ વર્ષ પૂરાં કર્યાં છે.

અંતમાં

અંતમાં, શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પ્રવૃત્તિઓ વધારે વિકસે અને સમાજની જુદી જુદી રીતે સેવા કરવાની શક્તિ પરમાત્મા આપણને આપે, આપણે વિશેષ કાર્યરત બનીએ, અને જીવનમાં ઉમંગ, આનંદ, પ્રેમ અને પ્રસન્નતાની અનુભૂતિ કરીએ એવી આશા સાથે વિરમીએ છીએ.

ચીમનલાલ જેઠાલાલ શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ,

સંઘની વાર્ષિક સામાન્ય સભા અને ચૂંટણીનું પરિણામ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૮-૬-૬૮ શનિવારના રોજ સાંજના પાંચ વાગ્યે સંઘના કાર્યાલયમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખસ્થાને મળી હતી, જ્યારે નીચે મુજબનું કામકાજ થયું હતું :

(૧) સંઘનો વાર્ષિક વૃત્તાંત તથા સંઘ તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના સને ૧૯૬૭ની સાલના ઓડિટ થયેલા હિસાબો (જે આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવ્યા છે) સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા તેમ જ સંઘની કાર્યવાહક સમિતિ તરફથી રજૂ કરવામાં આવેલા બન્ને સંસ્થાઓનાં ચાલુ વર્ષનાં અંદાજપત્રો મંજૂર કરવામાં આવ્યા હતાં.

(૨) ત્યાર બાદ નીચે મુજબ સંઘના અધિકારીઓ તથા કાર્યવાહક સમિતિના સભ્યોની ચૂંટણી કરવામાં આવી હતી.

(૧) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ – પ્રમુખ
(૨) શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા – ઉપપ્રમુખ
(૩) શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહ – મંત્રી
(૪) શ્રી સુબોધભાઈ એમ. શાહ. – ,,
(૫) શ્રી મફતલાલ ભીખાચંદ શાહ – કોષાધ્યક્ષ
(૬) શ્રી નીરૂબહેન એસ. શાહ – સભ્ય
(૭) શ્રી જયંતીલાલ ફત્તેહચંદ શાહ ,,
(૮) શ્રી રમણીકલાલ મણિલાલ શાહ ,,
(૯) શ્રી રમણલાલ લાલભાઈ લાકડાવાલા ,,
(૧૦) શ્રી દામજીભાઈ વેલજી શાહ ,,
(૧૧) શ્રી પ્રવિણભાઈ મંગળદાસ શાહ ,,
(૧૨) પ્રો. રમણલાલ ચી. શાહ ,,
(૧૩) શ્રી બાબુભાઈ ગુલાબચંદ શાહ ,,
(૧૪) શ્રીમતી લીલાવતીબહેન દેવીદાસ ,,
(૧૫) શ્રી ભગવાનદાસ ચોપટલાલ શાહ ,,
(૧૬) શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી ,,
(૧૭) શ્રી કાન્તીલાલ ઉમેદચંદ બરોડિયા ,,
(૧૮) શ્રીમતી જસુમતિબહેન મ. કાપડિયા ,,
(૧૯) શ્રી ચંદુલાલ સાકળચંદ શાહ ,,
(૨૦) ધીરજલાલ ફૂલચંદ શાહ ,,

કાર્યવાહક સમિતિમાં સભ્યોની પુરવણી

ત્યાર બાદ તા. ૧૩-૮-૬૮ના રોજ મળેલી સંઘની નવી કાર્યવાહક સમિતિએ, કાર્યવાહક સમિતિમાં નીચે જણાવેલા ચાર સભ્યોની પુરવણી કરી હતી.

(૧) શ્રી કે. પી. શાહ
(૨) શ્રી ખેતસી માલસી સાવલા
(૩) શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ
(૪) શ્રી ભગવાનદાસ સી. શાહ

શ્રી. મ. મો. શાહ સા. વાચનાલય–પુસ્તકાલય સમિતિ

આ સમિતિમાં પ્રસ્તુત વાચનાલય અને પુસ્તકાલયના નીચે જણાવેલા પાંચ ટ્રસ્ટીઓ અધિકારની રૂઇએ સભ્યો ગણાય છે:–

(૧) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
(૨) શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા
(૩) શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી
(૪) શ્રી રમણીકલાલ મણિલાલ શાહ
(૫) શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહ

આ ઉપરાન્ત સંઘની કાર્યવાહક સમિતિમાંથી નીચેના ચાર સભ્યોની નિમણૂંક કરવામાં આવી હતી.

(૧) શ્રી ચંદુલાલ સાંકળચંદ શાહ
(૨) શ્રી પ્રવિણભાઈ મંગળદાસ શાહ
(૩) શ્રી કાન્તિલાલ ઉમેદચંદ બરોડિયા
(૪) પ્રો. રમણલાલ સી. શાહ

આ રીતે વાચનાલય અને પુસ્તકાલય સમિતિ નવ સભ્યોની બને છે અને પાંચ ટ્રસ્ટીઓમાંના એક શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહની આ સમિતિના મંત્રી તરીકે નિમણૂંક કરવામાં આવી હતી.

ચીમનલાલ જેઠાલાલભાઈ શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ,

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું ૩૧મી ડિસેમ્બર ૧૯૬૭ સુધીનું વાર્ષિક સરવૈયું

ફંડો અને દેવું :		રૂ. પૈ.	રૂ. પૈ.
શ્રી રિઝર્વ ફંડ ખાતું :			
ગયા સરવૈયા મુજબ બાકી			૨૬,૭૦૪-૮૯
શ્રી સંઘ હસ્તકના ફંડો :			
(૧) શ્રી પુસ્તક પ્રકાશન ખાતું :		૩,૦૩૩-૬૬	
બાદ: કમિટીના ઠરાવ અનુસાર નીચેના ખાતાઓમાંથી ટ્રાન્સફર કર્યા :			
શ્રી સત્યં શીવં સુંદરમ્, પુસ્તક પ્રકાશન ખાતેથી	૮૫૯-૯૧		
શ્રી બોધી સત્વ. પુસ્તક પ્રકાશન ખાતેથી	૮૧-૫૦		
		૯૪૧-૪૧	
			૨,૦૯૨-૨૫
(૨) શ્રી માવજત ખાતું :			
ગયા સરવૈયા મુજબ બાકી	૨૯૨-૭૦		
બાદ : માવજત ઘસારાના વસુલ આવ્યા	૨-૯૧		
		૨૯૫-૬૧	
			૨,૩૮૭-૮૬
દેવું :			
પરચુરણ દેવું		૧,૨૯૭-૬૩	
સ્ટાફ પ્રોવિડન્ડ ફંડ અંગે		૧,૩૬૪-૪૦	
			૨,૬૬૨-૦૩
શ્રી જનરલ ફંડ ખાતું :			
ગયા સરવૈયા મુજબ બાકી		૧૯,૫૦૭-૯૯	
ઉમેરો : શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આવક–ખર્ચ ખાતેથી લાવ્યા		૧૦,૩૬૪-૭૮	
		૨૯,૮૭૨-૭૭	
બાદ : શ્રી પ્રબુદ્ધ જીવનની આવક–ખર્ચ ખાતેથી લાવ્યા		૧૭,૭૦-૧૪	
		૨૮,૧૦૨-૬૩	
બાદ : કમિટીના ઠરાવ મુજબ શ્રી વૈદ્યકીય રાહત ખાતેથી લાવ્યા		૨,૨૦૦-૦૦	
			૨૫,૯૦૨-૬૩
			૧૭,૬૫૭-૪૧

મિલકત અને લેણું		રૂ. પૈ.	રૂ. પૈ.
ઈન્વેસ્ટમેંટસ (ચોપડા પ્રમાણે)			
૭ ટકાના ઈન્ડીઅન હયુમ પાઈપ કં. લી.ના ડિબેન્ચરો (ફે વે. ૫,૦૦૦-૦૦)			૫,૨૩૬-૩૯
ફરનીચર અને ફીટીંગ્સ (ચોપડા પ્રમાણે) ગયા સરવૈયા મુજબ બાકી		૮૪૫-૨૪	
બાદ : કુલ ઘસારાના લખીવાળ્યા		૪૫૦-૨૪	
			૩૯૫-૦૦
સ્ટોક :			
પ્રબુદ્ધ જીવન પેપર સ્ટોક			૧૬૫-૦૦
ડિપોઝીટસ :			
પોસ્ટ ઑફિસમાં			૭૫-૦૦
લેણું (સદ્ધર)			
શ્રી મણિલાલ મોકમચંદ શાહ વાચનાલય અને પુસ્તલય પાસે		૫,૯૧૫-૨૫	
ઈન્કમટેક્ષ રીફંડ અંગે		૩૧૮-૭૩	
સભ્ય લવાજમ અંગે		૧,૨૦૦-૦૦	
સ્ટાફ પાસે		૧,૧૦૬-૦૦	
			૮,૫૩૯-૯૮
રોકડા તથા બેંક બાકી :			
ધી બેંક ઑફ ઈન્ડિયા લી. ના ચાલુ ખાતામાં		૯,૨૮૮-૨૯	
ધી બેંક ઑફ ઈન્ડિયા લી. ના ફીક્સ્ડ ડિપોઝીટ ખાતામાં		૩૩,૬૫૩-૮૬	
રોકડ શીલક		૨૧૭-૮૬	
			૪૩,૧૬૦-૦૦
પરચુરણ ખાતાંઓ :			
શ્રી વૈદ્યકીય સહાય ખાતું :			
ગયા સરવૈયા મુજબ બાકી		૧,૫૯૫-૧૦	
ઉમેરો : વર્ષ દરમિયાન વૈદ્યકીય રાહત ખર્ચના		૧,૨૮૨-૪૪	
		૨,૮૭૭-૫૪	
બાદ : વર્ષ દરમિયાન મળેલા ભેટના		૫૯૧-૫૦	
		૨,૨૮૬-૦૪	
બાદ : કમિટિના ઠરાવ મુજબ શ્રી જનરલ ફંડ ખાતે લઇ ગયા :		૨,૨૦૦-૦૦	
			૮૬-૦૪
પરચૂરણ ખાતાંઓ :			
શ્રી 'સત્ય શિવમ્ સુંદરમ્' પુસ્તક પ્રકાશન ખાતું :			
ગયા સરવૈયા મુજબ બાકી		૧,૬૭૦-૬૧	
બાદ : પુસ્તક વેચાણના કુલ આવ્યા		૮૧૦-૭૦	
		૮૫૯-૯૧	
બાદ : કમિટિના ઠરાવ મુજબ શ્રી પુસ્તક પ્રકાશન ખાતે લઇ ગયા		૮૫૯-૯૧	
			કાંઇ નહિ
શ્રી બોધી સત્વ પુસ્તક પ્રકાશન ખાતું :			
ગયા સરવૈયા મુજબ બાકી		૨૮૮-૬૨	
બાદ : પુસ્તક વેચાણના કુલ આવ્યા		૨૦૭-૧૨	
		૮૧-૫૦	
બાદ : કમિટિના ઠરાવ અનુસાર શ્રી પુસ્તક પ્રકાશન ખાતે લઇ ગયા		૮૧-૫૦	કાંઇ નિહ
		કુલ રૂ.	૧૭,૬૫૭-૪૮

અમોએ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ મુંબઈનું તા. ૩૧-૧૨-૬૭ ના દિવસનું સરવૈયું મજકુર સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરાબર માલૂમ પડ્યું છે.

શાહ મહેતા ઍન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

તા. ૯-૫-૬૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ—મુંબઈ.

પ્રબુદ્ધ જીવનનો તા. ૩૧ ડીસેમ્બર ૧૯૬૭ના રોજ પુરા થતા વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક	રૂ. પૈ.	રૂ. પૈ.	ખર્ચ	રૂ. પૈ.
લવાજમના :			માણસોને પગારના અડધા ભાગના	૨,૭૩૫.૦૦
લવાજમના રોકડા આવ્યા	૩,૨૭૦-૩		પેપર ખર્ચ	૧,૪૪૩-૫૨
ઉમેરો : શ્રી મુંબઈ જૈન યુવક સંઘનાં સભ્યોને મફત પ્રતો મોકલવામાં આવે છે તેના એડજસ્ટ કર્યા	૩,૦૨૪-૦૦		છપામણી ખર્ચ	૪,૫૧૫-૫૯
		૬,૨૯૪.૦૩	પોસ્ટેજ ખર્ચ	૬૯૦-૮૫
ભેટના :			પરચૂરણ ખર્ચ	૫૩૨-૨૧
સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી	૧,૫૦૦-૦૦			
પરચૂરણ ભેટના	૩૫૩-૦૦		કુલ રૂ.	૯,૯૧૭-૧૭
		૧૮,૫૩-૦૦		
વર્ષ દરમિયાન આવક કરતા ખર્ચનો વધારો		૧,૭૭૦-૧૪		
કુલ રૂ.		૯,૯૧૭-૧૭		

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરાબર છે.

મુંબઈ, શાહ મહેતા ઍન્ડ કું.,
તા. ૯-૫-૬૮. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો તા. ૩૧મી ડિસેમ્બર ૧૯૬૭ના રોજ પુરા થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક	રૂ. પૈ.	રૂ. પૈ.	ખર્ચ	રૂ. પૈ.
ભેટના :		૧૫,૭૪૭-૩૫	માણસોને પગારના અડધા ભાગના	૨,૭૩૫-૦૦
લવાજમના :			મકાનભાડું તથા વીજળી ખર્ચ :	૩૭૬-૫૮
સને ૧૯૬૬ ના	૨૦-૦૦		પ્રિન્ટીંગ અને સ્ટેશનરી	૩૫૭-૯૯
સને ૧૯૬૭ ના	૫૦૫૦		ટેલિફોન ખર્ચ	૩૧૮-૩૫
સને	૫,૦૭૦-૦૦		પોસ્ટેજ ખર્ચ	૪૬૪-૩૦
બાદ : શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને પ્રબુદ્ધ જીવનની પ્રતો મફત મોકલવામાં આવે છે તેના એડજસ્ટ કર્યા	૩,૦૨૪-૦૦	૨,૦૪૬-૦૦	પરચૂરણ ખર્ચ	૧,૫૮૩-૦૩
			ઑડિટરોને ઑનેરેરિયમના	૧૦૧-૦૦
વ્યાજના :			સ્ટાફ પ્રોવિડન્ડ ફંડ ફાળાના	૩૬૪-૮૦
ડિબેન્ચરોના	૬૧૨-૫૦		ફર્નીચર અને ફીક્ચર્સ ઉપર ઘસારાના	૪૩-૨૦
બેંકના ખાતાના	૨,૦૫૪-૧૪		સ્ટાફ પ્રોવિડન્ડ ફંડના વ્યાજના	૩૦-૦૦
		૨,૬૬૬-૬૪	બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એડમી—નીસ્ટ્રેશનને ફાળાના	૧૪૬-૪૮
પરચૂરણ આવક :		૨-૪૦	ડિબેન્ચરો પાકતાં ખરીદ કિંમત અને ફ્રેઈસ વેલ્યુ વચ્ચે તફાવતના	૩૦૬-૦૦
		૨૦,૪૬૨-૩૯	વ્યાખ્યાનમાળા ખર્ચ	૩,૨૭૦-૮૮
			વર્ષ દરમિયાન ખર્ચ કરતા આવકનો વધારો શ્રી જનરલ ફંડ ખાતે લઈ ગયા	૧૦,૩૬૪-૭૮
				૨૦,૪૬૨-૩૯

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરાબર છે.

મુંબઈ, શાહ મહેતા ઍન્ડ કું.,
તા. ૯-૫-૬૮. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ.

વાસ્તુ પ્રસંગ અંગેના નિમંત્રણનો એક સુંદર નમૂનો

જયકો પ્રકાશનવાળા શ્રી અને શ્રીમતી જમનભાઈ તરફથી એમનાં નવા રહેણાંકના વાસ્તુ પ્રસંગે એક કલાત્મક અને સુંદર નિમંત્રણ મને મળ્યું. આ નિમંત્રણમાં કલાની સૂઝ, કલા પ્રત્યેની ઉત્કૃષ્ટ અભિરુચિ, અને નિમંત્રણનો એક નવો દૃષ્ટિકોણ જોઈ હું પ્રસન્ન થયો. આ કલાત્મક નિમંત્રણનો ખ્યાલ આપવાનું તો શકય નથી, પણ તેનું અંગ્રેજી લખાણ પણ એટલું જ રોચક હતું, જેનો અનુવાદ નીચે આપું છું :—

"સુખ એ જીવનનું કેન્દ્ર છે—અને ઘર એ સુખનું પ્રતીક છે. અહીં ઓળખાણનું બીજ મિત્રતાની કળીમાં ફૂટે છે. કળીમાંથી સ્નેહ અને પ્રેમનાં પુષ્પો પાંગરે છે.

અમે અમારા નવા ઘરમાં જઈએ છીએ — જેનું વાસ્તુ શાન્તિ મુહૂર્ત તા. ૧૦-૫-'૬૮ નાં રોજ રાખવામાં આવ્યું છે.

આ પ્રસંગે અમે આપનાં અંતરનાં આશીર્વાદ ઈચ્છીએ છીએ, એટલું જ નહિ પણ, આપની અંગત મુલાકાત અમારા ઉભયના આનંદને દ્વિગુણિત કરશે." ચીમનલાલ જે. શાહ

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય-મુંબઈ

તા. ૩૧ ડિસેમ્બર ૧૯૬૬ ના રોજ પૂરાં થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

	રૂા. પૈ.	રૂા. પૈ.
આવક		
વ્યાજના :		
સીક્યુરીટીઓના	૩૨૦.૦૦	
ડિબેન્ચરોના	૧,૨૮૧.૨૫	
		૧,૬૦૧.૨૫
ભેટના		૩,૧૧૧.૦૦
પુસ્તકોના લવાજમના		૧,૦૦૮.૦૦
મ્યુનિસિપાલિટી ગ્રાન્ટના		૧,૧૮૦,૦૦
પરચૂરણ આવક :		
પસ્તીના વેચાણના	૯૩.૩૨	
પાસબુકના વેચાણના	૭૦.૦૦	
પુસ્તકો મોડા આવવાથી તથા ખોવાઈ જવાથી દંડના	૭.૩૦	૧૭૦.૬૨
વર્ષ દરમિયાન લોન પાકતા ફેઈસ વેલ્યુ તથા મૂળ કિંમત વચ્ચે તફાવતના		૧૦.૨૫
		૭,૪૦૧.૧૨
વર્ષ દરમ્યાન આવક કરતાં ખર્ચનો વધારો		૧,૧૭૧.૯૯
	કુલ રૂા.	૮,૫૭૭.૧૧

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરાબર છે.

મુંબઈ, તા. ૯-૫-૬૮.

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

	રૂા. પૈ.	રૂા. પૈ.
ખર્ચ		
ટ્રસ્ટના ઉદ્દેશો અંગે ખર્ચ :		
પેપર લવાજમના	૪૭૨.૦૯	
પગારના	૫,૪૧૫.૦૦	
મકાનભાડા તથા વીજળીખર્ચ	૫૩૨.૩૭	
પુસ્તક રીપેર્સ તથા બુક બાઈન્ડીંગ ખર્ચ	૩૫૫.૩૦	
		૬,૭૭૪.૭૬
પ્રોવિડન્ડ ફંડફાળાના		૨૪૯.૬૦
પ્રોવિડન્ડ ફંડ ઉપર વ્યાજના		૨૦.૬૧
વ્યવસ્થા ખર્ચ:		
ફરનીચર રીપેર્સ ઈલેકટ્રીક રીપેર્સ તથા પરચૂરણ ખર્ચ	૧૨૭.૦૧	
વીમાના પ્રીમીયમના	૪૯.૫૦	
ઑડિટરોને ઓનરેરીયમના	૧૦૧.૦૦	
સ્ટેશનરી તથા છપામણી	૧૪.૮૪	
બેંક કમિશન	૦૦.૭૫	
		૨૯૩.૧૦
ડિબેન્ચરો પાકતા ઘટના		૨૭૩.૦૦
ઘસારાના :		
ફરનીચર પર	૯૬.૦૦	
પુસ્તકો પર	૮૭૦.૦૦	૯૬૬.૦૦
	કુલ રૂા.	૮,૫૭૭-૧૧

ધરમાં એકઠા થયેલાં ઔષધો સંઘના કાર્યાલયમાં મોકલી આપો!

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને તેમજ મુંબઈમાં વસતા 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને નમ્ર નિવેદન કે આજે કુટુંબમાં માંદગી આવતાં ડૉકટરો અનેક પ્રકારની પેટન્ટ દવાઓ, મલમો તથા ઈન્જેકશનો લખી આપે છે અને ધાર્યા મુજબનો આરામ ન થતાં આગળનાં ઔષધો પૂરા ઉપયોગમાં આવ્યા ન આવ્યા અને નવાં ઔષધો લાવવાની ડૉકટરો સૂચના આપે છે. આ રીતે ઓછાં વપરાયલાં તેમ જ નહિ વપરાયલાં ઔષધો અનેકને ત્યાં ઠીક પ્રમાણમાં એકઠાં થાય છે. આ રીતે નહિ વપરાયલાં, તથા થોડા પ્રમાણમાં વપરાયલાં છતાં ઉપયોગમાં લઈ શકાય તેવાં ઔષધોનો અન્યત્ર ઉપયોગ થઈ શકે તે માટે મુંબઈ લાયન્સ કલબ તરફથી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં એક પેટી રાખવામાં આવી છે, જેમાં સંઘના સદ્‌સ્યો તેમજ પ્રબુદ્ધ જીવનના વાચકો તરફથી મળેલાં ઉપર જણાવ્યા મુજબનાં ઔષધો એકઠા કરવામાં આવશે અને લાયન્સ કલબ દ્વારા તેની પૂરી જાતતપાસ કરીને તે ઔષધો તેની જરૂરિયાતવાળા લોકોને વહેંચી આપવામાં આવશે. તો પોતાને ત્યાં નકામાં પડી રહેલા છતાં ઉપયોગમાં આવે તેવાં ઔષધો સંઘના કાર્યાલયમાં પહોંચાડતા રહેવા સંઘના સદ્‌સ્યો તથા પ્રબુદ્ધ જીવનના વાચકોને પ્રાર્થના છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

વિષયસૂચિ

		પૃષ્ઠ
પ્રકીર્ણ નોંધ: દિવંગત કરુણામૂર્તિ અનુબહેન, ગૃહમંત્રી યશવંતરાવ ચૌહાણનો ઈનકાર, જૈન સમાજમાં પરસ્પર એકતા શી રીતે સ્થાપિત કરવી? ગાંધીજી અને 'આત્મસિદ્ધિશાસ્ત્ર', શ્રીમતી હેલન હેલન કેલર.		૩૩
ચાહવું એટલે શું?	હેલન કેલર	૩૫
વિમલા ઠકારનો પરિપત્ર-૩	વિમલા ઠકાર	૩૬
નવી દુનિયામાં - ૭	દલસુખ માલવણિયા	૩૭
"કોનાર્ક અને ખજારાહોનાં " મૈથુન શિલ્પો	ઈન્દુલાલ યાજ્ઞિક	૩૮
મનસ્વી પુત્રનું પુનરાગમન		૩૯
શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાંત		૪૦
સંઘની વાર્ષિક સામાન્ય સભા અને ચૂંટણીનું પરિણામ		૪૨
હિસાબો		૪૩

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય-મુંબઈ

તા. ૩૧ મી ડિસેમ્બર ૧૯૬૭ સુધીનું વાર્ષિક સરવૈયું

ફંડો અને દેવું :	રૂા. પૈ.	રૂા. પૈ.
શ્રી સ્થાયી ફંડ :		
ગયા સરવૈયા મુજબ બાકી		૨૪,૧૬૧-૦૦
શ્રી પુસ્તક ફંડ :		
ગયા સરવૈયા મુજબ બાકી		૧,૫૦૦-૦૦
શ્રી ફરનીચર ફંડ :		
ગયા સરવૈયા મુજબ બાકી		૨,૪૦૦-૦૦
દેવું :		
ડિપોઝીટો :		
પુસ્તકો અંગે ૬,૧૭૧-૦૦		
માસિકો અંગે ૨૧-૦૦		
———	૬,૧૯૨-૦૦	
પરચૂરણ દેવું :		
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ	૧,૯૧૧-૨૧	
માણસોનું પ્રોવિડન્ડ ફંડ	૯૩૨-૬૧	
———		૧૩,૪૩૯.૯૦
		———
		૪૫,૯૦૦-૯૦

મિલ્કત અને લેણું :	રૂા. પૈ.	રૂા. પૈ.
ઈન્વેસ્ટ મેન્ટ્સ (ચોપડા પ્રમાણે)		
પબ્લિક લિમીટેડ કંપની-ઓના ડિબેન્ચરો ૭ ટકાના		
રાવળગાંવ સુગર ફાર્મ લી. ના ડિબેન્ચરો	૧૦,૦૦૦-૦૦	
૫ %ના ધી તાતા એન્જિ-નિયરીંગ ઍન્ડ લોકોમોટીવ કું. લીના ડિબેન્ચરો	૬,૧૬૩-૧૦	
	———	૧૬,૧૬૩-૧૦
ફરનીચર (ચોપડા પ્રમાણે)		
ગયા સરવૈયા મુજબ બાકી	૩,૩૧૦-૯૩	
બાદ : કુલ ઘસારાના લખી વાળ્યા તા. ૩૧-૧૨-૬૬		
સુધીના ૧,૩૮૭-૧૮		
ચાલુ વર્ષના ૯૬-૦૦	૧,૪૮૩-૧૮	
	———	૧,૮૨૭-૩૫
પુસ્તકો :		
ગયા સરવૈયા મુજબ બાકી	૧૩૦૧૮.૪૦	
ઉમેરો : વર્ષ દરમિયાન ખરીદી	૧,૫૦૮-૯૬	
	———	
	૧૪,૧૨૭-૩૬	
બાદ : કુલ ઘસારાના લખી વાળ્યા : તા. ૩૧-૧૨-૬૬		
સુધીના ૮,૬૯૯-૯૬		
ચાલુ વર્ષના ૮૭૦-૦૦	૯,૫૬૯-૯૬	૪,૯૫૭-૪૦
	———	
લેણું :		
ઈન્કમટેક્ષ રીફંડ અંગે	૧,૦૫૨-૨૦	
સ્ટાફ પાસે	૮૪-૧૪	૧,૧૩૬.૩૪
રોકડ તથા બેંક બાકી :		
ધી બેંક ઑફ ઈન્ડીઆ લી. ના ચાલુ ખાતે	૧૨,૦૧૩-૫૦	
રોકડ સિલક	૪૮.૧૫	૧૨,૧૪૧.૬૫
શ્રી આવક-ખર્ચ ખાતું :		
ગયા સરવૈયા મુજબ બાકી	૮૪૯૮.૬૭	
ઉમેરો : વર્ષ દરમ્યાન આવક કરતા ખર્ચનો વધારો	૧,૧૭૫-૯૯	
	———	૯,૬૭૪-૬૬
		———
		૪૫,૯૦૦.૯૦

અમોએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય તથા પુસ્તકાલય મુંબઈનું તા. ૩૧-૧૨-૬૭ ના દિવસનું સરવૈયું મજકુર સંસ્થાના ચોપડાઓ તથા વાઉચરો સાથે તપાસ્યું છે, અને બરાબર માલૂમ પડયું છે.

મુંબઈ, શાહ મહેતા ઍન્ડ કું.,
તા. ૯-૫-'૬૮. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ

આજના જૈનો લૉર્ડ બેકનની સલાહ ધ્યાનમાં લેશે?

[વા. મો. શાહની નોંધપોથીમાંથી]

જબરદસ્ત વિચારક લૉર્ડ બેકન તો ક્યારનો યે કબરમાં પહોંચી ગયો છે, પરંતુ એક જ ધર્મના અનુયાયીઓ વચ્ચેની શાંત અને કલેશમય સ્થિતિઓના સંબંધમાં તેણે લખેલા વિચારો જૈનોને આજે અત્યંત હિતકારી સલાહ રૂપે થઈ પડે તેવા હોવાથી આ નીચે તે ટાંકયા છે. તે કહી ગયો છે કે :–

એક જ ધર્મને માનનારાઓ વચ્ચે ગાળાગાળી, મારામારી કે તકરારો થાય તો તેની અસર બે પ્રકારે થાય છે: એક તો તે ધર્મની બહારના મનુષ્યો ઉપર થતી અસર, અને બીજી તે ધર્મના અનુયાયીઓ પર થતી અસર.

૧. એકબીજાની નિંદા કરતા, એકબીજાની પૂજનવિધિઓને અસત્ય ઠરાવતા એક જ ધર્મના લોકોને જોવાથી બહારનાઓ તે ધર્મ પરત્વે ખોટો મત બાંધવા લલચાય છે.

૨. તે ધર્મને માનનારાઓ વચ્ચે નિંદા, કજિયા આદિ ચાલવાથી તેઓની શાન્તિ, પ્રગતિ અને બળને ખલેલ પહોંચે છે.

બેકન જો ખરો હોય તો, અને જૈનોને જો પોતાની પ્રતિદિન ઘટતી જતી સંખ્યાને અટકાવવી જ હોય તો, અંદરોઅંદરના ટંટા, કોર્ટના ઝઘડા, નિંદાત્મક ચર્ચા અને માલ વગરના મતભેદોને છોડીને ઐક્યબળ જમાવવું જોઈએ છે, કે જેથી જૈન સમાજની અંદરની સ્થિતિ મજબુત થાય અને બહારનાઓ તે ધર્મ તરફ આકર્ષાઈને તેમાં ભળવા લાગે.

સંપાદક : ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

સંઘના જે સભ્યોનાં ચાલુ વર્ષનાં લવાજમો બાકી હોય તેમને લવાજમના રૂા. ૧૦) સત્વર મોકલી આપવા વિનંતિ છે. મંત્રીઓ.

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ-૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૦ : અંક ૫

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુલાઇ ૧, ૧૯૬૮, સોમવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ નવી દુનિયામાં–૮ ☆

('પ્રબુદ્ધ જીવન'માં પ્રાધ્યાપક પંડિત દલસુખભાઈ માલવણિયાના પત્રો જેમ જેમ મળતા જાય છે તેમ તેમ પ્રગટ થતા જાય છે અને તે પત્રો 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો બહુ રસથી વાંચે છે એમ ચોતરફથી કાન સાથે અથડાતાં સંવેદનો દ્વારા જાણવા મળે છે. આ પત્રમાળામાં આ વખતનો પત્ર પ્રગટ કરતાં સવિશેષ આનંદ થાય છે. તેમને ભારત છોડયાને છ માસ થવા આવ્યા છે. એક નવી દુનિયામાં તેઓ વસી રહ્યા છે અને પોતાના પત્રોદ્વારા આપણને પણ તેઓ નવી દનિયામાં–એ દુનિયાને પ્રભાવિત કરી રહેલા નવા વિચારોની દુનિયામાં – પ્રવાસ કરાવી રહ્યા છે. તેમાં પણ આ પત્ર તેમના અંગેની એક નવી વિશેષતાનો આપણને સુખદ અને પ્રેરક પરિચય કરાવે છે. આ પત્રમાં દનિયાભરમાં સૈકાઓ–જુની લગ્ન-પ્રથાના ઔચિત્ય - અનૌચિત્ય વિષે કેનેડા અને પશ્ચિમના દેશોમાં કયા પ્રકારનું મન્થન ચાલી રહ્યું છે તેનો તેમણે આબેહૂબ ખ્યાલ આપ્યો છે. આ પત્ર આપણને પ્રતીતિ કરાવે છે કે દલસુખભાઈ કોઈ પોથીપંડિત કે ચાલી આવતી પરંપરાઓના કોઈ પૂજક કે સમર્થક નથી, પણ આજના વિચાર પ્રવાહોને જાણનારા, પીછાણનારા સ્વતંત્ર સમીક્ષક છે. આપણે ત્યાં જે આવી રહેલ છે તે સામાજિક પરિવર્તનની આ પત્રમાં આગાહી છે. આપણે બધા આ નવાં બળોને બરોબર સમજીએ, ન તેને તુચ્છકારીએ, ન તેને પૂરી સમજણ વિના અપનાવીએ અને અનિવાર્ય ન હોય તેનાથી ભાગી છૂટવાનો કે તે સામે આંખ આડા કાન કરવાનો પણ પ્રયત્ન ન કરીએ, અને સમાજના પ્રેય અને શ્રેયનો સમન્વય થાય એવી રચનાનું નવનિર્માણ કરવા આપણે સતત પ્રયત્નશીલ બનીએ. **પરમાનંદ**)

'પ્રબુદ્ધ જીવન' નાં તા. ૧-૨-૬૮ ના અંકમાં 'ઘૃણાનું કરુણામાં પરિવર્તન'ના મથાળે એક નોંધ શ્રી પરમાનંદભાઈએ લખી છે. તે ખરેખર વિચારણીય છે. રખાત વિષેની જાહેર ખબર, હું જ્યારે અમદાવાદમાં હતો ત્યારે, વાંચેલી અને તે માટે 'ગુજરાત સમાચાર'ના તંત્રીએ માફી પણ માંગેલી. ત્યાર પછીની ચર્ચા અને એ યુવાનનો કરુણાજનક આપઘાત–એ ખરેખર આપણને વિચાર કરતા કરી મૂકે એવી ઘટના છે. પરંતુ વિચારવાનું એ છે કે આવી જાહેર ખબર અગર આવું માનસ આપણે કેવી રીતે રોકી શકીશું? યુવાન વધારે પડતો ભાવુક હશે એટલે તેણે આપઘાત કર્યો. પણ આવી બાબતમાં સમાજનું જે વલણ છે અને સમાજમાં જે પરિસ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે તેનો કાંઈ મેળ છે કે નહીં તે વિચારવાનું છે. સમાજનું વલણ રૂઢ સારી કે નરસી માન્યતાઓને આધારે બંધાયું છે.' જ્યારે સમાજ જે પરિસ્થિતિનું નિર્માણ કરી રહ્યો છે તે તદ્દન ઉલટી દિશામાં છે. આ બન્નેનું સામંજસ્ય ન હોય ત્યાં છેવટે રૂઢ માન્યતાઓને તિલાંજલિ આપ્યા વિના ચાલશે નહીં એ આપણે સમજી લેવું જોઈએ. અને જે પરિસ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે તેને રોકવાનો એક પ્રયાસ ગાંધીજીએ કર્યો, પણ જ્યાં સમગ્ર વિશ્વ જુદા જ માર્ગે જઈ રહ્યું હોય ત્યાં ગાંધીજીની વાટ કોણ સ્વીકારે? એટલે ભારતમાં પણ આપણી અનિચ્છા છતાં ઔદ્યોગિક ક્રાન્તિને કારણે જે સમાજનું નવનિર્માણ થઈ રહ્યું છે - તે સારું હોય કે નરસું–તે સ્વીકાર્યા વિના આપણો છૂટકો નથી–સિવાય કે આપણે ગાંધીજીનો માર્ગ અપનાવીએ, પણ એ અત્યારે તો અશકય જેવું લાગે છે. એટલે અત્યારે અમેરિકા અગર પશ્ચિમના દેશોમાં જે સામાજિક પરિસ્થિતિ છે તે આજે નહીં તો પાંચ - પચીસ વર્ષે પણ આપણે ત્યાં આવવાની જ છે અને પશ્ચિમના દેશોમાં તે આવતાં જેટલાં વર્ષ લાગ્યાં છે તેટલાં તે આપણે ત્યાં આવતાં નહીં જ લાગે કારણ હવે દુનિયા સાવ નાની થઈ ગઈ છે.

જર્મનીના સમાચાર વાંચ્યા કે ત્યાંથી નિશાળનાં છોકરા–છોકરીઓને માત્ર યૌનસંબંધી જ્ઞાન આપવામાં આવે તેટલાથી જ સંતોષ નથી, પણ તેમણે પ્રાયોગિક તાલિમ માટે જુદા ઓરડાની પણ માંગ, અધિકારીઓ સામે કરી છે. અહીંની છોકરીઓએ તો શિક્ષકને સંભળાવી દીધું કે યૌનસંબંધ એ વ્યકિતગત પ્રશ્ન છે, તેમાં સમાજને શી લેવાદેવા છે? આ તો માત્ર આ તરફના દેશોમાં સમાજ કઈ તરફ કઈ ગતિએ જઈ રહ્યો છે તેના દષ્ટાંત છે. પણ સમાજના નેતાઓમાં રાજનીતિજ્ઞોનું આ બાબતમાં જેટલું ચલણ નથી તેટલું ચલણ પાદરી અને માનસશાસ્ત્રીઓનું છે. જૂની રૂઢિઓને વળગી રહેવાનું સામાન્ય વલણ પાદરીઓનું હોય છે, પણ તેઓમાં પણ ગાબડા પડવા લાગ્યા છે. તાજા ખબર છે કે અમેરિકામાં પાદરીઓની કમિટી બની છે તે વ્યકિતગત પ્રશ્નો પૂછી સલાહ આપશે કે તે તે કેસમાં ગર્ભપાત અનિવાર્ય છે કે નહીં. કુમારી કન્યાઓના ગર્ભપાતનો પ્રશ્ન અગર તો પરણેલી અને વિધવા કે ત્યકતાઓના ગર્ભપાતનો પ્રશ્ન અહીં અસામાન્ય રીતે જટિલ બની ગયો છે અને તેનો માર્ગ મોકળો બને તેવી હિલચાલ જોરશોરથી ચાલી રહી છે. તેમાં આજ સુધી જે પાદરીઓ ધર્મને નામે વિરોધ કરતા હતા તેઓ હવે નમતું જોખવા તૈયાર થયા છે. સમાજની ગતિ કઈ તરફ વહી રહી છે તેનું આ એક ચિત્ર છે.

બીજી બાજુ માનસશાસ્ત્રીઓમાં તો એવા કોઈ ભાગ્યે જ છે જેઓ લગ્નસંસ્થાનો ધરમૂળથી ઉચ્છેદ ન સૂચવતા હોય. જેમ જેમ શિક્ષણ વધતું જાય છે અને સ્ત્રીઓ આર્થિક દષ્ટિએ સ્વતંત્ર થતી જાય છે તેમ તેમ જૂની રૂઢ માન્યતાઓને આધારે વ્યવસ્થિત થયેલ લગ્નરૂઢિમાં ગાબડા પડવાના જ છે અને પડવા જોઈએ. અન્યથા આ સમાજ ગાંડાઓનો સમાજ બની જશે અને સમાજમાં સમધારણ જેવી કોઈ સ્થિતિ રહેશે નહીં–આવો મત અધિકાંશે માનસશાસ્ત્રીઓ ધરાવે છે અને તેનો પ્રચાર કરી રહ્યા છે. વળી માનસશાસ્ત્રને નામે જે પ્રકારનું ગંદુ અને નગ્ન સાહિત્ય નિર્મિત થઈ રહ્યું છે તે જોતાં પણ ચીતરી ચડે તેવું છે. અનેક પુસ્તકની દુકાનોમાં

પાટિયાં લાગ્યાં છે કે અહીં અઢાર વર્ષથી નીચેની ઉંમરનાએ દાખલ થવું નહીં. આ નિષેધ જ આકર્ષણ વધારે છે અને એ સાહિત્યનો બહોળો પ્રચાર થાય છે.

ડા. ગ્રીનવાલ્ડ માનસશાસ્ત્રી છે અને ૨૦ વર્ષથી પણ વધારે માનસરોગચિકિત્સાનો તેમનો અનુભવ છે. તેઓ ન્યુયૉર્કમાં રહે છે. અનેક પુસ્તકોના લેખક છે, જેની લાખોથી પણ વધારે નકલો ખપી છે. સાઈકો–એનાલીસીસ કરનારા ડૉકટરોની રાષ્ટ્રીય સભાના એ અધ્યક્ષ છે. હમણાં જ થયેલ માનસશાસ્ત્રીઓના પરિસંવાદમાં તેમણે સમાજમાં જે લગ્નવિચ્છેદનો પ્રવાહ વહી રહ્યો છે તેને રોકવાનો એકમાત્ર માર્ગ સૂચવ્યો છે કે અત્યારે જે પ્રકારના ધર્મ અને રાજ્યમાન્ય એટલે કે કાયદેસરના લગ્ન અનિવાર્ય છે તેને બદલે યુગલસંમત બિનકાયદેસર લગ્નની છૂટ હોવી જોઈએ. એટલે કે સ્ત્રી-અને પુરુષ ઈચ્છા પ્રમાણે સાથે રહી લગ્નજીવન ગાળે અને ઈચ્છા થાય ત્યારે છટા થઈ જાય. આ એક જ માર્ગ સમાજધારણ અને સમાજસ્વાસ્થ્ય માટે છે. તેમના આ પ્રસ્તાવની પ્રતિક્રિયામાં તેમને વિરોધના પત્રો મળ્યાં છે, પણ તેઓએ 'ટેલીગ્રામ'ના ૧૧-૫-૬૮ના અંકમાં એ સ્પષ્ટ કર્યું છે કે "મારા એ પ્રસ્તાવના વિરોધમાં ઉપસ્થિત માનસશાસ્ત્રીઓમાંથી માત્ર એક જણે જરા સાવ હલકો વિરોધ કરવા પ્રયત્ન કર્યો હતો, પણ બાકીના સભ્યો સંમત થયા હતા. ગ્રીનવાલ્ડ પોતાના આ મતનો પ્રચાર ટેલિવીઝનની ચર્ચાસભાઓમાં પણ કરે છે. એકવાર એ ચર્ચાસભામાં એક પત્રકારે તેમના એ મતની સખ્ત ટીકા કરી અને તે પત્રકાર ખૂબ ચીડાઈ પણ ગયો. ચર્ચાસભાના સંચાલકે એ પત્રકારને ઢીલો પાડવા અને તેની ચીડ નિરર્થક હતી તે સૂચવવા એક પ્રશ્ન કર્યો, "કોઈ તમારા મિત્ર આવું ગેરકાયદેસરનું લગ્નજીવન ગાળી રહ્યા હોય તો તમે તેવા મિત્રને મળવાનો ઈન્કાર કરશો?" પત્રકારે સહજભાવે જવાબ આપ્યો–"આવું તો મારાથી કેમ બને? મારા ૭૫ ટકા મિત્રો આવું જીવન ગાળી રહ્યા છે, તેમને હું છોડી તો કેમ શકું?" સીનેમામાં કાર્ય કરતા નટ–નટીઓની વાત જવા દઈએ, પણ 'એસ્કવાયર' નામના છાપામાં તો કૉલેજમાં ભણતા ચાર યુગલોના ફોટા પણ છાપ્યા છે, જેઓ બીનકાયદેસર એવું લગ્નજીવન ગાળી રહ્યા છે. તેમાંના હાર્ડવર્ડના પુરુષનું કહેવું છે કે મારા મિત્રોમાંથી ત્રીજા ભાગના મિત્રો કાયદેસરનું લગ્નજીવન ગાળે છે, જ્યારે બીજા ત્રીજા ભાગના મિત્રો બિનકાયદેસરનું લગ્નજીવન ગાળે છે અને ત્રીજા ત્રીજા ભાગના મિત્રો સાથીની શોધમાં ફરે છે. ડૉ. ગ્રીનવાલ્ડ લખે છે કે હાર્ડવર્ડના એ વિદ્યાર્થીની વાત ચકાસણી વિના પૂરી સાચી છે એમ ન માનીએ તો પણ, એટલું તો નક્કી છે જ કે, આવું ગેરકાયદેસરનું લગ્નજીવન પ્રચલિત થઈ રહ્યું છે. ડૉ. ગ્રીનવાલ્ડે લગ્નજીવનના કેટલાક આંકડા આપ્યા છે તે જોવા જેવા છે. એકલા ન્યૂયોર્કમાં જ, જ્યાં લગ્નવિચ્છેદ માત્ર વ્યભિચારને કારણે કાયદેસર મળે છે ત્યાં ૧૯૬૫માં ૪૦૦ લગ્નમાંથી ૧૦૦ લગ્ન વિચ્છિન્ન થયા છે, જ્યારે કેલિફોર્નિયામાં પ્રતિ બે લગ્ને એક વિચ્છેદનું પ્રમાણ છે. કેલિફોર્નિયાના સનમટેઓમાં તો આ વર્ષે લગ્નની અરજી કરતા લગ્નવિચ્છેદની અરજીનું પ્રમાણ મોટું છે. કેનેડાના આંકડા પણ લગ્નવિચ્છેદની ગતિ કેવો તીવ્ર વેગ ધારણ કરી રહી છે તે બતાવી જાય છે, જો કે અમેરિકન સ્ટેટ્સ કરતાં કેનેડા હજી રૂઢિચુસ્ત વધારે મનાય છે. ૧૯૨૧માં કેનેડામાં ૭૧૨૫૪ લગ્નો થયા જ્યારે ૫૫૮ લગ્નવિચ્છેદનો આંક હતો. પણ ૧૯૬૬માં ૧૫૫,૫૯૬ લગ્નો અને ૧૦,૨૧૫ લગ્નવિચ્છેદનો આંક છે. આમાં ૪૫ વર્ષમાં લગ્નનો આંક ૧૫ ટકા વધ્યો છે. પણ વિચ્છેદનો આંક ૨૦ ટકા વધ્યો છે, તે તરફ ડૉ. ગ્રીનવાલ્ડ ધ્યાન દોરે છે. વળી તેમનું કહેવું છે કે મારી એવી સૂચના તો નથી જ કે બધાં જ લગ્નો બીનકાયદેસરના જ હોવા જોઈએ. મારી તો એટલી જ સૂચના છે કે જેને કાયદેસરના લગ્ન ન કરવા હોય તેને બિનકાયદેસરના લગ્નની છૂટ હોવી જોઈએ. અને કાયદામાં તેને માટે દંડ ન હોવો જોઈએ. ગર્ભનિરોધક દવાઓના છૂટથી વેચાણને પરિણામે પણ કાયદેસરના લગ્નમાં નવા ગાબડા પડ્યા જ છે અને આર્થિક દૃષ્ટિએ સ્ત્રીઓ ઉત્તરોત્તર સ્વતંત્ર થતી જાય છે એટલે તે શા માટે પુરુષને પરાધીન એવું લગ્ન જીવન સ્વીકારે? – આવી દલીલો ડૉ. ગ્રીનવાલ્ડ કરે છે.

ભારતમાં પણ પ્રાથમિક શિક્ષણ હવે અનિવાર્ય થયું છે. શહેરમાં અને ગામડામાં આર્થિક ભીંસ વધતી જ જાય છે. આવી સ્થિતિમાં સ્ત્રીઓ માત્ર ઘરકામ જ કરે એવી સ્થિતિ ઉત્તરોત્તર ઘટતી જ જવાની છે અને કમાતી સ્ત્રીઓની સંખ્યા વધતી જ જવાની છે. સ્ત્રીસ્વાતંત્ર્ય પણ વધતું જ જવાનું છે. તેટલા પ્રમાણમાં લગ્નજીવનની સમસ્યાઓ પણ ઘટવાને બદલે વધતી જ જશે. વસતી-વધારો રોકવા આપણી સરકાર પ્રતિદિન રેડિયોમાં પ્રચાર કરે છે, તેને પરિણામે ગર્ભનિરોધક દવાનો પ્રચાર પણ વધશે જ. એટલે ભવિષ્યમાં લગ્નજીવનની સમસ્યા જટિલ બનવાની જ છે. એમ માનવાને તો કશું જ કારણ નથી કે ભારતીય લગ્નજીવન પ્રાચીનકાળથી પશ્ચિમ કરતાં ચડીયાતું હતું. પશ્ચિમમાં ઔદ્યોગિક ક્રાંતિ વહેલી આવી તેને લીધે લગ્નજીવનની સમસ્યા ઝપાટાબંધ ઉપસ્થિત થઈ, ભારતમાં એ પ્રક્રિયા મોડી શરૂ થઈ, અને ગતિ પણ ધીમી, પણ. તેથી કાંઈ સમસ્યા નહીં જ ઉપસ્થિત થાય એમ કહી શકાશે નહીં. આપણે અત્યારે તો બધી જ બાબતોમાં પશ્ચિમનું અનુકરણ કરી રહ્યા છીએ. કેટલીક બાબતોમાં તો પશ્ચિમની હોડમાં તેથી પણ આગળ વધી જવા પ્રયત્નશીલ છીએ. તો પછી પશ્ચિમના સમાજમાં જે સમસ્યાઓ ઊભી થઈ છે તે આપણે ત્યાં થવાની જ છે. તેના નિવારણનો વિચારપૂર્વકનો માર્ગ અને સમાજ જીવનનો ભારતને અનુકૂળ એવો આગવો માર્ગ આપણે લેવો હોય તો તે માર્ગ માત્ર સામાજિક ક્ષેત્રે જ લઈ શકાય તેમ ન બને, પણ રાજનીતિ અને આર્થિક ક્ષેત્રે પણ ભારતનું આગવું દર્શન હશે તો જ નિવારણનો માર્ગ પશ્ચિમથી જુદો હશે. અન્યથા જે પ્રવાહ પશ્ચિમમાં છે તે પ્રવાહ ભારતને પણ ખેંચી જશે એ શંકાવિનાની વાત છે.

એટલે તો એવા યુવાનોની મુશ્કેલી સમજવા પ્રયત્ન કરવો આવશ્યક છે. તેનો તિરસ્કાર કરવાથી સમસ્યાનો નિકાલ થતો નથી પણ સમસ્યા જટિલ બને છે. સમભાવપૂર્વક, પૂરી સમજણપૂર્વક સમસ્યાનું નિવારણ કરવા માર્ગ અપનાવાય તો ઉકેલ મળી આવે. અન્યથા એક સમસ્યાનું નિવારણ થાય નહીં અને આપઘાત જેવી બીજી સમસ્યા ઊભી થાય. આવું બધું ન બને તે માટે તિરસ્કારનો માર્ગ એ સાચો માર્ગ નથી પણ સાચી સમજણ એ સાચો માર્ગ છે. પણ આત્યારે તો ભારતમાં, જે ધર્મપ્રધાન દેશ કહેવાય છે ત્યાં અર્થનું પ્રાધાન્ય વધી રહ્યું છે, બધી સમસ્યાઓ અર્થદૃષ્ટિને મૂળમાં રાખીને તપાસવામાં આવે છે ત્યાં ધર્મને કોણ પૂછે? ધર્મક્ષેત્રમાં પણ અર્થ દાખલ થઈ ગયો છે ત્યાં ધર્મ આવી બધી સમસ્યાઓનો કેવી રીતે ઉકેલ કરી શકશે એ જ મોટી સમસ્યા છે. પ્રથમ તો ધર્મસંસ્કરણ થાય - પછી તેને આધારે સર્વસંસ્કરણ થઈ શકશે. અન્યથા અર્થપ્રધાન સમાજની સમસ્યાઓથી ઘેરાયા વિના આપણો છૂટકો નથી.

ટોરોન્ટો, ૧૭-૫-'૬૮ દલસુખ માલવણિયા

આગામી વ્યાખ્યાનમાળા

દર વર્ષ માફક આ વખતની પર્યુષણ વ્યાખ્યાન માળા ઑગસ્ટ માસની ૧૦ ૨૦મી મંગળવારથી તા. ૨૮મી બુધવાર સુધી - એમ નવ દિવસની યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ સભાઓ ભરવા માટે બિરલા કીડા કેન્દ્ર સુલભ નહિ હોવાથી ભારતીય વિદ્યાભવનનું વિશાળ સભાગૃહ નક્કી કરવામાં આવેલ છે. સભાનો સમય સામાન્યત: સવારના ૮-૩૦ થી ૧૦-૩૦ સુધી રહેશે. વ્યાખ્યાનમાળા માટેના વ્યાખ્યાતાઓ અંગે પત્રવ્યવહાર ચાલી રહ્યો છે. આને લગતી યાદી સમયસર જાહેર કરવામાં આવશે. મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

કુમારી જ્યોતિ પારેખ-અભિનંદન સમારંભ

વર્ષોથી ચક્ષુહીન બનેલાં કુમારી જ્યોતિબહેન મોહનલાલ પારેખ તાજેતરમાં M. A. ની પરીક્ષામાં બીજા વર્ગમાં પાસ થયાં છે. તેમને અભિનંદન આપવા માટે તા. ૬ ઠ્ઠી જુલાઈ, શનિવારે સાંજના ૬ વાગે વિઠ્ઠલભાઈ પટેલ રોડ ઉપર આવેલા સિક્કાનગરમાં–મૉડર્ન–સ્કૂલના સભાગૃહમાં–શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે પ્રિન્સિપાલ શ્રી રમણલાલ વકીલના અધ્યક્ષપણા નીચે એક સમારંભ યોજવામાં આવ્યો છે. આ પ્રસંગે ઉપસ્થિત થવા સંઘના સભ્યોને વિનંતિ કરવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

પ્રકીર્ણ નોંધ

એક ક્ષમાયાચના

પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં 'દિવંગત કરુણામૂર્તિ અનુબહેન' એ મથાળા નીચેની નોંધની શરૂઆતમાં શ્રી અનસૂયાબહેન રમણીકલાલ પરીખને બદલે કેવળ ગફલતથી શ્રી અનસૂયાબહેન નવનીતલાલ પરીખ એમ છપાઈ ગયું છે. આવી ગંભીર ભૂલ થવા બદલ તેમનાં સ્વજનોની ઊંડા દુ:ખ સાથે ક્ષમા યાચું છું.

સ્વ. શ્રીમતી ચંદ્રકુમારી હન્ડુ

એક યા બીજા કારણે વિશાળ સમાજમાં જેને ખ્યાતિ મળી હોય તેવી વ્યકિત આપણી વચ્ચેથી વિદાય થાય તો તેને લગતી વિદાય-નોંધ છાપાઓ લે એ સ્વાભાવિક છે. 'પ્રબુદ્ધ જીવન' માં પણ કદિ કદિ આવી નોંધો પ્રગટ કરવામાં આવે છે, પણ સવિશેષ સાર્થકતા તો એવી વ્યકિતઓનો પરિચય કરાવતાં અનુભવાય છે કે જેમને છાપાંઓ દ્વારા ખ્યાતિ મળી ન હોય, અને એમ છતાં જેમણે આપણા સમાજને ઉમદા જીવનનો એક નમૂનો પૂરો પાડયો હોય, જેમણે, પોતાના ભાગે જે પરિમિત વર્તુળમાં વિચરવાનું આવ્યું હોય તે વર્તુળમાં, ખૂબ સુવાસ ફેલાવી હોય અથવા તો નવચેતનાની ચીનગારીઓ પ્રગટાવી હોય. પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં આવી એક વ્યકિત અનસૂયાબહેન રમણિકલાલ પરીખનો પરિચય આપવામાં આવ્યો હતો. આ અંક માટે સૌ. સૌદામિનીબહેન ગગનવિહારી મહેતાએ તેમના નિકટ પરચિયમાં આવેલી એક વ્યકિત–સ્વ. શ્રીમતી ચન્દ્રકુમારી હન્ડુ–નો નીચે મુજબ પરિચય લખી મોકલ્યો છે:–

"શ્રી ચંદ્રકુમારી હન્ડુ એક વિશિષ્ટ કોટિનાં સન્નારી હતાં. તેઓ શ્રી. રામકૃષ્ણ પરમહંસના ભકત હતાં. તેઓ વિદ્વાન હતાં. એમણે કવિશ્રી તુલસીદાસનું જીવનચરિત્ર અંગ્રેજીમાં લખ્યું હતું. એ લખવા માટે એમણે અથાગ મહેનત લીધી હતી. ઉત્તર પ્રદેશમાં જઈ ત્યાંના કેટલાક સંત પુરુષો પાસેથી એમણે શ્રી તુલસીદાસના જીવન વિશેનાં જુનાં પુસ્તકો મેળવ્યાં હતાં. ખૂબ પરિશ્રમ કરી, તુલસીદાસનું જીવનચરિત્ર એમણે પ્રગટ કર્યું હતું.

"ચંદ્રકુમારી નાનાં હતાં અને કૉન્વેન્ટ સ્કૂલમાં ભણતાં હતાં ત્યારે એમને યુરોપીઅન શિક્ષિકા કહેતાં કે "તારૂં વલણ એવું લાગે છે કે તને પૂર્વના દેશોની ફીલસુફીમાં ખૂબ રસ પડશે." આ વાત તદ્દન સાચી પડી. ૧૯૨૬ ની સાલમાં ચંદ્રકુમારીએ ફીલોસોફીનો વિષય લઈ, પંજાબ યુનિવર્સિટીમાંથી એમ. એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી. ચંદ્રકુમારીના ફીલોસૉફીના વિચારો પહેલાં તો અપરિપક્વ–અસ્થિર હતા, પરંતુ શ્રી રામકૃષ્ણ વિશેનાં પુસ્તકો તથા સ્વામી શ્રી. વિવેકાનંદે લખેલાં પુસ્તકોના અભ્યાસના પરિણામે એમના વિચારો પરિપકવ થયા હતા અને દિવસે દિવસે એમને તત્ત્વજ્ઞાનનો શોખ વધતો ગયો હતો.

"દર સોમવારે તેઓ ભગવાન રામચંદ્રના જીવન ઉપર કીર્તન કરતાં. તેઓ જેમ શ્રી રામકૃષ્ણ પરમહંસના ભકત હતા તેમ જ ભગવાન રામચન્દ્રની પૂજ્યભાવથી ભકિત કરતાં. એમણે "શ્રી રામનામ સંકીર્તનમ્" નામની પુસ્તિકાનો હિંદીમાં અનુવાદ કર્યો હતો. એ મૂળ સંસ્કૃત પુસ્તિકા રામકૃષ્ણ મીશન તરફથી પ્રગટ થએલી. વર્ષો પહેલાં ચંદ્રકુમારી બહેન બહેનોનું એક કીર્તન મંડળ કલકત્તામાં ચલાવતાં હતાં અને ત્યાર પછી છેલ્લાં પંદરેક વર્ષથી મુંબઈમાં પણ એવું એક મંડળ એમણે ઊભું કર્યું હતું. વળી એ એક "જુગ્નુ" (એટલે આગીયો કીડો) નામનું મંડળ મુંબઈમાં ચલાવતાં હતાં. તેમાં દર મહિને જુદા જુદા ધર્મ વિષે વિદ્વાન સ્ત્રીપુરુષો પાસે ભાષણો કરાવતાં હતાં. "જગ્નુ"નું ઉદ્ ઘાટન એમણે ભારત ખાતેના સ્વીટઝરલેન્ડના રાજદૂત પાસે કરાવ્યું હતું. એ સ્વીસ ભાઈનો ભારતીય સંસ્કૃતિનો અને હિંદુ-ધર્મનો ઊંડો અભ્યાસ હતો. "જુગ્નુ" માં હિંદુ, મુસલમાન, પારસી, ક્રિશ્ચિયન, જૈન વિગેરે તમામ ધર્મના લોકો ભાષણ કરવા આવતા તેમ ભાષણ સાંભળવા પણ બધી કોમના લોકો આવતા.

"શ્રી ચંદ્રકુમારી દર પંદર દિવસે, ગુરુવારને દિવસે પોતાને ઘેર એક મૌનસભા ભરતાં. તેમાં આઠ દસ બહેનો આવતી. પહેલી વીસ મિનિટ બધાં મૌનપૂર્વક ધ્યાન ધરતાં. જે ધ્યાન ધરી શકે નહિ તે પુસ્તક વાંચતાં. પછીની ચાળીસ મિનિટ સ્વામી વિવેકાનંદ કે બીજા કોઈ સંત પુરુષે લખેલું પુસ્તક બધાં ભેગાં મળીને વાંચતાં.

"આ બધી પ્રવૃત્તિ ઉપરાંત શ્રી ચંદ્રકુમારીએ, રામકૃષ્ણ મિશન તરફથી પ્રગટ થતા "પ્રબુદ્ધ ભારતમાં" અનેક વિદ્વત્તાભર્યા લેખો લખ્યા હતા. તેમણે શ્રી શારદાદેવીની જન્મશતાબ્દી વખતે એમના જીવનચરિત્રની નહાની પુસ્તિકા લખી હતી. તેઓ પરદેશના ધાર્મિક માસિકોમાં પણ લેખ લખતાં હતાં. વળી એમની પાસે અનેક દુ:ખિયારી બહેનો પોતાના જીવનની મુશ્કેલીઓ ઉકેલવા જતી હતી. કેટલાક લોકોનાં લગ્નજીવન તૂટી પડતાં એમણે અટકાવ્યાં હતાં. એ પોતે આટલાં બધાં ધાર્મિક હોવા છતાં, હિંદુ સ્ત્રીએ કેવળ પતિપરાયણ હોવું જોઈએ એમ માનતાં ન હતાં. સ્ત્રીએ પોતાનું વ્યકિતત્વ સ્વતંત્ર રીતે વિકસાવી જીવવું જોઈએ એવી એમની દ્રઢ માન્યતા હતી.

"શ્રી ચંદ્રકુમારી કાશ્મીરી બ્રાહ્મણ હતાં. એમના પિતા સ્વ. પંડિત જવાહરલાલ નહેરુની ફોઈના દીકરા થતા હતા. એમના પતિ શ્રી શ્રીકીસન હન્ડુ "સ્ટેટ બૅંક ઑફ ઈન્ડિયા" ના સહુથી પહેલાં હિંદી મૅનેજિંગ ડિરેકટર હતા. ચંદ્રકુમારીને રંજના અને નોના નામની બે સુંદર દીકરીઓ છે. એ બંનેને એમણે ઉચ્ચ શિક્ષણ આપી, પૂરા હિંદુ સંસ્કાર આપી ઉછેરી છે. ચંદ્રકુમારી જેટલા ધાર્મિક અને વિદ્વાન હતાં તેટલાં જ ગોરાં અને સુંદર હતાં. એ સુંદર જીવનનો ૬૫ વર્ષની ઉંમરે ૧૧મી જુને અંત આવ્યો. હું એમને ૧૯૩૧ ની સાલથી ઓળખતી હતી, અને અમારી વચ્ચેનો મીઠો સંબંધ, એમના જીવનના અંત સુધી, અવિરતધારાએ ચાલ્યા કર્યો હતો. છેલ્લાં દસ વર્ષથી અમે બંને મુંબઈમાં 'જીવન - જ્યોત' નામના મકાનમાં રહેતાં હતાં. એ જ મકાનમાં મારાં પ્રિય મિત્રની જીવનજ્યોત ઓલવાઈ ગઈ. એ પુણ્યશાળી બહેનને મારી તરફથી શ્રદ્ધાંજલિ અર્પું છું."

શ્રી ડાહ્યાલાલ વેલચંદ ઝવેરીનો સ્વર્ગવાસ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના જુના સભ્ય અને એક વખતના સામાજિક કાર્યકર શ્રી ડાહ્યાલાલ વેલચંદ ઝવેરીનું મુંબઈ - માટુંગા ખાતે તા. ૬-૬-'૬૮ ના રોજ ૫૮ વર્ષની લઘુવયે અવસાન થયું છે. તેઓ ઝવેરાતનો ધંધો કરતા હતા. બહુ નાની ઉંમરે વિધુર થવા છતાં સિદ્ધાંતની ખાતર તેમણે પુર્નલગ્ન કર્યું નહોતું અને પોતાનાં બે બાળકોને પોતે જ સારી રીતે ઉછેર્યાં હતાં અને ઉચ્ચ શિક્ષણ આપ્યું હતું, જેમાંના એક ભાઈ સેવન્તીલાલે કાપડઉદ્યોગ ઉપર થીસીસ લખીને પી. એચ્. ડી. ની ડિગ્રી પ્રાપ્ત કરી છે અને સરકારી ક્ષેત્રે આગળ વધતાં વધતાં, એબીસીનીયાની ઈકોનોમીક સર્વે માટે ત્યાંની સરકારે ભાઈ સેવન્તીલાલની ભારત સરકારની અનુમતીથી નિમણૂંક કરી છે અને આજે તેઓ ત્યાં સેવા આપી રહ્યા છે. બીજી એક દીકરી છે તે પી. એચ. ડી. થયેલી છે અને વિશેષ સંશોધનના કાર્યમાં રોકાયેલ છે.

ભાઈ ડાહ્યાલાલે ઘણા સમયથી પોતાના ઝવેરાતના વ્યાપારમાંથી નિવૃત્તિ લીધી હતી અને તાત્ત્વિક વાંચનમાં અને આધ્યાત્મિક સાધનામાં તેઓ પોતાનો સમય વ્યતીત કરતા હતા અને આ ક્ષેત્રમાં અનેકને માર્ગદર્શન આપી રહ્યા હતા. આ રીતે એક શાંત, સ્વસ્થ અને સ્વપરકલ્યાણસાધક જીવનનો પ્રમાણમાં નાની ઉમ્મરે અંત આવેલો જોઈને એક વખતના સાથીને ગુમાવ્યા અંગે ચિત્ત ઊંડી ગ્લાનિ અનુભવે છે અને તેમના આત્માને ચિર શાંતિ ઈચ્છે છે.

કુમારી જ્યોતિબહેન મોહનલાલ પારેખને હાર્દિક અભિનંદન

જાણાવતાં અત્યંત આનંદ થાય છે કે ૧૧ વર્ષની નાની ઉંમરે ઘરમાં જ કોઈ અકસ્માતના કારણે અંધ બનેલી બહેન જ્યોતિ મોહનલાલ પારેખ માતાપિતાના અવલંબન વડે આગળ વધતાં વધતાં, એક પણ વખત નાપાસ થયા વગર, એસ્. એસ્. સી. અને બી. એ. ની પરીક્ષા પસાર કર્યા બાદ, આ વર્ષે સોશિયોલોજીનો વિષય લઈને બીજા વર્ગમાં એમ. એ. ની પરીક્ષામાં પસાર થઈ છે. અન્ધ-ત્વનો અવરોધ હોવા છતાં આપણામાંની એક બહેન આવી સિદ્ધિ પ્રાપ્ત કરે તે એક અસાધારણ વિક્રમ લેખાય અને તે માટે તેને તથા તેની મહત્વાકાંક્ષાને પૂરો ટેકો આપનાર તેનાં માતાપિતા તથા ભાઈ બહેનોને અને સ્કૂલમાં ભણતાં ભણતાં તેને અન્ધત્વ પ્રાપ્ત થયું એમ છતાં એ જ સ્કૂલમાં ચાલુ રાખનાર અને આગળ ભણવામાં પ્રોત્સાહિત કરનાર અને એસ. એસ. સી. સુધી પહોંચાડનાર મૉડર્ન સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી રમણલાલ વકીલને ધન્યવાદ ઘટે છે. આવી રીતે અભ્યાસ કરનાર અંધ વ્યકિતને અને તેમાં પણ એક બહેનને પોતાની શકિતનો વિકાસ થાય અને પોતાના પગ ઉપર તે નિર્ભર બની શકે એવો વ્યવસાય મળવામાં મુશ્કેલી પડે છે. આપણે આશા રાખીએ કે બહેન જ્યોતિની શકિત અને શિક્ષણને અનુરૂપ વ્યવસાય મળવામાં અડચણ નહિ આવે અને તેની હવે પછીની કારકીર્દિ એટલી જ ઉજ્જવળતાને પ્રાપ્ત કરતી રહેશે.



કુમારી જ્યોતિબહેન પારેખ

Discovering India : ભારતની સાચી ઓળખ

થોડા સમય પહેલાં મિલાપના તંત્રી શ્રી ભાઈ મહેન્દ્ર મેઘાણી તરફથી "Discovering India" એ મથાળા નીચે એક પરિપત્ર મળ્યો હતો. તેનો સાર શ્રી ભોગીલાલ ગાંધીએ નીચે મુજબ 'વિશ્વમાનવ'માં આપ્યો છે:

"ગાંધી – જન્મ - શતાબ્દી પૂરની જેમ ધસી આવી રહી છે. એને આવકારવા – ઊજવવાની તૈયારીઓ દેશભરમાં અને વિદેશોમાં ચાલી રહી છે. સરકારી રાહે અને ગાંધી – પ્રતિષ્ઠાનો દ્વારા અનેક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. એમાંના અનેક વિશિષ્ટ મહત્ત્વના પણ હશે જ. પરંતુ, લોકમિલાપ ટ્રસ્ટ (ભાવનગર) તરફથી વિચારેલો કાર્યક્રમ અભિનવ છે.

"સાંપ્રત ભારત દુનિયા આખી પાસેથી, લગભગ બધાં જ ક્ષેત્રે, માગતું અને મેળવતું આવ્યું છે – જાણે એની પાસે આપવા જેવું કંઈ નથી એવા ભાવે! પરંતુ, ભારત પાસે અન્યોને આપવા જેવું ય કંઈક છે જ – તે છે તેનો વૈચારિક – સાંસ્કૃતિક વારસો. અરે, આજ તો વિશ્વ પણ એ ઝીલવા – આવકારવા આતુર છે...આ રસ્તે આંતરરાષ્ટ્રીય સંબંધમાં નવી સ્વસ્થ સંતુલા સ્થપાશે – આવી મતલબનો હુંફાળો આવકાર રામકૃષ્ણ – સાંસ્કૃતિક મિશન, કલકત્તા તરફથી આ યોજનાને મળી ચૂક્યો છે.

"આ યોજના સાદી છે. ગાંધીશતાબ્દી વર્ષ દરમ્યાન ભારતનું આંતરિક સત્ત્વ પ્રગટ કરનારા – કલા, સંસ્કૃતિ, અર્થકારણ, ઈતિહાસ, તત્ત્વચિંતન અને સમાજશાસ્ત્ર અંગેના ભારતમાં પ્રગટ થયેલાં– ગાંધીજી ઉપરાંત ટાગોર, શ્રી અરવિંદ, નહેરુ, રાધાકૃષ્ણન, રાજાજી વગેરે ભારતના શ્રેષ્ઠ ચિંતકોના અંગ્રેજીમાં પ્રગટ થયેલા આશરે ૩૦૦ ગ્રંથનું એક પ્રદર્શન દુનિયાના આશરે ૨૬ દેશોમાં ભરવાની તેમની નેમ છે. આ યોજનાનો પુરસ્કાર કરનારાઓમાં શ્રી જયપ્રકાશ નારાયણ, કાકા કાલેલકર, ઉ. ન. ઢેબર, કે. પી. એસ. મેનન, ગગનવિહારી મહેતા, હંસાબહેન મહેતા, મુલ્કરાજ આનંદ, બી. વી. કેસ્કર, બી. એસ. કેશવન, કે. જી. સૈય્યુદીન તથા ઉમાશંકર જોષી જેવા ખ્યાતનામ ધ્યેય-નિષ્ઠ મહાનુભાવો છે, અને ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી મહેન્દ્ર મેઘાણી પોતે આ ગ્રંથોનો વિદેશોમાં પુરસ્કાર કરવા જાતે લાંબો પ્રવાસ ખેડવાના છે. ભાઈ મહેન્દ્ર વરસો થયાં સાહિત્ય દ્વારા લોકોન્નતિના ક્ષેત્રે એકનિષ્ઠ જહેમત ઉઠાવતા રહ્યા છે; સાથોસાથ 'વિશ્વ: એક કુટુંબ'ની તેમની ધખના આજ પૂર્વેના તેમના પ્રવાસોની પ્રેરણા બની રહી છે. બધી રીતે ભાઈ મહેન્દ્ર આ કાર્ય માટે સર્વથા યોગ્ય છે.

"વધુમાં આ યોજનાને સરકાર કે ઈતર સંસ્થાઓની છાયાથી મુકત રાખવાનો ઉદ્દેશ સ્તુત્ય છે, તો તેનું સાંગોપાંગ આયોજન વધુ દુષ્કર છે. દરેક દેશમાં એક એક સેટ પહેલાંથી પહોંચાડી શકાય એ ગણતરીએ ગ્રંથોનું કુલ ખર્ચ (ખરીદી તથા પોસ્ટેજ સાથેનું) અને પૂરા એક વર્ષના પ્રવાસનું (પ્રવાસ પૂરતું) ખર્ચ ગણતાં રૂ. ૧ લાખનું મૂડીરોકાણ અનિવાર્ય છે. સંયોજકોની ગણતરી એવી છે જ કે દરેક યજમાન – રાષ્ટ્ર પાસેથી ગ્રંથોના બદલામાં આ રકમ જેટલું વળતર મળી જશે; અંતે નફાતોટાનો સવાલ ઉપસ્થિત નહિ થાય. આ ગણતરીએ ટ્રસ્ટે ભારતના જાગૃત નાગરિકો પાસેથી લોન તરીકે રૂા. ૧૦૦ (અગર તેના વધુ રકમ) મેળવવાની અપીલ પ્રગટ કરી છે. અમને પૂરી શ્રદ્ધા છે કે ૧૯૬૮ ના ઑકટોબર સુધીની મુદતમાં આ રકમ ભરાઈ જશે. બલકે, આ નિમિત્તે નાણાં રોકનારાની – જરૂર પડતાં ખોટ ખાતે વાપરી નાખવાની શર્તે રોકનારાની–ખોટ નહિ પડે.

"અમે આ યોજનાને બધી રીતે સફળતા ઈચ્છીએ છીએ."

આ યોજનાનું સમર્થન કરતાં સવિશેષ જણાવવાનું કે ભાઈ મહેન્દ્ર મેઘાણી તરફથી જૂન માસ દરમિયાન બીજો પરિપત્ર મળ્યો છે અને તેમાં તેમની આ યોજનાને ચોતરફથી સારો આવકાર મળ્યાનું તેમ જ આજ સુધીમાં ચેકો દ્વારા રૂા. ૧૦૦૦૦ મળી ચૂકયાનું અને રૂા. ૫૦૦૦ નાં વચનો મળ્યા હોવાનું જણાવે છે. સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિએ તેમને રૂા. ૧૦૦૦ ની લોન આપી છે. આમ છતાં આ યોજનાને મૂર્ત સ્વરૂપ આપવામાં તેમને ઘણી મજલ કાપવાની છે. અને તેમાં સૌથી વધારે મહત્ત્વ રૂપિયા એક લાખની લોન એકઠી કરવાનું છે. તો જે ભાઈ - બહેનો ભાઈ મહેન્દ્ર મેઘાણીની આ યોજનાથી પ્રભાવિત બન્યા હોય તેમને ઉપર જણાવ્યા મુજબ ઓછામાં ઓછા રૂા. ૧૦૦ નો ચેક લોકમિલાપ ટ્રસ્ટ જેના ભાઈ મહેન્દ્ર મેઘાણી મેનેજિંગ ટ્રસ્ટી છે તે ઉપર (ઠે. પોસ્ટ બોકસ ૨૩, બળવન્તરાય મહેતા રોડ, ભાવનગર, સૌરાષ્ટ્ર) વ્યાજ રહિત લોન તરીકે સત્ત્વર મોકલી આપવા અભ્યર્થના છે.

"મારી માન્યતા"

એન્જિનિયર પિતા નીલકંઠ શાસ્ત્રી દ્વારા શૈશવથી ડૉ. એની બેસન્ટના સંપર્કે થીઓસોફીના રંગે રંગાએલાં રુકિમણી ૧૯૨૦ માં ૧૬મા વર્ષે પ્રૌઢ વયના વિદેશી ડૉ. જ્યૉર્જ એરુન્ડેલ સાથે આંતરજાતીય લગ્ન કરી પતિ સાથે વિદેશવાસી થયાં. ઑસ્ટ્રેલિયામાં આના પાવલોવાના સૂચનથી ભારત આવ્યા પછી એમણે ભદ્ર સમાજનો વિરોધ વેઠીને નૃત્યકલાની તાલીમ લઈ ચિદંબરમમાં અરંગેાયમ રજૂ કરી કલાક્ષેત્રે એક ક્રાંતિ જગાવી અને આજની 'કલાક્ષેત્ર' નામની અદિયારની વિખ્યાત કલાપીઠ સ્થાપી એમણે સંગીત–નૃત્યના શિષ્ટ શિક્ષણનો પ્રબંધ કર્યો. ૧૯૪૫ માં ડૉ. એરુન્ડેલનું અવસાન; ૧૯૫૨ માં રાજ્યસભાના સભ્ય; ૧૯૫૬માં પદ્મભૂષણ, ૧૯૫૭ માં સંગીત નાટક અકાદમીનો નૃત્યના સંગીતમાં મહત્ત્વના પ્રદાન બદલ પુરસ્કાર, અને ૧૯૬૮ના 'પ્રાણીમિત્ર' પદની પ્રાપ્તિ– આવા શ્રીમતી રુકિમણી એરુન્ડેલ સમક્ષ શ્રી ચંપકલાલ મહેતા દ્વારા રજૂ કરાયલા પ્રશ્નો અને તેના ઉત્તરો 'કુમાર'ના જૂન માસના અંકમાંથી નીચે સાભાર ઉદ્ધૃત કરવામાં આવે છે.

(૧) **પ્રશ્ન:** આપનો આદર્શ?

ઉત્તર: સંકુચિતતા દૂર કરી મનને ઉમદા અને હૃદયને વિશાળ બનાવવું.

(૨) **પ્રશ્ન :** આપનું પ્રિય પુસ્તક કયું ?
ઉત્તર : ધી લાઈટ ઑફ એશિયા અને ધમ્મપદ.

(૩) **પ્રશ્ન :** આપનો પ્રિય લેખક કે કવિ કોણ ?
ઉત્તર : શેલી, કીટ્સ અને એની બેસન્ટ.

(૪) **પ્રશ્ન :** આપનો પ્રિય સદ્‌ગુણ કયો ?
ઉત્તર : દયા, અનુકમ્પા અને કરુણા.

(૫) **પ્રશ્ન :** આપનો જીવનસંદેશ ?
ઉત્તર : પ્રાણીવર્ગ અને ગરીબો પ્રત્યે સદ્‌ભાવ રાખો.

(૬) **પ્રશ્ન :** આપનો ખાસ શોખ ?
ઉત્તર : સંગીત.

(૭) **પ્રશ્ન :** ધ્યાનની આપની અંગત વ્યાખ્યા શી છે ?
ઉત્તર : સ્વયં જીવન એ જ સતત ધ્યાન છે.

(૮) **પ્રશ્ન :** દુ:ખ અને દર્દ નિવારવા શું કરવું જોઈએ ?
ઉત્તર : જગતનાં દુ:ખદર્દને પોતાનાં બનાવવાં.

(૯) **પ્રશ્ન :** જિંદગી એટલે ?
ઉત્તર : ' કંઈક ' કરવું ને શીખવું. આ ' કંઈક ' એ કલાનો આત્મા છે.

(૧૦) **પ્રશ્ન :** જીવન અને જગતની સમૃદ્ધિના શા ઉપાય હોઈ શકે ?
ઉત્તર : પહેલાં જાતને સમૃદ્ધ કરવી તે. રુક્મિણી ઓરુન્ડેલ

કોણાર્ક અને ખજુરાહો સદશ મંદિરોના મૈથૂન શિલ્પો વિષે એક વધારે અભિપ્રાય

શ્રી મનુભાઈ પંચોળી તેમના એક પત્રમાં જણાવે છે કે " જગન્નાથજીના મંદિરમાં જે બિભત્સ રેખાકૃતિઓ છે તેનો બચાવ કરવો વ્યર્થ છે. વામાચારની અસર નીચે આવેલ સંસ્કૃતિ અધ:પતનની તે નિશાનીઓ છે અને તે જોઈને મને જુગુપ્સા સિવાય બીજો કોઈ અનુભવ થયો નહોતો. તેની સાથે સરખામણીમાં શ્રવણ બેલગુડાની બાહુબાલિની મૂર્તિ નગ્ન છે, છતાં તે વૈરાગ્યનો ભાવ ઉપજાવે છે, જૈન સ્થાપત્યની ભાવપ્રાગટય કરવાની પરમ સિદ્ધિરૂપ છે. જેમ બાળકોની નગ્નતા કામોદ્દીપક નથી, પણ બાહુબલીની નગ્નતા તો કામશામક જ નહિ, વૈરાગ્યપ્રેરક છે. આ તો સંભોગશિલ્પો વિષે તમે પ્રબુદ્ધ જીવનમાં ચર્ચા કરેલી છે તે યાદ આવતાં લખું છું. "

કોલેરાની બિમારી માટે અકસીર ઈલાજ: તેની ચકાસણી કરવા માટે સરકારને, ડૉકટરોને તથા સામાજિક કાર્યકરોને વિનંતિ

વલસાડ જિલ્લા શિવામ્બુ ચિકિત્સા પ્રચારક મંડળના મંત્રી શ્રી કીકુભાઈ રતનજી તરફથી પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવા માટે નીચેનો પરિપત્ર મળ્યો છે :

" આપણા દેશની પ્રાચીન " શિવામ્બુ " ચિકિત્સા મુજબ પદ્ધતિસર ઉપચાર કરવાથી કોલેરાની બિમારી ટૂંક સમયમાં મટી જાય છે. આ ઉપચાર માંદગીની શરૂઆત થાય કે તુરત જ ચાલુ કરી દેવાની ખાસ જરૂર છે. આ ઉપચારમાં દરદીનો પેશાબ કાચના, માટીના અગર કોઈ ચોખ્ખા વાસણમાં કરાવી તેમાંથી ૦ા શેર થી ૦ાા શેર : ૪ થી ૮ ઔંસ જેટલો પેશાબ તુરત જ દરદીને પાઈ દેવો. દરદીનો પેશાબ પૂરતા પ્રમાણમાં મળી શકે એમ ન હોય ત્યારે કોઈ તંદુરસ્ત માણસનો પેશાબ ઉપર જણાવ્યા મુજબ કરાવી તેમાંથી ૦ા શેરથી ૦ાા શેર જેટલો પેશાબ દરદીને તુરત જ પાઈ દેવાથી પણ આ બિમારી મટાડી શકાય છે.

" દરદીને તરસ લાગે ત્યારે પીવા માટે ફકત ગરમ કરેલું ચોખ્ખું પાણી આપવું. એ સિવાય બીજી કોઈ પણ વસ્તુ ખાવા અગર પીવા માટે આપવી નહીં. આવી રીતે ઉપચાર કરવાથી આ બિમારી ત્રણથી ચાર કલાકમાં જ કાબૂમાં આવી જાય છે. દરદીને ઝાડો - ઊલ્ટી બંધ થયા બાદ ૬ કલાક પછી ખોરાકમાં બાફેલા મગનું પાણી ૨ ચમચી જેટલું દર ૦ા કલાકે આપવું. અને ૧૨ કલાક પછી એ મગના પાણીમાં વધારો કરતા રહી ૨ દિવસ પછી સાદા ખોરાક પર ધીમે ધીમે આવવું.

" ભારત જેવા ગરીબ દેશ માટે " શિવામ્બુ " ચિકિત્સા મહાન આશીર્વાદ રૂપ છે. કેમકે બિમારીની શરૂઆતથી જ એના પદ્ધતિસરના ઉપચારથી દરદીની પોતાની હરેક પ્રકારની નાની મોટી બિમારી ટૂંક વખતમાં મટાડી શકાય છે એ અનુભવસિદ્ધ હકીકત છે. વિગતવાર માહિતી " માનવ મૂત્ર " પુસ્તકમાંથી મળશે. એ પુસ્તકની કિંમત રૂા. ૪-૦૦ છે અને તે દરેક જાણીતા બુકસેલરોને ત્યાંથી મળશે."

પરમાનંદ

નેશનલ ઈન્ટીગ્રેશન કાઉન્સિલનું ઉદ્‌ઘોષણાપત્ર

શ્રીનગર ખાતે જૂન માસની તા. ૨૦., ૨૧, તથા ૨૨ મી એમ ત્રણ દિવસ સુધી નેશનલ ઈન્ટીગ્રેશન કાઉન્સિલની—રાષ્ટ્રીય એકતા સાધક સમિતિની—બેઠક શ્રીમતી ઈન્દિરા ગાંધીના પ્રમુખપણા નીચે મળી. બેઠકમાં દેશના અનેક આગેવાન રાજપુરુષોએ ભાગ લીધો હતો અને દેશને વિભાજિત કરી રહેલાં તત્ત્વોની અને ઉત્તરોત્તર વધારે ને વધારે સ્ફોટક બનતી જતી કોમી પરિસ્થિતિ અંગે ચર્ચા વિચારણા કરી હતી, અને તેના અંગે નીચે મુજબનું ઉદ્‌ઘોષણાપત્ર બહાર પાડવામાં આવ્યું હતું :—

આપણા રાષ્ટ્રીય જીવનના પાયામાં સર્વસામાન્ય નાગરિકતા, વિવિધતામાં એકતા, ધર્મની બાબતમાં સ્વતંત્રતા, બિનસાંપ્રદાયિકતા, સામાજિક, આર્થિક અને રાજકીય બાબતો અંગે ન્યાયપરાયણતા અને બધી કોમો વચ્ચે ભાતૃભાવની ભાવના—આ મૂલ્યો મુખ્યપણે રહેલાં છે. ધી નેશનલ ઈન્ટીગ્રેશન કાઉન્સિલ આ મૂલ્યોમાં પોતાની શ્રદ્ધાની પુનર્ઘોષણા કરે છે અને તેની સિદ્ધિઅર્થે પોતાને અર્પણ કરે છે.

ધી નેશનલ ઈન્ટીગ્રેશન કાઉન્સિલ છેલ્લાં કેટલાંક વર્ષો દરમિયાન દેશના જુદા જુદા ભાગોમાં વધતી જતી કોમી અથડામણોની ઊંડી ચિન્તા સાથે નોંધ લે છે. આમ છતાં પણ સાથે સાથે, આ કાઉન્સિલ એ બાબત ઉપર ભાર મૂકે છે કે કોમી તથા અન્ય પ્રકારના વિભાજક સંઘર્ષો દેશમાં અવારનવાર પેદા થતા હોવા છતાં, સામાન્ય સ્ત્રી-પુરુષોનો ઘણો મોટો ભાગ, પોતપોતાની ધાર્મિક વફાદારીઓથી નિરપેક્ષપણે સુખ અને શાંતિપૂર્વક સાથે રહે છે અને હિંસામાં અને અવ્યવસ્થામાં તેઓ કોઈ રસ ધરાવતા નથી.

ધી નેશનલ ઈન્ટીગ્રેશન કાઉન્સિલ રાષ્ટ્રીય સંગઠનના મૂળમાં ઘા કરતાં આ વળણોને વખોડી કાઢે છે અને સર્વ રાજકીય પક્ષોને, રાજકારણ સાથે સીધો સંબંધ નહિ ધરાવતી એવી સંસ્થાઓને, નાગરિકોનાં નાનાં મોટાં વર્તુળોને, છાપાવાળાઓને, જનતાને માર્ગદર્શન આપતા નેતાઓને અને શુભેચ્છા ધરાવતા સર્વ કોઈ દેશવાસીઓને નીચેના ઉપાયો વડે ઉપર જણાવેલા વિભાજક વળણો અને બળોને અંકુશમાં લાવવા આવ્હાહન કરે છે :—

(૧) કોમી વીખવાદ અને પ્રાદેશિક શત્રુતાની લાગણીઓને દબાવતા રહીને, અને સમાજના ગેરરસ્તે દોરવાયલા તત્ત્વોને હિંસાના માર્ગથી પાછા વાળીને,

(૨) જે સિદ્ધાંતો ઉપર પ્રજા સ્થિર બની શકે એ સિદ્ધાંતોનો—ખાસ કરીને સહિષ્ણુતા અને સંવાદિતાના સિદ્ધાંતોનો સક્રિય અને પ્રાણવાન પ્રચાર કરીને,

(૩) પ્રજાનાં રચનાત્મક બળોને રાષ્ટ્રીય એકતા અને સંગઠ્ઠિતતા તરફ એકત્ર કરીને અને તેમને નેતૃત્વ, પ્રોત્સાહન અને અભિવ્યકિત આપીને,

(૪) ભાતૃભાવની લાગણી ફેલાવવા માટે યોગ્ય સામુદાયિક પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો યોજીને, સર્વસામાન્ય નાગરિકતાના અધિકારો ઉપર ભાર મૂકીને અને સામાન્ય પ્રજાજીવનની ગુણવત્તાને ઉંચી કક્ષા ઉપર પ્રસ્થાપિત કરીને.

કાઉન્સિલ એ બાબત ઉપર ભાર મૂકવા માગે છે કે જો કે એકતાસંવર્ધક તત્વોને બળવાન બનાવવામાં અને આ કાઉન્સિલ જે ભલામણો કરે તેનો સત્વર અને અસરકારકરીતે અમલ કરવામાં સરકારે મહત્ત્વનો ભાગ ભજવવાનો છે, એમ છતાં પણ, આ કાર્ય માત્ર સરકારનું નથી. આ કાર્ય રાજકારણી પુરુષો, શિક્ષણશાસ્ત્રીઓ, કળાકારો, લેખકો, શિક્ષકો, માતા પિતાઓ, વિદ્યાર્થીઓ, બુદ્ધિજીવી વર્ગો, વ્યાપારીઓ અને ટ્રેડ યુનિયનના આગેવાનો — આ સર્વની સામૂહિક જવાબદારીનું છે.

રાષ્ટ્રીય એકતા અને સંગઠ્ઠિતતા વધારવાના આ મહાન અને તત્કાળ હાથ ધ.વાયોગ્ય કાર્યમાં સામેલ થવા — જોડાવા — સર્વ ભારતવાસીઓને—પછી તેમનાં ભાષાકીય, સાંપ્રદાયિક, ભૌગોલિક કે સાંસ્કૃતિક જોડાણો ગમે તે હોય — સર્વ કોઈને ગંભીરપણે આમંત્રણ આપે છે.

❋ રાષ્ટ્રીય એકતા ❋

રાષ્ટ્રીય એકતા સમિતિની બેઠક, શ્રીનગરમાં ત્રણ દિવસ મળી. દેશના વિવિધ ક્ષેત્રના લગભગ ૫૦ આગેવાન વ્યકિતઓએ ત્રણ દિવસ સુધી ગંભીર વિચારણા કરી. પરિણામે એક નિવેદન બહાર પાડ્યું. નિવેદનમાં રાષ્ટ્રની એકતા, બિનસાંપ્રદાયિકતા, લોકશાહી, દેશના સર્વ નાગરિકોના સમાન અધિકારો, આર્થિક તથા સામાજિક સમાનતા અને ન્યાય વિગેરે પાયાના મૂલ્યોનું પુનરુચ્ચારણ કર્યું અને કોમવાદ, પ્રાંતવાદ, હિંસક બનાવો વિગેરે રાષ્ટ્રની એકતાનાં વિઘાતક બળો સામે જેહાદ પુકારી, તેમને ડામવા અને સખત હાથે કામ લેવાનો નિર્ધાર જાહેર કર્યો. આ બધું કરવા માટે એક સ્થાયી સમિતિ રચાશે, જે વખતો વખત મળી, આ કાર્યમાં કેટલી પ્રગતિ થઈ અને શું વિશેષ પગલાં લેવાં તેનો નિર્ણય કરશે, કેટલાક કાયદાઓ વધારે સખ્ત કરવામાં આવશે અને કોમી ઉશ્કેરણી અથવા હિંસક કૃત્યો માટેની સજામાં વધારો કરવામાં આવશે.

ત્રણ દિવસના આ પરિશ્રમના પરિણામે પ્રજામાં કોઈ નવી આશા, ઉત્સાહ અથવા વિશ્વાસ પેદા થયો હોય તેવું જણાતું નથી. જે નિવેદન બહાર પાડ્યું તેમાં કાંઈ વાંધાભર્યું નથી, કાંઈ નવું નથી. દેશનું બંધારણ ઘડ્યું તેના આમુખમાં (preamble) આ બધી વસ્તુઓ મૂકી છે. વીસ વર્ષ પછી એકતાનો પાયો મજબૂત થવાને બદલે, એકતાને તોડનાર તત્ત્વો વધારે જોરદાર થતાં ગયાં છે.

હકીકતમાં, જે પક્ષોના આગેવાનો મળ્યા હતા તેમાંના મોટા ભાગના આ મહારોગનું સાચું નિદાન કરી શકે અથવા વાસ્તવિક સત્ય રજૂ કરી તેના ઉપાય સૂચવી શકે એવી સ્થિતિમાં ન હતા. પોતે જ આ પરિસ્થિતિનું કારણ હોય ત્યાં બીજા પરિણામની આશા કેવી રીતે રાખી શકાય? નદીનાં પાણી અથવા સીમાના ઝઘડા અથવા પ્રાદેશિક ભાષા માટે જે લડતા હોય તેવી વ્યકિતઓ એકતાની વાતો કરે ત્યારે પ્રજામાં વિશ્વાસ ક્યાંથી આવે? હિંસક કૃત્યોને ડામવાની વાત કરે અને બીજી તરફ સેનાઓ ઉભી કરે અથવા તેને છુપી રીતે મદદ કરે તેવાઓ સત્તારથાને હોય, ત્યાં સામાન્ય રક્ષણ પણ કેમ મળે? કોમવાદ સામે જાહેરમાં જેહાદ પોકારે અને ગ્રામપંચાયતથી માંડી દરેક ચૂંટણીમાં કોમી ધોરણે જ પસંદગી, અને તેને ઉત્તેજન અપાય, ત્યાં કોમવાદ કેમ નાબૂદ થાય? ૭૫ ટકા નોકરી સ્થાનિક લોકો માટે અબાધિત રાખવાનું કહેવું, ત્યાં સમાન નાગરિક હક્ક ક્યાં રહ્યા?

આ બધા અપ્રમાણિક માણસો છે એમ નથી. દુર્ભાગ્યે દેશનું વાતાવરણ જ ઝેરી થયું છે. સત્તા માટે બેશરમ સાઠમારી ચાલી રહી છે. તેમાંથી કોઈ પક્ષ બાકી નથી. આ પરિસ્થિતિનાં કારણો માત્ર આર્થિક છે તેમ નથી. પ્રજા માનસ અત્યંત કલુષિત અને ક્ષુબ્ધ થયું છે, નિર્બળ નેતાગીરી તેનું એક કારણ છે. ચારિત્ર્યવાન આગેવાનોનો અભાવ બીજું કારણ છે. જેમની પાસેથી કાંઈક સાચા માર્ગદર્શનની આશા રાખી શકાય એવી વ્યકિતઓ પણ, એક અથવા બીજા કારણે, નિરૂપાય થયા છે અથવા બીજી દિશામાં જઈ રહ્યા છે. શ્રી રાજગોપાલાચારી જેવા પણ પોતાની બુદ્ધિપ્રતિભા વિઘાતક બળોને ટેકો આપવામાં વાપરી રહ્યા છે. આ પરિસ્થિતિમાં પલટો લાવવા ભગીરથ પ્રયત્ન કરવો પડે. પણ તે અશકય નથી. **ચીમનલાલ ચકુભાઈ શાહ**

સાભાર સ્વીકાર

સંસ્કાર–ગીતો : સંપાદિકા: શ્રી. ચારુલતા વી. બારાઈ તથા શ્રી કોકિલા કે. બારાઈ; પ્રકાશક: એન્. એમ્. ઠક્કરની કંપની, ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, કિંમત રૂા. ૪-૭૫

પ્રેમધર્મ : લેખક: શ્રી નારાયણભાઈ જે. બ્રહ્મભટ્ટ, માણસા, તાલુકો-વિજાપુર, ઉત્તર ગુજરાત કિંમત રૂા. ૧-૨૫.

વિચિમાલા : લેખિકા: શ્રી સુશીલા ઝવેરી; પ્રાપ્તિસ્થાન: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય; ગાંધી રસ્તો, અમદાવાદ. કિંમત રૂા. ૩-૫૦

નવી પેઢીને : લેખક: ફાધર વાલેસ પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ; કિંમત રૂા. ૩-૫૦.

મહામૂલા જીવનમાંથી હું શું શીખ્યો?

[રવિવાર તા. ૧૬-૬-૬૮ના રોજ જૈન સોશ્યલ ગ્રુપના ઉપક્રમે બીરલા રેસ્ટોરન્ટમાં યોજાયેલ પ્રવચનમાં, જૈન સમાજના આગેવાન નેતા શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે 'મહામૂલા જીવનમાંથી હું શું શિખ્યો?' વિષય ઉપર બોલતાં આપેલ વકતવ્યનો સાર]

જીવન પ્રત્યેની દષ્ટિ માણસના અનુભવો પરથી ઘડાય છે. વિવિધતાની દષ્ટિએ મારું જીવન સમૃદ્ધ અને સુખી રહ્યું છે. જીવનનાં ચઢાણ સીધાં રહ્યાં છે. મારું બચપણ દુ:ખી નહોતું, છતાં બહુ સગવડ-ભરેલું પણ ન હતું. એમ.એ., એલએલ. બી. થયો ત્યાં સુધી ખુરસી, ટેબલ કે ઈલેકટ્રીક લાઈટ ન હતાં, ઊભા થતાં માથું ભટકાય તેવું છાપરું હતું. કાલબાદેવીથી કૉલેજ સુધી ચાલતો જતો અને ટ્રામના પૈસા બચાવતો. બીજાનાં પુસ્તકો વાંચીને બીજાને શીખવતો. દિવસમાં ૧૪ કલાક વાંચતો. વાંચવાનો બસ નાદ હતો. ફર્સ્ટ કલાસ ફર્સ્ટ આવવાની ઈચ્છા રહેતી અને આવતો ગયો. ઘણી સ્કોલરશીપો મેળવી, પરંતુ તેથી મેં મારું સ્વાસ્થ્ય થોડું ગુમાવ્યું, પરંતુ મનનું સ્વાસ્થ્ય ગુમાવ્યું નહિ.

હું માનું છું કે માણસનું જીવન ચિંતનશીલ હોવું જોઈએ. જેનું ચિંતનશીલ જીવન નથી તે પ્રવાહમાં બીજાની સાથે તણાઈ જાય છે. આમ તો મારા કોઈ ગુરૂ નથી, પરંતુ ડૉકટર આલ્બર્ટ સ્વાઈટઝર અને તેથી વધીને ગાંધીજીના જીવનમાંથી હું ઘણું શીખ્યો છું. ૧૯૨૧ના દિવસો હતા. ચિતરંજન દાસ, ગાંધીજી, મોતીલાલ નહેરૂ જેવાનાં ભાષણો સાંભળી હું વિચારમાં પડી જતો. અનેક કૉલેજીયનો કોલેજો છોડતા, પણ મેં મારી રીતે વિચાર કરીને નક્કી કર્યું કે જો હું કૉલેજ છોડીશ તો મારું જીવન વેડફાઈ જશે. દેશદાઝ હતી, તે છતાં મને અભ્યાસ છોડવાનું યોગ્ય નહિ લાગ્યું.

માણસે સ્વતંત્ર રીતે વિચાર કરતાં થવું જોઈએ. ગાંધીજીએ ઘણી પાયાની વસ્તુઓ શીખવી તેમાં સૌથી મોટી વાત એ છે કે માણસમાં નિડરતા સાથે અપાર નમ્રતા જોઈએ. અને તેનામાં ભૂલ થઈ હોય તો કબૂલ કરવાની અને પ્રાયશ્ચિત કરવાની શકિત જોઈએ.

મારું જીવન વિચારશીલ અને ચિન્તનશીલ રહ્યું છે, પણ લાગણી-શીલ નથી. હું લાગણીથી ખેંચાઈ જતો નથી. માણસના જીવનમાં ઊર્મિ હોવી જોઈએ, પણ Irrational ન હોવી જોઈએ– ગાંધીજીનું જીવન અદ્‌ભૂત હતું, છતાં તેમનું અનુકરણ નથી કરતો. મહાન માણસના જીવનનું અનુકરણ ન કરવું, પરંતુ તેના જીવન-માંથી જે સાચું લાગ્યું હોય તે જીવનમાં વણી લેવું. અનુકરણ હું મરણ છે. Imitation kills.

મારા એમ.એ. ના પરીક્ષકો પ્રો. હેમ્પટન અને પ્રો. રાનડેએ મને લખ્યું કે છેલ્લા વીસ વર્ષમાં અમે ફીલોસોફીમાં આવા પેપર્સ વાંચ્યા નથી. તેમણે મને કાગળ લખીને કોલેજમાં લેકચરર થવા કહ્યું. મેં ના કહી. કારણ મારે વકીલ થવું થતું. મને પૈસાવાળા ઘણા મોટા લાગતા અને મને પૈસાવાળા થવાનો મોહ હતો. હવે તો ઘણા પૈસાવાળાના પરિચયમાં આવ્યો છું, હું પણ ઘણું કમાયો. હવે મને એનો મોહ નથી રહ્યો. અલબત્ત, માણસના જીવનમાં અમુક સાધનોની જરૂર છે, તેથી વધારેની જરૂર હોતી નથી. માણસ પોતાની મર્યાદા નક્કી કરી શકે છે. હું માનું છું કે જે માણસનું જીવન સંયમી નથી અને જે જીવનમાં ઊંચા ધોરણના નામે જીવન વિલાસી બનાવે છે તે સુખી નથી થઈ શકતો.

હું અનેક સામાજિક સંસ્થાઓમાં કામ કરૂં છું. લાખો રૂપિયાના દાન પ્રેમથી મેળવી શકયો છું, કારણ કે લોકોનો વિશ્વાસ સંપાદન કરી શકયો છું. માણસ પોતાનું પ્રેમ અને કરૂણાનું જળ જેટલું બીજા પર સીંચે છે તેટલું જ તે બીજાનું જળ મેળવી શકે છે અને સુખી બને છે. તેમ ન કરવામાં આવે તો માણસ સુકાયેલાં વૃક્ષ જેવો બની જાય છે. જે માણસ સંસારમાં રસ નથી લેતો કે પોતાનું જ સંભાળ-વામાં જ માને છે તે સુખી – ખરેખર સુખી નથી બની શકતો.

પરિણીત જીવન એ માણસની મોટામાં મોટી પ્રયોગશાળા છે. માણસને તેની પત્ની કે નોકર સિવાય બીજું વધારે સારી રીતે કોઈ જાણી શકતું નથી. સારી સહધર્મચારિણી મળવી તે ઘણી મોટી વાત છે. તે એક લૉટરી જેવું છે, પણ લગ્ન-વિચ્છેદ એ તેનો જવાબ નથી.

જીવનમાં આનંદ મેળવવા ઉચ્ચ સાહિત્યનું વાંચન કરવું જોઈએ.

ટાગોર, કાલીદાસ, શેકસપિયર વાંચતાં કેટલો બધો આનંદ આવે છે.

દરેક માણસના જીવનમાં એક ભરતી આવે છે. આ ભરતી પરખવાની દૃષ્ટિ જોઈએ. જીવનમાં આવતી તકને ઝડપવાની પણ તૈયારી જોઈએ. તક આવવી એ સદ્‌ભાગ્ય છે. તકનો લાભ લેવાની શકિત કેળવવી એ પુરૂષાર્થ છે. માણસ નિર્બળ ન હોવો જોઈએ. તેમ જ તેનામાં અભિમાન પણ ન હોવું જોઈએ. Inferiority Complex કે Superiority Complex–કંઈ ન જોઈએ.

આ દુનિયામાં ભાતભાતના લોકો છે. એમની વચ્ચે મનની સમતુલા રાખી માણસે જીવન પ્રત્યેની દૃષ્ટિ કેળવવી જોઈએ. માણસના બંધ અને મોક્ષનું કારણ તેની પ્રકૃતિ છે. સંજોગો, પુરૂષાર્થ અને–પ્રકૃતિ માણસના અભિગમ નક્કી કરે છે. માણસે જાણવું જોઈએ કે તે પોતાની પ્રકૃતિ અને સંજોગો ઉપર વિજય મેળવી શકે છે. માણસે સૌથી મોટી વાત જીવનમાં શીખવાની હોય તો તેની નિર્ણય કરવાની શકિત કે તેને કયાં જવું છે.

માણસ સફળ થાય ત્યારે દુઃખના દિવસો યાદ કરે છે. તેમાં તેનું અહમ પોષાય છે. માણસ દુઃખી હોય ત્યારે ભૂતકાળનું સુખ યાદ કરવામાં દુઃખી થાય છે. માણસે સુખ અને દુઃખમાં સરખું મન રાખી ચિત્ત સ્વસ્થ રાખવું. સુખ-દુઃખે સમકૃત્વા લાભલાભૌ જયા - જયૌ.'

અંતમાં એક વાત કહેવાની. દુનિયામાં હિંસા - અહિંસા, અસત્ય - સત્યનાં દ્વંદ્વ ચાલ્યા જ કરે છે. એમાંથી એક જાતની વૃત્તિ "મારે શું? હું શું કરવાનો? જગત જાય ખાડામાં" - ઊભી થાય છે; પણ માણસે વિચારવું જોઈએ કે મારો ફાળો હિંસાના - અસત્યનાં-પલ્લામાં છે કે અહિંસાના - સત્યના પલ્લામાં છે? માણસ દુનિ-ઉપર સ્વર્ગ તો ન ઉતારી શકે, પણ દુઃખનાં કારણો જરૂર ઓછાં કરી શકે અને માણસ પોતાના જીવનની સંધ્યાએ એમ કહી શકે કે સત્યનાં, અહિંસાના પલ્લામાં એક પાંદડી મૂકવાનું મેં કામ કર્યું છે-આવું કંઈક ચિંતન આપણે કરીએ - તો એ એનું જીવનસાફલ્ય છે.

સંકલન : ચીમનલાલ જે. શાહ

મહાત્માજીની જન્મશતાબ્દી ઉજવવાની સાચી રીત કઈ?

જાણીતા કેળવણીકાર શ્રી ઠાકોરલાલ શ્રીપતરાય ઠાકોરે એક નિવેદન પ્રગટ કરી ગાંધી જન્મશતાબ્દીની ઉજવણી રચનાત્મક રીતે કઈ રીતે થઈ શકે તે વિશે કેટલાંક વિચારણીય સૂચનો કર્યાં છે.

નિવેદનમાં તેઓ જણાવે છે કે: વર્તમાનપત્રમાંથી જાણવા મળે છે કે ફિલ્મ, નૃત્ય, રાસ, પ્રદર્શન, શિબિર મારફતે ગાંધીજીની શતાબ્દી યોજવામાં આવશે અને તેમાં ગુજરાત સંગીત નૃત્ય નાટક અકાદમી મુખ્ય ભાગ ભજવશે. આ સમાચાર વાંચવાતાં જ પહેલો વિચાર મને ઉદ્‌ભવે છે કે વીસ વર્ષ દરમિયાન ગાંધીજીના નીતિ, સદાચાર, કરકસર, સત્ય અને અહિંસાના સિદ્ધાંતોને સાતમા આસમાને ચઢાવી હવે શું ગાંધીજીને નૃત્ય, રાસ અને ગીતો મારફત યાદ કરી તેમની વિશેષ હાંસી કરવાની છે? આના કરતાં તો ગાંધીજીને ભૂલી જવામાં વધુ પ્રામાણિકતા અને સચ્ચાઈ છે અને તેથી તેમના આત્માને વધુ શાંતિ મળશે.

ગાંધીજી તો જીવતા હતા ત્યારે વખતોવખત કહેતા કે મારાં બાવલાં ઊભાં કરી મને યાદ ન કરશો. મને યાદ કરવો હોય તો "રચનાત્મક કાર્યક્રમ" મારફતે યાદ કરશો.

નેતાઓ આચરી બતાવે

મહાત્માજીને યાદ કરવા હોય તો આપણા દેશને નીતિનાશના માર્ગેથી પાછો વાળવો જ પડશે અને તેમના સિદ્ધાંતો જીવનમાં ઉતારવાનો સંકલ્પ આપણા થોડા નેતાઓએ પણ કરવો પડશે. નેતાઓ આવો સંકલ્પ કરે તો તેમના અનુયાયીઓ તેમને અનુસરે અને આપણા યુવાનોને માર્ગદર્શન મળે. ગાંધીજી પહેલાં આચરતા અને પછી શીખ આપતા. આપણા નેતાઓ ગાંધીજીના માર્ગે જવાની શીખ તો વખતોવખત આપ્યાં જ કરે છે, પણ એ શીખ પોતાના જીવનમાં ઉતારતા નથી એટલે ગાંધીવાદની આજે હાંસી થઈ રહી છે. મને એમ લાગે છે કે ગાંધીજીની શતાબ્દી સારામાં સારી રીતે ઉજવવી હોય તો તેની શરૂઆત આપણા નેતાઓએ કરવી જોઈએ.

રચનાત્મક કાર્યક્રમો

મારી દૃષ્ટિએ ગાંધીજીની શતાબ્દી નીચે પ્રમાણેના રચનાત્મક કાર્યોથી ઊજવી શકાય:–

૧. દુનિયાના ઈતિહાસમાં, રાજકારણમાં નીતિ, સદાચાર, ત્યાગ, સાદાઈ, અહિંસા, ગાંધીજી સિવાય કોઈ નેતાએ આપનાવી નથી. આપણા નેતાઓએ સંકલ્પ કરવો જોઈએ કે આજના રાજકારણમાંથી અમે ગુલ ટબાજી, અનીતિ, વૈભવ અને ભોગવૃત્તિને તિલાંજલિ આપીશું અને ગાંધીજીના સિદ્ધાંતો અપનાવીશું અને આપનાવી ન શકીએ તો અમારાં સ્થાનોનો ત્યાગ કરીશું.

૨. ઊંચે સ્થાને બેઠેલા આપણા નેતાઓ સાદાઈની પ્રતિજ્ઞા લેશે અને તે પ્રમાણે આચરશે, જેથી તેમના અનુયાયીઓ થોડું સ્થાન મળતાં રેશમી બંડી, રેશમી પહેરણ, શેરવાણી, અચકન પહેરતા ન થઈ જાય. આપણો રાષ્ટ્રીય પહેરવેશ ધોતી–પહેરણ, લેંઘો–પહેરણ કે આવો કોઈ સાદાઈનો પ્રતીક કયારે બનશે?

૩. આપણા પ્રધાનો પ્રતિજ્ઞા લેશે કે તેઓ ખૂબ સાદાઈથી રહેશે. રૂા. ૧૦૦૦નો પગાર પણ રૂા. ૩૦૦૦નો બીજો સરકારી ખર્ચ લેવાને બદલે તેઓ કુલ રૂા. ૨૦૦૦ નો પગાર લેશે અને વીજળી, બંગલા વગેરેનો ખર્ચ પોતાનો રાખશે જેથી કરકસર શું છે તે અનુભવાશે. આમ થતાં તેમના વૈભવની અદેખાઈ બીજાઓને થશે નહીં અને પ્રધાનપદા માટે પડાપડી નહિ થાય.

૪. જેમ વિદ્યાર્થીઓની અને કર્મચારીઓની વર્ષ દરમિયાન અમુક દિવસોની હાજરી આવશ્યક હોય છે. તેમ પ્રધાનોની રાજધાનીમાં ઓછામાં ઓછી ૩૦૦ દિવસની હાજરી (રવિવાર સાથે) આવશ્યક ગણાવી જોઈએ, જેથી કામનો નિકાલ થાય. રજત - જયંતી, સુવર્ણ - જયંતી અને એવા મહત્ત્વના પ્રસંગોએ જ તેમને રાજધાની બહાર જવું જોઈએ. પોતાના કાર્યથી તેઓ ચૂંટાઈ આવેલા હોવાથી પોતાનું કાર્ય રાજધાનીમાં બેઠા બેઠા ચાલુ રાખશે તો પોતાના મતદાર વિભાગમાં વખતો વખત જવાની જરૂર નહીં રહે. ઉદ્‌ઘાટનો અને દરરોજ પ્રગટ થતા નેતાઓના ફોટા બંધ થવા જોઈએ.

૫. રાજા મહારાજાના ઠાઠની હાંસી થઈ રહી છે અને તેમના સાલિયાણાં લઈ લેવાની વાત થાય છે. પણ આપણા ગવર્નરો અને પ્રધાનોના ઠાઠ રાજા મહારાજાથી ઓછા નથી હોતા. આ ઠાઠ ઓછા કરી દેવા જોઈએ, જેથી સમાજવાદની વાતો શોભે. વડા પ્રધાન એક દિવસની મુલાકાતે આવે અને પ્રજાના એકથી દોઢ લાખ રૂપિયા ખર્ચાય એવો બાદશાહી ઠાઠ તો અમેરિકા જેવા સમૃદ્ધ દેશમાં પણ જોવા મળતો નથી.

જીવનની મોટી કરુણતા

બુદ્ધ, મહાવીર, ક્રાઈસ્ટના અનુયાયીઓ આજે બે હજાર વર્ષ પછી પણ તેમના જીવનનો સંદેશો માનવતાના કાર્યો કરી તેમનું નામ રોશન કરી રહ્યા છે. ગાંધીજી આ જ કક્ષાના હતા, પણ કરુણતા એ છે કે તેમના અનુયાયીઓ વીસ વર્ષમાં જે તેમને અને તેમનાં માનવતાનાં કાર્યોને સદંતર ભૂલી ગયા છે. ગાંધીજીના જીવનની આ સૌથી મોટી કરુણતા છે. અને તેમના અનુયાયીઓની કાળી ટીલી છે. આ કાળી ટીલી ધોઈ નાખવાનો સમય આજે આવી પહોંચ્યા છે. અને મને આશા છે કે આપણા નેતાઓ આ સુવર્ણ પ્રસંગ નહીં ચૂકે.

વિષયસૂચિ

		પૃષ્ઠ
નવી દુનિયામાં - ૮	દલસુખ માલવણિયા	૪૭
પ્રકીર્ણ નોંધ: એક ક્ષમાયાચના, સ્વ. શ્રીમતી ચંદ્ર કુમારી હન્દુ, શ્રી ડાહ્યાલાલ વેલચંદ ઝવેરીનો સ્વર્ગવાસ, કુમારી જ્યોતિબહેન મોહનલાલ પારેખને હાર્દિક અભિનંદન, ભારતની સાચી ઓળખ, મારી માન્યતા, કોણાર્ક અને ખજુરાહો સદેશ મંદિરોના મૈથૂન શિલ્પો વિષે એક વધારે અભિપ્રાય, કૉલેરાની બિમારી માટે અકસીર ઈલાજ:	પરમાનંદ	
નેશનલ ઈન્ટીગ્રેશન કાઉન્સિલનું ઉદ્‌ઘોષણાપત્ર		૫૧
રાષ્ટ્રીય એકતા	ચીમનલાલ ચકુભાઈ શાહ	૫૨
મહામૂલા જીવનમાંથી હું શું શીખ્યો?	ચીમનલાલ ચકુભાઈ શાહ	૫૨
મહાત્માજીની જન્મશતાબ્દિ ઉજવવાની સાચી રીત કઈ?		૫૩
શ્રેયાભિમુખ માનવીનો ઉત્થાન ક્રમ	હેન્ડ્રીક વિલેમ્ઝ	૫૪
સંઘ તરફથી શ્રી જીવરાજ ભાણજી શાહનું કરવામાં આવેલું સન્માન.		૫૬

શ્રેયાભિમુખ માનવીનો ઉત્થાનક્રમ

('હેન્ડ્રીક વિલેમ્ઝ'ના મૂળ ડચ ભાષામાં લખાયલા 'The Great Secret' એ નામના પુસ્તકનો ૧૯૬૨ ની સાલમાં પ્રગટ થયેલો અંગ્રેજી અનુવાદ એક મિત્રદ્વારા થોડા સમય પહેલાં મને પ્રાપ્ત થયો. તે વાંચતાં તેમાં કરવામાં આવેલા તાત્ત્વિક નિરૂપણ વડે હું અત્યન્ત પ્રભાવિત બન્યો. સાધારણ રીતે કોઈ વિજ્ઞાનવેત્તા તત્ત્વ-ચિન્તન તરફ ભાગ્યે જ વળેલો જોવામાં આવે છે; આવી જ રીતે કોઈ તત્વચિન્તક ભાગ્યે જ વિજ્ઞાનનો અભ્યાસી હોવાનું માલુમ પડે છે. પ્રસ્તુત લેખક જેમનો એમસ્ટર્ડામમાં જન્મ થયો છે, તેઓ એક મોટા વૈજ્ઞાનિક છે અને આન્તરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા એક ટેક્નીકલ સંસ્થાના મેનેજર છે, અને તે કારણે તેમના પગ ધરતી સાથે સીધો સંપર્ક ધરાવે છે. આમ છતાં ઈલેકટ્રો - ટેકનીકસ અને ન્યુકલીઅર ફીઝીકસના ઘેરા ચિન્તન – મનનદ્વારા આધ્યાત્મિક અને મનોવૈજ્ઞાનિક અનુભૂતિઓના વિશ્લેષણ તરફ તેઓ ઢળ્યા છે અને તેના પરિણામે જે જીવનરહસ્ય તેમને પ્રાપ્ત થયું છે તે આ પુસ્તક-માં તેમણે પ્રગટ કર્યું છે.

એક અત્યન્ત કુશળ વૈજ્ઞાનિક અને જેને આન્તર પ્રકાશ પ્રાપ્ત થયો છે એવો એક અનુભવસંપન્ન ફિલસૂફ–આ બન્નેનો પ્રસ્તુત જીવનદર્શનમાં આપણને સુભગ સમન્વય સાંપડે છે. આ પુસ્તકનું સમગ્ર તત્ત્વનિરૂપણ વિજ્ઞાનની પરિભાષામાં રજુ થયેલું હોઈને તેને સર્વથા સમજવું મારી જેવી વિજ્ઞાનથી અજાણ, અનભિજ્ઞ વ્યકિત માટે શકય નહોતું. એમ છતાં પણ આ પુસ્તક ફરી ફરીને વાંચતાં તેમાંથી જે કાંઈ હું સમજી શકયો તે ઉપરથી મને પ્રતીતિ થઈ કે પ્રસ્તુત લેખકનું જીવનદર્શન કોઈ ચોક્કસ અનુભૂતિપૂર્વકનું છે. આ આખા પુસ્તકનો ગુજરાતીમાં અનુવાદ થાય એમ હું જરૂર ઈચ્છું, પણ તેની વિકટ વૈજ્ઞાનિક પરિભાષાને અંગે તે કાર્ય મારી જેવા માટે શકય નથી. આમ છતાં તે પુસ્તકમાંના એક પ્રકરણના અમુક ભાગ-નો અનુવાદ - શબ્દશ: નહિ પણ ભાવાનુવાદ કરવા મેં પ્રયત્ન સેવ્યો છે અને તેનું જે પરિણામ આવ્યું તે ખચકાતે મને પ્રબુદ્ધ જીવનના વાચકો સમક્ષ નીચે રજુ કરૂં છું. ખચકાતે મને એટલા માટે કે લેખકના ગહન વિચાર અને ભાવને મારા અનુવાદમાં હું યથાસ્વરૂપે ઉતારી શકયો છું કે કેમ તે વિષે મને શંકા છે.

પ્રસ્તુત લેખમાં, માનવીનો જેમ જેમ વિકાસ થતો જાય છે તેમ તેમ તેનાં વિચારવાણીમાં કેવો વિકાસ થતો જાય છે અને ઈશ્વર વિષેની તેની કલ્પનામાં – માન્યતામાં – કેવું પરિવર્તન થતું જાય છે તેનું વિચારગહન વિવરણ છે. પ્રબુદ્ધ જીવનના વાચકોને આ અનુ-વાદ આત્મજીવન વિષેના ગહન ચિન્તન - મનન તરફ ગતિમાન થવામાં કાંઈક પ્રેરણાનિમિત્ત બનશે તો મારો આ પરિશ્રમ સફળ થયો લેખીશ. પરમાનંદ)

શ્રેયાભિમુખ માનવીનો ઉત્થાનક્રમ

જીવનની જે ભૂમિકા ઉપર સામાન્ય માનવીઓ હોય છે તે ભૂમિકા ઉપર હજુ ઉર્ધ્વ ચેતનાને બહુ નજીવું મહત્ત્વ આપવામાં આવે છે. અણવિકસિત આદિકાલીન ચેતનાનું તેમના ઉપર પ્રભુત્વ હોય છે. આ સ્થિતિ દુનિયામાં સર્વત્ર બધા લોકોમાં અને બધી જાતિઓમાં હોય છે અને તેમનામાં રહેલી સમાન સંજ્ઞાઓ-(Instincts) દ્વારા તે સ્થિતિ એક સરખી હોવાનું માલુમ પડે છે. આમાં પણ એક હકીકત સવિશેષપણે આપણ ધ્યાન ઉપર આવે છે. તે એ છે કે જે માથાભારી હોય છે અને જેનામાં સૌથી વધારે શારીરિક તાકાત હોય છે તેનું જ ધાર્યું આ ભૂમિકા ઉપર થતું દેખાય છે.

હંમેશનો ખોરાક, કપડાં અને ઘર – આ ઊભી કરવામાં આવેલી પાયાની જરૂરિયાતો પૂરી પાડવા જતાં સ્પર્ધા અને હરીફાઈ પેદા થયા વિના રહેતી નથી. પરિગ્રહવૃત્તિ, લોભ, સ્વાર્થપરાયણતા, અન્યનું શોષણ કરવાની - ઝંટવી લેવાની - વૃત્તિ આવાં વલણો આ કક્ષા ઉપર સૌથી વધારે ક્રિયાશીલ બનતાં માલુમ પડે છે. પોતાની જાતને બચાવી લેવાની - સુરક્ષિત રાખવાની - આન્તર સુઝ માનવીને આ દિશા તરફ ઘસડી જાય છે. દરેકની સામે પ્રશ્ન હોય છે - "તેથી મને શું લાભ?" "તેથી મને કેટલો ફાયદો?" "બીજા માનવીમાંથી હું શું મેળવી શકું?" અહીં એક જ કાયદો સર્વત્ર પ્રવર્તમાન હોય છે. આંખની સામે આંખ, દાંતની સામે દાંત, અને જો તમે મારૂં ભલું કરો તો હું તમારૂં ભલું કરું.

વિચારનું વસ્તુ ઉપર, ભૌતિક બાબતો ઉપર કેન્ટ્રીકરણ હોય છે અને ખાસ કરીને તે દ્વારા બને તેટલો અંગત લાભ ઉઠા-વવાની આ કક્ષાના માનવીમાં વૃત્તિ હોય છે. To be or not to be નો–ટકવા - ન ટકવાનો–આ સંઘર્ષ છે, જે તત્ત્વત: અર્થવિનાનો છે અને એક પ્રકારની માનસગ્રંથિના રૂપનો હોય છે, પણ માનવીને હજુ આ તથ્યનું ભાન થયું હોતું નથી.

જીવન પ્રત્યે આ પ્રકારનો અભિગમ હોવાના કારણે, માનવ-જાત વર્ગોમાં વિભાજિત બની ગઈ છે. અત્યન્ત સ્વાર્થલક્ષી, અહં–ભાવપૂર્વકની–ભૌતિકલક્ષી ચેતનાની – આ કઠોર, કર્કશ અને બેચેની-ભરી પરિસ્થિતિ વચ્ચે આપણે જીવતા હોઈને, આથી કાંઈક વધારે ઉંચા – એવા જીવનતત્ત્વ વિષે આપણને બહુ આછો ખ્યાલ હોય છે. માનવી અન્ય માનવીઓથી ઘસડાયા કરે છે અને જે બીજી રીતે વર્તવાની હિંમત કરે છે તેનું આવી બને છે. માત્ર જ્યારે માનવી જાગૃત અન્ત:કરણપૂર્વક, ચોતરફના સંયોગોના ચોગઠામાં પોતાની જાતને ફસાયેલી અનુભવે છે ત્યારે, તેની આન્તર ચેતના અવારનવાર ઉપર આવે છે, પણ શરૂઆતમાં તેનો ઉગમ અસ્પષ્ટ આકારનો હોય છે.

તેના અન્તરના ઊંડાણમાં આવો માનવી સૌથી પહેલાં પોતા માટે ઈશ્વરની એક મનોગત કલ્પના, તેના પોતાના સંયોગો મુજબ, ઊભી કરે છે, એટલે કે તે એક એવી સત્તાને કલ્પે છે, જે લોકોને તેમના પોતાના દુષ્કૃત્યો બદલ સખ્ત શિક્ષા કરવાનું સામર્થ્ય ધરાવે છે, એ એવી સત્તા કે જેનાથી માણસે સદા ચેતતા રહેવું–બીતા રહેવું ઘટે છે. પાપની અને પ્રાયશ્ચિતની, શિક્ષાની અને કૃપાની સંવેદના તેના દિલમાં ખૂબ આગળ આવે છે. પાપ બદલ શિક્ષા કરનાર આવી મહાન સત્તા સાથે મીઠો સંબંધ જાળવી રાખવાની તે ચિન્તા કરતો - પ્રયત્ન કરતો–માલુમ પડે છે અને "જો તમે આમ કરશો તો હું આ અને તે કરીશ" એવી ઈશ્વર સાથે તે સોદા-બાજી કરતો હોય છે. માણસને ભોગ પણ આપવો પડે છે ત્યાગ પણ કરવો પડે છે, પણ તે ઈશ્વરને ખુશ રાખવા ખાતર અને તેની ખુશામત કરવા ખાતર અને પોતાને ઈષ્ટ એવી વસ્તુ તેની પાસેથી પ્રાપ્ત કરવા ખાતર. એમાં કોઈ શક નથી કે માણસે પોતાની આવી પરિસ્થિતિનો સતત સામનો કરતા રહેવાનું હોય છે.

આમ છતાં પણ તેના અનુભવો તેનામાં કાંઈક નવું સંવેદન જાગૃત કરે છે. કઠોર, શુષ્ક, ઉષ્માવિહોણા અને કેવળ નિરાશા–ભરેલા વાતાવરણ સામે તેનું અન્તર બળવો કરે છે. તેની બધી ઈચ્છા-ઓ પરિતૃપ્ત થવા છતાં પણ, તેને કોઈ ખરો સંતોષ થતો જ નથી. આના પ્રત્યાઘાતરૂપે, તેના અન્તસ્તત્ત્વમાંથી કોઈક આન્તરિક શકિત વિકસવા માંડે છે. તે જોવા માંડે છે અને તેને અનુભવ થવા લાગે છે કે પ્રાથમિક દશાના નિમ્ન કોટિના તત્ત્વ કરતાં ઘણું વધારે ઊંચું એવું તત્ત્વ તેના પોતાનામાં જ ભર્યું પડયું છે. આ ઉર્ધ્વતર તત્ત્વ કે જે તેને હલાવી રહેલ છે અને જે હજી જાણે કે તેનાથી અલગ જેવી સ્થિતિ ધરાવતું લાગે છે તે વડે તે તર્કવિતર્ક કરવા માંડે છે,

અને તેનામાં કોઈ નવી સમજનો ઉગમ થવા માંડે છે. નિમ્નતર અને ઉર્ધ્વતર તત્ત્વો વચ્ચે અનવરત સંઘર્ષ શરૂ થાય છે અને બન્ને મળીને તેનામાં એક અસ્થિરતાભરી વ્યાકુળતા નિર્માણ કરે છે. અસત્ તત્ત્વ જે નીચેથી ઉપર આવે છે અને સત્ તત્ત્વ જે ઉપરથી નીચે અવતરે છે - અહંભાવ અને સર્વવ્યાપી અનન્યભાવ - આ બેમાંથી કોણ જીતશે અને કોનો પરાભવ થશે એ ચોક્કસપણે કહી શકાતું નથી.

આ કક્ષા ઉપર પશ્ચિમમાં ૭૦ થી ૮૦ ટકા લોકો રહેતા હોવાનો અંદાજ કરવામાં આવે છે (કદાચ વધારે પ્રમાણ પણ હોય). પણ જે અસ્થિર છે તેણે સ્થિરતા પ્રાપ્ત કરવી જ રહી. જેમ જેમ ઉર્ધ્વતર તત્ત્વની વૃદ્ધિ થતી જાય છે તેમ તેમ સંકલ્પશક્તિનું નિયંત્રણ પ્રસ્થાપિત થતું જાય છે. જ્યારે માનવી અહિં સુધી આવી પહોંચ્યો હોય છે અને તેની મર્યાદાઓમાંથી, ટોળાવૃત્તિમાંથી અને અનેક ટેવોની ગ્રંથિઓમાંથી તેણે મુકિત સાધી લીધી હોય છે ત્યારે તે બીજું પરમ તત્ત્વ તેનામાં સત્વર સક્રિય બનવા લાગે છે. બરફ–પાણીના રૂપકમાં જણાવીએ તો તે સઘનપણાની જડતાને વટાવીને માનવી વધારે પ્રવાહી–વધારે ઋજુતાભરી–સ્થિતિ તરફ ગતિમાન બને છે. આને નૈતિક ચેતનાની–moral consciousnessની–જાગૃતિ તરીકે ઓળખાવી શકાય.

આ કક્ષાએ પહોંચેલો માનવી આ બધું પોતે શા માટે કરી રહ્યો છે તે વિષે કૌતુક અનુભવવા લાગે છે; તેનામાં એ પ્રકારની પ્રતીતિ વિકસતી જાય છે કે બીજો માણસ પોતાની જેવો જ છે અને બન્ને એકસરખા સંયોગોમાં મૂકાયા છે. તે કોઈ પણ કાર્યનું મૂલ્ય માત્ર કાર્ય પૂરતું નથી આંકતો, પણ કયા સંયોગોમાં તે કાર્ય કરવામાં આવ્યું હતું તેના સંદર્ભમાં તેનું મૂલ્ય આંકવા માંડે છે અને તેનાં કારણોની શોધમાં તે પ્રવૃત્ત થાય છે.

પહેલાં, પોતે અન્યથી અલગ છે એ રીતે પોતા વિષે તે વિચાર કરતો હતો; હવે 'અમે' અને, 'આપણે,' એ મુજબ તે વિચારતો થાય છે અને તદનુસાર તેની પરિભાષા પણ બદલાય છે. તે વધારે માનવતાપરાયણ બને છે; અન્ય સાથે સહકાર કરવાની વૃત્તિ તેનામાં વિકસવા લાગે છે: તે બીજા લોકોની સારસંભાળ લેવા લાગે છે; તેમને મદદરૂપ થવા માંડે છે; તેમની જરૂરિયાતો શું છે તે બરોબર સમજવા તરફ તેનું મન ઢળે છે; તેઓ શી રીતે વિચારે છે તે સમજવા પ્રયત્નશીલ બને છે. પોતાના સહોદર માનવીમાં તે રસ લેતો થાય છે અને તેને સહાયરૂપ બનવા આતુરતા અનુભવે છે. દાખલા તરીકે કોઈ એક ફ્લોરેન્સ નાઈટીંગેઈલનો, કોઈ એક આલબર્ટ સ્વાઈટ્ઝરનો એબે પિયારેનો, વિલિયમ બૂથનો અને એવા બીજાઓનો વિચાર કરો! (જો કે આવી મહાન વ્યકિતઓની ચેતનાની વિકાસકોટિ સામાન્ય માનવી કરતાં ઘણી વધારે ઊંચી હોવા સંભવ છે.)

ત્યાર બાદ તેને એક અદ્‌ભુત અનુભવ થવા લાગે છે કે મદદના રૂપમાં, વિચારના રૂપમાં, સુખ સગવડ આપવાના રૂપમાં જેમ જેમ તે અન્યને વધારે ને વધારે ટેકો આપતો થાય છે તેમ તેમ તેની અંદર રહેલું મૂળતત્ત્વ આનંદથી, પ્રસન્નતાથી, ઉષ્માભર્યા પ્રેમથી ઉભરાવા લાગે છે અને 'અહં'ના ખ્યાલથી તે વધારે ને વધારે મુકત બનતો જાય છે. ઈશ્વર વિષેની તેની કલ્પના બદલાવા લાગે છે. આ સર્જક તત્ત્વને ભલાઈથી ભરેલા એક મહાપુરુષ તરીકે, એક સન્ત તરીકે, આમ છતાં પણ, એક માનવીના રૂપમાં એક સાકાર તત્ત્વ તરીકે તે જોતો, નિહાળતો, અનુભવતો, પીછાણતો થાય છે. આ ઈશ્વરનો આપણે વિશ્વાસ કરી શકીએ છીએ; તે એક સલાહકાર અને મિત્ર છે, જે જરૂર શિક્ષા કરે છે પણ ન્યાયી છે–આ રીતે તે ઈશ્વર અંગેની કલ્પના કરવા લાગે છે. કારણકાર્યનો નિયમ તે શોધી કાઢે છે; તેના વિચારો વ્યાપકતા ધારણ કરતા જાય છે; આમ વિકાસ પામેલા માનવીમાં પાયાનાં તત્ત્વો વિષે રસ જાગે છે. જેઓ વૈનિતિક ભૂમિકા ઉપર પ્રાણવાન કાર્યો કરી બતાવવાની તાકાત દાખવે છે એવા માનવીઓ આ પ્રકારના હોવાનું માલુમ પડે છે.

ધીમે ધીમે, આ વિધાયક વલણદ્વારા અને અન્યની સેવાઓ કરવા દ્વારા તેની ચેતના વધારે ને વધારે પાંગરતી જાય છે. જે કાંઈ બને છે તે વિષે પહેલાં તે કાંઈક ગૃહિત કરીને અને અભાનપણે ચાલેલો, પણ હવે તે વિષે તેના ચિત્તમાં કૌતુક–જિજ્ઞાસા–જાગે છે. પોતે વધારે ઉપયોગી થઈ શકે અને અન્ય સાથે વધારે સારી રીતે સહકાર કરી શકે તે માટે વધારે ઊંડી સમજ અને શકિત પ્રાપ્ત કરવા તે આતુર બને છે. જીવનની ગૂઢતાની રહસ્યમયતાની તેના ચિત્તમાં જડ જામતી જાય છે અને સર્વ કાંઈની પાછળ જે કાર્ય કરી રહેલ છે તે પરમ તત્ત્વ તરફ તેનું ધ્યાન વધારે ને વધારે કેન્દ્રિત થવા લાગે છે. અને જેમ જેમ "કેમ? શા માટે? અને શેના લીધે?"–આ પ્રશ્નોને ઉકેલવાનો તે વધારે ને વધારે પ્રયત્ન કરે છે તેમ તેમ તાત્વિક ચિન્તન તરફ તે વધારે ને વધારે ઢળતો જાય છે અને કેન્દ્રસ્થ તત્ત્વ તરફ અન્તરના ઊંડાણમાં તે જેમ જેમ ઉતરતો જાય છે તેમ તેમ, જેને આપણે Ethical Consciousness–નૈતિક ચેતના–તરીકે ઓળખાવી શકીએ તે કક્ષામાં તે પ્રવેશ કરે છે.

અન્તર્તમ રહસ્ય તરફ લઈ જતા માર્ગે આગળ વધતાં તેની આકરી કસોટી થવા લાગે છે. તેના વિષે નવી નવી અપેક્ષાઓ ઊભી થવા માંડે છે. આ ભૂમિકા ઉપર જુદા જ નિયમો પ્રવર્તતા હોય છે. અને જેમ બરફ, પાણી અને વરાળ મૂળ જળતત્ત્વના જ સ્થિત્યન્તરો છે અને એમ છતાં સ્થૂળમાંથી સૂક્ષ્મ અને તેમાંથી સૂક્ષ્મતર તરફનું ઉર્ધ્વીકરણને સૂચવે છે તેમ પરસ્પર ઐકયનો ભાવ સૂચવતા 'અમે' અને 'આપણે' એ શબ્દો મૂળ ભાવને અભિવ્યકત કરતા હોવા છતાં હવે વિકસતા જતા અદ્વૈતનું પ્રગટીકરણ કરે છે અને કોઈ નવા સ્થિત્યન્તરનું દર્શન કરાવે છે.

સાંકડા, બંધાયેલા વિચાર–આકારો જેની જડતામાં ઘટાડો થવાની શરૂઆત થઈ ચૂકી હતી તે વિચાર–આકારો બાહ્ય, તેમ જ આન્તર જગતના આઘાતપ્રત્યાઘાતોના પરિણામે, બાહ્ય તેમ જ અન્તર્ગત રીતે વધારે ને વધારે વિશાળતા ધારણ કરવા લાગે છે. વિશેષ અને વિશેષ આન્તરનિરીક્ષણ કરતે કરતે તે અનિવાર્યપણે આન્તરજગતના જીવનને તેમ જ સમગ્ર વિશ્વમાં કામ કરી રહેલ શકિતની પ્રક્રિયાઓને વધારે સ્પષ્ટ આકારમાં અનુભવતો, સમજતો, ગ્રહણ કરતો થાય છે.

આવરણ વધારે ને વધારે હળવું બનતાં, શુદ્ધ ચેતનાની કાર્યવાહીનું તેને વધારે સ્પષ્ટ દર્શન થવા માંડે છે, જેના પરિણામે આન્તરિક આધ્યાત્મિક શકયતા–Inner spiritual potential–પેદા થાય છે, આવીર્ભૂત બને છે.

આ આધ્યાત્મિક શકયતા બૌદ્ધિક શકયતાથી ઘણા જુદા પ્રકારની છે. બૌદ્ધિક શકયતાને તીવ્ર સંવેદનોનું પીઠબળ હોય તો પણ તેની એક મર્યાદા છે. તે અન્તસ્તત્વને ભેદી શકતી નથી, પામી શકતી નથી, જ્યારે આધ્યાત્મિક શકયતાના અનાવરણ દ્વારા આન્તર્ગત શુદ્ધિને – આધ્યાત્મિક નિર્મળતાને–પ્રાપ્ત કરી શકાય છે અને તેજોમય આધ્યાત્મિક વાતાવરણનું તેના પૂર્ણ તેજસ્વી રૂપમાં નિર્માણ કરી શકાય છે, જેમાંથી સાધારણ રીતે પૂર્ણ મૌન–Complete Silence–પ્રગટે છે અને તે દ્વારા મૂળ તત્વની અત્યન્ત સમીપ માનવી જઈને ઊભો રહે છે.

આવી ઉત્ક્રાન્તિના પરિણામે ઈશ્વર અંગે સાધક માનવીના મનમાં જે ચિત્ર અંકાયું હતું તે ચિત્ર સરી પડે છે અને ઈશ્વર નિરાકાર રૂપ ધારણ કરે છે. તેને ઈશ્વર પૂર્ણ પ્રેમ, અમાપ કર્તૃ-શકિત અને પ્રજ્ઞાપારમિતાના પ્રતીક રૂપે દેખાય છે.

અનુવાદક :
પરમાનંદ

ક્રમશ :

મૂળ લેખક :
હેન્ડ્રીક વિલેમ્સ

સંઘ તરફથી શ્રી જીવરાજ ભાણજી શાહનું કરવામાં આવેલું સન્માન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૨૫મી જુન મંગળવાર સાંજના સમયે ધી ગ્રેઈન, રાઈસ એન્ડ ઓઈલ સીડઝ મરચન્ટસ એસોસીએશનના હૉલમાં, મુંબઈ મ્યુનિસિપલ કોરપોરેશનની બેસ્ટ સમિતિના તાજેતરમાં નિમાયેલ ચેરમેન શ્રી જીવરાજ ભાણજી શાહનું સન્માન કરવામાં આવ્યું હતું. પ્રમુખસ્થાને સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ બીરાજ્યા હતા.

શરૂઆતમાં સંઘના ઉપપ્રમુખ શ્રી પરમા ંદ કુંવરજી કાપડિયાએ શ્રી જીવરાજભાઈને આવકાર આપતા કહ્યું, "શ્રી જીવરાજભાઈ આપણા સૌનાં સુપરિચિત અને મિત્ર જેવા છે. આજે મુંબઈની મ્યુનિસિપાલિટીમાં ૧૬ વર્ષથી એક યા બીજી કમિટીમાં, એક યા બીજા હોદ્દા ઉપર, કામ કરે છે અને આજે તેઓ બેસ્ટ કમિટીનાં ચેરમેનપદે છે. તેમનો આપણી સાથેનો વ્યવહાર હંમેશા પ્રેમભર્યો રહ્યો છે. તેઓ સંકટ સમયે હંમેશ ખડા પગે ઊભા રહે છે. આટલા મોટા સ્થાન ઉપર આવવા છતાં આપણાથી જુદા છે એવું આપણને કદિ લાગે નહિ. હંમેશ હસતા, હંમેશ પ્રસન્ન."

ત્યાર બાદ સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહે આજના સમારંભનું મહત્ત્વ સમજાવતાં કહ્યું કે "આજના સમારંભદ્વારા શ્રી જીવરાજભાઈને તેમના ઉત્કર્ષમાં આપણા આનંદની આપણે પ્રતીતિ કરાવી શકીશું, અને સાથે સાથે તેમના જીવનમાંથી ઘણું જાણવાનું મળશે અને આપણને ય પ્રેરણા મળશે. શ્રી જીવરાજભાઈ સાચા અર્થમાં જનતાના પ્રતિનિધિ છે. સંકટોમાં તેમણે તેમની સેવા આપવામાં દિવસ કે રાત જોયા નથી. શહેરની નાની મોટી કેટલીય સંસ્થાઓ સાથે તેઓ સંકળાયેલા છે. બેસ્ટ કમિટીનાં પ્રશ્નોની જ નહિ પણ મ્યુનિસિપાલિટીના બધા જ વહિવટી પ્રશ્નોની તેમને સૂઝ છે. તેઓ મેયર થવાને અધિકારી વ્યકિત છે. મારી પ્રાર્થના છે તેઓ આવતાવર્ષે મેયરસ્થાને આવે અને વળી પાછા આપણે તેમનું સન્માન કરવાને ભેગા થઈએ."



શ્રી જીવરાજ ભાણજી શાહ

શ્રી રતિલાલભાઈ કોઠારીએ શ્રી જીવરાજભાઈ સાથેના એક સ્નેહી અને મિત્ર તરીકેનાં સ્મરણો તાજાં કર્યાં અને કહ્યું "શ્રી જીવરાજભાઈ સાથે ૧૯૪૪ના ધડાકાથી જે મીઠો પરિચય થયો તે આજદિન સુધી એકધારો ટકી રહ્યો છે. તેઓ બીજી હરોળના નેતા છે. જીવનમાં સેવા એમનો મંત્ર છે. આવા નિઃસ્વાર્થી સેવાભાવી સાથીનું સન્માન કરવામાં મુંબઈ જૈન યુવક સંઘે પોતાના નામને સાર્થક કર્યું છે."

ત્યાર બાદ પોતે કચ્છી હોઈને જીવરાજભાઈને વર્ષોથી નિકટતાપૂર્વક જાણતા એવા શ્રી દામજીભાઈ, શ્રી શામજીભાઈ, શ્રી ગોવિંદજીભાઈ, શ્રી કાંતિભાઈ, શ્રી પ્રેમજીભાઈ તથા શ્રી ધારશીભાઈએ જીવરાજભાઈ સાથેનાં પોતાનાં સંબંધોનો ઉલ્લેખ કરી, તેમની કાર્યશકિત, કામ આટોપવાની કુનેહ, પ્રશ્નોનો ઉકેલ લાવવાની સરળતા, તેમની માનવતા, તેમનું ધબકતું સર્વદેશીય સર્વલક્ષી જીવન– આ બધા ગુણોની ઉપર વેધક પ્રકાશ પાડ્યો હતો.

પ્રમુખસ્થાનેથી બોલતાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે જણાવ્યું કે "સારા માણસને મળવાનો યોગ કરી આપવો એ મુંબઈ જૈન યુવક સંઘનું કામ રહ્યું છે. આ રીતે શ્રી. જીવરાજભાઈને મળવાની એક તક યુવક સંઘે ઊભી કરી છે એનો આપણને આનંદ છે.

"જાહેર જીવનમાં જે વ્યકિત પડે છે એ વ્યકિતથી પછી એમાંથી બહાર નીકળવું હોય તો ય નીકળાતું નથી. કારણ, એમાં એનાં સ્વાર્થ કરતાં એનો સાચો વિકાસ છે. શ્રી જીવરાજભાઈ મેયર થશે જ, પણ મેયર માટેની અપેક્ષા રાખવી અથવા સેવાના ક્ષેત્રમાં કંઈ પણ અપેક્ષા રાખવી એ પાયાની ભૂલ છે. અલબત્ત, જીવરાજભાઈમાં આવી કોઈ અપેક્ષા નથી. માણસ ગમે તેટલા મોટા સ્થાન ઉપર આવે કે તે સ્થાન ઉપરથી નીચે ઉતરે તો પણ એના જીવનમાં કશો જ ફરક ન પડવો જોઈએ. અને એવી જ વ્યકિતઓ એમ કહી શકે છે કે "હું છું એ જ છું.

"આજે જાહેરજીવન ઘણું જ અકળાવનારું થઈ ગયું છે. મોટા ભાગના લોકોમાં હતાશા નિરાશા આવી જાય છે. પ્રધાનપદે રહેલાને પદેથી ઉતરતા, ઝૂરી ઝૂરીને મરતા મેં જોયા છે.– આ જીવનનું Frustration છે. વળી, જાહેર જીવનમાં પડેલા પાસે લોકોની અપેક્ષા પણ વધુપડતી હોય છે. કયાંક કડવા થવું પડે છે. અંતરમાં કરુણા હોય તો પણ. વાસ્તવાદી થયા વિના આજે છૂટકો નથી.

"બાકી, જે માણસ નાનામાં નાનું કામ સારામાં સારી રીતે કરી શકે છે તે મોટામાં મોટું કામ પણ સારી રીતે કરી શકે છે. એક કામ કરો પણ સારું કરો અને જીવનવિકાસનાં દ્વાર ઉપર આવી જશે.

"શ્રી જીવરાજભાઈ માટે મને ખૂબ આદર છે. તેઓ ઘણા વર્ષોથી જાહેર જીવનમાં પડયા છે એ હું જાણું છું. જાહેરજીવનમાં પડવું એટલે લોઢાનાં ચણાં ચાવવા જેવું છે. બહુ સારા કહેવડાવવામાંથી આપણે આપણી એક Image ઊભી કરીએ છીએ અને પછી એ Image ને ટકાવી રાખવા માટે રાતદિવસ કામ કરવું છે.

"આ સ્થિતિ જાણે કે મારી કે જીવરાજભાઈ જેવા અનેકની હોય એમ લાગે છે. આમ આપણું ગજું નાનું અને કામ અને માંગ તો વધતી જ જાય. આવી સ્થિતિમાં આપણાથી સૌ કોઈને રાજી રાખી શકાતા નથી. કદિ કદિ એક યા અન્ય સાથે કડક પણ થવું પડે છે. મારો આવો અનુભવ છે અને જીવરાજભાઈનો પણ આવો અનુભવ હોવો જોઈએ. સંભવ છે કે મારા કરતાં વધારે નરમાશથી તેઓ કામ લેતા હશે અને મારા કરતાં ઓછા માણસોને જીવરાજભાઈ નાખુશ કરતા હશે. આવા આપણા સર્વના સ્વજન સમા સ્નેહના પાત્ર જીવરાજભાઈને દીર્ઘાયુષ્ય અને સુદૃઢ આરોગ્ય આપણે ઈચ્છીએ તેમ જ પ્રાર્થીએ કે જેથી તેઓ મેયર થાય યા ન થાય તેમની સેવાની પરબ એક સરખી ચાલુ રહે અને અનેકની તૃષાને ઠારતી રહે."

ત્યારબાદ પ્રમુખસાહેબે શ્રી જીવરાજભાઈનું હારતોરા વડે સન્માન કર્યું અને પછી શ્રી જીવરાજભાઈએ જૈન યુવક સંઘનો આભાર માનતા ૧૯૨૮-૩૦ નાં સ્મરણો તાજાં કરી કહ્યું: "મારાં સંસ્કારના મૂળમાં શ્રી પરમાણંદભાઈ છે, કે જ્યારે તેઓ અયોગ્ય દિક્ષા વિરોધમાં અને સામાજિક રૂઢિઓના વિરોધમાં આંદોલન કરતાં અને સભાઓ ભરતા. આજે અનુભવે હું કહી શકું છું કે, કોઈપણ પ્રશ્નનો બુદ્ધિપૂર્વક વિચાર કરવામાં આવે તો તેનો સહેજે ઊકેલ આવી જાય છે. બાકી, જાહેર જીવનમાં હિમત અને સચ્ચાઈ મહત્વનાં અંગો છે." આ ઉપરાંત બીજી પણ કેટલીક બાબતો તેમણે જણાવી અને પોતાનું નિવેદન પૂરું કર્યું.

ત્યારબાદ બેસ્ટ કંપની સંબંધે કેટલાક પ્રશ્નો પૂછાયા અને તેના જવાબમાં શ્રી જીવરાજભાઈએ બેસ્ટ કંપનીના વહીવટનું સ્વરૂપ, તેની ગૂંચો અને મુશ્કેલીઓ અને સામાન્ય જનતાને રાહત આપવા માટે શું શું વિચારવામાં આવે છે તેનો વિગતવાર ખ્યાલ આપ્યો. અને આ રીતે બેસ્ટ કંપનીના વહીવટ અંગે તેમનો કેટલો ઊંડો અભ્યાસ છે તેની શ્રોતાવર્ગને પ્રતીતિ થઈ. એ સાથે જોડાયલા અલ્પાહારપૂર્વક સૌ કોઈ આનંદભર્યા વાતાવરણમાં છૂટા પડ્યા.

સંકલન : ચીમનલાલ જે. શાહ.

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ–૩.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ–૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૦ : અંક ૬

પ્રબુદ્ધ જીવન


મુંબઇ, જુલાઇ ૧૬, ૧૯૬૮, મંગળવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્રકીર્ણ નોંધ

ગુજરાતના મુખ્ય પ્રધાન શ્રી હિતેન્દ્ર દેસાઈ કયા જમાનામાં વસે છે?



તા. ૨૬-૬-૬૮ના 'જન્મભૂમિ'માં ઉપરની છબી પ્રગટ કરવામાં આવી હતી. તેમાં ગુજરાતના મુખ્ય પ્રધાન શ્રી હિતેન્દ્ર દેસાઈ અમદાવાદથી યુરોપના પ્રવાસ માટે ઉપડ્યા તે પહેલાં તેમનો પ્રવાસ નિર્વિઘ્ન અને સુખરૂપ બની રહે એવો ભાવ દાખવવાના હેતુથી તેમનાં પત્ની સૌ. સગુણાબહેન દેસાઈ હિતેન્દ્રભાઈની આરતી ઉતારી રહ્યાં છે અને એ પ્રસંગે તસવીરકારને હાજર રાખવામાં આવ્યો છે અથવા તો હાજર રહ્યો છે અને આ ધન્ય પ્રસંગને પોતાના કેમેરામાં તેણે ઝડપી લીધો છે.

ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે તેમની વહીવટી કુનેહ અને કુશળતાની આજે ચોતરફ પ્રશંસા થઈ રહી છે અને એ વિષે આપણે કશું જ કહેવાનું નથી, પણ બીજી બાજુએથી પ્રશ્ન થાય છે કે આવી રીતે છબી પડાવનાર કયા જમાનામાં વસે છે? આરતી સામાન્ય રીતે દેવમૂર્તિ સમક્ષ ઉતારવામાં આવે છે અને ગુરૂપૂજા વખતે ભક્તો અને અનુયાયીઓ પોતાના ગુરૂની આરતી ઉતારતા હોવાનું પણ સાંભળવામાં આવ્યું છે. ગાંધી કે જવાહરલાલ જેવી અસાધારણ વ્યકિતની આરતી ઉતાર્યાનું પણ કલ્પી શકાય છે. આ ઉપરાંત બેવકુફીના પુતળા સમા ભૂતકાળના રાજા મહારાજાઓ વિષે પણ આવું કલ્પી શકાય છે. પણ સામાન્ય જનતામાંની બે વ્યકિતઓમાંથી પતિનું સ્થાન ભોગવતી વ્યકિત, બીજી વ્યકિત જે પત્નીનું સ્થાન ભોગવે છે તેની પાસે પોતાની આરતી ઉતરાવે તેમાં નારીના ગૌરવનો અનાદર અને પુરુષના ચડિયાતાપણાનું ઘમંડ સૂચિત છે. આ ઉપરાંત આવી છબી પડાવવામાં અનૌચિત્યનું ભારોભાર દર્શન થાય છે. આપણી સભ્યતાના આવા હાસ્યાસ્પદ પ્રદર્શનથી બચવા જેટલી કોમનસેન્સ —સાદી સમજ—આપણા પ્રધાનો દાખવે તો કેવું સારું!

ચરણસ્પર્શ!

એક મિત્ર તરફથી 'આણુવ્રત'માંથી તારવેલુ નીચેનું અવતરણ મળ્યું છે:

"ડૉકટર અબ્દુલ રશીદ આચાર્યશ્રી તુલસીને મળવા આવ્યા. આવતાં જ તેમણે આચાર્યશ્રીને પૂછ્યું – "હું આપના ચરણસ્પર્શ કરી શકું? મારા ચરણસ્પર્શથી આપને શુદ્ધિ માટે સ્નાન તો નહિ કરવું પડે ને?"

આ સાંભળી ત્યાં બેઠેલાં શ્રોતાઓ ચમકયા કે આ શું પૂછે છે? કયા યુગની આ વાત કરે છે?

આચાર્યશ્રીએ એમના ઉદાર વિચારો વ્યકત કરતાં કહ્યું "મનુષ્યનાં સ્પર્શથી મનુષ્ય અશુદ્ધ થઈ જાય એ માનવતાનું અપમાન છે. સાધુઓ માટે મનુષ્યમાત્ર સમાન છે. પ્રત્યેક માનવી એમના ચરણસ્પર્શ કરવાનો અને ઉપદેશ સાંભળવાનો અધિકારી છે. આપ નિ:સંકોચ ચરણસ્પર્શ કરી શકો છો."

ડૉકટર સાહેબનું મન પ્રસન્નતાથી ભરાઈ ગયું. તેમણે ચરણ સ્પર્શ કરતાં સ્પષ્ટતા કરી, "મારી ભૂલથી આપને કશું કષ્ટ ન ઉપાડવું પડે એટલે ચરણસ્પર્શ કરતાં પહેલાં આપની વિધિ જાણવી મને આવશ્યક લાગી." **મુનિશ્રી ક્રીચન્દ્ર"**

આચાર્ય તુલસીએ આ રીતે પોતાના દિલની ઉદારતા દાખવી એ જાણીને આનંદ થાય છે, પણ સાથે સાથે એ પ્રશ્ન થાય છે કે પોતાને મળવા આવતાં કોઈ પણ માનવીને, જાણે કે પોતે તેનાથી ચડિયાતા છે એવા ખ્યાલપૂર્વક, ચરણસ્પર્શ કરવા દેવો એ પણ માનવતાનું શું અપમાન નથી? આચાર્ય તુલસીની જગ્યાએ બીજા કોઈ આચાર્ય હોત તો કદાચ આવો પ્રશ્ન ન ઉદ્‌ભવત, પણ આચાર્ય તુલસી તો આધુનિક સમય અને અદ્યતન માનવીના ભાવ અને અભિગમથી પૂરા વાકેફ હોવાનું મનાય છે. તેમણે કોઈના પણ ચરણસ્પર્શનો જાહેર રીતે નિષેધ કરવો ઘટે છે.

સ્વ. શ્રી ચીમનલાલ પોપટલાલ શાહના ઉદાત્ત જીવનની ઝાંખી

સ્વરાજ્યની લડત દરમિયાન જેમના નિકટ પરિચયમાં આવવાનું બનેલું તેવા મૂળ લીંબડીનિવાસી શ્રી ચીમનલાલ પોપટલાલ શાહનું જુલાઈ માસની પહેલી તારીખે ઘાટકોપર મૂકામે ૭૮ વર્ષની ઉંમરે લાંબી માંદગી બાદ અવસાન થયું. તેમના પરિચયને લગતાં અનેક મધુર સ્મરણો અને તેમના પ્રેમાળ સરળ સ્વભાવની મીઠી યાદ આજે પણ મારા ચિત્ત ઉપર સુઅંકિત છે. તેમના જીવનની ઝરમર 'જૈન પ્રકાશ'ના તા. ૮-૭-'૬૮ ના અંકમાંથી થોડી ટૂંકાવીને નીચે આપવામાં આવે છે:–

"શ્રી ચીમનભાઈનો જન્મ ઉમેદરામ ભવાનના વિખ્યાત કુટુંબમાં થયો હતો, પરંતુ તેમના માતાપિતા નાની ઉંમરમાં જ ગુજરી

જતાં, તેઓએ પોતાને મોસાળ લીંબડીમાં પારી મૂળચંદ જીવરાજ લગડીને ત્યાં પોતાનું બાલ્યજીવન વિતાવ્યું હતું. ત્યાં પ્રાથમિક કેળવણી લીધા બાદ મેટ્રિક સુધીની કેળવણી અમદાવાદમાં પૂરી કરી. ત્યારબાદ તેઓ મુંબઈ આવ્યા.

"મુંબઈમાં શરૂઆતમાં બે વરસ નોકરી કરી, સારો અનુભવ મેળવ્યો અને ત્યારબાદ ૧૯૧૬માં મે. ચીમનલાલ કલ્યાણદાસની કું. ના નામે મિલ સ્ટોર્સ અને મશીનરી સપ્લાયર્સનો ધંધો શરૂ કર્યો, જેમાં ધીમે ધીમે પોતાની સુવાસ વડે સારી પ્રતિષ્ઠા જમાવી. તેઓ ધારત તો ધંધાદારી ક્ષેત્રે સારું કમાઈને એક મોટા ધનપતિમાં પોતાની ગણના કરાવી શકત, પરંતુ તેમ ન કરતાં તેઓ પોતાનો વધુ સમય સમાજની, ધર્મની અને રાષ્ટ્રની સેવામાં આપવા લાગ્યા અને સેવાને પોતાના જીવનનું તેમણે મુખ્ય કાર્ય બનાવી દીધું.

"સને ૧૯૨૧માં ઘાટકોપર કૉંગ્રેસ–કાર્યકર્તાઓએ મહાત્માજીને નોતર્યા ત્યારે મહાત્માજીએ ઘાટકોપરમાંથી એક લાખ રૂપિયાની માગણી કરી તે વખતથી શ્રી ચીમનભાઈનું જાહેર જીવન શરૂ થયું; અન્ય કૉંગ્રેસ–કાર્યકર્તાઓ સાથે તેઓ 'લો. તિલક સ્વરાજ્ય ફંડ' એકઠું કરવા ફર્યા અને એક જ દિવસમાં રૂા. ૬૪૨૩૨ મહાત્માજીને ચરણે ધર્યા. આને પરિણામે ઘાટકોપરનું નામ મોખરે આવ્યું. ઘાટકોપર કૉંગ્રેસ કમિટીમાં ઉપ–પ્રમુખ અને ત્યાર બાદ પ્રમુખ તરીકે તેમણે ઘણી સેવા બજાવી. મીઠાના સત્યાગ્રહમાં તેમની ધરપકડ થઈ અને થાણાની જેલયાત્રા કરી, ત્યારે તેમનો નાનો દીકરો ઘણો બિમાર પડયો અને તે આખરી સ્થિતિમાં હતો ત્યારે સરકારે તેમને માફી માગી છૂટવા કહ્યું, પણ તેમણે સ્વીકાર્યું નહિ. તેમનો નાનો દીકરો આ ફાની દુનિયા છોડી ચાલ્યો ગયો અને શ્રી ચીમનભાઈનો મેળાપ ન થયો. શ્રી ચીમનભાઈની ટેક જાળવી રાખવાની મક્કમતાનું આમાં પ્રતિબિંબ પડે છે. સને ૧૯૨૬માં ઘાટકોપરમાં પ્રથમ પ્રજાકીય મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે ચૂંટાવાનું અપૂર્વ માન શ્રી ચીમનભાઈને પ્રાપ્ત થયું અને સતત ત્રણ વર્ષ પ્રમુખ તરીકે રહી ઘાટકોપરની જનતાની ઉપયોગી સેવા બજાવી. શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીય કન્યાશાળામાં પ્રમુખ અને ટ્રસ્ટી તરીકે પા સદી કરતાં વધુ સમય રહી તેઓએ તેને વિકસાવી. ઘાટકોપર જીવદયા ખાતાનાં આદ્ય સંસ્થાપકમંહેના તેઓ એક હતા અને વર્ષો સુધી ટ્રસ્ટી અને ઉપ-પ્રમુખ તરીકે રહીને મહત્ત્વની સેવા બજાવી હતી. શ્રી અ. ભા. શ્વે. સ્થા. જૈન કૉન્ફરન્સમાં વર્ષો સુધી મહામંત્રી તરીકે રહી, કૉન્ફરન્સની પ્રવૃત્તિઓને વિકસાવવામાં અને કૉન્ફરન્સ માટે ફંડ એકઠું કરવામાં તેમની સેવાઓ અમૂલ્ય હતી. આ ઉપરાંત ઘાટકોપરની કોઈ પણ સંસ્થા એવી નહિ હોય કે જેમાં તેમનું નામ કે કામ ન હોય.

"તેમનો અવાજ એટલો બધો બુલંદ હતો કે ગમે તેટલી હાજરી હોય તો પણ લાઉડસ્પીકરના ઉપયોગ વિના તેમને બધે સાંભળી શકાય; તેમની અપીલમાં બળ હતું. તેને પરિણામે તે ખૂબ કાર્યસાધક બનતી. તેમની ગર્જનાના કારણે તેઓ 'ઘાટકોપરના સિંહ' તરીકે સર્વત્ર ઓળખાતા.

"અત્યારે ઘાટકોપરમાં જે સ્થળે સર્વોદય હૉસ્પિટલ છે ત્યાં મોટું કતલખાનું સરકાર તરફથી ૧૯૪૪માં બાંધવાનું હતું તે બંધ કરાવવામાં તેઓએ પુષ્કળ શ્રમ ઉઠાવ્યો હતો અને તે બંધ કરાવવાના યશનો મહદ્ હીસ્સો તેમને ફાળે જાય છે.

"તેઓએ અમેરિકા અને યુરોપની મુસાફરી પણ કરી હતી.

"તેમની ખાનગી – જાહેર સખાવતો પણ ઘણી છે. છેલ્લે તેમણે શ્રી સૌરાષ્ટ્ર દશા શ્રીમાળી સેવા સંઘને લકવાના દર્દીઓની સારવાર માટે રૂા. ૨૫,૦૦૦) ની રકમ અર્પણ કરી હતી.

"તેમના પર પક્ષઘાતનો જોરદાર હુમલો થતાં થોડાં વર્ષોથી પથારીવશ બની ગયા હતા અને ત્યારથી તેમનો સેવામય કારકિર્દીનો અંત આવ્યો હતો. તેઓ પક્ષઘાતની અસરમાંથી મુક્ત થઈ શકયા નહીં, અને તા. ૧-૭-'૬૮ ના રોજ આ નશ્વર દેહનો તેમણે ત્યાગ કર્યો. તેમનાં ધર્મપત્ની જીવીબેને સદ્‌ગતની એકસરખી લગનથી જે સેવા બજાવી તે ખરેખર અજોડ અને ધન્યવાદને પાત્ર છે. આવા સદ્‌ગતના આત્માને આપણે શાન્તિ પ્રાર્થીએ!"

Galileo's Retrial: ગેલીલીઓની પુનર્તપાસ

તા. ૪-૭-૬૮ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં ઉપર જણાવેલ મથાળા નીચે પ્રગટ થયેલ નોંધ વિચારપ્રેરક લાગવાથી તેનો નીચે અનુવાદ આપવામાં આવે છે. માનવી સમાજ ધાર્મિક આવેશને વશ થઈને સત્યપરાયણ વ્યકિતનું ખૂન કરી બેસે છે અને સમય જતાં તે પાપનો પશ્ચાત્તાપ કરવા લાગે છે અને પ્રાયશ્ચિતના આકારમાં કાંઈક કરવા પ્રેરાય છે. ઉપર જણાવેલ પુનર્તપાસ આ પ્રશ્ચાતાપ અને પ્રાયશ્ચિતનું જ એક રૂપ છે. પ્રસ્તુત અનુવાદ નીચે મુજબ છે:–

"કોઈ બાબત ઉપર પુનર્વિચારણા કરવી તે ઘણી વાર ઉપયોગી નિવડે છે, ખાસ કરીને ત્યારે કે જ્યારે પૂર્વ વિચારણા તર્ક ઉપર નહિ પણ લાગણી ઉપર આધારિત હોય. આમ હોવાથી લગ્નવિચ્છેદના કિસ્સાઓ, રાજકારણી પુરુષો તરફથી તેમણે કરેલાં નિવેદનો અંગે પાછળથી કરવામાં આવતી ચોખવટો, અને એકવાર લખાયેલા ઈતિહાસનું પુનર્ આલેખન સામાન્ય જનતામાં સવિશેષ આકર્ષક બને છે. આ રીતે વિચારતાં ગેલીલીઓની ફરી વાર અદાલતી તપાસ કરવાની જે દરખાસ્ત કરવામાં આવી છે તે કોઈ ખાસ આશ્ચર્ય પેદા કરે તેમ નથી, જો કે ખરૂં પૂછો તો, ઈતિહાસે તેમ જ વિજ્ઞાને તેનાં સંશોધન દ્વારા રજૂ કરવામાં આવેલાં વૈજ્ઞાનિક તથ્યોનો હવે પૂરો સ્વીકાર કર્યો છે અને એક વિરલ બુદ્ધિમાન પુરુષ તરીકે અને આધુનિક વિજ્ઞાનના પિતા તરીકે તેને આવકારેલ છે અને તેથી આવી પુનર્તપાસની હવે કોઈ જરૂર રહી નથી. ૧૬૧૦ની સાલ કે જ્યારે ગેલીલીઓએ પોતાનાં ખગોળવિષયક શોધનોના અનુસંધાનમાં જાહેર કર્યું કે પૃથ્વી નથી વિશ્વની મધ્યમાં, કે નથી સૂર્યમંડળની મધ્યમાં, ત્યારે તેને સરકારી તંત્રદ્વારા આડકતરી રીતે સૂચવવામાં આવેલ કે તેણે ધાર્મિક માન્યતાઓમાં હસ્તક્ષેપ કરવાથી દૂર રહેવું અને ભૌતિક વિષયો પૂરતું પોતાના સંશોધન–કાર્યને સીમિત રાખવું. આમ છતાં પણ પીસા અને રોમના ધર્મપંડિતોને એ બાબત ભાગ્યે જ ખ્યાલમાં આવી કે ગેલીલીઓનું પ્રસ્તુત સંશોધન વિજ્ઞાન અને પ્રચલિત ધાર્મિક માન્યતા બન્ને સાથે સંબંધ ધરાવતું હોઈને તેમણે સૂચવેલી મર્યાદા જાળવવાનું ગેલીલીઓ માટે શકય જ નહોતું. પરિણામે ૧૬૩૩ ના જૂન માસની ૨૧મી તારીખે ધાર્મિક લેખાતી બાબતોની તપાસ કરનાર અદાલતે - ઈન્કવીઝીશને - ધર્મવિરોધી અભિપ્રાય અથવા તો નિર્ણય જાહેરમાં રજૂ કરવા અંગે તેને ગુનેહગાર જાહેર કર્યો અને એ ગુન્હા માટે તેને અત્યન્ત આકરી (ઘણું ખરૂં દેહાન્તદંડની) શિક્ષા ફરમાવી. ૬૯ વર્ષના આ વૈજ્ઞાનિકે પીછેહઠ કરીને પોતાના અભિપ્રાયોનો ઈનકાર કર્યો અને મુકિત મેળવી. ત્યારબાદ વિસ્મૃતિના ગહન અંધકારમાં તે વિલીન થઈ ગયો. ઉપર સૂચવેલ રીટ્રાયલ–અદાલતી પુનર્તપાસ–તે આ છે કે જે ૩૩૫ વર્ષ બાદ આજે ફરીથી ઉખેળવામાં આવનાર છે– માનવી જીવનમાં પ્રવર્તતી તર્ક-અસંગતિ ઉપર જાણે કે આ એક નવું ભાષ્ય રચવાનું હોય. માનવી સમાજ આવેશને વશ થઈને જેનું ખૂન કરે છે તેને જ પાછળથી ઘણી વાર ચાહવા - સન્માનવા–લાગે છે. તેના અન્તઃકરણને આવા ઘણા અપરાધો ખૂબ કોર્યા કરતા હોય છે. તેની નજરમાં પરંપરા વિરુદ્ધ ચાલવું એ મહાપાપ છે, અને ધાર્મિક માન્યતા એ જ માત્ર સત્ય હોય છે, અને તેથી જે કોઈ સમયના પ્રવાહની સામે બળવો કરે છે અને પોતાને લાગતા સત્યને સુદૃઢપણે વળગી રહે છે તે અત્યન્ત તિરસ્કારને પાત્ર બને છે. ગીઓર્ડાનો બ્રુનોને પણ ધર્મવિરોધી નિર્ણય પ્રગટ કરવા માટે ૧૬૦૦ ની સાલમાં બાળી નાંખવામાં આવ્યો હતો; અને ૨૮૯ વર્ષ પછી તેને ફરીથી યાદ કરવામાં આવ્યો હતો અને તેના માનમાં તેની પ્રતિમા ઊભી કરીને તેને પુનર્જીવિત કર્યો હતો. લોરેઈનની જોન જે જોન ઓફ આર્કના નામથી સુપ્રસિદ્ધ છે તેને, તેને થયેલા દિવ્ય - દર્શનો – Visions – માટે જ માત્ર નહિ, પણ તેની શુરવીરતા અને દેશદાઝ માટે બાળી નાખવામાં આવી હતી અને પછી તેને સેન્ટ–Saint–બનાવવામાં આવી હતી, એટલે કે સન્ત તરીકે જાહેર કરવામાં આવી હતી. સોક્રેટીસના જીવનનો પણ, તેના સમયના ચોખલીયા લોકોએ આવી જ રીતે અન્ત આણ્યો હતો, અને કેટલી યે સદીઓ બાદ જેમણે તેના જ્ઞાનામૃતનું પાન કર્યું તેવી પાછળની પેઢીઓએ તેનું પાર વિનાનું સન્માન કરીને પુનર્જીવિત કર્યો હતો. અને આધુનિક કાળમાં ચાર્લ્સ ડાર્વીન અને રોબર્ટ ઓપનહીમરના દાખલાઓ આપણી સામે મોજુદ છે. સંભવ છે કે એ મહાનુભાવો કે જેમણે પોતાના સમકાલીન માનવીબંધુઓથી અન્યથા વિચારવાની હિંમત કરી છે તેમના જીવનનો અકાળે અન્ત લાવવાને લગતી માનવ ઈતિહાસમાં નોંધાયેલી શરમજનક ઘટનાઓ ભૂંસી નાખવા માટે આવી બીજી અનેક પુનર્તપાસો જરૂરી બને. પણ તેનો શું અર્થ છે? જ્યારે આપણે આવી બાબતમાં કદિ શીખતા કે સુધરતા નથી એ હકીકત છે."

પરમાનંદ

વિજ્ઞાન અને ધર્મ–૧

વિજ્ઞાને માનવી જીવનના સર્વ ક્ષેત્રોમાં અદ્‌ભૂત પ્રગતિ કરી છે. જુદાં જુદાં અનેક સાધનોનાં નિર્માણથી માનવી જીવનમાં એણે અમાપ સુખ જન્માવ્યું છે એમાંય શંકા નથી. 'સંત તુકારામ વિમાનમાં બેસી વૈકુંઠધામે પહોંચ્યા' એ વાત એ કાળે અશક્યપ્રાય લાગતી હતી. પરંતુ આજે વિમાનની મુસાફરી વિષે નાના બાળકને આશ્ચર્ય તો નથી જ લાગતું, પરંતુ એમાં એને નવીનતાય દેખાતી નથી! કેટલાક પ્રમાણમાં કુદરતને માનવીને શરણ આવવું પડ્યું છે એમ કહીએ તો બહુ અતિશયોક્તિ ન લાગવી જોઈએ! અણુ ને પરમાણુ માનવના ગુલામ બન્યા છે. રેડિયો, ટેલિફોન, સ્કુટર્સ, મોટર, મોટરસાઈકલ, વીજળીના પંખા, દીવા, મુસાફરીનાં અનેક સાધનો અને ધ્વનિવર્ધક યંત્રો ઈત્યાદિ વસ્તુઓ વડે વિજ્ઞાને સામાન્ય માણસના જીવનમાં પણ પ્રચંડ ક્રાંતિ જન્માવી છે. જે વસ્તુઓ કેટલીક સદી પહેલાં માત્ર શ્રીમંતોના સુખમાં જ આળોટયા કરતી એ વસ્તુઓનો આજે સામાન્ય માનવી પણ ઉપયોગ લઈ શકે છે. ધનના ઢગલાની એ સુખો માટે આવશ્યકતા હવે રહી નથી. ટ્રેક્ટર જેવાં ખેતીનાં અત્યંત ઉપયોગી સાધનોથી દેશને સુજલા સુફલા બનાવી પ્રગતિકૂચ શકય છે. ઈજનેરી વિજ્ઞાનના જ્ઞાનથી મોટા મોટા બંધ ને નહેરોની યોજનાઓને બુદ્ધિ ને કુશળતાથી અમલમાં લાવી એમ દર્શાવી આપ્યું છે કે એ યોજનાઓ નરી કાગળ ઉપર ચીતરેલી યોજનાઓ નથી, પણ સુસંપન્નતા તરફ લઈ જતી માનવીના જીવનની રાહો છે. ને એ યોજનાઓથી વર્ષોથી વેરાન તરીકે પડી રહેલી ધરતીમાતા પ્રસન્ન થઈને પોતાના વરદ હસ્તે મનુષ્યને અનાજ તેમ જ બીજા પાકોનું પ્રદાન કરી આપણા અનાજના સવાલને ઉકેલવામાં મદદ કરે છે. તેમ જ ચંદ્ર કે કે મંગળ ઉપર જવાના માનવીના મનોરથ એ માત્ર કાવ્યમાં રહેલી ઊર્મિના કોડ નથી, પણ એ વસ્તુ હવે સહજ શકય બની ચૂકી છે.

આમ વિજ્ઞાન વડે માનવના જીવનનાં સર્વક્ષેત્રોમાં વિપુલ પરિવર્તન આવ્યું છે. કેટલાંક ક્ષેત્રોમાં તો વિજ્ઞાને જાણે ધડાકો જ કર્યો છે! એવાં જે ક્ષેત્રો છે તેમાં ધર્મક્ષેત્રે તો વિજ્ઞાને અણુબોમ્બ જ નાખ્યો છે! તેથી વીસમી સદીના અણુપરમાણુયુગમાં ધર્મનું સ્થાન શું છે ને વિજ્ઞાનયુગમાં ધર્મનું કાર્ય કયું એવો સવાલ ઊભો થયો છે. જૂના સમયનાં મૂલ્યો બદલાયાં અને બદલાતાં ચાલ્યાં છે. એવે વખતે જે નવી સમાજરચના આપણને નિર્માણ કરવાની છે એ સમાજરચનામાં ધર્મનું અધિષ્ઠાન શું હોવું જોઈએ એનોય વિચાર આવશ્યક છે. એ વિષેનો વિચાર આપણે હવે જોઈશું.

એ વિવેચન કરતાં સૌ પ્રથમ એક મહત્ત્વનો સવાલ ઊભો રહે છે: ધર્મ એટલે શું? ધર્મની સામાન્ય રીતે વ્યાખ્યા છે: "ધારણાદ્ ધર્મ ઈત્યાહુ:! ધર્મો ધારયતે પ્રજા:' એટલે કે સમાજની ધારણા જે મૂળભૂત તત્ત્વોને કારણે થાય છે તે તત્ત્વોને ધર્મ કહી શકાય. જે તત્ત્વો વડે સમાજનું પોષણ થાય છે, સમાજ ટકી રહે છે તેને આપણે ધર્મ કહી શકીએ. મહારાષ્ટ્રના વિખ્યાત પંડિત ને સાહિત્યકાર સ્વ. ન. ચિ. કેળકરે પણ ધર્મની વ્યાખ્યા કરતાં કહ્યું છે: સમાજના જુદા જુદા વર્ગના હકકો ને કર્તવ્યોનો સમન્વય અને પરિપોષણ કરતી જે વ્યવસ્થા છે તેને ધર્મ કહે છે. મહાભારતના રચયિતાએ નીતિમત્તાનું એ જ તત્વ રજૂ કર્યું છે. 'તત્પરસ્ય સંદધ્યાત્ અનુકુલં યદાત્મન:' અર્થાત્ જે આચરણથી આપણને સુખ થાય તે જ આચારે બીજાને સુખ થાય અને જે કૃત્યોથી આપણને દુ:ખ થાય તે જ કૃત્યોથી બીજાને ય ઈજા પહોંચે એ વાતનો સદાને માટે ખ્યાલ દરેક મનુષ્યે રાખવો રહ્યો. આ જ નીતિનો મૂળ પાયો છે. આપણા જૈન સૂત્રોમાં પણ એવો જ ઉલ્લેખ મળી આવે છે. ઈશ્વરની પ્રાર્થના કરતી વખતે 'સર્વનાં દુ:ખો દૂર થાઓ, સર્વને નિરામય શાંતિ મળો.' એવી જૈનોની પ્રાર્થના છે. જૈનોની પ્રાર્થના કહે છે:–

'ઓમ પુત્ર - મિત્ર - ભ્રાતૃ - કલત્ર સહૃદ્ - સ્વજન - સંબંધી બંધુવર્ગસહિત: નિત્યંચ આમોદ પ્રમોદકારિણ: અસ્મિન્શ્ચ ભૂમંડલાયતન - નિવાસી - સાધુસાધ્વી શ્રાવક - શ્રાવિકાણામુપસર્ગ–વ્યાધિ–દુ:ખ - દુર્ભિક્ષ દૌર્મનસ્યોપશમનાય શાંતિર્ભવતુ।"

માત્ર મારું જ કલ્યાણ થાય, હું જ સુખે આળોટું એવી પ્રવૃત્તિ ને વૃત્તિ સમાજમાં રહે તો સમાજ વધુ કાળ ટકી જ ન શકે. તેથી જે મૂળભૂત સિદ્ધાંતોને કારણે અથવા તત્ત્વો વડે સમાજનું પોષણ ને ઉછેર થાય છે તે મૂળભૂત તત્ત્વોને આપણે ધર્મ કહીશું.

આમ ધર્મની વ્યાખ્યા પછી અગાઉ ધર્મે કયા કયા કાર્યો કર્યાં એ જોઈએ તો આ યુગમાં ધર્મનું સમાજમાં શું સ્થાન હોઈ શકે અથવા હોવું જોઈએ એનું સહેજે વિવેચન થઈ શકશે. ભૂતકાળમાં ધર્મે માનવના દરેકે દરેક ક્ષેત્રમાં - રાજકીય, વૈદક, સામાજિક, નૈતિક ક્ષેત્રમાં–સેવાકાર્યો કર્યાં છે ને તેથી જ માનવસંસ્કૃતિનો વિકાસ થયો છે. રાજકીય, વૈદ્યકીય, સામાજિક કે નૈતિક ક્ષેત્રોમાં આદ્ય ઋષિમુનિઓએ અનેક નિયમો ઘડી કાઢયા હતા. એથી દરેક ક્ષેત્રમાં ધર્મનો આધાર અટલ હતો, જ્યારે હવે રાજકીય, વૈદ્યકીય ને આર્થિક ક્ષેત્રો ધર્મની કક્ષા બહાર ગયાં હોઈ એનું સ્થાન વિજ્ઞાને લીધું છે. દરેક ક્ષેત્રમાં કસોટી ને ચકાસણી કરીને બુદ્ધિના નિર્ણયો પર ઘસીને વિજ્ઞાને કેટલાંક મૂળભૂત સિદ્ધાંતોને જન્મ આપ્યો છે, સિદ્ધાંતો પ્રસ્થાપિત કર્યા છે, ને એ ક્ષેત્રમાં અગાઉની જેમ ધર્મને કરવા યોગ્ય કોઈ કાર્યો વિજ્ઞાનયુગમાં ખાસ રહ્યાં નથી એ વસ્તુસ્થિતિ છે. એ બધાં ક્ષેત્રોમાં અગાઉ ધર્મે કાર્ય કર્યું, પરંતુ હાલ રાજકીય, આર્થિક ને વૈદ્યકીય વિષયોમાં ધર્મને કરવાયોગ્ય કાર્યો રહ્યાં નથી.

એથી સહેજ એક સવાલ થાય છે કે વિજ્ઞાનયુગમાં ધર્મનું કાર્ય કયું? ઉપર નિર્દેશ કર્યો તેમ સમાજ સુસ્થિતિમાં રાખવો હોય તો ધર્મ અથવા નીતિના પાયા પર એ ખડો ન હોય તો બહુ કાળ સુધી એ ટકી શકે નહીં. વિજ્ઞાનનો પૂરેપૂરો લાભ ઉઠાવવો હોય તો વિજ્ઞાનનો ઉપયોગ કઈ રીતે કરવો, સમાજના લગભગ તમામ સ્તરો પરની વ્યકિતઓને એનો લાભ કઈ રીતે અપાય એના વિચાર માટે આપણને ધર્મ અને નીતિતત્ત્વોનો જ આધાર લેવો રહ્યો. વિખ્યાત ચિન્તક અને રાજકીય ફીલસૂફીના ઊંડા તત્ત્વજ્ઞ ડૉ. યુ. ગ. સહસ્રબુદ્ધે કહ્યું છે તેમ વિજ્ઞાન ને નીતિ આ બંને બાબતો સમાજને સમાન મહત્ત્વની બાબતો છે. વિજ્ઞાનથી સામર્થ્ય નિર્માણ થાય છે અને એનો માનવજાતિ માટે કલ્યાણપ્રદ ઉપયોગ કઈ રીતે કરવો એ નીતિશાસ્ત્ર કહે છે. પરંતુ નીતિ - અનીતિનો ભેદ નક્કી કરવા પરિસ્થિતિના જે સમ્યક્ જ્ઞાનની આવશ્યકતા હોય છે તેનું જ્ઞાન તો માત્ર વિજ્ઞાનથી જ થાય છે. એટલે આ બંને બાબતોનું મહત્ત્વ જે સમાજમાં સમાન રીતે પીછાણવામાં ને માન્ય કરવામાં આવશે ને તે વડે ધર્મ, નીતિ અને આચારનું વિજ્ઞાનના પાયા પર ચણતર કરવામાં આવશે તે જ સમાજ સુખી ને સુસંપન્ન થશે એમાં શંકા નથી. એનો અર્થ એ કે વિજ્ઞાનનો ઉપયોગ કઈ રીતે કરી લેવો એ નક્કી કરવા માટે પણ આજના યુગમાં ય આપણને ધર્મનો રાહ સ્વીકારી લેવો પડશે ને જો ધર્મનો તેમ સ્વીકાર ન થાય તો વિજ્ઞાન એ વરદાન ન રહેતાં શાપ જ ઠરશે! ને આપણે આજે ચોતરફ જોઈએ છીએ કે ધર્મના રાહે ન જવાની ભૂલ આપણે કરી રહ્યા છીએ અને વિજ્ઞાનની દોટ તરફ આકર્ષાયા છીએ! વિજ્ઞાનનો ઉપયોગ કરતી વખતે આપણે નીતિને સાવ વિસારી મૂકી છે, નીતિનાં તત્ત્વો પર વિજ્ઞાનનું ઘડતર કરવાનું ભૂલી ગયા છીએ. તેથી જે વિજ્ઞાને માનવીને સુખનો મંત્ર આપ્યો તે જ વિજ્ઞાન ભસ્માસુરની પેઠે માનવને ભસ્મસાત કરશે કે કેમ એવી સાધારણ ભયની લાગણી પ્રવર્તે છે. ધર્મ અને નીતિનાં તત્ત્વો પર વિજ્ઞાન ચણાયું ન હોવાને કારણે અણુ - પરમાણુ આપણા

દાસ બનવા છતાં ય એનો ઉપયોગ માત્ર સંહારક શસ્ત્રોની ભયકારી ઉત્પત્તિ માટે જ થઈ રહ્યો છે! વિનાશકારી ને મહાપ્રલયકારી શસ્ત્રોનાં ઢગલા માત્ર ખડકાઈ રહ્યા છે! એક લડાયક વિમાનની બનાવટમાં જેટલું ખર્ચ થાય તેટલું જ ખર્ચ કરતાં ઘઉંની પાંચ લાખ ગુણો જેટલું ઉત્પાદન થાય! ને એક વિનાશિકા (destroyer) તૈયાર કરવામાં જે ખર્ચ થાય તેટલા જ ખર્ચમાં ૮૦૦ માણસો આરામથી રહી શકે તેટલાં ઘરો બાંધી શકાય! પરંતુ વિજ્ઞાનનો ફાયદો અનાજના ઉત્પાદનઅર્થે કે ઘરબાંધણી માટે ન થતાં માનવના સંહાર અર્થે એનો ઉપયોગ કરાય છે, ટૂંકમાં, માનવે માનવ માત્ર સાથે પ્રેમથી ને સહકારથી હળીમળી રહેવું એવું હજી ય આપણને લાગતું નથી. બાહ્ય રીતે આપણે ખૂબ બદલાતા દેખાતાં હોઈએ, તોય આપણા મનનું 'મૉડેલ' એ જ જૂનું ને શીર્ણ છે! આપણે પંખીની જેમ ઊડતાં તો શીખ્યાં, પણ મનુષ્ય તરીકે પૃથ્વી પર શી રીતે આચરણ કરવું એ તો આપણે જાણતાં જ નથી. ડૉ. રાધાકૃષ્ણન્ ('The Future Civilisation') માં કહે છે તેમ સંસ્કૃતિ ને સુધારા એ બાહ્ય નથી પણ આપણી અંદર છે. આપણી નૈતિક કલ્પનાઓમાં, ધાર્મિક વિચારોમાં ને સમાજમાં રહી નિર્મેલા દૃષ્ટિકોણમાં જ સંસ્કૃતિનું અસ્તિત્ત્વ છે. બોટ કે રેલગાડી, ટેલિફોન કે ટાઈપરાઈટર જેવાં સમય ને અંતર કાપવાનાં પ્રતીકયંત્રોથી 'આપણે સુધર્યા' એમ ન કહી શકાય. વાંદરો સાયકલ પર બેસતાં શીખે, હોઠે દારૂનો પ્યાલો અડાડે ને ચિરૂટ પણ પીએ તો ય વાંદરો તે વાંદરો જ રહેવાનો! યાંત્રિક સુધારા નૈતિક સુધારા નહીં! મોટાં કારખાના ચલાવી જાણીએ તેથી કાંઈ મનનો પણ વિસ્તાર થયો, વિશાળતા આવી એમ ન કહી શકાય!! આમ વિજ્ઞાનનું મહત્ત્વ ઓળખી, પિછાણી વિજ્ઞાનનો લાભ ને તે દ્વારા મહદ સુખ શી રીતે પ્રાપ્ત થાય એ નક્કી કરવા ધર્મ તરફ જ માનવને દોટ મૂકવી રહી. ને એમ નહીં કરવામાં આવે તો માનવજાતિનું ભાવિ વિનાશના પંથે છે એટલું ચોક્કસ! તેથી વિજ્ઞાનનો ઉપયોગ કરતી વખતે મનુષ્યને 'મનુષ્ય' સમજીને જ એનો ઉપયોગ કરવો, 'યંત્ર' ધારીને ઉપયોગ ન કરવો જોઈએ, આ એક મહત્ત્વની વસ્તુ ધ્યાનમાં રાખવી જોઈએ. યંત્રસુધારા કે તંત્રપ્રગતિ આ માનવજાત માટે છે, મનુષ્ય યંત્ર માટે નથી એ ચોક્કસ નજર સમક્ષ રહેવું જોઈએ. ટૂંકમાં આચાર્ય ધર્માધિકારીએ કહ્યું છે તેમ, "we want scientific religion and religious science" વિજ્ઞાનધર્મ અને ધર્મવિજ્ઞાનની આપણને આવશ્યકતા છે. આ જ બાબત પ્રો. કેળકરે એમના 'સંસ્કૃતિ ને વિજ્ઞાન' નામના ગ્રંથમાં કહી છે. તેઓ કહે છે: "...આપણા રોજિંદા જીવનની રહેણીકરણી સાથે જ, અને નહીં કે એની પાછળ પાછળ, ભયરહિત વિજ્ઞાનથી પરિપુષ્ટ થયેલી સર્વોદયવાદી વિચારસરણી હોય તો જ વિજ્ઞાન એ વરદાન ઠરશે એ સર્વદા યાદ રહે. તેમ ન થાય તો જગતનો વિનાશ સરળ છે. વિજ્ઞાનના ચતુરસ્ર વિકસનથી વિરાટ વૈભવનાં દ્વાર આપણી સમક્ષ ખુલ્લાં મૂકાયાં છે. પરંતુ એની વૃદ્ધિ ને સંગોપનકાર્ય સર્વોદયવાદી વિચારસરણીથી જ થવાં જોઈએ. કલ્યાણકારી ભાવનાને ઊવેખીને વિજ્ઞાનના વિકાસ માટે દોડધામ કરવામાં મશગૂલ રહીશું તો વિજ્ઞાનની પ્રલયંકારી શકિતથી માનવજાતિ નષ્ટ થયા વિના નહીં રહે. ને ઉલ્ટું વિજ્ઞાનની શકિતને નજર આડે કરી માત્ર ભકિતભાવનામાં રચ્યાપચ્યા રહીશું તો દકાળ ને સંકટની ખીણમાં ફેંકાઈ જઈશું... વિકસતું વિજ્ઞાન અને વર્ધમાન સર્વોદય આ બંનેના સંગમથી આ સૃષ્ટિમાં માનવજન્મને સાર્થકતા લાધશે." વિજ્ઞાનયુગમાં ધર્મ ને નીતિનું આ મહાન કાર્ય છે.

ધર્મનું બીજું એક મહાન કાર્ય આ યુગમાં છે. માનવનું નૈતિક પુનર્ઘડતર કેવળ ધર્મદ્વારા જ શકય છે. દરેક કાળના મહાપુરુષો પોતપોતાના ધાર્મિક ને નૈતિક આદર્શો પોતાના આચરણથી સમાજની સમક્ષ મૂકી ગયા છે ને તેમના શુદ્ધ ને નીતિમય આદર્શથી સમાજની વ્યકિતઓના નૈતિક આચરણમાં પરિવર્તન અને સુધારો થયાના સેંકડો ઉદાહરણો છે ને તેથી જ સંસ્કૃતિનું, સાચી માનવસંસ્કૃતિનું સંરક્ષણ થાય છે. વળી એ આચરણ સુધારવા માટે કોઈ પણ કાયદા કરતાં મહાપુરુષનું નૈતિક આચરણ જ વધુ કાર્યક્ષમ ને ઉપયોગી નીવડ્યું છે. વિનોબા ભાવેના ભૂદાન આંદોલનથી જે નૈતિક ને ધાર્મિક ક્રાંતિકાર્ય થયું છે તે કોઈ કાયદાથી થઈ શકે નહીં એટલું એ નૈતિક-રીતે પ્રભાવી શાસ્ત્ર બન્યું છે. આમ ધર્મ જ નૈતિક ને સામાજિક સુધારાનું કાર્ય કરી શકે છે.

અંતે એક મહત્વનો મુદ્દો નિર્માણ થાય છે કે આ ધર્મ કે નીતિનું ભૌતિક અધિષ્ઠાન કયું? આધુનિક બુદ્ધિવાદી કહેશે: નીતિથી આચરણ કરીએ તો પુણ્ય પ્રાપ્ત થશે, મોક્ષ મળશે ઈત્યાદિ બાબતોમાં અમને વિશ્વાસ નથી ને રસ તો નથી જ! નીતિમય આચરણથી પ્રત્યક્ષ ફાયદો શું? એનો જવાબ આપો! એમની ય વાત તો સાચી છે ને તેમને જવાબ આપવો આવશ્યક છે. સમાજની બધી વ્યકિતઓ નીતિમય આચરણ કરે તો અખિલ સમાજ સુખ ને શાંતિથી રહી શકે. સૌ કોઈને સંકટમાં ને વિષાદના ઘેરા વાતાવરણમાંથી મુકિત મળે! ઈંગ્લેન્ડમાં ગયા બસો વર્ષમાં એકે ય બેંક ડૂબી ગઈ નથી. ત્યાંની બેંકના સંચાલકોને 'પદ્ધતિસર' લોકોના પૈસા ઓહિયાં કરતાં શું આવડતું નથી? પરંતુ એમને એ જવાબદારીનો હંમેશ ખ્યાલ છે કે જો આપણે પૈસા ચાવી જઈશું તો બેંકમાં પૈસા રાખતા હજારો લોકોનું જીવન દુ:ખમય થશે, સંકટમય બનશે! તેથી બેંકમેનેજર કહે છે: "મને મળતા મહેનતાણાથી મને સંતોષ છે ને હું નીતિમય આચરણ કરીશ તો મારી બેંકના બીજા અસંખ્ય ગ્રાહકો ને ભાગધારકો સુખી બનશે." તે જ પ્રમાણે અનેક બંધની યોજનાઓ પાર પાડતાં ઈજનેર કહે: "જનતાએ જરૂર પડતાં પેટે પાટા બાંધી કર ભર્યો છે ને સરકારે એ પૈસામાંથી મને બંધ બાંધવાનું સોંપ્યું છે. તેથી એ પૈસા આડે માર્ગે લઉં તો હું લોકોના પૈસા જ ખાઈ ગયો એમ કહેવાય. અનેક ગરીબોનું કલ્યાણ કરતા આ બંધનું કામ અધૂરું રહેતાં જનતાને વધુ કર ભરીને અને ખેતી માટે પાણીની જોગવાઈ ન થતાં બંને રીતે હેરાન થવું પડે. એમાં મારા મિત્રો ને સગા સંબંધીઓનો પણ સમાવેશ હોઈ શકે. મને મારી જરૂરિયાતો પૂરતો સરકાર પગાર આપે છે તો મારે શા માટે અવળી રીતે પૈસા ખાવા? એ યોગ્ય નથી." આમ આવી વિચારસરણીથી—નૈતિક વિચારસરણીથી—સમાજની નિ:સંશય પ્રગતિ જ છે. સમાજનું ઉત્થાન છે. ડૉકટર, વકીલ, ખેડૂત, મજૂર, કારખાનાદાર, વેપારી, શિક્ષક—આ બધા સમાજનું ઉપયોગી અંગ ગણાતી વ્યકિતઓ જો આવી નીતિતત્ત્વવાળી વિચારસરણી રાખે તો આખો ય સમાજ સુખી થાય એમાં લવલેશ શંકા નથી. અને નીતિ ને ધર્મના ફાયદા દર્શાવવા આગલા જન્મની કે મોક્ષની જરીકે જરૂર નથી. આ જન્મે જ એનાં ચોક્કસ સારાં ફળ એને મળવાનાં. આમ વિજ્ઞાનયુગમાં ધર્મનું કાર્ય સરળ છે. વિજ્ઞાન ગમે તેટલી પૂરઝડપે પ્રગતિ કરે તો ય સમાજમાં ધર્મનું આ નીતિકાર્ય ચિરંતન રહેવાનું. આ બાબત ધ્યાનમાં લઈ ધર્મ ને નીતિના પાલનની ફરજ નિષ્ઠાથી બજાવવાનો પવિત્ર નિર્ણય આપણે લઈએ.

શાંતિલાલ સી. શાહ

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

આગામી ઑગસ્ટ માસની તા. ૨૦ મીથી ૨૮ મી સુધી એમ નવ દિવસ માટે આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન થઈ રહ્યું છે. સેંન્ટ ઝેવિયર્સ કૉલેજના સંસ્કૃતના પ્રાધ્યાપક શ્રી ગૌરીશંકર ચુનીલાલ ઝાલા આ વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન શોભાવશે. આ વ્યાખ્યાનમાળાના નક્કી કરવામાં આવેલા વ્યાખ્યાતાઓમાં રેવ. ફાધર વાલેસ, શ્રી રોહિત મહેતા, શ્રી તારકેશ્વરી સિંહા, આચાર્ય રજનીશજી, શ્રી મનુભાઈ પંચોળીનો સમાવેશ થાય છે. વ્યાખ્યાનસભાઓ સવારના ૮-૩૦ વાગ્યે શરૂ થશે. સ્થળ: ભારતીય વિદ્યાભવન.

મંત્રીઓ: મુંબઈ જૈન યુવક સંઘ,

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું વ્યાખ્યાન "રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ"

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે ધી ગ્રેઈન, રાઈસ ઍન્ડ ઑઈલ સીડઝ મરચન્ટ્સ એસોસિએશનના હૉલમાં (મસ્જીદ બંદર રોડ—બેંક ઑફ બરોડા સામે,) તા. ૨૨ મી જુલાઈ સોમવાર સાંજના ૬-૧૫ વાગ્યે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ 'રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ' ઉપર જાહેર વ્યાખ્યાન આપશે.

મંત્રીઓ: મુંબઈ જૈન યુવક સંઘ

એક વિલક્ષણ વ્યકિત: એક વિલક્ષણ અનુભવ

શ્રી બાબુભાઈ એરોવાળાની એક યા બીજા પ્રકારની જાહેરાતો મુંબઈના ગુજરાતી સામયિકોમાં અવારનવાર જોવામાં આવતી હોઈ આ વ્યકિત તે કોણ છે એવું કૌતુક ઘણા લોકો અનુભવે છે. 'પ્રબુદ્ધ જીવન'માં જેમ અનેક વિશેષ વ્યકિતઓના પરિચયો આપવામાં આવે છે તેમ માનવીસહજ પ્રલોભન આ વિલક્ષણ વ્યકિતનો પણ પરિચય આપવાને મને પ્રેરે છે.

તેઓ આશરે ૩૭-૩૮ વર્ષના યુવાન છે; મૂળ ઊંઝાના વતની છે; તેમનો ફરનીચર બનાવવાનો મોટા પાયાનો વ્યવસાય છે, જેમાં 'સોફા-કમ-બેડ' તેમની ખાસ વિશેષતા છે. આજે આપણા જાહેર જીવનમાં એકાએક પુષ્કળ ધન કમાયલી પણ કશા સમધારણ વિનાની વ્યકિતઓ અવારનવાર ફૂટી નીકળે છે તેવી વ્યકિતઓમાંના શ્રી બાબુભાઈ એક છે. તેમને જોતાં આપણને એમ લાગે કે આ કોઈ normal—સર્વસાધારણ પ્રકૃતિની—વ્યકિત નથી. મુંબઈના શ્વે. મૂ. જૈન સમાજના—તેઓ એક નવોદિત નેતા છે અને આચાર્ય વિજય-રામચંદ્રસૂરિના પોતાને પરમ ભકત કહેવરાવે છે. કાળો અથવા નેવી બ્લુ સુટ તેમનો ચાલુ પોષાક છે. તેઓ કોઈ એક વિચિત્ર સમસ્યા-સદશ દેખાતા યુવાન છે. તેમના તરફથી અવારનવાર તૈયાર કરવામાં આવતાં લાંબાં-ટૂંકા નિવેદનો મુંબઈના છાપાઓમાં જાહેર ખબરના દરથી છપાતા હોઈને છાપાવાળાઓને કમાણીનું તેઓ એક મોટું સાધન બની રહ્યા છે, અને એ રીતે તેમનું નામ, કામ અને વ્યવસાયની ખબર આપણને દૈનિક છાપાઓ દ્વારા જોવા જાણવા વાંચવા મળે છે.

ચાતુર્માસ પૂરા થતાં ગઈ કાર્તકી પૂર્ણિમાના રોજ શ્રી વિજયરામચંદ્રસૂરીની તેમણે હાર્વે રોડ ઉપર આવેલા પોતાના નિવાસ-સ્થાને પધરામણી કરી હતી અને તેને લગતી ધામધૂમમાં તેમણે સારો દ્રવ્યવ્યય કર્યો હતો. ગુરુવર્ય મુંબઈથી વિહાર કરીને ગોલવડ પહોંચ્યા ત્યારે લગભગ એક હજાર જૈન ભાઈ બહેનોને 'ગોલવડ ભકિતયાત્રા સ્પેશિયલ' યોજીને તેઓ ગુરુવન્દનાર્થે ગોલવડ લઈ ગયા હતા અને રૂા. ૧૦ કે ૧૧ની એક થાળી—પ્લેટ એ ધોરણે આ પ્રસંગે એકત્ર થયેલાં જૈન ભાઈબહેનોને સ્ટેનલેસ સ્ટીલના વાસણોમાં તેમણે જમાડયા હતા અને આ પ્રસંગે તેમણે રૂા. ૩૦થી ૩૫ હજારનો ખર્ચ કર્યો હોવાનો અંદાજ આંકવામાં આવ્યો હતો. આ દ્વારા તેમની ભકિતઘેલછા અને પ્રતિષ્ઠાપ્રાપ્તિનો મોહ—બન્ને વૃત્તિઓ સારા પ્રમાણમાં સંતોષાઈ હતી.

ગયા બેસતા વર્ષે જૈનોના અન્તરીક્ષજીના તીર્થમાં દિગંબરો અને શ્વેતાંબરો વચ્ચે એક મોટું ધર્ષણ થયું હતું અને બન્ને સમાજ વચ્ચે આ અંગે ઘણો ઊશકેરાટ પેદા થયો હતો. શ્વેતાંબર પક્ષે તેમના હક્કો મોટા ખતરામાં છે અને તેના રક્ષણ માટે શ્વેતાંબર મૂ. જૈનોએ કટિબદ્ધ થવું જોઈએ અને જરૂર પડે તો જાનફેસાની કરવી જોઈએ એવી એ સમુદાયના આગેવાનો તરફથી ગયા માર્ચ માસની ત્રીજી તારીખે મુંબઈ ખાતે ગોડીજીના ઉપાશ્રયમાં એકઠી થયેલી શ્વે. મૂ. જૈનોની જંગી જાહેરસભામાં હાકલ કરવામાં આવી હતી અને માલેગાંવવાળા શેઠ મોતીલાલ વીરચંદ તરફથી ૧૦૦૦૦ સ્વયંસેવકોની તીર્થસેના ઊભી કરવાનો વિચાર રજૂ કરવામાં આવ્યો હતો. આ તીર્થસેનાની આગેવાની શ્રી બાબુભાઈ એરોવાળા લેવાના હતા. અને એ દિવસોનાં મુંબઈનાં દૈનિકોમાં જાહેરખબરના આકારમાં તેમનાં નિવેદનો અને યુદ્ધના આવ્હાહનો ઝબકી રહ્યાં હતાં. આ સંબંધમાં વિશેષ જણાવવાનું કે ઉપર જણાવેલ તીર્થસેનાની હવાઈ વાત તો, જૈન સમાજના સદભાગ્યે, હવામાં જ ઊડી ગઈ હતી.

આ બાબુભાઈ એરોવાળાએ ગયા જૂન માસની ૨૬મી તથા ૨૭મી તારીખે બિરલા માતુશ્રી સભાગારમાં અનુક્રમે બે મોટા સમારંભો અથવા તો જલસાઓ યોજયા હતા. પહેલા સમારંભમાં, અન્તરીક્ષજી આદિ તીર્થોની રક્ષા માટે શું કરવું એ વિષય ઉપર બે માસ પહેલાં શ્રી બાબુભાઈ તરફથી નિબંધો મંગાવવામાં આવેલા, જેમાં સૌથી ચડિયાતા પાંચ નિબંધોના લેખકોને ઈનામો આપવા માટે સમારંભ યોજવામાં આવ્યો હતો. આ ઈનામો શેઠશ્રી માણેકલાલ ચુનીલાલના શુભહસ્તે આપવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે જૈન શ્વે. મૂ. સમાજની કેટલીક આગેવાન વ્યકિતઓ ઉપસ્થિત થઈ હતી.

બીજો સમારંભ તા. ૨૭મી જૂનના રોજ એ જ સ્થળે યોજવામાં આવ્યો હતો. આ સમારંભનો આકાય તાજેતરમાં એસ. એસ. સી.ની મહારાષ્ટ્ર રાજયની પરીક્ષામાં પસાર થયેલા પહેલા પાંચ વિદ્યાર્થીઓને લેટેસ્ટ મોડેલના વુડન સોફા-કમ-બેડ ભેટ આપવાનો હોવાનો જાહેર કરવામાં આવ્યો હતો. સાથે સાથે યોગેન્દ્ર દેસાઈ તરફથી રજૂ થનારા ભારતનાં વિવિધ લોકનૃત્યો રજૂ કરવાનું આકર્ષણ આ સમારંભ સાથે જોડવામાં આવ્યું હતું. આ સમારંભ માટે તદ્દન નવી ભાતનાં નિમંત્રણપત્રો-કાર્ડો કાઢવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત અનેક વિશેષ વ્યકિતઓને ટેલીફોન દ્વારા આ સમારંભમાં હાજર રહેવા માટે ખાસ આગ્રહ કરવામાં આવ્યો હતો. મારી ઉપર પણ આવાં બે નિમંત્રણો આવ્યા અને તે અંગે ટેલિફોન પણ આવ્યો. આમાં ભાગ લેવો—ન લેવો એમ થોડો વખત દ્વિધા અનુભવી, પણ મારી બાબતમાં તેમજ બીજા અનેકની બાબતમાં સમજણ કરતાં કુતુહલ અને દાક્ષિણ્ય વધારે બલવાન નિવડયાં. ઢગલાબંધ નિમંત્રણોના કારણે સભાગાર લગભગ ભરાઈ ગયું હતું. ઘણું ખરું સ્વયંસેવકમંડળના બેન્ડની ગર્જનાઓથી સભાગાર ગાજી રહ્યું હતું. સમારંભનો સમય સાંજના સાત વાગ્યાનો હતો. અપેક્ષિત આગેવાનો—મોટા ભાગે જૈન આગેવાનો—વખતસર આવી પહોંચ્યા હતાં. પણ સમારંભ શરૂ થવાનાં કોઈ ચિહ્નો દેખાતાં નહોતાં. નિમંત્રણમાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી નાયક પ્રમુખસ્થાન શોભાવશે અને વિધાનસભાના સ્પીકર શ્રી ભારદે અતિથિવિશેષ થશે એમ જણાવવામાં આવ્યું હતું. તેમની રાહ જોવાતી હતી. અમારામાનાં કેટલાકે અનુમાન કર્યું હતું એ મુજબ નાયક આવવાના નથી એમ થોડો સમય જતાં માલુમ પડયું. ભારદેજી પોણાઆઠ લગભગ આવ્યા.

આ પ્રસંગે ધંધાદારી કેમેરાવાળાઓના એક મોટા ઝુંડને નોતરવામાં આવ્યું હતું. હવે તેના ઈલેકટ્રીક બલ્બ ચોતરફ ચમકવા લાગ્યા. સભાગારના મંચને એરોવાળાના ફરનીચરથી શોભાવવામાં આવ્યો હતો. મંચ ઉપર નામાંકિત મહાનુભાવોને બાબુભાઈની સૂચના મુજબ પધરાવવામાં આવ્યા, જેમાં શ્રી ભારદે ઉપરાંત શ્રી માણેકલાલ ચુનીલાલ, શ્રી ગોવિંદજી જેવત ખોના, શ્રી પનાલાલ બી. શાહનો સમાવેશ થતો હતો. આ સમારંભના સંચાલન માટે 'ચેતન'ના તંત્રી શ્રી પ્રતાપરાય વ્યાસને પ્રાપ્ત કરવામાં આવ્યા હતા. નીચે બેઠેલા મહાનુભાવોમાંથી, જેમ જેમ યાદ આવતું ગયું તેમ તેમ, એક પછી એકને બોલાવવામાં આવ્યા, જેમાં શાહ કન્સ્ટ્રકશન કું.વાળા શ્રી હર્ષદભાઈ, શ્રી જયન્તીલાલ આર. શાહ, શ્રી મુકિતલાલ વીરવાડિયા, અને આખરે શ્રી જીવરાજ ભાણજી શાહનો સમાવેશ થતો હતો.

પ્રારંભમાં સભાસંચાલકે મુખ્ય પ્રધાન શ્રી નાયકની અનુપસ્થિતિનો ખુલાસો કરતાં જણાવ્યું કે તેઓ અચાનક નાસીક ગયા છે, પણ કાં તો સંચાલકના બોલવામાં અથવા તો પ્રેક્ષકોના સાંભળવામાં ભૂલ થઈ, પણ નાયક સાહેબ નાસીક ગયા છે એમ સમજવાને બદલે નાયક સાહેબ નાસી ગયા છે એમ સૌના સમજવામાં આવ્યું અને પ્રેક્ષકોમાં ભારે હસાહસ થઈ પડી.

ત્યારબાદ ઉપર જણાવ્યા મુજબના પાંચ વિદ્યાર્થીઓને ભારદેજીના હાથે ઈનામો વહેંચવામાં આવ્યાં અને વુડન સોફા-

કમ્બેડ તેમના ઘેર પહોંચાડવામાં આવશે એમ જાહેર કરવામાં આવ્યું. પછી છેલ્લા અઢી કે ત્રણ માસ દરમિયાન એરોવાળાના સોફા કમ-બેડ ખરીદનાર ગ્રાહકોમાંથી પાંચ નસીબવન્તા નંબરોની ચીઠ્ઠી શેઠ માણેકલાલ ચુનીલાલના વરદ હસ્તે ખેંચવામાં આવી અને આ દરેકને હજાર હજાર રૂપિયાની કિંમતનું ફરનીચર ભેટ આપવામાં આવ્યું.

આમ ઇનામોની વહેંચણી પુરી થયા બાદ સભાસંચાલકની વિનંતિ થતાં અતિથિવિશેષ શ્રી ભારદે બોલવા ઊભા થયા. તેમણે બોલવાનું શરૂ કર્યું ન કર્યું એવામાં પંપથી સુવાસિત જળનો છંટકાવ કરવાવાળો મંચ ઉપર ચોતરફ ઘુમવા લાગ્યો અને સુગંધી જળનાં છાંટણાં કરવા લાગ્યો, જેથી સંભવ છે કે નારાજ થઈને ભારદેજીએ પોતાનું વક્તવ્ય એકદમ ટૂંકું કરી નાખ્યું (જે તેમની બાબતમાં સામાન્ય રીતે બનતું નથી.) અથવા તો એકાએક બંધ કરી દીધું.

પછી સંચાલકના આવ્હાહન મુજબ મંચ ઉપર બેઠેલા મહાનુભાવોના વક્તવ્યો ક્રમસર શરૂ થયાં. આગળ ચાલતાં ભાષણ કરવાની વિનતિ કરતાં જીવરાજ જ્ઞાણજી શાહને બદલે ભાણજી જીવરાજ શાહનું નામ ઉચ્ચારવામાં આવ્યું અને પ્રેક્ષકોમાં હસાહસનું મોજું ફરી વળ્યું. સદ્‌ભાગ્યે જીવરાજભાઇ પ્રસંગાનુરૂપ કશું ન બોલતાં "આ ભાષણો બંધ કરો અને હવે પછી જે કાંઇ દેખાડવાનું હોય તે દેખાડો" એમ કહીને બેસી ગયા અને મંચ ઉપરનો મેળાવડો એકાએક ખતમ થયો. અને અમે પણ છૂટકારાનો દમ ખેંચ્યો.

ત્યારબાદ લોકનૃત્યો આવ્યાં અને પ્રેક્ષકોએ મનોરંજન અનુભવ્યું. અનુક્રમે હોળીનું નૃત્ય આવ્યું એટલે બહુ મોડું થવાથી (લગભગ ૧૦-૧૫) વાગ્યે હું ઊઠીને ઘર તરફ રવાના થયો, પણ પાછળ રહેનારા અન્ય મિત્રોને પૂછતાં માલમ પડ્યું કે નૃત્યો પૂરાં થયાં બાદ સભાગારના રીવોલ્વીંગ સ્ટેજની બીજી બાજુ આગળ લાવવામાં આવી હતી અને જેમ આગળના વિભાગમાં દીવાનખાનાની વિશિષ્ટ રચના દેખાડવામાં આવી હતી તે આ ભાગમાં એરોવાળાની શયનગૃહને લગતી વિશિષ્ટ રચના પ્રેક્ષકો સમક્ષ રજૂ કરવામાં આવી હતી અને આ રીતે આ સમારંભ અથવા જલસો લગભગ રાત્રીના ૧૧ વાગ્યે ખતમ કરવામાં આવ્યો હતો.

અહિં એ ઉમેરવું અપ્રસ્તુત નહિ લેખાય કે આ બન્ને સમારંભોનું વિગતવાર વર્ણન–તેમાં કોણે કોણે હાજરી આપી હતી તેના વિગતવાર ઉલ્લેખ સાથે–સમારંભો પછીના દિવસોએ પ્રગટ થયેલ જન્મભૂમિ, જનશક્તિ અને મુંબઇ સમાચારમાં ઘણી મોટી જગ્યા રોકીને શ્રી બાબુભાઇ એરોવાળા તરફથી જાહેર ખબરના ભાવે પ્રગટ કરવામાં આવ્યાં હતાં.

આ આટલું લાંબુ વિવેચન રજૂ કરવાનો આશય એ છે કે એક સામાન્ય માણસની vanity-અહંતા–અને પોતાના વ્યવસાયની જાહેરાત કરવાની વૃત્તિ તેને ક્યાં સુધી લઇ જાય છે, કારણ કે ઉપરના વર્ણનથી કોઇને પણ સ્પષ્ટ થયું હોવું જોઇએ કે વિદ્યાર્થીઓને ઇનામ આપવાના ઓઠા નીચે આ બધી એક પ્રકારની જાહેરાતની અને સ્વપ્રચારની લીલા હતી. અને આવાં ઔચિત્યવિહોણાં પ્રતિષ્ઠા–પ્રદર્શનોમાં સમજુ અને વિવેકશીલ લેખાતા લોકો કેવી રીતે ખેંચાય છે તેનો પ્રબુદ્ધ જીવનના વાચકોને કાંઇક ખ્યાલ આવે. હું અને મારી જેવા અનેક ત્યાં ગયા હતા તો ખરા, પણ જવા બાદ, આવામાં ક્યાં ભરાઇ પડ્યા એવી મુંઝવણ અનુભવવા લાગ્યા હતા. આવા જલસામાં ભાગ લઇને–સાથ પુરાવીને–અમે અમારી જાતને બેવકૂફ પુરવાર કરી–આવા કાંઇક ભાન સાથે અમે પાછા ફર્યા હતા. અમે તો પ્રેક્ષકવર્ગમાં હતા, પણ વધારે દયનીય સ્થિતિ મંચ ઉપર બેઠેલા એ મહાનુભાવોની હતી કે જેમના નસીબે આ વિવેક વિહોણા નાટકમાં સક્રિય ભાગ ભજવવાનું આવ્યું હતું. અથવા તો દેવમૂર્તિ માફક ઉચ્ચ આસન શોભાવવાનું આ યું હતું.

શ્રી નાયકે આ સમારંભમાં મુખ્ય સ્થાન સ્વીકારવાની હા કહી હતી કે કેમ તે વિષે શંકા સેવાઇ રહી છે, પણ ખરેખર હા કહી હોય તો તેમના માટે અને શ્રી ભારદે જેવા વર્ષોથી જાહેર જીવનમાં પળોટાયલા મહાનુભાવ માટે પ્રશ્ન થાય છે કે આવા સમારંભમાં ભાગ લેવાની હા ભણતા પહેલાં આ નિમંત્રણ આપનાર વ્યકિત કોણ છે, શા માટે તે બોલાવે છે, તેમની આગળ ધરવામાં આવતા હેતુ પાછળ બીજો કોઇ હેતુ છે કે નહિ તેનો તેમણે જરા ઉંડાણથી વિચાર સરખો પણ કર્યો નહિ હોય? આજ સુધીમાં અનેક સભાઓ, સંમેલનો અને સમારંભો જોયાં, પણ અનૌચિત્યની અને કઢંગાપણાની પરાકાષ્ટા સમા આ સમારંભની તોલે આવે એવો બીજો કોઇ સમારંભ જોયાનું યાદ આવતું નથી. – **પરમાનંદ**

☆ અપંગ બહેને દાખવેલી પ્રતિભાનું અભિનન્દન ☆

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનાં ઉપક્રમે, વર્ષોથી નેત્રહીન થયેલ અને તાજેતરમાં એમ.એ.ના બીજા વર્ગમાં ઉત્તીર્ણ થયેલ કુ. જ્યોતિ પારેખને અભિનન્દન આપવાનો એક મેળાવડો શનિવાર, તા. ૬-૭-'૬૮ સાંજના ૬-૦૦ વાગે મૉડર્ન સ્કૂલનાં પ્રિન્સિપાલ શ્રી રમણ વકીલનાં પ્રમુખપદે–મૉડર્ન સ્કૂલનાં હૉલમાં–યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સારી સંખ્યામાં ભાઇ–બહેનો ઉપસ્થિત થયાં હતાં. એસ. એન. ડી.ટી. કૉલેજનાં પ્રિન્સિપાલ શ્રી ફાટકસાહેબ તેમ જ બ્લાઇન્ડ એસોસિએશનનાં ડેવેલેપમેન્ટ ઑફિસર ડૉ. રાજેન્દ્ર વ્યાસ ખાસ નિમંત્રણથી ઉપસ્થિત હતાં.

શરૂઆતમાં **શ્રીમતી રમાબહેન ઝવેરીએ** "પ્રેમળ જ્યોતિ તારો દાખવી મુજ જીવનપંથ ઉજાળ" ગીત ગાયું હતું–ત્યારબાદ સંઘના ઉપપ્રમુખ **શ્રી પરમાનંદભાઈએ** એમનાં પ્રાસ્તાવિક વિવેચનમાં કહ્યું :

"આજનો અભિનંદન સમારંભ અનોખા પ્રકારનો છે, આપણે આપણા હૃદયનો આનંદ પ્રકટ કરવા–જ્યોતિને અભિનન્દન આપવા અને એને આશીર્વાદ આપવા ભેગા થયા છીએ. જ્યોતિ આ જ સ્કૂલમાં ભણતી હતી. ઘરે અકસ્માતમાં આંખો ગઇ–આમ છતાં સ્કૂલનાં પ્રિન્સિપાલ શ્રી રમણ વકીલની પ્રેરણા અને માર્ગદર્શન નીચે એણે એસ. એસ. સી. પાસ કરી–કૉલેજમાં દાખલ થઇ, ત્યાં બી. એ.ની પરીક્ષા સંગીત સાથે પાસ કરી–અને પછી એમ. એ. ની પરીક્ષા સૌશીઓલૉજી લઇને પાસ કરી. આ રીતે બહેન જ્યોતિએ એક અસાધારણ વિક્રમ સાધ્યો છે એમ કહેવામાં જરા પણ અત્યુકિત નથી. જ્યોતિને ભણવામાં તેનાં માતા–પિતા તથા કુટુંબીજનોએ ખૂબ જ મદદ કરી છે. આનંદની વાત તો એ છે કે એના માતુશ્રી જેઓ માંડ ત્રણ ચોપડી ભણ્યા હશે; તેમણે જ્યોતિ માટે ખૂબ વાંચન કર્યું અને તેઓનાં શબ્દોમાં કહું તો, 'જ્યોતિને ભણાવતાં મને કેટલો બધો લાભ મળ્યો–હું કેટલું બધું જાણી શકી?'

જ્યોતિનો ઉત્તરોત્તર વિકાસ એ આપણા બધાના ગૌરવનો વિષય છે–વળી, આજના સમયની પણ બલિહારી છે કે પચાસ વર્ષ પહેલાં અંધને માટે આટલી બધી સગવડતા આપણે કલ્પી શકતા ન હતા, આજે ભણવાની અને વ્યવસાયની એટલી બધી તકો છે કે કેટલાંયનાં જીવન ખંડિત થતાં અટકી ગયાં છે. બહેન જ્યોતિ આપણી મોટી આશા છે. તેઓ એમનાં જીવનમાં નિરાશા ન લાવતાં આગળ ને આગળ વધે એવી શુભભાવના હું પ્રગટ કરું છું."

સંઘના પ્રમુખ **શ્રી ચીમનલાલ ચકુભાઈએ** એમના વિવેચનમાં કહ્યું: "જ્યોતિનું સન્માન કરીએ છીએ ત્યારે આપણી સમક્ષ સહેજે વિશ્વવિખ્યાત હેલન કેલરનો વિચાર આવે છે. અને આપણને વિચારતા કરે છે કે એક વ્યકિતનો પુરુષાર્થ શું નથી કરી શકતો? હેલન કેલર અંધ–બધીર–મૂંગા–હતાં, છતાં એમના વ્યકિતત્વનો અદ્‌ભુત વિકાસ થયો–એનામાં જે જ્ઞાન પ્રકટ થયું એનો આપણે વિચાર કરીએ તો આપણને જરૂર લાગે કે જે જ્ઞાનની જ્યોતિ પ્રકટે છે એનું ઉગમસ્થાન જુદું જ છે. ઈન્દ્રિયો તો માત્ર સાધન છે; જ્યારે ચેતના એ જૂદી જ વસ્તુ છે. વળી જીવનનાં માંગલ્ય ઉપર જો શ્રદ્ધા ન હોય તો આવી વિષમ સ્થિતિ આવે ત્યારે તે વ્યકિત પુરુષાર્થ કરી શકતી નથી. નેવું વર્ષની ઉંમરે પણ પંડિત સુખલાલજીને મેં કદિ નિરાશ નથી જોયા. માણસની આત્માની ચેતના બુદ્ધિ અને મનથી પણ પર છે. મન અને બુદ્ધિ એનું સાધન જ છે. પ્રેસીડેન્ટ રૂઝવેલ્ટ અપંગ હતા પણ આ અપંગતાએ એમને આત્મિક શકિત અને પુરુષાર્થની તક આપી. આપણને ય પુરુષાર્થ માટે પ્રેરણા આવી વ્યકિત-

ઓને જોઈને મળે છે. બહેન જ્યોતિ મંગળ અને શ્રેયના માર્ગે રહે એ જ પ્રાર્થના."

એસ્. એન્. ડી. ટી.ના પ્રિન્સિપાલ ફાટક સાહેબે એમનાં પ્રવચનમાં કહ્યું, શ્રી ચીમનકાકાએ ઉપનિષદની જ વાત સુંદર રીતે કહી છે. બહેન જ્યોતિના સંદર્ભમાં આ વાત સાચી છે. જ્યોતિ ધારત તો એમ.એ.માં ગુજરાતી–હિંદી–લઈ સહજ રીતે પાસ થઈ શકત. એણે એમ ન કરતાં "સોશીઓલૉજી"નો કઠણ વિષય લીધો અને વિક્રમ તોડયો છે. આગામી કૉન્વોકેશન પ્રસંગે એને યુનિવર્સિટી તરફથી ખાસ ઈનામ આપવાનો વિચાર અમારી સીન્ડીકેટ વિચારી રહી છે– હું જ્યોતિને મારા અંતરનાં અભિનન્દન આપું છું.'

ડૉ. રાજેન્દ્ર વ્યાસે પ્રાસંગિક પ્રવચન કરતાં જણાવ્યું કે, " જ્યાં સુધી અંધ પ્રત્યે જૂની રૂઢીવાળો મત સમાજમાં હશે ત્યાં સુધી અંધોનાં વિકાસમાં અવરોધો જ ઊભા થવાના છે. અપંગ યા અંધ લોકોને બીજા કશાજનો સામનો કરવાનો હોતો નથી. ફકત સામનો કરવાનો હોય તો તે સમાજની વિચારસરણીનો જ છે. આપણા દેશમાં હેલન કેલરનાં આવવાથી અંધજન કલ્યાણ કાર્યને ઘણો વેગ મળ્યો છે. આમ છતાં ય ઘણા ય સુખી કુટુંબના અંધ– બાળકો આ કાર્યનો લાભ લેતા નથી. અપંગ કે સર્વાંગસંપન્ન– બધાંમાં અહમ્ તત્ત્વ હોય જ છે, બાકી શિક્ષણ–અંધ કે દેખતા-ઓનું–જૂદું નથી. અલબત્ત, અંધનું માધ્યમ જરા જૂદું છે. આપણા દેશમાં ચાર લાખ અંધ બાળકો છે. આ બધાનું સરકાર તો ધ્યાન રાખી શકે નહિ. ત્યારે સમાજે પણ આ કામ ઉપાડવાની જરૂર છે અને મંદિરો હવે બહુ બાંધવાની જરૂર નથી. અંધોને અને અપંગોને ભણાવવા અને પછી વ્યવસાયી બનાવવા–આમાં સમાજે પૈસા ખર્ચવાની જરૂર છે. અંધોનાં વિકાસકાર્યમાં આર્થિક રીતે ફાળો હજુ સુધી કોઈ હિંદુનો નથી–કોઈ જૈનનો નથી–કોઈ મુસલમાનનો નથી. મોટામાં મોટો ફાળો હોય તો પારસીઓનો છે. અંધો માટે ઘણાં ઘણાં કાર્યો થઈ શકે. દાખલા તરીકે દરેક શાળામાં અંધ-વિદ્યાર્થીઓ માટે એક જૂદો વર્ગ હોય જ્યાં એક શિક્ષક આ દશ પંદર વિદ્યાર્થીઓને જ ભણાવે–અંધ વિદ્યાર્થીઓ માટે આથી જૂદી શાળાની જરૂરિયાત નહિ રહે.

"આપણે અંધો માટે Employment Exchange જેવું ખોલી અંધોને નોકરી-ધંધે લગાડી શકીએ. અંધ ખેડૂતો માટે એક કૃષિ-કેન્દ્ર પણ ખોલી શકાય. પુખ્ત વયે અંધાપો આવે તો તે પુખ્ત વયનાઓ માટે એક જૂદું નિવાસસ્થાન–કેન્દ્ર જેવું બનાવી શકાય. જ્યાં તે પોતાના કુટુંબથી દૂર રહી શકે. આ સ્થળ સુંદર વાતાવરણમાં હોય જ્યાં પુખ્તવયે અંધ બનતા જે ધક્કો લાગ્યો હોય એને તેઓ ભૂલી શકે. આવી અનેક અંધ-કલ્યાણ-કાર્યની પ્રવૃત્તિ થઈ શકે. અત્યારે તો 'જ્યોતિ'ને અભિનન્દન આપી કહીશ કે એ આનંદમાં રહે, તબિયત સુધારે અને ખૂબ આગળ વધે."

શ્રીમતી હીરાબહેન કાજીએ કહ્યું કે:–

"હું જ્યોતિબેનની બહુ જ નિકટ પરિચયમાં છું. એની પ્રગતિમાં એનાં ઘરનાં બધા સભ્યોનો મોટો ફાળો છે, એટલે જો સાચા અભિનન્દનનાં પહેલા અધિકારી કોઈ હોય તો તે તેનાં માતા - પિતા છે; પછી ભાઈઓ, ભાભીઓ, બહેનો – જેમણે જ્યોતિબહેનનો ખૂબ જ ખ્યાલ રાખ્યો છે. અને રાતના બાર - બાર વાગ્યા સુધી એમની પાસે વાંચન કર્યું છે. જ્યોતિનો હજુ વધુ વિકાસ તો બાકી છે. હું જોઉં છું કે ભવિષ્યમાં જ્યોતિબેન માટે આવા ઘણા અભિનન્દન મેળાવડા ઊભા છે."

ત્યારબાદ સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહે જણાવ્યું કે:-

"સમાજમાં જ્યોતિઓ તો ઘણી હશે – નેત્રહીન જ્યોતિઓ પણ હશે – પરંતુ આપત્તિને ઉન્નત્તિનું વાહન બનાવી, પ્રબળ પુરુષાર્થ કરી, શૈક્ષણિક ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરી હોય એવી જો કોઈ જ્યોતિ હોય તો તે એક જ જ્યોતિ છે કે જેનું અભિનન્દન કરવા આપણે ભેગા થયા છીએ. જ્યોતિબહેને નેત્રના પ્રકાશને અંતરમાં ઉતારી અદ્‌ભુત વિકાસ કર્યો છે અને આપણી અંધો પ્રત્યેની દૃષ્ટિ બદલાવી દીધી છે. આપણે, અંધો – કે અપંગો – શું નથી કરી શકતા એને બદલે શું શું કરી શકે છે એ વિચારીએ તો આપણે જોઈશું, કે પ્રેસીડેન્ટ રૂઝવેલ્ટ - હેલન કેલર - પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી, ડૉ. કોહેલો, ડૉ. રાજેન્દ્ર વ્યાસ અને બહેન જ્યોતિ. આવી મહાન વ્યક્તિઓને આપણે કેમ અપંગ કહેવી? આપણાથી શું તેઓ હીન છે – દીન છે એમ કહી શકીશું ખરા? – બલ્કે, મને તો દયાને પાત્ર આપણે પોતે જ લાગીએ છીએ. રંગની સૃષ્ટિનાં દ્વાર જેને માટે બંધ થયા છે એને જો આપણે અંધ કહીએ તો આપણે સૂર્યાસ્તનાં સુંદર રંગો – કે બગીચાના પુષ્પોનાં રંગો – જોવાની ફુરસદ કયે દિવસે કાઢી છે? અને તો પછી આપણે ય એક રીતે અંધ નથી શું? સ્વરની સૃષ્ટિનાં દ્વાર જેને માટે બંધ થયાં છે એને જો આપણે બહેરાં કહીશું તો આપણે કયે દહાડે સાગરનું સંગીત માણ્યું છે? કયે દહાડે પંખીના મધુર સૂરો સાંભળવાની ઈચ્છા વ્યકત કરી છે? આપણે ય એક રીતે બહેરાં નથી શું? શબ્દોની સૃષ્ટિનાં દ્વાર જેને માટે બંધ થયા છે એને જો આપણે મૂંગાં કહીશું તો આપણે કયે દિવસે મધુર શબ્દો વહાવ્યા છે – આપણે ય મૂંગાં નથી શું?

"ટૂંકમાં અંધોની દુનિયાથી આપણી દુનિયા જરાય જુદી નથી. આપણી દુનિયામાં ય એટલી જ આશા – નિરાશા, એટલા જ સુખ અને દુઃખ છે. અહિંયા દેખતા હોવા છતાં આપણે અનેક વાર આથડીયે છીએ, અફળાઈએ છીએ – આપણી આંખ જોવાનું જોતી નથી– ન જોવાનું જૂએ છે. આપણને અંધો કે અપંગો ઉપર દયા કરવાનો કોઈ અધિકાર નથી.

"બહેન જ્યોતિ – જીવનમાં લાચારીને સ્થાન ન આપતાં હંમેશ આશાની જ્યોતને જ્વલંત રાખે અને સમાજની સાચી જ્યોતિ બને એ જ પ્રભુપ્રાર્થના. અંતમાં જ્યોતિને એટલું જ કહેવાનું Always Onward–Never Be Beaten."

પ્રિન્સિપાલ શ્રી રમણ વકીલે જણાવ્યું કે–

"જ્યારે પરમાનંદભાઈએ આ અભિનન્દનસમારંભની મને વાત કરી ત્યારે મને ખબર ન હતી કે હું પણ આ સમારંભનો ભાગીદાર બનીશ. મેં જ્યોતિ માટે જે કર્યું એ તો ફરજના એક ભાગ રૂપે કર્યું છે.

"માણસને આંખ જાય છે ત્યારે એક નવી જ ચેતના આવે છે જે આપણે ડૉ. રાજેન્દ્ર વ્યાસ અને જ્યોતિમાં જોઈએ છીએ. હું માનું છું કે અંધો માટે શાળા જૂદી હોવી જોઈએ અને ભણાવવાની પદ્ધતિ પણ જુદી હોવી જોઈએ, પણ દિલગીરીની વાત છે કે આપણી સરકાર અને સમાજ જોઈએ એટલા જાગૃત નથી. અંધ - કલ્યાણ કેન્દ્રો આર્થિક રીતે ટકી શકે એ માટે વ્યકિતઓ, સમાજ અને સરકારે પ્રયત્ન કરવો પડશે. બાકી એ હકીકત છે કે માણસનાં ચર્મચક્ષુ જાય છે ત્યારે એનાં દિવ્યચક્ષુ ખૂલે છે. આપણામાં અંતરચક્ષુ – અંતર્દૃષ્ટિ નથી. મંદિરોને બદલે અંધોને મદદરૂપ થવાના કાર્યો વધુ થાય એમ હું પણ ઈચ્છું. બહેન જ્યોતિ જીવનમાં આગળ ને આગળ વધે–શરમસંકોચને પાછળ રાખે."

કુ. જ્યોતિબહેનનો જવાબ

"મને આપે અને મુંબઈ જૈન યુવક સંઘે જે અભિનંદન અને આશીર્વાદ આપ્યા છે એ માટે હું આપ સૌની ખૂબ જ આભારી છું. આજના, પૂજ્ય પરમાનંદકાકા અને અન્ય મહાનુભાવોના પ્રવચનો મને હંમેશ પ્રેરણા આપશે. મને પ્રેરણાની બહુ જરૂર છે. મારા વિદ્યાભ્યાસમાં મને મારા વડીલોએ જે ટેકો આપ્યો એ ટેકા વડે જ હું આટલી આગળ વધી શકી છું. – પ્રિન્સીપાલ રમણભાઈનો પણ આ તકે આભાર માનું છું. મારી આંખો ગયા પછી પાંચ વર્ષો મેં બહુ જ નિરાશામાં ગાળ્યાં પણ રમણભાઈ અને શાળાના સ્ટાફે મને ઘણું પ્રોત્સાહન આપ્યું. કૉલેજમાં મુશ્કેલીઓ દૂર કરવામાં મારી બહેનપણીઓ મને સહાયરૂપ થઈ અને ફાટકસાહેબે તો ઠેઠ પરીક્ષાનાં હૉલ સુધી મારી કાળજી રાખી.

"ડૉ. રાજેન્દ્ર વ્યાસ માટે મેં સૌ પ્રથમ 'જન્મભૂમિ'માં વાંચ્યું. આથી હું એમને મળી – તેમણે પણ મને બહુ જ પ્રેરણા આપી છે. આજે તેમણે અપંગ વ્યકિતઓની મુશ્કેલીઓની સુંદર છણાવટ કરી છે એટલે મારે વિશેષ કશું કહેવાનું નથી. હું આપ સૌનો ફરી એક વાર અંતરથી આભાર માનું છું."

અંતમાં – સંઘનાં મંત્રી **શ્રી સુબોધભાઈ એમ.** શાહે આભારદર્શન કર્યું હતું. ત્યારબાદ કૉફીનાં પીણાંને ન્યાય આપી સૌ પ્રસન્ન વાતાવરણમાં છૂટા પડયા હતા.

સંકલન :

ચીમનલાલ જે. શાહ

સર્વોદય એટલે અન્ત્યોદય

(ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન જાણીતા સર્વોદય કાર્યકર શ્રી બબલભાઈ મહેતા ઉપર જણાવેલા વિષય ઉપર એક સવિસ્તર નોંધ તૈયાર કરીને આવ્યા હતા અને વિપુલ શ્રોતાસમુદાયને છૂટીછવાઈ મૌખિક ટીકાટીપ્પણી સાથે એ નોંધ તેમણે સંભાળાવી હતી. તે નોંધ આટલી બધી મોડી પ્રગટ કરવા બદલ તેમની હું ક્ષમા યાચું છું. પ્રાસંગિક લેખસામગ્રી આડે સંગ્રહમાં પડેલી કિંમતી વસ્તુ ઘણી વાર વિસરાઈ જાય છે તેવું આ બાબતમાં બન્યું છે. **પરમાનંદ**)

ગાંધીજીએ આપણા સમાજને કેટલાક નવા શબ્દો આપ્યા છે એમાંનો સર્વોદય પણ એક શબ્દ છે. એમ તો આપણી ભગવદ્-ગીતામાં પણ "સર્વભૂતહિતે રતાઃ" એવું એક વિશેષણ આપ્યું છે. એ દ્વારા સાચા ભકતનું એક લક્ષણ બતાવ્યું છે. પણ આ સર્વોદય શબ્દ સાથે ગાંધીજીએ "સર્વભૂતહિતે રતાઃ" નો આચાર કેવો હોય એની પણ વ્યાખ્યા આપી છે.

બધાનું હિત કરવું હોય, બધાંનો ઉદય કરવો હોય તો મારે એવું જીવન જીવવું જેથી બીજાનું હિત ઘવાય નહિ. બીજાની મહેનતનો રોટલો ખવાય નહિ એટલે કે મારી મહેનતનો જ રોટલો ખવાય. કારણકે મહેનત કર્યા વિના રોટલો પ્રાપ્ત થતો જ નથી. જો હું મહેનત નથી કરતો તો મારે ખાતર બીજાને મહેનત કરવી પડે છે. સમાજને સ્વસ્થ રાખવો હોય તો આમ વ્યકિતગત જીવન માટે પણ એક સ્વેચ્છાએ સ્વીકારેલી મર્યાદા આવે છે. કારણ કે વ્યકિત અને સમાજનો ઉત્કર્ષ એકબીજા સાથે સંકળાયેલો છે.

આપણા ધર્મગ્રંથોમાંથી ઈશાવાસ્ય ઉપનિષદે એમને આ દિશામાં પ્રેરણા આપી હતી. એમનું કહેવું એ હતું કે આકસ્મિક રીતે બધાં પુસ્તકોનો નાશ થાય, પણ એક ૧૮ શ્લોકોનું નાનું ઈશાવસ્ય ઉપનિષદ બચી જાય, અરે! એનો પહેલો શ્લોક બચી જાય તો પણ માનવે કેવી રીતે જીવવું જોઈએ એનું માર્ગદર્શન મળી જાય એમ છે.

ઇશાવાસ્યં ઇદં સર્વં, યત્કિંચિત્ જગત્યાં જગત્ ।
તેન ત્યક્તેન ભુંજિથાઃ, મા ગૃધઃ કસ્યચિદ્ધનમ્ : ।।

ઈશ ભવન છે આ સચરાચર,
સ્વર્ણ નિયમ ત્યાં આવોઃ
કમાઓ તે દઈ દઈને ખાઓ,
પર ધન પર ન ધાઓ,
ખાઈ ભોગવી શું ખુશ થાઓ?
માણસ છો કે ગીધ?
ત્યાગમાં જ છે ભોગ ખરો ને
ખરું ખાધું જે દીધ.

આ ઉપરાંત રસ્કિનનું 'અન ટુ ધી લાસ્ટ' અને ટોલસ્ટોયનું વૈકુણ્ઠ તારા હૃદયમાં જ છે—એ બે પુસ્તકોએ પણ એમના ઉપર ઊંડી અસર કરી હતી. રોટલો ખાનાર દરેકે મજૂરી કરવી જોઈએ. માનવ માનવ વચ્ચે ઊંચનીચનાં ભેદ ન હોવા જોઈએ અને સમાજને ઉપયોગી એવા દરેક કામની મજૂરી સરખી હોવી જોઈએ. આ સિદ્ધાંતો એમના હૃદયને સ્પર્શી ગયા હતા અને એના આચારની શરૂઆત એમણે એમના જીવનથી જ કરી હતી.

સર્વોદય એટલે અંત્યોદય એ વિચારની હું તાત્વિક ચર્ચા કરું એના કરતાં બાપુએ સર્વોદય એટલે અંત્યોદય એ સિદ્ધ કરવા માટે આપણી સમક્ષ કેવા કેવા કાર્યક્રમો મૂકયા તથા એને અમલમાં મૂકવા માટે આપણે ત્યાં કેવા કેવા પ્રયત્નો થયા તથા એમાંથી કયાં પહોંચાયું એના અનુભવોની થોડી વાતો હું રજૂ કરીશ તો મને લાગે છે કે એ વાસ્તવિક થઈ પડશે, એટલે આ રજુઆતમાં કેટલીક અંગત વાતો આવે તો એને આપ નિભાવી લેશો એવી આશા રાખું છું.

૧૯૩૪ની સાલ હતી. બાપુએ જેલમાં રહ્યા રહ્યા આમરણાંત ઉપવાસ આદરીને હરિજનો માટેનો વિભકત મતાધિકારનો મેકડોનલ્ડ ચુકાદો રદ કરાવ્યો હતો. અશકિતને કારણે એમને જેલમાંથી છોડી મૂકવામાં આવ્યા હતા અને હરિજનો અંગેનું કામ કરવાની એમને પૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી હતી. એમણે એ તકનો લાભ લઈને દેશભરમાં હરિજનયાત્રા યોજીને હરિજન સેવા અને અસ્પૃશ્યતા-નિવારણ અંગે એક સુંદર હવા પેદા કરી દીધી હતી.

એ દરમ્યાન, સવિનય કાનૂનભંગનું આંદોલન મોકુફ રખાયું. અમારા જેવા લાંબી સજાઓવાળા પણ ધીમે ધીમે જેલમાંથી છૂટવા લાગ્યા.

બાપુએ બહાર આવનારાઓને ગામડાંમાં થાણું નાખીને ગ્રામ-સેવા કરો એવો સંદેશો આપવા માંડયો હતો.

મારા જેવો ગામડાંમાં બેસીને ગ્રામસેવા કરવાના હેતુથી જ કરાંચી શહેર અને ત્યાંની કૉલેજ છોડીને નીકળ્યો હતો. એને તો એમ જ થયું કે જે હેતુથી હું આ બાજુ આવ્યો હતો એ જ કામ બાપુએ બધાને ચીંધવા માંડયું છે. એટલે મારા મગજનાં ચક્રો પણ ગામડામાં જઈને કઈ રીતે કામ કરવું એ માટે જેલમાંથી છૂટયો એ પહેલાં ગતિમાન થઈ ગયાં હતાં.

હું તો કરાંચી છોડીને ૧૯૨૮માં જ સીધો ગામડાંમાં બેસી જવા માગતો હતો, પણ મને ગામડાંનો શો અનુભવ? ત્યાંના પ્રશ્નો શા? એનો ઉકેલ શો? એ અંગે મારે અભ્યાસ કરવો જોઈએ એવી સલાહ મને પૂ. કાકાસાહેબ કાલેલકર પાસેથી મળી હતી અને એમની દોરવણી હેઠળ જ ગુજરાત વિદ્યાપીઠમાં રહીને બે વર્ષ સુધી ગામડાંનું અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને બીજા અનેક પ્રશ્નોનો મેં અભ્યાસ કરવા માંડયો. ત્યાં હું શ્રી. જે. સી. કુમારપ્પા, શ્રી નરહરિભાઈ પરીખ વગેરેનાં સંપર્કમાં આવ્યો, એમના વર્ગો ભર્યા અને સાથે સાથે ગાંધીવિચારનો પણ મારો અભ્યાસ આગળ વધતો ગયો.

૧૯૩૦ માં ગાંધીજીએ મીઠાં સત્યાગ્રહનું સ્વાતંત્ર્ય આંદોલન શરૂ કર્યું એ વખતે દેશની એવી હવા હતી કે દેશપ્રેમ જાગ્યો હોય એવી કોઈ વ્યકિત એ આંદોલનમાંથી બાદ રહી શકે જ નહિ. એટલે હું પણ એ આંદોલન નિમિત્તે આવી પડે તે ફરજો બજાવતો બજાવતો જેલમાં જતો અને બહાર આવતો. આ મારી ત્રીજી વખતની જેલમાં મને અઢી વરસની સજા મળી હતી.

જેમ ગુજરાત વિદ્યાપીઠ મારે માટે ગાંધીવિચારનું અને ગ્રામ પ્રશ્નોનું અધ્યયન કરવાનું સ્થળ હતું એમ આ જેલો પણ મારા એ વિચારો વધુ સ્પષ્ટ અને દૃઢ કરવા માટેના ઉત્તમ કેન્દ્રો પૂરવાર થયાં. એ દરમ્યાન ગાંધીજી સાથે સંપર્કમાં આવેલી વ્યકિતઓ સાથે રહેવાનું થયું. અનેક ગ્રંથોનું ઝીણવટથી અધ્યયન થયું અને ભાવિ કામ અંગેનું ચિન્તન પણ થયું.

ગાંધીવિચારનો પાયો એકાદશ-વ્રતો હતા. એ વ્રતો અંગે એમણે જે કાંઈ લખ્યું હતું એનું હું વારંવાર વાચન કરતો હતો અને મારા જીવનમાં એમાંનું કેટલું ઉગ્યું છે એનો હું વારંવાર તાળો મેળવવાના પ્રયત્ન કરતો હતો.

બાપુને મન દરિદ્રનારાયણની સેવા એટલે પરમાત્માની સેવા હતી, એમની સત્ય અને અહિંસાની ઉપાસનાએ જેમ એમને સત્યા-ગ્રહો કરવાની પ્રેરણા આપી હતી એમ તૂટી ગયેલાં ગામડાંઓને ફરી સજીવન કરવાની પ્રેરણા આપતી હતી.

'ગામડાંની વહારે' નામની એક નાનકડી પુસ્તિકા લખીને એમણે ગામડાંમાં જઈને શું શું કરી શકાય એ અંગે સરળ છતાં હૃદયંગમ ભાષામાં સુંદર માર્ગદર્શન આપ્યું છે. કહોને ગામડાંમાં બેસીને પાર પાડવાના કાર્યક્રમો જ એમાં એમણે આપ્યાં છે. આ બધું મારા મનમાં રંધાઈ રહ્યું હતું. મેં નક્કી કર્યું કે જેલમાંથી છૂટયા પછી પંદર દિવસ મળવા હળવામાં ગાળવા - પછી એક ગામડું શોધીને મારે ત્યાં બેસી જવું.

ભાઈ દિનકર મહેતા પણ એ વખતે ગુજરાત વિદ્યાપીઠના એક વિદ્યાર્થી હતા, અમારા સાથી હતા. ૩૦ માં એ પણ પકડાયા હતા. પણ પછી એમને ક્ષયની બીમારી લાગું પડી હતી. આથી એ બેંગલોર-ના સેનિટોરિયમમાં હતા. સામ્યવાદની વિચારસરણીએ એમની પકડ લીધી હતી. ગાંધીવિચારમાંથી એમની શ્રદ્ધા ડગતી જતી હતી.

પણ એમના પત્રોના હું જેલમાંથી જવાબ આપતો જતો હતો એમ મારી ગાંધીવિચાર વિષેની શ્રદ્ધા વધુ દૃઢ થતી જતી હતી.

જેલમાંથી છૂટીને કરેલ નિર્ણય મુજબ હું રેલવે સ્ટેશનથી દૂર હોય એવા પછાત અને નાના ગામડામાં બેસી ગયો. માસરા એનું નામ.

એ ગામનું આકર્ષણ પણ વિચિત્ર રીતે જ થયું. ઉનાળાનો સખત તાપ હતો. હું ગામડું શોધવા માટે એકલો એકલો એક ગામડેથી બીજે ગામડે જઈ રહ્યો હતો. કોઈકે કહ્યું કયાં? માસરા જવું છે? એ તો ધોળે દહાડે લૂંટે એવું છે. ત્યાં જઈને શું કરશો? એ પ્રશ્નને મને મુશ્કેલીનો સામનો કરવા માટે વધુ કટિબદ્ધ બનાવ્યો.

ગામમાં પહોંચ્યો ત્યારે બપોરના બે વાગ્યા હતા. તાપમાં ચાલીને હું પરસેવે રેબઝેબ થઈ ગયો હતો અને મને તરસ પણ લાગી હતી. પણ આ ગામના બધાં ઘરો લગભગ બંધ જણાયાં. સૌ ખેતરોમાં ગયાં હતાં. ગામ વચ્ચે થોડે જતાં એક નવું પિઢેરી મકાન તૈયાર થઈ રહ્યું હતું ત્યાં ચાર પાંચ માણસો કામ કરતા હતાં. મેં પૂછ્યું "ભાઈ, અહીં પીવાનું પાણી મળશે?" એકે જવાબ આપ્યો, "એ રહ્યું સામે તળાવ." આ જવાબે મને સડક કરી દીધો.

એક ગામ વચ્ચોવચ્ચ, કોઈ અજાણ્યો તરસ્યો માણસ, પીવાના પાણીની પૃચ્છા કરે છે અને એને જવાબ મળે છે "એ રહ્યું સામે તળાવ" આ જવાબે મારા મનમાં ધમસાણ મચાવી દીધું. કયાં ગઈ આપણી ભારતીય સંસ્કૃતિ? કયાં ગઈ ભારતની પરોણાગત અને આતિથ્યભાવના? ભલે દેશમાં મોટા મોટા પંડિતો હોય, ભલે દેશમાં મોટી મોટી શાળા–મહાશાળાઓ હોય, પણ અહીં તો ભારતની સંસ્કૃતિનું તળિયું "એ રહ્યું પેલું તળાવ" સુધી આવી રહ્યું હતું.

આ સંસ્કૃતિને ઊંચે ચડાવવી હોય તો એમનામાં રહીને સંસ્કાર અને શિક્ષણનું સીંચન કરી શકે એવા લોકોએ એમની વચ્ચે જઈને બેસવું જોઈએ એ બાપુજીની વાત તદ્દન સાચી લાગી.

ભારત દેશની બહુ મોટી વસ્તી ગામડાંઓમાં વસે છે. એ ગામડાંઓ ધનસંપત્તિ, શિક્ષણ–સંસ્કાર અને કલા–કારીગીરીથી કંગાલ હોય તો ભારત દેશ કંગાલ જ ગણાય.

ભવ્ય પ્રાસાદોવાળા થોડા શહેરો હોય, રેડિયો, મોટર અને ટેલિફોનવાળા થોડાં કુટુંબો હોય અને બહુ બુદ્ધિશાળી થોડી વ્યકિતઓ હોય એથી ભારત સમૃદ્ધ નહિ ગણાય. સમૃદ્ધિ શિક્ષણ અને સંસ્કાર એવા થોડાઓ વચ્ચે જ અંતરાયેલો રહે તો એ ઈર્ષા, અદેખાઈ અને વિખવાદ જ પેદા કરે.

આથી જ ગાંધીજીએ કહેલું કે :

"અસંખ્ય ગામડાંઓની બનેલી આ સમાજરચનાની આકૃતિ એક એકથી ઊંચે જતાં વર્તુળોની નહિ પણ એકબીજાથી વિશાળ થતાં જતાં અને નાનાને મોટામાં સમાવી લેતાં વર્તુળોની હશે. જીવનનો ઘાટ જ્યાં ટોચ પાયાને કચડી ઊંચી રહે છે તેવા પિરામિડનો નહિ હોય, તેનો ઘાટ સમુદ્રનાં અનંત સીમા સુધી વિસ્તરતાં જતાં મોજાંઓના વર્તુળનો હશે, જેના કેન્દ્રમાં પોતાના ગામને સારૂ ખપી જવાને હરહંમેશ તત્પર એવી વ્યકિત હશે, અને ગામ વળી બીજાં ગામોનાં બનેલા પોતાના વર્તુલને માટે ખપી જવાને તત્પર રહેશે અને આખરે આ રચનામાં સર્વ વર્તુળો મળીને એક જ પ્રાણવાળું એક શરીર બનશે – એ રચનામાં જે વ્યકિતઓનો સમાવેશ થશે, તે પોતાના અહંકાર અથવા ઘમંડમાં કોઈ બીજાના પર આક્રમણ નહિ કરે, હંમેશ નમ્ર રહેશે અને સમુદ્રના વિશાળ વર્તુળમાં સમાયેલા સમસ્ત જીવનની ભવ્યતા પોતાના અંતરમાં અનુભવી તે વર્તુળના અંગરૂપ ઘટક બની રહેશે. કોઈ એવો ટોણો મારશે કે આ તો આદર્શ થયો, સંપૂર્ણતાનું તરંગી ચિત્ર થયું, અને તેને વિષે વિચાર કરી નાહક વખત બગાડવાની જરૂર નથી. યુકલિડની વ્યાખ્યાનું બિંદુ દોરી બતાવવાને માણસ સમર્થ નથી, છતાં, તેનું કદી ઘટે નહિ એવું મૂલ્ય છે. તેવી રીતે માણસજાતને જીવવું હોય તો મારા આદર્શચિત્રની પણ કદી ઓછી ન થાય તેવી કિંમત છે. એ સાચા ચિત્રની અણિશુદ્ધ સંપૂર્ણ સિદ્ધિ કદી ન થવાની હોય, તો પણ હિંદુસ્તાન તેને માટે જીવે. આપણને જે કાંઈ જોઈતું હોય તેના જેવું કંઈકેય મેળવી શકીએ તે પહેલાં આપણી પાસે તેનો સંપૂર્ણ ખ્યાલ હોવો જોઈએ. હિંદુસ્તાનમાં એકે એક ગામનું પ્રજાસત્તાક સ્થાપવાની વાત સ્વીકારો, તો જ્યાં છેલ્લામાં છેલ્લો આવનારો પહેલાના જેવો હોય, અથવા બીજા શબ્દોમાં કહીએ તો જેમાં કોઈ પહેલો નથી ને કોઈ છેલ્લો નથી.

"પણ આવી સમાજરચના શ્રમના પાયા ઉપર જ આધારિત હોય. દરેકના જીવનમાં શ્રમની અને શ્રમથી પ્રાપ્ત કરેલી ચીજવસ્તુની જ પ્રતિષ્ઠા હોય."

આજે પ્રવાહ બિલકુલ ઉલટો ચાલતો જણાય છે. પણ સર્વનો ઉદય ચાહતા હોઈએ તો એ સમાજમાં શ્રમ સ્વેચ્છાએ સ્વીકારેલું મૂલ્ય બની જવું જોઈએ. એ મૂલ્યને અનુરૂપ સમાજરચના અને એ મૂલ્યને પોષક કેળવણી હોવી જોઈએ. ગાંધીજીએ નયી તાલીમને એમની સર્વોત્કૃષ્ટ દેણગી કહી હતી તે પણ નવી પેઢીમાં આવાં મૂલ્યો ઊભા કરવાના અર્થમાં જ.

ખેતી, ખાદી અને ગ્રામોદ્યોગના વિકાસ માટેની એમની યોજનાઓ પણ આ મૂલ્યની સ્થાપના માટે અને સર્વનો ઉદય થાય એવા સમાજને જ અનુરૂપ હતી.

આપણા ગામડાંઓની સ્થિતિ એવી છે કે બહુ મહત્વાકાંક્ષી અને મોટી તોતીંગ યોજનાઓ ગામડામાં છેવાડે પડેલાઓ અને અભણ લોકો સુધી પહોંચી જ શકે એમ નથી. ગામડાંઓમાંથી પણ જે થોડો સમૃદ્ધ અને બુદ્ધિજીવી વર્ગ છે એ જ એનો થોડો ઘણો લાભ લઈ શકયો છે એવો આપણા આજ સુધીની પંચવર્ષીય યોજનાઓનો અનુભવ છે.

હું જે ગામડાંમાં ગયો એનું મને આકર્ષણ કઈ રીતે થયું એ તો મેં કહ્યું પણ એનું સ્વરૂપ કેવું હતું?

હજાર માણસની વસ્તીમાં ૩ થી ૪ ઘર ઈંટેરી હતાં અને ૮-૧૦ નાળિયેરીના. બીજાં બધાં મકાનો પિઢેરી અને છાજલાયેલાં હતાં. ગામમાં નિશાળ નહોતી. પણ ગામ વચ્ચોવચ્ચ એક દારૂનું પીઠું હતું. વર્ષે બે ત્રણ જણને તો ચોરી, મારામારી કે લૂંટફાટ નિમિત્તે જેલમાં જવાનું થાય જ. ગામમાં દવાખાનું કે દાકતર તો શાના હોય? પણ વહેમને પોષનારા ભુવાઓ ૮ - ૧૦ હતા. ગામમાં એક શેઠ હતા. આવ્યા ત્યારે દોરી અને લોટો લઈને આવ્યા હતા. આજે એમના કબજામાં ૭૦ – ૮૦ વીઘા ભોંય હતી અને ૮ - ૧૦ ઘરો એમને ત્યાં ગીરો મૂકાયેલાં હતાં, આર્થિક રીતે ગામ ઉપર એમનો કાબૂ હતો. ગામને ૨૫,૦૦૦નું દેવું હતું.

ઉનાળે, શિયાળે કે ચોમાસે જે કાંઈ મહેનત કરીને ખેડૂતો પકવતા હતા એ નાણાંની ખેંચને કારણે કે દેવું વાળવા માટે સસ્તે ભાવે એમને વેચી દેવું પડતું હતું અને ઉનાળામાં કોઠીમાં દાણા ખૂટે ત્યારે એ જ અનાજ એમને મોંઘે ભાવે ખરીદવા જવું પડતું હતું. ઉધાર લાવે એના ઉપર વ્યાજના ઘોડા ચડયે જતા હતા. આમાં એ શી રીતે ઊંચા આવે?

ગામમાં સહી કરી જાણે કે થોડું વાંચી શકે એવા ૬–૭ જણ હતા. બીજા બધા અભણ હતા.

આવી સ્થિતિમાં પણ દારૂ, અફીણ, બીડી અને ચાના ખર્ચાઓ તો એમનો ભાગ ભજવ્યા જ કરતા હતા. ઘરમાં છોકરૂં માંદું પડયું તો બાધા–આખડી કે ભૂત–ભૂવાના ખર્ચા તો એના ઉપર ચડવાના જ.

પૂરતું પોષણ મળે એવો ખોરાક નહિ, સ્વચ્છતાનું ઠેકાણું નહિ, આથી એના ઘસાયેલા શરીર ઉપર ભાદરવાનો તાવ પણ ચડી વાગતો. ખસ, દાદર અને ગુમડાંઓનો ઉપદ્રવ પણ વધી જતો. એમાં એકાદ વર્ષ નબળું આવે, એકાદ ઢોર મરી જાય ત્યારે તો આર્થિક રીતે એ એવો તૂટી જાય કે એને લીધે એનું શરીર અને મન બન્ને અસ્વસ્થ થઈ જાય. માંદા ઢોરને બગાઈઓ વધુ અને આવી ગરીબાઈ વચ્ચે દહાડા કાઢતા ખેડૂતો પાછા ઊંચનીચના ભેદોમાં કે અહંના કારણે એકબીજાની સાથે હળીમળીને રહેવાની વાત તો બાજુએ રહી–પણ કેટલીક વખત લડી–ઝઘડીને કોર્ટ–કચેરીના અને વકીલોનાં ઘરો ભરે, આમાં એ ઊંચા આવે શી રીતે?

આમાં ત્રણ સાંધે ત્યાં તેર તૂટે એવી એમની હાલત હતી. આમ શારિરીક, માનસિક, આર્થિક અને સામાજિક બધી રીતે એ તૂટી ગયા હતા.

એમને ઊંચે ઉઠાવવા હોય તો એમનામાં કેળવણી વધવી જોઈએ, સફાઈ અને સુરૂચિના સંસ્કારો વધવા જોઈએ, એમની ખેતીનું ઉત્પાદન વધવું જોઈએ, એમના ઘરમાં બીજી આવક વધારે એવા ઉદ્યોગધંધા શરૂ થવા જોઈએ, એમના દેવામાંથી એ મુકત થવા જોઈએ અને ખોટા ખરચોમાંથી પણ એ ઉગરવા જોઈએ.

અપૂર્ણ

બબલભાઈ મહેતા

શ્રેયાભિમુખ માનવીનો ઉત્થાનક્રમ

(ગતાંકથી ચાલુ)

આવા માણસને પ્રેમ કરવાનો હોતો નથી; તે પોતે જ પ્રેમ-સ્વરૂપ બની ગયો હોય છે. વિકાસની-સાધનાની આ એ કક્ષા છે કે જે ઉપરથી પ્રકાશોજ્જ્વલ માનવીય પ્રેમકેન્દ્રો નિર્માણ થાય છે, જે પ્રેમકેન્દ્રો વાણીના ઉપયોગ વિના અત્યન્ત વિસ્મયજનક, પ્રેરક, વિધાયક કર્તૃત્વશકિત રજુ કરે છે. આ પ્રેમકેન્દ્રરૂપ બનેલા માનવીઓ બહારના તેમ જ અંદરના જગતમાં મહાન ઉદ્ધારકાર્યો કરતા હોય છે, જેમના અભાવે માનવજાત આજે અત્યન્ત દરિદ્ર અવસ્થામાં સબડતી હોત. આ એ માનવવિશેષો છે, જેમ કે ગાંધી અને એવા બીજા અનેક, જેઓ માનવજાતની સેવા કરવા માટે ઊભા થાય છે અને કોઇ પણ જાતના ભેદભાવ વિના સર્વ-સામાન્ય કલ્યાણને નજરમાં રાખીને પોતાની જાતને સમર્પિત કરે છે. જ્યારે ગાંધીનો હું ઉલ્લેખ કરૂં છું ત્યારે જેમણે અન્ય દેશોમાં અને પ્રદેશોમાં unhonoured and unsung –જેમનાં કોઇએ માનસન્માન કર્યાં નથી અને જેમનાં કોઇએ ગુણગાન કર્યાં નથી એવા-સમાજસમર્પિત માનવીઓને હું લેશમાત્ર વિસરતો નથી. તેઓ વિશુદ્ધ માનવરત્નો છે. આપણી પ્રગતિના-આગેકૂચના-તેઓ મહાન પુરસ્કર્તાઓ છે, સૂત્રધારો છે.

આ પ્રકારના લોકો મારફત વિધાયક બળો આગળ આવે છે અને આ વિધાયક બળો માનવીમાં રહેલી શ્યામલ અહંતાને-કેવળ સ્વલક્ષીપણાને-અંકુશમાં રાખે છે, તેનું શુદ્ધીકરણ-ઉર્ધ્વીકરણ કરે છે.

પશ્ચિમમાં અતિ અલ્પ સંખ્યામાં લોકો આ કક્ષાને પહોંચ્યા છે. પણ હવે વધારે લોકોએ આ કક્ષાએ પહોંચવાનો પ્રયત્ન કરવો જોઇએ. આ એવું એક કાર્ય છે કે જે ઉપર આપણે આપણા લક્ષને કેન્દ્રિત કરવું જોઇએ.

ધીમે ધીમે આપણી અભિરુચિ The Eternal તરફ-અનન્ત તરફ-કેન્દ્રિત થવી જોઇએ. અને જ્યારે આધ્યાત્મિક વિશ્વવ્યાપી ચેતનાનો-Spiritual Universal Consciousnessનો-આ પરમ સર્વ શકિતમાન તત્ત્વનો-માનવીને સ્પર્શ થાય છે, ભલેને તે થોડી ક્ષણો માટે હોય, ત્યાર બાદ તે સર્વથા અનાવૃત્ત આધ્યાત્મિક ભવ્યતાની તેને જીવન્ત સમજણ પ્રાપ્ત થાય છે, તેનો સાક્ષાત્કાર થાય છે-એ ભવ્યતા કે જે દાખલા તરીકે મારા અભિપ્રાય મુજબ, ઇશુ ખ્રિસ્ત મારફત પૂર્ણ અંશોમાં અભિવ્યકત થઇ હતી. તેઓ 'હોલી ઘોસ્ટ'ની મારફત માંદાને સાજા કરી શકયા હતા અને ડાકટરી વાઢકાપ કર્યા સિવાય અને ઔષધોપચારની મદદ લીધા સિવાય માંદાઓને સાજા બનાવી શકયા હતા. સર્વશકિતમાન ઇશ્વરના નામે તેઓ ધારે તે કરી શકે તેમ હતા.

જે કાંઇ નિષેધાત્મક-નકારાત્મક છે તે સર્વને આ આધ્યાત્મિક બળો નિષ્ક્રિય બનાવી દે છે, નાબુદ કરી શકે છે. અને જે કાંઇ વિધાયક છે, રચનાત્મક છે તેને આધ્યાત્મિક બળો સ્પંદતા આપી શકે છે, પ્રાણવાન બનાવી શકે છે, ક્રિયાશીલતા અર્પી શકે છે. આનાથી જે વિચાર પ્રાણવાન બનાવાયો છે તે તેજસ્વીતાને ધારણ કરે છે અને તેથી પણ આગળ વધે છે.

આપણી દુનિયામાં અસ્તિત્વ ધરાવતાં વિરોધી દ્વંદ્વો દ્વારા આપણે ત્યાં જે જીવનમૂલ્યો પ્રસ્થાપિત હોય છે તેની પોકળતા વિષે વિકાસાભિમુખ પ્રસ્તુત વ્યકિત સવિશેષ સભાન બને છે. જેને દુન્યવી જીવનમાં અતિ મહત્વ આપવામાં આવે છે તે. દા. ત. ભૌતિક સફળતા પ્રાપ્ત કરવી, લોકો તરફથી માનસન્માન મેળવવાં, ધન સંપાદન કરવું, સત્તા હસ્તગત કરવી-આ બધું આખરે અર્થવિનાનું-નહિવત્-માલુમ પડે છે. કારણ કે આવાં ભૌતિક મૂલ્યો સ્વત: કોઇ પૂર્ણતાનો કે સ્થાયી સંતોષનો અનુભવ કરાવી શકતાં નથી. તેઓ આત્મતત્ત્વને ગુંગળાવે છે અને તેનો આખરે ત્યાગ કર્યા સિવાય વિકાસશીલ વ્યકિત માટે બીજો કોઇ વિકલ્પ રહેતો નથી. આ ભૌતિક મૂલ્યોનું જે વિરોધી છે દા. ત. દાન કરવું, સેવા કરવી, અહંનું દમન કરવું-આ વડે સાચા માનવનું પ્રગટીકરણ થાય છે અને અન્તસ્તત્વ વધારે ને વધારે પ્રકાશિત બને છે.

લોભ, અજ્ઞાન, મહત્ત્વાકાંક્ષા, સ્પૃહા, ઇર્ષ્યા, વ્યામોહ વગેરે બધાં નકારાત્મક બળો જેના પરિણામે આજની પરિસ્થિતિ પેદા થઇ છે તે હજુ ઉભાં જ છે અને તેનો આપણે સામનો કરવાનો રહે છે. અને પેલાં વિધાયક બળો કે જે પ્રત્યેક માનવીના અન્તસ્તત્ત્વમાં રહેલાં છે તેમને જાગૃત કરવાનાં છે, સતેજ કરવાનાં છે, ક્રિયાશીલ કરવાનાં છે. આપણે વિધાયક બળોને-Will, Love, Wisdom ને-સંકલ્પશકિત, પ્રેમ અને પ્રજ્ઞાને-જીવન્ત કરવાનાં છે, અને તે દ્વારા આપણે બળ પ્રાપ્ત કરવાનું છે. પ્રકાશને રોકતાં શટર્સ-બારીનાં ઢાંકણો-ઉઘાડીને અંધકારનો જેવી રીતે નાશ કરી શકાય છે તેવી રીતે જ્ઞાનપ્રકાશને અન્તર્તમ પ્રદેશમાં પ્રવેશ કરાવીને વ્યકિતગત તેમ જ સમુદાયગત અજ્ઞાનનું નિવારણ કરવાનું છે, જે તદ્દન શકય અને વ્યવહારૂ વિચાર છે. આપણે એક વાર અવરોધક બળોનાં સ્તરોને ભેદીને અંદર દાખલ થઇએ અને અંદર રહેલી મહાન શકિત સાથે આપણે અનુસંધાન સાધીએ ત્યાર પછી શું થઇ શકે છે, કેવી મહાન શકયતાઓ પ્રગટે છે તેનું દર્શન આપણા પરમ આશ્ચર્યનો વિષય બની જાય છે.

'અજ્ઞાન', 'અશ્રદ્ધા', 'નાસ્તિકતા' એવાં તત્ત્વો છે કે જે માનવીને બંધનમાં જકડી રાખે છે, જે તેને કંટાળેલો, શૂન્યતાભર્યો, ઘરડો, પાંગળો, મૃતપ્રાય બનાવે છે-અલબત્ત આ ત્યાં સુધી કે જ્યાં સુધી ભૌતિક બંધનો વીંધીને તે બહાર આવતો નથી. ત્યાર પછી તેને સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

પણ અહિં કોઇ પ્રશ્ન પૂછશે કે "પણ મને સમજાતું નથી કે ભગવાને આ બધું દુ:ખ-આ બધી દુષ્ટતા-શા માટે પેદા કરી? આપણને શા માટે પૂર્ણરૂપે સર્જવામાં ન આવ્યા?"

આ પણ વખત જતાં બરોબર સમજાશે. આપણી કક્ષાની પરિભાષામાં રજુઆત કરતાં આપણે કહીએ યા પૂછીએ કે "શું વધારે પસંદ કરવા લાયક છે? ઇષ્ટ વસ્તુઓ સહેલાઇથી અને સરળતાથી મેળવવી તે કે પરિશ્રમ, પુરૂષાર્થ અને ત્યાગપૂર્વક મેળવવી... જાતે વસ્તુઓ નિર્માણ કરવી તે?"

બાળકોનો વિચાર કરો! જરા મોટાં થતાં તેઓ સુન્દર રમકડાં જલ્દિથી ફેંકી દે છે અને જે ચીજો તેઓ પોતે બનાવવા, રચવા, ઇચ્છે છે તેની પાછળ તેઓ બરોબર પૂરી ખંત અને ઉત્સાહથી પડે છે, પોતાની મેળે બધું કરે છે, પોતા માટે નિર્માણ કરે છે, પોતા માટે તે ચીજોને મૂર્તિમન્ત કરે છે. આ રીતે માનવી પોતે જ નિર્માતા બનવાની સ્થિતિમાં મુકાઇને (જેને પ્રકાશ પ્રાપ્ત થયો છે તેના માટે બનવાપાણું નથી, તે પોતે છે જ) આ રહસ્યનો પોતે જ જવાબ આપે છે.

આપણા મૂળ વિષય તરફ આપણે પાછા ફરીએ. છેલ્લા વિશ્વયુદ્ધ વખતે, ઇંગ્લાંડને બચાવવાની લડાઇ ચાલી રહી હતી ત્યારે, દુશ્મનના પક્ષે પૂરી ભૌતિક આબાદી અને અનુકુળતા હતી; આમ છતાં પણ બચાવ કરનારાઓને તેમના અસાધારણ મનોબળના કારણે (આ બળ હંમેશાં વિજેતા નીવડે છે, કારણ કે તે પરમતત્ત્વમાંથી પેદા થાય છે) આક્રમણખોરો જીતી શકયા નહોતા. દાખલા તરીકે, જે ક્ષણે બીગબેન (લંડનના મોટા ઘડિયાળ) માં રાત્રીના વખતે નવના ટકોરા પુરા થયા કે એક મિનિટનું મૌન પળાયું હતું અને આ એક મિનિટના મૌને લોકોને આન્તરિક આધ્યાત્મિક શકિત સંગ્રહિત કરવાની તક આપી હતી, તાકાત આપી હતી. (અને આ શકિત જ ખરૂં સત્ય છે, 'Real' છે) અને જુઓ અને

નિહાળો, તેણે બચાવ કરનારાઓમાં બળ પ્રેર્યું અને આક્રમકોની તાકાતને સ્થગિત કરી નાંખી. પરિણામે આક્રમકો ઢીલા પડયા, બેચેન બન્યા, હીંમત હારી ગયા. અને આજના સંઘર્ષના સમયમાં પણ આમ જ બને છે.

અનિષ્ટની સામે અનિષ્ટ યોજાતાં પરિસ્થિતિ વણસવા માંડે છે. બીલ્ઝેબબ (ઈશુ વિરોધી અસુર) દ્વારા બીલ્ઝેબબને હઠાવી નહિ શકાય. યુદ્ધની ધમકી સાથે યુદ્ધ ઊભું કરવું એ કોઈ જવાબ નથી. આત્માનું અસાધારણ તાકાતભર્યું બળ, શસ્ત્ર વિના, અન્યને દુઃખ દીધા વિના વિજેતા બને છે. સાંકડા વિચારો અને ભયપ્રેરિત આશંકાઓ જે તેને અન્યથી તેમ જ ઈશ્વરથી વિખુટો રાખે છે તેનાં બંધનોથી આ આન્તરિક તાકાત માનવીને મુકત કરે છે અને તેની ચેતના આડેનાં આવરણ દૂર કરવામાં મદદ કરે છે.

કર્કશ વાણીનો ઉપયોગ કર્યા સિવાય, દબાણ લાવ્યા સિવાય, અન્ય ઉપર પોતાના અભિપ્રાયો લાદ્યા સિવાય, પ્રત્યેક માનવી માત્ર પોતાની આસપાસનું વાતાવરણ શુદ્ધ કરવાનો પ્રયત્ન કરીને, અને તેને વિસંવાદ અને તંગદિલીથી મુકત બનાવીને અનેક પ્રકારે મદદરૂપ બની શકે છે. નાની બાબતો ઉપર ઝગડા કરવાના અને અથડામણો ઊભી કરવાના માનવીસ્વભાવના કારણે હંમેશાં માનવી માનવી વચ્ચે સંઘર્ષોની જે લાખો ઘટનાઓ બન્યા કરે છે તેનો સમુચ્ચયે વિચાર કરતાં આણુબૉંબના ધડાકા જેટલી તેની ઘાતક અસર નીપજે છે. આ દૂર કરવું જોઈએ; દૂર થવું જોઈએ.

આ બરોબર સમજવું અને પોતાના જીવનમાં વિધાયક રીતે ઉતારવું તે કાર્ય ઘાતક શસ્ત્રો વડે બચાવ કરવા અને જુવાન પેઢીઓને એમ કરવા તરફ ધસડવા કરતાં વધારે મહત્ત્વનું છે. એક વખત આ બાબતનું સત્ય સમજવામાં આવે, પછી અન્યાય સામે તે મક્કમપણે ઊભો રહી શકે છે, એટલું જ નહિ પણ, અન્યાયનો પરાભવ કરવા માટે જરૂરી દબાણ પેદા કરવાની તાકાત તે પ્રાપ્ત કરી શકે છે.

પણ આ માટે એક મુખ્ય બાબત જરૂરી છે અને તે એ છે કે માણસે પોતે માત્ર શરીરથી અને બહારથી નહિ પણ અંદરથી પવિત્ર બનવું જોઈએ; વિધાયક રીતે વિચાર કરતા થવા માટે મનની અંદર જે વધારેપડતો નકામો કચરો ભર્યો હોય તે ઝડી ઝપટીને બહાર કાઢી નાંખવો જોઈએ અને અંદર ગોઠવાઈ ગયેલા પૂર્વગ્રહોથી મુકત થવું જોઈએ, સંકીર્ણતાપ્રેરક પક્ષબુદ્ધિ અને વર્ગબુદ્ધિથી પર બનવું જોઈએ, વિશાળ દિલના અને ખુલ્લા મનના બનવું જોઈએ, જે પરમાત્મા આપણામાં તેમ જ અન્યમાં પણ છે તે પરમાત્માને અન્ય માનવીમાં જોવાને–પ્રત્યક્ષ કરવાને–તત્પર થવું જોઈએ. આત્માનું કદાચ પૂર્વ સ્વરૂપે દર્શન ન થાય તો પણ તેની પાછળ અને તેની અંદર મુખ્યપણે તે અવર્ણનીય સર્જકશકિત રહેલી જ છે એ તથ્ય સ્વીકારવું જ રહ્યું.

હવે, આ સર્વોચ્ચ તત્ત્વના અનુસંધાનમાં માણસે શી રીતે વર્તવું જોઈએ? ટૂંકામાં કહું તો બુદ્ધિ, હૃદય અને આચાર વચ્ચે–વિચાર, વાણી અને વર્તન વચ્ચે–પૂરી એકવાકયતા સાધવી, સંવાદિતા અનુભવવી અને સર્વોચ્ચ પ્રતિ તેને વાળવી યા તો ઢાળવી, અને એ રીતે અન્તર્ગત કેન્દ્ર સુધી માણસે પહોંચી જવાનું છે, જેના પરિણામે એવી અનુભૂતિનું ,એકરૂપતાના સંવેદનનું, અપૂર્વ શ્રદ્ધાનું, એવા સીધા સંબંધનું નિર્માણ થાય કે જે વડે સર્વ પ્રકારની લઘુતાથી અને મનના સાંકડાપણાથી તે ઊંચે ઊઠે. આપણા આત્મકેન્દ્રની શકિત–સાચી આણ્વિક શકિત–ત્યાર બાદ માનવીની મદદે આવશે, કારણ કે આ સિવાય ખરું આન્તરિક બળ પ્રાપ્ત થાય જ નહિ. આ કાંઈ અંગત હુંપણાની ભાવનાથી સિદ્ધ થતું નથી, પણ પાયાની વાસ્તવિકતામાંથી ઉદ્‌ભવ પામતી વિશ્વવ્યાપી અનન્ત, આધ્યાત્મિક તાકાત વડે જ આ સિદ્ધ થઈ શકે છે.

વ્યકિત પોતે ગમે ત્યાં હોય, દરેક વ્યકિત તે તત્ત્વ તરફ પોતાને દોરી શકે છે અને તેનો અનુભવ કરી શકે છે. આ માટે કોઈ સંસ્થાના સભ્ય થવાની, કોઈ લવાજમ ભરવાની, કોઈ છાપાની, રેડીઓ અથવા ટેલીવિઝનની જરૂર નથી, પણ ખરેખર ... પોતાના કર્મો માટે, પોતાના માનવી બંધુઓ માટે, આ દુનિયામાં જે કાંઈ બને છે તે સર્વ માટે જવાબદારીના–ખુલ્લા દિલના અને ગંભીરતાપૂર્વકના–સભાનપણાની જરૂર રહે છે.

માનવીમાંથી સ્ફુરતી બધી નિષેધાત્મક બાબતો (ભારે ગમગીનીભર્યા વિચારો વગેરે) સીસા જેવી ભારે હોય છે અને પ્રગતિને રૂંધે છે. વિધાયક રીતે અંદરથી સ્ફુરતી અને બહાર આવતી બાબતો વિચાર–વિશદતા પ્રેરતા આધ્યાત્મિક સામર્થ્ય પ્રતિ વિનારોકટોક માનવીને લઈ જાય છે.

નાના સરખા સર્જક એવા આજના માનવી માટે આ તત્ત્વનો સાક્ષાત્કાર કરવો એ સૌથી મોટું કાર્ય છે. તે જેવો છે તેવો તે પરમ અવર્ણનીય સત્ત્વમાં જરૂર કાંઈ ને કાંઈ પુરવણી કરી શકે છે, એટલે કે, પોતાની નાની સરખી જ્યોતની પુરવણી કરી શકે છે કે જે તેના સુખ કે દુઃખના સર્વ અનુભવો દરમિયાન તેનામાં સદૈવ પ્રજ્વલિત હોય છે. જો તે આ મહાન અદ્‌ભૂત સત્યનો સાક્ષાત્કાર કરી શકે તો તે મહાન રહસ્યના પારને પામી શકશે અને પોતાના ખરા સત્ત્વને–સત્યને–પીછાણી શકશે.

ત્યારે નીચેના શબ્દોનું રહસ્ય તે પામી શકશે અને તેના માટે તે એક જીવન્ત વિચાર રૂપ બની રહેશે:

"Gloria in Excelsis Deo!"

"પરમોચ્ચ પ્રભુનો જય હો!"

અનુવાદક: પરમાનંદ

સમાપ્ત

મૂળ લેખક: હેન્ડ્રીક વિલેમ્ઝ

દેશભરમાં થયેલા ગ્રામદાન તથા પ્રખંડદાનની યાદી

તા. ૩૧-૫-'૬૮ સુધીમાં નીચે મુજબ પાંચ જિલ્લાદાન થયાં છે:–

(૧) દરભંગા (બિહાર), (૨) તિરૂનેલવેલી (તામિલનાડ), (૩) પૂર્ણિયા (બિહાર), (૪) ઉત્તરકાશી (ઉત્તર પ્રદેશ), (૫) બલિયા (ઉત્તર પ્રદેશ)

આ ઉપરાંત ગ્રામદાન તથા પ્રખંડદાનની યાદી નીચે મુજબ છે:

રાજ્ય	ગ્રામદાન	પ્રખંડદાન
બિહાર	૨૨,૭૮૮	૧૪૯
ઓરિસ્સા	૮,૫૦૮	૩૬
ઉત્તર પ્રદેશ	૬,૦૦૦	૩૭
તામિલનાડ	૫,૩૦૨	૫૦
આંધ્ર પ્રદેશ	૪,૨૦૦	૧૨
પંજાબ–હરિયાણા	૩,૨૯૮	૯
મહારાષ્ટ્ર	૩,૧૮૦	૧૧
મધ્ય પ્રદેશ	૨,૮૦૯	૧
રાજસ્થાન	૧,૦૨૧	–
ગુજરાત	૭૫૮	૩
પશ્ચિમ બંગાળ	૭૨૮	–
કેરળ	૪૧૭	–
મૈસુર	૩૯૪	–
દિલ્હી	૭૪	–
જમ્મુ–કાશ્મીર	૧	–

વિષયસૂચિ

		પૃષ્ઠ
પ્રકીર્ણ નોંધ: ગુજરાતના મુખ્ય પ્રધાન શ્રી હિતેન્દ્ર દેસાઈ કયા જમાનામાં વસે છે?, ચરણસ્પર્શ!, સ્વ. શ્રી ચીમનલાલ પોપટલાલ શાહના ઉદાત્ત જીવનની ઝાંખી, ગેલીલીઓની પુનર્તપાસ.	પરમાનંદ	૫૭
વિજ્ઞાન અને ધર્મ	શાંતિલાલ સી. શાહ	૫૯
એક વિલક્ષણ વ્યકિત : એક વિલક્ષણ અનુભવ :	પરમાનંદ	૬૧
અપંગે દાખવેલી પ્રતિભાનું અભિનન્દન	સંકલન: ચીમનલાલ જે. શાહ	૬૨
સર્વોદય એટલે અંત્યોદય	બબલભાઈ મહેતા	૬૪
શ્રેયાભિમુખ માનવીને ઉત્થાનક્રમ	હેન્ડ્રીક વિલેમ્ઝ	૬૬
લગ્નજીવનની સમશ્યાઓ	ચીમનલાલ ચકુભાઈ શાહ	૬૮

લગ્નજીવનની સમસ્યાઓ

'પ્રબુદ્ધજીવન'ના તા. ૧-૭-૬૮ના અંકમાં, શ્રી દલસુખભાઈ માલવણિયાનો પત્ર વાંચી આશ્ચર્ય થયું. તેમાં શ્રી પરમાનંદભાઈએ તેની પ્રશંસા કરી તેથી મુંઝવણ વધી. શ્રી દલસુખભાઈને શું કહેવું છે તે બરોબર સમજાયું નહિ. લગ્નજીવન સંબંધે, પશ્ચિમમાં જે થઈ રહ્યું છે અને આપણે ત્યાં જે, તેમના મત મુજબ, અનિવાર્યપણે આવશે તેને તેઓ આવકારે છે કે તેને રોકવાનો પ્રયત્ન કરવો એમ માને છે? આવું માનસ આપણે કેવી રીતે રોકી શકીશું એવો પ્રશ્ન કરી, "રૂઢ માન્યતાઓને તિલાંજલિ આપ્યા વિના ચાલશે જ નહિ એમ આપણે સમજી લેવું જોઈએ", એમ તેઓ માને છે. ગાંધીજીએ તેને રોકવાનો એક પ્રયાસ કર્યો, પણ તેમના મત મુજબ, ગાંધીજીની સલાહ કોણ સ્વીકારે અને ગાંધીજીનો માર્ગ તેમને અશક્ય લાગે છે અને પશ્ચિમની પરિસ્થિતિ આપણે ત્યાં આવવાની જ છે, તેથી આ સમસ્યાનું નિવારણ કરવાનો માર્ગ, સમજણપૂર્વક અપનાવાય તો તેનો ઉકેલ મળી આવે. આ નિવારણ કરવાનો માર્ગ શું અને તેનો ઉકેલ કેવો અને કેવી રીતે આવે તે સંબંધી તેમણે કાંઈ જણાવ્યું નથી. પણ ભારતીય લગ્નજીવન પ્રાચીનકાળથી પશ્ચિમ કરતાં ચડિયાતું હતું તેમ માનવાને કશું જ કારણ નથી એમ દૃઢતાથી તેઓ કહે છે.

વચમાં, પાદરીઓ અને માનસશાસ્ત્રીઓનો ઉલ્લેખ કરી, પાદરીઓ પણ નમતું જોખવા તૈયાર થયા છે અને માનસશાસ્ત્રી ડો. ગ્રીન-વાલ્ડનો અભિપ્રાય આપ્યો છે કે :-

"લગ્નવિચ્છેદનો પ્રવાહ વહી રહ્યો છે. તેને રોકવાનો એક માત્ર માર્ગ (તેમણે) સૂચવ્યો છે કે જે પ્રકારના ધર્મ અને રાજ્યમાન્ય એટલે કાયદેસરનાં લગ્ન અનિવાર્ય છે તેને બદલે યુગલસંમત બિનકાયદેસર લગ્નની છૂટ હોવી જોઈએ. એટલે કે સ્ત્રી અને પુરુષ ઈચ્છા પ્રમાણે સાથે રહી લગ્નજીવન ગાળે અને ઈચ્છા થાય ત્યારે છૂટા થઈ જાય. આ એક જ માર્ગ સમાજધારણ અને સમાજસ્વાસ્થ્ય માટે છે."

આવા વ્યવહારને "લગ્નજીવન" કેમ કહેવાય? સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો મુક્ત વ્યભિચારને સહજ ગણવો અને સ્વીકારવો. સમાજધારણ અને સમાજ સ્વાસ્થ્યનો આ એક જ માર્ગ છે?

માણસની અધોગતિ થતી, કદાચ અમુક સંજોગોમાં અટકાવી ન શકીએ, પણ એ અધોગતિ મહા અનિષ્ઠ છે તેમ માનવાને બદલે, તેને અનિવાર્ય માની આવકારીએ ત્યારે, અધોગતિની અવધિ થઈ.

માનસશાસ્ત્રને નામે ભયંકર અનિષ્ટો આચરવામાં આવે છે પણ કામવાસનાના માનસશાસ્ત્ર સંબંધે બે મતને અવકાશ નથી, પ્રબળ કામવાસનાને ઉત્તેજનની જરૂર નથી. વાંદરાને સળી કરવાની જરૂર નથી. માણસના મનને મર્કટ કહ્યું છે.

યતતો હ્યપિ કૌંતેય, પુરુષસ્ય વિપશ્ચિત:
ઇંન્દ્રિયાણિ પ્રમાથિનિ, હરન્તિ પ્રસભં મન:॥

દરેક શબ્દાર્થ અને વિશેષણ અર્થ ગંભીર છે.

ધ્યાયતો વિષયાન્ પુંસ: સંગસ્તેષુપજાયતે ॥

ત્યાંથી શરૂ કરી, છેવટ વિનાશ કેમ થાય છે તેનું પૂર્ણ માનસશાસ્ત્ર ગીતામાં આપ્યું છે.

લગ્ન સંયમનું મહાવ્રત છે. સતત ભમતા મનને બાંધી લીધું. પુરુષે સ્ત્રીને અને સ્ત્રીએ પુરુષને નક્કી કરી લીધા. બાકીનાં બીજા ભાઈ-બહેન સમાન. મનને ભટકતું જ રહેવા દઈએ તો, શક્તિનો વ્યય અપાર થયા કરે. ચિત્તની સ્વસ્થતા ગુમાવે, મનની પ્રસન્નતા જાય અને બીજી પ્રવૃત્તિઓમાંથી મન ઊઠી જાય. શક્તિનો સંચય થાય તો પ્રજ્ઞા સ્થિર થાય.

આ સાચું માનસશાસ્ત્ર. તે ઉગતી પ્રજાને આપીશું અને તે દિશામાં ઉકેલ શોધીશું કે દૃઢ માન્યતાઓને તિલાંજલિ આપવાને બહાને, પ્રગતિશીલ દેખાવા વિનાશ નોતરશું? દુનિયા અવળી દિશામાં જઈ રહી છે. માટે તેને જ સાચી દિશા ગણીશું?

બર્ટ્રાન્ડ રસેલની આત્મકથાનો બીજો ભાગ હમણાં વાંચ્યો. મહાન બુદ્ધિશાળી વ્યક્તિ. ત્રણ કે ચાર (?) વખત લગ્ન કર્યા. દરેક વખત એમ લાગે કે હવે મનગમતી પત્ની મળી છે અને સુખ મળશે. પહેલી પત્ની સાથે લગ્નવિચ્છેદ લેવો હતો ત્યારે બીજી સ્ત્રી સાથે વ્યભિચાર કર્યો છે એમ કારણ આપવું હતું. તેઓ લખે છે :-

"As I wished to be divorced while in China, it was necessary to spend the nights in official adultery. The detectives were so stupid that it had to be done again and again".

"હું ચીનમાં હતો એ દરમિયાન મારે છૂટાછેડા મેળવવા હતા અને એ માટે મેં વ્યભિચાર કર્યો છે એવો પુરાવો રજૂ કરવાનો હતો. આ માટે મારે અન્ય સ્ત્રી સાથે રાત્રી ગાળવી અને છુપી પોલીસને ત્યાં હાજર રાખવી, જે નજરે જોયાની જુબાની આપે-આવી ગોઠવણ કરવાનું જરૂરી હતું. આવી મેં ગોઠવણ તો કરી, પણ છુપી પોલીસના માણસો એવા બેવકૂફ હતા કે મારે એ કામ ફરી ફરીને કરવું પડ્યું હતું."

તેમના પુસ્તક "Marriage and Morals"થી તે સમયે ભારે ઉહાપોહ થયો હતો. તે પુસ્તક વિષે આત્મકથામાં તેમણે હવે લખ્યું :

"In it, I developed the view that complete fidelity was not to be expected in most marriages, but that a husband and wife ought to be able to remain good friends in spite of affairs..... I do not know what I think now about the subject of marriage. There seem to be insuperable objections, to every general theory about it. Perhaps easy divorce causes less unhappiness than any other system, but I am no longer capable of b ing dogmatic on the subject of marriage."

"Complete fidelity ought to be expected in marriage, though at times, it may be difficult. Husband and wife cannot remain good friends with affairs."

"તે પુસ્તકમાં, મેં એક એવી વિચારણા વિકસાવી હતી કે ઘણા ખરા લગ્નસંબંધોમાં સંપૂર્ણ વફાદારીની આશા કે અપેક્ષા રાખવી એ વધારે પડતું છે, અને એમ છતાં પણ આડો સંબંધ હોવા છતાં પતિ પત્ની માટે સારા મિત્રો તરીકે સહજીવન ગાળવાનું શક્ય હોવું જોઈએ.... આ લગ્નના વિષય અંગે આજે હું શું વિચારું છું તેની મને ખબર નથી. તેને લગતી કોઈ પણ થીઅરી એટલે કે સિદ્ધાન્ત સામે વાંધાઓ અનિવાર્યપણે હોવાના. કદાચ છટાછેડા મેળવવાનું કાર્ય સહેલું બનાવવામાં આવે તો તેવી સગવડથી બીજી કોઈ પદ્ધતિ કરતાં કદાચ ઓછું અસુખ નિપજવા સંભવ છે. પણ લગ્નના વિષય ઉપર આજે હું કોઈ ચોક્કસ સિદ્ધાન્ત યા નિર્ણય ઉપર આવવાની સ્થિતિમાં નથી.

"જો કે ઘણી વાર મુશ્કેલ બનતું હોય તો પણ લગ્નસંબંધમાં સંપૂર્ણ વફાદારીની અપેક્ષા હોવી જોઈએ એમ હવે મને લાગે છે. આડકતરા સંબંધ સાથે પતિ પત્ની વચ્ચે મૈત્રી ટકવી હવે શક્ય નથી લાગતી."

સાચું સુખ મેળવવું હશે તો આ જ માર્ગ છે. ખોટા માર્ગે જઈને સુખ મળવાનું નથી. ખોટા માનસશાસ્ત્રને નામે વિપરીત માર્ગને પ્રતિષ્ઠિત નહિ બનાવાય. સંયમ એ જ સાચો માર્ગ છે.

ચીમનલાલ ચકુભાઈ શાહ

નોંધ : ગીતાના જે શ્લોકોનો ઉપર ઉલ્લેખ કર્યો છે તેનો અનુવાદ:

પ્રયત્નમાં રહે તોયે, શાણાયે નરના હરે,
મનને ઈન્દ્રિયો મસ્ત, વેગથી વિષયો ભણી.
વિષયોનું રહે ધ્યાન, તેમાં આસક્તિ ઉપજે,
જન્મે આસક્તિથી કામ, કામથી ક્રોધ નીપજે.
ક્રોધથી મૂઢતા આવે, મૂઢતા સ્મૃતિને હરે,
સ્મૃતિલોપે બુદ્ધિનાશ, બુદ્ધિનાશે વિનાશ છે.

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ-૩.
મુદ્રણસ્થાન : ધી રૅટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ-૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૦ : અંક ૭

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઑગસ્ટ ૧, ૧૯૬૮, ગુરૂવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ ભગવાન મહાવીરની ભવ્ય પ્રતિમા ☆

(તાજેતરમાં શરૂ થયેલા ઑગસ્ટ માસની ત્રીજી તથા ચોથી તારીખના રોજ જ્યારે મુંબઈ ખાતે સુપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી જયભિખ્ખુની પંચિપૂર્તિનો સમારોહ ઉજવવામાં આવનાર છે ત્યારે તેના સંદર્ભમાં 'ગુજરાત સમાચાર'ના તા. ૧૧-૪-'૬૮ના અંકમાં 'ઈંટ અને ઈમારત' વિભાગમાં પ્રગટ થયેલ ભગવાન મહાવીરના પ્રભાવશાળી વ્યક્તિત્વનો ખ્યાલ આપતો શ્રી જયભિખ્ખુનો લેખ કેટલાક ફેરફાર સાથે અહિં પ્રગટ કરતાં હું આનંદ અનુભવું છું. શ્રી જયભિખ્ખુની કાવ્યાત્મક લેખનશૈલિનો સુંદર પરિચય કરાવવો એ આ લેખને પ્રસિદ્ધ કરવા પાછળ આશય રહેલો છે. આ લેખની કાપલી પ્રબુદ્ધ જીવનનો ખ્યાલ રાખીને એ દિવસોમાં એક મિત્રે મારી ઉપર મોકલેલી. તેની છાપણીમાં પાર વિનાની ભૂલો હતી. તે સરખો કરી આપવાનો પરિશ્રમ ભાઈ રતિલાલ દીપચંદ દેસાઈએ ઉઠાવ્યો છે જે માટે તેમનો હું ઋણી છું. ભગવાન મહાવીરનું આ રેખાચિત્ર તેમના પરંપરાગત ચરિત્રના આધાર ઉપર અંકાયલું છે.
પરમાનંદ)

જગતમાં માનવ શ્રેષ્ઠ છે.

માનવમાં પણ માનવતાનો જ મહિમા છે, નહીં તો માણસમાં અને પશુમાં બાહ્ય દેખાવ સિવાય કોઈ ફેર નથી.

આ માનવતાની સુરક્ષા કાજે, યુગે યુગે પયગંબરો પેદા થાય છે.

સુકાયેલી ધરતીને મહોરાવવા જેમ વર્ષા આવે છે, શિયાળાની ઠૂંઠવાઈ ગયેલી કુદરતને કિલ્લોલ કરાવવા જેમ વસંત આવે છે, એમ કાળે કાળે સુકાયેલી માનવતાની હૃદયકુંજોને પ્રફુલ્લાવવા, હિણાયેલી માનવતાને ફરી સ્થાપવા મહાપુરુષો આવે છે.

જમાનાની આહથી એ જન્મે છે .

જમાનાની આગમાં એ શેકાય છે.

જમાનાની કીર્તિ લઈને એ જાય છે.

સંસારી માનવોનાં મન એવા મહાપુરુષને એનાં પોતાનાં નાનાશાં મંદિરોમાં કેદ કરવા મથે છે, પણ એ તો વિશ્વની વિભૂતિઓ હોય છે. ભૌગોલિક સીમાડાઓ, ઐતિહાસિક સીમાસ્થંભો, વર્ણ, જ્ઞાતિ, પ્રીત કે દેશના વાડા એમને છળી શકતા નથી.

ગગનવિહારી સૂરજદેવની જેમ એ પોતાનાં અમૂલખ અજવાળાં ઊંચ કે નીચ, રંક કે રાય, માનવ કે પશુ, સહુના ઉપર સમાન ભાવે પ્રસારે છે.

યુગની એ નીપજ હોય છે.

યુગને સંસ્કારવાનું એમનું સરજન હોય છે.

આવી યુગવાણી લઈને જન્મેલા, એક આખા યુગને સમત્વ અને અહિંસા, પ્રેમ સંસ્કાર ને જીવનસૌરભથી છલકાવી દેનાર મહાપુરુષ તે ભગવાન મહાવીર.

પચીસસો વર્ષ પહેલાંની આ વાત છે, જ્યારે મંદિરે મંદિરે માનવી પોતાના સુખ માટે આસુરી શકિતઓની ઘોર ઉપાસનામાં મસ્ત હતો; પોતાના સુખ માટે પારકાનું લોહી રેલાવવામાં એને કશો આંચકો નહોતો આવતો, બલ્કે એવા કર્મને એ ધર્મ લેખતો હતો ! નિતનિત પ્રગટતી યજ્ઞોની ધૂમ્રસેરોમાં હજારો અબોલ જીવોની હત્યા આક્રંદ કરતી હતી ને એ અસંખ્ય પશુઓના રકતથી સરિતાઓ પણ રકતવર્ણી બની ગઈ હતી. હાહાકાર ને હૈયાવરાળ એ ધર્મનાં અંગો લેખાતાં હતાં.

આત્માની અનંત તાકાત વિસરીને સહુ આસુરી શકિતઓના પૂજનમાં ઘેલા બન્યા હતા. દેવકૃપા જ સર્વસ્વ બની હતી. દેવ, દેવી, સુર, અસુર સહની સામે માનવી પામર બનીને ભિખારીની જેમ ભિક્ષાપાત્ર લંબાવી ખડો હતો અને દેવની કૃપા પ્રાપ્ત કરવા એ અશ્વમેધ અને નરમેધ કરવા જેટલી નીચી કોટિએ ઊતરી ગયો હતો.

જેની એ આરાધના કરવા બેઠો છે એ તો એના અંતરમાં જ સૂતો છે; જેને એ જગાડવા માગે છે, એ હૃદયના કયારામાં કેદ થયેલો પડયો છે – આવી આવી વાત કરનાર કાં મૂર્ખ કાં દિવાનો લેખાતો એવો એ યુગ હતો.

માનવ જાણે માનવતાને કચડીને મોટો બનવા મથતો હતો. શુદ્રને કોઈ સ્થાન ન હતું. દ્વિજોની ચરણરજથી એ હીન બન્યો હતો. એને માટે પૃથ્વી નરક બની હતી. બીજાઓ માટે પૃથ્વી પર સ્વર્ગ ઊતારવાનું એ સાધન બન્યો હતો. જ્ઞાનનો પ્રકાશ એના માટે બંધ હતો. તપ એને માટે અકાર્ય હતું. મરણના અભિશાપ જેવું એનું જીવન હતું.

પુરુષનું અર્ધાંગ સ્ત્રી. એની પરતંત્રતાને સીમા નહોતી; સ્ત્રી અને શુદ્ર શાસ્ત્રની બાબતમાં અનધિકારી ઠર્યાં હતાં. ભૂલેચૂકે શાસ્ત્ર-શ્રવણ કરે તો કાનમાં સીસું રેડવાની આજ્ઞા હતી. સ્ત્રી અને સ્વતંત્રતા એ બે પરસ્પરવિરોધી લેખાતી. બાળપણમાં પિતા રક્ષે, યુવાનીમાં પતિ સાચવે, ઘડપણમાં પુત્ર પાળે—એવી કારમી પરાધીન એની સ્થિતિ હતી. એ તો વાડાનો જીવ, વાડાની બહાર એનાથી જવાય નહીં, સ્વતંત્ર ધર્મ - કર્મ એનાથી કરાય નહીં.

ધર્મસભાઓ, જ્યાં માનવીના કર્મધર્મનો નિર્ણય થતો ત્યાં, આજની આપણી ધારાસભાઓ અને સંસદોની જેમ, વાણીના માત્ર વિલાસ અને વિતંડાવાદ કે શબ્દોના છલ પ્રપંચ ચાલતા હતા. જીવનને માટે નહિ પણ જશને માટે આ સરસ્વતીસમારંભો યોજાતા. વિદ્યા વિદ્રદભોગ્ય બની હતી. લોકભાષા તુચ્છ બની હતી. લોકભાષામાં બોલનાર તરણાની તોલે લેખાતો. જે ન સમજાય તે જ સારરૂપ, એમ માનવામાં આવતું.

રાજાઓ પ્રજાકલ્યાણ કરતાં પોતાના મતાગ્રહો, હકાગ્રહો ને મોહમમત્વ માટે રણાંગણો જગાવતા હતા. એના નાના - નજીવા નમાલા વાંધા પાછળ ઘોર વિગ્રહો રચાતા, માણસ માખીની જેમ હણાતો, એમ હણવામાં ને હણાવામાં સ્વર્ગની કલ્પના સેવતો, જગત

નિરાધાર બાળકોના ક્રંદનથી ને વિધવા સ્ત્રીઓના રૂદનથી વ્યગ્ર બની ગયું હતું. હિંસાના પ્રતિકારનો એનાથી શ્રેષ્ઠ ઈલાજ કોઈ શોધ્યો જડતો નહોતો.

આમ વેપારમાં છળ, વ્યવહારમાં પ્રપંચ, ધર્મમાં સગવડ, આત્મામાં દૌર્બલ્ય ને રાંગડ્રેપભરી શકિતઓમાં શોભા માની લેવામાં આવી હતી.

આજથી ઈ. સ. પૂર્વે ૫૯૯માં વૈશાલી નગરીના ગણતંત્રમાં ગંડકી નદીના પશ્ચિમ ઓવારા પર આવેલા ક્ષત્રિયોના શાખાનગર ક્ષત્રિયકુંડ ગ્રામમાં રાજા સિદ્ધાર્થને ઘરે રાણી ત્રિશલા દેવીને પેટે ચૈત્ર શુક્લા ત્રયોદશીને શુભ દિવસે એક બાળકનો જન્મ થયો.

એ બાળકના જન્મની સાથે રાજ્યમાં બધે વૃદ્ધિ દેખાવા લાગી, ગૌચરોમાં ઘાસ વધ્યાં. નીર—નવાણે જળ છલકાયાં, માનવજાત અકારણ આનંદના ઝૂલે ઝૂલવા માંડી. વેરીઓ પરસ્પર પ્રેમ કરવા લાગ્યા. ટ્રેપીઓ સમાધાન શોધવા લાગ્યા. પ્રકૃતિની સંપત્તિ ને હૃદયનો વૈભવ વધવા જ લાગ્યાં.

માતાપિતાએ સૃષ્ટિના આ વૃદ્ધિગત સંકેતને સ્પષ્ટ કરતું નામ આપ્યું વર્ધમાન—રાજકુમાર વર્ધમાન! વર્ધમાનમાં બધું જ વૃદ્ધિ પામેલું જોવાતું હતું, નીડરતા એની હતી, આત્મબળ એનું હતું, કરુણા ને સહિષ્ણુતા પણ એની હતી.

સાત અને આઠ વર્ષનો થતાં થતાં તો એણે સ્વપરાક્રમથી અને હૃદયની ઉદારતાથી 'મહાવીર' ઉપનામ મેળવ્યું. એ ઉપનામ એનું જીવનભરનું ઉપનામ બની રહ્યું.

કુમાર વર્ધમાન વૈશાલીના અલૌકિક રાજપ્રાસાદોમાં ઊછરવા લાગ્યા, પણ હૃદયે રજવાડી રંગ ન લાગ્યા. એ તો કેવળ ક્ષાર ઉપર લીંપણ જેવા બની રહ્યા. ચિંતનશીલ આ રાજકુમાર પોતાના સુખ માટે સદા ચિંતનમાં મગ્ન રહેવા લાગ્યા. જગતના મિથ્યાચારો અને સગવડિયા ધર્માચારોએ તેમના અંતરમાં તુમુલ યુદ્ધનાદ જગાવ્યો.

એ સત્યને વ્યકત કરવા થનગની રહ્યા. વાદળને ચીરીને વીજને ઝબકાવવા જેવું આ કામ હતું. એ માટે ત્યાગ, બલિદાન અને વૈરાગ્ય ત્રણેની જરૂર હતી. એ ખાતર તેઓ બધી સુખ-સાહ્યબી છોડી જંગલના એકાંતમાં સંસારની સર્વ અગવડોમાં જીવવા અને એ રીતે જીવીને જીવનનું ઝવેરાત પ્રાપ્ત કરવા તલપાપડ થઈ રહ્યા.

પણ રે! સંસારના સંસારી સંબંધોને પણ કેમ ઠોકરે મારી શકાય? માતાપિતાના સ્નેહને પારખીને પુત્રે વચન આપ્યું કે તમે જીવો છો ત્યાં સુધી અરણ્યમાં નહીં જાઉં.

માતાપિતા સ્વર્ગે ગયાં. વર્ધમાનના પગની બેડીઓ તૂટી ગઈ. એ અરણ્યપ્રવાસ માટે તત્પર થયા. ત્યાં બંધુ આવી પહોંચ્યા. બંધુને ખાતર વધુ બે વર્ષ રાજમહેલોમાં એ જનક વિદેહી બનીને રહ્યા.

સંસાર છોડનારે સર્વસ્વ છોડવું ઘટે, નહિ તો સંસાર છોડયાનો કંઈ અર્થ ન રહે. ફરી એ વળગણ બીજે છેડેથી આવીને વળગે. વર્ધમાન કુમારે પોતાનું કહેવાય તે બધું છોડી દીધું ને વનની વાટ લીધી.

સુખના વાયરા વીંઝણા ઢાળતા હતા, છતાં એને સર્વત્ર દુ:ખ ને કારુણ્ય દેખાતાં હતાં. સંસારીની રાત્રિ એ યોગીના દિવસ બની. શીળો લાગતો આ સંસાર વિષય-વિકારની પ્રચંડ ભઠ્ઠી જેવો લાગતો હતો, જેમાં પ્રાણીઓ અસહાય બનીને શેકાતા હતા, ક્રંદન કરતા હતા.

જીવમાત્રની શાંતિના કારણે, વિશ્વબંધુત્વનો પ્રકાશ પાથરવાની તમન્નાથી એ વનવન ભમ્યા, ભયંકર વિષધરોની નજીકમાં વસ્યા, શેતાનોની સેના સાથે મુકાબલો કર્યો, શસ્ત્રધારીઓનો નિ:શસ્ત્ર થઈ સામનો કર્યો.

અસત્ય સામે સત્ય, દગા સામે વિશ્વાસ, શેતાન સામે સાધુતા લઈને તેઓ ભયંકર પ્રદેશોમાં, અરે, નરમાંસ-ભક્ષકોના પ્રદેશમાં પણ ઘૂમ્યા. નહીં હે દખ્ખલ બંદોકો!

અને તે પણ કેવી કેવી પ્રતિજ્ઞાઓ સાથે? ગમે તેવા પ્રતિસ્પર્ધી સામે હાથમાં દંડ પણ ન લેવો; ગુનો કોઈએ કર્યો હોય ને આળ પોતા ઉપર આવે તો પણ પોતાના બચાવ માટે પોતાનો પરિચય આપવા મુખમાંથી જબાન પણ ન ચલાવવી; પછી અંગ ચલાવવાની તો વાત જ કેવી! ફકત આત્મા જ બોલે! હૃદયનો વ્યવહાર પરિચય આપે. મન મન સાથે વાત કરે!

આમ પ્રેમનો અવતાર બનીને એમણે પર્યટન કર્યું.

બાર વર્ષનું આ પર્યટન! બાર વર્ષમાં ટુકડે ટુકડે માત્ર એક વર્ષ જેટલું જ ભોજન, અગિયાર વર્ષ નિરાહાર! છ છ મહિના સુધી અન્ન વિના એકધારું ચલાવ્યું!

ભલા, આ ભગીરથ સાધનાને સિદ્ધિ કાં ન વરે? રાજકુમાર વર્ધમાન ભગવાન મહાવીર બની ગયા. સર્વોદયનું એમનું ધર્મતીર્થ પ્રગટ પ્રભાવી બન્યું.

સવી જીવ કરું શાસન રસી!
ઈસી ભાવદયા મન ઉલ્લસી!'

એમણે જગતને કહ્યું: 'મારા ધર્મમાં યુદ્ધના ઝંકાર નથી, યજ્ઞના રકતપાત નથી, વાસનાના વિલાસ નથી, આપવામાં જ આત્મ-શ્રેય છે, તજવામાં જ તેજસ્વિતા છે, વેરીને ક્ષમા આપવામાં જ મર્દાઈ છે, મરવામાં જ મહોત્સવ છે, પુણ્યકાર્યમાં પ્રતિષ્ઠા છે, સમત્વમાં ધર્મ છે, જાણવામાં જીવન છે.

મારું શાસન સર્વોદયનું છે, કીડીથી કુંજરનું છે, રંકથી રાયનું છે.
અધર્મીથી ધર્મીનું છે.
નીચથી ઉચ્ચનું છે.
નાત, ભાત, પૈસો, વૈભવ લાગવગ ત્યાં કશું ચાલતું નથી.
'હરિકો ભજે સો હરિકા હોઈ—' એવો ઘાટ છે.

જે જીતવા માગે છે, સંસારના સમરક્ષેત્રમાં અંતરના શત્રુઓને જે જીતવા માગે છે, એ માટે જંગે ચઢવા માગે છે, એવા સાચા શૂરાઓનો મારો ધર્મ છે. એનું નામ જૈન ધર્મ છે. નામથી નિરબત નથી. કામ પર કાર્યનો આધાર છે. કિરાત, અસ્પૃશ્ય, પરમતવાદી સહ અહીં સ્થાન પામે છે.

મહાવીરની આ વિશ્વવીણાએ જગતને નવું જીવન આપ્યું.

સર્વ નદીઓ જેમ સાગરમાં સમાય, એમ સહુ વર્ણ નાત, જાત, ઉચ્ચતા, નીચતા એ સર્વ તજીને મહાવીરની પાસે આવ્યાં.

એ જમાનાના પ્રકાંડ પંડિતો લેખાતા ઈન્દ્રભૂતિ ગૌતમ જેવા એક નહિ પણ અગિયાર વિદ્વાન બ્રાહ્મણો વાદવિવાદ છોડી એમને અનુસર્યા.

શ્રેણિક બિંબિસાર, અજાતશત્રુ, ઉદયન, ચંડપ્રદ્યોત જેવા રાજાઓ નિરર્થક રકતપાત છોડી એમની સેવામાં રત બન્યા.

કુબેર ભંડારી જેવા શાલિભદ્ર ને ધન્ના જેવા અનેક વૈશ્યો. સંપત્તિ છોડી નિર્ગ્રંથનું જીવન જીવી રહ્યા.

હરિકેશીબલ અને મેતારજ જેવા શુદ્ર સંતાનો મહામુનિ બની રહ્યા.

ચંડ કૌશિક જેવા મહાન સર્પોને વેરના માર્ગેથી વાળી પ્રેમના બંદા બનાવ્યા.

જીવમાત્રની મોટાઈ પ્રગટ કરતો આત્મધર્મ, વિશ્વધર્મો સાથે મૈત્રી પ્રગટ કરતો અનેકાન્તવાદ, જન્મ કરતાં ધર્મની મહત્તા પ્રગટ કરતો કર્મવાદ એમના ધર્મના આ સીમાસ્તંભો બની રહ્યા.

પચીસસો વર્ષ પહેલાંનો એ સંદેશ એ જ લોકભાષામાં સાંભળીએ:—

"માથું મુંડાવવાથી શ્રમણ થવાતું નથી. માત્ર ઓંકારનો જપ કરવાથી બ્રાહ્મણ થવાતું નથી. વલ્કલનાં વસ્ત્ર ધારણ કરવાથી તાપસ થવાતું નથી."

પણ —

"સમત્વ ધારણ કરવાથી શ્રમણ, બ્રહ્મની ઉપાસનાથી બ્રાહ્મણ, જ્ઞાનોપાસનાથી મુનિ અને તપથી તાપસ થવાય છે."

—વીર વાણીનો સારાંશ આ છે:
કર્મની જ મહત્તા છે: કરણી તેવી ભરણી.
મહાવીરનો સંક્ષિપ્ત સંદેશ એક જ છે:—
"નર જો નિજ કરણી કરે,
નારાયણ હો જાય!"

શ્રી જયભિખ્ખુ

વસ્તીવધારાની સમસ્યા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે કલકત્તાવાળા શ્રી ભંવરમલ સીંધી ૧૯મી ઑગષ્ટના રોજ સાંજના છ વાગ્યે ધી ગ્રેન, રાઈસ એન્ડ ઓઈલ સીડ્ઝ મરચન્ટસ એસોસીએશનના હોલમાં 'વસ્તીવધારાની સમસ્યા' ઉપર જાહેર વ્યાખ્યાન આપશે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

સર્વોદય એટલે અન્ત્યોદય

(ગતાંકથી ચાલુ)

આ બધું કરવું હોય તો એમના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરી લે અને આ બધામાં માર્ગદર્શન આપી શકે એવી કોઈક વ્યકિત એમની વચ્ચે બેસવી જોઈએ, જેથી એમની શકિત અને સમજ વધારતાં વધારતાં એ ઝીલી શકે, એવા કાર્યક્રમો શરૂ કરાવી શકે અને ગામમાં સંપ અને એકતાનું મહત્ત્વ ઠસાવી શકે. એટલા માટે ગાંધીજી કહેતા હતા કે સાત લાખ ગામડાંમાં મારે સાત લાખ સ્વયંસેવકો જોઈએ છે.

પણ એટલા બધા આવા સ્વયંસેવકો મળે ક્યાંથી? એમના પોષણની વ્યવસ્થા પણ શી રીતે કરવી? આ મોટા કોયડા હતા. કારણ કે એ વખતે આપણો દેશ પરાધીન હતો. પણ એ પરાધીન દેશને સ્વાધીન કરીને જ અમે જંપીશું એવી પ્રતિજ્ઞાવાળા કેટલાક જુવાનો હતા, જેઓ લડત બંધ પડે ત્યારે બાપુએ ચીંધેલા આવા માર્ગે એમની શકિત પ્રમાણે છૂટા છવાયા કામ કર્યે જતા હતા.

અમે શાંત સમયમાં ગામડાનું રચનાત્મક કાર્ય કરતા હતા અને સત્યાગ્રહની લડત આવે ત્યારે એ ગામના સાથીઓને લઈને સરકાર સામે સત્યાગ્રહ કરીને જેલમાં જતા હતા.

આ બધાંથી અમારા ગામલોકોનો દેશ માટેનો સદ્‌ભાવ વધતો જતો હતો, એમનામાંથી કેટલાકની દેશ અને દુનિયાના પ્રશ્નો સમજવાની શકિત વધતી જતી હતી. સમાજ સેવાનું કાંઈક કામ આવે તો એ માટે ઘસાવાની કેટલાકની તૈયારી વધતી જતી હતી. વધેલી લાગવગનો લાભ ઉઠાવવાની કેટલાકની વૃત્તિ પણ વધતી જતી હતી અને આથી ગામના અન્ય લોકોના મનમાં એમના વિષે ઈર્ષ્યા અને અદેખાઈ પણ વધતી જતી હતી.

ત્રણ વર્ષ સુધી હું એકલો એકલો એ માસરા ગામમાં રહ્યો, એના ઉત્થાન માટે રાત-દિવસ જોયા વિના તપસ્યા કરી અને એકાગ્રભાવે દિલ દઈને કામ કર્યું. એમનામાંનો જ એક થઈને એમના ખેતરોમાં એમની સાથે જ બાજરી, બાવટો અને ઢાંગર વાઢતાં વાઢતાં કે લણતાં લણતાં કામ કર્યું એનું પરિણામ શું આવ્યું?

ગામલોકોને મારામાં વિશ્વાસ બેઠો. મારા નિર્વાહનો બોજો પણ એમણે ઉઠાવ્યો. કયારેક કયારેક એમના વહેમો સામે લડવાઝઘડવાના પ્રસંગો પણ આવ્યા. એમ છતાં આ માણસ આપણો છે, આપણો હિતસ્વી છે એ વિચાર એમના મનમાં દઢ રહ્યો. અને મારી વાતો તેમણે આદરપૂર્વક સાંભળી અને એમાંની કેટલીક વાતો તેમની શકિત પ્રમાણે ઝીલી.

હરિજનોને હું અડું અને નાહું નહિ એ જેમનાથી સહ્યું નહોતું જતું અને એ કારણે મારો પણ બહિષ્કાર કરવા તૈયાર થયા હતા તેઓ હવે હરિજનો મારા ઘરમાં આવે, શાળામાં આવે કે અમે એમને અડીએ એ ચલાવી લેવા તૈયાર થયા છે. પણ એમના મનના ઊંડાણના ખૂણામાં પડેલો ઊંચનીચનો છોશ ગયો ન હતો. એ એમના બીજા અનેક વહેવારોમાં દેખા દીધા કરતો હતો. આવી સ્થિતિમાં હરિજનો – અંત્યજો – શી રીતે સમાનતા અનુભવી શકે? એમના ઉદયની કોઈ પણ યોજના આવે ત્યાં કોઈક ને કોઈક એને તોડી નાખનારું નીકળે જ.

જેને પોતાનો વિરોધી માન્યો એને પોતાનું નાક કપાવીને પણ અપશુકન કરવાની વૃત્તિ કાંઈ સમાજમાંથી ટળી ગઈ ન હતી. ગામહિતના કામમાં પણ એ કયારેક કયારેક ડોકિયું કરી આવતી હતી.

દાતણની ચીરી શેરી વચ્ચોવચ્ચ નાખવી એ સારી નથી એ તેઓ સમજ્યાં, પણ વર્ષોની ટેવને કારણે અજાણપણે પણ આંગણામાં ફેંકાઈ જાય છે એનું શું?

આવા બધા પ્રશ્નો તો હજુ ઊભા જ છે. પણ એનો કાયમી ઉકેલ મને કેળવણી સિવાય બીજો દેખાતો નથી. થોડીક વ્યવસ્થા અને થોડીક શરમ પણ એમાં ભાગ ભજવે છે, પણ કાયમી ઉકેલ તો કેળવણી અને મહાવરો જ જણાય છે.

આ બધામાં એકાએક પરિવર્તન તો ત્યારે જ આવે જ્યારે એમને બધાંને અંતરથી ભાન થઈ જાય કે આપણા સમાજની એક એક વ્યકિતના વિકાસ વિના આપણો વિકાસ અશકય છે.

એમણે ખાદી પહેરી; રેંટિયા ચલાવ્યા; દારૂ છોડયો; વ્યસનો છોડયાં; ગામમાંથી દારૂનું પીઠું બંધ કરાવ્યું; કૉર્ટકચેરીના ખર્ચા ઓછા કર્યા; વહેમો અને બાધા આખડી ઓછા થયાં; ગામમાં શાળા શરૂ થઈ; બાળકોને ભણાવવા માંડયાં; ખેતીના કુવા વધાર્યા; ઑજિન પંપો મૂકી ખેતીનું ઉત્પાદન વધાર્યું; હિસાબ રાખીને દહાડે દહાડે દેવાં ઓછા કરાવ્યાં; ગામમાં થોડા વધુ ઈંટેરી અને નાળિયેરી મકાનો પણ નિર્માણ થયાં.

ગામમાં થોડા માણસો વધુ તાજા થયા, વધુ દેખતા થયા, પણ ગામના એકે એક માણસની સ્થિતિ સુધરી નહિ. છેક છેવાડે પડેલા તો હજુ છેવાડે જ રહી ગયા હતા.

જેની પાસે જમીન ન હતી એના હાથમાં જમીન આવી જ નહિ. જેના હાથમાં કાંઈ ઉદ્યોગધંધા ન હતો એના હાથમાં કાંઈ ઉદ્યોગધંધા આવ્યો જ નહિ.

૧૯૪૭ ની સાલમાં ભારત સ્વાધીન થયું. એની સાથે ભારત દેશની પરિસ્થિતિ બદલાઈ ગઈ. ભારત સામે રાજ્યતંત્રને સ્થિર કરવાના, નિરાકરીતોને થાળે પાડવાના, દેશના સંરક્ષણના અને દેશના વિકાસના અનેક પ્રશ્નો આવી પડયા.

આપણાં દેશનેતાઓએ મહેનત કરીને સ્વાધીનતા તો સ્થિર કરી, પણ રાજ્યતંત્ર અને અમલદારો મુખ્ય થઈ ગયા. લોકો અને એમની વચ્ચે બેસીને એમને કેળવનારા વિખરાઈ ગયા. વધુ અને ઝડપી ઉત્પાદન અને ત્વરિત વિકાસની દોટમાં ગાંધીજીએ બતાવેલાં માર્ગો અને કલ્પના પણ બાજુએ સરકતાં ગયાં. પરિણામે પ્રજાની કેળવણી તો ન થઈ; પણ એના મનમાં પણ સ્વરાજ્ય મળ્યા પછી વધુ પ્રાપ્તિનો કીડો જોર કરવા લાગ્યો. આપણા આગેવાનો જે તંત્ર અને અમલદારો મારફત કામ કરતા હતા એમાંથી અને એમના જીવનમાંથી ગાંધીજીએ આપેલી ત્યાગની ભાવના અદૃષ્ય થતી જતી હતી અને આ બધા ભોગવે છે તો અમે પણ શા માટે વધુ ન ભોગવીએ? એમ ત્યાગમાંથી પ્રજા પણ ભોગ તરફ વળતી ગઈ.

સુખસગવડનાં સાધનો જેમ જેમ વધતાં ગયાં તેમ તેમ ભોગવાસના વિકસતી ગઈ. આથી જેટલું મળ્યું એટલું ઓછું પડવા લાગ્યું અને જે અભણ હતા, અશકત હતા, લાગવગ વિનાના હતા એ બધાના ભોગે પણ શકિતસંપન્નની ભોગવૃત્તિ જોર કરવા લાગી. રાષ્ટ્રહિત અને રાષ્ટ્રભાવનાને ભોગે પણ ભોગ જોર કરવા લાગ્યો. આવું અટકાવવા માટે સરકારી તંત્રના નિયંત્રણો આવવાં લાગ્યાં, પણ એ નિયંત્રણોને ટેકો આપે એવા આગેવાનોનાં જીવન તેજસ્વી નહોતાં. એટલે ઉલટાના એમના દૃષ્ટાંતો લઈને નિયંત્રણોને વટાવી જવાની પ્રજામાં અને અધિકારીઓમાં અનીતિમત્તા વધવા લાગી.

કર્તવ્યપરાયણતા ક્ષીણ થવા લાગી; સ્વાર્થી વૃત્તિ જોર કરવા લાગી; પરિણામે ખોટી અછત વધી, અંકુશો આવ્યા, મોંઘવારી વધી, અને મોંઘવારી તથા પગાર વધારાનું વિષચક્ર ફેલાવા લાગ્યું. આજે એ ચક્ર રાજ્ય ચલાવનારાઓ તેમ જ સામાન્ય પ્રજાને બેહદ મૂંઝવી રહ્યું છે.

ગાંધીવિચાર તો કયારનો ય છૂટવા લાગ્યો હતો. સર્વોદય શબ્દને બાજુએ છોડીને સમાજવાદી સમાજરચના શબ્દને ગોઠવવામાં આવ્યો હતો, પરંતુ વધેલી ભોગપરાયણતા સમાજવાદને પણ આકાર લેવા દે તેમ ન હતી. પ્રજાની ધીરજ ખૂટવા લાગી છે અને કોઈ પણ માર્ગે આ આફતમાંથી બચાય એ માટે આંધળુકિયા કરવાની વૃત્તિ જોર પકડતી જાય છે એ ખતરનાક છે.

આની અવેજી લઈ શકે એ માટે વિનોબાજીએ આજની

વિષમતા નિવારે અને પ્રેમભાવ વધારે એવો ભૂદાન અને ગ્રામદાનનો માર્ગ ચીંધ્યો છે.

ભારત ગામડાંનો દેશ છે અને ગામડાંનો મુખ્ય ઉદ્યોગ ખેતી છે, એ ખેતી ઉપર આખો સમાજ નિર્ભર છે. આ ઉદ્યોગ માત્ર સ્વાર્થપ્રેરિત નહિ પણ સમાજહિતની દૃષ્ટિએ જ ચાલવો જોઈએ. એટલે ખેતી કેવળ નફો કરવા માટે નહિ પણ જીવવા અને જીવાડવા માટે ચાલવી જોઈએ.

પ્રજાનો સૌથી મોટો વર્ગ ખેડૂતો છે એ આવી દૃષ્ટિ રાખીને જીવન ગોઠવે તો એની અસર આખા સમાજ ઉપર પડ્યા વિના રહે નહિ. ગાંધીજીએ ટ્રસ્ટીશીપનો જે આદર્શ ઉદ્યોગધંધા કરનારાઓ માટે આપ્યો હતો, તે જ આદર્શ વ્યવહારમાં મૂકવા માટેનો કાર્યક્રમ વિનોબાએ ગ્રામદાનદ્વારા આપ્યો છે.

ગામમાં એક પણ માણસ ધંધા વિનાનો કે ભૂખે મરતો ન રહે એ ગ્રામદાની ગામની પ્રતિજ્ઞા હોય છે. ગામનો હરિજન કે પછાતમાં પછાત ગણાતો માણસ પણ ગ્રામસભાનો સભાસદ હોય છે અને ગ્રામ વિકાસના દરેક કામમાં એની સંમતિ પણ અનિવાર્ય માનવામાં આવી છે. એટલે એને શું ખૂંચે છે? એની શી અડચણ છે? એ ગામના એકે એક માણસ પાસે પહોંચી શકે. ગ્રામસભાએ બધા નિર્ણયો સર્વસંમતિથી લેવા એની પાછળનો હેતુ આ અંત્યોદયનો જ છે. જો અંતે પહેલાની વાત ધ્યાનમાં નથી લેવાની તો વહેલા કે મોડા એના પ્રત્યાઘાતો પડે છે અને તરીને કિનારે આવેલું વહાણ ડૂબી જાય છે. આખા ગામની કે આખા દેશની યોજનાઓ થોડા આંગળીને વેઢે ગણાય એવાઓની જ યોજનાઓ બની રહે છે અને છેવટે અસંતોષનો અસંતોષ ઊભો રહે છે – પ્રશ્નોના પ્રશ્નો જ ઊભા રહે છે.

આખી પ્રજા પોતે પોતાના પ્રશ્નો વિચારતી થાય અને ઉકેલતી થાય એ જ પ્રજાની સાચી કેળવણી છે. અને એવી રચના પરસ્પરના પ્રેમભાવ ઉપર અને એકબીજા માટે ત્યાગ કરવાની ભાવના ઉપર જ નિર્ભર છે.

આવા સમાજમાં ધન કે સંપત્તિના સંગ્રહ કરતાં એના સદુપયોગનો મહિમા વધુ હશે. આવા સમાજમાં વિપુલતાને બદલે જીવનની પ્રાથમિક જરૂરી ચીજોનું ઉત્પાદન અને યોગ્ય વિતરણ પ્રથમ થતું હશે. આવા સમાજમાં દરેક મહેનતનો રોટલો જ ખાવા આગ્રહી હશે. આવા સમાજમાં કોઈ બીજા ઉપર સરસાઈ ભોગવવા નહિ માગતો હોય પણ એકબીજાને સાથે લઈને ચાલવા માગતો હશે.

આવી રચના ઊભી કરવા માટે જેવા માણસો જોઈએ અને જેવી સમાજરચના જોઈએ એ ઊભાં કરવાં એ આજનો સળગતો સવાલ છે.

આજે સ્વયંસેવકો પણ કેવળ સમાજનાં કામો કરી આપે કે એ આવીને એના પ્રશ્નો ઉકેલી આપે એવા નહિ ચાલે, પણ સમાજ પોતે પોતાનાં કામો કરવા પ્રેરાય, એનું આયોજન કરે અને એને પાર પાડે એવી પ્રજાની સમજ અને શકિત વધારે એવા જોઈશે.

વ્યકિતગત વિકાસ જરૂરી છે પણ વ્યકિત વિકાસ સાથે સમષ્ટિ વિકાસ પણ થવો જોઈએ અને સમષ્ટિ વિકાસ ખાતર વ્યકિત પોતાનો સ્વાર્થ જતો કરવા તૈયાર થાય એવી એની ભાવના કેળવાવી જોઈશે.

આજના વિજ્ઞાનયુગમાં સમાજ વિજ્ઞાનની શોધોને ઉવેખીને ચાલે એ અશકય છે. એમ ચાલનારો સમાજ તૂટી જશે. એ જ પ્રમાણે વિજ્ઞાનની શોધો વ્યકિતગત કે પક્ષીય હિતો માટે જ કામ કરશે તો આજે છે એનાથી પણ મોટા કોયડા ઊભા થશે. વિનોબા કહે છે એમ સમાજહિતને કેન્દ્રમાં રાખવા માટે જીવનમાં આધ્યાત્મિકતા જોઈશે. એની પણ સમાજને પ્રતીતિ થવી જોઈએ.

આમ વિજ્ઞાન અને આધ્યાત્મિકતાને સુમેળપૂર્વક સમાજજીવનમાં ઉતારી શકે એવી વ્યકિતઓનું નિર્માણ કરવાનું અને એ કાર્યક્રમને પોષક બને, એવી સમાજરચના ઊભી કરવાનું બેભલ્યું કામ ઉપાડવાની આજે જરૂર છે. એ કાર્યક્રમ સામાન્ય જનતાને પણ આકર્ષી શકે એવું એને વ્યવહારૂ સ્વરૂપ આપવું એ પણ આજની એક જરૂરિયાત છે.

સર્વોદય એટલે અંત્યોદય–આ વાત સમજાવવા માટે મેં આપ સૌને ગામડાની વાત કહી અને એ ગામડામાં રહેતા સૌથી પાછળ રહી ગયેલાની વાત કહી.

આજકાલ પ્રયાસ એવો થાય છે કે પહેલાં સમજ અને શકિતવાળાની સુખસગવડ વધારો, વખત જતાં જે પાછળ રહી ગયેલા છે એમની પણ સમજ અને શકિત વધશે. એટલે એમની પણ સુખસગવડ વધશે. પણ જેમના સુખસગવડ વધારવાનો પ્રયાસ થાય છે એમના સુખસગવડનો પાર આવતો નથી અને જે રહી જાય છે એમના સુખસગવડનો વારો આવતો નથી. એમાંથી એક એવો સિદ્ધાંત પણ રજૂ થવા લાગે છે કે ઘણા લોકોની સુખસગવડ વધારવા જતાં થોડા સુખસગવડ વિનાના ય રહી જાય એ ક્ષમ્ય ગણાવું જોઈએ. એ જ થયો 'સર્વાઈવલ ઑફ ફિટેસ્ટ'નો સિદ્ધાંત.

સર્વોદયના વિચારથી આ બિલકુલ ઊલટું થયું. એથી સર્વોદય વિચારે કહ્યું કે Unto the Last – છેવાડે પડેલા સુધી–પહોંચવું જોઈએ. જેમ કુટુંબમાં માંદા કે નબળા માણસની વધુ સાચવણી લેવાય છે એમ સર્વોદય સમાજમાં પણ જે અંતે પડેલો છે એનો પહેલો ઉદય થવો જોઈએ. હમણાં શહેરોનો ઉદય થવા દો, પછી ગામડાંનો વારો આવશે એમ નહિ પણ, પહેલાં ગામડાનો વારો આવવા દો–ગામડામાં પણ જે સાવ તરછોડાયેલો છે એનો વારો આવવા દો. બીજા તો એમની મેળે પણ એમનું સંભાળી શકે એવા છે. ગામડાં અને શહેરો બન્નેનો ઉદય થાય એવું તંત્ર ગોઠવો. થોડા વર્ષો પહેલા વિલાયતના ઉદ્યોગપતિ મિ. બાઈડરે આ શહેરમાં જ ગાંધીજીના ટ્રસ્ટીશીપના સિદ્ધાંતને અમલમાં મૂકીને ઉત્પાદન અને નફો ત્રણગણો થયાની વાત કરી હતી. હડતાળ વગેરેના પ્રશ્નો જ ઊડી ગયા હતા. ભારત આ માર્ગે કેમ ચાલતું નથી એવો પ્રશ્ન પણ પૂછયો હતો. સુખસગવડ કરતાં પણ ભલું શબ્દ વધારે સારો છે. અંતે પડેલાનું પહેલું ભલું થવું જોઈએ. અંતે પડેલાનું ભલું કરવા જતાં બીજાઓનું પણ ભલું થઈજ જવાનું. સમાજનો પછાતમાં પછાત માણસ શિક્ષિત, સંસ્કારી અને સર્વનો વિચાર કરનારો થશે તો આખો સમાજ તો સહેજે એવો બનશે. કારણ સર્વોદય સમાજમાં બીજાને પાડીને આગળ જવાની વાત નથી. હું એવી રીતે આગળ વધું કે બીજા પણ આગળ વધી શકે. એટલે જ હું કહું છું કે સર્વોદય એ અંત્યોદય છે અને અંત્યોદય એ સર્વોદયનું પ્રથમ પગથિયું છે.

ભૂદાન કે ગ્રામદાન મારફત વિનોબા કેવળ ભૂમિનો પ્રશ્ન જ ઉકેલવા નથી માગતા. ત્રિવિધ કાર્યક્રમ સૂચવીને સમાજનો સર્વાંગી વિકાસ સાધવા માગે છે. આપણે ત્યાં લોકશાહી તંત્ર હોવા છતાં એ તંત્ર વિષે લોકોના મનમાં આપ્તભાવ નથી જાગતો. એ ભાવ જગાડવો હોય તો આજનો લોકશાહીનો ઢાંચો જ બદલવો જોઈએ, અર્થતંત્ર અને રાજ્યતંત્ર વિકેન્દ્રિત થવા જોઈએ; વિશાળ ગ્રામ જનતા ધરાવનારા દેશનું અર્થતંત્ર ખેતી અને ગ્રામઉદ્યોગ–પ્રધાન હોવું જોઈએ.

આવું તંત્ર અને સર્વોદય ભાવનાવાળા સમાજમાં જીવનારા લોકોનાં મૂલ્યો અને જીવન પણ એને અનુરૂપ હોવાં જોઈએ. એનાં, ધારણ, પોષણ અને સંરક્ષણની પદ્ધતિ પણ એને અનુરૂપ હોવી જોઈએ.

આ દિશામાં પ્રયાણ કરવાના પુરુષાર્થમાં જ એમણે ભૂદાનમાંથી ગ્રામદાનમાં અને ગ્રામદાનમાંથી સરળ ગ્રામદાનમાં પદાર્પણ કર્યું છે અને એ પુરુષાર્થમાં જ એમણે ગ્રામદાનમાંથી પ્રખંડ દાન, તાલુકા દાન અને જિલ્લા દાન સુધીના કાર્યક્રમને વિકસાવ્યો છે. આજે દરભંગા જિલ્લામાં વિનોબાજી થાણું નાખીને પડ્યા છે અને એ જિલ્લાનું

સર્વાંગી સર્વોદય આયોજન કરવાની ત્યાંની પ્રજાની શકિત વિકસાવી રહ્યા છે એ પણ આ હેતુથી છે.

નકસલબારી જેવા વધુ બનાવો ન બનવા દેવા હોય તો વિષમતા નિવારવાનો અહિંસક માર્ગ શોધ્યે જ છૂટકો. વિચાર–પરિવર્તન અને પરિસ્થિતિ–પરિવર્તન કરી શકે એવો કાર્યક્રમ જ આજના પ્રશ્નો ઉકેલી શકશે. આપણે સૌ એ દિશામાં વિચાર કરીએ અને એને વ્યવહારૂ સ્વરૂપમાં કાર્યાન્વિત કરવામાં સહાયરૂપ થઈએ એ જ પ્રાર્થના!

સમાપ્ત બબલભાઈ મહેતા

આપણો સત્યાગ્રહ ચાલી રહ્યો છે.

સમાજમાં દયાધરમ તો બહુ ચાલે છે. લોકો માને છે કે આજની વિષમતા જેમની તેમ કાયમ રહેશે અને અમે થોડો ઘણો દયાધરમ કરી દઈશું, તો ચાલી જશે. પરંતુ આવો દયાધરમ હવે પૂરતો નથી. આજે તો હવે સમતાની જરૂર છે. અને સમાજમાં સમતા લાવવા માટે જ ગ્રામદાન ચાલી રહ્યું છે. ગ્રામદાન એ નિર્વૈર પ્રતિકાર અને સત્યાગ્રહનું એક અંગ છે.

બીજાઓને તકલીફ આપ્યા વિના પોતે સહન કરવું અને સમજાવવું એ જ સત્યાગ્રહ છે. સત્યાગ્રહ એ કોઈ ધમકીની વાત નથી. આજ કાલ સત્યાગ્રહના નામે ઘણું ખોટું ચાલી રહ્યું છે. પરંતુ ખરું જોતાં સત્યાગ્રહમાં તો સત્યનું આચરણ આગ્રહપૂર્વક કરવું જોઈએ, જેથી સામાવાળાનું હૃદય પીગળી જાય. તે માટે ગમે તેવા ત્યાગની તૈયારી હોય. આ જ ખરો સત્યાગ્રહ છે. હું એમ પણ માનું છું કે જો એક પણ સાચો સત્યાગ્રહી દુનિયામાં હશે, તો તેની અસર આખી દુનિયા પર પડશે અને દુનિયાભરનું હૃદય પીગળશે. પરંતુ એના મનમાં દુનિયા પ્રત્યે પ્રેમ હોવો જોઈએ.

આજે તો નાની નાની વાત માટે ઉપવાસો થાય છે એ ખોટું છે. કેમકે આપણે જોઈએ છીએ કે તેનાથી એવી પ્રક્રિયાઓ ઉઠે છે, જે મૂળ ઉદ્દેશથી બિલકુલ ભિન્ન હોય છે. જ્યાં ઉપવાસનું પરિણામ સહુના દિલમાં પ્રેમભાવ ઉત્પન્ન કરવામાં આવે એ જ સાચો ઉપવાસ છે. પરંતુ જ્યાં એની વિપરીત પ્રતિક્રિયાઓ થાય, દ્વેષ-ભાવ અને ઝઘડા વધે તે ઉપવાસ ખોટા છે. ઉપવાસ તો ત્યારે જ કરાય, જ્યારે જેના વિરોધમાં તે કરવામાં આવ્યા હોય, તેના પ્રત્યે આપણા મનમાં પ્રેમ હોય અને ઉપવાસ પછી સામેવાળાને શરમ આવે. તેને એમ લાગે કે મેં દુષ્ટતા કરી, ભૂલ કરી. હું જેના વિરોધમાં ઉપવાસ કે સત્યાગ્રહ કરતો હોઉં, તેના મનમાં જો આવી ભાવના ન ઊઠે, તો હું કાચો સત્યાગ્રહી સાબિત થાઉં. સામેવાળાના મનમાં જ્યારે એવી પ્રતિતી થાય કે આ વ્યકિતના દિલમાં મારા માટે પ્રેમ છે, ત્યારે જ હું સાચો સત્યાગ્રહી ગણાઉં.

માટે જ્યારે હું ગ્રામદાન દ્વારા સત્યાગ્રહની વાત કરી રહ્યો છું, ત્યારે ડરતા નહિ. મારૂં તો માનવું છે કે ગ્રામદાનનું આ જે કામ ચાલી રહ્યું છે, તે એક પ્રકારનો સત્યાગ્રહ જ છે. સત્યાગ્રહનો એ અર્થ નથી કે અમુક પ્રસંગે કોઈની વિરૂદ્ધ કાંઈક કરવું. માટે આપણે ગામેગામ જઈને લોકોને વિચાર સમજાવીએ છીએ, ગ્રામદાન માગીએ છીએ, તે બધો સત્યાગ્રહ જ છે. આમ કરવાથી સત્યાગ્રહનું અસ્ત્ર કુંઠિત નથી થયું. જે માણસ જીવનમાં સત્ય પર ચાલવાનો આગ્રહ રાખે, તેનો સત્યાગ્રહ અવિરત ચાલી રહ્યો છે. ઊધમ મચાવે, શોરબકોર મચાવે એ સત્યાગ્રહ છે એવી માન્યતા સાવ ખોટી છે.

(તા. ૬-૭-'૬૮ ના 'ભૂમિપત્ર' માંથી સાભાર ઉધ્ધૃત.) વિનોબા

'સત્યાગ્રહ' મારી સમજણ મુજબ

આપણે ત્યાં 'સત્યાગ્રહ' શબ્દ ગાંધીજીથી પ્રચલિત થયો છે અથવા તો તે શબ્દનું ગાંધીજીએ એક વિશિષ્ટ અર્થપ્રદાન કર્યું છે. દક્ષિણ આફ્રિકામાં સ્થપાયેલી ગોરી હકુમતે અખત્યાર કરેલી રંગભેદ નીતિ અથવા તો હિન્દી વિરોધી નીતિ સામે ગાંધીજીએ જે આન્દોલન ચલાવેલું તેને તેમણે શરૂઆતમાં 'Passive Resistance' નું નામ આપ્યું હતું. આ અંગ્રેજી શબ્દયુગલનો ગુજરાતી અનુવાદ શું કરવો તેનું ચિંતન કરતાં કરતાં તેમને સત્યાગ્રહ શબ્દ હાથ લાગ્યો અને એ શબ્દમાં Passive Resistance નો ભાવ યથાર્થ રીતે સૂચિત થાય છે એમ તેમને ભાસ્યું અને એ મુજબ 'Passive Resistance' નો 'સત્યાગ્રહ' પર્યાયવાચી શબ્દસમાસ બન્યો.

અહીં ૧૯૧૯ કે ૧૯૨૦ની સાલ આસપાસનો ગાંધીજી સાથેનો એક પ્રસંગ યાદ આવે છે કે જ્યારે, ગાંધીજી તિલક સ્વરાજ્ય ફાળા માટે સાન્તાક્રુઝમાં આવેલા અને એને લગતી સભા પત્યા બાદ સ્વ. શેઠ નરોત્તમદાસ ભાણજીનો બંગલો – 'વીલર વીલા' માં ગાંધીજી નાસ્તો કરવા માટે આવેલા અને તે વખતે તેમની સાથેની વાતચિતમાં સત્યાગ્રહ શબ્દનો ઉગમ કેમ થયો તે વિગતથી તેમણે મને સમજાવેલું અને Passive Resistance માટે તેમણે પ્રથમ શુભનો આગ્રહ એવો ભાવ સૂચવતો 'સદાગ્રહ' શબ્દ વિચારેલો, લગભગ નક્કી કરેલો, પણ વધારે વિચાર કરતાં તે શબ્દ તેમને અધુરો લાગેલો અને માત્ર શુભનો જ નહિ પણ ખોટા સામે સાચા ન્યાયપૂર્ણ તત્ત્વનો એટલે કે સત્યનો આગ્રહ સૂચવાય એવા શબ્દની શોધ કરતાં કરતાં તેમને સત્યાગ્રહ શબ્દ જડેલો અને તે શબ્દ ઉપર તેમનું મન ઠર્યું અને એ રીતે સત્યાગ્રહ શબ્દ તેમણે પ્રચલિત કર્યો એમ મને તેમણે જણાવેલું.

ઉપર જણાવેલી હકીકતોના સંદર્ભમાં જો સત્યાગ્રહ એટલે શું એનો પૂરો અર્થ સમજવો હોય તો Passive Risrstance એટલે શું તે આપણે બરોબર સમજવું રહ્યું. દુનિયાના ઈતિહાસમાં અન્યાય અને તેના પ્રતિકારના પારવિનાના દાખલાઓ નોંધાયા છે. કોઈ પણ સ્થળે અન્યાય થતો હોય તો તેનો પ્રતિકાર કરવો એ સહૃદય ન્યાયપ્રિય વ્યકિતનો અનિવાર્ય ધર્મ બને છે. આ વિચાર યુગોથી વહેતો આવ્યો છે પણ ગાંધીજીના આગમન પહેલાં આ પ્રતિકાર સાથે શારીરિક કે શસ્ત્રબળના ઉપયોગનો ખ્યાલ જોડાયેલો રહ્યો હતો. આવા બળના ઉપયોગથી અન્ય પ્રકારના કોઈ પ્રતિકારનો ગાંધીયુગ પહેલાં કોઈને સ્પષ્ટ ખ્યાલ આવ્યો નહોતો એમ કહેવામાં જરા પણ અત્યુકિત નથી. ગાંધીજીએ અન્યાય સામેના પ્રતિકાર ધર્મને જરૂર સ્વીકાર્યો, પણ તે પ્રતિકાર active નહિ એટલે કે ભૌતિક બળના સીધા પ્રયોગ દ્વારા નહિ, પણ જેમાં તેવા બળને જરા પણ અવકાશ નથી એવા પોતાની જાત ઉપર યાતના નોતરતા – આડકતરા – Pessive–પ્રતિકારની કલ્પના તેમણે માનવ જગત સમક્ષ સૌ પ્રથમ રજૂ કરી, એટલું જ નહિ પણ, તેવા પ્રતિકારના તેમણે સફળ પ્રયોગ પણ કરી દેખાડ્યા.

આ ઉપરથી એમ ફલિત થાય છે કે ગાંધીજીએ પ્રરૂપેલા સત્યાગ્રહના વિચાર સાથે બે તત્ત્વો જોડાયલા હોવા જોઈએ: અસત્ય સામે સત્યની માંડણી અને તે સ્થાપિત કરવા માટે હિંસક નહિ પણ અહિંસક પ્રતિકારનો પ્રયોગ.

આ સત્યાગ્રહના implications – સૂચિત અર્થો અથવા ભાવો પણ – આપણે બરોબર સમજી લેવા જોઈએ. જે વ્યકિતને અનુલક્ષીને સત્યાગ્રહ પ્રયોજાયલો હોય તેના વિષે આપણા દિલમાં માનવી માનવીના નાતે ઊંડો પ્રેમ અને તેના અનિષ્ટ આચરણ અંગે ક્રોધ નહિ પણ કરૂણા હોવી ઘટે. કોઈપણ અન્યાયનું–અનિષ્ટ આચરણનું –નિવારણ એ આવા સત્યાગ્રહનો હેતુ હોવો ઘટે. આ પ્રકારનો અહિંસક પ્રતિકાર કરવો એટલે કે પોતાની જાત ઉપર કોઈ પણ પ્રકારનું દુ:ખ નોતરીને તે દ્વારા અન્યાયપરાયણ વ્યકિત ઉપર લોકમતનું દબાણ ઉભું કરવું અને સાથે સાથે તેવી વ્યકિતના દિલનો પલટો થાય એવી અંતરથી પ્રાર્થના કરતા રહેવું. ઘણી વખત એવી પરિસ્થિતિ હોય છે કે પ્રસ્તુત વ્યકિતના દિલનો ધાર્યા મુજબ પલટો ન પણ થાય. આમ છતાં પણ અહિંસક પ્રતિકાર કરી રહેલ વ્યકિતએ સ્વીકારેલી યાતનાનું પરિણામ એવો પ્રચંડ લોકમત પેદા કરવામાં આવે કે અન્યાયપરાયણ વ્યકિત માટે પીછેહઠ કરવાં સિવાય બીજો કોઈ વિકલ્પ ન રહે.આવો સત્યાગ્રહ અથવા તો અહિંસક પ્રતિકાર કરનાર માટે અન્યાયનિવારણ મુખ્યતા ધરાવે છે; પ્રસ્તુત વ્યકિતનો હૃદયપલટો ઈચ્છવાયોગ્ય હોવા છતાં પ્રમાણમાં તેનું સ્થાન ગૌણ હોવાનું.

આજે સત્યાગ્રહ અને એની સાથે જોડાયલા ઉપવાસ વગેરેનો ભારે દુરૂપયોગ થઈ રહ્યો છે. સત્યાગ્રહના નામે ત્રાગું અને ઉપવાસના

નામે Blackmail કરવાનું–કોઈ પણ વ્યકિતને ઉતારી પાડવાનું–ખૂબ જ ચાલી રહેલ છે. એમ છતાં પણ, જે માનવીજીવનમાં ન્યાય – અન્યાયનું, સદ્‌ગુણ – દુર્ગુણનું, ધર્મ – અધર્મનું દ્વંદ્વ ચાલી રહ્યું છે અને સબળના હાથે નિર્બળનું શોષણ પ્રવર્તી રહ્યું છે ત્યાં સત્યાગ્રહની અથવા તો અહિંસક પ્રતિકારની અપેક્ષા ધરાવતા પ્રસંગો ઉભા થતા જ રહેવાના અને એવા પ્રસંગે મનિષી વ્યકિત માટે પ્રતિકાર અનિવાર્ય બનવાનો જ. આ પ્રતિકાર હિંસક હશે તો તેમાંથી એક અનર્થને ટાળતા બીજો અનર્થ ઉભો થવાનો અને શુદ્ધ ભાવ પ્રેરિત અને અહિંસક હશે તો તેમાંથી કલ્યાણ જ નિપજવાનું.

સત્યાગ્રહ અંગેની આ મારી વિચારસરણી જો બરોબર હોય તો વિનોબાજી સત્યાગ્રહના તત્ત્વનું જે સુક્ષ્માતિસુક્ષ્મ વિશ્લેષણ કેટલાક સમયથી કરી રહ્યા છે અને આ લખાણની ઉપર આપેલા અવતરણમાં તેમના વિશ્લેષણનું જે કાંઈક આછું દર્શન થાય છે તે આ લેખમાં રજૂ કરેલ વિચારસરણી સાથે બંધબેસતું લાગતું નથી. તેમના વિશ્લેષણનું પરિણામ સત્યાગ્રહની ધારને બુઠ્ઠી કરવામાં, સત્યાગ્રહને કુંઠિત કરવામાં અને પ્રતિકારના વેધક તત્ત્વને નહિવત્ કરવામાં આવતું હોય એમ ભાસે છે. જો ગ્રામદાન એ પણ સત્યાગ્રહ હોય તો કોઈ પણ શુભપ્રવૃત્તિને પછી આપણે સત્યાગ્રહનું નામ આપી શકીએ છીએ. દા. ત. કોઈ ઠેકાણે પાણીની પરબ બેસાડવી, દુષ્કાળ રાહતનું કામ કરવું, નિરક્ષરતા નિવારણ કરવું – આવી અનેક પ્રવૃત્તિઓને પણ સત્યાગ્રહના નામથી ઓળખાવી શકશે.

કોઈ પણ વ્યકિત ઉપર દબાણ લાવીને અમુક રીતે વર્તવાની તેને ફરજ પાડવી તેમાં હિંસા સૂચિત હોઈને તે વર્જ્ય છે – આવો કાંઈક ભાવ વિનોબાજીના અર્થઘટન ઉપરથી નિપજતો લાગે છે. જે કાંઈ વર્તન–પરિવર્તન થાય તે હૃદયપલટાની ભૂમિકા ઉપર જ આધારિત બનવું જોઈએ આવો કાંઈક વિનોબાજીનો આગ્રહ લાગે છે. તેમના સૌમ્ય, સૌમ્યતર, સૌમ્યતમ સત્યાગ્રહમાં પણ આવું જ કાંઈક સૂચિત થતું ભાસે છે. આ વાસ્તવિક જગત જ્યાં સામુદાયિક તેમ જ વ્યકિતગત અન્યાય અને શોષણની ઘટનાઓની પરંપરા ચોતરફ સતત નિર્માણ થયા કરતી હોય ત્યાં અન્યાય આચરનાર અને શોષણ કરનાર વ્યકિત કે સંસ્થા વિષે આટલી બધી કોમળતા દાખવવા જતાં અન્યાય અને શોષણનું નિવારણ અશકય નહિ તો દુઃશકય બની જાય અને તેની અનર્થકારકતા લંબાતી જ જાય–આવો ભય રહે છે. માનવીજીવનમાં એવી અનેક પરિસ્થિતિ કલ્પી શકાય છે કે જ્યારે તેના નિવારણ માટે જલદ ઉપાય અનિવાર્ય બની જાય છે. આ દૃષ્ટિએ વિચારતા સત્યાગ્રહીમાં પરસ્પરવિરોધી એવા બે ગુણોના સહ–અસ્તિત્ત્વની હંમેશાં અપેક્ષા રહે છે. એ બે ગુણો છે મૃદુતા અને કઠોરતા. વજ્રાદપિ કઠોરાણિ, મૃદુનિ કુસુમાદપિ – એવું જે ભવભૂતિએ લોકોત્તર પુરુષોનું વર્ણન કર્યું છે તે તદ્દન યથાર્થ છે. ગાંધીજી આનો જીવન્ત દાખલો છે. તેમણે આઝાદી અંગે જે દેશવ્યાપી પ્રસ્થાનો કર્યાં તેમાં આ જ તથ્યનું આપણને સુભગ દર્શન અને સમર્થન મળે છે. એ કહેવાની જરૂર નથી કે ગાંધીજીનું હૃદય કુસુમથી પણ કોમળ હતું અને એમ છતાં દેશમાં આંધી પેદા થાય અને અનેકનાં જીવન બરબાદ થઈ જાય અને પ્રસ્તુત વ્યકિતઓ ઉપર પારવિનાનું દબાણ પેદા થાય એવાં પગલાં ભરતાં તેઓ કદિ અચકાયા નથી. સત્યાગ્રહના વિચાર પાછળ રહેલી આ ઉગ્રતાનો ભાવ વિનોબાજીના વિવેચનોમાં દેખાતો નથી. સત્યાગ્રહની મૃદુતાનું જ માત્ર તેમના સૌમ્ય, સૌમ્યતર સૌમ્યોતમ સત્યાગ્રહની કલ્પનામાં દર્શન થાય છે. પરિણામે સત્યાગ્રહ સત્યાગ્રહ રહેતો નથી પણ શુભ કલ્યાણકારી કોઈ પણ પ્રવૃત્તિનો પર્યાયવાચી શબ્દ બની જાય છે. વિનોબાજીની વિચારસરણી સામે આ વિચારો રજુ કરતાં હું ઘણો સંકોચ અને ક્ષોભ અનુભવું છું. ક્યાં સત્યનિષ્ઠ અને સતત ચિન્તક એવા પૂજ્ય વિનોબાજી અને ક્યાં સામાન્ય કોટિનું જીવન જીવતો હું? આમ છતાં મનમાં જે કેટલાક વખતથી ઘોળાયા કર્યું છે તે આજે જાહેરમાં રજૂ કરું છું એ આશાએ અને અપેક્ષાએ કે આ વિચારો ઉપર ટીકાટીપ્પણ થતાં સત્યાગ્રહ અંગેના વિચારોનું વિશેષ સંશોધન થાય અને આજે મંદ બનતા જતા સત્યાગ્રહરૂપી પુરુષાર્થને નવી ચેતના–નવી ચાલના–મળે. પરમાનંદ.

પ્રકીર્ણ નોંધ

વિનોબાજીની આજની જીવનચર્યા અને આપણી અપેક્ષા

તા. ૬-૭-૬૮ ના ભૂમિપુત્રમાં 'વિનોબાજી પાસેથી' એ મથાળા નીચેમા લેખમાં શ્રી ગુરુશરણે વિનોબા સાથેનો વાર્તાલાપ ઉતાર્યો છે. તે વાર્તાલાપ દરમિયાન પોતાની વર્તમાન જીવનચર્યા વિષે ઉલ્લેખ કરતાં વિનોબાજી જણાવે છે કે "છેવટ સુધી જેઓ સ્થૂળ કાર્યમાં ફસાયલા રહે છે એમની બહુ બૂરી દશા થાય છે. દેશમાં સ્વતંત્ર બુદ્ધિ પાંગરતી જ નથી. હું એટલા વાસ્તે જ જાહેર સભામાં હવે નથી બોલતો. નાનાં વર્તુળો સમક્ષ બોલવાનું થાય છે, પણ તે ય બહુ સીમિત. પત્રવ્યવહાર બંધ કર્યો છે. છાપાં વાંચવા પણ બંધ.! બસ, ખાસ ખાસ ખબરોનું એક હસ્તલિખિત છાપું મારા માટે રોજ તૈયાર થાય છે, જે વાંચતાં ત્રણ ચાર મિનિટ લાગે છે. બાકીનો બધો સમય વેદાભ્યાસના ચિન્તનમાં વીતે છે અને વ્યકિતગત રીતે થોડું શીખવવામાં."

વિનોબાજીનું આ સ્વલક્ષી નિવેદન વાંચતાં મનમાં બેત્રણ પ્રશ્નો સ્ફુરે છે. આમ તેઓ પોતાની જે બાહ્ય પ્રવૃત્તિઓ સંકેલી રહ્યા છે તે શું ઘટતી જતી શારીરિક ક્ષમતાના કારણે? કે સંન્યાસની કોઈ પરમ સીમા પ્રાપ્ત કરવાની આકાંક્ષાના કારણે? કે સ્વતંત્ર ચિન્તન પોતાનામાં સતત પાંગરતું રહે એ માટે? અને સ્વતંત્ર ચિન્તનની અપેક્ષાએ જો આ પ્રવૃત્તિસંલીનતા હોય તો 'યદ્‌યદ્ આચરતિ શ્રેષ્ટ: તદતદેવ ઈતરો જન:' એ મુજબ સ્વતંત્ર ચિન્તનની અપેક્ષા ધરાવતા લોકોએ પણ તેમનું જ અનુસરણ કરવું ને?–આવો ઉપપ્રશ્ન ઉપરના ત્રીજા પ્રશ્નમાંથી ફલિત થાય છે. એક બીજો પ્રશ્ન પણ મારી સામે ઉપસ્થિત થાય છે કે આ વેદાભ્યાસ કયાં સુધી? તેનો પણ કોઈ છેડો ખરો કે?

સુક્ષ્મ, સુક્ષ્મતર, સુક્ષ્મતમ ભૂમિકામાં પ્રવેશ કર્યાનાં વિધાનો વિનોબાજીના મુખેથી અવારનવાર સાંભળવા જાણવા મળે છે, પણ તેમાં મારી મંદ મતિ કશી ગતિ કરી શકતી નથી. આપણી નિસબત - આપણી અપેક્ષા - તેમની પાસેથી આપણા દેશજનોને સતત માર્ગદર્શન મળતું રહે તેની છે અને તે માટે જરૂર છે તેમણે જે છોડ્યું છે તે શકય હોય તેટલું પાછું હાથ ધરવાની, એટલે કે, આજે દેશમાં અને દુનિયામાં બનતા બનાવો અને વહેતા વિચારપ્રવાહોથી તેઓ સામયિકો દ્વારા બને તેટલા સુપરિચિત રહે અને બંધ કરેલો પત્રવ્યવહાર પાછો શરૂ કરે અને તે દ્વારા મારી જેવા અનેકની શંકાઓનું તેઓ સમાધાન કરતા રહે અને એ રીતે તેઓ આજની વાસ્તવિકતાના પૂરા પ્રકાશમાં આપણા પથપ્રદર્શક બને. મારી આ તેમને નમ્ર પ્રાર્થના છે.

શ્રી મણિલાલ જેમલ શેઠનો સ્વર્ગવાસ

લાંબુ આયુષ્ય હોવું એને જો સદ્‌ભાગ્ય ગણવામાં આવતું હોય તો તે સદ્‌ભાગ્ય સાથે એક કમનસીબ એ જોડાયેલું છે કે આવા દીર્ઘજીવી માણસે પોતાના જીવન સાથે એક યા બીજા કારણે જોડાયેલા અનેક માણસોને એક પછી એક વિદાય લેતા જોતાં રહેવું અને તે કારણે એક પ્રકારની શૂન્યતા અનુભવતાં જવું. આવી દુઃસ્થિતિનો હું આજે અનુભવ કરી રહ્યો છું. કોઈ સ્વજન સંબંધી કે પરિચિત મિત્રની અવસાન નોંધ વિના પ્રબુદ્ધ જીવનનો ભાગ્યે જ કોઈ અંક ખાલી જાય છે. આ વખતે પણ એક વખતના સહકાર્યકર શ્રી મણિલાલ જેમલ શેઠના જુલાઈ માસની ૧૭મી તારીખે ૬૫ વર્ષની ઉમ્મરે જોરાવરનગર ખાતે નીપજેલા અવસાનની નોંધ લેવાની દુઃખદ ફરજ મને પ્રાપ્ત થાય છે. તેમના જીવનનો મોટો ભાગ મુંબઈમાં જ તેમણે પસાર કરેલો. તેમનો વ્યવસાય સોના ચાંદીનો હતો. સ્થિતિ સાધારણ, પણ દિલમાં દેશદાઝ અસાધારણ. મુંબઈની કૉંગ્રેસના વર્ષોજુના કાર્યકર, આઝાદીની લડતના સૈનિક.

આઝાદી મળ્યા પહેલાના કાઠિયાવાડ પ્રજામંડળના અને ભાવનગર પ્રજામંડળના સક્રિય કાર્યકર અને સાથી. છેલ્લાં દશ બાર કે પંદર વર્ષથી તેમની તબિયત લથડતાં જોરાવરનગર જઈને તેઓ રહ્યા હતા અને ત્યાં જ તેમનું જીવન પૂરું થયું. તેમના જવાથી આપણને એક નિષ્ઠાવાન કાર્યકરની ખોટ પડી છે. તેમના આત્માને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાઓ!

શ્રી જૈન મહિલા સમાજનું મકાન ફંડ:

શ્રી મેનાબહેને કરેલી અસાધારણ સખાવત

મુંબઈ ખાતે છેલ્લાં અઠ્ઠાવન વર્ષથી બહેનો અને બાળકોના કલ્યાણ અર્થે ઉપયોગી કાર્ય કરતા શ્રી જૈન મહિલા સમાજને સાત વર્ષ પહેલાં મરીન ડ્રાઈવ વિભાગમાં આવેલો શ્રી નાથાલાલ ડી. પરીખનો પ્લોટ ભેટ મળતાં જૈન મહિલા સમાજ માટે પોતાનું સ્વતંત્ર મકાન પ્રાપ્ત કરવાની અભિલાષા પરિપૂર્ણ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થયો છે. આ પ્લોટ ઉપર એક માળનું મકાન બાંધવાની સમાજને મંજુરી મેળવતાં ઘણો સમય લાગ્યો. હવે તે મંજુરી મળી ચૂકી છે અને ચાર મહિના પહેલાં ત્યાં નવા મકાનનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું છે અને બાંધકામની શરૂઆત થઈ ચૂકી છે.

આ નવા મકાનનું બાંધકામ કરવા માટે અને તેમાં શરૂ થનારી પ્રવૃત્તિઓ માટેનાં સાધનો વસાવવા માટે ઓછામાં ઓછા ચાર લાખ રૂપિયાનો ફાળો એકઠો કરવાનું સમાજના સંચાલકોએ વિચાર્યું છે અને તે માટે જાહેર વિજ્ઞપ્તિ બહાર પાડવામાં આવી છે. આ રીતે મળતી આર્થિક સહાય આવકવેરાથી મુકત છે. આ સંસ્થાનું નામ જૈન મહિલા સમાજ છે, પણ તેની બધી પ્રવૃત્તિઓ સંપ્રદાય અને નાતજાતના ભેદભાવથી મુકત છે અને તેનો લાભ જૈન-જૈનેતર બધા વર્ગની બહેનો લઈ શકે છે.

અહિં જણાવતાં અતિશય આનંદ થાય છે કે આ ફાળામાં સંસ્થાના વર્ષોજૂના મંત્રી શ્રી મેનાબહેન નરોત્તમદાસ શેઠ, જેમના સુન્દર અનુવાદોથી પ્રબુદ્ધ જીવનના વાચકો સુપરિચિત છે તેઓ સામાન્ય આર્થિક સ્થિતિના હોવા છતાં ઉપર જણાવેલ ફાળામાં રૂ. ૨૫૦૦૦ ની રકમનું તેમણે દાન નોંધાવ્યું છે. જે સંસ્થાની કાર્યવાહી સાથે તેઓ વર્ષોથી જોડાયેલા છે તે સંસ્થા પ્રત્યેની ઊંડી મમતા તેમણે આ રીતે વ્યકત કરી છે. સંસ્થા સાથે જોડાયલા અત્યધિક શ્રીમન્ત સ્થિતિવાળાં બહેનો આ ફાળામાં શું ભરવું તેનો જ્યારે હજુ વિચાર કરી રહ્યા છે ત્યારે આ બહેને આવો સ્તુત્ય અને સહજ કલ્પનામાં ન આવે તેવી પહેલ કરી છે. આ ઉદાર દાનની કદર રૂપે સમાજના સંચાલકોએ સમાજના બાલમંદિર સાથે તેમના પતિનું નામ જોડવાનો નિર્ણય કર્યો છે. આશા રાખીએ કે મેનાબહેનના આ પગલાનું અનુકરણ કરીને, શ્રી જૈન મહિલા સમાજે ચાર લાખ રૂપિયાની ટહેલ નાખી છે તેને જલ્દીથી પુરી કરવામાં આવશે. જનજૈનેતર સર્વ કોઈ સુસ્થિત બહેનો તથા ભાઈઓને આ ફાળામાં ઉદાર દિલથી નાની મોટી રકમ નોંધાવવા પ્રાર્થના છે.

પૂરક નોંધ: આ નોંધના અનુસંધાનમાં મેનાબહેનનો પરિચય આપવાનું આવશ્યક લાગે છે. તેઓ માંગરોળનિવાસી અને મુંબઈમાં વ્યાપાર વ્યવસાય અર્થે સ્થિર થયેલા સ્વ. શેઠ હેમચંદ અમરચંદનાં પુત્રી થાય અને ભાઈ પ્રવીણચંદ્ર હેમચંદનાં મોટાં બહેન થાય. આજે તેમની ઉમ્મર લગભગ ૬૮ - ૬૯ ની વર્ષની છે. આજથી લગભગ ૪૦ વર્ષ પહેલાં તેમને વૈધવ્ય પ્રાપ્ત થયેલું. દશ બાર વર્ષ પહેલાં બાથરૂમમાં પડી જતાં અને કમ્મર કે સાથળના હાડકાને ઈજા થતાં જિંદગીભરનું અપંગપણું તેમને પ્રાપ્ત થયું છે. આમ આફત અગવડો વચ્ચે જીવન વીતાવી રહેલાં મેનાબહેન સ્વસ્થ, પ્રસન્ન અને સતત કાર્યરત રહે છે. જૈન મહિલા સમાજના મુખપત્ર 'વિકાસ'ના તેઓ પ્રારંભથી તંત્રી છે. વિદ્વાન અને સ્વતંત્ર વિચારક છે. તેઓ સારાં લેખિકા છે એમ કહેવાની જરૂર જ નથી. જૈન ધર્મશાસ્ત્રોનું તેમણે સારૂં અધ્યયન કર્યું છે. પંડિત સુખલાલજીના વાત્સલ્યના તેઓ સુપાત્ર બન્યાં છે. તેમની સાથે મારો પણ વર્ષોજૂનો સ્નેહ સંબંધ છે અને પ્રબુદ્ધ જીવન અંગે મારી કોઈ પણ ભીડના તેઓ ભેરૂ છે. આવાં બહેન આપણી વચ્ચે હોય એ આપણું—આપણા સમાજનું—પરમ સદ્‌ભાગ્ય છે.

દેવનારનું કતલખાનું

જે દેવનારના કતલખાના વિષે બે વર્ષ પહેલાં વિરોધનો વંટોળ ઊભો થયો હતો તે દેવનારનું કતલખાનાનું બાંધકામ, તા. ૧૫-૬-૬૮ના ટાઈમ્સ ઓફ ઈન્ડયામાં જણાવવામાં આવ્યું છે તે મુજબ, ધમધોકાર ચાલી રહ્યું છે અને ૧૯૬૯ના જૂન માસમાં તે પૂરું બંધાઈ રહેશે એવી આશા રાખવામાં આવે છે. બૉમ્બે મ્યુનિસિપાલિટીના માર્કેટ વિભાગના ચેરમેન ડૉ. વી. પેરિયન જણાવે છે કે આ કતલખાનું એશિયામાં સૌથી મોટું હશે અને દુનિયાના કોઈ પણ કતલખાના જેટલું અદ્યતન સાધનસામગ્રીથી સંપન્ન હશે. એ દેવનાર મુંબઈના મધ્ય ભાગથી ૧૮ માઈલના અન્તરે આવેલું છે.

૧૨૮ એકરના પ્લોટ ઉપર બંધાયેલા એક વિભાગમાં ઘેટાં બકરાંની તેમ જ ઢોરની કતલની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. એક દિવસમાં ૬૦૦૦ ઘેટાં અને બકરાંની, ૩૦૦ ઢોરની અને ૧૦૦ ડુક્કરની કતલ થઈ શકે એટલી આ નવા કતલખાનાની તાકાત હશે. આ રીતે મુંબઈની ૧૦૦૦ ઘેટાંના માંસની દૈનિક જરૂરિયાતને સહેલાઈની પહોંચી શકાશે એમ ધારવામાં આવે છે. એશિયામાં આ આંકડો સૌથી મોટો છે.

વાંદરા અને બીજા કતલખાનાના આંકડા એકઠા કરતાં માલુમ પડે છે કે શનિવાર અને રવિવારના રોજ આ માંગ વધીને ૭૦૦૦ ઘેટાં બકરાં સુધી પહોંચે છે અને કોઈ પણ તહેવારના દિવસે ૧૦૦૦૦થી ૧૨૦૦૦ સુધી પહોંચી જાય છે.

આ સંબંધમાં વિશેષ જણાવવામાં આવ્યું છે કે આ કતલ ઓછામાં ઓછી ઘાતકી રીતે થાય એની ખાસ સંભાળ લેવામાં આવે છે. કતલ કર્યા પહેલા જાનવરોને વીજળીના આંચકાથી Anasthetised—બેભાન—કરવામાં આવે છે.

આ કતલખાનું ઊભું કરવાની યોજના વિચારવામાં આવી ત્યારે તેનો ખર્ચ બે કરોડનો અંદાજવામાં આવ્યો હતો. આજે હવે આ ખર્ચ ચાર કરોડ સુધી પહોંચવા સંભવ છે.

આ કતલખાનામાં કતલ કરવા માટે એકઠા કરાતા પશુઓ માટે ઘાસચારો તથા પાણીની પૂરી સગવડ રાખવામાં આવી છે અને તેઓ છૂટથી હરીફરી શકે એવા વિશાળ પ્લોટો આ કતલખાના સાથે જોડવામાં આવ્યા છે.

જેના દિલમાં પશુદયાની લાગણી જડાયલી છે તેવા આપણ સર્વ માટે આ વિગતો ખૂબ કંપાવનારી છે, એમ છતાં આજની વાસ્તવિકતા સામે આપણે આંખઆડા કાન કરી શકીએ તેમ નથી. તેથી આજે શું બની રહ્યું છે તેની આપણને પૂરી જાણ હોવી જરૂરી છે અને એ આશયથી ઉપરની વિગતો આપવામાં આવી છે.

આજે જ્યારે મુંબઈમાં વસતા પ્રજાજનોના માંસાહાર માટે આટલી મોટી કતલ અનિવાર્ય બની છે ત્યારે, તે અંગે વાંદરામાં અને બીજાં છટાંછવાયાં સ્થળોએ જે કતલ ચાલતી હતી અને તે માટે લાવવામાં આવતાં પશુઓની જે હાલાકી જોવામાં આવતી હતી અને જે ઘાતકી રીતે તે પશુઓને મારવામાં આવતાં હતાં તેની જગ્યાએ દેવનાર જેટલે દૂર પશુઓ રાખવાની પૂરી સગવડવાળું અને ઓછામાં ઓછા ઘાતકીપણાથી કતલ કરવાના પ્રબંધવાળું કતલખાનું ઊભું કરવામાં આવ્યું છે તે અયોગ્ય થયું છે એમ આપણે ન કહીએ, પણ ચિન્તાનો વિષય તો એ છે કે આજે આપણી સરકારના લોભને કોઈ થોભા

નથી અને કોઈ પણ રીતે નિકાસ વધારીને પરદેશી હૂંડિયામણ રળવાની મોહિનીને તે વરેલી છે અને આ માટે તેના માટે કોઈ હિંસા–અહિંસાનો હવે ભેદ જ રહ્યો નથી–એવી વિચિત્ર પરિસ્થિતિમાં આ દેવનારના કતલખાનાનો ઉપયોગ જે રીતે એને લાગતાવળગતાઓ જણાવે છે તે મુજબ માત્ર મુંબઈના માંસાહારીઓની જરૂરિયાતને પહોંચી વળવા પૂરતો જ થશે એ વાતમાં આપણી શ્રદ્ધા બેસતી નથી અને તેથી આ માટે બોમ્બે મ્યુનિસિપાલિટીના જવાબદાર અધિકારીઓ પાસેથી પાકી બાંહેધરી મેળવવાની આવશ્યકતા છે.આ માટે મુંબઈ જીવદયા મંડળીના સૂત્રધારો પૂરતો પ્રયત્ન કરી રહ્યા છે, પણ તેની સફળતાનો આધાર લોકમતના બળવાન સમર્થન ઉપર છે. આ માટે મુંબઈની જીવદયાપ્રેમી જનતાને તાકીદનું આવાહન છે. તેઓ છાપાઓ દ્વારા તેમ જ સભાઓ ભરીને પોતાનો અભિપ્રાય જોરદાર રીતે વ્યકત કરે તેવી પ્રાર્થના છે.

શ્રી હિતેન્દ્ર દેસાઈની આરતીને લગતા

લખાણ અંગે એક સન્મિત્રનો ઠપકો

તા. ૧૬-૭-૬૮ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલ શ્રી હિતેન્દ્ર દેસાઈની આરતીને લગતા લખાણ અંગે મારા આદરણીય મિત્ર શ્રી રવિશંકર મ. રાવળ મને ઠપકો આપતાં જણાવે છે કે 'શ્રી હિતેન્દ્ર દેસાઈ કયા જમાનામાં વસે છે?' કહીને તમે એવું જ આરોપણ કર્યું છે કે જાણે તેમણે આરતી માગી લીધી હોય અને ફોટોગ્રાફરને ફોટો લેવા હુકમ કર્યો હોય. જો કે આ ફોટો અમદાવાદના કોઈ છાપામાં દેખાયો નથી. અને મુંબઈનાં 'જન્મભૂમિ'માં છપાયો છે. તેથી કોઈ Freelance (ફાવે તેમ અને ફાવે ત્યાં ભટકતા) ફોટોગ્રાફરે તે લીધો હશે અને શુભેચ્છાથી જન્મભૂમિએ છાપી નાંખ્યો હશે એમ હું ધારું છું. એમાં કોઈની પ્રેરણા હોવા સંભવ નથી. શ્રી હિતેન્દ્ર દેસાઈને તેની ખબરે નહિ હોય, પણ તમે ભૂતકાળના રાજાઓ, નારીગૌરવનો અનાદર, હાસ્યાસ્પદ, 'કોમનસેન્સ' દાખવે વગેરે ખૂબ ધારી લીધું છે. માફ કરજો! મને એમાં એવું કશું અજુગતું લાગ્યું નથી. ઊલટું શ્રી સગુણાબેનને પણ તમારા લેખથી આઘાત લાગ્યો હશે. મારા સાંભળવા પ્રમાણે આર્યકન્યા ગુરુકુળનાં તેઓ વિદ્યાર્થિની છે અને જરાય જૂનવાણી નથી. પતિ પરદેશ જાય ત્યારે એમના યોગક્ષેમ માટે કે સુખપ્રદ આગમન પ્રસંગે આરતી ઉતારાય તે માત્ર દેવો કે લોકનાયકો માટે જ અબાધિત હક્ક છે એમ તમે માન્યું છે? બાલકૃષ્ણની આરતી ઉતારતી ગોપીનું ચિત્ર રાજા રવિવર્માએ દોર્યું છે તે તમે જોયું હશે. ભાઈબીજના દિવસે બેન ભાઈની આરતી ઉતારે છે.

"તમે પહેલા પારીગ્રાફમાં તો આ ધન્ય પ્રસંગને કેમેરામાં ઝડપી લીધો છે કહી બીરદાવો છો અને પછી તમારી કલમ મોં મરડી ગઈ છે એથી મને તો ખેદ જ થયો છે તે હું જણાવું છું." તેઓ તા. ક.થી ઉમેરે છે કે "શ્રી હિતેન્દ્ર દેસાઈ સાથે મને ઔપચારિક પરિચય માત્ર છે. અંગત ઘાટો સંબંધ નથી."

રવિભાઈની આપણા સમાજમાં એવી ઊંચી પ્રતિષ્ઠા છે કે તેમણે પાછળનો ખુલાસો ઉમેરવાની કોઈ જરૂર જ નહોતી. તેમણે ઠપકારૂપે જે કાંઈ લખ્યું છે તે નમ્રભાવે માથે ચડાવતાં ખુલાસારૂપે જણાવવાનું કે શ્રી હિતેન્દ્ર દેસાઈની દિનચર્યાને લગતી છબીઓ તેને લગતા ફોટોગ્રાફર તરફથી જેમ સ્થાનિક છાપાવાળાઓને પ્રાપ્ત થાય છે તે ચાલુ રીતે જ જન્મભૂમિને આ છબી પ્રાપ્ત થઈ છે એમ હું અધિકારપૂર્વક જણાવું છું. વળી આ છબી અમદાવાદના 'સંદેશ' તથા 'ગુજરાત મિત્ર'માં પ્રગટ થઈ ચુકેલ છે. બીજા છાપાંઓમાં પ્રગટ થઈ છે કે નહિ તેની મને ખબર નથી. આ છબી જેને 'પોઝ' કહે છે એ આપીને રીતસર લેવાઈ છે. એટલે કે કોઈએ એકાએક – તે દંપતીને ખ્યાલ પણ ન હોય એ રીતે – આ છબી લીધી છે એમ નથી – એ આ છબી જોતાં કોઈને પણ સ્પષ્ટ થાય તેમ છે. શ્રી રવિભાઈને આવી આરતી ઉતરાવવામાં કશું જ અજુગતું ન લાગતું હોય; મને તેમાં સ્ત્રીપુરુષ સમાનતાની–ખાસ કરીને પતિપત્ની વચ્ચે આવશ્યક એવી સમાનતાની – ભાવનાનો અનાદર અને સૂરુચિનો સ્પષ્ટ ભંગ દેખાય છે. રવિવર્માએ જે ચિત્ર ચિતર્યું છે તે કોઈ એક સામાન્ય બાળકની આરતીનું નથી, પણ ઈશ્વરના અવતાર કલ્પાયલા બાલકૃષ્ણની આરતીને લગતું છે. સામાન્ય બાળકની કદિ કોઈએ કોઈ આરતી ઉતારી જાણી નથી. ભાઈબીજને દિવસે બહેન ભાઈની આરતી ઉતારતી હોય એવું મારા જાણવામાં નથી, પણ એમ હોય તો તે મને વધારે પડતું લાગે છે. લખાણના શરૂઆતના ભાગમાં આ દશ્યને ધન્ય પ્રસંગ કહીને બીરદાવ્યો છે અને પછી મારી કલમ મોં મરડી ગઈ છે એ આક્ષેપના જવાબમાં જણાવવાનું કે 'ધન્ય' શબ્દની પાછળ કટાક્ષ રહેલો છે એ રવિભાઈ સમજ્યા હોત તો આગળપાછળના લખાણમાં તેમને અસંગતિ જણાઈ છે એ જણાત નહિ.

અનેક મિત્રોએ આ નોંધને આવકારી છે, પણ એનું મને એટલું મહત્ત્વ નથી જેટલું મહત્ત્વ મારે મન રવિભાઈના આ ઠપકાનું છે. તેમના જેવું સંવેદન બીજા વાંચકોએ પણ અનુભવ્યું હશે તેમને મારો વિચાર અને વળણ સ્પષ્ટ થાય એ ખાતર આટલી લાંબી નોંધ લખવાની મને જરૂર જણાઈ છે. **પરમાનંદ**

સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોને નમ્ર વિજ્ઞપ્તિ

પ્રબુદ્ધ જીવનના લવાજમો જે જે ગ્રાહકોનાં પૂરાં થયાં છે તેમને અંગત કાર્ડ લખી સમાચાર આપવામાં આવે છે, એટલે જેમનાં લવાજમો પૂરાં થતાં હોય તેમને સત્વર તે સંઘના કાર્યાલયમાં પહોંચતા કરવા વિનંતિ કરવામાં આવે છે જેથી વી. પી. ના ખોટા ખર્ચમાં ઉતરવું ન પડે.

સંઘના સભ્યોને ખાસ વિજ્ઞપ્તિ કરવાની કે ૧૯૬૮ નું વર્ષ પૂરું થવાને હવે માત્ર પાંચ જ માસ બાકી છે અને આમ છતાં મોટા ભાગનાં સભ્યોનાં ચાલુ વર્ષનાં લવાજમો હજી આવ્યા નથી તો જેમના લવાજમો બાકી છે તેમને પોતાના લવાજમના રૂ. ૧૦ સત્વર સંઘના કાર્યાલય ઉપર મોકલી આપવા અથવા તો આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળાના સમયે ત્યાં ભરી દેવા. આ રીતે વર્ષાન્ત પહેલા લવાજમો ભરી આપી, સંઘના વહીવટીકાર્યમાં એટલી સરળતા કરી આપી આભારી કરશો એ જ પ્રાર્થના.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

'પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં તા. ૨૦ ઑગસ્ટથી ૨૮ ઑગસ્ટ સુધીની આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતાઓમાંથી કેટલાકના નામ આપવામાં આવ્યા હતા તે ઉપરાંત શ્રી ભંવરમલ સિંઘી, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, ડૉ. ઈન્દ્રચંદ શાસ્ત્રી, ડૉ. એમ. એમ. મલગરા, પંડિત બેચરદાસ જીવરાજ દોશી, શ્રી ગુલાબદાસ બ્રોકર, શ્રી રવિશંકર રાવળ, શ્રી નિર્મળાબહેન શ્રીવાસ્તવ તથા શ્રી પુરુષોત્તમ માવળંકરનાં વ્યાખ્યાનો આ વ્યાખ્યાનમાળામાં ગોઠવવામાં આવ્યા છે. આને લગતો વિગતવાર કાર્યક્રમ પ્રબુદ્ધ જીવનના આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે.

સ્થળ: ભારતીય વિદ્યા ભવન, સમય: સવારના ૮-૩૦થી ૧૦-૩૦.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

એક સુધારો

પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં, "લગ્નજીવનની સમસ્યાઓ" વાળા શ્રી ચીમનભાઈના લેખમાં, બર્ટ્રાન્ડ રસેલના Marriage and Morals સંબંધે જે અવતરણ તેમની આત્મકથામાંથી આપ્યું છે તેનો બીજો ફકરો:

"Complete fidelity aught to be expected in marriage, though at times it may be difficaet. Husband and wife cannot remain good friends with affairs."

–બર્ટ્રાન્ડ રસેલનું લખાણ નથી, પણ પહેલા ફકરાના તેમના લખાણ ઉપર શ્રી ચીમનભાઈની ટીકા છે. **તંત્રી.**

રાષ્ટ્રીય તેમ જ આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિની સમીક્ષા

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘનાં ઉપક્રમે - સોમવાર તા. ૨૨-૭-૬૮ ના સાંજના ગ્રેઈન, રાઈસ એન્ડ ઓઈલ સીડઝ મર્ચન્ટસ એસોસીએશનનાં હોલમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ ઉપર એક વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. એ વાર્તાલાપની નોંધ નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

આપણે રાજકીય સમીક્ષા માટે ઘણા વખત પછી મળીએ છીએ. આપણે છેલ્લા મળ્યા ત્યારપછી ઘણાં બનાવો બની ગયા છે. આપણે મુખ્ય મુખ્ય બનાવોની આજે સમીક્ષા કરીશું.

આંતરરાષ્ટ્રીય બનાવો

અમેરિકામાં પ્રેસીડન્ટ કેનેડીનું ખૂન થયું પછી એવી જ મોટી બે વ્યકિતઓનાં ખૂન થયાં; માર્ટીન લ્યુથર કીંગ અને રૉબર્ટ કેનેડીનાં.

આ ખૂનનાં કારણો શોધવા માટે દુનિયાનાં ઘણા વિચારકોએ આપણી સમક્ષ વિચારો મૂકયા છે. અમેરિકામાં હિસાની પ્રબળ ભાવના કયાંથી આવી અને આવી સમર્થ વ્યકિતઓનાં ખૂન થાય એના મૂળમાં અમેરિકાના જીવનમાં શું તત્ત્વ પડયું છે એ શોધવા આજે સૌ પ્રેરાયા છે. એમ લાગે છે કે જે રીતે અમેરિકાની વસાહત થઈ અને જે રીતે ત્યાંના જીવનનો વિકાસ થયો છે એમાં જ હિંસા પડી છે. અમેરિકા અણખેડાયેલો દેશ હતો. મોટી અણખેડાયેલી જમીન – એમાં ય જંગલો અને પર્વતો - એટલે પ્રકૃતિ સાથે સંઘર્ષ કરવો પડતો, એટલું જ નહિ પણ ત્યાં રહેતા Red Indians સાથેય સંઘર્ષ થતો. આમ શરૂઆતથી જ અમેરિકનો Gunman તરીકે રહ્યા – અને પ્રાણીસૃષ્ટિ સાથે કે રેડ–ઈન્ડિયન સાથે, કાયદાની રાહ જોયા સિવાય, સીધી રીતે જ પોતાનો નિકાલ કરી લેતા. આ વાતમાં–આજે જે તત્ત્વ જોઈએ છીએ એનાં સંદર્ભમાં–સત્યનો અંશ દેખાય છે. અમેરિકામાં આજે બંદૂક ઉપર પ્રતિબંધ મૂકવાનું વિચારાય છે અને સાથે ત્યાં પ્રતિબંધ ન મૂકવા માટેનો પ્રબળ મત પ્રવર્તે છે.

અમેરિકામાં જે ત્રણ મહાન વ્યકિતઓનાં ખૂન થયાં – એની પછવાડે કયું વિચારબળ જોર કરી રહ્યું હશે એનો આપણે વિચાર કરીએ તો, આપણે જોઈશું કે આ ત્રણેય વ્યકિતઓ ઉદારમતવાદી – જેને આપણે 'લીબરલ્સ' કહી શકીએ–એવી હતી.

પ્રેસીડન્ટ કેનેડી રંગભેદમાં માનતા ન હતા. માર્ટીન લ્યુથર કીંગ શાંતિમાર્ગે ઉકેલ શોધવાવાળા, ગાંધીજીને પગલે ચાલવાવાળા હતા. રોબર્ટ કેનેડી પણ રંગભેદ અને વિયેટનામ યુદ્ધના વિરોધી હતા. ગમે તેમ હોય – એટલી વાત નક્કી છે કે અમેરિકાની પ્રજામાં આજે એક જાતની માનસિક સંક્ષુબ્ધતા પડી છે. આ માનસિક સંક્ષુબ્ધતા વિયેટનામના યુદ્ધને કારણે વધી પડી છે. અમેરિકા જેવો સમૃદ્ધ દેશ એક નાના દેશ વિયેટનામને નમાવી શકતો નથી એ કારણે અમેરિકાને–એના અહંને–સખ્ત આઘાત પહોંચ્યો છે. વળી, યુદ્ધવિરોધી માનસ આખા અમેરિકામાં જાગૃત થયું છે એટલું જ નહિ, સારાય એશિયામાં વર્ચસ્વ જમાવવામાં અમેરિકા નિર્બળ પૂરવાર થયું એથી ક્ષોભ પેદા થયો, અહંને આઘાત લાગ્યો અને માનસિક વ્યાધિ ઊભી થઈ. એ જે હોય તે–આખી દુનિયાનું નેતૃત્વ કરવાની ઝંખના હતી તે દ'ગોલથી માંડીને સૌની ઉતરતી જાય છે, એટલું જ નહિ અમેરિકા જેવો સમૃદ્ધ દેશ આજે આર્થિક સંકડામણ અનુભવી રહ્યો છે, ડોલરનું ડીવેલ્યુએશન કરવાનો આજે એને વિચાર કરવો પડે છે, ગોલ્ડ રીઝર્વ ઓછું થયું છે અને ડોલરની કિંમત દુનિયામાં ઓછી થાય ત્યારે માનસિક ક્ષુબ્ધતા વધે એ સ્વાભાવિક છે.

એટલું સારું છે કે અમેરિકા અને રશિયા વચ્ચે પરસ્પર સમજણ વધતી ગઈ છે. બંને Coexistence માં–સહઅસ્તિત્વમાં–માનતા થયા છે. પણ ચીન સાથે સંબંધ ઉગ્ર થતો જાય છે.

પ્રેસીડન્ટ જૉનસને જે બે નિર્ણયો લીધા તે ઘણા ડહાપણભર્યા અને એક મહાન વ્યકિતને શોભે એવા છે. એક નિર્ણય વિયેટનામનું યુદ્ધ વધતું અટકાવવું; બીજો નિર્ણય પ્રમુખપદ માટે ચૂંટણીમાં ઊભા ન રહેવું. વિયેટનામના યુદ્ધનું વર્ણન વાંચું છું ત્યારે કંપારી છૂટે છે. અપૂરતા સાધનોવાળી આટલી નાની પ્રજા સતત યુદ્ધમાં અકલ્પનીય સંહારની વચ્ચે કેવી રીતે જીવતી હશે એ કલ્પી શકાય એમ નથી. પ્રમુખ જોનસનના આ બે ડહાપણભર્યા નિર્ણયોએ અમેરિકન પ્રજાને કટોકટીમાંથી બચાવી લીધી છે, અગર પ્રમુખપદ માટે જૉનસન ઊભા રહ્યા હોત તો ડેમોક્રેટીક પક્ષમાં જ બે તડ પડી જાત, પ્રજામાં બે મજબૂત વર્ગો ઊભા થાત.

યુનાઈટેડ નેશન્સના સેક્રેટરી જનરલ યુ થાં એક અદ્‌ભુત પુરુષ છે. એ જે કહે છે તે નિડરપણે સ્પષ્ટ કહે છે. યુ થાં કહે છે કે "વિયેટનામની પ્રજા ચીનતરફી નથી, અલબત્ત સામ્યવાદી છે. પણ આખાય દેશનું લક્ષ્ય દેશની રાષ્ટ્રીય સ્વતંત્રતા ઉપર છે. અમેરિકા ખસી જાય તોય વિયેટનામ ચીનનાં વર્ચસ્વ નીચે નહિ આવે."

વિયેટનામનાં યુદ્ધમાં અમેરિકાને એક દિવસનો ખર્ચ યુનાઈટેડ નેશન્સના આખા વર્ષના બજેટ જેટલો છે. યુદ્ધબંધી માટે વાટાઘાટો એક મહિનાથી ચાલે છે, સાથે યુદ્ધ પણ ચાલુ છે. સમાધાનનાં કોઈ ચિહ્નો દેખાતાં નથી. યુનાઈટેડ નેશન્સ આખું ય નાકામયાબ બની રહ્યું છે. વિયેટનામનાં યુદ્ધનો અંત નજદિકનાં ભવિષ્યમાં દેખાતો નથી અને રશિયા તથા ચીન ઉત્તર વિયેટનામને મદદ કરે એ અનિવાર્ય છે.

યુરોપનાં બે મોટા બનાવો

૧. ફ્રાન્સમાં જે બળવો થયો તે.

૨. રશિયા અને ઝેકોસ્લોવેકીયાનાં ઉગ્ર બની રહેલા સંબંધો.

ફ્રાન્સમાં જે બળવો–વિદ્યાર્થીઓનો અને મજૂરોનો થયો – એની નીચેનાં પરિબળો કેટલા પ્રબળ હશે એનો ખ્યાલ સહેજે આવી શકે એમ છે. આ બળવો શમી ગયો છે અથવા શમી નથી ગયો એમ પણ કહેવાય. વિદ્યાર્થીઓ અને મજૂરોનાં આન્દોલનો એક દિશામાં ન હતાં–બંનેના કારણો પણ જુદાં હતાં એટલે બળવો શમી ગયો છે, પણ વિદ્યાર્થીઓને વર્તમાન જીવનપદ્ધતિથી પૂરો અસંતોષ છે. જો કે students' unrest એ આજે આખી દુનિયામાં છે. આપણે ત્યાં આજે જે શિક્ષણની નિષ્ફળતા દેખાય છે એવી જ અમેરિકા અને ફ્રાન્સની સ્થિતિ છે. વિદ્યાર્થીઓના આ બળવા પાછળ તેમને શું જોઈએ છે તે તેઓ જ જાણતા નથી. પણ જે અસંતોષ છે તે ભૌતિક જરૂરિયાતોના અભાવને કારણે નથી. તેઓનું આખું ય વલણ અરાજકતા તરફ છે. વિરોધ જેટલો 'કેપીટાલીઝમ' સામે છે એટલો જ વિરોધ 'કોમ્યુનીઝમ' સામે છે. ખરી રીતે એમને માનવીનું વ્યકિતત્વ યોગ્ય રીતે વિકાસ પામે એવી ભૂમિકા જોઈએ છે. એમ પણ કહી શકાય કે તેઓનો વિરોધ Consumer Society સામે છે. જે ભૌતિક સાધનો વધી રહ્યા છે–જે જીવનધોરણ ઊંચું લાવવાને બહાને જીવનમાં જટિલતા અને અસ્થિરતા આવી રહી છે–એની સામે એમનો વિરોધ છે.

આને આધ્યાત્મિક વલણ કદાચ ન કહેવાય, પણ આધ્યાત્મિકતા તરફ લઈ જતું વલણ કહી શકાય ખરું. ટૂંકમાં વિદ્યાર્થીજગતનો અસંતોષ ભાવનાનો છે, આદર્શનો છે.

મજૂરો આ બળવામાં ભળ્યા ખરા, પણ શરૂ શરૂમાં તો વિદ્યાર્થીઓથી ક્રીક ક્રીક સમય સુધી દૂર રહ્યા – પણ પછી ફ્રાન્સની કોમ્યુનીસ્ટ પાર્ટીએ હાકલ કરી "અમારા કામના કલાકો ઓછા કરો, વેતન વધારે આપો, અમને ઉદ્યોગોના વહીવટમાં ભાગીદાર બનાવો." આ સાધારણ રીતે Normal Trade Union Demands છે.

ફ્રાન્સનાં આ બળવાનાં બનાવો જોતાં દ'ગોલની સત્તા ટકશે કે કેમ એ થોડા સમય પૂરતી શંકા હતી, પણ ફ્રાન્સનો મધ્યમ વર્ગ આવતી અરાજકતાથી ડરી ગયો અને દ'ગોલ જ સલામતી આપી શકશે એ ખ્યાલથી દ'ગોલને જ તેણે બહુમતીથી ચૂંટયા.

દ'ગોલ મજૂરોની માંગણીઓ કેટલે દરજજે સંતોષી શકશે એ એક પ્રશ્ન છે અને વિદ્યાર્થીઓની માગણી તો ભૌતિક નથી

એટલે દ'ગોલ એમને સંતોષી શકે એમ નથી. એક રીતે દ'ગોલનો વિજય થયો કહેવાય – પણ હવે દ'ગોલ જૂના દ'ગોલ નહિ હોય, અને ફ્રાન્સ જૂનું ફ્રાન્સ નહિ હોય. આમ, ફ્રાન્સના પલ્ટાને કારણે આખાય યુરોપમાં એક નવી દિશામાં–એક નવો પવન શરૂ થશે.

બ્રિટન

બ્રિટનની આર્થિક સ્થિતિ ઘણી જ ખરાબ છે. બ્રિટિશ પ્રજામાં જે દૈવત, ખમીર હતાં તે ઓછાં થયાં છે. જેટલી મહેનત ત્યાગ માટે જોઈએ એટલી શક્તિ રહી નથી. તેઓ Soft થયા છે. વીલ્સનની એક clever–man થી કોઈ વિશેષ પ્રતિષ્ઠા રહી નથી. એકંદરે ઈંગ્લાન્ડનું કોઈ રીતે ઠેકાણું પડે એમ લાગતું નથી.

રશિયા

રશિયાએ ઘણા વખત સુધી કોમ્યુનિસ્ટ જગતની આગેવાની લીધી. પૂર્વ યુરોપના દેશો રશિયાની નીચે રહ્યા - પણ આજે પરિસ્થિતિ પલ્ટાઈ છે. આજે રશિયાના નેતા કોઈ સ્ટાલીન નથી, કોઈ લેનીન નથી - ફક્ત 'ટેકનોક્રેટ' છે - 'પોલીટીશ્યન્સ' નથી - અને સાથે સાથે સ્ટેલીન – લેનીન જેવા ruthless leaders પણ નથી. ઝેકોસ્લોવેકીયાને આ લોકો દબાવી નહિ શકે એમ હું માનું છું. હમણાં જ ઝેકોસ્લોવેકીયાની કોમ્યુનીસ્ટ પાર્ટીના નેતાઓને રશિયાએ નિમંત્રણ આપ્યું, પણ તેઓએ ન સ્વીકાર્યું. ભારે આશ્ચર્ય જેવું લાગે છે. શેઠ નોકરને નિમંત્રણ આપે અને નોકર નિમંત્રણનો અસ્વીકાર કરે એના જેવું આ છે.

મીડલઈસ્ટ

ઈઝરાયલ - આરબ સંઘર્ષ થાળે પડયો હોય એમ લાગતું નથી. નજદીકનાં ભવિષ્યમાં થાળે પડે એવું ય લાગતું નથી. આટલી મોટી હાર થવા છતાં નાસર જ સત્તા સ્થાને રહે–એ બતાવે છે કે દરેક મોટા નેતાઓમાં અમુક વસ્તુ હોય છે જે એમને ટકાવી રાખે છે. નાસરને આખાય આરબ જગતનું નેતૃત્વ લેવાની મહત્ત્વાકાંક્ષામાં ઈજિપ્તને શું નુકસાન થાય છે એ જોવું નથી - જો કે નાસરને ઘણા વિરોધીઓ છે.

ચીન

ચીનમાં કહે છે. Culturual Revolution થયો છે. પણ આને "કલ્ચરલ" કેમ કહેવો એ સમજાતું નથી. બધા અહેવાલો ઉપરથી આ ઉલ્કાપાતને કોઈ પૂર્ણપણે સમજ્યા હોય એમ લાગતું નથી. માઉત્સે - તુંગ એવું માનસ ધરાવે છે કે જ્યારે સત્તા હાથમાંથી સરતી લાગે - જ્યારે પ્રજામાનસમાં પલ્ટો લાગે - ત્યારે એવો એક ઝંઝાવાત ઊભો કરવો જેથી પ્રજા પોતાનું દુ:ખ એમાં ભૂલી જાય. આથી આ કહેવાતી ક્રાંતિ એ નિર્ભય નેતા માઉત્સે તુંગનું સર્જન હોય. બાકી ચીનમાં આર્થિક સ્થિતિ સારી નથી. ૬૦-૭૦ કરોડની વસ્તીમાં રોજ બળવા - રોજ તોફાન – લાખો મરે – અને એની વચ્ચે લાખો જીવે. આવી પરિસ્થિતિ હોવા છતાં આખી દુનિયા એમનાથી બીએ છે અને એથી સૌ સલામતીની તૈયારી રાખે છે. ખરેખર-વર્તમાન જગત માટે ચીન એક કોયડારૂપ છે.

ઘર–આંગણે

રાજકીય પરિસ્થિતિ દેખીતી રીતે કૉંગ્રેસની સુધરી હોય એમ લાગે, પણ ખરી રીતે સુધરી હોય એમ હું માનતો નથી. ચોથી સામાન્ય ચૂંટણી પછી જે રાજ્યોની અંદર બિન - કૉંગ્રેસી પ્રધાનમંડળો રચાયાં એમાં એક મદ્રાસ સિવાય અને કેટલેક દરજ્જે ઓરીસ્સા સિવાય બધા રાજ્યોમાં લોકોનો ભ્રમ ભાંગ્યો છે અને બિનકૉંગ્રેસીઓ પણ એટલા જ સત્તાલોલુપ અને સ્વાર્થી માલુમ પડયા છે. લોકોનો ભ્રમ ભાંગ્યો એનો અર્થ કૉંગ્રેસ માટે પ્રેમ વધ્યો એમ નથી. કારણ કૉંગ્રેસે એની આંતરિક પરિસ્થિતિ સુધારી નથી બલ્કે આંતરિક વિખવાદો વધ્યા છે. સત્તાસ્થાન માટે એટલી જ પડાપડી છે. એકબીજાને તોડી પાડવાની અને દબાવવાની વૃત્તિ રહી છે - દેશ કે પક્ષના હિતમાં સ્થાન ઉપરથી ખસી જવાની વૃત્તિ જાગતી નથી. સ્થાન ઉપર એમને પોતાની અનિવાર્યતા જ લાગતી હોય છે. વિરોધપક્ષની સ્થિતિ આથી ય બુરી છે. સ્વતંત્રય પક્ષ છિન્નભિન્ન થયો છે. આજે થોડુંક પણ જોર કરતો હોય તો તે જનસંઘ છે. સામ્યવાદી પક્ષ પણ વેરવિખેર છે. ડૉ. લોહિઆના અવસાન પછી સંયુકત સમાજવાદી પક્ષ પણ નિર્બળ થયો છે. પ્રજાસમાજવાદી પક્ષનું નામનિશાન દેખાતું નથી. એટલે, એ દૃષ્ટિએ જોતા જ્યાં જ્યાં વચગાળાની ચૂંટણી થશે ત્યાં ત્યાં સંભવ છે કે કૉંગ્રેસ બહુમતી અથવા સારી સંખ્યામાં આવશે પણ એથી રાજકીય પરિસ્થિતિ સુધરશે એમ કહી શકાય નહિ.

દેશમાં આર્થિક સ્થિતિ સુધરી છે એમ કહેવાને હજી આજે કારણ દેખાતું નથી. અલબત્ત પાક સારો થયો છે એ હિસાબે આર્થિક પરિસ્થિતિ સારી કહેવાય, પણ જે અવ્યવસ્થા ચાલે છે–ઝોનબંધી નાબૂદ ન કરી શકે એ સ્થિતિ મધ્યસ્થ સરકારની હોય એ તો આ જ દેશમાં ચાલી શકે. આપણી પ્રજા જ એ સામે બળવો ન કરે. દેશમાં સરકારી નોકરોમાં જે ગેરવ્યવસ્થા - અશિસ્ત છે–એ વધારે ચિંતા કરાવે એમ છે. આની સામે સરકારને ય અસહાય રીતે જોઈ રહેવું પડે છે. મોંઘવારી અંગે માંગ વધતી જ જાય છે. તે ઉપર કયાંય તો બ્રેક મૂકવી પડે ને? પણ જે ઊંચા સ્થાને છે એમનામાં બ્રેક ન મૂકાય તો નીચેના સ્થાન વાળામાં બ્રેક કયાંથી જ મૂકી શકાય? એટલે દેશ સમક્ષ જે મોટી આર્થિક સંકડામણ છે એને પહોંચી શકવાની શકિત દેશમાં હોય એમ લાગતું નથી. વળી, મોટા પ્રમાણની વિદેશી સહાય ઉપર આપણે કયાં સુધી જીવીશું? સાટું છે હજુ આપણે સદ્ધર છીએ - પરંતુ પેટે પાટા બાંધવાની અને ત્યાગ કરવાની તૈયારી–અલબત્ત પ્રજાના બધા જ વર્ગે - રાખવી જોઈએ– અને જો આ નહિ રાખીએ તો હાથ ઊંચા કરી ઊભા રહી જવાનો વખત આપણે માટે આવશે.

રશિયા – પાકિસ્તાન

હવે છેલ્લો બહુ મૂંઝવતો પ્રશ્ન – રશિયાએ પાકિસ્તાનને જે વિપુલ લશ્કરી સહાય આપી એથી આપણા માટે એક ભય ઊભો થયો છે. પણ વિરોધપક્ષોએ આથી જે ખળભળાટ મચાવ્યો છે એ તો માત્ર એક રાજકીય દાવ જ છે. વિરોધપક્ષ આથી મધ્યસ્થ સરકારને કફોડી સ્થિતિમાં મૂકવા માંગે છે. પણ આપણાં વડા પ્રધાને આ અંગે Balanced View લીધો છે. આપણી સલામતી જોખમાય તો પણ યુદ્ધ આવી પડવાનું છે એમ ન કહી શકીએ. આપણે આપણું લશ્કરી ખર્ચ પડોશી દેશોને કારણે વધારતા રહ્યા છીએ. રશિયાએ પોતાનું રાષ્ટ્રીય હિત લક્ષમાં રાખીને પાકિસ્તાન સાથે મૈત્રી કરવા આ પગલું લીધું હોય તો મને એમાં આશ્ચર્ય લાગતું નથી. આખરે કોઈ પણ દેશની વિદેશનીતિ સ્થિર રહી શકે જ નહિ. બાકી, પાકિસ્તાનનાં વડા - અયુબખાનની આત્મકથા વાંચતા આપણે જાણી શકીએ છીએ કે આ માણસમાં ભારત પ્રત્યે રગેરગમાં દ્વેષ છે. એ પોતાને Muslim First–Muslim Last, Pakistani First–Pakistani Last– માને છે. એમણે એમની વિદેશ-નીતિ વારંવાર બદલી છે. પહેલા અમેરિકાની સહાય લીધી પછી ચીનની લીધી, હવે રશિયાની લીધી - આ બધા દેશો પણ એવું માને છે કે આપણે પાકિસ્તાનને વ્હાલા થઈશું તો આપણું વર્ચસ્વ એશિયામાં વધશે.

ઉપર પ્રમાણે શ્રી ચીમનભાઈએ પોણા કલાક સુધી પ્રવચન કર્યું. ત્યાર બાદ અઢીએક કલાક પ્રશ્નોત્તરી થયા બાદ સભા વિસર્જન કરવામાં આવી. સંકલન : શ્રી ચીમનલાલ જે. શાહ

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ–૩.
મુદ્રણસ્થાન : ધી રટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ–૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૦ : અંક ૮

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઑગસ્ટ ૧૬, ૧૯૬૮, શુક્રવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૫૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્રકીર્ણ નોંધ

મુનિ ચિત્રભાનુને અનેક ધન્યવાદ

આ પત્ર છપાઈ રહ્યું છે એ દરમિયાન જાણવા મળે છે કે તા. ૧૧-૮-૬૮ રવિવારના રોજ સવારના નવ વાગ્યે રૉકસી થિયેટરમાં યોજાયેલ મુનિશ્રી ચિત્રભાનુના વ્યાખ્યાન દરમિયાન તેમના પ્રેરક ઉપદેશથી પ્રભાવિત થઈને એકત્ર થયેલા શ્રોતાસમુદાયમાંથી ગુજરાત રેલ સંકટમાં સપડાયેલા પ્રજાજનોને રાહત પહોંચાડવા માટે એક લાખ રૂપિયાની રકમનો ફાળો નોંધાઈ ચૂક્યો છે અને એ ફાળો હજુ ચાલુ છે. આ મુનિવરે બિહારના દુષ્કાળપીડિત લોકોને રાહત પહોંચાડવા માટે પણ ચાર લાખનો ફાળો એકઠો કરીને મોકલાવ્યો હતો. આવી ભીડને વખતે આવું પરોપકારનું કાર્ય હાથ ધરવા માટે મુનિ શ્રી ચિત્રભાનુને અનેક ધન્યવાદ ઘટે છે. આ મુનિવરનું મુંબઈમાં વસતા અન્ય ધર્માચાર્યો જરૂર અનુકરણ કરશે અને તે તે ધર્માચાર્યોના અનુયાયીઓ પ્રસ્તુત રેલ સંકટને બને તેટલું હળવું કરવા માટે ઉદાર દિલથી દ્રવ્ય આપવા માંડશે એવી આપણે આશા રાખીએ!

સત્યાગ્રહ વિષે વધુ સ્પષ્ટતા

થોડા દિવસ પહેલા મુંબઈ આવેલા શ્રી શંકરરાવ દેવને મળવાનું અને તેમની સાથે તા. ૧-૮-૬૮ ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલ 'સત્યાગ્રહ મારી સમજણ મુજબ' એ લેખ સંબંધે ચર્ચા કરવાનું બનતાં તેમણે એક અગત્યની સ્પષ્ટતા કરી. તેમના કહેવા મુજબ ગાંધીજી જે પ્રકારના અહિંસક પ્રતિકારની કલ્પના કરતા હતા તે માટે Passive Resistance માં આવતો Passive શબ્દ પણ તેમને બંધબેસતો લાગતો નહોતો. કારણ કે ગાંધીજીની કલ્પનાનો પ્રતિકાર Passive એટલે કે આડકતરો નહોતો, પણ active એટલે કે સીધો, સક્રિય અને એમ છતાં અહિંસક હોઈને અનર્થકારક નહિ પણ વધારે અસરકારક હતો અને તે માટે 'સત્યાગ્રહ' જ તેમને એક એવો શબ્દ હાથ આવ્યો કે જેમાં તેમણે કલ્પેલા પ્રતિકારના બધા Implication – સૂચિત અર્થો–વ્યક્ત કરવાનું સામર્થ્ય છે એમ તેમને સચોટપણે લાગ્યું. 'ધર્મ' શબ્દની માફક ચોક્કસ સૂચિતાર્થો ધરાવતા 'સત્યાગ્રહ' ને મળતો આવતો કોઈ એક અંગ્રેજી શબ્દ કે શબ્દસમાસ છે જ નહિ, અને તેથી આ બે શબ્દો અંગ્રેજી શબ્દકોષમાં મૂળ રૂપે જ સામેલ કરવામાં આવે અને તેનો અર્થવિસ્તાર આપવામાં આવે તે જ યોગ્ય છે. એવો તેમનો અભિપ્રાય હતો. શંકરરાવજીની આ સ્પષ્ટતા સત્યાગ્રહને યથાસ્વરૂપે સમજવામાં જરૂર ઉપકારક બને તેવી છે, અને તે માટે તેમનો હું ઋણી છું.

તેમના અભિપ્રાય મુજબ ગ્રામદાન એ પણ એક પ્રકારનો સત્યાગ્રહ છે, કારણ કે તેમાં સુપ્રતિષ્ઠિત Vested Interes to ને–નિહિત હિતોને–પડકાર છે. ગ્રામદાન એ જરૂર અતિ મહત્વનું લોકકલ્યાણકારી સ્થિતિપરિવર્તન છે, પણ ગ્રામદાન સર્વસંમતિ અથવા તો લગભગ સર્વસંમતિમાંથી પરિણામે છે, એટલે ગ્રામદાન નિર્ણિત કરવામાં કોઈ પ્રતિકારને અવકાશ જ નથી અને જાત ઉપર તદ્‌લક્ષી કોઈ યાતનાને નિમંત્રણ નથી. તેથી ગ્રામદાન પણ સત્યાગ્રહ છે એવા શંકરરાવજીના અભિપ્રાય સાથે હું મળતો થઈ શકતો નથી.

શ્રી 'જયભિખ્ખુ'ની મુંબઈ ખાતે ઉજવાયેલી શાનદાર ષષ્ટિપૂર્તિ

જાણીતા સાહિત્યકાર શ્રી બાલાભાઈ વીરચંદ દેસાઈ જેઓ સાહિત્યના ક્ષેત્રમાં 'જયભિખ્ખુ' ના તખલ્લુસથી સુપ્રસિદ્ધ છે તેમની ષષ્ટિપૂર્તિ ગયા એપ્રિલ માસની ૨૧મી તારીખે કલકત્તા ખાતે વસતા ગુજરાતી સમાજ તરફથી ઉજવવામાં આવી હતી અને તે ષષ્ટિપૂર્તિને લગતો મુંબઈ ખાતેનો કાર્યક્રમ ઑગસ્ટ માસની તા. ૩ અને ૪ ના રોજ એમ બે દિવસ માટે ગોઠવવામાં આવ્યો હતો. આ ગોઠવાયેલા કાર્યક્રમ મુજબ ત્રીજી ઑગસ્ટ શનિવારના રોજ સાંજના સમયે શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી વિદ્યાલયના જ સભાગૃહમાં તેમના માનમાં એક પરિમિત આકારનું સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું. એ જ દિવસે સાંજના સાત વાગ્યે શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી લીખિત અને દિગ્દર્શિત ગુજરાતના મંત્રીઓ વસ્તુપાળ અને તેજપાળના યશસ્વી જીવન પર આધારિત ઐતિહાસિક ત્રિઅંકી નાટક 'બાંધવ માડીજાયા' એમના માનમાં ભુલાભાઈ ઑડીટોરિયમમાં યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઈન્ડિયન મર્ચન્ટસ ચેંબરના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ ભોગીલાલે પ્રમુખસ્થાન શોભાવ્યું હતું. બીજે દિવસે એટલે ચોથી તારીખે સવારે નવ વાગ્યે રૉકસી થિયેટરમાં પ્રસિદ્ધ વકતા મુનિશ્રી ચંદ્રપ્રભાસાગરજી (મુનિ ચિત્રભાનુ)ની નિશ્રામાં એક જાહેર સંમેલન ભરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં શ્રોતાસમુદાય ઊભરાઈ ઉઠ્યો હતો. આ પ્રસંગે અન્ય વ્યાખ્યાતાઓ ઉપરાંત મુનિ ચિત્રભાનુએ મિતભાષી પ્રવચન દ્વારા 'જયભિખ્ખુ'ની સાહિત્ય ઉપાસનાની સુયોગ્ય રજુઆત કરી હતી. ત્યાર બાદ જયભિખ્ખુના મિત્રો અને પ્રશંસકો તરફથી મેથ્યુ રોડ ઉપર આવેલા મહેતા ચેંબર્સમાં જયભિખ્ખુના માનમાં એક ભોજન-સમારંભ ગોઠવવામાં આવ્યો હતો. આ નિયત કાર્યક્રમ ઉપરાંત મુનિ ચિત્રભાનુ પ્રેરિત જુનિયર્સ ડીવાઈન નૉલેજ સોસાયટી તરફથી ઑગસ્ટ માસની છઠ્ઠી તારીખે રાત્રીના ૭-૩૦ વાગ્યે 'ચેતના'-રેસ્ટોરાંમાં શ્રી જયભિખ્ખુને ભોજન આપવામાં આવ્યું હતું. તેનો પણ પ્રસ્તુત સમારંભના સંદર્ભમાં ઉલ્લેખ કરવો જ જોઈએ.

આ ષષ્ઠિપૂર્તિને લગતો આખો કાર્યક્રમ આ રીતે સફળતાપૂર્વક પાર પડ્યો તેનો યશ તેને લગતી સમિતિના ફાળે ગણાય, એમ છતાં, આ અંગે અથાગ પરિશ્રમ લેનાર અને ઉત્સાહ દાખવનાર શ્રી જયન્તિલાલ રતનચંદ શાહ અને શ્રી કાન્તિલાલ કોરાને આ સફળતા મુખ્યપણે આભારી છે એમ કહેવું જ જોઈએ.

કલકત્તા ખાતે યોજાયેલ ષષ્ઠિપૂર્તિ સમારંભ દરમિયાન શ્રી જયભિખ્ખુને રૂા. ૨૫,૦૦૦ ની થેલી અર્પણ કરવામાં આવી હતી.

મુંબઈ ખાતે કરવામાં આવેલા પષ્ઠિપૂર્તિના ફાળામાં રૂ. ૫૦,૦૦૦ એકઠા કરવાનો લક્ષ્યાંક વિચારેલો તેના સ્થાને રૂ. ૫૩,૦૦૦ ઉપરાંતની રકમો નોંધાયાની રોકસીમાં ભરાયલા જાહેર સંમેલનમાં જાહેરાત કરવામાં આવી હતી.

મુંબઈ ખાતે શ્રી જયભિખ્ખુની પષ્ઠિપૂર્તિ સમારંભ આવી શાનદાર રીતે ઉજવાયો તે અનેક રીતે અભિનંદનને યોગ્ય છે. જયભિખ્ખુનું નામ તો મુંબઈના લોકોને અજાણ્યું હતું એમ ન કહેવાય, પણ તેમની આટલી મોટી સાહિત્ય ઉપાસના છે અને ૩૦૦ થી વધારે તેમની સાહિત્યકૃતિઓ આજ સુધીમાં બહાર પડી ચૂકી છે અને તેમનું આવું વિપુલ સાહિત્ય લોકભોગ્ય છે, એમ છતાં, લોકરુચિને બહેકાવનારું નહિ પણ સંસ્કારનારું છે, તેમના લખાણમાં સત્ય, શિવ અને સુન્દરનો સુમેળ છે—આવો તેમનો નિકટ પરિચય મુંબઈના સમાજને - ખાસ કરીને જૈન સમાજને - આ પષ્ઠિપૂર્તિ દ્વારા જ શક્ય બન્યો છે. પ્રસ્તુત પષ્ઠિપૂર્તિની ખરી ફલશ્રુતિ આ છે એમ મને લાગે છે.

શ્રી હિતેન્દ્ર દેસાઈની 'આરતી' અંગે મળેલા બે વધારે પત્રો

(૧)

કાશીથી શ્રી પ્રમિલાબહેન સ્માર્ત જણાવે છે કે "આ બાબત વ્યક્તિગત છે. કોઈ પણ ભારતીય પરંપરાની સુસંસ્કૃત સન્નારી પોતે ભાવાવેશમાં પતિ પરત્વે આદર દાખવે એમાં કાંઈ ખોટું નથી. આજે પણ (પતિ, ભાઈ કે પુત્ર) કોઈની વિદાય વેળાએ તેને ચાંદલો કરીને શુકન કરાય છે, ઓવારણાં લેવાય છે, અને એ રીતે શુભ શુકન થાય છે જ અને રાજ્યના મુખ્ય પ્રધાન એટલે આ ફોટોગ્રાફરે ફોટો લીધો પણ હોય. આ ફોટો જાહેરમાં આવ્યો કે છાપાયો એ કદાચ શ્રી હિતેન્દ્રભાઈને ખબર પણ ન હોય. આ ફોટો છાપીને પત્રકારોએ કે એવી કોઈ વ્યક્તિએ જરા વધુ પડતું કર્યું છે એમ મને લાગે છે, પરંતુ સાચા હૃદયથી આ પ્રકારનો ભાવ આજના જમાનામાં પણ અને તે એક મુખ્ય પ્રધાનની પત્ની દાખવે અમાં કોઈને વ્યક્તિગત કે જાહેરમાં કહેવાપણું ન હોય."

(૨)

મુંબઈ ઘાટકોપરથી શ્રી વલ્લદાસ નાનજીભાઈ સચદે તરફથી મળેલો પત્ર નીચે મુજબ છે :-

"પ્રથમ જ્યારે ઉપરના વિષય પરની આપની નોંધ પ્રગટ થઈ ત્યારે જ મને થએલ કે તે અયોગ્ય હતી. જૂનું છે એટલે જ ખરાબ છે એવો કોઈ રણકો તેમાં લાગતો હતો. નારીને પતિ દેવતુલ્ય જ છે અને એ પ્રાચીન પ્રથાએ જ હિંદુ સમાજ ટકી શક્યો છે. સતીઓનાં આપણે ત્યાં ઘણાં ઉદાહરણો છે ને સતીત્વ યોગ કરતાં પણ વધુ ઊજળું છે અને ભવ્ય છે. આના ઉદાહરણ તરીકે એક યોગી તપ કરી ચકલી પર વક્રદૃષ્ટિ કરતાં તે મરી જાય છે અને તે પછી એક સતી સ્ત્રી પર ક્રોધ કરતાં તે નારી તે વિષેનું જ્ઞાન ધરાવતી હોય છે અને તે બાબતનો તે યોગીને નિર્દેશ કરી ઉપાલંભ આપે છે. આ કથા આપણે ત્યાં બહુ જાણીતી છે.

"એક સ્ત્રી - મુખ્ય પ્રધાનનાં પત્ની - અને તે આપણી ગરવી ગુજરાતની કે જ્યાં ગાંધી, સરદાર, દયાનંદ, નરસિંહ પાક્યા, પોતાનાં પતિની તે દૂર દેશ સીધાવતાં આરતી ઉતારે તે આજના છિન્નભિન્ન થઈ રહેલાં હિંદુ સમાજ માટે આનંદ અને ગુજરાત માટે ગૌરવનો વિષય હોવો જોઈએ. હું જણાવું કે દર દિવાળી, નવા વર્ષે, અમે અમારી દાદી તથા માની આરતી ઉતારતા, અમારા પૂ. પિતાશ્રી જન્મ દિને અમારી આરતી ઉતારતા અને અમે આજે તે પ્રથા જારી રાખી છે. એક રીતે 'અહંબ્રહ્માસ્મિ' અને 'સૌમાં પ્રભુ વસેલા છે' તેના અભિવાદનનું આરતી પ્રતીક છે અને બહેનો પોતાનાં પતિમાં દેવનાં દર્શન કરી આપણા લોકકવિ સ્વ. રાયચુરાએ ગાયું છે તેમ –

"પિયુપ્રીતના પુણ્ય સલીલે પાન કરે એકધારી,
સંતોષે સ્વામીની સાથે રહેતી જ્યાં ઘરવાળી,
એ ઘર નિત્ય દિવાળી."

"ગુજરાતમાં નિત્ય દિવાળી રહે અને આપણે જે વધતા જતા બહેનોનાં આત્મહત્યાના કિસ્સા સાંભળીએ છીએ તે અટકે તેમ પ્રાર્થીએ!"

જેમ કપાળે કપાળે મતિ ભિન્ન તેમ વ્યક્તિએ વ્યક્તિએ સંવેદન ભિન્ન - એ મુજબ શ્રી હિતેન્દ્ર દેસાઈ અમદાવાદથી યુરોપ સિધાવ્યા તે પ્રસંગે સૌ. સગુણાબહેને હિતેન્દ્ર દેસાઈની આરતી ઉતારી અને તે પ્રસંગની પોતે સમજણપૂર્વક છબી પડાવી અથવા પાડવા દીધી અને છાપાઓ દ્વારા તેની પ્રસિદ્ધિ થવા દીધી તે અંગે મારું સંવેદન એક પ્રકારનું છે, જે તા. ૧-૭-૬૮ ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કરવામાં આવ્યું છે, જ્યારે મારા મિત્ર શ્રી રવિશંકર રાવળનું, શ્રી પ્રમિલાબહેનનું તથા શ્રી વલ્લભદાસ સચદેનું સંવેદન તદ્દન જુદા જ પ્રકારનું છે એમ તેમના પત્રો ઉપરથી સહેજે સ્પષ્ટ થાય છે. સાધારણ રીતે વડિલ, પૂજ્ય, આરાધ્ય લેખાતી વ્યક્તિની આવી આરતી ઉતારવામાં આવે છે એવો મારો ખ્યાલ હતો, જ્યારે ભાઈ સચદેના પત્રમાં પિતા પોતાના સંતાનોની પણ આરતી ઉતારતા હોવાનો ઉલ્લેખ છે. તેઓ જણાવે છે એટલે આ વાતના તથ્યને હું સ્વીકારું છું, પણ આનું ઔચિત્ય મારી સમજમાં ઊતરતું નથી. આ કાંઈક શીર્ષાસન જેવું લાગે છે. હવે આ આરતીની ચર્ચાની છેવટની આરતી ઉતારીને આ ચર્ચાને આપણે બંધ કરીએ છીએ.

ડૉ. દેવચંદ અમરચંદ શાહ

મારા મિત્ર શ્રી દેવચંદ અમરચંદ શાહ તરફથી 'આ સાદી રીતે સાજા થાઓ અને સાજા રહો' એ મથાળાનું તેમણે થોડા સમય પહેલાં પ્રગટ કરેલું પુસ્તક મળ્યું. આ પુસ્તકનો 'પ્રબુદ્ધ જીવન'માં બાજુના પાનામાં પરિચય આપવામાં આવ્યો છે. પણ તે પુસ્તકની વિશેષતા યથાસ્વરૂપે ગ્રહણ કરવા માટે તેના લેખક શ્રી દેવચંદભાઈનો પરિચય હોવો જરૂરી છે એમ લાગવાથી તેમના વિષેની એક સ્મરણનોંધ નીચે રજૂ કરું છું.

મારા કૉલેજના અભ્યાસકાળથી હું તેમને ઓળખું. ત્યારથી અત્યાર સુધી અમે બન્ને પરસ્પર સદ્‌ભાવ અને સ્નેહના બંધને બંધાયલા રહ્યા છીએ. હું મુંબઈની કૉલેજમાં ભણ્યો; તેમણે પૂનાની ડેક્કન કૉલેજમાં અભ્યાસ કર્યો. ત્યાર બાદ તેઓ એમ. એ. અને એલ એલ. બી. થયા અને સહકારી પદ્ધતિ - Co-operative Societies' ને લગતી પદ્ધતિનો તેમણે તલસ્પર્શી અભ્યાસ કર્યો. પછી સરકારના સહકારી ખાતામાં તેઓ જોડાયા અને વર્ષોના વહેવા સાથે ૧૯૪૩માં તે ખાતાની સર્વોચ્ચ કક્ષા સુધી તેઓ પહોંચ્યા.

તે દરમિયાન 'ક્વીટ ઈન્ડિયા' આંદોલનના સૂત્રધાર ગાંધીજી ઉપવાસ ઉપર ઊતરેલા. તેથી તેઓ સરકારી નોકરીમાંથી રાજીનામું આપીને, સમય પાકેલો ન હોવા છતાં, નિવૃત્ત થયા. સમય જતાં ૧૯૪૬ માં કૉંગ્રેસ સરકારે મુંબઈ રાજ્યમાં ગ્રામોદ્યોગ, ગૃહઉદ્યોગ અને સહકારી ઔદ્યોગિક મંડળોનું કામ તેમણે સંભાળવું એવી ઈચ્છા પ્રદર્શિત કરવાથી તે કામ તેમણે સંભાળી લીધું. તે જવાબદારી ઉપરથી તેઓ ૧૯૫૦માં નિવૃત્ત થયા, ત્યારે ભારતમાં સહકારી પ્રશિક્ષણ માટે પૂનામાં એક જ કૉલેજ હતી. તેને વિકસાવવાના હેતુથી શ્રી દેવચંદભાઈની, સરકારે તે કૉલેજના પ્રિન્સિપાલ તરીકે નિમણૂક કરી, જ્યાં તેમણે ચાર વર્ષ કામ કર્યું. આ કામના છેવટના ગાળામાં ભારત સરકારે ચાર સભ્યોનું એક પ્રતિનિધિમંડળ કેનેડા ખાતે મોકલ્યું હતું, જેમાં દેવચંદભાઈ એક હતા.

૧૯૫૪ની સાલમાં સરકારી નોકરીમાંથી તદન નિવૃત્ત થયા બાદ આજ સુધી તેઓ એક બિનઅધિકારી સહકારી કાર્યકર્તા તરીકે - ખાસ કરીને ઔદ્યોગિક સહકારી કાર્યકર્તા તરીકે—ઔદ્યોગિક ક્ષેત્રમાં સક્રિય ભાગ લઈ રહ્યા છે.

આ લાંબા સરકારી વ્યવસાય દરમિયાન તેમણે એક શોખ - હૉબી—તરીકે બાયોકેમિસ્ટ્રીનો અભ્યાસ શરૂ કર્યો અને સાથે સાથે જુદા જુદા દર્દોથી પીડાતા લોકોનો કેવળ સેવાભાવથી ઉપચાર કરવાનું પણ શરૂ કર્યું. આ ક્ષેત્ર અંગેનો તેમનો અભ્યાસ અને અનુભવ વધતો ગયો અને કેવળ તેના આધાર ઉપર 'ધી બૉર્ડ ઑફ હૉમીઓપથિક ઍન્ડ બાયોકેમિક સીસ્ટમ્સ ઑફ મેડિસીન' એ બોમ્બે એ ધી બોમ્બે હૉમીઓપેથિક ઍન્ડ બાયોકેમિક' પ્રેક્ટીશનર્સ ઍક્ટના અન્વયે તેમને 'ડૉ. દેવચંદ અમરચંદ શાહ' તરીકે નોંધીને તે પ્રમાણે તેમને સર્ટિફિકેટ આપ્યું અને તે રીતે તેઓ રજીસ્ટર્ડ બાયોકેમિક પ્રેક્ટીશનર થયા. ઉપર જણાવેલ પુસ્તક તેમના આજ સુધીના અભ્યાસ અને અનુભવના અર્ક રૂપ છે.

તેમની ઉમ્મર હાલ ૭૬ વર્ષની છે. તેમને વર્ષો પહેલાં ક્ષય રોગ લાગુ પડેલો. તે ક્ષય રોગ તો તેમણે પોતાની રામજણ મુજબનો ઉપચાર, કડક પથ્ય અને અત્યંત નિયમિત જીવન દ્વારા નાબૂદ કર્યો છે, એમ છતાં પણ તેમની તબિયત હંમેશાને માટે નાજુક રહી છે. આજ સુધી તેઓ પૂનામાં રહ્યા છે. હવે થોડા સમયમાં તેઓ અમદાવાદ જઈને ત્યાં સ્થાયીપણે વસવા ધારે છે. આજે તેમનો બધો સમય દર્દીઓના નિદાન અને ચિકિત્સા પાછળ જ જાય છે અને તે કેવળ સેવાભાવથી—કશા પણ વળતર કે લાભની અપેક્ષા સિવાય. દવા આપે તે પણ મફત જ. એક સાધુપુરુષ—સદશ તેમનું જીવન છે અને દુઃખી દર્દીની સેવા એજ માત્ર તેમનો વ્યવસાય છે. એક મિત્રે તેમના પુસ્તકનો પરિચય લખી મોકલ્યો છે, જે આ સાથે જોડું છું.

પરમાનંદ

પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ૧૯૬૮ના ઑગસ્ટ માસની ૨૦મી તારીખ મંગળવારથી ૨૮મી તારીખ બુધવાર સુધી એમ નવ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. આ નવે દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન **પ્રાધ્યાપક શ્રી ગૌરીપ્રસાદ ચુનીલાલ ઝાલા** શોભાવશે. આ નવે દિવસની વ્યાખ્યાનસભાઓ 'ભારતીય વિદ્યાભવન'માં ભરવામાં આવશે. વ્યાખ્યાનસભા સવારના ૮-૩૦ વાગ્યે શરૂ થશે. આ વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે:

તારીખ			વ્યાખ્યાતા	વ્યાખ્યાન વિષય
૨૦	ઑગસ્ટ	મંગળવાર	શ્રી ભંવરમલ સિંઘી	માનવીનાં બદલાતાં જીવનમૂલ્યો
	,,	,,	શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ	સ્ત્રી-પુરૂષ સંબંધ
૨૧	,,	બુધવાર	ડૉ. ઇન્દ્રચન્દ્ર શાસ્ત્રી	સમ્યગ્ દૃષ્ટિ અને મિથ્યા દૃષ્ટિ
	,,	,,	ડૉ. એમ. એમ. ભમગરા	શિથિલિકરણ : શારીરિક અને માનસિક
૨૨	,,	ગુરૂવાર	પંડિત બેચરદાસ જીવરાજ દોશી	ધર્મો અને ધર્માનુષ્ઠાનો
	,,	,,	શ્રી ગુલાબદાસ બ્રોકર	કાવ્યનું સત્ય
૨૩	,,	શુક્રવાર	શ્રી રવિશંકર મ. રાવળ	આપણી અભિરુચિ
	,,	,,	શ્રીમતી નિર્મળાબહેન શ્રીવાસ્તવ	કળા અને ધર્મ
૨૪	,,	શનિવાર	શ્રી મનુભાઇ પંચોળી	સન્ત કબીર
	,,	,,	શ્રીમતી તારકેશ્વરી સિંહા	મહાત્મા ગાંધીજી
૨૫	,,	રવિવાર	શ્રી મનુભાઇ પંચોળી	વિનોબાજી અને ગ્રામદાનઆંદોલન
	,,	,,	શ્રી પુરૂષોત્તમ માવળંકર	વિદ્યાર્થી અસ્વસ્થતા: વિશ્વસંદર્ભમાં
	,,	,,	શ્રીમતી વિષ્ણુ મલહોત્રા	ભજનો
૨૬	,,	સોમવાર	શ્રી રોહિત મહેતા	આધ્યાત્મિક જીવનનાં મૂળભૂત પ્રશ્નો
	,,	,,	રેવરન્ડ ફાધર વાલેસ	સર્વધર્મસમભાવ
૨૭	,,	મંગળવાર	શ્રીમતી શ્રીદેવી મહેતા	માનવીની સત્યશોધ અને મીરાંનું જીવનદર્શન
	,,	,,	રેવરન્ડ ફાધર વાલેસ	મિચ્છામિ દુક્કડમ્
	,,	,,	શ્રીમતી સુધા ગીરધર મોટવાણી	ભજનો
૨૮	,,	બુધવાર	શ્રી રોહિત તથા શ્રીદેવી મહેતા	કબીરનાં ભજનો : વિવેચન સાથે
	,,	,,	આચાર્ય રજનીશજી	પ્રેમતત્ત્વ

વ્યાખ્યાનસભામાં સમયસર ઉપસ્થિત થવા અને સભા દરમિયાન પૂરી શાન્તિ જાળવવા સુજ્ઞ શ્રોતાઓને વિનંતિ છે.

તા. ૨૦-૮-૬૮ થી ૨૮-૮-૬૮
૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ
મુંબઇ-૩



ચીમનલાલ જેઠાલાલ શાહ
સુબોધભાઇ એમ. શાહ
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

પુસ્તકાલયમાં વસાવવા લાયક, શિક્ષણસંસ્થામાં ઇતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક તેમ જ કોઈ પણ શુભ પ્રસંગે વહેંચવા લાયક પુસ્તકો.

સત્યં શિવં સુંદરમ્

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ
કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે
કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦૦-૫૦

'પ્રબુદ્ધ જીવન'ની ફાઈલો: કિંમત રૂા. ૧૦

પ્રબુદ્ધ જીવનના ગ્રાહક બનો * વાર્ષિક લવાજમ રૂા. ૭

મળવાનું ઠેકાણું :
મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩

બોધિસત્ત્વ

સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત મૂળ મરાઠી નાટક
અનુવાદકો :
શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તથા શ્રીકાન્તિલાલ બરોડિયા
કિંમત રૂા. ૧-૫૦, પોસ્ટેજ ૦૦-૨૫

મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે
સત્યં શિવં સુન્દરમ: કિંમત રૂા. ૨, બોધિસત્ત્વ: કિંમત રૂા. ૧

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વિવિધલક્ષી પ્રવૃત્તિના પ્રશંસકોને, સંઘના સભ્યોને, "પ્રબુદ્ધ જીવન" ના ગ્રાહકો અને ચાહકોને તેમ જ સંઘની જ્ઞાન-યાત્રા સમી પર્યુષણ વ્યાખ્યાનમાળાનાં સુજ્ઞ શ્રોતાઓને

નમ્ર નિવેદન

છેલ્લા ૩૯ વર્ષથી ચાલતા અમારા સંઘનો અને સંઘ દ્વારા ચાલતી પ્રવૃત્તિઓનો પરિચય આપવાની આવશ્યકતા આમ તો અમે જોતા નથી, પરંતુ આપણે જ્યારે બાર મહિનાના ગાળે – એક મંગલ પર્વમાં મળતા હોઈએ ત્યારે, અને કેટલાય નવા મિત્રો પણ થતા હોય ત્યારે, સંઘનો થોડોક પરિચય આપવાની અને સુખ દુઃખની બે વાતો કહેવાની ઈચ્છા અમે રોકી શકતા નથી.

આપ જાણો છો એમ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ઉંમરમાં આજે યુવાન છે, અને યુવાનને શોભે એ રીતે નવા વિચારોને ઝીલે છે અને પ્રચાર કરે છે. ગતાનુગતીક ચાલવું અને નિષ્ક્રિયતામાં રાચવું એ એનું વલણ નથી. થોડું પણ સક્રિય કામ કરવું, જીવનને સંસ્કાર પ્રદાન કરતી પ્રવૃત્તિઓ ચલાવવી અને આ રીતે જે કાર્યજ્યોત વર્ષો પહેલાં પ્રગટી એને અખંડપણે પ્રજ્વલિત રાખવી એ એનું ધ્યેય રહ્યું છે. આપ એ પણ જાણો છો કે સંઘની આજની પ્રવૃત્તિઓ મુખ્યત્વે નીચે મુજબ છે:

(૧) પર્યુષણ વ્યાખ્યાનમાળા
(૨) પાક્ષિક પત્ર – પ્રબુદ્ધ જીવન
(૩) સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય
(૪) નાતજાતના ભેદભાવ વિના ચાલતું વૈદ્યકીય રાહત કેન્દ્ર
(૫) વૈદ્યકીય સારવારનાં સાધનો
(૬) વાર તહેવારે યોજાતાં નાનાં મોટાં સંમેલનો
(૭) શૈક્ષણિક પ્રવાસો

આમાં, વાચનાલય અને પુસ્તકાલયની પ્રવૃત્તિને આવકવેરામાંથી મુક્તિ મળેલ છે.

ઉપરોકત પ્રવૃત્તિઓ આજે એકધારી રીતે ચાલી શકે છે, કારણ આપ સૌએ અમને સહકાર આપ્યો છે. શુભેચ્છા અને આશીર્વાદનાં પ્રતીકરૂપે – આપે અમારા નિવેદનનાં ઉત્તર રૂપે – પ્રતિ વર્ષ હંમેશ ઉદારતાથી અમારી આર્થિક જરૂરિયાતો પૂરી કરી છે – આને અમે ખરેખર અમારૂં સદ્‌ભાગ્ય માનીએ છીએ.

આ વધતી જતી મોંઘવારીએ, વધતા જતા કાગળ, સ્ટેમ્પ્સ અને પ્રેસનાં ભાવોએ સંઘના ખર્ચાઓમાં સારો એવો વધારો કર્યો છે. આ બાબતને ખ્યાલમાં રાખી, આપ અમારી થેલી છલકાવી દો એવો આપને આગ્રહપૂર્વક અનુરોધ કરે છે. આ વર્ષે અમે રૂ. ૨૦,૦૦૦ ભેગા કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. આમાં કારોબારીનાં સભ્યોનાં ફાળાથી અમે શરૂઆત કરી છે અને કારોબારીમાંથી જ અમે રૂ. ૩,૦૦૦ ભેગા કરી શકયા છીએ, બાકીની રકમ માટે અમે આપની પાસે આશા રાખીએ છીએ અને વિનંતી કરીએ છીએ કે આપ શકય તેટલી વધારે રકમ સંસ્થાને આપો. આપની આપેલી રકમની અમારે મન ઘણી મોટી કિંમત છે. વ્યાખ્યાનમાળામાં આવનાર દરેક વ્યકિત કંઈકને કંઈક આ સંસ્થાને જરૂર આપે.

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ,
મુંબઈ–૩
તા. ૧૬–૮–૧૯૬૮

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ,
મંત્રીઓ: મુંબઈ જૈન યુવક સંઘ

સંકટગ્રસ્ત લોકોને સત્વર મદદ કરો!

આ વખતે દેશના કેટલાક ભાગમાં વરસાદે ભારે તારાજી નિપજાવેલી છે. એમાં પણ સુરત - ભરૂચ ઉપર અને તે વચ્ચેના પ્રદેશ ઉપર તો એક પ્રકારનો જળપ્રલય જ સરજાયો છે. આ નોંધ લખાય છે ત્યાં સુધીમાં આ તારાજી કેવી છે અને કયા કયા વિસ્તારોમાં છે તેના પૂરા સમાચાર આપણને પ્રાપ્ત થયા નથી. કેટલાય લોકોના જાન ગયા હશે અને કેટલાય લોકો ઘરબાર–માલમિલકત વિનાના થઈ બેઠા હશે. ખુવારીની કોઈ સીમા નહિ હોય. આ આપણા સંકટગ્રસ્ત બંધુઓને થઈ શકે તેટલી મદદ કરવી, પહોંચાડવી એ આપણો તાકીદનો ધર્મ બને છે. આ સંકટને પહોંચીવળવાનું કામ અસાધારણ છે અને સરકારી ધોરણે વિશાળ આયોજનની અપેક્ષા રાખે છે. આવું આયોજન જોતજોતામાં જરૂર ઊભું થશે, પણ તે આયોજકોના રાહતકાર્યને પહોંચી વળવા માટે વિપુલ દ્રવ્યની અને સાધનસામગ્રીની જરૂર રહેશે. આ પૂરું પાડવાની જવાબદારી આપણી–પ્રજાજનોની– છે. આ રાહતકાર્યમાં આર્થિક મદદ આપવા ઈચ્છતા ભાઈબહેનોને જણાવવાનું કે તેઓ પોતપોતાનો ફાળો શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં પહોંચતો કરે. મળેલી રકમોની સંઘ તરફથી પહોંચ આપવામાં આવશે અને આ રીતે એકઠું થતું નાણું અધિકૃત સ્થળે પહોંચાડવામાં આવશે.

આ અપીલને લક્ષ્યમાં રાખીને તા. ૧૩–૮–૬૮ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ ફૂલ નહિ તો ફૂલની પાંખડી રૂપે 'ગુજરાત રેલ-રાહત ફંડ'ની પોતાના થકીથી શરૂઆત કરી છે. અને તેમાં સંઘ તરફથી રૂ. ૧૦૦૧ આપવાનો ઠરાવ કરવામાં આવ્યો છે અને કાર્યવાહક સમિતિના હાજર સભ્યોએ પોતપોતાનો ફાળો નોંધાવ્યો છે જેની યાદી નીચે પ્રમાણે છે.

સંઘના ફાળાની યાદી

૧૦૦૧	શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
૧૦૧	,, ચીમનલાલ ચકુભાઈ શાહ
૧૦૧	,, ચીમનલાલ જે. શાહ
૧૦૧	,, બાબુભાઈ ગુલાબચંદ શાહ
૧૦૧	,, દામજીભાઈ વેલજી શાહ
૧૦૧	,, સુબોધભાઈ એમ. શાહ
૧૦૧	,, નીરૂબહેન સુબોધભાઈ શાહ
૧૦૧	,, ઉપેન્દ્ર સુબોધભાઈ શાહ
૧૦૧	,, રબ્બર ગુડઝ ટ્રેડિંગ કું.
૧૦૧	,, જેઠાલાલભાઈ માલદે
૫૧	,, ચંદુલાલ સાંકળચંદ શાહ
૫૧	,, પ્રવીણભાઈ મંગળદાસ શાહ
૫૧	,, કે. પી. શાહ
૫૧	,, મફતલાલ ભીખાચંદ શાહ
૧૧	એક સદ્‌ગૃહસ્થ તરફથી
૫૧	,, ખેતસી માલસી સાવલા
૨૫	,, પરમાનંદ કુંવરજી કાપડિયા
૨૫	,, પ્રો. રમણલાલ શાહ
૨૧	એક સદ્‌ગૃહસ્થ
૧૧	,, રમણિકલાલ મણિલાલ શાહ
૨૩૦૨	

મંત્રીઓ મુંબઈ જૈન યુવક સંઘ

વસ્તી વધારાની સમસ્યા

પર્યુષણ વ્યાખ્યાનમાળા નિમિત્તે કલકત્તાથી આવી રહેલા શ્રી ભંવરમલ સિંઘી જેઓ વસતી વધારાની સમસ્યાના અને તેના સંદર્ભમાં સંતતિ નિયમનની સમસ્યાના નિષ્ણાત છે, તેઓ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૧૯મી ઓગસ્ટ શુકવાર સાંજના છ વાગ્યે ધી ગ્રેન, રાઈસ એન્ડ ઓઈલ સીડઝ મર્ચન્ટસ એસોસીએશનના હૉલમાં જાહેર વ્યાખ્યાન આપશે. સંઘના સભ્યોને આ પ્રબંધનો લાભ લેવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

"આ સાદી રીતે સાજા થાઓ અને સાજા રહો!"

સમાજમાં વધતી જતી જીવનની કૃત્રિમતા, સકારણ અથવા અકારણ વધતી જતી ધમાલ અને દોડાદોડી, વધતી જતી જરૂરિયાતો, જીવનનિર્વાહ વિગ્રહ વગેરેને લીધે જનતામાં રોગનું પ્રમાણ વધતું જાય છે. પથ્ય તેમ જ સંયમ વગેરે ઉપાયથી રોગમાંથી ધીમે ધીમે મુક્તિ મેળવવા માટેની વૃત્તિ ઘટતી જાય છે અને દવાથી તાત્કાલિક રાહત મળે તો તે મેળવી લેવી એવી અધીરાઈ વધતી જાય છે. નિર્દોષ, સસ્તુ પણ અસરકારક ડોશીવૈદું અને બીજા ઘરગથ્થુ ઉપાયોનું જ્ઞાન અને તેનો ઉપયોગ આથમતો જાય છે.

હાલ એવી પરિસ્થિતિ ઊભી થઈ છે કે નાનાં મોટાં બધાંને વારંવાર દવાની જરૂર ઊભી થાય છે. રાજ્યની જેને ઘણી અને વધતા જતા પ્રમાણમાં મદદ મળે છે તે એલોપથીની પદ્ધતિ તેનાં એકસરે વગેરે સાધન-પ્રસાધનોથી અને વિવિધ નિષ્ણાતોના કહેવાતા વિશિષ્ટ જ્ઞાનથી જેટલી લોકોને આંજી નાખે છે તેટલી જ તે ખર્ચાળ છે. આ ભારે ખર્ચ સહન કરવાની શક્તિ ન હોવાથી જેઓ વિશેષ સાધન-સંપન્ન ન હોય તે બધા માટે આ ખર્ચાળપણું જ એક રોગ થઈ પડ્યો છે. બીજી બાજુ એલોપથીની ઘણી દવાઓ અને શસ્ત્રક્રિયાથી એક રોગ કાબૂમાં આવે છે, તો તેથી ઘણી વાર બીજા રોગ થાય છે અને દર્દી તેથી પીડાય છે. આવી વિષમ પરિસ્થિતિમાં અને ઘણા દર્દીઓ અને તેમના વાલીઓને આ પદ્ધતિ ગમતી ન હોવા છતાં બીજો કોઈ રસ્તો નથી એમ માનીને આ પદ્ધતિનો આશ્રય લેવો પડે છે.

આ પુસ્તક જનતાનું ધ્યાન એક સાદી પણ શાસ્ત્રશુદ્ધ, નિર્દોષ, સસ્તી અને ઘણાં દર્દોમાં સામાન્ય માણસ પણ પોતા માટે અને પોતાનાં કુટુંબીઓ વગેરે માટે જેનો ઉપયોગ કરી શકે એવી જીવન રસાયણશાસ્ત્ર – બાયોકેમિસ્ટ્રી નામની પદ્ધતિ તરફ ખેંચે છે. દરેક મનુષ્યના લોહીમાં જે મુખ્ય બાર ક્ષાર - ખનીજો હોય છે તેમાંથી જ બનાવેલી દવાઓ વાપરવાથી માણસ રોગમુક્ત થઈ શકે છે તે વાચકના મન ઉપર ઠસાવવું એ આ પુસ્તકનો એક મુખ્ય હેતુ છે. આવી બાર દવાઓની સાદી પદ્ધતિથી માનવજાતના બધા જ રોગોનું નિવારણ થાય તે સામાન્ય રીતે માનવું કઠણ છે. તેથી લેખકે આ પુસ્તકમાં પોતાના પ્રત્યક્ષ અનુભવનાં ૭૭ દષ્ટાંતો આપ્યાં છે. તે દષ્ટાંતોમાં કેટલાંક એવાં છે કે જેમાં અનુભવી અને નિષ્ણાત ડૉકટરો, વૈદ્યો વગેરેના ઉપચારો વર્ષો સુધી કરાવવા છતાં ફાયદો ન થવાને લીધે દુ:સાધ્ય અથવા અસાધ્ય ગણવામાં આવેલાં રોગોથી પીડાતા, થાકેલા દર્દીઓ કેવી રીતે સાજા થયા તે બતાવવામાં આવ્યું છે. બીજી બાજુ રોજ-બ-રોજનાં પણ ઘણી વાર લંબાઈને તકલીફ આપતાં દર્દોથી પીડાતા દર્દીઓ આ દવાથી કેવી રીતે સાજા થયા તે જણાવવામાં આવ્યું છે. મૂળમાં તો દેવચંદભાઈ એમ ઈચ્છે છે કે આવાં જવલંત પ્રત્યક્ષ પરિણામો જાણીને જીવન રસાયણશાસ્ત્ર કે જે પ્રમાણમાં ઘણું સાદું શાસ્ત્ર છે તેનો વધારે અભ્યાસ કરવા વાંચક પ્રેરાય. આમ છતાં પણ જે દર્દોનો ઉલ્લેખ પુસ્તકમાં કરવામાં આવ્યો છે તેનો ઉપચાર બીજાં પુસ્તક વાંચ્યા સિવાય વાચક પોતે કરી શકે તે માટેની સામગ્રી પણ પુસ્તકમાં આપવામાં આવી છે. સામાન્ય શરદી, વાળો, કપાસી, વાળ ખરવા, ટાલ પડવી, મોં ઉપર ખીલ થવા, હાથ પગના ચીરા – વાટિયા એવી સાદી લાગતી પણ બહોળા પ્રમાણમાં થતી તકલીફ એલોપથી વગેરે દવાઓ મટાડી શકતી નથી. જીવન રસાયણ દવાઓ આવા રોગ અચૂક મટાડી શકે છે તે પણ પુસ્તકમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

હરસ, ભગંદર, નાસૂર વગેરે રોગો કે જે શસ્ત્રક્રિયા વગર મટે નહિ એમ માનવામાં આવે છે તે પણ આ દવાથી શસ્ત્રક્રિયા વગર કેવી રીતે મટી શકે છે તે જણાવવામાં આવ્યું છે.

આ પદ્ધતિ કૂતરાં, ગાયો વગેરે પશુઓ માટે પણ વાપરી શકાય એમ લેખકે જણાવ્યું છે અને તેનાં પણ કેટલાંક ઉદાહરણો આપ્યાં છે. પક્ષીઓ માટે પણ તે દવાનો ઉપયોગ થયાનો ઉલ્લેખ તેમણે કર્યો છે.

મહાનગરો, સામાન્ય શહેરો, ગામડાંઓ–બધે જ આ પદ્ધતિનો ઉપયોગ થાય તે ઈચ્છવા યોગ્ય છે; પણ વિશેષે કરીને ગામડાંઓ કે જ્યાં રોગનિવારણ માટે કોઈ સહીસલામત અને સંતોષકારક વ્યવસ્થાનો લગભગ અભાવ છે ત્યાં તો આ પદ્ધતિ મહાન આશીર્વાદ રૂપ નીવડે તેવી છે.

આ પદ્ધતિને સરકારે માન્ય તો રાખી છે, પણ તેને ઉત્તેજન આપી, તેના અભ્યાસ અને પ્રત્યક્ષ અનુભવ માટે અઢી વર્ષનો અભ્યાસક્રમ ઘડી, પરીક્ષા પસાર કરનારને ડિપ્લોમા આપવામાં આવે તો તેવા તૈયાર થયેલા ડૉકટરો ગામડાંની પ્રજાની તબીબી સારવારની મુશ્કેલ સમસ્યા ઉકેલી શકશે એમ જણાવીને તે દિશામાં યોગ્ય પગલાં ભરવાની બાબતમાં સરકાર અને જનતાને લેખકે આગ્રહભરી વિનંતી કરી છે.

રત્નચિકિત્સા નામની એક તાજેતરની પણ મૌલિક અસરકારક, સસ્તી અને નિર્દોષ ઉપચારપદ્ધતિ તરફ પણ ટૂંકામાં લેખકે જનતાનું ધ્યાન દોર્યું છે.

રાશિઓ બાર હોય છે. જીવનરસાયણની દવાઓ પણ બાર હોય છે. દરેક રાશિ દીઠ એક વિશિષ્ટ દવા હોય છે તે માણસના જન્મ દિવસ સાથે સંકળાયેલી છે. દરેક દવા શરીરના કયા કયા ભાગ અને કઈ કઈ ક્રિયા ઉપર અસર કરે છે, કયા કયા રંગ સાથે તેને સંબંધ હોય છે, આયુર્વેદ પદ્ધતિએ વાત, પિત્ત કફમાં તે દવાઓનું શું વર્ગીકરણ થઈ શકે તે બતાવતો એક કોઠો અને એને સમજાવતું એક નાનું પ્રકરણ પુસ્તકના અંતે લેખકે ઉમેર્યું છે.

"જન્મભૂમિ–પ્રવાસી" માં આ પુસ્તકનાં પહેલાં ત્રણ પ્રકરણનો મોટો ભાગ લેખમાળા તરીકે પ્રસિદ્ધ થયો હતો, તેને જનતા તરફથી સારો આવકાર મળ્યો હતો.

સામાન્ય જનતાને આ પુસ્તક ઘણું આકર્ષક અને ઉપયોગી નીવડે એવું છે. – જનતાની સેવા એ પુસ્તકનો મુખ્ય હેતુ હોવાથી કાગળો, છપાઈ, બાંધણી વગેરે ધ્યાનમાં લેતાં તેની કિંમત પ્રમાણસર એટલે કે રૂ. ૩-૬૦. રાખવામાં આવી છે. આ પુસ્તક મેસર્સ એન. એમ. ત્રિપાઠી પ્રાઈવેટ લિમિટેડ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૨ અથવા બનાજી હોમીઓ ફાર્મસી, ૨૪૮, પ્રિન્સેસ સ્ટ્રીટ, પારસી અગિયારી સામે, મુંબઈ - ૨. આ બે ઠેકાણેથી મળી શકશે.

Honour The Man...

Honour the man, who is ready to sink
Half his present reputation, for the freedom to think,
And when he has thought, be his cause strong or weak,
Sinks the other half, for the freedom to speak,
Caring naught what fate the world has in store for him,
Let the world be composed of the upper thousand or lo'er

સન્માન તે માનવીનું...

સન્માન તે માનવનું કરો સૌ,
જે ખ્યાતિ અર્ધી નિજની રળેલી
ડુબાવી દે મુકત વિચારવાને;
અને વિચારી લઈ વાત નિશ્ચિત–
હો જોશીલી કે નબળી ભલે જે–
પોકારવા મુકતપણે ડુબાવે
અર્ધી વધેલી નિજ ખ્યાતિને જે
છોડી દઈને ભય સૌ ભવિષ્યનો;
કરે ન સ્હેજે પરવા સમાજની,
છો ઉચ્ચ કે નીચ થરે વસેલા
હજાર લોકો
ટીકા કરી એનું નસીબ રૂંધે!

અનુવાદક: ગીતા પરીખ

દિવંગતના બે મહાનુભાવોને ભાવભરી અંજલિ

મહર્ષિ શ્રીપાદ દામોદર સાતવળેકરનો સંક્ષિપ્ત પરિચય

ગયા જુલાઈ માસની તા. ૩૦મી મંગળવારના રોજ દેશભક્ત વેદજ્ઞ પંડિત શ્રીપાદ દામોદર સાતવળેકરજીનું પારડી ખાતે ૧૦૧ વર્ષની ઉમરે એકાદ માસની બિમારીના પરિણામે અવસાન નિપજ્યું. તેમના એકાન્ત પુરૂષાર્થભર્યા દીર્ઘ જીવન વિષે તા. ૪-૮-૬૮ના 'જન્મભૂમિ પ્રવાસી' માં નીચે મુજબની નોંધ પ્રગટ થઈ હતી:-

"પ્રાચીન કાળમાં ઋષિઓ કેવા હશે અને આજે હિમાલયમાં ઋષિઓ હશે કે કેમ તેના વિશે કેટલાક ભોળા માણસો કુતૂહલ સેવતા હોય છે. ઋષિ તો શું, એક મહર્ષિ ગયા અઠવાડિયા સુધી આપણી વચ્ચે કર્મયોગ કરતા હતા, ગુજરાતમાં રહેતા હતા, મુંબઈ અને દિલ્હીની મુલાકાત લેતા હતા તેઓ ૧૦૧ વર્ષની વયે બુધવારના બ્રાહ્મમૂહૂર્ત પહેલાં રાતે એક વાગે પારડીમાં કાળધર્મ પામ્યા. એમના જીવનની ઝલક જોઈએ તો આપણે આશ્ચર્યથી અંજાઈ જઈએ છીએ.

"શ્રીપાદ દામોદર સાતવળેકરનું વૈદિક રાષ્ટ્રગીત, જેઓ 'પ્રવાસી'માં વાંચતા હશે તેઓ તેમના નામ અને કામથી અપરિચિત નહિ હોય. મહિનાઓથી 'પ્રવાસી'ને તેમની પ્રસાદી મળતી રહી છે. સંહ્યાદ્રિ પર્વતમાળાની તળેટીમાં કેશી નદીના તટે જન્મેલા શ્રીપાદ ખરેખર તો શ્રી વિનાના અત્યંત ગરીબ હતા પરંતુ જ્યારે સરસ્વતીની આરાધના કરીને તેઓ તેના લાડકા બન્યા ત્યારે લક્ષ્મી તેમની ખુશામત કરતી આવી, તે ધન અને પ્રતિષ્ઠા બંને લાવી, પરંતુ શ્રીપાદને હવે તેની ગરજ ન હતી.

"શ્રીપાદના જીવનમાં કેટલાક એવા સુભગ અકસ્માતો બન્યા હતા કે તેમના જીવનમાં અણધાર્યા પલટા આવ્યા. પરંતુ અકસ્માતનો લાભ એ જ લઈ શકે જેનું મન જાગ્રત છે, તૈયાર છે, અને તકને ઝડપી લેવાની શકિત ધરાવે છે.

"શ્રીપાદ આર્યસમાજી હતા, પરંતુ તેમણે પંડિત થવાની પ્રેરણા એક પઠાણ પાસેથી મેળવી હતી! એક મુસ્લિમને બહુ જ શ્રદ્ધાપૂર્વક કુરાનનો પાઠ કરતો જોઈને શ્રીપાદને વિચાર આવ્યો કે હું શા માટે વેદનો અભ્યાસ ન કરું? તેમણે તરત સંસ્કૃતના સાગરમાં ઝંપલાવ્યું અને થોડા દાયકામાં તો તેઓ પારંગત થઈ ગયા. કંઈ નહિ તો બે પેઢીથી તેમનામાં પાંડિત્યના સંસ્કાર તો ઊતરી આવ્યા હતા.

"શ્રીપાદના જીવનમાં અકસ્માત ન બન્યા હોત તો તેઓ ગામડામાં ખેતી કરતા હોત કે માત્ર કર્મકાંડી બ્રાહ્મણ હોત. પણ પિતાએ ઘણી જમીન ગુમાવી અને કુટુંબ નિર્ધન થઈ ગયું. શ્રીપાદને ચિત્રકળાનો શોખ પણ જાગ્યો હતો. વધુ કળા શીખવા અને પગભર થવા તેઓ મુંબઈ આવ્યા અને જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સમાં દાખલ થયા. અહીં તેમનામાં રહેલો કળાકાર પૂર્ણકળાએ ખીલી ઊઠયો અને સાવંતવાડીમાં જેનાં ચિત્રો પાંચ રૂપિયે વેચાતાં હતાં તેનાં ચિત્રો મુંબઈમાં હજાર રૂપિયે વેચાવા લાગ્યા.

"એક વધુ અકસ્માત ન બન્યો હોત તો ભારતને આવા શતાયુ વેદમૂર્તિ ન મળ્યા હોત; હતા તેથી વધુ પ્રખર કળાકાર જ મળ્યા હોત. નિઝામ આ કળાકાર પર મુગ્ધ બન્યા અને આ કળાકાર નિઝામ હૈદરાબાદ ગયા ત્યારે નિઝામની કોમવાદી નીતિથી આ કળાકાર વિદિત થયા. તેઓ આર્યસમાજીઓના સંસર્ગમાં આવ્યા અને સ્વામી દયાનંદજીના જીવન તથા કાર્યથી પ્રભાવિત થઈ શ્રીપાદ સાતવળેકર આર્યસમાજી બન્યા. પછી તો તેઓ સ્વામી શ્રદ્ધાનંદજીના ગાઢ સંપર્કમાં આવ્યા અને દેશ તથા ધર્મની મુકિત માટે તેમણે પોતાનું જીવન સમર્પણ કર્યું. લોકમાન્ય ટિળક અને એની બેસેન્ટના સંસર્ગથી તેઓ રાષ્ટ્રવાદી બન્યા. તેમણે અત્યારે 'પ્રવાસી' માં છપાઈ રહેલું વૈદિક રાષ્ટ્રગીત લખ્યું. બ્રિટિશ સરકારે તેમાં રાજદ્રોહ જોયો! પંડિતજી પર સરકારની ખફગી ઊતરી. જપ્તી આવી, ધરપકડ થઈ, હદપારી મળી.

"ભારતના ઘણા ભાગોમાં વસી આવેલા અને કામ કરી આવેલા મહારાષ્ટ્રી સાતવળેકર ગુજરાતી બન્યા તે પણ એક અકસ્માત છે. ધર્મ અને વેદોનું સંશોધન કરી રહેલા આ ઋષિના આશ્રમ ઉપર ગાંધીજીની હત્યા પછી અવિચારી ઝનૂની માણસોએ આક્રમણ કરી તેનો નાશ કર્યો. ગાંધીજીના સ્નેહી પંડિત આથી ગુજરાતમાં પારડી ગામે જઈ વસ્યા. છેલ્લા બે દાયકાથી મહર્ષિનો આશ્રમ ત્યાં હતો.

શતાયુ થયેલા વેદમૂર્તિનું ભારત સરકારે ૧૯૬૭ની સાલમાં 'પદ્મભૂષણ'ની પદવી આપીને સન્માન કર્યું હતું. એવું જ સન્માન પામેલા બીજા ઋષિ પંડિત રેવાશંકર બેચરભાઈ શાસ્ત્રી પણ ત્યાં હતાં. બંને વેદમૂર્તિઓનું આ સુખદ મિલન હતું.

મહર્ષિ કર્વે અને કર્મવીર વિશ્વેશ્વરૈયા પણ શતાયુ થયા હતા પરંતુ વેદમૂર્તિ સાતવળેકરજીએ છેવટ સુધી જે સ્વાસ્થ્ય જાળવ્યું અને ૧૦૧ વર્ષની વયે પણ ટટ્ટાર રહીને કર્મયોગ કર્યે રાખ્યો એમાંથી આપણે પ્રેરણા લેવી જોઈએ. સત્ત્વગુણી આહાર, સદાચાર, નિયમિતતા, સંયમ અને આધ્યાત્મિક જીવન વડે તેમણે સ્વાસ્થ્યમય દીર્ઘાયુ ભોગવ્યું હતું."

ચાલુ વર્ષના માર્ચ માસની ૨૧મી તારીખે એક ખાસ પદવીદાન સમારંભમાં મુંબઈ યુનિવર્સિટીએ આ શતાયુષી વૈદિક વિદ્વાનને ડૉકટર ઑફ લૉઝ (એલ. એલ. ડી.)ની માનદ્ ઉપાધિ અર્પણ કરી હતી. એ વખતે ઉપકુલપતિ ડૉ. પી. બી. ગજેન્દ્રગડકરે પંડિત સાતવળેકરની નીચેના શબ્દમાં તારીફ કરી હતી:

"વિખ્યાત ચિત્રકાર, દેશભકત, નીડરપણે ભારતની આઝાદી માટે સંગ્રામ લડનાર, સન્નિષ્ઠ વિદ્વાન, વિદ્વત્તાના કાર્ય માટે અવિરત પુરુષાર્થ કરનાર અને સમગ્ર ભારતીય સમાજના સન્માનનીય એવા આ ગુરૂનું જીવન નિષ્ઠામય ઉપનિષદકાલીન આદર્શ પ્રમાણેનું હતું."

સંસ્કારમૂર્તિ સ્વ. શ્રી હરસિદ્ધભાઈ દિવેટિયા

સંસ્કારમૂર્તિ શ્રી હરસિદ્ધભાઈ દિવેટિયાનું અઠવાડિયાની ગંભીર માંદગીના પરિણામે ચાલુ ઑગસ્ટ માસની ચોથી તારીખે મુંબઈની સર હરકીસનદાસ હૉસ્પિટલમાં ૮૩ વર્ષની ઉંમરે અવસાન થયું. તેમની ઉજ્જ્વળ જીવનકારકિર્દીનો પરિચય આપતાં તા. ૧૫મી ઑગસ્ટનું 'જન્મભૂમિ પ્રવાસી' જણાવે છે કે:

હજી તો ગયે અઠવાડિયે જ સતાયુ પંડિત સાતવળેકરના દેહવિલયની નોંધ લીધી ત્યાં એક વધુ તારો ખરી પડયો છે, અને તે પણ ગુજરાતના આકાશમાંથી, અને તેમ છતાં શ્રી હરસિદ્ધભાઈ વેણુભાઈ દિવેટિયાને માત્ર ગુજરાતના કહી શકાય નહિ. ભારતની સંસ્કૃતિ અને વિદ્યા પર સદીઓથી ચડી ગયેલી ધૂળ ખંખેરીને તેનું તેજ બહાર લાવવામાં અને તેને વધુ તેજસ્વી અને અદ્યતન બનાવવામાં ભારતીય વિદ્યાભવન દ્વારા મુનશીજી જે કર્મયોગ કરે છે તેમાં તેમના મિત્ર હરસિદ્ધભાઈ પણ સાથે હતા.

દિવેટિયા અટક કેમ પડી તે જાણવામાં નથી. દિવેટનો અર્થ દીવાની વાટ થાય અને ફાનસના દિવેટને પકડી રાખનાર આંકડો દિવેટિયું કહેવાય છે. હરસિદ્ધભાઈનું કૂળ આ અર્થમાં ખરેખર દિવેટિયું હતું. તેમણે વિદ્યા, ધર્મ, મુત્સદ્દીગીરી અને વહીવટી શકિતનો દીવો અખંડ રાખ્યો હતો. નરસિંહરાવ, ભીમરાવ અને કૃષ્ણરાવ જેવા વિદ્વાનો અને ભકતો પણ દિવેટિયા હતા.

હરસિદ્ધભાઈનો જન્મ તા. ૧૭ ફેબ્રુઆરી ૧૮૮૫ ના રોજ થયો હતો. પ્રાથમિક કેળવણી પણ તેમણે કાઠિયાવાડમાં લીધી હતી. શ્વસુરપક્ષે પણ તેઓ એવા જ ભાગ્યશાળી હતા. આચાર્ય આનંદશંકર ધ્રુવ તેમના સસરા થાય.

હરસિદ્ધભાઈના ઘડતરનો બીજો તબક્કો વીસમી સદીના આરંભ

સાથે શરૂ થયો હતો. અને તે કાઠિયાવાડમાંથી બહાર આવીને ગુજરાતમાં અમદાવાદથી ૧૭ વર્ષની વયે મેટ્રિક પાસ થઈને કૉલેજમાં આવેલા હરસિદ્ધભાઈ ઝળકી ઊઠયા. તર્કશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, કાયદા અને સાહિત્યના ચતુર્વિધ ક્ષેત્રે તેમની બુદ્ધિપ્રતિભા દીપી ઊઠી. તેમને પારિતોષિકો, ચંદ્રકો અને શિષ્યવૃત્તિઓ રૂપે ઘણા પુરસ્કાર મેળવ્યા હતા. ૨૩ વર્ષની વયે એમ. એ. એલએલ. બી. થઈ ગયા અને ઉત્તર પ્રદેશમાં બરેલીની કૉલેજમાં તત્ત્વજ્ઞાનના પ્રોફેસર તરીકે નિમાયા.

હરસિદ્ધભાઈની કારકિર્દિનો એક નવો તબક્કો ૧૯૧૨માં શરૂ થયો. તેમણે મુંબઈ આવી હાઈકોર્ટમાં વકીલાત શરૂ કરી. એ રીતે તેઓ મુનશીજી સાથે ગાઢ સંબંધમાં આવ્યા. એ જમાનામાં તેજસ્વી બ્રિટિશ અને હિંદી ધારાશાસ્ત્રીઓ વડે મુંબઈ હાઈકોર્ટ ઝમગમગતી હતી. તેમાં મુનશીજી અને હરસિદ્ધભાઈ સીધાં ચઢાણ ચડીને ટોચ ઉપર પહોંચ્યા. એ અકસ્માત નહોતો. એ શ્રમ, ખંત અને બુદ્ધિ વડે કરેલી તપશ્ચર્યાનું ફળ હતું. ૧૯૩૩ માં હરસિદ્ધભાઈ મુંબઈ હાઈકોર્ટના એક ન્યાયાધીશ તરીકે નિમાયા. પાછળથી તેઓ સૌરાષ્ટ્ર કોર્ટના ન્યાયમૂર્તિ બન્યા હતા.

હરસિદ્ધભાઈના જ્ઞાન અને મેધા માટે કોઈ ક્ષેત્ર અજાણ્યું ન હતું. તેમણે મિલમજૂર તપાસસમિતિના અધ્યક્ષ તરીકે તેમ જ ઔદ્યોગિક અદાલતના ન્યાયાધીશ તરીકે પણ કામ કર્યું હતું. વર્તમાનપત્રોના વેતનપંચ, શિરોહી રાજ્યવારસા પંચ, જમીનની પુનઃ પ્રાપ્તિની ટ્રાઈબ્યુનલ વગેરેના અધ્યક્ષ તરીકે તેમણે વિવિધ ક્ષેત્રે સેવા આપી.

કેળવણી, સાહિત્ય અને સંસ્કારના ક્ષેત્રે પણ હરસિદ્ધભાઈ ભાઈ મોખરે હતા. તેઓ ગુજરાત યુનિવર્સિટીના પહેલા ઉપકુલપતિ બન્યા હતા. ગુજરાતી સાહિત્ય પરિષદના નવસારી અધિવેશનના તેઓ અધ્યક્ષ હતા. ફાર્બસ ગુજરાતી સભા, ગુજરાત સંશોધન મંડળ, ભારતીય વિદ્યા ભવન, ગુજરાતી નાટય મંડળ વગેરે વિદ્યા, સાહિત્ય, વિજ્ઞાન, કળા અને સંસ્કારના ક્ષેત્રે તેમણે આપેલી સેવા અવિસ્મરણીય રહેશે.

શ્રી રોહિત મહેતા અને શ્રીદેવી મહેતા

આપણી આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં જેઓનો પહેલી વખત આપણને લાભ મળે છે તે શ્રી રોહિત મહેતા અને તેમનાં પત્ની શ્રીમતી શ્રીદેવી મહેતાનો થોડો પરિચય અત્રે આપતાં મને ખૂબ આનંદ થાય છે. જેમના પ્રસન્ન દામ્પત્યજીવન અને ભાવનાપૂર્ણ પ્રવૃત્તિઓથી આપણને ઊંડો આદર જન્મે એવું એ એક યુગલ છે. મને આશા અને શ્રદ્ધા છે કે એમનાં વ્યાખ્યાનો અને ભજનો આપણા માટે મીઠાં સ્મરણો બની રહેશે.

ભાઈશ્રી રોહિતનું નામ એમના કૉલેજકાળથી હું સાંભળતો આવ્યો છું. તેમના પિતાશ્રી સ્વ. હસમનરાય કે. મહેતા મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજના વિજ્ઞાનના પ્રોફેસર હતા. ભાઈ રોહિતને હું જાણું છું ત્યારથી તે આ માસે એમને ૬૦ વર્ષ થાય છે ત્યાં સુધીમાં એમણે સ્વરાજ્યની લડત માટે, યુવકોના આંદોલનો માટે, વિશ્વવ્યાપી થીઓસોફિકલ સોસાયટી માટે, બનારસની અને યુ. પી.ની વિવિધ શિક્ષણસંસ્થાઓ માટે અને પરદેશમાં ભારતીય ધર્મદૃષ્ટિ આપવા માટે જે સેવા આપી છે એથી એમનું સ્થાન ખૂબ જ સન્માનભર્યું બન્યું છે.

૧૯૨૯માં ગુજરાત કૉલેજના તત્કાલીન પ્રિન્સિપાલ શ્રી શિરાળ સાથે સૈદ્ધાંતિક મતભેદ થતાં એમણે આંદોલન જગાવ્યું અને તે જ કાળથી યુવાનોએ એમને આદર્શવાદી નેતા તરીકે સ્વીકાર્યા. આનું પરિણામ એ આવ્યું કે છ માસ બાદ મળનારી એમની બી. એ.ની ઉપાધિ આંધી રહી અને એમને કૉલેજમાંથી બરતરફ કરવામાં આવ્યા.

આ બરતરફીએ એમનામાં સ્વાતંત્ર્ય-સંગ્રામનો વિશેષ પ્રાણ પૂર્યો. ૧૯૩૨માં તેમને વીસાપુરની જેલમાં મોકલવામાં આવ્યા. ત્યાં ભયંકર માંદગીમાં સપડાયા. ઘણી લાંબી સારવાર બાદ એ ઊભા થઈ શકયા.

ભાઈશ્રી રોહિત અને બહેન શ્રીદેવી—બેઉ થીઓસોફિસ્ટ કુટુંબની અસરમાં મોટાં થયેલાં છે અને તેથી અમુક આદર્શને વરેલું એમનું જીવન ઘડાયું છે.

એમના લગ્ન બાદ, તેઓએ રાજકીય ક્ષેત્ર છોડીને પ્રધાનત: થીઓ. સોસાયટીનું કાર્ય સ્વીકાર્યું. એમની કાર્યકુશળતા, વિદ્વતા અને ભાવનામયતાથી આકર્ષાઈ ડૉ. એરૂંડેલે એમને થીઓસોફિકલ સોસાયટીના વિશ્વકેન્દ્ર - અડિયારના રેકોર્ડિંગ સેક્રેટરીપદે નિયુકત કર્યા. આ પદેથી એમણે બધા દેશોની શાખાઓ સાથેનું સુંદર સંચાલન કરી બતાવ્યું.

૧૯૪૪માં હિંદની થી.સો.ના પ્રધાનકેન્દ્ર સમા કાશીમાં એમની નિયુકિત થઈ અને ૧૯૫૯ સુધીના પંદર વર્ષમાં એમણે હિંદની થી. સો.માં નવો ઉત્સાહ પૂર્યો અને શિક્ષણનાં કાર્યોથી અપૂર્વ પ્રસંશા પાપ્ત કરી. થી.સો.ની કન્યા કૉલેજ, હાઈસ્કૂલ અને છાત્રાલયની પ્રગતિ વિશેષ શ્રીદેવીને આભારી બની. કાશીની હિંદુ યુનિ. નાગરી પ્રચારણ સભા, ક્લાકેન્દ્ર વગેરેમાં તેઓ વિશિષ્ટ સ્થાન પામ્યાં.

એ પછીનાં વર્ષોમાં એ દંપતીએ વ્યાખ્યાનો અને સંકલન અર્થે આફ્રિકામાં ત્રણ વાર તથા ઈંગ્લાંડ, ન્યુ ઝીલેન્ડ, ઑસ્ટ્રેલિયા વગેરે દેશોમાં પ્રવાસ કર્યો અને દરેક સ્થળે થી. સો. ઉપરાંત, ધર્મમંડળો, રોટરી કલબ, વિદ્યાપીઠો, દેવળો વગેરેમાં પ્રવચનો અને સંકીર્તનો આપ્યાં.

સંકીર્તનના આ ઉલ્લેખના અનુસંધાનમાં શ્રીમતી શ્રીદેવી બહેનનો પણ પરિચય આપું. તેઓ મૂળ ભાવનગરનાં છે અને અમદાવાદની કર્વે કૉલેજના સંગીતનાં સ્નાતિકા છે. બે વર્ષ પહેલાં એમણે ફરી સંગીતની પરીક્ષા આપી અને એમ. એ.ની ઉપાધિ પ્રાપ્ત કરી છે.

ભાઈ રોહિત મહેતાના મોટાં બહેન શ્રીમતી ઈન્દુમતી મહેતાથી આપણામાંના કેટલાક સુપરિચિત છે. આપણી શરૂઆતની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તેઓ વ્યાખ્યાતા તરીકે બે કે ત્રણ વાર આવી ગયા છે. તેઓ અમદાવાદના અગ્રગણ્ય સમાજસેવિકા ઉપરાંત ત્યાંની કર્વે કૉલેજના અત્યારે પ્રિન્સિપાલ છે. એ કૉલેજની આજની પ્રગતિ વિશેષે એમને જ આભારી છે.

ભાઈ રોહિત અને બહેન શ્રીદેવી મોટા ભાગે બનારસમાં જ રહે છે. તેઓ શ્રી. જે. કૃષ્ણમૂર્તિના પરમ પ્રશંસક છે અને તેમની વિચારધારાને અનોખી રીતે ઝીલી શકયા છે. આશરે અઢી માસ પહેલાં એમણે અમદાવાદના શ્રોતાજનોને પચ્ચીસેક વ્યાખ્યાનો આપીને શ્રી કૃષ્ણમૂર્તિની નૂતન વિચારસરણીનો પરિચય કરાવ્યો હતો.

એમણે થીઓસોફી ઉપરનાં પુસ્તકો ઉપરાંત નીચે મુજબનાં પુસ્તકો લખ્યાં છે:

(1) Psychology : Racial and National, (2) Theosophical Socialism, (3) Seek out the way. (4) The Eternal Light, (5) Towards Integration, (6) The Creative Silence, (7) The Negative Approach (8) The Search for Freedom, (9) The Intentive Philosophy, (10) The Play of the Infinite.

અને હમણાં તેમણે 'From Mind to Supermind' એ નામનો ગીતા ઉપર ગ્રંથ તૈયાર કર્યો છે; તેમનું પુસ્તક Wisdom of the Upnishads છપાય છે અને શ્રી કૃષ્ણમૂર્તિના શિક્ષણ વિષે નવું પુસ્તક તેઓ તૈયાર કરી રહ્યા છે.

આવી વિશિષ્ટ વ્યકિતના વિશાળ વાંચન અને ચિન્તનનો આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપણને લાભ મળશે એ આપણું સદ્‌ભાગ્ય છે. પરમાનંદ

શાસ્ત્રોનો ઉપયોગ

(તા. ૧-૬-૬૮ ના 'પ્રબુદ્ધ જીવન 'માં 'વિનોબાજી અને આચાર્ય રજનીશજીના અભિગમમાં પાયાનો તફાવત' એ મથાળા નીચે પ્રકીર્ણ નોંધમાં અન્તર્ગત એવી એક નોંધ પ્રગટ થઈ હતી. એ નોંધને અનુલક્ષીને વર્ધા નિવાસી વિદ્વાન સ્વામી સત્યભક્તજીની એક આલોચના ચાલુ વર્ષના જુલાઈ માસના "સંગમ" ના અંકમાં 'શાસ્ત્રોનો ઉપયોગ' એ મથાળા નીચે પ્રગટ થઈ હતી, જેની નકલ એ દિવસોમાં મારી ઉપર મોકલવામાં આવી હતી. ત્યાર બાદ શ્રી પૂર્ણિમાબહેન પકવાસા, જેઓ આચાર્ય રજનીશજીની વિચારસરણીના ઊંડા અભ્યાસી છે તેમને મેં એ આલોચનાની નકલ આપી – એ અપેક્ષાએ કે તે વાંચીને તેઓ પણ આચાર્ય રજનીશજીનાં વિચાર વલણ ઉપર વધારે સ્પષ્ટ પ્રકાશ પાડે એવું કાંઈક લખી મોકલે. પ્રસ્તુત આલોચનાને ધ્યાનમાં લઈને 'શાસ્ત્રોનો ઉપયોગ અને તેની મર્યાદા'એ મથાળા નીચે એક સવિસ્તર લખાણ તેમણે થોડા દિવસ પહેલાં મારી ઉપર મોકલી આપ્યું છે. આ બન્નેમાંથી 'શાસ્ત્રોનો ઉપયોગ' જે મૂળ હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ નીચે આપવામાં આવે છે. શ્રી પૂર્ણિમાબહેનનો લેખ હવે પછીના અંકમાં પ્રગટ કરવામાં આવશે. તંત્રી)

શાસ્ત્રોનો ઉપયોગ

ગુજરાતી 'પ્રબુદ્ધ જીવન'ના ૧લી જૂનના અંકમાં પ્રગટ થયેલ એક લેખ તરફ એક સજ્જને મારું ધ્યાન ખેંચ્યું અને તે અંગે મારા વિચારો જાણવાની તેમણે ઈચ્છા દર્શાવી. એ લેખમાં બે પત્રો ઉધ્ધૃત કરવામાં આવ્યા છે. એક પત્રમાં વિનોબાજી સાથેની ચર્ચાનો ઉલ્લેખ છે. વિનોબાજીને કોઈએ પૂછ્યું કે અમુક વિચારક તો ધર્મગ્રંથોનો આધાર ન લેવાની વાત કરે છે અને આપ તેના અધ્યયન ઉપર ખૂબ ભાર મૂકો છો. તો વિનોબાજીએ એ મતલબનું કહ્યું કે "હું શાસ્ત્રોમાંથી સાર ભાગ લઉં છું, અસાર ભાગ છોડી દઉં છું. કુરાનમાં આઠ હજાર આયત છે, પણ એમાંથી મેં માત્ર અગિયારસો અપનાવી છે. સમાજની શ્રદ્ધાને વિવેકનું બળ મળવું જોઈએ. સમાજ તો બાળક સમાન છે. તેને શિખવવું પડે છે કે આ લ્યો, આ ન લ્યો."

બીજા પત્રમાં વિનોબાજીના ઉપર્યુકત વકતવ્યનો વિરોધ છે, તેમાં કહેવામાં આવ્યું છે કે "શાસ્ત્રોનો ઉપયોગ કરવો જ ન જોઈએ. પુરાણા લોકોએ પોતાના અનુભવના આધાર ઉપર શાસ્ત્રો રચ્યા છે. તેમાં સાર ભાગ અને અસાર ભાગ તારવવાનો મને શું અધિકાર છે? ધર્મગ્રંથોમાં સમય બરબાદ ન કરતાં સ્વાનુભવથી કામ લ્યો. શ્રદ્ધાને વિવેકનો આધાર આપવાની વાત જ વ્યર્થ છે. વાસ્તવમાં શ્રદ્ધાની જગ્યાએ વિવેક હોવો ઘટે. શ્રદ્ધા અને વિવેક પરસ્પર-વિરોધી છે. સમાજને બાળક કહેવો એ પણ યોગ્ય નથી. તેની ઉપર તો અનેક સંસ્કાર પડેલા હોય છે. આપણે તો એ સંસ્કારોથી મુકત બનીને શૂન્યતાની તરફ આગળ વધવાનું છે; શૂન્ય બની જવાનું છે."

આ બન્ને પત્રોમાં રજૂ કરવામાં આવેલા મન્તવ્યો અંગે મારા વિચારો નીચે મુજબ છે :

(૧) પહેલા પત્રમાં જે વિનોબાજીનું વકતવ્ય છે તે સત્ય અને વ્યવહારૂ પણ છે. આ બાબતનું મેં 'સત્યામૃત,' 'સત્યેશ્વર ગીતા' વગેરે ગ્રંથોમાં વિસ્તારથી અને કાંઈક જુદી શૈલીથી વિવેચન કર્યું છે. મારૂં એમ કહેવું છે કે મનુષ્ય તો ન્યાયાધીશ છે અને શાસ્ત્ર તો સાક્ષી છે. ન તો સાક્ષીઓનો બહિષ્કાર કરી શકાય છે; ન તો તેમને પૂર્ણ પ્રમાણભૂત માની શકાય છે. તેની વાતોનું વિશ્લેષણ કરીને જ તેનો સ્વીકાર થઈ શકે છે. શાસ્ત્રો મારફત વિચારની સામગ્રી મળે છે અને તે કારણે શાસ્ત્રોનો ઉપયોગ છે. અને વિવેકથી વિશ્લેષણ કરીને જ સત્યનું સંશોધન થઈ શકે છે અને તે માટે વિવેકની જરૂરત છે.

આ રીતે વ્યકિત પરીક્ષક બની જાય છે. પરીક્ષક બનવાથી વ્યકિત શાસ્ત્રકારથી વધારે મોટી બની જતી નથી. ગાયનમાં નિષ્ણાત ન હોવા છતાં પણ, માનવી તેની પરીક્ષા કરી શકે છે. મારા આ વિચારો સાથે વિનોબાજીના વિચારો મળતા આવે છે. પરીક્ષા અને પરીક્ષકના કેટલા પ્રકાર છે, પરીક્ષક માટે કેટલા જ્ઞાનની અને કયા કયા ગુણોની આવશ્યકતા છે વગેરે બાબતોનું વિવેચન મેં ખૂબ વિસ્તારથી કર્યું છે. સારભાગ તારવવા માટે કુરાનની ઝાંખી, ઈસાઈ ધર્મ વગેરે પુસ્તકો ૨૫–૩૦ વર્ષ પહેલાં મેં લખ્યાં હતાં.

(૨) જે માણસ એમ કહે છે કે શાસ્ત્રોની કોઈ ઉપયોગીતા નથી તેણે ઉપદેશ જ આપવો ન જોઈએ. કારણ કે તેની દૃષ્ટિમાં શાસ્ત્રનો કોઈ ઉપયોગ નથી. માનવીએ શૂન્ય બનવું જોઈએ વગેરે ઉપદેશ પણ શાસ્ત્ર જ છે, જેની ઉપર શ્રોતાઓએ વિચાર કરવાનો છે. જો લોકો વર્તમાન કાળમાં દેવામાં આવેલા ઉપદેશનું વિવેકથી વિશ્લેષણ કરી શકે છે તો ભૂતકાળમાં દેવામાં આવેલ ઉપદેશનું પણ વિવેકપૂર્વક વિશ્લેષણ શા માટે કરી ન શકે? જો લોકોને કોઈ પણ બાબત ઉપર વિચાર કરવાની જરૂરત નથી તો જરૂરત ન હોવાની વાત પણ લોકોને શા માટે શિખવવી જોઈએ? પુરાણાં શાસ્ત્રો માટે જેમ કહેવામાં આવે છે તેમ શું એમ કહી ન શકાય કે કોઈનું પણ પ્રવચન અથવા તો ઉપદેશ સાંભળવામાં તમારો સમય ગુમાવો નહિ, માત્ર સ્વાનુભૂતિથી જ સમજો. સ્વાનુભૂતિ જ તમારો સાચો ધર્મ છે. આમ છતાં પણ જો પ્રવચનની, શિક્ષણશિબિરોની જરૂરિયાત છે તો શાસ્ત્રોની પણ જરૂરિયાત છે. શાસ્ત્ર પણ કોઈનું પ્રવચન છે ભલેને પછી તે બોલાયેલું હોય કે લખાયલું હોય. શાસ્ત્રોને બેકાર કહેવાવાળાનાં પ્રવચનો ન તો છાપવા જોઈએ, ન તો લોકોના હાથ ઉપર પહોંચાડવા જોઈએ. સ્વાનુભૂતિમાં લાગનારો સમય આ પ્રવચનોનાં સંકલનો વાંચવામાં વ્યર્થ ગયો લેખાશે. આ રીતે શાસ્ત્રનો ઉપયોગ ન કરવાની વાત કહેવી એ સ્વવચન–વ્યાઘાત, વદતો–વ્યાઘાત જેવી વાત છે.

(૩) સમાજ બાળક સમાન છે એ વાત બિલકુલ બરોબર છે. એમ ન હોત તો પ્રવચનો, શાસ્ત્રસભાઓ, ગોષ્ટિઓ વગેરેની જરૂરત જ રહેત નહિ. તેના બાળકપણામાં તરતમતા હોઈ શકે છે પણ બાળકપણું જરૂર છે જ. તેને બન્ને રીતે શીખવવું પડે છે–શું માનો, શું કરો એ પણ શિખવવું પડે છે અને શું ન માનો અને શું ન કરો એ પણ શિખવવું પડે છે. ભગવાન મહાવીરે ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ સરખા અને ભગવાન બુદ્ધે સારિપુત્ર, પૌદ્‌ગલાયન સરખા પ્રસિદ્ધ આચાર્યોને બંને પ્રકારનું શિક્ષણ આપ્યું હતું.

(૪) શ્રદ્ધાને વિવેકનું બળ હોવું ખાસ જરૂરી છે. એ બન્નેમાં વિરોધ નથી. બન્ને રાજા અને પ્રધાનમંત્રીની માફક પરસ્પર પૂરક છે. વિવેક નિર્ણય કરે છે; શ્રદ્ધા નિર્ણયને અપનાવે છે; તેની ઉપર જીવનને સ્થિર કરે છે. શ્રદ્ધા પેદા ન થાય તો વિવેકનું કામ અધુરૂં જ રહેવાનું, બેકાર બનવાનું. અને વિવેક પેદા ન થાય તો શ્રદ્ધા ગુમરાહ – માર્ગવિમુખ–બની જશે. તેમાં એક પ્રકારની જડતા આવી જશે, જે અન્ધશ્રદ્ધા બનીને ઘાતક બની જશે. વૈજ્ઞાનિકોને પણ પોતાના સિદ્ધાંતો ઉપર શ્રદ્ધા હોય જ છે, તેના આધાર ઉપર તેનો તે આવિષ્કાર કરે છે. જરૂર, વિવેકનું મોઢું બંધ કરવું ન જોઈએ, તેમ જ હાથ પગ પણ બંધ થવા ન જોઈએ.

(૫) પુરાણા લોકો પોતાના અનુભવના આધાર ઉપર શાસ્ત્ર રચવા માટે સ્વતંત્ર હતા. તેમના અધિકાર ઉપર કોઈ આક્રમણ કરવા માંગતું નથી. આમ છતાં પણ તેમના વિચારોને સમજવાના–અપનાવવાના – સવાલને લાગેવળગે છે ત્યાં સુધી તેનું સાર–અસાર-ના રૂપમાં વિશ્લેષણ કરવાનો પાઠકને અથવા તો શ્રોતાઓને એટલો જ અધિકાર છે. દુકાનમાં આપ સારો માલ સરસ સમજીને રાખો, આપના એ અધિકારમાં કોઈ બાધક બનવા ઈચ્છતું નથી, પરંતુ આપના માલને સારો – ખરાબ, સારરૂપ – અસારરૂપ સમજવાનો અધિકાર ગ્રાહકને છે, એ તેનો અધિકાર કોઈથી છીનવી શકાતો–ઝૂંટવી શકાતો નથી.

(૬) માનવીએ સંસ્કારોથી મુકત બનીને શૂન્યતા તરફ આગળ વધવાનું છે એ લક્ષ્ય અસંભવ તો છે, એટલું જ નહિ પણ, ભ્રામક તેમ જ નાશક પણ છે. જન્મથી મનુષ્ય પશુ હોય છે. તે સંસ્કાર વડે માનવ અથવા તો દેવ બને છે; કુસંસ્કારો વડે તે શયતાન – દાનવ પણ બને છે. આમ હોવાથી માત્ર કુસંસ્કારોથી જ મુકત થવાની જરૂરત છે; સંસ્કારમાત્રથી મુકત થવાનો અર્થ એ થાય છે કે તેને ફરીથી પશુ બનાવવો અથવા તો એક પ્રકારે જડ બનાવવો. આ જડતા અથવા પશુતા જ શૂન્યતા છે. શૂન્યતાની આ સાધના મનુષ્યમાં એક પ્રકારનો નશો પેદા કરે છે. જેમ શરાબ ઘાતક હોવા છતાં પણ તેના નશામાં મસ્ત રહેવા માટે માણસો ધન, સમય વગેરે બરબાદ કરે છે એવી રીતે શૂન્યતાની સાધના સ્વપરઘાતક હોવા છતાં, તે માટે લોકો ધનની તેમ જ સમયની પૂરી બરબાદી કરે છે. શરાબીનો તેમ જ શૂન્યતાનો સાધક – બન્ને નશાબાજ છે. બન્ને ધનની તથા સમયની બરબાદી કરે છે, જડતામાં શાન્તિનો ભ્રમ પેદા કરે છે, અકર્મણ્યતાનો પ્રસાર કરે છે, સ્વપરવંચના કરે છે.

સ્વામી સત્યભક્ત

નવું માનસ, નવો માનવ નિર્માણ કરવો છે.

ભારતમાં અંધારામાં કિરણ રૂપ આ જમાત છે, બીજી કોઈ જમાત આવી નથી. આ એક મહાન પરિવાર છે. સગુણ રૂપે કહેવું હોય તો આ ગાંધીજીનો પરિવાર છે. ગાંધીનું વિભૂતિમત્વ અપૂર્વ ને અદ્વિતીય છે. આઈન્સ્ટાઈને કહ્યું છે કે ભવિષ્યની પેઢીને વિશ્વાસ નહીં બેસે કે આવો માણસ આ દુનિયામાં થઈ ગયો. આપણું સદ્‌ભાગ્ય હતું કે આપણામાંના ઘણા ગાંધી સાથે વરસો સુધી રહ્યા.

પણ દેહનો અંત છે જ. જે જીવન માટે, જે સત્ય માટે ગાંધીજી પ્રતીક હતા, તે જીવનની જ્યોત એમના પછીયે કેમ પ્રજ્વલિત રહે, એક નિશ્ચિત ગાંધીમાર્ગ નજર સામે રહે, એમ કેટલાક મિત્રોના દિલમાં હતું તેથી એમ વિચારેલું કે ૧૯૪૮ના ફેબ્રુઆરીમાં સહુ સેવાગ્રામમાં મળીશું. ગાંધીજીએ પણ આવવાનું કબૂલેલું. પરંતુ એમની ગેરહાજરીમાં જ મળવું પડ્યું. સેવાગ્રામમાં ગાંધીજનોનું સંમેલન મળ્યું. એ સંમેલને જ આપણને અને દુનિયાને વિનોબા આપ્યા. નેહરુ, સરદાર, આઝાદ, કૃપલાણી, જયપ્રકાશ, એ બધા ત્યાં ભેળા થયેલા. મને યાદ છે કે બધાએ કહ્યું હતું કે વિનોબા જે કહે છે તે અમે પચાવી ભલે ન શકીએ, તો પણ તેઓ કહે છે તે સાચું છે.

તે વખતે હું મોટા સંગઠનની તરફેણમાં હતો. પણ વિનોબા તો પહેલેથી જ સંગઠનની વિરુદ્ધ. મારા જેવા ઘણાના બહુ આગ્રહને લીધે છેવટે એમણે સંગઠન ઊભું કરવાની અનુમતિ આપી. આજે જોઉં છું કે તેઓ સાચા ઠર્યા, હું ખોટો. પણ એમની કલ્પનાનું સંગઠન કેવું હતું? એક Spiritual fraternity – આધ્યાત્મિક ભાઈચારો–કુટુંબનો મેળો. હવે વિચારવાનું છે કે વિનોબાની આ કલ્પનાથી આપણે કેટલા આગળ વધ્યા છીએ કે દૂર રહ્યા છીએ.

દુનિયાના ઈતિહાસમાં માર્કસ ને ગાંધી બે એવા મહાપુરુષ થયા, જેમણે કહ્યું કે દરિદ્રતા સહન કરી લેવી એ કદી ઈશ્વરની ઈચ્છા કે આદેશ ન હોઈ શકે. સહુને સુખ, શાંતિ ને સંતોષ મળે, એ માણસનો મૂળભૂત હક્ક છે. પણ માર્કસે પ્રકૃતિ પર ભાર મૂક્યો. જ્યારે ગાંધીએ કહ્યું કે પુરુષ પરિવર્તન લાવશે.

વળી, માર્કસનો ઝોક ભૌતિકવાદ ઉપર રહ્યો, જ્યારે ગાંધીમાં ભૌતિકતા અને અધ્યાત્મનો મેળ થયો. હવે જે ક્રાંતિ થશે તે ભૌતિક ચીજોની પ્રાપ્તિ માટે નહીં થાય. ભૌતિકતામાંથી ન તેને પ્રેરણા મળશે., ન ભૌતિકતાની તેને અપેક્ષા રહેશે. આજે યુરોપ–અમેરિકામાં કોઈ ભૌતિક અભાવ નથી. છતાં ત્યાં વિદ્રોહ જાગી રહ્યો છે. તેમાં વિદ્યાર્થીઓ અને બુદ્ધિશાળીઓ આગળ છે. આ જે થઈ રહ્યું છે તે ગાંધીજીના જીવનદર્શનને અનુકૂળ છે. હિંદુસ્તાનમાં ક્યારે થશે, ખબર નથી. આપણે ત્યાં તો બધું સેકન્ડહેન્ડ ચાલે છે. પણ ગાંધીજી તો વિશ્વના હતા. એમના વિશે નિર્ભેળ વિચાર થવો જોઈએ.

ભારતના સંદર્ભમાં વિચારીએ તો વિનોબાના કાર્યક્રમ સિવાય કોઈ બીજો કાર્યક્રમ નથી. મારા મનમાં કોઈ શક નથી કે આનાથી બહેતર ચીજ આજે ભારત માટે બીજી કોઈ નથી. તેથી તેનો અમલ કરવો એ આપણો ધર્મ છે.

પરંતુ આ કાર્યક્રમનું હાર્દ એ છે કે એક નવો માનવ બનાવવો છે. ત્યારે પહેલું એ વિચારવાનું છે કે એક નવો માનવ આપણે પોતે બન્યા છીએ ખરા? નવા માનવ માટે જરૂર છે નવા મનની, નવા માનસની, ત્યારે જ નવું જીવન શરૂ થઈ શકે. વિનોબાજી વારંવાર કહે છે કે મનથી ઉપર ઊઠવાનું છે. ખરું જોતાં આ ઉપરની વાત નથી, અંદરની વાત છે. તો, નવા માનસનું નિર્માણ, નવા માનવનું નિર્માણ, એ અસલી ચીજ છે. આપણે વિચારવાનું એ છે કે આ આંદોલનદ્વારા આપણે નવું માનસ કેટલું નિર્માણ કરી શક્યા. નહીં તો નવા કાળનું આહ્વાન નહીં ઝીલી શકીએ. એના વિના આપણે જે કરવા માગીએ છીએ, તે નહીં કરી શકીએ, અને સર્વોદયના હાલ પણ પૂંજીવાદ અને સામ્યવાદ જેવા જ થશે.

યુરોપના એ વિદ્યાર્થીઓ કહે છે કે અમને એક નવું જગત જોઈએ છે. શા માટે? તો કહે, આજનું જગત Monotonous–કંટાળાભર્યું ને નીરસ બની ગયું છે. તેમાં મારી રોજીરોટીની, મારી સુખ–સગવડની પૂરી બાંયધરી છે. પણ તેનાથી મને જીવનનો આનંદ નથી મળતો. મારું જીવન બીજા માટે હોવું જોઈએ. બીજા માટે હું ઘસાઉં, તો તેમાંથી મને જીવનનો આનંદ મળે, તો જ જીવન સાર્થક બને.

આ છે ગાંધી. મારું હિત સર્વના હિતમાં સમાયેલું છે. હું સર્વથી અળગો નહીં રહું. આજના જમાનામાંયે ગાંધીનું આ સ્થાન છે, અને તે શાશ્વત સ્થાન છે. નશાબંધી છે, ચરખો છે, ગ્રામોદ્યોગ છે, પણ ગાંધી તે બધાથી કંઈક વિશેષ છે. તે બધાથી અલગ છે, અને તેમ છતાં બધાથી બંધાયેલો છે.

ગાંધીની બીજી એક ચીજ એ હતી કે તેણે શરીર અને આત્મા બંનેને સાચા માન્યા. મોક્ષાર્થી અને સંન્યાસી શરીરને મિથ્યા કહેતા ફરે છે અને લોકોથી અળગા રહે છે, પણ બપોરે બાર વાગે કે એમના પગ પણ ગામની તરફ જ વળે છે! ત્યારે ગાંધીના દર્શન મુજબ તો શરીર ને આત્મા બેઉ સત્ય છે. કોઈ મિથ્યા ચીજ હોય, તો તે છે આપણું મન. કબીર કહે છે કે શરીરનો મેલ ધોવા માટે તો સાબુ છે, પણ મનનો મેલ કઈ રીતે ધોઈશ. ત્યારે ગાંધીએ કહ્યું કે મનને ધોવા માટે એક સાબુ છે, જેનું નામ છે, સત્યાગ્રહ. ગાંધીએ દેહ અને આત્મા બંનેને સાથે લઈને આગળ વધવાની કોશિશ કરી હતી. બંનેના સંબંધ વિશે મનમાં જે આસકિત છે, તે ધોવા માટે સત્યાગ્રહ. ગાંધીજી કહેતા કે હું અદ્વૈતમાં માનું છું. પ્રકૃતિ ને પુરુષ, બેઉનું અદ્વૈત. તેમાંથી અહિંસા ફલિત થશે.

જ્યારે વિનોબાનું આંદોલન શરૂ થયું ત્યારે તેને લીધે આંધ્રમાં હિંસા પર અંકુશ આવ્યો. ભૂદાન આંદોલનને લીધે ત્યાં હિંસા રોકાઈ. તે વખતે 'सबै भूमि गोपाल की' નો મંત્ર હતો. અને 'दानं संविभागः'

પરંતુ આજે આ ચીજ આપણા ધ્યાન બહાર થઈ ગઈ લાગે છે. આજે 'सबै भूमि गोपाल की' ને બદલે 'सबै भूमि ग्राम की' એમ આપણે કહેવા લાગ્યા છીએ. વળી, 'सबै भूमि गोपाल की' એ શ્રદ્ધા બુલંદ થઈ હોત, તો નક્સલવાડી ન સર્જાત. હું એટલું કહી શકું કે ભૂદાન વિશેની નિષ્ઠા વિનોબા પછી બીજા કોઈની હોય, તો તે જગન્નાથન્‌ની છે.

ત્રિવિધ કાર્યક્રમમાં બીજો કાર્યક્રમ છે ખાદીનો. એ જમાનો હવે ગયો, જ્યારે અમુક આગ લગાડનારા હતા અને બીજા પાણી નાખનારા! બિહારમાં બ્રજબાબુ ને વૈદ્યનાથબાબુ ને ખાદીનો આખો પરિવાર આ આંદોલનમાં કૂદી પડ્યો ન હોત, તો વિનોબાના હોવા છતાં આટલું કામ ન થાત. ઉત્તર પ્રદેશમાં કપિલભાઈ અને મેરઠ આશ્રમને કારણે એટલું જોશ આવ્યું છે. ગાંધીની ખાદીમાંની ક્રાંતિકારી ભાવનાને કારણે આ બની શક્યું છે. તામિલનાડના ખાદી કાર્યકરોએ પણ આ આંદોલન ઉપાડી લીધું છે. શ્રી અરુણાચલમ્, વી. રામચંદ્રન્, વેંકટાચલપતિ વગેરે જ મોખરે છે. મહારાષ્ટ્રના બંગ કહેતા હતા કે અમારે ત્યાં મહારાષ્ટ્રમાં ખાદી સંસ્થાઓનો આવો સાથ ન હોવાથી ત્યાં આંદોલન આગળ નથી વધ્યું. ખાદી કાર્યકરો માટે આનાથી મોટી પ્રશંસા બીજી કઈ હોઈ શકે?

આ ભૂદાનવાળા અને આ ખાદીવાળા, અને આ નશાબંધીવાળા એ બધા ભેદ હવે મટી જવા જોઈએ. સહુ કોઈ એક થઈ જવા જોઈએ. આ 'વાળા' 'વાળા'એ આપણો દાટ વાળ્યો છે. એ બધા એક થઈ જવાના છે અને થશે જ. કેમ કે કાળનો તકાજો છે. નહીં તો આપણે બધા જ ડૂબીશું. જ્યારે ભેળા પુરુષાર્થ કરીશું, તો દુનિયાને એક ઝલક દેખાડી શકીશું.

ત્રીજો આપણો કાર્યક્રમ છે, શાંતિસેના. સમાજમાં હિત-સંઘર્ષ છે. તેની સામે આંખ બંધ કરીને ચાલી શકાય તેમ નથી. પરંતુ તેના નિરાકરણની આપણી પદ્ધતિ જુદી છે. એ ગાંધીની પદ્ધતિ છે. પ્રેમથી વહેંચીને અને સૌના સહયોગથી આપણે આ સંઘર્ષનું નિરાકરણ કરવા માગીએ છીએ. આ હિત-સંઘર્ષને ખ્યાલમાં રાખીને તેના નિરાકરણ માટે કાર્યક્રમ બનાવવો એ ગ્રામસભાનું પહેલું કામ હશે.

વળી, સમાજમાં અશાંતિ ફાટી નીકળતી રોકવાની શકિત શાંતિસેનામાં નહીં આવે, ત્યાં સુધી શાંતિ-શાંતિનો પાઠ કર્યા કરીશું, તો યે શાંતિ નહિ આવે. આ વસ્તુ ધ્યાનમાં રાખીને શાંતિસેનાનો આખો કાર્યક્રમ બનવો જોઈએ. આપણે શાંતિસેનાને એક સક્રિય અને અશાંતિ નિવારનારું પરિબળ બનાવવું છે.

આ બધું સમયનો તકાજો ધ્યાનમાં રાખીને કરવાનું છે. યુગની માંગ છે. આ ગ્રામસમાજ અને ગ્રામસ્વરાજ એક ક્રાંતિકારી એકમ બનશે. આ એક જીવનપદ્ધતિ છે. વિનોબા આ જે કરી રહ્યા છે તે એક અદ્‌ભુત ને અપૂર્વ ચીજ છે.

'ભૂમિપુત્ર'માંથી સાભાર

શંકરરાવ દેવ.

આબુ, ૮-૬-૬૮.

અમારિઘોષ કરનાર ચીનનો બાદશાહ વુ*

ભારતવર્ષમાં અશોક અને કુમારપાલનાં નામ અમારિઘોષ સાથે જોડાયેલા છે. અશોકે સર્વથા માંસાહારનો ત્યાગ કર્યો ન હતો, પણ કુમારપાલે તો સર્વથા માંસાહારનો ત્યાગ કર્યો હતો એ આપણે જાણીએ છીએ. એ બન્નેએ હિંસાનો પરિત્યાગ કરવાનો આદેશ પ્રજાને આપ્યો હતો. અશોક કરતાં કુમારપાલનો આદેશ વધારે વ્યાપક હતો. દેશની દૃષ્ટિએ નહીં પણ પશુહિંસાની દૃષ્ટિએ. કુમારપાલને જે અહિંસાનો વારસો મળ્યો તે ઘણી વ્યાપક હતી, અને લાંબા કાળથી પ્રસારિત પણ હતી. પરિણામે ભારતમાં અહિંસામાર્ગનું અવલંબન વિશેષ થયું અને ગાંધીજીના કાળમાં તો તેનું રૂપ રાજનીતિમાં પણ પ્રવેશ્યું. આહારમાંથી હિંસા દૂર કરવાની વાત, ધર્મમાંથી હિંસા દૂર કરવાની વાત, આગળ વધીને રાજનીતિમાંથી પણ હિંસાને દેશવટો દેવાની વાત ગાંધીજીએ કરી. આ બધું ભારતમાં બને એ સ્વાભાવિક છે. કારણ તેણે ભગવાન મહાવીર અને બુદ્ધને અને તેવા સેંકડો જનોને પેદા કર્યા છે. પણ ભારતની બહાર બુદ્ધનો સંદેશ જ્યારે ફેલાયો ત્યારે તેણે અન્ય દેશમાં જે અહિંસાનો પ્રચાર કર્યો છે તેથી આપણે સુપરિચિત નથી. તેથી પ્રસ્તુતમાં ચીનના બાદશાહ વુ વિષે થોડું લખવું ઉચિત માન્યું છે.

ચીનના હન (Han) વંશમાં સર્વપ્રથમ બૌદ્ધ ધર્મે પ્રવેશ કર્યો, જો કે લોકવાર્તા પ્રમાણે તો અશોકથી પણ પહેલા બૌદ્ધ ધર્મ ચીનમાં પ્રવેશ્યો એમ મનાય છે. પણ ચીની બૌદ્ધ લેખકોનો અતિ ઉત્સાહ માત્ર તેવી લોકવાર્તાઓના મૂળમાં મનાય છે. ઈતિહાસનું સત્ય નહીં, કારણ કે જ્યારે બૌદ્ધધર્મનો પ્રવેશ ચીનમાં થયો અને જેમ જેમ તેનો પ્રચાર વધતો ગયો તેમ તેના વિરોધીઓએ પ્રચાર કરવા માંડયો કે જે રાજવંશ બૌદ્ધધર્મને અનુસરે છે તેમનો વંશ જલદી ગાદી ગુમાવે છે. આ પ્રચારની વિરુદ્ધમાં ચીની બૌદ્ધ લેખકોએ ગપ ચલાવી કે તે ધર્મનો પ્રવેશ તો ચાઉ વંશ સમયે થયો અને તે વંશ તે ઈ. પૂ. ૧૧૦૦થી ઈ. પૂ. ૨૫૬ સુધી ટકી રહ્યો હતો. ઈતિહાસના વિદ્વાનો માને છે કે ઈસ્વીસનના પ્રારંભમાં ચીનમાં બૌદ્ધધર્મ વિષે જાણકારી હતી તેનું પ્રમાણ મળે છે. પણ જાણકારી હોવી અને ધર્મ પ્રચારમાં આવવો એટલે કે તે ધર્મને માનનારા મળી આવે—એમાં ઘણો ફેર છે. હાનવંશના રાજકુમાર યિંગ (Ying) વિષે ઉલ્લેખ છે કે તે બુદ્ધના ઉપદેશને હૃદયથી માનતો હતો, અને તેને બાદશાહ તરફથી કોઈ અપરાધની માફી મળી ત્યારે તેણે રાજ્યમાં વસનારા શ્રાવક અને ભિક્ષુઓને માટે શાકાહારી ભોજન તૈયાર કરાવીને તેમને જમાડવામાં દંડની રકમનો ઉપયોગ કર્યો. આ ઘટનાનો ઉલ્લેખ ઈ. સ. ૬૫માં મળે છે. એ ઉપરથી તે સમયમાં તો બૌદ્ધસંઘ ચીનમાં કોઈને કોઈ રૂપમાં હશે એટલું નિશ્ચિતપણે કહી શકાય છે. એ તો આપણે જાણીએ છીએ કે અશોકે ધર્મપ્રચારકો ગાંધાર, કાશ્મીર તથા સિલોનમાં મોકલ્યા હતા. તે પ્રચારકોની પરંપરા આસપાસના દેશોમાં ક્રમે કરી ફેલાય તે સ્વાભાવિક છે. એટલે માની શકાય છે કે કાળક્રમે બૌદ્ધ-પ્રચારકો ગાંધાર અને કાશ્મીરમાંથી સેન્ટ્રલ એશિયામાં અને ત્યાંથી ચીન—જાપાનમાં ગયા અને સીલોનમાંથી બર્મા, ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ અને ઈન્ડોચાયનામાં ગયા અને બૌદ્ધધર્મનો પ્રચાર કર્યો. ચીન—જાપાન સિવાયનાં દેશોમાં બૌદ્ધધર્મને કોઈ વ્યવસ્થિત ધર્મનો સામનો કરવો પડયો હોય એમ નથી. પણ ચીનમાં તો તે પહેલા કન્ફ્યૂશિયસ અને તાઓ ધર્મ મોજૂદ હતા. અને વ્યવસ્થિત રીતે દીર્ઘકાળથી પ્રચારમાં પણ હતા. ધર્મપ્રચારની બાબતમાં જે પ્રક્રિયા સર્વત્ર બને છે તેમ ત્યાં પણ બની. સર્વપ્રથમ વિરોધ થયો, પછી બૌદ્ધ માન્યતાના સાર-તત્ત્વો અમારામાં પણ છે-એમ મનાવા લાગ્યું અને છેવટે ચીની ધર્મ ભારતીય બૌદ્ધધર્મરૂપે પરિણત થઈને લગભગ બે હજાર વર્ષથી ચીનને સાંસ્કૃતિક અને ધાર્મિક ભૂમિકા પ્રદાન કરે છે એ હકીકત છે. તેમાં ચીનના રાજવંશોએ જે ભાગ ભજવ્યો છે તે મહત્ત્વનો છે. તેવા બાદશાહોમાં બાદશાહ વુ (Wu)નું નામ ચીની બૌદ્ધધર્મપ્રચારમાં અમર રહેશે.

તે બાદશાહ 'વુ' એ ઈ. ૫૦૨-થી ૫૪૯ સુધી રાજ્ય કર્યું. તે અને તેનું કુળ પ્રથમ તાઓ ધર્મને અનુસરનાર હતા, પણ બાદશાહ બન્યા પહેલાં પણ વુ બૌદ્ધધર્મ પ્રત્યે આકર્ષાયો હતો. બાદશાહ બન્યા પછી તો તેનો રસ બૌદ્ધધર્મમાં વધી ગયો હતો અને ઈ. ૫૦૪માં તો તે બૌદ્ધ બની ગયો હતો. તે કહેતો કે યુવાને ઘરબાર છોડીને ભિક્ષુ બની ધર્મપ્રચારમાં લાગી જવું જોઈએ. તે કહેતો કે તાઓ ધર્મની માન્યતાના સ્વર્ગમાં મરીને જવાનું તે પસંદ નથી કરતો. તેને બૌદ્ધધર્મ પ્રમાણે કોઈ હીન યોનિમાં જન્મ લેવો પડે તો તેનો વિરોધ હતો નહીં. કારણ કે તે પોતાના કર્મને આધીન હશે. ઈ. ૫૦૪માં તેણે આદેશ આપ્યો કે બૌદ્ધના જન્મદિવસે લોત્ઝુના માનમાં કોઈ પણ ધાર્મિક ક્રિયા કરવી નહિ. ઈ. ૫૧૧ માં તેણે પોતે મદ્ય અને માંસ છોડી દીધા. કારણ તે માનતો હતો કે બૌદ્ધધર્મની માન્યતા અનુસાર મદ્ય-માંસ ખાનારને નરકમાં જવું પડે છે. ઈ. ૫૧૭માં તેણે આજ્ઞા જાહેર કરી કે જીવતા પ્રાણીનો દવા માટે પણ ઉપયોગ કરવો નહીં, તેમ ધાર્મિક ક્રિયામાં પણ જીવહિંસા કરવી નહિ, પણ તે માટે લોટ, ફળ અને વનસ્પતિનો ઉપયોગ કરવો. તે જ વર્ષમાં તેણે જાહેર કર્યું કે બધા જ તાઓ ધર્મના પુરોહિતોએ ગૃહસ્થ બની જવું અને બધા જ તાઓ ધર્મનાં મંદિરો બંધ કરી દેવાં. તેનો તાઓ ધર્મ પ્રત્યે વિરોધ એટલો બધો તીવ્ર હતો કે ઘણા તાઓ ધર્મના અનુયાયીઓને તેના રાજ્યમાંથી ભાગી જવું પડયું હતું. તેણે બૌદ્ધ ભિક્ષુઓને પોતાના સલાહકાર તરીકે નીમ્યા હતા. તે ભિક્ષુઓની પ્રેરણાથી બાદશાહ વુ સમ્રાટ અશોકનું અનુકરણ કરતો થાય એમાં શી નવાઈ? બૌદ્ધ-ધર્મની સેવાના પ્રતીકરૂપે જેમ અન્ય બાદશાહો બૌદ્ધ મંદિરનું નિર્માણ કરતા તેમ તેણે પણ ઘણાં મંદિરો બંધાવ્યાં. તેણે પોતાના માતાપિતાના સ્મરણમાં પણ મંદિરો બંધાવ્યાં, જેમાંથી પિતાના સ્મરણમાં બંધાવેલ મંદિર તો ઘણું જ વિશાળ હતું, જેમાં સદૈવ સહસ્રાધિક બૌદ્ધભિક્ષુઓ વસતા હતા. અને માતાના સ્મરણાર્થે બંધાવેલ મંદિરમાં ૪૦૦ જેટલી ભિક્ષુણીઓ વાસ કરતી હતી.

સમયે સમયે તે ધર્મસભા ભરતો અને તેમાં પોતે પણ ઘણીવાર બૌદ્ધસૂત્ર વિષે વ્યાખ્યાન આપતો હતો. અથવા તો શ્રોતા બનીને બેસતો હતો. આ ધર્મસભાઓમાં ઘણી વાર તે ધર્મકૃત્યોની જાહેરાત કરતો. ઘણીવાર તે કેદીઓની મુક્તિની જાહેરાત આવી ધર્મસભામાંથી કરતો. અને નવયુગની પણ જાહેરાત ત્યાંથી જ કરતો. આવી સભાઓમાં હાજરી વિશેષ હોય તે સ્વાભાવિક છે. એવો ઉલ્લેખ છે કે ઈ. ૫૨૯ના નવમા માસમાં ભરાયેલી સભામાં પચાસ હજાર જનોની હાજરી હતી. આવી સભામાં ઘણીવાર તે બુદ્ધ ભગવાનના સેવક તરીકે પોતાને જાહેર કરતો અને એક નોકરની જેમ સભામાં વર્તતો, સભામાં બુદ્ધનો સેવક બની તે ચાકરી કરતો હતો. એટલે કે સર્વસ્વનો ત્યાગ મંદિર માટે કરતો. આવું તો તેણે અનેકવાર કર્યું હતું. પરિણામે બૌદ્ધમંદિરોને ઘણી સંપત્તિ દાનમાં મળતી—તેના પોતાના તરફથી અને તેના અનુકરણમાં અન્યજનો તરફથી પણ તેનું આ પ્રકારનું વર્તન અપૂર્વ હતું અને બીજા કોઈ બાદશાહ આટલી હદ સુધી બૌદ્ધધર્મની સેવા બજાવી શકયા નહોતા.

તેણે પોતે પણ બૌદ્ધધર્મના પુસ્તકોની ટીકાઓનું નિર્માણ કર્યું છે, બીજાઓએ લખેલ ટીકાઓની ભૂમિકા લખી છે અને બૌદ્ધધર્મની

---

* કેથેન ચેન લિખિત 'Buddhism in China' અંગ્રેજી પુસ્તકનો આધાર લીધો છે. બાદશાહ 'વુ'ના જીવન પ્રસંગો લગભગ તે પુસ્તકમાંથી અનુવાદરૂપ છે. તે માટે લેખકનો આભાર માનું છું.

દલસુખ માલવણિયા

સમજણ આપતાં વ્યાખ્યાનો પણ કર્યા છે. એક વાર તો તેણે બૌદ્ધ-ભિક્ષુ અને ગૃહસ્થો ઉપરાંત વિદેશી દૂતો—જેવા કે પર્શિયા, ખોતાન અને કોરિયાના દૂતો—સમક્ષ બૌદ્ધધર્મ વિષે વ્યાખ્યાન આપ્યું હતું.

તેણે બૌદ્ધધર્મના પ્રચારાર્થે રાજ્યાશ્રયે ખજાના (કોષો)ની સ્થાપના કરી હતી, જેમાં પોતા તરફથી રકમ મૂકવામાં આવતી અને અન્ય પ્રજાજનો તરફથી પણ, અને મંદિરની સંપત્તિ પણ તે ખજાનામાં રાખવામાં આવતી. આ રકમના વિનિયોગમાંથી જે નફો થતો તે ધર્મપ્રચારમાં વાપરવામાં આવતો હતો. રાજ્યના હુકમથી આવા ૧૩ કોષો સ્થાપવામાં આવ્યા હતા. જેમાં અઢળક સંપત્તિ એકત્ર હતી. એક જ મંદિરને તેણે ૫૩૩ ઈ.માં જે દાન આપ્યું હતું તેની કિંમત ૧૦,૯૬૦,૦૦૦ નગદ નાણાંમાં થતી હતી, તેમાં તેના રાજકુમારે ૩,૪૩૦,૦૦૦ ઉમેર્યા હતા અને અન્ય રાજ્યાધિકારીઓએ ૨,૭૦૦,૦૦૦નું દાન કર્યું હતું.

બાદશાહ વુની આવી અપ્રતિમ શ્રદ્ધાને કારણે તેનું ઉપનામ બાદશાહ બોધિસત્વ એવું પણ થઈ ગયું હતું.

રાજા તો તે હતો જ. ઉપરાંત સંઘાધિપતિ બનવાની ઈચ્છા તેણે જાહેર કરી. પણ જ્યારે તેણે પોતાની એ ઈચ્છા સંઘ સમક્ષ મૂકી ત્યારે ચીહ-ત્સાંગ (Chih - tsong) નામના બૌદ્ધભિક્ષુએ તેનો વિરોધ કર્યો કે એક ગૃહસ્થ ધર્મસંઘનો નાયક બની શકે નહિ. આ ચીહત્સાંગ નિર્ભીક હતો. એનું એક ઉદાહરણ એ મળે છે કે રાજ્યદરબારમાં ભરાતી ધર્મસભામાં બાદશાહ માટે એક સ્થાન નિયત હતું. તે સ્થાને જ એકવાર એ બેસી ગયો. અન્ય ભિક્ષુઓએ તેને જ્યારે ચેતવ્યો કે તે સ્થાન તો બાદશાહ માટે નિયત છે, ત્યારે તેણે જવાબ આપ્યો કે તે પોતે દીપંકર બુદ્ધનો વંશ જ છે, તેથી તેનું કાર્ય અનુચિત નથી. એકવાર ધર્મસભામાં ભિક્ષુઓ અને શ્રાવક બધા જ સભાજનો બાદશાહ જ્યારે ધર્મપ્રવચન કરતો હતો ત્યારે ઊભા થઈ ગયા. પણ એક ભિક્ષુ ઊભો થયો નહિ તે હતો ચીહત્સાંગ. આ પ્રકારે ધર્મક્ષેત્રે ભિક્ષુઓનું જ વર્ચસ્વ હોવું જોઈએ અને નહીં કે ગૃહસ્થોનું, પછી ભલેને તે બાદશાહ હોય—આવી પરંપરા ચીનમાં પણ સ્થાપવી જોઈએ—એવો આગ્રહ બૌદ્ધ-ભિક્ષુઓમાં, જે સમર્થ હતા તેમાં હતો એ, જણાઈ આવે છે. ઉત્તર-ચીનના બૌદ્ધધર્મ કરતાં દક્ષિણ ચીનના ધર્મમાં આ વિશેષતા જોવા મળે છે કે ધર્મસંઘમાં ચલણ રાજાઓનું નહીં પણ ભિક્ષુઓનું હોવું જોઈએ. આ ભારતીય પરંપરા ચીનમાં—દક્ષિણ ચીનમાં—જળવાઈ છે તેનું કારણ ઉક્ત ભિક્ષુઓ જેવાની નિર્ભયતામાં રહેલું છે. બાદશાહ વુએ ચીહ-ત્સાંગના કૃત્યને સમર્થન જ આપ્યું છે, તે બાદશાહની ધર્મપ્રત્યેની તીવ્ર લાગણી અને સમજણનું પરિણામ છે.

બાદશાહે જ્યારે આટલી બધી ધર્મસેવા કરી ત્યારે પ્રજામાં તે ધર્મ વિષે આસ્થા જામે તે સ્વાભાવિક છે. સામે પક્ષે રાજ્યાશ્રયથી ધર્મમાં જે શિથિલતા આવે છે તેનું પણ ચિત્ર મળી આવે છે. લીયાંગ વંશમાં બૌદ્ધધર્મને વિશેષ આશ્રય મળવાથી તે કાળના કેટલાક વિરોધીઓએ જે લખ્યું છે તે ઉપરથી જણાય છે કે રાજ્યાશ્રય મળવાને કારણે બૌદ્ધ-ભિક્ષુઓમાં રાજદ્રોહની પ્રવૃત્તિ વધી ગઈ હતી, તેઓમાં અનૈતિક આચરણ વધી ગયું હતું. આર્થિક દૃષ્ટિએ ભિક્ષુઓ પોષાય તેમ ન હતા, અને તેમનામાં પ્રપંચ વધી ગયો હતો, ભિક્ષુ-ભિક્ષુણીઓની મોટી જમાત જામી ગઈ હતી, તેમાંના ઘણામાં માત્ર વેશ હતો પણ ધાર્મિક જીવન હતું નહીં, વળી ભિક્ષુણીઓ સુંદર વસ્ત્રોથી સજ્જ થતી હતી અને ગૃહસ્થોનું અધઃપતન કરતી હતી. બાદશાહને વિનંતી પણ કરવામાં આવી હતી કે આવાં તત્ત્વોને સંઘમાંથી દૂર કરવામાં આવે. એમ પણ જણાય છે કે બાદશાહ વુ માં ધર્મની વધારે પડતી આસ્થા હતી. તેને કારણે તે સજાપાત્રને પણ માફી આપતો. તેથી ગુનાનું પ્રમાણ વધતું. પણ તેની પરવા કર્યા વિના તે બૌદ્ધધર્મની અહિંસાનું પાલન કરતો. કન્ફ્યૂશિયસ—લેખકોના મતે બાદશાહ ધર્મ અને રાજ-નીતિનો સમન્વય કરી શક્યો નહીં, આદર્શ અને વ્યવહારનો સમન્વય કરી શક્યો નહિ, તેથી પ્રજાને સહન કરવું પડ્યું.

દલસુખ માલવણિયા

પાયાનું પરિવર્તન

(શ્રી વિમળાબહેન ઠકાર યુરોપમાં પરિભ્રમણ કરતાં લંડન ગયેલાં ત્યાં તેમણે આપેલા વાર્તાલાપોનો અનુવાદ)

આજે આપને બધાંને મળવાનું થયું તેને હું મારું એક ગૌરવપ્રદ સદ્‌ભાગ્ય ગણું છું. શ્રી પિલ્ગ્રીમે "ક્રીએટીવ એસોસિયેશન"નું સાહિત્ય મને વાંચવા મોકલ્યું તે પહેલાં આ સંસ્થા વિષે હું કશું જાણતી નહોતી. ત્યારે મેં જાણ્યું કે થોડાક મિત્રો એવા છે કે જેઓ ભેગા મળીને સર્જક માનવીય સંબંધો અંગે સંશોધન કરવાનું એક વીરતાભર્યું સાહસ ખેડી રહ્યા છે આથી મને અતિશય આનંદ થયો. પાયામાંથી ક્રાન્તિ કે જે નિર્માણ કરવાની માણસ-જાતને આજે સૌથી વધારે જરૂર છે તે સંબંધમાં વિચારણા કરવામાં આપની સહભાગી થવાની શ્રી ટેરી પિલ્ગ્રીમ દ્વારા આજે મને જે તક મળી છે તે માટે હું ટેરીની ઘણી આભારી છું.

આપણે આગળ ચર્ચા કરીએ તે પહેલાં હું તમને એક વાત કહી દઉં કે જો કે હું પૂર્વમાંથી આવું છું, પણ હું માત્ર પૂર્વની નથી. આજે તમારી આગળ હું જે બોલીશ તે કંઈ ખાસ પૂર્વનું છે એમ નથી. તે નથી ભારતીય તત્ત્વજ્ઞાન કે નથી હિન્દુની કોઈ વિશિષ્ટ વિચારસરણી. મારી ચારે બાજુની સમગ્ર જનતાને કઈ રીતે હું જોઈ રહી છું તે વિષે જ આપણે વાત કરીશું. જે પ્રશ્નો આજે મારી નજર સામે દેખાય છે અને જે વિકટ પરિસ્થિતિનો આપણે માનવ-જાતિએ આજે સામનો કરવાનો છે તે વિષે અને નહિ કે આર્થિક, રાજકીય કે સામાજિક પ્રશ્નો વિષે હું આજ આપની સમક્ષ બોલવા માગું છું.

આર્થિક પ્રશ્ન હોય કે રાજકીય પ્રશ્ન હોય, જગતભરમાં જ્યાં જે પ્રજાનો વસવાટ હોય તેની આજુબાજુના સંજોગોના અનુસંધા-નમાં તે સામાજિક, આર્થિક કે રાજકીય પ્રશ્નો ઊભા થાય છે. દાખલા તરીકે આફ્રિકા અને એશિયાની પ્રજાએ દિનરાત વધતો જતો વસતી વધારો, ભૂખમરો, ગરીબાઈ, નિરક્ષરતા અને પછાત જાતિના પ્રશ્નોનો સામનો કરવાનો છે. આ દેશોએ જેના દેશવાસીઓ કરોડોની સંખ્યામાં માનવતાની દૃષ્ટિએ ક્યાંયે ઉતરતું જીવન જીવી રહ્યાં છે, તેમને ઉપર લાવવા માટે, તેઓ સુઘડ અને માનવતાભર્યું જીવન જીવી શકે તે માટે ઉકેલ લાવવાનો છે. તેમણે એક એવી હવા પેદા કરવાની છે, રાજકીય અને સામાજિક ક્ષેત્રે એવી સભાનતા જાગૃત કરવાની છે કે જેથી માણસ માણસ વચ્ચેના સંબંધો પવિત્ર અને તન્દુરસ્ત બને. બીજી બાજુ યુરોપ અને અમેરિકાએ એવું જીવન જીવવાની કળા શિખવાની છે કે જેમાં વ્યકિતનું વ્યકિતત્વ સંપૂર્ણ રીતે જળવાઈ રહે, જેમાં દરેક માણસ ઈચ્છાનુસાર જીવન જીવવાને સ્વતંત્ર હોય. તેમણે વૈજ્ઞાનિક અને યાંત્રિક જ્ઞાનના અનુ-ભવ ઉપરથી એવો એક માર્ગ શોધવાનો છે કે જ્યાં યુદ્ધનો કોઈ ભય ન હોય, જ્યાં વિચાર, વર્તન અને વાસ્તવિકતાનો સુમેળ સધાયો હોય.

ચીન અને રશિયા—તેમણે એવો માર્ગ શોધવાનો છે કે જેના પરિણામે માનવી જીવનમાં કોઈ પ્રકારનું દબાણ કે ફરજિયાતપણું ન હોય, જ્યાં ભાઈચારો કે સમાનતા કાયદાથી કે બંદુકની ગોળીએ લાદવામાં આવી ન હોય, પણ અંતરના ઉમળકામાંથી વિકસિત હોય.

આમ તમે જુઓ તો સામાજિક પ્રશ્ન હોય કે સાંસ્કૃતિક, રાજકીય પ્રશ્ન હોય કે આર્થિક—પણ દરેક દેશે પોતાના ચોક્કસ પ્રશ્નોનો સામનો કરવાનો છે. આજે દુનિયા આખી અશાંતિથી અકળાઈ ઊઠી છે. તેમાં શાંતિ કેમ સ્થપાય તે પણ વિચારવાનું છે. આજના અણુયુગે માનવજીવનના સંબંધો પાયામાંથી બદલી નાખ્યા છે. વૈજ્ઞાનિક અને યાંત્રિક પ્રગતિએ ભૌગોલિક અંતરાયો તોડી નાખ્યા છે. સમયનું અંતર જે રીતે વિચારાતું હતું તે રીતે

હવે તેનો વિચાર કરવાપણું રહ્યું નથી. ઈલેક્ટ્રોનિક કોમ્પ્યુટરોએ માનવીની સ્મરણશકિત અને બુદ્ધિનું ગૌરવ હરી લીધું છે. આ બધા જગત-વ્યાપી પરિવર્તનોએ ચીન કે જાપાનમાં રહેતા માણસને અને યુરોપ કે અમેરિકામાં વસતા માનવીને પાડોશી બનાવી દીધા છે. વિજ્ઞાને આજે સમસ્ત માનવજાતિને એક નાના વર્તુળમાં સમાવી દીધી છે. આજે આપણે યુદ્ધ કે શાન્તિ તેની પસંદગી કરવાનો અવસર રહ્યો નથી. "સહઅસ્તિત્વ" નહિ તો "યુદ્ધ" એવું આપણે આજે કહી શકીએ તેમ નથી. કેમકે યુદ્ધથી કોઈ અર્થ સરવાનો નથી. યુદ્ધ એટલે તો સમૂળો સર્વનાશ. શાન્તિ આપણી સામે પડકાર ફેંકતી ઊભી રહી છે.

સેંકડો એવી સંસ્થાઓ અસ્તિત્વમાં આવી છે, જે શાન્તિ સ્થાપવાના પ્રયત્નો કરે છે તે હું જાણું છું. કેટલાંયે એવાં મંડળો છે જે આંતરરાષ્ટ્રીય પ્રશ્નોનો લવાદી અને વાટાઘાટો દ્વારા ઉકેલ લાવવા મહેનત કરી રહ્યા છે, એવાં મંડળો છે કે જે એશિયા અને આફ્રિકાની ભૂખે મરતી પ્રજાને વસ્ત્રો, ધન અને ખોરાકની મદદ કરે છે. કેટલાંક યંત્રવિદો અને કુશળ કારીગરો વડે મદદ કરે છે, તો કેટલાંક મંડળો આંતરરાષ્ટ્રીય સમજૂતિ અને મિત્રતા આણવાના પ્રયત્નો કરી રહ્યા છે. રાજ્યો, રાજનીતિજ્ઞો, અર્થશાસ્ત્રીઓ, કલાકારો, કેળવણીકારો- બધી દિશાએથી આ પ્રયત્નો થઈ રહ્યા છે. આ બધા પ્રયાસોએ આવી પડતા વિશ્વયુદ્ધને દૂર રાખવામાં મદદ કરી છે. તેમણે સત્તા પાછળ દોડનારાઓને કંઈક કાબૂમાં રાખ્યા છે. પણ તેઓ આપણે રોજીંદુ જીવન માનસિક ઉચાટ વિના શાંતિથી જીવી શકીએ તેવું કરવામાં અસમર્થ નીવડયા છે. યુદ્ધને દૂર રાખવું એ એક વાત છે અને કોઈ જાતના ભય વિના શાંતિથી જીવવું એ તદ્દન જુદી વાત છે. આજે માનવ મન વિનાશના ભયથી ઘેરાયેલું છે; કોઈ આણદીઠ મુશ્કેલીઓની માનસિક તાણથી તે બાવરું બની ગયું છે. મીઠા સંબંધોવાળું અને સ્વૈરવિહારપૂર્વકનું જીવન જીવવા જેટલી શાન્તિ આજે કોઈના મનને સુપ્રાપ્ય નથી.

મનુષ્યને સ્વતંત્ર જીવન જીવવામાં કોઈ ધર્મે મદદ કરી નથી એમ કહું તો તે અયોગ્ય નહિ કહેવાય. ધર્મે અને તત્વજ્ઞાને આપણને સિદ્ધાન્તો, શિસ્તો, વાદો અને અવનવી વિચારસરણીઓ આપી છે. ધર્મે જીવનમરણ વિષે કંઈક આપ્યું છે,મૃત્યુ પછી શું તે વિષે પણ કઈક કહ્યું છે, તેણે જુદી જુદી આચારસંહિતાઓ આપી છે, પરસ્પરનો વ્યવહાર કેમ કરવો જેને આપણે નીતિશાસ્ત્ર કહીએ તે વિષે કંઈક આપ્યું છે. ધર્મે સંયમમાં રહેવું, લાગણી, આવેશો કે પ્રત્યાઘાતોને કેમ દબાવવા કે કાબૂમાં રાખવા તે શિખવ્યું છે. મનને દિલાસો મળે તે માટે કેટલાક ક્રિયાકાંડો કે વિધિઓ બતાવેલ છે, પણ આ બધાએ માનવીને મુકતપણે (simple freedom) જીવન જીવવાની તાકાત આપી નથી. A state of freedom is the state of complete abandoment. કશી પણ રોકટોક ન હોય એ જ સાચું મુકત જીવન છે. જો આપણે શાંતિથી રહેવા ઈચ્છતા હોઈએ, જગતના તમામ માનવી સાથે ભાઈચારાથી રહેવા ઈચ્છતા હોઈએ, તો દરેક વ્યકિતને સ્વેચ્છાનુસાર જીવન જીવવાની તક મળી રહે એવી પરિસ્થિતિ આપણે સર્જવી જોઈએ. એટલે જ માણસની વિચારસરણીમાં પાયા-માંથી ક્રાન્તિ આણવી એ આજની સૌથી મોટી જરૂરિયાત છે.

પાયામાંથી ક્રાન્તિ એટલે ધરમૂળથી ફેરફાર. અંતરના ઊંડાણમાંથી વિચારસરણીનું સમૂળું પરિવર્તન. કયાંક કયાંક છૂટોછવાયો સુધારો વધારો નહિ, માનસિક કે વ્યવહારિક રૂઢિગત ઢાળામાં થોડો ફેરફાર નહિ, પણ સમગ્ર મનનું સંપૂર્ણ રૂપાન્તર. આપણે એ બરાબર સમજી લઈએ કે દુનિયામાં જાગતિક પ્રશ્ન જેવું કંઈ નથી. વ્યકિત એ જ વિશ્વ છે. માનવ મનમાં ઘર કરી રહેલાં આન્તરિક સંઘર્ષો, પરસ્પર-વિરોધી વલણો, ઈર્ષ્યા અને અદેખાઈ, તિરસ્કાર અને હિંસાપરાયણતા—આ વૃત્તિઓ જ જાગતિક પ્રશ્નો ઊભા કરનારાં બળો છે. આ આપણે સમજીએ, માત્ર બોલવા પૂરતું કે તત્ત્વચર્ચા પૂરતું નહીં, પણ સાદી અને સીધી રીતે સમજીએ કે આંતર-ચેતનામાં માનવ મનમાં—જે વિચારો ચાલી રહ્યા હોય છે તે વિચારો જ જાણ્યે કે અજાણ્યે પણ માનવ સંબંધોના ઘડતરને આકાર આપનારાં બળો છે. એ સતત દૃષ્ટિ સમક્ષ રાખીને ચાલીએ કે જ્યાં સુધી ઈર્ષ્યા, તિરસ્કાર, લોભ, વૈર વગેરે વૃત્તિઓમાં મન ભમતું રહેતું હશે ત્યાં સુધી યુદ્ધોનો કોઈ કાળે અંત આવવાનો નથી. કોઈ રાજ્ય, કોઈ કાયદો, કોઈ ધર્મ કે કોઈ ધર્મોપદેશક માનવ મનમાં પેસી ગયેલા પૂર્વગ્રહો, વૈર, વિરોધ, હિંસા કે પ્રતિસ્પર્ધાને ટાળી શકવા સમર્થ નથી. આ આપણે પ્રત્યક્ષ નજર સામે રાખીને આગળ વધીએ એ આજના યુગની સૌથી અગત્યની માંગ છે. આ વૃત્તિઓને દબાવવાથી તેનું ખરું સ્વરૂપ ઓળખી શકાવાનું નથી. તેનો પ્રતિકાર કરવા નિયમોની પલટણ ઊભી કરવાથી મન એ વૃત્તિઓથી મુકત થઈ શકવાનું નથી. એ ધ્યાનમાં રાખીએ કે કોઈ પણ બાહ્ય તાકાત મનને આ બંધનોથી મુકત કરવા સમર્થ નથી.

અને, માણસોનાં મન જ્યાં સુધી લોભ, સંગ્રહવૃત્તિ, હરીફાઈ, અવહેલના વગેરે વૃત્તિઓના ભારથી દબાએલાં હશે ત્યાંસુધી હિંસા—પણ નાબૂદ થઈ શકવાની નથી.

એટલે જે પાયામાંથી ચણતર આપણે કરવાનું છે તે માટે "પોતે પોતાને ઓળખો" એ સમજણ સૌ પહેલાં મનમાં ઊતારીએ. માનવજીવન પ્રત્યે આપણે નવેસરથી અભિગમ કરવાનો છે. આ અભિગમ પુરાણા નિર્ણયો, મૂલ્યો, નિયમો કે ધોરણોના આધારે નથી કરવો. માણસે સર્જેલા ઈશ્વર કે ધર્મને આપણે સ્વીકારવો નથી, કે નથી સ્વીકારવા આપણે માણસે ઊભા કરેલા પ્રજા પ્રજા વચ્ચેના વાડા, નાતજાત કે ધર્મના ભેદો. આપણે એક એવો અભિગમ કરવો છે કે જે દ્વારા આપણે એકબીજાને એવા સંબંધથી મળીએ કે જે સંબંધમાં ન તો એકબીજા પાસેથી કંઈ મેળવી લેવાની વૃત્તિ હોય કે ન તેમાં એકબીજાની બરબાદી થાય તેવી ભાવના હોય.

એક એવી ક્રાન્તિ લાવીએ કે જે આપણને કોઈ એક ઉપર આસકિત ન રાખતાં માનવજાતિ પ્રત્યે પ્રેમ કરતાં શીખવે, એવી ક્રાન્તિ કે જે કોઈપણ જાતનાં મંડળો, સંગઠ્ઠનો કે બંધનો વિના એક બીજા પ્રત્યે સહકારથી કામ કરતાં શીખવે, એવી ક્રાન્તિ લાવીએ કે જે કોઈ પણ લડાયક કે વિરોધીવૃત્તિ મનમાં જાગે કે તરત તેને પીગળાવી નાખે, અને એ રીતે આપણા પ્રશ્નોને હલ કરવા આપણે આગળ વધીએ. છે આવો જલદ પલટો લાવવા માટેની આપણી તૈયારી? છે આવો પલટો આણવા માટે પોતાની જાતને હોડમાં મૂકવાની આપણામાં ધગશ !

અનુવાદક : મેનાબહેન નરોત્તમદાસ

મૂળ અંગ્રેજી : બહેન વિમળા ઠકાર

વિષય સૂચિ

		પૃષ્ઠ
પ્રકીર્ણ નોંધ : મુનિ ચિત્રભાનુને અનેક ધન્યવાદ, સત્યાગ્રહ વિષે વધુ સ્પષ્ટતા, શ્રી 'જય ભિખ્ખુ' ની મુંબઈ ખાતે ઉજવાયેલી શાનદાર ષષ્ટપૂર્તિ, શ્રી હિતેન્દ્ર દેસાઈની 'આરતી' અંગે મળેલા બે પત્રો, ડૉ. દેવચંદ અમરચંદ શાહ.	પરમાનંદ	૭૯
આ સાદી રીતે સાજા થાઓ અને સાજા રહો.	ડૉ. દેવચંદ અમરચંદ શાહ	૮૧
સન્માન તે માનવીનું ... (કવિતા)	અનુવાદક : ગીતા પરીખ	૮૧
દિવંગત બે મહાનુભાવોને ભાવભરી અંજલિ :		
મહર્ષિ શ્રીપાદ દામોદર સાતવળેકરનો સંક્ષિપ્ત પરિચય, સંસ્કાર મૂર્તિ સ્વ. શ્રી હરસિદ્ધભાઈ દિવેટિયા		૮૨
શ્રી રોહિત મહેતા અને શ્રીદેવી મહેતા	પરમાનંદ	૮૩
શાસ્ત્રોનો ઉપયોગ	સ્વામી સત્યભકત	૮૪
નવું માનસ, નવો માનવ નિર્માણ કરવો છે.	શંકરરાવ દેવ	૮૫
અમારિ ઘોષ કરનાર ચીનનો બાદશાહ વુ.	દલસુખ માલવણિયા	૮૬
પાયાનું પરિવર્તન	વિમળાબહેન ઠક્કર	૮૭
ગાંધી શતાબ્દિ ઉજવણી.	ઠાકોરલાલ શ્રીપતરાય ઠાકોર	૮૯

ગાંધી શતાબ્દિ ઉજવણી

(અમદાવાદના જાણીતા શિક્ષણશાસ્ત્રી અને અગ્રગણ્ય નાગરિક શ્રી ઠાકોરલાલ શ્રીપતરાય ઠાકોરે ગાંધી શતાબ્દિ ઉજવણી અંગે ભારતના રાષ્ટ્રપતિ ડૉ. ઝાકિરહુસેન ઉપર તા. ૨૦-૭-'૬૮ના રોજ એક પત્ર લખ્યો છે, જેની નકલ તેમની તરફથી મળતા નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

માનનીય રાષ્ટ્રપતિજી,

આપ રાષ્ટ્રપતિ છો અને ગાંધીજીના વફાદાર સેવક છો. આપ શિક્ષક પણ છો. ૪૨ વર્ષથી શિક્ષણકાર્ય હું કરી રહ્યો છું અને શિક્ષક તરીકે આપને આ પત્ર લખું છું.

મહાત્માજીની શતાબ્દિની ઉજવણીની જાહેરાત જોરશોરથી થઈ રહી છે. ગાંધીજીના કાર્યને ૨૦ વર્ષ સુધી શાંતિથી ભૂલી જઈને આ વર્ષે આપણે એકદમ જાગૃત થઈ ગયા છીએ. અમેરિકન પદ્ધતિ પ્રમાણે પ્રવચન, પ્રદર્શન, સેમિનાર, ફીલ્મ, રાસ, નૃત્ય, ગીતો વગેરેથી શતાબ્દિ ઉજવવાની વાત ચાલે છે. ૬૦ ચલચિત્રો પણ તૈયાર થઈ રહ્યા છે. અનેક પ્રકારના જલસાનું આયોજન થઈ રહ્યું છે. ગુજરાત રાજ્ય નૃત્ય નાટક અૅકાડમી પણ તૈયાર થઈ ગઈ છે. ટૂંકમાં ગાંધીજીની શતાબ્દિ ફીલ્મી બની જવાનો ભય ઉભો થયો છે. તેથી આ પત્ર ખૂબ ગંભીરતાથી આપને હું લખી રહ્યો છું.

આ ઉજવણી અંગે મારા મનમાં ખૂબ મનોમંથન થયા કરે છે. શું આ પ્રકારની ઉજવણી કર્મવીર ગાંધીજીની હાંસીરૂપ નથી? ગાંધીજી તો દર દસ વર્ષે ઉદામ કાર્યક્રમો આપતા અને પ્રજાને અને યુવાનોને તેમાં હોમી દેતા. પ્રજા અને યુવાનો પણ ખૂબ હોંસથી આવા કાર્યક્રમોમાં ભાગ લેતા. આપણે શું તેનાથી ઉંધી દિશામાં જવા ઈચ્છીએ છીએ? સક્રિય સેવકો તૈયાર કરવાને બદલે ફીલ્મી કાર્યક્રમોના પ્રેક્ષકોના ધાડાં ઉભા કરી શતાબ્દિનો સંતોષ માનવાનો છે?

સ્વરાજ્ય મળ્યા પછી આપણા નેતાઓએ આપણા દેશને વિલાસ, ભોગ, વૈભવ, અને સત્તાલોલુપતાના માર્ગે વાળ્યો છે. તેથી ગાંધીવાદ કલંકિત થયો છે. હવે ફીલ્મી કાર્યક્રમો યોજીને ગાંધીવાદને આપણે શું વધુ કલંકિત કરવા ઈચ્છીએ છીએ? તે કરતાં તો ગાંધીજીને ભૂલી જવામાં શું વધુ સચ્ચાઈ અને પ્રમાણિકતા નથી? એમ કરવાથી શું ગાંધીજીના આત્માને વિશેષ શાંતિ નહીં મળે?

આપ ગાંધીજીના વફાદાર સેવક છો અને તેથી મારૂં મનોમંથન આપ સમક્ષ મૂકું છું. ગાંધીજી જીવતા હતા ત્યારે કહેતા કે મારાં બાવલાંઓ ઉભાં ન કરશો, મારી મૂર્તિપૂજા ન કરશો. મને યાદ કરવો હોય તો મારો રચનાત્મક કાર્યક્રમ અપનાવજો!

આપને પૂછવાનું મન થાય છે કે ગાંધીજીના સત્ય, અહિંસા, શૌર્ય, ત્યાગને ન્યાય આપી શકે એવો કોઈ નાનો પણ સક્રિય કાર્યક્રમ શતાબ્દિ નિમિત્તે આપ યોજી ન શકો? એ કાર્યક્રમ ભલે નાનો હોય, એ કાર્યક્રમમાં ભલે પ્રેક્ષકોનાં ધાડાં ન ઉભરાય, પણ એવા કાર્યક્રમથી શું ગાંધીજીના તત્ત્વજ્ઞાનને વધારે વેગ ન મળે?

આપ સમક્ષ થોડાં સૂચનો મૂકું છું.

(૧) ગાંધીજીનો સૌથી અગત્યનો સિદ્ધાંત અહિંસાનો હતો, અને તેઓ હિંસાને નાથવા મરી ફીટતા. તેઓ હિંસાને દફનાવવા દિલ્હીમાં સ્વરાજ્ય પ્રાપ્તિનો આનંદ ભોગવવા ન રહ્યા, પણ નોઆખલી જઈ ગરીબ ધોબીના ઘરમાં રહ્યા. છેલ્લાં ૨૦ વર્ષમાં હિંસાની આગ વખતોવખત ભભૂકી ઊઠી છે. ૧૯૪૭ પહેલાં જે હિંસા હતી તેનાથી વિશેષ હિંસા જોવા મળે છે. હિંસાને નાથવા સરકારને ગોળી ચલાવવા સિવાય બીજું કાંઈ સૂઝતું નથી. સરકાર પોલીસ મિલીટરી બોલાવી "સબસલામત" જાહેર કરે છે. મુંબઈ રાજ્યના પહેલા પ્રધાનમંડળમાં શ્રી કનૈયાલાલ મુનશીએ મુંબઈના ટોળાં ઉપર ગોળીબાર કરવાનો હુકમ આપ્યો ત્યારે મહાત્માજીએ તેમને સ્પષ્ટ કહેલું: ગોળી ચલાવવી હોય તો પ્રધાનપદું છોડી દો: કાંઈ જુદા માર્ગે હિંસાને દફનાવવા આપણે યોજી ન શકીએ? આપણે આપણા ઉચ્ચ કોટિના નેતાઓની એક ફાયરબ્રિગેડ રચી ન શકીએ? દેશમાં જ્યાં જ્યાં આગ ફાટી નીકળે ત્યાં ત્યાં આ ફાયર બ્રિગ્રેડ દોડી જાય અને જરૂર લાગે તો પોતાની આહુતિ પણ આપે. આપણા ઘણા ખરા નેતાઓએ સ્વરાજ્યપ્રાપ્તિ પહેલાં જે ભોગ આપ્યો તેનો યોગ્ય બદલો મળી ગયો છે. તો ૧૫ વર્ષ આવાં સ્થાનોએ રહીને અને હવે એવાં સ્થાનો છોડી શું તેઓ આવાં રચનાત્મક કાર્યક્રમ ન કરે? આવી ફાયર બ્રિગેડ ઉભી થાય તો તેની અસર કેવી થાય? ગાંધીજીએ એકલા એકલા નોઆખલીમાં કેવી સારી અસર પાડી? આપણા નેતાઓ તો કાશ્મીરની શીતળ ટેકરીઓ ઉપર એકતાની ચર્ચા કરવા એકઠા થાય છે અને પ્રવચનો કરી છૂટા પડે છે તેના કરતાં આવું કાંઈક સક્રિય કાર્ય કરે તો શતાબ્દિની સારી ઉજવણી ન થાય?

(૨) આપણા કેટલાક પ્રધાનો રાજા મહારાજા માફક ઠાઠથી રહે છે. વિમાન વગર તેઓ મુસાફરી કરતા નથી. આખા દેશમાં વિમાનોમાં દોડાદોડ કરે છે. તેમની રહેણી કરણી ગાંધીવાદને અનુકળ નથી. આપ આપની નૈતિક પ્રતિભાથી તેમની પાસેથી સાદાઈના શપથ લેવડાવી ન શકો? તેમના મોંઘવારી ભથ્થાં, તાર, વીજળી, પાણીના ખર્ચની મર્યાદા પણ આપ બંધાવી ન શકો? શતાબ્દિના પ્રસંગે આવાં શપથ લેવાય તો ઉજવણી સારી ન થાય? ગાંધી શતાબ્દિના વર્ષમાં લોકસભાના સભ્યોને ટેલિવિઝનનો સેટ મફત મળવાનો છે એવી જાહેરાત થઈ છે. આ વૈભવો આપ શતાબ્દિ નિમિત્તે રોકી ન શકો?

(૩) આપણા પ્રધાનો ઉદ્‌ઘાટનોમાં રચ્યાપચ્યા રહે છે. પોતાના ફોટા દરરોજ વર્તમાનપત્રોમાં આવે એવો આગ્રહ સેવતા રહે છે. ઉદ્‌ઘાટનનું એકપણ આમંત્રણ તેઓ છોડતા નથી. આપણા વર્તમાનપત્રો પણ તેમને અનુકૂળ થઈ જાય છે. અને તેના પરિણામે ખુશામત અને ભાટાઈ સ્વરાજ્ય મળ્યા પછી ખૂબ વધી પડી છે. આ પ્રધાનો ખાસ કામ સિવાય રાજ્યધાની ન છોડે અને વર્ષમાં ૩૦૦ દિવસ તેમની હાજરી ફરજીયાત રહે એવી પ્રણાલિકા ઉભી ન કરાવી શકો? અને કોઈ આચારસંહિતા Code of Conduct શતાબ્દિ નિમિત્તે ઘડી ન શકો?

(૪) ગુલાંટબાજી, અનીતિ, વૈભવ, ભોગવૃત્તિને તિલાંજલિ આપવાના અને નીતિ, સદાચાર, સાદાઈ, અહિંસા સ્વીકારવાના શપથ આ પ્રસંગે થોડા પણ લોકસભા અને ધારાસભાના સભ્યો પાસે લેવડાવી ના શકો?

આપણા નેતાઓ અને પ્રધાનો અને રાજદ્વારી પુરુષો શતાબ્દિ નિમિત્તે આવાં જો Self-denying ordinance જાહેર જીવનમાં સ્વીકારે તો આપણું જાહેર જીવન કેટલું શુદ્ધ બને? આનાથી પ્રજાને કેટલી પ્રેરણા મળે? અને ગાંધીજીની શતાબ્દિ કેવી શોભે?

(૫) આપને બીજી પણ સૂચના કરું? આજે લાખો વિદ્યાર્થીઓ સ્કૂલ અને કૉલેજોમાં ભણે છે,. આપણા દેશમાં સાક્ષરતા ૨૫ ટકા છે, ઈઝરાઈલ જેવો દેશ જો પોતાના યુવાનોની મદદથી નિરક્ષરતા દૂર કરી શકયો તો આપણે કેમ ના કરી શકીએ? ગાંધી શતાબ્દિ નિમિત્તે આના જેવું બીજું ઉત્તમ કાર્ય શું હોઈ શકે? આવો કોઈ કાર્યક્રમ યુવાનોને ન આપીએ?

(૬) એક બીજી સૂચના કરું? ગાંધીજી સ્વાવલંબન માટે ખૂબ આગ્રહ રાખતા હતા, આપણે છેલ્લા વીસ (૨૦) વર્ષમાં પૂરા પરાવલંબી થઈ ગયા છીએ. અને આપણા વડા પ્રધાન અને નાયબ વડા પ્રધાન પણ ભીખનું પાત્ર લઈ પરદેશોમાં ભટકે છે. ગાંધીવાદની

આ હાંસી છે. આપણે હવે આપણા પ્રધાનોને ભીખનું પાત્ર લઈને પરદેશમાં જતાં ન રોકીએ? સ્વાવલંબનનો આગ્રહ રાખીને શતાબ્દિ ઉજવીએ તો ગાંધીજીના આત્માને કેટલી શાંતિ મળે?

આપ ખૂબ ઉંચા સ્થાને છો, આપ શિક્ષક છો અને તેથી નેતાઓને શિક્ષણ આપવાની લાયકાત ધરાવો છો. તો આપ ગાંધી શતાબ્દિ નિમિત્તે આવું ઉત્તમ શિક્ષણકાર્ય કરી દેશને બચાવી ન શકો? આપ ગાંધી શતાબ્દિનું આયોજન આ રીતે ન કરો?

અંતે એક વસ્તુ દુ:ખ સાથે લખવી પડે છે. બુદ્ધ, મહાવીર, અને જીસસ ક્રાઈસ્ટના અનુયાયીઓ ઘણાં વર્ષોથી આ મહાનુભાવોના માનવતાનાં કાર્યો કરી તેમનું નામ રોશન કરી રહ્યા છે. ગાંધીજી આ જ કક્ષાના હતા, પણ તેમના જીવનની કરૂણતા એ છે કે તેમના અનુયાયીઓ તેમને ૨૦ વર્ષના ટૂંકા ગાળામાં ભૂલી ગયા છે અને ગાંધીવાદની હાંસી કરાવી રહ્યા છે. ગાંધીજીના જીવનની આ સૌથી વિશેષ કરૂણતા છે. અને અનુયાયીઓની કાળી ટીલી છે. આ કાળી ટીલી ધોઈ નાખવાનો સુવર્ણ પ્રસંગ આજે આવીને ઊભો છે. આપણા નેતાઓ આ સુવર્ણ પ્રસંગનો સદુપયોગ કરશે?

આપણા નેતાઓ ઉદ્‌ઘાટનો પાછળ દોડવાને બદલે, પ્રધાનપદ ઉપર ચીટકી રહેવાને બદલે, આવી ફાયર બ્રિગેડ સ્થાપે અને શાંતિ અને અહિંસાના દૂત તરીકે દેશમાં ઘૂમે અને સાદાઈ અને સદાચારનો ગાંધીજીનો સંદેશો અપનાવી પ્રજાને દોરે તો ઝડપથી ગબડતા આપણા દેશમાં વીજળીનો ચમકારો પ્રગટે તેમ હું માનતો હોવાથી ઉપર પ્રમાણે થોડાં રચનાત્મક સૂચનો ગાંધી શતાબ્દિ નિમિત્તે આપ્યાં છે. હિંસાને નાથવાનો આ જ રાજમાર્ગ છે. લાઠી, બંદૂક, પોલીસ કે મિલીટરી એ તો ગાંધીવાદની હાંસી છે. આપ જેવા ઉત્તમ કક્ષાના શિક્ષક આવું શિક્ષણ આવે પ્રસંગે ન આપો?

૨૨, ગોપીનગર, અમદાવાદ - ૭ ઠાકોરલાલ શ્રીપતરાય ઠાકોર

સાભાર સ્વીકાર

કુરાન સાર: લેખક: શ્રી વિનોબા ભાવે; પ્રકાશક: યજ્ઞપ્રકાશન, યજ્ઞ મુદ્રિકા, હુઝરાત પાગા, વડોદરા- ૧. કિંમત: રૂા. ૨-૫૦.

ગ્રામદાન પ્રશ્નોત્તરી: શ્રી વિનોબા ભાવે તથા શ્રી ધીરેન્દ્ર મજમુદાર, પ્રકાશક ઉપર મુજબ, કિંમત ૨૫ પૈસા.

આંખો દેખા હાલ – પરચુરણ લેખસંગ્રહ, પ્રકાશક: ઉપર મુજબ, કીંમત: ૦૦-૨૫ પૈસા.

શાંતિસેના પરિચય: લેખક: શ્રી નારાયણ દેસાઈ; પ્રકાશક: ઉપર મુજબ કીંમત રૂ. ૧-૦૦.

ગ્રામદાન: પરચૂરણ લેખસંગ્રહ. પ્રકાશક: ઉપર મુજબ, કીંમત ૦૦-૫૦ પૈસા.

રામમનોહર લોહિયા: લેખક: શ્રી બી. જે. કાપડી; પ્રકાશક: સન્નિષ્ઠ પ્રકાશન, માવળંકર હવેલી, ભદ્ર, અમદાવાદ - ૧; કિંમત રૂ. ૨-૦૦.

ગાંધી ભાવની: રચયિતા શ્રી દુલેરાય કારાણી; પ્રાપ્તિસ્થાન: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તા, અમદાવાદ. કીંમત રૂ. ૧-૦૦.

યોગી હરનાથના સાન્નિધ્યમાં: લેખક: શ્રી મકરન્દ દવે; પ્રકાશક: મેસર્સ વોરા એન્ડ કંપની પબ્લિશર્સ પ્રા. લિમિટેડ, ૩ રાઉન્ડ બિલ્ડીંગ. કાલબાદેવી રોડ, મુંબઈ - ૨. કીંમત: રૂ. ૧-૦૦.

બડે શિક્ષાપત્ર: (શ્રી હરિરાયજી મહાપ્રભુ કૃત): અનુવાદક: શ્રી મોહનલાલ વિઠ્ઠલદાસ ગાંધી; પ્રાપ્તિસ્થાન: શ્રી ઓચ્છવલાલ ગોરધનદાસ શાહ, ખાડિયા, ચાર રસ્તા, અમદાવાદ, કીંમત ૦૦-૨૫ પૈસા.

વિમર્શ (લેખ સંગ્રહ) લેખક: શ્રી પુરુષોત્તમ ગણેશ માવળંકર; પ્રકાશક: સન્નિષ્ટ પ્રકાશન, માવળંકર હવેલી, ભદ્ર, અમદાવા. - ૧; કીંમત રૂ. ૩-૫૦.

પીડાગ્રસ્ત બાળકોમાં આનંદની ચીનગારી પ્રગટાવો!

મહારાષ્ટ્ર રાજ્ય બાળવિકાસ સમિતિની, બીમાર અને પીડાગ્રસ્ત બાળકોનાં જીવનમાં આનંદ અને ઉલ્લાસ રેડવા માટે નીચે મુજબની એક યોજના તેના એક સંચાલક શ્રીમતી સરોજબહેન વ્યાસ તરફથી પ્રસિદ્ધિ માટે મળી છે:-

હૉસ્પિટલોમાં માંદગીને બિછાને પડેલાં અને શુષ્ક નિરસ જીવન ગાળતાં બાળકોમાં આનંદોલ્લાસ પ્રગટાવવાના હેતુથી મહારાષ્ટ્ર રાજ્ય બાળવિકાસ સમિતિએ એક માનવતાભરી યોજનાનો આરંભ કર્યો છે.

આ સમિતિ આપને-સુખી અને તંદુરસ્ત બાળકોનાં માતાપિતાને-આગ્રહભરી વિનંતિ કરે છે કે, હૉસ્પીટલોના બાળદર્દીઓને રમકડાં, પુસ્તકો વગેરે ભેટ આપી એમના નિરસ જીવનમાં આનંદ - દીવડા પ્રગટાવો! આ રીતે આપ આપનાં બાળકોને દુ:ખી બાળકોનાં જીવનમાં રસ તેમ જ સહાનુભૂતિ લેતાં કરો.

આ હેતુને ધ્યાનમાં રાખીને આ સમિતિએ હૉસ્પિટલનાં બાળકો માટે જુદી જુદી વસ્તુઓ ભેગી કરી, હૉસ્પિટલોના બાળવિભાગમાં વહેંચી બીમાર બાળકોનાં જીવનને પ્રફુલ્લિત, આનંદમય અને ક્રિયાશીલ બનાવવાનો નિરધાર કર્યો છે.

આશા છે કે આપ સર્વ બાળકોને ઉપયોગી વસ્તુઓ, આપના બાળકોના જન્મદિને યા તો કોઈ શુભ તહેવારોને દિને આપી આ ઉમદા હેતુને સિદ્ધ કરવામાં મદદ કરશો.

સમિતિ સપ્ટેમ્બર ૧૯૬૮ ની આખર સુધીમાં આવી વસ્તુઓ ભેગી કરવાનું કાર્ય પૂરું કરવા ઈચ્છે છે, જેથી એ વસ્તુઓ પેલાં અસહાય બાળકોને બાપુજીના જન્મદિને (તા ૨ જી ઓકટોબર) તેમ જ નહેરુચાચાના જન્મદિને (૧૪મી નવેમ્બર) વહેંચી શકાય.

ભેગી કરેલી વસ્તુઓ નીચેને સરનામે મોકલવા વિનંતિ છે:
શ્રીમતી સરોજબહેન વ્યાસ, ન્યુ એરા સ્કૂલ, ૧૭, ન્યાયમૂર્તિ પાટકર રોડ, મુંબઈ શે ૭.

* * *

તા. ૧૩-૮-૬૮ ના રોજ મળેલી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ પસાર કરેલા પ્રસ્તાવો.

ગુજરાત જલ સંકટ અંગે સંઘનો પ્રસ્તાવ

ગુજરાત-સૌરાષ્ટ્રમાં કેટલાંક સ્થળોએ અને ખાસ કરીને સૂરત-ભરૂચ વિસ્તારમાં અતિવૃષ્ટિએ સરજેલી તારાજીના કારણે પ્રજાજનોના જાનમાલની જે પારાવાર હાની થઈ છે તે અંગે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અત્યન્ત તીવ્ર દર્દ અનુભવે છે, સંકટગ્રસ્ત લોકો પ્રત્યે હાર્દિક સહાનુભૂતિ દાખવે છે અને આ સંકટને લગતા રાહતકાર્યમાં શક્ય તેટલી આર્થિક સહાય પહોંચાડવા પ્રજાજનોને અનુરોધ કરે છે.

શ્રી મેનાબહેન નરોત્તમદાસને અભિનન્દન

શ્રી મુંબઈ જૈન મહિલા સમાજના મકાનફંડમાં રૂા. ૨૫૦૦૦ની રકમના અનુદાન માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, સંઘના વર્ષોજુના સભ્ય શ્રીમતી મેનાબહેન નરોત્તમદાસને હાર્દિક ધન્યવાદ આપે છે અને તેમનું અનુકરણ કરીને અન્ય બહેનો અને ભાઈઓ મકાનફંડના સંદર્ભમાં નિરધારેલો રૂપિયા ચાર લાખનો લક્ષ્યાંક જલ્દીથી પૂરો કરે એવી તેમને પ્રાર્થના છે.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૦ : અંક ૯

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, સપ્ટેમ્બર ૧, ૧૯૬૮, રવિવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

અહિંસામાં ભીષ્મવૃત્તિ

(તા. ૧૫-૭-'૬૮ના 'મંગળ પ્રભાત'માં પ્રગટ થયેલો ઉપરના મથાળાનો લેખ વાંચવામાં આવતાં મને થયું કે કાકાસાહેબનો આ લેખ અને તેમાં આપવામાં આવેલી મધ, ઈંડા અને રેશમ વિષેની માહિતી પ્રબુદ્ધ જીવનના અહિંસાલક્ષી વાંચકોની જાણ માટે રજુ થાય એ ઈચ્છવાયોગ્ય છે. તેથી તેનો સૌ. શારદાબહેને કરી આપેલો અનુવાદ નીચે આપવામાં આવે છે. કાકાસાહેબના માંસાહાર અંગેનાં કેટલાંક વિધાનો વિવાદાસ્પદ છે. તે વિધાનો અંગેના પ્રત્યાઘાતો રજુ કરતાં બે નિવેદનો પણ આ અનુવાદ સાથે જોડવામાં આવ્યાં છે. આજના માનવીના આહાર અને ચાલુ ઉપયોગ સાથે જોડાયલી આ બાબતો છે અને તે અંગે સ્પષ્ટ વિચારણાની ખૂબ આવશ્યકતા છે. આ આવશ્યકતા પ્રસ્તુત વિવેચનો ઠીક પ્રમાણમાં પૂરી પાડશે એવી આશા છે. **પરમાનંદ**)

૧

આહારની વાત ચાલી રહી હતી. કોઈએ કહ્યું કે જ્યારે ભીષ્મ પિતામહને કોઈએ માંસાહાર બાબત પૂછ્યું ત્યારે ભીષ્મે કહ્યું કે 'માંસાહાર એટલો સ્વાદિષ્ટ અને પૌષ્ટિક છે કે તેની વિરૂદ્ધ બોલતાં જીભ ચાલતો નથી.'

આ પ્રસંગ મહાભારતમાં ક્યાંક આવ્યો હોત તો તે તરફ અવશ્ય મારું ધ્યાન જાત. પણ મહાભારમાં આ વાત છે કે નહિ તે કહી શકતો નથી. જે હોય તે, અધિકાંશ માનવજાતિ માંસાહારી છે. વાલ્મીકિના રામ માંસ ખાતા હતા. કેટલાય મોટા મોટા ઋષિ-મૂનિ, સંત અને પરમહંસ માંસ ખાતા હતા. આજ પણ મોટા મોટા ધર્માત્મા (માંસ) ખાતા જણાય છે.

તો પણ પ્રાણિઓને મારીને ખાવું બૂરું છે, ક્રૂરતા છે, અન્યાય છે, પાપ છે એ ભાવના દિલમાંથી નીકળતી નથી. ઘણા ધર્મોએ માંસાહારનો નિષેધ નથી કર્યો તો કરવો જોઈએ એવો વિચાર મનમાં ઉઠે છે. આદર્શ આ હોવો જોઈએ.

હવે બીજી એક વાત વિચારવાની રહે છે. પ્રાણિઓને મારવા તે કઠોર કર્મ છે, પાપ છે એ તો માની લીધું. પણ હિંસા કર્યા વગર માંસ કોઈ વખત મળે તો તે ખાવામાં શું હરકત છે એવો સવાલ ગંભીરતાથી પૂછવામાં આવે છે.

બૌદ્ધોએ આ બાબતમાં એક કિસ્સો રજુ કરી સવાલ પૂછ્યો છે:—

આકાશમાં બે પક્ષી આપસમાં લડ્યા. (આપણે તેમને લડવાની પ્રેરણા આપી ન હતી.) લડતાં લડતાં બેમાંથી એક મૃત્યુ પામ્યું અને નીચે પડ્યું. બીજું પક્ષી ઘાયલ થઈ નીચે પડ્યું હશે અને મૃત્યુ પામ્યું હશે અથવા મનુષ્યોને જોઈ ભાગી ગયું હશે. હવે જે પક્ષી નીચે પડ્યું તેને અમે મારવા ગયા ન હતા. હવે તેને કોઈ કૂતરો ખાઈ જશે અને એમ જ પડી રહેશે તો તેને કીડા ખાઈ જશે. એવી હાલતમાં 'આપણી હિંસા વિના' જે પક્ષીનું માંસ મળે તે ખાવામાં શું પાપ છે? આ સવાલ બૌદ્ધ અને જૈન સમયમાં પૂછવામાં આવ્યો હતો. માંસાહાર મનુષ્ય શરીર માટે અનુકૂળ નથી એવી દલીલ કરવામાં આવે છે. આ તો કોઈ માનશે નહિ, જ્યાં મોટા ભાગની દુનિયા માંસાહાર કરી સારી રીતે જીવી શકે છે અને ચાહે એવી ધર્મસાધના પણ કરી શકે છે. સવાલ આહારની ઉપયોગિતાનો નહિ પણ પાપ-પુણ્યનો છે.

જવાબ એક જ હોઈ શકે. જેને માંસાહાર ન કરવો હોય તે ન કરે. જે એમાં પાપ દેખે છે તે માંસાહાર ન કરે અને ઈચ્છે તો માંસાહાર વિરૂદ્ધ પ્રચાર પણ કરે. પણ જ્યાં સુધી અધિકાંશ માનવજાતિ માંસ ખાતી રહી છે, ત્યાં સુધી તેનો નિષેધ કરવો અને માંસાહારી લોકોને પાપી કહેવાં તે કોઈ માટે ઠીક નથી.

આથી પણ વધારે વાહિયાત વાત છે, 'માંસાહારીનો બહિષ્કાર કરવો, એની સાથે બેસીને ખાવાનો ઈન્કાર કરવો.' હું તો એમ કહું છું કે માંસાહારી અને નિરામિષાહારી વચ્ચે લગ્નનો નિષેધ ન કરવો જોઈએ. જેને (માંસ) ન ખાવું હોય તે ન ખાય. તેના ઉપર જબરજસ્તી નથી. પણ માંસાહારી અને નિરામિષાહારી લગ્ન કરી સહજીવનથી રહી શકે—આનો સ્વીકાર થવો જ જોઈએ. માંસાહાર પાપ છે એ વાતને વધારીને અધિકાંશ માનવજાતિનો બહિષ્કાર કરવો એ મહાપાપ છે.

૨

માંસાહારની વાત અહીં આપણે છોડીએ. એનાથી વધુ નાજુક સવાલ છે મધનો. આપણે જાણીએ છીએ કે મધ મેળવતાં પહેલાં મધમાખીઓને મારી નાંખવામાં આવે છે અને મધ કાઢતી વખતે માખીઓનાં ઈંડાંને પણ મધપુડામાં દબાવી દેવાય છે. આમ મધ મેળવવા માટે અસંખ્ય માસૂમ જીવોની ભયાનક હત્યા કરવામાં આવે છે. કોઈવાર મધપુડા નીચે અગ્નિ પ્રગટાવવામાં આવે છે જેમાં હજારો માખીઓ બળીને ખાખ થઈ જાય છે. આથી જેના અંતરમાં જીવદયા છે તે મધ લેવાનું પસંદ નથી કરતા. મધ પ્રાપ્તિમાં કેટલી હિંસા થાય છે એનો ખ્યાલ જૈનોને છે, પણ જૈન સમાજે મધનો બહિષ્કાર કર્યાનું મને કોઈએ કહ્યું નથી.

એક જગ્યાએ જ્યારે મેં ગાંધીજીએ લખેલું વાંચ્યું, 'મધ એટલી ઉપયોગી વસ્તુ છે કે તેને મેળવવા ઘણી હિંસા કરવી પડે છે એ હકીકત જાણવા છતાં હું તેના બહિષ્કારની તરફેણ નથી કરી શકતો,' ત્યારે મને ભીષ્મની વાતનું સ્મરણ થયું જેનાથી આ લેખનો મેં પ્રારંભ કર્યો છે.

ગાંધીજી કાંઈ અકર્મણ્ય બની શાંત બેસી રહે તેવા નહોતા. જ્યારે તેમણે જાણ્યું કે પશ્ચિમના લોકો, આપણે જે રીતે ગાયનું લાલનપાલન કરીએ છીએ એ રીતે મધમાખીઓને કાળજી રાખી ઉછેરે છે, અને એક પણ મધમાખી કે ઈંડાનો નાશ કર્યા સિવાય

મધ મેળવે છે, એટલું જ નહીં, મધમાખીઓને ખવરાવી પીવરાવી તેની વસાહત (Colony) સ્થાપે છે. ત્યારે ગાંધીજીએ પોતાના કેટલાક સાથીદાર અને શિષ્યોને આ કલા હસ્તગત કરવાનો આદેશ આપ્યો. (છોટેલાલજી જૈન આમાં પ્રમુખ હતા.) જ્યારે ગાંધીજીએ અખિલ ભારત ગ્રામોદ્યોગ સંઘની સ્થાપના કરી ત્યારે મધુમક્ષિકા—પાલન-વિદ્યાનો ભારતભરમાં પ્રચાર કરવાનો કાર્યક્રમ પણ રાખ્યો હતો.

આ અરસામાં મેં એક લેખ લખી હિંદુઓને સમજાવ્યું હતું કે ગોરક્ષા અને મધમાખી રક્ષા બંને હિંદુધર્મનાં પ્રધાન અંગો છે, બંનેના પાલનની વૈજ્ઞાનિક પદ્ધતિ જાણી લઈ અહિંસક રીતે આપણે જ્યારે તેમનો વિકાસ કરી શકીશું ત્યારે જ એમાં આપણને સફળતા મળશે. ગાય અને મધમાખી બંનેની મહત્તા સરખી સમજવી એ આજનો હિંદુધર્મ છે.

૩

માંસ અને મધ સાથે ત્રીજો પદાર્થ આવે છે ઈંડા. મરઘી અને બતકનાં ઈંડાં આખી દુનિયામાં લોકો લે છે. પશ્ચિમના શુદ્ધ શાકાહારી લોકો દૂધ નહોતા લેતા. તેમનું કહેવું હતું કે દૂધની ઉત્પત્તિ તેલ જેવી વનસ્પતિજન્ય નથી. દૂધ 'પ્રાણીજ' પદાર્થ છે. હવે પશ્ચિમના શાકાહારી લોકો ભારતના શાકાહારી લોકોનું ઉદાહરણ જોઈ સમજી ગયા છે કે માત્ર શાકાહાર નહીં પરંતુ દૂગ્ધ-યુક્ત-શાકાહાર જ જીવદયા માટે (નિરામિષ ભોજન માટે) ઉત્કૃષ્ટ નીતિ છે. લેક્ટો-વેજીટેરિયાનિઝમ આ નવો શબ્દ હવે પ્રચલિત થયો છે.

પશ્ચિમના શાકાહારી લોકો મરઘી અને બતકના ઈંડાં બેધડક ખાય છે. તેમનું માનવું છે કે ઈંડાં એ માંસ નથી અને ઈંડાં ખાવાથી કોઈ જીવહિંસા પણ નથી થતી. પશ્ચિમમાં એવા શાકાહારી પણ આપણે જોયા છે જે ઈંડાં લે છે પણ દૂધ નથી લેતા. દૂધ એ માંસનો અર્ક છે એમ તેઓ માને છે. એમાં ભલે હિંસા ન હોય, પરંતુ દૂગ્ધાહાર અને માંસાહારમાં કોઈ તફાવત નથી. એક ગોરાએ તો એટલે સુધી લખ્યું છે કે દૂધ અને રક્ત બંનેમાં કેવળ રંગનો જ ફરક છે.

અત્યારે ભારતમાં ભીષ્મ અને ગાંધીજી જેવા કેટલાયે લોકો છે કે જે કહે છે કે ઈંડાં વિરુદ્ધ પ્રચાર કરતાં પહેલાં તેની ઉપયોગિતા તરફ પણ ધ્યાન આપાવું જરૂરી છે. જ્યાં દૂધ પુરતા પ્રમાણમાં મળતું નથી ત્યાં ઈંડા વગર કઈ રીતે ચાલે? આ છે એ લોકોની દલીલ. આમાં પણ પશ્ચિમના સંશોધકોએ વચલો માર્ગ કાઢયો છે. તેમણે જોયું કે મરઘી કોઈ કોઈ વાર નરના સમાગમ વિના જ ઈંડાં આપે છે. આવા ઈંડામાં જીવ પેદા નથી થતો. (કહેવાય છે કે નરમાદાના સમાગમથી સામાન્ય ઈંડાં પેદા થઈ જેમાંથી બચ્ચાં થાય છે, એવા ઈંડાંની યોગ્ય જાળવણી ન થવાથી સડી જાય છે. મરઘીની પાંખ નીચે અથવા તો કૃત્રિમ ઢંગથી ઈંડાં સેવવાથી જ તેમાંથી બચ્ચાં પેદા થાય છે, નહીંતર ઈંડાં અંદરથી સડી જાય છે. પરંતુ નરસમાગમ વિના જ્યારે માદા ઈંડાં આપે છે ત્યારે આવાં ઈંડાં લાંબો સમય રાખવા છતાં સડતાં નથી, પરંતુ સુકાઈ જાય છે) આવાં ઈંડાંને અંગ્રેજીમાં 'મેડન એગ' કહે છે. તેનું વૈજ્ઞાનિક નામ છે 'અનફર્ટિલાઈઝ્ડ એગ.' આપણે તેને નિર્જીવ કે નિર્બીજ ઈંડાં કહી શકીએ. ગાંધીજીએ કહ્યું છે, "નિર્જીવ ઈંડાં ખાવામાં કોઈ દોષ નથી. દૂધ, દહીં, ઘી, માખણ વગેરે પદાર્થો જેટલા નિર્દોષ છે એટલા જ નિર્દોષ આ નિર્જીવ ઈંડાં છે. અહિંસાનું પાલન કરનાર માટે આ નિર્જીવ ઈંડાં કોઈ રીતે વર્જ્ય ગણાવા જોઈએ નહીં."

યુરોપિયન લોકો જ્યાં પશુપાલન સાથે મરઘીનું પાલન કરે છે (ડેરી સાથે પોલટ્રી પણ રાખે છે) ત્યાં આવા નિર્જીવ ઈંડાં વેચવાનો પ્રબંધ હોય છે. આપણે પણ એમ કરી શકીએ.

(અતિતત્ત્વ ચર્ચા કરવાવાળા થોડાં અહિંસાવાદીઓ ફરિયાદ કરે છે કે આવા નિર્જીવ ઈંડાં ખાવામાં ભલે જીવહત્યા ન થતી હોય પણ મરઘીના જીવન પર તો અત્યાચાર થાય છે જ. એમનું એ પણ કહેવું છે કે ઈંડાં સજીવ હોય કે નિર્જીવ એ સાત્ત્વિક આહાર તો નથી જ. બ્રહ્મચર્ય પાલન કરનાર માટે તો માંસ, મચ્છી અને ઈંડાં એકસરખાં ત્યાજ્ય છે. આ લોકોને અતિતત્ત્વજ્ઞ જવાબ આપે છે કે એક નિર્જીવ ઈંડા જેટલું જ તમારું આ પવિત્ર ગણાતું દૂધ રાજસી આહાર છે. દૂધને સાત્ત્વિક આહાર કોણ કહેશે?) જે હોય તે, ગાંધીજીનો માર્ગ સર્વમાન્ય બનશે એવાં ચિહ્નો આજે દેખાઈ રહ્યાં છે.

૪

જાપાન અને ભારતમાં પણ એવા નિરામિષાહારી લોકો છે જે માંસાહાર અને મચ્છી ખાવામાં ભેદ ગણે છે. તેમનું માનવું છે કે પશુપક્ષી આપણી જેમ જ આ ધરતી પર જીવે છે, રહે છે માટે એ પ્રાણી છે, એટલે તેમનું માંસ અમે ખાઈશું નહીં, પણ પાણીમાં જીવતી માછલીઓની વાત અલગ કહેવાય. એમની આ પ્રકારની વિચારસરણીની ચર્ચા આપણે અહીં કરીશું નહીં.

૫

હવે આવે છે રેશમનો સવાલ. કારણ કે આમાં પણ રેશમનાં કીડા મારીને જ રેશમના દોરા મેળવવામાં આવે છે.

પ્રાચીન કાળમાં કદાચ આપણે ત્યાં રેશમ પેદા થતું નહોતું. રેશમી કાપડ ચીનમાંથી આવતું હોઈ સંસ્કૃતમાં તેને ચીનાંશુક કહ્યું છે. હવામાં ફડફડાટ કરી પોતાનું ગૌરવ દર્શાવતી ધજા માટે મજબૂત રેશમી કાપડ જ ઉપયોગમાં લેવાતું. જ્યારે રેશમના કીડા આપણા દેશમાં આવ્યા અને તેમને આહારમાં સારી વનસ્પતિ આપણે આપી શકયા ત્યારપછી રેશમ આપણે ત્યાં પણ બનવા લાગ્યું.

રેશમનાં કીડા અનુકૂળ આહાર લઈ પુષ્ટ બને છે ત્યારે પોતાના શરીરને એક સૂક્ષ્મ તારથી લપેટી દઈ આસપાસ ઈંડાકારનો કોશેટો બનાવે છે અને એમાં એ ભરાઈ રહે છે.

મરઘીના ઈંડામાંથી જે રીતે પાંખોવાળા બચ્ચાં પેદા થાય છે એ જ રીતે કોશેટાની અંદરના કીડા પતંગિયા જેવી પાંખવાળા પ્રાણી થાય છે. કોશેટામાં પુરો વિકાસ થયા પછી જ તે પોતાને લપેટી રહેલા તારને તોડી પતંગિયારૂપે બહાર આવે છે. અહીં જ આપણા માટે ખરી મુશ્કેલી ઊભી થાય છે. જે રેશમના તારો કોશેટામાં સેંકડો ફૂટ લાંબા હોય છે તેને આ પતંગિયા કાપી નાંખે છે એટલે લાંબા તારના ટુકડે ટુકડા થઈ જાય છે. આ દુર્દશાને ટાળવા કીડામાંથી પતંગિયા બને એ પહેલા જ કોશેટાને પાણીમાં ઉકાળવામાં આવે છે. આ ક્રિયાથી કોશેટાના તાર ઉકેલાઈ જાય છે અને અંદરનો જીવ (જે નથી રહ્યા કીડા, નથી થવાના પતંગિયા) મરી જાય છે. ઊન અને કપાસમાંથી તાર જે રીતે કાઢવામાં આવે છે એથી પણ વધુ સહેલાઈથી કોશેટામાંથી તાર આ રીતે કાઢી લઈ શકાય છે. આ દોરા અત્યંત બારીક, ચીકણાં અને મજબૂત હોય છે. આ છે આપણું રેશમ.

જીવહિંસા ટાળવી એ આપણો પરમ ધર્મ છે એમ માનનારાઓ આ રેશમનો ઉપયોગ કઈ રીતે કરી શકે? અહીં પાછી પેલી ભીષ્મવાળી વાત આવે છે. જેમાંથી બારીક, ટકાઉ અને સુંદર વસ્ત્રો બને છે એ દોરાને આપણે કઈ રીતે છોડી શકીએ? સુતરાઉ કરતાં ઊનનાં કપડાં પવિત્ર છે અને રેશમી કપડાં તો એથી પણ વધુ પવિત્ર છે એમ આપણા ધર્મકારોએ અથવા મધ્યકાલીન ધર્મનેતાઓએ ખાસ પ્રચાર કરીને કહ્યું છે. વાછડાં માટે કુદરતે તૈયાર કરેલું દૂધ, તેને પૂરું ન આપતાં આપણે આપણા સ્વાર્થ માટે લઈ લઈએ છીએ. આમાં માંસાહાર જેટલી પ્રાણીહત્યા નથી, પણ વાછડાં

પ્રત્યે અન્યાય તો છે જ. આ અન્યાયની શરમ દબાવવા માટે જ ધર્મકારોએ ગાયના દૂધને પવિત્ર ગણ્યું છે અને આ જ નીતિએ કદાચ જાનવરને લૂંટી મેળવેલા ઊનનાં કપડાં અને રેશમનાં કીડા ઉકાળી મેળવેલા ચીનાશુંકને આપણે પવિત્ર ગણતા હોઈશું. ધ્યાન વખતે ઋષિ-મુનિ બેસવા માટે જમીન પર દર્ભનું આસન રાખી તેના પર પાથરેલું કપડું, અથવા જમીનની શરદીથી બચવા હરણનું ચામડું વાપરે છે. શિકારીની કૃપાથી મળતું હરણનું ચામડું પણ ધર્મકારોએ આ રીતે જ પવિત્ર માન્યું છે ધર્મશાસ્ત્રોની પણ બલિહારી છે કે તેઓ આ રીતે કરુણાનું દમન કરી શકે છે.

આ મતલબી ધર્મબુદ્ધિએ જાહેર કર્યું છે કે યજ્ઞ માટે થતી પશુહિંસા એ હિંસા નથી. 'યાગીયા પશુ-હત્યા હિંસા ન ભવતિ' ન બીજે કહ્યું. 'તસ્માત્ યજ્ઞે વધોઽવધ:'!

બંગાળના કરુણાપેલવ વૈષ્ણવોને હિંસાથી મળતું રેશમ પહેરવાની હિંમત ન ચાલી. તેમણે વચલો માર્ગ કાઢયો. રેશમનાં કીડાને ખવરાવી પીવરાવી પુષ્ટ કરો. પોતાનો કોશેટો બનાવવા દો. અંદરના કીડાનું પતંગિયું પણ ભલે બને. પછી તે કોશેટો કાપી બહાર નીકળે એ પણ મંજૂર રાખ્યો. ત્યાર બાદ તૂટેલાં રેશમનાં તારવાળો જે કવચ - કોશેટો રહે તેને પાણીમાં ઉકાળો અને પછી તે ઉકાળેલા કોશેટાને પીંજી રેશમી દોરાનાં ટુકડા એકઠાં કરો અને જે રીતે કપાસ કે ઊનનાં દોરાને કાંતી સૂતર બનાવવામાં આવે છે એ રીતે રેશમનું પણ સૂતર બનાવો અને એનાં કપડાં બનાવો. આ પ્રક્રિયાથી કપડાં બારીક અને ચીકણાં નથી બનતા, પણ રેશમના અન્ય ગુણો જળવાઈ રહે છે. આ અહિંસક જાડા કપડાંને બંગાળીમાં 'કેટે' રેશમ કહેવાય છે. વૈષ્ણવ લોકો તેને પવિત્રતમ ગણી પૂજા કે ભોજન સમયે ખાસ પહેરે છે. કપાઈ ગયેલા તારોમાંથી જ બનેલા આ રેશમી કાપડને આપણે 'અહિંસક રેશમ' કહી શકીએ. રેશમનાં ખાસ શોખીન લોકો એ પસંદ નથી કરતા, કારણ કે તે જાડી ખાદી જેટલું જાડું હોય છે.

રેશમ એટલું મોહક, મુલાયમ અને મજબૂત છે કે આપણે ભીષ્મવૃત્તિ ધારણ કરી એ વાપરવાનો ઈન્કાર નથી કરી શકતા. જીવહત્યાનું પાપ તો એમાં છે, પણ રીંગણાં બટાટા ન ખાનાર અહિંસાપ્રેમી જૈનો રેશમી કપડાંનો ત્યાગ નથી કરી શકયા.

રેશમી કપડાં થોડાં મોંઘાં તો પડે છે, પણ છે ય સુંદર, હળવાં, ટકાઉ અને ઘટ્ટ. રૂ કરતાં રેશમ રંગ પણ સહેલાઈથી પકડી રંગની શોભાને પણ અધિક આકર્ષક બનાવે છે.

આ થઈ રેશમના લાભની વાત. પરંતુ રેશમમાં 'પ્રીત કરવાની શકિત પણ છે.' મા જેમ બાળકનાં ગાલ અને પીઠ પર હળવો હાથ ફેરવી પંપાળે છે એ રીતે રેશમી વસ્ત્રો પણ બદન પર વૉંટળાઈ જઈ પહેરનારને પ્યારથી પંપાળી ખુશ ખુશ કરી દે છે. બાળકોને રેશમી કપડાં સીવડાવી પહેરવા આપીએ છીએ ત્યારે લેનાર અને દેનાર બંને પ્રસન્નતા અનુભવે છે. ગરમીના દિવસોમાં સુતરાઉ કરતાં રેશમી કપડાં ઠંડા લાગે છે તો ઠંડી ઋતુમાં થોડી ઉષ્મા આપે છે. તેની આ ખૂબીને પણ આપણે કેમ ભૂલી શકીએ? આટલા ઉપયોગી કાપડનો ત્યાગ ભલા કઈ રીતે થઈ શકે?

૬

શાકાહારી જ્યારે પોતાને શ્રેષ્ઠ માની માંસાહારીને ક્રૂર, હિંસક અને પાપી કહે છે ત્યારે માંસાહારી બરાબર સંભળાવે છે–"શાકભાજી, ફળફૂલ, અનાજ, શેરડી આ બધામાં શું જીવ નથી? જો જીવ ન હોય તો વાવવાથી ઊગત જ નહીં. આપો હવે જવાબ કે ફળફૂલ, ભાજીપાલો, નારિયેળ, બદામ વગેરે પદાર્થોમાં જીવ છે એ જાણવા છતાં પણ સૌ કેમ અને કેવી રીતે ખાવ છો?" વનસ્પતિમાં જીવ નથી એમ તો શાકાહારી નહીં કહી શકે. એમાં જીવ છે, એટલું જ નહીં, સુખ-દુ:ખ આદિ સંજ્ઞાઓ પણ છે. ફેર માત્ર એટલો જ છે કે વનસ્પતિ સુખદુ:ખાદિ સંજ્ઞા પ્રગટ કરી શકતી નથી. એમને માટે મનુભગવાને કહ્યું છે–અંત:સંજ્ઞા: ભવન્તિ એતે ।

શાકાહારી એટલું જ કહી શકે તેમ છે કે અમારા શાકાહારમાં હિંસા તો છે, પરંતુ અનુભવમાં અલ્પ આવતી હોઈ અમે તેને અહિંસા ન કહેતાં 'અલ્પ હિંસા' કહીશું. તેને ક્ષમ્ય કોટિની હિંસા' ગણી શકીએ.

શાસ્ત્રકારો પણ આ લાચારી સમજી ગયા હતા. એટલે તેમણે કહ્યું છે :–

અદ્રોહેણ એવ ભૂતાનાં, અલ્પદ્રોહેણ વા પુન:

અદ્રોહ અને અહિંસા ઉત્તમ છે. ત્યાં સુધી ન પહોંચી શકાય તો ઓછામાં ઓછી હિંસા કરવાનો પ્રયત્ન કરવો. કોઈ ફ્રેન્ચ તત્ત્વચિંતકે કહ્યું, 'Living is Killing' 'જીવવું હોય તો હિંસા કર્યા વગર ચાલે જ નહીં.' જીવવાનો અર્થ જ છે મારવું. એનો જવાબ એક ભારતીય તત્ત્વચિંતકે આપ્યો, 'Living is Killing' is a fact of life, but not the law of life. The law of life is, 'Killing the least is living the best.'

જીવવું હોય તો હિંસા કરવી પડે એ પરિસ્થિતિ છે, ધર્મ સિદ્ધાંત નથી. ધર્મવિધિ કહે છે: જીવવામાં જેટલી હત્યા, હિંસા ઓછી તેટલું ઉત્તમ. દ્રોહ કર્યા સિવાય, બીજો ઉપાય ન જ હોય તો ઓછામાં ઓછો દ્રોહ કરવો એ જ ધર્મનું પાલન છે.

અનુવાદક : મૂળ હિંદી :
સૌ. શારદાબહેન શાહ **કાકા કાલેલકર**

કાકાસાહેબના લેખ અંગે આલોચના

૧

કાકાસાહેબ માટે મને અને ઘણાને એટલો બધો આદર છે કે તેમના કોઈ વિચારની ટીકા કરતા ઘણો સંકોચ થાય. પણ 'મંગળ પ્રભાત'ના તા. ૧૫-૭-૬૮ ના અંકમાં 'અહિંસામાં ભીષ્મવૃત્તિ' તેમનો લેખ વાંચી દુ:ખ અને આશ્ચર્ય થયું અને તેથી નિરૂપાયે બે શબ્દો લખું છું. આ લેખ ઉપર આપવામાં આવ્યો છે.

પ્રથમમાં આહાર વિષે લખી, પછી કાકાસાહેબ, મધ, ઈંડાં, માછલી અને રેશમની ચર્ચા કરે છે અને છેવટ શાકાહારમાં પણ હિંસા તો રહેલી જ છે એમ બતાવે છે.

માંસાહાર સંબંધે કાકાસાહેબનું વલણ તેમના વિવિધ લખાણોમાં દેખાય છે તે ઉપરથી કેટલાય વખતથી મને આશ્ચર્યકારક લાગ્યું છે. પણ આ લેખમાં તેમના તરફથી થતો માંસાહારનો લગભગ બચાવ આઘાતજનક લાગ્યો. ભીષ્મપિતામહે શું કહ્યું તે તો મને ખબર નથી, પણ તેમના કથનનો આધાર લઈ અહિંસામાં ભીષ્મવૃત્તિ હોઈ શકે એ મને સમજાયું નથી.

કાકાસાહેબના લખાણનો કેટલોક ભાગ વિગતથી જોઈએ તો તેમની દૃષ્ટિ વધારે સમજાશે અથવા સ્પષ્ટ થશે. (બધામાં underline મેં કર્યું છે).

"માંસાહાર મનુષ્યશરીર માટે અનુકુળ નથી એવી દલીલ કરવામાં આવે છે. આ તો કોઈ માનશે નહિ, જ્યાં મોટા ભાગની દુનિયા માંસાહાર કરી, સારી રીતે જીવી શકે છે અને ચાહે એવી ધર્મસાધના પણ કરી શકે છે. સવાલ આહારની ઉપયોગિતાનો નહિ પણ પાપપુણ્યનો છે.

"જવાબ એક જ હોઈ શકે, 'જેને માંસાહાર ન કરવો હોય તે ન કરે. જે એમાં પાપ દેખે છે તે માંસાહાર ન કરે અને ઈચ્છે તો માંસાહાર વિરૂદ્ધ પ્રચાર પણ કરે. પણ જ્યાં સુધી અધિકાંશ મનુષ્યજાતિ માંસ ખાતી રહી છે ત્યાં સુધી તેનો નિષેધ કરવો અને માંસાહારી લોકોને પાપી કહેવા કોઈ માટે ઠીક નથી.

"આથી પણ વધારે વાહિયાત વાત છે: માંસાહારીનો બહિષ્કાર કરવો, એની સાથે બેસીને ખાવાનો ઈનકાર કરવો તે. હું તો એમ કહું છું કે માંસાહારી અને નિરામિષાહારી લોકો વચ્ચે લગ્નનો પણ નિષેધ ન કરવો જોઈએ. જેને (માંસ) ન ખાવું હોય તે ન ખાય. તેના ઉપર જબરજસ્તી નથી. પણ માંસાહારી અને નિરામિષાહારી લગ્ન કરી સહજીવનથી રહી શકે, આનો સ્વીકાર થવો જ જોઈએ. માંસાહાર પાપ છે એ વાતને વધારીને અધિકાંશ માનવજાતિનો બહિષ્કાર કરવો તે મહાપાપ છે."

લેખને અંતે કાકાસાહેબ કહે છે કે શાકાહારી લોક જ્યારે પોતાને શ્રેષ્ઠ બતાવી માંસાહારી લોકોને ક્રૂર, હિંસક અને પાપી બાતાવે છે ત્યારે માંસાહારી લોક દલીલ કરે છે કે શું ફળ, શાક, અનાજ વિગેરેમાં જીવ નથી?

આ લેખથી કાકાસાહેબ માંસાહારની હીમાયત કરે છે એમ તો ન કહું, પણ બચાવ તો જરૂર કરે છે. નમ્રતાપૂર્વક કહેવાની હીંમત કરું છું કે ઉપરના લખાણમાં (Confusion of thought) જણાય છે. માંસાહારીને ક્રૂર, હિંસક અથવા પાપી કહેવો અથવા શાકાહારીએ પોતાની જાતને શ્રેષ્ઠ માનવી તે જરૂર મિથ્યા અભિમાન છે, પણ અધિકાંશ મનુષ્ય જાતિ માંસ ખાતી રહી છે તેથી માંસાહારનો નિષેધ ન કરવો, તેમ માંસાહાર પાપ છે એ વાત ભાર-

પૂર્વક (કાકાસાહેબના શબ્દોમાં "વધારીને") કહેવાથી અધિકાંશ માનવ-જાતિનો બહિષ્કાર થાય છે અને માટે મહાપાપ થાય છે એ દલીલ સમજાતી નથી.

અહિંસામાં ભીષ્મવૃત્તિનો અર્થ ભીષ્મે કહ્યું તેમ માંસાહાર એટલો સ્વાદિષ્ટ અને પૌષ્ટિક છે કે તેની વિરુદ્ધ બોલતા જીવ ચાલતો નથી. અહિંસામાં આવી ભીષ્મવૃત્તિને કોઈ અવકાશ હોય એમ મને લાગતું નથી.

અહિંસાના કોયડા તો ઘણા છે. જીવનની પ્રત્યેક ક્રિયામાં વત્તે-ઓછે અંશે હિંસા રહી છે, ત્યાં દલીલથી, પૂર્ણ અહિંસા શકય નથી, માટે જે હિંસા છે તે સ્વીકારી લેવી એવો ભ્રમ પેદા કરી શકાય—પણ અહિંસાની સાચી સૂઝ તો તેના આચરણથી જ આવે અને તેમાં ભીષ્મવૃત્તિ રાખવાથી નહિ. જીવનની ગતિ તો હિંસામાંથી અહિંસા પ્રત્યે જ હોવી જોઈએ. તેથી માત્ર માંસાહાર તો શું, પણ ઈંડા, માછલી, મધ, રેશમ કે શાકાહારમાં પણ જેટલી હિંસા ઓછી થાય તે જ દૃષ્ટિ રહેવી જોઈએ, પણ રેશમ કે શાકાહારની હિંસા નિભાવી લઈએ છીએ માટે માંસાહરની હિંસા પ્રત્યે પણ ભીષ્મદૃષ્ટિ રાખવી એ યોગ્ય નહિ ગણાય. **ચીમનલાલ ચકુભાઈ**

૨

શ્રી ચીમનભાઈએ પોતાની નોંધમાં પૂજ્ય કાકાસાહેબના લેખમાંનાં કેટલાંક વિધાનો અંગે જે વિચારો દર્શાવ્યા છે તેને અનુમતિ આપવા સાથે મને પણ તે લેખમાંના કેટલાક મુદાઓ અંગે સવિશેષ કહેવાનું પ્રાપ્ત થાય છે.

આજે માંસાહારી અને નિરામિષાહારી યુવક-યુવતી પરસ્પર લગ્નસંબંધથી જોડાવાનો નિર્ણય પોતપોતાના માબાપો સમક્ષ તેમની સંમતિ માટે રજુ કરતા હોવાનું અવારનવાર સાંભળવામાં આવે છે. આવા નિર્ણયનો વિરોધ કરવો કે તેને અપનાવી લેવો —આવું ધર્મસંકટ નિરામિષાહારી માબાપો સમક્ષ ઊભું થાય છે. આજની સમગ્ર પરિસ્થિતિનો વિચાર કરીને આજના માબાપોએ આવો નિર્ણય અનિવાર્ય બન્યો હોય એવા સંયોગમાં તેનો વિરોધ ન કરતાં તેને અપનાવી લેવો એ ડહાપણભર્યું છે એવી સલાહ આપવી તે એક બાબત છે અને આવા સંબંધો ઈષ્ટ અને આદરણીય છે એમ જણાવીને તેને હાર્દિક આવકાર આપવાનું કહેવું—જેમ કરવાનું કાકાસાહેબ પોતાના લખાણમાં સૂચવી રહ્યા છે—તે જુદી જ બાબત છે. આવા મિશ્ર સંબંધો નિરામિષઆહારીને માંસાહારી બનાવવામાં જ ઘણા મોટા ભાગે પરિણમે છે અને તેથી જેને નિરામિષ આહારનો આગ્રહ હોય તેવાં માબાપ આવા સંબંધને કોઈ પણ સંયોગમાં મુકત મનથી આવકારી તો ન જ શકે—આ સાદી સમજની વાત છે. આવી નરી આંખે દેખાતી વાત પોતાને નિરામિષઆહારનો આગ્રહ હોવાનો દાવો કરનાર કાકાસાહેબના ધ્યાન ઉપર કેમ આવતી નથી એ મને સમજાતું નથી.

મધ અંગે કાકાસાહેબને જણાવવાનું કે મધપ્રાપ્તિ પાછળ જે હિંસા રહેલી છે તે ધ્યાનમાં લઈને જ જૈન ધર્મે મધને 'અભક્ષ્ય'ની કોટિમાં મૂકેલ છે. પણ હવે મધમાખીના ઉછેરનું વિજ્ઞાન આપણા દેશમાં પણ ફેલાતું જાય છે અને તે કારણે એક પણ માખીને માર્યા સિવાય ચોખ્ખું મધ સુપ્રાપ્ય બન્યું છે. આવા મધને અહિંસક મધ તરીકે ઓળખવામાં આવે છે અને તેને 'અભક્ષ્ય' તરીકે લેખવું એ હવે ઉચિત કે જરૂરી નથી—આવો મારો અભિપ્રાય છે.

ગાંધીજીએ મધ મેળવવા પાછળ હિંસા રહેલી હોવાનું જાણવા છતાં તેના ઉપયોગને સંમત કર્યો છે એમ કાકાસાહેબ ગાંધીજીના કથનમાંથી અમુક વાકયો તારવીને જણાવે છે. પણ ગાંધીજી આવા હિંસક મધના ઉપયોગની તરફેણ કરે તે મારી કલ્પનામાં આવતું નથી. તેઓ તો ૧૯૧૪માં સાઉથ આફ્રિકાથી ભારતમાં આવ્યા તે પહેલાં તેઓ યુરોપના દેશોમાં ફરેલા હતા અને તેથી તેમને અહિંસક મધની પૂરી જાણ હોવી જ જોઈએ અને તેવા મધના ઉપયોગની જ તેમણે ભલામણ કરી હોવી જોઈએ એવું મારું અનુમાન છે. તેમણે જ આપણા ભારતવાસીઓને અહિંસક મધનો વિચાર આપ્યો છે અને ગ્રામોદ્યોગમાં મધુમક્ષિકા પાલનનો સમાવેશ કરીને એ વિચારને તેમણે અમલી રૂપ આપ્યું છે તે હકીકત છે.

ઈંડાના બે પ્રકાર હોવાનું જણાવીને નિર્બીજ-અનફર્ટીલાઈઝ્ડ —ઈંડાના ઉપયોગનું કાકાસાહેબના લખાણમાં સમર્થન છે. કેવળ તાર્કિક દૃષ્ટિએ વિચારતાં દૂધ માફક આવા નિર્બીજ ઈંડાંને પણ વર્જ્ય ગણવા ન જોઈએ એમ આપણે સ્વીકારીએ, તો પણ ઈંડાંનો ચાલુ ઉપયોગ કરવા માંડયા પછી સબીજ અને નિર્બીજ ઈંડાનો ભેદ જળવાવો લગભગ અશકય બને છે અને ઈંડા આપતી બંધ થતા મરઘીની અને મરઘાની કતલ આ વ્યવસાય સાથે જોડાયલી જ છે એ હકીકતો ધ્યાનમાં લઈને તેમ જ ઈંડાનો ઉપયોગ ઘણી વખત માંસાહાર તરફ ઢળવાની દિશાએ પૂર્વભૂમિકા રૂપ બને છે એવો અનુભવ લક્ષમાં લઈને નિરામિષાહારી અહિંસાપરાયણ લોકોએ ઈંડાના ઉપયોગથી દૂર રહેવું એ જ મને ઈષ્ટ અને ઈચ્છનીય લાગે છે.

કાકાસાહેબના લેખના અન્ત ભાગમાં માંસાહારી વિરુદ્ધ શાકાહારીનો વિચારપક્ષ એવી રીતે રજુ કરવામાં આવ્યો છે કે તેથી સરવાળે માંસાહારનું જ સમર્થન થાય છે, જે ભારે દુ:ખદ છે. શાકાહારી વિચારણાના પાયામાં રહેલું વૈચારિક તત્વ તો એ છે કે જેમ પશુપ્રાણી સજીવ છે તેમ વનસ્પતિ પણ જરૂર સજીવ છે, આમ છતાં પણ, પશુપ્રાણી વધારે વિકસિત કોટિના જીવો હોઈને તેમની જીવસંજ્ઞા—ચેતના—વધારે વિકસિત છે અને તેથી તેનું સંવેદન વધારે તીવ્ર હોવા સંભવ છે. સુખદુ:ખના સંવેદનનો આધાર મનના ઓછા વધતા વિકાસ ઉપર રહેલો છે. પશુપ્રાણીની અપેક્ષાએ વનસ્પતિ લગભગ શૂન્યમનસ છે અને તેથી તેના સુખદુ:ખની સંવેદનની માત્રા પણ લગભગ નહિવત્ હોવી જોઈએ. આવી વાસ્તવિકતા વચ્ચે, જો આપણો નિર્વાહ વનસ્પતિથી થઈ શકતો હોય તો વિકસિત જીવોની હિંસા આપણે શા માટે કરીએ? જ્યાં હિંસા અનિવાર્ય હોય ત્યાં વધારે વિકસિત જીવોને જીવવા દેવા અને અણવિકસિત જીવો એટલે કે વનસ્પતિ વગેરે ઉપર પોતાનો જીવન-નિર્વાહ આધારિત કરવો - આવી વિચારસરણી સ્વીકારીને કરુણાપરાયણ માનવી માંસાહારને વર્જ્ય ગણે છે અને વનસ્પતિના ઉપયોગથી સંતોષ ચિન્તવે છે.

અહિં આપણે બરોબર સમજી લેવાની જરૂર છે કે આપણી વંશ-પરંપરાગત માન્યતા અને તદનુકુળ ચારે બાજુનું વાતાવરણ એ બે કારણો ઉપર અને સાથે સાથે આપણા દિલમાં પ્રગટેલી કરુણાની જ્યોત ઉપર આપણો નિરામિષઆહાર ટકેલો છે. આજે આપણે માંસાહારીઓ વડે વધારે ને વધારે ઘેરાતા જઈએ છીએ અને તેની અસર આપણી રૂઢ માન્યતા અને વાતાવરણ ઉપર ગંભીરપણે પડી રહી છે. માન્યતાને ચોક્કસ અને તર્કસંગત વિચારણાનું અને જીવન્ત કરુણાનું પીઠબળ નહિ હોય તો તે માન્યતાને પણ ડગમગવાનું જોખમ રહેલું જ છે. એટલા માટે નિરામિષઆહાર શા માટે એ અંગેની સ્પષ્ટ અને તર્કસંગત વિચારસરણી ઉપર રજુ કરવામાં આવી છે. સાથે સાથે ઉગતી પ્રજાના ઉછેરમાં અને શિક્ષણમાં કરુણાના સંસ્કાર સુદૃઢ થવાની અત્યન્ત આવશ્યકતા છે. આજે જ્યારે ચોતરફ માંસાહાર વધતો જણાય છે ત્યારે કરુણાના પ્રેરક અને પૂરક બળ સિવાય નિરામિષ આહારનો આગ્રહ લાંબો સમય ટકી રહેવાનો નથી એ આપણે નિરામિષ આહારીઓ સ્પષ્ટપણે સમજી લઈએ.

આ ચર્ચાના અનુસંધાનમાં એક મુદ્દા ઉપર ખાસ ધ્યાન ખેંચવાની જરૂર છે. આ નિરામિષઆહારનો પ્રશ્ન, દુનિયાનો મોટો ભાગ શું કરે છે અને શું નથી કરતો એ રીતે નહિ, પણ કેવળ વૈયકિતક રીતે જ વિચારવાનો છે. કોઈ પણ સંયોગમાં દુનિયાનો મોટો ભાગ માંસાહારી જ રહેવાનો છે—આવી આજની વાસ્તવિકતા છે, પણ હિંસામાંથી અહિંસા તરફ જવું એવો આદર્શ સ્વીકારનાર વ્યકિત માટે જ નિરામિષઆહારનો વિકલ્પ ઊભો થાય છે, અને આવો આદર્શ સ્વીકારનાર વર્ગ અલ્પ સંખ્યાવાળો જ હોવાનો. આવા વર્ગમાંની વ્યકિત એમ વિચારે છે કે મારે શું ખાવું અને શું ન ખાવું એનો નિર્ણય કરવાનો મારો પોતાનો અધિકાર છે અને જીવસૃષ્ટિના સંદર્ભમાં મારા દિલમાં ઉગેલી કરુણા મને એ રીતે વિચારવાને પ્રેરે છે કે મારા જીવનનિર્વાહ માટે—મારા ચાલુ આહાર માટે—વિકસિત જીવોની હિંસાના ભાગીદાર ન બનતાં અણવિકસિત જીવોની અને તે પણ બને તેટલી ઓછી હિંસા ઉપર મારે નિર્ભર બનવું. આ ધોરણ સ્વીકારનાર માટે નિરામિષઆહાર સહજપણે ફલિત થાય છે. આ ઉપરથી જેઓ માંસાહાર કરતા હોય તેમના વિષે કોઈ તિરસ્કાર કે ધૃણા ચિન્તવવાની જરૂર નથી. તેનામાં અને નિરામિષઆહારીમાં એટલો જ ફરક સમજવાનો છે કે ઊંડી સમજણ અને કરુણા પર આધારિત નિરામિષઆહાર સ્વીકારનારમાં પશુસૃષ્ટિ પૂરતી કરુણાની માત્રા વધારે પ્રમાણમાં અને માંસાહારીમાં ઓછા પ્રમાણમાં વિકસેલી હોય છે. નિરામિષઆહારી વ્યકિત માનવી સાથેના વ્યવહારમાં નિષ્ઠુર હોઈ શકે છે, જ્યારે માંસાહારી વ્યકિત માનવી સાથેના વ્યવહારમાં ખૂબ કોમળ અને મૃદુ હોય એમ ઘણીવાર જોવામાં આવે છે. આવી અસંગતિ અહિંસાની એકાંગી ઉપાસનામાંથી પરિણમે છે. જેની અહિંસા સર્વાંગી અને સર્વતોમુખી હોય છે અને જેની કરુણા જીવનની પ્રત્યેક વિચારણા અને પ્રકિયામાં પરિણત હોય છે તેવી વ્યકિતના જીવનમાં કે આચરણમાં આવી કોઈ અસંગતિ જોવામાં આવતી નથી કે સંભવતી નથી. આટલી સ્પષ્ટ સમજણ અહિંસા—અભિમુખ માનવી માટે ખૂબ જ જરૂરી છે. **પરમાનંદ**

શાસ્ત્રોનો ઉપયોગ અને તેની મર્યાદા

(તા. ૧૬-૮-'૬૮ના પ્રબુદ્ધ-જીવનમાં પ્રગટ થયેલ 'શાસ્ત્રોનો ઉપયોગ' એ મથાળા નીચેના લેખ ઉપરની તંત્રીનોંધમાં જેનો–ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે શ્રી પૂર્ણિમાબહેન પકવાસાનો પત્રના આકારમાં લખાયલો લેખ નીચે આપવામાં આવે છે.–તંત્રી)

મુરબ્બી શ્રી પરમાનંદભાઈ,

આપના તરફથી "शास्त्रोंका उपयोग"નો લેખ મળ્યો. તે વિષયપર કંઈક લખવા આપે સૂચવ્યું. કોઈપણ પ્રકારનાં વિવાદમાં ઉતરવાની મારી ઈચ્છા નથી, એટલે તેનાથી પર રહીને પૂ. સ્વામી સત્યભકતજીને આદરપૂર્વક પ્રણામ કરીને મારા નમ્ર વિચારો રજૂ કરીશ.

उत्तमा तत्त्वचिन्तैव, मध्यमा शास्त्रचिन्तनम्
अधमा मंत्रचिंता तु तीर्थयात्रा अधमाधमा ।।

આ એક શ્લોકમાં સાધનાના ચાર પ્રયોગો બતાવ્યા છે. તેમ જ તેની કક્ષાઓ પણ બતાવી દીધી છે. શાસ્ત્રો અને મંત્રો રચનાર દષ્ટાઓ હતા. તેઓને માનવબુદ્ધિની મર્યાદા, સંકુલતા અને ધમાંડનો ખ્યાલ હતો, તેથી શાસ્ત્રો રચવાની સાથે તેની મર્યાદાઓ અને ભૂમિકાઓ પણ તેઓએ બતાવી દીધી.

ઉપર્યુકત શ્લોકમાં સ્પષ્ટ બતાવવામાં આવ્યું છે કે માત્ર તત્ત્વ, કેવળ તત્ત્વનું ચિંતન, તેનો જ અભ્યાસ, મનન, સાધના અને અનુભૂતિવાળો પ્રયોગ ઉત્તમ છે. શાસ્ત્રાભ્યાસનો પ્રયોગ મધ્યમ કહ્યો છે. મંત્રરટણ જપાદિનો પ્રયોગ કનિષ્ટ કહ્યો છે, અને તીર્થાટન મંદિર, દેવપૂજા અર્ચના આદિને 'અધમાધમ' એટલે કે નિકૃષ્ટ ચોથા નંબરનો પ્રયોગ કહ્યો છે.

આ ચારેય પ્રયોગોને પોતપોતાનું સ્થાન અને મહત્ત્વ છે જ. એ ચારેય પ્રકારનાં પ્રયોગો કામમાં લાગે તેવા લોકો સમાજમાં છે, અને સદા રહેવાનાં છે. એટલે એ બધા પ્રકારનાં પ્રયોગો પણ સદા રહેવાના છે. ચારેય પ્રયોગોને પોતપોતાની કક્ષાઓ છે. એ કક્ષાઓ પણ સદા રહેશે જ. મધ્યમ પ્રયોગને કદિ ઉત્તમ ન કહી શકાય. તેમ જ તેથી નીચેનાને ઉપરનો નંબર નહીં મળી શકે. તેઓ પોત-પોતાને સ્થાને જ રહી શકશે.

"समाज तो बालक समान है, उसे सिखाना पडता है" એ વાત સાચી છે. અને એટલે જ જે પાત્રો બિલકુલ આ દિશા તરફ નજર જ ન કરી શકતા હોય તેમને એ બાજુ વાળવા માટે, તેમની દષ્ટિ આ તરફ કરવા માટે નિકૃષ્ટ પ્રકારનો ચોથો પ્રયોગ કામમાં લાગી શકશે. ત્યાં પ્રથમ કક્ષાનો ઉત્તમ તત્ત્વચિંતનનો પ્રયોગ કદાચ કામ નહીં આપી શકે. તેમ જ મધ્યમ અને કનિષ્ટ પ્રયોગો પણ ઉપયોગી નહીં નીવડે. બાળકને જેમ રમકડું આપવામાં આવે છે, અને તે રસપૂર્વક આનંદથી તેની સાથે રમે છે, તેવી જ રીતે આ ભૂમિકાવાળા પાત્રોને તીર્થયાત્રા, દેવદર્શન, મંદિર, ભગવાનની સગુણ સદેહ મૂર્તિ, તેની પૂજા, અર્ચના, ફૂલોનાં શણગાર, અલંકારો, વસ્ત્રો આદિ અને તે અંગેની અનેક પ્રકારની વિધિઓ અને કર્મકાંડ આદિ આપવામાં આવ્યાં. તેઓને આ બધામાં ખૂબ મજા પડવા લાગી. મોટી સંખ્યામાં લોકો આવી રસપ્રદ ક્રિયાઓમાં જોડાઈને પોતે ધન્ય બન્યા માને છે. બનવું એમ જોઈતું હતું કે આ પ્રયોગને ઠીક ઠીક સમજીને તેઓએ બીજા પ્રયોગમાં જવાનું હતું. છેવટે તેમાંથી થોડા લોકો તો એવા નીકળવા જોઈતા હતા કે જેઓમાં જિજ્ઞાસા જાગૃત થાય અને આગળ વિકાસ સાધવા માગે, તેમ જ બીજામાંથી ત્રીજામાં, અને છેવટે ચોથા ઉત્તમ પ્રયોગ સુધી તેઓ પહોંચી જાય.

જેમ બાળકમાંથી કિશોર, કિશોરમાંથી યુવાન અને યુવાનમાંથી પ્રૌઢ અવસ્થાની ભૂમિકા આવે જ છે, પણ તે તો શારીરિક અવ-સ્થાનો વિકાસક્રમ થયો, કે જે પોતાની મેળે ચાલ્યા જ કરે છે. તેને માટે કોઈ પરિશ્રમ નથી કરવો પડતો. પણ માનસિક અવસ્થાની ભૂમિકાઓનાં શિખરો સર કરવા માટે પહેલા તો દૃષ્ટિ અને સમજ જોઈએ. ત્યારબાદ તીવ્ર જિજ્ઞાસા અને પછી અચલ દઢ પ્રતિજ્ઞા હોવી જોઈએ. ત્યારે જ મનની બાળક અવસ્થામાંથી મનુષ્ય પેલી વચ્ચેની ભૂમિકાઓ પસાર કરીને ખરેખરી પ્રૌઢ અવસ્થાએ પહોંચી શકે છે. અન્યથા તે સદા માટે બાળક જ રહી જાય છે, અને બાળક અવસ્થામાં જ મૃત્યુ પામે છે. મોટાભાગનાં મૃત્યુ આ જાતનાં બાળકમૃત્યુ જ થતાં હોય છે. માણસ હજી રમકડાંની રમતમાં જ તલ્લીન છે, તેમાં જ તેને રસ પડે છે, મઝા આવે છે, એટલું જ નહીં પણ, જીવન સાર્થક બન્યાનો, જીવન ધન્ય બન્યાનો, પુણ્યનો પહાડ ચઢી ગયાનો ભ્રામક આત્મસંતોષ મેળવતો થઈ જાય છે. આવાં કેટલાંયે ઉદાહરણો આપણને આસપાસ જોવા મળે છે, એટલું જ નહીં પણ, પ્રમાણિકપણે વિચારતાં આપણે પોતે પણ એ માંહેનું જ એક પાત્ર છીએ એવો ખ્યાલ પણ સ્પષ્ટરૂપે આવી જ જાય છે.

શાસ્ત્રો તો નકશો છે. તેને જોઈને, સમજીને છેવટે પંથ તો આપણે પોતે જ કાપવો પડશે. પણ માત્ર નકશાના જ તલસ્પર્શી અભ્યાસમાં લાગી જવાય તો એક ઈંચ પણ આગળ પ્રવાસ ન થઈ શકે. ધ્યેય એટલું ને એટલું લાંબે રહી જશે. અહીં શાસ્ત્રની મર્યાદા આવી જાય છે. જેઓએ શાસ્ત્રોની રચના કરી, તેઓ તત્વ-દષ્ટા હતા, એટલે તેમણે બહુજ વિચાર અને સમજપૂર્વક રચ્યા કે તેમાંથી લોકોને યોગ્ય માર્ગદર્શન મળી શકે, પણ તેને જ પૂરો આધાર સમજીને પકડી બેસવા માટે નહીં, તેમ જ તેમાંથી ગ્રહણ કરવું કે તેને ફેંકી દેવા એ બે જ રસ્તાઓ માત્ર નથી, પરંતુ એક વચ્ચેનો માર્ગ પણ છે અને તે એ કે તેનો નકશા તરીકે ઉપયોગ કરવો.

આપણા સંતપુરુષો, દષ્ટાઓ અને ઋષિઓને માનવીનાં બાળક જેવા મનનો ખ્યાલ હતો. તેઓ જાણતા હતા કે માનવ-મનને તો બસ માત્ર કોઈ આધાર મળી જાય, પછી ભલેને મૂર્તિ હોય, માળા હોય, નામજપ, સ્મરણ હોય, શાસ્ત્ર હોય કે ક્રિયાકાંડ હોય. તેને તો આ આધારને પકડીને આંખો બંધ કરીને બસ બેસી જવું જ ગમશે, પરિશ્રમ, પુરુષાર્થ કરવાની તત્પરતા તેનામાં નહીં હોય, અને એટલે જ શાસ્ત્રોની અંદર પણ તેઓએ વારંવાર તકેદારીઓ ઉચ્ચારી છે. ઉદાહરણાર્થે આદિ શંકરાચાર્યના "विवेक चुडामणि"ના ત્રણ શ્લોકો આપણે જોઈએ:

अविज्ञाते परे तत्त्वे, शास्त्राधीऽतिस्तु निष्फला ।
विज्ञातेपि परे तत्त्वे, शास्त्राधीतिस्तु निष्फला ।।

અર્થાત: જો પરમતત્વને ન જાણી શકયા તો શાસ્ત્રાધ્યયન નિષ્ફળ છે, અને જો પરમતત્વને જાણ્યું તો પણ શાસ્ત્રાધ્યયન નિરર્થક જ છે. અહીં 'નિષ્ફળ' અને 'નિરર્થક'નાં શબ્દાર્થ ન લેવા જોઈએ. શ્લોકનું રહસ્ય એ છે કે શાસ્ત્રોના શબ્દો સુધી જ માત્ર ન રહી જવું, પણ પ્રત્યેક શબ્દનાં ભાવનાં ઊંડાણમાં જઈ સ્વયં તે ભાવસ્વરૂપ બની જવું, તો જ પરિણામસિદ્ધિ હાંસિલ થાય છે.

शब्दजालं महारण्यं, चित्तभ्रमणकारणम् ।
अतः प्रयत्नाज्ज्ञातव्यं, तत्त्वज्ञात्तत्त्वमात्मनः ।।

શબ્દશાળ તો ચિત્તને ભટકાવનારું એક મહા અરણ્ય છે. માટે તેમાં ભટકવાનું છોડીને કોઈ જ્ઞાનીજન પાસેથી પ્રયત્નપૂર્વક અને પરિશ્રમપૂર્વક સીધું જ આત્મતત્વને જાણવાનું કામ કરવું જોઈએ.

अज्ञानं सर्पदष्टस्य, ब्रह्मज्ञानौषधं विना ।
किमु वेदैश्च शास्त्रैश्च, किमु मंत्रैः किमौषधैः ।।

અજ્ઞાનરૂપી સર્પનો દંશ જેને થયો છે, તેને બ્રહ્મજ્ઞાનરૂપી ઔષધિ વગર વેદ, શાસ્ત્ર, મંત્ર અને બીજી કોઈ દવાથી લાભ નહીં થાય.

હવે આપણે તત્વાર્થસૂત્રનાં પ્રારંભનાં બે ચરણો જોઈએ, એટલે ખ્યાલ આવશે કે મહાન તત્ત્વવેત્તાઓ અને આચાર્યોની વિચાર-સરણીમાં કેટલી એકતા રહેલી છે.

सम्यक्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः
तत्त्वार्थश्रध्धानम् सम्यक्दर्शनम् ।।

તત્ત્વની સ્પષ્ટ સમજથી સમ્યકદર્શન થાય છે. "उत्तमा तत्त्वचिन्तैव। "વાળો વિચાર અહીં કેટલો બંધબેસતો થાય છે? તત્વની સ્પષ્ટ સમજ વિના સમ્યક્ એટલે કે સાચું, યથાર્થ, જે જેવું છે તેનું તે પ્રકારનું–દર્શન શક્ય બનશે નહીં અને સમ્યક્દર્શન વિના કેવળદર્શન અસંભવ છે. તો જ્યાં સમ્યક્ અને કેવળ દર્શન પ્રયુકત નથી ત્યાં મિથ્યાદર્શનનો પ્રયોગ જ હોય એ વાત પણ સ્પષ્ટ જ છે. અને આપણે કયા પ્રયોગમાં છીએ અને આપણો શો અનુભવ છે તે પણ પ્રત્યક્ષ છે. જે સમાજ જીવન-વિજ્ઞાનનાં આવા મહાન પ્રયોગો પર નિર્ભર છે, અને પોતાનું ગૌરવ સમજે છે, અને એ ગૌરવ સમજાવા છતાં તેને પોતાને એક પ્રયોગની સિદ્ધિ નથી થતી તો તે મિથ્યાદર્શનની, અજ્ઞાનદશાની, મોહવશ સ્થિતિમાં જ પડેલો છે એ વાત સમજવી અઘરી નથી. આવી સ્થિતિવાળા પાત્રો બાહ્ય મિથ્યા આડંબર અને ભાતભાતના ક્રિયાકાંડોમાં રચ્યાપચ્યા રહેતા હોય છે અને તેમાં જ ધર્મને જાણી સમજી અને આચર્યાનો સંતોષ મેળવતા હોય છે.

તત્વના ધર્મો, તેની સ્થિતિ, તેનું સ્વરૂપ, તેની અવસ્થા, અને પરિણામ–જેમ છે તેમ ને તેમ જ–તે પર પોતાની કોઈ પણ માન્યતા લગાડયા વિના–નિષ્પક્ષ રીતે સ્પષ્ટ જોવા જોઈએ. તત્વના ધર્મો, ચેતના અને સૂક્ષ્મથી પણ સૂક્ષ્મભાવથી માંડીને વિચારની પ્રત્યેક દિશા, તેની ગતિ, તેની કાર્યપ્રવૃત્તિ, તેનાં પરિણામ, પ્રત્યાઘાત, પુનઃપુનઃ પ્રવૃત્તિ અને એથી નિરંતર બનતો રહેતો સતત અનુભવ કે જે અનાદિ અનંતકાળથી ચાલી રહ્યો છે તે, જેમ છે તેમને તેમ જ, સ્પષ્ટ જોવામાં આવી શકે એનું નામ સમ્યક્દર્શન, આમ જોવા પછી ત્યાંથી જ સમ્યક્જ્ઞાનના પ્રયોગનો આરંભ થાય છે અને એ પરિપકવ પ્રયોગની ચેતનાથી જે કાર્યપ્રવૃત્તિ થાય છે તે જ સમ્યક્ ચારિત્ર્ય છે. આ પ્રમાણે પોતાનું બંધન કયાં છે, અને તેમાંથી છૂટકારો કેમ મેળવવો, અરે પોતે સદા છૂટો જ છે, કયારે ય પણ બંધાયો જ નથી તેવી સમજનો ઉદ્ભવ અને અનુભવ થાય તેને મોક્ષમાર્ગ કહ્યો છે. આવા મહાન આચાર્યો કે જેમણે દર્શનો અને શાસ્ત્રો રચ્યા તેમાં સમત્વ છે, તેમનાં વિચારોમાં કોઈ ભિન્નતા નથી, પણ તે સૌએ "તત્વ"ને જેમ છે તેમ જ જોવા સમજવાનું કહ્યું છે તે સત્ય પણ તેમાંથી સમજાય છે.

ઉપર્યુકત શ્લોકો અને ચરણોમાં થોડામાં ઘણી મોટી વાત કહેવાઈ છે. થોડામાં ઘણું કહેવું તે કલા તેઓને સાધ્ય હતી. એક શ્લોક અથવા એક જ ચરણને તેની અંદર રહેલી ચેતનાને લઈને યોગ્ય રીતે સમજાવવામાં આવે, અને પછી તેનાં ભાવમાં ઉતરવાનું બને તો તેટલામાં પણ જ્ઞાન થવું સંભવિત બની જાય, પણ માત્ર શબ્દો અને તેનાં અર્થમાં જ અટવાયા તો ગમે તેટલા શાસ્ત્રો ઉથલાવવાથી પણ કશો અર્થ નથી સરતો.

પૂ. આચાર્ય રજનીશજીને મારા સમજવા પ્રમાણે શાસ્ત્રો સામે કોઈ વિરોધ નથી, પણ જેમ આદિ શંકરાચાર્યે સ્વયં પોતે શાસ્ત્રો રચ્યા હોવા છતાં તેની સામે લાલબત્તી ધરી દીધી છે, અને એ 'મહાવન'માં અથડાઈ કુટાઈને ત્યાં જ અટકી ન જતાં તેનો વાસ્તવિક ઉપયોગ કરીને બ્રહ્મજ્ઞાનને, પરમતત્વને સીધેસીધું જ સમજવા અને અનુભવવાની સલાહ આપી છે, તેવી રીતે પૂ. આચાર્ય રજનીશજી પણ ભલે પોતે વ્યાખ્યાનો આપે છે, શિબિરો ભરે છે, તેમનાં પ્રવચનોનાં પુસ્તકો પણ છપાય છે, છતાં તેની મર્યાદા તરફ તેઓ હંમેશાં લક્ષ ખેંચતા રહે છે. અને શાસ્ત્રોના મહાવનમાં ગુંચવાઈને અટકી ન જતાં સીધા તત્ત્વ તરફ જવા પ્રેરતા હોય છે. તેમનાં મંતવ્ય પ્રમાણે જો પ્રયોગ કરવો તો उत्तम જ શા માટે નહીં? "उत्तमा तत्त्वचिन्तैव." તે છતાં એમનો પ્રયોગ પણ જો કેવળ વ્યાખ્યાનો સુધી જ રહેશે તો તેમાંથી પણ સચોટ પરિણામો આવવા સંભવ નહીં બને.

આવા ઉત્તમ પ્રયોગ તરફ જવાની પ્રેરણા આપનાર દષ્ટા અને સંતની સ્વાનુભવની વાતોને વિપરીત રીતે સમજવા માટે પણ સૌને સ્વતંત્રતા હોવી જોઈએ. પણ સાથે સાથે વિવેકદષ્ટિનો ઉપયોગ હોય તો તે વાતો વિપરીત રીતે કદિ સમજાય નહીં, તે પણ તેટલું જ સાચું છે.

મારા એક વિદ્વાન મિત્ર જ્યારે જ્યારે મળે ત્યારે પૂ. આચાર્યજીની શાસ્ત્રો ન વાંચવાની વાતને વારંવાર મજાકમાં ઉડાવ્યા કરે, અને તે સામે પોતાનો પ્રચંડ વિરોધ જાહેર કરવાની એકપણ તક જવા ન દે. તેઓ એમ પણ જણાવતા હોય છે કે ગીતા તેઓ વર્ષોથી વાંચે છે, અને તેમાંથી તેઓને ઘણી પ્રેરણા અને શાંતિ મળ્યાં છે. તેમની વાત સાચી છે. શાસ્ત્રોને ન વાંચવાની વાતને ઉપરછલ્લી રીતે સમજવામાં આવે તો તે કેવી રીતે ગળે ઉતરે? કારણકે મોટે ભાગે લોકો એ પુસ્તકોને જ માર્ગદર્શક તરીકે માનીને ચાલતા હોય છે, જો કે તેનાં મૂળમાં રહેલા ગર્ભિત રહસ્યોને સમજવા કે તેને જીવનમાં ઉતારવા વિષે તેઓ બહુ સંચિત નથી હોતા. આવા લોકો ચેતનાની જે ભૂમિકા પરથી બોલતા હોય છે તે ભૂમિકાનો ખ્યાલ આવી જાય છે તો પછી તેમનાં બોલવા બાબત કશો અફસોસ થતો નથી. તેમને જવાબ આપવાપણું તો હોય જ નહીં. તેઓમાં ખૂબ વિદ્વતા, પાંડિત્ય અને તેનો દર્પ આવે છે. એટલે અકાટય તર્કવિતર્કો કરવામાં તેઓ કુશળ અને નિપુણ હોય છે. વિનાકારણે કોઈની વાતોને કેમ તોડી પાડવી, ઉપદ્રવો કેમ પેદા કરવા આદિ ખંડનમંડનની પ્રવૃત્તિ તરફ આકર્ષણ રહે છે, બહિર્મુખતા આવે છે, એટલે તેમને બોલવાનું ઘણું ગમે છે, તે માટેની તકો પણ ઊભી કરતા હોય છે, એ જાતની પ્રવૃત્તિઓ ચલાવવાનું ગમે છે. શાબ્દિક સમજ અને વિદ્વત્તા શાસ્ત્રોનાં અભ્યાસમાંથી સારી રીતે મળી રહે છે. એટલે લખવાની પ્રવૃત્તિ પણ સરસ રીતે કરી શકાય છે, આધ્યાત્મિક વ્યાખ્યાતા, લેખક, નેતા આદિની પદવી પણ હાંસિલ કરી શકાય છે. એકવાર આ દિશામાં આગળ વધવાનું થાય પછી અંતર્મુખ થવામાં ઘણી મુશ્કેલી આવે છે. કારણકે આ બહારની પ્રવૃત્તિઓમાં બહુ રસ પડી જાય છે. માન, મોભો કે પદ મળે છે એટલે તેને અહંકાર પેદા થાય છે. આ ક્ષેત્રમાં આગળ વધવામાં સમય અને શકિત ખર્ચાય છે, એટલે ત્યાંથી પાછા વળીને આત્મા તરફ વળવાનું બનતું નથી. જો કે આખો વખત તેઓ આત્માની જ વાતો કરતા હોય છે, પણ સાચા આત્માથી હજારો જોજન દૂર રહી જતા હોય છે, તે છતાં પોતે આત્માને જાણી લીધો છે, અને બીજાઓને તે તરફ વાળવાની જ પોતે પુણ્ય-પ્રવૃત્તિ કરી રહ્યા છે તેવા ભ્રામક અને અહંકારી સંતોષમાં તેઓ લીન હોય છે, જ્યારે સાચા જ્ઞાનીઓની પ્રવૃત્તિમાં થોડો ફરક હોય છે. તેઓ જે વાતો કહે છે તે પોતાના સ્વાનુભવમાંથી પ્રગટેલી હોઈને તેમાં સ્વાનુભૂતિની સુગંધ હોય છે, જ્યારે વિદ્વાનો અને પંડિતો બીજાનાં અનુભવની ઉધાર વાતો–પોતે વાંચેલી, અને બુદ્ધિથી સમજેલી—કહેતા હોય છે, છતાં ઘણી આકર્ષક શૈલીમાં કહેવાથી સાંભળનારાઓને મઝા તો પડે જ છે, પણ તેમાં કોઈનું કલ્યાણ થતું નથી. આપણી સામે જો આત્માને પામવાનું જ ધ્યેય હોય તો તેનાં જાણકાર સાચા જ્ઞાનીને શોધવા જોઈએ. તીવ્ર જિજ્ઞાસા પ્રગટે છે, ત્યારે એવા જ્ઞાનીજનનો ભેટો અવશ્ય થઈ જ જાય છે. બાકી કહેવાતા વિદ્વાનો કે પંડિતો ન પોતાનું કલ્યાણ કરી શકે છે કે ન તો પોતાનાં શ્રોતાજનોનું.

અપૂર્ણ

પૂર્ણિમાબહેન પકવાસા

☆ 'પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય' વિષે ☆

(પંદરેક વર્ષ સુધી સર્વોદય યાત્રા અંગે જેમણે દેશમાં પ્રયાણ કર્યું છે અને હાલ જેઓ અમદાવાદ ખાતે શ્રી પી. ટી. આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજમાં ગુજરાતી અને સંસ્કૃતના અધ્યાપક છે તે પ્રાધ્યાપક હરીશભાઈ વ્યાસ તરફથી થોડા દિવસ પહેલાં મળેલો તા૦ ૮-૮-'૬૮નો પત્ર નીચે પ્રગટ કરવામાં આવે છે. એ પત્રમાં જે સંસ્થાની પ્રવૃત્તિઓની કડક આલોચના કરવામાં આવી છે તે સંસ્થાના પ્રવર્તક પોતાને 'પ્રજાપિતા બ્રહ્મા' કહેવડાવે છે અને પોતે ઈશ્વરના અવતાર છે એમ પોતાનાં અનુયાયીઓને મનાવરાવે છે. તેઓ મૂળ મુલતાની ગૃહસ્થ છે અને આ સંસ્થા શરૂ કર્યા પહેલાં મુંબઈમાં તેઓ ઝવેરાતનો વ્યવસાય કરતા હતા અને દાદા લેખરાજના નામથી ઓળખાતા હતા આટલી તેમના વિષે માહિતી આપવી જરૂરી છે. પરમાનંદ)

સ્નેહીશ્રી પરમાનંદભાઈ,

'પશ્ચિમ ભારત સર્વોદય-પદયાત્રા' નિમિત્તે મુંબઈ શહેરમાં એક વર્ષ રહેવાનું થયું. તે દરમ્યાન મને 'પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય'ને નામે ચાલતી સંસ્થાનો ઠીક ઠીક પરિચય મળ્યો. પ્રસ્તુત સંસ્થાની સાથે સંકળાયેલાં કેટલાક ભાઈ-બહેનોએ મને આ અંગેનું સાહિત્ય પણ વાંચવા આપ્યું. ત્યાર બાદ તેમણે આ સંપ્રદાય અંગે મારી પાસે અભિપ્રાય માગ્યો. એમાંથી એમની સાથે કેટલીક ચર્ચા-વિચારણાઓ થઈ. ત્યાર બાદ ગુજરાતમાં અમદાવાદ અને સૌરાષ્ટ્રમાં ફરતાં ફરતાં આ સંસ્થા વિશે વિશેષ પરિચય મળ્યો. આ સંસ્થાનું કેન્દ્ર માઉન્ટ આબુમાં છે. ત્યાં પણ જાતતપાસ કરવા જઈ આવ્યો. આ બધી માહિતી, સાહિત્યનો અભ્યાસ અને પ્રત્યક્ષ પરિચય મેળવ્યા બાદ, સમાજહિતની દૃષ્ટિએ ચેતવણીરૂપે વસ્તુસ્થિતિ રજૂ કરવી મને આવશ્યક લાગી છે. તો 'પ્રબુદ્ધ જીવન'માં જાહેર હિતની દૃષ્ટિએ આ પત્ર છાપી આભારી કરશો.

આબુમાં નખી તળાવના કાંઠા ઉપર 'પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય' નામે સંસ્થા ચાલે છે. સંસ્થાનું મુખ્ય કેન્દ્ર માઉન્ટ આબુમાં છે, પણ એની શાખા–પ્રશાખાઓ દેશમાં ઠેર ઠેર ફેલાયેલી છે. આ સંસ્થાના પ્રવર્તક પોતાને 'પ્રજાપિતા બ્રહ્મા' કહેવડાવે છે એટલું જ નહિ પણ પોતે ઈશ્વરનો અવતાર છે એમ એમના અનુયાયીઓમાં મનાવરાવે છે. સંસ્થાનાં ચિત્રોમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની ત્રિપુટીમાં બ્રહ્માને સ્થાને પોતાનું ચિત્ર રજૂ કરાવે છે અને જાણે પોતે સૃષ્ટિના સર્જક છે એવો ખ્યાલ ઊભો કરે છે.

બીજું, શિવ અને શંકરને તે અલગ માને છે. શિવ નિરંજન-નિરાકાર છે, જ્યારે શંકર નથી.

ત્રીજું, તેમણે પોતાના તરફથી 'ગીતા' પ્રગટ કરી છે. એની શરૂઆતમાં જ એમણે ચર્ચા કરી છે કે મહર્ષિ વ્યાસે લખેલી 'ગીતા' ખોટી છે, જ્યારે પોતે લખેલી 'ગીતા' સાચી છે. કારણ પોતે શુદ્ધ અવતાર છે.

ચોથું, વ્યાસ, વાલ્મીકિ, યાજ્ઞવલ્કય, પરાશર, પતંજલિ વગેરેના ગ્રંથોને પણ તે સ્વીકારતા નથી. છતાંયે તેમના 'ગીતા' આદિ ગ્રંથોમાં ઠેર ઠેર મહર્ષિ વ્યાસ રચિત 'ગીતા'ના શ્લોકો ઉદ્ધૃત કરીને ભોળી જનતાને પોતાની 'ગીતા' સમજાવે છે. આમાંથી ભ્રમ જ ઉત્પન્ન થાય છે.

પાંચમું, રામ, બુદ્ધ, મહાવીર જેવા મહાન પુરુષોનો પણ એ સ્વીકાર કરતા નથી. એ બધા સામાન્ય પુરુષો હતા. આજ સુધી જે અવતારો થયા, એમનામાં રજોગુણ અને તમોગુણ પણ હતા, પરન્તુ બ્રહ્માનો આ નવો અવતાર 'પ્રજાપિતા બ્રહ્મા' શુદ્ધ સત્ત્વગુણી છે, રજોગુણ-તમોગુણથી મુકત છે એમ તે જાહેર કરે છે. ખેર! કૃષ્ણ અને કૃષ્ણની ગીતા ખામીવાળાં હતાં, જ્યારે પોતે શુદ્ધ (પૂર્ણ) હોવાથી એમની ગીતા ખામીરહિત છે. વળી એમના ધર્મપ્રચારકોના બિલ્લા ઉપર રાધા-કૃષ્ણનો ફોટો હોય છે. એક બાજુ હિન્દુ શાસ્ત્રો, દેવો અને શાસ્ત્રકારો તથા ઋષિમુનિઓનું ખંડન કરે છે અને બીજી બાજુ હિન્દુ દેવી-દેવતાઓનાં ચિત્રો અને કથનોનો ઉપયોગ કરવામાં આવે છે. આ બધું સામાન્ય જનતાને ભ્રમમાં નાંખે તેવું છે. ધ્યાન, બ્રહ્મચર્ય આદિ યોગશાસ્ત્રના યમ-નિયમોનો એ સ્વીકાર કરે છે અને પતંજલિની વાતો ખોટી છે એમ સમજાવે છે. વળી રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, ગાંધીજી, વિનોબાજી જેવા મહાપુરુષોના વિચારોને તે 'ભ્રમિત' કહે છે. આમ જોઈએ તો આ પંથના સિદ્ધાંતોમાં કોઈ તર્કસંગત કે બુદ્ધિસંગત વાત દેખાતી નથી.

ખરેખર તો આજ સુધીના કોઈ લોકોત્તર પુરુષે પોતાને 'અવતાર' તરીકે મનાવ્યો નથી. હા, લોકોએ તેમને 'અવતાર' તરીકે માન્યા હોય એવું બન્યું છે. ગાંધીજી, નેહરુજી વગેરેને 'કલ્કિ અવતાર' તરીકે મનાવવાના અને મંદિર બનાવી મૂર્તિપૂજા કરવાના પ્રયોગો થયેલા. પણ તે કાળમાં એ મહાપુરુષોએ એનો જાહેરમાં વિરોધ કરેલો અને આવો પાખંડ ફેલાવતા લોકોને મૂર્તિપૂજા આદિ કરતાં અટકાવેલા.

છઠ્ઠું, બધાં શાસ્ત્રો ખોટાં છે, અન્ય પંથો ખોટાં છે, માત્ર પોતાનો પંથ જ સાચો છે અને એ જ માર્ગે મોક્ષ પામી શકાય, બીજા માર્ગે નહિ. વળી કળિયુગ પૂરો થવા આવ્યો છે અને દશેક વર્ષ બાદ સત્‌યુગનો પ્રારંભ થશે અને દેવતાઓ પૃથ્વી પર ઊતરશે. આવી બધી અસંગત વાતો પોતાના ધર્મપ્રચારકો દ્વારા તે ફેલાવે છે.

સાતમું, એમના ધર્મપ્રચાર માટે મોટે ભાગે સ્ત્રીઓનો ઉપયોગ થાય છે. એને માટે ખાસ પ્રકારની તાલીમ, દીક્ષા વગેરે આપીને 'બ્રહ્માકુમારી' બનાવવામાં આવે છે. સામાન્ય રીતે ધાર્મિક ક્ષેત્રે બહાર આવીને કામ કરવાની તક સ્ત્રીઓને ઓછી સાંપડે છે, એટલા માટે સ્ત્રીઓ વિશેષ ખેંચાય છે. સ્ત્રીઓમાં પડેલાં ભકિત, શ્રદ્ધા અને અજ્ઞાનનો લાભ ઉઠાવીને તેમને ગલત માર્ગે દોરવામાં આવે છે.

આઠમું, પ્રસ્તુત સંસ્થાની જાત તપાસ માટે અમે માઉન્ટ આબુ જઈ આવ્યાં. ત્યાં કહેવામાં આવ્યું કે ઈશ્વરીય વિશ્વવિદ્યાલય તરફથી ચાલતા તાલિમ શિબિરમાં દશ દિવસ તાલીમ લીધા બાદ, શ્રદ્ધાની પાકી ખાતરી કરીને યોગ્ય લાગશે તો જ 'પરમપિતા બ્રહ્મા'ની મુલાકાત કરાવવામાં આવશે. આમ 'પ્રજાપિતા બ્રહ્મા' વિશે ખૂબ ગુપ્તતા રાખવામાં આવે છે. આ પંથમાં પૂર્ણ શ્રદ્ધા ધરાવતાં 'બ્રહ્માકુમારીઓ' અને 'બ્રહ્મકુમારો'ને જ 'પરમપિતા બ્રહ્મા'નો દર્શન-લાભ સાંપડી શકે છે.

આબુમાં સર્વોદય નેતા આચાર્ય શ્રી દાદા ધર્માધિકારી અને બહેન વિમલા ઠકાર પણ રહે છે. આ અંગે દાદા સાથે વાતચીત કરતાં તેમણે કહ્યું કે વિમલાબહેન ત્યાં જઈ આવ્યાં છે. તેમને પણ આ સંસ્થા વિશે કેટલીક આશંકાઓ પેદા થયેલી. અજ્ઞાન, શ્રદ્ધા અને ભકિતમાં માનતા આ દેશમાં આવા અનેક પાખંડ ચાલે છે. ખેડા જિલ્લામાં ભાદરણ ગામમાં 'પુરુષોત્તમ ભગવાન' પ્રગટ થયેલા. અને તેમની પાંખડલીલા દશબાર વર્ષ ટકેલી. એ જ પ્રમાણે બોચાસણની બાજુમાં સૈજપુર ગામે એક બ્રાહ્મણ વિધવાએ પોતે 'શકિતનો અવતાર' છે એમ જણાવીને ઠીક ઠીક સમય સુધી ધતિંગ ચલાવેલું. પાછળથી ભંડો ફૂટતાં બધું શમી ગયેલું. 'પ્રજાપિતા બ્રહ્મા' તરફથી ચાલતું આ 'બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય' પણ જોરશોરથી દેશમાં ફેલાઈ રહ્યું છે ત્યારે સમાજહિતની દૃષ્ટિએ, ચેતવણીરૂપે લાલબત્તી ધરવાનું મને ઘટિત લાગ્યું છે. આ બાબતમાં દેશના સમાજસેવકો અને સરકાર જાગૃત થાય અને જાહેર જનતા આવાં ધતિંગોમાંથી બચે એવી મારી નમ્ર વિનંતી છે. જય જગત્.

ઘરમાં સૌને સસ્નેહનમસ્કાર, યુવક સંઘના મિત્રોને સ્નેહસ્મરણ. કુશળ હશો.

લિ. સ્નેહાંકિત હરીશભાઈ વ્યાસના જય જગત્

☆ સ્વારોગ્ય એટલે શું ? ☆

મારા "પ્રબુદ્ધજીવન"માં છપાયલા લેખ "સુખ-મૃત્યુ" વિષે ગુજરાતના એક મૌલિક વિચારક અને પ્રખર વિદ્વાન ડૉ. કાંતિલાલ શાહનું ચર્ચાપત્ર તા. ૧-૬-'૬૮ના "પ્રબુદ્ધજીવન"માં મેં વાંચ્યું. એ ચર્ચાપત્રમાં એમણે જે અનેક રસિક મુદ્દા ઉપસ્થિત કર્યા છે એનો જવાબ એક ટૂંકા લેખમાં આપવાનું કામ અશક્ય છે. છેલ્લાં ૩૨ વર્ષ થયાં જે લોકો મારા લેખો નિયમિત વાંચે છે, એમને મારે કોઈ જ ખુલાસો કરવાની જરૂર નથી. એમને માટે બધું હસ્તામલકવત છે. ઉલટપક્ષે જે માત્ર પ્રસંગોપાત વાંચે છે તેમને બધું સમજાવવા માટે મારે એક આખી લેખમાળા લખવી પડે, જેને માટે "પ્ર. જી."માં જરૂરી જગ્યા મળવી અશક્ય છે. એટલે આ લેખમાં હું માત્ર સ્વારોગ્ય વિષે ટૂંકો ખુલાસો કરી સંતોષ માનીશ.

"એલોપથીના મહાપંડિતોએ લખેલા હજારો પાનાંના સેંકડો રૂપિયાની કિંમતના અનેક સર્વસંગ્રહો હું જોઈ ગયો છું. પણ એમાં મને ક્યાંય સ્વારોગ્ય વિષે એક લીટી સરખી વાંચવાની મળી નથી." આ પ્રકારના મારા વિધાનને હું અક્ષરસ: વળગી રહું છું.

આ વાકય લખતી વખતે મારી નજર આગળ મારા મિત્ર ડૉ. મહાદેવપ્રસાદને ત્યાં મારા જોવામાં આવેલ "British Encyclopedia of Medical Sciences" નામનો મહાન સર્વસંગ્રહ હતો. એજ રીતે સેવિલની "A Clinical System of Medicine" જુઓ તો એમાં આરોગ્યની વ્યાખ્યા કરતા પહેલાં જ રોગની વ્યાખ્યા કરી નાખી પુસ્તક શરૂ કરી દીધું છે! આવાં દષ્ટાંતોનો જેટલો ગુણાકાર કરવો હોય તેટલો કરી શકાય.

માનવીના જ્ઞાનની ઉત્પત્તિ એના અનુભવમાંથી છે, અને એ અનુભવને વ્યકત કરવા માટે દરેક શાસ્ત્ર પોતપોતાની આગવી પરિભાષા યોજ્યું હોય છે. દા. ત. શુદ્ધ આયુર્વેદમાં માનનાર એક વૈદને માટે પોતાની પરિભાષા જેટલી સરળ છે, તેટલી જ 'બેકટેરિયા, બેસીલી, ફોકસ, ઈમ્યુનિટી' વગેરેની પરિભાષા અગમ્ય છે. એવું જ દવાવાદની દુનિયાની બહાર ન ગયેલા દાકતર માટે "વાત, પિત્ત, કફ, પથ્ય, પ્રભાવ, વિપાક, વીર્ય" વગેરેની પરિભાષા છે.

આની આ હકીકત નિસર્ગોપચાર માટે સાચી છે. "સ્વારોગ્ય" એ શબ્દ આ સદીની શરૂઆતમાં બ્રિટનના સ્વાસ્થ્યસંત શ્રી યુસ્ટેસ માઈલ્સે યોજ્યો છે. એ પોતે ૨૭ વર્ષની ઉમ્મરે બ્રાઈટ્સ ડિઝીજનો ભોગ થઈ પડયા. દાકતરોએ એમને માટે તમામ આશા છોડી દીધા પછી, (આજે પણ બ્રાઈટ્સ ડિઝીઝ દવાવાદની દષ્ટિએ અસાધ્ય ગણાય છે) એ નિસર્ગોપચાર તરફ વળ્યા, સંપૂર્ણ સાજા થયા અને દુનિયાના ટેનિસના ચેમ્પિયન થયા! ત્યારપછી એમણે પ્રચલિત નિસર્ગોપચારની પદ્ધતિમાં અનેક સુધારાવધારા કરી અનેક વર્ષોના, હજારો અસાધ્ય રોગીઓના અનુભવ ઉપરથી જે આરોગ્યમય જીવનકલા સર્જી, એને Self–healthની પદ્ધતિ તરીકે ઓળખાવી. આ પદ્ધતિની મદદથી માણસ ઓછામાં ઓછાં બાહ્ય સાધનો વડે પોતાનું આરોગ્ય પોતે, દવાદાકતરોની સહાય સિવાય સાચવી શકે છે. આ Self–healthનો મેં ગુજરાતી પર્યાય યોજ્યો છે 'સ્વારોગ્ય.'

આક્રાય અને સ્વાક્રાય એ બે શબ્દોના અર્થ વચ્ચે જેટલો તફાવત છે, તેટલો જ તફાવત આરોગ્ય અને સ્વારોગ્યના અર્થ વચ્ચે છે. સ્વારોગ્ય એટલે સ્વાધીન આરોગ્ય. એ આરોગ્ય કદી દાકતરો અને કેમિસ્ટોની કૃપાથી મળતું નથી. "સ્વારોગ્ય" એ શબ્દ 'સુસ્વાગત' જેવો નથી.

રાજકારણમાં જેમ લોકશાહી અને સરમુખત્યારી એ બે પરસ્પરવિરોધી પદ્ધતિઓ છે, તેમ વૈદકમાં દવાવાદ અને નિસર્ગોપચાર એ બન્ને પરસ્પરવિરોધી પદ્ધતિઓ છે. અમેરિકન મેડિકલ એસોસીએશનનો એવો દાવો છે કે અમેરિકા આ દુનિયામાં નિરોગીમાં નીરોગી દેશ છે. સામે પક્ષે અમેરિકન નિસર્ગોપચારકો કહે છે કે અમારો દેશ દુનિયામાં રોગીમાં રોગી દેશ છે. હવે આ બન્ને દાવાઓ એકી સાથે સાચા હોઈ શકે નહિ. આના ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે આરોગ્ય વિષેની બન્ને પક્ષોની સમજણ તદ્દન જુદી જુદી છે. એટલા માટે આ સમજણ સ્પષ્ટ કરવા દવાવાદી આરોગ્યશાસ્ત્ર (Medical Hygiene) અને નૈસર્ગિક આરોગ્યશાસ્ત્ર (Natural Hygiene) એ પ્રકારના બે શબ્દો નિસર્ગોપચારકોએ યોજ્યા છે. દવાવાદી આરોગ્યશાસ્ત્રના પુસ્તકમાં ઈન્જેકશનનાં–રસીકરણનાં ગુણગાન ગવાય, જ્યારે નૈસર્ગિક આરોગ્યશાસ્ત્રના પુસ્તકોમાં આ ઘૃણાસ્પદ રૂઢીનો સદંતર નિષેધ કરવામાં આવ્યો છે. "પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ"ની જે પુસ્તિકાઓનો લેખકે ઉલ્લેખ કર્યો તે પુસ્તિકાઓ દવાવાદી આરોગ્યશાસ્ત્રને લગતી છે.

એવું ને એવું આહારશાસ્ત્રનું છે. ડૉ. કાંતિલાલ શાહ ગુજરાતના પ્રથમ પંકિતના આહારશાસ્ત્રના પંડિત છે, પણ તે દવાવાદી આહારશાસ્ત્રના, નૈસર્ગિક આહારશાસ્ત્રના નહિ.

સ્વારોગ્ય એ શું છે, એ જો વિગતવાર સમજવું હોય તો ડૉ. જોશીઆ ઓલ્ડફીલ્ડનું "ગેટ વેલ, કીપ વેલ," બરનાર્ડ મેકફેડનનું " વાઈટેલીટી સુપ્રિમ " મેજર ઑસ્ટિનનું "ડાયરેકટ પાથ્સ ટુ હેલ્થ" યુસ્ટેસ માઈલ્સનું "સેલ્ફ હેલ્થ એજ એ હેબિટ" એડગર જે સેકસનનું " ફર્સ્ટ સ્ટેપ્સ ટુ ફીટનેસ" ડૉ. લામનનું "નેચરલ હાઈજીન" અને જે લોકો જર્મન જાણતા હોય, તેમણે અનેક અનુવાદિત નિસર્ગોપચારના પુસ્તકો વાંચવાં જોઈએ. આ પુસ્તકો વારંવાર વાંચવાથી અને એમનો ઊંડો અભ્યાસ વારંવાર કરવાથી "સ્વારોગ્ય" દ્વારા હું શું કહેવા માગું છું એ સ્પષ્ટ થશે.

સ્વારોગ્ય એટલે દવાવાદી "પર્સનલ હાઈજીન" નહિ પણ સ્વાધીન આરોગ્ય. દા. ત. આજે એક એવી લોકપ્રિય વિચારસરણી છે કે દેશમાં જેમ જેમ દવાઓ, દાકતરો અને હૉસ્પિટલો વધે તેમ તેમ દેશનું આરોગ્ય સુધરે છે. એટલા માટે જે દેશોમાં લાખ માણસે એક દાકતરનું પ્રમાણ આવે એ દેશો જંગલી ગણાય છે, પણ અમેરિકા જેવા દેશોમાં દર ૪૦૦ માણસે એક દાકતર આવે છે માટે એ દેશો સુધારાને શિખરે બેઠેલા દેશો ગણાય છે. નિસર્ગોપચારની વિચારણા એનાથી બરાબર ઊંધી છે. એના વિચારકો એમ કહે છે કે: "આરોગ્યશાસ્ત્રની જેમ જેમ આગેકૂચ થાય તેમ તેમ રોગશાસ્ત્ર, નિદાનશાસ્ત્ર અને ચિકીત્સાશાસ્ત્રની પીછેહઠ થાય. પરિણામે આરોગ્યશાસ્ત્રના આદેશો સ્વીકારીને અમલમાં મૂકનાર સમાજમાં દાકતરો, વૈદો, હોમયોપાથો, નિસર્ગોપચારકો વગેરેની સંખ્યા ઘટવી જોઈએ." આ દષ્ટિએ જ જે સમાજોમાં, કૅન્સર, મધુમેહ, હૃદયરોગ વગેરેનો અભાવ છે એવા હુંઝા જેવા આદિવાસી સમાજોને નિસર્ગોપચારકો નીરોગીમાં નીરોગી સમાજો માને છે, અને એમની રહેણીકરણીમાંથી આપણા સમાજને અનુકૂળ હોય એવાં વધુમાં વધુ તત્વો અપનાવવાનો આગ્રહ રાખે છે. **રમણલાલ એન્જિનિયર**

વિષયસૂચિ

		પૃષ્ઠ
અહિંસામાં ભીષ્મવૃત્તિ	કાકાસાહેબ કાલેલકર	૯૧
કાકાસાહેબના લેખ અંગે આલોચના (૧)	ચીમનલાલ ચકુભાઈ શાહ	૯૩
કાકાસાહેબના લેખ અંગે આલોચના (૨)	પરમાનંદ	૯૪
શાસ્ત્રોનો ઉપયોગ અને તેની મર્યાદા	પૂર્ણિમાબહેન પકવાસા	૯૫
પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય - વિષે–	હરીશભાઈ વ્યાસ	૯૭
સ્વારોગ્ય એટલે શું ?	રમણલાલ એન્જિનિયર	૯૮
પ્રકીર્ણ નોંધ : વ્યાખ્યાનવિષયોના નિર્ણય અંગે ફાધર વાલેસ સાથેનો રસપ્રદ પત્રવ્યવહાર, બાલદીક્ષાની બહાલી આપતું આચાર્ય આનંદઋષિએ બહાર પાડેલું પ્રત્યાઘાતી નિવેદન	પરમાનંદ	૧૦૦
મારૂં રોજનું વાંચન	ગીતા પરીખ	૧૦૧
તે ભાગ્યના એક જ સપાટે કયાં ગણું ?	હરિન્દ્ર દવે	૧૦૨

સર્વોદય શિક્ષણ સંઘ અયોજિત

વર્ષા શિક્ષણ–વ્યાખ્યાનમાળા

આજના કૂટ શૈક્ષણિક પ્રશ્નો અંગે શિક્ષકો, વાલીઓ અને શિક્ષણ-રસિકોને માર્ગદર્શન મળે એ હેતુથી નીચે જણાવેલાં વ્યાખ્યાનો યોજવામાં આવ્યાં છે.

શનિ તા. ૩૧ ઑગસ્ટ સાંજના ૬-૦૦ શ્રી રોહિત મહેતા: શિક્ષણનું નૂતન દર્શન

રવિ તા. ૮ સપ્ટે. સવારના ૯-૩૦ ડો. પી. એમ. ઉદાણી: બાળકનું સ્વાસ્થ્ય.

રવિ તા. ૧૫ સપ્ટેમ્બર સવારના ૯-૩૦ શ્રીમતી સુશીલા કુસુમગર: ચાલો, બાળકને સમજીએ.

રવિ તા. ૨૨ સપ્ટેમ્બર સવારના ૯-૩૦ ડૉ. ઉષાબહેન મહેતા: શિક્ષણનો શ્વેતપત્ર

શનિ તા. ૨૮ સપ્ટેમ્બર સાંજના ૬-૦૦ આપણા પ્રશ્નો: નિષ્ણાતોનું માર્ગદર્શન

સ્થળ: બેસંટ હૉલ, ફ્રેન્ચ બ્રિજ, ચોપાટી, મુંબઈ - ૭.

અન્યત્ર યોજાયેલી વ્યાખ્યાનમાળાઓ

પર્યુષણ પર્વ દરમિયાન ઘાટકોપર હિન્દુ સભા અને ઘાટકોપર નાગરિક મંડળ દ્વારા તા. ૨૦ ઑગસ્ટથી તા. ૨૭ ઑગસ્ટ સુધી નીચે મુજબની વર્ષા વ્યાખ્યાનમાળા ઘાટકોપરના હિન્દુ સભા હૉલમાં યોજવામાં આવી હતી.

વ્યાખ્યાતા	વિષય
શ્રી કરસનદાસ માણેક	મામેરું - કીર્તન
શ્રીમતી તારાબહેન શાહ	ધર્મ અને વ્યવહાર
શ્રી મોહનલાલ મહેતા (સોપાન)	લોકશાહી અને પત્રકારીત્વ
ડૉ. શાન્તિ પટેલ	નાગરિક વિકાસ
પ્રા. પુરુષોત્તમ માવળંકર	ભારતની નવી પેઢી
પ્રા. રામજોશી	મહારાષ્ટ્ર સરકારની શિક્ષણ વિષયક શ્વેતપત્રિકા
શ્રી રોહિત મહેતા	ધર્મ અને વિજ્ઞાન
ડૉ. ધૈર્યબાળા વોરા	પરિવર્તન પામતા સમાજમાં સ્ત્રીઓનું સ્થાન

મુંબઈ માટુંગા ખાતે શ્રી ગુજરાતી કેળવણી મંડળ તરફથી અમુલખ અમીચંદ વિવિધલક્ષી વિદ્યાલયના સભાગૃહમાં શ્રી કરસનદાસ માણેકના પ્રમુખપણા નીચે તા. ૧૭મી ઑગસ્ટથી તા. ૨૭મી ઑગસ્ટ સુધી એમ ૧૧ દિવસ માટે યોજાયેલી વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે મુજબ હતો.

વ્યાખ્યાતા	વિષય
શ્રી કરસનદાસ માણેક	ગાંધીજી: સ્વપ્નસિદ્ધિ
શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ	ડૉ. આલ્બર્ટ સ્વાઈટ્ઝર
ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા	શ્રીમદ્ રાજચંદ્ર
શ્રી હરિવલ્લભ પરીખ	આપણાં ભૂલાયલાં ભાંડુઓ
શ્રી વિજય મરચન્ટ	સાચી માનવતા
શ્રીમતી તારકેશ્વરી સિન્હા	રાષ્ટ્રીય ઐક્ય
શ્રી મધુકર રાંદેરીયા	ત્યાગ, તપશ્ચર્યા, તપોવન
શ્રી ઉપાકાન્ત જે. લાદીવાલા	પ્રાર્થના: શરીર તથા મનનાં પરિણામો
રેવ. ફાધર વાલેસ	યુવાનોનું નેતૃત્વ
શ્રી રોહિત મહેતા	સંકીર્તન
શ્રીમતી શ્રીદેવી મહેતા	"
શ્રી રોહિત મહેતા	ધર્મ શું છે?

આ ઉપરાંત તા. ૧૮ મી ઑગસ્ટના રોજ રાત્રીના આચાર્ય રામપ્રસાદ બક્ષી, આચાર્ય અમૃતલાલ યાજ્ઞિક, શ્રી ગુલાબદાસ બ્રોકર તથા શ્રી કરસનદાસ માણેક વચ્ચે 'જીવન અને સાહિત્ય' એ વિષય ઉપર પરિસંવાદ ગોઠવાયો હતો.

પર્યુષણ વ્યાખ્યાનમાળાની સફળ પૂર્ણાહુતિ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાનો જે કાર્યક્રમ 'પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં પ્રગટ કરવામાં આવ્યો હતો તે તા. ૨૦-૮-૬૮ મંગળવારથી તા. ૨૮-૮-૬૮ બુધવાર સુધીનો કાર્યક્રમ બે ફેરફારો સિવાય સાંગોપાંગ પાર પડયો હતો. પહેલો ફેરફાર કરવો પડયો પંડિત બેચરદાસની અનિવાર્ય અનુપસ્થિતિના કારણે. પરિણામે તા. ૨૧મીના રોજ ડૉ. એમ. એમ. ભમગરાનું બીજું વ્યાખ્યાન હતું તે ખસેડીને તા. ૨૨ મીના રોજ પં. બેચરદાસની જગ્યાએ રાખવામાં આવ્યું હતું અને ડૉકટર એમ. એમ. ભમગરાની જગ્યાએ એ દિવસોમાં મુંબઈ ખાતે આણધાર્યા આવી ચડેલા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના ચેરમેન ડૉ. ડી. એસ. કોઠારીનું વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું હતું અને તેમણે 'વિજ્ઞાન અને ધર્મ' એ વિષય ઉપર મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. આ ઉપરાંત શ્રીમતી સુધા મોટવાણી તા. ૨૭માના કાર્યક્રમમાં અનિવાર્ય કારણસર ઉપસ્થિત થઈ શકયા નહોતાં.

શ્રી ભંવરમલ સિંઘીએ આપેલું ભાષણ

તા. ૧૯મી ઑગસ્ટના રોજ ધી ગ્રેન, રાઈસ એન્ડ ઓઈલ સીડઝ મરચન્ટસ એસોસીએશનના હૉલમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે કલકત્તાનિવાસી સમાજહિતચિન્તક શ્રી ભંવરમલ સિંઘીએ 'વસ્તીવધારાની સમસ્યા' અને તેના અનુસંધાનમાં સંતતિ નિયમનના વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું અને એ વિષયની અનેક બાજુઓનું તેમણે સવિસ્તર નિરૂપણ કર્યું હતું અને આવા જટિલ અને નાજુક વિષય ઉપર ઉપસ્થિત ભાઈબહેનો સાથે ભારે નિખાલસ અને અત્યન્ત માહીતીપ્રદ ચર્ચા થઈ હતી. સંખ્યાબંધ આંકડાઓપૂર્વકની ભાઈ ભંવરમલની કુશળ રજુઆતથી ઉપસ્થિત ભાઈ બહેનો અત્યન્ત પ્રભાવિત બન્યા હતા.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

ભારત જૈન મહામંડળનું ૪૦મું અધિવેશન

શ્રી ભારત જૈન મહામંડળનું ૪૦ મું અધિવેશન જોધપુર ખાતે ચાલુ સપ્ટેમ્બર માસની ૨૯ તથા ૩૦મી તારીખે ભરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ અધિવેશનનું શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે પ્રમુખસ્થાન સ્વીકારવાનું કબુલ કર્યું છે. આ અવસર ઉપર ભરાનાર મહિલા સંમેલનનું પ્રમુખસ્થાન શ્રી કુસુમબહેન શાહ શોભાવનાર છે. આ અધિવેશનમાં ભાગ લેવા જૈન સમાજનાં ભાઈ બહેનોને પ્રાર્થના છે.

મંત્રીઓ, ભારત જૈન મહામંડળ

ગુજરાત રેલ રાહત ફંડમાં મળેલી રકમોની યાદી

૨૩૦૨ આગળના અંકમાં પ્રગટ થયેલાં નામો

૩૦૧ શ્રી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના–સાયન હોસ્ટેલના–વિદ્યાર્થીઓ તથા મેસ–કોન્ટ્રાકટર તરફથી

૧૦૧	,, ફત્તેહચંદ લલ્લુભાઈ શાહ	૧૧	,, સાકરચંદ ભાઈચંદ
૧૦૧	,, જી. ડી. દફતરી	૧૧	,, ચન્દ્રાબહેન સોમાભાઈ શાહ
૧૦૧	,, ગીરગામ કેમિસ્ટ		
૫૧	,, કાન્તિલાલ ભાઈચંદ	૧૧	,, હીરાલાલ હેમચંદ ઝવેરી
૫૧	,, ધનલક્ષ્મી ચંદુલાલ શાહ	૧૧	,, રમાબહેન હીરાલાલ ઝવેરી
૫૧	,, નૌતમલાલ દીપચંદ શાહ		
૩૧	મીસીસ નિર્મળા એ. ઝવેરી	૧૧	,, વિનોદભાઈ હીરાલાલ ઝવેરી
૨૫	શ્રી લાલજી નરસી		
૨૫	,, સુનીતાબહેન શેઠ	૧૧	,, વિશાખા વિનોદભાઈ ઝવેરી
૨૫	,, કસ્તુરીબહેન મૈશેરી		
૨૫	,, રમણલાલ લાલભાઈ લાકડાવાલા	૧૧	,, પરિમલ ઝવેરી
		૧૧	,, વિનોદચંદ્ર જે. શાહ
૨૧	,, તરૂણા વીપીન શાહ		
૨૧	,, નેમીચંદ નાથાલાલ	૧૦	સ્મીતા ઝવેરી
૧૧	,, શાન્તિલાલ અ. શાહ	૧૦	મયંક શાહ
૧૧	,, છોટુભાઈ હરિલાલ પારેખ	૧૦	પીન્કી ઝવેરી
		૧૦	,, મંગળદાસ નાગરદાસ તલસાણીયા
૧૧	,, શાન્તાબહેન છોટુભાઈ પારેખ	૧૧	પરચુરણ રકમો
૧૧	,, પ્રવીણભાઈ એચ. ઝવેરી		
૧૧	,, વિમળાબહેન પ્રવીણભાઈ ઝવેરી	૩૪૨૬	

પ્રકીર્ણ નોંધ

વ્યાખ્યાનવિષયોના નિર્ણયઅંગે ફાધર વાલેસ સાથેનો રસપ્રદ પત્રવ્યવહાર

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી યોજાતી વ્યાખ્યાનમાળાના આયોજન અંગે બે બાબત મુખ્યપણે નક્કી કરવાની હોય છે. (૧) વ્યાખ્યાતા અને (૨) વ્યાખ્યાન વિષય. પર્યુષણ મોટા ભાગે ઑગષ્ટ માસના અંતમાં અથવા સપ્ટેમ્બરની શરૂઆતમાં હોય છે. આ અંગે મુંબઈ બહારથી જે વ્યાખ્યાતાઓને નિમંત્રણ આપવાની કલ્પના હોય છે તેમની સાથે મે માસની આખરથી પત્રવ્યવહાર શરૂ થાય છે. આ રીતે મોકલાયેલાં નિમંત્રણોના સ્વીકાર કરતા જવાબો જેના જેના તરફથી આવે છે તેમની સાથે ત્યાર બાદ તેમના વ્યાખ્યાનવિષય-અંગે સવાલ-જવાબ ચાલે છે અને સૂચનાઓ- પ્રતિસૂચનાઓનો વિનિમય થાય છે. આ પર્યુષણ વ્યાખ્યાનમાળા માટે વિષયોનું એક ધોરણ મનમાં કલ્પાયેલું હોય છે. માનવી જીવનને સીધા સ્પર્શતા અને માનવ સમાજને ઉર્ધ્વલક્ષી દર્શન આપવાની શકયતા ધરાવતા વિષયો મોટા ભાગે પસંદ કરવામાં આવે છે. મહાપુરૂષોના ચરિત્રનિરૂપણને તેમ તત્ત્વચિંતન તરફ આકર્ષે એવા વિષયોને આ પસંદગીમાં સ્થાન આપવામાં આવે છે. બીજી બાજુએ રાજકારણી વિવાદોને કે વિવાદાસ્પદ વિષયોને આ પસંદગીમાં મોટા ભાગે સ્થાન આપવામાં આવતું નથી. પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ભાગ લેતા શ્રોતાજનોની રુચિ અને વિચારક્ષમતાને પણ ધ્યાનમાં લેવાની રહે છે. અતિ ગૂઢ વિષય અથવા તો જેમાં ટેકનિકલ પરિભાષાનો સવિશેષ ઉપયોગ થવાની શકયતા હોય તેવા વિષયો સ્વીકારવામાં આવતા નથી.

આ ધોરણ અનુસાર ચર્ચા ચલાવતાં કેટલાક વ્યાખ્યાતાઓ સાથે બહુ જલ્દિથી વિષય નક્કી થાય છે; કોઈ કોઈ સાથે થોડો લાંબો પત્રવ્યવહાર કરવો પડે છે. કોઈ વ્યાખ્યાતાએ સૂચવેલો વ્યાખ્યાન-વિષય લાંબી ચર્ચાને અન્તે પણ સ્વીકાર્ય ન બનતાં અને વિકલ્પમાં અમારા તરફથી સૂચવાતો વિષય તેને સ્વીકાર્ય ન બનતાં અમારે તેમને જતાં કરવા પડે છે.

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં રેવ. ફાધર વાલેસે જુદા જુદા વિષય ઉપર બે વ્યાખ્યાન આપ્યા. તે આખરે નક્કી થવા પહેલાં આ બાબત અંગે તેમની સાથે થયેલા પત્રવ્યવહારની કેટલીક વિગતો રસપ્રદ હોવાથી અહીં આપવાનું મન થાય છે.

તેમણે તા. ૧૧-૬-'૬૮ના પત્રમાં અમારા નિમંત્રણના સ્વીકાર સાથે બે વિષયો સૂચવ્યા. (૧) દુ:ખની દીક્ષા The Problem of Evil and Suffering (૨) અતિથિધર્મ (સ્થૂળ અર્થમાં નહિ પણ સાધનાના અંગ તરીકે ને મૃત્યુની--પરમ અતિથિ યમરાજની ફિલસૂફી તરીકે--પહેલા વિષયના પૂરક તરીકે).

આના જવાબમાં આ વિષયોદ્વારા તેઓ શું કહેવા સૂચવવા માંગે છે તે સમજવાની મારી મુશ્કેલી જણાવીને તે અંગે તેની વિશેષ સ્પષ્ટતા કરવા મેં તેમને વિનંતી કરી અને વિકલ્પમાં બીજા વિષયની મેં સૂચના કરી. તેમણે તા. ૨૩-૬-'૬૮ના પત્રમાં નીચે મુજબ જવાબ આપ્યો :-

"વિષય માટે મારો વિચાર ટૂંકમાં આ મુજબ છે : **દુ:ખનો પ્રશ્ન** એ ધર્મ-દર્શનનો મુખ્ય પ્રશ્ન હોય છે. પ્રાચીન Stoic-Ephicurianના સંઘર્ષણથી માંડીને તે આજના આસ્તિક-નાસ્તિક દર્શનો સુધી એ દરેકના મૂળમાં છે. સૈદ્ધાન્તિક દૃષ્ટિએ એ ધર્મ ને તત્ત્વજ્ઞાનની કસોટી છે અને વ્યવહારમાં તો સૌને સ્પર્શે છે. આના અનુસંધાનમાં મારું પોતાનું મંથન અને વિચારો છે, અને એ વિષય વિચારપ્રધાન તેમ જ બોધાત્મક હોઈ એમાં મારી શૈલી ખીલી શકશે એમ મને લાગે છે. માટે પહેલા વ્યાખ્યાન માટે 'દુ:ખની દીક્ષા' એ વિષય અને શિર્ષક રાખીએ તો સારું એમ હું વિશ્વાસથી કહું છું. પછી દુ:ખની વાતો કરતાં મોત ઉપર આવી જવાય. આજના અસ્તિત્વવાદ (Existentialism)માં પ્રવર્તતા મોતના દર્શનથી હું ખૂબ પ્રભાવિત છું. અને તેનો બોધ ઘણા લોકો સુધી પહોંચ્યો નથી એમ હું માનું છું. વળી મારો પોતાનો વિચાર એમ છે કે એ દર્શનમાં રહેલું વ્યાવહારિક મૂલ્ય ભારતીય આધ્યાત્મિક દર્શનમાં પ્રાચીનકાળથી મળતું રહ્યું છે. યમદેવનું મહત્ત્વ અને અતિથિ ધર્મ'નો ગૂઢ અર્થ એમાં આવે છે. આપની વાત સાચી છે કે 'અતિથિધિર્મ' કહેવાથી વિષયનો સાચો ખ્યાલ ન આવે. માટે 'મોતનું મંથન' અથવા વધારે ખ્યાલ આપવો હોય તો લાંબું કરીને 'મોતનું મંથન. અસ્તિત્વવાદમાં અને ભારતીય દર્શનોમાં' એમ મૂકી શકાય. "

આના જવાબમાં મેં જણાવ્યું કે "આપે સૂચવેલા બે વિષયો વિષે આપે જે કાંઈ લખ્યું તે વાંચ્યું. આ બધું વિચારતાં પણ આ વિષે મારું મન સંતોષાતું નથી અને તેથી આગળના પત્રમાં સૂચવેલા વિષયો સર્વધર્મ સમભાવ અથવા તો સર્વધર્મ સમન્વય અને ભારતના કોઈ મહાપુરૂષના--દા.ત. મહાત્મા ગાંધી, બુદ્ધ, મહાવીર જેવાના--જીવનનું વિવેચન-આવા વિષયોનો ફરીથી વિચાર કરવા આપને હું વિનવું છું. વ્યાખ્યાન વિષય નક્કી કરતાં અમારા શ્રોતાવર્ગનો પણ અમારે વિચાર કરવાનો રહે છે. આપે જે વિષયો સૂચવ્યા તે પોસ્ટ-ગ્રેજ્યુએટ કોર્સનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે બરોબર છે. અમારો શ્રોતા વર્ગ આપે સૂચવેલા વિષયોના વિવેચનને રસપૂર્વક ઝીલી શકશે કે કેમ તે વિષે મારું મન શંકા અનુભવે છે.

"આમ છતાં આપે સૂચવેલ વિષયોનો આપને આગ્રહ હોય તો પણ તે વિષયોના મથાળાં શું રાખવા તેનો આપણે થોડો વિચાર કરવો પડશે. આપે આગળના પત્રમાં જે પહેલો વિષય સૂચવ્યો હતો તે હતો Problem of Evil and Suffering. આ વિષય 'દુ:ખની દીક્ષા'થી સૂચિત થતો નથી. તો આ અંગે યોગ્ય નામાભિધાન સૂચવશો.

"આજના 'Existentialism' થી તે વાદના વિચારકો શું કહેવા માગે છે તે મને સમજાતું નથી. પહેલાં આપે 'અતિથિધર્મ' એ મથાળું સૂચવેલું. આ પત્રમાં મોતનું મન્થન: અસ્તિત્વવાદમાં અને ભારતીય દર્શનોમાં'એ મુજબ આપ સૂચવો છો આ મથાળું પણ highly philosophical છે. 'નચિકેતા' એ મથાળું રાખીએ અને એની યમ સાથેની ચર્ચા ઉપર આપ બોલો તો ? ઉપરના 'અતિથિ ધર્મ'માં અતિથિ એટલે કોણ ? યમ કે અન્ય કોઈ ? નચિકેતાની કથામાં નચિકેતાને યમના અતિથિ તરીકે વર્ણવેલો છે. આ બધા મુદ્દા વિચારીને જવાબ લખશો."

આના જવાબમાં ફાધર વાલેસે તા. ૨-૭-'૬૮ના પત્રમાં જણાવ્યું કે "આપના વિચારો અને ઉદારતા જોઈને ઘણો આનંદ થયો. વ્યાખ્યાનોના વિષયની બાબતમાં મેં પણ ફરીથી વિચાર કર્યો છે અને આપની સૂચના યોગ્ય લાગે છે. 'સર્વધર્મસમભાવ' સારો વિષય છે, આજનો પણ છે અને એ વિષે હું દિલથી બોલી શકું એમ છું. માટે એ મંજૂર છે. એ પહેલું વ્યાખ્યાન થશે. હવે 'સર્વધર્મ સમભાવ' વિષે બોલું તો એ પછી 'અતિથિ ધર્મ' વિષે બોલવા ફરીથી લલચાઉં છું. આનું કારણ જરા સમજાવું. ધર્મો વિષે બોલતાં એક ધર્મ બીજાની પાસેથી કાંઈ ને કાંઈ શીખી શકે એ વાત આવશે અને એનો એક સારો દાખલો હિંદુ ધર્મમાં મળતી આતિથ્યની ભાવના પૂરો પાડી શકે. આતિથ્ય એ ખાલી પરોણાચાકરી નહિ પણ સેવા, ભ્રાતૃભાવ, ઓચિંતી મુલાકાત માટે સતત તૈયારી, મુસાફરની અવસ્થાનું સતત ભાન.....આખી એક યોગસાધના એમાં છે અને એ પશ્ચિમના

ધર્મોમાં નથી. તે Indian Spiritualityની વિશિષ્ટ ખૂબી છે અને ઘણાયે અહીં એનો ખ્યાલ કર્યા વગર એની સાધના કરી છે. માટે આ વિષય લોકભોગ્ય અને સાથે સાથે કંઈક નવો લાગે એવો મને લાગે છે. આપની વાત સાચી છે કે વ્યાખ્યાનના મથાળામાં એનો ખ્યાલ આપવો જોઈએ. માટે જો બીજા વ્યાખ્યાન માટે 'અતિથિ ધર્મ : આધ્યાત્મિક સાધના તરીકે' એવું શિર્ષક રાખીએ તો આપના શ્રોતાઓને રસ અને સમજ પડશે એમ હું ધારું છું."

આના જવાબમાં મેં તા. ૫-૭-'૬૮ના પત્રમાં જણાવ્યું કે "આપે સૂચવેલા બે વિષયો હું સ્વીકારું છું. એમ છતાં પણ બીજા વિષય અંગે મારે સ્પષ્ટ કરવું જોઈએ કે એ વિષય દ્વારા આપ શું કહેવા માગો છો તે હજુ પણ હું બરોબર visualise કરી શકતો નથી, તો પણ આપણી વચ્ચે આ બાબત ઉપર આટલી લાંબી ચર્ચા થયા બાદ હું એવી શ્રદ્ધા પ્રગટ કરું છું કે આ વિષય ઉપર આપ એવું જ કાંઈક કહેશો કે જે મને તેમજ અમારા શ્રોતાવર્ગને પૂરો સંતોષ આપશે અને તેમાંથી અમને બંનેને કોઈ નવું પ્રેરક માર્ગદર્શન મળશે."

આમ ફાધર વાલેસ સાથે વ્યાખ્યાન વિષયો નક્કી થયા બાદ એમ બન્યું કે શ્રી રોહિત મહેતા સાથે થોડાક પત્રવ્યવહાર બાદ બે વ્યાખ્યાન-વિષયો નક્કી કરેલા. તેમાંથી તેમનું એક જ વ્યાખ્યાન રાખવાનું નક્કી થયું અને બીજું વ્યાખ્યાન તેમનાં પત્ની શ્રીદેવીનું રાખવામાં આવ્યું એટલે જે બીજો વિષય 'મિચ્છામિ દુક્કડમ' રોહિત મહેતા માટે નક્કી કરાયેલો હતો તે પડતો મૂકાયો અને ૨૭મી તારીખ સંવત્સરીનો દિવસ હોવાથી ફાધર વાલેસ એ જ વિષય ઉપર બોલે તો બહુ સરસ થાય એમ મારી તેમજ સાથીઓની ઈચ્છા થવાથી, તેમણે સૂચવેલ બીજો વિષય પડતો મૂકીને 'મિચ્છામિ દુક્કડમ'નો ભાવ ખ્રિસ્તી લોકોના Confessions માં પણ છે એમ સૂચવીને મિચ્છામિ દુક્કડમ ઉપર બોલવાની ફાધર વોલેસને મેં વિનંતી કરી અને પોતાનો આગ્રહ છોડીને મારી વિનંતીનો તેમણે અત્યંત સરળપણે સ્વીકાર કર્યો. આ રીતે ફાધર વાલેસે જે બે વિષયો પ્રારંભમાં સૂચવ્યા હતા તેના સ્થાને બીજા જ બે વિષયો ઉપર પ્રસ્તુત વ્યાખ્યાનમાળામાં તેમનાં વ્યાખ્યાનો થયાં. આ વ્યાખ્યાનોની ગુણવત્તા વિષે અહીં વિશેષ કાંઈ કહેવાની જરૂર નથી.

બાલદીક્ષાને બહાલી આપતું આચાર્ય આનંદઋષિએ બહાર પાડેલું પ્રત્યાઘાતી નિવેદન

આજથી ૧૫ વર્ષ પહેલાં મદ્રાસ ખાતે મળેલા જૈન સ્થાનકવાસી કોન્ફરન્સના અધિવેશનમાં કોઈ પણ દીક્ષાર્થી વ્યકિતને દીક્ષા આપવા માટે પૂરાં ૧૮ વર્ષની ઉમ્મરની મર્યાદા મુકરર કરતો એક પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે. તા. ૨-૫-૫૨ના રોજ સાદડી ખાતે મળેલ સાધુસંમેલને "શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રમણ સંઘના મનોનીત આચાર્ય અને વ્યવસ્થાપક મંત્રી શાસ્ત્રદૃષ્ટિ તથા લોકદૃષ્ટિનો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ અનુસાર ગંભીર વિચારણા કરીને, દીક્ષાર્થીની વય, વૈરાગ્ય, શિક્ષણ આદિની યોગ્યતાનો યથોચિત નિર્ણય કરે" એ મુજબનો ઠરાવ કરીને મનસ્વીપણે અપાતી બાલદીક્ષા ઉપર અંકુશ મૂક્યો છે. આ બંને પ્રસ્તાવોની અવગણના કરીને ગયા વર્ષે–૧૯૬૭ના જૂન માસની ૧૭મી તારીખે–જૈન સ્થાનકવાસી સાધુ પુષ્કર મુનિએ મુંબઈ નજીક આવેલા પાલઘર ખાતે એક બાર વર્ષના છોકરાને દીક્ષા આપી હતી. પાલઘર ખાતે એટલા માટે કે મુંબઈના સ્થાનકવાસી સંઘનું મહામંડળ જે આ બંને ઠરાવોને માન્ય કરે છે તેની નિશ્રામાં મુંબઈના કોઈપણ ઉપાશ્રયમાં દીક્ષા આપવાનું તે મુનિ માટે શકય નહોતું. આ ઘટનાની તા. ૧-૭-૬૭ના પ્રબુદ્ધ જીવનમાં સવિસ્તર ખબર લેવામાં આવી હતી. આ દીક્ષા તે સમયથી આજ સુધી ભારે વિવાદાસ્પદ બની રહી હતી. તાજેતરમાં સ્થાનકવાસી સમુદાયના મુખ્ય આચાર્ય આનંદઋષિજી મહારાજે દિલ્હીથી પ્રગટ થતા 'જૈન પ્રકાશ'માં પ્રસ્તુત દીક્ષાને બહાલી આપતું અને ઉપરના બંને ઠરાવોને ઠોકર મારતું એક નિવેદન પ્રસિદ્ધ કર્યું છે. એ નિવેદનનો ગુજરાતી અનુવાદ મુંબઈના ભિન્ન ભિન્ન સ્થાનકવાસી સંઘોના મહામંડળથી અલગ એવા શ્રી વાલકેશ્વર સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘના પ્રમુખ શ્રી મગનલાલ પી. દોશી તરફથી તા. ૩-૮-'૬૮ના મુંબઈ સમાચાર'માં પ્રગટ કરવમાં આવેલ છે. તે અનુવાદિત નિવેદન નીચે મુજબ છે :

"બાલદીક્ષાની બાબતમાં મુંબઈમાં ઉપપ્રવર્તક શ્રી પુષ્કર મુનિજી મહારાજની સાથે વિવાદાસ્પદ પરિસ્થિતિ ઉત્પન્ન થઈ હતી. તે સંબંધમાં શ્રાધ્ધેય આચાર્ય સમ્રાટ પૂજ્ય શ્રી આનંદઋષિજી મહારાજ પોતાના તરફથી સ્પષ્ટીકરણ કરે છે કે બાલદીક્ષાના વિરોધમાં શ્રમણ સંઘનો કોઈ ઠરાવ નથી. સાદડી સંમેલન બાદ કેટલીક બાલદીક્ષાઓ થઈ છે. અત્યારે પણ થાય છે. એથી, શ્રી. પુષ્કર મહારાજે બાલદીક્ષા આપીને શ્રમણસંઘની દૃષ્ટિએ કોઈ ગેરબંધારણીય કામ કર્યું નથી.

"આથી હું શ્રાવક સંઘોને સૂચના આપું છું કે તેઓ બાલદીક્ષા સંબંધમાં કોઈ પ્રકારનો વિરોધી ભ્રમ ન રાખે, અથવા કોઈ એવું પગલું ન ભરે જેથી શ્રમણસંઘના સંગઠનને ક્ષતિ પહોંચે. જો કોઈને કોઈ વિષયમાં કંઈ શંકા હોય તો તે મારો સીધો સંપર્ક સાધે. મને જણાવ્યા સિવાય સમાચાર પત્રોમાં શ્રમણ સંઘ બાબતમાં કોઈ વસ્તુની જાહેરાત ન કરે."

તા. ૨-૫-'૫૨ના રોજ સાદડી મુકામે ભરાયેલા સાધુસંમેલને દીક્ષાર્થીની વય ઉપર ખાસ ભાર મૂકતો ઉપર આપવામાં આવેલો ઠરાવ પસાર કરેલો હોવા છતાં સ્થાનકવાસી શ્રમણસંઘના આચાર્ય-સમ્રાટ લેખાતા આ આનંદઋષિ જણાવે છે કે "બાલદીક્ષાના વિરોધમાં શ્રવણ સંઘનો કોઈ ઠરાવ નથી–આ ભારે આશ્ચર્યજનક તેમ જ ખેદજનક છે.

થોડાં વર્ષ પહેલાં મુંબઈ ખાતે આ જ આચાર્ય આનંદઋષિજીએ ધ્વનિવર્ધક યંત્રના ઉપયોગ માટે મહાસતી ઉજ્વલકુમારીને પ્રાયશ્ચિત કરાવીને પોતાની રૂઢિચુસ્તતાનું પ્રદર્શન કર્યું હતું. પ્રસ્તુત નિવેદન તેમની રૂઢિચુસ્તતાનો બીજો પુરાવો છે. જ્યારે બાલદીક્ષા જૈન સમાજમાંથી લગભગ નાબૂદ થઈ રહી છે, જ્યારે બાલદીક્ષાના એક મુખ્ય પુરસ્કર્તા આચાર્ય તુલસી જેવા પણ સમયની માંગને પીછાણીને જૈન દીક્ષાના ઉમેદવાર એવા નાની ઉમ્મરનાં છોકરા-છોકરીને દીક્ષા આપતાં પહેલાં અમુક વર્ષોની તાલીમ આપવાની યોજના અમલમાં મૂકીને બાલદીક્ષાને ટાળી રહ્યા છે ત્યારે આચાર્ય શ્રી આનંદઋષિજી, કોઈ પણ વ્યકિત--તે સ્ત્રી હોય કે પુરુષ, બાળક હોય કે આધેડ વયની હોય, તેને ફાવે ત્યારે દીક્ષા આપવાનો જાણે કે દરેક સાધુને અબાધિત અધિકાર હોય અને આ અધિકારમાં-આ ઈજારામાં–કોઈ પણ સંઘને કે કોન્ફરન્સ જેવી કોઈ સંસ્થાને હસ્તક્ષેપ કરવાનો લેશ-માત્ર અધિકાર ન હોય એવો દાવો પ્રસ્તુત નિવેદનમાં રજૂ કરી રહ્યા છે. આ નિવેદનનો જૈન સ્થાનકવાસી કોન્ફરન્સે અને સ્થળે સ્થળના સ્થાનકવાસી સંઘોએ સખ્ત વિરોધ કરીને આ આચાર્યશ્રીને વાસ્ત-વિકતા અને પ્રગતિશીલતાનાં વહેણ કઈ બાજુએ વહે છે તેનું સચોટ ભાન કરાવવું ઘટે છે. **પરમાનંદ.**

મારું રોજનું વાંચન

ગઈ કાલે સવારે સાડા પાંચ વાગે લત્તાનો ફોન આવ્યો. એ કહે,

"માફ કરજે ગીતા, તને ઊંઘમાંથી ઉઠાડી!"

મેં કહ્યું, "ના, ના, હું તો જાગતી જ હતી."

"અત્યારમાં? કેમ, કંઈ બહારગામ જાય છે કે?"

"ના, એ તો થોડું વાંચવા માટે..."

અને, ખરેખર, વહેલી સવારનો સમય વાંચવા માટે મને ખૂબ અનુકૂળ લાગે છે. એ સમયની તાજગી મનને ખૂબ પ્રેરક લાગે છે. જે વાંચુ તે સીધું મનમાં ઉતરી જ જાય! પણ જો ઉઠતાં મોડું થઈ જાય તો પછી કામની પરંપરા શરૂ થઈ જાય છે. એ વખતે વાંચ-વાનો મોહ છોડવો પડે છે. કારણ કે દ્વિધાવાળા મન સાથે વાંચવામાં વાંચનને કે કામને એકકેયને ન્યાય નથી મળતો.

ઘણી વાર તો રોજ-બ-રોજનાં નાનાં મોટાં કામ આડે વાંચવા માટે પૂરતો સમય જ નથી મળતો–ત્યારે અડધી રાતે કોઈ અજંપા

સાથે હું જાગી જઉં છું. પછી ઊંઘ માટે પાસાં ફેરવવાને બદલે હું વાંચવા જ બેસી જઉં છું. આ દૃષ્ટિએ બને ત્યાં સુધી હું પથારી પાસે જ લેમ્પ રાખું છું. અડધી રાતની નીરવ શાંતિમાં વાંચવાની મને કોઈ જુદી જ મજા આવે છે. ત્યારે મન ખૂબ એકાગ્રતા અનુભવે છે.

માણસે ક્યારે વાંચવું એ એણે પોતાની પ્રકૃતિ અને અનુકૂળતા મુજબ નક્કી કરી લેવું જોઈએ. આખો વખત વાંચ્યાં કરવું એ તો આખો વખત ખાધાં કરવા જેવું જ અયોગ્ય છે. જ્ઞાન મળે તેને પચાવવાનો પણ વખત તો જોઈએ જ ને? કામ કરતાં કરતાં કે પછી ક્યારેક હીંચકે ઝૂલતાં ઝૂલતાં વાંચનને વાગોળવાની પણ જરૂર છે. આપણે કેટલું વાંચ્યું, કેવું વાંચ્યું, ને કેમ વાંચ્યું તે મહત્ત્વનું છે.

મારો સ્વભાવ છે કે થોડું વાંચુ પણ એનો શબ્દેશબ્દ સમજીને જ આગળ વધું–આને લીધે મારી ઝડપ બીજાં કરતાં ઓછી લાગે છે. આમ પણ મને વાંચનનો શોખ જરા મોડો જાગેલો. એટલે મારી વાંચનસમૃદ્ધિ ઓછી છે–ગયેલાં વર્ષો પાછાં નથી આવતાં–જીવનની ગાડી 'રિવર્સ'માં કદી પાછી નથી લેવાતી. એટલે હવે જે કાંઈ વર્ષો હાથમાં રહ્યાં તેનો સાચો ઉપયોગ કરવાનું મન થાય છે. આ વિચારે નકામાં પુસ્તકો કે માત્ર મનોરંજન માટેની વાર્તાઓમાં સમય ન ગુમાવતાં જીવન તથા માનવસ્વભાવને ઘડવામાં મદદરૂપ થાય તેવાં વાંચન તરફ મારો ઝોક વિશેષ રહ્યો છે. મેં અભ્યાસમાં પણ એમ. એ. સુધી બધા વિષયો તત્ત્વજ્ઞાનના લીધેલા એટલે ચિંતનાત્મક ગંભીર વાંચન મને વધુ આકર્ષે છે, જો કે કાલે લત્તાએ મને ફોન કર્યો ત્યારે હું શ્રી ઉમાશંકર જોશીનો નવો કાવ્યસંગ્રહ "અભિજ્ઞા" વાંચતી હતી. જગતના પરમ તત્ત્વને ઓળખવામાં મદદરૂપ થતું વાંચન મને વધુ ગમે છે, પરંતુ કવિતા સાથે તો મારે આઠ વર્ષની વયથી દોસ્તી છે. મારી કાવ્યસર્જનની ત્યારે શરૂઆત હતી. ત્યારથી તે આજ સુધી કાવ્યરસને પોષે તેવું વાંચન મને આકર્ષતું આવ્યું છે. રોજ ચારપાંચ નવાં કાવ્યો વાંચવાની મને વૃત્તિ રહે જ છે. આથી કાવ્યના નવા નવા પ્રવાહોથી પરિચિત રહેવાની મને ઉત્સુકતા રહે છે. જો કે હજી મારું વાંચન ઘણું સીમિત છે, ખૂબ વાંચવાનું બાકી રહે છે, પરંતુ મને ઓછું વાંચ્યાનો એક લાભ પણ અજાણતાં મળ્યો છે. આથી કોઈ મોટી પ્રતિભાઓની અસરથી મુકત રહીને મારું લખાણ મૌલિકપણે ખીલતું રહ્યું છે. મુખ્યત્વે કાવ્યસર્જન અને એ સિવાય લેખો, નિબંધો, વિવેચનો, પ્રસંગકથાઓ વિગેરે ક્ષેત્રોમાં લખતી વખતે મારો અનુભવ સ્વતંત્રપણે જે સૂઝે તે આલેખવાનો રહ્યો છે. મારું વાંચન ઓછું હોવાને લીધે મને ચિંતનમનનમાં પણ સારી સ્વતંત્રતા રહી છે.

વાંચન એ તો જ્ઞાનપ્રાપ્તિની પ્રથમ ભૂમિકા છે. એટલું માર્ગદર્શન મળ્યા બાદ "વાંચ ન" શરૂ થાય છે. આ ભૂમિકા અનુભૂતિની છે – આ ભૂમિકાએ મારા રોજના વાંચનમાં મારા તથા મારા પરિચિતોનાં મન, હૃદય ને જીવનને, તથા સમગ્ર જગતને વાંચવાનો હું આનંદ અનુભવું છું. કુદરતનું અનંત પુસ્તક વાંચતાં તો હું કોઈ અલૌકિક આનંદ અનુભવું છું. દરિયાનાં મોજાંની એક એક લહરીમાં મને કોઈ એક મહાકાવ્યની અખૂટ સૌન્દર્યભરી એક એક પંકિતઓ વહી આવતી હોય એવો રસાસ્વાદ મળે છે.

આમ જ્ઞાનપ્રાપ્તિની વિવિધ રીત વિવિધ ભૂમિકાએ ચાલતી હોય છે. પરિણામે આપણી આંતરસૂઝ (Intuition) વધુ સચોટ બને છે અને સમગ્ર જગતને આપણે સાચી રીતે સમજી શકીએ છીએ. આ આંતરસમૃદ્ધિ વધારવાના પ્રયત્નમાં પણ હું એક બાબતમાં સજાગ રહું છું કે વાસ્તવિક જીવન તથા બાહ્ય જગત સાથેના મારા તાંતણા તૂટી ન જાય. આ દૃષ્ટિએ રોજનાં છાપાંઓ, અગ્રગણ્ય સામયિકો તથા પ્રતિષ્ઠિત પુસ્તકો મારા રોજના વાંચનમાં થોડેવત્તે અંશે વણાયાં કરે છે. માતૃભાષા ગુજરાતી, સિવાય અંગ્રેજી, હિન્દી, બંગાળી તથા મરાઠી ભાષામાં આવતાં લેખો, કાવ્યો ને પુસ્તકો વાંચવાનો મારો પ્રયત્ન હોય છે.

આ ઉપરાંત રોજિંદા જીવનની વિશિષ્ઠ ભૂમિકા પ્રાપ્ત કરતાં તેને પૂરો ન્યાય મળે તેવું વાંચન હું નિષ્ઠાપૂર્વક કરું છું – જેમ કે, દામ્પત્ય તથા માતૃત્વની તૈયારી વખતે લગ્નજીવનની સ્વચ્છસુંદર સમજ આપે, તથા માતૃત્વપ્રાપ્તિ પહેલા તથા પછીના સમયની સ્ત્રીની તથા બાળકની શારીરિક અને માનસિક સમજ આપે તેવું વાંચન. બાળ–ઉછેરને લગતું વાંચન તથા બાળકો મોટાં થતાં તેમની કેળવણીને લગતું વાંચન પણ અનુક્રમે આવતું જાય છે. મારાં બાળકો જે પુસ્તકો વાંચે તે પર હું નજર ફેરવી લઉં છું કે જેથી તેમનામાં વાંચન દ્વારા અપસંસ્કાર આવવાની શકયતા ન રહે. એ ઉપરાંત એમના અભ્યાસનાં પુસ્તકો એમને મદદરૂપ થવાની દૃષ્ટિએ વાંચી લઉં છું. આજે મારાં બાળકો કૌમાર્યમાં પ્રવેશે છે. કૌમાર્યને ખૂબ સમજપૂર્વક ઓળખવું ને વાળતાં રહેવું જરૂરી છે. એટલે એને લગતાં લેખો – પુસ્તકો વાંચતી રહું છું.

આ ઉપરાંત મને તથા મારા પતિ અને બાળકોને આવતી માંદગી કે દર્દો ને નિવારવા માટે તેની માહિતી આપતું જ્ઞાન મેળવવા હું સ્વાભાવિકપણે સજાગ છું.

ખરું કહું તો વાંચનનું જીવનમાં અત્યંત મહત્ત્વનું સ્થાન છે અને એનો સમુદ્ર અગાધ છે. એટલે એને ગમે તેટલો ખેડો તોયે એનો કિનારો દૂર જ રહે છે. વળી વાંચનની નવી નવી ક્ષિતિજો રોજ-બ-રોજ ખૂલતી જતી હોય છે. એટલે એનો અંત જ આવવાનો નથી. છતાં એનું પ્રત્યેક પરિશીલન ખૂબ આનંદદાયક હોય છે. એટલે હું મારા રોજના વાંચન દ્વારા પરમ આનંદની સાધના કરું છું. મારું રોજનું વાંચન એ જ મારું નિતનવું દર્શન છે, નિતનવો આનંદ છે!

અમદાવાદ–આકાશવાણીના સૌજન્યથી **ગીતા પરીખ**

"તે ભાગ્યના એક જ સપાટે કયાં ગયું?"

તા. ૨૪-૮-૬૮ ના 'મુંબઈ-સમાચાર'માં પ્રગટ થયેલું શ્રી. હરીન્દ્ર દવેનું રચેલું ગુજરાત રેલસંકટગ્રસ્ત લોકોની દુર્દશાનો ચિતાર રજૂ કરતું મનોવેધક કાવ્ય નીચે મુજબ છે:

"આ જલપ્રલય
હોમાઈ ચાલ્યાં એ મહીં લાખો હૃદય.
રે કેટલાં સ્વપ્નો અને સમૃદ્ધિની
લાશો તણાઈને કિનારે આવતી.
નાથ્યા વિનાના આ પ્રવાહો પર પડી
એ ચૂંદડી:
એ પહેરનારી કોણ જાણે કયાં હશે?
પેટાળમાં સરિતા તણા શું બેકફન સૂતી હશે?
કે લાજ નિજની ઢાંકવા મથતી હશે
નિર્વાસિતોની આ નવી વણઝારમાં.
ને સુકોમળ આ શિશુની લાશ,
શી નિર્દોષતા માસુમ વદન પર:
જખ્મ ના એકે બદન પર.
કાળનો શો ક્રૂર રે આઘાત
બ્હાવરાં કોઈ નયનમાં પૂર પણ છલકયાં હશે
લાપતા નિજ પુત્ર કેરી યાદમાં.
આ લાકડી
કો વૃદ્ધનો જીવનસહારો એ હશે
આયુષ્યની અંતિમ સફર પર
એય છિનવાઈ ગયો.
સ્થલસ્થલ બન્યાં જલજલ
વિધિ ચંચલ તણી લીલા મહીં જે ગ્રસ્ત
તે જન આભ ને ધરતી ઉપર
શી શૂન્ય આંખોથી વિલોકે
વ્યોમમાં જલ
ને ધરા પર જલપ્રલય.
આ જિંદગીની સફરમાં
જે સંધર્યું, જે મેળવ્યું પુરુષાર્થથી
તે ભાગ્યના એક જ સપાટે કયાં ગયું?
રે જલપ્રલય
કેટલાં યે જીવ નિશ્ચેતન તણાઈ કયાં ગયા!
હોમાઈ ચાલ્યાં એ મહીં લાખો હૃદય."

હરીન્દ્ર દવે

આ લોકોને–આ આપણાં ભાઈ ભાંડુને–રાહત પહોંચાડવા માટે એકઠા થઈ રહેલા ભંડોળમાં પોતપોતાનો ફાળો મોકલવામાં ન કોઈ વિલંબ કરે, ન કોઈ કરકસર કરે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ (૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩) ઉપર ફાળો મોકલનારની રકમો, આ રાહતકાર્ય મોટા પાયા ઉપર જે સંસ્થાએ હાથ ધર્યું છે તે શ્રી મહાવીર કલ્યાણ કેન્દ્રને પહોંચાડવામાં આવશે. આ ફાળામાં મળેલી રકમોની યાદી અન્યત્ર આપવામાં આવેલ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ–૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૦ : અંક ૧૦

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, સપ્ટેમ્બર ૧૬, ૧૯૬૮, સોમવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા : વક્તવ્યોનું આછું નિરૂપણ

આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળા ભારતીય વિદ્યા ભવનમાં તા. ૨૦-૮-૬૮ થી તા. ૨૮-૮-૬૮ સુધી યોજાઈ હતી. પહેલે દિવસે શ્રોતાગણનું સ્વાગત કરતાં શ્રી પરમાનંદભાઈએ દક્ષિણ ગુજરાતમાં પ્રચંડ જળરેલ આવવાથી થયેલી જાનમાલની હાનિનો ઉલ્લેખ કરીને પૂરપીડિતો પ્રત્યે સમભાવની લાગણી વ્યક્ત કરી હતી અને તેમને રાહત આપવા માટે મુંબઈમાં શરુ થયેલી ઊલટભેર પ્રવૃત્તિઓનો નિર્દેશ કર્યો હતો. કુદરતના પ્રકોપ સામે માણસ લાચાર બની જાય છે તે ગયે વરસે કોયના ભૂકંપની વેળાએ અને આ વરસે નર્મદા - તાપીનાં પ્રચંડ પૂરોની વેળાએ આપણે જોયું છે. આવી ભયની કે અસહાયતાની ક્ષણે માનવની સાચી ઊંડે દબાઈ રહેલી - માનવતા મ્હોરી ઊઠે છે—જો કે કેટલીકવાર એવી ક્ષણે પણ પોતે એ ભયમાં નથી એવો વિશ્વાસ સેવતી વ્યક્તિઓની લોલુપ સ્વાર્થવૃત્તિ ચાર પૈસા કમાઈ લેવાને તૈયાર થતી હોય છે! વધારે કરુણતા તો ત્યારે અનુભવાય છે, જ્યારે માનવે સર્જેલા 'ભૂકંપો' અને 'જળરેલો' થી થતી હાનિ પ્રત્યે મોંએથી સમભાવના બે શબ્દો બોલાતા હોય તે ક્ષણે પણ એ 'ભૂકંપો' અને 'જળરેલ'ના સમર્થનની વૃત્તિ પણ સેવાતી હોય! ગયા વરસ દરમિયાન હિંસા, અસત્ય, અન્યાય વગેરે આસુરી બળોની સામે અહિંસા, સત્ય, ન્યાય વગેરે માનવભાવનાઓને પુરસ્કારતા અને અહિંસક પડકાર આપતા માર્ટિન લ્યૂથરકિંગ માનવની હિંસક વૃત્તિના સ્ફોટનો ભોગ બન્યા: એવી જ રીતે સ્વાર્થ અને દ્વેષની વૃત્તિના સ્ફોટથી - explosion થી - રૉબર્ટ કેનેડીની હત્યા થઈ. આ 'ભૂકંપ' થી અમેરિકન - અને જગત - સ્તબ્ધ થઈ ગયાં. હિંસાના તાંડવને નિયન્ત્રિત કરવાની મનોવૃત્તિ અમેરિકન પ્રજામાં ઉદ્દીપ્ત થઈ, પણ બુદ્ધિવાદના આ જમાનામાં (The gun does not kill; it is the hand that pulls the trigger that kills) (બંદૂક હિંસા કરતી નથી: બંદૂકનો ઘોડો દબાવતો હાથ હિંસા કરે છે) એવી ડાહી દલીલ દ્વારા પ્રજાના સાચા પ્રત્યાઘાતોને મઠારવાના પ્રયત્નો પણ થયા! અને પર્યુષણ વ્યાખ્યાનમાળાને બીજે દિવસે ઝેકોસ્લોવેકિયા જેવા નાના પણ સ્વાતન્ત્ર્યપ્રેમી દેશ ઉપર રશિયા અને તેના બીજા સાથીઓનાં પ્રચંડ લશ્કરી પૂરો ફરી વળ્યાં! ઝેકોસ્લોવેકિયાની સ્વાતંત્ર્યપ્રેમી પ્રજા આ રાક્ષસી આક્રમણનો ભોગ બની સ્તબ્ધ બની ગઈ છે. સંયુક્ત રાષ્ટ્રસંસ્થા અને સ્વતંત્ર જગત (Free World) ના દેશો રશિયાના અન્યાયી આક્રમણના મૂંગા સાક્ષી બની રહ્યા છે. આ હિંસક અને માનવગુણોને રુંધતી મનોવૃત્તિ જીવનમાં વ્યાપક બનતી જાય છે અને સંયમ જેવું કોઈ જીવન-મૂલ્ય અસ્તિત્વમાં જ ન હોય એવા સૂરો સંસ્કૃતિ અને ધર્મના પથદર્શકો અને આચાર્યોનાં ઉદ્બોધનોમાં પ્રધાનપણે ઉઠતા અનુભવાય છે. આવી પરિસ્થિતિમાં—'In this mad world'—પર્યુષણ વ્યાખ્યાનમાળા જીવનના મૂળમાં રહેલાં તત્વો તરફ આપણું લક્ષ દોરે છે અને આધ્યાત્મિક અંશ ઉપર ભાર મૂકવામાં આવે તો સમગ્ર જીવન કેવું સંવાદી, શાન્ત અને સાચા અર્થમાં સુખી બની રહે તેની પ્રતીતિ કરાવવામાં—જીવનમૂલ્યોની પુનઃપ્રતિષ્ઠા કરવામાં—સહાયભૂત થાય છે.

* * *

શ્રી ભઁવરમલ સિંઘી (માનવીનાં બદલાતાં જીવન મૂલ્યો): આજનો યુગ બુદ્ધિપ્રધાન યુગ છે. વિજ્ઞાનની પ્રગતિથી જગત સાંકડું બની ગયું છે. પશ્ચિમના વિચારપ્રવાહો પૂર્વના દેશોમાં આવે અને પૂર્વના પણ પશ્ચિમમાં જાય એ સ્વાભાવિક છે. પ્રાચીન શાસ્ત્રોએ જે સામાજિક અને ધાર્મિક વ્યવસ્થા કરી હતી તે આજના બદલાયેલા યુગને અનુરૂપ ન હોય એ દેખીતું છે. આપણે આજે પરંપરાની, પોથીઓ કે આચાર્યોની દોરવણી પ્રમાણે ચાલીશું તો જીવનવિકાસ અને જીવનસમૃદ્ધિથી વંચિત રહીશું. મૃત્યોર્મા અમૃતં ગમય - એ પ્રાચીન ભાવનાનો સાચો અર્થ એ છે કે દરેક વ્યક્તિએ પોતાને રુંધતાં નિયમો અને મર્યાદાઓનાં જડ નિયંત્રણોમાંથી મુકત થવું અને સ્વ-રૂપને ઓળખવું - કેળવવું. આ કાર્ય માટે વિચાર અને વિવેક આવશ્યક છે. સ્વાર્થ, સત્તા કે પ્રતિષ્ઠાની પાછળ દોડીશું તો તેજસ્વી વિવેકશીલ વિચારને બદલે જૂની ઘરેડમાં રહ્યા કરીશું. જીવનપ્રણાલી બદલાઈ છે તો જીવનમૂલ્યો પણ બદલવાં રહેશે.

ડૉ. ઈન્દ્રચન્દ્ર શાસ્ત્રી: (સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ): આપણા બાહ્ય જીવનમાં અને આન્તર જીવનમાં વિસંવાદ રહ્યા કરે છે તેના મૂળમાં જડ પરંપરાનું જડતાભર્યું અનુપાલન છે. ધર્મોએ અને સંપ્રદાયોએ માંહોમાંહે જગાવેલા ઝગડાઓ, કલેશો અને હત્યા સુધીનાં કૃત્યોની ઈતિહાસ સાક્ષી પૂરે છે, અને આપણા દેશમાં પણ આજે ધર્મને કારણે દ્વેષ અને કલહ નજરે આવે છે. તે બધાનું કારણ એ છે કે ધર્મમાં સમતા - અભેદ - બુદ્ધિને બદલે પ્રતિષ્ઠા, લોભ, દંભ વગેરે દોષો પેઠા છે. આચાર્ય શિષ્યને સ્વીકારે તેનો અર્થ એ થાય કે શિષ્ય સ્વતંત્ર વિચાર કરતો અટકે અને આચાર્ય તેમ જ શાસ્ત્રનાં વચનને પ્રમાણ તરીકે સ્વીકારતો થાય. સાચો સંત શિષ્ય બનાવતો નથી. સાચા સંતનું જીવન દીવા જેવું હોય છે. સ્વયં બળ્યા કરે અને અન્યને પ્રકાશ આપે. એથી ઊલટું, નેતાઓ - ધાર્મિક તેમ જ રાજકીય - પોતાનો પરિવાર વધારવાના મોહમાં પડ્યા હોય છે. સમ્યગ્દર્શન વ્યાપક - ભેદભાવ વિનાનું - દર્શન હોય છે.

ડૉ. ડી. એસ. કોઠારી (વિજ્ઞાન અને ધર્મ): ભારત ગરીબ દેશ છે છતાં મહાન દેશ છે. તેની મહત્તા તેણે પ્રાપ્ત કરેલી ધાર્મિક સિદ્ધિને લીધે છે. પશ્ચિમમાં વિજ્ઞાનની સિદ્ધિ છે તેમ આપણે ત્યાં ધર્મની સિદ્ધિ થઈ છે, પણ પશ્ચિમમાં વિજ્ઞાનની ભ્રષ્ટતા થઈ છે,

જેને પરિણામે છેલ્લાં પચાસ વર્ષમાં બબ્બે વિશ્વયુદ્ધો ખેલાયાં અને વિયેટનામનું યુદ્ધ આજે ય ચાલુ છે, તે રીતે ભારતમાં પણ ધર્મની ભ્રષ્ટતા થઈ છે. 'વૈરાગી'ના સાચા અર્થની આજે 'દંભી ધૂર્ત બાવો' એવા અર્થમાં કેવી વિડમ્બના થઈ રહી છે.! વૈરાગી એટલે ઉચ્ચ ધ્યેયની સાધના માટે સંસારના સંબંધો અને પરિગ્રહવૃત્તિનો ત્યાગ કરનાર: આ અર્થમાં આજનો વૈજ્ઞાનિક વૈરાગી છે. સાચા ધર્મને પામવા માટે અનેક માર્ગો છે, અનેક સંપ્રદાયો છે. ધર્મમાં અનેક સંપ્રદાયો ઉત્પન્ન થાય તે પ્રગતિનું લક્ષણ ગણાય, જો વિજ્ઞાનમાં જુદાં જુદાં ક્ષેત્રોમાં વિભાગીય સંશોધનો થાય છે, તે રીતે થાય તો. ધર્મનું મૂળ સમતા, અભેદ, અદ્વૈત–કોઈ પણ નામે વર્ણવીએ પણ–એક જ છે. અહિંસાદિ પાંચ વ્રતો એક જ જીવનદૃષ્ટિ અને આચારનાં જુદાં જુદાં પાસાંઓ છે. વિજ્ઞાન પુસ્તકમાં જ રહે, તેનો પ્રયોગ અને જીવનમાં ઉપયોગ ન થાય તો તે વિજ્ઞાન ન રહે, તેવી રીતે ધર્મ પણ જો શાસ્ત્રમાં જ સમાયેલો રહે અને જીવનમાં ન ઉતારાય તો તે dogma, superstition (જડ માન્યતા, અંધશ્રદ્ધા) બની જાય. જપ દ્વારા ચિત્તને એકાગ્ર કરી શકાય. ચિત્ત ચંચલ છે, પણ ગીતામાં કહ્યું છે તેમ અભ્યાસ અને વૈરાગ્યથી તેને કાબૂમાં આણી શકાય છે. વિજ્ઞાનની પ્રગતિ માટે જેમ પ્રયોગશાળામાં–Laboratoryમાં જ – જવું જોઈએ, તેવી રીતે ધર્મની પ્રગતિ માટે સાંસારિક ભાવોને દૂર કરીને વૈરાગ્ય સેવવું જોઈએ. ધર્મમાં વૈરાગની એટલે વૈજ્ઞાનિકની દૃષ્ટિ સેવાય તો ધર્મનું સાચું સ્વરૂપ પરખાય.

ડૉ. એમ. એમ. ભમગરા: (શિથિલીકરણ: Relaxation: શારીરિક અને માનસિક): શરીર અને મન વચ્ચે ગાઢ સંબંધ છે એમ આજે તો સર્વત્ર સ્વીકારાયું છે. મનોવિજ્ઞાનના અભ્યાસથી એવું સિદ્ધ થયું છે કે કેટલાયે શારીરિક રોગોનું કારણ માનસિક 'ખેંચાણ' (tension) હોય છે. અમેરિકામાં પ્રયોગદ્વારા સિદ્ધ કરાયું છે કે જેમ માનસિક તાણની અસર શરીર ઉપર થાય તેમ જ શારીરિક તાણની અસર મન ઉપર પણ થાય છે. શારીરિક તાણનું શિથિલીકરણ કરવા માટે contrast પદ્ધતિ, abdominal breathing વગેરેનો ઉપયોગ કરી શકાય. માનસિક તાણ માટે meditation (ધ્યાન) બહુ ઉપયોગી છે. Relaxation (શિથિલીકરણ) અને meditation (ધ્યાન)માં ફેર છે. અંતે તો મનને રિકત (Vacant) બનાવવું - વિચારપ્રવાહનો નિરોધ કરવો એ પરમ ધ્યેય છે. આધ્યાત્મિક દૃષ્ટિએ આત્મસાક્ષાત્કારનો એ ઉપાય છે. એવી નિશ્ચલ - નિ:સ્પન્દ - માનસિક સ્થિતિ પ્રાપ્ત કરવી એ વ્યવહારિક તેમ જ આધ્યાત્મિક જીવનનું અંતિમ ધ્યેય છે.

શ્રી પુરુષોત્તમ માવળંકર (વિદ્યાર્થી અસ્વસ્થતા: વિશ્વ સંદર્ભમાં): બીજું વિશ્વયુદ્ધ ૧૯૪૫માં પૂરું થયું. આપણી આઝાદીને પણ ૨૧ વર્ષ થયાં. આમ આજની વિદ્યાર્થીની પેઢી પુખ્ત ઉંમરની થઈ છે. વર્તમાન પરિસ્થિતિ પ્રત્યે આ યુવાન પેઢીને ઉગ્ર રોષ છે. વિદ્યાર્થીઓની આ અસ્વથતા જગતના બધા દેશોમાં નજરે આવે છે. આ અસ્વસ્થાતાનાં અનેક કારણો છે: નાનાં મોટાં, તાત્કાલિક કે લાંબા-ગાળાનાં, વૈયકિતક કે સામૂહિક; સૈદ્ધાન્તિક, કે સગવડીઆં, સાચાં કે ખોટાં પણ. આ કારણોમાંથી ત્રણ મુખ્ય ગણી શકાય: ધ્યેયશૂન્ય શિક્ષણ, શિક્ષણની ઉપયોગીતાનો અભાવ અને શિક્ષકોમાં વિશ્વાસનો અભાવ. આજનો વિદ્યાર્થી Establishmentનો – વ્યવસ્થાપક તંત્રનો–વિરોધી છે, પછી તે તંત્ર રાજ્યનું હોય કે યુનિવર્સિટીનું હોય. વિદ્યાર્થીઓની આ અસ્વસ્થતા છ રૂપે વ્યકત થતી દેખાય છે: Unrest (અસ્વસ્થતા), Dissatisfaction (અસંતોષ), Revolt (વિદ્રોહ), Agitation (વિક્ષોભ), Indiscipline (અશિસ્ત) અને Irresporisibility (બેજવાબદારપણું), શ્રી માવળંકરે આ બધા મુદ્દાઓનું વિગતવાર ઉદાહરણો સાથે વિવરણ કર્યું હતું અને અંતે સૂચવ્યું હતું કે વિદ્યાર્થીઓની આ અસ્વસ્થતા દૂર કરવા માટે વિદ્યાર્થીઓને વિશ્વાસમાં લેવા જોઈશે, તેમનામાં a sense of participation and responsibility (સંવિભાગિતાની અને જવાબદારીની વૃત્તિ) જગાડવી જોઈશે અને શિક્ષણને જીવન સાથે સંકલિત કરવું રહેશે.

શ્રી રવિશંકર રાવળ: (આપણી અભિરુચિ): રુચિ અને અભિરુચિ બે ભિન્ન વસ્તુઓ છે. રુચિ સૌ કોઈને હોય છે; તે કુરુચિ પણ હોય, સુરુચિ પણ હોય. રુચિ થાય એટલે તેને સંતોષવાની વૃત્તિ પણ થાય. અભિરુચિ સહજ કે સ્વાભાવિક નથી; તેને પ્રયત્ન દ્વારા કેળવવાની – સિદ્ધ કરવાની – હોય છે. અભિરુચિ એટલે સંસ્કારિત રુચિ એમ કહી શકાય. અભિરુચિ હંમેશાં સુન્દરતા પ્રત્યે વ્યવસ્થા પ્રત્યે અને શુચિત્વ પ્રત્યે - મંગલમય પ્રત્યે - વળતી હોય છે. અભિરુચિવાળી વ્યકિતના જીવનનાં બધાં - નાનાં મોટાં–ક્ષેત્રોમાં સુઘડતા, વ્યવસ્થા અને શુચિતાનાં દર્શન થતાં હોય છે. અભિરુચિ સામા માણસનો ખ્યાલ રાખે છે, તેથી તે સ્વાર્થી નહીં પણ સામાજિક રૂપની હોય છે. સમાજમાં–જીવનનાં ક્ષેત્રોમાં–અભિરુચિ કેળવાય તો સમાજ વ્યવસ્થિત, સંસ્કારી અને ઉદાત બને.

શ્રી નિર્મળાબહેન શ્રીવાસ્તવ (કળા અને ધર્મ): ધર્મ વ્યાપક અને મહાન છે; કળા સૂક્ષ્મ અને મધુર છે. એ બંનેનો સમન્વય સમજવો આવશ્યક છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ એમ મનાય છે કે જડમાંથી ચેતનની નિષ્પત્તિ થઈ છે: Theory of Chance પ્રમાણે ગણતરી કરીએ તો અનેક અબજ વર્ષોમાં એકાદ 'દાવ' (Chance) લાગી જાય, જેમાં જડમાંથી ચેતન નીપજે. પણ બીજી દૃષ્ટિએ જોઈએ તો સૂક્ષ્મ જીવાણુમાંથી છેક માનવકોટી સુધીનો જીવનનો વિકાસ થયો છે. તે જોતાં આ વિસ્મયજનક સૃષ્ટિનો કોઈ કર્તા – નિર્માતા – હોવો જોઈએ એમ લાગ્યા વિના રહે નહીં. ધર્મનો આરંભ અહિંથી થાય છે. પરમેશ્વર જેમ નિર્માતા છે તેમ કલાકાર પણ નિર્માતા છે. કલાનો અવિષ્કાર ધર્મના–દેવદેવી-ઓના - સંબંધમાં થતો રહ્યો છે તે આપણે જાણીએ છીએ. કલા-કારના વિચાર–સ્તરની ઉપરના સ્તર તરફ–abstraction–તરફ જતો હોય છે અને તે દ્વારા સ્વનું દર્શન કરતો હોય છે અને તેને કલાકૃતિરૂપે વ્યકત કરે છે. ધર્મ પણ આવી જ ભૂમિકામાં આત્મ-દર્શનની સિદ્ધિની શકયતા દર્શાવે છે. ધ્યાન (meditation) આ abstraction માટેનો પરમ ઉપાય છે. અશ્લીલ મનાતી કલાકૃતિના અંતરમાં રહેલી abstract ભાવનાને સમજીએ તો કલાનું હાર્દ પામી શકીએ.

શ્રી ગુલાબદાસ બ્રોકર (કાવ્યનું સત્ય): સત્યનાં અનેક રૂપ છે કારણ કે, हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् । – આ વાકય પ્રમાણે સત્યની આડે સુવર્ણનું ઢાકણું છે; તેથી આપણે જેને સત્ય માનતા હોઈએ તે માત્ર હકીકત જ હોય એવું ઘણીવાર બને છે. સત્યની ખોજના અનેક માર્ગો છે, જેમાં કલા કે સાહિત્યના માર્ગનો પણ સમાવેશ થાય છે. આમ વિષયની પીઠિકા બાંધ્યા પછી શ્રી બ્રોકરે ઍન્ટન ચેખોવની The Darling નામની ટૂંકી વાર્તાના પ્રસંગોનું અને તત્ત્વોનું વિશ્લેષણ કરીને આ વાર્તામાં પ્રતીકદ્વારા સમગ્ર માનવઅનુભૂતિ કેવી રીતે નિરૂપાઈ છે તે સમજાવ્યું હતું અને ઉમેર્યું હતું કે સાહિત્યકાર ઉપદેશ આપતો નથી–કાવ્ય રચી જાય છે અને તે કાવ્યમાં સમગ્ર જીવનની કે જીવનના કોઈ અંગની ઝલક ઝબકી ઊઠે છે.

શ્રી મનુભાઈ પંચોળી (સન્ત કબીર): ધર્મનું લક્ષ્ય માનવમાં જે ઉદાત્ત તત્ત્વ રહ્યું છે તેને વિકસાવવાનું છે. સનાતન ધર્મે પણ યુગધર્મનું રૂપ ધારણ કરવું પડશે. પ્રાચીન હિંદુધર્મમાં યજ્ઞયાગ, દાનદક્ષિણા, મૂર્તિપૂજા વગેરે કર્મકાંડમાં સમાઈ ગયો હતો: આ પરિસ્થિતિમાં માનવતાના ઉદાત્ત ગુણોનો વિકાસ દબાઈ ગયો–ભુલાઈ ભયો. બુદ્ધે અને મહાવીરે લોકભાષામાં ધર્મનું - માનવતાનું–સ્વરૂપ રજૂ કર્યું: વર્ણના ભેદ માનવનિર્મિત છે તેથી માનવ માનવ વચ્ચે ધર્મની બાબતમાં ભેદભાવ ન હોઈ શકે; ધર્મમાં હિંસાને પણ

સ્થાન ન હોય. સમય જતાં આ બંને ધર્મોમાં પણ ક્રિયાકાંડ, મૂર્તિપૂજા વગેરે અંશો પેઠા. હિંદુધર્મે અહિંસાનું તત્ત્વ સ્વીકાર્યું પણ વર્ણભેદ ચાલુ રાખ્યો. ઈસ્લામધર્મે ઊંચનીચના ખ્યાલનો તથા મૂર્તિપૂજાનો વિરોધ કરી માનવની સમાનતા ઉપર ભાર મૂક્યો. પણ ઈસ્લામમાં પણ મંદિરને બદલે મસ્જિદ અને ક્રિયાકાંડ જેવી જ રૂઢ જટિલ માન્યતાઓ સ્વીકારાઈ. હિંદુ અને મુસ્લિમ આ બંને ધર્મો ધર્મનું સાચું સ્વરૂપ ભૂલી ગયા. સંત સંપ્રદાયના સ્થાપક ગણાય તેવા કબીરે બંને ધર્મોની ઊણપો ઉપર ઉગ્ર પ્રહાર કર્યા અને કોઈ પણ નામે પરમેશ્વરની ભક્તિ અને તન્મય જીવન-વ્યવહારનો પ્રચાર કર્યો. કબીરને ગાંધીજીના પુરોગામી કહી શકાય. તેણે મુખમાં રામ અને હાથમાં કામ એવું જીવનસૂત્ર આપ્યું છે અને ઉદ્યમનો મહિમા ગાયો છે. ધર્મમાં સૌને સમાન અધિકાર છે: ધર્મદ્વારા માનવની ઉચ્ચ વૃત્તિઓ કેળવીને સમાજનો વિકાસ થઈ શકે તેના ઉપર કબીરે ભાર મૂક્યો છે. કબીરની દૃષ્ટિએ તો આપણે ચોવીસે કલાક આપણા બધા વ્યવસાયો કરતાં કરતાં ઈશ્વરનામસ્મરણ કર્યા કરવું જોઈએ એ જીવનનો સાચો માર્ગ છે.

શ્રીમતી તારકેશ્વરી સિંહા (મહાત્મા ગાંધીજી): ગાંધીજીને મળવાના તો માત્ર ત્રણ પ્રસંગ મળ્યા હતા, પણ તેમના સિદ્ધાન્તોના અને જીવનદૃષ્ટિના સાક્ષાત અનુભવ ઉપરથી હું ગાંધીજીની મહત્તા સમજી શકી છું. ગાંધીજી મહાપુરુષ કરતાં ઈન્સાન વધારે હતા. "વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે"—આ સૂત્રમાં સમગ્ર ગાંધી-દર્શન સમાયું છે. જે વ્યક્તિ પારકાની પીડા જાણે તે નરમાંથી નારાયણની શક્યતા જોઈ શકે છે. ગાંધીજી સમજતા હતા કે રાજકીય ઉત્કર્ષ અને સામાજિક વિકાસની સાચી સિદ્ધિ માનવસમાનતા વિના ટકી ન શકે; તેથી તેણે દલિત, પીડિત અને અસ્પૃશ્યની સેવા વગેરેની યોજનાઓ ઘડી. ટૂંકી કાછડી, જાડા જોડા અને મોટી લાકડી - ભારતના ગ્રામજનના જીવનના પ્રતીક સમી ગાંધીજીની આ મૂર્તિ વિરાટ માનવની હતી. ગ્રામોદ્યોગ, ગ્રામ-સ્વાશ્રય ખાદીપ્રચાર, નશાબંધી વગેરેની પાછળ મૌલિક વિચારણા હતી, જેને લીધે મહાન સામ્રાજ્યની સત્તા સામે આપણે ઊભી શકયા. ગાંધીજીએ નિડરતા, સ્વાશ્રય, અહિંસા, સત્ય વગેરેના માત્ર ઉપદેશથી નહીં, પણ જીવનપ્રયોગદ્વારા પ્રજાની ચેતનાને જાગ્રત કરી. આજના હિંસાપ્રધાન યુગમાં નિર્બળ રાષ્ટ્રો માટે ગાંધીજીના સિદ્ધાન્તો સિવાય બીજો કોઈ આશરો નથી. આજે આપણે ગાંધીજીના સિદ્ધાન્તોને ભૂલી ગયા છીએ. પરિણામે દેશમાં પ્રાદેશિક, ભાષાકીય વગેરે કારણોને લીધે વિચ્છિન્નતા સરજાઈ રહી છે. ગાંધીજીના સિદ્ધાન્તોને જેટલે અંશે જીવનમાં અપનાવીશું તેટલે અંશે દેશની ઉન્નતિ સાધી શકીશું.

શ્રી મનુભાઈ પંચોળીનું બીજું વ્યાખ્યાન હતું 'વિનોબાજી અને ગ્રામદાન આંદોલન' ઉપર: ગાંધીજી જીવનના દરેક ક્ષેત્રમાં ધર્મને પ્રતિષ્ઠાપિત કરવા ઈચ્છતા હતા: બળથી નહીં પણ પ્રજાની ચેતનાને જાગૃત કરીને પ્રજાનો ઉત્કર્ષ સાધવા ઈચ્છતા હતા. તેથી રાજકારણમાં પણ તેમણે ધર્મની ભાવનાનો આગ્રહ રાખ્યો. ગાંધીજીએ કહ્યું છે કે "The most religious man I have met is a politician in a religious garb; but I am a religious man in a politician's garb." (સૌથી ધાર્મિક માણસ જેને હું મળ્યો છું તે ધર્મના વાઘા પહેરેલો રાજકારણી પુરુષ હતો; હું તો રાજકારણના વાઘા પહેરેલો ધાર્મિક માણસ છું.) શ્રી. વિનોબા પણ ધાર્મિક છે - સંત છે, પણ રાજકારણમાં આવી પડયા છે. ગ્રામદાન પ્રવૃત્તિની પાછળ મૂલગામી દૃષ્ટિ રહી છે: સમાજ ન્યાયી હોય તો વ્યક્તિ પણ ન્યાયી બનવા પ્રેરાય. બળજબરી અને મિલ્કતની ભાવના ઉપર રચાયેલા સમાજમાં ગરીબી, સમાનતા, અનીતિ વગેરે દૂષણો રહેવાનાં જ. તેથી વિનોબાજીએ ગ્રામદાનનો પ્રચાર શરૂ કર્યો—આજે ત્રણથી ચાર કરોડ માણસોએ આ ગ્રામદાન પદ્ધતિનો સ્વીકાર કર્યો છે. ગ્રામદાનના મૂળ ચાર સિદ્ધાન્તો છે: (૧) ખેતર કે જમીનનો વેચાણ કે ગીરે મૂકવાનો હક્ક ગ્રામપંચાયતને સોંપી દેવો; તે સિવાયના બધા જ હકકો તેના માલિક પાસે જ રહે. (૨) જમીનનો વીસમો ભાગ ગામના બિન - માલિકોને આપવો. (૩) ઊપજનો ચાલીસમો ભાગ ગ્રામકોશમાં આપવો (૪) કોઈ પણ પ્રસ્તાવ સભ્યોના એંશી ટકા મત તરફેણમાં હોય તો જ સ્વીકારી શકાય. આ દરેક મુદ્દાનું વિશદ અને સદૃષ્ટાન્ત વિવરણ પણ કર્યું: ઉદ્યોગનિષ્ઠ સમાજવાદ અને કૃષિનિષ્ઠ સમાજવાદ વચ્ચેનો ભેદ પણ સ્પષ્ટ રીતે સમજાવ્યો. સામ્યવાદ રોટલો આપે; સમાજવાદ રોટલો અને સ્વાતંત્ર્ય આપે; ભારતીય સમાજવાદ રોટલો, સ્વાતંત્ર્ય અને સુખ આપે; સૂત્રાત્મક શૈલીમાં શ્રી મનુભાઈએ આ જુદા જુદા વાદોનાં સ્વરૂપ અને ભેદ દર્શાવ્યાં હતાં.

રેવરન્ડ ફાધર વાલેસ (સર્વધર્મસમભાવ): ભૂતકાળમાં ધર્મની બાબતમાં જે શકય નહોતું તે આજના યુગમાં શકય બન્યું છે: આજે જુદા જુદા ધર્મ અને સંપ્રદાયોના અનુયાયીઓ સાથે બેસીને ચર્ચાવિચારણા કરી શકે છે અને જુદા જુદા ધર્મોનો પરિચય કેળવી શકે છે. સંપર્ક અને સહચારદ્વારા માનવ માનવની નજીક આવે છે. હું પણ ભારતમાં આવ્યો ત્યારે કેવળ ખ્રિસ્તીદૃષ્ટિ લઈને આવ્યો હતો; પણ અહીં અનેક પરંપરાઓ અને વ્યક્તિઓના પ્રત્યક્ષ પરિચયથી મારી ધર્મભાવના એક તરફથી વિશદ અને દૃઢ થઈ છે, અને બીજી તરફથી વ્યાપક સમભાવવાળી બની છે. અન્તિમ દૃષ્ટિએ માનવ માનવ છે: રંગ, નાતજાત, ભાષા વગેરેના ભેદો બાહ્ય - ઉપલકિયા - છે. સર્વધર્મસમભાવનો અર્થ એવો નથી કે દરેક ધર્મમાંથી થોડું થોડું લેવું અને તેનું મેળવણ કરી નાખવું. તેનો સાચો અર્થ એ છે કે સૌએ પોતપોતાના ધર્મનું સમજપૂર્વક અને નિષ્ઠાપૂર્વક પાલન કરવું; તેની સાથોસાથ અન્ય ધર્મો પ્રત્યે સમજણ અને આદરની વૃત્તિ કેળવવી.

રેવરન્ડ ફાધર વાલેસના બીજા વ્યાખ્યાનનો વિષય હતો 'મિચ્છામિ દુક્કડમ્': વર્ષમાં એક વાર જીવનનો હિસાબ મેળવવો, કોઈ પ્રત્યે પાપ, કડવું વચન, અનાદાર, તિરસ્કાર કર્યા હોય તે માટે તેની ક્ષમા માગવી એ સારી પ્રથા છે. ખ્રિસ્તીધર્મમાં પણ Confessions (કબૂલાત) ની પ્રથા છે. કરેલાં પાપનો ભાર મન ઉપર રહ્યા કરે છે અને હૃદય ડંખ્યા કરે છે. આવી જાગૃતિ હોવી એ પણ શુભ લક્ષણ ગણાય. તેની સાથે સાચા હૃદયની ક્ષમાયાચના કરવી – ફરીથી આવું કડવું વચન નહીં બોલાય, ક્રોધ કે તિરસ્કાર નહીં કરાય એવી વૃત્તિથી ક્ષમાયાચના કરવી–તે માનવને નિર્મળ બનાવે છે. લોકસેવા એ પ્રભુ સેવા છે એમ કહીએ છીએ, તો લોકની ક્ષમાયાચના એટલે કે પ્રભુની ક્ષમાયાચના એમ કહેવાય. તે જ રીતે લોકની નિન્દા પ્રભુની નિન્દા છે એમ પણ કહેવું જોઈએ. પ્રભુ પાસે ક્ષમાયાચના કરીએ તો પ્રભુ એનો સ્વીકાર કરશે કે કેમ એ પ્રશ્નનો ઉત્તર માનવનું હૃદય જ આપે. ક્ષમા યાચનાર માણસમાં નમ્રતા, શ્રદ્ધા, વિશ્વાસ વગેરે ગુણો વિકસે છે. સ્વાનુભાવના પ્રસંગોના અનેક ઉલ્લેખોથી તેમના વ્યાખ્યાનમાં સચ્ચાઈનો રણકાર ગાજ્યા કરતો હતો તેની નોંધ લેવી જોઈએ.

શ્રી રોહિત મહેતા (આધ્યાત્મિક જીવનના મૂળભૂત પ્રશ્નો): વ્યવહાર - જીવનના પ્રશ્નો મુંઝવતા હોય ત્યારે અનુપયોગી લાગતા આધ્યાત્મિક જીવનના પ્રશ્નોની ચર્ચા કરવી અયોગ્ય છે એમ લાગવા સંભવ છે. પણ ખરી રીતે જોતા વ્યાવહારિક પ્રશ્નો અને સમસ્યાઓ ઊભાં થાય છે તેનું કારણ એ છે કે તેનો આધ્યાત્મિક જીવન સાથેનો સંબંધ આપણે તોડી નાંખ્યો છે. વિજ્ઞાનની પ્રગતિએ સાધનસંપત્તિ આપી છે, પણ સુખ નથી આપ્યું એ હકીકત છે. ગતિ અને શકિત આવ્યાં છે, પણ તેની દિશા - જીવનનાં મૂલ્યો - મળી નથી. આજની અશાન્ત સ્થિતિમાં સુખ મેળવવું હોય તો ભૂત અને ભવિષ્યનાં ભારણો ફગાવી દઈને વર્તમાનમાં જ જીવવાનું આપણે શીખવું પડશે. આપણાં દુઃખનું કારણ સ્મૃતિ છે. વસ્તુની સ્મૃતિ અપરિહાર્ય

છે અને તેનાથી હાનિ થતી નથી. પણ વિષયની સ્મૃતિ - ગીતામાં જેને રસ કહ્યો છે - આપણને જંજાળમાં સપડાવે છે અને સમ્ય-ગ્દર્શન પામવા દેતી નથી. સ્મૃતિનો અપરિગ્રહ કેળવીએ તો વ્યાવહારિક જીવન પ્રત્યે 'અપરિચિતતા' - તટસ્થતા કેળવી શકીએ. સમ્યદર્શનનો આ સાચો માર્ગ છે.

શ્રીમતી કીદેવી મહેતા (માનવીની સત્યશોધ અને મીરાંનું જીવનદર્શન): ભારતમાં સમૃદ્ધ સંતપરંપરા ચાલી આવી છે અને દરેક પ્રદેશમાં સંતોએ ભક્તિ ગાઈ છે. સૌ સંતોની પેઠે મીરાં પણ દેશ અને કાળની મર્યાદાથી પર છે. મીરાંમાં સાચી સ્ત્રીત્વની ભાવના હતી. મીરાંની વિશિષ્ટતા એ છે કે તેણે કોઈ ગુરુ કર્યા નથી કે કોઈ પરંપરા ચલાવી નથી. તેનાં પદો અને ભજનોમાં પાંડિત્ય નથી પણ ગિરિધરભક્તિમાં તરબોળ બનેલા હૃદયના ઋજુ મંજુલ ઉદ્‌ગાર છે. મીરાંએ સત્યની શોધ માટે સ્વતન્ત્રતા (લોકલાજ, કુલશૃંખલા ત્યાગી), સરસતા અને મધુરતા, બાલસુલભ નિરામય આનંદ અને સ્વાનુભૂતિનો માર્ગ સ્વીકાર્યો હતો. શ્રીદેવી બહેનનું પ્રવચન ગીત અને વિવરણની ગૂંથણીથી નિરાળી ભાતવાળું બન્યું હતું, એટલું જ નહીં પણ, એ બંને અંશોની સમરસતાથી વિશાળ શ્રોતાગણને પ્રભાવિત કરી ગયું હતું.

એવા જ નિરાળા પ્રકારનું વ્યાખ્યાન હતું **શ્રી રોહિત મહેતા** અને **શ્રીમતી કીદેવી મહેતા**નું. સહ-વ્યાખ્યાન. વિષય હતો "કબીરનાં ભજનો : વિવેચન સાથે." શ્રી રોહિતભાઈ પ્રવચન કરતા ગયા અને તેમણે રજુ કરેલા મુદ્દાને વ્યકત કરતાં ભજનો અને દુહાઓ શ્રીદેવીબહેન ગાતાં ગયાં. શ્રી રોહિતભાઈએ કહ્યું કે અનેક સંતો થઈ ગયા છે, છતાં કબીરનાં ભજનોનું આજના યુગમાં વધારે મહત્ત્વ છે, કારણ કે જેમ આજના જમાનામાં વિજ્ઞાન મનોવિશ્લેષણ કરીને માનવની અસ્વસ્થતા દૂર કરવા મથે છે તેમ એ જ ધ્યેયથી કાશીનો આ વણકર મનના સ્વરૂપનું, વિકારોનું, ભ્રમનું તેમ જ તેના શાન્ત સ્વરૂપનું નિરૂપણ સરલ અનુભવબાનીમાં ગાયા કરે છે. મન સક્રિય છે તેને નિષ્ક્રિય જ નહીં, નિરપેક્ષ બનાવવાનું છે. શાન્ત મન બહારથી લાવ-વવાનું નથી: અહં વગેરે આવરણો દૂર કરીને શાન્ત મનનો—સનાતન શાન્તિનો—સાક્ષાત્કાર કરવાનો છે. આવો સાક્ષાત્કાર આવિષ્કાર પામશે જ ; પણ સાક્ષાત્કાર વિનાનો આવિષ્કાર કેવળ મૂર્તિ-પૂજા બની રહે. મહેતા દમ્પતીની આ 'જુગલબંધી' પણ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં નવી અને સરસ ભાત પાડી ગઈ.

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ (સ્ત્રીપુરુષ - સંબંધ): સ્ત્રીપુરુષના સંબંધનો પ્રશ્ન માનવજીવનનો વૈયકિત તેમ જ સામાજિક દૃષ્ટિએ પાયાનો પ્રશ્ન છે. બ્રહ્માએ સ્ત્રી અને પુરુષને સર્જ્યા છે અને એક બીજાં પ્રત્યે પ્રાકૃતિક આકર્ષણ (elemental attraction) મૂકીને સંસારમાં છૂટાં મૂકયાં છે. સ્ત્રીપુરુષના સંબંધનું - કામનું - આપણા શાસ્ત્રોકારોએ ગૌરવ સ્વીકાર્યું છે અને ધર્મ, અર્થ અને મોક્ષની સાથે કામને પણ પુરુષાર્થ ગણ્યો છે. કામના પર્યાય તરીકે પશ્ચિમમાં Sex–Relation શબ્દ પ્રયોજાય છે, પણ તે શારીરિક સંબંધને પ્રાધાન્ય આપે છે. કામની સાથે ઊર્મિ (emotion) અને આધ્યાત્મિક ભાવ પણ સંકળાયેલાં છે: તે વાત આપણે ત્યાં સ્પષ્ટપણે સ્વીકારાઈ છે. આ વિધાનનું સમર્થન કરતાં શ્રી ચીમનભાઈએ શાકુન્તલ, ઉત્તરરામચરિત, કુમારસંભવ, રઘુવંશ, માલતીમાધવ, ભર્તૃહરિનાં શતકો વગેરેમાંથી સંસ્કૃત અવતરણો ટાંકીને એવી રસ-જમાવટ કરી હતી કે વ્યાખ્યાનનો ઉત્તરાર્ધ સંસ્કૃતસાહિત્યમાં સ્ત્રી-પુરુષના સંબંધ વિષયક બની ગયું હતું. પશ્ચિમમાં ફ્રોઈડ અને યુંગની વિચારણાએ એકાંગીણ દર્શન રજુ કર્યું ત્યારથી સ્ત્રીપુરુષોના સંબંધ અનિયન્ત્રિત હોવા જોઈએ એવી ભાવના પ્રસરી. પશ્ચિમની સ્ત્રીપુરુષના સંબંધ વિષેની આ અતન્ત્રતાનો આપણે સામનો કરવો જોઈએ. એ માર્ગે કોઈનો ઉદ્ધાર નથી એમ હું જૂનવાણી ગણા-વાનો ભય હોવા છતાં સ્પષ્ટ રીતે માનું છું. પ્રાચીન કાળમાં સ્ત્રીનું ગૌરવ સમય સમય પ્રમાણે અંકાતું રહ્યું છે. આજે મહાત્મા ગાંધીજીની પ્રેરણાથી આપણે ત્યાં સ્ત્રી ને પુરુષ જીવનના દરેક ક્ષેત્રમાં સહકારી બન્યાં છે, ત્યારે જો લગ્નભાવના—પત્નીપરાયણતા અને પતિપરા-યણતા—કેળવવામાં નહિ આવે તો વ્યકિત અને સમાજ બંનેને માટે હાનિ થવાની. લગ્ન માત્ર વૈયકિત પ્રશ્ન નથી, સામાજિક અને આર્થિક પ્રશ્ન પણ છે એ સ્પષ્ટપણે આપણે જાણી લેવું જોઈએ.

છેલ્લું વ્યાખ્યાન હતું **આચાર્ય રજનીશજીનું**. વિષય હતો 'પ્રેમ તત્ત્વ': પ્રેમતત્ત્વની વાત શાસ્ત્રોએ, સંતોઓ, સમુદાયોએ કર્યા કરી છે પણ એ બધાં બળોએ તેને કચડી નાખ્યું છે: કામને-Sex-urge-ને પાપ ગણીને પ્રાણીમાત્રના હૃદયમાં સંભરેલા આ તત્ત્વને યમનિયમો-દ્વારા રુંધી નાખ્યું છે. શાસ્ત્રોના વિધિનિષેધો અને યમનિયમોનાં જડ આવરણોને છેદીને પ્રેમતત્ત્વની મૂર્તિ ઘડવાની છે—જેમ પત્થરમાં રહેલી મૂર્તિને ઘડવા માટે ટાંકણાથી પત્થરને છેદે છે તેમ. કામ સ્વાભા-વિક વૃત્તિ છે, સર્જનશકિત છે, તેમાંથી જ પ્રેમનું તત્ત્વ વિકસે છે. જેણે પ્રેમ ન કર્યો હોય તેને પરમાત્માના અનુભવનો અધિકાર નથી. પતિપત્નીનો પ્રેમ પાછળથી બાળકો પ્રત્યે અને અન્ય પ્રત્યે વિકસી શકે. પ્રેમને રુંધતું બીજું બળ છે અહંભાવ. જ્યાં અહં છે, ત્યાં પર છે; ત્યાં ભેદભાવ અને દ્વેષ છે. પ્રેમમાં નમ્રતા, મૃદુતા, સ્વાર્પણની ભાવના હોય છે.

શ્રી રજનીશજીનું વ્યાખ્યાન હંમેશની પેઠે દૃષ્ટાન્તો અને ટુચકાઓથી સમૃદ્ધ અને વેધક હતું. પણ સ્ત્રીપુરુષના પરસ્પર આકર્ષણની, કામ તત્ત્વની અને પ્રેમની તેમણે કરેલી મીમાંસા અત્યન્ત ચિન્ત્ય અને વિવાદાસ્પદ છે એમ મને લાગ્યું છે. શ્રી પરમાનંદભાઈને મારી સૂચના છે કે શ્રી રજનીશજીના વ્યાખ્યાનનું ટેપ - રેકૉર્ડીંગ કરાયું છે, તો તે અક્ષરશ: 'પ્રબુદ્ધ જીવન' માં પ્રકાશિત કરે. * તેમનું મૂળ પ્રવચન લભ્ય થાય તો તેની ચર્ચાવિચારણા કરવી શકય બને. અત્યારે તો, શ્રી ચીમનભાઈનું પ્રવચન (સંક્ષેપરૂપે) અહીં આપ્યું છે તેની સાથે શ્રી રજનીશજીના મુદ્દાઓ સરખાવી શકાય.

* * *

આમ, અધિકારી વ્યાખ્યાતાઓ પાસેથી કેવળ જીવનને માનવ-જીવનાભિમુખ કરી સાચા અર્થમાં જીવનપ્રાપ્તિ માટેની અનેક-મુખ વિચારસામગ્રી મળી. આ જીવનમીમાંસાની સાર્થકતા ત્યારે થઈ ગણાય જ્યારે આ માર્ગદર્શનને આપણા દૈનંદિન વ્યવહારમાં અને આચારમાં મૂકવા પ્રયત્ન કરીએ. અને આવો નિશ્ચય દરેકે પોતાની મેળે કરવાનો છે. જેમ કોઈ લાભ મળતો હોય તો બીજા શું કરે છે તે જોવાની આપણે દરકાર કરતા નથી તેમ આપણી ફરજ —આપણા પોતા પ્રત્યેની અને તે દ્વારા અન્ય પ્રત્યેની—અદા કરવામાં બીજા શું કરે છે તેની દરકાર કરવા રોકાવાય નહીં, સ્વધર્મ જ પરમ ધર્મ છે.

ગૌરીપ્રસાદ ચુ. ઝાલા

* આચાર્યશ્રી રજનીશજીનું પ્રસ્તુત વ્યાખ્યાન પ્રબુદ્ધ જીવનના આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે. તંત્રી.

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા : આભારનિવેદન

"ધર્મ એટલે સત્યની તાલાવેલી અને વિવેકી સ્વભાવ, તેમ જ એ બે તત્ત્વોની નીચે ધબાતો જીવનવ્યવહાર." પૂજ્ય પંડિત સુખલાલ-જીએ ધર્મની આ પણ એક વ્યાખ્યા કરી છે. પર્યુષણને આ અર્થમાં આપણે ધર્મ પર્વ કહેવું જોઈએ. અને ધર્મ તથા જ્ઞાનનો સુંદર સમન્વય એટલે આપણી પર્યુષણ વ્યાખ્યાનમાળા—કે જે ઉત્તરોત્તર ઉન્નતિનાં શિખરો—નવીનતાનાં શિખરો—અને સફળતાનાં શિખરો સર કરતી જાય છે. "કેવળ દર્શનની સરાણ પર તેજ કરેલું નહીં, પણ જે લોકકલ્યાણની દૃષ્ટિએ હિતતમ હોય તે સત્યનું દર્શન કરવું." કાકા કાલેકરના શબ્દોમાં આપણી વ્યાખ્યાનમાળાનો આ ઉદ્દેશ છે. માત્ર ગતાનુગતિક ચાલવું એ જીવનનાં વિકાસનું લક્ષ્ય નથી. એટલે આપણે સારા સારા લોકોને એકત્ર કરવા અને એનો પરિચય શ્રોતાઓને કરાવવો, નવા વિચારો જાણવા અને ઝીલવા—વ્યાખ્યાનમાળા પાછળ આપણી આ દૃષ્ટિ રહી છે. આ રીતે વિચારતાં—આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા માટે ટૂંકમાં કહેવું હોય તો કહી

શકીએ કે–આ વખતની વ્યાખ્યાનમાળા એટલે સત્યં શિવં અને સુંદરમ્‌નો ત્રિવેણી સંગમ હતો.

અમને આનંદ થાય છે કે આ વખતની તા. ૨૦ ઑગસ્ટથી ૨૮ ઑગસ્ટ સુધી–એમ નવ દિવસ માટે ભારતીય વિદ્યાભવનનાં શીતળ સભાગૃહમાં યોજાયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ ખૂબ જ સુંદર રીતે પાર પડયો હતો. નવે દિવસની વ્યાખ્યાનસભાઓનું સંચાલન સેન્ટ ઝેવિયર્સ કૉલેજના સંસ્કૃતના અધ્યાપક માન્યવર શ્રી ગૌરીશંકર ચુનીલાલ ઝાલાએ અધ્યક્ષસ્થાનેથી કર્યું હતું. વ્યાખ્યાનમાળામાં સભાગૃહ ઉત્તરોત્તર શ્રોતાઓથી વધુને વધુ ભરાતું ગયું, છેલ્લા પાંચ દિવસોની ભીડ તો કલ્પનામાં ન આવે એવી અસાધારણ હતી. શ્રોતાઓનું આકર્ષણ અલબત્ત વકતાઓ જ હોય છે. આ વખતે નવા વકતાઓનું–તેમાં ય ખાસ કરીને શ્રીમતી તારકેશ્વરી સિંહા, શ્રી રોહિત મહેતા, શ્રીમતી શ્રીદેવી મહેતાનું આકર્ષણ સવિશેષ હતું. નવ દિવસ દરમિયાન કુલ ૧૮ વ્યાખ્યાનો થયા હતા. પ્રત્યેક વ્યાખ્યાતાએ એમનાં વિષયને પૂરેપૂરો ન્યાય આપ્યો હતો એટલું જ નહિ તેઓ તેમની તૈયારી સાથે આવેલા હોઈ વ્યાખ્યાનો રસપ્રદ બન્યા હતા. શ્રોતાઓ બે અઢી કલાક શિસ્ત અને શાંતિ જાળવતાં–કારણ, તેઓ વ્યાખ્યાનોથી પ્રભાવિત થયા હતા. નવે દિવસોમાં જે શાંતિ જળવાઈ એ તો શ્રોતાઓની સંસ્કારીતાની અનુભૂતિ કરાવી ગઈ. ખરેખર આ માટે વકતાઓનો જેટલો આભાર માનીએ એથીય વિશેષ અમારે શ્રોતાઓનો માનવાનો છે.

આ વખતના વ્યાખ્યાતાઓમાંથી અગિયાર વ્યાખ્યાતાઓ મુંબઈ બહારના હતા. શ્રી ડી. એસ. કોઠારી, શ્રીમતી તારકેશ્વરી સિંહા અને ડૉ. ઈન્દ્રચન્દ્ર શાસ્ત્રી દિલ્હીથી, શ્રી ભંવરમલ સિંઘી કલકત્તાથી, ફાધર વાલેસ, શ્રી રવિશંકર રાવળ, શ્રી પુરુષોત્તમ માવળંકર અમદાવાદથી, શ્રી મનુભાઈ પંચોળી સણોસરાથી, શ્રી રોહિત મહેતા અને શ્રીમતી શ્રીદેવી મહેતા બનારસથી અને આચાર્ય રજનીશજી જબલપુરથી આવ્યા હતા. બાકીના વ્યાખ્યાતાઓ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રી ગુલાબદાસ બ્રોકર, શ્રીમતી નિર્મળાબહેન શ્રીવાસ્તવ, ડૉ. એમ. એમ. ભમગરા સ્થાનિક હતા.

ફાધર વાલેસ જેઓ આપણે ત્યાં ગયા વર્ષે પણ આવ્યા હતા, અને જેમનો પરિચય 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને છે જ – એમનાં, તેમ જ શ્રી મનુભાઈ પંચોળી, તથા શ્રી રોહિત મહેતા અને શ્રીદેવી મહેતાનાં બબ્બે વ્યાખ્યાનો રાખવામાં આવ્યા હતા. શ્રી રોહિત મહેતા અને એમનાં પત્ની શ્રીદેવી મહેતાએ કબીર ઉપર જે સુંદર સંકીર્તન કર્યું એ શ્રોતાઓને મુગ્ધ કરી ગયું. શ્રીદેવીબહેન અચ્છા ભજનીક છે. મીરાનાં જીવનદર્શનની વાતો કહેતા કહેતા પણ એમણે મીરાનાં ભજનો એમના મધુર કંઠે સંભળાવ્યા ત્યારે શ્રોતાગણ ગદ્‌ગદ્‌ થઈ ગયો હતો. શ્રીમતી તારકેશ્વરી સિંહાએ એમની કોમળ પ્રતિભા, અસ્ખલીત વાક્‌ધારા અને ઊંડી બુદ્ધિમતા અને નીડરતાનું દર્શન કરાવ્યું. તેમણે 'ગાંધીજી'ને જાણે કે જીવન્ત કર્યા. એમને સાંભળીને આંખો અશ્રુભીની બની. શ્રી પુરુષોત્તમ માવળંકર એક યુવાન વકતા–વિદ્યાર્થી આલમ સાથેનાં એમનાં ગાઢ પરિચયની પ્રતીતિ કરાવી ગયા. એમની વાણીમાં ય મધુરતા ઝરતી હતી. ડૉકટર ડી. એસ. કોઠારીએ 'ધર્મ અને વિજ્ઞાન' વિષે એમનાં ઊંડા અભ્યાસનું દર્શન કરાવ્યું. શ્રી રજનીશજીનાં પ્રવચનનું આકર્ષણ તો જાણીતું છે જ. આ સિવાયના વ્યાખ્યાતાઓ પણ એમનાં વિષયોનું સુંદર નિરૂપણ કરી શકયા હતા – આ બધા વ્યાખ્યાનોની મુરબ્બી શ્રી ઝાલાસાહેબે કરેલી સુરેખ આલોચના આ જ અંકમાં ઉપર પ્રગટ કરવામાં આવી છે.

આ વ્યાખ્યાનમાળાને સંગીતસભર બનાવવાનો પણ પ્રયત્ન કરવામાં આવ્યો હતો. તા. ૨૫ મી રવિવારના રોજ કાર્યક્રમ મુજબનાં બે વ્યાખ્યાનો પૂરાં થયા બાદ શ્રીમતી વિણી મલ્હોત્રાએ એમનાં સાજ સાથે સુંદર ભજનો સંભળાવ્યા હતા. શ્રીમતી સુધા ગીરધર મોટવાણી જે શ્રીમતી સુધા મલ્હોત્રાના નામથી લોકપ્રિય છે – તેઓ તા. ૨૭ મંગળવારના રોજ ભજનો સંભળાવવાના હતા પરંતુ અનિવાર્ય-કારણ ઉભું થતાં તેઓ આવી શકયા ન હતા. આ ઉપરાંત દરેક સભાની શરૂઆત અત્યંત મધુર એવા પ્રાર્થના સંગીત વડે કરવામાં આવી હતી – આમાં ભાગ લેનાર ભાઈ બહેનોનાં નામ – શ્રી બંસીભાઈ, શ્રીમતી રમાબહેન ઝવેરી, શ્રીમતી જયાબહેન શાહ, શ્રીમતી નીરુબહેન શાહ, શ્રીમતી મંદાકિનીબહેન, શ્રી મનુભાઈ અને તેમનું સંગીત વૃંદ, શ્રીમતી ગુણવંતીબહેન, શ્રીમતી શારદાબહેન શાહ–એ મુજબ છે.

આ વખતની વ્યાખ્યાનમાળાએ અમારા માટે અનેક નવા ક્ષિતિજો ઉઘાડયાં છે. આવતે વર્ષે અમારે વિશાળ સભાગૃહનું સંયોજન કરવું પડશે – અને શ્રોતાઓને કશી અગવડ ન પડે એનો ખ્યાલ રાખવો પડશે. આ વરસે છેલ્લા બે દિવસમાં અમારે ચારસો પાંચસો ભાઈ બહેનોને ઉપરનાં ગીતા ભવનના હૉલમાં – ન છૂટકે – બેસાડવા પડયા એનું અમને ભારે દુ:ખ છે.

વ્યાખ્યાનમાળાનાં અંતિમ પ્રવચનને અંતે રાષ્ટ્રીય ગીત ગાઈ સૌ વિખરાયા ત્યારે પ્રસન્નતાનું વાતાવરણ હતું – નવ દિવસ ક્યાં ગયા – કેટલા ઝડપથી એની ખબર ન રહી – અને આ બધું કોને આભારી? એક સુંદર અને ભવ્ય ઈમારતમાં જેમ ઈંટ માત્રનો ફાળો હોય છે એમ આ વ્યાખ્યાનમાળામાં માન્યવર ઝાલાસાહેબ–ઉત્કૃષ્ટ કોટિનાં વકતાઓ – સંગીતકારો અને ભજનીકો – અમારા સહકાર્યકરો – અને શ્રોતાઓ – સૌનો સુંદર ફાળો છે અને એ માટે અમે આ બધાના ખૂબ ખૂબ ઋણી છીએ – ભારતીય વિદ્યાભવનનાં સંચાલકો અને ત્યાંનો સ્ટાફ અમને સહકારી બન્યો – તેમ જ ચીકાગો કુાં. વાળા શ્રી મોટવાણીભાઈ–તેમણે ખૂબ જ વ્યાજબી ભાવે માઈકની વ્યવસ્થા કરી આપી – એ માટે એમનો ય આભાર માનીએ છીએ.

દર વર્ષની માફક આ વર્ષે પણ શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ભિન્ન - ભિન્ન પ્રવૃત્તિઓનાં સંચાલન માટે રૂા. ૨૦,૦૦૦ ની માંગણી કરવામાં આવી હતી– જણાવતાં આનંદ થાય છે કે અત્યાર સુધીમાં આશરે રૂા. ૧૫,૦૦૦ ભેગા કરી શકયા છીએ. બાકીની રકમ પૂરી થઈ જશે એવી આશા છે. સંઘનાં સભ્યો અને 'પ્રબુદ્ધ જીવન'નાં વાંચકોને – બધાને વ્યકિતગત મળવું શકય નથી – આથી અહીંથી જ અમે આપને વિનંતી કરીએ છીએ કે આપ અમારી આ ટહેલમાં આપને યોગ્ય લાગે તે રકમ અમને મોકલી આપશો તો અમે આપના આભારી થઈશું. આપની મમતા અને લાગણીનાં પ્રતિક રૂપે મળતી નાની મોટી કોઈ પણ રકમનું અમારે મન ઘણું મૂલ્ય છે.

વ્યાખ્યાનમાળા દરમ્યાન, ભારતીય વિદ્યાભવનમાં, જે ભાઈ-બહેનોએ ઝોળીમાં ફાળો આપ્યો એ માટે એ ભાઈબહેનોનો પણ અમે આ તકે આભાર માનીએ છીએ – આ ઝોળી – દર વર્ષે સ્વ. શ્રી ટી. જી. શાહનાં પત્ની ત્યાગમૂર્તિ અને સેવાપરાયણી સાધ્વીતુલ્ય વયોવૃદ્ધ – ચંચળબહેન, સભાના પ્રારંભથી અંત સુધી – લઈને ઊભા રહેતાં અને આ વર્ષે પણ પહેલા ત્રણ દિવસ ઊભા રહ્યા – પરંતુ પછી તેમની તબિયત ઠીક ન રહેતા એમનું કામ અમારી કારોબારીનાં ઉત્સાહી સભ્ય શ્રી બાબુભાઈ જી. શાહે ઉપાડી લીધું આ રીતે ઝોળીમાં એકંદરે રૂા. ૩૧૫૫ એકઠા થયા હતા. આ માટે, અમે પૂજ્ય ચંચળબહેનનો અને શ્રી બાબુભાઈનો ખૂબ આભાર માનીએ છીએ.

અંતે છેલ્લે એક બાબત જણાવવાની કે વ્યાખ્યાનમાળાના થોડા જ દિવસો પૂર્વે સુરત–ભરુચ જિલ્લામાં ભારે રેલ આવી અને અસાધારણ સંકટ આવ્યું. આમાં ટ્રેઈનવ્યવહાર પણ ખોરંભાયો. આથી અમદાવાદ – સણોસરાથી આવતા આપણા મહેમાનોને આપણે 'ઓરથી' બોલાવવા પડયા. સદ્‌ભાગ્યે 'ઓર'ની ટિકિટો મળી અને તેઓ સમયસર ઉપસ્થિત થયા એથી આપણી વ્યાખ્યાનમાળામાં ખાસ કોઈ ફેરફાર થયા નહિ જે આપણાં સૌનું સદ્‌ભાગ્ય કહેવાય – સાથે સાથે ગુજરાત રેલમાં સપડાયેલા ભાઈ–બહેનોને પણ આપણે કેમ ભૂલી શકીએ? એટલે – આપણે ગુજરાત રેલરાહત ફંડ પણ શરૂ કર્યું છે. વ્યાખ્યાનમાળા દરમ્યાન પણ થોડીક રકમો આવી છે. જેની વિગતવાર પ્રસિદ્ધિ 'પ્રબુદ્ધ જીવન'માં થાય છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

☆ દિવંગત આત્માઓને અંજલિ ☆

સ્વ. રાષ્ટ્રભક્ત ડૉ. ચંદુલાલ દેસાઈ

ન નામનાની કામના, ન ધન-દોલતની ઝંખના અને નહીં એશ-આરામની ખેવના ! કામના, ઝંખના અને ખેવના માત્ર એક જ : દીન-દુખિયાના દુ:ખો દૂર કરવામાં મારાં તન-મન-ધનને કૃતાર્થ કરું ! આવું અનાસક્ત, સેવાપરાયણ અને સદા જાગ્રત જીવન જીવીને અને ૮૬ વર્ષની અતિ જઈફ ઉંમર સુધી જનસેવા કાજે પોતાની કાયાને ઘસીઘસીને નિવૃત્તિ અને આરામના સાચા અધિકારી બનીને, ગુજરાતના છોટે સરદાર શ્રી ચંદુભાઈ મણિભાઈ દેસાઈ, તા. ૩૦-૮-'૬૮ના રોજ એમના સેવાધામ ભરૂચના સુપ્રસિદ્ધ-સેવાશ્રમમાં સદાને માટે શાંત થઈ ગયા, અને ગુજરાતમાંથી સેવાનો એક જીવંત પ્રકાશ ઓઝલ થઈ ગયો !

સમગ્ર ગુજરાતના આદરપાત્ર આપણા એ છોટે સરદારનું જીવન નીચેના શ્લોકનું એક જીવંત અને જ્વલંત ઉદાહરણ હતું-

ન ત્વહં કામયે રાજ્યં, ન સ્વર્ગં નાપુનર્ભવમ્
કામયે દુ:ખતપ્તાનાં, પ્રાણિના માર્તિનાશનમ્

અને આ ભાવનાને મોટા પાયા ઉપર સફળ બનાવવા માટે જ તો એમણે રાષ્ટ્રસેવાનો ભેખ ધારણ કર્યો હતો. એ સત્ય એમનાં અંતરમાં બરાબર વસી ગયું હતું કે દેશની ગુલામીનો અંત લાવ્યા વગર અને દેશને સ્વતંત્ર બનાવ્યા વગર દીન-દુખિયાના દુ:ખ દૂર ન થઈ શકે. એટલે તેઓ ગાંધીજીના સ્વાતંત્ર્ય-સંગ્રામના નિષ્ઠાવાન સૈનિક બન્યા હતા; અને રાષ્ટ્રભક્તિ કરતાં કરતાં ગમે તેવા સંકટ આવી પડવા છતાં એમણે ક્યારેય પાછાં પગલાં ભર્યાં ન હતા. અને એક આણનમ વફાદાર ખડા સૈનિક તરીકે તેઓ જીવનના છેલ્લા શ્વાસ સુધી દેશની સેવા કરતા રહ્યા હતા. બારડોલી સત્યાગ્રહ વખતે એમણે જે ખમીર, વ્યવસ્થાશક્તિ અને હિંમત દાખવ્યાં હતા તેથી જ જનતાએ એમને છોટે સરદાર તરીકે વધાવી લીધા હતા.

બીજું તો ઠીક, પણ ચાર જ વર્ષના લગ્નજીવન બાદ ૨૭ વર્ષની ભરયુવાનવયે વિધુર થનાર વ્યક્તિ ફરી લગ્નસંબંધમાં પડવાનો સાફ સાફ ઈનકાર કરે, એટલી એક જ બીના એ વ્યક્તિના અલગારીપણા, સંયમીજીવન અને તેજનો ખ્યાલ આપવા માટે પૂરતી છે. અને તેથી જ તો સ્વરાજ્ય આવ્યા પછી પણ દીન-હીન-ગરીબ-દુ:ખી જનતાની પરેશાની ચાલુ રહેલી જોઈને એમનો પુણ્યપ્રકોપ જાગી ઊઠ્યા વિના ન રહેતો. ફળ મળ્યું કે ન મળ્યું, તેઓ તો પોતાનું કર્તવ્ય બજાવીને કૃતાર્થ થઈ ગયા.

આવા એક નિષ્ઠાવાન રાષ્ટ્રભક્તના ચિર:વિશ્રામ માટે અંતર ગમગીની અનુભવે એ સ્વાભાવિક છે. પણ એવા પુરૂષાર્થી નરવીરની ચિરવિદાય વેળાએ એમને આંસુની અંજલિ આપવાને બદલે ધન્ય જીવનના મંગલ નાદો જ ઉચ્ચારવા શોભે. મહાયાત્રાના એ પથિકને આપણાં અનેકાનેક વંદન હો ! એમના જેવું પવિત્ર અને તેજસ્વી જીવન મેળવવાની આપણી હાર્દિક પ્રાર્થના હો !

"જૈન"માંથી સાભાર ઉધ્ધૃત

રતિલાલ દીપચંદ દેસાઇ

સ્વ. આચાર્ય ચદુલાલ વનમાળીદાસ ભટ્ટ

ભાવનગરની ધરશાળાના અધ્યાપન મંદિરના આચાર્ય શ્રી ચંદુભાઈ વનમાળીદાસ ભટ્ટ શનિવાર તારીખ ૨૭-૭-'૬૮ના રોજ સવારે આ દુનિયા અને દેહ છોડી સ્વર્ગવાસી બન્યા. તેઓ આદર્શ શિક્ષક અને આદર્શ કેળવણીકાર હતા. જીવનની સાચી અને સર્વાંગી દૃષ્ટિવાળા કેળવણીકારોનો આજે સર્વત્ર અભાવ છે. તેમના જવાથી આ ખોટ વધી છે અને ગુજરાત કેળવણીના ક્ષેત્રે વધુ રંક બન્યું છે.

૧૯૨૧ના રાષ્ટ્રીય આંદોલન પછી સરકારી કેળવણીનો ત્યાગ કરી તેમણે ભાવનગરની દક્ષિણામૂર્તિ નામની રાષ્ટ્રીય સંસ્થામાં સંસ્કાર અને શિક્ષણ લીધા. સમર્થ કેળવણીકારો શ્રી નાનાભાઈ ભટ્ટ, શ્રી ગિજુભાઈ બધેકા અને શ્રી હરભાઈ ત્રિવેદીના પ્રિય વિદ્યાર્થી બન્યા. દક્ષિણામૂર્તિનો અભ્યાસ પૂરો કરી મહાત્મા ગાંધીજીએ સ્થાપેલ ગુજરાત વિદ્યાપીઠમાં સ્નાતક થયા. શ્રી ગિજુભાઈના બાળકેળવણીકાર અને બાળઅધ્યાપન મંદિરના આંદોલનમાં જોડાયા. મુંબઈમાં રહીને જાણીતા બાળકેળવણીકાર શ્રીમતી તારાબેન મોડક સાથે કામ કર્યું. તેમનાં પત્ની શ્રી મંછાબેન પણ એક સારા શિક્ષિકા હોવાથી કેળવણીનું તેમનું જીવનકાર્ય વધુ વેગીલું અને પ્રાણવાન બન્યું. શિક્ષણનું કાર્ય શ્રી ચંદુભાઈ માટે કદી ધંધારૂપ નથી બન્યું. કાયમ ધર્મરૂપ રહ્યું હતું. બાળમંદિરમાં બાળકોને ભણાવતા હોય કે અધ્યાપનમંદિરમાં શિક્ષકોને ભણાવતા હોય ત્યારે તેમણે માનવીમાં રહેલા દેવનાં જ દર્શન કર્યાં છે. જીવતા નર અને નારીની પૂજા એ જ તેની ઈશ્વરભક્તિ રહી છે. તેના સાંનિધ્યમાં રહીને જેટલા શિક્ષકો તૈયાર થયા છે તે અસંખ્ય ભાઈઓ અને બહેનોના દિલમાં ચંદુભાઈ માટે અપૂર્વ પ્રેમ અને પૂજ્યભાવ ભરેલા છે. જન્મથી જૈન બ્રાહ્મણ તરીકે તેમ વ્યવસાયથી કેળવણીકાર તરીકે તેઓ શિક્ષણના જ જીવ હતા. અને આખરની ઘડી સુધી એ જ રહ્યા. તેમના સમગ્ર જીવનમાં શિક્ષણનો એકરંગ કાયમ સચવાઈ રહ્યો. કદી દોરંગીપણું ન દેખાયું. જીવનમાં અનેક વિષમ અને વિકટ પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો તેમ છતાં શિક્ષણનું કામ અખંડ અને અવિરત ચાલ્યા જ કર્યું.

આવા કલ્યાણકારી આત્માઓ માટે ઈશ્વરે સદ્‌ગતિ જ સર્જેલી છે. સદ્‌ગતના જીવનકાર્યને યથાશક્તિ આગળ વધારીને જ તેમના આત્માને શિક્ષણસંસ્થાઓ અને શિક્ષકો સાચી અંજલિ આપી શકે.

'શિશુવિહાર'માંથી સાભાર ઉધ્ધૃત **પ્રેમશંકર ભટ્ટ**

સ્વ. સર ચુનીલાલ ભાઈચંદ મહેતા

તા. ૧૦મી સપ્ટેમ્બરના રોજ સર ચુનીલાલ ભાઈચંદ મહેતાનું બે માસની માંદગી બાદ ૮૦ વર્ષની ઉમ્મરે મુંબઈ ખાતે અવસાન થતાં એક વિશિષ્ટ પ્રતિભા ધરાવતા અને શૂન્યતામાંથી સફળતાનાં અનેક સીમાચિહ્નો પુરુષાર્થ અને વ્યાપારી કુશળતાના બળે સર કરનાર અગ્રગણ્ય નાગરિકની મુંબઈને ખોટ પડી છે. તેઓ ૧૯૩૫-'૩૬માં મુંબઈના શેરીફ હતા અને ૧૯૪૦માં ઈન્ડિયન મરચન્ટ્સ ચેંબર અને ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેંબર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ હતા. બોંબે બુલિયન એસોસિએશનના દશ વર્ષ સુધી (૧૯૩૪-૪૩) આગેવાન હતા. મુંબઈની ઘણી ઔદ્યોગિક અને વેપારી પેઢીઓના ડિરેક્ટર હતા. ૧૯૪૪માં ન્યુયોર્કમાં મળેલી આંતરરાષ્ટ્રીય વેપારી પરિષદમાં તેમણે ભારતીય પ્રતિનિધિમંડળની તેમણે આગેવાની લીધી હતી. ૧૯૪૨માં તેમને નાઈટનો ખિતાબ મળ્યો હતો. તેમના રૂ. ૩૦૦૦૦૦ના દાન વડે મુંબઈમાં જૈન એજ્યુકેશન સોસાયટીની સ્થાપના કરવામાં આવી હતી. તેમની કારકીર્દી પરમપુરુષાર્થ અને અસામાન્ય વ્યાપારી કુનેહની જીવન્ત કહાણી રૂપ છે. તેમનું જીવન ભૌતિક ઉત્કર્ષના લક્ષને વરેલી આજની પેઢીને અનેક રીતે પ્રેરણારૂપ બને તેવું છે. સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ પ્રાપ્ત થાઓ એવી આપણી પ્રાર્થના હો !

સ્વ. શ્રી પરમાનંદ એચ. કામદાર

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના વર્ષોજુનો સભ્ય અને સામાજિક કાર્યકર શ્રી પરમાનંદ એચ. કામદારનું તા. ૨૮-૮-'૬૮ના રોજ મુંબઈ ખાતે હૃદયરોગના આણધાર્યા આક્રમણના પરિણામે અવસાન થતાં એક સહૃદય મિત્રની ખોટ હું અનુભવું છું. તેમની ઉમ્મર ૬૫ વર્ષની હતી. તેમનો સ્વભાવ પ્રેમાળ અને સુજનતાભર્યો હતો. પૂજ્ય કેદારનાથજીના તેઓ પરમ પ્રશંસક હતા અને તેમના સતત પરિચયમાં તેઓ રહેતા હતા. તેઓ દંભ, પાખંડ અને આડંબરના કટ્ટર વિરોધી હતા.

પરમાનંદ

ગુજરાત રેલરાહત ફંડમાં મળેલી રકમોની યાદી

(આ રકમો, આ રાહતકાર્ય મોટા પાયા ઉપર જે સંસ્થાએ હાથ ધર્યું છે તે શ્રી મહાવીર કલ્યાણ કેન્દ્રને પહોંચાડવામાં આવશે.)

૩,૪૨૬-૦૦	આગળના અંકોમાં પ્રગટ થયેલાં નામો
૧૦૦-૦૦	અમીચંદ ખેમચંદ શાહ
૧૧-૦૦	કસ્તુરચંદ ડી. શાહ
૩,૫૩૭-૦૦	

ભૂલસુધાર : ગતાંકમાં પ્રગટ કરેલી નામાવલિમાં ત્રણ નામો ખોટી રીતે છપાયા છે તે નીચે પ્રમાણે સુધારીને વાંચવા :

શ્રી છોટુભાઈ હરિલાલ પારેખને બદલે શ્રી છોટુભાઈ રતિલાલ પારેખ, શ્રી ચન્દ્રાબહેન સોમાભાઈને બદલે શ્રી ચન્દ્રાબહેન સૌભાગ્યચંદભાઈ શાહ અને શ્રી પરિમલ ઝવેરીને બદલે શ્રી પરિમલ (આઝાદ).—આવી ક્ષતી થવા માટે અમો અત્યંત દિલગીર છીએ. **તંત્રી**

☆ "સત્યાગ્રહ : મારી સમજણ મુજબ" અંગે– ☆

(તા. ૧-૮-૬૮ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલ ઉપર જણાવેલ લેખ અંગે પોતાના પ્રત્યાઘાતો પ્રગટ કરતા મને ત્રણ પત્રો મળ્યા છે: એક શ્રી અપ્પાસાહેબ પટવર્ધન તરફથી, બીજો શ્રી શંકરરાવદેવ તરફથી તથા ત્રીજો શ્રી સિદ્ધરાજ ઢઢ્ઢા તરફથી. તે પત્રો નીચે અનુક્રમે પ્રગટ કરવામાં આવે છે. પરમાનંદ)

૧: શ્રી અપ્પાસાહેબ પટવર્ધનનો પત્ર

મુંબઈ, તા. ૧૪–૮–૬૮.

ભાઈશ્રી પરમાનંદભાઈ,

વિનોબાના સત્યાગ્રહ વિષેનું તમારું લખાણ વાંચી મને સૂઝતા વિચારો, જેવા સૂઝે તેવા, loud thinking ના સ્વરૂપમાં તમારી આગળ મૂકવાની રજા લઉં છું કે તમારી આજ્ઞા માનીને લખું છું.

મને યાદ છે ત્યાં સુધી Passive Resistance એ શબ્દ ગાંધીનો પોતાનો નથી. તેમના પહેલા પણ P. R. ના પ્રયોગો થયા હતા. તેમનો શબ્દ જ ગાંધીજીએ પોતાના આંદોલન માટે લઈ લીધો. P. R, નો તરજુમો "નિ:શસ્ત્ર પ્રતિકાર" કરવામાં આવતો તે તેમને ગમ્યો નહિ. તેઓ જે કરવા માગતા હતા તે શસ્ત્ર-વંચિતોનો પ્રતિકાર ન હતો; શરીરબળનો ઉપયોગ જેમને ગમતો જ નથી તુચ્છ કે લજ્જાસ્પદ લાગે છે તેવાઓનો પ્રતિકાર હતો. તે Passive પણ નહીં, Active (એટલે રચનાત્મક, તમે Active નો અર્થ ભૌતિક બળ–યુકત કર્યો છે તે અર્થમાં નહીં) હતો. તેથી " Passive " કે "નિ:શસ્ત્ર"થી ચઢિયાતા શબ્દની તપાસ કરતાં તેમને સત્યાગ્રહ શબ્દ જડ્યો. એમણે પોતે એ વિષે અનેકવાર ખુલાસો કર્યો છે.

સત્યાગ્રહને એમણે Soul Force નામ આપ્યું તે પણ Active નો ભાવ સ્પષ્ટ કરવા માટે જ.

Passive Reslsatnce શબ્દ તેમણે પાશ્ચાત્યોથી લીધો હતો, પણ સત્યાગ્રહનો પાઠ તેમણે કસ્તૂરબા પાસેથી જ શીખી લીધો હતો. કસ્તૂરબા પ્રતિવ્રતા હતાં, છતાં ય પતિની પોતાને ખોટી લાગતી આજ્ઞા તેઓ ન જ માને. ખોટું સહન કરવું, ચાલવા દેવું, તેને વશ થવું એટલે ખોટામાં પોતે Partner બનવું. સત્યાગ્રહમાં તેનો નિષેધ હતો, સામેના માણસનો નિષેધ ન હતો. પાપનો નિષેધ, પાપીનો નહીં, કારણ કે જે "પાપી" કહેવાય છે તે ખરેખર પુણ્યાત્મા જ છે. માનવતા પર પૂરી શ્રદ્ધા સત્યાગ્રહમાં હતી.

પૃષ્ઠ ૭૩ના છેલ્લા પરિચ્છેદમાં પ્રારંભમાં તમે પાઠય કર્યું છે કે ક્રોધ નહીં પણ કરુણા એ જ સત્યાગ્રહની પ્રેરક શકિત છે; પણ આખરે તમે કહો છો કે અન્યાયનિવારણ મુખ્યતા ધરાવે છે, હૃદયપલટો ગૌણ છે. પ્રારંભ તથા અંત વચ્ચે વિસંગતિ છે એમ મને લાગે છે.

હું આટલું જરૂર માન્ય કરીશ કે ગાંધીજી માત્ર સત્યાગ્રહી ન હતા, સાથે સાથે તેઓ ફલાગ્રહી પણ હતા: Practical Idealist પોતાને કહેવડાવતા. તે તેમની મહત્તા પણ હતી અને મર્યાદા પણ હતી. મને લાગે છે કે "૪૨ના આંદોલનની બાબતમાં એમણે God made me blind" એમ પણ કહેલું–પોતાની ભૂલ ભગવાન પર આરોપી દેતા !

વિનોબાએ સત્યાગ્રહને ગાંધીજી કરતાં યે વધારે પરિશુદ્ધ કર્યો છે એમ હું માનું છું. સત્ય અને આગ્રહ એ એકબીજા સાથે બંધ ન બેસે એવા ભાવો છે, તેથી વિનોબા કહે છે આપણે સત્યગ્રાહી થઈએ સત્યાગ્રહી નહીં. ગાંધી-વિનોબા વચ્ચેનો તે જ ફરક બીજી બાબતોમાં પણ દેખાઈ આવે છે અને વિનોબાએ ગાંધીની વિરાસતમાં આ રીતે વધારો કર્યો છે. ગાંધીજીની હયાતીમાં જ વિનોબાએ કોઈ જાતની સંસ્થા-સંઘટનાઓથી પોતે અલિપ્ત રહેવા માટે ગાંધીજીની રજા મેળવી હતી. સંતતિનિયમનની બાબતમાં ગાંધીજીએ જેને Safe period કહ્યું તેને જ વિનોબાએ most unsafe બતાવ્યું હતું. ગાંધીજી પોતાની ટ્રસ્ટીશીપ માટે કાયદાની મદદ લેવા પણ તૈયાર હતા ("Trusteeship does not exclude legislative control of property.) વિનોબાનું ભૂદાન-ગ્રામદાન એ ટ્રસ્ટીશિપનું જ નવસંસ્કરણ છે. "સંપતિ ભગવાનની છે, તું તેનો ટ્રસ્ટી–પ્રભુએ નીમેલો વહીવટદાર- છે" એ સત્ય હોય તો સૌ ભૂમિ ગોપાલકી એ તો વધારે દેખીતું કે સુસ્પષ્ટ કે નિર્વિવાદ સત્ય છે. તે સત્યનો જ પોકાર વિનોબા કરી રહ્યા છે. તે સત્યને સાબિત કરવા માટે તેઓ કાયદાની મદદ વર્જ્ય માને છે. "સત્યમેવ જયતે-ભલે વાર લાગે," એ શ્રદ્ધાથી લગાતાર તે સત્ય પોકારતા ફરે છે, તે સાચે જ સત્યાગ્રહ છે. તે બાબતનો તેમનો દાવો બિલકુલ વ્યાજબી છે. છતાંય વિનોબા સાથે મારો કજીયો છે તે એ મુદ્દા પર કે"सब की भूमि" આ સત્યને તેઓ વળગી રહ્યા નથી. "જમીન ગ્રામસભાને આપી દો" કબજો તમે પોતે રાખો" કહે છે. એથી ફરક શું થયો ? સુલભ ગ્રામદાન એ સાચું ગ્રામદાન રહ્યું નથી. તે કલ્પેલું ગ્રામદાન છે. મારી ચલણશુદ્ધિ તે પણ સત્યનો પોકાર છે અને ચલણશુદ્ધિથી સાચું ગ્રામદાન સુલભ બને છે.

લી. અપ્પા પટવર્ધનના પ્રણામ

૨: શ્રી શંકરરાવ દેવનો પત્ર

પૂના, તા. ૨૬-૮-'૬૮

પ્રિય બંધુ,

ઑગસ્ટ ૧૬ મીનું 'પ્રબુદ્ધ જીવન' મળ્યું. "સત્યાગ્રહ વિશે વધુ સ્પષ્ટતા" એ મથાળા નીચેની તમારી નોંધ વાંચી. પહેલા પરિચ્છેદમાં જે તમે લખ્યું છે, તે જો મેં લખ્યું હોત તો સ્વાભાવિક રીતે મેં કાંઈક બીજા પ્રકારે લખ્યું હોત. એમ છતાં તમે જે લખ્યું છે તે જેવું તમે સમજ્યા તે મુજબ જ લખ્યું છે, તેથી તે ઠીક છે.

બીજા પરિચ્છેદમાં તમે જે લખ્યું છે તે સંબંધમાં તમને કાંઈક લખવાનું મને આવશ્યક લાગે છે અને તેથી આ પત્ર લખી રહ્યો છું. પાછળનું પ્રબુદ્ધ જીવન મારી પાસે નથી. એમ છતાં જ્યાં સુધી મને યાદ છે–" જે કાંઈ હું કરી રહ્યો છું તે સત્યાગ્રહ જ છે" – આ વિનોબાજીનું કથન તમને પસંદ નથી અથવા તો મંજુર નથી અને તે ઉપર તમારી નોંધમાં તમારો વિચાર તમે સ્પષ્ટ રૂપમાં પ્રગટ કર્યો છે. મુંબઈમાં આપણે જ્યારે મળ્યા હતા ત્યારે વિનો-બાજીની દૃષ્ટિથી તેઓ જે કહે છે તે કેમ કહે છે તે સમજાવવાની મેં કોશિષ કરી હતી. કારણકે જો સત્ય જાણવું હોય તો, જે વ્યકિત જે કહી રહી છે તે શા માટે કહી રહી છે તે સમજવાની કોશિષ કરવી જોઈએ. તે એમ શા માટે કહી રહી છે –એવો પ્રતિવાદ કરવો તે કદિ કદિ તેને અન્યાય કરવા બરોબર બને છે. મને લાગે છે આ બાબતમાં આવું જ કાંઈક થઈ રહ્યું છે. મારી નમ્ર સમજણ મુજબ વિનોબાજી જે કહી રહ્યા છે તે મોટા પ્રમાણમાં સાચું કહી રહ્યા છે. હું તેને પૂર્ણ સત્ય નહિ કહું. તેનું કારણ એમની અને મારી પ્રકૃતિ ભિન્ન છે.

વિનોબાજી આજે ગ્રામદાનના રૂપમાં અને ગ્રામદાનને અંગે જે કહી રહ્યા છે તે દ્વારા તેઓ ગાંધીજીના સંપૂર્ણ, પરિશુદ્ધ, રચનાત્મક કાર્યક્રમને અમલમાં લાવી રહ્યા છે. પોતાના રચનાત્મક કાર્યક્રમ સંબંધમાં ગાંધીજીનો શું ખ્યાલ હતો તે તેમના પોતાના શબ્દોમાં સ્પષ્ટ થાય છે. ગાંધીજીએ કહ્યું છે કે "રચનાત્મક કાર્યક્રમ એ આઝાદી પ્રાપ્ત કરવાનો સત્યાભિમુખ અને અહિંસક માર્ગ છે; સવિનય કાનૂનભંગ – પછી તે વૈયકિતક હોય કે સમુદાયગત હોય–રચના-ત્મક પ્રયોગને મદદરૂપ છે અને સશસ્ત્ર વિદ્રોહનો તે સંપૂર્ણ વિકલ્પ છે.... ... ...સવિનય કાનૂનભંગ માટેની તાલીમ એ જ રચનાત્મક કાર્યક્રમ છે. આમ હોવાથી કાર્યકરોએ સવિનય પ્રતિકારની શોધમાં ભટકવાનું નથી. તેમણે તો, જો રચનાત્મક પ્રયોગને નિષ્ફળ બના-વવાનો પ્રયત્ન કરવામાં આવે તો, તેનો પ્રતિકાર કરવા માટે સદા તૈયાર રહેવાનું છે."

ગાંધીજીના આ શબ્દોમાં વિનોબાજી આજે જે કાંઈ કહી રહ્યા છે તેને આધાર મળે છે. ગાંધીજી કહી રહ્યા છે તે મુજબ રચનાત્મક

કામ એ જ સત્ય અને અહિંસાનું પાલન છે. આને લગતા આચરણમાં જ્યારે અવરોધ ઊભો કરવામાં આવે ત્યારે તેને હઠાવવો એ જ સત્યાગ્રહ છે. હું 'આગ્રહ' ને બદલે 'નિષ્ઠા' શબ્દ વધારે પસંદ કરીશ. હવે વિનોબાજી જે માર્ગ ઉપર ચાલી રહ્યા છે તેમાં આગળ વધવામાં કોઈ અવરોધ પેદા થયો છે કે નહિ તેને લગતો નિર્ણય લેવાનો અધિકાર વિનોબાજી જેવી વ્યકિત પૂરતો તેમને જ સોંપી દેવો એ અધિક સત્યનિષ્ઠા લેખાશે. અવરોધ ઉભો થયો છે કે ઉભો થયો હતો, પણ તેને હઠાવવાની તેમણે કોશિષ કરી નહિ એવી આપણી સમજણ હોય તો પણ આ બાબત સાથે જ્યાં સુધી વિનોબાજીનો સંબંધ છે ત્યાં સુધી તે બાબત એમની ઉપર છોડી દેવી એ જ યોગ્ય લેખાશે. અહીં આથી વધારે લખવું જરૂરી નથી, યોગ્ય નથી. મેં તમને કહ્યું છે તે મજબ સમય મળે તો આ વિષય ઉપર સ્વતંત્ર તેમ જ સવિસ્તર લખવા ઈચ્છું છું.

મારું સ્વાસ્થ્ય ઠીક છે અને કામ પણ ચાલી રહ્યું છે. આશા રાખું છું કે તમે આનંદમાં હશો. શંકરરાવ

૩ : શ્રી સિદ્ધરાજ ઢઢ્ઢાનો પત્ર

પટણા, તા. ૨૬-૮-'૬૮.

પ્રિય શ્રી પરમાનંદભાઈ,

૧૬ મી ઑગસ્ટના 'પ્રબુદ્ધ જીવન' ના મુખપૃષ્ટ ઉપર સત્યાગ્રહના વિષયમાં આપની નોંધ મેં જોઈ. આપ દરેક બાબતના ઊંડાણમાં અને દરેક વિચારની સૂક્ષ્મતામાં ઉતરો છો એ જોઈને આનંદ થાય છે.

ગ્રામદાન એક પ્રકારનો સત્યાગ્રહ છે એ મુજબના શંકરરાવજીના વિચાર અંગે અસહમતી પ્રગટ કરવા સાથે આપ જણાવો છો કે "ગ્રામદાન જરૂર અતિ મહત્ત્વનું લોકકલ્યાણકારી સ્થિતિપરિવર્તન છે, આમ છતાં પણ, ગ્રામદાન સર્વસંમતિ અથવા તો લગભગ સર્વસંમતિદ્વારા જાહેર કરવામાં આવે છે એને લીધે ગ્રામદાનના નિર્ણયમાં નથી કોઈ પ્રકારના પ્રતિકારને અવકાશ, અથવા તો નથી પોતાની ઉપર તદ્‌લક્ષી કોઈ પ્રકારના કષ્ટને નિમંત્રણ. આમ હોવાથી ગ્રામદાન પણ સત્યાગ્રહ છે—આ વિચાર મને સંમત નથી."

ગ્રામદાન ગામના ઓછામાં ઓછા ૭૫ ટકા જનસંખ્યાની સ્વીકૃતિના પરિણામે થઈ શકે છે, અથવા તો જો આપણે ગ્રામદાનને જ ધ્યાનમાં રાખીએ તો તેમાં 'પ્રતિકાર'ની આવશ્યકતા કે અવકાશ ઓછામાં ઓછો છે આમ કહેવું બરોબર છે, આમ છતાં પણ, ગામની બહારની દુનિયાના સંદર્ભમાં તેમ જ ગ્રામસ્વરાજ્યનો વિચાર આજની પ્રચલિત સમાજવ્યવસ્થા તેમ પ્રવાહને પ્રતિકુલ છે – આ બાબત ધ્યાનમાં લેતાં, એ પણ આપના ધ્યાન ઉપર જરૂર આવશે કે જે અર્થમાં આપ કહો છો એ અર્થમાં પણ ગ્રામદાન કરવું તે સત્યાગ્રહ જ છે; કારણ કે તેમાં પ્રચલિત સમાજવ્યવસ્થાનો પ્રતિકાર પણ છે તેમ જ તેના પરિણામે કષ્ટ પેદા થવાની સંભાવના પણ છે. કેટલાયે ગ્રામદાની ગામડાંઓની જનતાને બહારની વ્યવસ્થા, શાસનતંત્ર, તેમ જ અધિકારીઓ અને શાહુકારો વગેરે તરફથી કષ્ટ ભોગવવા પડેલ છે, આ હકીકત છે.

આ ઉપરાંત તાજેતરમાં અંગ્રેજી સાપ્તાહિક "પીસ–ન્યૂસ" ના તા. ૧૬-૮-'૬૮ ના અંકમાં પ્રગટ થયેલ એક લેખ હું વાંચી રહ્યો હતો, જેમાં લેખકે ગાંધીજીના વિચારોના આધાર રૂપ સત્યાગ્રહનું બહુ જ સરળ અને મારા ખ્યાલ મુજબ સરસ વિવેચન કર્યું છે. સંબંધિત અંશ (મૂળ અંગ્રેજીમાં) આ સાથે બીડું છું. કદાચ આપના ચિન્તનમાં ઉપયોગી થાય.

આપનો સિદ્ધરાજ ઢઢ્ઢા

અંગ્રેજી અવતરણનો અનુવાદ

આપ કદાચ જાણો છો કે ગાંધીજીએ પોતાની કાર્યપદ્ધતિને 'સત્યાગ્રહ' નામ આપ્યું હતું. આ શબ્દનો અર્થ છે "સત્ય અંગે દૃઢતા" અથવા તો "સત્યની તાકાત," "Truth – force" આ સંબંધમાં જે સૌથી પહેલું કામ કરવાનું છે તે છે અન્યાયયુકત પરિસ્થિતિનું પૃથક્કરણ કરવું, તેના મૂળમાં જઈને તેનો વિચાર કરવો, અને વાંધા પડતા મુદ્દાઓ સ્પષ્ટ રીતે રજૂ કરવા. આમ પરિસ્થિતિનું વિશ્લેષણ કરતાં કોઈ કેન્દ્રીભૂત મુદ્દા ઉપર તમારું ધ્યાન કેન્દ્રિત થવાનો સંભવ છે. તેમાંથી પરિસ્થિતિગત અનિષ્ટ તમારી સામે નક્કર આકારમાં ઉપસ્થિત થવાનું જેનો તમારે સામનો કરવો જોઈએ એમ તમને સચોટપણે ભાસવાનું અને એમ થતાં તમે પ્રતિકારના માર્ગે ગતિમાન થવાના.

સત્યાગ્રહ એટલે સત્યનું ઊંડી સમજણપૂર્વકનું દર્શન અને તેનું અહિંસક રીતે સમર્થન."

પૂરક નોંધ

ઉપર આપેલ ત્રણ પત્રોનો સમગ્રપણે વિચાર કરતાં અને તેમાં પણ ખાસ કરીને ભાઈ સિદ્ધરાજ ઢઢ્ઢાનો પત્ર વાંચતાં–વિચારતાં– મને લાગે છે કે 'ગ્રામદાન એ સત્યાગ્રહ નથી' એ પ્રકારનો મારો અભિપ્રાય મારે બદલવો જ જોઈએ. અલબત્ત, ગ્રામદાન સ્વતઃ કોઈ પ્રતિકારમાંથી ફલિત થતું નથી, આમ છતાં પણ, વર્તમાન સમાજવ્યવસ્થાને ગ્રામદાન પ્રતિકારરૂપ છે, એટલું જ નહિ પણ, જાહેર કરાયેલા કોઈ પણ, ગ્રામદાનને નક્કર રૂપ અપાતાં પહેલાં, પ્રસ્તુત ગ્રામદાનને નિષ્ફળ બનાવવાના પ્રયત્નો ઉભા થવાના જ અને આવા પ્રયત્નોનો ગ્રામદાન – સમર્થકોએ પ્રતિકાર કરવો જ પડવાનો. આ રીતે વિચારતાં, ગ્રામદાનના ગર્ભમાં પ્રતિકારનું એટલે કે સત્યાગ્રહનું તત્ત્વ રહેલું જ છે એમ મારે કબૂલ કરવું જ રહ્યું. **પરમાનંદ**

શરદ-પૂનમ નિમિત્તે, ચૌદશની ચાંદની માણવા સંઘના સભ્યોનું વજ્રેશ્વરી–પર્યટન

ઘણા લાંબા સમયના ગાળા બાદ સંઘના સભ્યો તેમ જ એમનાં કુટુંબીજનો માટે શનિવાર તા. ૫-૧૦-૬૮ના રોજ એક આનંદ-પર્યટન વજ્રેશ્વરી ખાતે યોજવામાં આવ્યું છે, જેની વિગત નીચે પ્રમાણે છે.

બસ, શનિવાર તા. ૫-૧૦-૬૮ બપોરના બે વાગ્યે પાયધુનીથી ઊપડી ઓપેરા હાઉસ, જેકબ સર્કલ, દાદર, માટુંગા થઈ રાત્રે વજ્રેશ્વરી પહોંચશે. બીજે દિવસે રવિવારે સાંજના ત્યાંથી નીકળી રાત્રે મુંબઈ પાછી ફરશે.

આ પર્યટનમાં જોડાનાર માટે વ્યકિતદીઠ રૂા. ૨૦ ચાર્જ રાખવામાં આવેલ છે, અને બાર વર્ષ સુધીનાં બાળકો માટે રૂા. ૧૫ ચાર્જ રાખવામાં આવેલ છે. પર્યટનમાં જોડાનાર સભ્યે પોતા પૂરતું બેડીંગ અને ટોર્ચલાઈટ તથા પાણી પીવાનો ગ્લાસ સાથે લાવવા જરૂરી છે.

આ માટે પૈસા ભરી નામ નોંધાવની છેલ્લી તારીખ તા. ૩૦-૯-૬૮ છે. આ તારીખ પછી જગ્યા હશે તો જ લેવામાં આવશે. વધુ માહિતી માટે કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતિ છે.

પૃથ્વીની પરિક્રમા વિષે વાર્તાલાપ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૨૩ મી સપ્ટેમ્બર સોમવારના રોજ સાંજના ૬-૩૦ વાગ્યે ધી ગ્રેન રાઈસ એન્ડ ઓઈલ સીડઝ મરચન્ટસ એસોસિએશનના સભાગૃહમાં (મસજીદ બંદર રોડ, બેંક ઓફ બરોડાની સામે) દુનિયા ઉપરના અનેક દેશોના પ્રવાસ દ્વારા પૃથ્વીની પરિક્રમા કરીને થોડા સમય પહેલાં પાછા ફરેલા મુંબઈના જાણીતા ઓર્થોપેડીસ્ટ (હાડવૈદ્ય) ડૉ. રસિકલાલ એમ. ભણશાળી પોતાના પ્રવાસ વિષે જાહેર વાર્તાલાપ આપશે. આ વાર્તાલાપમાં ભાગ લેવા સંઘના સભ્યોને પ્રાર્થના છે.

* * *

પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘને મળેલી ભેટની રકમોની નામાવલી સ્થળસંકોચને કારણે આ અંકમાં પ્રગટ થઈ શકી નથી, તે આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

પ્રકીર્ણ નોંધ

શ્રી બાબુભાઈ ગુલાબચંદ શાહને ધન્યવાદ!

જણાવતાં આનંદ અને ગૌરવ અનુભવાય છે કે પોતાની પહેલીવારનાં પત્ની સ્વ. કલાવતીબહેનનું નામ જૈન મહિલા સમાજના પુસ્તકાલય સાથે જોડવામાં આવે એવી પરસ્પર સમજુતી સાથે શ્રી બાબુભાઈ ગુલાબચંદ શાહે જૈન મહિલાસમાજના મકાનફંડમાં રૂા. ૧૦૦૦૦ની રકમ ભરી છે અને સૌ. કલાવતીબહેનના પિતા શ્રી નાનચંદ મૂળચંદે રૂા. ૨૫૦૧ની રકમ ભરી છે. આ બાબુભાઈ મુંબઈમાં ઈન્કમટેક્ષના સલાહકાર અને વિમાએજન્ટનો વ્યવસાય કરે છે, સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના તેઓ એક મંત્રી છે, મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહીના એક સભ્ય તરીકે અમારા સાથી અને સહકાર્યકર્તા છે અને બીજી અનેક જૈન સંસ્થાઓ સાથે તેઓ જોડાયલા છે. આ ઉપરાંત, પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન પૂજ્ય ચંચળબહેન શરૂઆતના પાંચ દિવસ સંઘના ફાળા માટે ઝોળી લઈને ઊભા રહ્યા હતા અને નાદુરસ્ત તબિયતના કારણે તેમનું આવવાનું અશકય બનતાં તેમનું સ્થાન બાકીના દિવસો માટે શ્રી બાબુભાઈએ લીધું હતું અને સંઘ માટે રૂપિયો-બે રૂપિયા-પાંચ રૂપિયા ઝોળીમાં નાખવાની પોતાના બુલંદ સ્વરે ટેલ નાખતા હતા અને એ રીતે ઝોળીમાં એકઠી થયેલી રકમનો આંકડો રૂા. ૩૧૫૫ સુધી તેમણે પહોંચાડયો હતો. બાબુભાઈ એક નવા આશાસ્પદ સામાજિક કાર્યકર્તા છે. તેમની આર્થિક સ્થિતિ સામાન્ય પ્રકારની હોવા છતાં તેમણે ઉપર જણાવ્યા મુજબ રૂા. ૧૦૦૦૦નું જે દાન કર્યું છે અને પોતાના શ્વશુર પાસેથી રૂા. ૨૫૦૧ મેળવી આપ્યા છે અને પોતાનું સ્થાન-માન-મોભો-ભૂલી જઈને સંઘની ઝોળીમાં ઉપર જણાવ્યા મુજબ તેમણે જે રકમ એકઠી કરી આપી છે–તેમણે સંઘના ફાળામાં રૂા. ૨૦૧ ભર્યા જ છે–આ માટે તેઓ આપણા હાર્દિક અભિનંદન અને ધન્યવાદના અધિકારી બને છે.

પ્રાધ્યાપક દલસુખભાઈ માલવણીયાએ કરેલી સ્પષ્ટતા

તા. ૧-૭-'૬૮ના પ્રબુદ્ધ જીવનમાં 'નવી દુનિયા'માં એ મથાળા નીચે પ્રા. દલસુખભાઈ માલવણિયાના તરફથી મળેલો આઠમો પત્ર પ્રગટ કરવામાં આવ્યો હતો. તેમાંના કેટલાંક વિધાનોની શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે તા. ૧૬-૭-'૬૮ના પ્રબુદ્ધ જીવનમાં 'લગ્નજીવનની સમસ્યાઓ' એ મથાળા નીચે આલોચના કરી હતી. તે અંક દલસુખભાઈ ઉપર એરમેઈલથી મોકલવામાં આવેલો. પણ ઘણા લાંબા વખતે તાજેતરમાં તેમના તરફથી મળેલા તા. ૩-૯-'૬૮ના પત્રમાં તેઓ જણાવે છે કે તે અંક તેમને મળ્યો નથી. આમ છતાં પણ આ અંગેની આ બાજુએ પડેલા પ્રત્યાઘાતોની મેં તેમને પત્રોથી જાણ કરેલી તે પત્રો તેમને મળ્યા છે અને તેના જવાબમાં પ્રસ્તુત બાબત વિષે સ્પષ્ટતા કરતાં તેઓ નીચે મુજબ જણાવે છે:

"નવી દુનિયાના આઠ નંબરના લેખ વિષે એ ભ્રમ તો ન જ થવો જોઈએ કે એ બધું મને સંમત છે. પણ મેં તો ભવિષ્યની આગાહી અને ચેતવણી આપી છે. આખા લેખનો ધ્વનિ આ છે. આ ધ્વનિ ધ્યાનમાં ન લેવામાં આવે અને માત્ર વર્ણન વાંચવામાં આવે તો લોકો વાંધો લે જ એ હું સમજુ છું. એટલે જ આપણે જે માર્ગે જઈ રહ્યા છીએ તે બરાબર નથી, પણ ગાંધી–ચીંધ્યે માર્ગે જવું જરૂરી છે એવું મારું સૂચન છે. આપણે જો ગાંધીજીના માર્ગે નહિ જઈએ તો આપણી પરિસ્થિતિ પણ અહીં જેવી થવાની જ છે એમાં મને શંકા નથી. આપણું રૂઢ માનસ આ વિષયને સમજી શકે એવી પરિસ્થિતિ નથી. પણ સમાજનું નવનિર્માણ જે રીતે વિનાવિચાર્યે અર્થમુલક થઈ રહ્યું છે તેનાં પરિણામો માટે પણ આપણે તૈયાર થવાનું જ છે–આવું મારું કહેવાનું છે. આપણે ચાહીએ કે ન ચાહીએ, પણ અર્થપ્રધાન સમાજમાં જે પરિસ્થિતિ અહીં છે તે આપણે ત્યાં આવવાની છે. પોપે હમણાં બર્થકંટ્રોલ-સંતતિનિયમન-નાં સાધનોના વિરોધમાં જે નિવેદન કર્યું છે તેના પડઘા એ પડયા છે કે પાદરીઓ પણ મોટી સંખ્યામાં પોપનો વિરોધ કરી રહ્યા છે. ટેલિવીઝનમાં પણ નર્સો એ નિવેદનનો વિરોધ કરી રહી છે અને ગરીબીમાં બર્થકંટ્રોલ સિવાય અને તે પણ પીલ–તેને લગતી ગોળીઓ–લીધા સિવાય છૂટકો નથી–એવો પ્રચાર કરી રહી છે. આ બધું દુનિયા કઈ દિશામાં જઈ રહી છે તે સૂચવે છે. કેથોલીકોમાં તો પોપનું વચન તે ભગવાનનું વચન મનાય છે, પણ તેમાં પણ આ ગાબડાં પડવા લાગ્યાં છે, અને આપણે ત્યાં તો મુનિરાજો પણ પૈસાદાર સામે ગરીબની ગાય જેવા છે. એટલે માત્ર ભવિષ્યની આગાહી મારા લેખમાં છે અને તેમાં સુધરવાનું હજુ પણ મને લાગતું નથી."

વીમલાબહેન ઠકારના આગામી પ્રવાસને લગતો કાર્યક્રમ

તા. ૭-૮-'૬૮ના પત્રમાં શ્રી વિમલાબહેન ઠકાર પોતાના આગામી પ્રવાસને લગતા કાર્યક્રમ વિષે જણાવે છે કે "ઑગસ્ટ માસની આખરમાં અથવા તો સપ્ટેમ્બરના પહેલા અઠવાડિયામાં હું નોર્વે માં હોઈશ; ઓકટોબરની પહેલી તારીખે હું અમેરિકાના સેન ફ્રાન્સીસ્કોમાં હોઈશ. આ રીતે કેલીફોર્નિયામાં બે મહિના રોકાઈશ અને જુદાં જુદાં સ્થળોએ મારે બોલવાનું કે વાર્તાલાપમાં જોડાવાનું હશે. ડિસેંબરના પહેલા અઠવાડિયામાં જાપાન જઈશ અને ડિસેમ્બર આખરમાં ભારત ખાતે પાછી ફરીશ."

૧૯૬૯નો તેમનો પરદેશનો પ્રવાસ પણ તેમના લખવા મુજબ આજથી નક્કી થઈ ચુકયો છે, જે અનુસાર ૧૯૬૯ના ઓગસ્ટમાં તેઓ યુરોપ પાછા ફરશે અને યુરોપના ભિન્ન ભિન્ન દેશો યુનાઈટેડ કીંગડમ, યુનાઈટેડ સ્ટેટ્સ અને દક્ષિણ અમેરિકા-આ બધા દેશોના પરિભ્રમણ પાછળ આઠ દસ મહિના તેઓ પસાર કરશે.

સન્ત તુકડોજી બહુ બિમારીના કારણે મુંબઈના બોંબે હોસ્પિટલમાં ઉપચાર માટે આવીને રહ્યાના સમાચાર કેટલાક દિવસ પહેલાં મુંબઈના દૈનિક છાપાઓમાં પ્રગટ થયા હતા. ત્યાર બાદ કેન્સરના અસાધ્ય વ્યાધિનું નિદાન થતાં તેઓ અમરાવતી ખાતેના તેમના આશ્રમમાં જઈને રહ્યા હતા. તુકડોજી મહારાજ સાથે વિમલાબહેનનો ઘનિષ્ટ કૌટુંબિક સંબંધ હોવાના કારણે તેઓ વચગાળે અઠવાડિયા માટે અચાનક મુંબઈ બાજુએ આવી ગયાં અને અમરાવતી ખાતે સન્ત તુકડોજીને મળીને સપ્ટેમ્બર માસની સાતમી તારીખે યુરોપ તરફ રવાના થયા છે.

શ્રી વિમલાબહેન ઠકારના પત્રોમાંથી ત્રણ ઉતારા

(૧)

શ્રી વિમલાબહેન શ્રી ગંગાદાસ ગાંધી ઉપરના તા. ૯-૪-૬૫ના પત્રમાં સંગીત વિષે નીચે મુજબ જણાવે છે :–

સંગીતશાસ્ત્ર અથવા તો કળાનું મેં કોઈ વિધિવત્ અધ્યયન કર્યું નથી, એમ છતાં એ મારું પોતાનું બની જાય છે. જેઓ વીશ વર્ષથી મને જોતાં રહ્યાં છે તે દાદા (દાદા ધર્માધિકારી) અને વિનોબા આ બરોબર જાણે છે. નાદ સાથે, શબ્દ સાથે, સ્વર સાથે મને પ્રેમ છે. શરીરની વિવિધ નાડીઓમાં વહી રહેલા નાદ મારા પ્રત્યક્ષ અનુભવમાં આવેલ છે. પ્રકાશતત્ત્વની માફક નાદતત્ત્વ પણ પ્રવાહી તત્ત્વ છે–આ હકીકત મારા જોવામાં આવેલ છે. અગ્નિ તથા વાયુના સંયોગ વડે નાદનું નિર્માણ થઈ રહેલું જોવામાં આવ્યું છે. આથી રાગ-તાલ વગેરેનું જ્ઞાન ન હોવા છતાં પણ શાસ્ત્રીય સંગીતમાં મને નિગૂઢ રસ છે. જ્ઞાન ન હોવા છતાં પણ રસની અનુભૂતિ પ્રાપ્ત થઈ શકે છે.

(૨)

શ્રી વિમલાબહેન શ્રી ગંગાદાસ ગાંધી ઉપરના તા. ૩૦-૫'-૬૮ના પત્રમાં જ્ઞાનેશ્વરી ગીતા વિષે લખતાં નીચે મુજબ જણાવે છે:–

બચપણથી મારી મિત્રતા જ્ઞાનેશ્વરી સાથે રહી છે. બીજો કોઈ ગ્રન્થ મારા માટે એટલો પ્રિય બન્યો નથી. આજે પણ મારા જોવામાં આવ્યો નથી. જ્ઞાનેશ્વર મારા બાલમિત્ર છે. ઉમ્મરની સાથે અનુભૂતિનું ઘેરાપણું અને સમૃદ્ધિ વધતી જાય છે. આના સંદર્ભમાં જ્ઞાનેશ્વરીનું અર્થગૌરવ વિશદ બનતું ગયું છે. અદ્‌ભુત ગ્રંથ છે-અદભુત.

બચપણના અન્ય મિત્રો છે ગૌરાંગ અને રામકૃષ્ણ પરમહંસ.

ગૌરાંગ પ્રભુનું જીવન મહાભાવની સહજ લીલા છે. રામકૃષ્ણદેવનું જીવન સહજ સમાધિની અનોખી લીલા છે. બંને મહાનુભાવોની વિશેષતાઓ જ્ઞાનેશ્વરના વ્યક્તિત્વમાં સમાયેલી છે. યોગેશ્વર, ભક્તરાજ, જ્ઞાનાનંદી, જ્ઞાનરાય માનવતાની ચરમકક્ષામાં પ્રતિષ્ઠિત હતા. તેમની વાણીમાં તેમનું જીવનસૌરભ આજે પણ તાજું અનુભવાય છે. ખેર!

(૩)

શ્રી વિમલાબહેન એ જ પત્રમાં યુરોપના યુવકોના વિદ્રોહ વિષે લખતા નીચે મુજબ જણાવે છે :

યુરોપમાં ચારે તરફ વિદ્રોહનું વાતાવરણ ફેલાઈ બેઠું છે. યુવકોનું આંતરરાષ્ટ્રીય સંગઠન થઈ રહ્યું છે. શિક્ષણપદ્ધતિ, શિક્ષણસંસ્થાઓ, અર્થવ્યવસ્થા, નીતિપરંપરા, ધર્મ-રૂઢિઓ--આ સર્વના વિરોધમાં વિદ્યાર્થીસમાજ નિર્ભયતાથી ઊભો થયો છે. ફ્રાન્સમાંના છાત્ર-આંદોલનને જે યશ મળ્યો તેથી ઉત્સાહિત બનીને પશ્ચિમ જર્મની, સ્વીડન તથા હોલાંડમાં આયોજન થઈ રહ્યું છે. માર્કિસસ્ટ, લેનિનિસ્ટ, ટ્રોટ્સ્કી આઈટસ, માઓ-ઈસ્ટ–બધાં દળો એક ઝંડા નીચે કામ કરવા લાગ્યા છે. સોશિયાલિસ્ટોના વિવિધ દળો આમાં જોડાયા છે. નેતૃત્વ છે ૨૦ થી ૨૫ સાલ સુધીની ઉમ્મરના જોશીલા જુવાનોનું.

તેમની કાર્યપદ્ધતિમાં બેવકુફી છે; ક્રોધ અને હિંસા છે; ધૃષ્ટતા છે; આમ છતાં પણ તેમની નિર્ભયતા, વીરતા અને સંગઠન કુશળતા આપણા દિલમાં આદર પેદા કરે તેવી છે.

માન્યવર ઝાલાસાહેબે કરેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાની આલોચના અંગે–

આ અંકમાં પ્રગટ કરવામાં આવેલી સંઘદ્વારા તાજેતરમાં યોજાયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાની માન્યવર ઝાલાસાહેબે કરેલી સવિસ્તર અને એમ છતાં જાણે કે અલ્પમાં ઘણું કહેતી - સમજાવતી વિદ્વત્તાભરી આલોચના માટે તેમનો આપણે જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. આ નવ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં જેમણે પ્રારંભથી અન્ત સુધી ભાગ લીધો હતો તેમના માટે એ નવ દિવસો અલૌકિક વૈચારિક યાત્રાના પર્વ જેવા હતા. આ નવે દિવસોનાં મધુર સ્મરણોને પુનઃ જાગૃત કરતી--તાજાં કરતી--આ આલોચના એક પુનિત સ્મરણયાત્રા જેવી લાગે છે. જેઓ આ વ્યાખ્યાનમાળામાં હાજર રહી નહિ શકયા હોય તેવા પ્રબુદ્ધ જીવનના વાચકોને આ વખતની વ્યાખ્યાનમાળા કેવી હતી તેની આ આલોચનાદ્વારા ઝાંખી થશે અને તે વાંચીને તેઓ એક પ્રકારની કૃતકૃત્યતા અનુભવશે.

સુશીલાબહેનની 'વિચિમાલા'

(કાવ્યસંગ્રહ : રચયિતા સૌ. સુશીલાબહેન ચીમનલાલ ઝવેરી; મુખ્યવિક્રેતા : ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય; ગાંધીરસ્તા, અમદાવાદ કિંમત રૂા. ૩-૫૦)

શ્રીમતી સુશીલાબહેન ઝવેરી તરફથી થોડા વર્ષો પહેલાં પ્રગટ થયેલ 'વિચિમાળા' નામના તેમના કાવ્યસંગ્રહની એક નકલ થોડા દિવસો પહેલાં મને મળી. અવકાશે આખો સંગ્રહ હું વાંચી ગયો. પ્રસન્નતા અનુભવી એટલે એ સંગ્રહનો અને એનાં રચયિતા સુશીલાબહેનનો કાંઈક પરિચય આપું એવી ઈચ્છા થઈ.

આ કાવ્યસંગ્રહનું શ્રી હીરાબહેન પાઠકે અવલોકન લખ્યું છે. તેના પ્રારંભમાં તેઓ જણાવે છે કે કાવ્યદેવતા માટે શ્રી સુશીલાબહેન ઝવેરી--ઝવેરી છે એટલે તો નહિ હોય?– 'વિચિમાલા' લઈને પ્રવેશે છે. ગાંધીજીએ પ્રેરેલું દેશવ્યાપી સંસ્કારબળ કયાં જંતાં કોને અસર કરે છે તેના દૃષ્ટાંતરૂપે આ બહેન છે. સુરત જિલ્લાના અંદરના ભાગમાં, માતાપિતાની હૂંફ વિના, પૂરા અભ્યાસની પૂર્વ ભૂમિકા વિના, આસપાસના વાતાવરણમાંથી ભાવો, ઢાળો, શબ્દો પકડી લઈને, તેમણે કવિતાનો ક્સબ કરવા માંડયો. ભણેલાં ભાઈબહેનોને જે અશ્રદ્ધા જાગે, તે 'હીનતા'થી દૂર રહી સહજ ભાવે તેઓ લખવા પ્રેરાયાં. ગૃહસ્થાશ્રમી જીવનનાં સર્વ રોકાણો--જે સ્ત્રીનાં સમય, ધ્યાન અને શક્તિ તમામને કેવાં પકડી-જકડી રાખનારાં જબ્બર રોકાણો છે, તે હું અનુભવે જાણું છું. તેની વચ્ચેવચ્ચે તેમણે કાવ્યસ્રોતને વહેતું રાખ્યું. જેમ આપણી જૂની પ્રભુપરાયણ સ્ત્રી સંસારમાં રહીને પ્રભુરટણનો તાર ચૂકતી ન હતી, તેમ તેમણે યે ચૂકયા વિના પોતાની 'રટણાને રાગ' આપ્યા કર્યા. પરિણામે આજે તેઓ એક આખા કાવ્યસંગ્રહ સહિત સજ્જ થઈને આપણી વચ્ચે આવે છે તે ઓછા ગૌરવની વાત નથી. હું સ્ત્રી હોઈને--અને ઝંખના છતાં જોઈએ તેટલી કાવ્ય સાધના પોતે કરી શકતી નથી તે જોતાં--ખાસ તેમની આ સાધના તેમને માટે અભિનંદનની સાધના ગણું છું. શ્રી સુશીલાબહેનની આ ભૂમિકા તેમના કાવ્યો સમજવા અને મૂલવવા માટે ઉપયોગની છે. તેમનાં કાવ્યોમાં દલપતરામથી માંડીને છેક અદ્યતન કવિતાની નજાકત યથાશક્ય ઝીલાઈ છે."

શ્રી સુશીલાબહેનના કાવ્યસંગ્રહ અંગે મારું સંવેદન લગભગ આ પ્રકારનું છે અને ઉપર જણાવેલ છે તેવા અતિ પ્રતિકૂળ સંયોગોનો સામનો કરીને તેમણે જે કાવ્યસાધના કરી છે તે માટે તેમને હું ધન્યવાદ અને અભિનંદન આપું છું. નમૂના રૂપે તેમના સંગ્રહમાંથી એક કાવ્ય અહીં ઉધ્ધૃત કરવાનું મન થાય છે. **પરમાનંદ**

કંઈ મને નથી સમજાતું!

કંઈ મને નથી સમજાતું!
ભિન્ન ભિન્ન દૃશ્ય કહેવાતી, જૂદી જૂદી આ વાતું...કંઈ.
ગંભીરતા સાગર શીખવે છે, લહેરો તો ચંચળતા;
સાથ રહે છે બંને તોયે, બંનેમાં વિપરીતતા;
એ દેખી અચરજ થાતું...કંઈ.
ઉડુયનો પંખીડાં શીખવે, વાયુ વેગી વિચારો;
ઉપર વા નીચે જાવું કે દશ દિશમાં વિખરાવું;
વહેણ નથી વરતાતું...કંઈ
પાનખરો ઉદાસી શીખવે, વસંત હાસ્ય મધુરું;
કળીનું ખીલવું ને મુરઝાવું, બંને લાગે અધૂરું;
કો' ખીલે કો' કરમાતું...કંઈ.
ગિરિશૃંગ અડગતા શીખવે, ખીણ સૂચવે પછડાવું;
કઠોરતા પથ્થર શીખવે છે, પુષ્પો કોમળ થાવું;
નિત નવું યૌવન પાતું...કંઈ.
ચંદન બળી ફોરમ ફેલાવે, ફૂલડાં રસ લૂંટાવે;
વૃક્ષો નિજ બળતા તાપે પણ, છાંય નીચે પથરાવે;
ખોવાઈ પ્રસિદ્ધ થાતું...કંઈ.
ગુન ગુન ગુંજન મધુકર શીખવે, એક જ ગીતની કહાણી;
મધમાખી કહે : પહેલાં લૂંટી, પછી કરોને લહાણી;
પીતું કો, તો કોઈ પાતું...કંઈ.
માનવ માનવતા શીખવે, શઠ શાઠયનીતિ અપનાવે;
શીખવું મારે એક જ કે, મુજને આમાં શું ફાવે?
મેં મનથી કીધી વાતું–
શે તને નથી સમજાતું...કંઈ

સુશીલાબહેન ઝવેરી

અમદાવાદ ખાતે યોજાયલી પર્યુષણ વ્યાખ્યાનમાળા

અમદાવાદ ખાતે સ્થાનિક જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૨૦મી ઓગસ્ટથી તા. ૨૭ ઓગસ્ટ સુધી દરરોજ બે વ્યાખ્યાન--એ મુજબ યોજાયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે મુજબ હતો:

શ્રી ઝીણાભાઈ ૨. દેસાઈ	જાગતિક સંપર્ક અને જીવનમૂલ્યો
શ્રી બાબુભાઈ જ. પટેલ	રચનાત્મક કાર્યની મુશ્કેલીઓ
શ્રી પુરુષોત્તમ માવળંકર	રાષ્ટ્રવાદ અને વિશ્વનાગરિકતા
શ્રી ગીતા ભારતી	ગીતાજ્ઞાન
ડૉ. ભોગીલાલ જે. સાંડેસરા	ગુજરાતના જ્ઞાનભંડારો
આચાર્ય શ્રી એસ. આર. ભટ્ટ	ધર્મ શાને અને કોને માટે?
રેવરન્ડ ફાધર વાલેસ	મિચ્છામિ દુક્કડમ્
મુનિશ્રી નગરાજજી	વર્તમાન યુગ और जनसमाज
શ્રી નવલભાઈ શાહ	ધર્મ–આજની પરિસ્થિતિમાં
શ્રી મગનભાઈ દેસાઈ	શ્રીમદ્ રાજચંદ્ર
શ્રી ઉમાબહેન ઓઝા	ભજનો
આચાર્યશ્રી રજનીશજી	अमृतं तु विद्या
શ્રી પુષ્પાબહેન શાહ	ભજનો
આચાર્યશ્રી રજનીશજી	વાર્તાલાપ
શ્રી અમિતાબહેન મહેતા	ભજનો
આચાર્યશ્રી રજનીશજી	વાર્તાલાપ

શાસ્ત્રોનો ઉપયોગ અને તેની મર્યાદા

(ગતાંકથી ચાલુ)

હવે આ શાસ્ત્રોની વાતને થોડી ઉંડાણમાં જઈને તપાસીશું તો ધ્યાનમાં આવશે કે જેઓએ શાસ્ત્રો રચ્યાં તેઓએ કોઈ પુસ્તકો વાંચી રટીને કે અભ્યાસ કરીને નથી રચ્યાં. તેઓએ તો પોતાની સામે પડેલું વિસ્તૃત વિશ્વ જોયું, તેના સિદ્ધાંતો જોયા, તેમાં રહેનારાં સ્થિર અને અસ્થિર તત્ત્વો જોયાં, પોતાનો અને સામે આવતા મનુષ્ય અને પ્રાણીઓનો અભ્યાસ કર્યો, અને છેવટે સ્વયં પોતાને એક (લેબોરેટરી) પ્રયોગશાળા માનીને અંદર ઊંડા ઊતરીને અંદરના વિશ્વનાં રહસ્યો તેમણે જોયાં, જાણ્યાં, અને અનુભવ્યાં. જીવનના વિજ્ઞાનની આવી વૈજ્ઞાનિક પ્રક્રિયા થતાં તેના પરિણામે ભવ્ય વિરાટ દર્શન તેઓ પામ્યા. આવું દર્શન પામીને તેઓ ધન્ય બન્યા. પછી તેઓમાં એવી ઉત્કૃષ્ટ ભાવનાનો પ્રચંડ પ્રવાહ વહેવા લાગ્યો કે પોતાને જે વિરલ દર્શન, જે શાશ્વત સત્ય લાધ્યું તેનો લાભ બીજાઓને પણ મળી શકે તે માટે પોતે કંઈક કરવું જોઈએ. આ ભાવનાવાળી તેમની વાણીને વ્યવસ્થાપૂર્વક મૂકવામાં આવી તેમાંથી શાસ્ત્રો રચાયાં. એ શાસ્ત્રોને વાંચવા સમજવા માટે તો જે ચેતનાના સ્તર પરથી તેની રચના થઈ તે સ્તર પર પહોંચવું પડશે, નહીંતર માત્ર શબ્દો અને તેના અર્થો જ સમજાશે અને શબ્દોના મહાઅરણ્યમાં અટવાવાનું જ બનશે, પણ તેની સાચી ચેતના સ્પર્શી શકશે નહીં. સાચો પ્રયોગ હોય તો સાચી ચેતનાનાં સ્પર્શનો પણ પૂરો સંભવ છે, પણ આપણે ત્યાં તો મોટેભાગે શબ્દો જ લેવાય છે અને તેથી મારામારી અને વિતંડાવાદમાં પડી જવાય છે, એટલે એ સૂત્રો પોતાની સાચી ચેતના કે અર્થ પ્રગટ કરી શકતા નથી, તેનું ઉદ્‌ઘાટન થતું નથી, અને એટલે જ આ બધાનું સંચાલન કરનારો આત્મા ક્યાંય કદી ગેરહાજર રહી શકતો નથી–તે સત્યનું દર્શન પ્રાપ્ત થતું નથી.

જે સંતોને આવું વિરલ દર્શન જ્યાંથી લાધ્યું તે વિશ્વ સામે મોજૂદ છે, અને તેમને ભગવાને જે શરીર અને મન આપેલાં, તે બેઉ સાધનો આપણી પાસે પણ હાજર છે, અને ત્રીજો અનુભવ કરનારો આત્મા પણ આપણામાં છે. ભગવાન પક્ષપાતી નથી, તે તો બધાને પૂરી સગવડ અને સાધનોથી સજ્જ કરીને જ મોકલે છે. જ્ઞાન મેળવવાની, પરમેશ્વરને પામવાની કોઈની 'મોનોપોલી' નથી, બધાને એકસરખો અધિકાર છે, અને તે માટેનાં જરૂરી સાધનો અને યોગ્યતા પણ બધાને અપાયેલાં છે. તો તેઓએ બીજો કોઈ પણ આધાર લીધા વગર માત્ર પ્રત્યક્ષ જે દેખાય તેમાંથી જ જ્ઞાન મેળવવાનો અને સત્યનો અનુભવ કરવાનો જે પ્રયોગ કરેલો તેવો પ્રયોગ આપણા માટે શક્ય છે કે કેમ તે વિચારણીય છે. આ પ્રયોગ જ ઉત્તમ કક્ષાનો છે. હવે કોઈ સંતજન આપણને બીજું બધું છોડીને ઉત્તમ પ્રયોગ કરવા માટે સમજાવે, સલાહ આપે તો તે વાતને એ રીતે સમજવાથી જ એના અર્થને પામી શકાશે, અન્યથા નહીં, અને એ વાતો શાસ્ત્રોની વાતો સાથે અવશ્ય મળતી આવશે, કારણકે જ્યાંથી શાસ્ત્રો નીકળ્યા છે, તે પ્રત્યક્ષ દર્શનનો આ પ્રયોગ છે, એટલે તેમાં વિરોધ કેમ હોઈ શકે ? જેમ આપણા હાથમાં કાચના રંગબેરંગી ટુકડાઓ અને ઈમીટેશન રત્નો હોય, અને કોઈ ઝવેરી એ બધું ફેંકાવીને સાચા રત્નોથી આપણા હાથ ભરી દે તો પણ આપણે જો પેલા કાચના ટુકડાઓને જ હાથમાં રાખવાનો આગ્રહ રાખીએ તો તે સ્વતંત્રતા આપણને છે જ, તેની આડે આવવાનો કોઈને અધિકાર નથી પણ તેથી પેલા ઝવેરીની પરખને અને તેની શુભ ભાવનાને પણ આપણે ખોટી કેમ ઠરાવી શકીએ ? તે પ્રગટ કરવાની તેને પણ સ્વતંત્રતા છે, અને વધારામાં તે તો સાચો પારખુ છે, પણ તેને સાચો પારખુ ન માનવો હોય તો તે સ્વતંત્રતા પણ આપણને છે જ, પણ તેથી પેલા પારખુમાં કશો ફરક પડવાનો નથી.

એકવાર એક વિદ્વાન, પંડિત, શાસ્ત્રોના અભ્યાસી, પ્રકાંડ તજ્જ્ઞનો ભેટો થઈ ગયેલો. તેઓએ જણાવ્યું કે નાનપણથી જ તેઓ શાસ્ત્રાભ્યાસમાં પારંગત થયેલા અને લગભગ ૪૦ વર્ષથી તેઓ બીજાઓને શાસ્ત્રાધ્યયન કરાવવાનું કામ કરે છે. તેઓ પુસ્તકો લખે છે અને વ્યાખ્યાનો પણ આપે છે. શકિતદલની સભામાં તેઓનાં વ્યાખ્યાનો ગોઠવવા વિષે પણ એમણે બે ત્રણ વાર સૂચન કર્યું. એમની વાતો, શાબ્દિક વિદ્વતા, અને મુખ પરના ભાવો જોતાં પ્રતીતિ થઈ કે તેઓએ કોરું જ્ઞાન મેળવ્યું હશે પણ તેની સાચી ભીનાશ અનુભવી નથી. મનમાં અફસોસ પણ થયો કે આ પંડિત-રાજના ૪૦ વર્ષ વ્યર્થ ગયાં. એટલા લાંબાગાળામાં તો કેટલું બધું બનવું શક્ય હતું ? તેઓ અને તેમનાં જેવા શાસ્ત્રના શબ્દોના આગ્રહી વિદ્વાનોને માત્ર શાસ્ત્રમાં જ રચ્યાપચ્યા રહેવું હોય અને તેનાં આત્મા તરફ ન જવું હોય તો તેની પણ તેઓને સ્વતંત્રતા છે.

વર્ષોસુધી વેદવેદાંત, ગીતા અને એવા ધર્મગ્રંથોનું અધ્યયન કર્યા છતાં, મંત્રો રચવા છતાં, પૂજા અર્ચના અને મહોત્સવો કરવા છતાં ભગવાન ન મળે, જ્ઞાન ન થાય તો સ્પષ્ટ જ છે કે તે પ્રયોગોમાં કશી ખામી છે, એ ખામી ક્યાં છે તે શોધી કાઢવામાં આવે તો સાચો પ્રયોગ હાથમાં આવે અને વિકાસપથપર ગતિ શક્ય બને. આ પ્રયોગ તે "ડાયરેકટ મેથડ"નો હોઈ શકે જેમાં પ્રત્યક્ષ જોઈ જોઈને આગળ જવાનું હોય છે, તેમાં દરેક ચીજ "સબજેકટીવલી" લેવાની હોય છે. સાથે સાથે "સબજેકટીવ"માં "ઓબજેકટીવ" અને "ઓબજેકટીવ"માં "સબજેકટીવ" પણ લેવી પડે છે. સૌ પ્રથમ તો એક પૂર્ણ, પવિત્ર, અખંડ, સદાવર્તનમાન, સદા ઉપસ્થિત, સર્વાધાર, સૂક્ષ્માતિસૂક્ષ્મ અને કણકણમાં વ્યાપ્ત જે તત્ત્વ છે તેની પ્રતીતિ થવાની જરૂર છે. પછી તેની આદત પાકી કરવી જોઈએ. જેમ આપણે આપણી અજ્ઞાનદષ્ટિ અને મિથ્યાદષ્ટિ પાકી કરી નાખેલી છે, તેમ સ્વયં વિચારીને, સમજીને, અનુભવીને આ સમ્યક્‌દષ્ટિ પાકી કરવી જોઈએ, અને તેના પર આરૂઢ થવું જોઈએ. આ જીવ તો પ્રતિક્ષણ કોઈ ને કોઈ વાતનો અનુભવ કરવામાં જ લાગેલો રહે છે, એક ક્ષણ પણ નવરો બેસતો નથી. તો જો અજ્ઞાન, અપૂર્ણ અને મિથ્યાદષ્ટિથી જેમ બહારનું જ્ઞાન પાકું થતું જાય છે, તેવી રીતે જ્ઞાન તરફ દષ્ટિ વાળવાથી એ જ્ઞાનદષ્ટિ પણ પાકી થઈ શકે છે, કારણકે ચેતનાની પ્રવૃત્તિ સતત છે, એટલે જ્ઞાન પાકું થવું તે તો આપણો સ્વયં ધર્મ છે. પેલી જીવદશા અનેક જન્મોથી પાકી થતાં હવે જડબેસલાખ મજબૂત બની ગઈ છે, અને મનુષ્યજન્મમા સૌથી વધારે પાકી બનવાની શકયતા છે. તો હવે તેમાંથી સમ્યક જાગરણ તરફ વળીએ તો વિવેક પેદા થશે, અને સમ્યક્‌જ્ઞાન તરફ ગતિ થવાનો પણ એટલો જ મોટો સંભવ છે. વિવેક એ જ સમ્યક્‌જ્ઞાનનું દ્વાર છે.

આ "ડાયરેકટ મેથડ"નો ઉપયોગ કરવામાં આવે તો પ્રયોગ ટૂંકો બની શકે છે તે અનુભવની વાત છે. બાકી શાસ્ત્રોના ચક્રાવામાં ફરતાં દીર્ઘ સમય લાગે છે, કદાચ અનેક જન્મો પણ લાગી જાય, છતાં જ્ઞાન થવાનાં ચિહ્નો ન પણ જણાય અને આખરે પેલા પ્રત્યક્ષ પ્રયોગ તરફ વળવું પડે છે. ગમે તેટલું વાંચ્યું, અભ્યાસ કર્યો, સાંભળ્યું હોય, છતાં અંતે તો પોતાની અંદર જ ઉતરવું પડશે, અંદર પડેલા કર્મોનાં આવરણોને ભેદવા જ પડશે. શાસ્ત્રની ભાષામાં તેને કર્મ કહેવામાં આવે છે, વિજ્ઞાનની ભાષામાં તેને વિચારો અને અનુભવોનું ઘટ્ટ બનેલું પરિણામ કહી શકાય. જન્મજન્મોથી વિચારોનાં સ્તરો એકમેકની ઉપર ખડકાયા જ કરે છે. કેટલાક અર્ધજાગ્રત મનમાં (સબકોન્શ્યસ માઈન્ડમાં) ચાલ્યાં જાય છે અને ત્યાં પોતાની ભૂમિ બનાવી લેતા હોય છે, વળી તેમાંથી કેટલાક પાછા તદ્દન અજાગૃત

મનમાં (અનકોન્શ્યસ માઈન્ડમાં) જઈને ત્યાં પરિણામરૂપ બની જાય છે. વિચારોની ટેપ રેકોર્ડ પ્રતિક્ષણ ચાલતી જ રહે છે અને પ્રતિક્ષણ મનુષ્ય જે બહારનાં–અંદરનાં, નાનાં–મોટાં, સૂક્ષ્મ તદ્દન સૂક્ષ્મ અનુભવો–એ બધા જ અહીં રેકોર્ડ થતા રહે છે, ખડકાતા રહે છે. આ કાર્ય કદિ અટકતું નથી. મહર્ષિ પતંઝલિએ પાતંજલ યોગસૂત્રમાં પ્રથમ સૂત્ર આપ્યું છે કે:–

"યોગ: ચિત્તવૃત્તિનિરોધ:"

આનો અર્થ એમ કરવામાં આવે છે કે ચિત્તવૃત્તિનો નિરોધ કરો તો યોગ સિદ્ધ થશે. પણ આ જ સૂત્રને બીજી રીતે સમજવામાં આવે તો તેનો અર્થ વધારે સારી રીતે સ્પષ્ટ થાય છે. યોગ એટલે કે પરમેશ્વર સાથેની એકતા–તે તો છે જ. પરમેશ્વર વળી ક્યારે આપણાંથી છૂટો પડી શકે છે? પેલું તત્ત્વ જે કણકણમાં વ્યાપ્ત છે, સર્વાધાર છે, સદા વર્તનમાન અને સદા ઉપસ્થિત છે તે આપણી જગા પર આપણાં શરીરનાં સ્થાન પર પણ હાજર જ છે. તે તો કશે ગેરહાજર રહી શકતું જ નથી, તો તેની સાથે આપણો યોગ (એકતા) તો સદા છે જ, પરંતુ આપણી ચિત્તવૃત્તિ અર્થાત્, તેમાં પડેલા પેલા દઢ પરિણામરૂપ બની ગયેલા વિચારોની 'ટેપ' સતત વાગતી જ રહે છે. વિચારો કે જે સતતપણે ચાલ્યા જ કરતા હોય છે, તે જ યોગના–આ પરમ એકતાના–નિરોધક બને છે, તે જ પરમેશ્વર અને આપણી એકતાના બાધક બને છે. તે વિચારોનાં ગોદડાં જેવાં ઘટ્ટ વાદળાં હટી જાય અને મન તદ્દન વિચારમુક્ત સ્વચ્છ બની શકે તો આત્મા તો પોતાનાં સ્વયંપ્રકાશથી ઝળહળતો સદા પ્રગટ છે જ. એને તો બિચારાને જલ્દી પ્રગટ થવું જ છે, પણ આપણે જ એને બધી રીતે રોકતા હોઈએ છીએ. વિચારોથી શૂન્ય થવાય ત્યારે જ સ્વયંમાં પ્રવેશ થાય છે. વિચારો તો શું પણ નાનો તરંગ કે સૂક્ષ્મભાવ પણ ત્યાં બાધારૂપ જ નીવડે છે. તદ્દન શૂન્યતા એટલે જાગૃત (કોન્શ્યસ) અર્ધજાગૃત (સબકોન્શ્યસ) અજાગૃત (અનકોન્શ્યસ) મન, બુદ્ધિ, અહંકાર, સંસ્કારો આદિનું પોટલું બાજુપર થશે ત્યારે જ 'સુપ્રા' પરમ જે છે તેમાં હોવું શક્ય બનશે. અહીં શૂન્યતા એટલે જે સમજ્યા વગર માની લેવામાં આવે છે તે બેભાની નહીં, પણ પરમ જાગૃતિ, દિવ્ય અનુભૂતિ એવો અર્થ સમજવાનો છે.

શૂન્યતા એટલે વિચારોની, અજ્ઞાનની, જે મિથ્યા છે તેની શૂન્યતા. જ્ઞાનની શૂન્યતા કદિ સંભવિત નથી, તે તો નિત્ય જાગૃત છે, નિત્ય પ્રકાશમાન છે. શૂન્યતા એટલે બીજું કંઈ જ નહીં માત્ર તે અને તે જ, કેવળ તે તત્ત્વ જ, કેવળજ્ઞાન જ, કેવળ સત્ય જ, જે છે તે જ. પછી 'તે'માંથી 'હું' સાચો 'હું' પ્રગટ થાય છે. ત્યાં તો પરમ શક્તિનો સ્રોત વહે છે, પરમ જાગૃતિનો અનુભવ થાય છે. ત્યાં શૂન્યતા કેવી રીતે હોઈ શકે? બહારથી શૂન્ય, બહારનાં કારભારો, સંસ્કારો, વહેવારો, વિચારો, અનુભવો, પાંડિત્ય, વિદ્વત્તા અને તે બધાનું ઘમંડ–આદિ આદિના અજ્ઞાનબોજથી શૂન્ય થવાય ત્યારે દિવ્યજાગૃતિ, દિવ્યબોધ, કેવલજ્ઞાન, કેવલસત્યનો અનુભવ થાય. અને તે પાછું 'સ્ટેટીક' નથી; તે તો 'ડાયનેમિક' છે. એ તો આત્માની પરમશક્તિ, પરાશક્તિ છે. તેમાં આવીને માણસ શૂન્ય કેમ રહે? તે તો પોતે જે જાણ્યું, અનુભવ્યું તે બધાને કહેવાનો જ. આ અનુભવ ભલે શબ્દાતીત હોય, પણ અમુક હદ સુધી કોઈને પણ તે દિશામાં માર્ગદર્શન આપી શકાય છે. આવા અનુભવમાંથી જ કદાચ 'કેવલોહમ કેવલોહમ' નાદ ગૂંજે છે. અને તે ગૂંજનમાંથી આવા શ્લોકો રચાયા હશે.

અહં નિર્વિકલ્પો નિરાકારરૂપી,
બિભુત્વાચ્ચે સર્વત્ર સર્વેન્દ્રિયાણામ્ ।
ન ચાસંગતં નૈવ મુક્તિશ્ચ યસ્ય,
ચિદાનન્દરુપ: શિવોડહં શિવોડહમ્ ।।

આ અને આવા શ્લોકો અને લખાણોમાં શબ્દોની મર્યાદા છે, પણ પેલા અનુભવમાં તો શબ્દને સ્થાન જ નથી. છતાં તે શબ્દાતીત અનુભૂતિનો આછો ખ્યાલ આપવા માટે જ્ઞાનીજનોએ પોતાના અનુભવોને શબ્દબદ્ધ કરી આપ્યાં છે તે આપણું ભાગ્ય છે, તો તેનો પણ વિવેકપૂર્વક ઉપયોગ કરી શકાય છે. આવો તત્ત્વદષ્ટા જે તત્ત્વની અને જ્ઞાનની વાતો પોતે જે રીતે જોઈ છે, જે રીતે અનુભવી છે તે જ રીતે જો નહીં કહે તો અજ્ઞાનદશાવાળાઓને માર્ગદર્શન કોણ આપશે? આત્મજાગૃતિ પછી જે કર્મ કરશે તે બાંધનારા નહીં હોય, પણ અન્યનાં કલ્યાણાર્થે જ હોય છે.

આ તો તદ્દન સ્પષ્ટ વાત છે કે શાસ્ત્રો, વ્યાખ્યાનો, કથાવાર્તાઓ આદિનો આધાર છોડીને આપણે સ્વયં પોતાના ચિત્તની ભૂમિકા પર આ પ્રયોગને લાવવો પડશે, અને ત્યાં ને ત્યાં જ એના પર સતત પ્રહારો ઝીંકવા જોઈશે. વિચારોનાં, કર્મનાં જાડાં આવરણો જે જન્મોજન્મથી મજબૂત બનીને નિરાંતે જામીને ત્યાં બેઠા છે, તેમને ઉખેડવા માટે, શીઘ્ર ભેદવા માટે, તેવા જ મજબૂત અને બલિષ્ટ પરિક્રામની જરૂર પડશે. પણ આ તો સૂક્ષ્મ ભૂમિકા છે અને અહીં પ્રકૃતિ અને પુરુષ વચ્ચેનું ભીષણ યુદ્ધ જામવાનું છે. કારણકે જે જડસ્વભાવ, મન, પ્રકૃતિ છે તે તો આપણને પ્રતિક્ષણે જડતા તરફ ખેંચતી જ રહેશે. તેની સાથે પુરુષ, એટલે જાગૃતજીવે લડતાં લડતાં, તેને વશ થઈને ઊંઘી ન જતાં પોતાનાં લક્ષ્ય તરફ આગળ વધવાનું છે. આ પરિસ્થિતિમાં વારંવાર "સેટબેકસ" આવતા હોય છે, અને પ્રકૃતિને વશ થઈને આપણે ઘણી વાર પાછા હટી જતાં હોઈએ છીએ. તેમ પાછા હટવાનું, વળી આગળ વધવાનું ચાલ્યા જ કરશે, પરંતુ તેથી હિંમત નહીં હારતાં પોતાની અચલ દઢ પ્રતિજ્ઞાને સદા યાદ રાખીને આગળ–બસ આગળ જ –ધ્યેયે જવાનું છે. ખૂબ જ અંતર્મુખ થવાય ત્યારે જ આવા પ્રહારો ઝીંકવાની તાકાત અને હિંમત આવે છે. બીજાઓ સાથે બાંધ ચઢાવીને લડવાનું સહેલું છે, પણ સ્વયં પોતા સાથે લડવામાં ખૂબ બહાદૂરી અને ક્ષાત્રતેજની જરૂર પડે છે. આગળ વધતાં વધતાં અત્યંત સૂક્ષ્મ ભૂમિકા પર આવી શકાશે. ત્યાં થતા ફેરફારો અને અનુભવો બીજા કોઈને દેખાશે પણ નહીં. સ્વયં પોતે જ પ્રમાણિકપણે તેનાં વિકાસની નોંધ લેતાં લેતાં આગળ વધવાનું રહેશે. અને છેવટે એવી ભૂમિકામાં હોવાનું શક્ય બનશે કે જ્યાંથી પછી બીજે કશે જવાપણું નહીં હોય. અહીં કોઈ શાસ્ત્ર કામમાં આવી શકતું નથી, કોઈ વિચાર કે સંસ્કાર પણ કામમાં આવતો નથી, કોઈ પણ બહારની ચીજનો આધાર ચાલી શકતો નથી, હા, તેમાં આવેલી વાતો સાથે આપણા અનુભવો સરખાવી શકાય, 'ટેલી' કરી શકાય. ત્યાં તો તદ્દન અજાણ્યા પ્રદેશમાં એકલપ્રવાસી બનીને બહાદૂરીથી આગળ વધવાનું છે. બધા જ આધારો ત્યાં નકામા છે, અને બોજારૂપ થઈ પડે છે, તેમ જ વિકાસમાં અંતરાયરૂપ થાય છે. બધા જ મનુષ્યસર્જિત આધારોને છોડીને માત્ર એક જ જે સૌના આધારરૂપ મૂળતત્ત્વ છે તેને ત્યારે જ પામી શકાશે, જ્યારે સ્વયંબળથી આ બધા આધારો છોડી દેવાશે. ત્યારે અને ત્યારે જ સ્વયંસત્તામાં પ્રવેશ થશે.

પૂ. આચાર્ય રજનીશજી તો પોકારી પોકારીને આ જ વાત કહે છે કે બધા આધારો છોડો, અને સ્વયંબળ કેળવીને આગળ વધો. શાસ્ત્રાદિનો સહયોગ લઈ શકાય, પણ તેને આધાર ન બનાવાય, અને તો જ પ્રત્યક્ષ દર્શનનો ટૂંકો અને સરળ પ્રયોગ સાધ્ય થઈ શકશે. એકવાર અંદર ઊતરવાનું શક્ય બને છે, અને કોઈ જ્ઞાનીજનનું માર્ગદર્શન હોય તો પછી આપોઆપ આગળ વધવાનું થાય છે.

મિથ્યાદર્શનને લાંઘીને સમ્યકદર્શનમાં પ્રવેશ કરીને, કેવળદર્શનની સિદ્ધિ થાય છે. આજના વૈજ્ઞાનિકયુગમાં જ્યાં મનોવિજ્ઞાનની ભૂમિકા અત્યંત વિકસિત છે, ત્યાં આવાં પ્રત્યક્ષનાં પ્રયોગો થવા સો ટકા સંભવિત છે. માત્ર તે તરફ જાગૃતિ આવવી જોઈએ–લક્ષ્ય નક્કી થવું જોઈએ. અને ત્યારબાદ તે આત્મસાધનાનું લક્ષ્ય તે જ પરમલક્ષ્ય બની જાય તો અપેક્ષિત સિદ્ધ પરિણામ આવ્યા વગર રહે જ નહીં.

લેખ થોડો લાંબો થયો છે, પણ તમે મોકલેલો લેખ વાંચીને મને જે વિચારો આવ્યા તેને મારે પ્રગટ કરવા જ જોઈએ.

સમાપ્ત. **પૂર્ણિમા પકવાસાના સાદર પ્રણામ.**

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ-૩.
મુદ્રણસ્થાન: ધી રટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ-૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૦ : અંક ૧૧

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઑક્ટોબર ૧, ૧૯૬૮, મંગળવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ આચાર્ય રજનીશજીનું વિવાદાસ્પદ બનેલું વ્યાખ્યાન ☆

(છેલ્લાં ત્રણ ચાર વર્ષથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળાના કાર્યક્રમમાં છેલ્લું વ્યાખ્યાન આચાર્ય રજનીશજીનું રાખવામાં આવે છે. તે મુજબ આ વખતે પણ તેમનું જ છેલ્લું વ્યાખ્યાન રાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાન માટે શું વિષય રાખવો એ સંબંધમાં આચાર્યશ્રી ઘણું ખરું જુલાઈ માસમાં મુંબઈ આવેલા ત્યારે તેમની સાથે મારે ચર્ચા થઈ હતી. તે ચર્ચા દરમિયાન મેં તેમને પૂછેલું કે "આ વખતે આપણે આપના વ્યાખ્યાન માટે કયો વિષય રાખીશું?" તેમણે જવાબ આપ્યો કે "તમે જ સૂચવોને?" મેં તેના ઉત્તરમાં કહેલું કે, "આ વખતે આપ પ્રેમતત્ત્વ ઉપર બોલો તો કેમ?" આ વિષય સૂચવવાનું કારણ જણાવતાં મેં કહેલું કે "સાધારણ રીતે મારી જેવા અનેકની પ્રેમ અંગેની કલ્પના વ્યકિતલક્ષી હોય છે, જ્યારે આપ પ્રેમને અનેક વાર Impersonal બીન–અંગત–વ્યકિતલક્ષી નહિ–એ રીતે વર્ણવો છો તો પ્રેમનું આ સૂક્ષ્મ અને વ્યાપક સ્વરૂપ શું છે એ મારે વિસ્તારથી સમજવું છે." તેમણે આ સૂચનનો આનંદપૂર્વક સ્વીકાર કર્યો. એ વખતે મારા મનમાં એમ પણ હતું કે એ દિવસ પર્યુષણનો છેલ્લો દિવસ હશે, સ્થાનકવાસી સમાજ માટે એ દિવસ સાંવત્સરીનો હશે તો તે દિવસે આચાર્યશ્રી "મિત્તિ મે સવ્વ ભુએસુ" એ સર્વપઠિત સૂત્રનું વિસ્તારથી વિવેચન કરશે અને મારી જેવા અનેકને વૈચારિક ક્ષેત્રે અવનવા ઉડ્યનનો આનંદ પ્રાપ્ત થશે–આવી ભૂમિકા અને અંગત અપેક્ષા ઉપર તેમના વ્યાખ્યાન માટે 'પ્રેમતત્ત્વ'નો વિષય નક્કી કરવામાં આવ્યો હતો.

આમ છતાં પર્યુષણ વ્યાખ્યાનમાળાના છેલ્લા દિવસે – તા. ૨૮-૮-૬૮ ના રોજ–બહેન શ્રીદેવી અને રોહિત મહેતાના 'કબીર' ઉપર સંયુકત ભજન–વિવેચન બાદ આચાર્ય રજનીશજીએ જે વ્યાખ્યાન આપ્યું તે કાંઈક જુદા જ પ્રકારનું નિવડ્યું. તેમણે પ્રેમ-તત્વને કામતત્વ સાથે જોડી દીધું અને પોતાના વિવેચન દરમિયાન એવું કેટલુંક વિવરણ કર્યું કે જે મારી જેવા અનેકને મૂળ વિષયની કલ્પના સાથે બંધબેસતું ન લાગ્યું અને પ્રસ્તુત દિવસનું મહત્ત્વ વિચારતાં આખું વ્યાખ્યાન અપ્રાસંગિક અને અમુક અંશે ઔચિત્ય-ભંગ કરતું અને કોઈ કોઈ ઠેકાણે સુરુચિનો પણ ભંગ કરતું લાગ્યું. વ્યાખ્યાન દરમિયાન તેમણે આપેલાં દષ્ટાન્તો અથવા તો દાખલાઓ પણ કાંઈક નબળાં લાગ્યાં. આમ છતાં પણ અહિં જણાવવું જોઈએ કે અન્ય કેટલાક મિત્રો આ વ્યાખ્યાન વિષે અન્યથા અભિ-પ્રાય પણ ધરાવે છે. તો આ વિવાદાસ્પદ બનેલા વ્યાખ્યાન દર-મિયાન આચાર્ય રજનીશજી શું બોલ્યા તે પ્રબુદ્ધ જીવનના વાચકોને જાણવા તેમ જ વિચારવા મળે અને એ રીતે તેનું સ્વતંત્ર મૂલ્યાંકન કરે તે હેતુથી તેમ જ 'પ્રબુદ્ધ જીવન' ના ગતાંકમાં પ્રગટ કરવામાં આવેલ પર્યુષણ વ્યાખ્યાનમાળાની આલોચનાના અન્ત ભાગમાં પ્રા. ગૌરીપ્રસાદ ઝાલાએ કરેલ અનુરોધને ધ્યાનમાં લઈને તે વ્યાખ્યા-નની ટેઈપ રેકર્ડના તથા અમારા રીપોર્ટર શ્રી ભાનુભાઈ નાયકની નોંધના આધાર ઉપરથી શ્રી સુબોધભાઈ એમ. શાહે ખૂબ મહેનત લઈને મૂળ હિંદી વકતવ્યનું જે ગુજરાતી સંક-લન કરી આપ્યું છે તે નીચે પ્રગટ કરવામાં આવે છે. અહિં એ સ્પષ્ટ કરવાની જરૂર છે કે આ વ્યાખ્યાન તેમના વ્યાખ્યાનનો અક્ષરશ: અનુવાદ નથી પણ ભાવાત્મક અનુવાદ છે, અને તે પણ કોઈ કોઈ ઠેકાણે ટૂંકાવવામાં આવેલ છે. આમ છતાં પણ તેમાંનો કોઈ અગ-ત્યનો મુદ્દો છોડી દેવામાં આવ્યો નથી. પરમાનંદ)

પ્રેમતત્ત્વ

મનુષ્યના જીવનમાં જે શ્રેષ્ઠ છે, સુંદર છે, સત્ય છે તેને જાણી શકાય છે, જીવી શકાય છે - કહી શકાતું નથી. વરસોથી મનુષ્યજાતિ પ્રેમના ગીતો ગાતી આવી છે, પરંતુ હકીકતમાં તો પ્રેમને આપણે જીવનમાં કોઈ સ્થાન આપ્યું નથી. ધર્મ આપણને પ્રેમની વાત કરે છે. પણ આ કહેવાતા ધર્મે જ પ્રેમની સમસ્ત ધારાને વહેવા દીધી નથી, પ્રેમના તમામ દ્વારો બંધ કરી દીધાં છે. પ્રેમનાં વિષયમાં પૂર્વ - પશ્ચિમ, ભારત - અમેરિકા, એવા કોઈ ભેદ નથી. મનુષ્યના જીવનમાં સાચા પ્રેમની ધારા પ્રગટ નથી થઈ તો એનું કારણ એ નથી કે મનુષ્યનું મન ઝેરીલું છે. જીવનને ઝેરીલું બનાવવામાં ધર્મશાસ્ત્રો, તથાકથિત સાધુ–સંન્યાસીઓનો અને સન્તોનો હાથ છે. ખરેખર તો મન ઝેર નથી, પણ જે લોકો કહે છે કે જીવન ઝેર છે એ લોકોએ જ જીવનને ઝેરીલું બનાવી દીધું છે.

એક રાજાના મહેલની નીચેથી એક પંખા વેચવાવાળો પસાર થતો હતો તે મોટેથી કહેતો હતો કે મેં બનાવેલો આ પંખો અજોડ છે, અનન્ય છે. રાજાએ એને બોલાવ્યો ને પૂછ્યું કે "એનો ભાવ શું છે? એની ખૂબી શી છે?" પંખાવાળાએ એનો ભાવ સો રૂપિયા કહ્યો અને કહ્યું કે, આ પંખો ૧૦૦ વર્ષની ગેરન્ટી સાથે વેચું છું. રાજા ખૂબ અચરજ પામી ગયો. બજારમાં બે પૈસામાં ઠેકઠેકાણે વેચાતો આ પંખો ને તેની સો વર્ષની ગેરન્ટી? બેઈમાનીની પણ હદ હોયને! પંખો ખરીદી લીધો અને સાતમા દિવસે પંખાવાળાને હાજર થવાનું ફરમાન કર્યું. પંખો તો સાત દિવસમાં તૂટીફૂટી ગયો. રાજા ગુસ્સે થઈ ગયો. એણે માનેલું કે પંખાવાળો મોં બતાવવા જ નહીં આવે; પણ એ તો બરાબર સાતમે દિવસે આવ્યો. એને તૂટેલો પંખો બતાવવામાં આવ્યો. એણે જવાબ આપ્યો કે, "હજુર આપને પંખો વાપરતાં જ આવડ્યો નથી. પંખાને સ્થિર એક જગ્યાએ રાખી મૂકી આપને એની સામે માથું હલાવવું જોઈએ–પછી જુઓ પંખો સો વર્ષ ચાલે છે કે નહીં."

તો હું એમ કહું છું કે સંસ્કૃતિનો દોષ નથી; દોષ મનુષ્યનો છે. દશ હજાર વર્ષોના ગાળામાં જો મનુષ્યનું જીવન પ્રેમથી સભર

થયું નથી તો હવે પછીનાં વરસોમાં પણ આપણને પ્રેમતત્ત્વ ઉપલબ્ધ થશે એવી કોઈ સંભાવના નથી. માટે આપણે આપણી જાતને બદલવાની જરૂર છે. કોઈ બીજ કડવું હોય તો તેની ખબર આપણને શરૂથી પડતી નથી. જ્યારે એ બીજમાંથી ફળ પેદા થાય અને આપણે એ ફળનો કડવો સ્વાદ લઈએ ત્યારે જ આપણને ખ્યાલ આવે છે કે બીજ કડવું હતું. આજે ઝાડપાન અને પશુપંખીઓમાં મનુષ્ય કરતાં વધારે પ્રેમ જોવા મળે છે. – જેમની પાસે કોઈ સંસ્કૃતિ નથી, કોઈ સભ્યતા નથી.

આનું જરૂર કોઈ કારણ હોવું જોઈએ. આજે હું આપની સમક્ષ બે કારણો વિશે કહેવા ઈચ્છું છું. અને એ વાતની જો આપણને પ્રતીતિ થઈ જાય તો પ્રેમનો સ્રોત જીવનમાં વહેવા માંડશે. પ્રેમ કોઈ એવી ચીજ નથી કે જેને શોધવા જવી પડે. – એ તો છે જ. માત્ર એને અનાવૃત કરવાની જ જરૂર છે, એને ઉઘાડવાની જ જરૂર છે. પ્રેમની સાધના કોઈ વિધાયક સાધના નથી, કોઈ પોઝીટીવ શોધ નથી કે જેને આપણે કશે જઈને શોધી કાઢીએ અને પ્રાપ્ત કરીએ. જેમ કોઈ મૂર્તિકાર પત્થર તોડતો હોય તો, મૂર્તિ પત્થરની અંદર છુપાયેલી જ છે. માત્ર એને પત્થરમાંથી કંડારીને બહાર લાવવાનો જ સવાલ છે. જેમ કોઈ ચિકિત્સકને આપણે પૂછીએ કે ભાઈ, સ્વાસ્થ્ય શું છે? તો એ બતાવી નહીં શકે, વધુમાં વધુ બિમારીના લક્ષણ કહી શકે. સ્વાસ્થ્યની કોઈ પરિભાષા નથી. બિમારીનો અભાવ એ જ સ્વાસ્થ્ય. સાચી વાત એ છે કે સ્વાસ્થ્ય અંદર છુપાયેલું છે, જ્યારે માંદગી બહારથી આવે છે. તે જ રીતે મનુષ્યની અંદર પ્રેમ છુપાયેલો છે. પ્રેમ આપણામાં છે જ; પ્રેમ આપણો સ્વભાવ છે અને બીજી રૂકાવટ ન હોય તો અનિવાર્યપણે મનુષ્યના જીવનમાં પ્રેમ પ્રગટ થવો જ જોઈએ.

ગંગા, હિમાલયમાંથી નીકળે છે. પહાડ તોડતી, મેદાન ચીરતી એ વહયે જ જાય છે અને છેલ્લે સાગરમાં સમાઈ જાય છે. સમુદ્ર ગમે તેટલો દૂર હોય તો પણ ગંગા કયાંય કોઈને–કોઈ ભોમિયાને, કોઈ પોલિસને પૂછવા રોકાતી નથી કે સાગર કેટલો દૂર છે? ગંગાના પ્રવાહમાં સાગર છુપાયેલો છે. હા, અગર જો મનુષ્યમાં રહેલો કોઈ વૈજ્ઞાનિક કોઈ એન્જિનિયર ગંગા પર બંધ બાંધે તો સંભવ છે કે ગંગા સાગર સુધી ન પણ પહોંચે. પ્રકૃતિ એક સહયોગ છે, એક સુમેળ છે. માત્ર મનુષ્યજાતિએ પોતાની યાંત્રિક માન્યતાઓ ઠોકી બેસાડી છે. એના પરિણામે જ ગંગાનો પ્રવાહ અવરોધાઈ ગયો છે. મનુષ્યના જીવનમાં પ્રેમની ગંગા ફરીવાર વહી શકે છે, પરંતુ તે માટે મનુષ્યે પોતે ઊભી કરેલી દિવાલો તોડવી પડશે.

સૌથી પહેલી વાત તો એ છે કે પ્રેમની યાત્રાનું પ્રાથમિક બિન્દુ કામ છે. પ્રેમની યાત્રાનું જન્મસ્થાન - ગંગોત્રી - Sex–છે, કામ છે, જ્યારે જગતના તમામ ધર્મો અને મહાત્માઓ એના વિરોધમાં છે. તેઓ કહે છે કે કામ અધમ છે, પાપ છે, ઝેર છે. આપણે કદિ માન્યું નથી કે પ્રેમનો વિકાસ એ કામની શકિતનું રૂપાંતર છે. હીરા અને કોલસામાં મૂળભૂત રૂપે કોઈ તફાવત નથી. હજારો વર્ષની પ્રક્રિયાને પરિણામે કોલસામાંથી હીરો બને છે. કોલસાની કશી કિંમત નથી, પણ એમાં હીરો છુપાયેલો છે. કોલસાને આપણે ઘરમાં એવી જગા પર રાખીએ છીએ કે જ્યાં એ કોઈની નજરે ન ચઢે; પરંતુ આપણને એ વાતનો ખ્યાલ નથી કે મૂળમાં બન્ને એક જ છે. Sexની શકિત જ પ્રેમમાં પરિણમે છે. પણ એનો વિરોધ કરનારા દુશ્મનો અનેક છે; જેમણે પ્રેમના અંકુર ફૂટે તે પહેલાં જ, એનો નાશ કરી દીધો છે. હીરાની પ્રાપ્તિ માટે કોલસાનો સ્વીકાર તો કરવો જ રહ્યો. આપણને એમ જ કહેવામાં આવે છે કે Sex–કામ–મૈથુન પાપ છે, માટે એની સાથે લડો-આ તો એવી વાત છે કે એક બાજુ માણસને આપણે પાગલ બનવા દઈએ છીએ અને બીજી બાજુ એના પાગલપણાનો ઈલાજ કરવા પાગલખાનાં ખોલીએ છીએ. એક વાત સમજી લેવી અનિવાર્ય છે કે મનુષ્ય કયારેય પણ કામવાસનાથી મુકત થઈ શકવાનો નથી. કામ જીવનનું પ્રાથમિક બિન્દુ છે.

આપે કદી વિચાર કર્યો છે કે ફૂલનું ખીલવું એ પણ એક કામની જ પ્રક્રિયા છે? મોરનું નૃત્ય એ પણ પોતાની પ્રેયસી માટેનો પોકાર છે. એક યુવકની યુવાની અને યુવતીનું યૌવન એ કામની જ અભિવ્યકિત છે. કામનું રૂપાંતરણ છે, અભિવ્યંજના છે. મનુષ્યનું આખું જીવન કામનું Flowering છે, અનાવરણ છે. એ જ કામના વિરોધમાં સંસ્કૃતિ અને ધર્મ મનુષ્યના દિમાગમાં ઝેર રેડી રહ્યા છે. અને કામની સામે ઘર્ષણ પેદા કરવાની કોશીશ કરી રહ્યા છે. સાચી રીતે તો કામની સાથે યુદ્ધ કરવાની જરૂર નથી. તેની સાથે મૈત્રી સ્થાપિત કરવાની છે. વાસનાનું રૂપાંતર થાય તો પત્ની મા બની શકે છે. કામનું પ્રેમમાં રૂપાંતર થાય છે. પણ કામ જ પ્રેમ બની શકે છે. કોઈ ઋષિએ નવવધૂને આશીર્વાદ આપતાં કહ્યું કે 'તને દશ પુત્રરત્નની પ્રાપ્તિ થાઓ અને અંતે તારો પતિ તારો અગિયારમો પુત્ર બનો.' વાસનાનું રૂપાંતર થાય તો પત્ની પતિની મા બની શકે છે. કામની ઊરજા પ્રેમની ઊરજામાં વિકસિત થઈ શકે છે, પરંતુ આપણે તો માણસના ચિત્તને કામના વિરોધથી ભરી દીધું છે. પરિણામ એ આવ્યું છે કે, પ્રેમનો વિકાસ તો અટકી જ ગયો છે અને મનુષ્યનું મન વધારે ને વધારે કામી બનતું ગયું છે. આપણાં ચિત્રો, આપણી મૂર્તિઓ, આપણાં ગીતો, આપણાં મંદિરો - બધું જ કામની આસપાસ કેન્દ્રિત થયું છે. કામ પ્રત્યેની આ શત્રુતાને કારણે જ મનુષ્યજાતિ આટલી બધી કામુક દેખાય છે અને એની પાછળ તથાકથિત સાધુ સંતોનો હાથ છે. જ્યાંસુધી સારી યે માનવજાત આ કહેવાતા સંતપુરુષોના અનાચારથી મુકત નહીં થાય ત્યાં સુધી પ્રેમનો વિકાસ થવાની કોઈ સંભાવના નથી.

મને એક વાત યાદ આવે છે. એક ફકીર કોઈ મિત્રને મળવા પોતાના ઘરની બહાર નીકળતો હતો ત્યાં જ એને ત્યાં કોઈ મહેમાન આવ્યા. મહેમાનને એણે કહ્યું કે "આપ વિશ્રામ કરો, આરામ કરો, હું એક મિત્રને મળીને થોડી વારમાં પાછો આવું છું." પણ મહેમાને આરામ કરવાને બદલે સાથે આવવાની ઈચ્છા દર્શાવી. એનાં કપડાં પ્રવાસના કારણે મેલાં થઈ ગયાં હતાં. એટલે ફકીરે એને બદલવા માટે પોતાની પાસે પડેલો કોઈ સમ્રાટે ભેટ આપેલો બહુ મૂલ્યવાન પોશાક પહેરવા આપ્યો. એ રીતે બંને સાથે બહાર જવા નીકળ્યા. મહેમાનની સામે ફકીર કોઈ નોકર જેવો લાગતો હતો. ફકીરના મનનો કીડો સળવળ્યો. મારો કોટ, મારી પાઘડી અને આ મિત્ર મારા કરતાં વધારે આકર્ષક દેખાય છે. કોઈ મારા તરફ જોતું જ નથી. બધાં આ મહેમાન તરફ જ જુવે છે. પહેલા જ સ્થળે બે જણ ગયા ત્યારે મિત્રનો પરિચય આપતાં ફકીરે કહ્યું, "આ મારા સ્નેહી છે, ખૂબ સજ્જન છે, મારા બચપણના મિત્ર છે - જમાલ" આટલી ઓળખાણ આપ્યા પછી એનાથી રહેવાયું નહીં અને બોલાઈ ગયું કે "બાકી રહી આ સુંદર કપડાંની વાત, ને એ કપડાં તો મારાં છે." મિત્રને પણ નવાઈ લાગી કે આ કેવો પરિચય? પેલા મહેમાનને પણ ખોટું લાગ્યું. બહાર નીકળીને ફકીરે પોતાની ભૂલ બદલ જમાલની ઘણી માફી માંગી. ફરીવાર આવી ભૂલ નહીં થવા દઉં એવો તેણે સંકલ્પ જાહેર કર્યો. ખરેખર તો જીભની ભૂલ કોઈ દિવસ થતી નથી. તે તો મનની વાત જ બહાર લાવે છે. બીજા એક મિત્રને ત્યાં બે જણા ગયા. ત્યાં પણ પરિચયવિધિ નિયમ પ્રમાણે સારી રીતે કર્યો, પણ પેલી કપડાંવાળી વાતે ફકીરના મનનો કબજો એવો લઈ લીધેલો કે અહીં પણ એનાથી બોલ્યા વિના રહી ન શકાયું. એણે કહ્યું, "મારા નાનપણના મિત્ર છે જમાલ, ખૂબ સજ્જન છે; બાકી એમણે જે પોષાક પહેર્યો છે તે મારો નથી, એમનો પોતાનો જ છે." આપણે

જે વસ્તુ સાથે લડવા માગીએ છીએ, એ વસ્તુ આપણાથી છૂટતી જ નથી. બહાર નીકળીને ફકીરે ફરીવાર ક્ષમા યાચી, ભગવાનના કસમ ખાધા. કસમ ખાવાવાળાથી સાવધાન રહેવું જરૂરી છે, કારણ કે જે માણસ કસમ ખાય છે એની અંદર તો કસમથી પણ વધારે મજબુત એવી કોઈ ચીજ જરૂર બેઠેલી જ છે. મનના દશ ભાગ કરી શકીએ તો કસમ એક જ ભાગે ખાધેલા છે, બાકીના નવ ભાગ તો કસમથી ક્યાંય દૂર હોય છે. બંને જણ ત્રીજા મિત્રને ત્યાં ગયા. ફકીરે ગાંઠ વાળી રાખી હતી, મુઠી બાંધી રાખી હતી કે જેથી ભૂલમાં પણ પેલી કપડાવાળી વાતનો ઉલ્લેખ કરી ન દેવાય. પણ જેટલા જોરથી મુઠી બંધ કરી હતી તેટલા જ જોરથી પેલી વાત યાદ આવતી હતી. ફકીરની મગજની નસો તંગ બની ગઈ હતી; પરિશ્રમના કારણે પરસેવો છૂટી ગયો હતો. એણે કહી દીધું, "આ મારા બહુ જૂના મિત્ર છે, બહુ સારા છે, સજ્જન છે, પ્રેમાળ છે." પછી એક ક્ષણ રોકાઈને એણે કહ્યું "બાકી રહી આ સુંદર કપડાંની વાત, પણ મેં સોગંદ ખાધા છે એટલે એ વાત નહીં કરું."

સારી મનુષ્ય જાતિ માટે Sex ના વિષયમાં - કામના વિષયમાં– આમ જ બન્યું છે. માનવીને કહેવામાં આવે છે, કામ બુરી ચીજ છે; કામથી બચો, ભાગો, નાસી છૂટો. આ સાંભળીને કામની વૃત્તિએ તેનામાં એક ગ્રંથીનું– obcession નું – રૂપ ધારણ કર્યું છે અને ગમે ત્યાં જાય છે, આ વૃત્તિ તેને છોડતી નથી; તેની પકડમાંથી તે મુકત થતો નથી. આમ પરિણામ ઉલટું આવ્યું છે.

યુવાન છોકરા–છોકરીઓને આપણે કહ્યું છે કે કામવાસના એ પાપ છે, રોગ છે. આ યુવક–યુવતીઓ સંસાર માંડે છે. યુવતીને આપણે કહીએ છીએ કે આ પતિ તારો પરમેશ્વર છે. પેલી યુવતી વિચારે છે કે કામ પાપ છે તો તે કામ તરફ લઈ જનાર પતિને હું પરમેશ્વર શી રીતે માનું? યુવકને શિખવવામાં આવે છે કે નારી નરકનું દ્વાર છે. તો યુવક વિચારે છે કે આ સ્ત્રીને મારી અર્ધાંગના તરીકે–મારી જીવનસંગિની તરીકે શી રીતે સ્વીકારું? આ પ્રકારના શિક્ષણે આપણું દાંતપત્યજીવન નષ્ટ કરી દીધું છે. અને જ્યાં દંપતીનું જીવન નષ્ટ થયું હોય ત્યાં પ્રેમની સંભાવના કેવી? તો પછી કોણ કોને પ્રેમ કરી શકશે? પતિ–પત્ની વચ્ચેનો પ્રેમ એવો ઉદાત્ત પ્રેમ હોવો જોઈએ કે ક્રમેક્રમે એકબીજાનું બંધન તોડીને આગળ વધી જાય, સમસ્ત માનવમાત્ર પ્રત્યે ફેલાઈ જાય.

રામાનુજની પાસે એક માણસ આવ્યો ને કહ્યું: "મારે ઈશ્વરની પ્રાપ્તિ કરવી છે. મને માર્ગ બતાવો." રામાનુજે પૂછ્યું કે "તેં કદી કોઈને પ્રેમ કર્યો છે?" પેલાએ આશ્ચર્યથી કહ્યું, "પ્રેમ?" અને તિરસ્કારથી ઉમેર્યું કે "હું કદી પ્રેમની ઝંઝટમાં પડયો જ નથી. પણ મને જલ્દી છે, મને જલ્દી મોક્ષનો, ઈશ્વરનો માર્ગ બતાવો." રામાનુજે ફરી ફરીને એને વિચાર કરવા કહ્યું ને પૂછ્યું કે, "તેં કદી પણ, કોઈને પ્રેમ કર્યો છે? થોડો પણ પ્રેમ કર્યો છે?" પેલો આગંતુક નવાઈ પામ્યો કે રામાનુજ વારંવાર આમ કેમ પૂછે છે? એણે કસમ ખાઈને કહ્યું કે "મેં કદી કોઈને સહેજ પણ પ્રેમ કર્યો જ નથી." રામાનુજે એને કહ્યું કે "ભાઈ તો તો પછી તું મને ક્ષમા કર. મારો અનુભવ એવો છે કે જો તારી પાસે પ્રેમ નથી તો કશું જ નથી. તો પછી મારી પાસે ઈશ્વરને પામવાનો કોઈ માર્ગ નથી. તારી પાસે પ્રેમરૂપી બીજ જ નથી તો શી રીતે એનું વૃક્ષ બની શકે? તું બીજા કોઈ ગુરુને શોધ."

ધર્મની દુનિયામાં પ્રેમ એક ગેરલાયકાત છે. અને જો પતિ અને પત્ની વચ્ચે પ્રેમ ન હોય તો બાળકોને પણ પ્રેમ ક્યાંથી મળે? પત્ની પોતાના પતિને જેટલું ચાહશે એટલો જ પ્રેમ એ પોતાના પુત્રને કરી શકશે. કારણ કે પુત્ર એ તો પતિની જ નાનકડી મૂર્તિ છે. પુત્ર પ્રત્યે પ્રેમ ન હોય તો એ પોતાના પતિને પણ સાચો પ્રેમ કદી નહીં આપી શકે. કામની ઘૃણા કરવાથી, Sexને ધિક્કારવાથી – નિંદીત કરવાથી પ્રેમ ઉપલબ્ધ થવાનો નથી. આપણે કહીએ છીએ કે જગતમાં પ્રેમ ક્યાંય દેખાતો નથી, પણ ક્યાંથી દેખાય? જગતના તમામ માનવો જો પ્રેમ કરતા હોત તો જગતમાં પ્રેમનો દીપક ક્યારનો યે પ્રગટી ચૂક્યો હોત.

હું તો કહું છું કે, કામ દિવ્ય છે. ડીવાઈન છે. Sex ની શકિત ઈશ્વરની શકિત છે; એક mysterious force–રહસ્યમય શકિત– છે. એની દિવ્યતાનો, એની ધન્યતાનો સ્વીકાર કરો અને તેનું નિરીક્ષણ કરો. એની સામેની દુશ્મની છોડો. આપ એનું ઊંડાણથી નિરીક્ષણ કરશો તો આશ્ચર્ય પામશો કે જેટલી પવિત્રતાપૂર્વક કામનો સ્વીકાર કરશો એટલો જ કામ વધુ ને વધુ પવિત્ર થતો જશે. જેમ કોઈ માણસ મંદિરમાં જાય એવી રીતે પતિ પત્નીની પાસે જાય અને બન્ને પ્રેમી કામની ભાવનાપૂર્વક સંભોગ કરે તો સાચે સાચ એ લોકો પરમાત્માના મંદિરની નિકટ હોય છે. પતિપત્નીની આ નિકટ અવસ્થામાં ઈશ્વરની સર્જનશકિત કામ કરી રહી છે.

હું તો માનું છું કે માણસને સમાધિનો સૌથી પ્રથમ અનુભવ જ્યારે પણ થયો હશે ત્યારે તે સંભોગની ક્ષણમાં જ થયો હશે. જે લોકોએ meditation કર્યું તેમને સમજાયું કે સંભોગની ક્ષણમાં મન તદ્દન વિચારશૂન્ય બની જાય છે અને એ રીતે વિચારોના અટકી જવાથી જે આનંદ પ્રાપ્ત થાય છે તેના પરથી જ કદાચ યોગની સારી યે વ્યવસ્થા વિકાસ પામી હશે. એના મૂળમાં તો સંભોગનો જ અનુભવ છે. સંભોગ ક્ષણિક છે; જ્યારે ધ્યાન સતત ચાલતી પ્રક્રિયા છે. એક યુગલ સંભોગની ક્ષણમાં જે આનંદનો અનુભવ કરે છે એવો જ અનુભવ યોગી ચોવીસ કલાક કરે છે. આ બંને આનંદમાં પાયાનો કોઈ ફરક નથી. જેણે પણ એમ કહ્યું છે કે વિષયાનંદ અને બ્રહ્માનંદ ભાઈ ભાઈ છે તેણે સત્ય જ કહ્યું છે.

પહેલું સૂત્ર હું કહેવા ઈચ્છું છું તે એ છે કે કામની પવિત્રતાનો સ્વીકાર કરો. સ્વીકાર જેટલો સંપૂર્ણ હશે, પરિપૂર્ણ હશે તેટલો મુકત કરનારો થશે. જીવનની નિસર્ગતાનો અસ્વીકાર જેઓ કરે છે અને વારેવારે ત્યાગ કરવાની જ વાતો કરે છે એને હું નાસ્તિક કહું છું. જીવન જેવું છે તેવો તેનો સ્વીકાર કરો અને એની સંપૂર્ણતામાં જીવો. આ પરિપૂર્ણ સ્વીકાર મનુષ્યને ઊંચે લઈ જાય છે અને એક દિવસ એને એવું દર્શન થાય છે કે જેમાં કામ માટે કોઈ અવકાશ જ રહેતો નથી.

બીજું સૂત્ર છે: મનુષ્યનો અહંકાર - હુંપણાનો ભાવ. માણસ જેટલો વધારે ધાર્મિક એટલો એનો 'હું' વધારે જોરદાર. 'મારે મોક્ષે જેવું છે'–એમાં પણ હું તો બેઠેલો જ છે. માણસના મનમાં 'હું' એક દિવાલ બની જાય છે. જ્યાંસુધી મનમાં હુંપણું રહેલું છે ત્યાં સુધી, બે વ્યકિત એકબીજાની ગમે તેટલી નજીક હોય તો પણ, બંને વચ્ચે અંતર રહેવાનું જ. જેનો અહંકાર જેટલો વધારે મજબુત એટલી એની બીજા સાથેની તાદાત્મ્ય અનુભવવાની તાકાત ઓછી. મારા સિવાયની દુનિયાની દરેક ચીજ જૂદી છે, ભિન્ન છે, એ ભાવ જ્યાં સુધી નષ્ટ નહીં થાય ત્યાં સુધી પ્રેમનો અનુભવ થઈ શકશે નહીં. બે વ્યકિતની ઊરજા એક થઈ જાય એ જ પ્રેમનો અનુભવ છે. એવો અનુભવ મારી અને સમષ્ટિ વચ્ચે પેદા થાય તો હું એને પરમાત્માનો અનુભવ કહું છું. આ ભિન્નતાનો ભાવ, જુદાઈનો ભાવ કયારે મટે? જ્યાંસુધી 'હું' છું– મારાપણાનો ભાવ છે, ત્યાંસુધી બીજાંઓ રહેવાના છે. આપે કોઈ વાર એકદમ અંતર્મુખ થઈને શાંત ચિત્તે વિચાર કર્યો છે? મનની ઘેરી ઊંડાઈમાં એક સન્નાટો છવાયેલો માલુમ પડશે. ત્યાં કોઈ અહંભાવ નથી, માત્ર શૂન્ય છે. અહંભાવ ચાલ્યો જાય તો શૂન્ય રહી જાય છે. શૂન્ય પ્રેમ છે; શૂન્ય જ પરમાત્મા છે. શૂન્ય જ શૂન્યમાં ભળી શકે છે, અને ત્યાં જ પ્રેમનો જન્મ થાય છે. બે વ્યકિતઓ એકબીજામાં ભળી જઈને એકાકાર થઈ શકતી નથી. બે શૂન્ય એક થઈ શકે છે.

દિવાલ તૂટે છે તો ગંગાનો પ્રવાહ વહેવા માંડે છે. આપણે કૂવો ખોદીએ છીએ ત્યાં શું કરીએ છીએ? માત્ર ઈંટ પથ્થરોને તોડી

ફોડીને બહાર કાઢીએ છીએ અને એક પ્રકારનું વેક્યુમ - શૂન્ય - પેદા કરીએ છીએ. પાણી તો અંદર છે જ. પાણી ક્યાંયથી લાવવું પડતું નથી જ. અંદર ખાલીપણું પેદા થવાથી પાણી પ્રગટ થાય છે. એ જ પ્રમાણે મનુષ્યના મનરૂપી કુવાઓ તો પ્રેમથી છલોછલ ભરેલા જ હોય છે. માત્ર એમાંથી અહંભાવને, હુંપણાને કાઢવાની જરૂર છે. અહંભાવ હંમેશા આપણાથી ઊંચા સાથેનો સંબંધ જોડે છે, પ્રેમમાં કોઈ ઊંચું નથી, કોઈ મોટું અંતર નથી. અહંકાર નમવામાં રાજી હોતો નથી. પ્રેમ હંમેશાં કશુંક આપીને આનંદિત થાય છે, અને જો આપવાનું બનતું નથી તો ઉદાસ થાય છે.

એક વાર સમ્રાટ મિલિન્દે ભિક્ષુ નાત્સેને બોલાવવા માણસ મોકલ્યો.

ભિક્ષુએ પેલા માણસને કહ્યું: "ભિક્ષુ નાત્સે જેવો કોઈ માણસ નથી. એ તો કેવળ કામચલાઉ નામ છે, તમારા રાજાને કહેજો કે તે આવશે."

સિપાઈ ગયો ને રાજાને ભિક્ષુએ કરેલી વાત કરી. રાજાને આશ્ચર્ય થયું. તેમણે ભિક્ષુને લેવા પોતાનો કિંમતી રથ મોકલ્યો. ભિક્ષુ આવ્યા.

સમ્રાટે જાતે તેમનું સ્વાગત કરતાં કહ્યું: "ભિક્ષુ નાત્સે, આપનું હું સ્વાગત કરું છું." સ્વાગત કોઈ રાજાને ઈર્ષા થાય તેવું ભવ્ય હતું.

સ્વાગત સ્વીકારતાં ભિક્ષુ નાત્સેએ કહ્યું: હું ભિક્ષુ નાત્સે નથી, છતાં આપનું સ્વાગત સ્વીકારું છું."

રાજા મિલિન્દે પૂછ્યું "ભદંત, આમ આપ કેમ કહો છો? આપ ભિક્ષુ નાત્સે નથી તો કોણ છો?"

ભિક્ષુએ રાજાને પૂછ્યું: "રાજા આ રથ છે ને?"

રાજાએ કહ્યું: 'હા મહારાજ'.

ભિક્ષુ – હવે ઘોડાને છોડી દો. રાજાએ ઘોડો છોડી નંખાવ્યો, તેને બતાવીને ભિક્ષુએ પૂછ્યું:

"ઘોડો રથ છે?"

રાજા – "ના, ભદંત, એ તો ઘોડો છે. એ રથ કેવી રીતે હોઈ શકે?"

પછી ભિક્ષુએ રથનો દંડો અલગ કરાવ્યો. ને પૂછ્યું: "આ દંડો રથ છે?"

રાજા – ના, તે તો દંડો માત્ર છે.

ભિક્ષુએ રથના પૈડાં છૂટા કરાવ્યાં ને પછી પૂછ્યું: "આ પૈડાં રથ છે?"

રાજા–નારે, એ તો પૈડાં કહેવાય, રથ નહીં."

ભિક્ષુએ પ્રત્યેક ચીજ છૂટી કરીને રાજાને પૂછ્યું કે આ રથ છે?' રાજા કહેતો ગયો "ના રે ના, એ રથ નથી."

છેવટે જમીન ઉપર રથનું નામનિશાન ન રહ્યું એટલે તેમણે રાજાને પૂછ્યું: "રાજા હવે રથ ક્યાં છે?"

સમ્રાટને એ વાતનું જ્ઞાન થયું કે રથ તો એક સમૂહ હતો. તે સૌનો સંગ્રહ હતો. આમ તમે શોધો છો તે તમારામાં જ છે–અનંત શક્તિઓની જોડ તમે જ છો. 'હું' એ સમગ્રનું સ્વરૂપ છે. એક એક અંગ સમાપ્ત થઈ જાય પછી શૂન્ય જ બાકી રહે છે.

એક માણસે માછલીઓ વેચવાની દુકાન કરી. તેના પર પાટીયું માર્યું. Fresh Fish Sold Here–તાજી મચ્છી અહીં મળે છે.

કેટલાક લોકો આવ્યા ને તેને સલાહ આપી: "માછલી તો તાજી જ વેચાય ને, વાસી માછલી તે કોઈ વેચતું હશે. તો પછી 'ફ્રેશ' ફીશ લખવાની શી જરૂર છે. ?" એટલે પેલા માણસે પાટિયા પરથી 'Fresh' શબ્દ ભૂંસી નાખ્યો.

બીજા કેટલાક આવ્યા. તેમણે એવી સલાહ આપી કે "માછલી અહીં વેચાય છે એ તો સૌને આવવાથી જ ખાત્રી થઈ જાય. તો પછી Here શબ્દ શા માટે રાખવો જોઈએ. અહીં નહીં તો શું બીજે માછલી વેચાય છે? આ સાંભળી પેલા માણસે પાટીયા પરથી Here શબ્દ પણ ભૂંસી નાંખ્યો.

થોડા દિવસ પછી વળી કેટલાક ઘરાકોએ કહ્યું: Fish Sold એ તો બેહુદું વંચાય છે. મચ્છી તો વેચવાની જ હોય ને, કંઈ દાન આપવાની થોડી જ હોય. માટે Sold શબ્દ બિનજરૂરી છે. એટલે પેલા દુકાનદારે Sold શબ્દ પણ પાટીયા પરથી ભૂંસી નાંખ્યો.

છેવટે તેના પાટીયા પર Fish શબ્દ જ બાકી રહ્યો. થોડા દિવસ પછી વળી કેટલાક ઘરાકોએ એવી ટીકા કરી કે Fish-મચ્છી - તો તેની વાસ માત્રથી અને છેક દૂરથી પણ ખબર પડી જાય છે, તેને માટે આટલું મોટું પાટીયું મારવાની શી જરૂર છે. Fish લખવાની યે જરૂર નથી. આવી સલાહ પરથી તેણે Fish શબ્દ પણ કાઢી નાંખ્યો. હવે રહ્યું કેવળ કોરું પાટીયું.

થોડા દિવસ પછી એક ઘરાકે કહ્યું આ નકામું પાટિયું શું કરવા ટાંગ્યું છે. એ ઉતારી લે તો વધુ પ્રકાશ આવે. એટલે એ દુકાનદારે પાટિયું પણ ઉતારી લીધું. આમ છેવટે કશું ના રહ્યું.

પાટિયું કાઢી નાખવાથી શૂન્ય રહ્યું. શૂન્યથી પ્રેમ કરનાર મસ્ત રહે છે. શૂન્ય હોય એ જ શૂન્યને મળી શકે છે. શૂન્યને દીવાલ નથી હોતી. વ્યકિત માટે જ્યારે પોતાનું હુંપદ મિટાવે ત્યારે તેનામાં પ્રેમની ગંગા વહેવા માંડે છે.

એક વૃક્ષની નીચે રમીકૂદીને એક યુવકે પોતાની કિશોરાવસ્થા પસાર કરી છે. એ યુવાન મોટો થયો છે. - વૃક્ષ એની પ્રતીક્ષામાં બેચેન છે. કયાં ગયો મારો સાથી? પણ યુવક પૂછે છે કે હવે તારી પાસે શું છે કે હું તારી પાસે આવું? મારે તો હવે પૈસા જોઈએ, ધંધો કરવા માટે પૈસાની જરૂર છે. તારી પાસે પૈસા છે? અહંકાર એક પ્રયોજન છે; પ્રેમ નિષ્પ્રયોજન છે. Purposeless છે. અહંકાર રોકે છે, પ્રેમમાં કશી રોકટોક નથી. વૃક્ષ પેલા યુવકને પોતાના ફળો આપે છે – ધન કમાવા માટે; પોતાની શાખાઓ આપે છે–મકાન બનાવવા માટે; પોતાનું લાકડું આપે છે-દૂર દેશાવર જવા માટે નૌકા બનાવવા માટે. સમયે સમયે પેલા માણસને જેની પણ જરૂર પડે છે એ આપે છે, આનંદિત થઈને આપે છે અને ધન્યતાનો અનુભવ કરે છે. જ્યારે મનુષ્યમાં રહેલો અહંકાર આભારનો એક શબ્દ પણ કહ્યા વિના પોતાના સ્વાર્થને માટે વૃક્ષના તમામ અંગો - ઉપાંગોનો નાશ કરી નાંખે છે. અહંકાર માત્ર લેવાની જ પરિભાષા જાણે છે, પ્રેમ-માત્ર આપવાની જ ભાષા સમજે છે. આ વાતની પ્રતીતિ થાય તો જ સમજાય કે પ્રેમ શું છે? હું પોતે મુંઝવણમાં હતો કે આજે હું આપની સમક્ષ પ્રેમતત્ત્વ વિષે શું બોલીશ. પણ આથી વધારે મારે કશું કહેવું નથી. મારી આંખોમાં અગર આપને પ્રેમ દેખાઈ જાય તો મારું કહેવાનું સફળ થયું છે એમ સમજીશ. પ્રેમનું કોઈ શાસ્ત્ર નથી, સિદ્ધાંત નથી. જીવન એક એવું વૃક્ષ બને એ વૃક્ષની શાખાપ્રશાખાઓ અનંત સુધી ફેલાઈ જાય અને જગતની તમામ સૃષ્ટિએ વૃક્ષની છાયામાં સમાઈ જાય એ જ પ્રેમતત્ત્વની અનુભૂતિ ગણાશે.

સંકલન તથા અનુવાદ કરનાર: મૂળ હિન્દી
સુબોધભાઈ એમ. શાહ **આચાર્ય રજનીશજી**

* * *

પ્રેમ અને કામ વિશે આ. રજનીશજીએ અન્યત્ર આમ પણ કહ્યું છે:

"નવનીત' ના સપ્ટેમ્બર માસના અંકમાં પ્રેમ જ પ્રભુ છે." એ મથાળા નીચે આચાર્ય રજનીશજીનું એક વિવેચન પ્રગટ થયું છે, તેમાં પ્રેમ અને કામ વચ્ચેના વિરોધ સમજાવતાં તેઓ નીચે મુજબ જણાવે છે:

"પ્રેમ કામ નથી. જેઓ કામને પ્રેમ માની લે છે તેઓ પ્રેમથી વંચિત રહી જાય છે. કામ પ્રેમનો આભાસ અને ભ્રમ છે. તે પ્રકૃતિનું સંમોહન છે. એ સંમોહનના યાંત્રિક માધ્યમ દ્વારા પ્રકૃતિ સંતાનોત્પાદનનો પોતાનો વ્યાપાર ચલાવે છે. પ્રેમનું જીવન એનાથી બહુ ભિન્ન અને બહુ ઊંચે છે. વસ્તુત: પ્રેમ જેટલો વિકસિત થાય છે તેટલો જ કામ વિલીન થાય છે. એ શકિત, જે કામમાં પ્રગટ થાય છે તેનું પરિવર્તન પ્રેમમાં થઈ જાય છે. પ્રેમ એ શકિતનું સર્જનાત્મક ઉર્ધ્વીકરણ છે અને આથી પ્રેમ જ્યારે પૂર્ણ બને છે ત્યારે કામશૂન્યતા અનાયાસે ફલિત થાય છે. પ્રેમના આવા જીવનનું નામ જ બ્રહ્મચર્ય છે. કામથી જેને મુકત થવું હોય તેણે પ્રેમનો વિકાસ કરવો જોઈએ. કામના દમનથી કોઈ મુકત થતું નથી, એનાથી મુકિત કેવળ પ્રેમમાં જ છે."

આચાર્ય રજનીશજીના વ્યાખ્યાન અંગે મળેલાં બે પત્રો

૧. સૌ. શશીબહેનનો પત્ર

મુંબઈ, તા. ૩૧-૮-૬૮

વડીલ મુ. શ્રી પરમાનંદભાઈ,

જ્યારથી આચાર્ય રજનીશજીને (પર્યુષણ વ્યાખ્યાનમાળાની પૂર્ણાહુતી રૂપ) છેલ્લું પ્રવચન આપતાં સાંભળ્યા ત્યારથી આપની સાથે ખૂબ વાતો કરવાનું મન થઈ આવ્યું છે, છતાં સમયની ખેંચને લીધે તે શક્ય તો નથી જ બનવાનું, માટે આ પત્ર લખી રહી છું. નિરાંતે વાંચજો.

પ્રથમ તો પર્યુષણ મહાપર્વની ૯ દિવસની જ્ઞાનગંગોત્રીમાં નહાવાનું મળ્યું તે બદલ આપનો તથા સંઘના સર્વ ભાઈ-બહેનોનો હાર્દિક આભાર માનું છું. મને સાચે જ ખૂબ ઊંડો આનંદ થયો છે. એક એકથી ચડીઆતા પ્રજ્ઞાવંત ભાઈ-બહેનોને સાંભળી અંતરે ધન્યતા અનુભવી છે. એ જ ધન્યતાસભર હૃદયે ભગવાન મહાવીર ચરણે પ્રાર્થના છે કે આવાં સુકૃત્યો કરવા પ્રભુ આપને શતાયુ બનાવે કે જેથી વ્યાખ્યાનમાળા ઉત્તરોત્તર પ્રગતિ પામી શકે, સાચા જીવન સાધકો પ્રેરણા ઝીલી શકે.

તે દિવસે પૂ. શ્રી રજનીશજીને પ્રેમતત્ત્વ પર બોલતાં સાંભળી હું ખૂબ દુઃખી થઈ છું. મને તે દિવસે ઘણી બેચેની રહી. જો કે પ્રથમ વ્યાખ્યાન એટલું સુંદર ભાવવાહી થયું હતું, છતાં આચાર્યશ્રીની વાતોથી મન એટલું કુંઠિત થઈ ગયું કે પછી બીજી વાતોમાંથી રસ ચાલ્યો ગયો. આજસુધી તેની અસર ગઈ નથી માટે જ આપને લખી હળવી થવા ઈચ્છું છું.

આચાર્યશ્રી કહેતા હતા કે "પ્રેમની ગંગોત્રી જ મૈથુન છે.– સંભોગમાં જ માણસ અદ્વૈતનાં દર્શન કરી શકે છે. પરંતુ શાસ્ત્રકારે કામને ગંદો - મલીન કહ્યો છે. કામને પકડી રાખ્યો છે. તે મુકત નથી. વાસ્તવમાં તો કામ દેવ છે. અને તેની દ્વારા માનવ સમાધિનાં દર્શન કરી શકે છે, તેને ધ્યાનની એકાગ્રતા સાંપડે છે." આવું તો ધાર્યું ન ગમે તેવું કહ્યું. આખું વ્યાખ્યાન આ જ વાત પર ભાર મૂકીને થયું. મને આ ખટકયું.

જો આ જ સત્ય હોય તો પૂ. વિનોબાજી જેવા નૈષ્ઠિક બ્રહ્મચારીનું શું? સંભોગ વિના તેમને પ્રેમતત્ત્વ ન જ લાધે? જો પ્રેમતત્વની ગંગોત્રી મૈથુન હોય તો ભાઈ - બહેનનાં પ્રેમસંબંધનું શું? બાપ-બેટીના પ્રેમસંબંધનું શું? મા - દીકરાના પ્રેમસંબંધનું શું? ગુરુ–શિષ્યના પ્રેમ - સંબંધનું શું? મને તો લાગ્યું છે કે પ્રેમનું ઉદ્‌ભવ-સ્થાન શુદ્ધ હૃદય જ છે. અદ્વૈત પ્રેમ તો હૃદય સિંહાસને બીરાજે છે. યુગલોના પ્રેમ - સંબંધ પૂરતું આપણે મર્યાદિતપણે કહી શકીએ કે પ્રેમ કામ મારફત વિકસે છે, સ્થિર થાય છે. તે છતાં પણ જો હૈયામાં પ્રેમરૂપી દિવેલ નથી હોતું તો કામ એક ભોગની જ પ્રક્રિયા બની જાય છે. જ્યારે પ્રેમ એ તો સમર્પણની પ્રક્રિયા છે. સમગ્ર સૃષ્ટિમાં જે વ્યાપકરૂપે પ્રેમતત્ત્વ ભર્યું ભર્યું છે તેની ગંગોત્રી તો માનવદિલમાં સમર્પણની સેજ પર બિરાજે છે, ભોગમાં નહિ જ.

આચાર્યશ્રીને સમજવા કૉલેજનાં અનેક વિદ્યાર્થી–વિદ્યાર્થીની ત્યાં આવ્યા હતા. તે શું સમજ્યો? આજે તો અધ:પતનનો ભયંકર વાયરો વાઈ રહ્યો છે. નૈતિક મૂલ્યો ઘટી રહ્યાં છે. જીવન-નિષ્ઠા તૂટી રહી છે. તેવા સમયમાં આચાર્યશ્રીના આ શબ્દો શું અસર નિપજાવશે? મારી સાથે ઈન્ટર સાયન્સમાં અભ્યાસ કરતી મારી દીકરી હતી, તે પણ આવું સાંભળીને મને કહેવા લાગી કે જુઓ રજનીશજી શું કહે છે! તમે કેમ બોય-ફ્રેન્ડ ની વિરુદ્ધ છો? મેં ઘેર આવી તેને વિગતે સમજાવી ત્યારે તેણે પણ કબુલ્યું કે તો પછી આચાર્યશ્રીએ કહેવું જોઈતું હતું કે આ વાત યુગલના પ્રેમ-સંબંધ પુરતી કંઈક અંશે સાચી ખરી. બાકી સમગ્ર પ્રેમતત્ત્વની વાત કે જે પ્રેમ પ્રભુનું સ્વરૂપ છે તેને આવા મર્યાદિત ચોકઠામાં તો ન જ બેસાડાય. અને તે પણ કૉલેજનાં કાચી ઉંમરના છોકરા - છોકરી વચ્ચે તો નહિ જ. આજના યુગમાં તો શ્રીયુત ચીમનલાલભાઈનું સ્ત્રી-પુરુષના સંબંધ અંગેનું વ્યાખ્યાન હતું તેના પ્રચારની જરૂર છે. - આચાર્યશ્રી ગમે તેટલા સાચા અને સ્પષ્ટ વકતા હોય તો પણ આ વાત આ રીતે, આવી પર્યુષણ વ્યાખ્યાનમાળા અંગેની સભામાં ન જ બોલાય. આમાંથી તો નર્યો ભ્રષ્ટાચાર જ નીપજે.

આપ સૌ મારા વડીલો છો. આપને શું લાગ્યું તે જણાવવા વિનંતી. મારી કોઈ ભૂલ થતી હોય તો સુધારવા તૈયાર છું. મેં શ્રી રજનીશજીને અનેક વેળા સાંભળ્યા છે. મુકત વિચારો માટે હું તેનાથી પ્રભાવિત થઈ છું. તેમને માટે મારા અંતરમાં કશો જ પૂર્વગ્રહ નથી. ફકત આ વખતે જ આટલી બધી હું નારાજ થઈ છું. ફરી આવી ખુલ્લી વાતો નાદાન બુદ્ધિના બાળકો સમક્ષ ન જ કરે તેવી તેમને વિનંતી પણ કરું છું. આશા છે તેઓશ્રી સ્વીકારશે. નહિ તો મારી જેવી અનેક માતાઓ તેમનાથી દુઃખ પામશે. અનેક અનર્થો પેદા થશે. દિવ્ય પ્રેમ તો પરમાત્માનું મિલન કરાવે. અને તે બ્રહ્મચર્ય વિના હરગીજ સફળ ન થાય. સંયમ એ જ તેનું પ્રથમ સોપાન છે; ભોગ નહિ જ. મારા નમ્ર મતે મને સૂઝ્યું તે લખ્યું છે. ભુલ-ચૂક સુધારવા વિનંતિ.

એજ સ્નેહપૂર્વક, શશીબહેનનાં પ્રણામ

૨. શ્રી શાંતિલાલ શાહનો પત્ર

મુંબઈ, તા. ૨૯–૮–૬૮

મુ. પરમાનંદભાઈ,

સૌથી પહેલાં તો આપને આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળાના વકતાઓ તથા તેમના વ્યાખ્યાનોના વિષયો આવા સુંદર રાખવા માટે અનેક ધન્યવાદ. મને લાગે છે કે આ વર્ષે જેવા વ્યાખ્યાનો થયા તેવા આગળના વર્ષોમાં થયા નથી.

આચાર્ય રજનીશજીએ પ્રેમતત્ત્વ ઉપર જે વ્યાખ્યાન આપ્યું તે વિષે મારા કેટલાક વિચારો જણાવવાની રજા લઉં છું. આપણા જે સંતો મહાત્માઓ થઈ ગયા તથા સનાતન ધર્મના આપણા મૂળભૂત સિદ્ધાંતોને જડમૂળથી ઉખેડી ફેંકી દેવાની વાત કરે છે તે સાથે હું બિલકુલ મળતો થઈ શકતો નથી. ડૉ. કોઠારીએ આપણા દેશમાં જે એક આધ્યાત્મિક હવા છે તેની સાથે આપણા હૃદયને Tune કરવાનું કહ્યું તેમ જ જપની વાત કરી. મનને શાંત કરવા ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે પણ અભ્યાસ અને વૈરાગ્યની વાત કરી છે. મહર્ષિ વ્યાસે પણ ભગવાનના નામના જપનો મહિમા ગાયો છે. યુધિષ્ઠિર ભીષ્મને પૂછે છે કે કોનો જપ કરવાથી મનુષ્ય મુકત થાય છે? તેના જવાબમાં ભીષ્મે ચાર શ્લોક વડે કહ્યું છે કે દેવોના દેવ એવા વિષ્ણુ ભગવાનની હજાર નામથી સ્તુતિ કરે છે તે સૌ દુઃખોથી છૂટે છે. આ બધાની સામે રજનીશજી જપને પોપટીયા જેવો ગણાવે છે.

ભીષ્મ નૈષ્ઠિક બ્રહ્મચારી હતા. તેથી જ તેઓ પિતામહ કહેવાયા. બ્રહ્મચર્ય પાળવું કઠણ છે પણ તેથી એનો આદર્શ કેમ ન હોય? બધાં જ ધર્મોમાં અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ વગેરે સિદ્ધાંતો છે એનું પાલન કરવાને બદલે એ બધાને ફેંકી દેવાનું કહેવું એ મને તો જનતાને ઊંધે રસ્તે દોરવા જેવું લાગે છે. ગયે વર્ષે પણ આચાર્યશ્રી એવું બોલ્યા હતા કે દેરાસર જવું તે દારૂના પીઠામાં જવા બરાબર છે. કોઈપણ વિચારવાન માણસ આવું કેવી રીતે બોલી શકે એ જ મને તો નવાઈ લાગે છે. અત્યારનો બુદ્ધિજીવી વર્ગ આવું બધું સાંભળીને જરા ખુશ થાય છે. દારૂના પીઠામાં જનાર માણસ તો પોતાના ધન અને સ્વાસ્થ્યનો નાશ કરે છે, જ્યારે મંદિરમાં જનાર માણસ તો ભગવાનના દર્શન કરવાની ભાવનાથી જાય છે.

હિન્દુ ધર્મમાં તો ચાર પુરુષાર્થ કહ્યા છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. અર્થનું ઉપાર્જન અને કામનો ઉપભોગ ધર્મની મર્યાદામાં રહીને કરવાનો છે. અને તેથી જ ચોથો પુરુષાર્થ સિદ્ધ થાય છે. કામના ઉપભોગમાં સંયમ તો અનિવાર્ય છે અને તે માટે જ ગૃહસ્થાશ્રમ છે. કામના ઉપર સંયમનું નિયંત્રણ હોવું જ જોઈએ અને તેમાંથી જ પ્રેમનો ઉદ્‌ભવ થઈ શકે એવો મારો નમ્ર મત છે.

(પત્ર ટુંકાવ્યો છે) લિ. શાંતિલાલ શાહના વંદન

તંત્રી નોંધ :

આમાંના બે પત્રમાંથી સૌ. શશીબહેનના પત્ર અંગે કશું લખવાનું પ્રાપ્ત થતું નથી, સિવાય કે આ બહેનના આવા દર્દભર્યા સંવેદનને સમજવા અને ધ્યાનમાં લેવા આચાર્ય રજનીશજીને પ્રાર્થના. બીજા પત્ર લખનાર શાન્તિલાલભાઈને 'પ્રબુદ્ધ જીવન'ના આગળના બે અંકોમાં પ્રગટ થયેલ શ્રી પૂર્ણિમાબહેન પકવાસાનો લેખ વાંચવા વિચારવા વિનંતિ. સંભવ છે કે તેમાંથી તેમના પ્રશ્નનો અથવા તો વિવેચનનો જવાબ તેમને મળી રહે. વિશેષમાં જણાવવાનું કે આચાર્યશ્રીના વ્યાખ્યાનને લગતી આ ચર્ચા હું વિશેષ લંબાવવા ઈચ્છતો નથી. પરમાનંદ

પ્રકીર્ણ નોંધ

અજાતશત્રુ કુંદનમલજી ફિરોદિયા

લાંબી માંદગી બાદ પૂના ખાતે તા. ૧૨-૯-૬૮ ના રોજ અહમદનગરવાસી શ્રી કુંદનમલજી ફિરોદિયાનું ૮૩ વર્ષની ઉમ્મરે અવસાન થતાં પાત્ર આપણા સમાજને જ નહિ પણ આખા દેશને એક વિશિષ્ટ કોટિના માનવરત્નની ખોટ પડી છે.

તેમનો જન્મ અહમદનગર ખાતે ઈ.સ. ૧૮૮૫ માં થયો હતો. ૧૯૦૭માં પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાંથી તેઓ ગ્રેજ્યુએટ થયા હતા. ત્યાર બાદ એલ. એલ. બી. ની પરીક્ષા પસાર કરીને તેમણે વકીલાત શરૂ કરી હતી, પણ સામાજિક તેમ જ રાજકીય ક્ષેત્રે સતત સેવા આપતા રહેવું એ જ તેમનો મુખ્ય વ્યવસાય બન્યો હતો.

અહમદનગર જિલ્લામાં તેમનું સ્થાન પ્રથમ પંક્તિના રાષ્ટ્રસેવક તરીકેનું રહ્યું હતું. અહમદનગરની એકે એક વ્યકિત જ્ઞાતિ કે ધર્મના ભેદભાવ વગર તેમને એકસરખી રીતે સન્માનતી હતી. ૧૯૩૬ માં તેઓ રાષ્ટ્રીય મહાસભાના ઉમેદવાર તરીકે પોતાના પ્રાન્ત તરફથી ચૂંટાઈને મધ્યસ્થ ધારાસભામાં ગયા હતા. પછી આવ્યું ક્વીટ ઈન્ડિયાનું આંદોલન. ત્યાર બાદ ૧૯૪૬ની સાલમાં તેઓ મુંબઈની ધારાસભામાં ચૂંટાઈને આવ્યા હતા અને સ્પીકર તરીકે તેમની વરણી થઈ હતી. આ મહત્વભર્યા સ્થાન ઉપર રહીને તેમણે ગૌરવપૂર્ણ સેવાઓ આપી હતી અને ઉચ્ચ પ્રણાલિકાઓની સ્થાપના કરી હતી.

તેઓ ગાંધીજીના ચુસ્ત અનુયાયી હતા અને વર્ષોજુના ખાદીધારી હતા. અહમદનગર જિલ્લા કૉંગ્રેસ સમિતિમાં તેમજ કૉંગ્રેસના દરેક કાર્યમાં તેમનું સ્થાન પ્રથમ દરજ્જાનું રહ્યું હતું.

તેઓ જન્મે સ્થાનકવાસી જૈન હતા અને પોતાના આ સમાજની પણ તેમણે ખૂબ સેવા કરી હતી. સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સના અગિયારમાં મદ્રાસ અધિવેશનનું તેમણે પ્રમુખ–સ્થાન શોભાવ્યું હતું. તેમના પ્રયાસ અને પરિશ્રમથી સ્થાનકવાસી શ્રમણ સંઘની સ્થાપના થઈ હતી.

કુન્દનમલજી તેમના નજીકના વર્તુલમાં "ભાઉસાહેબ"ના નામથી ઓળખાતા અને સંબોધાતા હતા. તેમના પુત્ર ભાઈ નવલમલ ૧૯૩૦–૩૨ ની લડત વખતે મારી સાથે નાસિક જેલમાં હતા ત્યારથી તેમની અને તેમના કુટુંબ સાથે મારો સંબંધ શરૂ થયો હતો અને ભાઉસાહેબ મુંબઈ અવારનવાર આવતા તે દરમિયાન તેમને મળવાનું બનતું હતું. 'પ્રબુદ્ધ જીવન' તેઓ બહુ સદ્‌ભાવપૂર્વક વાંચતા અને તે અંગે પણ કદિ કદિ અમારી વચ્ચે પત્રવ્યવહાર થતો. ચારેક વર્ષ પહેલાં ભાઈ નવલમલ સાથે હું અહમદનગર ગયો હતો અને ભાઉસાહેબ સાથે મેં ત્રણ દિવસ ગાળ્યા હતા. વધતી જતી વૃદ્ધાવસ્થાના કારણે પાછળનાં વર્ષો દરમિયાન તેમની પ્રવૃત્તિઓ અહમદનગર પૂરતી સીમિત બની હતી, પણ સ્થાનિક અનેક સંસ્થાઓમાં તેઓ સક્રિય રસ લેતા હતા અને અમુક સંસ્થાઓની જવાબદારી વહન કરતા હતા. આવી બે ત્રણ સંસ્થાઓ જોવા મને તેઓ લઈ ગયા હતા. અને દેશ તેમ જ જૈન સમાજના અનેક પ્રશ્નો અંગે તેમની સાથે લાંબી ચર્ચાવાર્તા થઈ હતી.

તેમણે પોતાના જન્મજાત સંપ્રદાયની ખૂબ સેવા કરી હતી એમ છતાં તેમના કોઈ વિચારવલણમાં સાંપ્રદાયિકતા જોવામાં આવતી નહોતી. તેઓ એક ભદ્રપુરુષ હતા. એક આદર્શ જૈન કેવો હોય તેનું તેમના વિચાર, વાણી અને વર્તનમાં રહેલી એકવાકયતા અને અપૂર્વ સૌમ્યતા દ્વારા મધુર દર્શન થતું હતું. રાષ્ટ્રભાવનાથી તેઓ આરપાર રંગાયેલા હતા. તેમનામાં એક સ્થિતપ્રજ્ઞની ઝાંખી થતી હતી. તેમનામાં દિલની ઉદારતા અને ચિત્તની ઊંડી પ્રસન્નતા હતી. ગૃહસ્થાશ્રમને તેઓ વરેલા હોવા છતાં તેમનું જીવન એક સંત સાધુપુરુષનું હતું. તેઓ પૂરા અર્થમાં અજાતશત્રુ હતા. શારીરિક ક્ષમતા રહી ત્યાં સુધી તેઓ ધાર્મિક ક્રિયાઓ સાથે સેવાના કાર્યોમાં નિમગ્ન રહ્યા હતા. પાછળના મહિનાઓ દરમિયાન તેઓ પક્ષઘાતના ભોગ બન્યા હતા. ઔષધોપચાર માટે પાછળના સમયમાં તેમને પૂનાની હૉસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા અને ત્યાં જ તેમની જીવનજ્યોત બુઝાઈ ગઈ હતી.

તેમની લાંબી જીવનકારકિર્દી જેટલી ઉજ્જવલ તેટલી જ વિશુદ્ધ હતી. તેઓ પોતાની પાછળ સમર્થ સંતાનો મુકી ગયા છે. જેમણે પણ જીવનના જુદા જુદા ક્ષેત્રમાં સફળતા અને નામના મેળવી છે. ભાઉસાહેબ તો ગયા પણ જેના જેના સંપર્કમાં તેઓ આવ્યા છે તેમના માટે તેઓ ચિરકાળ માટે એક પ્રેરણામૂર્તિ બની રહેશે એમાં કોઈ શક નથી. વિદેહ થયેલી આ માનવવિભૂતિને આપણાં અનેકાનેક વન્દન હો!

બે લાખ રૂપિયાનો ચાંદીનો રથ : આ તે કેવીધર્મઘેલછા!

તા. ૧૪-૯-૬૮ નાં "જૈન"માં નીચે મુજબના સમાચાર પ્રગટ થયા છે :

"નિપાણી (મહારાષ્ટ્ર)ના શ્રી ચંદ્રપ્રભુસ્વામી જિનાલયના શ્રી સંઘને સુન્દર કારીગરીવાળો ભવ્ય ચાંદીનો રૂ. બે લાખની કીંમતનો રથ તા. ૧-૯-૬૮ ના રોજ અત્રેના આગેવાન ઉદ્યોગપતિ પદ્મશ્રી દેવચંદભાઈ છગનલાલ શાહે અર્પણ કર્યો હતો."

આ શેઠ શ્રી દેવચંદભાઈ જૈન શ્વે. કૉન્ફરન્સના ઉપપ્રમુખ છે. તેમને ભારત સરકાર તરફથી છેલ્લા સ્વાતંત્ર્યદિનને લગતી માનચાંદની લહાણી પ્રસંગે, કહેવાય છે તે મુજબ જનસેવાનાં અનેક કાર્યો કરવા બદલ 'પદ્મશ્રી' નો ઈલ્કાબ આપવામાં આવેલો અને તે અંગે થોડા મહિના પહેલાં મુંબઈ ખાતે તેમના માનસન્માનના અનેક સમારંભો યોજવામાં આવેલા.

આ માન્યવર દેવચંદભાઈએ તૈયાર કરાવેલ ઉપર જણાવેલ બે લાખના રથનો સમર્પણ–પ્રસંગ નિપાણી ખાતે તા. ૧-૯-૬૮ના રોજ જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સના પ્રમુખ શ્રી હીરાલાલ એલ. શાહના પ્રમુખપણા નીચે મોટી ધામધુમથી ઊજવવામાં આવ્યો હતો અને એ પ્રસંગે કૉન્ફરન્સનાં અન્ય ઉપ - પ્રમુખ શ્રી દીપચંદભાઈ ગાર્ડી અતિથિવિશેષ તરીકે પધાર્યા હતા.

શેઠશ્રી દેવચંદભાઈએ જનસેવાનાં અનેક કાર્યો કર્યા છે અને તે પાછળ પોતાની સંપત્તિનો સારા પ્રમાણમાં સદુપયોગ કર્યો છે એમ જ્યારે આપણને કહેવામાં આવે છે ત્યારે આપણા મન ઉપર તેમના વિષે એવી છાપ ઉઠે છે કે આ શ્રીમાન મહાશય સમયની જરૂરિયાતોના પૂરા જાણકાર અને વિવેકસંપન્ન ગૃહસ્થ હોવા જોઈએ.

હવે આ જ મહાશય જૈનોના વરઘોડાને શોભાવવા માટે બે લાખ રૂપિયાનો ચાંદીનો રથ તૈયાર કરાવી સ્થાનિક જૈન સંઘને ભેટ આપે છે એમ જ્યારે જાણવામાં આવે છે ત્યારે તેમના વિષેની આપણા મન ઉપર ઉઠેલી Image–પ્રતિમા સહેજે ખંડિત થાય છે. આવો રથ બનાવવા પાછળ કોઈ વિવેકપૂર્વકનો ભકિતભાવ છે જ નહિ પણ પોતાની શ્રીમન્તાઈનું આછકલું - વિવેક–વિનાનું - કેવળ પ્રદર્શન કરવાની - અને ધર્મના નામે પોતાના અહંને તૃપ્ત કરવાની વૃત્તિ જ નજરે પડે છે.

આજની ચોતરફની ભીંસ અને અકળામણના સમયમાં કોઈ પણ સમજદાર માનવીને પ્રશ્ન થાય કે આજના જમાનામાં આ ચાંદીનો રથ શું? અને તે પાછળ આવો બેફામ દ્રવ્યવ્યય શા માટે? માની લઈએ કે તેમને ત્યાં અઢળક સંપત્તિનો સંચય થયો છે તો પણ શું તે ધર્મના નામ ઉપર વેડફી નાખવા માટે છે? આજના સમય સાથે વિસંવાદી એવી તેમની ધર્મઘેલછા જોઈને શ્વે. મૂ. સમાજના આ નવોદિત આગેવાન શેઠ શ્રી દેવચંદભાઈને મારો પ્રશ્ન છે કે તેઓ કયા જમાનામાં વસે છે?

ધાર્મિક વરઘોડાઓ અને ઉત્સવો પાછળ લાખો રૂપિયાનો ધૂમાડો કરનાર જૈન સમાજને પણ મારો અનુરોધ છે કે તે પોતાની જાહોજલાલીનાં આવાં પ્રદર્શનો કરીને અન્ય સમાજોમાં અને દલિત વર્ગોમાં કેવા પ્રતિકુળ પ્રત્યાઘાતો પેદા કરે છે તેનું તેને ભાન છે ખરું? અને આ જાહોજલાલી અને ધનસંપત્તિ જૈન સમાજના ઉપરના બહુ બહુ તો દશ ટકાને વરેલી છે જ્યારે બાકીનો નેવું ટકા ભાગ આવક જાવકના બે છેડા ભેગા કરવાની મુંઝવણ અને રૂંધામણમાં દિવસો પસાર કરે છે. વાસ્તવિકતાનો તેમને કોઈ ખ્યાલ છે ખરો? આ રથ અને આવો ઠાઠમાઠ નીચેના વર્ગના લોકોની આંખમાં કણાની માફક ખુંચે છે અને આવા માતબાર લોકોને તો લૂંટી લેવા જોઈએ એવી તેમના દિલમાં ઘૃણા અને વિદ્વેષની લાગણી પેદા કરે છે તેનું તેમને ભાન છે ખરૂં? અને જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સના આ આગેવાનોને પણ પ્રશ્ન પૂછવાનું પ્રાપ્ત થાય છે કે આ ચાંદીના બે લાખના રથનું અને એ દ્વારા પરસ્પરનું અભિનન્દન કરવા સિવાય બીજું કોઈ કાર્ય તેમના માટે બાકી રહ્યું છે ખરૂં? કૉન્ફરન્સનો પણ આ કેવો વિનિપાત છે!

મંદિરોમાં મૈથુન શિલ્પો અંગે થોડી વધારે માહિતી

તા. ૧૬-૯-૬૮ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રાધ્યાપક કેશવલાલ હીંમતલાલ કામદારના "કોણાર્ક અને ખજુરાહોનાં મૈથુન શિલ્પો" એ મથાળા નીચે પ્રગટ થયેલા લેખમાં કરવામાં આવેલાં મોઢેરા અને જૈન શિલ્પોને લગતાં વિધાનોમાં રહેલી ક્ષતિ તરફ ધ્યાન ખેંચતાં અમદાવાદથી શ્રી ચિનુભાઈ ભોગીલાલ પટવા તા. ૩૧-૮-૬૮ના પત્રમાં એ મતલબનું જણાવે છે કે, "મોઢેરાના સૂર્યમંદિરની દીવાલો પર ... મૈથુન શિલ્પો નથી એ પ્રકારનું પ્રાધ્યાપક કામદારનું વિધાન બરોબર નથી; ઉલટું મોઢેરા તેનાં મૈથુન શિલ્પો માટે જાણીતું છે અને તેથી અમે તો મોઢેરાના મંદિરનો 'ગુજરાતનું ખજુરાહો' તરીકે ઉલ્લેખ કરીએ છીએ. અને બીજું જૈન શિલ્પોમાં આવું કોતરકામ જોવામાં આવતું નથી એ મતલબનું તેમનું વિધાન પણ બરોબર નથી. હકીકતે રાણકપુરના અતિવિખ્યાત જૈન મંદિરમાં પગથિયાં ચડતાં અને બાકીનાં મંદિરોમાં પણ આવાં કોતરકામ ઠીક સંખ્યામાં જોવામાં આવે છે." જગન્નાથપુરી, કોણાર્ક કે ખજુરાહોનાં મંદિરો આવાં શિલ્પોથી અને જગન્નાથપુરીમાં તો ખાસ કરીને ઘણા મોટાં કદનાં શિલ્પોથી ભરેલાં છે, જ્યારે રાણકપુરમાં આવાં શિલ્પો એટલાં બધાં આગળ પડતાં અને કોઈનું પણ એકદમ ધ્યાન ખેંચે એ પ્રકારનાં નથી – એટલું મેં આ બધાં મંદિરો જાતે જોયેલાં હોઈને હું ઉમેરી શકું તેમ છું. શત્રુંજયની મોટી ટુંકમાં પણ ખૂણે ખાંચરે આવાં શિલ્પો તરફ કોઈ સલાટે મારું ધ્યાન ખેંચ્યાનું સ્મરણ છે. જૈન મંદિરોમાં આવું ક્યાંથી આવ્યું હશે તેનો ખુલાસો મને મળ્યો નથી, સિવાય કે મને કોઈ સુલાટમિત્રે જણાવેલું તે મુજબ મંદિરો બાંધનારા સલાટોના મનમાં એવો કોઈ વહેમ હોય છે કે મંદિર હોય ત્યાં તેની ઉપર કોઈની બુરી નજર ન પડે એ હેતુથી તેમાં કોઈક ઠેકાણે આવું ગંદું કોતરકામ ગોઠવી દેવું જોઈએ.

પરમાનંદ

"નવી દુનિયામાં-૮": એક સ્પષ્ટીકરણ

(ઉપર જણાવેલ શ્રી દલસુખભાઈના પત્ર ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે કરેલી આલોચના 'પ્રબુદ્ધ જીવન'ના જે અંકમાં પ્રગટ થઈ છે (તા. ૧૬-૭-૬૮) તેની નકલ તેમને મળી જવા બાદ સ્પષ્ટીકરણ રૂપે લખાયેલો શ્રી દલસુખભાઈ તરફથી મળેલો પત્ર નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

તા. ૧-૭-૬૮ ના 'પ્રબુદ્ધ જીવન'માં મુદ્રિત 'નવી દુનિયામાં–૮' એ લેખ વિષે શ્રી પરમાનંદભાઈની નોંધ અને ત્યાર પછીના અંકમાં મારા લેખ વિષે શ્રી ચીમનભાઈએ જે ઊહાપોહ કર્યો છે તે વધાવવા જેવો જ છે. શ્રી પરમાનંદભાઈ અને મારો બન્નેનો સૂર એક જ છે કે આપણે પશ્ચિમનું આંધળું અનુકરણ કરી રહ્યા છીએ તો તેના અનુસંધાનમાં પશ્ચિમમાં જે થઈ રહ્યું છે તેથી પરિચિત થઈએ અને તેમાંથી બોધ લઈ માર્ગ કાઢીએ. મને લાગે છે કે આ સૂર પ્રત્યે શ્રી ચીમનભાઈએ પૂરું ધ્યાન આપ્યું નથી. માર્ગ તો શ્રી વિનોબા ભાવે આપણને બતાવી જ રહ્યા છે. ગાંધીજીએ બતાવેલા માર્ગથી પણ આપણે અપરિચિત નથી. પણ આપણી સરકાર–એટલે આપણે તેથી ઉલટી દિશામાં જ ચાલી રહ્યા છીએ. આમ ચાલવું મને સંમત છે કે પસંદ છે એમ નથી, અને મારી સમજ પ્રમાણે પરમાનંદભાઈને પણ સંમત નહીં હોય, એટલે મારી તો મૂળ સૂચના એ જ હતી કે આપણે આપણી સંસ્કૃતિને અનુરૂપ થાય એ રીતે સમસ્યાના ઉકેલનો માર્ગ કાઢીએ, વિચારીએ અને પશ્ચિમના પ્રવાહમાં તણાઈ ન જઈએ. એ માર્ગની ચર્ચા એ લેખમાં તેની મર્યાદા પ્રમાણે થઈ શકે તેમ ન હતી, અને અનિવાર્ય પણ નથી. તે માટે તો જુદું જ લખવું પડે. લગ્નજીવનમાં સંયમ એ અનિવાર્ય છે અને તે વિના લગ્નજીવન વિચ્છિન્ન થાય છે એમાં તો બે મત છે જ નહિ. પણ મૂળ વાત તો એ છે કે એક તરફ સમાજમાં સ્ત્રીપુરુષ બન્નેની સમાનતાનું ધોરણ વધી રહ્યું છે. આર્થિક રીતે સ્ત્રી ગુલામ રહે એ હવે બનવાનું નથી, એ માત્ર ઘર સંભાળી બેસી રહે એ પણ બનવાનું નથી. બધી સ્ત્રીઓએ પરણવું જ જોઈએ એ માન્યતા પણ હવે ટકવાની નથી. ઘરમાં માત્ર પુરુષ જ પ્રધાન રહે, એ પણ ટકવાનું નથી. અને માત્ર પુરુષની જ કમાણી ઉપર ઘર ટકી રહેશે એ પણ બનવાનું નથી. - અને સરકાર હવે ટપાલી મારફત બર્થ-કંટ્રોલના સાધનો વહેંચવાનું વિચારી રહી છે–આ પરિસ્થિતિમાં લગ્નજીવનની સમગ્ર સમસ્યા વિચાર માગે છે. તેમાં તેના સમાધાનમાં આપણે પશ્ચિમનો માર્ગ જ અપનાવીએ કે તે માર્ગે જઈએ અથવા જવું અનિવાર્ય છે એમ નથી, પણ જો આંધળું અનુકરણ હશે તો એ માર્ગે ગયા વિના છૂટકો પણ નથી - એ સમજી લેવું જોઈએ. આટલી જ આગાહી મેં મારા લેખમાં કરી છે. અંતે ધર્મસંસ્કરણ કરી તે માર્ગે લગ્નજીવનની સમસ્યાનો ઉકેલ પણ સૂચવ્યો છે. આથી સંયમનો હું વિરોધી છું અગર સંયમને હું સ્વીકારતો નથી એમ માની લેવાની જરૂર નથી.

શ્રી ચીમનભાઈએ રસેલના અવતરણો આપ્યા છે. તેમાંથી એક જ વસ્તુ ફલિત થાય છે કે માનવસ્વભાવ પ્રમાણે પતિ-પત્નીમાં વફાદારીની અપેક્ષા રહે એ સ્વાભાવિક છે. છટાછેડા સરળ બનાવવા જોઈએ, વફાદારી નથી રહી શકતી તો લગ્નજીવન વિચ્છિન્ન થાય છે, આ હકીકતો માત્ર છે. તેમના પોતાના જીવનના અનુભવ ઉપરથી તેમણે આ તારણ કાઢ્યું છે. પણ એથી કરીને લગ્નજીવન કે એની સમસ્યા વિષે તેમના વિચાર સર્વથા બદલાઈ ગયા છે એમ માની લેવાની જરૂર નથી. ત્રણ ચાર દિવસ પહેલાં જ તેમની જન્મ-જયંતી વખતે લીધેલી તેમના જીવન વિષેની ડોકયુમેન્ટરી ટેલીવીઝનમાં જોઈ. તેમાં તેમને પૂછવામાં આવ્યું હતું કે તમારાં અપ્રિય થઈ પડેલાં લખાણો વિષે તમારો મત બદલવાની તમને જરૂર જણાય છે કે નહિ? તેના ઉત્તરમાં તેમણે જણાવ્યું છે કે શા માટે બદલવા? સમાજે તેમાંના ઘણા વિચારો તો આજે સ્વીકારી જ લીધા છે. આજે તે બાબતો બની જ રહી છે તેનો વિરોધ પણ કોઈ કરતું નથી અને જે વિચારો ટકવા જેવા નહિ હોય તે ટકી રહે–એમ માનવાની મૂર્ખતા હું કરતો નથી. - આવા ભાવનું તેમણે કહેલું.

તાત્પર્ય એ છે કે, આપણો આદર્શ ગમે તે હોય, પણ સમાજ એ આદર્શ પ્રમાણે ચાલે જ એવી આપણી અપેક્ષા હોય તો સમાજમાં તદનુરૂપ વાતાવરણ ઊભું કરવું જોઈએ. આદર્શ એક દિશામાં હોય અને વાતાવરણ બીજી જ દિશામાં લઈ જતું હોય તો આદર્શ માત્ર આદર્શ જ રહે છે. જીવન તેને અનુલક્ષીને ઘડાતું નથી. આપણે પશ્ચિમનું આંધળું અનુકરણ કરી રહ્યા છીએ એ પણ હકીકત છે. તો પછી તેનાં કટુ ફળ ચાખવા માટે પણ તૈયાર રહેવું જ પડશે. આ પ્રત્યે આંખ-આડા કાન કરવાથી ચાલશે નહિ.

આપણું લગ્ન કે કૌટુંબિક જીવન પશ્ચિમ કરતાં ઊંચું હતું એમ માનવા હું તૈયાર નથી. આજે આપણે લગ્નજીવનમાં એક પત્નીવ્રતને જે મહત્ત્વ આપીએ છીએ તે જૈનધર્મમાં પણ અનિવાર્યરૂપે ગૃહસ્થો માટે સ્વીકારાયું નથી. ગૃહસ્થે લેવાના વ્રતોમાં આજે પણ હજી આપણા ધર્મગુરુઓ એ બાબતમાં - તેના અતિચારોમાં સુધારા સુચવવાની હીંમત દાખવી શકયા નથી. માત્ર રુઢિપ્રમાણે ચાલી રહ્યા છે. અને આ જન્મની તપસ્યાના ફળરૂપે પરલોકમાં અનેક દેવાંગનાઓની લાલચ આપી રહ્યા છે. આ છે આપણી લગ્નજીવનની વિચારણા. ખરી વાત એવી છે કે આપણે એ સમસ્યાનો વિચાર જ કરતા નથી, ધર્મગુરુઓ પણ એ બાબતમાં ઊંડી વિચારણા કરતા નથી. રૂઢ માન્યતાઓ અને કાળક્રમે સ્થિર થયેલ પરંપરા પ્રમાણે ચાલી રહ્યા છીએ. આમ મૂઢતાથી ચાલીશું તો નવી પરંપરા પણ નહિ પડે. એટલે જરૂરી છે કે મૂઢતા છોડીને તે સમસ્યા વિષે જાગ્રત થઈએ અને સમસ્યા ઊભી થાય તે પહેલા તે ઊભી જ ન થવા પામે તેવો માર્ગ પકડીએ. આમ બનવું મેં 'અશકય' કહ્યું છે પણ 'અસંભવ' તો નથી કહ્યું. અશકયને સંભવ બનાવવું એ આપણા સામર્થ્યની વાત છે. પણ આપણે સામર્થ્ય બતાવીએ જ નહિ તો તો અશકય અશકય જ રહેશે.

તા. ૧૭-૯-૬૮ દલસુખ માલવણીયા.

માનવજાત માટે શેલીનું જાહેરનામું

Shelley's manifesto for mankind :

(લંડન ખાતે પ્રગટ થતા 'peace news' નામના તા. ૨૨-૧૨-૬૭ના સામયિક માટે, 'ક્રીસ્મસ'ને અનુલક્ષીને ખાસ પસંદ કરવામાં આવેલ અવતરણનો નીચે અનુવાદ આપવામાં આવે છે. તંત્રી)

કોઈ પણ માનવીને ગુણવત્તા અને બુદ્ધિમત્તા સિવાય બીજી કોઈ વસ્તુઓની માલેકીના કારણે સન્માનિત લેખાવાનો અધિકાર નથી. માનચાંદની કિંમત કોડીની છે; સત્તા માનવીના જીવનને દૂષિત બનાવે છે; કીર્તિના પરપોટા જેવી ક્ષણજીવી છે; અને ધન તેના માલિકને કલંક રૂપ છે.

કોઈ પણ માનવીને, પોતે ભોગવી શકે તે કરતાં વધારે વસ્તુઓનો કબજો રાખવાનો અધિકાર નથી. જ્યારે લાખો માનવીઓ ભૂખે ટળવળતા હોય છે ત્યારે જે કોઈ ધનવાન ગરીબને કાંઈ આપે તે પૂર્ણરૂપનો અનુગ્રહ નથી, પણ માત્ર અપૂર્ણ આકારનો અધિકાર છે.

આજની દુનિયા ઈશ્વરની કૃપાપાત્ર બનેલા જે અલ્પસંખ્ય લોકોની જાણે કે ઈજારારૂપ બની બેઠી છે અને જે લોકો સ્વર્ગને પણ આ દુનિયાની જ બીજી આવૃત્તિ સમાન કલ્પે છે તેમણે પોતાના આ પૂર્વગ્રહની પુનર્વિચારણા કરવાની જરૂર છે; જો તેઓ એમ માનતા હોય કે આ તેમને પોતાના ધર્મગુરુ તરફથી અથવા તો પોતાની માતામહી તરફથી મળેલ છે તો તેનો તેઓ ઈનકાર કરે, અસ્વીકાર કરે તેના કરતાં બીજું વધારે રૂડું કામ હોઈ ન શકે.

આજની પેઢી પછીની પેઢીને બંધનકર્તા બની ન જ શકે. થોડા લોકો અનેકને અનુલક્ષીને વચન આપી ન જ શકે.

કોઈ પણ માનવીને, ઈષ્ટ પરિણામની આશામાં અનિષ્ટ કરવાનો કોઈ હક્ક હોઈ ન શકે.

નૈતિક ક્ષેત્રે Expediencyને–ઉપયોગીતા કે તકવાદને–અવકાશ હોઈ જ ન શકે. રાજકારણ જ્યારે નૈતિક સિદ્ધાંતો ઉપર આધારિત હોય ત્યારે જ આદરયોગ્ય બની શકે છે. એ જ રાષ્ટ્રોની નૈતિકતાનો સાચો માપદંડ છે.

કોઈ પણ માનવીને પોતાના ભાઈની–સ્વજનની પ્રાણહાનિ કરવાનો અધિકાર નથી. આવું કૃત્ય તે એક અમુક ગણવેશ (દા. ત. લશ્કરી સિપાઈનો) ધારણ કરીને કરે છે તે કારણે તે વ્યાજબી ઠરી શકતું નથી. એમ કરીને તો તે ખૂનનો ગુન્હો કરવા ઉપરાંત ગુલામીની બેઈજ્જતીમાં ઉમેરો કરે છે.

કોઈની અમુક પ્રકારની માન્યતા એ તેની અવશતાનું પરિણામ હોય છે. જે કાંઈ અનિચ્છાએ કરવામાં આવ્યું હોય કે સ્વીકારવામાં આવ્યું હોય તે નથી પ્રશંસાપાત્ર કે નથી દોષપાત્ર. માનવીને તેની અમુક માન્યતાના કારણે વધારે સારો કે ખરાબ માની લેવાની જરૂર નથી.

માનવી ગમે તે દેશ કે રાષ્ટ્રનો હોય, તેને કોઈ એક સ્થળે કે બીજા સ્થળે એક સરખા હક્કો યા અધિકારો છે. આ છે વિશ્વ-નાગરિક તરીકેના હક્કો યા અધિકારો.

માનવીના દુર્ગુણોને દબાવવા તે જ માત્ર દરેક સરકારનું કર્તવ્ય અથવા તો ઉપયોગીતા છે. જો માનવી આજે દોષરહિત બની જાય તો, આવતી કાલે તેને એવી માગણી કરવાનો હક્ક રહેશે કે હવે પછીથી સરકારને અને તેની સાથે જોડાયેલાં અનિષ્ટોને બંધ કરવામાં આવે – ખતમ કરવામાં આવે.

સરકારથી થતાં લાભોમાં અને તેને લગતી જવાબદારીઓમાં સર્વ કોઈને સરખા હિસ્સાનો અધિકાર છે. અમુક અભિપ્રાયો ધરાવવા અંગે કોઈનું પણ દમન કરવામાં આવે તો, તે દમનકૃત્ય શાસકપક્ષે નર્યો જુલમ અને શાસિતપક્ષે અજ્ઞાનમૂલક ગુલામી સૂચવે છે.

સરકારને મૂળમાં કોઈ હક્ક કે અધિકાર નથી; પોતાના હક્કોને રક્ષણ મળે એ હેતુથી ઉભી કરવામાં આવેલી એ સરકાર અનેક વ્યક્તિઓના પ્રતિનિધિત્વરૂપ છે. આમ હોવાથી જ્યાં લુધી આ વ્યક્તિઓની તે સરકારને સંમતિ હોય ત્યાં સુધી જ તે ન્યાયી છે અને જ્યાં સુધી તેમના કલ્યાણમાં તે પરિણમે ત્યાં સુધી જ તે ઉપયોગી છે.

હક્કો યા અધિકારોની સુરક્ષા ખાતર જ સરકારની રચના કરવામાં આવી છે. સ્વાતંત્ર્ય અને જે કાંઈ કુદરત આપે તેનો સમાનતાના ધોરણે ભોગવટો – આ માનવીના મૂળભૂત હક્કો છે.

જે કાંઈ અમુક કરણી માનવી માટે ફરજરૂપ બને તે આચરી બતાવવાનો તેના માટે પૂરો અવકાશ હોવો જોઈએ. અમુક કરવું જોઈએ તે પહેલાં તે મુજબ કરવાનો તેને પૂરો વિકલ્પ પ્રાપ્ત થવો જોઈએ; he may, before he aught.

દરેક માનવીને પરસ્પર ચર્ચાવિચારણા અંગે નિર્બંધ સ્વાતંત્ર્ય હોવું ઘટે. જેમ વીંછી પોતાના ડંખથી પોતાને જ મારી નાખે તેમ અસત્યના ગર્ભમાં જ તેનું મૃત્યુ રહેલું છે.

માનવીને પોતાના વિચારો વ્યક્ત કરવાનો અને તેની ચર્ચા કરવાનો પૂરો હક્ક છે, એટલું જ નહિ પણ, એમ કરવું તે તેની ફરજ પણ છે.

સત્યના આચરણને ઢીલું કરવાનો કોઈ કાનૂનને અધિકાર નથી. દરેક પ્રસંગે, દરેક અવસર ઉપર, માણસે સાચું હોય તે કહેવું જ જોઈએ, કારણ કે ફરજનું અનુપાલન કદિ પણ ગુન્હાહિત બની ન શકે અને જે ગુન્હાહિત ન હોય તે નુકસાનકારક પણ હોઈ ન જ શકે.

માનવીને તેની બુદ્ધિ જેમ સૂચવે તેમ વિચારવાનો હક્ક છે. માનવી પોતાની આગવી પ્રતીતિપૂર્વક આચરણ કરે તે વધારે ઈચ્છવાયોગ્ય છે. તેથી મુકત મનથી ચિંતન કરવું તે તેની વિશિષ્ટ ફરજ બને છે.

સમાજની વર્તમાન પરિસ્થિતિમાં, માનવીના હક્કોનું ઉલ્લંઘન કરનાર વ્યકિત ઉપર અમુક દબાણ લાવવામાં આવે તો જ માનવીના હક્કોનું રક્ષણ થઈ શકે તેમ છે. તેથી આ દબાણની માત્રા બને તેટલી ઓછી હોય એવી અપેક્ષા રાખવાનો દબાણનો ભોગ બનનાર વ્યકિતને અધિકાર છે.

જો સમજાવટને બદલે સત્તા દ્વારા–દબાણ દ્વારા–તેનો અમુક અમલ સ્વીકાર્ય બનાવવાનો રાજ્ય સરકાર તરફથી પ્રયત્ન કરવામાં આવે તો આમાં કાંઈક પોલાપણું છે એમ સમજવું. જ્યારે સમજાવટપૂર્વક રાજ્યસત્તાને ટકાવવાનું શક્ય ન રહે ત્યારે જ તેને ટકાવવા માટે છળકપટ અને દમદાટીનો ઉપયોગ કરવાની સ્થિતિ સરજાય છે.

પોતાના હક્કોની સુરક્ષા કરવા ખાતર વ્યકિતઓના પ્રતિનિધિત્વરૂપ જે સરકાર ઉભી કરવામાં આવી હોય તે સરકારને તે વ્યકિતઓના અભિપ્રાયોનું રૂંધન કરવાની કોઈ નિર્બંધ સત્તા હોઈ ન જ શકે.

દરેક માનવીને નવરાશ અને સ્વતંત્રતા અમુક અંશે સુલભ હોવી જ જોઈએ, કારણ કે તેણે અમુક અંશમાં જ્ઞાનસંપન્નતા પ્રાપ્ત કરવી તે તેની ફરજ છે. આ તેને ફરજ રૂપ પ્રાપ્ત થાય તે પહેલાં તેને સહજરૂપે પ્રાપ્ત થાય એ વધારે ઈચ્છવાયોગ્ય છે.

માનવી, તારા હક્કો અહીં જાહેર કરવામાં આવ્યા છે. તો તું તારા ભાવીની કદિ પણ ઉપેક્ષા કરતો નહિ. તારા હક્કો, જેનાથી તને સદ્‌ગુણ અને શાણપણ પ્રાપ્ત થાય અને જે દ્વારા તને સુખ અને સ્વાતંત્ર્યની પ્રાપ્તિ થાય–એવી તારી સમૃદ્ધિનો તું વિચાર કરજે. આ જાહેરાત એવી વ્યકિતએ કરી છે કે જે તારી વિશિષ્ટ પ્રતિભાને જાણે છે, કારણ કે તું શું પ્રાપ્ત કરી શકે તેમ છે તેના ધ્યાનચિંતનમાં જ તેનું દિલ ગૌરવપૂર્વક એકાગ્ર રહે છે. આ હક્કો એણે જાહેર કર્યા છે કે જે તારા આજના અધઃપતનથી અજ્ઞાત નથી, કારણ કે તું શું છે તેની દર્દભરી પ્રતીતિ તે પ્રત્યેક ક્ષણે અનુભવી રહેલ છે.

('સર્વોદય'ના જાન્યુઆરીના અંકમાંથી સાભાર ઉધ્ધૃત.)

અનુવાદ :
પરમાનંદ

ભારત જૈન મહામંડળના અધ્યક્ષસ્થાનેથી

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું વ્યાખ્યાન

(તા. ૨૯ તથા ૩૦મી સપ્ટેંબરના રોજ જોધપુર ખાતે મળેલા ભારત જૈન મહામંડળના ૪૦મા વાર્ષિક અધિવેશનના પ્રમુખ-સ્થાનેથી શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે આપેલ વ્યાખ્યાન નીચે આપવામાં આવે છે. તંત્રી)

બંધુઓ અને ભગિનીઓ,

ભારત જૈન મહામંડળના ૪૦ મા અધિવેશનના પ્રમુખ તરીકે આપે મારી પસંદગી કરી તેમાં મારી યોગ્યતા કરતાં આપની મમતા વધારે કારણભૂત છે. આપ સૌનો હું અત્યંત ઋણી છું.

ભારત જૈન મહામંડળ લગભગ ૭૫ વર્ષથી આપણા સમાજની સેવા કરી રહેલ છે. આટલા લાંબા સમય દરમિયાન આખા દેશમાંથી જૈન સમાજની અનેક વિદ્વાન અને શકિતશાળી વ્યકિતઓએ મંડળની આગેવાની લીધી છે અને મંડળના કાર્યને સફળ અને વેગવાન બનાવવામાં ફાળો આપ્યો છે. ઘણાં વર્ષો સુધી શ્રી ચિરંજીલાલ બડજાતેએ એક નિષ્ઠાથી વર્ધામાં મંડળનું સંચાલન કર્યું. છેલ્લાં લગભગ ૨૦-૨૨ વર્ષથી ભાઈશ્રી રિષભદાસ રાંકા આ જવાબદારી સંભાળી રહ્યા છે અને જૈન જગતનું સંપાદન કરી રહ્યા છે. કેટલાંક વર્ષોથી મંડળનું મુખ્ય કાર્યાલય મુંબઈમાં હોવાથી મુંબઈના આગેવાન ભાઈઓનો મંડળને સાથ અને સહકાર મળી રહ્યો છે. શ્રી રાંકાજી પોતાની સૌમ્ય પ્રકૃતિથી અને વિનમ્ર કાર્યપદ્ધતિથી બધા ફિરકા-ઓના વિચારશીલ ભાઈઓ અને કાર્યકર્તાઓને મંડળના કાર્યમાં રસ લેતા કરી શકયા છે. પણ જે વિશાળ કાર્યક્ષેત્ર મંડળ સમક્ષ પડયું છે તે જોતાં, મંડળના ઉદ્દેશોને અસરકારક રીતે, અમલી બનાવવા, ભારે પુરુષાર્થ આપણે સૌએ કરવો પડશે એ દેખીતું છે. દેશમાં સ્થળે સ્થળે સંખ્યાબંધ યુવાન, શિક્ષિત અને ભાવનાશીલ બહેનો અને ભાઈઓ સમાજહિતનાં કાર્યો કરવા તત્પર છે. પણ નિશ્ચિત કાર્યક્રમ અથવા યોગ્ય માર્ગદર્શનના અભાવે તેમની ભાવ-નાઓ મૂર્તિમંત થતી નથી અને તેથી તેમને સ્વાભાવિક અસંતોષ રહે છે. વસ્તુતઃ દેશભરમાં જૈન સમાજની સંખ્યાબંધ સંસ્થાઓ શિક્ષણ અને સામાજિક સેવાના તેમ જ સાર્વજનિક લોકકલ્યાણના કાર્યો સુંદર રીતે કરી રહેલ છે. આવા બધા ઉત્સાહી ભાઈઓ અને બહેનોનો ભારત જૈન મહામંડળની પ્રવૃત્તિઓમાં સાથ અને સહકાર મેળવવો તે આપણી ફરજ છે.

ભારત જૈન મહામંડળનો ઉદ્દેશ નીચે પ્રમાણે છે:–

"સારાએ જૈન સમાજમાં અનેકાન્ત દૃષ્ટિ ફેલાવવી, આપસમાં ભાઈચારાની ભાવના ઉત્પન્ન કરવી, અહિંસા, સત્ય અને પરિગ્રહ–પરિમાણ વિગેરે નૈતિક ગુણો તથા જૈન તત્ત્વોનું અધિકાધિક પાલન થાય અને લોકો આ મૂળ તત્ત્વોને અપનાવે–આવી રીતે, સંસારમાં સુખ–શાંતિનું વાતાવરણ નિર્માણ થાય, જેથી પ્રત્યેક વ્યકિતને વિકાસ માટે પૂરો અવસર મળે."

જૈન ધર્મ મુખ્યત્વે આચારધર્મ છે. ડૉ. રાધાકૃષ્ણન કહે છે: "It is essentially an ethical religion. The name Jainism indicates the predominantly ethical character of the system.... Jainism is opposed to all theories which do not emphasise ethical responsibility. The ethical interest in human freedom is the determining consideration."

આ આચારધર્મનાં પાયારૂપે છે: અહિંસા, અપરિગ્રહ અને અનેકાન્ત. વર્તમાન યુગમાં સમસ્ત જગતને આ સિદ્ધાંતો ઉપર ગંભીરપણે વિચાર કરવાની ફરજ પડી છે. પરિણામે, આ સિદ્ધાંતો, જે માત્ર વ્યકિતના આધ્યાત્મિક વિકાસ માટેના ગુણો ગણાતા હતા, તેને હવે સામાજિક રચનાના પાયામાં પુરવાની જરૂર સમજાઈ છે.

દુનિયામાં હિંસાનો દાવાનળ ફાટી નીકળ્યો છે ત્યારે માનવજાતને પોતાના અસ્તિત્વ માટે અહિંસાને અપનાવવાની જરૂરિયાતનું ભાન થઈ રહ્યું છે. માનવીની બુદ્ધિએ અને તેની લોભ અને સત્તાની લાલસાએ વિજ્ઞાન દ્વારા સંહારલીલાના તાંડવની શકયતા ઊભી કરી છે. તે વિનાશમાંથી બચવા જગતના તત્ત્વચિન્તકો જીવનના આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોને એકમાત્ર ઉપાય તરીકે બતાવે છે. ગાંધીજીએ આ દર્શન વીસમી સદીની શરૂઆતમાં જ કર્યું અને અહિંસાને જીવનના સર્વ ક્ષેત્રોમાં ઉતારી, અહિંસક સમાજની રચનાનો માર્ગ બતાવ્યો. ડૉ. આલ્બર્ટ સ્વાઈટ્ઝર, ડૉ. માર્ટિન લ્યુથર કિંગ અને અન્ય વિચારકો તે જ નિર્ણય પર આવે છે. વિખ્યાત પત્રકાર જેમ્સ રસ્ટન 'ન્યુ યૉર્ક ટાઈમ્સ'માં થોડા દિવસ પહેલાં જ The Politics of Violence ઉપર લખતાં જણાવે છે:

"Men are resorting to violence these days because, we are told, they have no peaceful and legal remedies for their grievances. It is a common complaint heard all the way from Chicago to Viet Nam and from Moscow to Suez and Nigeria, but violence does not seem to be working either. The record of the past few years in fact is very bad indeed".

અહિંસાનું આ વ્યાપક સ્વરૂપ દુનિયાના ઈતિહાસ માટે નવું છે. જૈન ધર્મની અહિંસા મુખ્યત્વે નિવૃત્તિશીલ અને પાપવિરમણ સ્વરૂપે વ્યકિતગત મોક્ષની સાધના તરીકે રહી છે. પ્રેમ, કરુણા અને મૈત્રીની ભાવના સ્વરૂપે સમાજવ્યાપી અહિંસા જીવનના સર્વ ક્ષેત્રો–સામાજિક, રાજકીય, આર્થિક વિ.–ના પાયા રૂપે માનવ ઈતિહાસ માટે નવો પ્રયોગ છે. અહિંસાની ભાવનાના આ વિકાસને સમજીને તેને જીવનવ્યાપી બનાવવામાં, જૈનોએ પોતાનો ફાળો આપવાનો છે અને 'અહિંસા પરમો ધર્મ'નું પૂર્ણ સ્વરૂપ જગતને બતાવવાનું છે.

બીજો સિદ્ધાંત અપરિગ્રહનો. પરિગ્રહ પરિમાણવ્રત જૈન આચારધર્મનું મહત્ત્વનું અંગ છે. સ્વેચ્છાએ આચરેલ પરિગ્રહ–પરિ-માણ વ્યકિતના આધ્યાત્મિક વિકાસનું કારણ બને છે, એટલું જ નહીં પણ સમાજની સ્વસ્થતા અને સમતુલા જાળવે છે અને અસમાનતાનાં અનિષ્ટો અટકાવે છે. પરિગ્રહમોહ અને તૃષ્ણાથી ઉત્પન્ન થતાં સામાજિક અનિષ્ટોનો અનુભવ દુનિયા કરી રહી છે. મૂડીવાદના પ્રત્યાઘાત રૂપે સામ્યવાદ અને સમાજવાદનો જન્મ થયો; પણ તેની દૃષ્ટિ ભૌતિક અને બળજબરી અથવા જરૂર પડે તો હિંસક સાધનોથી પણ ભૌતિક સંપત્તિની અસમાનતા દૂર કરવાની રહી છે. મૂડીવાદ અને સમાજવાદની જીવનદૃષ્ટિ એક જ છે. ઉચ્ચ જીવનધોરણને નામે જીવનની જરૂરિયાતો વધારી જીવનમાં સાદાઈને બદલે સમૃદ્ધિ એ બન્ને ઈચ્છે છે. ફેર એટલો જ છે કે મૂડીવાદમાં ઘણાને ભોગે થોડાને તે લાભ મળે છે. સમાજવાદ કે સામ્યવાદ બધાંને બને તેટલો સરખો લાભ આપવા ઈચ્છે છે. પણ તેમાં પરિગ્રહ–પરિમાણ નથી. ભૌતિક સંપત્તિની સમાન વહેંચણી છે. અસમાનતાનાં અનિષ્ટો - ગરીબાઈ, બેકારી વિ. - દૂર કરવા ગાંધીજીએ સર્વોદય અથવા અહિંસક સમાજરચનાનો આદર્શ રજૂ કર્યો છે, જેમાં પરિગ્રહ–પરિમાણ છે અને સમાનતાની ભાવના છે. સર્વોદયનો આ આદર્શ જૈન ધર્મના અપરિગ્રહવ્રતની સામાજિક ક્ષેત્રે અને જીવનમાં વિકાસની નવી ભૂમિકા બતાવે છે. આવો સ્વસ્થ

સમાજ પછી માત્ર દાન કે દયા ઉપર આધાર નથી રાખતો, પણ તેની રચના જ ધરમૂળથી બદલાય છે. જૈન ધર્મ સામ્ય અથવા સમાનતાના પાયા ઉપર રચાયેલ છે. સર્વ જીવ સમાન છે. ઉચ્ચ–નીચના ભેદ, જ્ઞાતિ - જાતિના ભેદ, કાળા - ગોરાના ભેદ–આવા કોઈ ભેદને જૈન ધર્મમાં સ્થાન નથી. જગતમાં માનવતાનું નવું સર્જન થઈ રહ્યું છે તેમાં જૈન ધર્મે અને જૈનોએ ફાળો આપવાનો છે. દુનિયાના સમર્થ વિચારકો એરીક ફ્રોમ કે સોરોકીન જેવા આ દિશામાં વિચારી Reconstruction of Humanityનો આદર્શ રજુ કરે છે.

ત્રીજો સિદ્ધાંત છે અનેકાન્તનો. જૈન દર્શનની આ વિશેષતા છે અને અનેકાન્તમાં વિચારની અહિંસા છે. મતાગ્રહ અથવા દુરાગ્રહમાં હિંસા રહેલી છે. જીવનવ્યવહારમાં મતાગ્રહ સંઘર્ષનું મૂળ બને છે. સત્ય બહુમુખી છે. આ હકીકત સ્વીકારતાં અંતરની ઉદારતા અને અન્ય–મત–સહિષ્ણુતા પરિણમે છે.

ભારતીય સંસ્કૃતિના ઘડતર અને વિકાસમાં મુખ્યત્વે ત્રણ પ્રવાહો રહ્યા છે. વૈદિક, બૌદ્ધ અને જૈન. આ ત્રણેમાં પરસ્પરને સારા પ્રમાણમાં અસર થઈ છે. પરિણામે તત્વજ્ઞાનમાં મતભેદ રહ્યો છે, તો પણ આચારમાં બહુધા એકતા રહી છે. છતાં તેમાં પણ જૈનદૃષ્ટિ ખાસ કરીને આત્મલક્ષી અને નિવૃત્તિપ્રધાન રહી છે. જૈનદર્શનનો જ્ઞાનનાં બધાં ક્ષેત્રોમાં સારો ફાળો રહ્યો છે. માનસશાસ્ત્ર (Psychology), જીવશાસ્ત્ર (Biology), ન્યાય અને નયવાદ ((Logic and theory of knowledge) વિગેરે વિષયો પર વિપુલ જૈન સાહિત્ય છે, પણ આ બધું સાહિત્ય પરંપરાગત પરિભાષામાં જ રજુ થતું રહ્યું છે. વર્તમાન વિચારપ્રવાહો સાથે તુલનાત્મક દૃષ્ટિએ તેની વિચારણા થઈ નથી. એક રીતે કહીએ તો જૈન વિચારધારાનો વિકાસ સદીઓથી સ્થગિત થઈ ગયો છે. તે શ્રમણવર્ગ અને પંડિતોના અભ્યાસનો વિષય રહ્યો છે. જ્ઞાનની દૃષ્ટિએ ધર્મ જનસમુદાયના જીવનવ્યવહારમાં ગુંથાયો નથી, ક્રિયામાં જ રહ્યો છે, તેથી જાણે કે જીવનવ્યવહાર અને ધર્મ ભિન્ન હોય એવું આપણું વર્તન રહ્યું છે.

જૈન ધર્મનો શ્રમણવર્ગ તેના ત્યાગ અને તપશ્ચર્યાનાં કારણે કોઈ પણ બીજા ધર્મના ધર્મગુરુઓ કરતાં વધારે આદરને પાત્ર રહ્યો છે. જૈન સમાજ ઉપર શ્રમણ વર્ગનો ઘણો પ્રભાવ છે, પણ તેમાં ગુણપૂજા કરતાં અંધશ્રદ્ધા અને વેશપૂજા વધારે જણાય છે. શ્રમણ વર્ગમાં વિદ્વાન સાધુ-સાધ્વીઓ છે, પણ તેમનું જ્ઞાન આગમો અને જૈન સાહિત્ય પૂરતું મુખ્યત્વે સીમિત રહ્યું છે. વર્તમાન વિચારપ્રવાહોથી બહુધા તેઓ અપરિચિત છે. તેનાં કારણે વર્તમાન જીવનની સમસ્યાઓ, સંઘર્ષો અને અશાંતિના મૂળ અને તેના નિરાકરણના ઉપાયોમાં શ્રાવણવર્ગ તરફથી ધર્મદૃષ્ટિએ માર્ગદર્શન જોઈએ તેવું મળી શકે તેમ નથી. તેથી પરંપરાગત ઉપદેશ, જીવનવ્યાપી બનતો નથી અને જીવનવ્યવહાર અને ધર્મ ભિન્ન રહ્યા છે. જૈન સમાજ ઉપર શ્રમણવર્ગનો જે મોટો પ્રભાવ છે તે જોતાં એમ થાય છે કે, પૂજ્ય સાધુ - સાધ્વીઓ વર્તમાન વિચારપ્રવાહોથી પરિચિત હોય અને તેમના જ્ઞાનના સીમાડા વિસ્તરતા રહે તો એક એવી મોટી શક્તિ પેદા થાય કે જે જૈન સમાજ માટે જ નહિ પણ દેશ અને દુનિયા માટે ઉપકારક નીવડે. વર્તમાન સમયે તો ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ કરવો કે નહિ અથવા મોટા શહેરોમાં રહેવું હોય તો તેમની જીવનચર્યાની આચારવિધિમાં થોડો પણ ફેરફાર કરવો કે નહિ તે ઉપર વિવાદ રહે છે. શ્રમણવર્ગની વર્તમાન પરિસ્થિતિના અસંતોષનું એક કારણ દીક્ષાર્થીની યોગ્યતાના કોઈ ધોરણનો અભાવ છે. દીક્ષા આપતા પહેલાં દીક્ષાર્થીના જ્ઞાનની કે વૈરાગ્યભાવનાની કોઈ તપાસ થતી નથી. હજી પણ બાલદીક્ષાને અનુમોદન અપાય છે. જેને ધર્મગુરુ તરીકે સ્વીકારવા છે તેમની યોગ્યતાની આપણને કોઈ ચિન્તા નથી. તેમના જ્ઞાનની અભિવૃદ્ધિ કે ચારિત્ર્યના ઘડતર કે રક્ષણ માટે કોઈ પ્રબંધ કે વ્યવસ્થાની જરૂરિયાત આપણે જોઈ નથી. પરિણામે ક્રિયાકાંડતા અથવા આચારની શિથિલતા અને અનુશાસનનો અભાવ રહ્યો છે. આવી પરિસ્થિતિમાં કાંઈક સુધારણા કરવા માટે, થોડા સમય પહેલાં શેઠ કસ્તુરભાઈ લાલભાઈએ એક સમિતિ નિયુક્ત કરી હતી. પણ શ્રાવકસંઘો અને શ્રમણ વર્ગના સહકારના અભાવે તે સમિતિ તેમને વિસર્જન કરવી પડી. બીજા સંપ્રદાયોમાં પણ આવી જ દશા છે. આવી પરિસ્થિતિ માટે મુખ્યત્વે શ્રાવકો અને શ્રાવકસંઘો જવાબદાર છે. શ્રાવકસંઘોમાં સંગઠનની ખામી છે અને કેટલાક શ્રાવકો, લૌકિક પ્રતિષ્ઠા માટે અથવા અન્ય કારણોએ અમુક સાધુઓથી દોરવાય છે અથવા તેમને ટેકો આપે છે અને સંઘબળ ક્ષીણ થાય છે. જૈન સમાજ–સંખ્યાબંધ સંઘો, ગચ્છો અને વાડાઓમાં વેરવિખેર છે. આપણે સૌએ સમાજહિતમાં ખૂબ જાગૃત થવાની જરૂર છે અને સામૂહિક વિચાર કરી, યોગ્ય વ્યવસ્થા કરવાની જરૂર છે.

સંખ્યાની દૃષ્ટિએ આપણા દેશમાં જૈન સમાજ અલ્પ હોવા છતાં, કોઈ ક્ષેત્ર એવું નથી કે જેમાં જૈનોનો ગણનાપાત્ર ફાળો ન હોય. દેશની આઝાદીની લડતમાં આપણો ફાળો અલ્પ ન હતો. વ્યાપાર - ઉદ્યોગોમાં કેટલાય જૈનો મોખરે છે. અન્ય વ્યવસાયોમાં ઘણા જૈનો આગળ પડતો ભાગ લઈ રહ્યા છે. સરકારી તંત્રમાં આપણી સંખ્યા ઓછી નથી. કોઈ અલગ પ્રતિનિધિત્વ જૈનોએ કોઈ દિવસ માગ્યું નથી. છતાં માત્ર ગુણવત્તાના ધોરણે જ લોકતંત્રની વિવિધ સંસ્થાઓમાં વિદ્વાન અને પ્રભાવશાળી જૈનો પ્રમાણમાં સારી સંખ્યામાં સેવા આપી રહ્યા છે. શિક્ષણ, સાહિત્ય, કળા અને વિજ્ઞાનના ક્ષેત્રોમાં આપણો ફાળો ઓછો નથી. ખરી રીતે વિવિધ ક્ષેત્રે ઘણા જૈનો અગ્રસ્થાને છે તેની આપણને ખબર પણ નથી. જૈન સમાજની એકતાના અભાવે આ બધાનો અને સમગ્રપણે જૈન સમાજનો જે પ્રભાવ પડવો જોઈએ તે પડતો નથી.

જૈન સમાજની એકતા ભારત જૈન મહામંડળનો મુખ્ય ઉદ્દેશ છે. આ ઉદ્દેશને અનુલક્ષીને મંડળની સ્થાપના થઈ હતી અને આ દિશામાં મંડળના પ્રયત્નો રહ્યા છે. સમય પલટાતાં હવે આપણે ગંભીરપણે એકતાનો વિચાર કરીએ છીએ, પણ હજી સફળતા મળી નથી, તો તેનાં કારણો વિચારવાં જોઈએ. સાંપ્રદાયિક મોહ અથવા મમત્વ એટલું પ્રબળ હોય છે કે એકતાની વાત કરીએ ત્યારે પણ માનસિક ભાવ જુદો રહે છે. અને સાથે મળીને કાંઈ કાર્ય કરીએ છીએ ત્યારે પણ સમસ્ત જૈન સમાજ કરતાં પોતાનો સંપ્રદાય દૃષ્ટિ સમક્ષ વધારે રહે છે. આ મમત્વ એટલું સૂક્ષ્મ હોય છે કે તેમાંથી બહુ થોડા સર્વાંશે મુકત હોય છે. એકતા એટલે શું તે બરાબર સમજી લઈએ. બધા સંપ્રદાયો વિલીન થઈ જૈન સમાજ એક થાય એવી કોઈ કલ્પના નજીકના ભવિષ્યમાં નથી. પરસ્પર સહકાર અને આદર હોય, સંઘર્ષ થવાના પ્રસંગો ન આવે, અથવા આવે તો તેનું તાત્કાલિક સુખદ નિરાકરણ થાય અને સાથે મળીને કામ કરવાના જેટલા બને તેટલા વધારે પ્રસંગો યોજાય અને સંસ્થાઓ રચાય એ હેતુ એકતાનો છે. આ કાર્ય સફળ કરવામાં આગેવાનોની અને કાર્યકર્તાઓની જવાબદારી વધારે છે. પોતાના સંપ્રદાયમાં એકતાનું વાતાવરણ સર્જવું જોઈએ, એટલું જ નહિ પણ, પોતાના સંપ્રદાયની ભૂલ થઈ હોય તો નિડરપણે પોતાના સંપ્રદાયને કહેવાની હિંમત દાખવવી જોઈએ. વિશેષમાં, કાંઈક ઉદારતા અને બાંધછોડ કરવાની વૃત્તિ જોઈએ. મુનિરાજોનો સહકાર મળે તો આ કાર્ય ઘણું સરળ થાય. મારે મન સૌથી અગત્યની વસ્તુ એ છે કે બધાએ સાથે મળીને કામ કરવાના જેટલા પ્રસંગો મળે તે બધાને આવકારવા અને પોતાનો જુદો રાહ ન કરવો. દા. ત. મહાવીર જયંતી, ક્ષમાપના દિન અને એવા સમસ્ત જૈન સમાજને લગતા જેટલા પ્રસંગો મળે તે બધામાં, વિશેષમાં અન્ય સંપ્રદાયોના મહત્ત્વના પ્રસંગો હોય ત્યારે સર્વ સંપ્રદાયના આગેવાનો હાજર રહે તો પણ બંધુભાવ

વધે. એથી વિશેષ સંયુકત સંસ્થાઓ–ભારત જૈન મહામંડળ એવી એક સંસ્થા છે–મુંબઈ જૈન યુવક સંઘ, સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ વગેરે ખાસ કરીને શિક્ષણ અને સેવાની સંસ્થાઓ છે. ઊગતી પેઢીને એ સંસ્કાર મળે અને સેવાની સંસ્થાઓમાં સમસ્ત જૈન સમાજ સાથે મળી કામ કરે તો તેનો પ્રભાવ પડે. દા. ત. બિહાર દુષ્કાળ રાહત સમયે મુંબઈમાં ભગવાન મહાવીર કલ્યાણકેન્દ્રની સ્થાપના કરી અને બિહારમાં સુંદર કાર્ય થયું; જેમાં જૈન સમાજને ગૌરવ થયું. તે કેન્દ્ર તરફથી હાલ ગુજરાતમાં રાહતકાર્ય થઈ રહ્યું છે.

એકતાનું કહું છું ત્યારે ભારત જૈન મહામંડળની નીતિ વિષે પણ બે શબ્દો કહું. મંડળ સમસ્ત જૈન સમાજ અને બધા સંપ્રદાયોનો પૂર્ણ સાથ અને સહકાર ઈચ્છે છે અને તેનું કાર્યક્ષેત્ર દેશભરમાં રહ્યું છે. સ્વાભાવિક છે કે કોઈ સંપ્રદાયને ખોટું લાગે અથવા દુ:ખ થાય એવું કાર્ય મંડળ ન કરે. પણ તેનો અર્થ એ નથી કે કાંઈ ખોટું થયું હોય કે અન્યાય થયો હોય ત્યાં મંડળ મૌન સેવે અથવા કોઈનો પક્ષ કરે. મૌન સેવે તો મંડળ નિષ્પ્રાણ બનશે. અતિ નમ્રતાપૂર્વક પણ દૃઢતાથી સાચું માર્ગદર્શન મંડળે આપવું જ જોઈએ. આ કાર્ય સફળતાથી પાર પાડવા મંડળમાં એવી વ્યકિતઓ જોઈએ કે જે સમસ્ત જૈન સમાજના હિતનો વિચાર કરતી હોય. સાથે સાથે એ એવી વ્યકિતઓ હોવી જોઈએ કે જેમનું પોતાના સમાજમાં વર્ચસ્ હોય અને જેના સહકારથી મંડળે કાર્ય કર્યું હોય તો તેનો સ્વીકાર થાય. તેથી સાચી એકતા કરવી હોય તો જૈન સમાજના બધા સંપ્રદાયોના આગેવાનોએ અને કાર્યકર્તાઓએ મંડળમાં જોડાઈ, મંડળને સુદૃઢ બનાવવું જોઈએ.

એકતાનું કહું છું ત્યારે એકતાના બાધક એવા એક તત્ત્વનો ઉલ્લેખ ન કરું તો મારું કહેવું અધુરું રહે. તે છે શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજના અને દિગમ્બર સમાજ વચ્ચે તીર્થો સંબંધિના સંઘર્ષનો. આ વિષય નાજુક છે અને મારે કાંઈ એવું કહેવું નથી કે જેથી ગેરસમજણ અથવા મતભેદ વધે. હું જે કાંઈ કહું છું તે અતિ નમ્રતાપૂર્વક અને ખૂબ વિચાર પછી કહું છું. આ સંઘર્ષ ત્રણ ચાર વર્ષોથી વધારે ઉગ્ર સ્વરૂપ લીધું છે, જે બહુ ખેદ અને દ:ખનો વિષય છે. આ બાબતમાં જે રીતનો પ્રચાર બન્ને પક્ષે થાય છે તેમાં જૈન સમાજની હાંસી થાય છે અને ધર્મની ગ્લાનિ થાય છે. બન્ને સંપ્રદાયની પવિત્ર ફરજ છે કે કોઈ પણ ભોગે સાથે મળીને આ સંઘર્ષનો સુખદ અંત લાવે, અને ઝનૂની તત્ત્વોને દૂર રાખે. આ સંબંધે અંતરીક્ષજી તીર્થ વિષે શેઠ કસ્તુરભાઈ લાલભાઈ તથા શ્રી લાલચંદ હીરાચંદ વચ્ચે જે મંત્રણા ચાલે છે તેને હું આવકારું છું અને અંત:કરણપૂર્વક આશા રાખું છું કે આ મંત્રણા સફળ થશે અને તેવી જ રીતે બીજાં તીર્થોના વિષયમાં પણ સમાધાન થશે. લાખોનાં ખર્ચ કરવા, સરકાર અને કોર્ટ - કચેરીમાં વર્ષો ગાળવા એ કોઈ રીતે શોભાસ્પદ નથી. તીર્થો ઉપર માલિકીની ભાવના હોય નહિ. ઊભયમાન્ય તીર્થોમાં સંયુકત વહીવટ અને યથાવત્ સ્થિતિ જાળવવી અને બન્ને પક્ષની સંમતિ વિના મૂર્તિના સ્વરૂપમાં પૂજાની વિધિમાં અથવા તીર્થમાં કાંઈ ફેરફાર ન કરવો એવા કોઈ માર્ગે કાયમી સમાધાન શકય થાય એમ મને લાગે છે. આ માત્ર સૂચના જ છે, પણ આપણા સમાજની એકતા માટે આ એક મોટું બાધક તત્ત્વ છે અને તેથી ઉશ્કેરણીનું વાતાવરણ રહે છે. સાંપ્રદાયિક પક્ષોને પણ મારી વિનંતિ છે કે આ વિષે લખતા પૂરો સંયમ જાળવે. અંતે સમાધાન કરવું જ પડવાનું છે અને તો પછી તેને વિષમ ન બનાવીએ.

જૈન સમાજની એકતા અને ગૌરવને સાર્થક બનાવવાનો ભવ્ય પ્રસંગ આપણી સમક્ષ આવી રહ્યો છે. તે છે ભગવાન મહાવીરનો ૨૫૦૦મો નિર્વાણ મહોત્સવ. મને જણાવતાં ઘણો આનંદ થાય છે કે ભારત જૈન મહામંડળની પ્રેરણાથી આ મહોત્સવને ઉચિત રીતે ઊજવવા માટે શેઠ કસ્તુરભાઈ લાલભાઈના પ્રમુખપદે સર્વ સંપ્રદાયોની એક સમિતિ નિયુકત થઈ છે અને તે સમિતિએ કામ શરૂ કરી દીધું છે. આ સમિતિની રચના હજી પૂરી નથી થઈ. અનેક આગેવાન વ્યકિતઓ અને વિદ્વાનોના સહકાર માટે નિમંત્રણો મોકલાયા છે અને સારો સહકાર મળી રહ્યો છે. સમિતિની સૂચનાથી ડૉ. ઉપાધ્યેએ સાહિત્ય–પ્રકાશનની એક યોજના તૈયાર કરી છે, જે ઘણા વિદ્વાનોને મોકલવામાં આવી છે અને તેમની સૂચનાઓ માગી છે. પછી તે યોજનાને છેવટનું સ્વરૂપ આપશે. આ એક વિશાળ યોજના છે, જેની પાછળ લગભગ રૂપિયા પાંચ થી છ લાખ ખર્ચ થવા અંદાજ છે. તે ઉપરાંત ઉત્સવનાં બીજા કાર્યક્રમો પણ છે. આ બધા માટે ફંડ શરૂ કર્યું છે. અને તેમાં ઉદારતાથી પોતાનો ફાળો આપવા જૈન ભાઈઓ અને બહેનોને મારી આગ્રહભરી વિનંતિ છે. હું આશા રાખું છું કે સમસ્ત જૈન સમાજ સાથે મળીને આ ભવ્ય પ્રસંગ ઊજવશે. તેમાં જે ભાઈઓ અને બહેનોને કાંઈ સૂચના કરવી હોય તે નિ:શંક કરી શકે છે. આ કાર્યમાં કોઈનો મતાગ્રહ કે સાંપ્રદાયિક ભાવ નહિ રહે. વર્તમાનપત્રોને પણ મારી વિનંતિ છે કે આ કાર્યમાં પૂરો સાથ અને સહકાર આપે અને કોઈ શંકા - કુશંકા ન કરે.

જગતમાં આજે સર્વત્ર ભારે અશાંતિ અને સંઘર્ષ દેખાય છે. દુનિયાના સીમાડા ભૂંસાઈ ગયા છે. દિશા અને કાળના અંતર લોપ થયા છે. ખરેખર વિશ્વબંધુત્વની ભાવનાને મૂર્તિમંત કરવાનો અવસર અને તક મળ્યાં છે. અને ત્યારે જ માનવીની મતિ મૂંઝાઈ ગઈ છે. વિજ્ઞાને અદ્‌ભુત અને કલ્પનાતીત સાધનો મનુષ્યને ચરણે ધર્યાં છે. ઈશ્વર સદ્‌બુદ્ધિ સુઝાડે તો અઢળક ઉત્પાદન કરી શકાય અને દુનિયામાં કોઈ માનવી ગરીબ કે નિરાધાર ન રહે. પણ દુર્ભાગ્યે બુદ્ધિના વિકાસ સાથે હૃદયની વિશાળતા અને ઉદારતા આવી નથી. માણસની તૃષ્ણા અને લોભ, ભૌતિક શકિત વધવા સાથે, વધતાં રહ્યા છે. જીવનમાં સંયમ ઘટયો છે અને કામભોગની લાલસા વધી છે. માણસે પોતાનું જીવન જટિલ અને ઘેરાયેલું બનાવ્યું છે. આ ઈન્દ્રજાળમાંથી છૂટવાનો માર્ગ તેણે જ શોધવાનો છે. માણસ પોતે જ પોતાનો મિત્ર છે અને પોતાનો શત્રુ છે. તેનો આત્મા જાગૃત થયા વિના રહે જ નહિ. અંધકાર ઘેરો હોય ત્યારે ઉષાનાં કિરણ ફૂટે. મનુષ્ય-હૃદયની અંતરકરૂણા અને પ્રેમ અને મૈત્રીની ભાવનાનો જ છેવટે વિજય થાય છે. સત્ય તો એ જ છે કે:

मित्ती मे सव्वभूएसु, वेरं मज्झं न केणई।

આપણા સૌના અંતરમાં આ ભાવના જાગૃત થાઓ એવી મારી પ્રાર્થના છે–ફરીથી આપ સૌનો અંત:કરણપૂર્વક આભાર માનું છું.

ચીમનલાલ ચકુભાઈ શાહ

દિલ્હીમાં અહિંસા કૉલેજની થનારી સ્થાપના

અહિંસા કૉલેજ સોસાયટીના પ્રમુખ ડૉ. બૂલચંદ (કે. ૪૦, જંગપુરા એકસટેન્શન, નવી દિલ્હી-૧૪) તરફથી મળેલો પરિપત્ર જણાવે છે કે દિલ્હી ખાતે વિશ્વ અહિંસા સંઘ તરફથી અહિંસા કૉલેજની સ્થાપના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અહિંસા કૉલેજને દિલ્હી યુનિવર્સિટી તરફથી માન્યતા મળી ચૂકી છે. શરૂઆતમાં બી. એ. પાસ કોર્સ સુધીના શિક્ષણની આ કોલેજમાં વ્યવસ્થા કરવામાં આવશે. આ કૉલેજના પ્રયોજકોએ દિલ્હી યુનિવર્સિટીને ખાત્રી આપી છે કે સંભવત: એક વર્ષના ગાળામાં બી. એસ. સી. સુધીના શિક્ષણની આ કૉલેજમાં વ્યવસ્થા કરવામાં આવશે. એટલા જ ગાળામાં બી. એ.ના કેટલાક વિષયોમાં ઓનર્સ કોર્સનું શિક્ષણ આપવાનો પણ પ્રબંધ કરવામાં આવશે. આ કૉલેજ તરતમાં ન્યુ રાજેન્દ્ર રોડ ઉપર, શંકર રોડ ઉપર આવેલા અહિંસા ભવનના મકાનમાં શરૂ કરવામાં આવશે.

દિલ્હીમાં સ્થપાયેલ વિશ્વ અહિંસા સંઘ જેના ઉપક્રમે આ અહિંસા કૉલેજ ઊભી કરવામાં આવનાર છે તેનો હેતુ આગળ જતાં અહિંસા યુનિવર્સિટી ઉભી કરવાનો છે. પ્રસ્તુત પરિપત્ર અહિંસાપ્રેમી જનતાને નીચે જણાવેલી રીતે આર્થિક મદદ આપવાનો અનુરોધ કરે છે :

રૂા. ૧૧૦૦૦ અથવા તેથી વધારે રકમ આપનાર અહિંસા કૉલેજ સોસાયટીનો અભિભાવક (પેટ્રન) અને આજીવન સદસ્ય લેખાશે. રૂા. ૬૦૦૦ અથવા તેથી વધારે રકમ આપનાર વિશ્વ અહિંસા સંઘના સ્થાપક સભ્ય અને આજીવન સદસ્ય લેખાશે.

રૂા. ૧૦૦૦ અથવા તેથી વધારે રકમ આપનાર આજીવન સદસ્ય લેખાશે.

આ કાર્યમાં સહકાર આપવા ઈચ્છતા ગૃહસ્થોને ઉપર જણાવેલ ઠેકાણે ડૉ. બૂલચંદજી સાથે પત્રવ્યવહાર કરવા પ્રાર્થના છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘની વિવિધ પ્રવૃત્તિઓને થયેલું અર્થસિંચન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

૩૧૫૫ શ્રી જોળીમાં આવ્યા
૫૦૧ „ રામજી શામજી વિરાણી
૫૦૦ „ કામાણી ચેરીટી ટ્રસ્ટ
૪૦૧ „ કેશવલાલ તલકચંદની કું.
૩૦૧ „ રસિકલાલ મોહનલાલ ઝવેરી
૨૫૧ „ ચીમનલાલ ચકુભાઈ શાહ
૨૫૧ „ ગુજરાતી કેળવણી મંડળ, માટુંગા
૨૫૧ „ જ્યંતિલાલ રતનચંદ શાહ
૨૫૧ „ એક સદ્‌ગૃહસ્થ
૨૫૧ „ ચીમનલાલ પેપર કું.
૨૫૦ „ ખીમજી માડણ ભુજપુરીયા
૨૫૦ „ મધુરીબહેન અમૃતલાલ શાહ
૨૦૧ „ વીશા પ્રિન્ટરી
૨૦૧ „ સુબોધભાઈ એમ. શાહ
૨૦૧ „ બાબુભાઈ ગુલાબચંદ શાહ
૨૦૧ „ લીલાલધર પાસુ
૨૦૧ „ એક સદ્‌ગૃહસ્થ
૨૦૧ „ શાદીલાલજી જૈન
૨૦૧ „ રમણલાલ ચંદુલાલ
૨૦૧ „ લાલભાઈ મોહનલાલ શાહ
૨૦૧ „ છગનલાલ લધુભાઈ
૨૦૦ „ અરજણ ઍન્ડ દેવજી ખીમજી સાર્વજનિક ટ્રસ્ટ
૨૦૦ „ ચંદુલાલ મોહનલાલ ઝવેરી
૧૫૧ „ ફત્તેહચંદ લલ્લુભાઈ શાહ
૧૫૧ „ ચંચળબહેન ટી. જી. શાહ
૧૫૧ „ એક સદ્‌ગૃહસ્થ તરફથી
૧૫૦ „ તારાચંદ ધનજી
૧૦૨ „ નંદલાલ છગનલાલ (વ્યાખ્યાનમાળાને)
૧૦૧ „ મફતલાલ ભીખાચંદ શાહ
૧૦૧ „ ચંદુલાલ કોઠારી
૧૦૧ „ કે. પી. શાહ
૧૦૧ „ કે. એમ. દિવાનજી
૧૦૧ „ એક સદ્‌ગૃહસ્થ
૧૦૧ „ પી. રતિલાલની કું.
૧૦૧ „ ગણપતલાલ મગનલાલ ઝવેરી
૧૦૧ „ મોંઘીબહેન હીરાલાલ શાહ
૧૦૧ „ ટોકરસી કે. શાહ
૧૦૧ „ નીરૂ એન્ડ કું.
૧૦૧ „ વાડીલાલ જેઠાલાલ શાહ
૧૦૧ „ એક ભાઈ તરફથી
૧૦૧ „ લખમશી નેણસી
૧૦૧ „ ડૉ. પ્રવિણભાઈ વકીલ
૧૦૧ „ મેઘજી પી. શાહ
૧૦૧ „ ઈન્દુમતીબહેન મુનસીફ
૧૦૧ „ દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી
૧૦૧ „ હીરાબહેન દીપચંદ સંઘવી
૧૦૧ સ્વ. શ્રી અંબાલાલ ચતુરભાઈ શાહના સ્મરણાર્થે તેમના કુટુંબીજનો તરફથી
૧૦૧ શ્રી જ્યંતિલાલ અંબાલાલ શાહ
૧૦૧ „ ઉર્મિલાબહેન જ્યંતીલાલ શાહ
૧૦૧ „ નૌતમલાલ દીપચંદ શાહ
૧૦૧ „ વીરજનજી નરસી વોરા
૧૦૧ „ મોહનલાલ કે. શાહ
૧૦૦ „ કાન્તાબહેન ઝવેરી
૧૦૦ „ મહાસુખલાલ ભાઈચંદ
૧૦૦ „ મનુભાઈ ગુલાબચંદ કાપડિયા
૧૦૦ „ ઈશ્વરલાલ નારાણજી શાહ
૧૦૦ „ પોપટલાલ હીરજી
૧૦૦ „ તારાબહેન ચંદુલાલ ઝવેરી
૧૦૦ „ રીષભદાસજી રાંકા
૭૫ „ ભગવાનદાસ પોપટલાલ
૫૨ એક ભાઈ તરફથી
૫૧ „ ચંદુલાલ સાંકળચંદ શાહ
૫૧ „ પ્રવિણભાઈ મંગળદાસ શાહ
૫૧ „ સુનીતાબહેન શેઠ
૫૧ „ લલીતાબહેન લાલભાઈ
૫૧ „ હીરાલાલ એચ. ગાંધી
૫૧ „ ખેતસી માલસી સાવલા
૫૧ „ વિજ્યાબહેન દુર્લભજી પરીખ
૫૧ „ એક સદ્‌ગૃહસ્થ
૫૧ „ મંગળજી ઝવેરચંદ મહેતા
૫૧ „ નરસી કોરસીની કું.
૫૧ „ કમળાબહેન ભોગીલાલ
૫૧ „ હિંમતલાલ લાડકચંદ વોરા
૫૧ „ સુરજબહેન મનસુખલાલ કોઠારી
૫૧ „ મુકતાબહેન લાભુભાઈ સંઘવી
૫૧ „ ન્યાલચંદ જીવણલાલ મહેતા
૫૧ „ કેશવજી લખમશી દેઢીઆ
૫૧ „ અમીચંદ જે. શાહ
૫૧ „ તારાબહેન ચીમનલાલ શ્રોફ
૫૧ „ પ્રવિણચંદ્ર હેમચંદ અમરચંદ
૫૧ „ દીપચંદ ત્રી. શાહ
૫૧ „ સુંદરલાલ ડાહ્યાલાલ
૫૧ „ અરવિંદ મોહનલાલ ચોકસી
૫૧ „ મહેન્દ્રકુમાર શાંતિલાલ
૫૧ „ ચંદ્રકાન્ત મણિલાલ શાહ
૫૧ „ સેવંતીલાલ ખેમચંદ
૫૧ „ હિંમતલાલ જગજીવનદાસ તલસાણિયા
૫૦ „ રતિલાલ ચીમનલાલ કોઠારી
૫૦ „ અમીચંદ ખેમચંદ શાહ
૫૦ „ કાંતિલાલ ભાઈચંદ શાહ
૫૦ „ જ્યંતિલાલ પોપટલાલ
૫૦ „ હીરજી શીવજીની કું.,
૩૧ „ સૂર્યકાન્ત વાડીલાલ શાહ
૩૧ „ જ્યંતિલાલ જગાભાઈ શાહ
૩૧ „ નરેન્દ્ર કે. શાહ
૩૦ „ રમણીકલાલ પ્રભુદાસ શાહ
૨૫ „ પરમાનંદ કુંવરજી કાપડિયા
૨૫ „ પ્રો. રમણલાલ ચી. શાહ
૨૫ „ મોહનલાલ આર. પરીખ
૨૫ „ લવણપ્રસાદ શાહ
૨૫ „ મેનાબહેન નરોત્તમદાસ
૨૫ „ મણિબહેન સવચંદ કાપડિયા
૨૫ „ મણિબહેન શીવલાલ
૨૫ „ જી. ડી. દફતરી (પ્ર. જીવનને)
૨૫ „ રમણીકલાલ જોશી
૨૫ „ જગજીવન પોપટલાલ
૨૫ „ વીરજી વેરસી
૨૫ „ નેણશી રવજી
૨૫ „ મહેન્દ્રલાલ મોહનલાલ શાહ
૨૫ „ જે. કે. શાહ
૨૫ „ મોહનલાલ નગીનદાસ જરીવાલા
૨૫ „ સુશીલાબહેન કોઠારી
૨૫ „ ગીરગામ કેમિસ્ટ
૨૫ „ રમણલાલ લાલભાઈ લાકડાવાળા
૨૫ „ હરસી વેલજી દેઢીઆ
૨૫ „ ધીરજલાલ મલુકચંદ દોશી
૨૫ „ ટોકરસી ભુલાભાઈ વીરા
૨૫ „ અરૂણ કે. મુનસીફ
૨૫ „ માણેકલાલ હરગોવિંદદાસ
૨૫ „ કાંતિલાલ નથુભાઈ પારેખ
૨૫ „ કેશવલાલ એમ. શાહ
૨૨ „ જી. ચીમનલાલ બ્રધર્સ
૨૧ „ નેમચંદ નાથાલાલ
૨૧ „ કોરશી હીરજી શાહ
૨૧ „ રાજેન્દ્ર અમૃતલાલ
૨૧ „ લક્ષ્મીકાન્ત ચુનીલાલ ઝોડીવાલા – ખંભાત
૨૦ „ કસ્તુરીબહેન મૈશેરી
૨૦ „ બાબુલાલ કેશવલાલ
૨૦ „ હેમચંદ વીરજી ખોના
૨૦ „ મૂળચંદભાઈ પ્રેમજી
૧૫ „ વેણીબહેન કાપડિયા
૧૫ „ કેશવલાલ ન. શાહ
૧૫ „ રમણીકલાલ વાડીલાલની કું.,
૧૧ „ સુખલાલ મનસુખલાલ મહેતા
૧૧ „ સુધાબહેન અરૂણકુમાર ઝવેરી
૧૧ „ તરૂણા વીપીન શાહ
૧૧ „ જ્યાબહેન પ્રવીણચંદ્ર શાહ
૧૧ „ ડૉ. હસમુખલાલ ચીમનલાલ કુહાડીઆ
૧૧ „ અમૃતલાલ જેસીંગભાઈ પટણી
૧૧ „ શાંતિલાલ એ. શાહ
૧૧ „ રમણીકલાલ મણિલાલ શાહ
૧૧ „ અનુભાઈ અમૃતલાલ ઝવેરી
૧૧ „ ભાણજી ઠાકરશી દેઢીઆ
૧૧ „ શામજી નેણશી ઘરોડ – પૂના,
૧૧ „ જ્યંતિલાલ એસ. ઓઝા
૧૧ „ લીલાબહેન શાહ
૧૧ „ એક સદ્‌ગૃહસ્થ તરફથી
૧૧ „ અનુભાઈ અમૃતલાલ ઝવેરી
૧૧ „ ગુણવંતીબહેન ચીનુભાઈ ચોકસી
૧૧ „ ચંપકલાલ મૂળચંદ લાખાણી
૧૧ „ મૂળચંદ નાનાલાલ
૧૧ „ અમૃતલાલ જીવરાજ દોશી
૧૧ „ વિનોદચંદ્ર જે. શાહ
૧૧ „ કુમુદચંદ્ર ચાંપશી છેડા
૧૧ „ મેઘજી ખીમજી
૧૧ „ શામજી વીસનજી
૧૧ „ જયન્તીલાલ શાન્તીલાલ શાહ
૧૧ „ ચંદ્રકાન્ત નાગરદાસ
૧૧ „ પી. ડી. શાહ
૧૧ „ કસ્તુરચંદ ડી. શાહ
૧૦ „ ઉમરશી કુરપાળ
૧૦ „ શામજી ચનાભાઈ
૧૦ „ મંગળાબહેન દેસાઈ
૫૯ „ પરચુરણ રકમો દસથી નીચેની

૧૫,૨૧૯

આ ઉપરાંત વાચનાલય–પુસ્તકાલયને રૂ. ૧,૩૯૨ની રકમ પ્રાપ્ત થઈ છે તેની યાદી આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ–૩.
મુદ્રણસ્થાન : ધી રેટેન્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૦ : અંક ૧૨

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ઑક્ટોબર ૧૬, ૧૯૬૮, બુધવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્રકીર્ણ નોંધ

જ્યારે મહામાનવ સામાન્ય માનવીના સ્તર પર સરકી પડે છે ત્યારે–

પર્યુષણ વ્યાખ્યાનમાળા પૂરી થવા બાદ લગભગ એક મહિનાને ગાળે મુંબઈ ખાતે આચાર્ય રજનીશજીનાં 'કામ, ધર્મ અને જીવન' ઉપર પાંચ વ્યાખ્યાનો ગોવાલિયા ટેન્કના મેદાનમાં સાંજના સમયે ગોઠવાયાં હતાં. આમાંથી વરસાદના કારણે સાંજનું એક વ્યાખ્યાન રદ કરવું પડ્યું હતું, બાકીનાં વ્યાખ્યાનોમાં, તેમણે પર્યુષણ વ્યાખ્યાનમાળામાં જે વિષય રજૂ કર્યો હતો તે કામ–વિચારને જ વિસ્તારીને શ્રોતા–સમુદાયને તે અંગે મર્મસ્પર્શી સમજણ આપી હતી. આ વિષય ઉપર બોલવાની પ્રેરણા તેમને પર્યુષણ વ્યાખ્યાનમાળાના તેમના વિવરણે પેદા કરેલા પ્રતિકુળ પ્રત્યાઘાતોએ આપી હતી એમ તેમણે જણાવ્યું હતું, અને એ માટે તે સભાના પ્રયોજકોનો તેમણે ખાસ આભાર માન્યો હતો. ઉપર જણાવેલ ચાર વ્યાખ્યાનો દરમિયાન તેમણે જે વિવેચન કર્યું હતું તે કેટલાંક ભાઈબહેનોને આવા નાજક વિષય બહુ ઊંડો માર્મિક પ્રકાશ પાડનારું લાગ્યું હતું, તો તેમાં કરવામાં આવેલાં અમુક આત્યન્તિક અને વિચિત્ર વિધાનોના કારણે કેટલાકને આઘાત પમાડનારું બન્યું હતું. એ જે હોય તે. અહીં તેમનાં તે વ્યાખ્યાનોની કોઈ આલોચના કરવાનો આશય નથી. અહીં તો છેલ્લા દિવસના તેમના વ્યાખ્યાન દરમિયાન પર્યુષણ વ્યાખ્યાનમાળાના છેલ્લા દિવસની સભા અંગે તેમણે જે કાંઈ છૂટાછવાયા ઉલ્લેખો કરેલા મારા જાણવામાં આવ્યા–કારણ કે તે દિવસો દરમિયાન હું ભારત જૈન મહામંડળના ૪૦મા અધિવેશનમાં ભાગ લેવા માટે જોધપુર ગયો હતો અને તેમનાં આ વ્યાખ્યાનોના પરમ લાભથી હું વંચિત રહ્યો હતો–તે વિષે થોડુંક વિવેચન અને ખુલાસો કરવાનો આ નોંધનો આશય છે.

આચાર્ય રજનીશજીએ એવી એક બહેન કે જે પરણેલી છે અને માતા પણ છે અને એ કારણે જેનો સંભોગ અને 'સેક્સ' સાથે ગાઢ સંબંધ રહ્યો છે આમ છતાં પણ તેમના વિવાદાસ્પદ વ્યાખ્યાનથી આઘાત પામેલી છે તેવી બહેનનો ઉલ્લેખ કર્યો હતો. આ ઉપરાંત, કોઈ તરફથી તેમને મળેલા નનામા પત્રનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો. એ પત્રમાં તેમના જણાવવા પ્રમાણે જો રજનીશજી આવાં વ્યાખ્યાનો આપવાનું ચાલુ રાખશે તો તેમને બંદૂકની ગોળીથી ઠાર કરવાની પત્રલેખકે ધમકી આપી હતી. આ સંબંધમાં તેમણે એ મતલબનું જણાવ્યું હતું કે "આ પત્રલેખક ભાઈ આ શ્રોતાસમુદાયમાં હોય તો તેને મારી વિનંતિ કે હું આવી કોઈ ધમકીથી જરા પણ બીતો નથી, પણ તેઓ મને આટલી સીધી શહીદી ન અપાવે એમ ઈચ્છું છું. ઈશુ ખ્રિસ્ત આ રીતે શહીદ થઈ ગયા. મહાત્મા ગાંધી પણ આ રીતે શહીદ થઈ ગયા હતા અને એથી એ બન્ને હતા તેથી વધારે મોટા લેખાયા. તેઓ તો મહાત્માઓ હતા. મારે એવા કોઈ મહાત્મા થવું નથી, પણ મારે તો મહામાનવ બનવું છે."

ત્યાર બાદ ઉપર જણાવેલ ભારતીય વિદ્યાભવન ખાતેના પોતાના વિવાદાસ્પદ બનેલા વ્યાખ્યાનનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે, "એ વ્યાખ્યાન પૂરું થયું ત્યારે વ્યાખ્યાનસભાના યોજનારાઓમાંથી ન કોઈ મને ધન્યવાદ આપવા આવ્યું કે ન કોઈ મારો આભાર માનવા આવ્યું. વ્યાખ્યાન પૂરું થવા સાથે એ સફેદ ટોપીવાળાઓ ભડકના માર્યા ક્યાંના ક્યાં ગાયબ થઈ ગયા હતા. મને તો માત્ર કેટલાક યુવકો ઘેરી વળ્યા હતા અને મારા વ્યાખ્યાન અંગે પોતાની પ્રસન્નતા મુક્તકંઠે વ્યક્ત કરતા હતા."

પ્રસ્તુત વ્યાખ્યાનમાળાનો હું મુખ્ય આયોજક હોઈને ઉપરના આક્ષેપનો મારે ખુલાસો કરવો જ જોઈએ એમ મને ફરજરૂપે ભાસે છે. એક બાબત તો એ જણાવવાની કે આચાર્ય રજનીશજીના કોઈ પણ વ્યાખ્યાન અંગે એવી સમજૂતી રહી છે કે તેમના વ્યાખ્યાન બાદ કશો આભારવિધિ કે સમાપનવિધિ થવો ન જ જોઈએ, એટલે કે, તેમનું વ્યાખ્યાન પૂરું થવા સાથે સભા વિસર્જન થવી જોઈએ. આ સમજૂતી અનુસાર અમારી ઈચ્છા હોય તો પણ આભારને લગતી ઉપચારવિધિ કે ઉપસંહાર કરવાનું અમારા માટે શક્ય જ નહોતું. બાકી તેમનું વ્યાખ્યાન કોઈને ગમ્યું હોય કે ન ગમ્યું હોય, અને સંભવ છે કે પોતાનો અહોભાવ વ્યક્ત કરવા તેમની આસપાસના ટોળાને વીંધીને અમારામાંથી કોઈ તેમની પાસે ગયું ન પણ હોય, આમ છતાં સર્વ કાર્યકર્તાઓ શ્રોતાઓનું ટોળું વિખેરાઈ ન જાય ત્યાં સુધી પોતપોતાને સ્થાને સ્વસ્થપણે ઊભેલા જ હતા અને તેમના યજમાન અને અમારા સંઘના સભ્ય અને પ્રતિનિધિ શ્રી રમણલાલ સી. શાહ આચાર્યશ્રીને વ્યાખ્યાનસભાના સ્થળે જેમ લઈ આવ્યા હતા એ જ રીતે પ્રશંસકોના ટોળામાંથી તેમને છૂટા કરીને પોતાના નિવાસ-સ્થાને લઈ ગયા હતા. અને બીજે દિવસે સાંજે તેઓ જબલપુર મેઈલમાં બોરીબંદરથી વિદાય થયા ત્યારે તેમની ઘૃણાને પાત્ર બનેલા પેલા કમનસીબ ધોળી ટોપીવાળાઓમાંનો એક એવો હું મારી ફરજ સમજીને તેમને સ્ટેશને ખાસ વળાવવા ગયો હતો. મારા મિત્ર શ્રી ચંદુલાલ મોહનલાલ ઝવેરી જેઓ ધોળી ટોપી પહેરે છે તેઓ પણ મારી સાથે હતા.

આજ કાલ સામાન્ય લોકોની વાતો દરમિયાન અંતરમાં રહેલી ઘૃણા અથવા તો તિરસ્કારને વ્યક્ત કરતા શબ્દો- પેલા કૉંગ્રેસવાળા, પેલા સફેદ ટોપીવાળા, પેલા ખાદીધારી, પેલા પ્રધાનો–આવા શબ્દો આપણા કાને અવારનવાર અથડાય છે,પણ જેમને આપણે એક મહામાનવ તરીકે લેખીએ છીએ અને પૂજીએ છીએ અને આપણામાંના કેટલાક જેમને એક સન્તના સ્થાને મૂકે છે એવા આચાર્યશ્રીના મોઢેથી પણ દિલમાં રહેલી સુગને દાખવતા–"પેલા સફેદ ટોપીવાળાઓ"–આ શબ્દો આપણે સાંભળીએ છીએ ત્યારે આપણા આશ્ચર્યનો પાર રહેતો નથી. અસામાન્ય લેખાતા મહાનુભાવો પણ જ્યારે સામાન્ય

માનવીના સ્તર ઉપર આ રીતે સરકી પડતા આપણે જોઈએ છીએ ત્યારે તેઓ અને આપણે આખરે એક જ માટીના બનેલા છીએ એવું કઠોર ભાન આપણને થઈ આવે છે અને આપણા દિલમાં જડાયેલી પ્રતિમા ખંડિત થતી લાગે છે.

ભારત જૈન મહામંડળનું ૪૦ મું અધિવેશન

૭૧ વર્ષ જેટલું લાંબું આયુષ્ય ધરાવતી સંસ્થા શ્રી ભારત જૈન મહામંડળનું ૪૦મું અધિવેશન ગયા સપ્ટેમ્બર માસની ૨૯ તથા ૩૦મી તારીખે જોધપુર મુકામે મળી ગયું. આપણ સર્વને સુવિદિત એવા શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ આ અધિવેશનના પ્રમુખસ્થાને હતા. સમગ્ર જૈન સમાજનું એકીકરણ એ ભારત જૈન મહામંડળનો મુખ્ય ઉદ્દેશ છે. એ ઉદ્દેશની સિદ્ધિ સાથે જોડાયેલા અને જૈન સમાજના અન્તર્ગત એવા અનેક પ્રશ્નો અંગે પ્રમુખસ્થાનેથી અપાયલા અને પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં પ્રગટ કરવામાં આવેલા શ્રી ચીમનભાઈના વ્યાખ્યાનમાં વિશદ આલોચના કરવામાં આવી છે અને સ્પષ્ટ માર્ગદર્શન કરાવવામાં આવ્યું છે. પુરસ્તુત અધિવેશનમાં પસાર કરવામાં આવેલા પ્રસ્તાવો આ જ અંકમાં અન્યત્ર આપવામાં આવ્યા છે. આ પ્રસ્તાવો ઉપરથી પ્રસ્તુત અધિવેશનમાં થયેલી કાર્યવાહીનો સામાન્ય ખ્યાલ પ્રબુદ્ધ જીવનના વાચકોને આવી શકે તેમ છે.

શ્રી ચીમનભાઈ પ્રમુખ હતા, એટલે ખાસ આકર્ષાઈને આ અધિવેશનમાં ભાગ લેવા અમે કેટલાક મિત્રો જોધપુર ગયા હતા. મુંબઈથી આવેલી વ્યક્તિઓમાં શાહુ શ્રેયાંસપ્રસાદ જૈન અને શેઠ લાલચંદ હીરાચંદની ઉપસ્થિતિ ખાસ ધ્યાન ખેંચે તેવી હતી. આ ઉપરાંત, શ્રી દુર્લભજી કેશવજી ખેતાણી; શેઠ ફૂલચંદ શામજી, શ્રી ગીજુભાઈ મહેતા, શ્રી મણિલાલ વીરચંદ, શ્રી ખીમચંદ કે. વોરા તથા શ્રી રમણલાલ સી. શાહ–મુંબઈથી આવ્યા હતા. શ્રી રિષભદાસ રાંકા અધિવેશનના સૂત્રધારના સ્થાને હતા. બિકાનેરથી આવેલા વિદ્વર્ય શ્રી અગરચંદ નહાયની હાજરી તેમની વિશિષ્ટ વેશભૂષાના કારણે ખાસ ધ્યાન ખેંચતી હતી. ભારત જૈન મહામંડળના પ્રાણરૂપ શ્રી ચિરંજીલાલ બડજાતે પક્ષઘાતથી વિકલ બનેલા હોવા છતાં ઠેઠ વર્ધાથી ઉદેપુર થઈને અહિં આવ્યા હતા. ભારત જૈન મહામંડળ પ્રત્યેની તેમની આવી નિષ્ઠા અને ધગશ જોઈને કોઈને પણ આશ્ચર્ય થયા વિના ન જ રહે.

જોધપુર શહેર જૈન વસ્તીનું એક મોટું કેન્દ્ર છે. સ્થાનકવાસી તેમ જ શ્વેતાંબર મૂ. મળીને જોધપુરમાં આશરે ૩૫ થી ૪૦ હજાર જૈનોની વસ્તી હોવાનું માનવામાં આવે છે. આ વિચારતાં અધિવેશનમાં ઉપસ્થિત ભાઈબહેનોની ૧૦૦૦ થી ૧૫૦૦ની હાજરી નિરાશાજનક લેખાય. આવી અલ્પસંખ્યા એમ સૂચવે છે કે જૈન સમાજમાં એકતાના વિચારની પકડ હજુ જોઈએ તેટલી જામી નથી. આમ છતાં જેની ભવિષ્ય તરફ નજર છે તેવા જૈનોએ, વર્તમાનમાં નજરે પડતી એકતાવિષયક ઉદાસીનતાથી નિરાશ કે નિરુત્સાહ ન બનતાં એકતાના વિચારને આગળ ને આગળ ધપાવવાનો જ રહે છે. જૈન સમાજના ટકાવ અને ઉત્કર્ષનો આધાર આ એકતા ઉપર જ રહેલો છે.

શ્રી ચીમનભાઈની કુશળ કાર્યવાહીને લીધે વિષયવિચારિણી સમિતિનું કાર્ય અઢી-ત્રણ કલાકમાં પૂરું થયું હતું અને ચર્ચાવિચારણાને અંતે નક્કી કરવામાં આવતા પ્રસ્તાવો વિષયવિચારિણી સમિતિમાં તેમ જ અધિવેશનની ખુલ્લી બેઠકમાં સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા. પ્રસ્તાવો ઉપર કરવામાં આવેલાં વિવેચનો પણ પરિમિત અને મુદ્દાસરના હતા. પ્રસ્તાવો મોટા ભાગે અધિવેશનના દિવસોમાં જ નક્કી કરવામાં આવેલા હોઈને વધારે પડતાં લાંબા અને સ્થળે સ્થળે પુનરુક્તિથી દૂષિત બન્યાં હતાં. એમ છતાં દરેક ઠરાવ પાછળ રહેલ મુખ્ય વિચાર એકીકરણની દષ્ટિએ ઉપયોગી અને મહત્ત્વનો હતો.

ભારત જૈન મહામંડળનું હજુ જૈન સમાજ ઉપર બહુ જ ઓછું વર્ચસ્ જામેલું છે. સામાન્ય જૈનો પોતપોતાના સંપ્રદાયની બહાર ભાગ્યે જ નજર નાખે છે. અખિલ જૈન સમાજની દષ્ટિએ બહુ જ ઓછી વ્યક્તિઓ વિચાર કરતી હોય છે. આ રીતે વિચારતાં ભારત જૈન મહામંડળના અધિવેશનોમાં પસાર કરવામાં આવતા ઠરાવો Pious Resolutions–શુભભાવનાલક્ષી પ્રસ્તાવો–જેવા બની રહે છે. હજુ તે પાછળ કોઈ Sanction–તેનો અમલ કરવાની ફરજ પાડતું કોઈ બળ – નજરે પડતું નથી, અનુભવાતું નથી. આ રીતે વિચારતાં ભગવાન મહાવીરના જન્મદિવસની છૂટ્ટીને લગતા ઠરાવમાં આગામી મહાવીર જયન્તી સુધીમાં કેન્દ્રીય સરકાર તેમ જ રાજ્ય સરકારો તેવી છૂટ્ટીનો સ્વીકાર ન કરે તો તે અંગે દેશવ્યાપી અહિંસક તથા પ્રભાવશાળી આન્દોલન મંડળ તરફથી ઉપાડવાનું સૂચન કરવામાં આવ્યું છે. આ ઠરાવ મંડળની અને તેના પ્રમુખની કાર્યક્ષમતાને પડકારરૂપ છે. એ ઠરાવમાં જે માગણી કરવામાં આવી છે તેનો મહાવીર જયન્તી સુધીમાં ભારત સરકાર તરફથી સ્વીકાર કરવામાં આવે તો તે જરૂર આપણ સર્વને માટે આનંદ અને અભિનંદનનો વિષય બનશે. પણ એ મુજબ ન થયું–અને ન થવાનો સંભવ મારી સમજણ મુજબ વધારે છે–તેવી પરિસ્થિતિમાં મંડળના પ્રમુખ કેવું માર્ગદર્શન આપે છે અને મંડળ શું કાર્ય કરી દેખાડે છે તે જોવાનું રહે છે.

જૈનોના એકીકરણના માર્ગમાં સૌથી મોટી આડખીલી શ્વેતાંબરો અને દિગંબરોના ઉભયમાન્ય તીર્થોને લગતા ઝગડાઓ છે. આ ઝગડાઓ ઘણી વાર ઉગ્ર રૂપ ધારણ કરે છે અને તેમાંથી પરસ્પર મારામારીઓ પણ પેદા થાય છે. સરકારી કોર્ટોમાં એક યા અન્ય તીર્થને લગતા ઝઘડાઓ લડાતા જ હોય છે અને તે પાછળ શકિત અને ધનની પારવિનાની ખુવારી થયા જ કરે છે. જ્યાં સુધી ઉભયમાન્ય તીર્થો કોઈ એક સંપ્રદાયનાં નહિ પણ બન્ને સંપ્રદાયનાં છે એમ મુકત મનથી સ્વીકારવામાં ન આવે અને ઉભયમાન્ય પૂજાવિધિ નિર્ણીત કરવામાં ન આવે ત્યાં સુધી આ પ્રશ્નોનો કોઈ નિકાલ આવવાનો સંભવ નથી. આ વિચારને પૂરા અર્થમાં સ્વીકારાનારૂં અને આ તીર્થોના ઝગડામાં અમને કોઈ રસ નથી અને અમે એ હવે ચાલવા દેવા માગતા નથી–આવી દઢ પ્રતિજ્ઞા ધરાવતા અને આવા ઝગડાની સામે જેહાદ ચલાવતા યુવકોની આપણને સૌથી વધારે જરૂર છે. આવું બળ જ્યાં સુધી પેદા નહિ થાય ત્યાં સુધી એકતાની દિશાએ આપણે ચાર ડગલાં આગળ ભરીએ અને કોઈ નવું ઘર્ષણ પેદા થાય અને પાંચ ડગલાં પાછા હઠીએ–આવી આપણી દશા ચાલ્યા કરવાની છે.

ભારત જૈન મહામંડળના પ્રસ્તુત અધિવેશનના અનુસંધાનમાં તા. ૨૯મી સપ્ટેમ્બરના રોજ દિગંબર સમાજના જાણીતા કાર્યકર્તા બહેન શ્રીમતી કુસુમબહેન મોતીચંદ શાહના પ્રમુખપણા નીચે જૈન મહિલા પરિષદ પણ ભરવામાં આવી હતી તેની અહીં નોંધ લેવામાં ન આવે તો આ આલોચના અધૂરી ગણાય.

બીજી પણ એક બાબતનો ઉલ્લેખ કરવો જ જોઈએ. અધિવેશનના પહેલા દિવસની રાત્રીના મળેલી બેઠકમાં જોધપુરનિવાસી શ્રી ડી. એલ. સિંઘવીએ તથા સ્થાનિક અન્ય કાર્યકર્તાઓએ જોધપુર જિલ્લામાં પ્રવર્તતી દુષ્કાળની ભીષણ પરિસ્થિતિ અંગે દર્દભરી રજુઆત કરી હતી અને ઘાસ તથા પાણીના અભાવે મરણતોલ દશામાં રીબાઈ રહેલા હજારો પશુઓ–ગાય ઢોર વગેરે–ને લગતું હૃદયદ્રાવક ચિત્ર રજુ કર્યું હતું, આને તેના જવાબરૂપે અધિવેશનના પ્રમુખ શ્રી ચીમનભાઈએ મુંબઈમાં કાર્ય કરતાં ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર તરફથી રાહતકાર્ય માટે રૂપિયા એક લાખની રકમ મોકલવાનો પ્રબંધ કરવાની જાહેરાત કરી હતી. આ જાહેરાતથી સ્થાનિક કાર્યકર્તાઓ સુપ્રભાવિત બને એ સ્વાભાવિક છે.

અધિવેશનના કારણે અમારા એ બે દિવસો અનેક નવા પરિચયો

કરવામાં અને અનેક પ્રકારની ચર્ચાવાર્તામાં ખૂબ આનંદપૂર્વક પસાર થયા અને ભારત જૈન મહામંડળના કાર્ય વિષે અને જૈન એકતા વિષે સવિશેષ નિષ્ઠાવન્ત બનીને અમે મુંબઈ પાછા ફર્યા.

સામાન્ય છતાં અસામાન્ય જીવનપ્રતિભા

સ્વર્ગસ્થ મિત્ર ભાઈ પરમાનંદ કામદારના અવસાન અંગે એક ટૂંકી નોંધ તા. ૧૬-૯-૬૮ ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થઈ ચૂકી છે. એમ છતાં પૂજ્ય કેદારનાથજી તરફથી ત્યાર બાદ મળેલું લખાણ એટલા માટે પ્રગટ કરવામાં આવે છે કે તે લખાણ દ્વારા ભાઈ પરમાનંદ કામદારના વ્યક્તિત્વનો આપણને કોઈ જુદો જ પરિચય પ્રાપ્ત થાય છે, અને આપણી વચ્ચે વસતી હરતી ફરતી સામાન્ય દેખાતી વ્યક્તિની જીવનપ્રતિભા કેવી અસામાન્ય હતી તેનું આપણને આદરપ્રેરક દર્શન થાય છે. તે લખાણ નીચે મુજબ છે :–

"શ્રી પરમાનંદભાઈ કામદારના અવસાનના થોડા દિવસો બાદ શ્રી પરમાનંદભાઈ કાપડિયાએ કામદારભાઈ વિશે થોડું નખ્ખું આપવા મને કહ્યું, પરંતુ તે વખતે મારી પ્રકૃતિ સારી ન હતી, હું બોલી શકતો ન હતો, તેથી શ્રી કામદારભાઈ વિષે તે વખતે મારાથી કંઈ લખાયું નહિ. એમના અવસાનને ઘણા દિવસો થઈ ગયા તો પણ તેમના જવાથી મારા મનમાં આવેલી ખિન્નતા હજુ પણ ઓછી થઈ નથી તેમ જ એમના વિષેની મારી કર્તવ્યનિષ્ઠા પણ મંદ પડી નથી, આથી એમના વિષે થોડું લખવાનો પ્રયત્ન કરું છું.

"વ્યવહારશુદ્ધિના માર્ગે જીવનશુદ્ધિનાં મારાં પ્રવચનોના એક પ્રસંગે મણિભવનમાં મારી અને કામદારભાઈની ભેટ થઈ, ત્યારથી એમના અને મારા પરિચયનો આરંભ થયો. તે પહેલાં મારા પ્રવચનોમાં તેઓ ક્યારેક આવતા હશે, પરંતુ અમારો પ્રત્યક્ષ પરિચય ત્યાં સુધી થયો નહતો. તે દિવસે પણ એક વિશેષ કારણને લઈને પરિચય થયો હતો. તે દિવસના પ્રવચનમાં આપણે આપણા જીવનમાં અવિવેકને લઈને આપણું ધન, પરિશ્રમ અને સમયનો કેટલો દુર્વ્યય કરીએ છીએ એ વિષે હું બોલતો હતો. આપણે પૈસા અને અન્નનો કેટલો દુરુપયોગ કરીએ છીએ જ્યારે બીજી બાજુ કેટલાય લોકોને પરિશ્રમ કરીને પણ પૂરતું ખાવાનું મળતું નથી. આવી સ્થિતિમાં ભોજનોના મોટા મોટા સમારંભોમાં અને લગ્નકાર્યોમાં પૈસા, અન્ન અને સમયનો આપણે બગાડ કરીએ છીએ. માત્ર આવા સમારંભો વખતે જ નહિ, પરંતુ અન્ય પ્રસંગોએ પણ આપણે આપણી શક્તિનો કેવો દુરુપયોગ કરીએ છીએ અને એમાં મોટાઈ માનીએ છીએ વગેરે વિષે હું કહેતો હતો. મારા વક્તવ્યના પરિણામરૂપ અથવા એવા જ પ્રકારના વિચારો એમના મનમાં પ્રથમથી જ ચાલતા હશે એ કારણે પણ મારા પ્રવચન પછી શ્રી કામદારભાઈ ઊભા થઈને અત્યંત કળકળથી કેટલોક સમય બોલ્યા. એ વખતના એમના શબ્દો પરથી એમના મનની લાગણી સ્પષ્ટ દેખાઈ આવતી હતી. એ સ્થિતિમાં એમને બોલવું હતું તે બોલી રહ્યા પછી અંતમાં એમણે કહ્યું "આજથી આવા પ્રકારના ખાનપાનના સમારંભોમાં હું ક્યાંય પણ અન્ન ગ્રહણ કરીશ નહિ, એટલું જ નહિ પણ, ઘર સિવાય બીજે ક્યાંય–સમારંભોના પ્રસંગોએ પણ–અન્ન અથવા કોઈ પણ પદાર્થ ખાઈશ નહિ." બધાંની સમક્ષ એમણે આવી પ્રતિજ્ઞા કરી. આ પ્રસંગને દસ વર્ષથી વધુ કાળ વ્યતીત થઈ ગયો. આમાં એમને ખરેખર ધન્યતા આપવા જેવી વાત એ છે કે એમણે પોતાની પ્રતિજ્ઞા કોઈના દબાણ કે સંકોચને વશ ન થતાં જીવનનાં અંત સુધી પાર પાડી. પોતાના પુત્રના લગ્નમાં પણ વેવાઈને ત્યાં તેઓ જમવા ન જ ગયા. એમના આ પ્રતિજ્ઞાપાલન પરથી અને એ પાર પાડવા માટે તેમનામાં જોઈતી સદૈવ જાગૃતિ, દૃઢતા, નિર્ભયપણું અને એની સાથે એમની વિનયશીલતા વગેરે સદ્‌ગુણો પરથી મને કામદારભાઈના સ્વભાવની ખૂબ જાણ થઈ, અને પહેલેથી અંત પર્યંત એમના વિષે મારા મનમાં આદર અને સદભાવ સદા વધતાં ગયાં.

"મારી પ્રકૃતિ જેમ જેમ ક્ષીણ થવા લાગી તેમ તેમ મારું પ્રવચનોનું કામ ઓછું થવા લાગ્યું. તો પણ કામદારભાઈ દરેક પ્રવચનમાં ઉપસ્થિત રહેતા. એમની જિજ્ઞાસાવૃત્તિ અંત સુધી જાગૃત હતી. જીવન ઉન્નત કરવા માટે માર્ગ તેમ જ સાધન પ્રાપ્ત કરવાના પ્રયત્નમાં તેઓ હંમેશ રહેતા, તેથી આવા વિષયોનાં કોઈનાં પણ વ્યાખ્યાન સાંભળવાની સંધિ એ છોડતા નહિ. એમાંથી પોતાની ઉન્નત્તિને સહાયક એવું કંઈક મેળવવાનો એમનો હેતુ રહેતો. એમને પોતાની ઉન્નતિ માટે તાલાવેલી હતી. તેઓ જન્મે જૈન હતા. તેમનું વાંચન વિશાળ હતું. શ્રેય માટે તેઓ પ્રયત્નશીલ હોવાને કારણે પોતાના મૂળ ધાર્મિક સુસંસ્કારોને કોઈપણ રીતે બાધારૂપ ન થવા દેતાં પોતાની ઉન્નતિને સહાયક એવો માર્ગ, સાધન કે અનુભવાત્મક વિચાર સમજી લેવાની તેમનામાં તમન્ના હતી. સમજેલું આચરણમાં મૂકવા તેમનો પ્રયત્ન રહેતો. તેમનામાં સ્પષ્ટ–વકતાપણું હતું તેટલું નિરૂગર્વીપણું પણ હતું. તેમનામાં રહેલા સ્પષ્ટ વકતાપણાનો ઉપયોગ સત્ય ધ્યેય અને એના સાધનને સમજી લેવા માટે તેઓ કરતા હતા. સમાજની તેમ જ દેશની ચાલુ દુઃસ્થિતિ વિષે એમને ખૂબ દુઃખ થતું. આજની દુઃસ્થિતિમાં શુદ્ધ વ્યવહાર ચલાવવો ખૂબ કઠણ છે એમ તે સ્વાનુભવથી જાણતા હતા. શુદ્ધ વ્યવહારનાં પ્રતિબંધક બાહ્ય કારણોને આપણે નષ્ટ કરી શકતા નથી એનું એમને અત્યંત દુઃખ લાગતું. છતાં તેવી સ્થિતિમાં પણ શક્ય એટલું શુદ્ધ આચરણ કરવાનો એમનો પ્રયત્ન રહેતો. પોતાના આ પ્રયત્ન માટે બળ મેળવવા તેઓ દરેક ઠેકાણે વ્યાખ્યાન – પ્રવચન સાંભળવા જતા. કેવળ મનોરંજન કે શાબ્દિક જ્ઞાનનો સંગ્રહ કરવાની તેમને ઈચ્છા ન રહેતી. દંભ તેમનાથી સહન થતો નહિ તેમ પ્રતિષ્ઠા પણ તેમને પ્રિય ન હતી. એમનું ધ્યેય એમને પ્રાપ્ત થયું હતું કે નહિ તેની મને જાણ નથી પરંતુ તે શ્રેયાર્થી હતા અને એ માટે તે સતત પ્રયત્નશીલ હતા એવી મારી ખાત્રી છે. એમના અંતિમ ઉદ્‌ગારો ઉપરથી સમજાય છે કે તેમણે શાંતિપૂર્વક ઈહલોકની વિદાય લીધી.

"મારા જીવનમાં મને જે થોડા નિષ્ઠાવંત સાધક મળ્યા, તેઓમાંના શ્રી કામદારભાઈ એક હતા. આવા એક સજ્જન મિત્રનો વિયોગ મને અને એમના બીજા મિત્રોને ખૂબ દુઃખદ લાગે છે. આપણી વચ્ચેથી એમણે હંમેશની વિદાય લીધી તો પણ તેમની પવિત્ર સ્મૃતિ આપણા સર્વેનાં હૃદયમાં સદૈવ જાગૃત રહેશે."

શ્રી ચંદુલાલ સાંકળચંદ શાહનો સ્વર્ગવાસ

અમારા મુંબઈ જૈન યુવક સંઘના વર્ષોજૂના સાથી અને સંઘની કાર્યવાહક સમિતિના લાંબા સમયના સભ્ય શ્રી ચંદુલાલ સાંકળચંદ શાહનું ૭૨ વર્ષની ઉંમરે અઠવાડિયાની માંદગીના પરિણામે સપ્ટેમ્બર માસની ત્રીજી તારીખે નિપજેલા અવસાનની ખબર પ્રગટ કરતાં હું બહુ ઊંડી ખિન્નતા અનુભવું છું. તેઓ મૂળ અમદાવાદના, અને પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ તેમણે અમદાવાદમાં પ્રાપ્ત કરેલું. કૉલેજનો અભ્યાસ તેમણે મુંબઈ આવીને કર્યો અને ૨૨ વર્ષની ઉંમરે બી. એ; તથા એલ. એલ. બી. ની પરીક્ષા પસાર કરી તેમણે મુંબઈ ખાતે જ વકીલાતના વ્યવસાયની શરૂઆત કરી, અને વચ્ચાળે સુપ્રિમ ઈન્ડસ્ટ્રીઝમાં દશ વર્ષ નોકરી કરવા સિવાય, બાકીની આખી જિંદગી તેમણે વકીલાતના વ્યવસાયમાં જ વ્યતીત કરી. કેટલાંક વર્ષથી તેઓ ફ્રી પ્રેસને લગતા છાપાંઓના લીગલ એડવાઈઝર હતા. અમારા સંઘની કાર્યવાહીમાં તેઓ ઊંડો રસ ધરાવતા હતા અને સંઘ દ્વારા યોજાયલા પર્યટણોમાં ભાગ્યે જ એવું પર્યુટણ હોય કે જેમાં તેઓ જોડાયા ન હોય. તેઓ ઉત્તમ કોટીના સજ્જન અને પ્રેમાળ મિત્ર હતા. અત્યંત વિનમ્ર અને શીલસંપન્ન ગૃહસ્થ હતા. કોઈ કામસર તેઓ થોડા દિવસ પહેલાં અમદાવાદ ગયેલા અને ત્યાં જ એકાએક પક્ષાઘાતના હુમલાના પરિણામે તેમનું મૃત્યુ નીપજ્યું. પોતાની પાછળ પત્ની, ૫ પુત્રીઓ અને ૩ પુત્રો–એમ બહોળો પરિવાર મૂકીને તેઓ વિદાય થયા છે. એક સ્વજનને ગુમાવ્યાની ખોટ અમે અનુભવીએ છીએ. તેમના આત્માને શાશ્વત શાંતિ પ્રાપ્ત થાઓ એમ અમારી પ્રાર્થના છે.

પરમાનંદ

ગીતા સંદેશ

કુરુક્ષેત્રના રણમેદાનમાં, પાંડવો અને કૌરવોના સૈન્યો મધ્યે, ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનનો રથ સ્થાપ્યો ત્યારે, અર્જુને પોતાની સામેપે, લડવાને ઉત્સુક એવા પોતાના સ્વજનો અને વડિલોને જોયા. ગાંડીવધનુ, સવ્યસાચી, ક્ષત્રિયવીર અર્જુન, જેણે અનેક યુદ્ધો ખેલ્યાં હતાં અને વિજયો પ્રાપ્ત કર્યાં હતા, તેને પણ આ દશ્ય જોઈ ઊંડો ખેદ થયો. અતિ દીન ભાવે તેણે ભગવાનને કહ્યું:

"ગાત્રો ઢીલાં પડે મારાં, મોઢામાં શોષ ઉપજે,
કંપારી દેહમાં ઉઠે, રૂંવાંડાં થાય છે ખડા.
ગાંડીવ હાથથી છુટે, વ્યાપે દાહ ત્વચા વિષે,
રહેવાય નહિ ઊભા, જાણે મારું ભમે મન."

આ તો અર્જુનની શારીરિક સ્થિતિ થઈ. માનસિક સ્થિતિ શું હતી?

"નથી હું ઈચ્છતો જીત, નહીં રાજ્ય, નહીં સુખો;
રાજ કે ભોગ કે જીવ્યું, અમારે કામનું કશું?
ન ઈચ્છું હણવા આ સૌ, ભલે જાતે હણાઉં હું,
ત્રિલોક રાજ્ય કાજે યે, પૃથ્વી કારણ કેમ તો?
અહો કેવું મહાપાપ, માંડ્યું આદરવા અમે,
કે રાજ્ય સુખના લોભે, નીક યા હણવા સગાં."
આમ બોલી રણે પાર્થ, ગયો બેસી રથાસને
ધનુષ્ય બાણને છોડી, શોક ઉદ્વેગથી ભર્યો.

આપણને થાય કે અર્જુનને ખરેખર વૈરાગ્ય થયો છે. લોભ છોડી, પૃથ્વીનું તો શું પણ ત્રિલોકનું રાજ્ય પણ જતું કરવા તે તૈયાર થયો છે. મહાપાપમાંથી બચવું છે અને બીજાને મારવા તેનાં કરતાં પોતે હણાય તેમાં શ્રેય માને છે. આપણને લાગે કે ભગવાન એને કહેશે, 'બહુ સારું ભાઈ, આથી વધારે રૂડું શું હોય?'

પણ ભગવાન જાણતા હતા કે આ સાચો વૈરાગ્ય નથી, પણ મોહ છે. અને મોહને ધર્મનું સ્વરૂપ આપ્યું છે. ભગવાનને થયું કે કદાચ આ ક્ષણિક વિષાદ હશે. તેથી થોડાં મ્હેણાં મારીશ તો તેનું ક્ષાત્રતેજ જાગી ઉઠશે. એટલે ભગવાને કહ્યું:

"ક્યાંથી મોહ તને આવો, ઉપજ્યો વસમે સમે,
નહિ જે આર્યને શોભે, સ્વર્ગ ને યશ ને હરે,
મા તું કાયર થા, પાર્થ, તને આ ઘટતું નથી;
હૈયાના દુબળા ભાવ, છોડી ઉઠ, પરંતપ."

અર્જુન જેવા ક્ષત્રીયને ભગવાન ઉઠીને કાયર, નામર્દ કહે તેથી વધારે ઘા શું હોય? હાડ્લ કરી, 'હૃદયની દુર્બળતા છોડી, ઉઠ' પણ અર્જુનનું દર્દ ઉંડું હતું. તેણે કહ્યું:—

"વિના હણીને ગુરુઓ મહાત્મા, ભિક્ષા વડે જીવવું તેય સારું;
હણી અમે તો ગુરુ અર્થ વાંછું, લોહીભર્યા માણશું ભોગ લોકે.
સ્વભાવ મેટયો મુજ રાંક ભાવે, ન ધર્મ સૂઝે તમને હું પૂછું;
બોધો મને નિશ્ચિત શ્રેય જેમાં, હું શિષ્ય આવ્યો, શરણે તમારે.
સમૃદ્ધ ને શત્રુ વિનાનું રાજ્ય, મળે જગે કે સુર લોકમાંયે;
તો યે ન દેખું કોઈ શોક ટાળે, મારી બધી ઈન્દ્રિય તાવનારો."

ભીખ માગીને નિર્વાહ કરવો બહેતર છે, પણ ગુરુજનોની હત્યા કરી, લોહીથી ખરડાએલ અર્થ અને કામરૂપી ભોગો મારે ભોગવવા નથી. અર્જુન ધર્મ—સંમૂઢચેતા: કિંકર્તવ્યમૂઢ થયો છે. તેની બુદ્ધિ બહેર મારી ગઈ છે. ભગવાનને કહે છે, "નિશ્ચયપૂર્વક મને કહો મારું શ્રેય શેમાં છે. તમારો શિષ્ય છું, તમારે શરણે આવ્યો છું. મને માર્ગ બતાવો. મારી બધી ઈન્દ્રિયોને શોષી લેતા આ વિષાદમાંથી હું છૂટી શકતો નથી. પૃથ્વીનું નિષ્કંટક રાજ્ય મને મળે, કે ઈન્દ્રનું ઈન્દ્રાસન મળે તો પણ, મારો શોક ટળે તેમ નથી. અને પછી, હું તો લડવાનો નથી" એમ કહી મૂંગો થઈ બેસી ગયો.

ભગવાને, પહેલાં તો, હસતા હોય તેમ, અર્જુનને કહ્યું; "જેનો શોક કરવો ન જોઈએ તેનો તું શોક કરે છે અને મોટો પંડિત હોય તેમ ડાહી ડાહી વાતો કહે છે: પ્રજ્ઞાવાદાંશ્ચ ભાષસે—પણ સત્ય તો જાણતો નથી." ભગવાન પછી અર્જુનને દેહ અને આત્મા ભિન્ન છે તે સમજાવે છે, "આત્મા મરતો નથી, મારતો નથી, હણતો નથી, હણાતો નથી. અજન્મ, અવ્યય, અવિનાશી, નિત્ય, અજ, અમર, નિશ્ચળ, અચિંત્ય, અવ્યકત, નિર્વિકાર છે. જૂનાં વસ્ત્રો તજીને મનુષ્ય નવાં વસ્ત્રો ધારણ કરે, તેમ આત્મા જીર્ણ શરીર ત્યજી દઈ નવો અન્ય દેહ પ્રાપ્ત કરે છે. આત્માને આવો શાશ્વત જાણી, મૃત્યુનો શોક કરવો ન ઘટે. વળી બીજી રીતે વિચારીએ તો...

"જન્મ્યાનું નિશ્ચયે મૃત્યુ, મૂઆનો જન્મ નિશ્ચયે,
માટે જે ન ટળે તેમાં, તને શોક ઘટે નહિ."

"પણ તો શું મનુષ્યવધ કરવામાં પાપ નથી?" આ પ્રશ્નનો જવાબ અર્જુનને હજી મળ્યો ન હતો. તેથી, આ તત્ત્વજ્ઞાનથી પણ તેના મનનું સમાધાન થયું નહિ. પણ તે સમજાવે તે પહેલાં ભગવાન ફરીથી તેને તેના ક્ષાત્રધર્મનું—સ્વધર્મનું ભાન કરાવે છે. આ વ્યવહારિક ધર્મનું આચરણ તેના માટે કર્તવ્ય છે એમ સમજાવે છે. ક્ષત્રીયને માટે રણમાંથી ભાગી ગયો એવી અપકીર્તિથી મોટું કલંક શું હોય? આ ધર્મયુદ્ધમાં તું જીતીશ તો પૃથ્વીનું રાજ્ય મળશે અને મૃત્યુ પામીશ તો સ્વર્ગ મળશે. બન્ને રીતે લાભ છે.

"હણાયે પામશે સ્વર્ગ, જીત્યે ભોગવશે મહી,
માટે, પાર્થ, ખડો થા તું, યુદ્ધાર્થે દૃઢ નિશ્ચયી."

પણ આ ધર્મયુદ્ધ છે તેની જ અર્જુનને ખાત્રી નથી. તે તો માને છે કે લોભ થકી આ મહાપાપ કરવા બેઠા છીએ અને તેથી વિનાશ જ સર્જાયો છે.

બુદ્ધિનું તત્ત્વજ્ઞાન કે વ્યવહારિક કર્તવ્યના ઉપદેશથી અર્જુનના મનનું સમાધાન થતું નથી. ત્યાર પછી ભગવાન તેને યોગમાર્ગ બતાવે છે અને તે જ ગીતાનો મુખ્ય સંદેશ છે. આ યોગમાર્ગનો આશ્રય લેવાથી, ભગવાન કહે છે, કર્મબંધન થતું નથી અને આ ધર્મનું યત્કિંચિત પાલન પણ મનુષ્યને મહાભયમાંથી ઉગારી લે છે. આ જ્ઞાન મળ્યા પછી અંતે અર્જુન દૃઢતાથી પુકારી ઉઠે છે:—

"નષ્ટો મોહ: સ્મૃતિ લબ્ધા, કરિષ્યે વચનં તવ.
સ્થિતોઽસ્મિ, ગતસંદેહ: ત્વત્પ્રસદાત્ મયાઽચ્યુત."
"ટળ્યો મોહ, થયું ભાન, તમ પ્રસાદે પ્રભો,
થયો છું સ્થિર નિ:શંક, માનીશ તમ શીખને."

અર્જુનનો મોહ ટળ્યો છે, શંકાનું સમાધાન થયું છે, સ્થિર-સ્વસ્થ થયો છે અને ભગવાનના કહેવા પ્રમાણે વર્તવા તૈયાર થયો છે.

આ યોગમાર્ગ શું છે તે હવે સંક્ષેપમાં જોઈશું. તે પહેલાં થોડું પ્રાસ્તાવિક કહી દઉં.

આ વિશ્વ અને મનુષ્યજીવન ગૂઢ રહસ્ય છે. મનુષ્ય વિચાર કરતો થયો ત્યારથી આ રહસ્યનો પાર પામવા તે પ્રયત્ન કરતો રહ્યો છે. અનેક ઋષિમુનિઓ, સંતો, અને તત્ત્વજ્ઞોએ, અનુભવ અને બુદ્ધિથી, મનુષ્ય જીવનનું અંતિમ લક્ષ્ય બતાવ્યું છે. માણસ શાશ્વત સુખ અને શાંતિની ઝંખના કરતો જ રહ્યો છે. આ અનાદિ અનંત સંસારના પરિભ્રમણમાંથી મુકિત મેળવવાની ઉત્કટ ભાવના છતાં, જાણે વધુ ને વધુ તેમાં તે બંધાતો જાય છે. કોઈએ જ્ઞાનમાં મુકિત માની, કોઈએ ભકિતમાં, કોઈએ કર્મકાંડમાં, તો કોઈએ સંસારત્યાગ અને સંન્યાસમાં. આ દુ:ખપૂર્ણ જગતમાં, સુખ અને શાંતિની આશા વ્યર્થ છે એમ પણ લાગે.

મનુષ્યના માટે સૌથી મહાન પ્રશ્ન એ છે કે જીવન કેવી

રીતે જીવવું જેથી પોતે સુખી થાય અને પોતાની આસપાસના બીજા બધા જીવો સુખી થાય. અંતરની ખરી મુંઝવણ એ જ છે કે કર્તવ્ય શું અને અકર્તવ્ય શું? અર્જુનની પણ આ જ મુંઝવણ હતી. અર્જુન ધર્મ-સંમૂઢ-ચેતઃ કિંકર્તવ્યમૂઢ થયો હતો. જીવનનું અંતિમ લક્ષ્ય આત્મદર્શન કહો, મોક્ષ કહો, ઈશ્વરરૂપ થવું કહો, પણ એ અંતિમ લક્ષ્યની સિદ્ધિ માટે સાચી સાધના શું એ મનુષ્ય માટે મુખ્ય પ્રશ્ન છે. ગીતા, જીવન જીવવાની આ સર્વોચ્ચ કળા બતાવે છે. ગીતા આધ્યાત્મિક નિદાનગ્રન્થ છે. આરોગ્યના નિદાનગ્રન્થો હોય છે તેમ આધ્યાત્મનો સર્વોત્કૃષ્ટ નિદાનગ્રન્થ ગીતા છે.

ગીતાની શરૂઆતમાં ભૌતિક યુદ્ધની ભૂમિકા છે. પણ આ તો એક નિમિત્ત છે. ખરું યુદ્ધ જે મનુષ્યના અંતરમાં પ્રતિક્ષણ ચાલી રહ્યું છે, તેમાંથી શાશ્વત શાંતિ કેમ મેળવવી એ જ ગીતાનો પ્રતિપાદ્ય વિષય છે. મનુષ્યની સદ્ અસદ્ વૃત્તિઓ, તેની વાસનાઓ અને કામનાઓ, તેનાં અંતરમાં તુમુલ યુદ્ધ જગાવે છે. સંસારના બધા સંઘર્ષનું મૂળ મનુષ્યના રાગદ્વેષ છે.

ગીતા આચારધર્મનો ગ્રન્થ છે, પણ મનુસ્મૃતિ પેઠે વિધિ-નિષેધોનો ગ્રન્થ નથી. એક વસ્તુ એક સમયે કર્તવ્ય હોય, જે બીજે સમયે અકર્તવ્ય થાય, એક વ્યકિત માટે કર્તવ્ય હોય, બીજી વ્યકિત માટે અકર્તવ્ય હોય, એક દેશમાં કર્તવ્ય હોય, બીજા દેશમાં અકર્તવ્ય હોય. બાહ્ય આચરણ આવી રીતે દેશ-કાળ પ્રમાણે પલટાતું રહે, તેથી એક એવી માન્યતા ઊભી થઈ છે કે નીતિનો કોઈ નિયમ નથી અને વ્યકિત સ્વચ્છંદે વર્તી શકે છે. ગીતા બતાવે છે કે બાહ્ય આચરણ પાછળ એક સનાતન નિયમ છે જે ત્રિકાળસત્ય છે અને જેને અવલંબીને માણસ સમયે સમયે પોતાનું કર્તવ્ય નક્કી કરી શકે છે, અને જેને ત્યજીને ભવાટવિ ભટકયા કરે છે. ગીતા જીવનનો માર્ગદર્શક ભોમિયો છે. તેણે એક જ્યોતિ આપી છે, જેના પ્રકાશે અંધકારમય દેખાતા આ સંસારમાં માણસ પોતાનો માર્ગ શોધી શકે છે. ગીતા માટે મોક્ષ એટલે સંસારત્યાગ કે સંન્યાસ નહિ. એક માન્યતા એવી છે કે વ્યવહાર અને મોક્ષધર્મ પરસ્પરવિરોધી છે. એકને પ્રાપ્ત કરવા બીજાનો ત્યાગ કરવો જોઈએ. ગીતાએ બતાવ્યું છે કે મોક્ષ અને સદ્વ્યવહાર વચ્ચે આવો કોઈ વિરોધ નથી. ગીતાએ ધર્મને વ્યવહારમાં ઉતાર્યો છે.

જે ધર્મ વ્યવહારમાં માર્ગદર્શક બની ન શકે તે સાચો ધર્મ નથી અથવા ધર્મની ખોટી સમજણ છે.

ગીતા જેમ સ્મૃતિગ્રન્થ નથી, તેમ તત્ત્વજ્ઞાનનો ગ્રન્થ પણ નથી. ઉપનિષદો અને બ્રહ્મસૂત્રોનું તેમાં દોહન છે, પણ તત્ત્વજ્ઞાનનું યુકિતપૂર્વક નિરૂપણ તેમાં નથી. ગીતા ધર્મનું એક મહાન કાવ્ય છે. તેમાં કાવ્યની પુનરુકિત તથા અત્યુકિત પણ છે. ગીતામાં કેટલુંય એવું છે કે જે શરૂઆતમાં, કદાચ લાંબા સમય સુધી, સમજાય નહિ. કેટલુંક પરસ્પરવિરોધી લાગે. કેટલુંક બુદ્ધિગમ્ય ન લાગે. ગીતાને સમજવા માટે શ્રદ્ધા – Reverent Mind– અંધશ્રદ્ધા નહિ–સાચી શ્રદ્ધાની–જરૂર રહે છે. ગીતાને સમજવા માટેનો રાજમાર્ગ તો તેણે કહેલું આચરણમાં મૂકવાનો પ્રયત્ન કરવો એ જ છે. અનુભવે વધુ અને વધુ સમજાતું જાય.

તો હવે યોગેશ્વર શ્રીકૃષ્ણે બતાવેલ યોગમાર્ગ શું છે તે જોઈએ. એક વાકયમાં કહેવું હોય તો કર્મફળત્યાગ. ગીતાનું આ મધ્યબિંદુ છે. ગીતાને સમજવા માટે કર્મફળત્યાગ શું છે તે સમજવાની જરૂર છે.

દેહ છે ત્યાં સુધી કર્મ છે જ. કર્મથી કોઈ છૂટી શકતું નથી. કર્મ માત્રમાં દોષ પણ છે, કર્મબંધન છે. તો સમસ્યા તો એ છે કે કર્મથી છુટાતું નથી, તો કર્મબંધનથી કેમ છુટવું? ગીતાએ કહ્યું, નિષ્કામ કર્મથી, સર્વ કર્મો ઈશ્વરને અર્પણ કરીને, અનાસકિતથી, કર્મફળનો ત્યાગ કરીને. ત્રીજા અધ્યાયમાં કહ્યું છે.

> કર્મ ન આદરે તેથી, નિષ્કર્મી થાય ના જન;
> ન તો કેવળ સંન્યાસે, મેળવે પૂર્ણ સિદ્ધિને.
> રહે ક્ષણેય ના કોઈ, કયારે કર્મ કર્યા વિના;
> પ્રકૃતિના ગુણે સર્વે, અવશે કર્મ આચરે.
> રોકી કર્મેન્દ્રિયો રાખે, ચિત્તમાં સ્મરતો રહે,
> વિષયોને મહામૂઢ, મિથ્યાચાર ગણાય છે.

વળી કહ્યું છે:—

> કર્મે અધિકારી તું, કયારે ય ફળનો નહીં;
> મા હો કર્મફળે દૃષ્ટિ, મા હો રાગ અકર્મમાં.
> કરે યોગે રહી કર્મ, તેમાં આસકિતને તજી,
> યશાયશ સમા માની, સમતા તે જ યોગ છે.
> બુદ્ધિયોગી અહીં છોડે, પાપ ને પુણ્ય બેઉ યે,
> માટે થા યોગમાં યુકત, કર્મે કૌશલ્ય યોગ છે.

કર્મ કરવું માણસના કાબૂની વાત છે. તેનું ફળ તેના હાથમાં નથી. ફળ અથવા પરિણામ ઉપર દૃષ્ટિ રાખીને કર્મ કરનાર, કર્મમાં આસકત થાય છે, ધાર્યું ફળ કે પરિણામ ન આવતાં નિરાશ થાય છે. ફળ અથવા પરિણામ ઈશ્વરના હાથની વાત છે એમ માણસ સમજે ત્યારે નિષ્ફળતાની નિરાશાને કોઈ અવકાશ રહેતો નથી, એટલું જ નહિ પણ, અંતરને મોટું બળ મળે છે. આવા સમતા-પૂર્વકના કર્મથી, આવા બુદ્ધિયોગથી, માણસ પાપ અને પુણ્ય બન્નેથી પર થાય છે, કર્મબંધન કરતો નથી, મુકત થાય છે. આનો અર્થ એમ નથી કે પરિણામ વિષે માણસ બેદરકાર રહે. ખૂબ ચીવટથી કામ કરે, પણ આસકિત ન રાખે. યશ-અપયશ, જય-પરાજયમાં સમતા રાખે.

આવી સમતા, આવો બુદ્ધિયોગ કેમ પ્રાપ્ત કરવો? પ્રથમ તો ઈશ્વર ઉપરની અખૂટ શ્રદ્ધાથી, ભકિતથી. ભકિત વિનાનું જ્ઞાન અભિમાન છે, મિથ્યા છે, વિકૃત છે. વિશ્વની આ ગહન લીલામાં, જેના રહસ્યનો હું પાર પામી શકતો નથી, જેને હું પૂરું સમજી શકતો નથી, તેમાં ઈશ્વરનું ધાર્યું થાય છે, મારું કાંઈ નહિ; હું નિમિત્તમાત્ર છું એવી નમ્રતા આવે, અને બધો અહંકાર ગળી જાય ત્યારે અનાસકિત, નિર્બળતા, નિરહંકાર આવે છે. આવી શ્રદ્ધા જેને હોય પણ આચરણમાં પૂર્ણપણે મૂકી ન શકે, તોપણ ભગવાન કહે છે,—નહિ કલ્યાણકૃત્ કશ્ચિત દુર્ગતિ તાત ગચ્છતિ—એવા મનુષ્યનો આ લોકે કે પરલોકે નાશ થતો નથી. કારણ કે કલ્યાણ-માર્ગે જનારની કદી દુર્ગતિ થતી નથી. માટે ભગવાને કહ્યું:—

> જે કરે ભોગવે વા જે, જે હોમે, દાન જે કરે,
> આચરે તપને વા જે, કર અર્પણ તે મ'ને.
> કર્મના બંધનો ખાળ, તોડીશ શુભ—દુખદા,
> સંન્યાસ યોગથી યુકત, મ'ને પામીશ મુકત તો.

આવા ભકતને ભગવાનનું આવ્હાહન છે અને કોલ છે કે:—

> મન, ભકિત મ'ને અર્પ, મ'ને પૂજ, મ'ને નમ,
> મને જ પામીશ નિશ્ચે, મારું વચન તે પ્રિય.
> છોડીને સઘળા ધર્મો, મારું જ શરણું ધર,
> હું તને સર્વ પાપોથી છોડાવીશ, નચિંત થા.

પણ આવી ભકિત કહેવાથી આવતી નથી. આ ભકિત એટલે વેવલાપણું નહિ, અંધશ્રદ્ધા નહિ. આ ભકિત પરમ પુરુષાર્થ માગે છે. 'શીષતાણું સાટું' છે. આવા ભકતની બુદ્ધિ અને મન સ્થિર, સ્વસ્થ, નિર્મળ, હોવા જોઈએ. જેનું મન ભટકયા કરે છે, જેની બુદ્ધિ અનિશ્ચિત છે, જે ઈન્દ્રિય સુખોપભોગમાં રચ્યો-પચ્યો રહે છે, જે પોતાના સ્વાર્થથી અંધ છે, જે સદા જાગૃત નથી, સાવચેત નથી, તેને આવી ભકિત અથવા શ્રદ્ધા પ્રાપ્ત થતી નથી.

નિર્મળ અરિસામાં જ સ્વરૂપ પ્રતિબિંબ પડે છે. નિર્મળ ચિત્તમાં જ ઈશ્વરનો વાસ છે. બુદ્ધિને, પ્રજ્ઞાને, ચિત્તને, સ્થિર, સ્વચ્છ કેમ કરવું ? તે માટે ભગવાન કહે છે:—

મનની કામના સર્વે, છોડીને, આત્મામાં જ જે,
રહે સંતુષ્ઠ આત્માર્થી, તે સ્થિતપ્રજ્ઞ જાણવો.
કાચબો, જેમ અંગોને, તેમ જે વિષયો થકી,
સંકેલે ઈન્દ્રિયો પૂર્ણ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર.
પણ ઈન્દ્રિયોને વિષયોમાંથી ભટકતી રોકવી સહેલું નથી.
પ્રયત્નમાં રહે તો યે, શાણાયે નરના હરે,
મનને ઈન્દ્રિયો મસ્ત, વેગથી વિષયોભણી.
નિરાહારી શરીરીના, ટળે છે વિષયો છતાં,
રસ રહી જતો તેમાં, તે ટળે પેખતાં પર (ઈશ્વર)

ત્રિગુણાત્મક પ્રકૃતિ ઉપર કાબૂ મેળવવો તે સહેલું નથી. દરેક માણસ જે પ્રકૃતિ લઈને જન્મ્યો હોય છે, તે તેને ધકકેલતી રહે છે. પણ જાગૃત માણસ, આત્મપુરુષાર્થથી, પોતાની પ્રકૃતિ ઉપર કાબૂ મેળવી શકે છે.

આત્મૈવ આત્મનો બન્ધુઃ આત્મૈવ આત્મનો રિપુઃ।

ઈશ્વરની કૃપા અનાયાસે, અચાનક ઉતરતી નથી. મનુષ્યનો પુરુષાર્થ હોય તો જ ઈશ્વરનો અનુગ્રહ થાય છે.

તો, કર્મફળમાં અનાસકિત માટે ઈન્દ્રિયસંયમ, મનોનિગ્રહ, સ્થિરપ્રજ્ઞા, ધ્યાન અને શ્રદ્ધા-ભકિત વિગેરે બધાં તત્ત્વો જરૂરનાં છે. ગીતામાં આ બધાં વિષયોનું નિરૂપણ છે.

કર્મફળનો ત્યાગ થાય ત્યારે, સત્ય, અહિંસા, અપરિગ્રહ આપોઆપ આવે. અમુક પરિણામ મેળવવા માટે જે વ્યકિત કર્મ કરે છે, તે કોઈ પણ સાધનોનો ઉપયોગ કરશે; અસત્ય, હિંસા, પરહિતહાનિ બધું આચરશે. કારણ કે તેનું લક્ષ્ય અમુક પરિણામ જ છે. પણ અનાસકતભાવે, પ્રવાહપતિત કર્મ આચરનાર, સત્ય, અહિંસા, અપરિગ્રહ જ આચરે. અહિં સાધ્ય અને સાધનની એકતા છે. તે વિના કર્મફળત્યાગ—અનાસકિત શકય જ નથી. તેવી વ્યકિત માટે, આસકિત ઉપજાવે અથવા વધારે એવાં સર્વ કર્મો ત્યાજ્ય બને છે. આસકિત બંધન છે, દુઃખનું મૂળ છે. તેથી આવો અનાસકત કર્મયોગી સંસારમાં, બહુજનહિતાય, લોકકલ્યાણના કાર્યોમાં લાગેલો હોય તો પણ, સંન્યાસી છે. પૂરો કર્મી હોવા છતાં પૂરો અકર્મી છે.

ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં બોધેલ આ યોગમાર્ગ છે, જેણે અર્જુનનો વિષાદ દૂર કર્યો અને તેના સર્વ સંશયો છેદ્યા આ માર્ગે જતાં.

નેહાભિક્રમનાશોઽસ્તિ, પ્રત્યવાયો ન વિદ્યતે,
સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય, ત્રાયતે મહતો ભયાત્,
આદર્યું વણસે ના ને, વિઘ્ન ના ઉપજે અહીં,
સ્વલ્પ આ ધર્મનો અંશ, ઉગારે ભયથી મહા.
ગીતાનો આ સંદેશ છે. આચરશે તે પામશે.

જન્માષ્ટમી તા. ૧૬-૮-૬૮ **ચીમનલાલ ચકુભાઈ શાહ**

[આકાશવાણી પ્રસારિત થોડા વિસ્તાર સાથે]

ભારત જૈન મહામંડળના ૪૦મા અધિવેશનમાં પસાર કરવામાં આવેલા પ્રસ્તાવો

ગયા સપ્ટેમ્બર માસની ૨૯ તથા ૩૦ મી ના રોજ જોધપુર ખાતે યોજાયેલા ૪૦ મા વાર્ષિક અધિવેશનમાં બે અધિવેશનના ગાળા દરમિયાન જૈન સમાજની દિવંગત વિશેષ વ્યકિતઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના પ્રાસંગિક પ્રસ્તાવ બાદ નીચે મુજબના પ્રસ્તાવો પસાર કરવામાં આવ્યા હતા:

પ્રસ્તાવ—૧

કેટલાએક સમયથી સમાચારપત્રોમાં એવા સમાચાર મળતા રહે છે કે જૈન મંદિરોમાંથી મૂર્તિઓની ચોરી કરાવવામાં આવે છે અને એ જ રીતે પ્રાચીન હસ્તલિખિત ગ્રંથો પણ ચોરાવીને વેચવામાં આવે છે. ભારત જૈન મહામંડળનું આ અધિવેશન આ પ્રકારની દુર્ભાગ્યપૂર્ણ ઘટનાઓને બહુ ચિન્તાની દૃષ્ટિથી જુએ છે. અધિવેશનનો એવો મત છે કે મૂર્તિઓ તેમ જ ગ્રંથોની કરવામાં આવતી દુર્ભાગ્યપૂર્ણ ઘટનાઓથી ધાર્મિક ભાવનાને ઘણો સખ્ત આઘાત પહોંચે છે, એટલું જ નહિ પણ, પ્રાચીન કળાને કદિ ન પુરાય એવી ક્ષતિ પહોંચે છે. આને લીધે ભારત જૈન મહામંડળનું આ અધિવેશન ભારત સરકાર તથા રાજ્યસરકારોને નિવેદન કરે છે કે તેઓ જૈન ધર્મીઓની મૂર્તિ તથા કળા અને સાહિત્યને લગતી બહુમૂલ્ય વસ્તુઓની અત્યન્ત સાવધાનીપૂર્વક સુરક્ષાની એવી વ્યવસ્થા કરે કે જેથી આ પ્રકારની દુર્ઘટનાઓની પુનરાવૃત્તિ થવા ન પામે.

પ્રસ્તાવ—૨

ભારત જૈનમહામંડળ પોતાની સ્થાપના થઈ ત્યારથી જૈન સમાજમાં અન્તર્ગત વિવિધ સંપ્રદાયો વચ્ચે ભાતૃભાવ તથા એકતાના નિર્માણનો પ્રયત્ન કરતું રહ્યું છે. મહામંડળના આ અધિવેશનમાં એમ જણાવતાં પ્રસન્તા અનુભવાય છે કે આ પ્રયત્નોમાં અમુક પ્રમાણમાં મહામંડળને સફળતા પ્રાપ્ત થઈ છે. મહામંડળની એવી માન્યતા છે કે વર્તમાન યુગમાં જૈન સમાજના વિભિન્ન સંપ્રદાયો વચ્ચે એકતાની કડી સવિશેષ મજબૂત થવી જોઈએ કે જેથી રાષ્ટ્રની એક મહત્ત્વપૂર્ણ એકતાના રૂપમાં જૈન સમાજની ગણના થાય તથા સમાજ પણ શ્રમણસંસ્કૃતિને અનુરૂપ પ્રભાવશાળી રૂપમાં રાષ્ટ્રનિર્માણના કાર્યમાં પોતાનું યોગદાન આપી શકે. આ ઉદ્દેશની પરિપૂર્તિ માટે આ અધિવેશન જૈન સમાજ સમક્ષ નીચેનો કાર્યક્રમ પ્રસ્તુત કરે છે તથા સમાજને અનુરોધ કરે છે કે આ કાર્યક્રમને કાર્યરૂપમાં પરિણિત કરે:—

૧. પોતાપોતાની ધાર્મિક માન્યતા પ્રત્યે આસ્થા રાખવા સાથે અન્યની સાંપ્રદાયિક માન્યતાઓનો આદર કરે.

૨. સાંપ્રદાયિક પ્રશ્નો સંબંધમાં વિરોધજનક લેખ, પરિપત્ર, પુસ્તકો અથવા અન્ય પ્રકાશન ન કરે.

૩. સમસ્ત સંપ્રદાયોના દૃષ્ટિકોણથી મહત્ત્વપૂર્ણ તેમ જ નિર્વિવાદ એવા ઉત્સવો ઉદાહરણાર્થ; મહાવીર જયન્તી, ક્ષમાપના દિન વગેરે પરસ્પર મળીને ઊજવે.

૪. જૈન સમાજ તરફથી ચાલી રહેલી શિક્ષણસંસ્થાઓમાં પ્રત્યેક સંપ્રદાયના વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવે, તથા રચનાત્મક કાર્ય કરવાવાળી સેવાસંસ્થાઓમાં પરસ્પર મળીને સામૂહિક રૂપમાં કાર્ય કરે.

૫. સ્થાનિક સ્તર ઉપર જે વિવાદ હોય તેને બને તેટલી શીઘ્રતાથી વાટાઘાટદ્વારા પતાવે તેમ જ ભવિષ્યમાં કોઈ એવું કાર્ય ન કરે જેથી નવો વિવાદ પેદા થાય.

૬. વિશિષ્ટ સંપ્રદાયોદ્વારા સંચાલિત ધર્મશાળાઓમાં અન્ય સંપ્રદાયોના યાત્રીઓના નિવાસ અંગે રૂકાવટ કરવામાં ન આવે.

પ્રસ્તાવ—૩

ભારત જૈન મહામંડળનું આ અધિવેશન એ બાબત ઉપર અત્યંત ખેદ પ્રગટ કરે છે કે અન્તિમ તીર્થંકર ભગવાન મહાવીરના શુભ જન્મદિવસને લગભગ બધા રાજ્યોએ હજુ સુધી સ્વીકાર કર્યો નથી, જોકે જૈન સમાજ આ સંબંધમાં વર્ષોથી નિવેદન કરતો રહ્યો છે. આ અધિવેશન આ ન્યાયપૂર્ણ માગણીનું પુનરુચ્ચારણ કરે છે, તથા કેન્દ્રીય શાસનને જોરદાર શબ્દો વડે અનુરોધ કરે છે કે મહાવીર જયન્તીના શુભ દિનની સાર્વજનિક છૂટ્ટીની વિનાવિલંબ જાહેરાત કરવામાં આવે. આ અધિવેશન કાર્યકારિણી સમિતિને આદેશ આપે છે કે જો કેન્દ્રીય શાસન તરફથી

આગામી મહાવીર જયન્તી સુધીમાં આ શુભ દિન અંગે સાર્વજનિક છૂટ્ટીની જાહેરાત કરવા ન આવે તો આ ઉદ્દેશની પરિપૂર્તિ માટે સક્રિય યોજના બનાવીને સમાજને માર્ગદર્શન આપવામાં આવે અને એ યોજના અનુસાર દેશવ્યાપી અહિંસક તથા પ્રભાવશાળી આંદોલનનો પ્રારંભ કરવામાં આવે.

પ્રસ્તાવ–૪

(ક) ભારત જૈન મહામંડળના આ અધિવેશનના અભિપ્રાય મુજબ શ્વેતાંબર તથા દિગંબર મૂર્તિપૂજક જૈન સમાજ વચ્ચે તીર્થોના પ્રશ્નો સંબંધમાં જે વિવાદો ચાલી રહ્યા છે તે અત્યન્ત દુ:ખદ છે. આ પ્રકારના વિવાદો અખિલ જૈન સમાજના સંગઠ્ઠનની દૃષ્ટિએ હાનિકારક છે. આ વિવાદોના કારણે સરકારી ન્યાયાલયોમાં કાર્યવાહી ચલાવ્યા કરવી અને એકબીજાની વિરુદ્ધમાં પ્રચાર કર્યા કરવો તે શોભાસ્પદ નથી. આ મહામંડળ બન્ને સંપ્રદાયોના નેતાઓને, કાર્યકર્તાઓને તથા સભ્યોને નિવેદન કરે છે કે તેઓ આ વિવાદનું પરસ્પર વિચાર વિનિમય દ્વારા સમાધાન કરી લે. મહામંડળનું આ અધિવેશન એવો વિશ્વાસ આપે છે કે જો આ પવિત્ર કાર્ય માટે તેની સેવાઓ આવશ્યક હશે તો તેવી સેવા આપવા માટે તે સદૈવ તૈયાર રહેશે.

(ખ) અન્તરિક્ષજી તીર્થ અંગે શ્વેતાંબર તથા દિગંબર મૂર્તિપૂજક જૈન સમાજમાં અંદર અંદર જે મતભેદ ચાલી રહ્યો છે તે મતભેદનું અંદર અંદર મળીને નિરાકરણ કરવા માટે બન્ને સાંપ્રદાયના મુખ્ય આગેવાન શેઠ કસ્તુરભાઈ લાલભાઈ તથા શેઠ લાલચંદ હીરાચંદ દોશીની જે નિમણૂંક કરવામાં આવી છે તે નિમણૂંકનું આ મંડળ સ્વાગત કરે છે અને મંડળનું આ અધિવેશન જૈન સમાજને પ્રાર્થના કરે છે કે આ વાટાઘાટોનું શુભપરિણામ આવે તે માટે અનુરૂપ વાતાવરણ નિર્માણ કરે, જેથી આ મામલાનો વાટાઘાટદ્વારા સુખદ નિકાલ આવે અને એ રીતે બીજા તીર્થોના ઝગડાઓ પણ અંદર અંદરની વાતચીત દ્વારા પતાવવામાં આવે અને એ રીતે સમાજમાં સૌહાર્દનું વાતાવરણ પેદા થવા પામે.

પ્રસ્તાવ–૫

આપણા જૈનધર્મીઓ માટે આ મોટા સૌભાગ્યની બાબત છે કે પાંચ વર્ષ બાદ અન્તિમ તીર્થંકર ભગવાન મહાવરના નિર્વાણનું ૨૫૦૦મું નિર્વાણ વર્ષ આવી રહ્યું છે. આ પ્રસંગને સર્વ જૈનો મળીને એવા મહાન ઉત્સવના રૂપમાં ઉજવે કે જેથી ભગવાન મહાવીરના જીવન અને સિદ્ધાંતોનો સંસારને સમ્યક પરિચય થાય. ભગવાન મહાવીરનો ૨૫૦૦મો નિર્વાણ મહોત્સવ સફળતાપૂર્વક ઊજવાય તે હેતુથી શેઠ કસ્તુરભાઈ લાલભાઈની અધ્યક્ષતા નીચે સર્વ સંપ્રદાયના જૈનોની એક સમિતિની સ્થાપના કરવામાં આવી છે. સંપ્રદાયના નેતાઓને તથા કાર્યકર્તાઓને તેમ જ સમસ્ત જૈન સમાજને પ્રાર્થના કરવામાં આવે છે કે આ મહોત્સવ સ્વતંત્રરૂપે અલગ અલગ ન ઊજવતાં આ સમિતિને સમર્થન તથા સહયોગ આપે કે જેથી આ મહોત્સવ ખૂબ સરસ રીતે ઊજવી શકાય. પ્રસ્તુત સમિતિએ આ કાર્ય માટે છ લાખ રૂપિયા એકત્ર કરવાનો સંકલ્પ કર્યો છે. આ ફાળામાં આ કાર્યનું મહત્ત્વ સમજીને સર્વે ભાઈ બહેનો સ્વેચ્છાપૂર્વક યોગદાન આપે. ભગાવન મહાવીરનું તત્ત્વ વિશ્વહિતકારી છે તેથી આવા મહાપુરુષનો ૨૫૦૦મો નિર્વાણ મહોત્સવ ઊજવવામાં આ સમિતિને સહકાર આપવા ભારત સરકારને પણ અનુરોધ કરવામાં આવે છે.

પ્રસ્તાવ–૬

પર્યુષણ પર્વ જૈન ધર્માવલંબિઓ માટે એક અત્યંત પવિત્ર ધાર્મિક પર્વ છે જેનું પર્યવસન સંવત્સરિમાં થાય છે. એક જ ધર્મના અનુયાયીઓ કેટલાક સાધારણ મતભેદોના કારણે જુદા જુદા દિવસોએ પર્યુષણ તેમ જ સંવત્સરિ ઊજવે એ કોઈ પણ દૃષ્ટિથી આપણા ધર્મને ગૌરવપ્રદાન કરવાવાળી વાત નથી. આ સંમેલન સર્વ સંપ્રદાયના જૈનાચાર્યોને શ્રદ્ધાપૂર્વક નિવેદન કરે છે કે જે રીતે પર્યુષણ પર્વ અને સંવત્સરિ અલગ અલગ ઊજવવામાં આવે છે તે વાંછનીય નથી. આમ હોવાથી સર્વ સંપ્રદાયના આચાર્યોને વિનંતિ કે 'જૈન જગત'ના માધ્યમદ્વારા આને લગતાં એકીકરણ અને પોતપોતાનો અભિપ્રાય પ્રગટ કરીને કોઈ નિશ્ચય ઉપર આવવાનો તેઓ પ્રયત્ન કરે. આ બાબતમાં કેટલાક આચાર્યોને પોતાના મતનો ત્યાગ પણ કરવો પડશે, પણ અમારા અભિપ્રાય મુજબ એમ કરવું તે જૈન દર્શનને સર્વથા અનુકુળ હશે, કારણ કે અનેકાન્ત દર્શન કોઈ પણ એક દૃષ્ટિકોણને પૂર્ણ સત્ય માનીને ચાલવાનું ઉચિત લેખતું નથી. વળી આવું એકીકરણ કરવાથી જૈન ધર્મનું ગૌરવ વધશે, એટલું જ નહિ પણ, જૈનોમાં એકતાની નવી શકિત પેદા થશે, જેનું શુભ પરિણામ જ આવશે. અમે સર્વ આચાર્યોને, સાધુસમાજને તથા શ્રાવક-શ્રાવિકાઓને પ્રાર્થના કરીએ છીએ કે તેઓ ત્યાગ અને ઉદારતાનો દૃષ્ટિકોણ અપનાવીને પર્યુષણ તથા સંવત્સરી એક જ દિવસોએ ઊજવવાનો નિશ્ચય કરીને સહાયક બને.

પ્રસ્તાવ–૭

(ક) ભારત જૈન મહામંડળના આ અધિવેશનનો દઢ મત છે કે રાષ્ટ્રની સામાજિક, આર્થિક તથા નૈતિક સુરક્ષા માટે પૂર્ણ નશાબંધી દેશમાં અત્યંત આવશ્યક છે. આ દૃષ્ટિકોણથી દેશના પ્રાચીન ધર્માચાર્યોએ તેમ જ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ નશાબંધી ઉપર અત્યાધિક ભાર મૂક્યો હતો–જેના પરિણામરૂપ દેશના સંવિધાનમાં રાજ્ય સરકારોને એવો આદેશ આપવામાં આવ્યો હતો કે નશાનિષેધના કાર્યમાં પ્રગતિ લાવે. કેટલીક રાજ્ય સરકારોએ આ દિશામાં પગલાં ભર્યાં છે. આમ છતાં પણ અધિવેશનને એ જાણીને અતિ દુ:ખ થાય છે કે છેલ્લાં કેટલાંક વર્ષોથી ભારત સરકાર તથા કેટલીક રાજ્યસરકારો આ દિશામાં વિમુખ થઈ રહી છે, એટલે કે નશાનિષેધની નીતિને ઢીલી કરી દીધી છે. અધિવેશનના અભિપ્રાય મુજબ ઉપરોકત નીતિ સર્વ દૃષ્ટિકોણથી રાષ્ટ્રનું અહિત કરવાવાળી છે. આમ હોવાથી આ અધિવેશન ભારત સરકાર તેમ જ સમસ્ત રાજ્યસરકારોને દઢતાપૂર્વક તથા જોરદાર શબ્દોમાં એમ નિવેદન કરે છે કે સંપૂર્ણ દેશ ઉપર નશાબંધી લાગુ કરે.

(ખ) ભારત જૈન મહામંડળનું આ અધિવેશન એ જાણીને પ્રસન્નતા અનુભવે છે કે રાજસ્થાનમાં નશાબંધીનો પ્રશ્ન હાથમાં લઈને કેટલાક ઉત્સાહી કાર્યકર્તાઓએ સત્યાગ્રહ કર્યો છે અને અનેક પ્રકારનાં કષ્ટો સહન કર્યાં છે. આ માટે આ અધિવેશન એ ઉત્સાહી બંધુઓને અભિનંદન કરે છે.

પ્રસ્તાવ–૮

આ સંમેલન ખેદ સાથે અનુભવ કરે છે કે જૈન અનુયાયીઓમાં જૈન દર્શનનું જ્ઞાન દિનપ્રતિદિન ઓછું થતું જાય છે, જેના પરિણામે ભાવનાવિહીન કર્મકાંડના પાલનની પ્રવૃત્તિ વધી રહી છે, એટલું જ નહિ પણ, આ કર્મકાંડની સાથોસાથ રૂપિયાપૈસાની લેણદેણ અને સમૂહભોજનનો સંબંધ પણ જોડી દેવામાં આવે છે. સ્થિતિ એટલે સુધી બગડી ગઈ છે કે આજકાલ અધિકાંશ શ્રીઓ પોતપોતાના સગાસંબંધીઓ પાસેથી રૂપિયા–પૈસા મેળવવાના તેમ જ સમાજમાં વરઘોડાઓ કાઢવાના પ્રલોભનથી અઠ્ઠાઈ વગેરે તપસ્યાઓ કરવા લાગી છે. આ પરિસ્થિતિ ધર્મના સ્વરૂપને વિકૃત કરે છે અને સુજ્ઞજનોની દૃષ્ટિમાં આપણી પ્રતિષ્ઠા ઘટાડે છે અને બુદ્ધિમાન લોકોને તથાકથિત ધર્મસ્થાનો પ્રતિ ઉદાસીન બનાવે છે. આ સંમેલન ધાર્મિક તપસ્યાની સાથે કોઈ પણ પ્રકારનું પ્રલોભન, ભોજન તથા પુરસ્કાર વગેરે જોડવામાં આવે છે, તેનો ઘોર વિરોધ કરે છે અને પોતાના સદસ્યોને અનુરોધ કરે છે કે એવા કાર્યોમાં કોઈ સહયોગ ન આપે. સાથેસાથે આચાર્યો અને મુનિઓને નિવેદન કરે છે કે આ પ્રવૃત્તિઓને રોકવા માટે સક્રિય પગલાં ભરે અને એવી તપસ્યાઓનાં પચખ્ખાણ ન આપે કે જેની પાછળ કોઈ પ્રલોભન કે આડંબર હોય.

મૂળ હિન્દી અનુવાદક : પરશાનંદ

"નવી દુનિયામાં-૬"

ઉનાળો આવવાની તૈયારી થઈ એટલે દૈનિક છાપાઓમાં પાનાં ભરીને રમણીય સ્થળોનું–આખી દુનિયાનું વર્ણન શરૂ થયું. તે તે પ્રદેશના રમણીય સ્થળોનાં ચિત્રો પણ છપાયા, અને વિમાની કંપનીઓએ પોતાની જાહેરખબરો શરૂ કરી. ચાલુ વર્ષ દરમિયાન અહીં અનિવાર્ય કારણ હોય તો જ લોકો રજા લે છે, અન્યથા ઉનાળામાં જ સૂર્યની મજા માણવા યાત્રાએ નીકળી પડે છે. આ દૃષ્ટિએ જ આ બધી છાપાઓની ધમાલ હતી. ઉનાળામાં લગભગ બધી ઑફિસોમાં વારફરતી બધા જ યાત્રાએ નીકળી પડતા હોય છે. હૉસ્પિટલમાં કાર્ય કરતી નર્સો અને ડૉક્ટરો પણ ઉનાળાની મોજ માણવાનું ચૂકતા નથી. અમારા વિભાગની સેક્રેટરી અને તેની સહાયક પણ યાત્રાએ જઈ આવી. મારે પણ આ રજાઓમાં યાત્રાનો કાર્યક્રમ હતો જ. ચાર મહિનાની રજામાં બે મહિને માત્ર હાજર જ રહીએ–શહેરમાં ઉપસ્થિત રહીએ અને વિદ્યાર્થીને કાંઈ પૂછવું હોય તો તે પૂછી શકે, ચર્ચી શકે એવી સગવડ આપીએ તો યુનિવર્સિટી અતિરિક્ત વેતન આપે છે. કેટલીક યુનિવર્સિટીમાં ઉનાળાના વર્ગો જ લેવાય છે અને તે લેનારને તેના પગારથી પણ વધારે પગાર ઉનાળામાં મળે છે. ચાલુ પગાર ઉપરાંત આ પગાર છે.

મારે રજામાં બહાર જવાનું જ હતું, પણ એક વર્ષ વધારે રહેવાનું હોઈ વીસા લેવો જરૂરી હતો. અને તે માટે ધાર્યા કરતાં વધારે સમય લાગ્યો. આ દેશમાં વિદેશીઓ રોગ લઈને આવે છે અને તેનો વિસ્તાર કરે છે એવી સામાન્ય ધારણા છે. એટલે વિદેશીની પૂરી ચકાસણી કરે છે. સાઠ વર્ષ થવા આવ્યાં, પણ હજી મારી પૂરી શારીરિક તપાસ મેં કદી કરાવી ન હતી; પણ અહીંના ડાક્તરોએ તો પૂરી તપાસ કરી અને રોગ શોધી કાઢયો, ઈન્જેક્શન આપ્યા અને પછી જ વીસા આપ્યો. આમાં મારા બે માસ ઉપરાંત ગયા. સ્વસ્થ મન અસ્વસ્થ પણ થયું અને રજાના પ્રારંભના બે માસ અહીં રહેવાનું મેં નક્કી કર્યું હતું તેના બદલે ત્રણ લગભગ ગયા. જુલાઈના છેલ્લા અઠવાડિયામાં જ યાત્રાએ નીકળી શક્યો. ત્રણ માસમાં જે ગુમાવ્યું હતું તે એક માસમાં પૂરું કરી દીધું અને પાછો ટોરોન્ટો આવી ગયો.

ઉનાળામાં હડતાળો અને હડતાળોની ધમકીઓ શરૂ થઈ. તેમાં સર્વપ્રથમ નિશાળના શિક્ષકોએ ધમકી આપી. અહીંના શિક્ષકને ભારતની જેમ મજૂરથી પણ ઓછો એવો પગાર નથી. પણ ચાર હજારથી શરૂ થઈ લગભગ ૧૩ હજાર ડૉલર જેટલો વાર્ષિક પગાર મળતો હોય છે. હડતાળની ધમકીને લીધે વાટાઘાટો ચાલી અને છેવટે પગાર–વધારો નક્કી થયો. પાંચ હજારથી સાડા તેર હજાર સુધીના પગારની જાહેરખબરો છાપામાં શરૂ થઈ અને શિક્ષકોની નવી ભરતી થઈ. આજે જ રેડિયોમાં સમાચાર છે કે ન્યૂ યૉર્કના શિક્ષકોએ હડતાળની ધમકી આપી છે. અહીંના પેરટમેનોએ કલાકના ૭૫ સેન્ટનો વધારો માગ્યો અને નહીં મળે તો હડતાળની ધમકી આપી. તે હડતાળ લગભગ પોણા માસ ચાલી, અને સમાધાન થયું. પોર્ટના મજૂરોની હડતાળ હજી ચાલુ જ છે. વચ્ચે બીયરના કારખાનાની હડતાળ શરૂ થઈ. તે વખતે કેનેડામાં ઓન્ટારિઓ પ્રાન્તમાં બીયરનો દુષ્કાળ થયો. મોટરોમાં લોકો અમેરિકાની સરહદે જઈ પીવા લાગ્યા અને ખરીદી લઈ આવવા લાગ્યા. આ હડતાળો કાનૂની હતી. એટલે પ્રીમિયરે તેમાં કોઈ પણ જાતની દખલ દીધી નહિ અને વાટાઘાટોથી જ પતે તેવું વણલ લીધું. પણ આ બધી હડતાળોને પરિણામે સુપ્રીમ કૉર્ટના જજને રિપોર્ટ કરી માર્ગ બતાવવાનું સોંપાયું. તેનો રિપોર્ટ છાપામાં છે. તેમણે લેબર ટ્રીબ્યુનલની સ્થાપનાની સૂચના કરી છે. અને યુનિયનને કાયદામાં વ્યકિત ગણીને તે કેસ કરી શકે અગર તેના ઉપર કામ કરી શકાય તેવો કાયદામાં સુધારો સૂચવ્યો છે. આ બંને બાબતોનો લેબર યુનિયનો વિરોધ કરી રહ્યા છે.

ઉનાળાની રજાઓ શરૂ થઈ એટલે લાખો બાળકોને કોઈ પણ કાર્યક્રમમાં વ્યસ્ત રાખવા જોઈએ–એવી સૂચના થવા લાગી અને ગ્લૂનું ધુમ્રપાન તેઓ ન કરી શકે તે માટે જે દુકાનમાંથી તે વેચાય છે તેના ઉપર પ્રતિબંધ મુકાય તે જરૂરી છે તેવી સૂચનાઓ છાપામાં આવવા લાગી. આ ગ્લૂ-એટલે ગુંદરની બાટલીઓ–ગ્લૂને બાળીને બાળકો ધુમ્રપાન કરી નશો કરે છે. આની સંખ્યા મોટા પ્રમાણમાં છે અને તેથી ઘણું નુકસાન થાય છે. પણ નશો એવી ચીજ છે કે એકવાર લાગુ પડે પછી છોડાય નહિ. મા-બાપ ચૉકલેટ માટે પૈસા આપે તેનો ઉપયોગ આ ગ્લૂ–પાન કરવામાં બાળકો કરતા હોય છે.

રજાઓમાં લોકો પોતાની મોટરોમાં જ મોટે ભાગે ફરતા હોય છે. જેમ માણસોને રહેવાની સગવડ હૉટેલોમાં છે, તેમ મોટરોને રહેવાની સગવડ (Motel) મોટેલોમાં હોય છે. હાઈવે ઉપર ઠેકઠેકાણે આવી મોટેલોનાં પાટિયાં જડેલાં છે. કેનેડા અને અમેરિકા સ્ટેટ્સના હાઈવે એટલે આદર્શ રસ્તા છે. આપણે ત્યાં તો મેકસી-મમ સ્પીડનો નિયમ છે, પણ અહીં તો રસ્તા ઉપરના પાટિયાં મેકસીમમની જેમ મિનિમમ પણ જણાવે છે. હાઈવે ઉપર ૪૫ માઈલથી ઓછી સ્પીડ રખાય જ નહિ. ૭૦ મેકસીમમ હોય છે. પણ ઘણા લોકો તો ૯૦–૧૦૦ સુધી જતા હોય છે. આવી ભારે સ્પીડ હોઈ ત્રણ ચાર માઈલ પહેલા તો પાછા વળવાનું સંભવતું નથી. ઘણી વાર તો દશ માઈલ સુધી જ અનિવાર્ય જઈ પછી જ પાછા વળવાનો માર્ગ મળે. રસ્તામાં કોઈ રસ્તો હાઈવેને મળતો હોય તો ત્રણ માઈલ પહેલાં જ તેની સૂચના અપાઈ ગઈ હોય છે. પાટિયાં એટલા બધા વ્યવસ્થિત છે કે નકશો હાથમાં રાખી કોઈને પણ પૂછયા વિના યાત્રી નિયત સ્થળે થઈ શકે છે. હાઈવેને ક્રૉસ કરતા રસ્તા ઑવર બ્રીજવાળા હોય છે. તેથી, વચ્ચે થોભવાની કોઈને જરૂર જ પડતી નથી. વળી અહીં ડાબી–જમણી બાજુ લીટી કરી સ્પષ્ટ બતાવી જ હોય છે. આવનાર અને જનાર જે બાજુએ હોય તેથી બીજી બાજુમાં ઓળંગી શકતો નથી. જ્યાં ઓળંગવાનું નિયત સ્થાન હોય ત્યાં જઈ પછી જ દિશા બદલી શકાય છે. આપણે ત્યાં ડાબે ચલાવવાનો નિયમ છે પણ અહીં જમણી બાજુએ છે. હાઈવે માત્ર રસ્તો જ નથી પણ તેની બન્ને બાજુએ જો ઉંચાણવાળી જમીન હોય તો તેની સુંદરતાની વ્યવસ્થા પણ હાઈવેમાં છે. માત્ર રસ્તા ઉપર જ ફરીને માણસ પાછો આવે તો પણ તેને આનંદ મળે એવી સુંદરતા કેટલાક રસ્તાઓમાં કરી હોય છે. તેને ડ્રાઈવ–વે કહે છે. આવા ડ્રાઈવ–વે ૪૦–૫૦ માઈલના પણ હોય છે. ખાસ કરી જંગલો અને પહાડોની વચ્ચેથી આવા માર્ગો કાઢયા હોય છે. યાત્રાળુને પેટભરી સુંદરતાનું પાન કરવાની મોજ આ રસ્તાઓ પૂરી પાડે છે. વચ્ચે પીકનીક માટેનાં સ્થાનો પણ આમાં હોય છે. ત્યાં જઈ થોડું રોકાઈ ખાઈ–પી, મોજ માણી, લોકો સાંજે–રાત્રે ઘરે પાછા ફરી શકે છે.

સ્પીડ આ દેશની મોટી સમસ્યા છે. તેને મર્યાદામાં કેમ રાખવી તે માટેના પ્રયત્નો પોલીસ કરે છે. ઠેકઠેકાણે પાટિયાં છે કે તમારી સ્પીડ રડારથી જોઈ શકાય છે માટે નિયમમાં રહો. કોઈ ઉલ્લંઘન કરતું હોય તો તેની પાછળ પોલીસ પડે છે અને તેને પકડી દંડ કરે છે. રડારની મદદથી પોલીસ જોઈ શકે છે કે અમુક રસ્તા ઉપર અમુક નંબરની મોટર અમુક સ્પીડથી જઈ રહી છે. સવારે અને સાંજે રેડિયોમાં, રસ્તાઓમાં કેવી ભીડ છે અને સામાન્ય રીતે કેટલી સ્પીડથી મોટરો જઈ રહી છે તેની સૂચનાઓ અપાય છે.

અહીંનો વ્યવહાર ઉધારિયો છે. તમારી નોકરી વ્યવસ્થિત હોય તો તમે મોટર કે મકાન કે નાની મોટી વસ્તુ ઉધાર ખરીદી શકો છો. અને તેના હપ્તા બેંક મારફત વસૂલ કરવાની વ્યવસ્થા છે. પરિણામે સામાન્ય નોકરી કરતો માનવી પણ મોટર ધરાવે છે. ઘણી વાર પતિ–પત્ની બન્નેની જુદી મોટરો હોય છે. એટલે મોટરને પાર્ક કરવાની મોટી સમસ્યા છે. શહેરના અમુક રસ્તા ઉપર તો મોટર ઊભી રાખી શકાય જ નહિ. અને પાર્કીંગના મીટરો લાગ્યા છે, જ્યાં ક્લાકના ઓછામાં ઓછા દશ સેન્ટ નાખી મોટર ઊભી રાખી શકાય છે. ટાઈમ પૂરો થાય તે પહેલાં મોટર હટાવી ન હોય તો પોલીસ તરત દંડ કરે છે. કેટલીક કંપનીઓ પાર્કીંગની વ્યવસ્થા કરવાનો ધંધો કરે છે. અને મ્યુનિસિપાલિટી પણ અન્ડર ગ્રાઉન્ડ અનેક માળના અને જમીન ઉપર અનેક માળના મકાનો માત્ર પાર્કીંગ માટે બાંધી ભાડું ઉઘરાવે છે. મોટી દુકાનવાળા–સુપર માર્કેટો–માર્કેટ સાથે જ વાહનોની વ્યવસ્થા મફત કરે તો જ ગ્રાહક તેને ત્યાં જઈ શકે છે. એટલે પાર્કીંગની વ્યવસ્થા તેમણે કરવી પડે છે. અનેકમાળી નિવાસસ્થાનોમાં પણ ભોંયરામાં પાર્કીંગની વ્યવસ્થા હોય છે અને તેનું ભાડું પણ લેવાય છે. નાનું કે મોટું મકાન બાંધવું હોય તો તેમાં પાર્કીંગની ગોઠવણ હવે અનિવાર્ય બની ગઈ છે. ગૅરેજ પણ માત્ર એક કારનું ન ચાલે, બે કારની સગવડ તેમાં કરવી જરૂરી છે. કારણ સામાન્ય રીતે પતિ–પત્ની બન્નેની મોટરો જુદી હોય છે. મોટા કારખાનાને પણ તેના કાર્યકર્તાઓ માટે પાર્કીંગની વ્યવસ્થા વિચારવી પડે છે. પણ આ બધું અહીંના લોકોને સદી ગયું છે.

વીક ઍન્ડ (શનિ-રવિ)ની રજામાં સામાન્ય રીતે એક પ્રાન્તમાં ૬૦ આસપાસ એક્સમાતો થતા જ હોય છે, જેમાં મૃત્યુપ્રમાણ પણ સારું એવું હોય છે. જો વીક ઍન્ડ બેથી વધારે દિવસનો હોય

તો વળી અકસ્માતના મૃત્યની સંખ્યા ૧૦૦ સુધી પણ પહોંચે એ સામાન્ય હકીકત બની ગઈ હોય એમ જણાય છે. પૂરી તકેદારી રાખ્યા છતાં આ અકસ્માતો સર્વથા નિવારી શકાયા નથી. કારણ ઘણાં તો મોજ માણવા જ નીકળતા હોય છે, અને તેમાં દારૂનું પાન બેહદ થાય છે ત્યારે અકસ્માત નિવારી શકાતા નથી.

કેનેડાની સામાન્ય ચૂંટણી પૂરી થઈ ગઈ અને હવે અમેરિકન સ્ટેટ્સના પ્રમુખની ચૂંટણીની ધમાલ ચાલુ છે. આ બન્ને દેશની ચૂંટણીઓ રમૂજી છે.

આપણી કૉંગ્રેસના અધિવેશનોમાં જે ખર્ચ થાય છે અને જે દુર્વ્યય થાય છે તે તો અહીંના હિસાબે પાશેરામાં પહેલી પૂણી જેવો પણ નથી. પાર્ટીની મિટિંગમાં લીડરની ચૂંટણી થવાની હોય છે. તે માટે અનેક ઉમેદવારો ઊભા થાય છે. આપણી જેમ કુલકીમાં ગોળ ભાંગી માત્ર એક જ ઊભો રહે તેવી પરિસ્થિતિ અહીં નથી. એટલે જુદા જુદા પ્રાન્તમાંથી આવનાર પ્રતિનિધિઓને ખુશ કરવા દરેક ઉમેદવાર પોતાના સમર્થકોની ટોળી ઊભી કરે છે. એ ટોળીમાં પુરુષો અને સ્ત્રીઓ હોય છે. તેમના ગણવેશ તે ઉમેદવાર જ પૂરા પાડે છે, અને પછી વાજા-નગારા સાથે, નાચ–ગાન સાથે ઉમેદવારનો પ્રચાર શરૂ થાય છે. હૉટેલનો ધૂમ ખર્ચ, દારૂનો ખર્ચ, ખાવાનો ખર્ચ – પીવાનો ખર્ચ – એની ગણતરી નથી. તેમની પાર્ટીનાં કન્વેશન ચાલતાં હોય છે તેનાં દશ્યો ટેલિવિઝનમાં જોઈએ છીએ ત્યારે કાર્નિવાલ જેવા હોઈએ એવું લાગે છે. કોઈનું નામ કોઈ પ્રસ્તાવિત કરે, ભાષણમાં તેમના નામનો ઉલ્લેખ આવે એટલે સમર્થકોની ટોળી પતાકાઓ ફરકાવે–અને બૂમાબૂમ કરી મૂકે. થોડી વાર એમ જ ચાલે, વક્તા ચૂપ રહે – વળી પાછા ભાષણ શરૂ થાય – આમ ઢોલ–નગારા – વાજા – ગાજાં સાથે કન્વેન્શન ચાલતું હોય છે. નહેરુની જેમ અહીં પણ પાર્ટીલીડર ચૂંટણી વખતે આખા દેશની યાત્રા કરે છે. અને આ વર્ષે તો કેનેડામાં પાર્ટીલીડર જે ચૂંટાયા છે તે મિસ્ટર ટ્રુડો – (હવે તો પ્રાઈમ મિનિસ્ટર) પ્રચારમાં નીકળ્યા ત્યારે તેમના ઉપર તો સર્વત્ર ચૂંબનોની ઝડી જ વરસી હતી. ૪૯ વર્ષના ટ્રુડો હજુ કુંવારા જ છે અને નવી પેઢીના માનતીના નેતા જણાય છે. એટલે તેમનું સ્વાગત ચૂંબનોથી જ સર્વત્ર થતું – અને છાપાવાળાએ તો ટ્રુડોમેનિયાને નામે જ લખતા – અને વિરોધી પાર્ટીવાળા આ બાબતની નકલ કરવા ગયા પણ તેમાં ફાવ્યા નહિ. અને ટ્રુડોએ તેમની પાર્ટીને ભારે બાંહુમતી અપાવી. ટ્રુડો અહીંના માનીતા નેતા છે અને જ્યારે તેઓ પ્રચાર કરવા નીકળ્યા હતા ત્યારે તેમના ઉપર એવા પણ આક્ષેપો થયા કે તે તો સામ્યવાદી વિચારધારા ધરાવે છે. પણ એટલું તો નક્કી કે તેઓ સમાજવાદ અને મૂડીવાદમાં નહિ પણ Just Societyમાં માને છે અને લોકોની જે આર્થિક સમસ્યાઓ છે, ખાસ કરી કેનેડામાંની મૂળવસ્તી ઈન્ડિયન અને એસ્કીમો – જે ગરીબ ગણાય છે, તેના ઉદ્ધાર માટે લાગણી ધરાવે છે. લોકોને રહેવા માટે ઘર પૂરતા પ્રમાણમાં નથી–(અહીંના સમાજની દૃષ્ટિએ) તે મોટી સમસ્યા ગણાય છે. લાખેક માણસો બેકાર છે – – તેને પણ બેકારીની સમસ્યા ગણે છે. મોંઘવારી–ખાધાખોરાકીમાં– – વધી રહી છે તે પણ સમસ્યા છે. અર્થનું વિતરણ પૂરા સમાજમાં યોગ્ય રીતે થતું નથી તેના નિવારણની પણ સમસ્યા છે. આ બધા વિષે નેતાઓ શું કરવા માગે છે – તેની ટેલિવિઝન ઉપર ચર્ચાઓ પણ ગોઠવાઈ અને ઉમેદવારોએ પોતપોતાના મંતવ્યો રજૂ કર્યા. પરંતુ તેઓમાં કાંઈ બહુ મતભેદ જણાયો નહિ. એટલે માત્ર પાર્ટીના પ્રચારમાં જે ખર્ચ વધારે કરી શકે, જે પાર્ટી વધારે વ્યવસ્થિત હોય, સારું દેશવ્યાપી સંગઠન ધરાવતી હોય તે જ સત્તા ઉપર આવી શકે એવી સ્થિતિ કેનેડામાં મેં જોઈ.

અમેરિકન સ્ટેટ્સમાં પણ ડેમોક્રેટીક અને રિપબ્લિકન બન્નેનાં કન્વેશન થઈ ગયા. કેનેડાથી પણ મોટા પ્રમાણમાં ધૂમ ખર્ચ અને પ્રચાર એ કન્વેન્શનોમાં હતો. ત્યાંની અત્યારની સમસ્યા મુખ્ય રૂપે વિયેટ નામની લડાઈ છે. પ્રજા કંટાળી છે, પણ લડાઈ એકાએક બંધ કરવામાં પણ સર્વથા એકમતી નથી. આથી પ્રમુખની ચૂંટણીમાં ભારે રસાકસી ચાલી રહી છે.

તા. ૮-૯-૧૯૬૮ દલસુખ માલવણિયા

અમે પણ પૃથ્વીની પરિક્રમા કરી!

"જ્યાં સુધી આપણે શીખવા માટે બહાર નથી જતા ત્યાં સુધી બીજા દેશની કશીજ કલ્પના આવી શકે નહિ. પરદેશમાં લોકો જે મહેનત કરે છે અને તેઓ જે રાષ્ટ્રપ્રેમ ધરાવે છે એની પાસે આપણે તો કંઈ જ નહિ. ત્યાં માણસ રાતે સૂએ અને સવારે ઊઠે ત્યારે નવો ચમકારો લઈને ઊઠે છે. ટૂંકમાં દુનિયા જોઈને એક નવી દૃષ્ટિ પ્રાપ્ત થાય છે." – ડૉ. ભણશાળીના પ્રવચનમાંથી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સપ્ટેમ્બર માસની ૨૩મી તારીખે સાંજના સમયે ધી ગ્રેઈન, રાઈસ એન્ડ ઑઈલ સીડઝ મરચન્ટ્સ એસોસીએશનના હૉલમાં, મુંબઈના જાણીતા ઓર્થોપેડિસ્ટ (હાડવૈદ્ય) ડૉ. રસિકલાલ એમ. ભણશાળી તાજેતરમાં દુનિયા ઉપરના કેટલાક દેશોના પ્રવાસ દ્વારા આપણી પૃથ્વીની પરિક્રમા કરી પાછા ફર્યા છે તે ઉપર તેમનો વાર્તાલાપ ગોઠવવામાં આવ્યો હતો. પ્રારંભમાં તેમનો પરિચય આપતાં મેં જણાવ્યું કે "તેઓ પાલનપુરના વતની છે. આજે તેમની ૪૩ વર્ષની ઉમ્મર છે. તેઓ આપણ સૌને વિશેષ જાણીતા ડૉ. કીર્તિલાલ ભણશાળીના નાના ભાઈ થાય. મુંબઈ ખાતે એમ.એસ.ની ડૉક્ટરી ડિગ્રી પ્રાપ્ત કરીને તેઓ વિશેષ અભ્યાસ માટે ૧૯૫૩ની સાલમાં ઈંગ્લાંડ ગયા અને ચાર વર્ષ ત્યાં ગાળીને અને પોતાનો અભ્યાસ પૂરો કરીને ૧૯૫૭ની સાલમાં તેઓ ભારત ખાતે પાછા ફર્યા. તે વખતે મુંબઈ ખાતે પાલનપુરના જૈન સમાજ તરફથી તેમનું જાહેર સન્માન કરવામાં આવેલું અને તે પ્રસંગે તેમનો મને પહેલો વાર પરિચય થયેલો. આ પ્રસંગે તેમને શુદ્ધ ગુજરાતીમાં સરળ રીતે બોલતાં સાંભળીને તેમના સંસ્કારી વ્યક્તિત્વની મારા મન ઉપર ખૂબ સારી છાપ પડેલી. ત્યાર પછી એક યા બીજા નિમિત્તે અમે પરસ્પર મળતા રહ્યા છીએ. તેઓ ઓર્થોપેડિક સર્જન છે અને કે. ઈ. એમ. હૉસ્પિટલ તથા સર હરકીસનદાસ હૉસ્પિટલ સાથે તેમનું attachment–જોડાણ છે. અને જી. એસ. મેડિકલ કૉલેજમાં તેઓ ઓર્થોપેડિકસના પ્રોફેસર છે. તેમના વિશેષ અને વિશેષ પરિચયમાં આવતાં મને માલૂમ પડ્યું છે કે તેઓ પોતાના વિષયના તો પૂરા નિષ્ણાત છે, પણ એ ઉપરાંત તેમનામાં ઊંડી સંસ્કારિતા છે અને તાત્વિક બાબતો અંગે સ્વતંત્ર ચિન્તન છે. સાધારણ રીતે ડૉક્ટરો, એન્જિનિયરો, વિજ્ઞાનશાસ્ત્રીઓ પોતપોતાના વિષયમાં સારી નિપુણતા ધરાવતા હોય છે, પણ પોતાના વિષય બહારની બાબતો અંગે તેમનામાં બહુ ઓછી સમજણ હોવાનું માલૂમ પડે છે. તેમનું દર્શન એકાંગી હોય છે. સમગ્ર દર્શન તેમનામાં ભાગ્યે જ જોવા–અનુભવવા મળે છે. આજના આપણા વાર્તાલાપકારમાં પોતાના વિષય ઉપરાંત સમગ્ર જીવનને સ્પર્શતી દૃષ્ટિ પણ છે અને તેથી જ તેમને અહીં બોલાવવા હું આકર્ષાયો છું.

"તેઓ તેમનાં પત્ની પુષ્પાબહેન સાથે અહીંથી ગયા મે માસની ૧૭મી તારીખે યુરોપ તરફ રવાના થયા હતા અને ત્યાંથી અમેરિકા જાપાન થઈને અહીં જુલાઈ માસની ૧૮ મી તારીખે પાછા ફર્યા હતા. ત્યાર બાદ તેમને મળવાનું બનતાં તેમના પ્રવાસનાં સ્મરણો આપણા સંઘના સભ્યોને સંભળાવવા માટે નિમંત્રણ આપવાનો મને વિચાર આવ્યો. તે મુજબ અપાયેલા નિમંત્રણના સ્વીકારના પરિણામે તેઓ આજે આપણી વચ્ચે ઉપસ્થિત થયા છે. સંઘ તરફથી તેમને હું હાર્દિક આવકાર આપું છું અને પોતાના પ્રવાસની કથા આપણને સંભળાવવા તેમને હું વિનંતિ કરું છું."

અમારી કલ્પના તો તેમનું પ્રસ્તુત વિષય ઉપર મૌખિક વ્યાખ્યાન સાંભળવાની જ હતી. પણ અમારા સવિશેષ સદ્‌ભાગ્યે તેઓ પોતાની સાથે પ્રોજેક્ટર અને જુદાં જુદાં સ્થળોની તેમણે પોતે જ લીધેલી ૧૦૦ લગભગ સ્લાઈડ્ઝ સાથે લેતા આવ્યા હતા. પરિણામે તેમણે પોતાનો વાર્તાલાપ સ્લાઈડ્ઝ દેખાડવા સાથે સંકલિત કર્યો હતો અને તે અમારા માટે Visual Instrauctionમાં પરિણમ્યો હતો. પોતાના પ્રવાસના ક્રમ અનુસાર તેઓ જુદાં જુદાં સ્થળોની સ્લાઈડ્ઝ દેખાડતા અને સમજાવતા ગયા અને અમે તેમને સાંભ-

ળતા ગયા. આ રીતે અમે તેમની સાથે યુરોપમાં ગ્રીસ (એથેન્સ), ઈટાલી (રોમ અને વેનીસ), સ્વીટ્ઝર્લેન્ડ (બર્ન, ઈન્ટરલાકન, યુમફ્રૉ, અને જિનિવા), સ્વીડન (સ્ટોકહોમ) – આ દેશોની કલ્પનામાં મુસાફરી કરીને અમે અમેરિકામાં દાખલ થયા અને ન્યુ યૉર્ક, વૉશિંગ્ટન, બોસ્ટન, ટોરોન્ટો (કેનેડા), શીકાગો, આયોવા સીટી, લૉસ ઍંજેલીસ, તથા સાનફ્રાન્સીસ્કો અને હિઝનીલેન્ડ, લાસવેગાસ, નાયાગરા, ગ્રાન્ડ કેનીયન વગેરે જોવાલાયક સ્થળોની મુલાકાત લઈને હોનોલુલુ (હવાઈ) આવ્યા અને ત્યાંથી જાપાનમાં ટોકીયો, ઓસાકા, કયોટો, અને નારાઆ ચાર શહેરોને લગતાં દશ્યો જોયાં અને ત્યાંથી હૉંગકૉંગ, બેંકોક અને સિંગાપોર થઈને ભારત ખાતે સહીસલામત પાછા આવી પહોંચ્યાં.

અહીં એ જણાવવું જરૂરી છે કે ડૉ. ભણશાળી કુશળ ડૉકટર હોવા ઉપરાંત એક ઘણા કુશળ ફોટોગ્રાફર છે અને તેથી તેમની છબીઓ ઘણી જ ચોખ્ખી અને પ્રસ્તુત દશ્યોને આબેહુબ રીતે રજ કરતી હતી.

તેમનો વાર્તાલાપ પણ સરળ અને તળપદી ભાષામાં હતો. તેમાં બોલવાની છટા, વિનોદનો જ્યાં ત્યાં છંટકાવ અને મનોરંજનની કળા પણ હતી. તેમના વકતવ્યને કોઈ ઔપચારિક બંધન નહોતું, તેથી તેમનો વાર્તાલાપ અત્યંત રોચક અને રસાળ બન્યો હતો.

આ રીતે અમે તેમની સાથે બે કલાક પસાર કર્યા અને કલ્પનાસૃષ્ટિમાં – જાણે કે સ્વપ્નસૃષ્ટિમાં–વિહાર કરતા હોઈએ એવો આલ્હાદ અનુભવ્યો, અને દુનિયાનાં અનેક શહેરોનાં અને અદ્‌ભુત સ્થળોનાં તેમની સ્લાઈડઝદ્વારા પ્રત્યક્ષ દર્શન કર્યાં.

આ વાર્તાલાપના સમાચાર સંઘના સભ્યોને ઘણા મોડા પહોંચ્યા હતા. તે ઉપરાંત વાર્તાલાપના દિવસે જ ચાલુ વીજળી અને મેઘગર્જના સાથે ઠીક સમય સુધી વરસાદ પડતો રહ્યો હતો. આ કારણે જેઓ આ પ્રસંગે હાજર રહી શકયા નહોતા તેમણે કેટલું બધું ગુમાવ્યું અને અમે હાજર રહેલા થોડા મિત્રો કેટલો મોટો આનંદ કમાયા તે પ્રકારના મિશ્ર સંવેદનપૂર્વક, વાર્તાલાપ સમાપ્ત થતાં, અમે છૂટા પડયા હતા. વાર્તાલાપના અંતે સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે ડૉકટર રસિકલાલ ભણશાળીનો હાર્દિક આભાર માન્યો હતો અને જે કાંઈ ભરચક અવનવું જોયું તે વિષે તેમણે ઊંડી ધન્યતા વ્યકત કરી હતી. પરમાનંદ

વિજ્ઞાન અને ધર્મ – ૨

(આ મથાળાનો પહેલો લેખ–પૂનાવાળા શ્રી શાંતિલાલ શાહનો– ૧૬મી જુલાઈના અંકમાં પ્રગટ કરવામાં આવ્યો છે. તંત્રી)

વિજ્ઞાન અને ધર્મ વચ્ચે, જો વિજ્ઞાન અને ધર્મના અમુક અંશે સ્વતંત્ર ક્ષેત્રો બરોબર ધ્યાનમાં લેવામાં આવે તો, કોઈ પણ અથડામણ પેદા થવાનો સંભવ ન રહે. વિજ્ઞાનનું કાર્ય કુદરતના રહસ્યને પ્રગટ કરવાનું અને તેના ગૂઢ નિયમોને શોધીને – પ્રગટ કરીને–માનવીના જીવન સાથે સંલગ્ન કરવાનું છે. ધર્મનું કાર્ય, વિજ્ઞાનની નવી નવી શોધો અને તેના પરિણામે ઊભી થતી નવી નવી પરિસ્થિતિઓને લક્ષમાં રાખીને વ્યકિત અને સમષ્ટિના સંબંધોને સમતોલ કરતા રહેવાનું, બન્ને વચ્ચે સંવાદિતા નિર્માણ કરવાનું અને એકમેકને બાધક ન હોય એ રીતે પ્રત્યેકનો ઉત્કર્ષ સાધવાનું છે, અને તે માટે ઉચિત આચાર નિર્માણ કરવાનું છે. વિજ્ઞાન અને ધર્મ વચ્ચે અથડામણ ત્યારે જ થાય છે કે જ્યારે વિજ્ઞાનલક્ષી કેટલીક સાંપ્રદાયિક માન્યતાઓ વિજ્ઞાનની નવી શોધોના સંદર્ભમાં ટકી શકવાને અસમર્થ માલૂમ પડે છે અને આવી પરિસ્થિતિમાં સંપ્રદાયપરાયણ માનસ, કોને સ્વીકારવું અને કોનો ઈનકાર કરવો તેની દ્વિધામાં પડે છે. આ બાબતમાં જેને સ્પષ્ટ દર્શન થયું હોય છે કે "વિજ્ઞાનલક્ષી એવી કોઈ ચોક્કસ ધાર્મિક માન્યતા સાથે ભલેને કોઈ ધર્મશાસ્ત્રનો કે સર્વજ્ઞપ્રણીત લેખાતા આગમોનો સંબંધ હોય તો પણ તે તે માન્યતામાં રહેલું તથ્ય તે તે સમય પૂરતું સીમિત છે, તે તે સમયમાં જે કાંઈ વિજ્ઞાનવિષયક જાણકારી પ્રવર્તતી હોય તેને રજુ કરે છે. આવી કોઈ માન્યતા ત્રિકાલાબાધિત સત્ય હોઈ ન જ શકે. આજે નવી શોધોના નવા પ્રકાશમાં તે માન્યતામાં આરોપાયેલું તથ્ય અતથ્ય ઠરતું હોય તો તેનો તે મુજબ સ્વીકાર કરવો જ રહ્યો."–આવું સ્પષ્ટ દર્શન ધરાવતી વ્યકિત માટે વિજ્ઞાન અને ધર્મ વચ્ચે કશો વિરોધ કે અથડામણ સંભવીત જ નથી. દા. ત. પહેલાનાં ધર્મશાસ્ત્રોમાં જે પ્રકારની વિશ્વરચનાનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે આજની ભૂગોળ–ખગોળની શોધોના પ્રકાશમાં ટકી શકે તેમ છે જ નહિ. તો પછી તે ખોટી ઠરેલ માન્યતાને સાચી પુરવાર કરવાના ફાંફા મારવાને બદલે, તે પુરાણી માન્યતાને લગતો આગ્રહ વિવેકી વ્યકિતએ છોડવો જ રહ્યો. આપણી પૃથ્વી સપાટ હોવાની જૈન માન્યતાને આજે સ્પુટનીકદ્વારા–અવકાશયાનોદ્વારા–લેવાયેલી પૃથ્વીને નિઃશંકપણે ગોળાકાર હોવાનું પુરવાર કરતી છબીઓ જો ખોટી પાડે છે તો પૃથ્વીના આકાર અંગે સેવાયલી જુની કલ્પનાને આપણે તિલાંજલિ જ દેવી ઘટે. આ નવી વસ્તુસ્થિતિનો આપણે સ્વીકાર કરવો જ રહ્યો.

બીજું છેલ્લાં સો પચાસ વર્ષના ગાળા દરમિયાન વિમાનો શોધાયાં, રેડીયો, અને ટેલિવિઝન આવ્યાં, કામ્પ્યુટર્સ આવ્યાં અને સાથે આણુબોંબ પણ શોધાયાં. આ બધાના પરિણામે દેશ દેશ વચ્ચેનું, પ્રજા પ્રજા વચ્ચેનું અન્તર એકદમ ઘટી ગયું છે; દૂરના લેખાતા લોકો કેવળ પડોશી જેવા બની ગયા છે; દુનિયામાં કોઈ પણ ખુણે બનતી ઘટના આપણે ટેલીવીઝનદ્વારા જોઈ શકીએ છીએ, કોઈ પણ ખુણેથી પ્રસરેલી વાત આપણે રેડીયોદ્વારા સાંભળી શકીએ છીએ. બીજી બાજુએ માનવીની સંહારશકિત પારાવાર વધી ગઈ છે અને આણુશસ્ત્ર-સંપન્ન રાજ્ય કોઈ પણ ક્ષણે આખી પૃથ્વીનો નાશ કરી શકે છે. આમ સો પચાસ વર્ષના ગાળામાં આપણે એટલા બધા નજીક આવ્યા છીએ અને એકમેકનાં હિતો એટલાં બધાં ગાઢપણે સંકળાયેલાં છે કે એકમેકને અલગ અને ચડિયાતા ઉતરતા લેખનારાં વલણોને વળગી રહેવું આજે આપણને પાલવે તેમ નથી. વળી આગળના સમયમાં નાનાં મોટાં કારણે નાના નાના સમૂહો વચ્ચે અથડામણો ઊભી થતી, યુદ્ધો થતાં અને થોડી મારામારી બાદ તે યુદ્ધો શમી જતાં. આ દિવસોમાં માનવીની સંહારશકિત અતિ સીમિત હતી. આજે નાની ચીનગારી લાગતાં મોટો ભડકો પેદા થાય છે અને જાનમાલની પારવિનાની નુકસાની થઈ બેસે છે. અને આણુશસ્ત્રનો કદિ કોઈ ઉપયોગ કરી બેસે તો વિનાશને કોઈ સીમા રહેતી નથી. આમ હોવાથી આજે હળવા દિલે યુદ્ધનો કોઈ વિચાર કરવાનું શકય જ નથી. આ નવી પરિસ્થિતિમાં માનવી સમાજનાં યોગક્ષેમ કેમ જળવાય અને માનવીનો વ્યકિતગત ઉત્કર્ષ–ભૌતિક અને આધ્યાત્મિક–કેમ સધાય તેની સુઝ આપવાનું–સાચી સમજણ આપવાનું, સાચા મૂલ્યો રજુ કરવાનું કામ–આચાર નિર્માણ અને ઘડતરનું કામ–વિજ્ઞાનનું નહિ પણ ધર્મનું છે.

આવી રીતે આપણે જો વિજ્ઞાન અને ધર્મનાં ક્ષેત્રો વચ્ચેનો ભેદ યથાસ્વરૂપે ગ્રહણ કરીએ તો વિજ્ઞાન અને ધર્મ વચ્ચે કોઈ અથડામણને–કોઈ વિસંવાદને–અવકાશ જ ન રહે. વિજ્ઞાન જ્ઞાનલક્ષી છે; ધર્મ-ચારિત્ર્યલક્ષી, આચારલક્ષી છે. જેનો અંશ માત્ર આવૃત્ત છે એવી વિરાટ સત્તાના (That Which Exists) ના નવા નવા અંશોનું અનાવરણ કરવું–ભૌતિક જગતનાં રહસ્યો ખુલ્લાં કરવાં અને તેનો માનવી જીવનમાં ઉપયોગ દેખાડવો–આ કામ વિજ્ઞાનનું છે. તેનો સદુપયોગ કેમ કરવો અને તેના દુરૂપયોગથી કેમ બચવું, સામાન્યતઃ પ્રેયલક્ષી એવા માનવીને શ્રેયલક્ષી માર્ગનું દર્શન કરાવવું, તદનુરૂપ આચારનું નિર્માણ કરવું તે કામ ધર્મનું છે.

વિજ્ઞાન સદા પરિવર્તનશીલ છે. જુની શોધોનું સ્થાન નવી શોધો લે છે અને તેના પરિણામે નવી નવી પરિસ્થિતિ નિર્માણ થાય છે. માનવીનું શ્રેય એ ધર્મનું લક્ષ છે, પણ આ શ્રેય–સાધનાના પ્રકારમાં દેશકાળના ફેરફાર મુજબ પરિવર્તન થાય છે. ધર્મનું આ સ્થાયી તેમ જ અસ્થાયી સ્વરૂપ માનવીના ધ્યાન ઉપર લાવવું અને તે મુજબ તેના આચારનું – આચરણનું ઘડતર કરવું એ કાર્ય સમયજ્ઞ ધર્મદ્રષ્ટાઓનું છે. તે મુજબ આચરણ કરવું, જીવન સાધના કરવી એ કાર્ય મારું, તમારું, સર્વ કોઈનું છે. પરમાનંદ

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ–૩.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ–૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૦ : અંક ૧૩

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, નવેમ્બર ૧, ૧૯૬૮, શુક્રવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ સ્ત્રી–પુરૂષ સંબંધ ☆

(પર્યુષણપર્વ વ્યાનમાળામાં આપેલ વ્યાખ્યાનની નોંધ)

'સ્ત્રી - પુરુષ સંબંધ' એવો વિષય પર્યુષણમાં તે હોય, એમ ઘણાંને લાગતું હશે.

તમે હમણાં જ ભંવરમલજીના પ્રવચનમાં જીવનનાં મૂલ્યોમાં, સ્ત્રી - પુરુષના સંબંધોમાં આવેલ પરિવર્તનોનો નિર્દેશ સાંભળ્યો. સ્ત્રી - પુરુષ સંબંધ સમગ્ર જીવનને આવરી લે છે–સ્પર્શે છે. આથી ઘણાં એક - બીજાને સુખી કરે છે તો ઘણા દુ:ખી પણ કરે છે. માટે આ વિષયનું સાચું મૂલ્યાંકન થવું જરૂરી છે.

આ સંબંધો પરત્વે બાહ્ય આચારોની નહીં પણ પાયાની સમજણ કેળવવાની જરૂર છે.

જીવનમાં ચાર પુરુષાર્થ કહ્યા છે – ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આમાં કામ તે સ્ત્રી - પુરુષ સંબંધ (Sex Relation). પણ sex શબ્દમાં કામનો પૂરો ભાવ નથી આવતો. sex શારીરિક સંબંધ મુખ્યત્વે દર્શાવે છે. જ્યારે કામ શબ્દમાં માનસિક ભાવ પણ આવે છે. એટલે હું જે કાંઈ કહીશ તે માત્ર sexના નહીં પણ કામના વ્યાપક અર્થમાં જ કહીશ.

અંગ્રેજીમાં આવી જ રીતે ધર્મને માટે રીલીજીયન (Releigion) શબ્દ વપરાય છે. પણ ધર્મનો ભાવ 'રીલીજીયન' માં આવતો નથી. રીલીજીયનનો અર્થ કંઈક એસ્ટાબ્લીશ્ડ ચર્ચ (established church) ના જેવો થાય છે, પણ ધર્મમાં વ્યાપકતા છે.

કામના અર્થમાં મર્યાદા ને વ્યાપ બન્ને આવી જાય છે. વિષય નાજુક છે તેમજ દરેક વ્યકિતને ગાઢ સ્પર્શતો હોઈ, તે વિષયે રૂઢિ, અનુભવ, રુચિ વિગેરેને આધારે દરેકને દઢ માન્યતાઓ બંધાઈ હોય છે.

આજે દુનિયા એક થઈ રહી છે. તેમાં બધે જ ભારતીય સંસ્કૃતિનો આધાર ટાંકવો અશકય છે, દુનિયાનો પવન સૌને અસર કરે છે. વિચાર પરિવર્તન થયા જ કરે છે. એટલે કોઈ ચોક્કસપણે પૂર્વનું કે પશ્ચિમનું એવું અલગ રહ્યું નથી.

આ વિષય પસંદ કરવાને નિમિત્ત છે એક પત્ર. દલસુખભાઈ માલવણિયા કેનેડામાં રહે છે. ત્યાંથી તેઓ અવારનવાર પત્રો લખે છે તે પ્રબુદ્ધ જીવનમાં છપાય છે. એક પત્રમાં તેમણે પશ્ચિમના દેશોમાં સ્ત્રી - પુરુષ સંબંધો અંગે શું ચાલી રહ્યું છે તે લખ્યું છે. એટલેથી જ તેઓ અટકયા નથી. તેમણે તો કહ્યું છે કે આપણા દેશમાં પણ આવી જ સ્થિતિ થનાર છે. માટે સાવધ રહીએ.

મેં તેનો ટૂંકો જવાબ 'પ્રબુદ્ધ જીવન' માં લખ્યો છે. આપણા દેશમાં પણ શું એવું જ થવું જરૂરી છે? પશ્ચિમનું બધું જ અપનાવવાની જરૂર છે?

હા, એ વાત સાચી છે કે પાંચ હજાર વર્ષની આપણી સંસ્કૃતિને કોઈ પણ ઉથલાવી નહીં શકે એવી શકયતા હવે રહી નથી. એનો નજીકમાં જ ચીનનો દાખલો છે. કૉન્ફ્યૂશ્યસની સંસ્કૃતિ માઓએ ૧૯ વર્ષમાં જ ઉખેડી નાંખી. તેમાંની કુટુંબ – ભાવના અને સામાજિક વ્યવસ્થામાં ક્રાંતિ આણી.

રશિયામાં પણ જ્યારે ક્રાંતિ થઈ ત્યારે તે કેવળ આર્થિક ક્રાંતિ નહોતી. સમૂળી ક્રાંતિ હતી, તેમાં લગ્નવિચ્છેદની, એટલી બધી છૂટ આપી દીધી હતી કે તેનાં ભયંકર પરિણામો જોઈને પછી લેનિનને જ લગ્નવ્યવસ્થા સ્થિર કરવા પ્રયત્ન કરવો પડયો. તેણે "અજીઠા ગ્લાસ" નો દાખલો આપીને (drinking Water glass example) કહ્યું કે એક જણે પીધેલા પ્યાલાથી તમે પાણી પીઓ તો તે આરોગ્યને કેટલું હાનિકારક છે? આજે હવે રશિયામાં કંઈક સ્થિરતા આવી છે; કુટુંબભાવના આવી છે.

પશ્ચિમમાં હિપ્પી ને બીટલ્સનો પવન ફેલાયો છે. પરિણામે પ્રોફ્યુમો પ્રકરણ – જેની ભયંકરતા ડેનીંગ રીપોર્ટમાં આછી બતાવી છે, તેવા અનેક પ્રકરણો સર્જાઈ રહ્યા છે.

આપણે ત્યાં પણ એવું થઈ રહ્યું છે અને આપણે નિ:સહાયપણે જોઈ રહ્યા છીએ, ત્યારે એ અંગે વિચારીએ.

મારું માનવું છે કે સંત પુરુષો ને ધર્મશાસ્ત્રીઓની સ્ત્રી - પુરુષ સંબંધ વિષે એક દ્રષ્ટિ હોય છે તે આધ્યાત્મિક દ્રષ્ટિ છે. પણ માનવીના હૃદયનું ઊંડું અવગ્રાહન કરનારા તો કવિઓ જ છે.

કાલીદાસ, ટાગોર, ટોલ્સ્ટોય, શેકસપીયર, ગેટે વિગેરેની દ્રષ્ટિએ માનવીને જુઓ. સ્ત્રી - પુરુષ સંબંધ કેવો હોવો જોઈએ તે સમજવા માટે શ્રેષ્ઠ સાહિત્ય ઉત્તમ સાધન છે.

સ્ત્રી-પુરુષના આકર્ષણને તેઓ તિરસ્કારતા નથી, જ્યારે ધર્મશાસ્ત્રો તેના પ્રત્યે તિરસ્કાર કેળવી મનુષ્યને તેનાથી વિમુખ કરવા પ્રયત્ન કરે છે. શકુંતલા, ચોખેરવાલી, ઘરે બાહિરે ઓનાકરીના, મેડમ બોવરી વગેરે કૃતિઓ આ વાતની પ્રતીતિ કરાવે છે. કુદરતે સર્જેલ આકર્ષણ એ એક એલીમેન્ટલ બાયોલૉજીકલ ફેકટ (elemental biological fact) છે. આ વસ્તુ પાયા રૂપ છે. તેના ઉપર ઊર્મિનું તંત્ર રચાયેલું છે. તેના ઉપર આધ્યાત્મિક તંત્ર આવે છે.

કુદરતે પોતાનો તંતુ ચાલુ રાખવા પ્રજોત્પત્તિની પ્રબળ પ્રેરણા આપી છે. પણ વ્યકિતગત સંબંધ એ એક વસ્તુ છે અને સામાજિક વ્યવસ્થા બીજી વસ્તુ છે. એક નિર્જન અરણ્યમાં બે જણાં ગમે તેમ વર્તી શકે, પણ સમાજમાં રહેવું હોય તો મન ફાવે તેમ ન વર્તી શકાય.

લગ્ન સંસ્થા એક સોશ્યલ ઈન્સ્ટીટયુશન છે. એટલે સ્ત્રી–પુરુષ સંબંધના પરિણામે સામાજિક સ્વાસ્થ્ય, આર્થિક સંબંધો, આર્થિક હક્કો વિગેરે ઊભા થાય છે. એટલા માટે પર સ્ત્રી કે પર પુરુષ પ્રત્યેની દ્રષ્ટિનો નિર્ણય લેવો જરૂરી બને છે.

શાસ્ત્રકારો કહે છે કે લગ્નજીવનનો પાયો સંયમ છે. લગ્ન એટલે એક સ્ત્રી ને એક પુરુષ જોડાયાં. તેમણે સંયમની પાળ બાંધી; બીજો વિચાર, બીજી વસ્તુ છોડી દીધી – છોડી દેવાં જોઈએ. લગ્ન સંયમનું મહાવ્રત છે. પરસ્પરની વફાદારી તેનો પાયો છે. એક પતિત્વ, એક પત્નીત્વ, બહુપત્નીત્વ કે પતિત્વ–બધામાં કયાંક તો મર્યાદા છે જ.

હિંદુ લગ્નપ્રથા કેમ ઘડાઈ? આર્યો ભારતમાં આવ્યા ને ઉત્તરમાં વસ્યા. તેઓની સાથે સ્ત્રીઓ થોડી હતી. ભારતમાં અનાર્યોની સંખ્યા વધુ હતી. એટલે પોતાની સંખ્યા વધારવા તેમણે બહુપત્નીત્વની છૂટ આપી. એ જ પ્રમાણે અનુલોમ, એટલે કે આર્ય પુરુષ સાથે અનાર્ય સ્ત્રીનો લગ્નસંબંધ માન્ય રાખ્યો; પણ પ્રતિલોમ એટલે કે આર્ય સ્ત્રી સાથે અનાર્ય પુરુષના લગ્નસંબંધની મનાઈ કરી. આશીર્વાદોમાં પણ અષ્ટપુત્રવતી ભવ, શતપુત્રવતી ભવ વિગેરે હતા. વિધવાવિવાહની છૂટ હતી. જ્યારે આર્ય સ્ત્રીઓની સંખ્યા વધી એટલે તે બંધ કરી અને સતીની પ્રથા દાખલ કરી. જુદાં શાસ્ત્રો ને

આચાર–વિચારો ઘડાયાં. બ્રાહ્મણના જેવી બુદ્ધિમાન કોમ દુનિયામાં બીજી કોઈ નથી, જે સતત પરિવર્તનશીલ છે. બાળલગ્નની જરૂર હોય ત્યારે કહે છે કે અષ્ટવર્ષા ભવેત્ ગૌરી અને લખે છે કે રજસ્વલા પુત્રીનું મોં જોનાર બાપ નર્કે જાય છે. સ્ત્રીઓને પરાધીન રાખવી હોય ત્યારે તે કહે છે કે પતિ: સતીનામ્ પરમમ્હિ દૈવતમ્ અને જ્યારે તેને ખુશ કરવી હોય ત્યારે તે કહે છે કે યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે: રમન્તે તત્ર દેવતા। એ જ બ્રાહ્મણ વળી કહે છે કે ન સ્ત્રી સ્વાતંત્ર્ય અર્હતિ। આમ તેણે જરૂર હોય ત્યારે સ્ત્રીને થાબડી છે, સમાનતા આપી છે ને જરૂર હોય ત્યારે ગૌણ પણ બનાવી છે. પણ આ બધી સ્મૃતિઓ છે. કેવળ આચાર વિધિઓ છે. તે સ્થાયી નથી. દ્રૌપદીને પાંચ પતિ હતા, છતાં તેને સતી ગણવામાં આવી છે. એ દ્રૌપદીની અવદશા તો જુઓ? યુધિષ્ઠિર, ધૃતરાષ્ટ્ર, ભીષ્મ ને દ્રોણ જેવા મહાનુભાવોની હાજરીમાં દુ:શાસન જેવો માણસ રજસ્વલા દ્રૌપદીનાં ચીર ખેંચી શકે છે? એ માનવીના અધ:પતનનો કાળ હતો. છેવટે લેખકે ભગવાનને વચ્ચે લાવીને દ્રૌપદીની લાજ બચાવી છે.

પણ રામાયણમાં આપણને જુદો જ આદર્શ જોવા મળે છે. રામ નિર્બળ હતા? લોકાપવાદના ભયથી તેમણે સીતાનો ત્યાગ કર્યો? સાંપ્રત ઈતિહાસમાં તેનાથી વિપરીત દૃષ્ટાંત જોવા મળે છે. ડ્યુક ઑફ વિંડસરે મેરી સીમ્સનના પ્રેમને ખાતર રાજ્યપાટ જતાં કર્યા હતાં. રામે રાજધર્મ બજાવ્યો. ડ્યુકે વ્યક્તિસુખ જોયું.

પતિ તરીકેનો ધર્મ સાચો કે રાજા તરીકેનો ધર્મ સાચો? આવો સંઘર્ષ આવે તે જીવનની કરુણતા છે.

રામે સીતાનો ત્યાગ કરી તેને અન્યાય કર્યો છે? શું તેમના હૃદયમાં સીતા પ્રત્યે પ્રેમ નહોતો ? તેઓ સીતા વિષે શું કહે છે:

"त्वं जीवितं त्वमसि मे हृदयं द्वितीयम्।
त्वं कौमुदी नयनयो र मृतं हि अंगे ।।"

એટલે રામને સીતા માટે પ્રેમ નહોતો એવું નથી. હૈયું કઠણ કરી તેમણે રાજધર્મ બજાવ્યો. પણ યજ્ઞમાં સોનાની સીતા તો મૂકી જ.

તેવી જ રીતે સીતાને જ્યારે રામ તજે છે ત્યારે સીતા એને થતા અન્યાય સામે ફરિયાદ નથી કરતી. તે લક્ષ્મણને એટલું જ કહે છે:

"તારા રાજાને કહેજે (કારણ કે હવે સીતાને તજવાથી તેના રામ પતિ નથી રહ્યા) કે રાવણ પાસેથી અગ્નિમાં વિશુદ્ધ થઈને હું આવી એ તમે આંખે જોયું છે એ નથી માનતા ને લોકોએ કરેલી વાત કાને સાંભળી તે માનો છો? તમારા કુળને આ શોભે છે?"

પણ ફરી સીતા મનને વાળે છે કે મારાં જ ગયા ભવનાં કોઈ પાપ મને નડી રહ્યા છે તેમાં તેમનો શો વાંક? આ આર્ય નારીની ઉદાત્ત ભાવના છે.

આથી વિપરિત દ્રૌપદી ભીમ, અર્જુન બધાને જ તતડાવી દે છે કે, "હું કંઈ તમારી ચીજ - વસ્તુ નથી. મિલ્કત નથી. મને જુગારમાં મૂકવાનો તમને શો અધિકાર છે?"

આમ બન્ને પ્રકારની સ્ત્રીઓના દાખલા મળી આવે છે.

આજે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. સ્ત્રી - પુરુષને નજીક આવવાના અને સમાગમના પ્રસંગો વધી ગયા છે. પુરુષને સ્ત્રીથી દુર રાખવા શાસ્ત્રકારો વિધિનિષેધોથી પ્રયાસો કરે છે. સ્ત્રી - પુરુષ સંબંધ ભય પર રચાયેલ હોય તો વાડો બાંધવી પડે. ભેદ પાડવા પડે. સમાનતા ન આવે. ધર્મની વિવિધ આજ્ઞાઓ સ્ત્રીથી પુરુષને અળગો રહેવા સૂચવે છે.

વળી તેઓ ઘૃણાનો ભાવ પણ લાવે છે, જેમ કે સ્ત્રી તો હાડમાંસની પુતળી છે. નારી નરકની ખાણ છે વિગેરે.

લાલચ પણ આપે છે. અહીં સારી રીતે વર્તશો તો સ્વર્ગમાં અપ્સરા મળશે.

પણ આમ ભય, ઘૃણા, લાલચના આધારે સ્ત્રી - પુરુષ સંબંધો ન ટકી શકે.

ગાંધીજીએ આ સંબંધોને નિર્ભયતાના અને સમાનતાના ધોરણે લાવી ક્રાંતિ કરી. તેમણે સ્ત્રીઓને દારૂના પીઠા પર ચોકી કરતી, જેલમાં જતી, પુરુષ સાથે કામ કરતી કરી.

ગાંધીજી પોતે મનુ અને આભાના ખભે હાથ મૂકીને ફરવા જતા. તે અંગેની લોકનિંદાને તેમણે ગણકારી નહોતી. તેમણે સ્ત્રી - પુરુષ સંબંધો અંગે, બ્રહ્મચર્ય અંગે ઘણા પ્રયોગો કર્યા છે. છેલ્લા પ્રયોગો માટે પ્યારેલાલનું "ધી લાસ્ટ ફેસ' (The Last Phase) વાંચી જવું.

ગાંધીજીએ પોતાના પ્રયોગોના અંતે નક્કી કર્યું છે કે, "સાચો બ્રહ્મચારી થવા પુરુષે વિજાતીય આકર્ષણ જ ખતમ કરવું જોઈએ. નપુંસક થવું જોઈએ.

માનવીનું મન અતિ ચંચળ છે. મન જો એક જ વિચાર કર્યા કરે કે આજે મારે કઈ સ્ત્રી સાથે ફરવા જવાનું છે, કોની સાથે રહેવાનું છે તો તે વાતથી જ તેનું મન ભરાઈ જાય, વ્યગ્ર થાય. ત્યાં પાળ બાંધવીજ પડશે.

કોઈ પણ વ્યક્તિ સંપૂર્ણ નથી. દરેકમાં કંઈ ને કંઈ ખામી તો રહેવાની જ. મારી પત્ની કરતાં ઘણી સારી સ્ત્રીઓ ઘણી મળશે. મારા પતિ કરતાં ઘણા સારા પુરુષો પણ ઘણા હશે. પણ એમ વિચારીએ તો જીવન જ નષ્ટ થાય. જે સંબંધ બંધાયો તે નિભાવવો જ રહ્યો. જીવન પ્રત્યેની તમારી દૃષ્ટિ શું છે એ જ મહત્ત્વનો પ્રશ્ન છે. હાં, અનિવાર્ય હોય તો લગ્નવિચ્છેદ થઈ શકે, પણ સીનેમાના નટોની જેમ રોજ ને રોજ તો પાત્ર ન જ બદલાવી શકાય.

આજે નવા પ્રશ્નો ઊભા થયા છે. Working Girls (ઓફિસમાં કામ કરતી છોકરીઓ) નો પ્રશ્ન જુઓ, બધાને લેડી ટાઈપીસ્ટ કે પ્રાઈવેટ સેક્રેટરી શા માટે જોઈએ છે? તેની પાછળ વિજાતીય આકર્ષણ જ છે. એના અનાચારો ઓછા નથી. માણસ કઈ દિશામાં જઈ રહ્યો છે?

વિક્ટોરીયન યુગમાં અનેક જાતનાં સામાજિક બંધન હતાં. તે વેળા લખાયેલ "લેડી ચેસ્ટરલીઝ લવર" (Lady Chesterly's Lover) વાંચવા પડાપડી થાય છે. શા માટે?

આજે માનવીને ચંચળ બનાવે એવા સાહિત્યનો ઉપાડ વધ્યો છે. આનું કારણ? – સોરોકીને Sane sex ordermi કહ્યું તેમ "જીવનનું સેક્સુઅલાઈઝેશન, (Sexualisation) થઈ ગયું છે." રેડિયો, ફિલ્મો, જાહેરાતો બધામાં જ સ્ત્રીઓનાં ઉઘાડાં અંગ-ઉપાંગો દર્શાવી આકર્ષણ પેદા કરાય છે. એટલે કેવળ ઉપરના નિયમોથી આ વૃત્તિ નહીં દબાય. વ્યક્તિએ પોતાની પાળ બાંધવી પડશે.

ભલે હું જુનવાણી (Orthodox) ગણાઉં કે પ્રગતિશીલ ન કહેવાઉં, પણ મારે કહેવું જોઈએ કે આ બધું ખોટું છે.

સ્ત્રી-પુરુષની સમાનતા એ આજની સિદ્ધિ છે. આજે વડા પ્રધાન કે મહાન વૈજ્ઞાનિક ગમે તે પદ પર સ્ત્રી આવી શકે છે. જેમકે ઈન્દિરાજી છે. મેડમ કયુરી હતાં. છતાં તેમનો વહેવાર કેવો રહે એ નિર્ણય જરૂરી છે. પ્રત્યેક માનવીને પોતાના આગવા વિચારો હોય છે, જે તેના પોતાના અનુભવથી ઘડાયેલા હોય છે. તે જ જીવનને આવરી લે છે.

આજના સ્વચ્છંદી જીવનનું કારણ છે ફ્રોઈડ (Freud)ની વિચારધારા. પશ્ચિમના જીવનનો પાયો આ સિદ્ધાંત પર કે 'માનવીના જીવનનું પ્રેરણાબળ (Sex) છે. સેક્સુઅલ મેન ઈઝ ધ હોલ મેનનો (Sexual man is the whole man) તેનો સિદ્ધાંત જ આ બધાનું મૂળ છે. પણ તેણે તો (Sex) ના અસાધારણ (Abnormal) દાખલાઓ જ જોયા હતા. પહેલા વિશ્વયુદ્ધના વિષય - ભૂખ્યાં સૈનિકોનાં જીવનની તેણે ચકાસણી કરી હતી.

કોઈડના નિયમ મુજબ માનવીની ચાર ક્રિયાને આહાર, નિદ્રા, ભય ને મૈથુનને નિયંત્રણ ન હોવું જોઈએ.

પણ વિચારપૂર્વકનું નિયંત્રણ શકય છે. જરૂરનું છે. સ્વચ્છંદમાં વિનાશ છે.

કાલીદાસનું શાકુંતલ જુઓ. તેમાં ય પ્રથમ દૃષ્ટિના પ્રેમની વાત છે. પણ અંતે ત્યાગ અને તપશ્ચર્યાથી થતા સાચા મિલનની ગૂંથણી છે. પ્રેમથી ઊંચી કોઈ ચીજ નથી. પણ એ તો જેને સદ્‌ભાગ્ય સાંપડ્યું હોય તેને જ સાચો પ્રેમ મળે. મનની ચંચળતાનું સરસ વર્ણન – ભર્તુહરિએ કર્યું છે.

याम् चिन्तयामि सततम् मयि साविरक्ता,
साप्यनदिच्छति जनम् सजनोऽन्यसकतः।
अस्मदृक्ते परितुष्यति च काचिदन्या
धिक् तं च तां च मदनं च इमां च माम् च ।।

આમ તેઓ બધાં એક બીજાને પ્રેમ કરતાં હતાં. છતાં બધાં ચંચળ હતાં. આ ન ચાલે. એટલે એ સૌને અંતે ધિક્કારે છે.

શેક્સપીયરનો 'ઓથેલો' જુઓ, સાહિત્યકારો પ્રણય ત્રિકોણમાં જ રાચતા હોય છે, તેમણે તેની પરંપરા સર્જી છે. સ્ત્રી - પુરુષનો પ્રેમ એ કેવળ વ્યકિતગત પ્રેમ નથી. તે સમગ્ર જીવનને આવરી લે છે. લગ્ન-વિચ્છેદ ને વિધવાવિવાહ પણ કોઈ વાર અનિવાર્ય થઈ પડે છે.

આ આખાયે પ્રશ્નને જોવાની દૃષ્ટિ કેવી છે તે સમજી લેવું જોઈએ. આપણો અન્ય સ્ત્રીઓ ને પુરુષો સાથેનો વહેવાર કેવો રહેશે? આપણે આપણા મનને ચંચળ થવા દઈશું કે સ્થિર બુદ્ધિ થઈશું? કામ–વાસનાને અને ચંચળ મનને ઉત્તેજનાની જરૂર જ નથી. તેને સતત જાગ્રતિ અને અંકુશની જ જરૂર છે. ગીતામાં સ્થિર-બુદ્ધિનું વર્ણન આપ્યું છે.

અંતે ટાગોરે શકુન્તલા અને કુમાર સંભવના કરેલ વિવેચન-માંથી બે અવતરણો આપી મારું વકતવ્ય પૂરું કરીશ. આ ફકરાઓમાં ભારતીય દૃષ્ટિબિન્દુનું હાર્દ આવી જાય છે અને તે આજે પણ સત્ય છે.

"ઉભય કાવ્યોમાં કવિએ બતાવ્યું છે કે, મોહમય હોઈ જે અકૃતાર્થ છે તે જ મંગલમય થઈ કૃતાર્થ બને છે. તેમણે દેખાડ્યું છે કે જે સૌન્દર્ય ધર્મથી સંયત છે તે જ ધ્રુવ છે. અને પ્રેમનું શાન્ત, સંયત, કલ્યાણરૂપ જ શ્રેષ્ઠ રૂપ છે. સંયમમાં જ સૌન્દર્યની ખરી શોભા છે. ઉચ્છૃંખલતામાં તેની તરત વિકૃતિ થાય છે. ભારત-વર્ષના પુરાતન કવિએ પ્રેમને જ પ્રેમના અન્તિમ ગૌરવ તરીકે સ્વીકાર્યો નથી, કલ્યાણ જ પ્રેમનું પરમ લક્ષ્ય છે એ પોકારીને કહ્યું છે. તેમને મતે સ્ત્રી પુરુષનો પ્રેમ સુંદર નથી, સ્થાયી નથી. જો તે વંધ્ય હોય, જો તે પોતામાં જ મર્યાદિત થઈ રહે, કલ્યાણને જન્મ ન આપે, અને સંસારમાં, પુત્રપુત્રીમાં, અતિથિમાં અને પડપડોશીમાં વિવિધ સૌભાગ્ય રૂપે વ્યાપ્ત ન થાય."

"જે પ્રેમને કોઈ બંધન નથી, કોઈ નિયમ નથી, જે એકદમ નરનારી ઉપર આકમણ કરી, સંયમદુર્ગના તૂટેલા બૂરજ ઉપર પોતાની વિજયપતાકા ફરકાવે છે. તેની શકિતનો કાલીદાસે સ્વીકાર કર્યો છે. પરંતુ તેની આગળ પ્રણિપાત કરતા નથી. તેમણે બતાવી આપ્યું છે કે જે અંધ પ્રેમ–સંભોગ માણસને પોતાના કર્તવ્ય વિષે પ્રમત્ત બનાવે છે, તે ભર્તાના શાપથી ખંડિત થાય છે, ઋષિના શાપથી અંત-રાય પામે છે અને દૈવરોષથી ભસ્મસાત્ થઈ જાય છે. શકુન્તલાને જ્યારે આતિથ્ય ધર્મ કંઈ નહિ, સઘળું દુષ્યંત જ, એમ થયું ત્યારે તેના એ પ્રેમમાં કાંઈ માંગલ્ય ન રહ્યું. જે ઉન્મત્ત પ્રેમ પ્રિય-જન સિવાય બીજા સહુને ભૂલી જાય છે, તે સમસ્ત વિશ્વની નીતિને પોતાથી પ્રતિકુળ કરી નાખે છે. તેથી જ તે પ્રેમ થોડા દિવસમાં જ અસહનીય થઈ પડે છે. સઘળાની સામે તે પોતે પડે છે. પોતાનો ભાર ઉપાડી શકતો નથી. જે આત્મ–સંવૃત્ત પ્રેમ સમસ્ત વિશ્વને અનુ-કૂળ છે, જે પોતાની આસપાસના નાનાં તેમ જ મોટાં, પોતાનાં તથા પારકાં કોઈને વિસરતો નથી, જે પ્રિયજનને કેન્દ્ર સ્થળે રાખી, વિશ્વ પરિધિમાં પોતાનું મંગલ માધુર્ય ફેલાવે છે તેના અચલપણા ઉપર દેવ કે માનવ કોઈ આઘાત કરતું નથી. આઘાત કરે તો પણ તેથી તે વિચલિત થતો નથી. પરંતુ જે પ્રેમ પતિના તપોવનમાં તપોભંગ-રૂપે, ગૃહસ્થને બારણે સંસારધર્મના પરાભવ રૂપે આવિર્ભૂત થાય છે તે ઝંઝાવાતની માફક અન્યનો નાશ કરે છે જ, પરંતુ સાથે પોતાના વિનાશને પણ તેડતો આવે છે."

ચીમનલાલ ચકુભાઈ શાહ

સ્થાયી મિલન

(લીંબડીથી પ્રગટ થતા 'અભિષેક' ના તંત્રી શ્રી શાંતિલાલ કે. મહેતા તરફથી નવદંપતીને માર્ગદર્શન અને આશીર્વચન આપવાના હેતુથી પોંડીચેરીના માતાજી તરફથી ઈ. સ. ૧૯૩૩ ની સાલમાં લખાયલો અને 'દક્ષિણા' ના છેલ્લા જોડિયા અંક ૭૫-૭૬ માં પ્રસિદ્ધ થયેલો પત્ર મળ્યો છે, જે આ અંકમાં પ્રસિદ્ધ થયેલા શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના 'સ્ત્રી–પુરુષ સંબંધ' ઉપરના પ્રવચન સાથે જોડતાં હું સવિશેષ આનંદ અનુભવું છું. પરમાનંદ)

તેના લગ્ન પ્રસંગે ક્ષને–

તમારાં શારીરિક જીવનને જોડવાં, તમારી સ્થૂલ હિતની વસ્તુ-ઓને જોડવી, જીવનની મુશ્કેલીઓ, પરાજયો અને વિઘ્નોનો સાથે રહીને સામનો કરવાને જીવનમાં સહચાર સાધવો – લગ્નનો આ જ પાયો છે, પણ તમે જાણો જ છો કે આટલી વસ્તુ પૂરતી નથી.

લાગણીઓમાં એક બનવું, એક જ સરખા રસો હોવા અને એક જ સરખા કલામય આનંદો માણવા, એક જ વસ્તુઓ પ્રત્યે એક સમાન પ્રતિભાવમાં એક સાથે સ્પંદન અનુભવવું, એ કે અન્ય દ્વારા અને અન્યને ખાતર જીવન ગાળવું – એ સારું છે, એ જરૂરનું છે – પણ એ પૂરતું નથી.

ગહન લાગણીઓમાં એકરૂપ થઈ રહેવું, તમારો પરસ્પર માટેનો સ્નેહ, તમારી કોમળ લાગણીઓ જીવનના સર્વ આઘા-તોમાં પણ એવી ને એવી જ રહે; થાક વિના, જ્ઞાનતંતુઓના ઉશ્કે-રાટ અને નિરાશા વિના, સાથે રહેવામાં હંમેશાં અને દરેક પ્રસંગે સુખ અનુભવવું, અત્યંત સુખ અનુવભવું; સર્વ સંયોગોમાં, પોતે બીજાની હાજરીમાં છીએ, આશ્રમ, શાંતિ, અને આનંદમાં છીએ એમ અનુભવવું – એ સારું છે, ઘણું સારું છે, એ અનિવાર્ય છે – પરંતુ એ પૂરતું નથી.

સંવાદમયતા સ્થાપીને અને અન્યોન્યનાં પૂરક બની રહીને, તમારાં માનસને, તમારા વિચારોને જોડી લેવાં, તમારી બૌદ્ધિક પ્રવૃ-ત્તિઓ અને શોધખોળોને એકબીજાએ સાથે મળીને માણવી; એક શબ્દમાં, તમારી માનસિક પ્રવૃત્તિઓના પ્રદેશોને એક વિશાળતા પ્રાપ્ત કરીને એકરૂપ કરી દેવા અને સાથે બંને જણે એક સમૃદ્ધિ પ્રાપ્ત કરવી–એ સારું છે, અત્યંત જરૂરનું છે–પરંતુ એ પૂરતું નથી.

એ સર્વથી પર, આપણા સ્વાનુભવના છેક તળિયે, મધ્યમાં અને ટોચ ઉપર અસ્તિત્વનું એક પરમ સત્ય, એક શાશ્વત પ્રકાશ આવી રહેલ છે, જન્મ, દેશ, પરિસ્થિતિ, કેળવણી એ બધાના સર્વ સંયોગોથી સ્વતંત્ર એવાં, આપણા આધ્યાત્મિક વિકાસનું એ મૂળ છે, કારણ છે અને એમનાં એ સ્વામી છે – એ તત્ત્વ આપણા અસ્તિત્વને એક ચોક્કસ નવી ગતિ આપે છે, આપણા ભાવિનો નિર્ણય એ તત્ત્વ કરે છે. આ તત્વની સભાનતામાં તમારે મિલન સાધવાનું છે. અભીપ્સા અને આરોહણમાં એક થઈ રહેવું, આધ્યા-ત્મિક પથ ઉપર એકી સાથે ડગલાં ભરતાં આગળ વધવું – એક સ્થાયી મિલનનું રહસ્ય આવું છે.

માર્ચ, ૧૯૩૩ શ્રી માતાજી

વળી પાછા પૂજ્ય કાકાસાહેબ અને માંસાહાર

તા. ૧-૯-૬૮ ના પ્રબુદ્ધ જીવનમાં પૂજ્ય કાકાસાહેબ કાલેલકરનો 'ભીષ્મની અહિંસા' એ મથાળાનો લેખ અને તે ઉપર ટીકા-ટીપ્પણી—એ બધું પ્રગટ થઈ ચૂક્યું છે. તેમાં માંસાહાર અને માંસાહારીઓ પ્રત્યેના કાકાસાહેબના ઋજુ વલણ અંગે ઠીક પ્રમાણમાં ચર્ચા કરવામાં આવી છે. વળી પાછું ઑક્ટોબર માસની ૧૮ મી તારીખે અમદાવાદ ખાતે યોજાયલા ગુજરાત વિદ્યાપીઠના ૨૧ મા પદવીદાન સમારંભ પ્રસંગે અપાયલા દીક્ષાંત પ્રવચનમાં કાકાસાહેબે કરેલાં આમુક વિધાનોએ નવો ઉહાપોહ પેદા કર્યો છે. તેમના એ પ્રવચનમાં આગળ વધતાં તેઓ જણાવે છે કે: "..... પણ હવે આપણા દેશના તેમ જ બહારના હિન્દુ—અહિન્દુ બધાને દાખલ થવાનું મન થઈ શકે એવું નવું આશ્રમજીવન આપણે ગોઠવવું જોઈએ. એ દિશાએ કામ કરવા જતાં પહેલું પગલું શું હોય એવા સવાલો મને પૂછવામાં આવ્યા. મેં કહ્યું, "હું પોતે શુદ્ધ નિરામિષાહારી છું. પશુપક્ષીનું માંસ, માછલાં કે ઈંડાં કશું લેતો નથી, શરાબ પીતો નથી, પણ બધાના હાથનું ખાઉં છું. પ્રાણીઓને મારીને ખાવાં એ પાપ સમજું છું, છતાં હું જાણું છું કે દુનિયાના માણસો મોટે ભાગે માંસાહારી છે. એ બધાને પાપી કહેવા કે માનવા હું તૈયાર નથી, એટલું જ નહિ પણ, એમને સાથે બેસાડીને ભોજન કરવામાં મને વાંધો નથી. મારી જેવા શુદ્ધ શાકાહારી સ્વજનો જ્યારે પરદેશ જાય છે ત્યારે માંસાહારી લોકોના ઘરમાં અને હોટેલોમાં રહે છે, જમે છે અને છતાં માંસાહર ન કરવાનો પોતાનો આગ્રહ જાળવી શકે છે. સ્વરાજ્યની લડતના દિવસોમાં જ્યારે આપણે બ્રિટિશ રાજ્યની જેલની દિવાલો ભરી દીધી હતી ત્યારે ત્યાં આપણે ભેગાં મળીને શાકાહારી અને માંસાહારી બન્ને રસોડાં સાથે જ ચલાવતા હતા. ત્યારે એ જ અનુભવને માન્ય રાખી આપણે હવે પછીના આપણા આશ્રમોમાં બન્ને આહારને અવકાશ આપવો જોઈએ. 'બે રસોડાં અલગ, પણ જમવાનું સાથે બેસીને' એટલો સુધારો આપણે દાખલ કર્યો જ છૂટકો. આ જાતની વ્યવસ્થા કેટલાંયે સંસ્કારી સ્થાનોએ ચાલતી મેં જોઈ છે. બંગાળ તરફના આશ્રમોમાં માછલાં ખાવાનો રિવાજ પ્રથમથી ચાલતો આવ્યો છે. એવો જ નિયમ હવે સર્વત્ર માન્ય થવો જોઈએ. ભિન્નધર્મી લોકો વચ્ચે અળગાપણું હવે આપણે સહન ન જ કરવું જોઈએ. 'ધર્મભેદને કારણે બધી રીતે જીવનભેદ થાય' એ તે તે ધર્મની ઉણપ ગણવી જોઈએ."

કાકાસાહેબ કાલેલકરના પ્રવચનના આ મુદ્દાને અનુલક્ષીને વિદ્યાપીઠના કુલપતિ તરીકે **પ્રવચન કરતાં** માન્યવર મોરારજી દેસાઈએ **જણાવ્યું કે**"...બીજી વાત માંસાહાર અને શાકાહારને અપનાવવા વિશે એમણે કહી છે. એટલે અહીં પણ બે રસોડાં ચાલે એમ થયું. કાકાસાહેબ હમેશાં ક્રાંતિકારી રહ્યા છે. એઓ તો કેળવણીના ચિંતનશીલ રહ્યા છે. વિદ્યાપીઠનું ધ્યેય સત્ય અને અહિંસાથી વેગળું ન હોય. એટલે એનાથી અવિરોધી એવાં સાધનો અહીં વપરાવાં જોઈએ. તેથી જો માંસાહારને વિદ્યાપીઠમાં સ્થાન આપીએ તો તે ધ્યેયથી વિરુદ્ધ છે એમ થયું. જે ધ્યેયને આપણે વર્યા છીએ, જે દૃષ્ટિ આપણે રાખી છે તે બરાબર છે એમ માનતા હોઈએ તો માંસાહારીની સાથે ઝઘડો ન કરીએ. પણ માંસાહારને સ્થાન ન આપીએ. ધર્મ અને માંસાહાર એક નથી. એમ કરવાથી બધા ધર્મો એક નથી થવાના. બધા ધર્મીઓને અહીં સરખું સ્થાન છે. બાપુએ આશ્રમ ચલાવ્યા. ત્યાં પણ સંપૂર્ણ શાકાહાર હતો. એટલે વિદ્યાપીઠમાં કાકાસાહેબની સૂચના સ્વીકારી શકાય નહિ એમ મને લાગે છે. છતાં વિદ્યાપીઠ મંડળ ઈચ્છે તે....."

આજે આપણે એવા વિચિત્ર સમયમાં જીવી રહ્યા છીએ કે આપણા અનન્ય આદરને પાત્ર બનેલા એવા મહાનુભાવો તરફથી આપણા અન્તર મર્મને આઘાત પહોંચાડે એવાં વિધાનો આપણા ભાગે સાંભળવાનું આવે છે! એક બાજુએ આચાર્ય રજનીશજી પોતાનાં તાજેતરનાં પ્રવચનોમાં 'સેક્સ'ની પવિત્રતાને બિરદાવી રહ્યા છે અને સંભોગસુખ સમાધિસદશ હોવાનું જણાવી રહ્યા છે, તો બીજી બાજુએ કાકાસાહેબ કાલેલકર માંસાહાર અને માંસાહારીઓ પ્રત્યે અસાધારણ દાક્ષિણ્ય દાખવી રહ્યા છે અને આપણા આશ્રમોમાં માંસાહાર દાખલ કરવાની હિમાયત કરી રહ્યા છે. વૈચિત્ર્ય તો એ છે કે જ્યારે એક આજન્મ બાળબ્રહ્મચારી છે ત્યારે અન્ય આજન્મ નિરામિષઆહારી છે. આપણી જાડી બુદ્ધિ અને રૂઢ વિચારસરણી આ બાબતમાં આ બન્ને મહાનુભવોને સમજી શકતી નથી, સ્વીકારી શકતી નથી.

જે દેશોમાં માંસાહાર સર્વસાધારણ છે ત્યાં તો આ પ્રશ્ન ઊભો થતો જ નથી. આપણો દેશ કે જ્યાં નિરામિષાહારીઓ અને માંસાહારીઓ સાથે સાથે અથવા છૂટાછવાયા વસે છે ત્યાં પણ આ પ્રશ્ન આજ સુધી ઊભો થયો નહોતો. ભલે આપણામાંનો કોઈ માંસાહારી હોય તો પણ, આપણા ચાલુ આચારવિચારમાં માંસાહારની અપેક્ષાએ નિરામિષાહારનો એક વધારે ઉન્નત જીવનમૂલ્ય તરીકે સ્વીકાર થતો રહ્યો હતો અને તેથી જ્યાં બન્ને પ્રકારની આદતવાળા લોકોના સહભોજનનો પ્રશ્ન હોય ત્યાં નિરામિષાહારી લોકોની લાગણીનો ખ્યાલ કરીને બધાં માટે નિરામિષાહારી ભોજનની જ વ્યવસ્થા જાણે કે સહજ હોય એ રીતે આજસુધી સ્વીકારાતી આવી હતી. છેલ્લાં બે ચાર વર્ષ બાદ કરો તો કૉંગ્રેસના અધિવેશનો દરમિયાન ગોઠવવામાં આવતો સામૂહિક ભોજનપ્રબંધ પણ નિરામિષઆહારના ધોરણે જ કરવામાં આવતો હતો. ચાલુ માંસ ખાતા લોકોમાં ધાર્મિક પર્વના દિવસે માંસપરિહારની પ્રથા આજે પણ ઘણા ઠેકાણે પ્રચલિત છે. બદ્રીકેદારની યાત્રાએ ગયેલો ત્યારે અનેક ઠેકાણે પૂછતાં એમ જાણવામાં આવેલું કે આ તીર્થની યાત્રાએ આવેલો યાત્રિક યાત્રા દરમિયાન માંસાહાર ન જ કરે.

કાકાસાહેબ બંગાળના કેટલાક આશ્રમોમાં માછલાં ખવાતા હોવાનું જણાવે છે. આમાં કાંઈ આશ્ચર્ય પામવાનું કારણ નથી. રામકૃષ્ણ મિશનના સંન્યાસીઓને માંસાહારત્યાગ ફરજિયાત નથી એ જાણીતું છે. ખ્રિસ્તી મઠોમાં માંસ અને મદ્યનો ઉપયોગ થાય જ છે. પણ એ ઉપરથી ગાંધીનિષ્ઠા જેના પાયામાં રહેલી છે એવી આશ્રમસંસ્થાઓમાં પણ માંસાહાર દાખલ કરવાની વાત કરવી એ ગાંધીનિષ્ઠાનો ઈનકાર કરવા બરોબર છે. આ જ બાબત જૈન વિચારસરણી ઉપર આધારિત આશ્રમોને પણ લાગુ પડે છે. શું ત્યાં પણ કાકાસાહેબના અભિપ્રાય મુજબ માંસાહાર દાખલ કરવો એ ઉચિત ગણાશે ખરું?

બીજું જ્યાં ઊભય પ્રકારના આહારથી ટેવાયેલા લોકો વસે છે તેવા દેશની આશ્રમસંસ્થાઓને સર્વસુલભ બનાવવા માટે તે સંસ્થામાં માંસાહારનો પ્રબંધ કરવાની જરૂર છે એમ નથી, પણ ઉભયમાન્ય અને સર્વસાધારણ એવા નિરામિષ આહારનો સ્વીકાર જ ઈષ્ટ અને આદરણીય છે. માંસાહારની ટેવવાળા માંસાહારની અપેક્ષા રાખે એ સમજી શકાય તેવું છે, પણ આપણા જીવનમાં શાકાહાર એટલો બધો વણાયેલો છે કે માંસાહારીઓ બહુ સહેલાઈથી શાકાહારથી ટેવાઈ શકે છે અને તેવો ખોરાક તેઓ પુરા રસથી માણી શકે છે. તેમને કદાચ ટેવાતાં થોડો સમય મુશ્કેલી પડે, પણ જેના પાયામાં નિરામિષ આહારનું એક સ્વતંત્ર મૂલ્ય રહેલું છે તેવી સંસ્થાના સંચાલકોને માંસાહાર દાખલ કરવાનું કહેવું તે તેમની સમગ્ર વિચારસરણીની અવમાનના કરવા બરોબર છે.

આપણી આશ્રમસંસ્થાઓમાંની કોઈ ચોક્કસ પ્રકારની ધાર્મિક માન્યતા ઉપર તો કોઈ ચોક્કસ પ્રકારની વિચારસરણીના સ્વીકાર ઉપર અને તેમાંથી ફલિત થતા શિસ્ત ઉપર આધારિત હોય છે. જેમ કે

ગાંધીવિચાર આધારિત આશ્રમમાં ખાદી અને રેંટિયાનો આગ્રહ હોય તે જેમ સ્વાભાવિક લાગે છે તે જ રીતે ખાનપાનને લગતા અમુક આગ્રહો હોય તેમાં કશું અસ્વાભાવિક કે અનુચિત છે એમ માનવાને કોઈ કારણ નથી. આ વિચારસરણી અને આ શિસ્ત જેને સ્વીકાર્ય હોય તે જ તે સંસ્થામાં જોડાય. આવું વૈવિધ્ય પ્રજાના વૈચારિક વિકાસ માટે આવશ્યક છે, ઈષ્ટ છે. આમાં કોઈનો ટાળો કે અલગતાવાદ છે જ નહિ.

કાકાસાહેબનાં માંસાહાર અને માંસાહારીઓને લગતા અવારનવાર સાંભળવામાં આવતાં કથનોમાં એ પ્રત્યે જે અસાધારણ–દાક્ષિણ્ય જોવામાં આવે છે તે સમજી શકાતું નથી. નિરામિષ આહારીને પોતાની જીવનપદ્ધતિ અંગે કંઈક લાગણી, કાંઈ તીવ્ર સંવેદન હોય છે, તેનો જીવ મુંગા પશુઓની માંસાહાર માટે કરવામાં આવતી કતલના કારણે દુભાય છે, અને તેની બાજુએ બેસીને ધૃષ્ટતાપૂર્વક કોઈ માંસાહાર કરે તો તે અકળાય છે–આ બાબત તેમના ધ્યાનમાં આવતી જ નથી, પણ બીચારા માંસાહારીઓને કોઈ દુભવશો નહિ, તે કાંઈક ખોટું કામ કરી રહ્યો છે તેનું અણસારે પણ તેને ભાન થવા દેશો નહિ, તેને જરા પણ અલગપણું લાગવા દેશો નહિ, તેની પડખે હસતા મોઢે બેસીને તમે તમારો ખોરાક ખાજો–આવી તેમના વિષેની તેમની અત્યન્ત કોમળ બનેલી લાગણી માંસાહાર પ્રત્યે તેમનામાં પેદા થયેલી કુણાપણાની–પક્ષપાતની વૃત્તિને જાણે કે છતી કરે છે, પ્રગટ કરે છે.

આપણે સર્વધર્મસમભાવને જ્યારે આગળ ધરીએ છીએ ત્યારે તે સમભાવ પાછળ અનેક ધર્મોના અસ્તિત્વની એટલે કે ધર્મભેદની કલ્પના સ્વીકૃત જ છે અને ધર્મભેદ સાથે અમુક અંશે જીવન ભેદ રહેવાનો જ છે, પછી તે જીવનભેદ કર્મકાંડને લગતો હોય કે ખાનપાનને લગતા આચારનિયમોને લગતો હોય. આમ જો ધર્મભેદ સ્વીકાર્ય હોય તો જીવનભેદ પણ સ્વીકાર્ય હોવો જ જોઈએ. વળી આ જીવનભેદ ટાળવાના વિચારમાંથી સહજપણે માંસાહાર જ ફલિત થવાનો, જે આજસુધીની આપણી સમજણ મુજબ, કાકાસાહેબને સ્વીકાર્ય નથી. વસ્તુતઃ ભેદ અથવા તો વૈવિધ્યને સ્વીકારવા છતાં પરસ્પર સમભાવને સ્થાપિત કરવો એનું નામ જ ખરો સર્વધર્મસમભાવ છે.

મારા આદરણીય મિત્ર શ્રી જયન્તીલાલ માનકરને હું ઘણીવાર કહું છું કે જયન્તીભાઈ, આ નિરામિષઆહારના ડૂબતા વહાણને બચાવવાનો આપણે વ્યર્થ પ્રયત્ન કરી રહ્યા છીએ. આમ છતાં પણ, તે પ્રયત્ન ભલેને વ્યર્થ નીવડે તો પણ, એ ડૂબતા વહાણને આપણી બાજુના પ્રયત્નો જરૂર થોડો લાંબો વખત ટકાવશે, કદાચ બચાવે પણ ખરા–એવી તેમની અને મારી જેવા અનેકની શ્રદ્ધા અને ધર્મકર્તવ્ય કર્યાનો સંતોષ છે. કાકાસાહેબ તો તેમના અદ્યતન-વલણ અને વિધાનોથી નિરામિષ આહારના ડૂબતા વહાણને વધારે જલ્દિથી ડૂબાડી રહ્યા હોય એવી વેદના આપણું દિલ અનુભવે છે. જ્યાંથી મેં અનેક ઉન્નત વિચારોનાં પિયુષ પીધાં છે અને ભવ્ય કલ્પનાઓનાં ઉડ્યનો માણ્યાં છે તેવા આપ્ત પુરુષ વિષે આવું લખવાનું આવે તેને હું મારી એક મોટી કમનસીબી લેખું છું. પરમાનંદ

આ બાબતમાં જન્મભૂમિ શું કહે છે?

તા. ૨૦-૧૦-'૬૮ના જન્મભૂમિમાં 'જીવો જીવસ્ય જીવનમ્' એ મથાળા નીચે આ જ વિષય ઉપર અગ્રલેખ હતો તેમાંથી નીચેનો ભાગ ઉદ્ધૃત કરવામાં આવે છે:–

"બ્રિટનના વિખ્યાત લેખક અને વિખ્યાત વનસ્પત્યાહારી જૉર્જ બર્નાર્ડ શૉને જ્યારે એક વખત પૂછવામાં આવ્યું કે તમે માંસ કેમ નથી ખાતા? ત્યારે તેમણે પ્રશ્નકર્તાને સામો સવાલ કર્યો હતો કે, "માંસ તો બધુ સરખું. તમે માણસનું માંસ કેમ નથી ખાતા? તમારા પોતાના દીકરાનું માંસ કેમ નથી ખાતા?" વક્રોકિતના સરદાર સમા શૉની આ પ્રતિપૃચ્છામાં વક્રોકિત અલબત્ત છે; એ સાંભળનાર કદાચ ડઘાઈ પણ ગયો હશે, પણ એમાં માંસાહાર પ્રત્યેનો એમનો મૂલગત અભિગમ પણ વ્યકત થાય છે. એવો કોઈ અભિગમ કેળવવાનું કામ, વિદ્યાપીઠ જેવી સંસ્થાઓ ન કરે? અમને તો લાગે છે કે વિદ્યાપીઠના કુલપતિ શ્રી મોરારજીભાઈએ આવા જ-કોઈ ખ્યાલને કારણે કાકાસાહેબનાં સૂચનનો વિરોધ કર્યો હશે. નિરામિષાહાર જીવનની એક શિસ્ત છે, કેટલાકને મન એ જીવનનાં શાશ્વત મૂલ્યોમાંનું એક છે. આવી શિસ્ત પરાણે પાળવાનું, આવાં શાશ્વત મૂલ્યની ઓળખ પરાણે કરવાનું કોઈ કહેતું નથી. પરન્તુ વિદ્યાપીઠ જેવી સંસ્થામાં જો કોઈ આવીને રહે તો એવી શિસ્ત પ્રત્યે એને અભિમુખ કરવાનો પ્રયત્ન થાય તે જરૂરી છે. ઋષિકેશના સ્વામી શિવાનંદજીના આશ્રમમાં ફ્રાંસ, હોલાંડ, દક્ષિણ આફ્રિકા વગેરે દેશોના મૂળ માંસાહારી એવા ઘણા કાળા–ગોરા સાધકો રહે છે. એ બધા આશ્રમનો તદ્દન સાદો વનસ્પત્યાહાર આનંદથી આરોગે છે. વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ અલબત્ત સાધકો નથી, પરન્તુ જીવનમાં ઊર્ધ્વીકરણવાંછુઓ તો તેઓ હોવા જ જોઈએ, અને અમે તો માનીએ છીએ કે નિરામિષાહાર એ ઊર્ધ્વીકરણનું એક પગલું જ છે. માંસાહાર અને રાષ્ટ્રનાં ભાવાત્મક એકીકરણનો પ્રશ્ન કાકાસાહેબે જોડી દીધો એમાં એમની તર્કશકિત ગોથું ખાઈ ગઈ છે એમ અમને લાગે છે."

આપણે કોને ધન્યવાદ આપીશું?

આ અંકમાં માંસાહારને લગતાં પૂજ્ય કાકાસાહેબ કાલેલકરનાં વિધાનો અંગે ઉપર જે નોંધ આપવામાં આવી છે, તેના અનુસંધાનમાં આપણા માન્યવર બુઝર્ગ શ્રી મંગળદાસ પકવાસા પોતે મધ્યપ્રદેશના રાજ્યપાલ હતા તે દિવસોનો એક પ્રસંગ કેટલાય એક સમય પહેલાં તેમણે મને કહેલો તે અહીં રજૂ કરવો સવિશેષ ઉચિત લાગે છે.

તે દિવસો દરમિયાન આપણા પહેલા ગવર્નર–જનરલ લૉર્ડ માઉન્ટબેટન એમના મહેમાન તરીકે અમુક દિવસે નાગપુર આવવાના છે એમ નક્કી થયેલું. તેમના આવવા પહેલા લૉર્ડ માઉન્ટબેટન નાગપુર રોકાય તે દરમિયાન તેમના 'મેનુ'ની–ખાનપાનની–વિગતો નક્કી કરવા તેમના પરિચારકો મંગળદાસભાઈને ત્યાં આવ્યા અને લૉર્ડ માઉન્ટબેટન તો માંસાહારી હોઈને તેમના માટે તે પ્રકારના આહારની વ્યવસ્થા કરવી પડશે એમ તેમણે જણાવ્યું. એ દિવસોમાં કોઈ પણ પ્રાન્ત યા પ્રદેશનો રાજ્યપાલ નિરામિષઆહારી હોય તેને ત્યાં પણ રસોડાં બે પ્રકારનાં ચાલતાં હતાં. દા. ત. આપણા માન્યવર મહોદય શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી ઉત્તર પ્રદેશના ગવર્નર હતા ત્યારે તેઓ પોતે નિરામિષઆહારી હોવા છતાં તેમના રસોડે આ બે પ્રકારની વ્યવસ્થા ચાલતી હતી–સ્વીકારવામાં આવી હતી. પણ મંગળદાસભાઈને ત્યાં તો માત્ર શાકાહારી વ્યવસ્થા ધરાવતું એક જ રસોડું હતું. આમ છતાં આ તો ભારતના ગવર્નર જનરલ પોતાને ત્યાં આવી રહ્યા છે તો તેમના માટે તો અપવાદ કરવો જ જોઈએ એવો તેમના પરિચારકોનો આગ્રહ હતો. મંગળદાસભાઈના દિલમાં મોટી મુંઝવણ પેદા થઈ. તેમનાથી આ વાત બને જ નહિ. તેમણે તે વખતના નાયબ વડા પ્રધાન સરદાર વલ્લભાઈ પટેલની આ બાબતમાં શું કરવું તે અંગે સલાહ માંગી. તેમણે સ્પષ્ટ સલાહ આપી કે તમારે ત્યાં ગમે તેટલો મોટા મહેમાન આવે, તમે જે ખાતા હો તે મહેમાનને ખવરાવો. તમારી ચાલુ પદ્ધતિમાં જરા પણ ફેરફાર કરવાની જરૂર નથી." અને બન્યું પણ તેમ જ. લૉર્ડ માઉન્ટબેટનને મદ્યવંચિત નિરામિષાહારી પદ્ધતિનું ખાણું આપવામાં આવ્યું અને તેમણે તે પૂરા રસપૂર્વક માણ્યું. અહીં પ્રશ્ન એ થાય છે કે આ બાબત અંગે આપણે કોને ધન્યવાદ આપવા? પરિસ્થિતિને અનુકૂળ બનીને ચાલુ આહારપદ્ધતિમાં ફેરફાર કરનાર મહાનુભાવ મુનશીને કે પરિસ્થિતિનો સામનો કરીને પોતાની આહાર અને આતિથ્યની પદ્ધતિને વળગી રહેવાનો આગ્રહ ધરાવનાર એટલા જ માનનીય શ્રી મંગળદાસ પકવાસાને? પરમાનંદ

"અય ચાંદ છૂપ ન જાના, જબ તક મૈં ગીત ગાઉં!"

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પર્યટન-પ્રવૃત્તિ હમણાં લાંબા સમયથી મંદ હતી. એટલે જ્યારે વજ્રેશ્વરી પર્યટનનો નિર્ણય લેવાયો ત્યારે દિલમાં અનેરો આનંદ વ્યાપ્યો અને આ દિવસની આતુરતા-પૂર્વક રાહ જોતાં એ દિવસ આવ્યો સુદ ૧૪ને શનિવાર જોતજોતામાં આવી પણ ગયો. બપોરનાં ૩ વાગે નિશ્ચિત કરેલા સ્થળેથી નિશ્ચિત થયેલી બસ ઊપડી ત્યારે ધાંધલીયા જીવનમાંથી મુક્ત થયાની લાગણી થઈ અને સૌનાં દિલનો એક જ પડઘો હતો – હાશ. પણ જીવનમાં 'હાશ' એમ જલ્દી આવતી નથી. બસ ઊપડી ત્યારે ગરમી અસાધારણ હતી. પાયધુનીથી ઉપડેલી બસ ઑપેરાહાઉસ, પરમાનંદભાઈને, પૂર્ણિમાબહેનને અને સુબોધભાઈ વિગેરેને લેવા પહોંચી ત્યાં સુધીમાં તો 'હાશ' ને બદલે ત્રાસની અનુભૂતિ થતી હતી.

પરંતુ કુદરતનો ત્રાસ બહુ લાંબો હોતો નથી. થોડી જ વારમાં ઑપેરાહાઉસથી ઉપડેલી બસ પરેલ આવી પહોંચી, જ્યાં અમારે અમારા કચ્છી મિત્રો શ્રી અને શ્રીમતી વીરાને લેવાના હતા. તેમણે તો અમારા માટે અગાઉથી જ ઠંડા પીણાની વ્યવસ્થા રાખી હતી – એટલે, અમને અહીં સૂકી ધરતીનાં મીઠાં સ્મરણોની યાદ આવી ગઈ અને વીરા યુગલનો આ આણધાર્યો આતિથ્ય સત્કાર પ્રસ્થાનનું મંગલચિહ્ન બની ગયો.


* * *

ગરમીનો ઉકળાટ શમતો જતો હતો. બસ માટુંગા પહોંચી ગઈ. ત્યાંથી ગુણવંતીબહેન અને બાળકોને લઈને બસ તાશ્કંદ પહોંચી. આ તાશ્કંદ રશિયાનું નહિ પણ સાયન સર્કલનું તાશ્કંદ એમ્પોરિયમ. અહીં સંઘના માજી પ્રમુખ શ્રી ખીમજીભાઈ બસની રાહ જોતા ઉભા હતા. શ્રી ખીમજીભાઈને ઉમળકાથી બસ-પ્રવાસીઓએ આવકાર્યા. અને બસ વજ્રેશ્વરીના પંથે વિચરવા માંડી –

... સાંજ ઢળતી હતી. સૂર્યનારાયણ અસ્ત થવાની તૈયારીમાં હતા. થાણા – ભીંવડી થઈને બસ હવે ગીચ નહિ એવા જંગલમાં પ્રવેશી ગઈ હતી – રસ્તો કાચો હતો એટલે પ્રવાસીઓ થોડા હલોળા ખાતા હતા. બસની બંને બાજુ નાની મોટી ઝાડીઓ – ક્વચિત નાનાં



* વજ્રેશ્વરી પર્યટન મંડળી *



વજ્રેશ્વરીના વેલજી દેવણ છેડા આરોગ્ય ભવનની અગાસીમાં આસો સુદ ૧૪ ની રાત્રે ચાંદનીમાં સંગીતની મીજલસ ગોઠવાઈ હતી. તે દૃષ્યના એક ભાગની આ છબી છે, જેમાં ડાબેથી જમણી બાજુ અનુક્રમે શ્રી ખીમજીભાઈ ભુજપુરીઆ, શ્રી જેઠાલાલભાઈ (પાછળ છે તે), શ્રી ચીમનલાલ જે. શાહ, શ્રી પરમાનંદભાઈ, બે સહયાત્રીઓ, શ્રી પૂર્ણિમાબહેન પકવાસા તથા શ્રી વિમળાબહેન મફતભાઈ શાહ બેઠેલા છે, અને સૌ સંગીતની જમાવટમાં તલ્લીન દેખાય છે. આ બન્ને અથવા ત્રણે તસવીરો સંઘના સભ્ય શ્રી ટોકરશીભાઈ વીરાએ લીધી છે.

નાનાં ઝરણાં તો કદીક નદી–નાળા નજરે પડવા માંડયા. આકાશ સ્વચ્છ હતું. વરસાદની કોઈ સંભાવના ન હતી. એટલે આજે રાતની ચાંદની માણી શકાશે એવા વિચારે અમે આતુરતાપૂર્વક વજ્રેશ્વરીની રાહ જોતા હતા. ત્યાં જ વજ્રાબાઈનાં મંદિરનું ઘૂમ્મટ દેખાયું – હા, આ જ વજ્રેશ્વરી. બહુ જ સમયસર અમે પહોંચ્યા. છેડા સૈનેટોરિયમનાં મહેતાજી શ્રી શાંતિભાઈ અમારી રાહ જોતા દરવાજે ઉભા હતા. અમે સૌએ સામાન હાથમાં લીધો અને જે હૉલ રીઝર્વ કરાવ્યો હતો ત્યાં અમે સામાન સાથે મુકામ કર્યો.

ઘડિયાળમાં સાડા છ થયા હતા. એકાદ કલાકમાં જમવાનું આપવાનું હતું. એટલે અમારા મંત્રીઓ દવે લૉજમાં દવે કાકાને મળવા ગયા. આ દવે કાકા બોલવામાં ઘણા જ મીઠા – "જમવાનું તૈયાર જ છે, આવો અર્ધા કલાકમાં" એમ કહ્યું, એટલે મંત્રીઓ આનંદમાં આવી ઉતારે પાછા આવી સૌને થોડું ફરીને લૉજમાં આવી જવા કહ્યું. અમે બધાએ સાડા સાતે દવે લૉજમાં પ્રવેશ કર્યો. લૉજનું પ્રવેશદ્વાર ગાંધીજીનાં વર્ધા આશ્રમનો ખ્યાલ આપે, પણ અંદર જતાં ત્રણ પાયાની ખૂરશીઓ – કાટવાળા પતરાનું ટેબલ– ધૂળથી ભરેલા પાથરણાં – અસ્તવ્યસ્ત વાસણો – દરિદ્રતાનું દર્શન કરાવતા હતા. મનમાં થયું ક્યાં અહીં આવી ભરાણાં – પણ ચાલો આપણે તો રોટલાથી કામ છે કે ટપટપથી – એમ મનને સમજાવી પેટપૂજા કરવા હાથ ધોયા ત્યાં અમારા મુરબ્બી શ્રી જેઠાભાઈ બોલી ઉઠયા: "ઉભા રહો, દવે કાકાનાં રસોડામાં હજુ કશું જ ઠેકાણું નથી. એક પણ પૂરી તૈયાર નથી, બધા જમશો શું?" અમે ભારે વિમાસણમાં પડયા. ટપાલ-પત્રોથી પૂર્વતૈયારી કરી હોવા છતાં આ શું ધબડકો? અને તપાસ કરતાં માલૂમ પડયું શાક તૈયાર છે, પૂરીના લોટનાં પીંડા તૈયાર છે, ચાનું પાણી મૂકાઈ ગયું છે, ફકત સહકારની જ જરૂર હતી. પછી અમે તો યુદ્ધધોરણે બધા કામે લાગી ગયાં. જેઠાભાઈ ચૂલા પાસે બેસી મહારાજને પૂરી તળવામાં મદદે લાગ્યા. નિરુબહેન અને મંજુબહેન પૂરી વણવા લાગ્યા. બીજી બહેનો લૂઆ પાડવા બેઠી. બહાર અમે પતરાળા નાખવામાં અને પાથરણા પાથરવામાં રોકાયા ..... અને પંદર મિનિટમાં 'સબ સલામત' જાહેર થયું...સૌ જમ્યા. ગરમા ગરમ પૂરી અને શાક. પાછળથી ચા.

* * *

આજે ચૌદશ હતી. શરદપૂનમની આગલી રાત–એટલે સર્વત્ર શુભ્ર જ્યોત્સ્નાનું સામ્રાજ્ય વ્યાપ્યું હતું. વાયુમંડળમાં સ્થિરતા હતી. અમારી મંડળી સેનેટોરીયમની અગાશીમાં પહોંચી ગઈ. પર્યટનનો એક ઉદ્દેશ હોય છે એકમેકની નજદીક આવવાનો – એકમેકને ઓળખવાનો. મુંબઈથી અમે રવાના થયા અને બસમાં હતા ત્યાં સુધી ઘણાંખરાં એક બીજાથી અપરિચિત હતાં. થતું હતું આ બાળકો – આ થોડા યુવાનો – આ બહેનો અને આ મુરબ્બીઓ– બધા શું મઝા માણશે? આમાં એકવયનાં બધાં કયાં હતાં?... પણ આ કુટુંબમેળાંનાં એકએક પંખી આનંદના આકાશમાં ઉડુયન કરવા મંડયાં, જ્યાં મંડળીનો ગીત અને સંગીતનો કાર્યક્રમ શરૂ થયો.

* * *

સુગમ સંગીતની આ બેઠકમાં અમે પ્રમુખસ્થાન શ્રીયુતી પૂર્ણિમાબહેન પકવાસાને આપ્યું. શ્રીમતી પૂર્ણિમાબહેન સંગીતના અચ્છા જાણકાર છે, એટલું જ નહિ, તેમનામાં આપણે જ્ઞાન, ભકિત અને કર્મનો સુંદર સમન્વય થયેલો લાગે. શ્રીમતી પૂર્ણિમાબહેને ભજનથી શરૂઆત કરી. ત્યારપછી ભજનોનો ભંડાર જેમની પાસે છે એવા મુરબ્બી ભુજપુરિયાએ ભજન ગાયું – અને મંડળી તાનમાં આવી ગઈ. એકાએક ઈન્દુભાઈનો આલાપ આવ્યો. સુલોચનાબહેને સુમધુર કંઠે ગીતને સંગીતમય બનાવ્યું. નીરૂબહેન, રમાબહેન, ગુણવંતીબહેન અને જ્યોત્સ્ના બહેન પણ આમાં ભળ્યાં – નાની સ્મિતાએ "चमन रो रहा है" છટાથી ગાયું – અને પછી ચમને હળવી શાયરી રજૂ કરી, ચમન રોતો નથી એની ખાતરી કરાવી – મૂશાયરો ખરેખરો જામ્યો–અસ્ખલિત ગીતધારા અને રાગરાગિણીઓ વહેવા લાગી. ત્યાં આકાશમાં એક બે વાદળી આવી – અમારા શ્રી સુબોધભાઈનું આકાશમાં ધ્યાન ગયું – અને તુરત જ તેમણે કાનનબાળાને યાદ કરી ચાંદને ઉદ્દેશીને ગાયું – अय चांद छूप न जाना, जब तक मैं गीत गाऊँ ... ચાંદને અમારી મસ્તી ગમતી હતી કે શું – એણે સુબોધભાઈ પાસેથી બોધ લીધો કે શું – પણ ચાંદ વાદળીઓ પાસેથી ખસી ગયો. પછી આવી રાગરાગિણીઓ – બાગેશ્વરી, માલકોષ, જયજયવંતી વિગેરે. આ સાંભળતાં જાણે પરમ–આનંદ થતો હતો. સમય એનું કામ કરતો હતો. બાર ઉપર કાંટો પહોંચી ગયો હતો–સુલોચનાબહેને ભૈરવી ગાઈ અને બેઠક પૂરી કરી. હવે ઝાકળ પડવી શરૂ થઈ હતી. પથારીમાં સૂતા ત્યારે નિદ્રાદેવી તુરત જ પ્રસન્ન થઈ અને અમે ઉઠયા ત્યારે સારી પ્રકૃતિ સૂર્યદેવનાં સત્કાર માટે બની ઠનીને તૈયાર થઈ ગઈ હતી.

* * *

અમે ઉઠયા. ચાહ - નાસ્તા કર્યા ત્યાં અમારી કમિટીનાં સભ્ય શ્રી બાબુભાઈ એમની ગાડી–લાડી–વાડી સાથે મુંબઈથી આવી પહોંચ્યા. અમારા આનંદમાં વધારો થયો–અમે ગણેશપુરી તરફ જવા રવાના થયા. રસ્તામાં વજ્રાબાઈનાં મંદિરમાં જઈ દર્શન કર્યા – ગણેશપુરીમાં ગરમપાણીનાં કુંડો – વહેતી નદી અને ડૉ. કોઠાવાળાનું ક્લીનીક અને વિશેષે નિત્યાનંદજી મહારાજની સમાધિ બહુ જાણીતાં છે. અમારામાંનાં કેટલાક નદીમાં નાહ્યા – કેટલાક આ ડૉકટરની ક્લિનિકમાં ગરમ પાણીની સગવડવાળા બાથરૂમમાં નાહ્યા – બે ત્રણ કલાક કયાં જતા રહ્યા એની ખબર ન પડી.

* * *

પાછા બસમાં. ત્યાં ખબર પડી કે થોડેક દૂર ગણેશપુરીમાં નિત્યાનંદજીના શિષ્ય મુકતાનંદજીનો એક આશ્રમ છે, ત્યાં કેટલીક સંન્યાસી બહેનો પણ છે. એટલે અમારા પરમાનંદભાઈ અને પૂર્ણિમાબહેનને રસ જાગ્યો. રસ્તામાં આશ્રમ આવ્યો ત્યારે ઘડિયાળમાં લગભગ બાર થયા હતા, પરંતુ આજે તો દૂધપાક, પૂરી જમાવાનાં છે એટલે જમવાનું મોડું જ હોય – એમાંય ગઈ કાલવાળા દવેકાકાની લૉજમાં જમવાનું હતું – એટલે શાંતિથી જવું એમ સમજી બધાં આશ્રમમાં ગયા. સ્વામી મુકતાનંદજી બેઠા હતા. એમણે અમારી મંડળીની પૃચ્છા કરી – ક્યાંથી આવો છો, કેવી રીતે આવ્યા, કયાં ઉતર્યા છો વિગેરે વિગેરે – પછી તેઓ ભોજન માટે ગયા અને અમે જેમને ખાસ મળવા માંગતા હતા તે સંન્યાસિનીબહેન આવી ગયા. એમની પાસેથી આશ્રમની – તથા દિનચર્યાની કેટલીક વિગતો મેળવી. શ્રીમતી ઝવેરબહેન વીરાને ગરમી કે ભૂખ અકળાવતા ન હતાં – તેમણે આશ્રમ જોવાનો પ્રસ્તાવ મૂકયો અને ત્યાંના મંત્રીએ વિશાળ જગ્યામાં વિસ્તરેલો આશ્રમ અમને બતાવ્યો. ત્યાંનો સુંદર બગીચો – સુંદર નિવાસસ્થાનો – ગૌશાળા – આ બધું જોઈ મનમાં એમ થયું કે જો કુટુંબની અને સંસારની કશી જ જવાબદારી અને ચિંતા ન હોય તો અહીં રહી આ શાન્તિની સાધના કરવા જેવું ખરું. આખરે આપણે બધા પરમાત્મા – મોક્ષ – નહિ પણ શાંતિ જ શોધીએ છીએ. અહીં અખંડ શાંતિ હતી.

* * *

હવે અમે ભોજન માટે દવેકાકાની લૉજમાં પહોંચી ગયા. મુરબ્બી જેઠાભાઈએ દૂધપાક બનાવવાની જવાબદારી બરાબર અદા કરી–સવારથી જ લૉજમાં રહ્યા – દૂધપાક વસ્તુ જ એવી છે, એમાં ય સાધના જોઈએ. અને સાધનાથી પોતાને સંતોષ તો મળે જ પણ બીજા બધાને પણ કેટલો સંતોષ – કેટલો આનંદ – કેટલી તૃપ્તિ મળે! અમારી તૃપ્તિ અને સંતોષના યશભાગી હતા શ્રી જેઠાભાઈ.

ભોજન પછી થોડો આરામ, પછી ચા અને મુંબઈ પ્રતિ પ્રયાણ.

આ પહેલા થોડીક તસ્વીરો શ્રી વીરાભાઈએ પાડી – 'ઈસ્માઈલ' 'ઈસ્માઈલ' (smile smile) અને બધાના મુખારવિંદ હસી પડયા – બાકી બધું શ્રી વીરાભાઈએ સંભાળી લીધું.

ત્યાર બાદ બસમાં બેસવાની અમે તૈયારી કરી રહ્યાં હતાં એવામાં એક નાનું સરખું ચિન્તાનું વાદળ ચઢી આવ્યું. અમારી સાથેનાં સૌ રમાબહેન ઝવેરી બૂમ પાડી ઊઠયા કે મને મંકોડો કરડયો છે અને જાણે કે તેમને વીંછી કરડયો હોય એમ બધાં ચમકી ઉઠયાં, અને તેમની તહેનાતમાં અમે રોકાઈ ગયાં. ખીમજીભાઈએ તેમને પેનીસીલીનનો મલમ આપ્યો; અન્ય મિત્રે હેઝેલીન સ્નો તેમના ડંખ ઉપર લગાડયો; બીજાં એક બહેન કુંડામાંથી માટી ઉસરડીને લઈ આવ્યાં; અને અન્ય સાથી ડાકટરની તપાસ કરવા દોડયા. વળી ઝવેરબહેન તેમને વીંઝણો ઢાળવા મંડયા અને બીજાં એક બહેન પ્રાર્થના કરવા લાગ્યાં. આ બધી રોણક જોઈને રમાબહેને જાણે કે તેમને કશું થયું ન હોય એમ એકાએક હસી પડયાં અને અમે પણ એમને હસતાં જોઈને ખૂબ જ હસી પડયાં.

અને પછી બસમાં બેસીને અમે આગળ ચાલ્યાં અને વનવગડો વટાવતાં ભીવડી પહોંચ્યાં અને બસમાંથી નીચે ઊતર્યાં અને જોયું તો શ્રી બાબુભાઈની એમ્બેસેડર અમારી આગળ જ રાહ જોતી ઉભી

હતી. એમના તરફથી અમને બધાંને ચવાણું અને ચા-પાણી મળ્યાં.

ભીવંડી – થાણા છોડ્યું અને અમારી મંડળીનાં – મોતીનાં વેપારી મોજીલા મોતીકાકા બોલ્યા – "ચીમનભાઈ – આજે પૂનમ છે, ચાલોને ચેમ્બુર આદીશ્વર દાદાના દર્શન બધાને કરાવીયે – " આ તો બધાને ગમતી વાત નીકળી – બસ ચેમ્બુર લેવડાવી – રાતના આઠ વાગ્યા હતા. ભગવાનની આરતીનું ઘીં બોલાતું હતું. દેરાસરની સુંદર કારીગીરી. ભીંતની અંદર વીજળીથી ચાલતી ટ્રેઈન અને અન્ય રમકડાં – બાળકોને ખૂબ ગમ્યાં. નાનપણથી જ બાળકોને દેરાસરમાં જતા કરવા અને ધર્મ પ્રત્યે વાળવા, જૈન ધર્મનો ઈતિહાસ સમજાવવો – આ દૃષ્ટિ પણ આ દશ્યો પાછળ હોય છે અને તે પ્રશંસનીય છે અને અન્યોએ અનુકરણ કરવા જેવી છે – દેરાસરની આસપાસ સુંદર વાતાવરણ પણ હોયજ છે. ઉંચાં ઝાડો રોપવામ આવ્યા છે. ત્યાંનાં રંગબેરંગી પુષ્પો મનમાં વસી ગયાં. એની સુવાસ લેતાં અમે બસમાં પાછા બેઠા – ત્યારે મનમાં ગીત ગૂંજતું હતું –

ધીરે ધીરે વિસ્તરે છે ચાંદની
રાતને પાગલ કરે છે ચાંદની,
નિદમાં ડૂબી ચૂકેલા શહેરને
મુગ્ધ થઈ જોયા કરે છે ચાંદની

સૌ પોતાને ઘરે પહોંચ્યા ત્યારે થાક લાગ્યો હતો, પણ આનંદ એટલો બધો કર્યો હતો કે પથારીમાં પડતા જ મીઠી ઊંઘ આવી ગઈ.

નાનું પણ મઝાનું આ પર્યટન જીવનનું એક મીઠું સ્મરણ બની ગયું.

ચીમનલાલ જે. શાહ

સંઘની પ્રવૃત્તિઓને થયેલું અર્થ સીંચન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

૧૫૨૧૯	૧-૧૦-૬૮ના અંકમાં પ્રગટ થયેલી રકમો	
૨૫૦	શ્રી મનુભાઈ અમૃતલાલ શેઠ	
૨૫૦	,,	ગીરજાશંકર ઉમિયાશંકર મહેતા
૨૧	,,	વિષ્ણુપ્રસાદ દેસાઈ
૧૧	,,	હરિલાલ ગુલાબચંદ શાહ
૧૧	,,	નાનજી વ્રજલાલ શાહ

૧૫૭૬૬

શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

૫૦૦	મે. કામાણી ચેરીટી ટ્રસ્ટ*	
૨૫૧	શ્રી ચીમનલાલ જે. શાહ	
૧૫૧	,,	ધીરજલા મોરારજી અજમેરા
૧૦૧	,,	એમ. કાંતિલાલની કું.
૧૦૧	,,	ચંદનબહેન ડાહ્યાભાઈ શાહ
૧૦૧	,,	જગજીવનદાસ સુખલાલ અજમેરા
૫૧	,,	લાભશંકર મહેતા
૫૧	,,	કાંતિલાલ એલ. વોરા
૫૦	,,	મોહનલાલ નગીનદાસ ઝરીવાલા
૨૫	,,	રમણીકલાલ જોશી
૧૦	,,	વલ્લભદાસ ફૂલચંદ મહેતા

૧૩૯૨

* આ રકમ શરતચૂકથી યુવક સંઘને ભેટ મળેલી રકમોની યાદીમાં છપાઈ છે, પરંતુ તે રકમ વાચનાલય અને પુસ્તકાલયને મળેલી હોઈ સંઘમાં તે ન ગણતાં આ યાદીમાં ગણવાની રહે છે.

મંત્રીઓ

દુઃખદ સમાચાર

જણાવતાં અતિ ખેદ થાય છે કે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહના પિતાશ્રી જેઠાલાલભાઈનું તા. ૩૧મી ઓકટોબરના રોજ ૭૨ વર્ષની ઉંમરે અવસાન થયું છે, અને તેમના સ્વજનો તરફથી તેમના ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું છે.

યદપિ શુદ્ધં, લોકવિરુદ્ધં, નાકરણીયં, નાચરણીયમ્

પ્રાસ્તાવિક

ઈ૦ સ૦ ૧૯૧૭-૧૮ ની સાલની આ વાત છે. હું મારા પિત્રાઈ ભાઈ મુરબ્બી મોતીચંદભાઈને ત્યાં રહેતો હતો અને તાજેતરમાં એલ. એલ. બી. ની પરીક્ષા મેં પસાર કરેલી. અને તેમની એટલે કે મોતીચંદ એન્ડ દેવીદાસની પેઢીમાં સોલીસીટર થવા માટે મેં આર્ટીકલ્સ સાઈન કરેલા. એ દિવસોમાં અમો મિત્રોએ 'સુહૃત સમાજ' નામનું એક મંડળ ઉભું કર્યું હતું અને તેના ઉપક્રમે શ્રી મોતીચંદભાઈને ત્યાં અમે અવારનવાર વ્યાખ્યાન સભા અથવા તો ચર્ચાસભાઓ ગોઠવતા હતા. મોતીચંદભાઈ આ અમારી પ્રવૃત્તિમાં ખૂબ રસ લેતા હતા. અને સાથીઓમાં મારા બનેવી હીરાલાલ અમૃતલાલ શાહ, રવિશંકર રાવળ, કકલભાઈ ભુદરદાસ વકીલ, રતિલાલ ગીરધરલાલ કાપડિયા, મોહનલાલ દલીચંદ દેસાઈ વગેરે અનેક મિત્રો મુરબ્બીઓ હતા, જેમાંના હું અને રવિશંકર રાવળ સિવાય બાકીના લગભગ બધા આજે વિદેહ થયા છે. અમે વ્યાખ્યાન આપવા માટે બહારથી પણ જાણીતા વિદ્વાનો અને વિચારકોને માટે નિમંત્રણ આપતા. સ્વામી આનંદ અથવા મારા પરમ મિત્ર સ્વ. શિવલાલ પાનાચંદ શાહ મુંબઈ આવી ચડ્યા હોય તો તેમનો પણ અમને લાભ મળતો.

એક દિવસે અમે ઉપર જણાવેલા સૂત્ર ઉપર ચર્ચા ગોઠવી હતી. મુરબ્બી મોતીચંદભાઈએ પ્રસ્તુત સૂત્રનું સમર્થન કર્યું હતું; મેં તેનો વિરોધ કર્યો હતો; મોતીચંદભાઈએ તેનો જવાબ આપ્યો હતો. એ ચર્ચા પૂરી થયા બાદ એ બધી ચર્ચા અમે પ્રત્યેકે વ્યવસ્થિત રીતે લખી નાખી હતી. આ અમારાં નિવેદનો ઉપર ભાઈ શિવલાલે એક વિદ્વત્તાપૂર્ણ ટીપ્પણ અંગ્રેજીમાં લખી આપ્યું હતું અને સ્વામી આનંદે પણ તેમની લાક્ષણિક રીતે આ જ સૂત્ર ઉપર પોતાના વિચારોનું ટાંચણ કરી આપ્યું હતું.

આ આખી ચર્ચા એ વખતે શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ તરફથી ચાલતા 'કૉન્ફરન્સ હેરલ્ડ' માં પ્રગટ કરવામાં આવી હતી. આ માસિકના તંત્રી સ્વ. મોહનલાલ દલીચંદ દેસાઈ હતા. ત્યાર બાદ એ સમગ્ર લખાણ સ્વ. વાડીલાલ મોતીચંદ શાહે તેમના તરફથી પ્રગટ થતા એ દિવસોના 'જૈન હિતેચ્છુ' માં પુનઃ પ્રગટ કર્યું હતું અને તે સાથે તેમની પોતાની આલોચના સંકલિત કરી હતી.

આ બધું આમ તો વિસરાઈ ગયા જેવું બની ગયું હતું, પણ થોડા સમય પહેલાં હું કલકત્તા ગયો હતો અને મારા નિમિત્તે યોજાયેલા એક સન્માનસમારંભ દરમિયાન કરેલા મારા વકતવ્યમાં આ જૂની ચર્ચાનું સ્મરણ થતા મેં ઉલ્લેખ કર્યો હતો અને એ વકતવ્ય પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવેલું જે વાંચીને મારા મિત્ર અને સ્વ. વાડીલાલ મોતીલાલ શાહના પરમ પ્રશંસક શ્રી ત્રિભુવન વીરજીભાઈ હેમાણીએ જે જૈન હિતેચ્છુની ફાઈલમાં ઉપરની ચર્ચા પ્રગટ થયેલી તે ફાઈલ તેમની પાસે હોવાનું મને જણાવ્યું. મેં તે ફાઈલ મંગાવી અને એ આખી ચર્ચા વાંચી જતાં એ દિવસોનાં અનેક સ્મરણો ચિત્તમાં જાગૃત થયાં.

આ જૂની ચર્ચામાં ચર્ચાયેલો વિષય આજના સમય માટે એટલો જ પ્રસ્તુત છે, અને એ ચર્ચાનો જો પુનરુદ્ધાર કરવામાં આવે તો પ્રબુદ્ધ જીવનના વાચકોને એ ચર્ચા આજે પણ એટલી જ રસપ્રદ બનશે એમ લાગવાથી અને આમ છતાં એ ચર્ચા ઘણી લાંબી છે તેથી એ સૂત્રના સમર્થનમાં શ્રી મોતીચંદભાઈએ જે કહ્યું હતું અને તેના વિરોધમાં મેં જે કહ્યું હતું એટલો જ તેમાંનો વિભાગ પ્રબુદ્ધ જીવનના આગામી અંકોમાં ક્રમશઃ પ્રગટ કરવામાં આવનાર છે.

ક્રમશઃ

પરમાનંદ

નવી દુનિયામાં—૧૦

ઉનાળાની રજામાં અહીંના નિવાસીઓની ઈચ્છા રહે છે કે ગમે ત્યાં ફરવા જવું. પરિચિતોમાંથી લગભગ ઘણા ફરવા નીકળી પડયા. હું પણ ફરવાનો કાર્યક્રમ વિચારતો હતો. અને નક્કી કર્યું હતું કે એન—આરબર અને બાલ્ટીમોર તો આ ઉનાળામાં જઈ આવવું. એન—આરબરમાં ડૉ. પદ્મનાભ જૈની સંસ્કૃત અને પાલિ-પ્રાકૃતના પ્રોફેસર છે. અને બાલ્ટીમોરમાં પૂ. પં. બેચરદાસના પુત્રી લલિતાની પુત્રી કલ્યાણી તેના પતિ શ્રી દિલીપભાઈ સાથે રહે છે. એટલે તેમને મળી લેવાનો વિચાર નક્કી કર્યો. મિશિગન સ્ટેટ યુનિ-વર્સિટીના ડૉ. ધીરેન્દ્ર શર્મા અમેરિકન ઓરિએન્ટલ કૉન્ફરન્સમાં બર્કલીમાં મળ્યા હતા અને તેમણે લાન્સીંગ આવવાનું આમંત્રણ આપી દીધું જ હતું. તેઓ રજામાં ટોરોન્ટો ગાડી લઈને ફરવા આવ્યા. અચાનક જ યુનિવર્સિટી જતો હતો ને રસ્તામાં તેમના કુટુંબ સાથે તેઓ મળી ગયા. અને નાયાગરાનો ધોધ જવાનો કાર્યક્રમ નક્કી થયો. સદ્‌ભાગ્યે એ જ દિવસોમાં શ્રી વલ્લભરામ વૈદ્યના પુત્ર રાઘેકાંત દવે પણ અહીં જ હતા. અમે બધા ડૉ. શર્માની મોટરમાં નાયાગરાનો ધોધ જોવા નીકળ્યા. ઘણાએ મને સલાહ આપી છે કે તે ધોધ જોવાની ખરી મજા તો જ્યારે શિયાળામાં બરફ પડતો હોય છે અને સમગ્ર સૃષ્ટિ જ્યારે ધવલિમાથી છવાઈ હોય છે, ત્યારે જ છે. પણ શિયાળામાં તો હું અહીં નવો નવો હતો અને અહીંનો બરફ જોઈને જ ગભરાઈ ગયો હતો. સૌન્દર્યપાન માટેના મનનું સ્વાસ્થ્ય લાધ્યું ન હતું. તેથી જઈ શકયો નહિ. આવતા શિયાળામાં હવે તે પણ જોઈ લેવાનો વિચાર છે.

શિયાળામાં એક માત્ર એવરગ્રીન ટ્રી સિવાય બધી જ વન-સ્પતિઓ બરફને કારણે કાં તો તેથી ઢંકાઈ હોય છે અથવા તો ઠૂંઠા જેવી થઈ ગઈ હોય છે. શિયાળો જાય છે અને વસંતની બહાર આવે છે ત્યારે હરિયાળી અને વિવિધરંગી ફૂલો જોવાની જે મજા છે તે નિરાળી જ છે. ટોરોન્ટોમાં જ યુનિવર્સિટી એવન્યુ રસ્તા ઉપર તેની વચ્ચે જ ફુલોના કયારા છે અને સમગ્ર રસ્તા ઉપર વિવિધ-રંગી ફૂલોની હારમાળા જેણે જોઈ હોય છે તે વારંવાર એની મજા માણવા જાય છે. ટોરોન્ટો તો વળી બગીચાનું શહેર છે. તેની સાચ-વણી પાછળ ઘણો જ ખર્ચ થાય છે. બગીચાઓમાં ફૂલો, ઝાડો એ બધું તો હોય જ, પણ રમતગમતનાં મેદાનો, તરવાના નાના નાના સ્વીમીંગ પુલ, રેસ્ટોરાં, સહેલાણીઓ માટે બરફમાં સ્કીઈંગ કરવાની વ્યવસ્થા — શિયાળામાં તો કુદરતી બરફ હોય પણ અન્ય ઋતુમાં પણ કૃત્રિમ બરફની વ્યવસ્થા પચાસેક ઠેકાણે છે,—તળાવમાં બોટિંગ, પશુ - પક્ષીઓનું સંગ્રહાલય અને વિવિધ દુર્લભ અને સુંદર વૃક્ષોનો સંગ્રહ — એ બધું જોવા મળે છે. ટોરોન્ટોનગર એ પહાડી પ્રદેશમાં છે. તેથી તેના બગીચાઓ સપાટ મેદાનમાં નથી પણ ઊંચા—નીચા પહાડી પ્રદેશમાં તેમ જ તળાવને કિનારે છે. આથી મુંબઈમાં હેંગીંગ ગાર્ડનમાં ફરતા હોઈએ તેમ ગમે તે બગીચામાં અનુભવ થાય છે. ટોરોન્ટોમાં તો વળી ઓન્ટારિઓ લેક એવડું મોટું છે કે જો ખબર ન હોય તો મારા જેવો અજાણ્યો તેને સમુદ્ર જ માની લે. તેનો બીજો કિનારો તો દેખાતો જ નથી.

ટોરોન્ટોથી નાયાગરાનો ધોધ એંસી માઈલ છે. પ્રથમ જ ટોરોન્ટોથી બહાર મોટરની આ મુસાફરી હતી. માર્ચના અંતમાં અને જ્યારે અહીં આવ્યો ત્યારે ઍરોડ્રોમથી શહેર સુધીની લગભગ ૨૦—૨૨ માઈલની મુસાફરી હતી. પણ એ રસ્તામાં તો એ દિવસોમાં બરફ જ બરફ હતો. એટલે કુદરતી અન્ય સૌન્દર્યનો ખ્યાલ ન આવે. આ વખતે તો બધું જ ખુલ્લું હતું, સદ્‌ભાગ્યે આકાશ પણ ખુલ્લું હતું. કુદરત માણવા અને જાણવાની આંખ પૂ. કાકાસાહેબે ગુજ-રાતીઓને આપી છે. હજુ એ આંખ મારામાં ઉઘડી નથી, તો પછી તે શકિત તો કયાંથી આવે? પણ કુદરતી સૌન્દર્ય શું અને કેવું હોય તેનો આભાસ કાશ્મીરમાં થયો હતો અને પછી અહીં તે પુનઃ જાગ્રત થયો. રસ્તામાં જ્યાં જંગલો કાપી ખેતરો બનાવ્યા હોય ત્યાં ઊંચા ઊંચા ઝાડો બન્ને તરફ છે. વચ્ચે વચ્ચે મોટાં હેમીલ્ટન જેવાં શહેરો પણ છે. જેમ જેમ નાયા-ગરાની પાસે પહોંચીએ છીએ તેમ તેમ સૃષ્ટિસૌન્દર્ય નિરાળું જ થતું જાય છે. પૂ. કાકાસાહેબનું નાયાગરાનું વર્ણન વાંચ્યું છે. પણ તે અનુભ-વવાનો પ્રસંગ આ વખતે મળ્યો. માનવમેળો એટલો બધો જામે છે કે કુદરત જેવી કે માનવીના વિવિધ રંગી ચહેરા - મહોરા, તેમની પ્રસ-ન્નતા અને ઉલ્લાસ, રમતીયાળ સ્વભાવ, બાળકોની નાચ — કૂદ—, આની વચ્ચે જ મન ઝોલાં ખાતું હતું. નાયાગરાના ધોધની એક બાજુ અમેરિકન અને બીજી બાજુ કેનેડા છે. અને અહીં એ બન્ને વચ્ચે મોટી લડાઈ પણ થઈ છે. આવા કુદરતી ધામનો કબજો મેળવવા આ પ્રજાઓ લડે એ એ ટાણે સ્વભાવિક હતું. આ કાંઈ માત્ર કુદરતી ધામ જ નથી રહ્યું, પણ આ તો વીજળી ઉત્પાદનનું મોટું મથક છે. અને તેના પાણીથી તો મોટી નદીઓ બને છે. તો તેનો કબજો ઝગડાનું કારણ બને જ. નાયાગરાને કારણે જ ઓન્ટારિઓ પ્રાંતમાં વીજળી બહુ સસ્તી છે અને તેને જ કારણે આ પ્રદેશમાં ઔદ્યોગિક વિકાસ વિશેષ થયો છે.

ધોધના અવાજમાં માનવમેળાનો અવાજ સમાઈ જાય છે. પાણીનો મારો એટલો સખત હોય છે કે નીચેની નદીમાંથી ફુવારા ઊડે છે અને ધૂમસની જેમ ધોધને તે આવરી લે છે. સદ્‌ભાગ્યે સૂરજ દેવતાની હાજરી હતી એટલે મેઘધનુષની રચના આકાશમાં થઈ. સૂરજ અને ધોધ જાણે કે વિવિધ રંગી ફૂલોની માળા એક-બીજાને પહેરાવવા વ્યાકુળ હોય એવું દૃશ્ય હતું. ધોધને નજીકથી જોવા માટે પહાડમાં ટનલ બનાવી છે. તેમાં જવા માટે વેશ સજવો પડે છે. તે પહેરી તેમાં જવા તૈયારી કરનાર માનવમેદની ભૂતાવળ જેવી દેખાય છે. નાયાગરા પાસે સ્કાઈલોન ટાવર ૧૨૦ ફૂટ ઊંચું ઊભું કરવામાં આવ્યું છે. મથાળે ફરતું રેસ્ટોરાં છે. દુકાન છે. તેની નીચે હોટેલ અને બાળકોને આનંદ પડે તેવું એકઝીબીશન પણ તેમાં છે. એ ટાવરમાં ઉપર જઈ આસપાસની દુનિયા જોઈ. હરિ-યાળાં ખેતરો, બાગ - બગીચા, રમકડાં જેવાં શહેરો, ઝરણાં જેવી નદીઓ જોઈ. નીચે આવી તેના પ્રેક્ષકગૃહમાં સ્પેનીશ નૃત્ય થતું હતું તે માણ્યું, અને સાંજે ઘરે પાછા ફર્યા. હમણાં જ જ્યારે ન્યૂ યૉર્ક થઈ વિમાનમાં પાછો ટોરોન્ટો આવતો હતો ત્યારે વિમાનમાંથી એ પ્રદેશનું રાત્રીનું દૃશ્ય જોયું. રાત્રે તો માત્ર વિવિધરંગી બત્તીઓની હારમાળા નગરની રચના પ્રમાણે દેખાય છે. પણ તે જોઈ જ રહીએ તેવું દૃશ્ય હતું. ન્યુ યૉર્કનું પણ રાત્રીનું વિમાનમાંથી દૃશ્ય જોયું તે યાદ રહી જાય તેવું છે.

આ ઉનાળાની રજામાં જ અહીંથી ૪૦ માઈલ દૂરના સીમકો-લેકના કિનારાની મોજ પણ માણી. રાજકોટના શ્રી કોઠારીકુટુમ્બ સાથે અને અમદાવાદના શ્રી ભારતીબહેન પરીખના કુટુંબ સાથે ગયો હતો. બે તરફ પહાડી પ્રદેશ અને વચ્ચે એ સરોવર છે. તેમાં બોટીંગ કરવા લોકો આવે છે. બોટની પાછળ દોરડું બાંધી પાટિયા ઉપર ઊભા રહી મોટરથી ચાલતી બોટ પાછળ ઢસડાવાની રમતનું દૃશ્ય ચિત્રમાં તો જોયું હતું, પણ અહીં તાદૃશ પ્રથમવાર જોયું ત્યારે આ પ્રજામાં વિવિધ પ્રકારના સાહસોની ખીલવણી જે થઈ છે તે માટે ધન્યવાદ સિવાય બીજું કાંઈ જ હતું નહિ. એ જોઈ જ રહ્યો. દૃશ્ય ભૂલાય એવું નથી. આ સીમકો લેક કિનારે જ ઘણું ઊંડું છે, તેથી તેમાં તરવાની મનાઈ હતી. પણ માત્ર બોટિંગની છૂટ હતી. એટલે અન્ય જલાશયોની જેમ અહીં તરવૈયા હતા નહીં, પણ તળા-

વના કિનારે કુદરતની ગોદમાં બેસી બોટીંગ થઈ રહ્યું હોય તે જોઈ, ખાઈપી આનંદ કરી રાત્રે પાછા ફર્યા.

ટોરોન્ટોથી એન–આરબારની મુસાફરી બસમાં કરી. એન–આરબારમાં મિશિગન યુનિવર્સિટી છે. આ નગર નાનું પણ સોહામણું છે. આને માત્ર વિશ્વવિદ્યાલય નગર કહીએ તો પણ ચાલે. યુનિવર્સિટીમાં ૩૭,૦૦૦ થી વધારે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ઘણા કુટુંબી વિદ્યાર્થીઓ હોય છે. તેથી તેમને સકુટુંબ સાથે રહેવાની સગવડ નોર્થ કેમ્પસમાં કરી છે. તે કેમ્પસ પણ એક નાના સબર્બ જેવું છે. પણ પહાડી પ્રદેશમાં વસાવેલ હોઈ અને નવું વસાવેલ હોઈ ઘણું જ સુંદર છે. એન–આરબરમાં વિખ્યાત સંગીતવિદ્યાલય છે. તે પણ આ નોર્થ કેમ્પસમાં, ત્રણ તરફ પહાડ, સામે નાનું એવું સરોવર, એવી રમણીય જગ્યાએ બાંધ્યું છે. કુદરત જોઈને ન ગાવું હોય તો પણ ગાવાનું મન થાય એવું સુંદર વાતાવરણ છે. આ ઉપરાંત યુનિવર્સિટીના એન્જીનિયરિંગ વગેરે વિભાગોના સંશોધનખાતાનાં મકાનો પણ આ પહાડી પ્રદેશમાં ઊંચી–નીચી જગ્યાએ બાંધ્યા છે. ખરેખર વાતાવરણ વિદ્યામય છે. નગરની ધમાલ નથી. ડૉ. પદ્મનાભજીને ત્યાં ગયો એટલે આ બધું જોવાનું મળ્યું. એ જ દિવસોમાં અહીં પેપીરસ કૉન્ફરન્સ હતી. તેના અનુસંધાનમાં જુની હસ્તપ્રતોનું પ્રદર્શન ગોઠવ્યું હતું. પ્રદર્શનમાં પેપીરસ પર લખાયેલા પુસ્તકોનાં પાનાં જોયાં. જિંદગીમાં આ પ્રથમ જ વાર પેપીરસનું દર્શન કર્યું હતું. આપણે ત્યાં તાડપત્ર કે ભોજપત્ર પર જૂનાં પુસ્તકો લખાતાં, પણ તે પહેલા, પણ પેપીરસ વપરાતો, એ નામના ઝાડની છાલમાંથી પાના બનાવી તે પર લખવામાં આવતું. પેપીરસના પાના ઈ૦ પૂર્વ ત્રીજી સદી સુધીના જૂના પણ હતા. અને વળી ઠીકરા ઉપર લખાણ પ્રથમથી ચોથી સદી સુધીનું પણ જોયું. ૨૫૪ ઈ. પૂર્વના એક પાનામાં ગધેડું ખોવાઈ ગયાની સૂચના નગરજનોને આપવામાં આવી છે. વળી, તે ઈ૦ પૂર્વ ત્રીજીથી ઈસવીના પ્રારંભ સુધી લખાયેલા પાનાઓમાં મકાન બાબત, સૈનિકોના ગણવેશ, સૈનિકને અપાયેલ આજ્ઞા, કોઈ સૈનિક રજા વિના ગયો હશે તેથી તેને પૂછા ઈત્યાદિ સામગ્રી હતી. કોઈમાં સાહિત્યકૃતિ પણ લખાયેલ હતી. વળી મોટો ભાગ બાઈબલનાં અમુક પ્રકરણોની નકલોવાળો હતો. આ જોઈ એન–આરબર આવ્યો તે સાર્થક થયું.

એન - આરબરની આસપાસ શ્રી પદ્મનાભની મોટરમાં ૪૦૦–૫૦૦ માઈલ ફર્યો. તેમાં 'બીચ'દર્શન પણ કર્યું. તળાવ કે નદી કે સમુદ્રના કિનારે જો નહાવાની સગવડ હોય તો સહેલાણીઓ રજાના દિવસોમાં નીકળી પડતા હોય છે અને ઉજાણી કરતા હોય છે. એન-આરબરમાં રહેતા અમુક ભારતીય વિદ્યાર્થીઓએ ત્યાંથી ૩૫ માઈલ દૂર આવેલ કેન્સીંગટન લેકના બીચ ઉપર ઊજાણી ગોઠવી હતી એટલે પદ્મનાભનું કુટુંબ પણ તેમાં સામેલ થયું હતું. મોટા ભાગના વિદ્યાર્થીઓ અહીં સકુટુંબ પણ હોય છે, તેથી સૌ પોતપોતાને ઘેરથી ફાવે તે બનાવી લાવ્યા હતા, તે સૌએ બીચની મજા માણ્યા પછી સાથે મળી ખાધું અને પછી સૌ પોતપોતાની મોટરોમાં રાત્રે ઘરે પહોંચ્યાં. બીચનાં દૃશ્યોનું વર્ણન જાણી જોઈને નથી કરતો, અને એ દૃશ્યો જોઈ અમને જે વિચારો આવ્યા તે વિષે પણ હવે લખવા જેવું નથી.

ટોરોન્ટો, તા. ૧૫–૯–'૬૮. દલસુખ માલવણિયા

અનંતના યાત્રિક

("On an Eternal Voyage" જેનો નીચેના લખાણમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે, એ અંગ્રેજી પુસ્તકમાં શ્રી વિમલાબહેન ઠકારના અપૂર્વ રૂપાંતરની વાત અંતર્હિત પડી છે. ઉપરાંત શ્રી કૃષ્ણમૂર્તિ–કૃષ્ણજી સાથેના એમના આંતરસખ્યની આત્મીયતાની સુગંધ એમાં સતત રસળતી રહે છે. આ પુસ્તક વાંચ્યું ત્યારે મારા ચિત્ત ઉપર એવી છાપ ઊઠી હતી કે જાણે આ નાનાશા પુસ્તકમાં મૈત્રીની એકતાનું કાવ્ય આલેખાયું છે. એટલામાં ભાઈ પરમાનંદ કાપડિયાએ એ પુસ્તકનો ગુજરાતી અનુવાદ કરવાનું સૂચવ્યું. એમના સ્નેહને વશ થઈને એનો ગુજરાતી અનુવાદ કર્યો એ સારું જ થયું. આબૂમાં વિમલાબહેન સાથે ચાળીસેક દિવસ સાથે રહેવાનું થયું. એ સમય દરમિયાન એ અનુવાદ પૂરો કર્યો અને એમની સાથે બેસીને મૂળ અંગ્રેજી સાથે સરખાવી જવાની પણ વિરલ તક મળી. એથી મોટો લાભ એ થયો કે વિમલાબહેન ગુજરાતીમાં આ પુસ્તક લખે તો કેવું લખે એ દૃષ્ટિએ એનું રચના સ્વરૂપ બંધાયું. આ અંગ્રેજી પુસ્તકનો જે ગુજરાતી અનુવાદ થયો છે, તે 'અનંતને સથવારે' એ નામે અમદાવાદની બાલગોવિંદ પ્રકાશન સંસ્થા તરફથી નવેમ્બરની શરૂઆતમાં પ્રસિદ્ધ થશે. 'અનંતને સથવારે' એ નામ પણ વિમલાબહેને જ આપીને એના રહસ્યને છતું કર્યું છે. **કિસનસિંહ ચાવડા**)

થોડા સમય પહેલાં શ્રી વિમલાતાઈ ઠકારનું નાનુંશું પુસ્તક "On an Eternal Voyage" – 'અનંતને સથવારે' વાંચવાનું બન્યું. પુસ્તક વાંચ્યું તે પહેલાં વિમલાબહેનના ગાઢ પરિચયમાં આવવાનું બન્યું હતું. એટલે એમનાં બીજાં બે પુસ્તકો "Mutation of Mind" અને "From Heart to Heart" નો સ્વાધ્યાય પણ કર્યો. આ ત્રણે પુસ્તકો વાંચ્યા પછી એમના માનસપિંડની સમગ્રતાનો સારો મુકાબલો થયો. ગુજરાતમાં વિમલાબહેન, વિનોબાના સાથી તરીકે અને સર્વોદયના તેજસ્વી અને વિચારશીલ અગ્રણી તરીકે જાણીતાં છે. છેલ્લા છેલ્લા ગુજરાતમાં લોકશાહી ઉપર એમનાં જે વ્યાખ્યાનો થયાં, જુવાન પેઢીની શકિત બુદ્ધિને બરાબર નાથી, સાચી નહેરમાં નાખવાની પ્રવૃત્તિરૂપે જે શિબિરો થઈ તે ઉપરથી એમની તંદુરસ્તી અને તસ્થ પ્રતિભાનો પણ આપણા લોકોને સારો પરિચય થયો છે. હમણાં થોડા મહિના પહેલાં મુંબઈમાં અને અમદાવાદમાં એમનાં જે અપૂર્વ પ્રવચનો થયાં હતાં તેમણે મારા માનસ ઉપર એક ઊંડી મુદ્રા ઊઠાવી છે. જીવનની કૃતાર્થતા આનંદની ગંગોત્રી પાસે પહોંચવામાં અને ત્યાંથી આનંદગંગાના નિર્મળ વારિને નીચે ઉતારી લાવી સમગ્ર જીવનમાં સિંચીને જિંદગીની હરિયાળીને ઉછેરવામાં રહેલી છે. આ વાત અને વસ્તુને એમણે અનુભૂતિના નવાણમાંથી એટલી સ્પષ્ટ રીતે પ્રગટ કરી હતી કે મારું અંતર પ્રતીતિની સુગંધથી ગદ્‌ગદ્ થઈ ગયું હતું. એમના દર્શનમાં અંતરનિષ્ઠા, વિશદતા અને વિનમ્રતા ત્રણેયનો ત્રિવેણીસંગમ હતો.

વિમલાબહેનને નિકટતાથી નિરખવાનું અને આત્મીયતાથી પામવાનું બન્યું છે. સર્વોદયના સત્ત્વનું અને તત્ત્વનું એમનું આકલન જીવનરસની સમગ્રતાથી રસાયેલું છે એ વિદિત છે, છતાં સર્વોદયનાં પ્રવૃત્તિ અને સંગઠનથી એઓ સ્વતંત્ર છે એ વાત હવે અછતી નથી. એઓ મુકત અને મરમી જીવનયાત્રી છે એ વાતની સુગંધ પણ એમનાં આપ્તજનોમાં આવી છે. છતાં એમના સમગ્ર જીવનની સર્વતોમુખી ઓજસ્વી પ્રતિભાની લીલા હજી અજાણી છે. એમના જીવનની સહજતા એમની સામાન્યતામાં અંતર્હિત થયેલી છે. એટલે જ પોતાની સામાન્યતાના ઐશ્વર્યને કોઈ પણ ભોગે ખોવા એઓ તૈયાર થતાં નથી.

"On an Eternal Voyage – અનંતને સથવારે" એ નાનીશી પુસ્તિકામાં તથ્યનું નિવેદન છે. જીવનના પ્રાચીન રૂપની વિદાય અને નવા રૂપના આગમનનો સંકેત છે. ઘટનાઓના અનુબંધ પૂરતું જ નિરૂપણ છે. અનિવાર્ય હોય એટલું જ વર્ણન છે.

આ સ્વાભાવિકતાને કારણે જીવનનું ઓજસ્ ઘટનાઓની વચ્ચેથી ડોકિયું કર્યા કરે છે. પ્રસંગોનો આખો ક્રમ એવી રીતે ગોઠવાયો છે કે પોતે જ પોતાની ગોઠડી કહે છે. ઘટના અંશની બની હોય, તો પણ એની સમગ્રતા અખંડ રહી છે. એ અખંડિતતાનું લાવણ્ય એ આખા આત્મનિવેદનની વિશેષતા છે.

તથ્યના આલેખનમાં સન્નિષ્ઠા હોવાથી, શૈલી આપમેળે

શીલવંતી બની છે. વેધકતા એની આડનીપજ છે. તથ્યને, કેવળ તથ્યને જોવાની પ્રમાણિક તટસ્થતાની હાજરીથી સત્યને પ્રગટ થવામાં કયાંય લજ્જા નથી આવી. જીવનઘટનાને, હકીકતની મર્યાદામાંથી ઊઠાવીને, સત્યના પ્રસાદમાં મુકત કરવી એ કવિકર્મ છે. આ મુકિત પુનર્વિધાન નથી, જીવનનો અભિનવ આવિર્ભાવ છે.

એટલે જ એ પુસ્તકની કથા બે વ્યકિતઓની સાધારણ મુલાકાતની વાત નથી રહેતી. બે જણાં જ્યાં એક થાય છે, તે એકાન્તમાં જન્મેલી મૈત્રીની એકતાનું કાવ્ય બની રહે છે. આ કાવ્ય બે માનવો વચ્ચે સરજાયું હોવાથી, એમાં કોઈ એકનું કર્તૃત્વ નથી. એટલે કયાંય અહંતાનો દંશ નથી. પ્રેમનો અભિષેક છે.

અધ્યાત્મ અને જીવન વિમલાબહેન માટે બે જુદા પદાર્થ નથી. એક જ સત્યના બે પર્યાય છે. એક વિના બીજાનું અસ્તિત્વ નથી. એવી રીતે સત્ય અને વિજ્ઞાન પણ એક જ તથ્યનાં બે પાસાં છે. સત્યની પાસે વિજ્ઞાનની અનિરૂદ્ધ ચોક્કસાઈ છે. એટલે સત્યના વૈજ્ઞાનિક આકલનને એ ઓ જીવનની શ્રદ્ધા કહે છે.

સહજ જીવનની લીલા હોય છે. સંસ્કૃત જીવનની કલા હોય છે. લીલા સ્વયંભૂ આવિર્ભાવ છે. કલા બુદ્ધિ કે પ્રજ્ઞાનું નિર્માણ છે. સહજ જીવનની લીલામાં નિજાનંદનો પરિમલ હોય છે. સંસ્કૃત જીવનની કલામાં જીવનનો પરિતોષ હોય છે, સંતૃપ્તિ પણ ત્યાં આનંદનો આભાસ બને છે. આનંદ પોતે નહીં. આનંદ એ જીવનની સમગ્રતાનો અનુગ્રહ છે. એટલે આનંદની ઉપસ્થિતિ એ જ હુંપદનું વિસર્જન: નિજાનંદની એ જ સહજતા અને એ જ આત્મરતિનો વિલાસ છે.

રસો વૈ સ:। રસનિધિ પ્રભુમાં અખિલ જીવનનું ઓતપ્રોત થવું એ જ કૃતાર્થતા. એ જ આર્જવ. આ કૃતાર્થતાનો પ્રસાદ જેને મળે છે તે જીવન અભિવંદનનું અધિકારી છે.*

આબૂ, ફેબ્રુઆરી, ૧૯૬૮ કિસનસિંહ ચાવડા

* લેખકના તરતમાં જ પ્રસિદ્ધ થનાર પુસ્તક "તારામૈત્રક" માંથી.

નૂતન વર્ષના સંદર્ભમાં પ્રાર્થના

शिवमस्तु सर्वजगतः,
परहितनिरता भवन्तु भूतगणाः।
दोषाः प्रयान्तु नाशं,
सर्वत्र सुखीभवन्तु लोकाः॥

* * *

ॐतत्सत् श्री नारायण तू, पुरुषोत्तम गुरु तू।
सिद्ध-बुद्ध तू, स्कन्द विनायक सविता पावक तू॥
ब्रह्म मज्द तू, यह्व शक्ति तू, ईशु-पिता प्रभु तू॥
रुद्र विष्णु तू, राम कृष्ण तू, रहीम ताओ तू॥
वासुदेव गो-विश्वरूप तू, चिदानन्द हरि तू।
अद्वितीय तू, अकाल निर्भय आत्म-लिंग शिव तू॥

વિનોબા

* * *

ईशावास्यमिदं सर्वम्।

આ તો ઈશ તણો આવાસ:
તું આમંત્રિત અતિથિ એનો: નહિ સ્વામી નહિ દાસ!
એ પીરસે તે ખા તું રસથી એ આપે તે લેજે:
એના જનને તારાં ગણીને એ રાખે તેમ રહેજે:
વેરતો પ્રતિપળ પ્રેમનું હાસ;
અખંડ ચાલે બ્રહ્મ-ચિંચોડો: કોઈ તાણે, કોઈ માણે;
તું નવરો નવ રેજે: વહેજે ઘૂંસરી ગજા પ્રમાણે:
કામમાં ના'વે કદીય કચાશ!
તું અથરો નવ થાજે જાવા, નવ રેજે વળી ચોંટી:
સૌ વચ્ચે વહેંચીને ખાજે: રામની દીધેલ રોટી,
સુધા સમ સમજી સહ્યારી છાશ
આ તો ઈશ તણો આવાસ!

કરસનદાસ માણેક

* * *

सत्यं शिवं सुन्दरम्

સંસારે સઘળે ભલે અસત્ છે, શું સત્ય છે કયાંય ના?
જ્યાં ત્યાં દુ:ખ વિષાદ છો વરસતાં, શું ભદ્ર દેખાય ના?
છે સર્વત્ર કુરૂપ ને મલિનતા, સૌંદર્ય શું ના લસે?
રે રે જીવનમાં સદા નિરખિયે સત્યં શિવં સુન્દરમ્॥

નટવર મ. દવે

* * *

નૂતન વર્ષ પોતાનાં આગમન સાથે આપણે માટે શું ભેટ લાવ્યું અને શો સંદેશો લાવ્યું તે વિષે વિચારતાં ધ્યાનમાં આવ્યું કે બહુ જ શુભશુકનથી આ વર્ષનો પ્રારંભ થઈ રહ્યો છે.

ભેટ વિષે વિચારતા લાગ્યું કે આપણા પ્રધાનમંત્રી શ્રીમતી ઈન્દિરા ગાંધીનાં ત્રણ અઠવાડિયાનાં દૂર દેશોનાં વિસ્તીર્ણ પ્રવાસ દરમ્યાન તેઓ તે તે દેશોમાં રાજ્યકર્તાઓ, નેતાઓ અને નાગરિકગણ ઉપર ભારતીય દૃષ્ટિબિંદુનો બહુ સારો પ્રભાવ પાડી શકયાં છે. તેમનાં વકૃતવ્યમાં તેઓએ વિશ્વશાંતિની અને પરસ્પર સહયોગની ઉત્કટ ભાવનાનાં દર્શન કર્યા, એકતા અને વિશ્વબંધુત્વનું મહત્વ નિહાળ્યું અને સૌથી મહત્ત્વનો સૂર તો એ રહ્યો કે આપણે સૌ આટઆટલા વિચારવંત અને કલ્યાણ-કામનાવાળા લોકો હોવા છતાં ત્રીજા વિશ્વયુદ્ધ વિષે એક નાનોશો વિચાર પણ કેમ ઊઠી શકે? અને આવી ભાવનાનો વિચાર જો બધાનાં મનમાં ઉદ્ભવ થાય તો ખરેખર યુદ્ધનાં વિચારને ટાળી શકવાની સંભાવના છેજ.

આપણાં દેશની જાગૃત સ્ત્રીશકિતનાં પ્રતિનિધિ ઈન્દિરાબહેનની આવી ઉન્નત્ત ભાવનાવાળી વાતોની અસર જરૂર પડી છે, અને એજ એમની સૂક્ષ્મતાની સૂચક છે. તેઓ આપણાં અભિનંદનનાં અધિકારી છે.

નૉબેલ પ્રાઈઝ વિજેતા ડૉ. ખોરાનાની પોતાની શોધમાં સફળતા પણ નવા વર્ષની સુંદર ભેટ છે.

હવે આ વર્ષનો શો સંદેશો છે તે આપણે જોઈએ.

વિશ્વનાં મહાન વૈજ્ઞાનિક આઈનસ્ટાઈન પોતાની સૂક્ષ્મબુદ્ધિ અને સતત પ્રયોગથી જડ પદાર્થને એટમિક એનર્જીમાં પરિવર્તિત કરી શકયા-આ એક સિદ્ધ થયેલી વાત છે. જો જડ પદાર્થ ઉપર સંશોધન અને પ્રયોગ કરવાથી એનું એક ખાસ શકિતમાં રૂપાંતર કરવાનું સંભવિત બન્યું (જેનો ભલા અને બુરા બેઉ જાતનાં કાર્યોમાં ઉપયોગ થઈ શકે છે અને થઈ રહ્યો છે.) તો આગળ વિચારતાં એક બીજી મોટી સંભાવના પણ સ્પષ્ટ દેખાય છે કે, જે "એનર્જી" શકિત જીવંત છે, અને પ્રત્યેક મનુષ્યમાં પડી છે, એનું પણ વિશેષ પ્રયોગોદ્વારા સંસ્કરણ કરીને એક મહાન શકિતશાળી એનર્જીમાં રૂપાંતર હોવું શકય બની શકે છે. આવા વૈજ્ઞાનિક પ્રયોગો આપણા દેશમાં ભૂતકાળમાં સફળતાપૂર્વક સંપન્ન થઈ ચૂકેલા છે. એટલે આમ થવું સર્વથા સંભવ છે, અવશ્ય સંભવ છે. કારણકે અહીં તો ચેતના-પર, જીવંત ચેતના પર પ્રયોગ છે. જડ પદાર્થમાં જે પરિણામ સંભવિત બન્યું, તેનાથી પણ અધિક માત્રામાં ચેતનાપર સિદ્ધ પરિણામ આવવું શકય છે અને મજાની વાત તો એ છે કે આવી સિદ્ધિનો ઉપયોગ માત્ર વિશ્વનાં કલ્યાણમાં જ હોવો સંભવે છે. આવા જીવનનાં વૈજ્ઞાનિક લોકો જ વિશ્વનું કલ્યાણ કરી શકે છે.

આવી જીવંત ચેતનવંત શકિતઓ તો ઘરઘરમાં પડી છે અને તેઓમાંથી ઘણાંનાં મનમાં પોતાનું જીવન યથાર્થરૂપમાં સફળ બનાવી

લેવાની તીવ્ર ભાવના પણ પડી છે. તો આ વાત પર ગંભીરતાથી વિચારવામાં આવે અને આવા પ્રયોગોનું સંચાલન કરવામાં આવે તો અપેક્ષિત પરિણામ કેમ ન આવે?

પદાર્થપર પ્રયોગ કરીને પરિણામ સિદ્ધ કરવામાં ખૂબ સાધનો અને લેબોરેટરીઝની જરૂર પડે છે, લાખો કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે, ત્યારે કંઈક મેળવી શકાય છે, જ્યારે ચેતનાપર પ્રયોગ કરીને અપેક્ષિત પરિણામ લાવવા માટે બહુ જ થોડી સાદી વાતોનું જ ધ્યાન રાખવાનું છે. થોડી નિયમિતતા, થોડું અનુશાસન, સાથે તીવ્ર જિજ્ઞાસા, અને દૃઢ પ્રતિજ્ઞાબદ્ધ શક્તિઓ જો આ પ્રયોગમાં બેસે તો પરિણામ કેમ ન આવે? આ તો ભાવનું વિજ્ઞાન છે. ભાવમાં ઉત્કૃષ્ટ અને બલિષ્ટ ચેતના જાગૃત કરવાની છે. ધરતીપર ઉચ્ચત્તમ ચેતનાના અવતરણનાં ઉદાહરણો તો આપણી સામે મોજુદ છે. આપણામાં પણ આવું અવતરણ થવું શક્ય છે, સો ટકા સંભવ છે; આ સંદેશો ઝીલવાનું સામર્થ્ય પણ આપણામાં ક્યાંક પડેલું જ છે. તેને ઢૂંઢી કાઢીએ, અને પ્રતિજ્ઞાબદ્ધ થઈને કામે લાગીએ. અસ્તુ.

પૂર્ણિમા પકવાસા

☆ સંત તુકડોજી ☆

(અમરાવતી ખાતે તા. ૧૧ મી ઑક્ટોબરે અવસાન પામેલા સંત તુકડોજી મહારાજનો સંક્ષિપ્ત પરિચય આપતી તા. ૨૦-૧૦-૬૮ ના જન્મભૂમિ – પ્રવાસીમાં પ્રગટ થયેલી નોંધ તેમાંથી નીચે સાભાર ઉદ્‌ધૃત કરવામાં આવે છે. તંત્રી)

સંત તુકડોજી મહારાજ સંતોની પરંપરામાં એક હતા. તેમણે કૉલેજ તો શું, હાઈસ્કૂલ પણ નહોતી જોઈ. તેઓ ગામડામાં ધરતીનું ધાવણ ધાવીને ઊછર્યા હતા અને આ દેશની આધ્યાત્મિક પરંપરા વડે પોષાયા હતા. તેમના મનમાં આ દેશની સંસ્કૃતિ પ્રત્યે આદર હતો, સાચા અર્થમાં ધર્મ પ્રત્યે ભક્તિ હતી, અને આ દેશની ભૂમિ તથા પ્રજા પ્રત્યે આસક્તિ હતી. આ બધી ભાવનાઓને વ્યક્ત કરવા તેમની પાસે ઉદાત્ત વિચારધારા હતી, મધુર વાણી હતી અને સંગીતમય કંઠ હતો. જ્ઞાનદેવ અને તુકારામની યાદ આપતા સંત તુકડોજીએ બુલંદ અને મધુર સ્વરે ગાતાં ગાતાં લોકહૃદયમાં પ્રવેશ કર્યો. ભગવાન અને દેશની ભક્તિનાં ભજનો તેઓ એવા ભાવપૂર્વક ગાતા હતા કે ૧૯૩૫ માં જ્યારે ગાંધીજી પાસે તેમણે ભજન ગાયું ત્યારે ગાંધીજી ભૂલી ગયા કે એ તેમનો મૌનવાર છે. તેમણે સંત તુકડોજીને વધુ ભજનો ગાવા કહી નાખ્યું!

તા. ૨૯ મી એપ્રિલ, ૧૯૦૯ ના રોજ વિદર્ભમાં અમરાવતી જિલ્લાના યાવલી ગામમાં ભક્તિરસથી રંગાયેલા કુટુંબમાં જન્મેલા માણિક ઠાકુર બ્રહ્મદત્ત એક દરજીનો દીકરો હતો. તે મધુર કંઠે ભજનો ગાતો ત્યારે ગામના લોકો એકાગ્ર બનીને તેને સાંભળ્યા કરતાં. શાળાના ચોથા ધોરણમાંથી જ તેણે ઘર છોડીને સંત અકડોજી મહારાજને ગુરુ કર્યા, પંઢરપુરમાં વિઠોબા – રુક્ષ્મણીનાં દર્શન કર્યાં અને શિવની આરાધના કરવા રાહટેકરીના જંગલમાં જઈને વસ્યા. અહીં આદિવાસીઓ પર તેમનો ઘણો પ્રભાવ પડ્યો. તપશ્ચર્યાથી તેમને જ્ઞાન લાધ્યું અને તેઓ ભજન કીર્તન કરતા વિદર્ભમાં ફરવા લાગ્યા. તેઓ મંદિરોમાં મુકામ કરે અને ભિક્ષામાં ટુકડો રોટલો લઈને પેટ ભરી લે. આથી મરાઠીમાં તેમનું નામ સંત તુકડોજી મહારાજ પડ્યું.

ગાંધીજીએ વર્ધામાં સેવાગ્રામમાં આશ્રમ સ્થાપ્યો ત્યારે આ બે સંત નિકટના સંસર્ગમાં આવ્યા. ગાંધીજી પાસેથી પ્રેરણા લઈને સંત તુકડોજી પ્રજાના આધ્યાત્મિક જીવન સાથે આર્થિક અને સામાજિક જીવનની ઉન્નત્તિ કરવા તથા દેશની મુક્તિ કરવા ભેખ લીધો. તેઓ પોતે રચેલાં રાષ્ટ્રીય–આધ્યાત્મિક ભજનો ગાતા જાય અને રચનાત્મક કાર્ય કરતા જાય. ૧૯૪૨ ની લડતમાં અંગ્રેજોએ સંત તુકડોજીને પણ જેલમાં બેસાડી દીધા હતા!

જેલમાંથી છૂટીને સંત તુકડોજીએ ૧૯૪૩ માં ગુરુદેવ સેવામંડળની સ્થાપના કરી અને અજ્ઞાન, વહેમ, સામાજિક દૂષણો, ધર્મના નામે થતો અધર્મ વગેરેનો અંત આણવાની ઝુંબેશ ઉપાડી. ગાંધીજી જે કરવા માગતા હતા અને ગાંધીજીની વિદાય સાથે એમના અનુયાયીઓ જે ભૂલી જ ગયા છે તે સામાજિક અને ધાર્મિક ક્રાન્તિ કરવાનું કામ સંત તુકડોજીએ એકલે હાથે ઉપાડી લીધું. શ્રી ગુરુદેવ સેવામંડળની આજે મહારાષ્ટ્રમાં અને આસપાસનાં રાજ્યોમાં ૪૦,૦૦૦ શાખાઓ છે! તેઓ કેળવણીથી માંડીને તબીબી સેવા સુધી સમાજ-કલ્યાણની તમામ પ્રવૃત્તિઓ કરે છે. સંત તુકડોજી મહારાજનું એક ધ્યેય હતું. – દરેક ગામને સહકારી સ્વાશ્રયથી એકમ બનાવવાનું.

સંત તુકડોજી ધર્મ કે સંપ્રદાયના વાડામાં પુરાઈ રહેવા નહોતા માગતા. ૧૯૫૦માં તેમણે જાપાનમાં ભરાયેલી સર્વ ધર્મ પરિષદમાં ભાગ લીધો હતો.

પ્રજાની ઉન્નતિ માટે આધ્યાત્મિક પ્રવૃત્તિ સાથે રાષ્ટ્રીય પ્રવૃત્તિને વણી લેનાર અને રાષ્ટ્રભક્તિનાં ભજનો ગાનાર સંત તુકડોજી રાષ્ટ્ર સંત તુકડોજી મહારાજ તરીકે પ્રખ્યાત થયા.

આવા પવિત્ર પુરુષ ૫૯ વર્ષની વયે કેન્સરની બીમારીથી અવસાન પામ્યા એ પણ વિધિની કેવી વક્રતા!

સોહમ્

સંઘ સમાચાર

સ્વ. ચંદુલાલ સાંકળચંદ વિષે શોકપ્રસ્તાવ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનાં ઉપક્રમે, સંઘના વર્ષો જૂના સભ્ય અને કારોબારીનાં સભ્ય શ્રી ચંદુલાલ સાકળચંદ શાહનાં અવસાનનાં શોકમાં એક શોકસભા – બુધવાર તા. ૧૬-૧૦-૬૮ સાંજના ૬-૩૦ વાગે સંઘના કાર્યાલયમાં મળી હતી.

સ્વર્ગસ્થને શ્રી ચીમનલાલ ચકુભાઈ, શ્રી પરમાનંદભાઈ, શ્રી સુબોધભાઈ, શ્રી ચીમનલાલ જે. શાહ અને શ્રીમતી લીલાવતીબહેને અંજલિ આપી એમનાં જીવનના ઉમદા ગુણોનો ખ્યાલ આપ્યો હતો.

આ સભાએ ઊભા થઈ બે મિનિટ મૌન પાળી, સ્વર્ગસ્થના આત્માને શાંતિ પ્રાર્થી નીચે મુજબનો ઠરાવ પસાર કર્યો હતો.

"શ્રી મુંબઈ જૈન યુવક સંઘનાં વર્ષો જૂના સભ્ય અને સંઘની કાર્યવાહક સમિતિ સાથે પણ ઘણા સમયથી જોડાયેલા શ્રી ચંદુલાલ શાકળચંદ શાહનાં ૭૨ વર્ષની ઉંમરે – ઑક્ટોબર માસની ચોથી તારીખે નીપજેલા અવસાન બદલ સંઘની આ સભા ઊંડા ખેદની લાગણી પ્રદર્શિત કરે છે. તેઓ વકીલાતનો વ્યવસાય કરતા હતા અને સંઘની સર્વ પ્રવૃત્તિઓમાં તેઓ ઊંડો રસ ધરાવતા હતા. તેમના અવસાનથી સંઘને એક સન્નિષ્ટ કાર્યકર્તાની જલ્દી ન પૂરાય એવી ખોટ પડી છે. તેમનાં પત્ની સમરથબહેન અને કુટુંબ પરિવાર પ્રત્યે સંઘ પોતાની ઊંડી સહાનુભૂતિ વ્યક્ત કરે છે અને તેમનાં પવિત્ર આત્માને શાશ્વત શાંતિ ઈચ્છે છે."

સ્વ. સોહનલાલ દુગડ વિષે શોકપ્રસ્તાવ

કલકત્તા ખાતે જાણીતાં દાનવીર અને મારવાડી જૈન સમાજના આગેવાન શ્રી સોહનલાલ દુગડના અવસાનની આ સભાએ સખેદ નોંધ લીધી હતી અને તેમનાં આત્માની શાંતિ માટે ઊભા થઈ બે મિનિટ મૌન પાળ્યું હતું અને નીચે મુજબનો શોકપ્રસ્તાવ પસાર કર્યો હતો.

"ઑક્ટોબર માસની ૧૩મી તારીખે કલકત્તા ખાતે અવસાન પામેલા ઉદારચરિત શ્રી સોહનલાલ દુગડના મૃત્યુની આ સભા અત્યન્ત ખેદ સાથે નોંધ લે છે. શ્રી સોહનલાલજી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના એક શુભેચ્છક હતા. આપણા દેશમાં એક યા બીજા વ્યવસાયનું અવલંબન લઈને લાખો રૂપિયા કમાતી અનેક વ્યક્તિઓ છે, પણ તેમના જેવી ઉદારતા અને દાનવૃત્તિ ભાગ્યે જ કોઈ વ્યક્તિમાં જોવામાં આવે છે. જ્યાં જ્યાં તેમનું મન ઠરતું તેવી અનેક સામાજિક તેમ જ ધાર્મિક પ્રવૃત્તિઓ પાછળ તેમની ધનસંપત્તિનો અખૂટ પ્રવાહ વહેતો રહ્યો હતો અને અનેક સંસ્થાઓ તેમની ધનવર્ષાના કારણે નવપલ્લવિત બનતી રહી હતી.

"આ રીતે તેમના અવસાનથી દેશ અને સમાજને ઘણી મોટી ખોટ પડી છે. તેઓ આપણી વચ્ચેથી ગયા છે, પણ તેમની સખાવતોને કારણે આપણા માટે ચિરસ્મરણીય બની ગયા છે. એ સહૃદય આત્માને આપણે શાશ્વત શાંતિ ઈચ્છીએ."

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫-૪૭, ખનજી સ્ટ્રીટ, મુંબઈ-૩.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૦ : અંક ૧૪

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, નવેમ્બર ૧૬, ૧૯૬૮, શનિવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ રાજકીય પ્રવાહો : રાષ્ટ્રીય અને આન્તરરાષ્ટ્રીય ☆

અમેરિકાના પ્રમુખની ચૂંટણી

અમેરિકાના ૩૭મા પ્રમુખ તરીકે રીચાર્ડ નીક્સન અલ્પ બહુમતીથી ચૂંટાયા. ૧૯૬૦માં કેનેડીએ અલ્પ બહુમતીથી તેમને હરાવ્યા હતા. આઠ વર્ષ પછી સફળતા સાંપડી. આ ચૂંટણી ઘણી રસાકસીભરી થઈ. એક રીતે હમ્ફ્રી અને નિક્સન બેમાંથી કોણ ચૂંટાય છે તે બહુ મહત્વની વાત ન હતી. કેટલાકને મતે બેમાંથી કોઈની પસંદગી કરવા જેવું ન હતું. બેમાંથી કોઈ ઉમેદવાર પ્રજાના હૃદયને જીતે તેવો ન હતો. ચૂંટણીપ્રચાર ઘણી નીચી કક્ષાએ ઊતર્યો. પાંચ કરોડ ડૉલરનો ખર્ચ થયો. હમ્ફ્રીનું પલ્લું નમાવવા છેલ્લી ઘડીએ જૉન્સને ઉત્તર વિયેટ નામ પરનો બૉમ્બમારો સદંતર બંધ કર્યો. અમેરિકાના પ્રમુખપદે કોણ વ્યકિત છે તેની અસર દુનિયાના રાજકારણ ઉપર પડે છે. અમેરિકાની પ્રજાના આંતરિક પ્રશ્નો જેટલા વિકટ છે, તેટલા જ વિદેશો સાથેના સંબંધોના પ્રશ્નો પણ જટિલ છે. વિયેટનામના યુદ્ધમાં અમેરિકન પ્રજા સંડોવાઈ ગઈ છે, તેવી જ રીતે રંગભેદનો પ્રશ્ન અને તેને કારણે ઉત્તેજક અને હિંસક વાતાવરણ પણ પ્રજાને મૂંઝવે છે. અમેરિકન પ્રજા દુનિયાની ચોકી અને રક્ષણ કરવાની વધારે પડતી જવાબદારી માથે લઈને બેઠી છે; તે સાથે કેનેડી અને જૉન્સનની હબસીઓ પ્રત્યેની ઉદાર નીતિથી પીછેહઠ કરવા ઈચ્છતી હોય તેમ લાગે છે. Isolat onalist and Conservative વલણ કાંઈક જોર પકડતું હોય તેમ લાગે. Freedom કરતાં Law and Order ઉપર વધારે ભાર અપાય છે. આવું કાંઈક માનસ નીક્સનના વિજયનું કારણ છે. નિક્સન શું કરશે તેની અટકળો કરવામાં દુનિયાના દેશો પડયા છે. અમેરિકાના પ્રમુખને ઘણી સત્તા છે તે સાથે તેના પર ઘણાં અંકુશો પણ છે. અમેરિકન બંધારણ Cheeks and Counter–Cheeksથી ભરપૂર છે. નિક્સનનો ભૂતકાળ તેની ઉજ્જ્વળ કારકિર્દી માટે બહુ શ્રદ્ધા પેદા કરે તેવો નથી. પણ આઠ વર્ષના ગાળામાં તેનામાં પણ ધીરતા આવી હશે અને પ્રમુખપદની જવાબદારી તેને ઉતાવળાં પગલાં ભરતાં અટકાવશે. કૉંગ્રેસમાં ડેમોક્રેટિક પક્ષની બહુમતિ રહી છે તે પણ અંકુશ છે. એકંદરે અમેરિકાની પ્રજાને અને દુનિયાને, આવા સમયે, ભાવનાશીલ, માનવતાવાદી, શાંતિપ્રિય, અને પ્રભાવશાળી નેતાની જરૂર છે. તેવો નેતા નિક્સન મળ્યો નથી એમ કહેવું પડે. પણ દુનિયામાં હવે એવી વ્યકિતઓ રહી છે ક્યાં? બધા ય એમના કાબૂબહારના અને જેને તેઓ પોતે પણ પૂરા સમજતા નથી એવા ધસમસતા પ્રવાહમાં ઘસડાતા રહ્યા છે.

ચેકોસ્લાવેકીયા પરનું રશિયન આક્રમણ

ચેકોસ્લાવેકીયાના સામ્યવાદી પક્ષમાં છેલ્લા થોડા સમયથી કેટલુંક વિચારપરિવર્તન થતું રહ્યું હતું, જેને પરિણામે સામ્યવાદી વિચારણાની લોખંડી પકડમાંથી કાંઈક સ્વતંત્ર વિચારનો અવકાશ પેદા થયો હતો. વર્તમાનપત્રો ઉપરના અંકુશો ઓછા થતા હતા અને મુકત વાતાવરણ સર્જાતું હતું. વિશેષમાં, પશ્ચિમના દેશો સાથેના સંબંધો અને આર્થિક અને સામાજિક વ્યવહાર વધતા જતા હતા. આ પરિવર્તનના મુખ્ય સૂત્રધાર સામ્યવાદી પક્ષના મંત્રી ડુબચેક હતા. સ્ટાલીનશાહીના અવશેષો દૂર થઈ, યુગોસ્લાવિયા પેઠે, ચેકોસ્લાવિયા પણ, રશિયાથી સ્વતંત્ર રીતે પોતાના વિકાસનો માર્ગ લઈ રહ્યું હતું. સ્ટાલિનના અવસાન પછી, ક્રુશ્ચેવે એવી હવા પેદા કરી હતી કે રશિયા ઉદાર થતું જાય છે અને લોકશાહી દેશો સાથે સહઅસ્તિત્વ સ્વીકારવા સાથે, બીજા સામ્યવાદી દેશોને – ખાસ કરી પૂર્વ યુરોપનાને – પોતાના સ્વતંત્ર માર્ગે વિકસવાની તક આપશે. જો કે હંગેરીમાં ક્રુશ્ચેવે જ ભયંકર ખૂનરેજી કરી, મુકિતની લડતને કચડી નાખી હતી. ચેકોસ્લાવેકિયામાં જે બન્યું તેમાં રશિયા ફરીથી પોતાના ખરા સ્વરૂપમાં પ્રકટ થયું. રશિયાએ ચેકોસ્લાવેકિયા ઉપર ભયના માર્યા આક્રમણ કર્યું અને પોતાની આંતરિક નિર્બળતાનું જ પ્રદર્શન કર્યું. રશિયા અને પૂર્વ યુરોપના સામ્યવાદી દેશો વચ્ચેનું અંતર વધ્યું. એક તરફ રુમાનિયા, યુગોસ્લાવિયા, ચેકોસ્લાવિયા વિગેરે દેશો, તો બીજી તરફ રશિયા અને તેનાથી દબાયેલા પોલાંડ, પૂર્વજર્મની, હંગેરી, બલ્ગેરિયા વિગેરે પાપ વોરસો પેકટના જે દેશો આ સંઘર્ષમાં રશિયા સાથે દેખીતી રીતે રહ્યા તો પણ અંદરથી ધ્રુજ્યા અને યુરોપના બીજા દેશોના સામ્યવાદી પક્ષોએ રશિયાના આ આક્રમણને ઉઘાડી રીતે વખોડી કાઢયું. પણ ચેકોસ્લોવેકિયાની ખરેખર કરુણ દશા થઈ. પ્રજા, રશિયા સામે લડી લેવા કટિબદ્ધ હતી, અસહકાર–પ્રતિકાર પણ તેણે કર્યો, પોતાના નેતાઓને પૂરો ટેકો આપ્યો, પણ લડત આપવા નેતાઓની હિમત ન ચાલી. બહારની કોઈ મદદ મળે એમ નથી એ જોઈને, નમતું જોખવામાં તેમણે ડહાપણ માન્યું. રશિયા કોઈ Puppet Government બીજા દેશોમાં ઉભી કરે છે તેમ, ઊભું કરી ન શકયું. પણ ચેક નેતાઓએ, પ્રજાનું લોહી રેડવાને બદલે, રશિયા સાથે સમાધાન કરવાનું યોગ્ય માન્યું. બને તેટલી ટક્કર ઝીલી, પણ જેમ ૩૦ વર્ષ પહેલાં હીટલરને તાબે થવું પડયું હતું, તેમ રશિયાને નમવું પડયું. અમેરિકા અને પશ્ચિમના બીજા દેશોએ વિરોધ જાહેર કરીને સંતોષ માન્યો. પણ આપણી સરકારે નામોશીભરી રીતે, રશિયાને વખોડી કાઢતા ઠરાવને પણ ટેકો ન આપ્યો અને Condemn અને Deplore ના શબ્દછળમાં પડી. હંગેરી ઉપરના આક્રમણ સમયે નહેરુએ નિર્બળતા બતાવી હતી તેવી જ નિર્બળતા તેની પુત્રીએ બતાવી, પણ જે બન્યું તેથી, રશિયાના પાયા હચમચ્યા, તેમ યુરોપ અને દુનિયાની રાજકીય હવા બદલાઈ ગઈ.

મધ્યપૂર્વ

મધ્યપૂર્વની પરિસ્થિતિ સ્ફોટક રહી છે. ઈઝરાઈલ અને ઈજીપ્ત વચ્ચે પરસ્પર હુમલા થતા રહ્યા છે. શાન્તિ જાળવવાના સંયુકત રાષ્ટ્રસંઘના પ્રયાસો સફળ થયા નથી. રશિયાએ ફરીથી ઈજીપ્તને મોટા પ્રમાણમાં શસ્ત્રસરંજામ પૂરો પાડયો છે, તેવી જ રીતે અમેરિકાએ ઈઝરાયલને. નાસર ફરીથી યુદ્ધના પંથે છે. આરબ રાજ્યો

છિન્નભિન્ન છે પણ ઈઝરાયલના પ્રશ્ન ઉપર, વાસ્તવિકતા વિસારી, ઈઝરાયલની નાબૂદી માટે બધા તૈયાર હોવાનો દાવો કરે છે. આરબ રાજ્યો સાથે મૈત્રી રાખવા માટે આપણી સરકાર પણ, આરબ રાજ્યોના ગેરવાજબી વલણને વખોડી શકતી નથી. ગમે તે સંજોગોમાં, ઈઝરાયલનો જન્મ થયો, પણ હવે તેની નાબૂદી અશક્ય છે અને કાયમી ઉકેલ લાવવો જ જોઈએ એ દીવા જેવી વાત આરબ રાજ્યો સ્વીકારે નહિ ત્યાં સુધી આ ચરૂ સળગતો રહેવાનો. નાસર પોતાની મહત્વાકાંક્ષા પોષવા અને બધા આરબ રાજ્યોની સરદારી મેળવવાના પ્રયત્નમાં, દેશ અને દુનિયાનું શું થાય છે અને પોતાની પ્રજાની કેટલી ખાનાખરાબી થાય છે, તેની પરવા કરતો નથી. સુએઝ નહેર લાંબા સમયથી બંધ છે અને તે કારણે ઈજીપ્તને તેમ જ બીજા દેશોને પારાવાર નુકસાન થાય છે.

વિયેટ નામ

સંયુકતરાષ્ટ્રસંઘ અને દુનિયાના ઘણાં દેશોએ આગ્રહપૂર્વક વિનંતિ કરવા છતાં, જોનસને ઉત્તર વિયેટ નામ ઉપરનો જે બૉમ્બમારો બંધ ન કર્યો, તે પ્રમુખપદની ચૂંટણી સમયે હમ્ફ્રીને સફળતા અપાવવા કર્યું. એમ કહેવાય છે કે ઉત્તર વિયેટ નામ સાથે કાંઈક ખાનગી સમજૂતી કરીને બૉમ્બમારો બંધ કર્યો છે. પણ ઉત્તર વિયેટનામની સરકારે આવી કોઈ સમજૂતીનો ઈન્કાર કર્યો છે અને દક્ષિણ વિયેટનામની સરકાર પણ નાખુશ છે. પેરીસમાં ચાલતી શાંતિમંત્રણાઓ આગળ વધશે એવી આશા હજી ફળી નથી. દુનિયાના ઈતિહાસમાં આવી ભયંકર ખૂનરેજીવાળી લડાઈ થઈ નથી. It is the cruelest war in history. એક વાત સિદ્ધ થાય છે કે પારકી ધરતી ઉપર, તેની પ્રજાના સહકાર વિના અથવા તો તેની ઈચ્છા વિરૂદ્ધ, દુનિયાનું સમર્થમાં સમર્થ રાજ્ય પણ, યુદ્ધ લડી ન શકે. અમેરિકાને બૉમ્બમારો બંધ કરવો પડયો તે હકીકત ઉત્તર વિયેટનામ અને વિયેટકોંગનો વિજય સૂચવે છે. વિયેટ નામ સામ્યવાદી છે અને કોઈ દેશને પોતાને યોગ્ય લાગે તેવી રાજ્ય અને સમાજરચના કરતાં બીજા દેશો અટકાવી શકે નહિ. ચેકોસ્લોવેકિયામાં રશિયાએ જે કર્યું એવું જ કાંઈક, દક્ષિણ વિયેટ નામમાં અમેરિકા કરી રહ્યું છે. રશિયાએ કહ્યું કે સામ્યવાદની રક્ષા માટે (Defence of Communism) બીજી પ્રજાઓના આંતરિક વહીવટમાં દરમ્યાનગીરી કરવાનો તેને અધિકાર છે. અમેરિકા કહે છે સ્વતંત્રતાની રક્ષા માટે (Defence of Freedom) વિયેટ નામમાં યુદ્ધ ખેલવાનો તેનો અધિકાર છે. અમેરિકા કહે છે કે દક્ષિણ વિયેટ નામની સરકાર અને પ્રજાના આમંત્રણથી તેઓ યુદ્ધ લડે છે. રશિયાએ પણ એ જ કહ્યું કે ચેકોસ્લોવેકિયાના નેતાઓના આમંત્રણથી તેણે લશ્કર મોકલ્યું છે. મહાસત્તાઓ નાના રાજ્યોના રક્ષણને બહાને તેનું ભક્ષણ કરે છે.

રાષ્ટ્રીય પરિસ્થિતિ

શ્રીમતી ઈન્દિરા ગાંધી લગભગ એક માસ દક્ષિણ અમેરિકાના ૧૩ દેશોનો પ્રવાસ કરી આવ્યા. આ દેશોમાં ભારત વિષે ઘણું અજ્ઞાન છે. તેથી વડા પ્રધાનનો ઉડતો પ્રવાસ પણ ભારત વિષે ત્યાંની પ્રજાને કાંઈક ખ્યાલ આપે. તેમાં પણ, આટલા મોટા દેશના પ્રધાનપદે એક સ્ત્રી છે તેનું ગૌરવ છે. શ્રીમતિ ઈન્દિરા ગાંધીમાં સંસ્કારિતા અને Dignity છે તેની પણ છાપ પડે. આવા અંગત સંબંધોથી પરસ્પરની સમજણ વધે અને કેટલેક દરજજે આર્થિક અને વ્યાપારી સંબંધો પણ વિકસે. બાકી તો આ દેશોમાં રાજ્યયંત્રના પલટાઓ એટલી ઝડપથી થાય છે કે રાજકીય દષ્ટિએ બહુ ઊંડી અસર આવા પ્રવાસની થવા સંભવ નથી.

ચાર રાજ્યોમાં, ટૂંક સમયમાં, વચગાળાની ચૂંટણી આવી રહી છે - પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ અને પંજાબ. એમ કહેવાય છે કે બિનકૉંગ્રેસી તંત્રના દુ:ખદ અનુભવ પછી આ રાજ્યોમાં લોકોનું વલણ કૉંગ્રેસ પ્રત્યે વધ્યું છે અને કૉંગ્રેસ, તેમાંના એક અથવા વિશેષ રાજ્યોમાં સત્તારૂઢ થવા સંભવ છે. આ શકયતા છે તે ખરું, પણ આ ચારે રાજ્યોમાં કૉંગ્રેસના આંતરિક મતભેદો અને સત્તાની પડાપડી એવાં જ રહ્યાં છે. કૉંગ્રેસ સત્તારૂઢ થવા આવશે તો પણ હરિયાણામાં બન્યું તેમ, તેનાં અંદરના વિખવાદો કૉંગ્રેસને જંપીને રહેવા નહિ દે. વિરોધપક્ષો એકત્ર થઈ કૉંગ્રેસ-મંત્રીમંડળોને પીંખશે અને અંદરના ઝઘડા કૉંગ્રેસને મુંઝવશે. કૉંગ્રેસ સત્તારૂઢ આવે તો પણ, વ્યકિતઓ તો એ જ છે, જેને પ્રજાએ સામાન્ય ચૂંટણી વખતે જાકારો આપ્યો હતો. કૉંગ્રેસમાં વિશ્વાસ પેદા થાય એવી નવી વ્યકિતઓ કોઈ આવી નથી. એ જ જૂના મુખડાં જોવાનાં છે અને એ જ રીતરસમો રહેવાની છે. કૉંગ્રેસની જે વ્યકિતઓ સત્તારૂઢ આવશે તેમાંના કેટલાક સામે બિનકૉંગ્રેસી સરકારોએ કરેલાં તહોમતનામાં અને તપાસપંચો ઊભાં છે. હકીકતમાં કૉંગ્રેસનો કાયાપલટ અને હૃદયપલટો ન થાય અને ઉગતી પેઢીની શકિતશાળી વ્યકિતઓને તેમાં યોગ્ય સ્થાન ન મળે ત્યાં સુધી, કૉંગ્રેસ પક્ષ રાજ્યતંત્ર લાંબો વખત નભાવી ન શકે. જૂની પેઢીના નેતાઓની વડીલશાહી હજી ઓછી થઈ નથી. અને જૂના નેતાઓ ઝડપથી પલટાતા નવા યુગની સાથે કદમ મીલાવી કામ કરી શકે એટલી તેમની શકિત અથવા વૃત્તિ નથી. બીજા કોઈ પક્ષના અભાવે કૉંગ્રેસ કેટલોક સમય એક અથવા વિશેષ રાજ્યોમાં સત્તારૂઢ રહે, તોપણ લાંબો વખત ટકી શકે તેવી સંભાવના નથી.

બીજાં રાજ્યોમાં બિનકૉંગ્રેસી પક્ષો હજી જ્યાં સત્તારૂઢ છે, ત્યાં એમનું વર્તન શરમજનક રહ્યું છે. મધ્યપ્રદેશમાં, ગોવીંદનારાયણ સિંહ અને ગ્વાલીયરના મહારાણી અને બીજા રાજકીય પક્ષો, પ્રજા જાણે તેમની રમત માટે ફૂટબોલ હોય તેમ વર્તી રહ્યા છે. પ્રજામાં કાંઈ પણ ખમીર હોત તો તેમને કયારનાં મારીને હાંકી કાઢયા હોત.

કોઈ રાજ્યમાં બિનકૉંગ્રેસી પક્ષ સત્તારૂઢ હોય ત્યારે, મધ્યસ્થ સરકાર અને રાજ્ય સરકારના સંબંધો કેટલા તંગ થઈ શકે તેનો દાખલો કેરળે પૂરો પાડયો છે. સરકારી કર્મચારીઓની હડતાળ સમયે, મધ્યસ્થ સરકારના આદેશો ઉઘાડે છોગે તેણે અવગણ્યા, એટલું જ નહિ પણ, હડતાળને ટેકો આપ્યો અને મધ્યસ્થ સરકારની મિલ્કતનું રક્ષણ કરવાની પણ બેદરકારી બતાવી. આ સંબંધો તંગ થતા રહ્યા છે. પણ નામ્બુદ્રીપાદ જોરથી કામ કરી શકતા નથી, કારણ કે તેનું પોતાનું સ્થાન ડગમગે છે. મધ્યસ્થ સરકાર સખ્ત પગલાં લેતી નથી, કારણ કે તે નામ્બુદ્રીપાદને શહીદ બનાવવા માગતી નથી.

કાશ્મીરમાં શેખ અબ્દુલ્લાએ પોતાની રમત ચાલુ રાખી છે. સર્વપક્ષી પરિષદ કરી તેમાં તે નાકામયાબ નીવડયા. જયપ્રકાશ નારાયણ, જે આટલો સમય, શેખ અબ્દુલ્લાને ટેકો આપતા હતા, તેમણે પોતાનો અભિપ્રાય બદલાવ્યો અને કાશ્મીરનું સમાધાન ભારતના બંધારણના માળખામાં રહીને જ થાય અને તેની સાથે પાકિસ્તાનને કાંઈ સંબંધ નથી એમ તેમણે જાહેર કર્યું, જે શેખ અબ્દુલ્લાને પસંદ ન પડયું. જયપ્રકાશ નારાયણ હજી આશા સેવે છે કે શેખ અબ્દુલ્લા તેમની સલાહ સ્વીકારશે. શેખ અબ્દુલ્લાને સ્વતંત્ર કાશ્મીર જોઈએ છીએ અને સમસ્ત કાશ્મીર રાજ્યનો લોકમત લેવો છે જેમાં કાશ્મીર તળની મુસ્લીમ બહુમતીના જોર ઉપર પોતાની તરફેણમાં લોકમત મેળવી શકે એમ તેઓ માને છે. જમ્મુ અને લડાખ જે કદી ભારતથી છૂટા પડવાનું સ્વીકારે નહિ તેને પણ શેખ અબ્દુલ્લા સ્વતંત્ર નિર્ણય કરવાની તક આપવા ઈચ્છતા નથી. હકીકતમાં શેખનું બહુ વર્ચસ્વ હોય તેમ અત્યારે જણાતું નથી.

આસામના કોકડાનો છેવટનો ઉકેલ આવ્યો છે, પહાડી પ્રદેશને વધારે સત્તાઓ આપીને અને એક Sub-Federation ઊભું કરીને. આ ઉકેલનાં કેટલાંક ભયસ્થાનો છે, પણ વર્તમાન સંજોગોમાં આવકારપાત્ર છે. નાગાલેન્ડનો કોયડો હજી અણઉકલ્યો છે. ચીન અને પાકિસ્તાનની ઘૂસણખોરી આ પ્રદેશોમાં સારા પ્રમાણમાં રહી છે, છતાં મામલો કાબુમાં છે એમ કહેવાય.

આર્થિક સ્થિતિમાં થોડો સુધારો છે. ગયા વર્ષનું અન્ન ઉત્પાદન ઘણું સારું થયું છે તેની અસર, ઔદ્યોગિક અને આર્થિક ક્ષેત્રે હવે

જણાય છે. પણ સુધારો થવો જોઈએ તેના કરતાં એટલો બધો ઓછો છે અને આ વર્ષની અન્ન ઉત્પાદન સ્થિતિ એટલી સારી ન હોવાને કારણે, આ સુધારો લાંબો વખત ટકશે નહિ એમ જણાય છે. મોંઘવારીનો આંક વધતો રહ્યો છે અને મજૂર અને નોકરિયાત વર્ગની માંગણીઓ પૂરી પાડી શકાય તેમ નથી. જે થોડી પૂરી પાડવામાં આવે છે તેનો બોજો પણ એટલો ભારે થઈ જાય છે કે સરકારની કે ઉદ્યોગની, એ બોજો સહન કરવાની શકિત નથી. મધ્યસ્થ સરકારના કર્મચારીઓની હડતાળ સખ્ત હાથે દબાવી દીધી છે. પણ તેથી અસંતોષ દૂર થયો નથી. મોંઘવારીના વધતા આંક ઉપર સરકાર કાબુ મેળવી શકી નથી. વિદેશી સહાયનું પ્રમાણ ઘણું ઓછું થશે અને વધતી મોંઘવારીને કારણે સરકારી યોજનાઓમાં મોટા કાપ મૂકવા પડશે, અથવા મોટા પાયા ઉપર deficit finance કરવું પડે જેથી મોંઘવારી વધે.

હકીકતમાં હીંમતપૂર્વક પેટે પાટા બાંધવાનું પ્રજા ન સ્વીકારે અને જીવનધોરણ ઊંચું લાવવાને નામે ખર્ચા વધતા જ રહે તો આ પરિસ્થિતિને પહોંચી વળવું મુશ્કેલ છે. પણ પેટે પાટા બાંધવાનું આ કામ ઉપરથી શરૂ થવું જોઈએ. મોટી કંપનીઓના અધિકારીઓને જે પગારો આપવામાં આવે છે અને સરકાર તે મંજૂર કરે છે તે જોતાં મજૂરો અથવા બીજા નોકરિયાત વર્ગને ઓછું લેવાનું કહેવું તે તેમની હાંસી કરવા બરાબર છે.

કંપનીઓના અધિકારીઓના માસિક પગાર પાંચ, છ હજાર, કયાંક ૮-૧૦ હજાર અને બીજા ઘણા લાભો - મોટર, Free Furnished Residential Quarters, તબીબી ખર્ચ, બાળકોનું શિક્ષણ વિગેરે આપવામાં આવે છે, જે લાભો સહિત માસિક રૂપીયા ૧૨, ૧૫ કે ૨૦ હજાર જેવા થાય અને સરકાર તે મંજૂર કરે તો મજૂરો અને નોકરિયાતને કયા મોઢે ઓછું લેવાનું કહે? આ સિવાય બીજું ખાઈ જાય તે જુદું. પછી ભ્રષ્ટાચાર વધે નહિ તો બીજું શું થાય?

ગોવામાં કૉંગ્રેસ મહાસમિતિની બેઠક

ગોવામાં, કૉંગ્રેસ મહાસમિતિની બેઠક મળી, જેમાં ગાંધીજયંતીના વર્ષથી, એટલે કે ૨-૧૦-૧૯૬૯ થી ૭ વર્ષમાં, એટલે અત્યારથી ૮ વર્ષમાં સંપૂર્ણ દારૂબંધી દાખલ કરવાનો ઠરાવ થયો. દારૂબંધી કૉંગ્રેસની પાયાની નીતિ છે. ૨૦ વર્ષમાં તેનો પૂરો અમલ ન કર્યો, બલ્કે તેના પ્રત્યે ઉપેક્ષા કરી, ઢીલી કરતા રહ્યા. હવે આઠ વર્ષ પછી જ્યારે તેની રાજકીય હસ્તી હશે કે નહિ, ત્યારે દારૂબંધીનો અમલ કરવાનો નિર્ણય કરે છે. આ ઠરાવમાં રહેલા દંભ ઉપર વિવેચન કરવાની જરૂર નથી. એ ખરું છે કે માત્ર કાયદાથી દારૂબંધી સફળ થાય નહિ. એ પણ ખરું છે કે વર્તમાન પરિસ્થિતિમાં ૧-૨ વર્ષમાં સંપૂર્ણ દારૂબંધી બધા રાજ્યોમાં દાખલ કરી શકાય તેમ નથી. કારણ કે ૨૦ વર્ષમાં તેને માટે પ્રમાણિક પ્રયત્ન થયો નથી, એટલું જ નહિ પણ, તેને નિષ્ફળ બનાવવાના માર્ગ લીધા છે. હકીકતમાં, દારૂબંધીને સફળ કરવા, કાયદો ગૌણ ઉપાય છે. લોકમત જાગ્રત કરવો, વાતાવરણ અનુકૂળ કરવું અને બીજી ઘણી પ્રવૃત્તિઓ કરવાની રહે. પણ આ બધું દારૂબંધીમાં જેને સાચી શ્રદ્ધા હોય એ જ કરી શકે. કૉંગ્રેસમાં એ શ્રદ્ધા રહી નથી; કૉંગ્રેસ પ્રધાનોમાં એ શ્રદ્ધા નથી; દારૂબંધીનો જેને અમલ કરવો છે તે પોલીસ કે ન્યાયધીશોને એ શ્રદ્ધા નથી અને આખી વસ્તુ એક ઉપહાસરૂપ બની ગઈ છે, અને તેથી જાણે દારૂબંધીને કારણે ઘણાં અનિષ્ટો થતાં હોય એવી પરિસ્થિતિ ઊભી થઈ છે. વર્તમાનપત્રોનો મોટા ભાગનો—ખાસ કરીને અંગ્રેજી વર્તમાનપત્રોનો—આવું વાતાવરણ સર્જવામાં મોટો ફાળો રહ્યો છે. કાયદાથી માણસને નૈતિક બનાવી ન શકાય એવા ઉપલકીયાં વિધાનોથી પ્રજાને ભ્રમમાં નાખી છે. અલબત્ત, માત્ર કાયદાથી નૈતિક ન બનાવી શકાય, જો લોકમતનો પૂરો ટેકો ન હોય તો, પણ દરેક કાયદા માટે આ વિધાન લાગુ પડે છે.

હકીકતમાં, દારૂબંધીમાં પોતાને શ્રદ્ધા છે એવું કહેવાવાળાઓએ પણ આ દિશામાં પ્રયત્નો કર્યા નથી. પોતાની અમુક પ્રકારની પ્રતિષ્ઠા બંધાઈ છે એટલે દારૂબંધી થવી જોઈએ એમ કહો રાખે છે અને આવા ઠરાવો કરી આત્મસંતોષ લે છે. આ કાર્ય એટલું ભગીરથ છે કે પોતાને તેમાં શ્રદ્ધા છે એવું કહેવાવાળાએ બીજું બધું કામ છોડી દઈ, લોકમત જાગૃત કરવા, જરૂર પડે તો દારૂનાં પીઠાંઓની ચોકી કરી અથવા સત્યાગ્રહ કરી, લોકોને દારૂના વ્યસનમાંથી છોડાવવા પ્રવૃત્તિ થવી જોઈએ. પણ તેઓ એમ જ માની બેઠા છે કે લોકો આ વ્યસન છોડવાના નથી અને પ્રયત્ન કરવો મિથ્યા છે.

ચીમનલાલ ચકુભાઈ શાહ

રાજસ્થાનમાં અઠવાડિયાનું પરિભ્રમણ

જોધપુર ખાતે મળનાર ભારત જૈન મહામંડળના અધિવેશન નિમિત્તે સપ્ટેમ્બર માસની ૨૭ મી તારીખની સાંજે અમે છ મિત્રો—શ્રી દુર્લભજી ખેતાણી, શ્રી ખીમચંદ વોરા, શ્રી કુલચંદ શાહજી, શ્રી મણિભાઈ વીરચંદ, શ્રી ગિજુભાઈ મહેતા અને હું—ગુજરાત મેલમાં મુંબઈથી નીકળ્યા. અમદાવાદ સ્ટેશને ગાડી બદલીને દિલ્હી મેલમાં જોધપુરના ખાસ ડબ્બામાં બેઠા અને રાત્રે સાડાઆઠ વાગે લગભગ જોધપુર પહોંચ્યા. મુંબઈથી ઉપડયા તે જોધપુર સુધી વાર્તા વિનોદમાં અને જાણે કે જ્યાંથી જે મળ્યું તે ખાવામાં અમે એવા તલ્લીન બની ગયા કે ટ્રેનની મુસાફરીનો સમય કયાં ગયો તેની અમને ખબર ન પડી. એ વાર્તાવિનોદ એવા નાદ ઉપર ચાલ્યો કે અમે પરસ્પરનો ઉમ્મરભેદ ભૂલી ગયા અને ગંભીર - પ્રૌઢ દેખાતા મિત્રો પણ હળવી વાતોની રસાળ ભૂમિકા ઉપર સરી પડયા. દા. ત. અનેક વિષયોની ચર્ચામાં આપણું જે ચોથું અણુવ્રત છે—પરદારા વિરમણ વ્રત—તેમાં પરદારા કોને કહેવાય, તેમાં કુંવારી, ત્યકતા અને વિધવાનો સમાવેશ થાય કે નહિ એ મુદ્દો પણ અમારી હળવી ચર્ચાનો વિષય બની ગયો અને આ વિષય ઉપર અમારામાંના બહુલક્ષી પ્રજ્ઞા ધરાવતા અને બહોળો અનુભવ ધરાવતા ભાઈ દુર્લભજીએ બહુ ઝીણવટભર્યું વિવરણ કર્યું અને અમારી પ્રસુપ્ત જિજ્ઞાસાને સવિશેષ ઉદ્દીપ્ત કરી.

જોધપુર રાજ્યના મુસાફરી બંગાલમાં અમે ઉતારો કર્યો. અહીં રમણલાલ સી. શાહ અમારી સાથે જોડાયા હતા. જોધપુરમાં અમે બે દિવસ રહ્યા તે દરમિયાન ૨૯ તથા ૩૦મી સપ્ટેમ્બરના રોજ—ભરાયલા ભારત જૈન મહામંડળના અધિવેશનને લગતાં જરૂરી સ્મરણો તા ૧૫મી ઓકટોબરના 'પ્રબુદ્ધ જીવન'માં આપવામાં આવ્યા છે. અધિવેશનના નિયત સમયમાં અમે ત્યાંનો બાદશાહી રાજમહેલ અને મંડોર ઉદ્યાન જોઈ આવ્યા. બીજા દિવસે બાર સાડાબારે અધિવેશનનું કામ પૂરું થતાં ભોજન બાદ ત્યાં ચોમાસુ કરતાં સ્થાનકવાસી મુનિઓનાં દર્શને ગયા. તેમાંના એક હતા મુનિ શ્રીમલજી મહારાજ જેઓ 'મધુકર' ના નામથી લખે છે. તેમના તરફથી 'અંતર કી ઓટ' નામના તેમના લેખોના સંગ્રહનું પુસ્તક અમને પ્રત્યેકને ભેટ મળ્યું. આ પુસ્તકનાં સંપાદિકાનું નામ હતું કુમારી કમલા જૈન 'જી જી' એમ. એ. આ બહેન કોણ છે એમ પૂછતાં બાજુએ બેઠેલા તે બહેનના પિતાનો પરિચય થયો. તેમની સાથે વાતચિત થતાં પ્રબુદ્ધ જીવનનો તેમણે ઉલ્લેખ કર્યો અને પોતે ચાલુ વાંચતા હોઈને તે વિષે પોતાનો સદ્‌ભાવ વ્યકત કર્યો. પ્રબુદ્ધ જીવન અહીં સુધી પહોંચ્યું છે તે જાણીને આશ્ચર્ય થયું અને ચિત્તે થોડુંક અભિમાન પણ અનુભવ્યું.

ત્યાર બાદ ઈન્કમટેકસ લૉ પ્રેકટીશનર્સ એસોસિયેશન તરફથી ચીમનભાઈ અંગે સન્માન સંમેલન યોજવામાં આવ્યું હતું; એ જ રીતે ત્યાંની વ્યાપારી ચેમ્બર તરફથી શ્રી શ્રોયાંસપ્રસાદ જૈન તથા શેઠ લાલચંદ હીરાચંદ અંગે અને સ્થાનિક રોટરી કલબ તરફથી શ્રી લાલચંદભાઈ અંગે સન્માન સંમેલનો યોજવામાં આવ્યાં હતાં અને તેમાં નિમંત્રિત મહેમાનો તરીકે અમે ભાગ લીધો હતો.

અહીંથી અમારી મંડળી વિખરાવા લાગી. રાત્રિના ફૂલચંદભાઈ શ્રી રિપભદાસ રાંકા સાથે બિકાનેર ગયા. રમણલાલ સી. શાહ અમદાવાદની ગાડીમાં વિદાય થયા. સવારના દુર્લભજીભાઈ અને મણિભાઈ મુંબઈ જવા માટે જયપુર ફ્લેઈનમાં ગયા અને ચીમનભાઈ સાથે અમે (હું, ખીમચંદભાઈ અને ગિજુભાઈ) રાણકપુર જવા ઉપડયા. આશરે ૪૦ માઈલના અન્તરે પાલી થોડો સમય અટકીને ત્યાં વસતા મુનિશ્રી હસ્તીમલજીનાં દર્શન કર્યા. જોધપુરથી રાણકપુર ૧૧૫ માઈલના અન્તરે આવેલું છે, ત્યાં પહેલી ઑકટોબર સવારના ભાગમાં ૧૧ વાગ્યા લગભગ અમે પહોંચ્યા. ચા—નાસ્તો પતાવીને રાણકપુરના મુખ્ય મંદિરમાં અમે દર્શનાર્થે દાખલ થયા.

કેટલાંક પગથિયા ચઢીને આગળ ચાલતાં પ્રવેશદ્વાર આગળ જ ઊંચેની છત ઉપર કોરાયલાં નગ્ન મૈથુન શિલ્પો તરફ અમારું ધ્યાન ખેંચાયું. આ બાબત હું જાણતો હોવાથી, મને કોઈ આશ્ચર્ય ન થયું, પણ ચીમનભાઈએ આ જોઈને ઘણો આઘાત અનુભવ્યો. રાણકપુર આવવાનું આ ચોથી વખત બન્યું હતું એમ છતાં અંદરની રચના અને કોતરકામ જોતાં મેં જાણે કે એટલો જ આનંદ અને વિસ્મય અનુભવ્યાં. મુખ્ય મંદિર જોયા બાદ બહાર નીકળતાં ભોજનશાળાની બાજુએ એક બીજું જૈન મંદિર છે. આ મંદિર મુખ્ય મંદિરનાં સલાટોએ પોતાની ભક્તિના પ્રતીકરૂપે બંધાવેલું છે એમ કહેવાય છે. આ મંદિરમાં તો ચોતરફ ઢગલાબંધ બિભત્સ કોતરકામ જોવા મળે છે. જૈન મંદિરમાં આવું કોતરકામ કેમ કર્યું હશે તેનો હજુ કોઈ સંતોષકારક ખુલાસો મળતો નથી.

બપોરના થોડો આરામ કરીને અહિંથી ૯૦ માઈલ લગભગ દૂર આવેલ ઉદેપુર જવા અમે નીકળ્યા. રસ્તામાં શ્રીનાથજીનું તીર્થધામ અને એકલિંગજીનું મંદિર આવ્યું. આ બન્ને સ્થળો મેં પહેલી જ વાર જોયાં. શ્રીનાથજીનું તીર્થધામ જોઈને ભારે નિરાશા થઈ. ત્યાં તીર્થનું કોઈ પવિત્ર શાન્ત વાતાવરણ જ ન લાગે. શ્રીનાથજીના દર્શન, તેને લગતો સમય ન હોવાથી ન થયાં. તેનું મંદિર બહુ નાનું અને સામાન્ય કોટિનું લાગ્યું. જુદા જુદા વખતનાં દર્શન, શ્રીનાથજીને કરવામાં આવતો જાતજાતનો શણગાર અને તેમને ધરવામાં આવતો અને પાછળથી વેચવામાં આવતો ભાતભાતનો ભોગ અને ત્યાંનો જાણીતો 'ઠોર'—આ સિવાય બીજી કોઈ બાબત ત્યાં સાંભળવામાં ન આવી. એકલિંગજીનું મંદિર જોઈને પ્રસન્નતા અનુભવી. શત્રુંજયની નાની સરખી ટુંક હોય એવું આ મંદિર લાગ્યું. એકલિંગજી ઉદેપુરના રાણાઓના ઈષ્ટદેવ મનાય છે.

સાંજના સૂર્યાસ્ત બાદ અમે ઉદેપુર પહોંચ્યા અને વિશાળ સરોવરના કિનારે ઠીક ઠીક ઊંચાણમાં આવેલ એવી લેઈક વ્યુ હોટેલમાં અમે ઉતર્યા. આવી અતિ ખરચાળ પશ્ચિમી ઢબની હોટેલમાં ઉતરવાનો મારા માટે અને ખીમચંદભાઈ માટે આ પહેલવહેલો અનુભવ હતો. હોટેલમાંથી ભારે સુન્દર દૃશ્ય નજરે પડતું હતું. ખાધું પીધું અને ખૂબ થાકેલા હોવાથી રાત્રી ગાઢ નિદ્રામાં પસાર કરી. સવારના નિત્યકર્મ પતાવી હોટેલના વિશાળ આંગણામાં થોડો સમય ફર્યા અને પ્રાતઃકાળની પ્રસન્નતા અનુભવી. ત્યાર બાદ બ્રેકફાસ્ટ લેવા ડાઈનિંગ રૂમમાં ગયા. અમારામાંના ખીમચંદભાઈ માટે આ અંગ્રેજી ઢબનો બ્રેકફાસ્ટ કાંઈક નવા અનુભવ જેવું લાગ્યું. એટલે કાંઈ પણ લેતા—રખેને જૈન આચાર વિરુદ્ધ નહિ હોય—એમ અચકાતા દેખાયા. હું આ બાબતનો સાવ નવો નિશાળિયો નહોતો. બીજા બે સાથીઓ તો આથી સારી પેઠે ટેવાયેલા હતા. પ્રત્યેક પેય અથવા ખાદ્યપદાર્થ શું છે તેની સમજણ આપીને અમે ખીમચંદભાઈનો સંકોચ દૂર કર્યો. આ દરમિયાન મેં અને ગિજુભાઈએ પશ્ચિમી ઢબના બ્રેકફાસ્ટની અમુક ચીજો આપણા સવારના નાસ્તામાં દાખલ કરવા જેવી છે એમ ખીમચંદભાઈને ગળે ઉતારવા પ્રયત્ન કર્યો, પણ તેમણે એમ જણાવ્યું કે "આ બધું કરીને જીવનની જરૂરિયાતો વધારવી અને પશ્ચિમની નકલ કરવી તેના બદલે આપણા નાસ્તા માટે દહીં અને બાજરીનો રોટલો શું ખોટા છે?"

આ રીતે બ્રેકફાસ્ટ પતાવ્યા બાદ નાહ્યાધોયા એટલે સૌથી પહેલાં અહીંથી થોડે દૂર રાણા પ્રતાપનું સ્મારક હતું તે જોવા ગયા. ઘોડા ઉપર બેઠેલી રાણા પ્રતાપની મૂર્તિ જોઈ ખૂબ રાજી થયા. એ દેશભક્તને અમે ભાવભર્યું નમન કર્યું. ત્યાંથી કેટલાક જૈન ભાઈઓ સાથે અમુક સ્થળે મિલન ગોઠવવામાં આવ્યું હતું ત્યાં અમે ગયા અને ચીમનભાઈએ ભારત જૈન મહામંડળના ઉદ્દેશો અને તાજેતરમાં મળેલા તેના અધિવેશનને લગતી કેટલીક વાતો કહી. પછી બાજુએ આવેલા એક દિગંબર મંદિરમાં ગયા. ત્યાં વચ્ચે તીર્થંકરની મુખ્ય મૂર્તિ બિરાજમાન હતી, તેની એક બાજુએ બાહુબલિની આરસની ઊભી મૂર્તિ જોઈ અને બીજી બાજુએ, સમેતશિખર તીર્થ જ્યાં છે અને તેનો જેવો ઊઠાવ છે તેવો આરસમાં આબેહુબ ઉપસાવેલો આકાર જોઈને અમને ખૂબ આનંદ થયો. દિવાલ ઉપર પટના આકારનો સમેતશિખર મેં ઘણી વાર જોયો છે પણ આવો small scale ઉપર આબેહુબ પહાડનો ઉઠાવ અન્યત્ર કદિ જોયો નથી. ત્યાંથી આજે ગાંધીજયન્તીનો દિવસ (ઑક્ટોબર બીજી તારીખ) હોઈને કેટલાએક સર્વોદયવાદી મિત્રોએ એક નાનું સરખું સંમેલન અને ચીમનભાઈનું ગાંધીજી ઉપર વ્યાખ્યાન ગોઠવ્યું હતું. ત્યાં ગયા અને તે પતાવીને અમે ચીમનભાઈના મિત્ર શ્રી સોનીને ત્યાં જમવા ગયા. જમી પરવારીને બપોરના બે વાગ્યે અમદાવાદ તરફ રવાના થયા.

ઉદેપુરથી અમદાવાદ વચ્ચે લગભગ ૧૧૮ માઈલનું અંતર છે. રસ્તામાં આશરે ૪૦ માઈલના અન્તરે કેશરિયાજીનું તીર્થ આવે છે અને આગળ કેટલેક દૂર જતાં શામળાજીનું મંદિર આવે છે. કેશરિયાજી હું દશબાર વર્ષનો હતો ત્યારે હું મારા માતપિતા સાથે યાત્રાએ નીકળેલો તે દરમિયાન ગયો હતો. તેનું મને આછું સ્મરણ હતું, પણ વિગતોનો કોઈ ખ્યાલ નહોતો.

ઉદેપુરથી અમદાવાદ સુધીના રસ્તાનો શરૂઆતનો અડધાથી વધારે ભાગ અરવલ્લીની પર્વતમાળ અને ગાઢ જંગલોમાંથી પસાર થાય છે. તાજેતરમાં વર્ષા ઋતુ પૂરી થયેલી હોઈને ચોતરફ બધું લીલુંછમ હતું અને નદીનાળાંથી રમણીય લાગતું હતું. ટેકરા ટેકરીઓને વટાવતાં સર્પાકારે આગળ ને આગળ વહેંચે જતા ઊંચા નીચા રસ્તા ઉપર અમારો પ્રવાસ માઈલોના માઈલો સુધી ચાલ્યા કર્યો. આ અનુભવ મારા માટે અનુપમ આનંદનો વિષય બન્યો. આ રીતે અમે આગળ વધતાં વધતાં કેશરિયાજીની ભાગોળે આવી પહોંચ્યા. ત્યાંના એક જૈન ગૃહસ્થ સાથે અમે મંદિરમાં પ્રવેશ કર્યો અને કેટલીએક વસ્તુઓને નહિ જોયેલી જોઈ અને નહિ જાણેલી જોઈ. જેથી દિલમાં ભારે વિષાદ થયો.

આ તીર્થ દિગંબર તથા શ્વેતાંબરો—ઉભયને માન્ય છે આટલી નરી વાસ્તવિકતાનો સ્વીકાર અને તેમાંથી પરિણમવા જોઈતા ઉકેલના અભાવે બન્ને સમુદાય વચ્ચે વર્ષોથી કેવા કેવા ઝગડાઓ ચાલ્યા કર્યા છે અને તે પાછળ કેટલું ધન અને શક્તિનો વ્યય કરવામાં આવ્યો છે અને વર્ષોથી તે તીર્થના વહીવટનો તત્કાલીન સરકારે કેવી રીતે કબજો લીધો છે—આ બધું જોઈને અને જાણીને ઊંડી ગમગીની અનુભવી. આજે પણ આ માલેકીહકકનો ઝઘડો ચાલ્યા કરે છે અને આ તીર્થ માત્ર દિગંબર યા શ્વેતાંબરનું નહિ પણ સમસ્ત હિન્દુ કોમનું છે—એવા મુદ્દાને આગળ કરીને સ્થાનિક સરકાર પણ હાઈકોર્ટની બેંચની સામે આવી રહેલ અપીલમાં એક પક્ષકાર બની બેઠી છે. આ કેટલું બધું દુઃખદ છે?

ત્યાંથી આગળ ચાલતાં અને વનઉપવન અને પહાડી પ્રદેશ વટાવતાં અમે શામળિયાજી પહોંચ્યા. સાંજનો સમય હતો. અમદાવાદ પહોંચવાની ઉતાવળ હતી અને એમ છતાં શામળિયાજીના મંદિરનાં દર્શન તો કરવા જ રહ્યાં. આ મંદિરમાં શામળિયાજીની ભવ્ય મૂર્તિ ભાવ પ્રેરે એવી છે. મંદિરનું બાંધકામ અને સ્થાપત્ય જોતાં જાણે કે રાણકપુરના મંદિરનો નાનો નમૂનો ન હોય એવો આનંદ અનુભવાય છે. આજે તે મંદિરનો પુનરૂદ્ધાર થઈ રહ્યો છે. ગુજરાતનું ખરેખર આ દર્શનીય સ્થાન છે.

અંધારું થવા આવ્યું અને અમદાવાદ પહોંચ્યા. શાહીબાગમાં વસતા એક ગૃહસ્થને આગળથી ખબર આપી હતી તે મુજબ તેમને ત્યાં ભોજન કર્યું. ચીમનભાઈ તથા ગિજુભાઈ ત્યાંથી પ્લેઈનમાં મુંબઈ સીધાવ્યા. ખીમચંદભાઈ ગુજરાત મેલમાં રવાના થયા. હું તે રાત અને પછીનો દિવસ અમદાવાદમાં રોકાયો. દિવસ દરમિયાન અનેક મિત્રો સ્વજનોને મળ્યો. પંડિત સુખલાલજી સાથે બે કલાક ગાળ્યા. રાત્રીના ગુજરાત મેલમાં રવાના થઈને ચોથી ઑક્ટોબરની સવારના મુંબઈ પાછો આવી પહોંચ્યો. પછીના દિવસે બપોરે હું શ્રી મુંબઈ જૈન યુવક સંઘદ્વારા યોજાયલા વજ્રેશ્વરી પર્યટણમાં જોડાયો, જેનું વર્ણન પહેલી નવેંબરના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવ્યું છે.

પરમાનંદ

☆ આચાર્ય રજનીશજી રાષ્ટ્રીય નેતાગીરીના પંથે! ☆

(તાજેતરમાં નારગોળ ખાતે યોજાયલી શિબિર દરમિયાન જન્મભૂમિના પ્રતિનિધિ સાથે આચાર્ય રજનીશજી સાથેની પ્રશ્નોત્તરી તા. ૧૦-૧૧-'૬૮ ના 'જન્મભૂમિ-પ્રવાસી' માંથી સાભાર ઉદ્‌ધૃત).

પ્રશ્ન: આચાર્યશ્રી, તમે આ ત્રણ દિવસની શિબિર દરમિયાન કરુણા, મૈત્રી, મુદિતા અને ઉપેક્ષા એ ચાર વિષયો પર અભ્યાસ-પૂર્ણ પ્રવચનો કર્યા છે અને આ પ્રવચનો દરમિયાન ગીતા, બાઈબલ, પુરાણો, કુરાન ઉપનિષદો વગેરે જાતજાતના ધર્મગ્રન્થોનો આશ્રય લીધો છે અને ઊંડા તત્ત્વજ્ઞાનની ચર્ચા પણ કરી છે. મારે એ બધા પ્રશ્નોની ચર્ચા કરવી નથી. મારે તો રસ્તે ચાલ્યા જતા સામાન્ય માણસના માનસ ઉપર તમારા આ શિબિર દરમ્યાનના પ્રવચનોને કારણે જે છાપ પડી છે તેના પ્રત્યાઘાતો જોઈએ છે, જાણવા છે. આ પ્રશ્નો બિલકુલ દુન્યવી છે ને તમારા સનસનાટી મચાવનારાં વિધાનોમાંથી જ જન્મ્યા છે.

ગઈ કાલની તમારી ચર્ચા દરમિયાન તમે એક એવું વિધાન કર્યું હતું કે ચરખો, ખાદી, રચનાત્મક કાર્યક્રમ વગેરે બધું એક તૂત છે. લોકોને દરિદ્રનારાયણ કહીને બહેલાવવા ને તેમની ગરીબી સતત ચાલુ જ રહે તેવા પ્રયાસો કરવા તે એક સામાજિક કાવતરાનો જ ભાગ છે. ઠેઠ મનુ મહારાજના વખતથી આ ચાલ્યું આવ્યું છે ને ગાંધીજીએ પણ આ જ કર્યું છે. ગાંધીજીએ આ દેશના આત્માને હણી નાખ્યો છે. એમણે હત્યારાનું કામ કર્યું છે. તમે ગાંધીજીને હત્યારા તરીકે સંબોધન કરશો તો કોઈ તમારી જ હત્યા કરી નાખશે તેની તમને ખબર છે?

ઉત્તર: આવી હત્યાથી ડરીને હું કંઈ સત્ય છૂપાવવાનો નથી. મારી હત્યા થાય તેનો મને ભય પણ નથી. હકીકતમાં તો હત્યા થાય તો સારું. મારો અને ગાંધીજીનો મુકાબલો થઈ જશે.

પ્રશ્ન: ના, પણ તમારી હત્યા થઈ જશે તો તમે જે કામ કરવા માગો છો તે અટકી જશે તેનું શું?

ઉત્તર: કોઈ પણ એક માણસના મરવાથી કોઈ કામ અટકતું નથી. ખાસ કરીને વિચારોની પ્રક્રિયા અટકતી નથી. ઈસુ મરી ગયા, ગાંધી મરી ગયા, બુદ્ધ મરી ગયા, મહાવીર મરી ગયા પણ તેઓ જે સંદેશો આપી ગયા તે તો ફેલાયા જ કર્યો છે. કાર્લ માર્કર્સ મરી ગયા પછી પચાસ વર્ષે સામ્યવાદનો અમલ રશિયામાં થયો એટલે કોઈના વ્યક્તિગત જીવન કે મરણ પર કોઈ ફિલસુફીના વિકાસનો આધાર રહેતો નથી.

પ્રશ્ન: પણ તમે ગાંધીજીની વિરુદ્ધ શા માટે છો? ગાંધીજી દરિદ્રનારાયણને ખરેખર જ દરિદ્રનારાયણ તરીકે પૂજતા ન હતા ને તેમનું દારિદ્રય ચાલુ જ રહે તેમ ઈચ્છતા હતા તેવો આક્ષેપ તમે કરવા માંગો છો?

ઉત્તર: બિલકુલ નહિ. હું ગાંધીજી ઉપર એવો આક્ષેપ કરતો જ નથી પણ તેઓ પાંચ હજાર વર્ષથી જે ફિલ્સુફી આપણા માનસ પર ઠોકી બેસાડવામાં આવી છે તેનો જ જાણ્યેઅજાણ્યે ભોગ બની ગયા હતા. તે વિષે મારા મનમાં બિલકુલ શંકા નથી. વિરોધ હું ગાંધીજીનો જ નહિ, વિનોબાજીનો પણ કરું છું. વિશ્વમાં કયાંય વિજ્ઞાન વગર પ્રગતિ શકય જ નથી. ને આ લોકો વિમાન છોડીને રેલગાડીમાં ને રેલગાડી છોડીને બેલગાડીમાં જવાની વાતો કરે છે ને લોકોને ત્યાગ અને તપશ્ચર્યાના મોહમાં મૂકીને પ્રગતિથી વંચિત રાખે છે. આ વસ્તુનો હું વિરોધી છું. વિશ્વસમસ્ત જ્યારે ઔદ્યોગિક ક્રાંતિ કરી રહ્યું છે ત્યારે ગ્રામોદ્યોગની વાત કરવી એ બેવકૂફી છે. એક આખી પ્રજા સાથેની ને રાષ્ટ્ર સાથેની છેતરપિંડી છે. જે રાષ્ટ્ર તાંત્રિક રીતે (ટેકનોલૉજીકલી) આગળ નહિ વધે તે રાષ્ટ્ર અને તેની પ્રજાનું અધ:પતન થવાનું જ છે અને થવાનું જ છે.

પ્રશ્ન: પણ તમે કહો છો તેટલા મોટા પ્રમાણમાં ઔદ્યોગિક ક્રાંતિ કરવા માટે પરદેશી હૂંડિયામણ, કાચો માલ, યાંત્રિક શકિત વગેરે અનેક સાધનો વિપુલ પ્રમાણમાં જોઈએ અને તેની આપણે ત્યાં ભયંકર અછત છે. આ પરિસ્થિતિમાં દેશના દરિદ્રમાં દરિદ્ર માણસને પણ ચરખો ચલાવવાથી કે ગ્રામોદ્યોગમાં રસ લેતો કરવાથી રોજી અને રોટી આપાવી શકાતી હોય તો તેમાં ખોટું શું છે?

ઉત્તર: સાધનોની અછતની વાત એ એક મોટું તૂત છે. અછત ઈચ્છાશકિત (Will power) ની છે. રશિયાએ જ્યારે ક્રાંતિ કરી ત્યારે જગતના તમામ રાષ્ટ્રો તેને કચડી નાખવા માગતા હતા. તેની પાસે પણ સાધનોની અછત હતી અને ચારે બાજુએથી એ દુશ્મનોથી ઘેરાયેલું હતું. અને છતાં તેણે પચીસ વર્ષમાં દેશનો સીનો પલટાવી નાખ્યો હતો.

પ્રશ્ન: પણ રશિયાએ તો એક પ્રકારની સરમુખત્યારશાહી વાપરી હતી. લોકોને ચોક્કસ રીતે કામધંધો કરવાની ફરજ પાડી હતી. આપણે ત્યાં લોકશાહીમાં એ બધું કેમ થઈ શકે?

ઉત્તર: જે લોકશાહી દેશના વિકાસમાં આડે આવતી હોય તે લોકશાહીને ખતમ કરવાની જરૂર છે. આપણી લોકશાહી પણ દેશના વિકાસને અટકાવે છે. તો તેની જગાએ એવી વ્યવસ્થા થવી જોઈએ કે જેથી દેશનો સીનો પચીસ પચાસ વર્ષમાં પલટાવી શકાય.

પ્રશ્ન: એટલે તમે સરમુખત્યારશાહીની તરફેણ કરો છો?

ઉત્તર: હું જરૂર કોઈ ઉદારમતવાદી સરમુખત્યાર (બેનિવોલન્ટ ડિકટેટર) ને પસંદ કરું જ. આ દેશ આખાને બે ચાર દાયકા માટે એકાદ લશ્કરી છાવણીમાં ફેરવી નાખવો જોઈએ ને પ્રત્યેક માણસને પોતાની વધુમાં વધુ જરૂરિયાતો મળી રહે તેટલા પ્રમાણમાં ઉત્પાદન કરવું જોઈએ. આપણી પ્રજા આળસુ થઈ ગઈ છે. તેમની પાસે ફરજિયાત કામ કરાવવું જોઈએ. કામ કરનેકે ઉપલક્ષ મેં પ્રજા કે ઉપર દબાવ ડાલના હોગા.

પ્રશ્ન: આ પરિસ્થિતિ તમે શી રીતે ઊભી કરવા માગો છો? તમારી નજરમાં અત્યારે કોઈ આવો ઉદારમતવાદી સરમુખત્યાર થઈ શકે તેવો માણસ દેખાય છે ખરો?

ઉત્તર: આવો કોઈ માણસ દેખાતો તો નથી જ, પણ એ તો આપમેળે ક્રાંતિના પરીબળોથી ધકેલાઈને ઉપર આવી જશે. મારી ઈચ્છા ગામેગામ, મહોલ્લે મહોલ્લે યુવાનો અને યુવતીઓનાં સંગઠનો સ્થાપવાની છે ને તેમની મારફત આ પ્રકારની લશ્કરી શિસ્તનો ફેલાવો કરવાની છે.

પ્રશ્ન: પણ તો તો તમે લગભગ સામ્યવાદી 'કોમ્યુન' ની નજીક પહોંચી રહ્યા છો:

ઉત્તર: મને કોઈ વાદ સામે વાંધો નથી. દેશને વિચાર કરતો કરી મૂકે, દેશના લોકોને ઊંચા આણે તેવો કોઈ પણ રસ્તો–કોઈ પણ વાદ – મને મંજૂર છે.

પ્રશ્ન: આવી પરિસ્થિતિ ઊભી કરવા માટે જો ક્રાંતિની જરૂર પડે તો તે અનિવાર્ય રીતે અહિંસક જ હોવી જોઈએ એમ તમે માનો છો કે પછી હિંસક ક્રાંતિ હોય તો પણ તમને મંજૂર છે?

ઉત્તર: ક્રાંતિ અહિંસક હોય તો સારું પણ અનિવાર્યપણે જો હિંસક ક્રાંતિ કરવી પડે તો તેની સામે પણ મને વાંધો નથી.

પ્રશ્ન: આણુબોંબની બાબતમાં તમારો શો અભિપ્રાય છે?

ઉત્તર: આ વિશે ચોખવટ કરવાની બાકી રહે છે! આણુબોંબ ભારતે અવશ્ય બનાવવો જ જોઈએ. આપણે ગઈ કાલે ચીનના હાથે માર ખાધો ને ફરી જો આવતી કાલે ચીન હુમલો કરશે તો આપણે માર ખાવાના જ છીએ. ગઈ કાલે આપણે પાકિસ્તાનને ચોડું ખોખરું કર્યું તેનો આજે ગર્વ લઈએ છીએ. પણ દશ વર્ષ

પછી આ જ પાકિસ્તાન આપણને ખોખરું કરી જાય તો મને નવાઈ નહિ લાગે. આપણે આણુબોંબ બનાવીને લડાઈ જગાવવી જોઈએ તેમ હું નથી કહેતો પણ આપણી સામે કોઈ આંખ ઊંચી કરવાની હિંમત કરે તો તેને આપણે આણુબોંબ બતાવીને તેની જગ્યા પર જ ચોંટેલો રાખીએ એ જરૂરી છે, ને દેશના હિતમાં છે. જે લોકો આજે અહિંસાને નામે કે ગાંધીજીના નામે આણુબોંબનો વિરોધ કરે છે તે લોકો દેશના દ્રોહીઓ છે.

પ્રશ્ન: તમારા એક પ્રવચન દરમિયાન પંડિત નહેરુને હિટલર સાથે સરખાવ્યા હતા અને એમ કહ્યું હતું કે લાખો લોકોના સમુદાયને હિપ્નોટાઈઝ કરવા માટે આ નેતાઓ પોતાની વ્યાસપીઠો હમેશાં ઊંચી રાખતા હતા. તમારા આ વિધાન સાથે હું સહમત થઈ શકતો નથી; કારણ કે મેં પંડિતજીની પચીસેક જાહેર સભાઓમાં હાજરી આપી છે ને તેમને ક્યારેય લોકોને હીપ્નોટાઈઝ કરવાના પ્રયાસો કરતા જોયા નથી. અને વ્યાસપીઠ તો ઊંચી રાખવી જ પડે, કારણ કે જ્યાં લાખો માણસો એકઠા થયા હોય ત્યાં વક્તાનું મોઢું દેખી શકાય તેટલા માટે પણ વ્યાસપીઠ ઊંચી રાખવાનું જરૂરી હોય છે. તમે પંડિતજી ઉપર હિપ્નોટીઝમનો આક્ષેપ કરો છો તે મારે ગળે ઊતરતું નથી.

ઉત્તર: પંડિતજી જાણીજોઈને હિપ્નોટાઈઝ કરતા હતા, તેમ હું કહેતો નથી પણ નેતાઓએ નેતાગીરી ટકાવી રાખવી હોય તો હીપ્નોટીઝમ વાપર્યા વગર છુટકો જ નથી. નેતાગીરી અને હિપ્નોટીઝમ સાથે સાથે જ જાય છે.

પ્રશ્ન: પણ તો પછી તમે તમારા પ્રવચનો દરમિયાન તેમ જ મૌનના પ્રયોગો દરમિયાન જે સૂચનો કરો છો, તે પણ મને તો એક પ્રકારનાં હિપ્નોટીઝમ જેવાં જ લાગે છે તેનું શું? તમે મૌન દરમિયાન લોકોને રડવાનો આદેશ આપો છો ને મુખ્યત્વે બહેનો મોંફાટ રડે છે, તે હિપ્નોટીઝમ નહિ તો બીજું શું છે?

ઉત્તર: હા, તે હિપ્નોટીઝમ જ છે. પણ મારું હિપ્નોટીઝમ લોકોના ભલા માટે છે. તેમનું મન મૂકત થાય તે માટે છે. ત્યારે અન્ય નેતા તેમની પોતાની નેતાગીરી ટકાવી રાખવા માટે હિપ્નોટીઝમનો ઉપયોગ કરે છે.

પ્રશ્ન: હિપ્નોટીઝમનો પ્રયોગ જો આટલો સાધ્ય અને સરળ હોય તો લાખો માણસ ઉપર એવો પ્રયોગ કરીને તેની અસર જોવી તેના કરતાં પાંચ – પચીસ પત્રકારોને બોલાવીને તેમને જ શા માટે હિપ્નોટાઈઝ નથી કરવામાં આવતા? એમ થાય તો તેમની મારફત નેતાનો સંદેશો કરોડો વાંચકો સમક્ષ બહુ જ સરળતાથી પહોંચાડી શકાય.

ઉત્તર: પત્રકારોને હિપ્નોટાઈઝ કરવાનું બહુ મુશ્કેલ હોય છે. જ્યારે આમસમુદાયને હિપ્નોટાઈઝ કરવાનું ઘણું સરળ હોય છે. પણ એક વખત લાખો માણસોને હિપ્નોટાઈઝ થયેલા પત્રકારો જુએ ને તો પછી પત્રકારો પણ સરળતાથી હિપ્નોટાઈઝ થઈ શકે છે. મારી પાછળ હજારો માણસો ફરે છે, એટલે તમને પણ મને મળવાનું મન થયું, પણ જો મારી પાછળ કોઈ પણ માણસો ફરતા ન હોત તો તમે મારી પાસે આવત ખરા?

પ્રશ્ન: પણ તમે નહેરુ – ગાંધી – વિનોબાજી કામ, ધર્મ વિષે જે 'ભયંકર' અને વિસ્ફોટક વિધાનો કર્યે રાખો છો તેને પરિણામે લોકો તમારી નજીક આવવાને બદલે દૂર નહિ નાસી જાય? તમારા અનુયાયીઓની સંખ્યા ઘટી નહિ જાય?

ઉત્તર: મારા જે અનુયાયીઓ મારા વિચારોને પચાવી શકે તેમ ન હોય તેઓ વહેલા જ મને છોડી જાય, તેમાં એમનું અને મારું બન્નેનું હિત છે. ખરે ટાંકણે જે લોકો દગો દે તેના કરતાં પહેલેથી છૂટા થઈ જાય તે વધારે યોગ્ય ગણાશે. બાકી સત્ય તો હમેશાં કડવું જ હોય છે. ને તે પચાવવું ભારે મુશ્કેલ હોય છે. લોકો મારી પાસે આવતા જ રહે તેટલા માટે અસત્ય બોલવાનું હું કદી નહિ સ્વીકારું."

આ તબક્કે નહેરુના હિપ્નોટીઝમ વિષે વધારે ચોખવટ કરતાં તેમણે જણાવ્યું હતું કે એક વાર અચ્યુત પટવર્ધન મને મળ્યા હતા ને ત્યારે વાતચીત દરમિયાન તેમણે મને જણાવ્યું હતું કે મેં એક વાર પંડિતજી સાથે મદ્રાસ રાજ્યની મુસાફરી કરી હતી, ને તે દિવસે એક જ દિવસમાં તેમણે ત્રીસ જાહેર સભાઓમાં ભાષણો કર્યાં હતાં. શ્રી પટવર્ધને પંડિતજીને પૂછ્યું કે તમે આટલી બધી સભાઓમાં ભાષણો કરતાં કરતાં થાકી જતા નથી? ત્યારે નહેરુએ એમને જવાબ વાળ્યો હતો કે ના, હું થાકતો નથી એટલું જ નહિ પણ પ્રત્યેક સભાને અંતે મેં જાણે વ્હીસ્કીનો એક પેગ પીધો હોય તેમ મને નશો ચઢે છે. એટલે જેમ નેતાગીરીનું હિપ્નોટીઝમ હોય છે તેમ લોકસમુદાયમાંથી પણ એક પ્રકારનું હીપ્નોટીઝમ પસાર થાય છે. આ જ હિપ્નોટીઝમને કારણે તો કોરિયન યુદ્ધમાં જે અમેરિકનો પકડાયા હતા તેમને નવ મહિના પછી જ્યારે છોડવામાં આવ્યા ત્યારે તેઓ અમેરિકાની વિરુદ્ધ વાતો કરતા થઈ ગયા હતા. રશિયામાં જે જે માણસોને હિપ્નોટાઈઝ કરવામાં આવ્યા હતા તેમણે બધાએ થોડા દિવસના હિપ્નોટીઝમ પછી તરત જ રાજકીય હત્યાના કાવતરાઓમાં પોતે સંડોવાયા હોવાનું કબૂલ કર્યું હતું ને સહજ રીતે ફાંસી પર ચઢી ગયા હતા.

પ્રશ્ન: તમે દેશની કે વિશ્વની દુન્યવી પ્રગતિમાં માનો છો કે આધ્યાત્મિક પ્રગતિમાં માનો છો?

ઉત્તર: કોઈ પણ દેશ જ્યાં સુધી દુન્યવી પ્રગતિ સાધે નહિ ત્યાં સુધી આધ્યાત્મિક પ્રગતિ સાધી શકે જ નહિ.

દુન્યવી પ્રગતિ એ જ આધ્યાત્મિક પ્રગતિનું પ્રથમ સોપાન છે. લોકોની બધી જ જરૂરિયાતો સંતોષાય, પ્રાપ્ત થાય પછી જ તેમને આધ્યાત્મિક પ્રગતિમાં રસ પ્રગટે.

પ્રશ્ન: આ દેશ–ભારત–ને ઊંચો આણવા માટે શું કરવું જોઈએ?

ઉત્તર: સૌથી પહેલા તો દરિદ્રનારાયણનું તૂત કાઢી નાખવું જોઈએ ને લોકોને માનસિક રીતે ઉદ્યોગ તથા ટેક્નોલોજી પ્રતિ આગળ વધારવા જોઈએ. આમ કરવા જતાં તકલી કે ચરખાને આગ લગાડવાની જરૂર પડે તો તે પણ લગાડવી જોઈએ, ને ખાદીની ટોપીની હોળી કરવાની જરૂર પડે તો તે પણ કરવી જોઈએ.

પ્રશ્ન: પણ તમે જો આ જ રીતે ને આખું ને આખું જ બોલ્યા કરશો તો તો તમારા ઘણા અનુયાયીઓ તમારી આજુબાજુ ઊભા રહેવાનું પસંદ નહિ જ કરે, ને તમે એકલા અટૂલા પડી જશો.

ઉત્તર: એ માટે મારી તૈયારી છે જ. લોકો મારી આજુબાજુ ઊભા રહે તેટલા માટે વ્યવહારુ બનવાનું કે અપ્રમાણિક બનવાનું હું કદી નહિ સ્વીકારું.

પ્રશ્ન: તમે બુદ્ધ, મહાવીર, ઈશુ, ગાંધી, નહેરુ વગેરેનાં નામ અવારનવાર લો છો, પણ કોઈનાથી ખાસ વિશેષ પ્રભાવિત થયા હો તેવું કોણ છે? તમે કોને અનુસરો છો?

ઉત્તર: હું કોઈ પણ એક વ્યક્તિથી ખાસ કે વિશિષ્ઠ રીતે પ્રભાવિત થયો જ નથી. હું તો મને જ્યાંથી જે સત્ય અને સૌંદર્ય મળ્યું તેને પામવાનો પ્રયાસ કરું છું. પરિણામે સવારની સભામાં મેં બુદ્ધની તરફેણમાં દલીલ કરી હોય તો સાંજની સભામાં મેં તેમની વિરુદ્ધમાં પણ દલીલ કરી હોય એવું બને છે. ક્યારેક મેં કાર્લ માર્કસને વખાણ્યા હોય તો ઘણી વાર તેને વખોડ્યા પણ હોય. મેં કોઈની 'કંઠી' બાંધી નથી.

પ્રશ્ન: દાન વિષેના તમારા ખ્યાલો એવા છે કે જેમને મોક્ષ મેળવવો છે તે લોકો દાન કરે છે અથવા તો જેમને શોષણમાં રસ છે તે લોકો જ દાન આપે છે. તો તમારી સંસ્થા "જીવન જાગૃતિ કેન્દ્ર" ને જે લોકો દાન આપે છે કે આપશે તેનું શું?

ઉત્તર: જીવન જાગૃતિ કેન્દ્રને દાન આપનારા મારી ફિલસૂફીને

સમજીને દાન આપે છે. તે બધા દાન આપનારા સ્વાર્થથી દાન આપે છે તેમ પણ નથી. કેટલાક પ્રમાણિકપણે ઉચ્ચ હેતુથી પણ દાન આપતા હશે.

પ્રશ્ન: આજકાલ એવું બને છે કે રાજકારણમાં કે સંસ્થાઓમાં રસ લેવા માટે સારા માણસો આગળ આવે તેવું વાતાવરણ નથી. ને પરિણામે જે ખાલી જગ્યા (વિકયુમ) રહે છે તેમાં લુચ્ચા ઘૂસી જાય છે તેનું શું?

ઉત્તર: લુચ્ચાઓનું છેલ્લું આશ્રયસ્થાન રાજકારણ છે. જો સારા માણસો આગળ નહિ આવે તો લુચ્ચાઓ ઘૂસી જ જવાના. આપણે આ પરિસ્થિતિ અટકાવવી હોય તો સારા પ્રમાણિક માણસોને આગળ ઊભા રહેવામાં મદદ કરવી જ જોઈએ. તમે જૂઓને! દેશની આઝાદી પછી ગાંધીજી સરકારમાં જોડાયા નહિ તેને પરિણામે અજબ પરિબળો સરકારમાં ઘૂસી ગયાં ને આજે દેશની હાલત થઈ છે તે તમે જોઈ રહ્યા છો.

પ્રશ્ન: ગાંધીજી ભલે સરકારમાં ન જોડાયા પણ એમણે તો એમના કરતાં પણ સારા માણસના હાથમાં નહેરુજીના હાથમાં–રાજ્ય સોંપી દીધું હતું. તેની સામે તમે વાંધો કેમ ઊઠાવી શકો?

ઉત્તર: એ બરાબર છે. તમે નહેરુને સારા માણસ કહ્યા તે યોગ્ય કર્યું છે. નહેરુ સારા હતા, પણ સંત ન હતા. એટલે એમણે રાજ્યે રાજ્યના ઠગોને ભેગા કરીને પોતાની સત્તા મજબૂત કરી હતી. ગાંધીજી જો સરકારમાં હોત તો તેમ ન બન્યું હોત. તો આજે જયપ્રકાશ, કૃપલાણી, રાજાજી વગેરે કૉંગ્રેસની બહાર ન હોત. મહાત્માજી અને નહેરૂમાં તો આસમાન જમીનનો ફેર છે. મહાત્માજી સત્યમાં માનતા હતા. નહેરુજી રાજકારણમાં જ જીવતા હતા. ને એટલે જ એમણે રાજ્યે રાજ્યે લુચ્ચાઓ ને ગૂંડાઓને સત્તા પચાવી પાડવાની તક આપી હતી. હવે આ ગુંડાઓને જો હટાવવા હોય તો તેમના કરતાં મોટા ગુંડાઓ જ જોઈશે. નાના ગુંડાને હમેશાં મોટો ગુંડો જ હટાવી શકે ને આમ જ ચાલશે તો મને દેશની ભયંકર બરબાદી દેખાઈ રહી છે.

પ્રશ્ન: આ દેશમાં સમાજવાદની સ્થાપના વિષે તમારો શું ખ્યાલ છે?

ઉત્તર: સમાજવાદ, જયપ્રકાશ, નાંબુદ્રીપાદ કે લોહિયા લાવી શકે તેમ હું માનતો નથી. એ માટે તો કોઈ સંન્યાસીએ જ આગળ આવવું પડશે.

પ્રશ્ન: કુટુંબનિયોજન વિષે તમારો શું ખ્યાલ છે?

ઉત્તર: હું કુટુંબનિયોજનની સો એ સો ટકા તરફેણમાં છું પણ આપણે ત્યાં જે પ્રયોગ ચાલે છે તે ધતિંગ છે. કુટુંબનિયોજન ફરજિયાત હોવું જોઈએ. ને બે કે ત્રણ બાળકોની ઉપર બાળક થાય તે મા-બાપને ગુનેગાર ગણીને છ મહિનાની જેલની સજા કરવી જોઈએ, તો જ કુટુંબનિયોજન સફળ થશે.

પ્રશ્ન: જાતીય જ્ઞાન વિષે તમે શું માનો છો?

ઉત્તર: મને એમ લાગે છે કે જો બાળકોને તેર - ચૌદ વર્ષની ઉંમર સુધી તદ્દન નગ્નદશામાં જ રહેવા દેવામાં આવે તો સ્ત્રી અથવા પુરુષોના ગુપ્ત ભાગો વિષે જે કુતૂહલ છે તે દૂર થાય. ને નદીનાળા કે વનસ્પતિની માફક જ સ્ત્રી અને પુરુષ એક બીજા પ્રત્યે જોતા થઈ જાય. એમ થાય તો અત્યારે જે અનેક જાતીય વિકૃતિઓ દેખાઈ રહી છે તેનો અંત આવે.

પ્રશ્ન: ખાદીની આટલી બધી ટીકા કરનારા તમે પોતે તો ખાદી જ પહેરો છો તેનું શું?

ઉત્તર: હું ખાદી પહેરું છું તે સાચું છે. પણ તે આર્થિક પ્રશ્નના નિરાકરણના એક પ્રયાસ તરીકે નથી પહેરતો. મને ખાદીની કુમાશ ગમે છે એટલે પહેરું છું. ખાદીથી આપણો આર્થિક પ્રશ્ન ઉકલી જશે એમ હું બિલકુલ માનતો નથી.

પ્રકીર્ણ નોંધ

આચાર્ય રજનીશજીનું પ્રગટ થઈ રહેલું વૈચારિક રૂદ્ર સ્વરૂપ

ગુજરાતી ભાષાભાષી જનતામાં આચાર્ય રજનીશજીને સુપરિચિત બનાવવામાં 'પ્રબુદ્ધ જીવન'નો આજ સુધીમાં ઘણો મહત્ત્વનો ફાળો રહ્યો છે. કેટલાક લોકો 'પ્રબુદ્ધ જીવન' દ્વારા જ તેમને સૌ પ્રથમ ઓળખાતા થયા છે. આજ સુધીના તેમનાં પ્રવચનો કેવળ આત્મદર્શનલક્ષી રહ્યાં હતાં અને એ દિશામાં સ્વતંત્ર, મૌલિક અને પરંપરા–નિરપેક્ષ ચિન્તક તરીકે 'પ્રબુદ્ધ જીવન' તેમને બિરદાવતું રહ્યું હતું. ઑગસ્ટ માસના બીજા પખવાડિયા દરમિયાન યોજાયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાની અંતિમ સભામાં અપાયેલું તેમનું વ્યાખ્યાન કામલક્ષી – સેક્સલક્ષી – બની ગયું અને એ રીતે તેમના આજ સુધીનાં પ્રવચનોનો ઓક એકાએક બદલાતો લાગ્યો. પરિવર્તન અંગે આ નવા ઓક અંગે 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને વાકેફગાર કરવાના હેતુથી તા. ૧-૧૦-૬૮ના 'પ્રબુદ્ધ જીવનમાં' તેમનું તે વિવાદાસ્પદ વ્યાખ્યાન પ્રગટ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ઑકટોબર માસની આખર અને નવેમ્બર માસની શરૂઆતમાં નારગોળ ખાતે યોજાયેલી તેમનાં પ્રવચનોની શિબિર દરમિયાન ગોઠવવામાં આવેલી પત્રકાર પરિષદમાં દેશના વર્તમાન રાજકારણ અંગે અને તેના સંદર્ભમાં ગાંધીજી, જવાહરલાલ, વિનોબાજી વિષે તેમણે ભારે ચોંકાવનારા અને સામાન્ય લોકમાનસને આઘાત પહોંચાડનારાં વિધાનો કર્યાં. આ વિધાનો જેટલાં વિચિત્ર અને વિકળ હતાં તેટલી જ કઠંગી અને ઔચિત્યની સીમાને કોઈ કોઈ ઠેકાણે ઓળંગી જતી તેમની રજૂઆત હતી. આ રજૂઆત તા. ૧૦ મી નવેમ્બરના ' જન્મભૂમિ - પ્રવાસી ' માં પ્રશ્નોત્તરના વ્યવસ્થિત આકારમાં પ્રગટ કરવામાં આવી છે અને તે સંપૂર્ણ આધારભૂત છે અને આચાર્ય રજનીશજીએ અનુમત કરેલ છે અને ટેઈપ રેકર્ડ ઉપરથી તૈયાર કરવામાં આવી છે એમ તેના તંત્રીએ મને ખાત્રી આપી છે. આમ આ રજૂઆતને સારી પ્રસિદ્ધિ મળેલી હોઈને તેને 'પ્રબુદ્ધ જીવન'માં પુનઃ પ્રસિદ્ધિ અપાય તો તે કોઈને વધારે પડતું લાગે એવો સંભવ છે. આમ છતાં દૈનિક પત્રોમાં આજે પ્રગટ થતી બાબતો આવતી કાલે હાથ ઉપરથી સરી જાય છે અને પરિણામે તેનું મહત્ત્વ વિસરાઈ જાય છે, જ્યારે પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થતી બાબતોને પ્રમાણમાં વધારે સ્થાયી રૂપ મળે છે. આ ઉપરાંત આચાર્ય રજનીશજીની આ રજૂઆત ઠીક ઠીક પ્રમાણમાં સમીપગામી તેમ જ દૂરગામી પરિણામો નિપજાવે તેવો સંભવ છે અને તેથી 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને પ્રસ્તુત રજૂઆત હસ્તસુલભ રહે એ જરૂરી છે. આમ વિચારીને તેમ જ આચાર્ય રજનીશજીનાં પુરોગામી સ્વરૂપો માફક તેમનું આ અદ્યતન વૈચારિક રૂદ્ર સ્વરૂપ પણ પ્રબુદ્ધ જીવનમાં રેકર્ડ થવું જ જોઈએ એમ સમજીને, તેને પ્રબુદ્ધ જીવનમાં પુનઃ પ્રસિદ્ધિ આપવાનું ઉચિત ધાર્યું છે.

આ રજૂઆત તેમાં રહેલી વિચિત્રતાને, વિષમતાને, અધૂરી સમજણને તેમ જ અર્ધદગ્ધતાને સ્વતઃ જ પ્રગટ કરી રહી છે. અને તેથી તે ઉપર કોઈ ટીકા ટીપ્પણીની કે ઝીણવટભરી સમાલોચનાની જરા પણ જરૂર લાગતી નથી. આજ સુધી 'પ્રબુદ્ધ જીવન'નું વલણ વાચકોને રજનીશજીને અભિમુખ બનાવવાનું રહ્યું હતું; આજે તે વલણ તેમના વિષે અને તેમની વિચારણામાં રહેલાં ભયસ્થાનો અંગે ચેતવણીની આંગળી ચીંધવામાં પલટાઈ રહ્યું છે. સમયનો આ તે કેવો વિચિત્ર પરિપાક છે!

આચાર્ય રજનીશજીના પેલા વિવાદાસ્પદ વ્યાખ્યાન અંગે મળેલાં થોડાંક ચર્ચાપત્રો વિશે

તા. ૧-૧૦-૬૮ ના પ્રબુદ્ધ જીવનમાં પર્યુષણ વ્યાખ્યાનમાળાની છેલ્લી સભામાં આચાર્ય રજનીશજીએ આપેલું વિવાદાસ્પદ બનેલું વ્યાખ્યાન અને તે સાથે તે ઉપરનાં બે ચર્ચાપત્રો પ્રગટ કરવા સાથે

તે અંગેની તંત્રી નોંધમાં જણાવવામાં આવ્યું હતું કે: "આચાર્યશ્રીના વ્યાખ્યાનને લગતી આ ચર્ચા હું વિશેષ લંબાવવા ઈચ્છતો નથી." તે ઉપરથી કેટલાક મિત્રોને એમ લાગેલું કે આ વિષયને લગતા તેમના વિચારોને પ્રગટ થવા દેવા આડે મેં અયોગ્ય રૂકાવટ મૂકી દીધી છે. આવી રૂકાવટ હંમેશને માટે મૂકવાનો મારો આશય નહોતો. પણ એ વખતે જો મેં એ મુજબની રૂકાવટ મૂકી ન હોત તો જેવી રીતે અમદાવાદમાં પ્રગટ થતા દૈનિક પત્ર "ગુજરાત સમાચારે" એ જ વ્યાખ્યાન ૧૬ મી ઑક્ટોબરના અંકમાં પ્રગટ કર્યું અને એ વિષય અંગે ચર્ચાપત્રોની માગણી કરી અને પરિણામે તેની ઉપર ચર્ચાપત્રોનો વરસાદ વરસી રહ્યો છે, જે આજ સુધીમાં ચાર હફ્તામાં પ્રગટ કરવા છતાં તેનો હજુ છેડો આવ્યો નથી, એવી રીતે એ દિવસોમાં એ અંગે એટલી બધી ગરમી હતી કે 'પ્રબુદ્ધ જીવન'ના બે ત્રણ અંકો સુધી એ ચર્ચાપત્રો પ્રગટ કરવા ઉપરાંત બીજી સામગ્રીને બહુ ઓછો અવકાશ આપી શકાયો હોત. હવે એ વ્યાખ્યાને પેદા કરેલી ગરમી ઘટી ગઈ છે અને લોકોનું ધ્યાન આચાર્ય રજનીશજીનાં નવા નિવેદન તરફ ખૂબ ખેંચાયું છે. આ વસ્તુસ્થિતિના સંદર્ભમાં જણાવવાનું કે પ્રસ્તુત ગાળા દરમિયાન આપણામાં વિચાર પ્રેરે એવું સમધારણપૂર્વકનું થોડુંક પત્રસાહિત્ય પ્રાપ્ત થયું છે, જે હવે પછી પ્રગટ કરવામાં આવશે અને તે મુજબ હવે પછી મળનારાં એ કક્ષાનાં ચર્ચાપત્રોને પણ 'પ્રબુદ્ધ જીવન'માં સ્થાન આપવામાં આવશે.

સ્વર્ગસ્થ પુણ્યચરિત મંગળદાસ પકવાસા

આપણ સર્વને સુપરિચિત – આપણા પરમ મુરબ્બી – શ્રી મંગળદાસ પકવાસાનું નવેમ્બર માસની છઠ્ઠી તારીખે રાત્રિના મુંબઈ ખાતે સર હરકિસનદાસ હૉસ્પિટલમાં ત્રણ દિવસની માંદગીના અંતે ૮૬ વર્ષની ઉમ્મરે અવસાન થયું. વૃક્ષ ઉપરથી પરિપકવ ફળ ભૂમિશાયી બને એ પ્રકારનું આ મૃત્યુ ગણાય અને હવે વધારે આયુષ્ય એટલે વધારે યાતના ભોગવવાની – એવા વિચારે આ મૃત્યુ સાથે આપણા મનનું સમાધાન કરી શકાય છે અને મૃત્યુના આઘાતને હળવો કરી શકાય છે. આમ છતાં આ ઉમ્મરે પણ તેઓ જીવન્ત હતા અને જ્યારે પણ તેમને મળવાનું બને ત્યારે તેમનો વાર્તાવિનોદ ચાલતો જ હોય. આવી વ્યકતિનો અભાવ આપણને ખૂબ સાલે અને દિલમાં વ્યથા પેદા કરે એ સ્વાભાવિક છે.

મંગળદાસકાકાની જીવન–કારકિર્દી અનેક ઉજ્જવળ ઘટનાઓથી સભર બની હતી. તેઓ જીવનના અંત સુધી નિષ્ઠાવાન કૉંગ્રેસી રહ્યા હતા અને કૉંગ્રેસના આદેશને માન આપીને તેમણે અનેક વાર જેલવાસ સ્વીકાર્યો હતો. આપણને આઝાદી પ્રાપ્ત થયા બાદ તેઓ એ વખતના 'સેન્ટ્રલ પ્રોવીન્સીઝ' ના ૧૯૪૭ થી ૧૯૫૨ સુધી રાજ્યપાલ હતા. નવેમ્બર ૧૯૪૯ થી પોતાના પગારમાં તેમણે સ્વેચ્છાએ ૧૫ ટકાનો કાપ સ્વીકાર્યો હતો. ફેબ્રુઆરી ૧૯૫૩ થી ૧૯૫૫ સુધી તેઓ મુંબઈના રાજ્યપાલપદે હતા. ૧૯૬૪ માં તેઓ થોડા સમય માટે મહારાષ્ટ્રના રાજ્યપાલપદે હતા. ૧૯૫૯ ના એપ્રિલમાં તેઓ માઈસોરના કાર્યવાહક રાજ્યપાલ બન્યા હતા. વચ્ચે થોડો વખત સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયાના વાઈસ ચેરમેન હતા. મહારાષ્ટ્ર રાજ્ય સ્કાઉટ ઍન્ડ ગાઈડ્ઝની પ્રવૃત્તિ સાથે તેઓ નિકટતાથી સંકળાયલા હતા. ખાદી અને ગ્રામોદ્યોગના પ્રખર હિમાયતી હતા. ઉત્કૃષ્ટ કોટિનું સૌજન્ય તેમની વિશેષતા હતી. પ્રસન્નતા તેમની પ્રકૃતિને વરેલી હતી. સાદાઈ અને શીલસંપન્નતા તેમના જીવન સાથે વણાયલી હતી. ત્રણ પેઢીનું પ્રતિનિધિત્વ કરતા એવા – હવે વિરલ બનેલા – અગ્રગણ્ય ગુજરાતીઓમાંના તેઓ એક હતા. તેમના મંગળ મૃત્યુને આપણે આવકારીએ અને તેમના રાષ્ટ્રસમર્પિત દીર્ઘ જીવનમાંથી આપણે પ્રેરણા અને બળ મેળવીએ!

જૈન સમાજના એક સન્નિષ્ઠ કાર્યકરનું દુઃખદ અવસાન

મૂળ મંદસૌર (માળવા) ના વતની પણ ઘણાં વર્ષોથી મુંબઈમાં વસતા શ્રી માણેકલાલ ડી. મોદીનું તા. ૨૯-૧૦-'૬૮ ના રોજ બૉમ્બે હૉસ્પિટલમાં દુઃખદ અવસાન થયું છે. તેમણે શ્રી જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સના એસિસ્ટન્ટ સેક્રેટરીના પદે રહી ૩૧ વર્ષ સુધી એકધારી સેવા આપી હતી. આ ગાળા દરમિયાન જૈન મૂ. કૉન્ફરન્સની કાર્યવાહી સાથે જોડાયલા અનેક આગેવાનોને તેમની એકાગ્ર નિષ્ઠાનો અને કાર્યકુશળતાનો તેમણે સુસ્મરણીય પરિચય આપ્યો હતો. એ વર્ષો દરમિયાન હું પણ કૉન્ફરન્સની કાર્યવાહીમાં સારો રસ ધરાવતો હતો અને ભાગ પણ લેતો હતો અને એ રીતે મને તેમના સારા પરિચયમાં આવવાનું બન્યું હતું અને તેમની ઊંડી સમજણ અને જુદી જુદી પ્રકૃતિના આગેવાનો સાથે મળીને કાર્યને પાર પાડવાની નિપુણતાથી હું પણ પ્રભાવિત થયો હતો. થોડાં વર્ષો પહેલાં મુંબઈમાં ભરાયલા કૉન્ફરન્સના અધિવેશન તરફથી તેમના કાર્યની કદર રૂપે રૂ. ૧૦,૦૦૦ની થેલી તેમને આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. સમય જતાં અને કૉન્ફરન્સના તંત્રમાં પલટો આવતાં તેમાંથી તેમને છૂટા થવું પડ્યું હતું. છેલ્લા ૨૫–૩૦ વર્ષથી તેઓ શ્રી શકુન્તલા કાંતિલાલ ઈશ્વરલાલ ગર્લ્સ હાઈસ્કૂલના એસિસ્ટન્ટ સેક્રેટરી તરીકે કામ કરતા હતા. આ કામગીરી દરમિયાન તેમના ઉપર માંદગીના નાના મોટા અને કદી કદી જીવલેણ બની જાય એવા ત્રણચાર હુમલાઓ આવ્યા હતા. અને તેમાંથી તેઓ ઉગરી જવા પામ્યા હતા. પણ છેલ્લા હુમલામાં તેઓ બચી ન શકયા અને બહોળા કૌટુંબિક પરિવારને મૂકીને તેમણે આપણી વચ્ચેથી ચિરવિદાય લીધી. આ રીતે એક સામાન્ય માનવીએ સામાન્ય આર્થિક પરિસ્થિતિ વચ્ચે એકસરખું નિષ્ઠાવાન જીવન પૂરું કરેલું હોઈને પાછળ રહેલા કુટુંબ પરિવારનો નિભાવ એક ચિન્તાજનક સમસ્યા બની છે. જૈન શ્વે. મૂ. સમાજના આગેવાનો આ બાબતનો વિચાર કરશે ખરા?

પ્રશંસનીય

સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહના પિતા જેઠાલાલ ડામરશીભાઈનું તા. ૩૧-૧૦-'૬૮ ના રોજ અવસાન થયાના અને તે જ ઘડીએ તેમના ચક્ષુઓનું દાન થયાના ખબર પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં આપવામાં આવ્યા છે. આ અંગે તેમના ઉપર ફાધર વાલેસ, મુનિ સંતબાલજી વગેરે અનેક મિત્રોના આશ્વાસનપત્રો આવ્યા છે, જે માટે એ સૌ મિત્રોનો તેઓ આભાર માને છે. આના અનુસંધાનમાં સવિશેષ જણાવવાનું કે શ્રી ચીમનભાઈ તથા તેમના ભાઈઓ તરફથી જુદી જુદી સંસ્થાઓને નાની મોટી રકમોનાં દાન આપવામાં આવ્યા છે, જેનો કુલ આંકડો રૂ. ૧૦૨૫૫ થાય છે. આ ઉપરાંત તેમણે રૂ. ૫૦,૦૦૦ની રકમ જુદી કાઢી છે, જેનું વ્યાજ દર વર્ષે શુભ ખાતાઓમાં વાપરવામાં આવશે. પ્રસંગને શોભે એવા આ દ્રવ્યવિતરણ માટે તે ત્રણે ભાઈઓને ધન્યવાદ ઘટે છે. પરમાનંદ.

૧૬મી ઑક્ટોબરના "પ્રબુદ્ધ જીવન"ના અંક અંગે જાહેરાત

આ અંકની માંગ ધાર્યા કરતાં વધારે નીકળતાં સીલકમાં જેટલી નકલો રાખવી જોઈએ તેટલી પણ રહી શકી નથી તો તે અંકની નકલ જેમની પાસે હોય અને તેનો જેમને હવે કોઈ ઉપયોગ ન હોય તેવા મિત્રોને તે અંકની નકલ અમારા કાર્યાલયમાં (૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ મુંબઈ - ૩) પહોંચાડવા પ્રાર્થના છે.

વ્યવસ્થાપક, 'પ્રબુદ્ધ જીવન'

Relaxation: Physical and Mental: શિથિલીકરણ: શારીરિક અને માનસિક

(મુંબઈના જાણીતા નિસર્ગોપચારક ડૉ. એમ. એમ. ભમગરાએ ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપેલા વ્યાખ્યાનની નોંધ)

બે કે ત્રણ વર્ષ પહેલાં ભવનમાં આ જગ્યાએ જ ક્રી ઉમાશંકર જોષીને સાંભળવાનો લહાવો મળેલો. તે વખતે તેઓ શું બોલેલા તે બધું તો યાદ નથી, પરંતુ એમણે અંગ્રેજી શબ્દ discover ને સરસ રીતે સમજાવેલો. dis–cover ઢાંકણું ખોલવાની જરૂર છે આત્મ સત્ય સમજવા માટે–એવું કંઈક એમણે કહ્યું હતું. આજે હું તમારી સમક્ષ એ રીતે જ બીજો એક અંગ્રેજી શબ્દ લઈ ઉપસ્થિત થયો છું. અને એ શબ્દ છે relax. એને વિસ્તારીને પછીથી વિચાર કરીશું, પરંતુ re–lax– ફરી ફરી પોતાને ઢીલા મૂકવાનો અર્થ એમાં સમાયેલો છે.

આજના જીવનની – શહેરી જીવનની–પાયાની જરૂરિયાત છે શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે, શારીરિક અને માનસિક Relaxation ની. શારીરિક અને માનસિક રોગો માટે Relaxation પાયાની ચિકિત્સા પદ્ધતિ (Therapy) છે. તમને થશે કે આ હું બોલું છું તે અતિશયોક્તિ ભર્યું છે, પણ ખરી રીતે હું કહું છું તે હકીકત જ છે.

૧૫ વર્ષના લાંબા સંશોધન પછી ડાકટરી વૈજ્ઞાનિકો એવા નિર્ણય પર આવ્યા છે કે આપણા ઘણા ય શારીરિક રોગો પાછળ માનસિક તણાવ એક અગત્યનું – કયારેક તો એક માત્ર – કારણ હોય છે. હજારો દર્દીઓનાં નિરીક્ષણ અને પરીક્ષણ પછી એ લોકોએ અંદાજેલા આંકડા આ પ્રમાણે છે:–

ગરદન ખભાના દુ:ખાવામાં ૭૫ ટકામાં માનસિક તણાવ એક મુખ્ય કારણ હતું.

– પેટના દુ:ખાવામાં ૫૦ ટકા;

– ત્વચાના રોગોમાં ૩૦ ટકા;

– માથાના દુ:ખાવામાં ૮૦ ટકા;

– કબજિયાતમાં ૭૦ ટકા;

અને થાકની ફરિયાદમાં ૯૦ ટકા દર્દીઓમાં માનસિક તણાવ એક અગત્યનું કારણ જણાયું હતું. આ ઉપરાંત દમના રોગમાં, હૃદય અને બ્લડ પ્રેશરના રોગોમાં, વા-સંધિવામાં તેમ જ શરદી સળેખમમાં પણ માનસિક તણાવ એક કારણ હોય છે. કેન્સર રોગ વિષેના સંશોધનમાં પણ જણાયું છે કે આનંદી, સુખી સ્વભાવવાળી વ્યક્તિઓને કેન્સર જવલ્લે જ થાય છે. "Prevention" માસિકે તો આ વિષય પર એક લેખમાળા લખેલી, જેનું શિર્ષક હતું 'Happy People rarely get Cancer.' માનસિક તણાવ નાના મોટા અનેક રોગોનાં મૂળમાં વર્તાતો હોય તો પછી Relaxation એ તણાવ દૂર કરવાના ઉપાય તરીકે આપણે જાણવો જરૂરી છે. ઉપરોકત રોગોના ઉપચારમાં જ Relaxation જરૂરી છે એમ નથી; અનેક રોગોના સાચા નિદાન માટે પણ Relaxation આવશ્યક છે. જો દર્દી Relaxed ન હોય, તણાવગ્રસ્ત હોય તો એનું બ્લડપ્રેશર રીડીંગ, એના નાડીના કે હૃદયના ધબકારા – અરે! એનો X-Ray ફોટો સુદ્ધાં – શારીરિક અવ્યવસ્થાનું સાચું ચિત્ર રજૂ ન કરી શકે. (આ બાબત વિસ્તારીને મેં પરિચય પુસ્તિકા માટે લખી છે, જે થોડા મહિનામાં પ્રકાશિત થશે.)'

જેમ "અજ્ઞાનનો બોધ એ જ્ઞાનનું પ્રથમ ચરણ છે."– (–રજનીશ) તે પ્રમાણે તણાવની અવસ્થા છે એવું જ્ઞાન અને એ તણાવનો પોતાનામાં અનુભવ થવો એ Relaxation પામવાનું પ્રથમ પગથિયું છે. શરીરમાં તણાવ છે એ સમજાઈ જાય તો Relaxation પામવું સરળ થઈ પડે છે. પછી તો આપણે એક મિકેનીકની જેમ કામ કરવાનું રહે છે. કોઈ પણ મશીનનું સમારકામ કરવું હોય તો તેને પહેલાં બંધ કરવું પડે છે; મશીન ચાલુ હોય તો સમારકામ ન થઈ શકે. તે પ્રમાણે શરીરમાં તણાવ હોય તો શરીરનું સમારકામ પણ અશકય અથવા અઘરૂં છે. શારીરિક અને માનસિક રોગો દૂર કરવા પહેલાં પણ શરીર અને મનને શાંત કરવાં જરૂરી છે, કારણ એ બન્ને ન્યુટનના પેલા સિદ્ધાંતની જેમ વર્તે છે: "A moving object continues to be in motion till counteracted by some force to check its momentum." તણાવને counteract કરતો Force તે Relaxation છે.

તણાવ ઊભો કેમ થાય છે?

જ્ઞાનતંતુના સંદેશ કે આદેશ પ્રમાણે સ્નાયુ કામ ન કરે તો તણાવ ઊભો થાય છે. દા. ત. ક્રોધિત માણસ ક્રોધ ન પ્રદર્શિત કરે તો એના સ્નાયુઓ અથવા અવયવો સખત થઈ કાર્યક્ષમતા ગુમાવી દે છે. લાંબે ગાળે, આવી તણાવગ્રસ્ત રહેતી વ્યકિતમાં પેટનું ચાંદું, ઊંચું બ્લડપ્રેશર, હૃદયના ભાગમાં દુ:ખાવો, નરવસ બ્રેકડાઉન વગેરે કોઈ પણ બિમારી લાગુ પડી શકે છે. આવી બિમારી સાઈકો-સોમાટીક કહેવાય છે. (માનસિક ઉદ્વેગને કારણે થતી શારીરિક બિમારીઓ) અને આજના સુધરેલા કહેવાતા જમાનામાં ખાસ કરીને શહેરી જીવનમાં ઘણાખરા રોગો મહદ્ અંશે સાઈકો – સોમાટીક હોય છે. ખલીલ જીબ્રાને કહ્યું છે તેમ આપણે – જાગતા કે ઊંઘતા– દરેક વખતે તણાવગ્રસ્ત હોઈએ છીએ. 'પ્રોફેટ'માં એ કહે છે You! Restless in rest!

Relaxation એક ઉપચાર તરીકે

Relaxation એક Therapy તરીકે, એક ઉપચાર પદ્ધતિ તરીકે કઈ રીતે ફાયદો પહોંચાડે તે વિષે સંશોધન થયું છે. એથી જણાયું છે કે આપણે આરામ ભલે કરતાં હોઈએ, પરંતુ તે આરામની સ્થિતિમાં ધારો કે કોઈને મારવાનો વિચાર કરીએ–માત્ર વિચાર કરીએ તમાચો યા મુક્કી મારવાનો – તો પણ આપણા હાથના સ્નાયુઓ અમુક અંશે સખત થાય છે. ઈલેકટ્રીક યંત્રો દ્વારા આ તણાવ નોંધાયો છે. હવે જો હાથના સ્નાયુઓનો વિચાર કરી, એને Relax કરવામાં આવે, તો મારવાનો ખ્યાલ મનમાંથી દૂર થઈ જાય છે. અને જ્યાં સુધી માર મારવાનો વિચાર મગજમાંથી દૂર રાખી શકાય ત્યાં સુધી Relaxation ચાલુ રહે છે. હાથના સ્નાયુઓમાં તણાવ આવી શકતો નથી. મતલબ કે સ્નાયુઓને Relax કરવાથી મન Relax થાય છે. Somatc–Physchic Effect એ એટલી જ સાચી હકીકત છે, જેટલી મન Relax કરવાથી સ્નાયુ/શરીર ઢીલું કરી શકાય. Psycho–Somatic Effect એ એક હકીકત છે. સ્નાયુઓના Relaxation દ્વારા માનસિક Relaxation પામવાનો ભેદ ઉકેલાઈ ગયાથી Relaxation Therapy માં વૈજ્ઞાનિકો અને ડૉકટરોને વિશ્વાસ બેઠો છે.

સ્નાયુ/શરીરને ઢીલા કેમ છોડવા?

કોઈપણ આરામદાયક સ્થિથિમાં બેસી અથવા સૂઈને તણાવની હસ્તીનો પહેલાં તો અનુભવ કરવો જરૂરી છે. પછી એ તણાવગ્રસ્ત અવયવો/સ્નાયુઓનો વિચાર કરતાં રહી – એને જોતાં રહી – હળવા માનસિક સૂચનો દ્વારા તણાવ દૂર કરી શકાય છે. 'આ હાથ મારો નથી,' 'મારા હાથમાંથી બધી શકિત જતી રહી છે,' 'મને ઊંઘ આવતી લાગે છે,' એવા ખ્યાલોથી તણાવ દૂર કરી શકાય છે. બીજા ઉપાયો પણ છે જે મદદ કરી શકે. દા. ત. પેટના શ્વાસોચ્છવાસ: એટલે શ્વાસ લેતાં છાતી ન વિકસે, પરંતુ પેટ વિકસે; અને શ્વાસ છોડતાં પેટ અંદર જાય, છાતી Immobile રહે. આ જાતનું એબ્ડોમીનલ બ્રીધીંગ શરીરના બધા સ્નાયુઓ માટે – પણ વિશેષત: પેટનાં અવયવો માટે – ફાયદાકારક છે.

માનસિક શિથિલીકરણ

આટલું જાણ્યા પછી તમને પણ લાગશે કે આપણને આપણા વિવિધ પ્રકારનાં રોગો, વ્યાધિઓ માટે જેટલી જરૂર Medication ની છે તે કરતાં વિશેષ Meditation ની છે. આ બાબત થોડી વિસ્તારીને સમજાવું, કારણ Meditation અને R lavation વચ્ચે ઘણું સામ્ય

છે. Meditation માં મન શાંત છે; મૌન છે. Relaxation માં પણ મગજ શાંત છે, મૌન છે અથવા વિચારો છે તો તેમની ગતિ ધીમી પડી ગઈ હોય છે. Relaxation એટલે ઢીલું મૂકવું. Re—Again; Lax—Loose; Limp—Languid. મેં શરૂઆતમાં Discover જેટલો જ રસપ્રદ શબ્દ Relaxation છે એમ કહ્યું છે તે અહીં સમજાશે. Relaxation નો Re અગત્યનો છે. સ્નાયુ કે મનને Lax ઢીલા મૂકવા એ સહેલું નથી. એ પાછું પાછું (Re-Re) કરતાં રહેવું પડે છે; એટલે કે Relaxation નો Re અગત્યનો છે. તણાવ ન આવે એ માટે સજાગ-સભાન રહેવું પડે છે. જે બીજા બધા Freedom ને લાગુ પડે છે તે કહેવત અહીં પણ લાગુ પાડી શકાય કે Vigilance is the price of Freedom. (અહીં Freedom from tension એ અર્થ ઘટાવવો રહ્યો.)

માનસિક Relaxation ની અમુક ચાવીઓ છે. આપણી અંદર કંઈક છે જે હંમેશ શાંત છે. એને આત્મા કહો કે બીજું કાંઈ. નામ સાથે કામ નથી, પણ જે સાચો 'હું', 'I'—'Self' છે તે શાંત છે એવું અનુભવીઓ કહી ગયા છે; અને એનો અનુભવ આપણને પણ થઈ શકે છે. આ શરીર એ આપણી સાચી Self નથી; મન પણ સાચી Self નથી, કારણ એ બંને Disturb થઈ શકે છે; શરીર સુધરી, બગડી શકે છે. મને સારાં-નરસાં વચ્ચે ડોલા ખાઈ શકે છે. હૃદય જે લાગણીઓનું, ઊર્મિઓનું, કેન્દ્ર છે, તેનું પણ એમ જ છે. Positive અને Negative વચ્ચે એ પણ અસ્થિર રહેતું હોય છે. પરંતુ આપણું જે સાચું સ્વરૂપ છે તે હંમેશ શાંત અને સ્વસ્થ છે. ખરું કહીએ તો 'સ્વ' કહેવા જેવું આપણી પાસે કંઈ જ નથી, સિવાય આત્મા. સાચું 'સ્વ' રૂપ તે આત્માનું રૂપ છે; સાચો 'સ્વ' ભાવ તે આત્માનો ભાવ છે; સાચું 'સ્વા'સ્થ્ય તે આત્માનું સ્થિરપણું છે. આપણી અંદર રહેલા આ સાચા 'સ્વ' ને પહોંચી જવાય તો સંપૂર્ણ શાંતિનો અનુભવ થાય છે; બધાં Tensions છૂટી જાય છે. જેમ મહાસાગરના ઉપરના, ભાગમાં તોફાનની અસર ભલે થાય, અને મોજાંઓ ૫૦ થી ૬૦ ફૂટ જેટલાં પણ ઉછળે, પરંતુ સાગરને તળિયે ૩-૪ માઈલ ઊંડે તો ચિર શાંતિ છવાઈ હોય છે, તે પ્રમાણે બહારથી ગમે તેટલો ઉદ્વેગ (વિચારો અને લાગણીના પ્રવાહમાં તણાઈ જઈ)—આપણે અનુભવતા હોઈએ, પરંતુ આપણી સાચી Self તો હંમેશા શાંત છે, સ્વસ્થ છે. (સ્વ માં સ્થિત છે.) એ શાંતિનિકેતન આપણી અંદર વસ્યું—છે. વિચારોની શૃંખલાઓ તોડી શકાય—વિચારોના Traffic ને રોકી શકાય—કંઈ નહીં તો ધીમો પાડી શકાય—તો આપણા સાચા શાંત સ્વરૂપને આપણે ઓળખી શકીએ છીએ. Meditation—એ આ જ છે, બીજું કાંઈ નહીં; અને સાચું Relaxation પણ આ જ છે, બીજું કંઈ નહિ.

માનસિક રોગોના દવાઓ, વીજળી, શસ્ત્રક્રિયા વગેરેથી ઈલાજો કરવામાં આવે છે, પરંતુ એનાથી માનસિક સ્વાસ્થ્ય પામી શકાતું નથી. માનસિક સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવું હોય, વર્તમાનની તેમજ ભવિષ્યની માનસિક ચિંતાઓ અને વ્યાધિઓનો અંત આણવો હોય, તો એમાં ડૉકટરો મદદરૂપ ન થઈ શકે. એમાં ફિલસૂફો, મહાત્માઓ મદદ કરી શકે છે; બીજા કોઈ નહીં. ૨૪૦૦ વર્ષ પહેલાં ગ્રીક ફિલસૂફ પ્લેટો કહી ગયો હતો કે શરીર અને મનના આરોગ્ય માટે આત્માને નિરોગી રાખવો જરૂરી છે. આ વિચારનો પડઘો આધુનિક યુગના એક વિખ્યાત મનોવૈજ્ઞાનિક સ્વ. ડૉકટર કાર્લ ગુસ્તાવ યંગના શબ્દોમાં પડે છે. દુનિયાભરના ખૂણે ખૂણેથી આવતા હજારો દર્દીઓના અનુભવ પછી ડૉ. યંગે એમના આખરી દિવસોમાં કહ્યું હતું, "કોઈ પણ અપવાદ સિવાય ૩૫ વર્ષ ઉપરની ઉંમરનાં મારાં બધાં દર્દીઓમાં મને જણાયું છે કે "દરેકના ઉપચારમાં અંતિમ જરૂરિયાત જીવનમાં ધાર્મિક દૃષ્ટિકોણ આણવાની હતી. હું વિશ્વાસ પૂર્વક કહી શકું છું કે આમાંના પ્રત્યેક દર્દીની માંદગીના મૂળમાં તે તત્ત્વનો અભાવ હતો જે એકેએક યુગમાં એકેએક ધર્મ પોતાના અનુયાયીઓને સમજાવતો આવ્યો છે અને કોઈપણ દર્દી સાચા અર્થમાં સાજો થયો ન હતો, જ્યાં સુધી તેણે આ તત્ત્વ પ્રાપ્ત કરવા પ્રયાસ ન કર્યો હોય." અને એટલે જ દરેક સમજુ ડૉકટર દરેક નાની મોટી માંદગીમાં જાણે છે કે કઈ જાતનો રોગ દર્દીને થયો છે તે જોવું એટલું અગત્યનું નથી કે જેટલું અગત્યનું એ તપાસવું જરૂરી છે કે કઈ જાતના દર્દીને રોગ થયો છે.

મેં કહ્યું કે આપણને Medication નહિ Meditationની જરૂર છે. અને Meditation માં આપણે Relax થઈએ છીએ. Relaxation એટલે પકડ છોડવી તે. Let Go. સ્નાયુઓનાં તણાવને છોડવો; અને મનના વિચારોની પણ પકડ છૂટવી તે Relaxation. અહીં Let Go બંને અર્થમાં વપરાયું છે. "જતું કરવું" "જવા દેવું" એ એક અર્થ અને "પકડ છોડવી" એ બીજો અર્થ. પહેલો અર્થ માનસિક દૃષ્ટિકોણથી કરવો અને બીજો અર્થ શારીરિક દૃષ્ટિકોણથી.

બાઈબલે સૌથી અગત્યનું કોઈ સૂત્ર માનવીને આપ્યું હોય તો તે છે Be Still અને શાંત થવા માટે ખાલી થવું જરૂરી છે. Zen Buddhism એને Void અથવા Vacume કહે છે. રજનીશજી એને 'રિકત હોના' કહી વર્ણવે છે. મહાવીર પણ Let go ની વાત કહી ગયા છે. 'તજવામાં જ તેજસ્વિતા છે', 'આપવામાં જ આત્મશ્રેય છે' એવું એમણે કહ્યું છે. ખલીલ જીબ્રાન કહે છે: "You are suspended like scales between your sorrow and your Joy. Only when you are empty, are you at standstill and balanced."

પણ આમ રિકત થવાય કઈ રીતે? Still થવાય કઈ રીતે? Let Go ની વૃત્તિ, ત્યાગની વૃત્તિ આવે કઈ રીતે? આ બધું ફકત Meditation થી જ શકય છે. Meditation થી બધું આપમેળે છૂટી જાય છે; કશું ય છોડવા માટે પ્રયત્ન કરવો પડતો નથી. Relaxationથી Meditation માં આપ મેળે નહીં પણ પહોંચાય, પરંતુ Meditation થી Relaxation માં જરૂર પહોંચી જવાય. છે. કોઈ રમણ મહર્ષિ જેવા શાંત, સ્વસ્થ, સ્થિર થવું સરળ નથી, પરંતુ એવા થયા વિના આ કષ્ટમય જગતમાંથી મુકિત મળનાર નથી. અને જેનું બધું છૂટી જાય છે તેને તો બધું ય મળી રહે છે. જે ખાલી થાય છે તેનામાં એવું કંઈક પ્રકાશે છે કે જે પ્રકાશનો પ્રકાશ અનેક અંધકારમય જીવનને રોશન કરી દે છે.

Relaxation ના ઊંડાણમાં ઉતરવાની કેટલી જરૂર છે અને એ ઊંડાણ કઈ રીતે પામી શકાય એની થોડી ઝાંખી આજે તમને કરાવી શકયો હોઉં તો હું મારી જાતને ધન્ય માનીશ. આ બાબત ઘણું ય લખાયું અને કહેવાયું છે, પરંતુ કોઈ તમારે બદલે જેમ શ્વાસ લઈ શકે નહિ કે જીવી શકે નહિ, તેમ તમારે બદલે અન્ય કોઈ Relaxation કરી શકે નહિ. આ તો Do It Yourself Job છે.

અંતમાં તમારા ચિંતન માટે L. P. Yandellના શબ્દો ટાંકી આ પ્રવચન બંધ કરીશ. જુલાઈ ૧૯૬૮ ના Mountain Pathમાં શ્રી યાંડેલ લખે છે:—

What a Difference Between 'Make' and 'Let'! In 'Make' the arrow can miss the target. In 'Let' target comes to meet the arrow.

ડૉ. એમ. એમ. ભમગરા

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ-૩.
મુદ્રણસ્થાન: ધી રટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ-૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૦ : અંક ૧૫

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ડીસેમ્બર ૧, ૧૯૬૮, રવીવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ પ્રસન્ન જીવનસંધ્યા ☆

[એક કુળવધૂએ પોતાના સ્વર્ગસ્થ શ્વશુરને આપેલી ભાવભરી અંજલિ – તંત્રી.]

ઉઘડતા પ્રભાતે આકાશમાં સુરમ્ય રંગોની જે શોભા પ્રગટે છે તેવી જ બલકે ઘણીવાર તેથી પણ વધારે નયનમનોહર અને મનને પ્રસન્નતાથી ભરી દેતા રંગોની રંગોળીઓ સંધ્યા સમયે પણ જોવા મળે છે. કુદરતમાં આ નિયમ છે જ, તેમાં કશો ફરક પડતો નથી. તો માનવ જીવનમાં પણ આ નિયમને કેમ લાગુ ન પાડી શકાય ? તેવો વિચાર ઘણીવાર આવે છે. માનવજીવનની પ્રભાત અને સંધ્યા બેઉ શાંત, રમ્ય, મધુર અને આલ્હાદક કેમ ન બનાવી [શકાય ? જીવનપ્રભાત તો લગભગ બધાનાં મધુર, પ્રસન્ન અને આનંદિત હોય છે. બચપણ નિર્દોષ આનંદ કિલ્લોલમાં વીતે છે. સુંદર, નિર્દોષ, તંદુરસ્ત બાળક કિલ-કિલાટ કરે, હસે, રમે, આદિ એની પ્રત્યેક બાલસુલભ ચેષ્ટાઓ પોતે પણ આનંદમાં મસ્ત બનીને માણે છે, અને બીજાઓને પણ એટલો જ આનંદ આવે છે. આનંદમય જીવનપ્રભાત એ કુદરતી બક્ષિસ છે. પરંતુ જીવનસંધ્યાને એટલી જ આનંદમય અને રળિયામણી બનાવવા માટે સ્વયં પુરુષાર્થ સાધવો પડે છે અને તે માટે જીવન મધ્યાન્હે અને ઢળતી સાંજે સતત જાગૃતિ, બોધપૂર્ણ જાગૃતિ, પ્રત્યેક વિચારો અને કર્મોમાં જાગૃતિ સેવવી જરૂરી બને છે. તો જ જીવન-સંધ્યા, જીવનપ્રભાત જેટલી ઉજ્જ્વાળી અને પ્રસન્ન બનાવી શકાય છે. અને એ રીતે કુદરતનાં રંગો, એની શોભા અને સંગીત જોડે માનવજીવન પોતાનો તાલ મિલાવી શકે છે, સંવાદિતા સાધી શકે છે. આવી સંવાદિતા જેઓ સાધી શકયા છે તેઓ જીવનને જીતી ગયા છે.



★ શ્રી મંગળદાસ પકવાસા ★

મારા પૂ. પિતાતૂલ્ય સસરાજી શ્રી મંગળદાસ પકવાસા આવા મહાનુભાવોમાંના એક હતા. તેમનાં નિકટનાં આત્મીયજનો તરીકે અમારો એકલાનો જ આ અનુભવ નથી પરંતુ તટસ્થ દૃષ્ટિથી જોનારા સૌ કોઈને સ્પષ્ટ દેખાય તેવું પ્રસન્ન એમનું જીવન હતું. એક કુલવધૂ તરીકે આ ઘરમાં ૩૦ વર્ષ પહેલાં મેં પગલાં માંડયાં. તેઓએ મને પુત્રવધૂ તરીકે જ નહીં પરંતુ સાથેસાથે બીજા પુત્ર તરીકે અપનાવી લીધી હતી. તે વખતે તાજેતરમાં જ મારા એકનાં એક દિયરનું યુવાનવયે અચાનક અવસાન થયું હતું. તેનો કારમો આઘાત સમતાપૂર્વક જીરવવા તેઓ કહેતા કે "મારા એક પુત્રે ઘરમાંથી વિદાય લીધી, અને બીજા પુત્રે ઘરમાં પ્રવેશ કર્યો. પરમેશ્વરે મને કશી ખોટ પડવા દીધી નહીં." દુ:ખમાં પણ સમાધાન અને સ્વયં આશ્વાસન કેમ મેળવી લેવું તેની કલા તેઓને અવગત હતી. એમનાં જીવનનાં આવા બીજા ઘણાં સુંદર પાસાઓનું અવલોકન કરવાનું સૌભાગ્ય મને મળ્યું, જેથી મારા જીવનઘડતરમાં પણ મહત્ત્વનો સહયોગ મળ્યો. મારા દિયરના મૃત્યુ પછી બીજે જ દિવસે કાઉન્સિલ મિટિંગમાં તેઓએ હાજરી આપી. લોકો એમને જોઈને આશ્ચર્યમાં પડી ગયા. ત્યારે તેમણે કહ્યું કે પુત્રમૃત્યુનો પ્રસંગ મારો અંગત હતો, પણ આ તો જાહેર સેવાની મારી ફરજ છે. તેની વચ્ચે મારો અંગત પ્રશ્ન કેમ આડો આવી શકે ?"

છેલ્લા કેટલાંક વર્ષોથી જાતજાતનાં ઓપરેશનો એમનાં શરીર પર કરવા પડેલા અને જાતજાતનાં રોગોએ શરીરમાં ઘર કર્યું હતું. તે બધાને શાંત રાખવા માટે તેઓએ બે રસ્તાઓ અપનાવ્યા હતા. એક તો સતત કાર્યમગ્ન રહેવું, અને બીજું વિનોદવૃત્તિ વડે - હાસ્ય અને મજાકથી - મનને હળવું રાખવું. પોતાનાં ખખડી ગયેલા અને રોગોથી ભરપૂર શરીર પ્રત્યે તેઓએ ભરપુર અનાસકિત કેળવી હતી, દૃઢ મનો-બળથી જ શારીરિક દુ:ખ સહ્ય બનાવી શકયા હતા. ઘણીવાર મજાકમાં તેઓ કહેતા કે "મારા શરીરમાં રહેલા રોગો સાથે હું વાતો કરું છું, અને તેમને સલાહ આપું છું કે તમે છાના-માના બેસી રહો. જો જરાપણ ગરબડ કરશો અને મને દુ:ખ દેવાનું કરશો તો હું મરી જઈશ, મારા શરીરને બાળી મૂકવામાં આવશે, એટલે સાથે તમે પણ બળી જશો. હું તો પાછો ફરી જન્મ લઈશ, પણ તમે તો સદાનાં બળી જશો. માટે જો જીવતા રહેવું હોય તો ચૂપ બેસી રહો." એમની વિનોદવૃત્તિએ ઘણીવાર રાજકારણના કડવા વિખવાદો ટાળવામાં, તેમ જ સંસ્થાકીય અને પારિવારિક ઝઘડાઓના ઉકેલમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ગમે તેવા ગંભીર અને તંગ વાતાવરણમાં તેઓ સરળતાથી હાસ્યનું મોજું ફેલાવીને વાતાવરણને હળવું બનાવી શકતા હતા, અને અપેક્ષિત શાંતિ અને સમાધાન નજીક આણવામાં મદદરૂપ થતા હતા. તેઓ હંમેશા કહેતા કે કાત-રનું કામ સહેલું છે, એકમાંથી બે જલ્દી થઈ શકે છે, પણ સોયનું કામ કરીને તૂટેલાને જોડવાનું કામ કરવું તેમાં સાચી જીવનકલા સમાયેલી છે.

તેઓ બોમ્બેસ્ટેટ લેજીસ્લેટીવ કાઉન્સિલનાં પ્રમુખ હતા ત્યારે સભાગૃહમાં નોન - કૉંગ્રેસી લોકોની બહુમતિ હતી, (તે છતાં અધ્યક્ષસ્થાને તેઓને ચૂંટવા પાછળ બધા પક્ષોની તેમના પ્રત્યેની ચાહના હતી.) એટલે અવારનવાર કાર્યવાહીમાં વિક્ષેપ કરવાનું કામ ઘણાંઓએ નિયમપૂર્વક માથે લીધું હોય તેમ લાગતું. તે છતાં તેવા

તત્વોને યુક્તિપૂર્વક કોઈવાર વિનોદ–મજાકપૂર્વક, તો કોઈવાર હળવા કટાક્ષો કરીને શિસ્તમાં રાખતા હતા. એક પ્રસંગનો ઉલ્લેખ કરું. એકવાર સભાગૃહમાં એક ભાઈએ પોતાનું વકતવ્ય બીજાઓને ચીઢવવા ખાતર કોંકણીમાં શરૂ કર્યું. સભામાં 'પોઈન્ટ ઑફ ઑર્ડર'નો નાદ ઉઠ્યો અને ધાંધલ થઈ ગઈ. બધાને સમજાય તેવી ભાષામાં બોલવા માટે આગ્રહ થયો. પેલાએ તો મુક્કી પછાડીને જીદ જ લીધી કે મને આવડે અને મને ગમે તે ભાષામાં બોલવાનો મારો અધિકાર છે. છેવટે અધ્યક્ષ વચ્ચે પડ્યા અને કહ્યું કે "હું આ ભાઈનાં પક્ષે છું, અને તેઓનો બચાવ કરું છું. તેઓ પોતાની ભાષામાં બોલવાને સંપૂર્ણ સ્વતંત્ર છે, તે અધિકાર આપણે કેમ છિનવી શકીએ? ભલે પછી એનો એકપણ અક્ષર આપણે ન સમજી શકીએ. પણ તેથી શું થયું? તેમાં કશું સમજવા જેવું નહીં હોય તેથી તો તેઓ કોઈને ન સમજાય તેવી ભાષામાં બોલે છે. આપણે તેમાં વાંધો ન હોવો જોઈએ." પેલો એવો તો ભોંઠો પડી ગયો કે તદ્દન બેસી ગયો. બીજે એક પ્રસંગે એક વિવાદી પ્રશ્નપર ચારપાંચ જણાં સાથે બોલવા લાગ્યા. સભાગૃહે વાંધો લીધો કે એક પછી એક બોલે તો સમજાય. અધ્યક્ષે કહ્યું કે "ભલેને બધા સાથે જ બોલતા, વહેલું પુરું થશે. એક પછી એક બોલશે તો ઘણો સમય થશે, અને આમાં ખાસ સમજવા જેવું નહીં હોય તેથી તો તેઓ સાથે બોલી નાખે છે." પેલા લોકો શરમાયા અને બેસી ગયા.

તેઓ સ્વયં પુરુષાર્થથી આપબળે ઘણી તકલીફો અને ગરીબીનો સામનો કરીને ભણ્યા, સન્માનપૂર્વક પરીક્ષાઓ પાસ કરી, ઘણાં પારિતોષિકો પ્રાપ્ત કર્યા, અને છેવટે એમનાં સોલિસીટરનાં વ્યવસાયમાં મૂળ આગળ આવ્યા. જીવનના મધ્યાન્હે તેમની ધીકતી પ્રેક્ટીસ હતી. તેમની ધંધાકીય ક્ષમતા, પ્રમાણિકતા, વિવેક અને સિદ્ધિની બહુ ખ્યાતિ હતી, એટલે લોકો પણ વધારે પ્રમાણમાં તેમનાં પ્રત્યે આકર્ષાતા. તેમનાં હાથમાં યશ હતો. ગરીબ અને સાધારણ સ્થિતિના લોકોને તેઓ કશું લીધા વગર કાયદાની સલાહ આપતા હતા. અને કેટલાક પ્રસંગોએ નાનામોટા ઘરનાં ટંટાઓ ઘરમેળે જ પતાવવાની સલાહ આપતા, એટલું જ નહીં પણ, તેમાં તેઓને મદદ કરતા હતા. આમ કરવામાં તેમની ફીનાં પૈસા ભલે ન મળે. પણ એક પરિવારમાં શાંતિ સ્થાપવામાં પોતે સહાયભૂત થયા તેનો અપૂર્વ આનંદ તેઓને થતો હતો.

ખાદી ગ્રામોદ્યોગ સંસ્થાને એકવાર મોટો ટેક્સ ભરવાનો પ્રસંગ આવ્યો. રકમ બહુ મોટી હતી. લગભગ ૧૩ લાખની. અને કેસ હારી ગયા હતા. પૂ. સરદાર સાહેબે પૂ. કાકાને (મંગળદાસ પકવાસા) આ કેસ છેક પ્રીવીકાઉન્સિલ સુધી પહોંચીને લડવા માટે સૂચવ્યું. તે વખતે કાકા જેલમાં હતા. તેઓએ પૂ. ભૂલાભાઈ કાકા (દેસાઈ) જેઓ સાથે જ જેલમાં હતા તેમની સલાહ લીધી. તો તેઓએ કહ્યું કે "મંગળભાઈ, આમાં કંઈ જીતાય નહીં. આ કેસ લડવાનો વિચાર absolutely absurd છે." આવા મોટા બેરીસ્ટરની આવી સલાહ મળી છતાં કાકાને થયું કે આ કેસ આપણે લડવો જ છે અને ખાદીનાં રૂ. ૧૩ લાખ બચાવવા જ છે. તેઓ કેસ લડ્યા અને જીતી આવ્યા. રૂ. ૧૩ લાખ બચી ગયા અને હંમેશ માટે પેલા ટેક્સમાંથી મુક્તિ મળી ગઈ. તે પ્રસંગથી પૂ. બાપુને કાકાની કાયદા વિષેની સલાહ માટે ખૂબ જ માન થયું. અને અવારનવાર જરૂર પડયે તેમની તેઓ સલાહ લેવા લાગ્યા અને અગત્યનાં ડૉકયુમેન્ટસ આદિમાં પણ તેમને પૂછવા લાગ્યા. શ્રી કસ્તુરબા ટ્રસ્ટ માટે મોટી કીંમતનો સ્ટેમ્પ મારવો પડે તેમ હતું. તે વખતે બીજા અગ્રગણ્ય બેરિસ્ટરો, વકીલો અને કાયદા–નિષ્ણાતોએ સ્ટેમ્પના પૈસાની મોટી રકમ બચાવવા કેટલાક માર્ગો સૂચવ્યા. એમ કહીને કે આ તો ફંડનાં પૈસા છે, તે તો ગમે તે રીતે બચાવવા જ જોઈએ. ત્યારે પૂ. બાપુએ પૂ. કાકાને વર્ધા બોલાવ્યા અને બધી હકીકત કહીને એમની સલાહ માગી. કાકાએ કહ્યું કે "બાપુ, તમે તો સત્યનાં આગ્રહી અને વળી પાછા મહાત્મા ગાંધી, તે જો ઊઠીને બીજાની સલાહથી સ્ટેમ્પના પૈસા બચાવવા માટે આવા વિપરીત માર્ગો લેવાનું વિચારશે તો મારે શું સમજવું, અને બીજાઓ શું સમજશે?" બાપુ તરત જ સમજી ગયા, અને કહ્યું કે, "બસ મારે આ જ જવાબ જોઈતો હતો. આપણાથી થોડા પૈસા બચાવવાની લાલચે સરકારને છેતરવાનાં ઉપાયો ન જ થઈ શકે."

તેમની દક્ષતા અને કુનેહને લગતા નીચેના બે પ્રસંગો અહીં રજુ કરું તો તે અસ્થાને નહિ ગણાય.

૧૯૪૮ સુધી સ્કાઉટગાઈઝની વિશ્વપ્રવૃત્તિ આપણાં દેશમાં ત્રણ નામે ચાલતી હતી. બૉયસ્કાઉટ, ગર્લગાઈડ અને હિંદુસ્થાન સ્કાઉટ. ત્રણે પ્રવૃત્તિઓ પરસ્પર સુમેળવિના પોત-પોતાની સ્વતંત્રરીતે ચાલતી હતી. આવી ઉમદા વિશ્વપ્રવૃત્તિ કે જેમાં પરસ્પર મૈત્રી, દેશ અને સમાજસેવાનાં સંસ્કારની ભાવના બાળકોમાં બચપણથી જ રોપવાનાં કાર્યને મહત્ત્વ હોય, તે કામ કરતા લોકોમાં જ જો પરસ્પર સુમેળ ન હોય તો પ્રવૃત્તિને ઘણું નુકસાન પહોંચે, તેવો વિચાર તેમને આવ્યો. અને ત્રણે પ્રવૃત્તિઓનું એકીકરણ કરવાનો પ્રયત્ન કર્યો. સફળતા મળવી મુશ્કેલ હતી, છતાં એમની દક્ષતા, કુનેહ, સમાધાનભરી વલણ અને પ્રવૃત્તિ પ્રત્યેની નિષ્ઠાની આખરે અસર થઈ અને ૧૯૪૮માં નાગપુરનાં રાજભવનમાં તેમનાં અધ્યક્ષસ્થાને આ પ્રવૃત્તિનાં દેશભરનાં નેતાઓની પરિષદ બોલાવવામાં આવી. ઘણી ચર્ચા વિચારણા અને સમજાવટને અંતે અપેક્ષિત સિદ્ધિ મળી, અને ત્રણે સંસ્થાઓનું એકીકરણ થયું, અને તેમાંથી ભારત સ્કાઉટ અને ગાઈડ નામની નવી સંસ્થાનો જન્મ થયો. આ સંસ્થાનાં અખિલ ભારતીય નેશનલ કાઉન્સિલનાં અધ્યક્ષ તરીકે તેમણે ઘણાં વર્ષસુધી માર્ગદર્શન આપ્યું અને સંસ્થાને એક નક્કર ભૂમિકાપર સ્થિર કરવામાં તન, મન અને ધનથી પૂરો સહયોગ આપ્યો. રાજ્યની કક્ષાએ સ્ટેટ કાઉન્સિલનું અધ્યક્ષપદ પણ છેક હમણાં સુધી તેઓ સંભાળતા હતા.

૧૯૪૭-૪૮ માં સરદાર વલ્લભભાઈ પટેલે દેશી રજવાડાઓનું એકીકરણ કરવાનો નિર્ણય કર્યો. નિઝામનું રાજ્ય ભારતભરમાં સૌથી મોટું હતું. સરદાર કહે કે હું હૈદ્રાબાદ ન જાઉં. નિઝામ કહે કે હું દિલ્હી ન આવું. આખરે પૂ. કાકાએ તોડ કાઢ્યો કે બેઉ જણાએ નાગપુરમાં મળવાનું રાખવું કારણ કે હું ગવર્નર તરીકે ગવર્મેન્ટ ઑફ ઈન્ડિયાનો પ્રતિનિધિ છું અને સાથે સાથે સેન્ટ્રલ પ્રોવીન્સીસ અને બિહારનો ગવર્નર છું એટલે નિઝામ બિહારમાં હોવાથી તેમનો પણ ગવર્નર છું એટલે બેઉ મારે ત્યાં આવીને મળે તો કોઈને કશો વાંધો નહીં આવે. નિઝામ અને સરદાર બેઉ કબૂલ થયા. પણ આ વાતની હૈદ્રાબાદમાં ચાલતી રઝાકાર પ્રવૃત્તિનાં નેતા કાસિમ રઝવીને ખબર પડી એટલે તેઓ નિઝામનાં પેલેસ આડે રઝાકારોની કિલ્લેબંદી કરી દીધી. નિઝામને લગભગ કેદ જેવી સ્થિતિમાં મૂકી દીધા. તેમને આ સ્થિતિમાંથી ઉગારવા માટે કાકાએ એક હેલીકોપ્ટર અને બાહોશ અનુભવી ઓફીસર પાયલટ શ્રી. જી. બી. સીંગને તૈયાર રાખ્યા હતા. તેટલામાં તો ભારતનું સૈન્ય અને ટેંકો હૈદ્રાબાદ પહોંચી ગયા અને નિઝામનાં મહેલ આડેની કિલ્લેબંદી દૂર થઈ.

આ પ્રસંગની યાદગીરીમાં ના. નિઝામે પૂ. કાકાને મુગલ બાદશાહ બહાદૂરશાહ ઝફરનાં પુત્રની મુગલ એમ્બોઝવાળી એક સુંદર ઐતિહાસિક તલવાર ભેટ આપી છે. જે હજી અમારે ત્યાં જાળવી રાખવામાં આવી છે.

પોતાનાં જીવનમાં અમુક સિદ્ધાંતોને અપનાવ્યા પછી તેને ગમે તેવી મુશ્કેલીમાં પણ તેમણે કદી છોડ્યા નથી. ૧૯૩૦ની દાંડીકૂચ વખતે તેઓ પૂ. બાપુનાં નામથી અને કામથી આકર્ષાયા, અને તેમને મળવા સુરત ગયા. મિત્રોએ સલાહ આપી કે તમે ખાદીનાં કપડા પહેરીને જાઓ. ત્યારે તેઓએ કહ્યું કે "મારાથી એવી છેતરપીંડી ન થઈ શકે. મેં હજી ખાદી અપનાવી નથી અને જો પહેરીને જાઉં તો એ સંતને છેતર્યા ગણાય." ત્યારબાદ દાંડી પણ તેઓ ગયા. પૂ. બાપુએ મીઠું ઉંચક્યું અને કાકાને કહ્યું કે "મંગળદાસ તમે પણ મીઠું ઉંચકો." ત્યારે કાકાએ હિંમતથી કહ્યું કે "આ કાયદો તોડવાની વાત છે, અને હજી હું તો કાયદાનાં ધંધામાં છું. એટલે મીઠું ઉંચકવાનું મારાથી ન બને, પણ જ્યારે આમાં આવીશ ત્યારે બધું છોડીને આવી જઈશ." આ બધા પ્રસંગોથી તેઓ પ્રભાવિત થયા અને મન સાથે સંકલ્પ કર્યો કે આપણે આ સત્યાગ્રહમાં જોડાવું છે. પણ ધંધો ચાલુ રાખીને નહીં. તેને સદાને માટે તિલાંજલિ આપીને જ આ પવિત્ર કાર્યમાં જોડાવું જોઈએ. તે વખતે તેઓ ધંધાકીય સિદ્ધિને સર્વોચ્ચ શિખરે પહોંચ્યા હતા. એ સ્થિતિમાં ત્યાંથી એકદમ બધું છોડી દેવું એ ત્યાગ અઘરો હતો. ઘરનો વિચાર, બે બાળકો અને તેમનાં ભવિષ્યનો વિચાર પણ કરવાનો હતો. વડીલો અને મિત્રોએ આમ ન કરવાની સલાહ આપી. પણ તેઓ પોતાનાં સંકલ્પથી ડગ્યા નહીં. અને ધંધો છોડીને તેમાં ફરી ન જવાની પ્રતિજ્ઞા સાથે સત્યાગ્રહમાં જોડાયા. અને જેલવાસ સ્વીકાર્યો. જેલમાંથી બહાર આવીને તેમના ધંધાનાં ઘણાં પ્રતિષ્ઠાબદ્ધ સાથીદારો પાછા ધંધામાં જોડાઈ ગયા, પરંતુ તેઓ ફરી તે તરફ ન ગયા. તે છતાં એમનું કાયદા વિષેનું જ્ઞાન અને સલાહ એટલા ઉત્તમ મનાતા કે ઘણી સંસ્થાઓનાં બંધારણો અને મોટા મોટા ટ્રસ્ટો

ઘડવાનું સન્માનનીય કામ એમને માથે આવતું, અને તેઓ કાળજી અને આનંદપૂર્વક તે કામ કરી આપતા હતા.

તેઓ રાજકારણક્ષેત્રનાં ઋષિ અને દષ્ટા હતા. જે જે આગાહીઓ તેઓ કરતા તે થોડા વખત પછી સાચી પડતી જોવામાં આવી છે.

રાષ્ટ્રીય ભૂમિકાપરની કેટલી યે સળગતી સમસ્યાઓના સરળ ઉકેલો તેઓની પાસે હતા. પણ મારે કહેવું જોઈએ કે તેનો ઉચિત સમયે ઉપયોગ ન થયો. કોઈ પ્રલોભનોથી તેઓ કદિ ખેંચાયા નથી. જે જે સ્થાનો તેમણે શોભાવ્યાં તે તે સ્થાનો માટે પણ તેમને ખૂબ આગ્રહપૂર્વક સમજાવીને ગળે ઉતરાવવું પડેલું. ૧૯૪૭માં જે પહેલા ભારતીય પાંચ ગવર્નરો થયા તેમાંના મધ્ય પ્રદેશના રાજ્યપાલપદ માટે પૂ. સરદાર વલ્લભભાઈ પટેલનો કૉલ આવ્યો ત્યારે અમે તેમની પાસે જ બેઠેલા. ત્યારની વાતચીત મને યાદ છે.

સરદાર સાહેબે તેમને કહ્યું કે "મંગળભાઈ આ સ્થાન તમારે લેવાનું છે, અને ત્યાંનો વહીવટ સંભાળી લેવો પડશે." ત્યારે પૂ. કાકાએ કહેલું કે "મને તો આવો કશો અનુભવ નથી, તમે બીજા કોઈ અનુભવીને લ્યો તો સારૂં" પણ સરદારે તો કહ્યું કે "પૂ. બાપુની પણ આવી ઈચ્છા છે, તેમના કહેવાથી જ મેં કૉલ કર્યો છે." ત્યારે કાકાએ કહ્યું કે "હું કાલે જ દિલ્હી આવું છું, જો બાપુ મારે ગળે આ વાત ઉતરાવી શકે તો જ હું આગળ વિચાર કરીશ." તેઓ બીજે દિવસે દિલ્હી ગયા. બાપૂ તે વખતે હરિજન કૉલોનીમાં રહેતા હતા. ત્યાં તેમના રૂમમાં પ્રવેશ કર્યો કે બાપૂએ આવકાર આપતા કહ્યું કે "આવો ગવર્નર સાહેબ." એટલે કાકા સમજી ગયા કે આ ડોસા તો નક્કી જ કરી બેઠા છે એટલે બીજી કોઈ દલીલ કે ચર્ચાને અવકાશ રહ્યો નથી. તેમનાં આશિર્વાદ લઈને તેઓ સાંજે પાછા આવ્યા. મધ્યપ્રદેશના રાજ્યપાલપદ દરમ્યાન અને મુંબઈ માઈસોર રાજ્યોનાં રાજ્યપાલપદ દરમ્યાન મુખ્ય મંત્રી તેમ જ અન્ય મંત્રીઓ સાથેનો તેમનો સુમેળ, અનેક પ્રસંગોએ લેવાતી તેમની સલાહ એ બધું તો સહુને વિદિત છે જ. મિનિસ્ટરો મિનિસ્ટરો વચ્ચેનાં મનદુ:ખોને ટાળીને તેઓનાં મન એક કરવામાં અને રાજ્યોનો વહીવટ ક્ષમતાપૂર્ણ બનાવવામાં તેમનો ખૂબ સહયોગ રહ્યો છે.

આ ઉપરાંત જ્યાં જ્યાં રાજ્યપાલપદે તેમની નિયુક્તિ માટે તેમની પરવાનગી મંગાવવામાં આવતી ત્યારે તેઓ હંમેશા કહેતા કે બુઢ્ઢાને વારંવાર આ સ્થાન આપવાને બદલે બીજા ઘણા યોગ્ય લોકો છે તેમને નીમો તો સારૂં. પણ તે તે રાજ્યોનાં ચીફ મિનિસ્ટરોનો આગ્રહ કાકા માટે જ રહેતો એટલે છેવટે એમને સ્વીકાર કરવો પડતો હતો.

તેમના મનમાં શાંતિ અને કલ્યાણકામના સદા રહેતી. એટલે એમનાં વિચાર, વાણી અને કાર્યોમાં તે સદા સાકાર થયા જ કરતી હતી. અન્યત્ર ક્યાંય વિસંવાદિતા દેખાય તો ત્યાં બંબા (ફાયર બ્રિગેડ)નું કામ કરવા તેઓ પહોંચી જતા હતા. હિંદુ–મુસલમાન હુલ્લડો દરમ્યાન તેઓ એકલા મુસ્લિમ ક્ષેત્રોમાં તેમની મસજીદોમાં ભેગા થયેલા સમૂહને સંબોધવા પહોંચી જતા. શુભેચ્છકો તેમને આમ ન કરવા સમજાવતા તો તેઓ કહેતા કે "જો મારા મનમાં તેઓ પ્રત્યે કશો દુર્ભાવ નથી તો તેઓ મને નુકસાન કરી શકે તેમ હું માનતો નથી." જનાબ મહમદ અલી જીણા પણ તેમનાં સારા મિત્ર હતા. પૂજ્ય કાકાને પોતાની સગી બહેન ન હતી એટલે એક મુસલમાન અને એક પારસી મહિલાને તેમણે સગી બહેનની માફક અપનાવી લીધા હતા, તે શ્રીમતી કુલ્સુમ સયાણી અને શ્રી કસ્તુરબા સેવાશ્રમ મરોલીવાળા શ્રીમતી મીઠુબેન પીટીટ સાથે તે સંબંધ સુંદર રીતે નિભાવી જાણ્યો. મરોલી આશ્રમ જોડે તેઓ તેની શરૂઆતથી જોડાયા હતા. તે આશ્રમના નિભાવ અને વિકાસ માટે તેમણે ખૂબ સહયોગ આપ્યો હતો. તેવી જ રીતે બીજી અનેક સંસ્થાઓનાં તેઓ માનનીય સહાયક અને મુરબ્બી હતા. શકિતદલ અને ભોંસલે મિલિટરી સ્કૂલનાં મહિલાઓ માટેનાં વીન્ટર કેમ્પોનાં તેઓ જન્મદાતા હતા.

ધર્મપ્રતિ પણ તેમનો દઢ અનુરાગ હતો. ધર્મ એટલે જીવનનાં પ્રત્યેક પાસાઓમાં ઉતરવા માટેનું વિજ્ઞાન તેવો અર્થ તેઓ કરતા હતા. જેલમાં રહ્યો રહ્યો પૂ. મુનશીકાકા અને બીજાઓ પાસેથી ગીતા અર્થસહિત શીખેલા. બાકી જગતનાં સમસ્ત દર્શનો માટે એમને ખૂબ માન હતું અને જાતે વેદાંત, ષડદર્શનો, કુરાનેશરીફ, બાઈબલ, બુદ્ધદર્શન, જૈનદર્શન આદિનો તેઓનો અભ્યાસ ચાલ્યા કરતો હતો. ફારસી એમની ઐચ્છિક ભાષા હતી, એટલે ફારસીનાં સુફી કવિઓની રચનાઓ પણ તેઓ રસથી વાંચતાં. ઘણીવાર હું પૂ. મુનિશ્રી ચિત્રભાનુ મહારાજનાં અને પૂ. આચાર્ય રજનીશજીનાં વ્યાખ્યાનો સાંભળવા તેમને લઈ જતી. ત્યારે પાછા આવીને પણ તેઓ સાંભળેલા વકતવ્ય વિષે ઊંડું ચિંતન મનન કરતા, અને મારી સાથે ચર્ચા પણ કરતા. અનેક રીતે એ સાંભળેલી વાતોને બુદ્ધિ અને સમજની સરાણે ચઢાવીને તેને જીવનમાં કેમ ઉતારી શકાય તે વિષે વિચારતા. આંખો બંધ કરીને કલાકો સુધી તેમની પ્રિય 'ગ્રાન્ડ ફાધર ચેર'–દાદાજીની ખુરશી–માં બેસી રહેતા અને ધ્યાનસ્થ થવાની ખૂબ કોશીષ કરતાં. ઘણીવાર તેઓ મને કહેતા કે મને આ બધું સમજાય છે ખરૂં, મારી બુદ્ધિમાં પણ બરાબર બેસે છે, પરંતુ અંદર ઉતરાતું નથી, પછી હસીને કહેતા કે આ કામ બહુ વખત પહેલા સાધી લેવાની જરૂર હતી. હવે જ્યારે જાગૃતિ પ્રગટી ત્યારે શરીર અને મન સાથ આપવાની ના પાડે છે. તેઓ દઢપણે માનતા હતા કે રાજકારણમાં પડેલા લોકોમાં પણ જો યોગવિજ્ઞાન પ્રતિ અનુરાગ પ્રગટે, અને તેનાં મહત્વવિષેનું ભાન થાય તો દેશમાં ઉત્તમ પ્રકારનો વહીવટ શકય બને. હમણાં તો પરમેશ્વરની કૃપાથી જો કોઈ સ્થિરબુદ્ધિવાળા પ્રમાણિક સજ્જનો ભૂલેચૂકે રાજકારણમાં આવી જાય, અને તેઓનાં શાણપણ, પ્રમાણિકતા, સ્થિરતા અને નિ:સ્વાર્થતા, સાથેની કુશાગ્ર બુદ્ધિનો જો લોકોને થોડો ઘણો લાભ મળી જાય તો મળી જાય. બાકી તો નક્કર તળીયાવગરનાં લોકો પાસેથી અંધાધૂંધી, અવ્યવસ્થા, અપ્રમાણિકતા, દ્વેષ, ખુરશી, સત્તા અને પૈસાની ખેંચાખેંચ સિવાય બીજી શું આશા રાખી શકાય?

તેઓ અજાતશત્રુ હતા. કોઈને એમના વિષે દુશ્મનાવટ તો શું, પણ એકાદ નબળો વિચાર કરવાનું પણ કશું કારણ ન રહેતું. કારણ કે સૌ માટે એમણે માન અને મમતા કેળવ્યા હતા. સૌનું સદા કલ્યાણ તેઓ વાંચ્છતા હતા. હમણાં કેટલાક વખતથી તેઓ જૂના જૂના મિત્રો અને સગાઓને બહુ યાદ કરતા હતા. ફોનદ્વારા સૌની સાથે વાત કરતા, અથવા તો ઘરે બોલાવીને મળતા. કોઈ મળવા ન આવી શકે તેમ હોય તો પોતે સામે ચાલીને મળવા જતા. બેસતા વર્ષને દિવસે અમારા બહોળા પરિવારનાં તેમ જ મિત્રમંડળનાં લોકો મોટી સંખ્યામાં પ્રણામ કરવા આવેલા. તેમને સૌને મળીને તેઓ બહુ જ તૃપ્ત અને આનંદિત થયા હતા. હમણાં છેલ્લા થોડા વખતથી તેઓ પોતાનાં અંતને નજીકમાં જોઈ શકતા હોય તેમ લાગતું. તેઓ કહેતા કે મારા હાથ પગ ચાલે છે ત્યાં જ પરમેશ્વર મને ઉઠાવી લે તો સારૂં. મારે લાંબી બિમારી ન જોઈએ, કોઈની સેવા ન જોઈએ. હસતો રમતો જેમ આવ્યો તેમ જ પાછો ચાલ્યો જાઉં તો સારૂં. તેમના અંતરની આ ઈચ્છા ફળી. તા. ૫મી નવેમ્બરને મંગળવારે લોહીની તપાસ કરાવવા માટે ઘેરથી હોસ્પિટલમાં ગયા ત્યારે મોટર સુધી તેઓ ચાલીને ગયા, અને હોસ્પિટલમાં પણ મોટરથી પોતાનાં રૂમ સુધી ચાલીને ગયા. બેસવા માટે આવેલી ખુરશીને પાછી કાઢી હતી. ચહા અને દવા ખાટલામાં સુતા સુતા નહીં પણ બેસીને પીવાનો આગ્રહ રાખતા, લોહીમાં સાકર વધી પડી હતી, એટલે વારંવાર 'કોમા' બેભાનીના હુમલાઓ થતા હતા, તેની સાથે સતત સંગ્રામ જારી રાખીને અંતસુધી તેઓ ભાનમાં રહ્યા હતા. જીવનસંગ્રામનો વીર યોદ્ધો શરીરથી હાર્યો હતો. પણ મનથી હાર તેણે કબૂલી નહોતી. જીભમાં કૌવત નહોતું એટલે ઈશારાથી સમજાવીને પ્રશ્નો પૂછે, સમય પૂછે, અને શાંત થઈને સૂઈ જાય. તા. ૬ઠ્ઠીએ રાત્રે દસ વાગે રોજનાં નિયમ પ્રમાણે સૌને 'મંગળરાત્રિ'–Good Night–ની શુભકામના કરીને પડખું ફેરવીને સૂતા. બ્લડપ્રેશર ઓછું ને ઓછું થતું જતું હતું. અને પ્રાણ જાણે ધીમે ધીમે અંદર ઉતરતો જતો હતો. તેઓ શાંતિથી ધીમે ધીમે વિદાય લેતા હતા. તેઓને ખ્યાલમાં હતું કે, વિદાય નજીક છે, છતાં કોઈ જાતની દેખીતી પીડા, હાયવોય, તડફડાટ કે મૃત્યુનો ભય ત્યાં નહોતો. હતી માત્ર પરમ શાંતિ. ૧૧-૩૦ વાગે તેમણે ઈશારતથી સમય પૂછયો, અને ૧૧-૪૦ વાગે શાંતિથી ચિર-નિદ્રામાં પોઢી ગયા. આવું શાંત અને પ્રસન્ન મૃત્યુ કોઈ વિરલાઓને જ લભ્ય બને છે. પોતાનાં મંગળ નામને મંગળમૃત્યુમાં તેઓ ચરિતાર્થ કરી ગયા. મને વિશ્વાસ છે કે તેમને માટે પ્રભુનાં મંગળદ્વાર ખૂલ્લાં જ હશે.

પૂર્ણિમા પકવાસા

પ્રકીર્ણ નોંધ

શ્રી વિમલાબહેન ઠકારના સમાચાર

અમેરિકા-કેલિફોર્નિયામાં આવેલા પાલો આલ્ટોથી તા. ૧૪-૧૦-૬૮ના પત્રમાં શ્રી વિમલાબહેન ઠકાર જણાવે છે તે મુજબ યુરોપથી તેઓ એ સ્થળે આવ્યા તેને બે અઠવાડિયાં થયા છે. માઈકલ નામનો એક જુવાન ફ્રેંચમેન જે ત્યાં ત્રણ વર્ષથી આવીને વસ્યો છે તેના નિમંત્રણથી તેઓ ત્યાં આવ્યા છે: એ યુવાન ત્યાંની સ્ટેનફર્ડ યુનિવર્સિટીના નાટય વિભાગમાં કામ કરે છે. આ યુવાને ૨૫ દિવસના ગાળામાં વિમલાબહેન માટે ૨૧ પ્રવચનસભાઓ ગોઠવી છે. આ ઉપરાંત અમુક અંગત મુલાકાતો પણ ગોઠવવામાં આવી છે. આજ સુધીમાં વિમલાબહેને નવ જાહેર સભાઓને સંબોધી છે. તેમાંની કેટલીક સાનફ્રાન્સીસ્કોમાં ગોઠવવામાં આવી હતી; કેટલીક પાલો આલ્ટોમાં અને કેટલીક રેડવૂડ સીટીમાં તેમ જ અન્યત્ર પણ ગોઠવવામાં આવી હતી.

તેમના બીજા એક યજમાન મીસીસ એલ. એલ્ડ્રીજ વિષે તેઓ જણાવે છે કે "તેમણે મારા ઉપર ખૂબ મમતા દર્શાવી હતી અને સાનફ્રાન્સીસ્કો અને સાન્ટાકુઝા આસપાસના રેડવૂડમાં તેમણે મને ખૂબ ફેરવી હતી. ત્યાંના પુરાણા વૃક્ષોની ભવ્યતા અને તેમાંથી ચોતરફ ફેલાતી ખુશબોથી હું ખૂબ જ પ્રભાવિત બની હતી. એ પ્રદેશોમાં વિચરવાનું હિમાલયમાં વિચરવા સમાન લાગતું હતું. ત્યાંની શાંતિ મારા સમગ્ર વ્યક્તિત્વને ઘટ્ટ રીતે સ્પર્શતી હોય એવી સુખદ અનુભૂતિ થઈ રહી હતી અને એ જ અનુભવ પેસીફીક મહાસાગરના પ્રથમ દર્શને મેં કર્યો હતો. એ મહાસાગરનું અતળ ઊંડાણ, ઉપર આવેલા આકાશનો અનન્ત વિસ્તાર, મંદ મંદ વહેતી પવનલહરિની હૃદયંગમ મધુરતા, ચંદ્રની વેધક મૃદુતા, ચોતરફ ઉડતા પંખીઓનું અદ્‌ભુત લાવણ્ય, – આ સર્વ મને અવર્ણનીયના પ્રદેશમાં લઈ ગયું હતું! મારી વાચા સ્તબ્ધ બની ગઈ હતી; જેનો વેગ વારી ન શકાય એવો પ્રેમપ્રવાહ મારામાં ઉછળી રહ્યો હતો; આંખોમાંથી આંસુઓ વહેવા લાગ્યા હતા; ન વર્ણવી શકાય એવા blissનો–આનંદનો–મને અનુભવ થયો હતો."

અહિં તેઓ આખો નવેમ્બર પસાર કરશે. ડિસેમ્બરના પ્રારંભમાં જાપાન જવાનું નક્કી થયું છે. ટોકીયો, ક્યોટો અને ઓસાકાથી અનેક નિમંત્રણો તેમને મળી ચૂક્યા છે. જાપાન–ભારત મૈત્રી મંડળ Japan–India–Association–તેમના માટે ટોકીયોમાં સભાઓ ગોઠવી રહેલ છે. કૃષ્ણમૂર્તિના પ્રશંસકો ક્યોટોમાં અને વેદાન્ત સેન્ટર ઓસાકામાં આ જ પ્રકારનું આયોજન કરી રહેલ છે. જાપાનમાં ત્રણથી ચાર અઠવાડિયાં તેઓ ગાળશે. ડિસેમ્બરની આખરમાં અથવા તો જાન્યુઆરીની શરૂઆતમાં તેઓ ભારત પાછા ફરશે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયને ભાવનગરમાં શાખા ખોલવા માટે રૂા. ૧,૭૬,૦૦૦નું મળેલું દાન

જણાવતાં બહુ આનંદ થાય છે કે મુંબઈના રેશમી કાપડના વ્યાપારી શ્રી લક્ષ્મીચંદ દુર્લભજી તથા જેમનું થોડા સમય પહેલાં મોટરના અકસ્માતમાં મૃત્યુ થયું છે તે શ્રી લક્ષ્મીચંદભાઈના નાના ભાઈ – સ્વ. મણિલાલ દુર્લભજીના પુત્ર શિરીષભાઈએ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રીઓ ઉપર તા. ૪-૧૧-૬૮ના પત્રદ્વારા એમ જણાવ્યું છે કે જો શ્રી મહાવીર જૈન વિદ્યાલયના કાર્યવાહકો સૌરાષ્ટ્રમાં આવેલા ભાવનગર ખાતે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની શાખા ખોલવાનો નિર્ણય કરે તો તે શાખાને "**શ્રી મહાવીર જૈન વિદ્યાલય–શ્રી મણિલાલ દુર્લભજી વિદ્યાર્થીગૃહ ભાવનગર**" એ મુજબનું નામ આપવાની સરતે તે બન્ને ભાઈઓ શ્રી મહાવીર જૈન વિદ્યાલયને રૂા. ૧,૨૫,૦૦૦ની રકમ આપવા ઈચ્છે છે અને એ મકાનમાં જે સભાગૃહ કરવામાં આવે તેને "**શ્રી લક્ષ્મીચંદ દુર્લભજી સભાગૃહ**" એ મુજબનું નામ આપવાની સરતે એ બન્ને ભાઈઓ રૂા. ૫૧,૦૦૦ની રકમ શ્રી મહાવીર જૈન વિદ્યાલયને આપવા ઈચ્છે છે. આ ઉદાર દરખાસ્તને તા. ૨૩-૧૧-૬૮ના રોજ મળેલી સંસ્થાની સામાન્ય સમિતિએ સર્વાનુમતે સહર્ષ મંજૂર કરી છે, અને આવી અસાધારણ ઉદારતા દાખવનાર ઉપર જણાવેલ બંધુઓનો હાર્દિક આભાર માન્યો છે.

આવી ઉદાર સખાવત માટે પ્રસ્તુત બન્ને મહાનુભાવો આપણા સર્વના ધન્યવાદ અને અભિનન્દનના અધિકારી બને છે. મુંબઈમાં જેનાં વર્ષોથી મૂળ નખાયાં છે તેવા શ્રી મહાવીર જૈન વિદ્યાલયે અમદાવાદ, વડોદરા, આણંદ, તથા પૂના–એમ ચાર કેન્દ્રમાં પોતાની શાખાઓ ધરાવતાં એક મહાન વટવૃક્ષનો આકાર ધારણ કર્યો છે. આજે એ સંસ્થા સૌરાષ્ટ્ર તરફ પોતાની પ્રવૃત્તિને વિસ્તારે છે અને ભાવનગર ખાતે પોતાની શાખા સ્થાપવાનો નિર્ણય કરે છે. આ નવી જવાબદારી ધારણ કરવા માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના કાર્યવાહકો પણ આપણી પ્રશંસાના પાત્ર બને છે.

શ્રી શંકરરાવ દેવ પણ કાકાસાહેબનું સમર્થન કરે છે!

તા. ૧-૧૧-૬૮ ના પ્રબુદ્ધ જીવનમાં "વળી પાછા પૂજ્ય કાકાસાહેબ અને માંસાહાર" નીચે એક લેખ પ્રગટ કરવામાં આવ્યો હતો. એ લેખમાં આપણા આશ્રામો સર્વજનસુલભ બને એ માટે તેમાં નિરામિષઆહારી રસોડા સાથે માંસાહાર પકવતાં રસોડાં દાખલ કરવા જોઈએ એ મુજબના કાકાસાહેબે થોડા સમય ઉપર પ્રગટ કરેલા અભિપ્રાયની આલોચના કરવામાં આવી હતી.

ત્યાર બાદ નવેમ્બર માસની શરૂઆતમાં લખાયેલ એક પત્રમાં શ્રી આર. કે. શાહ એ મતલબનું જણાવે છે કે મહારાષ્ટ્રના થાણા જિલ્લામાં આવેલા આશનપુર ગામમાં કાર્ય કરતા 'ગોઠઘર આશ્રમ'માં તા. ૨૫ મી ઑક્ટોબરથી તા. ૩૧ મી ઑક્ટોબર સુધી 'તરુણ શાંતિ સેના'ની એક શિબિર યોજવામાં આવી હતી. એ શિબિરમાં ભાગ લેવા માટે શ્રી શંકરરાવ દેવ ઉપસ્થિત થયા હતા. તેમને એક ભાઈ તરફથી કાકાસાહેબે આશ્રામોમાં માંસાહારી રસોડા ખોલવા સંબંધમાં પ્રગટ કરેલા અભિપ્રાય અંગે આપ શું ધારો છો એવો પ્રશ્ન કરવામાં આવ્યો હતો અને તેના જવાબમાં તેમણે કાકાસાહેબના અભિપ્રાયનું સમર્થન કર્યું હતું. તેના પ્રતિકાર રૂપે પ્રસ્તુત પત્રલેખકે શંકરરાવજીને પૂછ્યું કે જો આમ કરવામાં આવશે તો જેઓ માંસાહારમાં નથી માનતા તેઓ આવા આશ્રામમાં આવવાનું બંધ કરી દેશે. તેના જવાબમાં શંકરરાવજીએ જણાવ્યું કે ભલે બંધ કરી દે. આના અનુસંધાનમાં પત્રલેખક પોતાનો પ્રત્યાઘાત રજૂ કરતાં જણાવે છે કે આમ કરવાથી પણ જેઓ આજે આશ્રામમાં નથી આવતા તેઓ આવવાનું શરૂ કરી દેશે એમ માની લેવું એ બરોબર છે ખરું? અને જેઓ માંસાહાર મળે તો જ આશ્રામમાં આવવું એવો વિચાર ધરાવતા હશે તેઓ આવતી કાલે મદ્યપાનની ગોઠવણ કરવાની પણ માંગણી કેમ નહિ કરે અને સ્ત્રી સેવનની પણ છૂટ કેમ નહિ માગે? અને આશ્રામને સર્વજન સુલભ બનાવવા માટે આમ એક પછી એક આગ્રહ છોડવામાં આવશે તો પછી આ આશ્રામોમાં અને આજની હોટેલોમાં ફરક શું રહેવાનો?

પ્રસ્તુત શિબિરમાં મુંબઈના અમુક સર્વોદય કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા અને તેમને મળીને ઉપર જણાવેલ ઘટનાના તથ્ય વિષે પૂરી ખાત્રી કર્યા બાદ ઉપરની નોંધ મેં લખી છે એ અહીં જણાવવું જરૂરી છે.

આ બધી વિચારણામાં આપણા આશ્રામોને સર્વજનસુલભ બનાવવાનો મોહ એ જ મને તો પાયાની ભૂલ લાગે છે. આજની કૉલેજો જેવી સાર્વજનિક શિક્ષણસંસ્થાઓ અને આપણી કલ્પનાના આશ્રામો વચ્ચે તફાવત કરવાની જરૂર છે. કૉલેજો અને તેને લગતી હૉસ્ટેલોમાં બધી કોમના વિદ્યાર્થીઓ જોડાઈ શકે એ રીતે તેના સ્વરૂપનો વિચાર કરવાનો હોય છે. જ્યારે આશ્રામ એક ચોક્કસ પ્રકારની વિચારસરણી ઉપર આધારિત અને એ વિચારસરણી અને

તેમાંથી ફલિત થતી શિસ્ત જેને સ્વીકાર્ય હોય એવાં ભાઈ-બહેનો જ તેમાં જોડાઈ શકે એવા ખ્યાલ ઉપર રચાયલી એક સંસ્થા છે. તો જે વિચારસરણીમાં નિરામિષઆહારનું અથવા તો મદ્યત્યાગનું કોઈ ચોક્કસ મહત્ત્વ હોય તે વિચારસરણી ધરાવતા આશ્રમ સંચાલકોને તે તે આગ્રહ છોડી દેવાનું કહેવું તે તેમની વિચારનિષ્ઠાનું–ધર્મ-નિષ્ઠાનું-અપમાન કરવા બરોબર છે. આ બધું છતાં આવતી કાલે એ જ આશ્રમના સંચાલકોને મન નિરામિષઆહારનું કે મદ્યત્યાગનું કોઈ મહત્ત્વ ન જ રહે તો તેમને પોતાના આશ્રમમાં તે પ્રકારની છૂટછાટો દાખલ કરતાં કોઈ અટકાવે તેમ નથી. આ તો નિરામિષઆહારી ઉપર માંસાહાર લાદવા જેવી કોઈ પ્રક્રિયા ચાલી રહી હોય એમ લાગે છે.

સત્યાગ્રહ એટલે શું

'પ્રબુદ્ધ જીવન'ના આગળના અંકોમાં ગ્રામદાન એ સત્યાગ્રહ કહેવાય કે નહિ એ પ્રશ્નની ચર્ચા પ્રગટ થઈ ચૂકી છે. તેના અનુ-સંધાનમાં સત્યાગ્રહ તત્ત્વનું સવિશેષ વિશ્લેષણ કરતો તા. ૧૬-૧૧-૬૮નો એક પત્ર શ્રી અપ્પાસાહેબ પટવર્ધન તરફથી થોડા દિવસો પહેલાં મળ્યો છે જે નીચે મુજબ છે:

ભાઈશ્રી પરમાનંદભાઈ,

પ્રબુદ્ધ જીવનમાં તમે પોતાનો અભિપ્રાય બતાવ્યો હતો કે "વિનોબાજીનો ગ્રામદાનવિચાર એ સત્યાગ્રહ કહી શકાય નહીં, કારણ કે તેમાં જુલમના પ્રતિકાર જેવું કશું નથી." તેની સામે શ્રી સિદ્ધરાજ ઢઢ્ઢાએ બતાવ્યું કે "ગ્રામદાનમાં ભલે કોઈનો પ્રતિકાર ન હોય, પણ સામી બાજુથી પ્રતિકાર થવાનો ભય રહે જ છે." તે પરથી તમે પોતાનો મૂળ અભિપ્રાય બદલી માન્ય કર્યું કે "હા, ગ્રામદાન એ પણ સત્યાગ્રહ છે ખરો."

વિચારોની આ બધી આપ-લે ની બાબતમાં મને પણ નવે-સરથી થોડુંક લખી જણાવવાનું મન થાય છે.

"કોઈ પણ સત્કાર્ય તે સત્યાગ્રહ નથી" આ તમારી મૂળ વાત તદ્દન સાચી છે, પણ સત્યાગ્રહમાં કાંઈક પ્રતિકાર હોય–પોતાની બાજુથી નહીં તો સામેની બાજુથી–તો જ તે સત્યાગ્રહ કહેવાય એમ નથી: તેમાં જોખમ ખેડવાની તૈયારી હોય તોયે બસ. જેમ, ક્ષાત્ર-વૃત્તિ બીજા પર પ્રહાર કરવામાં નથી, તો બીજાના પ્રહારનો સામનો કરવામાં છે. "યુદ્ધે चाप्यपलायनम्"–યુદ્ધમાંથી નાસી ન જવું તે ક્ષાત્ર તેજ, ન કે બીજાને ભગાડવા; નિર્ભયતા ન કે ભયંકરતા.

"હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ જો ને" એમાં, કે રવિ બાબુના "એકલા ચાલો રે" માં તે જ ભાવ છે.

અર્થાત પ્રતિકારકતા નહી પણ નિર્ભયતા તે સત્યાગ્રહનો આત્મા છે. ગાંધીજી પણ સત્યાગ્રહી તરીકે પ્રલ્હાદનો જ દાખલો આપ્યા કરતા. "નહિ છોડું રે બાબા રામ નામ." સત્યને વળગી રહેવું, તે માટે આવે તે સંકટ ઝીલવાની તૈયારી–ઈચ્છા નહી–રાખવી. તે સત્યાગ્રહ: ઉપેક્ષા, ઉપહાસ, નિંદા, પરિત્યાગ (એકલા પડી જવું), દારિદ્ર, અને ખૂન, મોતની સજા કે ઉપેક્ષિત મૃત્યુ.

ગુલામગિરીની પ્રથાની સામે અવાજ ઉઠાવનાર અમેરિકાના વિલ્યમ લૉયડ ગૅરિઝન એ "લિબરેટર – Liberator" નામનું સાપ્તાહિક ચલાવતા, તેના મુખપૃષ્ઠ પર લખેલું રહેતું:

I shall be harsh as truth...I shall not prevaricate. I shall not flinch and **I shall be** heard એ સત્યાગ્રહનો ઉત્તમ નમૂનો છે.

સૉક્રેટિસ, જીસસ્, ગૅલિલિઓ એ બધા સત્યાગ્રહી હતા: હુતાત્મા થયા માટે નહીં, પણ "પરથમ પહેલું મસ્તક મૂકી વળીને લેવું નામ જો ને" આ વૃત્તિથી ચાલ્યા તેથી પ્રચલિત સત્ય (?) નો તેમણે પ્રતિકાર નહીં પણ પ્રતિવાદ કરેલો, [અને સામેની પ્રતિક્રિયા જીવલેણ નીવડી.

"ખુદા એક હૈ" કહેનારા પૈગંબરસાહેબ પણ સત્યાગ્રહી જ હતા, જો કે તેઓ બાદશાહ બની શકયા. અને તે જ રીતે "સબ ભૂમિ ગોપાલ કી" – જમીનની માલિકી એ ઈશ્વરનો અપરાધ છે – એ વિનોબાનો પુકાર પણ સત્યાગ્રહ છે.

અત્રે છેવટે હું કહીશ કે "स्वराज्य माझा जन्मसिद्ध अधिकार आहे" કહેનારા લોકમાન્ય ટિળક પણ સત્યાગ્રહી હતા.

અપ્પા પટવર્ધનના પ્રણામ

દિવ્ય દાંપત્ય

સન્મિત્ર શ્રી ચીમનલાલે જે. શાહ તરફથી થોડા સમય પહેલાં શ્રી ડોંગરે મહારાજની દૃષ્ટાંત કથાઓમાંથી દિવ્ય દાંપત્યના આદર્શને રજૂ કરતી નીચે મુજબની એક કથા મળી હતી:

"મનુ શતરૂપા દીકરી દેવહુતિને લઈને કર્દમના આશ્રમમાં આવ્યા – કહ્યું: "આપ લગ્નજીવન ગાળવા વિચારો છો તેથી અમારી પુત્રી આપને સોંપવા આવ્યા છીએ."

કર્દમે કહ્યું: "વાત સાચી છે, પરંતુ હું વિલાસ માટે નહિ, કામનો નાશ કરવા માટે; કામસુખ માટે નહિ પરંતુ પત્ની સાથેના નિત્ય સત્સંગ વડે આત્મસુખ મેળવવા માટે જ લગ્ન કરવા માગું છું.

"મારે ભોગ–પત્ની નહિ, ધર્મ–પત્ની જોઈએ છે. એક પુત્રની પ્રાપ્તિ પછી અમારો પતિ-પત્ની તરીકેનો સંબંધ વિરામ પામશે ને, હું સન્યાસ લઈશ. કારણ, પતિ જ પત્નીમાં પુત્રરૂપે જન્મે છે. માટે પુત્રવતી થયા પછી એ માતા જેવી ગણાય.

"અમારો સંબંધ સંસાર ભોગવવા માટે નહિ, તરવા માટેનો હશે. સંસાર સાગરમાં નાવિક અને નાવડીની જેમ એકમેકના સહારે તરીને સામે કિનારે પહોંચવાનું છે. આપને આ વિચારણા અનુકૂળ છે?"

મનુ – શતરૂપા વિમાસણમાં પડયાં,

મહેલમાં વસનારી રાજકુમારી દીકરીને આવું શે ગમે? પરંતુ દીકરીએ કહ્યું:" એમની વિચારણા મને મંજૂર છે. આવા તપસ્વીની સેવા જ મારો ઉદ્ધાર કરશે. ને એણે શણગાર છોડી વલ્કલ પહેર્યાં...

લગ્ન પછી કર્દમે તો સંયમ વધાર્યો – પત્ની સાથે મૌન અને બ્રહ્મચર્ય પાળી બાર વર્ષ સુધી તપ આદર્યું.

બાર વર્ષનું તપ પૂરું થયું. પત્નીનો સંયમ અને સેવા નિહાળી કર્દમે પ્રસન્નતા અનુભવી ને કહ્યું:

"મેં આજ સુધી તારી લાગણી કે ઈચ્છા જાણવાનો વિચાર પણ કર્યો નથી – પરંતુ આજે તો મારે તારી ઈચ્છાને અનુકૂળ થવું છે."

"હું બીજું તો શું માગું? મારો હાથ પકડીને અહીં લાવ્યા છો તો પ્રભુના દરબારમાં પણ પહોંચાડજો."

આવા દિવ્ય દાંપત્યને દ્વારે જ પ્રભુ પધારે એમ નથી લાગતું?

લગ્ન પાછળની આ જીવનદૃષ્ટિ ભારતીય સંસ્કૃતિની ભવ્યતા નથી શું?"

* * *

આ સુંદર કથાના સંદર્ભમાં તેમાં સૂચવાયલા એક મુદ્દા વિષે કાંઈક કહેવાનું પ્રાપ્ત થાય છે. તેમાં જણાવ્યા મુજબ પત્ની એક વાર પુત્રવાન થવા સાથે માતા સમાન ગણાય એ વિચાર અથવા તો કલ્પના વધારેપડતી અને કુદરતના સંકેતની વિરોધી લાગે છે. પરિપકવ લગ્નજીવનના પરિણામે એકથી વિશેષ બાળકોની માતા થયેલી પત્ની પ્રત્યે માતૃભાવથી જોતાં થવું – જેવો ભાવ ગાંધીજીને કસ્તુરબા પ્રત્યે હતો – એ જુદી જ બાબત છે.

સમન્વય સૂચન

ડૉ. કાંતિલાલ શાહ અમદાવાદથી તા. ૧૩-૧૦-૬૮ના પત્રમાં જણાવે છે કે:

"આચાર્ય રજનીશજીના વ્યાખ્યાનની ચર્ચા આપ લંબાવવા ઇચ્છતા નથી તે યોગ્ય જ છે. તથાપિ આપની રજા હોય તો શ્રીમતી શશીબહેન અને એમની જેવાં પ્રબુદ્ધજીવનના વાચકોને ગીતાના શ્લોક:

અવ્યક્ત દીનિ ભૂતાનિ, વ્યક્ત મધ્યાનિભારત ।
અવ્યક્ત નિધનાન્યેવ, તત્ર કા પરિદેવના ।।

ની યાદ આપી એના અનુકરણમાં કહું કે,

આદિમાં પ્રેમરૂપે જે, મધ્યમાં કામ તે બને,
અન્તમાંયે રહે પ્રેમ, ચિન્તા શે કરવી ઘટે?

તો શશીબહેન અને આચાર્ય રજનીશજી બન્નેના કથન વચ્ચે સમન્વય સિદ્ધ થઈ ન શકે?

આમ સમન્વયસુલભ બનતો હોય તો તેના જેવું બીજું એકે નહિ, પણ આચાર્યશ્રીની વિચારશ્રેણી મુજબ આદિમાં કામ છે અને તેમાંથી રામને પ્રગટાવવાનું અથવા તો કામને રામમાં પરિવર્તિત કરવાનું તેઓ કહે છે. આ રીતે વિચારતાં સૂચિત સમન્વય સહજસિદ્ધ બની શકતો નથી.

ડૉ. શ્રીકાન્ત દોશીનું દુઃખદ અવસાન

ડૉ. શ્રી શ્રીકાન્ત દોશી તા. ૨૦મી નવેંબરના રોજ બપોરના ભાગમાં કાલબાદેવી રોડ ઉપરના તેમના દવાખાનેથી મોટરમાં પાછાં ફરતાં સાયનમાં આવેલા તેમના ઘર નજીક આવતાં કોઈ ટ્રક સાથે અથડાયા. તેમને કે. ઈ. એમ. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા અને અડધા કલાકમાં તેમનું ૫૧ વર્ષની વયે અવસાન થયું. તેઓ વ્યવસાયે ડાકટર હોવા ઉપરાંત બહુ જાણીતા સામાજિક કાર્યકર હતા, અને તેથી આ દુર્ઘટનાએ તેમના વિશાળ પરિવાર મંડળમાં ઊંડી વ્યથાની લાગણી પેદા કરી છે. સમાજને એક સન્નિષ્ટ કાર્યકર્તાની ખોટ પડી છે.

તેઓ વઢવાણના મૂળ વતની. વિદ્યાર્થી તરીકેની તેમની કારકીર્દિ ઉજ્જવળ હતી. ૧૯૪૨માં પોતાનો મેડિકલ કૉલેજનો અભ્યાસ છોડીને હિંદ છોડોની લડતમાં તેમણે ઝંપલાવ્યું હતું અને ભૂગર્ભ પ્રવૃત્તિ સાથે તેઓ સંકળાયેલા હતા. સમાજવાદી વિચારશ્રેણીને તેઓ વરેલા હતા. લીંબડીની હીજરતમાં પણ તેમણે પૂરો સાથ આપ્યો હતો. છેલ્લાં ૨૦ વર્ષથી તેઓ માટુંગા, વડાલા અને શિવના પ્રજાજનોને સેવા આપી રહ્યા હતા. તેઓ શીલાબહેન નામની એક પારસી યુવતી સાથે કેટલાંક વર્ષથી લગ્ન સંબંધથી જોડાયા હતા અને અનેક સામાજિક કાર્યોમાં શીલાબહેનનો તેમને ખૂબ જ સાથ હતો. વળી તે બન્નેએ ઉત્તર તેમ જ દક્ષિણ ભારતનો વિસ્તૃત પ્રવાસ ખેડ્યો હતો. આજથી લગભગ છ વર્ષ પહેલાં અમે યમુનોત્તરી ગંગોત્તરીની યાત્રાએ ગયેલાં ત્યારે તે દંપતી ગંગોત્તરી તથા યમુનોત્તરી પતાવીને બદ્રીકેદાર તરફ જઈ રહ્યા હતા અને અમને ધરાસુ આગળ મળ્યા હતા. કેટલાક સમયથી 'જનમુક્તિ' નામનું માસિક ડૉ. શ્રીકાન્ત ચલાવી રહ્યા હતા. તે બન્નેને હું પણ કેટલાંક વર્ષથી ઓળખતો હતો અને તે બન્ને માટે મારા દિલમાં ઊંડો પ્રેમ અને સદ્‌ભાવ હતો. ડૉ. શ્રીકાન્તનો આવા અકસ્માતથી દેહવિલય થતાં શીલાબહેન કેવી વેદના અનુભવી રહ્યાં હશે તેની કલ્પના કરવી મુશ્કેલ છે. શીલાબહેન વિષે મારું દિલ ઊંડી સહાનુભૂતિથી દ્રવે છે. તેમને આ વિયોગ સહન કરવાની પરમાત્મા તાકાત આપે અને પતિના સેવા કાર્યનો તંતુ ચાલુ રાખીને પોતાના અવશેષ જીવનને સાર્થક કરે એવી તેમના વિષે આપણા દિલની શુભેચ્છા અને પ્રાર્થના હો!

પરમાનંદ

ગરીબાઈ

('ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'ની એક નોંધને આધારે)

અમેરિકાના એક મોટામાં મોટા મંજૂર સંઘે કરેલ તપાસના પરિણામો જાણવા જેવા છે. યુનિયને કરેલ તપાસમાં જે કુટુમ્બની વાર્ષિક આવક રૂ. ૩૦,૦૦૦/- થી ઓછી હોય તેને ગરીબ ગણ્યા છે. ગરીબ એટલા માટે કે તેમની આટલી આવકમાંથી જીવનની જરૂરિયાતો પૂરી મેળવી શકતા નથી. આ જીવનની "જરૂરિયાતો" શું છે? પતિ-પત્ની દરેકને જુદી મોટર જોઈએ; દરેકને જુદું સ્નાનગૃહ (Bath Room) જોઈએ; દરેકને જુદું છાપું મળવું જોઈએ. વિગેરે. આ "મારું-તારું" શા માટે? મારી ગાડી, મારું સ્નાનગૃહ, મારું છાપું, તારી ગાડી વિગેરે? કારણ, લગ્નજીવનમાં સંઘર્ષ ટાળવા માટે, પરિણીત જીવન ટકાવવા માટે (To avoid domestic friction in order to ensure the survival of marriages) આવો સંઘર્ષ શા માટે થાય? કારણ કે દરેક વ્યકિત સ્વતંત્ર છે અને તેની સ્વતંત્રતા જાળવવી જોઈએ.

આના ઉપર વિવેચનની જરૂર છે? જીવનની "જરૂરીઆતો" વધારતા જ રહીએ, તો તેનો અંત નથી. આજે આ જ ચાલ્યું છે. પછી આર્થિક સંકડામણ, માનસિક તાણ, ગમે તે ભોગે પૈસો મેળવવાની તૃષ્ણા અને તેના બધા વિષચક્રો, દુનિયાના સમૃદ્ધ દેશોની આ "સંસ્કૃતિ" છે. આપણે પણ આ જ કરીશું કે જીવનમાં સંયમને કાંઈ સ્થાન આપીશું?

—ચીમનલાલ ચકુભાઇ શાહ

"રાષ્ટ્રીય એકતા"

આન્ધ્ર પ્રદેશના ઉદ્યોગપ્રધાન શ્રી ગુરુમૂર્તિએ જાહેર કર્યું કે સરકારી દરેક ખાતાને આદેશ આપવામાં આવ્યો છે કે રાજ્યની જરૂરિયાતો માટે રાજ્યમાં જ ઉત્પન્ન થયેલ ચીજવસ્તુઓ ખરીદવી (ગમે તે ભાવે?) બીજા રાજ્યની નહિ. વિશેષ આદેશ આપ્યો છે કે બીજા રાજ્યની કોઈ પેદાશ ખરીદવી હોય તો પ્રથમ પરવાનગી લેવી. આ હુકમ માત્ર સરકારી ખાતાઓને જ લાગુ પડે છે એમ નહિ, પણ સરકારી તંત્રના બીજા ખાતાઓ જેવા કે હાઉસીંગ બોર્ડ, ઈલેકટ્રીસિટી બોર્ડ વિગેરેને પણ લાગુ પડે છે.

બીજા રાજ્યોમાં પણ આવું થઈ રહ્યું છે. કેટલાક રાજ્યોમાં જિલ્લા—જિલ્લા વચ્ચે પણ આવા અંકુશો છે. સૌ સૌનો જ સ્વાર્થ જુએ. અનાજની ઝોનબંધી તો છે જ.

કેટલાક રાજ્યોમાં એ પણ શરૂ થયું છે કે ઉદ્યોગો અને વ્યાપારધંધામાં રાજ્યના સ્થાનિક માણસોને પ્રથમ સ્થાન આપવું; બંગાળમાં બંગાળીઓને, બિહારમાં બિહારીને. બીજા બધા વિદેશી.

બંધારણ મુજબ Free trade between states—રાજ્યો વચ્ચે મુકત વ્યાપાર મૂળભૂત છે. બંધારણ મુજબ એક નાગરિકત્વ one citizenship છે. બંધારણ મુજબ એક રાજ્યનો વતની બીજા કોઈ પણ રાજ્યમાં વસવાટ કરી શકે, વ્યાપાર કરી શકે, મિલ્કત મેળવી શકે, આજીવિકા માટે મુકત રીતે હરીફરી શકે છે.

ભાષાવાદથી ટુકડા કર્યા. હવે આર્થિક, સામાજિક ક્ષેત્રે શરૂ થયું. આ જ વ્યકિતઓ રાજ્યના મુખ્ય પ્રધાનો અને બીજાઓ-રાષ્ટ્રીય એકતા સમિતિમાં એકતાની વાત કરે!

—ચીમનલાલ ચકુભાઇ શાહ

૧૬મી ઑકટોબરના "પ્રબુદ્ધ જીવન" ના અંક અંગે જાહેરાત

આ અંકની માંગ ધાર્યા કરતાં વધારે નીકળતાં સીલકમાં જેટલી નકલો રાખવી જોઈએ તેટલી પણ રહી શકી નથી તો તે અંકની નકલ જેમની પાસે હોય અને તેનો જેમને હવે કોઈ ઉપયોગ ન હોય તેવા મિત્રોને તે અંકની નકલ અમારા કાર્યાલયમાં ૪૫-૫૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩ એ સરનામે પહોંચાડવા પ્રાર્થના છે.

વ્યવસ્થાપક, 'પ્રબુદ્ધ જીવન'

'બે લાખ રૂપિયાના ચાંદીના રથ' અંગે–

તા. ૧-૧૦-૬૮ ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલ 'બે લાખ રૂપિયાનો ચાંદીનો રથ' એ મથાળા નીચેની નોંધ અંગે વ્યક્તિગત પ્રત્યાઘાત રજૂ કરતા નીચે મુજબના ત્રણ પત્રો મળ્યા છે:–

૧. નેપાનગરથી શ્રી કસ્તુરમલ બાંઠિયાનો પત્ર

તા. ૧-૧૦-૬૮ ના પ્રબુદ્ધ જીવનમાં "બે લાખ રૂપિયાનો ચાંદીનો રથ: આ તે કેવી ધર્મઘેલછા?"–શિર્ષક નોંધ અંગે મારા અભિનન્દન સ્વીકારશો. પછીના 'જૈન'માં રથમાં બેઠેલા એ મહાશયનું ચિત્ર જોવામાં આવ્યું હતું. ત્યારથી તે બાબત મનમાં ખટકી રહી હતી. એ સપ્તાહના જૈનમાં મેં તેનું બધું વિવરણ વાંચ્યું. હું તો એવી અપેક્ષા રાખું છું કે જેટલું વધારે આપણા જૈન ભાઈઓ ધનપ્રદર્શન કરે અને આપણા સાધુઓ આને ધર્મપ્રભાવના લેખીને તેનું સમર્થન કરે એટલી જ જલ્દીથી ફરી વાર કોઈ નવા લોંકાશાહ જન્મ લેશે અને આ આડંબરી ધર્મને ખતમ કરી દેશે. ખર્ચાળ યજ્ઞોની સમાપ્તિ તો ભગવાન મહાવીર અને બુદ્ધે કરાવી. આજના આડંબરી ધર્મને સમાપ્ત કરવા માટે નવો પયગંબર નિર્માણ થવો જ જોઈએ. આવા ધર્મે જ સાધુઓને શિથિલાચારી બનાવ્યા છે."

* * *

૨. પુનાથી શ્રી શાંતિલાલ સી. શાહનો પત્ર

'પ્રબુદ્ધ જીવન'ના ૧-૧૦-૬૮ ના અંકમાં આપશ્રીએ "બે લાખ રૂપિયાનો ચાંદીનો રથ. આને કેવી ધર્મઘેલછા?" (પ્રકીર્ણ નોંધ પૃષ્ઠ ૧૨૦) પ્રસિદ્ધ કરેલો વિચાર વાંચીને ઘણો જ આનંદ થયો. આપના વિચાર માટે હાર્દિક અભિનંદન. આજે સમાજમાં આપણા આચાર્યો આવાં કાર્યોમાં લાખો રૂપિયાનો ખર્ચ કરવા માટે પ્રોત્સાહન આપે છે; પણ શ્રાવકો માટે કાંઈ પણ થતું નથી. પૂ. ન્યાયવિજયજી મહારાજ સાહેબ કહે છે એ મુજબ આજે "ભગવાન બને માલદાર અને ભકત બને કંગાલ–પણ ભકતો નહીં હોય તો ભગવાનને કોણ પૂજશે? જ્યાં સમાજને જે જરૂરી હોય તેનું ધન મોટું. માટે ભરતીમાં ભરતૂ ન કરશો" આવા વિચારો સમાજની આગળ મૂકવાવાળા આચાર્યો હવે છે ક્યાં? દરેક આચાર્ય પોતાનું માન મેળવવા માટે, નોકારશી, ઉપધાન, શાંતિ સ્નાત્ર, વરઘોડા વગેરેમાં લાખો રૂપિયાનો ખર્ચ કરવા માટે પ્રોત્સાહન આપે છે. એક દેહરાસર ન સચવાતું હોય ત્યાં બીજું દેહરાસર બાંધવું એ **ધર્મ નથી પણ ધર્મનો દ્રોહ છે!** ..... ભરતામાં ભરતૂ ન કરશો. શ્રાવકોના આજીવિકાનાં ફાંફાં થયા હોય, તેમને ખાવા ન મળતું હોય એવા સમયમાં નવકારશી, વરઘોડા, વગેરેમાં ખર્ચ કરવો વ્યર્થ છે. પરન્તુ તત્ત્વની ચર્ચા માટે, ઈતિહાસના સંશોધન માટે, સાહિત્યના પ્રચાર માટે, કેળવણીના પ્રચાર માટે ઘણું ઓછું થાય છે. પરન્તુ આ કોઈ પણ સમાજમાં કહેતું નથી. આપશ્રીએ સારા શબ્દોમાં સમાજ આગળ આ વિચારો મૂકયા – કોઈનો પણ ડર રાખ્યા વીના મૂકયા એ માટે આપનું ફરી વાર અભિનંદન કરું છું.

* * *

૩. મુંબઈનો શ્રી પન્નાલાલ રસિકલાલ શાહનો પત્ર

સ્વ. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના શિષ્ય પૂ. આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્ય મુનિશ્રી અનેકાન્ત વિજયજી મહારાજે હાલમાં બીકાનેરમાં મૌન સાધનાથી એકાવન દિવસના ઉપવાસની તપશ્ચર્યા પૂર્ણ કરી છે. આમ તો જૈન સમાજમાં લાંબા તપવાસની તપશ્ચર્યા અવારનવાર થતી હોવાથી આશ્ચર્ય ઉપજે નહીં, પરંતુ આજના યુગમાં જે વિલક્ષણ અને દીર્ઘદૃષ્ટિ વાપરવાની જરૂર છે એ વાતનું સમર્થન પૂ. મુનિશ્રીના પારણા પ્રસંગે કરવામાં આવ્યું એથી જૈન મુનિ સમુદાય સમક્ષ જવલંત ઉદાહરણ ઈતિહાસના પાને લખાયું છે. આજની ભીષણ મોંઘવારીમાં પીસાતા મધ્યમવર્ગના દબાયેલા અવાજનો એમાં પડઘો છે - પ્રતિબિંબ છે.

સામાન્ય રીતે તપશ્ચર્યાના પારણા નિમિત્તે ઉજમાણું ભપકાપૂર્વક કરવામાં આવે છે. એવી મહત્તા આપનારી બાબતને ઠોકરે મારી આચાર્યશ્રીએ પારણાના ઉજમણાવિધિ પાછળ થનાર રૂા. સાઠ હજારના દ્રવ્ય - વ્યયને અટકાવી દીધો. સાદાઈથી પારણા વિધિ થયો એટલું જ નહિ પરંતુ ભાવિકોનાં દ્રવ્યવ્યય કરવાના ઉમળકાને સન્માર્ગે વાળવા આચાર્યશ્રીએ પ્રેરણા આપી. જૈન સમાજે એ ગૌરવ લેવા જેવી બાબત છે કે રૂા. સાઠ હજારની રકમ શ્રાવક શ્રાવિકાના ઉત્કર્ષ માટે, સાધર્મિક બંધુઓની સહાય માટે વાપરવામાં આવશે.

એક બાજુ એવું સરસ કાર્ય થયું છે, તો બીજી બાજું પદ્મશ્રી દેવચંદભાઈ છગનલાલ શેઠ નિપાણીવાળાએ સ્થાનિક જૈન સંઘને રૂા. બે લાખનો ચાંદીનો રથ અર્પણ કર્યો છે. આ બાબત એટલી દુ:ખદ છે. કોન્ફરન્સ જેવી સંસ્થાના આગેવાનો એમાં સામેલ થયા એ વ્યાજબી નથી. આપણા કુટુંબમાં પૂરતો પોષાક પહેરવા માટે નહીં હોય, તો વડીલો અગર 'કમાઉ દીકરાઓ" પોતે મોજશોખ, ભપકો, અને વસ્ત્રોનો ઠઠારો કરશે અને પોતાના બંધુઓને દીન - દશામાં રાખશે ખરા? એવો જવાબ ખચિત ના જ છે. એ જ રીતે જૈન સમાજનો ૯૦ ટકા ભાગ મોંઘવારીમાં પીસાતો હોય ત્યારે શ્રીમંતાઈનું પ્રદર્શન કરવાને બદલે વડીલ, કમાઉદીકરા અને મોટાભાઈ જેવા આ સમાજના શ્રીમંતો મધ્યમવર્ગના અને એ દ્વારા સમસ્ત સમાજના ઉત્કર્ષ માટે આગળ આવે એ વ્યાજબી છે કે ચાંદીના રથ દ્વારા પોતાની શ્રીમંતાઈનું પ્રદર્શન કરે એ વ્યાજબી છે? તપશ્ચર્યાના પારણા દ્વારા આચાર્યશ્રીએ પાડેલી નવી પ્રણાલિકાને મુનિસમુદાય જલ્દી સ્વીકારે એ સમયની માંગ છે.

સાભાર–સ્વીકાર

કવિજીનાં કથારત્નો: લેખક: ઉપાધ્યાય શ્રી અમરમુનિ; પ્રકાશક શ્રી. અશોક કાન્તિલાલ કોરા, ૪૮, ગોવાલિયા ટેંક રોડ, મુંબઈ - ૨૬ કિંમત રૂા. ૧-૮૦.

સમુદ્રના દ્વીપ: લેખક: શ્રી કિસનસિંહ ચાવડા, પ્રકાશક: રવાણી પ્રકાશન ગૃહ, ટિળક માર્ગ, અમદાવાદ, કિંમત રૂા. ૫-૦૦.

અન્તર કી ઓર: (હિંદી): પ્રથમ ભાગ: પ્રવચનસંગ્રહ મુનિશ્રી મિશ્રીમલજી મ. મધુકર, સંપાદક: શ્રીમતી કમલા જૈન - 'જીજી' એમ. એ.; પ્રકાશક: મુનિશ્રી હજારીમલ સ્મૃતિ પ્રકાશન, બીયાવર, રાજસ્થાન. કિંમત રૂા. ૩.

જૈન દૃષ્ટિ: (હિંદી): લેખક ડૉ. ઈન્દ્રચંદ્ર શાસ્ત્રી; પ્રકાશક: ઉપર મુજબ કીંમત રૂા. ૧–૦૦

ખ્રિસ્તીધર્મસાર: લેખક: શ્રી વિનોબા ભાવે; પ્રકાશક: યજ્ઞપ્રકાશન, ભૂમિપુત્ર, હુઝરાતપાગા, વડોદરા - ૧, કિંમત રૂા. ૨–૦૦

આચાર્ય કુળ: લેખક: શ્રી વિનોબા ભાવે; પ્રકાશક: ઉપર મુજબ કિંમત ૦-૫૦ પૈસા.

જૈનીઝમ (અંગ્રેજી): લેખક: શ્રી હરબર્ટ વૉરન: સંપાદક: શ્રી નગીનદાસ જે. શાહ; પ્રકાશક: શ્રી વલ્લભસૂરિ સ્મારકનિધિ પબ્લીકેશન, મુંબઈ; કિંમત રૂા. ૧–૦૦

ગાંધી રચનાત્મક કાર્યક્રમ ઉપસમિતિ (રાષ્ટ્રીય શતાબ્દી સમિતિ) ટુંકલિયા ભવન, કુંદીગીરીકા ભેરૂ, જયપુર - ૩, રાજસ્થાન તરફથી મળેલાં પુસ્તકો:–

A Great Society of Small Communites: લેખક: શ્રી સુગત ગુપ્તા; કિંમત રૂા. ૧૦–૦૦

Freedom for the masses: લેખક શ્રી મનમોહન ચૌધરી; કિંમત ૨૫ પૈસા.

હત્યા રુક આકાર કી: (હિન્દી નાટક): લેખક: શ્રી લલિત સહગલ, કિંમત રૂા. ૩-૫૦.

શાન્તિસેના પરિચય: (હિંદી) લેખક: શ્રી નારાયણ દેસાઈ: કિંમત ૦–૭૫ પૈસા.

જનતાકા રાજ્ય: : શ્રી મનમોહન ચૌધરી કિંમત ૨૫ પૈસા.

ઉત્તરા: વાર્ષિક અંક ૩ તથા ૪, સંપાદક: શ્રી શિરીષ મહેતા. ઠેકાણું આ અંકને છેલ્લે પાને.

નવી દુનિયામાં—૧૧

મિશીગન યુનિવર્સિટી ઘણી જ મોટી યુનિવર્સિટી છે તે હું જણાવી ગયો છું, તે ૧૫૦ વર્ષ જૂની છે. ઍન—આરબર શહેર અને યુનિવર્સિટી એ બન્નેનો વિકાસ ઉત્તરોત્તર થતો ગયો છે અને તેમાં બન્નેનો સહકાર છે. તેનું ૧૯૬૭નું વાર્ષિક બજેટ ૧૭૫ મિલીયન ડૉલરનું હતું. સરકાર અને વ્યાપારીઓનાં સહકારથી સંશોધન પાછળ ૫૦ મિલિયન ડૉલર યુનિવર્સિટીએ ખર્ચ કર્યું છે. ચાલુ વર્ષમાં એથી પણ વધારે છે. ૩૦ હજાર વિદ્યાર્થીમાંથી ૧૮૬૪૨ વિદ્યાર્થીને સહાયતા રૂપે ૧૩,૧૯૧,૦૩૯ ડૉલર ૧૯૬૭માં અપાયા હતા. યુનિવર્સિટીમાં અધ્યાપકો વગેરેની સંખ્યા ૧૯૬૭માં ૨૦૧૨૧ હતી. આવી તો અન્ય પણ યુનિવર્સિટીઓ અમેરિકામાં અને કેનેડામાં અનેક છે. આ દેશના વિકાસમાં યુનિવર્સિઓના સંશોધન ખાતાનો ઘણો જ મોટો ફાળો છે. સરકાર અને વ્યાપારીઓ પોતાની ઔદ્યોગિક, સૈનિક, વાતાવરણ, હાઈવે, સ્વાસ્થ્ય, આર્થિક, રાજનૈતિક—જેવી અનેક સમસ્યાઓ માટે યુનિવર્સિટીને ગ્રાન્ટ આપી સંશોધન કરાવે છે. અધ્યાપકો ઉપરાંત માત્ર સંશોધકોને પણ યુનિવર્સિટી રોકે છે. આથી યુનિવર્સિટી એ દેશની ઉન્નતિનું મુખ્ય કેન્દ્રસ્થાન બની રહે છે.

ઈંગ્લેન્ડ અને અમેરિકામાં અન્ય દેશોના છાત્રો ભણવા માટે અધિક સંખ્યામાં આવતા હોઈ ફીના ધોરણ હવે બે પ્રકારના થવા લાગ્યા છે. એક, દેશના કે તે તે પ્રાન્તના વિદ્યાર્થી માટે અને બીજું, બહારના વિદ્યાર્થી માટે. બહારના વિદ્યાર્થીને હવે ઘણી મોટી ફી ભરવી પડશે. હું એન. આરબરમાં હતો તે જ દિવસોમાં યુનિવર્સિટીના અધ્યક્ષ તરફથી બજેટ બાબતનો પત્ર હતો. તેમાં નિર્દેશ હતો કે પ્રાન્તિક અને કેન્દ્રની સરકાર ચાહે છે કે વિદ્યાર્થીઓ પાસેથી ફી વધારે લેવી. અને બજેટની ઘટ તે રીતે પૂરી કરવી, આથી ફી-વધારો અનિવાર્ય બનશે, એટલે આપણા ગરીબ દેશમાંથી માત્ર ઉત્તમ વિદ્યાર્થી જ અહીં આવે એ જરૂરી છે. વિદ્યાર્થી પરીક્ષામાં નબળો જણાય કે તરત જ યુનિવર્સિટી તરફથી કહી દેવામાં આવે છે કે તે અન્યત્ર જાય. ચાલુ વર્ષમાં એક બહેન જેઓ ગુજરાતમાંથી ભણવા આવ્યા હતા, તેમને આવી સૂચના મળી ગઈ હતી. યુનિવર્સિટીમાં ગ્રેજ્યુએટ વર્ગ એટલે કે M. A. ના વર્ગોમાં તો 'B' gradeથી નીચેનાને લેવામાં આવતા જ નથી. અને પરીક્ષામાં તેથી નબળું દેખાય તો તરત જ વિષય બદલવો પડે છે, અથવા યુનિવર્સિટી છોડવી પડે છે. 'B' grade એટલે ૬૫ ટકા જેવું ગણાય.

મિશિગન યુનિવર્સિટી અને અન્ય કારખાનાઓમાં કામ કરતા ભારતીઓની સંખ્યા ઍન-આરબરમાં ઘણી મોટી છે. પંદરમી ઑગસ્ટે તેમાંના ઘણા સ્વાતંત્ર્ય દિન ઊજવવા અને સાથે ઉજાણી કરવા ભેગા થયા હતા. મને પ્રાસંગિક કાંઈક કહેવા સૂચવવામાં આવ્યું. મેં તો કહ્યું કે દેશ સ્વતંત્ર તો થયો છે પણ ઉદ્યમી બુદ્ધિશાળી પ્રામાણિક કાર્યકર્તાઓની સખત જરૂર છે. તમે બધા જેઓ અહીં આવ્યા છો—તે કોટિના છો. એટલે દેશને તમારી જરૂર છે, તો ભણી-ગણીને વિદ્વાન થઈ અહીં જ ન રહેશો અને દેશમાં પાછા ફરી દેશની ઉન્નત્તિમાં તમારો સહકાર આપશો એવી મારી આપ સૌને નમ્ર વિનંતી છે—એમ પ્રવચન આપ્યું. પાછળથી તે જ રાત્રે અને પછી લેક ઉપરની ઉજાણીમાં તેમની સાથે જે ચર્ચા થઈ તેથી મને તો ઉત્પાત પણ થયો, ગ્લાનિ પણ થઈ અને નિરાશા પણ થઈ. એક પણ વિદ્યાર્થી કે અન્ય એવું ન મળ્યું જેમણે પાછા જવાની તૈયારી બતાવી. કદાચ હશે, જરૂર હશે. પણ મારી સાથે જેમણે જેમણે વાત કરી તેમાંથી તો કોઈ ન હતું. ઊલટું મને સલાહ આપનારા મળ્યા કે તમારે પાછા ન જવું જોઈએ. અને હજી સુધીમાં મને મારા મિત્રો અને પરિચિત પ્રોફેસરોમાંથી કોઈ પણ એમ સલાહ કે સંમતિ આપનાર નથી મળ્યું કે મારે પાછા ભારત જવું જોઈએ.

આપણા દેશના યુનિવર્સિટીના અધિકારીઓ અને સરકારી ઑફિસરો સામે તેમનું તહોમતનામું હતું કે તેઓને તેમના પ્રત્યે કોઈ સહાનુભૂતિ નથી. મોટી મોટી યોજનાઓ એમને આકર્ષવા માટે બને છે પણ પરિણામ બીજું જ આવે છે. અમેરિકા જેટલો પગાર ભારત ન આપી શકે તે તેમને મંજૂર છે પણ સામાન્ય યુનિવર્સિટીના રીડરને મળતો પગાર તો તેમને પ્રારંભમાં મળવો જોઈએ ને? માબાપના કેટલા હજાર રૂપિયા ખર્ચીને તેઓ અહીં આવે છે.ઘણા તો ઉધાર કરીને આવે છે. અહીં આવી ભણતા-ભણતા કમાય છે. તે પણ ભારતના સામાન્ય પગાર કરતા અધિક હોય છે. તો ભણી-ગણીને પાછા જઈએ ત્યારે માત્ર ૨૫૦ કે ૪૦૦ આવે તેમાં શું વળે? અહીં આરામ અને સુખ-સગવડો જે પ્રકારની છે—તેવી ત્યાં ન મળે એ સ્વાભાવિક છે પણ સામાન્ય સુખ-સગવડ અને આજની મોંઘવારી જોતા ૫૦૦ નો પગાર પણ પ્રારંભમાં અમને જો ન મળે તો પાછા આવવાનું મન કેમ થાય? ઘણા દેશભક્તિથી તણાઈ પાછા ગયા છે પણ રખડીને અહીં પાછા આવ્યા છે. એક પ્રોફેસરે તો પોતાની હકીકત કહી તે તો આપણી યુનિવર્સિટી અને સરકાર કેવી નોકરશાહી ચલાવે છે તેનો સાદર નમૂનો છે. ભારતની યુનિવર્સિટીમાં તેઓ રીડર હતા અને ભણવા અહીં આવ્યા, ત્રણ વર્ષ પછી પાછા જવાનું હતું. તે તેમને મંજૂર હતું. પણ તે ત્રણ વર્ષ દરમિયાન પ્રત્યેક વર્ષે મળતો પગારવધારો પણ યુનિવર્સિટી આપવા તૈયાર ન હતી. અહીંથી તેમના જ એક અમેરિકન પ્રોફેસર ભારત આવ્યા હતા. અને તેમની જ યુનિવર્સિટીમાં જાહેર ભાષણમાં એ રીડરની સૌ સમક્ષ પ્રશંસા કરી હતી—છતાં યુનિવર્સિટીએ તેમના ત્રણ વર્ષના પગારવધારાને મંજૂર ન કર્યો, આજે તેઓ ભારતમાં એક વર્ષનો જે પગાર મળે તેથી પણ વધારે એક માસમાં અમેરિકામાં કમાય છે. આવી પરિસ્થિતિ આપણી યુનિવર્સિટીમાં હોય ત્યાં અહીંથી પાછા જનાર ભાગ્યે જ નીકળે. એક બહેન જે માત્ર ત્રણ ચાર કલાક કોઈના બાળકને સાચવે તેમાં જ માસિક ૪૦૦ રૂપિયા સહેજે કમાઈ શકે છે, અને તે કામ મળવું બહુ સહેલું છે તો પતિ—પત્ની બન્ને કમાતા હોય—પછી ભારત જવાનું શા માટે પસંદ કરે?—આવી બધી સમસ્યાઓ જાણવા મળી, એટલે હું તો ઠંડો જ થઈ ગયો. આનો જવાબ મારી પાસે તો હતો નહિ. ગાંધીજીના જમાનાના દેશભક્તોને પણ આજે એશ-આરામ અને બંગલાની જરૂર છે તો જેઓ તે બધું અહીં ભોગવે છે તેમને કયા મોઢે પાછા જવાનો ઉપદેશ આપી શકાય? દેશભક્તિ જરૂરી છે પણ જે પરિસ્થિતિ આપણા નેતાઓએ ઊભી કરી છે તેમાં દેશભક્તિનો જવાળ ઓસરી રહ્યો છે. તે જુવાળ ફરી લાવવો હોય, તો ગાંધીજીના જમાનાની જેમ દેશનેતાઓએ જ ફરી ત્યાગ અને તપસ્યાના પાઠ શીખવા અને શીખવવા પડશે. અન્યથા આંતરરાષ્ટ્રીય ભાવનાના પ્રવાહમાં શું દેશ અને શું પરદેશ—એવી વિકૃત ભાવના સહેજે પ્રચલિત થશે.

અહીંના ભારતીઓ તરફથી પ્રસિદ્ધ થતા Canadian India Times—(૧૯-૯-૬૮)માં વાંચ્યું કે શ્રી મોરારજીભાઈ પાસે સૌથી વધારે સંખ્યામાં ચપરાસી છે. આ દેશમાં ચપરાસી મેં કયાંય જોયા નથી, યુનિવર્સિટીમાં પણ નથી, અમારા વિભાગમાં પણ નથી. અંગ્રેજોએ આપેલી ભારતીઓને આ ભેટ આપણે પાછી વાળવાને બદલે હોદ્દાના મોહમાં રાચીએ છીએ અને પોતાના ટેબલ ઉપરના કાગળીઆ પણ બાજુના ટેબલમાં દેવા હોય તો ચપરાસીની જરૂર સ્વીકારીએ છીએ. આ ગુલામી માનસ છે, તે જવું જોઈએ. અહીં ટેલિફોનથી જ બધું પતતું હોય છે અને જે તેથી ન પતે તેમ હોય

તે માટે ઈશ્વરે હાથ-પગ આપ્યા છે. બહાર ધંટડી હોય તેથી કામ ચલે – પણ આપણે તે ધંટડીને બદલે ચપરાસીને બેસારીએ છીએ, આ બધું ધરમૂળથી નહીં સુધારીએ ત્યાં સુધી દેશનું ખરું સ્વાતંત્ર્ય નથી આવવાનું, અને તે આવ્યા વિના પરદેશમાં ભણતા વિદ્યાર્થીને પાછા બોલાવવાનું પણ શક્ય રહેવાનું નથી. દેશપ્રેમ ઘણાના મનમાં મેં જોયો છે તે માટે કાંઈક કરી છૂટવાની તમન્ના પણ ધરાવે છે. પરંતુ સમસ્યા તેમની સમક્ષ વાસ્તવિક છે, અહીં પાંચ સાત વર્ષ ગાળ્યા પછી દેશમાં પાછા ફરવું હોય તો જીવનની સુઘડતા જે તેમણે અહીં અનુભવી–માણી હોય છે તેમાંનું બધું તો કદાચ ન જ મળી શકે પણ સારી નોકરીની પણ અપેક્ષા તેઓ ન રાખે એમ તો ન જ બને, અને તે પણ જ્યારે તેઓ જુએ છે કે તેમના કરતા ઘણી જ ઓછી લાયકાત વાળા, જૂના જમાનાની નોટો ઉપર નભનારા અને નવું કાંઈ જ ન વાંચનારા પણ અધ્યાપકો તેમના કરતા મોટો પગાર મેળવતા હોય છે. તો તેમને એક સામાન્ય રીડરને મળતો પગાર પણ શા માટે પ્રારંભમાં ન આપવામાં આવે? આ પરિસ્થિતિમાં સુધારો નહીં થાય અને પરદેશમાંથી નિષ્ણાત થઈ આવેલાને બધા જ ચાલુ નિયમોથી ઉપર જઈને સમાવી લેવાનો નિષ્ઠાપૂર્વકનો પ્રયત્ન આપણી યુનિવર્સિટીઓ અને સરકાર નહીં કરે ત્યાં સુધી આ અમૂલું ધન આપણું નહીં બને, તેનો લાભ વિદેશને મળશે આપણે તે વિના ચલાવી લેવું પડશે એમ મને લાગે છે.

ટોરોન્ટો, તા. ૨૨-૯-૬૮. દલસુખ માલવણિયા

રજનીશજીનાં સંક્ષોભજનક વિચારો પરત્વે મળેલાં ચર્ચાપત્રો અંગે–

[સ્ત્રી-પુરુષ સંબંધ અંગે પ્રગટ થયેલા આચાર્ય રજનીશજીના વિચારોએ અને અદ્યતન રાજકારણ અંગે અને તેના સંદર્ભમાં ગાંધીજી, જવાહરલાલજી, વિનોબાજી અને તેમની પ્રવૃત્તિઓ અંગે પ્રશ્નોત્તરીના આકારમાં તાજેતરમાં પ્રગટ થયેલા આચાર્ય રજનીશજીના વિચારોએ આપણા પ્રજાજનોમાં અસાધારણ સંક્ષોભ અને ઉકળાટ પેદા કર્યો છે અને છેલ્લા મહિનાના સામયિકોમાં ઢગલાબંધ ચર્ચાપત્રોદ્વારા તે સંક્ષોભ અને ઉકળાટ પૂરતા પ્રમાણમાં પ્રગટ થયો છે એ હકીકત ધ્યાનમાં લઈને પ્રબુદ્ધ જીવનમાં હવે આ ચર્ચા લંબાવવી નહિ એમ તા. ૧૮-૧૧-૬૮ ના રોજ મળેલી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભામાં વિચારવામાં આવ્યું છે તદનુસાર આજ સુધીમાં મળેલાં ચર્ચાપત્રોની પ્રસિદ્ધિ મુલતવી રાખવામાં આવે છે, જે માટે તે તે પત્રલેખકોની હું ક્ષમા ચાહું છું.

આમ છતાં અમદાવાદની ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત વિનયમંદિરમાં ઘણાં વર્ષોથી એક શિક્ષક તરીકે કામ કરતાં શ્રી કનુભાઈ ઝી. દેસાઈ તરફથી મળેલો તા. ૧૬-૧૦-૬૮ નો પત્ર, તેમાં રહેલી વિષમ નિરૂપણની વિશદતાથી પ્રભાવિત બનીને અને વહેલી તકે એ પત્ર હું પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવા ધારું છું એમ તેમને હું લખી ચૂકેલો હોઈને એક અપવાદ તરીકે નીચે પ્રસિદ્ધ કરું છું. આ પત્ર વિવાદગ્રસ્તતાથી મુક્ત છે એમ એ પત્ર વાંચનાર કોઈ પણને લાગ્યા વિના નહિ રહે એવી મારી ખાત્રી છે. પરમાનંદ

પ્રસ્તુત પત્ર

માન્યવર શ્રી પરમાનંદભાઈ

આચાર્ય શ્રી રજનીશજીના વિવાદાસ્પદ બનેલ પર્યુષણ વ્યાખ્યાન અંગેનો મારો તાત્કાલિક પ્રત્યાઘાત આપને લખી મોકલું છું, આપ યોગ્ય કરશો એ અપેક્ષાએ.

આચાર્યશ્રીના સાહિત્યના અથવા પ્રસ્તુત વિષયના વ્યાપક અને ઊંડા શાસ્ત્રીય અભ્યાસનો મારો દાવો નથી. આ વિષય અંગેની મારી ભૂમિકા એક જિજ્ઞાસુ તથા સામાન્ય કોટિના વિનમ્ર શ્રોતાર્થીની જ છે.

ધર્મશાસ્ત્રોએ, તથાકથિત સાધુઓએ અને સંતોએ મનુષ્યના મનને ઝેરીલું અને પ્રેમ–વિમુખ બનાવી દીધું છે એવો આચાર્યશ્રીનો આક્ષેપ અતિશયોક્તિ ભરેલો લાગે છે. જાહેર વકતાઓ અને લેખકો આધુનિક માનશસાસ્ત્ર અને પોતાની વ્યક્તિગત અનુભૂતિઓને આધારે પરંપરીણ માન્યતાઓને એકાએક ધક્કો લગાવવામાં કંઈક ગૌરવ અને આનંદ અનુભવે છે. પરંતુ પ્રત્યેક પરંપરાના મૂળમાં – પ્રસ્તુત સંદર્ભમાં કામ (Sex) વગેરે પ્રત્યેના ધાર્મિક વલણોના મૂળમાં – "દેશકાળ" ની મર્યાદાઓ આપોઆપ જોડાઈ જાય છે અને દેશકાળ બદલાયા પછી પણ તે વળગી રહે છે. સુજ્ઞ સમાજસુધારક જડ પરંપરાઓને અવશ્ય તોડશે. પરંતુ સાથે સાથે સાચી અનુભૂતિઓ – જે પ્રત્યેક ધર્મના પાયારૂપ હોય છે – તેને યોગ્ય રીતે મૂલવીને નવું બળ કે રૂપ આપશે. મારી સમજ પ્રમાણે ધર્માચાર્યો, સંતો અને નીતિશાસ્ત્રીઓએ (પ્રસ્તુત સંદર્ભમાં) દેશકાળની મર્યાદાઓમાં રહીને સમાજની ઉન્નત સેવા કરેલી છે અને હજુએ કરે છે – જો કે, આધુનિક માનસશાસ્ત્ર અને વિજ્ઞાનની દૃષ્ટિએ તેઓ જડ દેખાતા હોય છે.

'સંયમ' અને 'કામવૃત્તિનું ઉન્મૂલન' લક્ષ્યો નથી, પરંતુ લક્ષ્યો તરફ જવાનાં સાધનો છે. જીવનના 'લક્ષ્ય' ની બાબતમાં ધર્મ ધર્મ વચ્ચે અને જુદી જુદી વિચારસરણીઓ વચ્ચે ભેદ હોય અને રહે એ સ્વાભાવિક છે. પરંતુ 'વ્યક્તિ' અને 'સમાજ' ના ધારણપોષણ અને સ્વસ્થ વિકાસ માટે નિશ્ચિત અને સ્પષ્ટ મર્યાદાઓ (અસાધારણ વ્યક્તિઓને એ ગમે તેટલી આણગમતી લાગે તો પણ) સામાન્ય માનવી માટે આવશ્યક હોય છે.

પ્રત્યેક ઈષ્ટ કે અનિષ્ટ (good કે evil) ઈશ્વરની જ રહસ્યમય શક્તિનું સર્જન અને પ્રતીક હોય છે. 'કામ' પાપ નથી, 'પ્રેમ' પણ પાપ ન હોઈ શકે. પરંતુ **'કામ' અને સ્થૂળ આસક્તિઓનું ઊર્ધ્વીકરણ સંયમ, વ્રત કે એવી કોઈક તાલીમ કે પ્રેરણા વિના શક્ય છે ખરું?** 'કામ' અને પ્રેમને નામે ખપતી વ્યક્તિગત આસક્તિઓમાંથી મનુષ્ય સહજ રીતે ઊગરી શકે ખરો? મનુષ્યની સામાન્ય સંસ્કૃતિ અને આંતરિક ઉત્ક્રાંતિનો ઈતિહાસ બતાવે છે કે (અસાધારણ અપવાદોને બાદ કરતાં) મનુષ્યની અધોગામી વૃત્તિઓને સંયમને માર્ગે પ્રેરતા રહેવું જરૂરી હોય છે. જો કે, પાપની ભાવના (Guilt sense) અને અતિ કડક નિયમનો સ્વસ્થ વિકાસને પોષક નથી બલ્કે તે વિકૃતિઓ પેદા કરે છે એ સુવિદિત છે.

"વિષયાનંદ" ઉત્તરોત્તર સૂક્ષ્મ રૂપોમાં પરિવર્તિત થઈને આખરે "બ્રહ્માનંદ" માં પહોંચી શકે એ વિષે શંકા નથી. ક્રમિક વિકાસનાં બધાં પગથિયાં બધાંને માટે આવશ્યક છે એવો આગ્રહ બરાબર નથી. પરંતુ અમુક વલણો 'લક્ષ્ય' તરફ લઈ જનારાં અને તેથી ઊલટાં વલણો લક્ષ્યથી વિમુખ કરનારાં હોય છે એવો અનુભવ લગભગ સાર્વત્રિક માન્યતા પામેલો છે, ગૂઢવાદીઓ અને એવા અન્ય વાદોમાં માનનારાઓને કદાચ અપવાદ રૂપ ગણી શકાય.

શ્રી રજનીશજીની વ્યક્તિગત ભૂમિકા ગમે તેટલી ઉન્નત હોય તોપણ તેમના વકતવ્યનો સમગ્ર ધ્વનિ આજકાલના સ્વેચ્છાચારના યુગમાં યુવાન માનસને વિવેકહીન 'મુકતાચાર' માં ખેંચી જાય એવો ડર રહે છે.

ગુજરાત વિદ્યાપીઠ,
તા. ૧૬-૧૦-૬૮. કનુભાઈ ઝી. દેસાઈ

વિષય સૂચિ

		પૃષ્ઠ
પ્રસન્ન જીવનસંધ્યા	પૂર્ણિમા પકવાસા	૧૫૯
પ્રકીર્ણ નોંધ: શ્રી વિમલાબહેન ઠકારના સમાચાર, શ્રી મહાવીર જૈન વિદ્યાલયને ભાવનગરમાં શાખા ખોલવા માટે રૂા. ૧,૭૬,૦૦૦ નું મળેલું દાન, શ્રી શંકરરાવ દેવ પણ કાકા સાહેબનું સમર્થન કરે છે!, 'સત્યાગ્રહ' એટલે શું? દિવ્ય દાંપત્ય, ડૉ. શ્રીકાન્ત દોશીનું દુ:ખદ અવસાન.	પરમાનંદ	
ગરીબાઈ, રાષ્ટ્રીય એકતા!	ચીમનલાલ ચકુભાઈ શાહ	૧૬૪
'બે લાખ રૂપિયાના ચાંદીના રથ' અંગે	ત્રણ પત્રો	૧૬૫
નવી દુનિયામાં - ૧૧	દલસુખ માલવણિયા	૧૬૬
રજનીશજીના વિચારો અંગે ચર્ચાપત્ર	કનુભાઈ ઝી. દેસાઈ	૧૬૭
'અભિપાપ્ર' નાટિકા: એક આલોચના:	પરમાનંદ	૧૬૮
ધર્મ અને વિજ્ઞાન	ડૉ. ડી. એસ. કોઠારી	૧૬૯

'અભિશાપ' નાટિકા : એક આલોચના

શ્રી જૈન કેળવણી મંડળદ્વારા સંચાલિત શ્રીમતી રતનબાઈ કેશવજી ખેતાણી શ્રી રત્નચિંતામણિ સ્થાનકવાસી જૈન હાઈસ્કૂલ (ગર્લ્સ સ્કૂલ) નો વાર્ષિક રસોત્સવ તા. ૧૦-૧૧-'૬૮ ના રોજ સવારના ભાગમાં ભારતીય વિદ્યાભવનમાં ઉજવવામાં આવ્યો હતો. આ રસોત્સવનો મનોરંજન કાર્યક્રમ ત્રણ વિભાગમાં વહેંચાયેલો હતો. ૧. ભારત લોકનૃત્યો, ૨. ગનશૂટીંગ, ૩. અભિશાપ નાટિકા. આ આખા કાર્યક્રમના મુખ્ય આયોજક પ્રસ્તુત હાઈસ્કૂલના મંત્રી અને જૈન સ્થાનકવાસી સમાજના આગેવાન શ્રી ખીમચંદ મગનલાલ વોરા હતા. 'અભિશાપ' નાટિકા તેમણે લખેલી હતી અને સંસ્થાની વિદ્યાર્થિની – બાળાઓએ તે નાટિકા સારી રીતે ભજવી બતાવી હતી.

આ નાટિકામાં જૈન સતીઓમાં લેખાતી સતી સુભદ્રાના ચરિત્રનું નિરૂપણ કરવામાં આવ્યું હતું. સતી સુભદ્રાની કથાને બહુ ઓછા લોકો–જૈનો પણ બહુ ઓછા પ્રમાણમાં–જાણે છે. તેથી તેનો ટૂંકસાર અહીં આપવામાં આવે તો અસ્થાને નહિ ગણાય.

સુભદ્રા ચંપાનગરીમાં વસતા જૈન કુટુંબની કન્યા હતી. નાટક લેખકના જણાવવા મુજબ બૌદ્ધધર્મી કુટુંબનો એક સુદર્શન નામે એક કુમાર તેની સાથે પ્રેમમાં પડયો અને આ પરધર્મી કન્યાને આવકારવાને આતુર નહિ એવા કુટુંબની તે કુળવધુ બની અને પરિણામે સુભદ્રા અને તેની સાસુ તથા નણંદ વચ્ચે ધર્ષણ શરૂ થયું. એ ધર્ષણ ચાલ્યા કરતું હતું એ દરમિયાન એક સમયે સુભદ્રા રસોડામાં રસોઈ કરતી હતી અને એક જૈન મુનિ ભીક્ષાર્થે ત્યાં આવી ચઢયા. સુભદ્રા જુએ છે તો તેને માલૂમ પડે છે કે એ સાધુની આંખોમાં કણું પડયું છે અને તે કારણે બહુ વિહ્વળ છે. સુભદ્રા આપદધર્મ લેખીને તે મુનિની આંખમાંથી પોતાની જીભ વડે કણું કાઢે છે અને એમ કરતાં સુભદ્રાના કપાળમાં કરેલા ચાંદલાનું કંકુ મુનિના કપાળે ચોંટી જાય છે જેની સુભદ્રા કે મુનિને કશી ખબર હોતી નથી. ઉપર જણાવ્યા મુજબ સાધુની આંખનું દુઃખ હળવું કર્યા બાદ સાધુને સુભદ્રા આહાર વહોરાવે છે, સાધુ વિદાય થાય છે અને સુભદ્રા રસોઈના કામમાં ગૂંથાઈ જાય છે. ઘરબહાર નીકળતા સાધુના કપાળમાં કંકુના ડાઘ તરફ સુભદ્રાની સાસુ અને નણંદની નજર જાય છે અને અંદર આવીને સુભદ્રા ઉપર વ્યભિચારનું કલંક લગાડે છે અને આ બાબત જાણીને તેનો પતિ પણ ભરમાય છે. આમ કલંકિત બનેલી સુભદ્રા જાણે કે ત્યકતા હોય એવા ભારે કુટુંબમાં પોતાના દિવસો શ્વસુરગૃહે પસાર કરે છે.

પતિવ્રતા સુભદ્રાનું આ કલંક દૂર કરવા શાસનદેવતા એક ચમત્કારનું નિર્માણ કરે છે. સાધારણ રીતે રાત્રિના સમયે બંધ કરવામાં આવતા ચંપાનગરીના દરવાજા એક દિવસ સવારે કેમે કરીને ઉઘડતા નથી અને એકાએક દેવવાણી થાય છે કે આ દરવાજા કોઈ પણ બળ કે કળથી ખૂલશે નહિ, સિવાય કે મન, વચન, અને કાયાથી પવિત્ર એવી કોઈ પતિવ્રતા સતી કાચા સૂતરના તાંતણે ચારણી બાંધીને દરવાજા નજીકના કૂવામાંથી પાણી કાઢીને તે પાણી જો આ દરવાજા ઉપર છાંટે તો જ આ દરવાજા ખુલશે." આમ કરવું લગભગ અશક્ય જેવું છે એ તો સૌ કોઈ સમજી શકે તેવું છે. એમ છતાં અનેક સ્ત્રીઓએ પ્રયત્ન કર્યા પણ તે બધા પ્રયત્ન નિષ્ફળ ગયા. એવામાં સતી સુભદ્રા ત્યાં આવી ચઢી. તેણે આ ચમત્કાર ચંપાનગરીના રાજા, કર્મચારીઓ અને વિરાટ માનવમેદની સમક્ષ કરી બતાવ્યો અને દરવાજા ખૂલી ગયા અને આ રીતે સતી સુભદ્રાના માથેથી કલંકનું નિવારણ થયું અને નગરજનોએ તેનું એક દેવી તરીકે સન્માન કર્યું, અને કુટુંબીજનોએ પણ તેને આત્મીયજન તરીકે અપનાવી.

આવી એક જૈન કથાને નાટિકામાં સફળતાપૂર્વક ઉતારવા માટે શ્રી ખીમચંદભાઈને ખરેખર ધન્યવાદ ઘટે છે. આ તેમનો છઠ્ઠો પ્રયત્ન છે. જૈન કથાઓને નાટકમાં ઉતારવાના આજે ઠીક ઠીક પ્રયત્નો થઈ રહ્યા છે અને તેમાં કાન્તિલાલ ઈશ્વરલાલ જૈન ગર્લ્સ સ્કૂલે અને મુંબઈના જૈન મહિલા સમાજે સારી પહેલ કરી છે. જૈન કથાઓમાં સાધુઓ અનિવાર્યપણે આવે અને જો તીર્થંકરના ચરિત્રને નાટકનું રૂપ આપવું હોય તો તીર્થંકરનો પાઠ ભજવવાનું પણ કોઈ પાત્રના માથે આવે જ. આ વિષયમાં જૈન સમાજમાં કંઈ કાળથી અમુક સાંકડા ખ્યાલો ઘર કરી રહેલા હોઈને જૈન કથાઓને નાટકમાં ઉતારવાનું આજ સુધી શક્ય બન્યું નહોતું. ધીમે ધીમે આ વિચારોનું સાંકડાપણું દૂર થવા લાગ્યું છે અને જૈન કથા વસ્તુને નાટકમાં ઉતારવાનું મહત્ત્વ અને ધર્મપ્રચારની દૃષ્ટિએ તેનું ઉપયોગીપણું જૈન સમાજને સમજાવા લાગ્યું છે અને તેથી આ દિશાના સાહસો હવે શક્ય બનવા લાગ્યા છે. થોડા સમય પહેલાં જૈન મહિલા સમાજે ભજવેલા 'શ્રદ્ધાને સથવારે' એ મથાળાના નાટકમાં ચંદરાજાની જાણીતી જૈનકથાનું નિરૂપણ કરવામાં આવ્યું હતું અને તેના છેલ્લા દશ્યમાં શંત્રુજ્યના મુખ્ય મંદિરની આદીશ્વર ભગવાનની મુખ્ય મૂર્તિનું મૂળ કદ મુજબનું સ્વરૂપ દર્શાવતું ભવ્ય ચિત્ર રજૂ કરવામાં આવ્યું હતું અને તે સામે કોઈએ વાંધો લીધો નહોતો. 'અભિશાપ' નાટિકામાં પણ જૈન સાધુને તેના ચાલુ સાધુવેશ મુજબ રજૂ કરવામાં આવ્યા હતા અને તે રીતે મૂળ કથાને સાચો આકાર આપવામાં આવ્યો હતો અને આ બાબતને પ્રેક્ષકોએ પૂરા ભાવથી આવકારી હતી. આપણે આ દિશામાં આગળ વધીએ અને જૈન તીર્થંકરોને અને જૈન મહાપુરુષોને નાટક તેમ જ ફીલ્મ દ્વારા રજૂ કરતા થઈએ અને એ રીતે જૈન ધર્મની જાણકારી જગતમાં ફેલાવતા થઈએ એ અનેક દૃષ્ટિએ ઈષ્ટ અને આવકારપાત્ર છે.

અહીં એક બાબતની નોંધ કરવી અસ્થાને નહિ ગણાય કે આ નાટકના લેખક એક શ્રદ્ધાસંપન્ન સ્થાનકવાસી જૈન હતા અને આ નાટકને રજૂ કરતી સંસ્થા પણ સ્થાનકવાસી સમાજ સંચાલિત હતી એમ છતાં સ્થાનકવાસી જૈન મુનિ માફક આ નાટકમાં રજૂ કરવામાં આવેલા જૈન મુનિના મોઢે મુહપત્તિ બાંધવામાં આવી નહોતી. આ જોઈને મને આશ્ચર્ય થયું, તેમ જ આનંદ પણ થયો. 'પ્રબુદ્ધ જીવન'માં થોડા સમય પહેલાં આ જ પ્રશ્નની લંબાણથી ચર્ચા કરવામાં આવી હતી અને જૈન સાધુઓ પોતાના મોઢે જે મુહપત્તિ બાંધે છે તેનો કોઈ અર્થ નથી એ વિચાર પ્રબુદ્ધ જીવનના વાચકોના મન ઉપર ઠસાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. એ પ્રયત્નની સફળતાનું મને આ નાટકમાં રજૂ કરવામાં આવેલ મોઢે મુહપત્તિ વિનાના જૈન મુનિને જોઈને દર્શન થયું અને મારી વાત ખીમચંદભાઈ જેવા નક્કર સ્થાનકવાસીને પણ આટલે સુધી પહોંચી છે – તેમણે મારા વિચારનો આટલો પણ સ્વીકાર કર્યો છે તે કારણે મેં તેમને ટેલીફોન દ્વારા ધન્યવાદ આપીને આત્મસંતોષ અનુભવ્યો.

આ તો થોડી વિનોદવાર્તા થઈ. પણ આ કથાના સંદર્ભમાં એક બીજી બાબત તરફ પ્રબુદ્ધ જીવનના વાચકોનું ખાસ ધ્યાન ખેંચવાનું મન થાય છે અને તે બાબત એ છે કે એ સર્વત્ર સુવિદિત છે કે જૈન સાધુને સ્ત્રીસ્પર્શ સર્વથા નિષિદ્ધ છે અને તે એટલે સુધી કે નાની બાલિકાનો પણ જો ભૂલથી સ્પર્શ થઈ જાય તો તે માટે પણ તેને પ્રાયશ્ચિત લેવાનું હોય છે. આમ છતાં સતી સુભદ્રાની પ્રસ્તુત કથામાં સુભદ્રા જૈન મુનિની આંખમાંથી પોતાની જીભ વડે કણું કાઢે છે – આ ઘટનાને સુભદ્રાપક્ષે કે સાધુપક્ષે જૈન શાસ્ત્રકારોએ જરા પણ દોષિત લેખી નથી, એટલું જ નહિ પણ, સુભદ્રાને નિર્દોષ જાહેર કરવા માટે એક મોટા ચમત્કારની જૈન શાસ્ત્રકારોએ કલ્પના કરી છે. આ એમ સૂચવે છે કે નિયમનું નિરપવાદ વિધાન કરવા છતાં એવો પણ તેમણે એક પ્રશ્ન કલ્પ્યો છે કે જેને અપવાદ તરીકે લેખીને સાધુપક્ષે સ્ત્રીસ્પર્શને આપદધર્મ તરીકે સ્વીકાર્યો છે અને તે સ્પર્શને નિર્દોષ સ્પર્શ તરીકે જાહેર કર્યો છે. આ ઘટનામાં નિયમનો આગ્રહ અને અસાધારણ પ્રસંગમાં તેમાં છૂટછાટને અવકાશ – એ બન્ને તત્ત્વોનો સ્વીકાર છે અને એ રીતે આ કથા સ્ત્રી-પુરુષ સંબંધ પરત્વે જૈન શાસ્ત્રકારોની ઉદારતાની દ્યોતક બને છે.

પરમાનંદ

❋ ધર્મ અને વિજ્ઞાન ❋

(ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના ચેરમેન ડૉ. ડી. એસ. કોઠારીએ ઉપર જણાવેલ વિષય ઉપર આપેલા વ્યાખ્યાનની નોંધ નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી.)

મહારાષ્ટ્ર - ગુજરાતમાં ધર્મોનું ઊંચું સ્થાન છે. આપણું સૌથી મોટું સૌભાગ્ય છે કે આપણે ભારતમાં જન્મ્યા છીએ. ભારતથી બીજા ઘણા દેશો વિકસિત અને ધનવાન છે, પણ હું જે કાંઈ થોડું દુનિયામાં ફર્યો છું તેમાં બીજા દેશો જોઈ મને લાગ્યું છે કે આપણો દેશ ગરીબ અને દુઃખી હોવા છતાં તેનાથી મોટો દેશ બીજો કોઈ પણ નથી. ભારતમાં જન્મ હોવો એ માનવીની ખુશકિસ્મતી છે.

ભારતમાં મહાન જ્યોતિ જાગી. બુદ્ધ, મહાવીર અને બીજા ઋષિ મુનિઓએ જે જ્યોતિની ઝલક દર્શાવી છે તેવી બીજે કયાંય નથી. તેની મોટી સાબિતીરૂપ ભારતમાં જ ગાંધીજી, અરવિંદ અને રામકૃષ્ણે આ જ્યોતિ કાયમ રાખી છે. આ દેશની હવામાં પવિત્રતા, સાધના, ને ધર્મની જ્યોતિ છે. આપણે તેનો લાભ ત્યારે જ ઊઠાવી શકીએ – જો આપણે તેનો ઉપયોગ કરીએ.

હવામાંથી તમામ દેશના વિદ્યુતતરંગો વહેતાં જ રહેતા હોય છે, પણ રેડિયોસેટ વિના તેનો લાભ મળતો નથી. તે પ્રમાણે આપણે આપણા હૃદયના 'સેટ'ને પણ 'ટ્યુન' કરીએ, પરિસ્થિતિ સાથે સમરૂપ બનીએ.

આની ઘણી રીત છે. તેમાંની સરળ રીત એ છે કે જે આબાલવૃદ્ધ સૌ કોઈ કરી શકે. તે છે "જપ કરો." પછી તે 'ૐ' થી કરો કે 'નવકારમંત્ર' થી કરો. આ સરળ અને શકિતશાળી રીત છે. જપ વડે એકાગ્રતા સાધવી, આધ્યાત્મિક આદર્શ સાથે એકરૂપ થવું. ઘણાને એવી શંકા જાગે છે કે આપણી 'હૃદયતંત્રી' આમ ખરેખર 'ટ્યુન' કરી શકાય? આપણું હૃદયયંત્ર ભકિતની લહેરને 'ટ્યુન' કરી શકશે?

ઠેઠ ગીતાકાળથી આવી શંકાઓ થયા જ કરે છે. ગીતા અને જૈનગ્રંથો એક જ વાત કહે છે. ગીતામાં અર્જુન પ્રશ્ન કરે છે કે હું યોગસાધના કરું, પણ મન ચંચળ છે તે વશ કેમ થાય? કૃષ્ણ તેના જવાબમાં કહે છે કે મન ચંચળ છે, પણ વૈરાગ્ય અને અભ્યાસથી મનને સાધી શકાય છે, કાબૂમાં રાખી શકાય છે.

અભ્યાસ, નિયમ અને સંયમ તેને માટે જરૂરી છે. આ વૈરાગ્ય શું છે? બાળપણમાં અમારે ત્યાં માંગવાવાળા આવે ત્યારે વડીલો કહેતા કે " આ વૈરાગી કોણ આવ્યો? બહાર કાઢો તેને." આમ વૈરાગીનો પ્રચલિત અર્થ 'ભિખારી' બની ગયો છે. એ રીતે એક મહાન આદર્શ ઘૃણાસ્પદ થઈ ગયો છે. વૈરાગીને કાઢવા જતાં વૈરાગ્ય જ ચાલી ગયો છે, જેવી રીતે Throwing away baby with bath water.

આજે બધે કરપ્શન (ભ્રષ્ટાચાર) જોવા મળે છે. તેનું એક કારણ આપણી ગુલામી પણ હતી. પશ્ચિમમાં વિજ્ઞાને પ્રગતિ સાધી છે, પૂર્વમાં ધર્મે પ્રગતિ સાધી છે. પશ્ચિમમાં વિજ્ઞાન ભ્રષ્ટ થયું છે, પૂર્વમાં ધર્મ ભ્રષ્ટ થયો છે.

વિજ્ઞાનના ભ્રષ્ટાચારને પરિણામે વિશ્વયુદ્ધો જાગ્યાં છે. બંનેને સુધારવા માટે ધર્મ અને વિજ્ઞાનના સમન્વયની જરૂર છે.

એક દાખલો જોઈએ. એક શ્રાવકને સપનું આવ્યું કે તેના ઘરથી ૨૦૦ માઈલ દૂર એક રાજાના મહેલના દરવાજા આગળ ખોદતાં તેને ખજાનો મળશે. એક બે વાર તેણે સપનાની પરવા ન કરી, પણ વારંવાર એકનું એક સપનું આવ્યું એટલે તેણે વિચાર્યું કે લાવ, નસીબ અજમાવું. તે અનેક કષ્ટો વેઠી બસો માઈલ દૂરના પેલા મહેલ પાસે ગયો. પણ તેના દરવાજા પાસે જઈને જુવે તો એક પહેલવાન પહેરેદાર સિપાઈ બંદૂક લઈને ઊભો છે. તે ખાડો ખોદે કેવી રીતે? આમ વિચારતો તે રોજ આવે છે અને સામે ઊભો રહી ચાલ્યો જાય છે. આથી આશ્ચર્ય પામી એક દિવસ સિપાઈએ તેને પૂછ્યું, " ભાઈ, તું આમ રોજ કોની રાહ જોતો ઊભો રહે છે, તારું કશું ખોવાયું છે? હું તેમાં કાંઈ મદદ કરી શકું તેમ હોય તો કહે." આથી હિમત એકઠી કરી શ્રાવકે તેને સમજાવીને બધી વાત કરી. તે સાંભળી પેલો સિપાઈ ખડખડાટ હસ્યો. તેણે કહ્યું, "ભલા માણસ, સ્વપ્ન પર વિશ્વાસ મૂકી, આટલી તકલીફ ઊઠાવી તું અહીં આવ્યો? એમ તો મને રોજ સપનું આવે છે કે અહીંથી બસો માઈલ દૂર એક ઘરમાં ધર્મપાલનો દીકરો ભદ્રિક નામે શ્રાવક રહે છે. તેના ઘરમાં ચુલા નીચે ખજાનો છે. પણ હું કાંઈ એટલા માટે ત્યાં જતો નથી."

પેલા શ્રાવકનું નામ જ ભદ્રિક હતું. તેના બાપનું નામ ધર્મપાલ હતું. તેણે પોતાના ઘરની જ વાત સાંભળી. કંઈ પણ વધુ બોલ્યા વિના તે ઘેર પાછો ફર્યો. તેણે ચૂલા નીચે ખોદી જોયું તો તેને સિપાઈના સ્વપ્ન પ્રમાણેનો ખજાનો મળ્યો.

આ દૃષ્ટાંતનો અર્થ એ છે કે ભગવાનનો ખજાનો આપણી પાસે જ છે. તેને માટે કોઈ બીજા ધર્મનો સિપાઈ વાત કહે તે માનીને તમે તે કરો તેવી જરૂર નથી.

ધર્મનો ભ્રષ્ટાચાર દૂર કરવા વિજ્ઞાનની જરૂર છે. તેવી જ રીતે પાશ્ચાત્ય વિજ્ઞાને પણ આપણા ધર્મનો ફાયદો ઊઠાવવાનો છે. બંનેની ભ્રષ્ટતા દૂર કરવી છે. ધર્મની મોટી દેન આધ્યાત્મિક જ્ઞાન છે. તેમાંથી ભ્રષ્ટાચાર દૂર કરવો છે. બુદ્ધમાંથી આપણે માનવીને 'બુધ્ધુ' બનાવ્યો છે, છસો વર્ષ પહેલાની ઈંગ્લેન્ડની એક વાત છે. એ વેળા વાતવાતમાં કોઈ પ્રમાણ – 'ઑથોરીટી' – બતાવવું હોય તો ડૉ. સેબેલીસ ડન્સનું નામ લેતાં તરત ચર્ચા સમાપ્ત થતી, તેનું નામ પ્રમાણભૂત હતું. પણ જેમ જેમ વિજ્ઞાને પ્રગતિ કરી તેમ તેમ ડન્સનું નામ લેવું એ મૂર્ખતામાં ગણાવા માંડ્યું. તે એટલે સુધી કે Dunce શબ્દ મૂર્ખતાનો પર્યાયવાચી બની ગયો!

એક જર્મન દાકતરની એક ચોપડી હમણાં જોવા મળી. તેમાં તેમણે જૈન તત્ત્વજ્ઞાનની થોડી વાત લખી છે. તેમાં લખ્યું છે કે કોઈ એક વ્યકિત માંકડવાળો ખાટલો લઈને ફરે છે. લોકોને કહે છે: "આ માંકડના ખાટલા પર સુવાનું શું આપશો?" આમ માંકડના પોષણ માટે જેનો પૈસા દઈ તે માણસને માંકડના ખાટલા પર સુવાડી ધર્મ કરે છે! આ અધૂરી સમજણ ધર્મનો વિપર્યાસ છે.

વૈરાગી પ્રત્યેની ઘૃણાથી વૈરાગ્ય પ્રત્યે પણ વિતરાગ જાગ્યો છે. ખરી રીતે વૈરાગ્ય એટલે to think objectively and scientifically, હેતુલક્ષી અને વૈજ્ઞાનિક ચિંતન. નિર્ભીકતાથી હેતુલક્ષી વિચાર કરવો તે વૈરાગ્ય.

આ જગતનો મોટો પ્રશ્ન છે: હું કોણ છું? કયાંથી આવ્યો છું? આ પ્રશ્નના ઉકેલમાં કેટલી મદદ કરે છે તેના પર જ જ્ઞાન-વિજ્ઞાનનો મૂળ સાર રહેલો છે. તેનું મનન એટલે જ વૈરાગ્ય.

આ એક જટિલ પ્રશ્ન છે. સંસાર શું? હું કોણ? આપણું તે આપણું નથી. પણ આ બધાનો ગભરાટ વિના જ વિચાર કરો; ડરશો નહીં, આ મહાન પ્રશ્નનો વિચાર એ જ વૈરાગ્ય છે.

વિજ્ઞાન કહે છે કે ડન્સે કહ્યું હતું કે બીજા કોઈએ તેની પરવા કર્યા વિના સત્યની શોધમાં લાગી જાઓ. વિજ્ઞાન આમ કાચો વૈરાગ્ય જ છે. તે જ વિજ્ઞાની સફળ થાય જે વૈરાગ્યને રસ્તે જાય. વૈજ્ઞાનિક ઢબે વિચારવાથી જ વિજ્ઞાન આગળ વધે. હેતુલક્ષી વિચારણાથી જ વૈજ્ઞાનિક પ્રગતિ થઈ છે. જીવનમાં વૈરાગ્યને ઉતારવો એ જ ગાંધીતત્ત્વ છે, ધર્મ છે. આમ સાયન્સ પણ નાના પાયા પર ધર્મની આરાધના છે.

પહેલી જરૂર છે – સૌ કોઈ પોતાને 'ટ્યુન' કરવાની કોશીશ કરે. તેની રીત જપ છે. જપને માટે અભ્યાસ અને વૈરાગ્યની જરૂર

છે. 'વૈરાગી' શબ્દથી ઘૃણા એટલા માટે થાય છે કે તેનો સાચો અર્થ વીસરાઈ ગયો છે. વૈરાગ્ય એટલે Persue logically—વિવેકપૂર્ણ સાધના. વિજ્ઞાની પણ થોડો સમય વૈરાગી જ હોય છે. વૈરાગ્યને જીવનમાં ઉતારવો તે ધર્મ છે. વિજ્ઞાન તો જ સફળ થાય જો તેનો ઉપયોગ કરવામાં આવે. તે કેવળ શાસ્ત્રોમાં રહે તો વહેમ બને—જેમ ધર્મોમાં બને છે. ધર્મોનો ઉપયોગ જો જીવનમાં હોય તો જ ધર્મ, નહિ તો પછી અંધશ્રધ્ધા. વિજ્ઞાનનો ઉપયોગ ન કરીએ તો આપણે વૈજ્ઞાનિક નથી. તેને માત્ર યાદ કર્યા કરવાથી પછી નુકસાન જ થાય. જે ધર્મનો અમલ ન કરી શકીએ તે ભૂલી જવો સારો. એવા ધર્મથી તો ઊલટું નુકશાન જ થાય.

વિજ્ઞાનમાં પણ શાખાપ્રશાખા હોય છે, જેમ એક વૃક્ષને શાખાપ્રશાખા હોય છે. દરેક શાખા અલગ હોય છે, પણ મૂળ તો એક જ છે. જીવનરસ એક જ છે. ધર્મની પ્રગતિ થાય તો તેથી શાખાઓની પણ પ્રગતિ થશે જ. જૈનોમાં દિગંબર, શ્વેતાંબર, સ્થાનકવાસી, દેરાવાસી એવા ભેદો છે. મુસ્લિમ ધર્મમાં પણ શાખાઓ છે. શાખાઓ ભલે થાય, પણ મૂળતત્ત્વ એક જ રહેવું જોઈએ. જે મનુષ્યમાં માનવતા નથી તે જૈન, બૌદ્ધ, ખ્રિસ્તી કોઈ પણ ધર્મનો હોય એનો કશો ઉપયોગ નથી. તેમ જૈન—જો તે ખરો જૈન હોય તો—તે કયા ફિરકાનો છે તે મહત્ત્વનું નથી. જે ધર્મથી તમારે જગતના ઝઘડા દૂર કરવા છે, જે ધર્મની નાની જ્યોતિથી ગાંધીજી દ્વારા ભારતને આઝાદી મલી તેની શાખા પ્રશાખાઓ આપસમાં આમ લડશે?

શ્વેતામ્બર કે દિગમ્બર તે જ થઈ શકે જે સાચો જૈન છે. મનુષ્યતા જ ન હોય તો તે જૈન, મુસલમાન કે હિન્દુ ધર્મનો હોય તો પણ તે કોઈ મહત્ત્વનું નથી.

આપણે પોતાના ફાયદા માટે ધર્મને ભ્રષ્ટ કર્યો છે. ધર્મનોયે આપણે સ્વાર્થ માટે ઉપયોગ કરીએ છીએ.

પાંચ મહાવ્રતો — સત્ય, અપરિગ્રહ, બ્રહ્મચર્ય, અહિંસા ને અસ્તેય જ—લઈએ. બધા એકબીજાથી જોડાયેલા છે. ગરીબ જનસમૂહથી દૂર રહેનાર આવો વ્રતી ન રહી શકે. શાખા ધર્મની જાગૃતિ ભલે થાય, મૂળમાં બધી એક જ છે. જૈની બનવા માટે સૌ પહેલાં મનુષ્ય બનવા પ્રયાસ કરો. પછી પંથનો ખ્યાલ કરો. મનુષ્ય બન્યા સિવાય ધાર્મિક વિકાસ ન થઈ શકે. કોઈ ધર્મને સમજાવવા ભાષાનો સહારો લેવો પડે છે. ઉદાહરણ માટે વિજ્ઞાનનો સહારો લેવો પડે છે. આધ્યાત્મિક સ્તરની વાતો સમજાવવા ભૌતિક સ્તરનો સહારો લેવો પડે છે. એક જ વસ્તુને જુદા જુદા કવરમાં મૂકવી પડે છે. તેના રૂપ જૂજવાં છે, પણ મૂળતત્ત્વ એક જ છે. જે લોકો કવરનો બહારનો રંગ જુવે છે અને અંદરની બાબત નથી જોતા તે કવરના રંગ અનુસાર પોતાનો જુદો ચોકો કરે છે. કવરના રંગો તો સૌની ભિન્ન-ભિન્ન રુચિ અનુસાર હોય છે. કવર ફાડીને અંદરનો પત્ર વાંચો, એમ કરતાં ખબર પડશે કે બધાની મેટર તો એક જ છે: અહિંસા, અભ્યાસ અને વૈરાગ્ય. આપણે કેવળ કવરના રંગ પરથી ઝઘડવાનું છોડી તેમાંની અંદરની વાત જોઈએ. બધાં એક જ છે. સૂક્ષ્મ ભેદભાવો તો છે, પણ તે ઘણી ઊંચી કક્ષાએ. આપણે તો સામાન્ય માનવીઓ છીએ.

પ્રસિદ્ધ અણુવૈજ્ઞાનિક નીલસ બોહર થોડા વર્ષો અગાઉ ભારત આવ્યા હતા — વિશ્વવૈજ્ઞાનિક કૉંગ્રેસમાં ભાગ લેવા. મુંબઈ યુનિવર્સિટીએ તેમને ખાસ માનપદવી આપવાનું ઠરાવ્યું હતું. તેમનો કાર્યક્રમ ઠરાવેલો જ હતો. પદવીદાનના દિવસે તેમનો એલિફન્ટાની ગુફાઓ જોવાનો પ્રોગ્રામ હતો. હું તો નિયત સમયે શ્રી બોહર અને તેમનાં પત્નીને એલિફન્ટા લઈ જવા રાજભવને ગયો. પણ તેમણે કહ્યું કે આજનો બધો કાર્યક્રમ રદ કરવો પડશે.

મેં પૂછ્યું: "કેમ, તબિયત બરાબર નથી?"

તેમણે કહ્યું "નહીં, તબીયત તો ઘણી સારી છે."

"તો શું વાંધો છે?"

"સાંજે પદવીપ્રદાન છે ને?"

"પણ તે અગાઉ તો આપણે આવી જઈશું." મેં કહ્યું.

"તે ઠીક, પણ મને હમણા ખબર પડી કે પદવીદાન વેળા મારે દશ મિનિટ બોલવાનું છે. મારે શું બોલવું તે અંગે એકાંતમાં હું વિચાર કરવા માગું છું."

હું તો આભો જ થઈ ગયો. જેમણે હજારો સભાઓમાં પ્રવચનો કર્યા હશે તે આ જગપ્રસિદ્ધ વૈજ્ઞાનિકને દસ મિનિટના પ્રવચન માટે વિચારવું પડે છે. એલિફન્ટાનો સુંદર કાર્યક્રમ અને બીજો પણ રદ કર્યો, પત્નીને નારાજ કરી, પણ તેમણે તો દઢતાથી કહ્યું, "હું તો આજે ક્યાંય નહીં જાઉં; એકલો બેસી વિચારીશ."

પછી જાણવા મળ્યું કે જ્યારે તેઓ પ્રવચન આપવાના હોય ત્યારે તેઓ વિચાર કરી લેતા. એટલે જ તેમનાં પ્રવચનો મનનીય બની રહેતાં.

તેઓ તેમના વૈજ્ઞાનિક પ્રવચનોમાં હંમેશ આ એક દાખલો દેતા: વિજ્ઞાનનું વહેવારુ ફળ તો બોમ્બ, મશીનો વગેરે છે. પણ Spirit of Science તો સત્યની ખોજ જ છે, જેને Core of Science પણ કહે છે.

બે સગા ભાઈ હતા. એક ફિલ્સૂફ અને બીજો વેપારી. મોટો ફિલ્સૂફ ગરીબ હતો, જ્યારે નાનો વેપારી શ્રીમંત હતો. તે ગરીબ ભાઈની દેખરેખ રાખતો. એકવાર તે વેપારી ભાઈને કામપ્રસંગે બહારગામ જવાનું થયું. તેને પોતાના મોટા ભાઈની ચિંતા થઈ. તેણે બેંકમાં એક લાખ રૂપિયા મૂકી મોટા ભાઈને કહ્યું કે તમારી જરૂરિયાત માટે બેંકમાં મેં એક લાખ રૂપિયા મૂક્યા છે.

એક વર્ષ પછી એ ભાઈ પાછો ફર્યો. જોયું તો ભાઈની હાલત વણસી ગઈ હતી. તેને દુ:ખ થયું. ગુસ્સો પણ આવ્યો. તેણે પૂછ્યું; "ભાઈ, તમે આવી હાલત કેમ કરી? તમારા માટે મૂકેલા લાખ રૂપિયા તમે નથી વાપર્યા?"

"ના ભાઈ, તારા લાખ રૂપિયા બેંકમાં જ છે."

નાના ભાઈએ બીજાઈને કહ્યું, "તમે જીવનમાં કશું યે નહીં કરી શકો. મેં કરોડો રૂપિયાની કમાણી કરી, કારખાનાં કર્યાં, નામ કાઢ્યું ને તમે કાંઈ જ ન કર્યું." પેલા ભાઈએ જવાબ આપ્યો. "એ વાત બરાબર છે. હવે તું મને એક જ જવાબ દે. તું કહે છે કે હું કરોડો રૂપિયા કમાયો તે હું કોણ છે? હું તેની જ શોધમાં છું એટલે જ બીજું કંઈ કરી શકતો નથી."

પેલા વેપારી ભાઈએ કહ્યું, "તે તો હું પણ જાણતો નથી."

"તો પછી તારા કરોડો રૂપિયા શું કામના?"

આમ કેટલાક લોકો ધન કમાવામાં લાગ્યા રહે છે, પણ મૂળ પ્રશ્નને ઉકેલ નથી મળતો. વૈરાગ્ય તરફ જવા સમય નથી. સત્સંગથી આપણે એકબીજાની હિંમત વધારીએ; નિડરતાથી, હિંમતથી વિચારીએ.

ડૉ. ડી. એસ. કોઠારી

ઉત્તરા

તાજેતરમાં પ્રગટ થયેલ ચોથો વાર્ષિક અંક: કિંમત રૂ. ૩-૦૦.

લેખન સામગ્રી

લેખ: મુનિ ચિત્રભાનુ, આચાર્ય રજનીશજી, ફાધર વાલેસ, આનન્દશંકર ધ્રુવ, રામભાઈ બક્ષી, અમૃતલાલ યાજ્ઞિક, રમેશ ભટ્ટ, મીનુ દેસાઈ, નરસિંહ મૂ. શાહ.

વાર્તા: મુરલી ઠાકુર, કુન્દનિકા કાપડિયા, વર્ષા અડાલજા, મનીષા પટેલ, અભેસિંહ પરમાર, સુધીર દલાલ, ઈવા રેલ, શશી શાહ, ભાગવત ભટ્ટ, મ. મો. ઝવેરી.

એકાંકી: કરસનદાસ માણેક, ધનસુખલાલ મહેતા

કાવ્ય: સુંદરમ્, રાજેન્દ્ર શાહ, મકરંદ દવે, સુરેશ દલાલ, હરીન્દ્ર દવે, વેણીભાઈ પુરોહિત, ગીતા પરીખ, લાભશંકર ઠાકર, ચીનુ મોદી, પ્રાણજીવન મહેતા, સુધાંશુ, રતિલાલ છાયા, રતુભાઈ દેસાઈ.

ઉમાશંકર વિભાગ: મધુસૂદન કાપડિયા, રમેશ જાની, ભોળાભાઈ પટેલ.

વાર્ષિક સમીક્ષા: રવિશંકર મહેતા (રાજકીય), સી. એલ. ઘીવાળા (આર્થિક), હરિન મહેતા (ચલચિત્ર).

પ્રકાશક:

સાહિત્યભારતી, ૮, નવયુગ સોસાયટી, એન. એસ. રોડ નં. ૪. વિલેપારલે, પશ્ચિમ-મુંબઈ-૫૬ (A. S.)

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૦ : અંક ૧૬

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ડીસેમ્બર ૧૬, ૧૯૬૮, સોમવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ પ્રકીર્ણ નોંધ ☆

સુરેન્દ્રનગર ખાતેની આચાર્ય રજનીશજી સાથેની પ્રશ્નોત્તરી

ઑક્ટોબર માસની આખરમાં નારગોળ મૂકામે ભરાયલી પ્રવચન શિબિર દરમિયાન પત્રકારોની આચાર્ય રજનીશજી સાથે થયેલી પ્રશ્નોત્તરી (જે તા. ૧૬-૧૧-'૬૮ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કરવામાં આવેલ છે) માં તેમણે કરેલાં ગાંધી વિરોધી વિધાનોએ ચોતરફ જે ઉકળાટ પેદા કર્યો તે ધ્યાનમાં લઈને નવેમ્બર માસની આખરમાં સુરેન્દ્રનગર ખાતે યોજાયલી પ્રવચન સભાઓ દરમિયાન પત્રકારોની મુલાકાતમાં તેમણે એ મતલબનું જણાવ્યું છે કે: 'ગાંધીજીથી મારો કોઈ વિરોધ નથી, પણ ગાંધીવાદ સામે મારો વિરોધ છે,' અને એમ જણાવીને તેમણે ગાંધીજી ઉપર થોડાંક પ્રશસ્તી પુષ્પો વેર્યાં છે અને સાથેસાથે જણાવ્યું છે કે: "મેં તો આમ કહ્યું હતું, પણ કેટલાક અખબારોએ તેને વિકૃત બનાવીને ગલત ઢંગથી છાપ્યું છે." આ સંબંધમાં જણાવવાનું કે એમાં કોઈ શક નથી કે આમ જણાવીને તેમણે એક ગુલાંટ ખાધી છે અને આગળનું બોલ્યું ફેરવી-તોળ્યું છે. આ તેમનું વર્તન જે સત્ય નિષ્ઠાની તેમની પાસેથી આપણે આપેક્ષા રાખીએ તે સાથે સુસંગત નથી. જો તેઓ ગાંધીજીના નહિ પણ ગાંધીવાદના વિરોધી હતા તો તેઓ નારગોળની પ્રશ્નોત્તરી દરમિયાન જ આ ભેદ સ્પષ્ટ રીતે રજૂ કરી શકયા હોત. તેઓ કોઈ શહેરની ગલીકુંચીમાં વિચરતા અબૂઝ સામાન્ય આદમી નહોતા કે જેને આવા સૂક્ષ્મ ભેદની સૂઝ સરખી પણ ન હોય. આ ઉપરાંત નારગોળ ખાતેના જવાબોમાં સ્પષ્ટ શબ્દોમાં તેમણે ગાંધી-નિન્દા કરી છે અને આમ છતાં, પાછળથી એમ કહેવું કે કેટલાક અખબારોએ તેને વિકૃત ઢંગથી છાપ્યું છે તે સત્યથી તો વેગળું છે, એટલું જ નહિ પણ, પોતાના દોષનો ટોપલો છાપાવાળાઓ ઉપર નાંખવા બરોબર છે.

તેમના સુરેન્દ્રનગરના જવાબોમાં ગાંધીજીના અનુસંધાનમાં વાંધાપડતાં કથનો તો પારવિનાનાં છે, પણ હકીકતવિરોધી બે વિધાનો આપણું એકદમ ધ્યાન ખેંચે છે. એક તો ભારતના ભાગલા કરાવ્યાની જવાબદારી તેઓ ગાંધીજીના શિરે ઓઢાડે છે, જ્યારે એ હકીકતરૂપે જાણીતું છે કે ગાંધીજીએ કોઈ કાળે ભારતના ભાગલાનું સમર્થન કર્યું જ નહોતું, તેઓ પ્રસ્તુત ભાગલાના સતત વિરોધી રહ્યા હતા અને જ્યારે કટોકટીની ઘડીએ પંડિત નહેરૂ અને સરદાર વલ્લભભાઈ પટેલ લોર્ડ માઉન્ટબેટન પાસે ભારતના ભાગલાનો સ્વીકાર કરીને આવ્યા ત્યારે તે સાંભળીને તેમણે પાર વિનાનું દુ:ખ અનુભવ્યું હતું પણ હવે તેનો વિરોધ કરવાનો કંઈ અર્થ રહ્યો નથી એમ વિચારીને તેઓ તે વિષે મૌન રહ્યા હતા અથવા તો તે કડવો ઘુંટડો ગળી ગયા હતા.

બીજું 'હિન્દી ચીની ભાઈ ભાઈ' એમ કહેવામાં આપણું ભોળપણ અને ચાઉ એન લાઈ વિષેનો આપણો અતિ વિશ્વાસ હતો એમ પાછળના અનુભવે પુરવાર કર્યું છે, એમ છતાં એ વખતના 'હિન્દી ચીની ભાઈ ભાઈ' એ સ્લોગન-લોકસૂત્ર-સાથે ગાંધીજીને કોઈ નિસબત કે સંબંધ નથી. એ સ્લોગન તો ગાંધીજીની ચિરવિદાય પછીના જવાહરયુગનું છે. આ સ્લોગનનો ગાંધીજી ઉપર આરોપ કરવો એ હકીકત વિરોધી છે.

આમ રજનીશજી સત્ય અને હકીકતોથી જાણે કે દૂર જઈ રહ્યા હોય એમ લાગે છે, એટલું જ નહિ પણ, સુરેન્દ્રનગરની આખી પ્રશ્નોત્તરી હિંસાની સમર્થક બની છે. સામાજિક ક્ષેત્રે સત્ય અને અહિંસાની નવ પ્રતિષ્ઠા એ ગાંધી યુગની – ગાંધીવાદની – એક મોટી દેણ છે. સાધન અને સાધ્યની ઓકવાકયતા તથા સત્યાગ્રહ અને અસહકારનો પ્રયોગાત્મક વિચાર સત્ય અને અહિંસાના સ્વીકારમાંથી ફલિત થતાં તત્ત્વો છે, જ્યારે આચાર્ય રજનીશજી આ દિશાએ આપણને આગળ લઈ જવાને બદલે ગાંધી યુગ પહેલાની વિચારણા તરફ લઈ જઈ રહ્યા છે. જ્યારે અહિંસાનું પરમ મૂલ્ય ધીમે ધીમે વિશ્વ સ્વીકૃત બની રહ્યું છે ત્યારે રજનીશજી હિંસાની પુન: પ્રતિષ્ઠા કરી રહ્યા છે. કાળનો આ અજબ મહિમા છે!

સુરેન્દ્રનગરની આ ફલશ્રૂતિ મને લાગી છે. ત્યારબાદ તરતમાં જ આચાર્યશ્રીએ "ભારત ઔર મેરી ચિંતા" એ વિષય ઉપર મુંબઈ ખાતે છ વ્યાખ્યાનો આપ્યાં છે. તે દિવસોમાં હું મુંબઈની બહાર હોવાથી આ વ્યાખ્યાનોમાં તેમણે શું કહ્યું છે અને કેવાં કેવાં વિધાનો કર્યાં છે તેની મને ખબર નથી. અને તે વિષે હું કશું લખવાની સ્થિતિમાં નથી.

વસ્તુત: આ વખતે પ્રબુદ્ધ જીવનમાં આચાર્યશ્રી વિષે કશું પણ ન લખવું એવી મારી ઈચ્છા – લગભગ નિર્ણય જેવું હતું – પણ પત્રકારના મોઢામાં આંગળાં નાંખીને તેને બોલવાની ફરજ પાડે એવાં વિધાનો જ્યારે રજનીશજી આમ જનતા ઉપર વરસાવી રહ્યા હોય ત્યારે, મૂંગા રહેવું – મૌન ધારણ કરવું અને એમના પડકારનો કશો પણ પ્રતિકાર ન કરવો એ સ્વધર્મ વિરોધી લાગ્યું અને તેથી આ નોંધ લખવાની મને ફરજ પડી છે.

તા. ૫-૧૦-૬૮ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલ સૌ. શશીબહેનના પત્ર અંગે સ્પષ્ટતા

મુરબ્બી સ્વ. મંગળદાસ પકવાસાનું અવસાન થયું એ અરસામાં તેમના નિવાસસ્થાને પૂર્ણિમાબહેનના ભાઈ કીર્તિકાન્ત શેઠને મળવાનું બનેલું અને તેમની સાથેની વાતચીત દરમિયાન તા. ૧-૧૦-૬૮ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલ શશીબહેનના પત્રમાં તેમણે અવતરિત કરેલ આચાર્ય રજનીશજીનાં અમુક વિધાન મૂળ પ્રવચનની ટેઈપ રેકર્ડ સાથે સરખાવતાં મળતા આવતાં નથી અને તેમાં વપરાયલો "મૈથુન" શબ્દ તો રજનીશજીએ વાપર્યો જ નથી અને એ રીતે રજનીશજીને

તેમણે ભારે અન્યાય કર્યો છે અને તે રજૂઆત રજનીશજીના વિચારો અંગે ગેરસમજ ફેલાવે તેવી છે અને સમાજની દૃષ્ટિએ તેમને હલકા પાડે તેવી છે એમ તેમણે મને જણાવેલું. મેં તેમને ઉત્તરમાં જણાવેલું કે: "શશીબહેને અંગત સ્મરણ ઉપરથી પોતાના પત્રમાં રજનીશજીનું કથન ઉતારેલું હોઈને સંભવ છે કે પ્રસ્તુત અવતરણમાં કોઈ શાબ્દિક ફેરફાર થયો હોય. આમ છતાં, શશીબહેનના લખવામાં અને મૂળ પ્રવચન અંગે મારા મન ઉપર પડેલી છાપમાં કોઈ ખાસ ફરક નથી એમ તેમનો પત્ર વાંચતાં – ફરી ફરીને વાંચતાં–મને લાગેલું અને તેથી તેને લગતી વિગતોની ચોક્કસાઈમાં ઉતરવાની મને જરૂર લાગેલી નહિ. આમ છતાં પણ જો તમે તેમના મૂળ શબ્દો ટેઈપ રેકર્ડ ઉપરથી ઉતારીને મોકલો તો તે અંગે 'પ્રબુદ્ધ જીવન'માં સ્પષ્ટતા થઈ શકે." આ ઉપરથી તેમણે ટેઈપ રેકર્ડ ઉપરથી તે પ્રવચનનો પ્રસ્તુત વિભાગ લંબાણથી ઉતારીને મારી ઉપર મોકલ્યો છે. આ માટે તેમનો હું ખૂબ ઉપકાર માનું છું. આ લાંબો ઉતારો 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કરવાની મને જરૂર લાગતી નથી. માત્ર બન્નેનાં વિધાનમાં ક્યાં ફરક આવે છે તે આપણે તપાસીએ.

શશીબહેન તેમના પત્રમાં જણાવે છે કે, "પ્રેમની ગંગોત્રી જ મૈથુન છે. સંભોગમાં જ માણસ અદ્વૈતનાં દર્શન કરી શકે છે. પરંતુ શાસ્ત્રકારે કામને ગંદો મલીન કહ્યો છે. કામને પકડી રાખ્યો છે. તે મુક્ત નથી. વાસ્તવમાં તો કામ દેવ છે અને તે દ્વારા માનવ સમાધિનાં દર્શન કરી શકે છે, તેને ધ્યાનની એકાગ્રતા સાંપડે છે." એ જ બાબત અંગે રજનીશજીએ એમ જણાવ્યું છે કે, "કયૉ કિ જહાંસે ગંગા પૈદા હોગી પ્રેમકી વહ સેક્સ હૈ, વહ કામ હૈ, ઔર ઉસકે સબ દુશ્મન હૈં, સારી સંસ્કૃતિયાઁ, સારે ધર્મ, સારે ગુરુ ઔર સારે મહાત્માઓને તો ગંગોત્રી પર હી ચોંટ કર દી, વહી રોક દિયા, હૈ કામ, ઝહર હૈ કામ, ઔર હમને સોચા ભી નહિ કામ કી ઉર્જા હી, સેક્સ કી ઓનર્જી હી અન્તત: પ્રેમ મેં પરિવર્તિત હોતી ઔર રૂપાન્તરિત હોતી હૈ." આમ બન્ને વિધાનોને સરખાવતાં માલૂમ પડે છે કે શશીબહેનના લખાણમાં મૈથુન શબ્દ વપરાયો છે તેના સ્થાને રજનીશજીના કથનમાં કામ અથવા સેક્સ શબ્દ વપરાયો છે. આ ફરક જરૂર છે એમ છતાં ભાવાર્થમાં આથી બહુ ફરક પડે છે એમ મને લાગતું નથી. વળી એ જણાવવું અસ્થાને નહિ ગણાય કે રજનીશજીએ પોતે જ પોતાના પ્રવચનમાં આગળ વધતાં જણાવ્યું છે કે "ઔર જિન્હોને 'મેડીટેશન' કિયા, જિન લોગોને કામ કે સંબંધ પર ઔર મૈથુન પર ચિન્તન કિયા ઔર ધ્યાન કિયા ઉન્હે દિખાયી પડા કિ કામ કે ક્ષણમેં, મૈથુન કે ક્ષણમેં, સંભોગ કે ક્ષણમેં મનકે સારે વિચાર રુક જાતે હૈ ઔર યહ વિચારોકા રુક જાના હી આનંદ કી વર્ષા કા કારણ હોતા હૈ" – આ નિરૂપણમાં તેમણે "મૈથુન" શબ્દનો ઉપયોગ કર્યો જ છે. આમ છતાં શશીબહેનનું નિરૂપણ મૂળને જોઈએ તેટલું વફાદાર નથી એ મારે કબૂલ કરવું જ જોઈએ. અને આ બાબતમાં પૂરી ચોક્કસાઈ નહિ દાખવવા બદલ એક પત્રના જવાબદાર તંત્રી તરીકે દિલગીરી પણ દર્શાવવી જોઈએ. પણ સાથે સાથે મારે એ પણ જણાવવાનું જ રહ્યું કે રજનીશજીએ પર્યુષણ વ્યાખ્યાનમાળાની સભામાં તેમ જ ત્યાર બાદ સપ્ટેમ્બર માસની આખરમાં કામલક્ષી – સેક્સલક્ષી – વ્યાખ્યાનો કરીને અને તેમાં પણ "સંભોગ" શબ્દનો કશા પણ સંકોચ વિના પૂરી છૂટથી ઉપયોગ કરીને જે નવી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે તે પ્રતિષ્ઠાને, શશીબહેનના પત્રમાં 'મૈથુન' શબ્દનો ઉલ્લેખ થવાથી તેમ જ તેમની નિરૂપણક્ષતિથી લેશમાત્ર હાનિ પહોંચી હોય એમ મને લાગતું નથી. પર્યુષણ વ્યાખ્યાનમાળા બાદ તેઓ ઉત્તરોત્તર વધારે ને વધારે ઊંડાં પાણીમાં ઉતરતા ગયા છે અને આધ્યાત્મને બાજુએ રાખીને અનેક અન્ય વિષયો પરત્વે તેમણે આત્યંતિક અને ચોંકાવનારાં વિધાનોની અવનવી પરંપરા નિર્માણ કરી છે. તેઓ પ્રતિષ્ઠા – અપ્રતિષ્ઠાથી પર બન્યા છે!

પરમાનંદ

સર્વધર્મ સમભાવ

[શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી યોજાયલી ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ફાધર વાલેસે આપેલું વ્યાખ્યાન]

પર્યુષણ પર્વ મારે માટે પણ પર્વ છે. હું તેનો લાભ લઉં છું ને કૃતજ્ઞતાનો ભાવ અનુભવું છું. આ દિવસોમાં નીતિધર્મની વાતો કરીએ છીએ. રોજનું કામ તો જુદું હોય છે. આપણે ભાગ્યશાળી છીએ કે આવી વાતો પૂરા દિલથી કરી શકીએ છીએ.

ખૂબીની વાત એ છે કે આ જમાનામાં આ વિષયમાં આપણે ખુલ્લા દિલથી બોલી શકીએ છીએ. થોડાં વર્ષો અગાઉ આ વિષય પર બોલવાનું હોત તો આજના જેટલી સ્વસ્થતાથી કદાચ હું બોલી શક્યો ન હોત.

વીસ વર્ષ અગાઉ ખ્રિસ્તી ધર્મના પ્રતિનિધિ તરીકે હું આ દેશમાં આવ્યો હતો. મારી સાથે હું અનેક ખોટા ખ્યાલો ને પૂર્વગ્રહોને ય લાવ્યો હતો, પણ આજે વાતાવરણ જુદું છે.

આજના જમાનાની સિદ્ધિનો લાભ લઈએ. એક-બીજાની વાતો દિલથી સમજીને કરીએ. પહેલાં આપણે એક-બીજાથી જુદા હતા.

આપણે માનતા કે આપણે સાચા ને બીજા ખોટા. આપણે શુદ્ધ ને બીજા અશુદ્ધ, પણ એક-બીજાને મળીએ ત્યારે મનના ખ્યાલો બદલાય છે. લાગે છે કે તેઓ વધુ સિદ્ધિ ધરાવે છે. તો અનુભવનો-સંપર્કનો ચીલો અપનાવીએ, અંતર દૂર કરીએ, એકબીજાની નજીક આવીએ. દલીલનો પાયો આચરણ હોવું જોઈએ.

વિજ્ઞાન માટે પ્રથમ પ્રમેય કુદરત પાસે જવું જોઈએ. નિરીક્ષણ કરવું જોઈએ. પછી તેને સમીકરણના નિયમો લાગુ પડે છે કે નહીં તે જોવું.

ધર્મ એ ગુફામાં બેસી પંડિતો તર્ક કરે એ નથી. એથી તો આપણે દૂર રહીએ. એક-બીજાનો સંપર્ક-વહેવાર જોઈએ. એવો ધર્મ જોઈ હું ધન્ય થાઉં. વૈજ્ઞાનિક ને પંડિત પાસે આપણે એવા સમીકરણો માંગીએ કે જેનો આચરણ સાથે મેળ બેસે.

હું કંઈક જાણતો હતો. પણ મદ્રાસમાં એક અધ્યાપકને ઓળખતો થયો. મને થયું કે મારાથી એ અધ્યાપક કેટલા ચડિયાતા છે. પછી હું ગુજરાતમાં આવ્યો. ભાષા શીખ્યો. વાંચ્યું, અનેક કુટુંબોમાં ભળ્યો. ત્યારે સૃષ્ટિ ઘણી જ સુંદર લાગી.

પૂ. કાકા કાલેલકરને મળવા ગયો. કાકાએ વિનોદમાં કહ્યું : "તમે મને નર્કમાં તો નહીં નાંખોને ?"

મેં કહ્યું : "નર્કમાં જો કોઈ જશે તો તે હું જ જઈશ." મને લાગ્યું કે મીરાંબાઈનાં ને નરસિંહ મહેતાનાં ભક્તિગીતો કેટલાં સુંદર છે. મારી પ્રાર્થનામાં ઊતારવા જેવાં છે. હું ઘણાં ભક્તિગીતોની પંક્તિઓ વડે પ્રાર્થના કરું છું.

અનેક વ્યક્તિઓ સાથે સંપર્ક થાય છે ત્યારે અનેક પ્રશ્નો પૂછાય છે. કોઈ મને પૂછે છે કે તમે લગ્ન કેમ નથી કરતા ? મને મીરાંના જીવનમાંથી જવાબ મળે છે. હું કહું છું કે, "મેરે તો ગીરધર ગોપાલ દૂસરો ન કોઈ."

આ સીધી વાત પૂછનારના દિલમાં સમજાઈ જાય છે. મને પણ સમાધાન થાય છે. હું હંમેશા પ્રાર્થું છું કે,

"પ્રભુ પ્રકટ થાવ મમ પ્રાણે."

પ્રભુપ્રાર્થના વેળા હું પ્રભુને કહું છું કે, 'હે પ્રભુ ! મારા જીવનમાં તમે પ્રકટ થાવ, આ તમારું જ કામ છે.

બીજો અનુભવ એ છે કે ધર્મની પ્રતીતિથી જીવન સમૃદ્ધ બની શકે. મને બધા ધર્મો પ્રત્યે આદરમાન છે. હિંદુ સાધુ-સંતોના સાનિધ્યમાં ય હું પ્રસન્નતા ને ભગવાનનું સાનિધ્ય અનુભવું છું. તે પરથી પ્રતીતિ થાય છે કે તેમના દિલમાં ભગવાન છે. અનુભવે જણાય છે કે, દિલમાં સરખો જ ભાવ છે. પહેલાં જુદા જુદા લાગે છે. પછી તો સરખું જ લાગે છે. મારી સાથે ઘણા ઉત્તમ માણસો હતા. કેટલાક આસ્તિક હતા, કેટલાક નાસ્તિક હતા. મને

મૂંઝવણ થઈ. મારી વાત ભગવાનના સંદર્ભમાં છે. જીવનનો અર્થ મને ભગવાનમાંથી મળે છે : જ્યારે આ લોકો (બીજાઓ) નાસ્તિક છે. છતાં તેઓ ય ઘણું સારું કામ કરે છે. તો તેમને કોણ પ્રેરણા આપે છે?

જોયું તો તેઓ વિજ્ઞાન, ગતિ ને સમાજને ખાતર કામ કરી રહ્યા હતા. જ્યારે મારી ભૂમિકા ભગવાનની હતી. આમ બન્ને એક જ હતાં. તેમને મન ભગવાનનો પર્યાય વિજ્ઞાન, ગણિત ને સમાજ હતાં. એક-બીજાની નજીક આવતાં પરિભાષાનો આ ફેર સમજાયો.

પ્રખર તત્ત્વજ્ઞાની પોલ ટિલિચે કહ્યું છે કે, "જીવનમાં જે માણસ કોઈ પણ કામ દિલ લગાડીને કરે તેને નાસ્તિક ન કહી શકાય." એ કામ માટે પ્રેરણાશકિત મળે એને નાસ્તિક ન કહી શકાય.

જુદી જુદી વિગતોમાં ભેદ છે. મૂળમાં સામ્ય છે. જે જુદું છે તે બીજાની પાસેથી શીખી શકીએ છીએ.

કોઈ માણસને આખું સત્ય ભગવાને નથી આપ્યું. સત્ય અનંત છે. આપણે મર્યાદિત છીએ. એટલે બીજા પાસેથી ઘણું શીખી શકીએ તેમ છીએ.

ઉમાશંકરે એકવાર કહ્યું હતું કે 'શેકસપિયરે પોતાના વિષે કશું નથી લખ્યું; પણ તેના વિચારો તેણે પાત્રો મારફત કહ્યા છે.' ભગવાન પણ માણસો દ્વારા જ બોલે છે. બધાનું કહેવું સાથે લઈએ તો જ અનુભવ મળે કે ભગવાનનું જીવનદર્શન કેવું છે. જુદાપણું દૂર કરી સૌને અપનાવીએ. બધાનું સાંભળવાથી જ આપણું જીવન સમૃદ્ધ બને છે.

વિજ્ઞાનના વિદ્યાર્થી માટે કોયડો ઊભો થાય છે કે જૂના વિચારો સાચા કે નવા ? ધર્મ વિજ્ઞાનથી વિરુદ્ધ છે ? એમાં પારસી ધર્મ વધુ આગળ છે. પ્રા. દાવરે સર્વધર્મ પરિસંવાદમાં કહ્યું હતું કે પારસી ધર્મની વિશેષતા એ છે કે તે કુદરત વિષે આપણે શું માનીએ છીએ તે બતાવે છે. કુદરત એ માયા નહીં પણ નક્કર વાસ્તવિકતા છે. એટલા માટે તેઓ સૂરજ, દરિયો, અગ્નિને પૂજે છે. તેઓ માને છે કે કુદરત ભગવાનનું સર્જન છે, એટલે માલિક તેના ઘરમાં મળશે. કુદરતમાં જ ભગવાન-ધર્મ-છે. એટલા માટે જ પારસીઓનો વિજ્ઞાનમાં ને ઉદ્યોગમાં મોટો ફાળો છે. તેમનો ધર્મ કહે છે કે "કુદરતની પાસે જાવ ને તેની સેવા લો." એથી જ તેઓ દેશની ઉત્તમ સેવા કરી શકયા છે.

યુવાન લોકોને સાથે રાખવા હોય તો વિજ્ઞાન સાથે કુદરત તરફ જાવ. ધર્મોપદેશક અને વૈજ્ઞાનિક દરેક ધર્મનું તત્ત્વ લો. જીવન સમૃદ્ધ કરી શકે સર્વધર્મ સમભાવ. એટલે બધા ધર્મોને મોળા કરવાની વાત નથી. ભોજનમાં જેમ જુદી જુદી વાનગી પોતાનો સ્વાદ રાખે છે અને એક રસનું નિર્માણ થાય છે; એવી જ રીતે દરેક ધર્મ વિચારે કે કેવી રીતે પોતાના ધર્મને સમરસ બનાવવો-વધારે લાક્ષણિક બનાવવો.

કાકા કાલેલકરે તો સર્વધર્મસમભાવ માટે સંસ્થા કાઢી છે. તેના બંધારણમાં તેઓએ લખ્યું છે કે સર્વધર્મને એકસૂત્ર બનાવવામાં માનવીને લાભ નથી. માનવજીવનને સમૃદ્ધ બનાવવા જુદા જુદા સૂર ને સૂત્રો હોવાં જોઈએ. મૂળ સ્વરૂપ સાચવી દરેકની લાક્ષણિકતા રાખવાની હોય અને એ રીતે એકતા સાધીએ.

જો બધાં પાત્રો એકની એક જ વાત કરે તો નાટકનો રસ જ ન જામે. દરેકમાં જુદો જુદો ભાવ ને સંવાદ હોય તો જ નાટક જામે. તેમ વિચારો દરેક ધર્મના જુદા જુદા ભલેને હોય, બધા સંવાદિતાથી જ સમૃદ્ધ થશે.

ધર્મની અનુભૂતિની સાક્ષી પણ હોવી જોઈએ. મારે સાક્ષી પૂરવાની છે. બધાઓની કદર કરી મારા દિલની વાત મૂકવાની છે. કોઈ જાતના આગ્રહ વિના આમ કરીએ તો જ તે યોગ્ય લેખાય. પ્રચારકાર્યને તિલાંજલિ આપવી જોઈએ. કૃતજ્ઞતાનો ભાવ વ્યકત કરવો જોઈએ. તો જ એક ધર્મ વિષે જ્ઞાન મળી શકે.

યુવાનો માટે કેટલાક પ્રસંગો અંગેનું મારું એક પુસ્તક હમણાં પ્રસિદ્ધ થયું છે. તે પુસ્તક જોઈ મારા એક બે ખ્રિસ્તિ મિત્રે કહ્યું "આ પુસ્તક લોકોના હાથમાં જવાનું છે. તેમાં તમે ખ્રિસ્તિ ધર્મની કોઈ વાત લખી નથી ! કેટલો બધો પ્રચાર થતે !"

મેં કહ્યું : "આ પુસ્તક યુવાનો માટે છે. તેમના પ્રશ્નોનો એમાં ઉકેલ છે. ખ્રિસ્તિ ધર્મનો ઉલ્લેખ એટલા માટે તેમાં નથી. પણ પ્રભુના જ્ઞાનનું એક વાકય તેમાં છે."

મને એ પુસ્તક જોઈ એકે કહ્યું કે : "આથી આ છોકરાઓ નહીં સુધરે. તમને નુકસાન થશે. તમે બંધાઈ જશો. માયામાં બંધાઈ જશો. તમે મોક્ષનું કામ કરો."

મેં કહ્યું : "ના, ભાઈ. આપણે દિલની વાતો કરીએ ત્યારે મિત્રભાવ છે. ધર્મના વિચારો આવે છે. મેં ભગવાનને કહ્યું છે કે ભગવાન હું કાર્ય તમારા માટે ઉપાડું છું તો તેથી મારાં કર્મ બંધાય તેની દયા ન ખાશો-પણ આથી જો કોઈને પ્રેરણા મળતી હોય તો પોતાનો ભોગ આપી બીજાનું કાર્ય કરે એનાથી ધન્ય શું ?"

પછી મેં પુસ્તકમાં ઉમેર્યું : "બીજા કોઈએ પણ એમ કર્યું હતું. એમની વાત દુનિયા જાણે છે. એમની પ્રેરણાથી હું જીવું છું. આટલો ઉલ્લેખ છે. આટલી સાક્ષી મારે પૂરવાની છે, આટલો આભાર માનવાનો છે, આટલી કૃતકૃત્યતા વ્યકત કરવાની છે કે એમની (ગાલબ્રા, ઈસુ ભગવાનની) પ્રેરણાથી હું જીવું છું. એ સાક્ષીનો ધર્મ છે.

ગઈ ૧૫મી ઓગસ્ટનો જ એક પ્રસંગ છે. અમારી કોલેજમાં એ દિવસે રકતદાનનો કાર્યક્રમ રાખ્યો હતો. ઘણા છોકરાઓએ, કેટલીક છોકરીઓએ પણ, રકતદાન માટે નામો આપ્યાં હતાં. રકતદાન માટે આવેલા યુવાન દાકતરોમાં કેટલાક મારા વિદ્યાર્થી પણ હતા. એટલે મેં રમૂજ કરી, "પહેલાં ગણિતના વર્ગમાં હું તમારું લોહી લેતો હતો. હવે તમે તેનો બદલો લેવા આવ્યા છો ?"

છોકરીઓએ, તેમની નબળી તબિયત જોઈ ના પાડવા છતાં આગ્રહપૂર્વક લોહી આપ્યું. દાકતરે લોહીના ઉપયોગ અંગે વાતચીત કરી, મેં પૂછ્યું "દાકતર લોહી લેવામાં ભેદ તો નથી ને ? ખ્રિસ્તિ, બ્રાહ્મણ, હરિજનના લોહીનો ભેદ રખાતો નથી ને ?"

દાકતરે કહ્યું : "શરીર તો જુદાં લાગતાં હશે પણ લોહી સરખું જ છે. લોહી બાટલીમાં ભરાયા પછી એ માત્ર લોહી જ રહે છે, તેને પછી કોઈ જાતિનાં લેબલ નથી રહેતાં."

રકતદાન કરીએ ત્યારે લોહી કોને અપાયું તે આપણે જાણતા નથી. લેનારને પણ એ વાતની ખબર નથી પડતી કે લોહી કોણે આપ્યું છે. આથી દેનારને અભિમાન નથી. લેનારને ઓશિયાળાપણું નથી. વળી લોહી આપવાથી નુકસાન થતું નથી. બીજાને ફાયદો થાય છે. આ તો આનંદની વાત થઈ. બીજી વસ્તુ તો આપણે ખોઈને આપીએ છીએ. આમાં ખોયા વિના જ દાન કરીએ છીએ. જેમ બ્રહ્મા સર્જન કરે છે ત્યારે પોતે કંઈ ખોયા વિના જ જીવન સર્જન કરે છે.

મેં વિદ્યાર્થીઓને એકઠા કરી કહ્યું : "જુઓ માનવીઓ વચ્ચે કેવળ લોહીની જ સગાઈ છે. ધર્મ, દેશ, ભાષા ભલે જુદી જુદી હોય; સૌનું લોહી તો એક જ છે. એમ જ આપણે સાથે રહીએ તો જ દેશ તંદુરસ્ત રહે.

"ભારતમાં આટલા બધા ધર્મ છે; માટે જવાબદારી ય છે. જે કંઈ કરવું તે આપણા હાથમાં છે. બીજાઓ સાથે સંપર્ક જાળવીએ તો જ સમભાવ પેદા થાય. આ અગત્યનું કામ છે. નાની વાત નથી."

કરસનદાસ માણેકનું એક ભજન છે :

"પ્રાર્થું આટલું એક પૂજારી,
એકાદી તો આ મંદિરમાં,
રાખ ઉઘાડી બારી"

પૂજા ગમે તે રીતે કરો પણ બારી ઉઘાડી રાખજો. જેથી બીજાં મંદિરોની પૂજાનો અવાજ પણ આવી શકે. એથી તમારું જીવન પણ ધન્ય થશે. આપણે ઈષ્ટદેવની પૂજા કરીએ. મનની બારી ખુલ્લી રાખીએ.

આપના સંપર્કથી મારા જીવનમાં ધન્યતા આવેલી અનુભવું છું.

ફાધર વાલેસ

આચાર્ય રજનીશ

શ્રી પરમાનંદભાઈને થોડા સમય પહેલાં મેં કહ્યું હતું, કે આચાર્ય રજનીશ વિષે તેમણે હવે વિશેષ લખવું નહિ. અને પ્રબુદ્ધ જીવનમાં કોઈ તેમને લગતા ચર્ચાપત્રો હવે પ્રગટ કરવાં નહિ. છતાં હું લખવા બેઠો છું. શ્રી પરમાનંદભાઈએ આગ્રહપૂર્વક મને લખ્યું છે કે આચાર્ય રજનીશ હમણાં કેટલાક સમયથી જે વિચારો દર્શાવી રહ્યા છે અને જે કારણે ઘણાંને આશ્ચર્ય અને કેટલાકને આઘાત થયો છે તે વિષે મારે મારા વિચારો જણાવવા જોઈએ.

આચાર્ય રજનીશ હમણાં જે કાંઈ કહી રહ્યા છે તેથી મને આશ્ચર્ય અથવા આઘાત કાંઈ થયેલ નથી. છ સાત વર્ષ પહેલાં તેમને મેં પ્રથમ સાંભળ્યા ત્યારે હું જરાપણ પ્રભાવિત થયો ન હતો. તેમના વિચારો વિશેષ સમજવા હું તેમને શ્રી રિષભદાસ રાંકાને ત્યાં મળ્યો હતો અને કેટલીક ચર્ચા કરી હતી. ત્યારે તેમના વકતૃત્વ પાછળ છૂપાયેલા વિચાર-દારિદ્રને મેં જોઈ લીધું. ત્યારથી શ્રી પરમાનંદભાઈ અને અન્ય મિત્રોને હું કહેતો જ રહ્યો છું કે આચાર્ય રજનીશનું મને લેશમાત્ર આકર્ષણ નથી. ત્યાર પછી તેમનાં કેટલાંક વ્યાખ્યાનો મેં સાંભળ્યા અને મારા વિચારો દઢ થતા ગયા. તેમની શિબિરમાં મને લઈ જવા મારા કેટલાક નિકટના મિત્રોએ પ્રયત્નો કર્યા. મને તેમાં સમયનો વ્યર્થ વ્યય સિવાય કાંઈ જ નહોતું લાગ્યું.

તો પછી આચાર્ય રજનીશનું ઘણાં ભાઈઓ અને બહેનોને આટલું બધું આકર્ષણ કેમ રહ્યું છે? પ્રથમ કારણ તેમનું જોરદાર વકતૃત્વ અને ભાષા ઉપરનું અદ્‌ભુત પ્રભુત્વ. બીજું તેમનો શારીરિક દેખાવ. આધ્યાત્મિક સંત પુરુષ હોય તેવો વેશ. ત્રીજું આત્મા, ધર્મ, મોક્ષ, આધ્યાત્મની વાતો. લોકોને આવી વાતોની ભૂખ જાગી છે. તે વિષે ઊંડાણથી વિચાર કરવાની શકિત બહુ થોડામાં હોય છે, પણ વર્તમાન જીવનની વિષમતાઓ અને મૂંઝવણોને કારણે આવી વાતો સાંભળવી તેમને ગમે છે. તેથી જ આવાં "આધ્યાત્મિક પ્રવચનો"માં ટોળે વળી લોકો જાય છે. કેટલું સમજે તે જુદી વાત છે. પણ આકર્ષણનું સૌથી મોટું કારણ ચોંકાવનારાં વિધાનો કરવાની આચાર્ય રજનીશની રીત. સ્થાપિત ધર્મો, ધર્મગુરૂઓ, શાસ્ત્રો, મંદિરો-મસજિદો, ચાલુ પ્રણાલિકાઓ-બધાંને ઝીંઝાપટીને વખોડી નાખી, પોતે કોઈ તદ્દન નવો માર્ગ બતાવતા હોય તેવું વાતાવરણ રર્જવાની કળા. આવા વિધાનોથી લોકો એમ માનતા થયા કે આધ્યાત્મિક ક્ષેત્રે તેઓ એક મહાન ક્રાંતિકારી વિચારક છે. તેમના ઉપદેશનો સાર ટૂંકમાં કાંઈ આવો છે : કોઈની જરૂર નથી. બધા ઊંધા માર્ગે દોરવનાર છે. બધા વિચારો છોડી દો. મનને ખાલી કરી નાખો એટલે આત્માનો પ્રકાશ થઈ જશે. પ્રવચનોમાં વચ્ચે જોડી કાઢેલી કહાણીઓ અને ટૂચકાઓ આપે–પ્રસ્તુત, અપ્રસ્તુત બધા પ્રકારના.

પણ અધ્યાત્મની વાતો કરતાં રહ્યાં ત્યાં સુધી આ બધું ઠીક ચાલ્યું. લોકોનો ભ્રમ ભાંગે તેમ ન હતું. પણ પછી અર્થકારણ, રાજકારણ, કામ, સંભોગ વગેરે વિષયો લેવા માંડયા. અને એમનું ખરું સ્વરૂપ દેખાયું. તેમણે ગાંધીજી અને વિનોબાજીની આકરી ટીકાઓ કરી તેથી લોકો ભડકયા. ખરી રીતે આ પણ આપણી મર્યાદિત દૃષ્ટિ બતાવે છે. ગાંધીજીની આવી અને આથી પણ આકરી ટીકાઓ ઘણાંએ કરી છે. પણ આચાર્ય રજનીશ આવી ટીકા કરે તેથી લોકો ચોંકયા. કારણ, એક "આધ્યાત્મિક સંત" બીજા આધ્યાત્મિક સંતની આવી ટીકાઓ કરશે એ આપણી કલ્પનામાં નહિ. પણ ઘણાંને ખબર ન હતી કે એક Iconoclast–મૂર્તિભંજક થઈને જ આચાર્ય રજનીશે પ્રસિદ્ધિ મેળવી છે. આપણી સૌથી પ્રિય મૂર્તિ–ગાંધીજીની તોડવી તેમણે શરૂ કરી એટલે વધારે આઘાત થયો. પણ તેમણે તેથી વધારે જોરથી હથોડા મારવા શરૂ કર્યાં. એમની એ જ પ્રકૃતિ છે.

મને યાદ છે મુંબઈમાં આઝાદ મેદાનમાં મહાવીરજયંતિ હતી. આચાર્ય રજનીશ મુખ્ય વકતા હતા. શરૂઆતમાં મેં બે શબ્દો કહ્યાં. મેં કહ્યું, "ભગવાન મહાવીરનો જન્મ જગત કલ્યાણ માટે હતો. તેમનું જીવન જગત કલ્યાણ માટે હતું." પછી આચાર્ય રજનીશ બોલ્યા. શરૂઆત જ એમ કરી કે ભગવાન મહાવીરનો જન્મ જગત કલ્યાણ માટે હતો, તેમનું જીવન જગતકલ્યાણ માટે હતું, તે બિલકુલ જુઠ્ઠી વાત છે. હું ચોંકી ઊઠયો, બીજાઓ પણ. પછી તેમણે કહ્યું, ભગવાનની સાધના માત્ર આત્મકલ્યાણ માટે જ હતી. કોઈ કોઈનું કલ્યાણ કરી શકતા નથી વિગેરે વિગેરે. આવા એકાંતિક ચોંકાવનારા વિધાનો થોડો વખત આકર્ષણ કરે. આચાર્ય રજનીશનાં વ્યાખ્યાનોની આવી જ શૈલી રહી છે. આવાં વિધાનો પરસ્પરવિરોધી હોય છે તે થોડા સમજી શકે છે.

પણ આ બધી આત્માની વાતો પાછળ ખરું માનસ હવે પ્રકટ થાય છે. સ્ત્રી - પુરુષ સંબંધ, કામ અને પ્રેમ સંબંધ, વિગેરે અંગે તેમણે જે વિધાનો કર્યાં અને ફ્રોઈડ–Freud'ના વિચારોને આવકાર્યાં તે ઉપરથી જણાય છે કે તેમની વિચારધારામાં સંયમને કોઈ સ્થાન નથી.

ગાંધીજીના વિચારોનો તેમણે જોરદાર વિરોધ કર્યો, તેથી કોઈ આશ્ચર્યનું કારણ નથી. તેમણે કહ્યું કે, "મહાત્મા ગાંધી યુગપુરુષ હતા. ધરતી પર કયારેક જ અવતરનારામાંના એક હતા. પણ એમનું જીવનરચનાનું દર્શન અવૈજ્ઞાનિક હતું. આદિમ (પ્રીમિટિવ) હતું. જ્યારે માર્કર્સ દાઢીવાળો હતો, નબળા ચારિત્ર્યનો હતો, છતાં એણે જે વાત કરી છે તે સાચી હતી, વૈજ્ઞાનિક હતી."

માર્કર્સના વિચારો સાચા માને તે વ્યકિત ગાંધીજીના વિચારોનો વિરોધ કરે તેમાં આશ્ચર્યને શું સ્થાન છે? આચાર્ય રજનીશે ગાંધીજી વિષે કહ્યું તે ઘણા સામ્યવાદીઓએ કહ્યું જ છે. આચાર્ય રજનીશ ફ્રોઈડ અને માર્કર્સની વિચારસરણીને સ્વીકારે છે એટલું આપણે સમજી લઈએ તો તેમનું ખરું સ્વરૂપ સમજી જઈશું. આચાર્ય રજનીશને અહિંસા સ્વીકાર્ય નથી. હિંસાનો આશરો લેવામાં તેમને વાંધો નથી એટલું જ નહિ, તે જરૂરી માને છે. આચાર્ય રજનીશને લોકશાહી સ્વીકાર્ય નથી, તેમને સરમુખત્યારીની જરૂરિયાત લાગે છે. આપણને આશ્ચર્ય એટલા માટે થાય છે કે આધ્યાત્મિકતાનો અંચળો આટલો વખત જેણે પહેર્યો હતો તેવી વ્યકિત પાસેથી આવા સર્વથા ભૌતિકવાદી વિચારોની આપણે કલ્પના નહોતી કરી. પણ મને લાગે છે આચાર્ય રજનીશના વિચારો સામ્યવાદી છે એટલું જ નહિ, fascist પણ છે. નિત્શેના Superman–મહામાનવ થવાની તેમની મહત્વાકાંક્ષા છે. દેશની તેમને ચિન્તા થાય છે અને એક મહામાનવ તરીકે ગાંધીવાદથી દેશને બચાવવો છે. હીટલરની પેઠે હીપ્નોટીઝમ કરીને પણ લોકોને કાબૂમાં લેવા અને પોતાનો પ્રભાવ જમાવવામાં તેઓ માને છે.

આચાર્ય રજનીશનો જેમ વિરોધ થશે તેમ વધારે જોરથી તેઓ શોર મચાવશે. તેમની પ્રકૃતિમાં આ તત્ત્વ છે. Supermanનું આ લક્ષણ છે. There is violence in his thought & speech. તેથી જ, ગાંધી શતાબ્દિ વર્ષમાં આવો વંટોળ ઉપાડે તો જ પ્રસિદ્ધિ મળે. લોકોને આંજી નાખે તેવું વકતૃત્વ છે, હીટલરનું હતું. હવે કુશળતાથી શરૂ કર્યું છે કે હું પોતે ગાંધીનો નહિ, પણ ગાંધીવાદનો વિરોધ કરું છું. ગાંધીજીને સંત કહે છે, પણ એ તો માત્ર લોકોને ભરમાવવાની રીત છે. ગાંધીજીની જીવનદૃષ્ટિનો કોઈ અંશ એમનામાં નથી. ગાંધીજીના જીવનનો પાયો સર્વપ્રકારનો સંયમ–વિચાર, વાણી, વર્તનનો. આચાર્ય રજનીશની બે–લગામ વાણી તેમના માનસનું પ્રતિબિંબ છે. ગાંધીજી દેશને ગરીબ રાખવા ઈચ્છતા હતા, આચાર્ય રજનીશ દેશને સમૃદ્ધ બનાવવા ઈચ્છે છે. ગાંધીજી ગરીબોના નહિ પણ ધનવાનોના મિત્ર હતા. ગાંધીજીના વિચારોની આ અવળી રજૂઆત છે. ગાંધીજીએ ગરીબાઈનું નહિ પણ અપરિગ્રહનું ગૌરવ કર્યું છે. આચાર્ય રજનીશને અપરિગ્રહ સ્વીકાર્ય નથી. ગાંધીજી સૌના મિત્ર હતા. આચાર્ય રજનીશ, સામ્યવાદીઓ પેઠે, ધનવાનોનો, જરૂર પડે તો હિંસક સાધનોથી, નાશ કરી, ગરીબોને ધનવાન બનાવશે. જે વ્યકિતએ દેશના કરોડો માનવીઓને નિર્ભય બનાવ્યા અને સ્વમાનપૂર્વક જીવતા શીખવ્યું તેણે દેશનો આત્મા હણ્યો છે એવું કથન વિકૃત માનસમાંથી જ નિપજે.

આચાર્ય રજનીશ જેવા વિચારો ધરાવતા કેટલાક લોકો આપણી વચ્ચે છે, ખાસ કરીને આજના વિષમ સંયોગોમાં. એવા લોકોને આચાર્ય રજનીશનું થોડો વખત આકર્ષણ રહેશે.

૬-૧૨-૬૮. ચીમનલાલ ચકુભાઈ શાહ

યોગી શ્રી કૃષ્ણપ્રેમ

[નીચે જે પુસ્તકનું અવલોકન કરવામાં આવ્યું છે તે પુસ્તક શ્રી દિલીપકુમાર રોય લિખિત 'યોગી શ્રી કૃષ્ણપ્રેમ' હું પણ તાજેતરમાં આદ્યન્ત વાંચી ગયો છું અને યોગી શ્રી કૃષ્ણપ્રેમનાં અમુક વિશિષ્ઠ વલણો અને વિચારો સાથે અનુમતિ ન અનુભવતો હોવા છતાં પણ તેમના અસાધારણ વ્યકિતત્વથી હું પણ અત્યંત પ્રભાવિત થયો છું. વસ્તુતઃ આ પુસ્તકદ્વારા માત્ર શ્રી કૃષ્ણપ્રેમનો જ પરિચય થાય છે એમ નથી. તે દ્વારા પ્રસ્તુત પુસ્તકના લેખક શ્રી દિલીપકુમાર રોયનો અને યોગી શ્રી અરવિંદનો પણ આપણને જીવન્ત પરિચય પ્રાપ્ત થાય છે. શ્રી કૃષ્ણપ્રેમના પત્રોમાં અને તેમના ચરિત્રને લગતાં પ્રસંગોમાં ઊંડી અનુભૂતિની ઝલક જોવા મળે છે અને તેથી તેઓ જે કાંઈ કહે છે તેમાં પ્રતીતિની સચોટતાનો અનુભવ થાય છે. કોઈ પણ તત્વજિજ્ઞાસુ માટે આ પુસ્તકનું વાંચન અત્યન્ત ઉપકારક નીવડે તેમ છે. પરમાનંદ]

પ્રિય ઉમાશંકર,

આજે મેની દસમી તારીખ ને શુક્રવાર છે. આજે શ્રી કૃષ્ણપ્રેમનો સીત્તેરમો જન્મદિવસ છે. એટલે આજે એમનું વિશેષ સ્નેહસ્મરણ થાય એ સ્વાભાવિક છે. છેલ્લાં ચાર પાંચ દિવસથી એક રીતે કહું તો એમની સાથે ફરીથી જીવતો હોઉં એવો અનુભવ થયો. શ્રી દિલીપકુમાર રોયે ગોપાલદા વિષે અંગ્રેજીમાં એક પુસ્તક લખ્યું છે : "યોગી શ્રી કૃષ્ણપ્રેમ" એ ભારતીય વિદ્યાભવન, મુંબઈ તરફથી પ્રગટ થયું છે. આ પુસ્તકનો રત્નગર્ભ જેવો ભાગ છે શ્રી કૃષ્ણપ્રેમના પત્રો. આમ તો આખું પુસ્તક ત્રણ વિભાગમાં વહેંચાયેલું છે. પહેલા ભાગમાં શ્રી કૃષ્ણપ્રેમ અને શ્રી અરવિંદ બન્ને પાસેથી શ્રી દિલીપકુમાર શું પામ્યા એનો ચિત્રાત્મક ઉલ્લેખ અપાયો છે. આ ઉલ્લેખ આપાતાં આપાતાં શ્રી કૃષ્ણપ્રેમ અને શ્રી અરવિંદની આંતર-છબીઓ પણ ખેંચાઈ ગઈ છે. બન્નેની પ્રતિભા અને વિભૂતિમાં જે ભેદ છે અને છતાં બન્ને વચ્ચે કેટલું મુલગત સામ્ય છે તેનો આપમેળે નિર્દેશ થઈ ગયો છે. બીજા ભાગમાં શ્રી કૃષ્ણપ્રેમ સાથેના દિલીપકુમારના સંબંધનો સંસ્મરણાત્મક ચરિત્રલેખ છે, જે શ્રી કૃષ્ણપ્રેમના અવસાન પછી લખાયો છે. અને ત્રીજા વિભાગમાં શ્રી કૃષ્ણપ્રેમના પત્રો છે. મુખ્યત્વે આ પત્રો દિલીપકમાર ઉપરનાં છે.

આ પુસ્તકનો સ્વાધ્યાય છેલ્લા ચાર પાંચ દિવસથી ચાલતો હતો, વચ્ચે વચ્ચે ધ્યાન પણ થતું જતું હતું. શ્રી કૃષ્ણપ્રેમની વાણી સંભળાતી જતી હતી. અનેક પ્રસંગો જાણે ફરીથી જીવંત થતા હતા, અને અનેક સ્મરણોની યાત્રા ચાલતી હતી. એમાં વચ્ચે વચ્ચે તમારું સ્મરણ પણ થતું રહેતું. એટલે આજે એમ થયું કે આજના સ્મરણીય દિવસે એ પુસ્તકના મારા સ્વાધ્યાયમાં તમને ભાગીદાર બનાવું. તમે શ્રી કૃષ્ણ-પ્રેમને મળ્યા છો. એમની વાણીનો પ્રસાદ અને એમની પ્રતિભાનું ઓજસ તમે નજરોનજર નિહાળ્યા છે. એમની અંતરનિષ્ઠા, વિનમ્રતા અને વિશદતાનો તમને સમાગમ થયો છે. એટલે ઉપરોકત પુસ્તકના ત્રીજા વિભાગમાં જે એમના પત્રો આપાયા છે તેમાં તમને ઊંડો રસ પડશે. એ પત્રોમાંથી શ્રી કૃષ્ણપ્રેમની ઓજસવતી અંતરછબી ઉપસી આવે છે અને જે અનુભવમંડિત શ્રદ્ધાનો રણકો સંભળાય છે તે તમારાથી છૂપાં નહીં રહે.

મહાપુરૂષોની પ્રતિભાનો વિલાસ અને સ્વરૂપો

આ પુસ્તકના પહેલા વિભાગમાં લેખકની દ્વિધા અને શંકાશીલતા મુખ્ય ભાગ ભજવે છે: દાખલા તરીકે લેખકને પોતાની અંતિમ શ્રદ્ધા વિષે શંકા છે. આ સંદેહની વાત એઓ પ્રથમ પોતાના ગુરૂ શ્રી અરવિંદને જણાવે છે. શ્રી અરવિંદ જે જવાબો આપે છે તે જવાબો દિલીપકુમાર શ્રી કૃષ્ણપ્રેમને મોકલે છે અને એ પ્રશ્ન ઉપર વધુ વિશદતા અને વધુ ઊંડાણ ચાહે છે. શ્રી કૃષ્ણપ્રેમનો જે ઉત્તર આવે છે તે પાછો શ્રી અરવિંદને મોકલવામાં આવે છે. શ્રી અરવિંદ પાછો જવાબ વાળે છે. એમાંથી વળી નવો પ્રશ્ન કે નવી સમશ્યા જન્મે છે, અને તેને વિષે પણ લેખક માધ્યમ રહીને પાછા પહેલી રીત અજમાવે છે અને શ્રી અરવિંદ અને શ્રી કૃષ્ણપ્રેમના પત્રો પરસ્પરને મોકલીને એક એવી પરિસ્થિતિ ઊભી કરે છે કે જાણે શ્રી અરવિંદ અને શ્રી કૃષ્ણપ્રેમમાં કેટલી સહમતિ છે. બન્ને વચ્ચે જીવનદર્શનની કેટલી એકતા છે તેનો જાણે પોતે જાણ્યે અજાણ્યે તાગ લેતા ન હોય ! કેટલીકવાર સમર્પણ જેવા મૂલગત વિષયમાં પણ આવી રીત અજમાવાય છે. પરિણામે ત્રણ વસ્તુ બને છે. શ્રી અરવિંદ અને શ્રી કૃષ્ણપ્રેમ વચ્ચે જીવનદૃષ્ટિનું કેટલું સામ્ય કે અસામ્ય છે તે પ્રગટ થાય છે. શ્રી અરવિંદ અને શ્રી કૃષ્ણપ્રેમ બન્નેની વિભૂતિનું ઓજસ સ્વતંત્ર ચિત્ર ઉપસાવે છે. બન્નેના આંતર ઐશ્વર્યની સમગ્રતા પોતપોતાને સ્વરૂપે આવિર્ભાવ પામે છે અને આમ બન્ને વચ્ચેનાં ભેદ અને અભેદ તો પ્રગટ થાય છે; પણ બન્નેની સ્વતંત્ર અને આગવી અનન્ય પ્રતિભાનો વિલાસ પણ નજરે ચઢયા વિના રહેતો નથી. અને ત્રીજી વસ્તુ એ બને છે કે લેખકની સાધક તરીકેની નિરાધારતા, નિર્બળતા અને આત્મદયાનું ચિત્ર એમાંથી ઊઠી આવે છે. લેખકની આ યુકિત કહો તો યુકિત અને રીત કહો તો રીત, એનો મોટો લાભ વાચકને એ મળે છે કે એને બન્ને વિભૂતિવંત પ્રતિભાના મૂલગત ઐકયનું દર્શન થાય છે અને બન્ને વ્યકિત તરીકે અલગ હોવા છતાં ઘણાં અંતિમ જીવનસત્યો પર બન્નેની ઉજજવળ દૃષ્ટિ કેવી અદ્‌ભુત શ્રદ્ધાશકિત વડે ઠરે છે અને એમાંથી જીવનની અંતિમ એકતાના સત્યનું વાચકને વિશ્વા-સવંત દર્શન થાય છે.

પોતાના અનેક પત્રોમાં દિલીપકુમારના સંદેહ અને સવાલોના જવાબ આપતી વખતે અથવા તો દ્વિધા અને સમશ્યાઓનું નિરા-કરણ બતાવતી વખતે શ્રી કૃષ્ણપ્રેમ એક વાત અચૂક રીતે કહે છે કે તમારા ગુરૂની સંમતિ મેળવ્યા પછી જ તમે મારી વાત, મારો ઉકેલ અથવા મારું માર્ગદર્શન સ્વીકારજો, એમની જાણ અને સહમતિ વિના કશું કરશો નહીં. બીજી બાજુ શ્રી અરવિંદ શ્રી કૃષ્ણપ્રેમને પશ્યન્તિ વાકની વિભૂતિ કહે છે. વાત અથવા વસ્તુના મૂળને પકડવાની અને સમગ્રતાના પ્રકાશમાં એમને જોવાની શકિતનો સ્નેહપૂર્વક આદર કરે છે, એટલું જ નહીં, દિલીપકુમારને પ્રેમપૂર્વક નવી શ્રદ્ધાનું આશ્વાસન આપે છે. અહીં એક બીજી વાત પણ આપમેળે બની જાય છે. બન્ને મહાપુરૂષોની પ્રતિભાનો વિલાસ અને એમનું સ્વરૂપ કેટલાં જુદાં છે અને એને કારણે બન્નેની દૃષ્ટિ, શૈલી, વેધકતા અને પ્રગટીકરણની શકિતમાં કેટલો ફેર પડી જાય છે તે પણ સહજભાવે છતાં સ્પષ્ટ રીતે વરતાય છે. આમાં કોણ કોનાથી કેટલું ચઢીયાતું છે એ કહેવાનો મુદ્દલ આશય નથી, પરંતુ વ્યકિત, મૂળગત રીતે જીવન-બ્રહ્માંડ સાથે કેટલી સમગ્રતાથી સંકળાયેલી છે અને પોતાના જીવનમાં એ સમગ્રતા અને સંપૂર્ણતાને કેટલી માત્રામાં ધારણ કરી છે અને જીવનના અનેક વિવિધ ક્ષેત્રોમાં કેવી રીતે નાણીને એને પ્રતિષ્ઠિત કરી છે, એનું જે અપૂર્વ ચિત્ર ઊઠે છે તે ઈશ્વરી લીલા આપણને મુગ્ધ કરે છે.

ચારિત્ર્ય-દર્શનની છબી

બીજા ભાગમાં શ્રી દિલીપકુમાર શ્રી કૃષ્ણપ્રેમ સાથે કેવી રીતે પરિચયમાં આવ્યા, એ સમાગમ અને સંપર્ક કેવી રીતે વિકાસ પામ્યો, શ્રી કૃષ્ણપ્રેમના ગુરૂ શ્રી યશોદામાની સાથે કેવો અને કેટલો સહવાસ-સમાગમ થયો, શ્રી કૃષ્ણપ્રેમની શિષ્યા અને યશોદામાની પુત્રી મોતીરાણી સાથેની ઓળખાણ અને પ્રીતિ કેવી રીતે ઉછર્યાં એ બધી વાત, બનેલા પ્રસંગો દ્વારા અને પ્રસંગોપાત થયેલી વાતચીતોને વણી લઈને એક આખું ચિત્ર ઉપસાવવાનો એમણે પ્રયત્ન કર્યો છે. શ્રી દિલીપકુમાર કેમ્બ્રિજમાં શ્રી કૃષ્ણપ્રેમના સમકાલીન હતા, પણ બન્ને કેમ્બ્રિજમાં મળ્યા નહોતા. એમનું પ્રથમ મિલન લખનૌમાં

ડૉ. ચક્રવર્તિને ત્યાં—જ્યાં શ્રી કૃષ્ણપ્રેમ રહેતા હતા—ત્યાં થયું. ઈ. સ. ૧૯૨૩માં શ્રી કૃષ્ણપ્રેમ પ્રો. રોનાલ્ડ હેનરી નિકસન હતા. યુનિવર્સિટીમાં અંગ્રેજી સાહિત્ય અને ભાષાના અધ્યાપક હતા, ત્યાર પછી એઓ શ્રી યશોદામા સાથે બનારસ ગયા. ત્યાંથી અલમોડા ગયા અને આખરે ત્યાંથી મિરતોલામાં આવીને સ્થાયી નિવાસ કર્યો.

પ્રો. રોનાલ્ડ નિકસને લખનૌમાંજ યશોદામાને ગુરૂ બનાવવાનો ઐતિહાસિક નિર્ણય લઈ લીધો હતો. એ નિર્ણયના અમલ પછી જ તેઓ બનારસ ગયા અને આલમોડા આવી મિરતોલામાં ૧૯૨૮માં સંન્યાસ લીધો અને શ્રી કૃષ્ણપ્રેમ બન્યા. ઈ. સ. ૧૯૪૪માં યશોદામાનો દેહવિલય થયો. ૧૯૫૧માં મોતીરાણીએ શીરીર છોડયું. શ્રી દિલીપકુમારનો શ્રી કૃષ્ણપ્રેમ સાથેનો સંબંધ ૧૯૨૩માં શરૂ થયો. ૧૯૫૦ના નવેમ્બરમાં તેઓ છેલ્લી વખત શ્રી કૃષ્ણપ્રેમને મળ્યા. તે વર્ષો દરમિયાન લખનૌ, અલ્હાબાદ, કલકત્તા અને પોંડિચેરીમાં બન્નેનું લગભગ છ સાત વખત મિલન થયું. એક વખત તો યશોદામાની ઉપસ્થિતિમાં દિલીપકુમાર મિરતોલામાં આવીને રહી ગયા. આટલા ઘનિષ્ટ સંબંધ પછી વાંચક જે ચરિત્રદર્શનની, શ્રી કૃષ્ણપ્રેમની અંતર-વિભૂતિની ઓજસકથાની અને લેખકની પોતાની ઉપર, પોતાની સાધના ઉપર જે એક સમગ્રતાની મુદ્રા ઊઠી તેના ચિત્રની આશા—અપેક્ષા રાખે તે અહીં ફળિભૂત નથી થતી. આવા આંતરસામ્યભર્યા સંબંધમાંથી તો જીવનનું એવું અનન્ય ઐશ્વર્ય ઉપસવું જોઈએ કે જેનાથી વાંચક અભિભૂત થાય. તેને બદલે ઊંડાણ અને તેજવિનાના ચમત્કારો અને ચમત્કારિક પ્રસંગો વણીને પોતાને જ કેન્દ્રમાં રાખીને એક નિસ્તેજ ચિત્રનું નિર્માણ થવા પામ્યું છે. જ્યારે કોઈ પણ લેખક કોઈક વિભૂતિ વિષેની કથા કહેતો હોય ત્યારે પોતાને બને ત્યાં સુધી, અનિવાર્ય ન હોય ત્યાં સુધી મહત્ત્વ આપતો નથી. પરંતુ જ્યારે આવા ચરિત્રાલેખન વખતે લેખક પોતાને જ કેન્દ્રસ્થ રાખીને પોતાનો જ મહિમા ગાયા કરે છે ત્યારે એમાંથી ઔચિત્યનું સૌંદર્ય અદશ્ય થઈને કંઈક કદરૂપતા આવી જાય છે; એમાં અવિવેક લાગે છે. આ બીજા વિભાગના સંસ્મરણાત્મક ચરિત્રાલેખનમાં લેખકની અહંતા અને સ્વકેન્દ્રિયતાએ ન ભજવવો જોઈએ એવો ભાગ ભજવ્યો છે. એટલે ચરિત્રના આલેખનમાં ઓજસ નથી આવી શકયું. ઉપરાંત શ્રી કૃષ્ણપ્રેમની આંતર-વિભૂતિના ઐશ્વર્યને લેખક પકડી કે પામી શકયા પણ નથી. એને કારણે સામાન્યતાના આલેખનમાં રાચતી એમની શૈલી પણ પાંખી અને પાંગળી લાગે છે. અને એમાંય ચમત્કારોની વાત યશોદામા અને શ્રી કૃષ્ણપ્રેમના અવસાન પછી પ્રગટ કરવી એમાં પણ અનૌપચિત્ય લાગે છે.

આંતરસંપદાના સુખદ દર્શન

ત્રીજો વિભાગ એ આ પુસ્તકનો માતબર અને ઐશ્વર્યવંત ભાગ છે. એમાં શ્રી કૃષ્ણપ્રેમના ઈ.સ. ૧૯૨૭થી લઈને ૧૯૬૫ના ઓકટોબર સુધીના લગભગ પંચોતેર નાના મોટા પત્રોનો સંગ્રહ છે. આ પત્રોમાંથી ૧૯૫૦થી ૧૯૬૫ સુધીના માત્ર ચૌદેક કાગળો છે. બાકીના સાઠેક પત્રો ૧૯૫૦ પહેલાંના છે. શ્રી દિલીપકુમારે શ્રી અરવિંદ આશ્રમ છોડયો અને પોતાનો સ્વતંત્ર આશ્રમ "શ્રી હરિકૃષ્ણ મંદિર"ને નામે પૂનામાં સ્થાપ્યો, ત્યારબાદ શ્રી કૃષ્ણપ્રેમ સાથેનો પત્રોનો સંબંધ પણ પાંખો થયેલો દેખાય છે એટલું જ નહીં, એ પાછળનાં વર્ષોના પત્રવ્યવહારમાં, પહેલાંના પત્રો જેવી જીવંત સત્યના ઊંડાણની શોધ, આંતરસંઘર્ષનો સામનો, સ્નેહની વ્યાપક ઉષ્મા પણ ઓછાં લાગે છે. શ્રી કૃષ્ણપ્રેમના એ પાછળના પત્રો ઉપરથી લાગે છે કે શ્રી દિલીપકુમારની જીવન—જિજ્ઞાસા અને સત્યની શોધમાં પણ અને એની ઉત્કટતાની માત્રામાં પણ કંઈક ફેર પડયો હશે.

આ સમગ્ર પત્રોમાં શ્રી કૃષ્ણપ્રેમની આંતરસંપદાનાં સુખદ દર્શન થાય છે. આખા પુસ્તકનું ઝવેરાત આ ત્રીજા વિભાગમાં એકત્ર થયું છે. આ પત્રોનો સ્વાધ્યાય કરતાં કરતાં ઊંડો આનંદ તો થાય છે, પરંતુ એક આંતરયાત્રા કર્યાની ઊંડી આત્મસંતૃપ્તિ પણ થાય છે. આ પત્રોમાં જીવનનો જીવતો સંભાર ભારોભાર ભર્યો હોવાને કારણે અને દરેક વિચાર, પ્રત્યેક ભાવ અને સંવેદનમાં અનુભૂતિનો રણકો હોવાને લીધે પત્રોની શૈલીમાં સહજતાનું અમૃત ઊતર્યું છે. એની રમ્યતા, વેધકતા, પ્રવાહિતા, અને ગૌરવગંભીરતા એકદમ વર્તાઈ આવે છે. પત્રોનું એક વિશિષ્ઠ લક્ષણ છે એની જીવનવ્યાપકતા, દર્શનની સમગ્રતા અને પ્રતીતિજનક વિધાયકતા. પ્રત્યેક પ્રગટીકરણ જાણે અંતરનિષ્ઠાના આત્મવિશ્વાસના રસાયણથી રસાયેલું લાગે છે.

એમાં પ્રબુદ્ધિની રમણા, પ્રજ્ઞાનું ઓજસ, ભાવ—સંવેદનનું ઊંડાણ અને અનુભૂતિનું અમૃત વરતાય છે. આને કારણે પત્રોમાં કેવળ શબ્દો નથી ભર્યા, પણ શબ્દો દ્વારા આંતરજીવનનું રહસ્ય છતું કરવામાં આવ્યું છે. શબ્દોને જ્યારે એમની મૂળભૂત શકિત સમેત, એમના આત્મસૌંદર્યને અખંડિત રાખીને, એમની સુગંધને જીવતી રાખીને વાપરવામાં આવે ત્યારે એ કેવા સિદ્ધ ચમત્કાર સર્જે છે તેનો વાંચકને અનુભવ થાય છે. કેવળ વ્યકિતમાં વિભૂતિ નથી ભરી, શબ્દમાં પણ વિભૂતિ અંતર્હિત છે તેનો અહીં પુરાવો મળે છે. ઘણાં શબ્દો અહીં નવું જીવન મેળવે છે, નવો જન્મ પામીને, નવા સંદર્ભમાં પ્રતિષ્ઠિત થઈને કૃતાર્થ થાય છે. અંગ્રેજી ભાષાનો આત્મા અહીં પ્રફુલ્લિત થઈ ઊઠે છે. વાંચકને એવી લાગણી થાય છે કે ભાષા તો માધ્યમ છે. સાચો સારથી હોય, વિધાયક જીવનદષ્ટા હોય અને શબ્દોનો પારખુ સખા હોય તો ગમે તે ભાષામાં જીવનની સમગ્રતાને ધારણ કરીને પ્રગટ કરવાની શકિત આવી જાય છે. શબ્દ એનો એજ, પણ એ અકવિના, કવિના અને મહાકવિના હાથમાં પડીને નવો અન્વય અને નવું ઓજસ્ ધારણ કરે છે.

સત્યની કવિતાસમું સાધનાજીવન

શ્રી અરવિંદ પોતાના દિલીપકુમારના એક પત્રમાં શ્રી કૃષ્ણપ્રેમ વિષે લખતાં એમને પશ્યન્તિ વાણીના સાધક કહે છે. પશ્યક શબ્દને જુએ છે. એટલે એની સમગ્રતાનું કલેવર એમની દષ્ટિમાં સમાઈ જાય છે. શબ્દના આત્માનું તેજ, એમની આંખમાં ઊતરીને હૃદયમાં વસી જાય છે. શબ્દના સ્વરૂપને એ પામે છે. પશ્યકની દષ્ટિએ ચઢીને શબ્દ નવજન્મ પામીને, ધન્ય થાય છે. આવી જ પશ્યન્તિ વાણીની લીલા આ પત્રો ઉપરાંત, આપણને એમના ત્રણેય ગ્રંથો "ધી યોગ ઓફ ભગવદ્‌ગીતા" "ધી યોગ ઓફ કઠોપનિષદ" અને "મેન: ધી મેઝર ઓફ ઓલ થીંગસ"માં જોવા મળે છે. ગીતાના શ્લોક, કઠોપનિષદના મંત્રો અને ત્રીજા ગ્રંથનાં ધ્યાનદર્શનો સાથે એમની વાણી જે સખ્યની શ્રદ્ધાથી ચાલે છે તેનું આપણને આશ્ચર્ય નથી થતું, પણ સહજ આનંદ થાય છે.

શ્રી કૃષ્ણપ્રેમના સાધના—જીવનનો મહત્ત્વનો સમય એ ઈ. સ. ૧૯૫૦ પછીનો છે. એમનો દેહ પડયો નવેમ્બરની ૧૪, ૧૯૬૫માં. આ સમય દરમિયાન એમના જીવનરૂપાન્તરનાં જે સીમાચિન્હો રોપાયાં, પરિવર્તનનો જે પરિમલ નિપજ્યો અને આંતરપુરૂષના ઓજસે જે અભિનવ સ્વરૂપ ધારણ કર્યું એ બધું સત્યની કવિતાસમું અનન્ય છે. શ્રી કૃષ્ણપ્રેમના ગુરૂ શ્રી યશોદામાની સંન્યાસદીક્ષા શ્રી ચૈતન્ય મહાપ્રભુની પરંપરામાં આવે છે. એજ પરંપરામાં શ્રી કૃષ્ણપ્રેમ દીક્ષિત છે. યશોદામાના સમયમાં મિરતોલાનું ધામ 'ઉત્તર વૃન્દાવન' કહેવાતું. અહીંના મંદિરમાં રાધાકૃષ્ણનાં સ્વરૂપોની પ્રતિષ્ઠા છે અને એમની સેવાપૂજા વૃન્દાવનના રાધારમણ ગોસ્વામીઓના પરંપરાગત વિધિ પ્રમાણે થતી આવતી હતી. યશોદામાના દેહવિલય પછી સાંપ્રદાયિક પરંપરાનો શ્રી કૃષ્ણપ્રેમના સાધનાક્રમમાં અંત આવ્યો. વૈષ્ણવ ધર્મના સંકુચિત રૂપમાં ક્રાંતિકારક ફેરફારો થયા. શ્રી કૃષ્ણપ્રેમનો મુખ્ય ઝોક અંતરપથ પર રહ્યો. એમાંથી સાંપ્રદાયિક સંકુચિતતા હઠી ગઈ, વૈષ્ણવ ધર્મની સ્થિતિચુસ્તતતા ખરી પડી, અને એને બદલે

વિશ્વરૂપ ઉદારતાની પ્રતિષ્ઠા થઈ. શ્રી કૃષ્ણપ્રેમના શિષ્યોમાં હિંદુઓ ઉપરાંત ક્રિશ્ચિયન, મુસલમાનો અને પારસીઓએ પણ પ્રવેશ લીધો. એટલે એમની જીવનસાધનાએ સમૂળી ક્રાંતિ સરજી. અંતરપથની સાધના એ કોઈ દેશ, ધર્મ, જાતિ કે સંપ્રદાયની મિલકત નથી. અધ્યાત્મ એ સર્વ ધર્મોનું ગોત્ર છે અને પ્રત્યેક અભીપ્સુ માનવ એનો અધિકારી છે એવું અનુભવદર્શન સ્થપાયું. શ્રી રોનાલ્ડ નિક્સનમાંથી ધીરે ધીરે શ્રી કૃષ્ણપ્રેમનું સ્વરૂપ પામતો માણસ છેલ્લા પંદર વર્ષોમાં, કેટલી ઝડપી ગતિથી જીવનનો રસાયણવેત્તા, અંતરજીવનનો મરમી અને સહજપ્રેમનો અપૂર્વ ભક્ત બની ગયો એ નવજન્મની નિરૂપમ લીલા છટાના જેમણે દર્શન કર્યા છે, એ જીવન આવિર્ભાવના જેઓ સાક્ષી રહ્યા છે તેઓને એમના એ સ્વરૂપનો અનુભવ થયો છે. ઈન્દ્રિયગત જીવનના લોખંડનો કાટ ઉતારીને આત્મગત જીવનનું સુવર્ણ, પ્રેમના કેવા અદ્‌ભુત કિમિયાથી આ મરમીએ નીપજાવ્યું એ આખી કથા રહસ્યમય અને રોમાંચક છે.

અમૂર્તના મૂર્તરૂપ

શ્રી દિલીપકુમાર રોય શ્રી કૃષ્ણપ્રેમનું છેલ્લા પંદર વર્ષોમાં થએલું અદ્‌ભુત સમૂળું રૂપાન્તર સાક્ષાત કરી શક્યા હોત તો એમના ચરિત્રાલેખનમાં નવું તેજ, નવું ઊંડાણ અને નવું સામર્થ્ય આવી શક્યું હોત. શ્રી કૃષ્ણપ્રેમના જીવનની વિભૂતિનું ઓજસ કંઈક અંશે આ પુસ્તકમાં શ્રીમતી ગર્ટ્રુડ ઈમરસેનના આમુખમાં ઊતરી શક્યું છે. અને એનું કારણ શ્રીમતી સેન છેક શ્રી કૃષ્ણપ્રેમના દેહવિલય સુધી છેલ્લા પાંત્રીસ વર્ષથી એમના સમાગમમાં રહ્યાં હતાં અને એમની મિત્રતા અને એમના સ્નેહના પાત્ર બની રહ્યા હતાં.

શ્રી કૃષ્ણપ્રેમના અવસાન પછી એક મિત્રે લખ્યું હતું કે, "મારે મન શ્રી કૃષ્ણપ્રેમ અમૂર્તના મૂર્તરૂપ હતા; સમર્પણનું દેહધારી સ્વરૂપ હતા" જેમને એમના ચરણમાં બેસવાનું ભાગ્ય મળ્યું છે તેઓ આ વચનને વિવેક નહીં માને. પોતાની અનુભૂતિ લેખે સ્વીકારશે.

આવા દેહધારી વિભૂતિશીલ ભક્ત અને મરમી મહાપુરૂષ, આ કળિયુગના મધ્યાન્હે, આપણી આંખ આગળ, અને આપણી ધરતીની ધૂળમાં જ જીવી ગયા એ હકીકત માનવને માટે આશા અને આસ્થા આપનારી બની રહેશે.

લિ. કિશનસિંહના સ્નેહસ્મરણ

(લેખકનો શ્રી ઉમાશંકર જોષી ઉપરનો પત્ર જે તા. ૨૩-૬-૬૮ના ગુજરાત સમાચારમાં પ્રગટ થયેલ તે સાભાર ઉધ્ધૃત્)

☆ આવો પ્રેમ તમે કરી શક્યા હોત ખરા? ☆

(અનેક વિટંબણાઓ પર વિજય મેળવતો એક સ્ત્રીનો જ્વલંત પતિપ્રેમ દાખવતી-૨૩ જુલાઈ ૧૯૬૬ના રીડર્સ ડાયજેસ્ટમાં પ્રગટ થયેલી–અંગ્રેજી કથાનો અનુવાદ.)

અમેરિકામાં આવેલા મેસેચ્યુસેટ રાજ્યના વોલ્થામ ગામમાં બનેલી આ વાત છે. સમય હતો ૧૯૫૦ની શરુઆતનો. નાના એવા ઘરમાં રહેતી એડીથ ટેઈલર, આજુબાજુના રહેવાસીઓમાં પોતાને ખૂબ જ નસીબદાર ગણતી. પોતાના સુખ માટે સદા તેનું દિલ ગૌરવ અનુભવતું. કાર્લ સાથે તેના લગ્ન થયાને ત્રેવીસ ત્રેવીસ વર્ષ વીત્યા હોવા છતાં, આજે પણ કાર્લના આગમનના પગરવ સાથે તાલ મિલાવતો તેના અંતરનો ઊર્મિ-ધબકાર એવો જ તાજો, એવો જ સ્નેહસભર હતો. કાર્લે પણ એક સાચા પતિ તરીકેનો બધો જ પ્રેમ પત્નીને આપ્યો હતો. ગર્વનમેન્ટ ગોડાઉનમાં કાર્લ નોકરી કરતો હતો અને કામસર જ્યારે જ્યારે તેને બહારગામ જવાનું બનતું ત્યારે રોજ પત્નીને પત્ર લખતો અને જ્યાં જાય ત્યાંથી કાંઈ ને કાંઈ નાની સરખી ભેટ પણ તેને મોકલતો.

૧૯૫૦ના ફેબ્રુઆરીમાં કાર્લને ઓકીનાવા (જાપાન)ના નવા ગર્વનમેન્ટ ગોડાઉનમાં થોડા મહિના માટે જવું પડ્યું. સ્થળ ઘણું દૂર હતું અને બંનેને લાંબો સમય જુદા રહેવાનું હતું. આ ગાળા દરમિયાન પતિ તરફથી એડીથને કાંઈ ભેટ ન મળી એટલે તેણે માન્યું કે ઘણા સમયથી પોતાની માલિકીનું ઘર હોવાના જે મનોરથો બંનેએ સેવ્યા હતા તેને માટે કાર્લ કદાચ પૈસા બચાવતો હશે.

લાંબા વસમા દિવસો પસાર કરતી એકલવાઈ એડીથ પતિના આગમનની પ્રતીક્ષા કરી રહી. કાર્લ પત્રમાં જણાવતો, 'હવે તો ત્રણ અઠવાડિયામાં જ આવીશ,' બીજે મહિને વળી, "બીજો એક મહીનો જ" અને બીજો મહીનો વીતતાં વળી, "બે મહીના થોડું વધારે," અને આમ કરતાં ખાસ્સું એક વર્ષ વીતી ગયું. હવે તો કાર્લના પત્રો આવતા પણ ઓછા થતા ગયા અને ભેટ-બક્ષિસ પણ ધીમે ધીમે બંધ થઈ ગઈ. એડીથને એની તો કોઈ ઝંખના નહોતી, પણ ટપાલખર્ચને પહોંચી વળવા પુરતી કાંઈક નજીવી રકમ મળે તો સારું એમ તેના દિલમાં થઈ આવતું.

આમ કેટલાક દિવસો વીત્યા બાદ એક દિવસ કાર્લનો પત્ર આવ્યો: 'પ્રિય એડીથ, મને લાગે છે કે હવે આપણે કશી જ લેવાદેવા નથી એમ તને સીધી રીતે કહી દેવું એ વધારે સારો માર્ગ છે.....'

એડીથ શાન્તિથી સોફા પર બેસી ગઈ. કાર્લે મેક્સીકો પત્ર લખી છૂટાછેડાની પરવાનગી મેળવી લઈ એઈકો નામની જાપાની નોકરડી સાથે લગ્ન કરી લીધું હતું. નવી પત્ની ૧૯ વર્ષની હતી જ્યારે એડીથ ૪૮ વર્ષની હતી.

મારે જો વાર્તા લખવાની હોત તો તો તેનો ઘટનાપ્રવાહ આ રીતે જ કદાચ આગળ વહેત કે ત્યકતા પત્ની આ પ્રકારના છૂટાછેડા સામે જરુર વાંધો ઊઠાવે, પોતાના પતિ તથા જે સ્ત્રીએ તેના સુખી સંસારને બરબાદ કરી નાખ્યો તેના પર વેરભાવ રાખે, પણ હું કોઈ વાર્તા લખતો નથી. આ તો એક સત્ય ઘટનાનું વર્ણન છે. એડીથના અંતરમાં કાર્લ માટે જરા જેટલી પણ ધિક્કારની લાગણી ન જન્મી. બનવાજોગ છે કે તેણે પોતાના પતિને એટલી દઢતાથી ચાહ્યો હતો કે તેમ કરવું જાણે તેને માટે તદ્દન અશક્ય હતું.

આખી વસ્તુસ્થિતિને તે પામી શકી. બિચારો એકલવાયો આદમી અને એકબીજાની સતત સંપર્ક. અજાણી જુવાન છોકરીનો ગેરલાભ લઈ નીચું જોવા જેવું કાંઈ પણ બને એ કરતાં પોતાની સાથે છૂટાછેડા લઈ તેની સાથે લગ્ન કરી લીધા એ એક રીતે તો તેણે ઠીક જ કર્યું કહેવાય. આશ્ચર્ય તો એડીથને એક જ વાત માટે થયું–કાર્લ તેને ચાહતો બંધ થઈ ગયો હતો!–હશે! ગમે ત્યારે પણ એક દિવસ તેનો પ્રિયતમ જરુર ઘેર પાછો આવશે; અને આશાના આ એક માત્ર દોરને શ્રદ્ધાથી વળગી એડીથ જીવી રહી. પતિના નવા સંસાર સાથે પોતાને સંપર્કમાં રહેવા દેવા માટે એડીથે કાર્લને લખ્યું. થોડા સમય પછી એઈકોને બાળક આવ્યાના સમાચાર આવ્યા. ૧૯૫૧માં મેરિયાનો જન્મ થયો અને ૧૯૫૩માં હેલન આવી. એડીથે ખુશી થઈ બંને છોકરીઓ માટે ભેટ મોકલી. પોતાનો સંસાર સૂનો થઈ ગયો હતો, છતાં પણ એડીથ પત્ર લખવાનું ભૂલી નહીં. કાર્લ પ્રત્યુત્તર આપતો કે હેલનને દાંત આવતા હતા, એઈકોનું અંગ્રેજી સુધરી રહ્યું હતું, કાર્લનું વજન ઘટી ગયું હતું વગેરે...

એક દિવસ ચિંતાજનક સમાચાર આવ્યા, કાર્લની તબિયત લથડી હતી. ફેફસાનું કેન્સર એને મૃત્યુ ભણી ખેંચી રહ્યું હતું. છેલ્લા છેલ્લા પત્રોમાં તો એડીથ સ્પષ્ટ જોઈ શકી કે કાર્લને પોતાના માટે તો ખાસ ચિંતા નહોતી થતી; પણ ભવિષ્યમાં બે છોકરીઓનું અને એઈકોનું શું થશે તેની ચિંતા રાતદિવસ તેને સતાવતી. બંને છોકરીઓને અમેરિકાની કોઈ સ્કૂલમાં ભણવા મોકલવા કાર્લ પૈસા બચાવવા ઘણી કોશિશ કરતો, પણ દવાદારુનો જ એટલો ભારે ખર્ચ થતો કે બધું તેમાં જ તણાઈ જતું.

જીવનના અંતિમ દિવસોમાં શું કરવાથી કાર્લના જીવને શાન્તિ રહે એનો એડીથ વિચાર કરી રહી. તેણે કાર્લને લખ્યું કે એઈકોને જો

વાંધો ન હોય તો પોતે બંને છોકરીઓને વોલ્થામમાં રાખી ઉછેરશે!

કાર્લના મૃત્યુ પછી કેટલાક મહિના સુધી તો એઈકાએ બાળકોને ન મોકલ્યા. નાના ભૂલકાં હવે તો તેનું સર્વસ્વ હતાં છતાં, એ બાળકોને પોતે નિરાશા, નિર્ધનતા અને વ્યગ્રતામાં આપી પણ શું શકવાની હતી ? આખરે નવેમ્બર ૧૯૫૬માં તેણે બંને છોકરીઓને તેમની 'વહાલી એડીથ માસી' પાસે રવાના કરી દીધી.

૫૪ વર્ષની ઉંમરે પહોંચ્યા પછી ત્રણ વર્ષની ને પાંચ વર્ષની છોકરીઓની મા બનવાનું એડીથને માટે થોડું અઘરું તો હતું. કાર્લની હયાતિ દરમિયાન થોડું ઘણું અંગ્રેજી બાળકો શીખ્યા હતા તે તદ્દન ભૂલાઈ ગયું હતું. પણ એડીથ બંને પાસે પાછા જલદી જલદી અંગ્રેજી શીખી ગયા. તેમની આંખોમાં નવો ચમકારો આવ્યો અને ચહેરા પર સ્વાસ્થયની સુરખી પ્રગટવા લાગી. છેલ્લા છ વર્ષ પછી એડીથને પણ કામ પરથી જલદી ઘેર પહોંચી જવાની જરુર ઊભી થઈ. ખોવાઈ ગયેલા સુખની સૌરભ વળી જીવનમાં ફેલાવા લાગી.

ભાંગીતૂટી અંગ્રેજીમાં એઈકોના પત્રો જ્યારે આવતા ત્યારે પાછી એડીથના દિલમાં ઉદાસીનતા છવાઈ જતી. "માસી, બાળકો શું કરે છે? રડતાં તો નથી ને ? મને બધી હકીકત લખજો..." પોતે જે કપરા અનુભવમાંથી પસાર થઈ હતી તે એકાકી જીવનની યાતના એડીથ સમજી શકે તેમ હતું. છોકરીઓની માને પણ બોલાવી લેવાનો તેણે નિશ્ચય કરી લીધો, પરંતુ એઈકો પાસે જાપાનનું નાગરિકત્વ હતું અને પરદેશી કચેરી પાસેથી જલદી પરવાનગી મળે તેમ નહોતું; કારણ કે અમેરિકા જનારા ઉમેદવારોનું લિસ્ટ ઠીક ઠીક લાંબુ હતું. તેમાં એનો વારો તો કયારેય આવે. આ બાબતમાં કાંઈક મદદ કરવા એડીથે મને લખ્યું એટલે મેં મારા છાપામાં આખો અહેવાલ પ્રગટ કર્યો અને પછી તો લોકોએ ભારે સહાનુભૂતિ બતાવી અને સરકારને આ માટે અરજીઓ કરવી શરુ કરી દીધી અને ૧૯૫૭ના ઑગસ્ટમાં એઈકોને અમેરિકા જવાની પરવાનગી મળી ગઈ.

ન્યુયૉર્કના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર વિમાન ઊતર્યું ત્યારે ક્ષણભર એડીથના મનમાં ભયની કંપારી આવી ગઈ. તેને પોતાની જ જાણે બીક લાગી. જે સ્ત્રીએ તેના કાર્લને છીનવી લીધો તેના પ્રત્યે કયાંક તેના અંતરમાં ઘૃણાની લાગણી ન ઉદ્‌ભવે! પ્લેનના ઉતારૂઓમાં છેલ્લી વ્યકિત એક યુવતી હતી. એવી તો પાતળી અને નાજુક હતી કે પહેલાં તો એડીથે તેને કોઈ નાની છોકરી જ ધારી લીધી. સીડીનો કઠેડો પકડી તે ત્યાંને ત્યાં જ ગભરાયેલી મનોદશામાં ઊભી રહી ગઈ હતી.

"એઈકો!" એડીથે ધીમેથી બોલાવી અને છોકરી સડસડાટ સીડી ઊતરી એડીથને વળગી પડી. પોતાના આલિંગનમાં એઈકોને સ્નેહની ઉષ્મા આપતા એડીથના મનમાં એક વિચાર ઝબકી ગયો. "કાર્લ પાછો આવે એ માટે મેં પ્રભુને ઘણી ઘણી પ્રાર્થના કરી. આજે એ ખરેખર ઘેર આવ્યો છે—બે નાનાં નિર્દોષ બાળકો તથા તેણે જેને ચાહી હતી તે સ્ત્રીની પ્રતિકૃતિરૂપે. પરમપિતા ! આ સ્ત્રીને ચાહવાનું પણ મને બળ આપ!"

તા. ક. સાત વર્ષ વહી ગયા પછી આ વાત સૌથી પહેલા Guide–postમાં પ્રગટ થયેલી. આજે એડીથ, એઈકો અને બંને છોકરીઓ વોલ્થામમાં સાથે જ રહે છે. છોકરીઓ બંને મોટી થઈ ગઈ છે. મેરિયા સ્કૂલમાં ભણે છે અને હેલન, બેલેટની બોસ્ટન સ્કૂલમાં ભણાવે છે. એડીથે 'મમતાળુ મા'નું બંનેના હૃદયમાં સ્થાન મેળવી લીધું છે, એઈકો હવે સુંદર છટાદાર અંગ્રેજી બોલી શકે છે અને આ વર્ષે પોતાના કુટુંબીઓને મળવાં જાપાન જવા વિચારે છે. એડીથ લખે છે, "જેને હું અપાર પ્રેમ કરતી હતી તે વ્યકિતને તો વિધિએ મારી પાસેથી છીનવી લીધી, પણ બદલામાં મને બીજી ત્રણ વ્યકિતઓ આપી! હું કુદરતનો કેટલો આભાર માનું!"

અનુવાદક : મૂળ અંગ્રેજી :
સૌ. શારદાબહેન બાબુભાઈ શાહ શ્રી બૉબ કૉન્સીડાઈન

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

ગાંધી જન્મશતાબ્દી પ્રસંગે નવજીવન ટ્રસ્ટ તરફથી ગાંધીજીના જીવન પ્રસંગોને આવરી લેતા ૬ દળદાર ગ્રંથો અંગ્રેજીમાં પ્રગટ થયા છે અને આ ગ્રંથો આપણા પુસ્તકાલયનાં ગાંધી–વિભાગમાં વસાવવામાં આવ્યા છે. આ સુંદર પુસ્તકોનો ઉપયોગ સંઘના સભ્યો કરે એવી વિનંતી છે. એક ગ્રંથ રૂા. ૧૫ ડિપોઝીટ મૂકવાથી વાંચવા મળી શકશે.

મંત્રીઓ

यद्यपि शुद्धं, लोकविरुद्धं, नाकरणीयं, नाचरणीयम्

(ઉપર જણાવેલ સૂત્ર અંગે આજથી પચાસ વર્ષ પહેલાં યોજાયલી એક ચર્ચાનો તા. ૧-૧૧-૬૮ના પ્રબુદ્ધ જીવનમાં જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના અનુસંધાનમાં પ્રસ્તુત સૂત્રનું સમર્થન કરતાં સ્વ. મોતીચંદ ગીરધરલાલ કાપડિયાએ કરેલી રજૂઆત નીચે આપવામાં આવે છે. –તંત્રી)

આ અતિ પ્રચલિત થયેલા સૂત્રનો અર્થ સ્પષ્ટ છે. એના અંતરમાં રહેલ તત્ત્વ પર વિચારણા કરવા યોગ્ય છે, અને જેઓ એ તત્ત્વ પર વિચાર કરતા નથી તેઓ ઉપરઉપરથી વસ્તુસ્વરૂપની કલ્પના કરી શુદ્ધપણા તરફ ખ્યાલ ખેંચી જઈ આ અતિ વ્યવહારુ સૂત્રને નિષ્ફળ કરે છે. આપણે આ વસ્તુ પર વિચારણા કરવા માટે પ્રથમ મનુષ્યો જે કાર્યો કરે છે અને આચરણ કરે છે તે પર નજર નાખી જઈએ.

આપણે વસ્તુવિચારણા કરવા માટે એ સ્પષ્ટ કરવાની જરૂર છે કે ઉપર જણાવેલી સૂત્રક્રિયા અને આચાર બન્નેને લાગુ પડે છે. ક્રિયામાં ધર્માનુષ્ઠાન અથવા કોઈપણ કાર્યનો સમાવેશ થાય છે. હિન્દુ ધર્મની દૃષ્ટિએ જોઈએ તો તેમાં હોમ, હવન, પિતૃતર્પણ, સંધ્યા, ગાયત્રી આદિનો સમાવેશ થાય છે. જૈન ધર્મની દૃષ્ટિએ એમાં આવશ્યક, પોસહ, પૂજા, પ્રભાવના આદિનો સમાવેશ થાય છે. મુસલમાનની દૃષ્ટિએ તેમાં નમાજ પઢવી વિગેરે ધર્મક્રિયાનો સમાવેશ થાય છે. કરણીય શબ્દમાં આવી રીતે સ્થૂલ ક્રિયાનો સમાવેશ થાય છે.

આચારમાં વર્તનનો સમાવેશ થાય છે. ચારિત્ર – વર્તન – વર્તણુક એ સર્વનો સમાવેશ आचरणीय શબ્દમાં થાય છે. સત્યવચન, પ્રમાણિક વ્યવહાર, સરળતા, ક્ષમા, સૌજન્ય એ સર્વ આચારનો વિષય છે.

પ્રત્યેક મનુષ્ય જે કાંઈ કાર્ય કરે છે, વ્યવહાર ચલાવે છે, વર્તન કરે છે, બોલે છે અને વિચારણા કરે છે, તેમાં મુખ્ય બે તત્ત્વ પર ખાસ ધ્યાન રાખવાનું છે. એક તેના કાર્ય, વ્યવહાર, વર્તન, ભાષણ અને વિચારની તેના પોતાના આત્માને કેવી અને કેટલી અસર થાય છે અને બીજું તેના કાર્યાદિની આજુબાજુના સંબંધીઓને, કોમને, દેશને અને મનુષ્ય જાતિને અથવા સમસ્ત પ્રાણીવર્ગને કેવી અસર થાય છે. દરેક ક્રિયા અને વર્તન તરફ આવી રીતે Intrinsic એટલે આંતરસ્વરૂપને અંગે અને Extrinsic એટલે બાહ્ય અસરને અંગે જે હેતુઓ ઉપસ્થિત થાય અને કાર્ય તરફ પ્રેરણા કરે તે ખાસ વિચારવા યોગ્ય ગણી શકાય.

આ હકીકતને આપણે જરા વધારે સ્પષ્ટ રીતે વિચારીએ. આ પ્રાણીને દાખલા તરીકે ખાટકીનો ધંધો કરવાની અથવા સ્વતંત્ર રાજ્ય અમલ સ્થાપન કરવાની ઈચ્છા થઈ તો તે કાર્ય કરવા યોગ્ય છે કે નહિ તેને માટે તેણે બે પ્રકારના વિચાર કરવા જોઈએ. આત્માની ઉત્ક્રાન્તિ કરવામાં તેને કેવી સ્થિતિ પ્રાપ્ત થશે તે વિચારવું જોઈએ. પ્રત્યેક પ્રાણીની ફરજ છે કે આ લોકમાં ધનસંપત્તિ પ્રાપ્ત કરવા સાથે પોતાના ચેતનની પ્રગતિ થાય તે માટે તેણે વારંવાર વિચારણા કરવી જોઈએ. ખસૂસ કરીને તેણે એવું કોઈ કાર્ય બની શકે ત્યાં સુધી ન કરવું જોઈએ કે જેથી એની આત્મિક પ્રગતિ થતી અટકી જાય અથવા એથી વધારે વધીને કહીએ તો ખાસ કરીને તેણે એવું તો કોઈ પણ કાર્ય ન જ કરવું જોઈએ કે જેથી એની પ્રશ્ચાત્ ગતિ થાય, અપક્રાન્તિ થાય અને તે આગળ વધતો હતો તેને બદલે પાછળ હઠતો થાય. આથી કોઈપણ વ્યાપારની પોતાના આંતરજીવનને કેવી અસર થશે તેનો તેણે ખાસ વિચાર કરવો જોઈએ. જો માત્ર તે એટલો જ વિચાર કરે કે તેની

ફરજ ગમે તે પ્રકારે ધનપ્રાપ્ત કરી દુનિયાદારીનો વ્યવહાર ચલાવવાની છે તો પછી તે પોતા તરફની જ ફરજ ભૂલી જાય છે અને આત્માને ભોગે આખી સૃષ્ટિનું રાજ્ય મળે તો પણ તે નકામું છે. ખાટકીનો વ્યાપાર કરતાં કેટલા જીવનો તે નિમિત્તે વધ થશે, તેથી કેટલા જીવોની ઉત્ક્રાન્તિ અટકાવવામાં પોતે નિમિત્તભૂત થશે અને એવા તુચ્છ પદાર્થની નજીકમાં રહેવાથી પોતાની વાસનાઓ કેટલી મલિન થશે અને એ સર્વેને પરિણામે પોતે કેટલો પાછળ પડી જશે તેનો તેણે વિચાર કરવો જોઈએ. આ આંતરવિષય પરનો વિચાર થયો.

તેવી જ રીતે તેવો વ્યાપાર કરતાં તે વ્યાપારની અસર જનસમાજ પર અથવા જે શહેરમાં પોતે વ્યાપાર કરતો હોય ત્યાં કેટલી થશે તેનો વિચાર કરવો જોઈએ. અન્ય મનુષ્યો તેના વ્યાપારની વસ્તુ ખરીદીને પોતાની ઉન્નતિ આગળ વધારશે કે પાછળ હટી જશે તે વાતનો તેણે ખાસ વિચાર કરવો યોગ્ય છે. આ બાહ્ય અસર પર વિચારણા થઈ.

આવી રીતે સ્વતંત્રતાનો ઉપદેશ કરનાર પોતે જે બાબતનો ઉપદેશ આપે છે તે બાબતની અસર પોતાના ચારિત્રને અંગે કેમ થશે, પોતે હજુ નિયંત્રિત અવસ્થાને યોગ્ય છે કે નિરંકુશપણે પ્રવર્તવાના અસાધારણ મનોબળ – શક્તિયુક્ત થયો છે અને સ્વતંત્રતા મેળવવાની આકાંક્ષામાં સ્વચ્છંદતા વહોરી લેશે કે નહિ તેનો નિર્ણય કરી તેણે આગળ વધવું જોઈએ. સ્વતંત્રતાનો ઉપદેશ કરવા જતાં કદાચ પોતે એવા રાજ્યના ગુન્હામાં આવી જાય કે જ્યાં જવાથી આત્મોન્નત્તિનાં દ્વાર જ બંધ થઈ જાય અને પોતે સ્વ કે પર ઉપર ઉપકાર કરી શકે જ નહિ, એવી સ્થિતિ થાય તો તેવા સંયોગોમાં શું કરવું તેની વિચારણા આંતરવિકાસને અંગે પ્રાપ્ત થાય છે.

એવી જ રીતે સ્વતંત્રતાનો ઉપદેશ જુદા જુદા વિકાસક્રમમાં રહેલા પ્રાણી પર કેવી અસર થશે, સ્વતંત્રતાને પરિણામે યોગ્ય બંધનોને તોડી મધ્યમ ઉત્ક્રાન્તિવાળા પ્રાણીઓ કેવી રીતે નહિ ઈચ્છવાયોગ્ય સ્થિતિ પર ઉતરી જશે અને સર્વત્ર કેવો અંધકાર વ્યાપશે એ પર વિચાર કરી લાભાલાભની તુલના કરવાની બાહ્ય અસરને અંગે જરૂર રહેશે.

આવી રીતે આપણે કોઈ પણ અંગત કે સામાજિક કાર્ય કરતી વખતે તેની અસર પોતાના આત્માને કેવી થશે અને અન્ય જીવો પર કેવી થશે તેની બરાબર તુલના કરવી જરૂરની છે. ગમે તેવી રીતે અસ્તવ્યસ્તપણે મનમાં ઠીક લાગ્યું તેવું કામ કરનારને આપણે કંઈ કહેવાનું નથી અને વિવેકવાન માણસોએ એવા અવ્યવસ્થિત અથવા દુરાગ્રહી મનુષ્યોના વર્તન પર વિચાર કરવાની તસ્દી લેવાની જરૂર પણ નથી. આપણે હાલ જે વિચાર કરીએ છીએ તે વ્યવહારૂ, સુજ્ઞ, ઠરેલ પ્રકૃતિના, ડાહ્યા, દક્ષ અને કુશળ મનુષ્યને અંગે કરીએ છીએ.

કાર્યને અંગે આત્મિક અને બાહ્ય અસર પર ધ્યાન રાખવાની જેટલી જરૂર છે તેટલી જ જરૂર અમુક કાર્ય અંગત છે કે સામાજિક છે તે પર લક્ષ્ય રાખવાની જરૂર છે. પોતાનું અંગત કામ હોય તે માટે કદાચ બહુ વિચાર ન કર્યો હોય તો તે આખી સમાજને નુકસાન બહુ ન કરે, જો કે દરેક કાર્યની સમાજને થોડી વધતી તો અસર થાય છે જ, પરંતુ સામાજિક કાર્યમાં અવ્યવસ્થા રાખવાથી પોતાને નુકસાન થાય, તે ઉપરાંત આખી સમાજને બહુ હાનિ થાય છે તેથી તેને માટે બહુ જ ચીવટ રાખવાની જરૂર રહે છે. દાખલા તરીકે એક મી. ગોખલે જેવી વ્યકિત દરિયાકિનારે ફરવા જવાનો વિચાર કરે તો તેની અસર સમાજને સીધી કે આડકતરી રીતે થાય છે, એટલે તેટલો વખત તે શુદ્ધ હવા મેળવે તેથી સારી રીતે આગળ ઉપર કામ કરી શકે તેટલા પૂરતી સારી અસર થાય છે અને તેટલો વખત નકામો કાઢે તેટલા પૂરતી હાનિ થાય છે, પરંતુ તે બહુ સામાન્ય લાભ કે હાનિ છે; પરંતુ તે જ મી. ગોખલેનો ફરજિયાત કેળવણીનો પ્રશ્ન આખી સમાજને અંગે મોટો પ્રશ્ન ઉપસ્થિત કરે છે અને તેથી તેવા પ્રશ્નની વિચારણા માટે બહુ દઢપણે, મક્કમપણે, ધર્મદષ્ટિથી અને સંયોગો જોઈને વિચાર કરવો ઘટે છે.

કાર્ય અને વર્તનને અંગે આ ઉપરાંત લાભાલાભનો વિચાર કરવો પણ ખાસ જરૂરનો છે. દરેક કાર્યમાં લાભ સાથે હાનિ રહેલી હોય છે. કેટલીક વખત લાભ વધારે અને હાનિ ઓછી હોય છે, કેટલાકમાં કરનારને લાભ વધારે પ્રાપ્ત થાય છે અને સામાને તેટલી નુકશાની હોય છે, કેટલીકવાર અન્ય મનુષ્યોમાં ઘણાને લાભ અને થોડાને હાનિ થાય છે, કેટલાંક કાર્યથી ઘણી હાનિ થાય છે અથવા ઘણાને હાનિ થાય છે. આથી સ્વ અને પરને અંગે અમુક કાર્ય અથવા વર્તનથી લાભ અને હાનિ કેટલી થાય છે તેનો બરાબર વિચાર કરી જેનાથી વિશેષ અથવા પૂર્ણ લાભ થાય અને નજીવી અથવા જરૂર હાનિ થાય અથવા બિલકુલ ન થાય તેવાં કાર્ય અથવા વર્તન હાથ ધરવાં યોગ્ય ગણાય.

અમુક કાર્ય કરવું કે નહિ તેનો નિર્ણય કરવા માટે સ્વ અને પરને અંગે તેની કેટલી અસર થશે, કેવી અસર થશે અને તેથી લાભાલાભ કેટલો થશે તે પર વિચાર કરવાની જરૂર આપણને તેથી સહજ પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત પોતાના કોઈ કાર્યની વર્તમાન અને ભવિષ્યમાં થવાની અસર પર પણ બરાબર વિચાર કરવો જોઈએ. કેટલાંક કાર્યો વર્તમાન ટૂંકી નજરથી જોવામાં આવે તો લાભ કરનારા જણાતા હોય, પણ તે જ કાર્યો ભવિષ્ય તરફ દીર્ઘદષ્ટિ નાખીને વિચારવામાં આવે તો મહાહાનિ લાવનાર હોય, જેમ કે અસત્ય બોલવાથી તુરતમાં મોટો લાભ મળે તેમ હોય, પણ આગળ જતાં પકડાઈ જતાં જેલમાં જવું પડે તેમ હોય એ સર્વ વિચારવું જોઈએ. સમયની વિચારણામાં જાતની અને પરની ઉપર થતી અસર પણ વિચારવી જોઈએ. દાખલા તરીકે અમુક સુધારાની બાબત પર વિચારતાં ભવિષ્યમાં આપણા સિદ્ધ બંધારણોને કેટલી ક્ષતિ પહોંચાડશે, લોકોને પોતાના ચુસ્ત મનમાંથી હચમચાવવામાં આગળ ઉપર શું અસર થશે એ પણ વિચારવું જોઈએ.

મનુષ્યની વિચારણા, જો એને તદ્દન સ્વતંત્ર અવસ્થામાં છોડી દીધો હોય, એના ઉપર સમાજનો અંકુશ ન હોય અને પોતાની જાતને નિરંકુશ માને તો ચલાવી લેવા જેવું હોય તો ઘણી વાર એવી સ્વાર્થ તરફ દોરવી લઈ જનાર થતી જોવામાં આવે છે કે એવું પરિણામ ઉપજાવવું કોઈને પસંદ આવે નહિ. પરના વિચારમાં પણ સ્વાર્થ બહુધા દશ્ય થાય છે. પણ પરસંબંધી વિચારણાનું તત્ત્વ જ જો સમૂળગું દૂર કરવામાં આવે તો પછી આ પ્રાણીના કાર્યમાં કાંઈ પણ રસ રહે નહિ કે પસંદ કરવા જેવું રહે નહિ. આટલા ઉપરથી ઉપર જણાવેલી કિંવદન્તીમાં એમ કહેવામાં આવ્યું છે કે, જ્યારે તમારે અમુક કાર્ય કરવું હોય ત્યારે તમારે તેને તમારી પોતાની નજરથી શુદ્ધ છે કે અશુદ્ધ છે, તમને પોતાને તે કરવું પ્રિય લાગે છે કે અપ્રિય લાગે છે, તમારી પોતાની જાત ઉપર તે હાલ અથવા ભવિષ્યમાં લાભ કરનાર છે – એટલું વિચારી જે તમને તમારી જાત અંગે પ્રિય કે હિતકર કે લાભ કરનાર લાગે તેટલું કરવા તરફ લલચાઈ જશો નહિ પણ તે લોકના હિતને વધારનાર છે કે નહિ, લોકોને તેથી લાભ થાય તેવું છે કે નહિ, એકંદરે સમાજની ઉન્નતિ વધારનાર છે કે નહિ એનો બરાબર વિચાર કરશો. એની વિચારણામાં પણ તમારી પોતાની ટૂંકી દષ્ટિના ચશ્માઓથી દોરવાઈ ન જતાં જનસમાજની દષ્ટિથી જોશો. લોકોને જે કાર્ય વિરુદ્ધ લાગે તેવું હોય, જેની અસર લોકોના માનવા પ્રમાણે ખરાબ થાય તેવું હોય તે કાર્ય કરવું નહિ, તેવું આચરણ કરવું નહિ.

તમારે કાંઈ પણ કાર્ય કરવું તેમાં કાં તો સ્વાર્થ હોય છે અને કાં તો પરમાર્થ દષ્ટિ હોય છે. જો તમારા સ્વાર્થ ખાતર અમુક કાર્ય લોકવિરુદ્ધ હોય છતાં શુદ્ધ માની લઈને ચાલો અને પછી તમારા મનને સમજાવી દઈ તે કાર્ય કરો તો કોઈ પણ રીતે યોગ્ય નથી એ તો સ્પષ્ટ સમજાય તેવું છે. પરમાર્થ દષ્ટિએ કોઈ કાર્ય અથવા આચરણ કરો તે લોકોના વિચારથી વિરુદ્ધ હોય અને તેથી તેઓને

તે પસંદ ન હોય તો પછી તે કરવાથી તેઓને લાભ કેવી રીતે થાય? જેમના હિત ખાતર કાર્ય કરવાનું છે તેઓ તેનો લાભ સમજે નહિ તો લાભ કરતાં હાનિ વધારે જ થાય એમ લાગે છે. આટલા ઉપરથી કાર્ય કે આચરણ કરવામાં કેટલી બાબતનું લક્ષ્ય રાખવું જોઈએ તે આપના ધ્યાન પર આવ્યું હશે.

હવે ઉપરના સૂત્રને અંગે વધારે વિચારણા કરીએ. કેટલાક તેનો એવો અર્થ કરે છે કે કાર્ય ગમે તેવું શુદ્ધ હોય, અથવા વર્તન ગમે તેવું પ્રશંસનીય હોય, પણ લોકોને જો વિરુદ્ધ લાગતું હોય તો તે કરવું નહિ અથવા આચરવું નહિ. આ અર્થમાં શુદ્ધતા કાર્યની કે આચરણની કેવી રીતે ગણવાની છે તે પર બરાબર ખ્યાલ રહેતો હોય એમ જણાતું નથી. જો બાહ્ય અને આંતર દૃષ્ટિએ કાર્ય શુદ્ધ હોય તો પછી લોકોને એની વિરુદ્ધ પડવાનું અથવા તેને લોકવિરુદ્ધ ગણવાનું કાંઈ કારણ રહેતું નથી. એવા સવાલની વિચારણાને અંગે શુદ્ધત્વ કયાં અને કેટલું છે તેમાં કાંઈક ગોટાળો રહેતો હોય એમ જણાય છે. એકાંત શુદ્ધ હોય અથવા જે કાર્યમાં ઘણો લાભ અને સહેજ હાનિ હોય તે લોકવિરુદ્ધ ગણાય નહિ અને લોકો એવા કાર્યની બાબતમાં ઉલટો અભિપ્રાય આપે એવું સંભવે નહિ.

આ સૂત્રને અંગે ઘણી વખત–relative duty–એટલે બે પ્રાપ્ત આચરણમાંથી કોનો આદર કરવો એવો સવાલ ઉપસ્થિત થાય છે. આવા સવાલની વિચારણામાં ઘણી ગુંચ ઊભી થાય છે અને તે વખતે સ્વહિત–પરહિત વિગેરે દ્રવ્ય, ક્ષેત્ર કાળ અને ભાવના બહુ બારીક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. રામચંદ્રજીને મનમાં ખાતરી હતી કે સીતા જે પરમ પવિત્ર પતિવ્રતા અને પતિ તરફ અનન્ય ભક્તિવાળી હતી અને પોતે તેનો બરાબર અનુભવ કર્યો હતો. બીજી તરફ લોકોને એ સંબંધમાં વિશેષ ખાતરી થાય તેવા પ્રસંગો જાણવાની કે વિચારવાની તક મળી નહોતી અને મળે તેવા સંભવ પણ નહોતો. સામાન્ય જનપ્રકૃતિ પ્રમાણે રાવણના બગીચામાં રહી તેની પ્રાર્થનાનો તિરસ્કાર કરે અને પાતિવૃત્ય જાળવી રાખે એ પ્રાકૃતજન – સ્વભાવને અશકય લાગતું હતું. વિશિષ્ટ વર્ગ એમ પણ વિચારતો હતો કે સીતામાં કદાચ અસાધારણ ગુણો હોય અને તેથી તેમને રામ પોતાની પાસે રાખતા હશે, પરંતુ એવો મોટાને ઘેરથી દાખલો બેસે તો ભવિષ્યમાં જનસમૂહમાં મોટો ગોટાળો થઈ જાય. તેથી તેઓ પણ સીતા પાસે દિવ્ય કરાવવા ઈચ્છતા હતા. અહિં રામચંદ્રને સ્વતરફની ફરજ, સીતા તરફની ફરજ અને લોકો તરફની ફરજ વચ્ચે જે મુશ્કેલી ઊભી થઈ તેનો નિર્ણય તેમણે જાનકીના ત્યાગમાં કર્યો.

આવી રીતે લોકોની આરાધના કરવામાં જાનકીનો ત્યાગ કરવામાં તેમને જરા પણ વ્યથા ન થઈ એ રામનું અત્યંત ધૈર્ય બતાવે છે. જેઓ ઉપર ઉપરથી વિચાર કરનાર હોય છે અને વસ્તુના શુદ્ધત્વપણા ઉપર એકલો જ ખ્યાલ કરનાર હોય છે તેઓ રામના આ કૃત્યમાં અન્યાય જુએ છે. પરંતુ જેઓ વિશાળ દૃષ્ટિથી એક મનુષ્ય તરફની અને સમાજ તરફની ફરજની તુલના કરે છે તેઓ રામના આ કાર્યની પ્રશંસા કરે છે. જાનકીને રાખવી, સંધરવી એ કાર્યમાં ખોટું શું હતું, એ કાર્ય તદન શુદ્ધ હતું, રામને તેનો જાતિ અનુભવ હતો, છતાં તેણે સ્વદૃષ્ટિથી તે પ્રશ્ન તરફ ન જોતાં જનસમાજની વ્યવસ્થાને અંગે તે સવાલ તપાસ્યો અને જોયું કે લોકો રાજ્ય તરફ શંકાની નજરથી જુએ, રાજા તરફ બેદિલી બતાવે, રાજ્યમાં અન્યાય થાય છે એમ માને અને એવી રીતે પોતે રાજ્ય કરે અને પછી સીતા સાથે પોતે ઉપવનમાં આરામ કરે, મજા ઉડાવે તેને બદલે સીતાનો ત્યાગ કરી લોક ખાતર આત્મભોગ આપવો તેમાં જ મહત્તા છે. હજારો વર્ષ ગયા પછી રામરાજ્યના આપણે વખાણ કરીએ છીએ તે આ લોકદૃષ્ટિને લીધે જ છે.

એકાંત કોઈ બાબતમાં પકડવા જેવી છે જ નહિ. સર્વ દૃષ્ટિબિન્દુઓ લક્ષ્યમાં રાખી વધારે સંખ્યાનું વધારે વખત સુધી હિત કેવી રીતે થાય તે તરફ ખાસ લક્ષ્ય રાખવાની જરૂર છે. અરસપરસ ગુંચના સવાલો જેમ જનસમાજને અંગે પ્રાપ્ત થાય છે તેમ પ્રાણીને પોતાને અંગે પણ પ્રાપ્ત થાય છે. ભરતચક્રવર્તીને એક બાજુએથી વધામણી આવી કે આયુધાગારમાં ચક્રરત્ન ઉત્પન્ન થયું છે. સામાન્ય નિયમ એવો છે કે ચક્રવર્તીને ચક્રરત્ન ઉત્પન્ન થાય કે તુરત તેની પૂજા કરવી જોઈએ. એની સાથે જ બીજા સમાચાર આવ્યા કે આદિનાથ ભગવાનને કેવલ્યજ્ઞાન થયું છે અને તેઓ નગરની બહાર પધાર્યા છે. અહીં ભરત મહારાજાને ચિંતા થઈ કે, પ્રથમ ભગવાનની પૂજા કરવી કે પ્રથમ ચક્રરત્નની પૂજા કરવી. બીજી ક્ષણે જ પરમાર્થ દૃષ્ટિથી વિચાર કરતાં તેમને લાગ્યું કે ભગવાન તો ખરેખરા ઉપકારી છે અને ચક્ર તો આ ભવમાં જ લાભ આપનાર છે. અહીં તેઓ પરમાર્થ દૃષ્ટિ રાખી તુરત નિર્ણય પર આવી ગયા કે ભગવાનની પૂજા પ્રથમ કરવી જોઈએ. આત્મદૃષ્ટિમાં પણ સ્વ તરફની ફરજને અંગે આવા સવાલ ઉપજે છે અને તેનો નિર્ણય પોતાના ધૈર્ય, સ્થિરતા, શાંતિ, આદિ મનોબળને અંગે થાય છે.

મુનિ તપસ્યા કરતા બેઠા છે. બાજુએથી હરણ ચાલી જાય છે. પછવાડે શિકારી હાથમાં ધનુષ્ય લઈને દોડતો આવી મુનિને પૂછે છે કે 'હરણ આ રસ્તેથી ગયું?' જો મુનિ 'હા' કહે તો હરણનો નાશ થાય છે, પંચેન્દ્રિયનો વધ થાય છે; જો ના કહે તો પોતે અસત્ય બોલવાના ગુન્હેગાર થાય છે. અહીં સ્વ તરફની ફરજ અને પર તરફની ફરજનો સંઘટ્ટ થાય છે. આવા સવાલનો નિર્ણય કરવો પડે છે.

મુદ્દાની વાત એ છે કે અમુક હકીકતને શુદ્ધ તરીકે માની તે પ્રમાણે વર્તન કરવાની ઈચ્છા થાય છે. તેમાં જ કાંઈક ગોટાળો હોય છે. જો ખરેખરી રીતે સ્વ અને પરને હિત કરનારી બાબત હોય તો તેવી બાબતમાં લોકવિરુદ્ધ હોય એમ બનવું જ અસંભવિત છે. આથી સમય, પરિસ્થિતિ અને વસ્તુનો વિચાર સ્વ અને અન્યને અંગે બરાબર કરવો.

ક્રમશ: મોતીચંદ ગીરધરલાલ કાપડિયા

મુદ્રણશુદ્ધિ

જન્મભૂમિના મુદ્રણાલયમાં કામનું ખૂબ દબાણ હોવાના કારણે અને પ્રબુદ્ધ જીવન વખતસર છપાઈને રવાના થાય એવા સ્વાભાવિક આગ્રહના કારણે મુદ્રણશુદ્ધિ અંગે પૂરી કાળજી હોવા છતાં નાની મોટી છાપકામની ભૂલો રહી જાય છે. આવી ભૂલો તરફ વખતસર ધ્યાન ખેંચાતાં મહત્ત્વની ભૂલો સુધારી લેવા તરફ પછીના અંકમાં અમારા વાચકોનું અમે ધ્યાન ખેંચતા રહીએ છીએ. તા. ૧-૧૨-૬૮ ના પ્રબુદ્ધ જીવનમાં રહેલી નીચેની ત્રણ ભૂલો સુધારીને મૂળ લખાણ વાંચવા અમારી વાચકોને વિનંતી છે:

(૧) સૌ. પૂર્ણિમાબહેનના લેખમાં ૧૬૦ પાના ઉપર બીજી કોલમમાં 'બિહાર' શબ્દના સ્થાને 'બિરાર' એટલે વરાડ પ્રાન્ત એમ વાંચવું.

(૨) ૧૬૮ માં પાના ઉપર અભિશાપ નાટકની આલોચનામાં બીજી કોલમના છેડે 'પ્રશ્ન' શબ્દ આવે છે તેના સ્થાને 'પ્રસંગ' એમ વાંચવું.

(૩) ૧૬૪ મા પાનાના પહેલા કોલમની શરૂઆતમાં "अव्यकत दीनी" ના સ્થાને 'अव्यकता दिनी' એમ વાંચવું.

તંત્રી, પ્રબુદ્ધ જીવન.

કાર્યવાહક સમિતિમાં બે સભ્યોનો ઉમેરો

તા. ૧૮-૧૧-૬૮ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિમાં નીચેના બે સભ્યોને સમિતિના સભ્ય તરીકે ઉમેરવામાં આવ્યા છે: (૧) શ્રી મદનલાલ ઠાકોરલાલ શાહ (૨) શ્રી ઠોકરસી કે. શાહ

મંત્રીઓ.

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ-૩.
મુદ્રણસ્થાન: ધી રેટેડ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ-૧.